કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્ય-રચિત

શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્

૧

• અનુવાદકાર •

પંડિતવર્ય શ્રી જગદીશભાઈ

॥ અર્હમ્ ॥
॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્ય-રચિત

શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્

સ્વોપજ્ઞતત્ત્વપ્રકાશિકા ❁ શબ્દમહાર્ણવન્યાસ ❁ શ્રીકનકપ્રભસૂરિ-
રચિતન્યાસસારસમુદ્ધારસંવલિતમ્

તત્ર

પ્રથમોઽધ્યાયઃ પ્રથમઃ પાદઃ

પ્રથમો ભાગઃ

❁ અનુવાદકાર ❁

પંડિતવર્ય શ્રીજગદીશભાઈ

ઈ. સ. ૨૦૧૩ વિ. સં. ૨૦૬૯

ગ્રંથનામ :- શ્રી **સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્**

ગ્રંથકર્તા :- કલિકાલસર્વજ્ઞ આ. ભ. શ્રી **હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

અનુવાદકાર :- પંડિતવર્ય શ્રીજગદીશભાઈ

પ્રકાશક :- પંડિતવર્ય શ્રીજગદીશભાઈ

૮/૧૬૪૪, ગોપીપુરા પોલીસ ચોકીની સામે,
સંસ્કૃતિ ભવનની બાજુમાં, સુરત. ૩૯૫૦૦૧.
ફોન (મો.) ૯૪૨૬૧ ૮૫૨૮૪

❋ પ્રાપ્તિસ્થાન ❋

પંડિતવર્ય શ્રીજગદીશભાઈ
૮/૧૬૪૪, ગોપીપુરા પોલીસ ચોકીની સામે,
સંસ્કૃતિ ભવનની બાજુમાં,
સુરત. ૩૯૫૦૦૧.
ફોન (મો.) ૯૪૨૬૧ ૮૫૨૮૪

વિનોદભાઈ એમ. મહેતા
૮, પ્રસિદ્ધિ ફ્લેટ્સ,
પ્રિતમનગર અખાડા પાસે, પ્રિતમનગર બીજો ઢાળ,
એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬
(મો.) ૯૩૨૭૫ ૯૧૯૧૯

❋ પ્રથમ આવૃત્તિ :- ઈ. સ. ૨૦૧૩, વિ. સં. ૨૦૬૯

❋ નકલ :- ૫૦૦ **❋ મૂલ્ય :-** ૧૨૦૦/- (બે ભાગના સેટના) **❋ પૃષ્ઠ :-** ૩૨ + ૩૭૫

❋ આર્થિક સહયોગ ❋

ચંચલબેન છોટાલાલ વેલચંદ શાહ
ધાનેરા (હાલ સુરત)

મુદ્રક :- શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ,
૫૮, પટેલ સોસાયટી, વલ્લભવાડી સામે,
જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
ફોન : ૯૯૦૯૪ ૨૪૮૬૦.

ટાઈપ સેટિંગ :- મૃગેન્દ્ર શાંતિલાલ શાહ
૧૮/૧૦૫, વિજયનગર હાઉસિંગ કોલોની,
નારણપુરા,અમદાવાદ-૩૮૦૦૧૩.
ફોન : ૯૮૨૪૯ ૫૨૩૦૧.

હે શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન ! કલિકાલમાં તમારા સ્થાપનાનિક્ષેપાએ મારા જીવનમાં જે જીવંત પરમાત્માની ખોટ હતી તેને પૂરી કરી છે. કદાચ તમારું સાંનિધ્ય મને ન મળ્યું હોત તો મારા માટે આ કૃતિ જૈનશાસનને આપવાનું શક્ય ન બન્યું હોત. વર્તમાનમાં ચારેય નિક્ષેપાઓમાંથી અમારી પાસે માત્ર નામ અને સ્થાપના એમ બે નિક્ષેપાઓ જ વિદ્યમાન છે; છતાં પણ આ બંને નિક્ષેપાઓ સ્વતંત્ર રીતે પણ મને ભાવનિક્ષેપાની જેમ જ સહાયક થયા છે, જેની અનુભૂતિ મેં અનુભવી છે. કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંતશ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજાનો વર્તમાનમાં વિદ્યમાન એવો સંપૂર્ણ બૃહન્ન્યાસ હું જૈનશાસનના ચરણે ધરી શકું, તેને માટેનું બળ વગેરે જે કાંઈ અપેક્ષિત હોય એની અપેક્ષા હું આપની પાસે જ રાખીશ.

આપનો સેવક

જગદીશ

સાદર સમર્પણ

શ્રી છોટાલાલ વેલચંદ શાહ (ધાનેરા)

પૂજ્ય પિતાશ્રી

શ્રી ચંચળબેન છોટાલાલ શાહ (ધાનેરા)

પૂજ્ય માતુશ્રી

હે ઉપકારી માતા-પિતા ! હું જન્મ પછીના એક વરસ પછી સંપૂર્ણ અપંગ થઈ ગયો હતો. મારું લાલન-પાલન કરવા દ્વારા ભવિષ્યમાં આપને કોઈ ફાયદો થવાનો ન હતો; છતાં પણ ઈ. સ. ૧૯૫૪માં મહાલક્ષ્મી (મુંબઈ) હોસ્પિટલમાં મને દાખલ કરીને છ મહિના સુધી મારી સારવાર કરાવી. ત્યારબાદ નવમે વર્ષે મને ભણવા માટે મૂક્યો. આપણી પરિસ્થિતિ એવી ન હતી કે હું રીક્ષામાં ભણવા જઈ શકું; છતાં પણ તમે મને ઊંચકી-ઊંચકીને રોજ સ્કૂલે લઈ જતા હતા. આપે B. Com. સુધી મને ભણાવ્યો. સત્તાવન વર્ષ સુધી મારા આનંદને માટે આપે કોઈ કચાશ રાખી ન હતી. હે બા ! આજે મારી ૬૦ વર્ષની ઉંમરે પણ તું મારી એ જ ભાવથી સેવા કરે છે. આ બધાનો બદલો હું તમને કેવી રીતે આપી શકું ? પરમાત્મા મહાવીરસ્વામીએ તો દેવાનંદા અને ઋષભદત્તને સંયમ આપીને મોક્ષમાં મોકલ્યા. મારી પાસે એવું સામર્થ્ય પણ નથી કે હું તમારું આ રીતે કલ્યાણ કરી શકું, પણ આપે નિઃસ્વાર્થભાવે જે પણ જ્ઞાન અપાવ્યું છે. તથા આર્થિક જરૂરિયાતો માટે મારી કોઈ અપેક્ષાઓ નથી રાખી, એના બદલામાં આ સર્જનને આજે હું આપના કરકમલમાં સમર્પિત કરું છું. આનાથી જે પુણ્ય તથા વિશુદ્ધિ ઉત્પન્ન થાય તેના દ્વારા આપ જલ્દીથી જલ્દી આ સંસારમાંથી છૂટકારો પ્રાપ્ત કરો તે જ અભ્યર્થના સાથે વિરમું છું.

આપનો ચરણચંચરિક

જગદીશ

આશીર્વચન

કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાની અભૂતપૂર્વ રચના એટલે શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન ! કાશ્મીરમાં જલપરીક્ષણ દ્વારા આ ગ્રંથ નિર્દોષ પુરવાર થયેલ. આચાર્ય ભગવંતશ્રીએ સ્વયં જ બૃહન્ન્યાસ સુધીનાં સંપૂર્ણ વ્યાકરણની રચના કરી છે.

આ ગ્રંથનો અભ્યાસ વધુમાં વધુ થાય એ નિમિત્તે પંડિતવર્યશ્રી જગદીશભાઈએ બૃહદ્વૃત્તિ, બૃહન્ન્યાસ તથા ન્યાસસારસમુદ્ધાર ઉપર સારી એવી વિવેચના કરી છે. તેમણે અનેક મુમુક્ષુઓને તૈયાર કરી સંયમના માર્ગે વળાવ્યા છે. હમણાં પણ ચાલીસ મુમુક્ષુઓને સંસ્કૃત, વ્યાકરણ, યોગ, ન્યાય વગેરે ગ્રંથોનો સચોટ અભ્યાસ કરાવે છે. આ રીતે તેઓ જૈનશાસનની અમૂલ્ય સેવા કરી રહ્યા છે. પાલિતાણામાં વિનિતાનગરીમાં **સંઘવી પાનીદેવી મોહનલાલજી મુથા સોનવાડિયા** દ્વારા આયોજિત આધ્યાત્મિક ચાતુર્માસમાં પંડિતશ્રી જગદીશભાઈ તથા તમામ મુમુક્ષુઓનો સ્વાધ્યાયયોગ નજરે જોવાનો મોકો મળ્યો. તેઓશ્રીની આગળ વાચના આપવાનો અવસર આવ્યો. ખૂબ જ અનુમોદના થઈ. તેમણે અભ્યાસ કરાવવાનાં સમયમાંથી સમય કાઢી આ ગ્રંથ રચવાનો પુરુષાર્થ કર્યો તેની ઘણી જ અનુમોદના. બૃહન્ન્યાસનાં આ વિવેચનમાં તેઓશ્રીએ પાતંજલમહાભાષ્ય આદિ ગ્રંથોનો સહારો પણ લીધો છે.

આ મહાકાય ગ્રંથની વિવેચના કરવાનો વિચાર આવવો જરૂરી એટલા માટે હશે કે કેટલાક સ્વાધ્યાયપ્રિય સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓ માત્ર સિદ્ધહેમલઘુવૃત્તિ સુધી પહોંચે છે. કોઈક વિરલ આત્માઓ જ બૃહદ્વૃત્તિ સુધી પહોંચે છે. પણ બૃહન્ન્યાસ સુધી પહોંચનારાઓ તો ઘણાં જ અલ્પ હોય છે. તેનાં બે કારણો છે : એક તો બૃહન્ન્યાસ સંપૂર્ણ મળતો નથી અને બીજું જેટલો ન્યાસ મળે છે એની પંક્તિઓ સંતોષપ્રદ રીતે બેસાડી શકાય એવો કોઈ અનુવાદ હાથવગો નહોતો.

આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રાચાર્યએ સિદ્ધહેમશબ્દાનુશાસનની રચના કરી એમાં સાત અધ્યાય સંસ્કૃત વ્યાકરણનાં છે તથા આઠમો અધ્યાય પ્રાકૃત વ્યાકરણ સંબંધી છે. દરેક અધ્યાયનાં ચાર ચાર પાદો છે. આમ, કુલ બત્રીસ પાદો છે. વર્તમાનમાં લઘુવૃત્તિ, મધ્યમવૃત્તિ તેમજ બૃહદ્વૃત્તિની સંપૂર્ણ ટીકા મળે છે. પરંતુ બૃહન્ન્યાસની ટીકા તો માત્ર આઠ પાદો ઉપર જ મળે છે. એ આઠ પાદોમાં પણ ક્યાંક ક્યાંક અપૂર્ણ ટીકાઓ જ મળે છે. આપણા કમનસીબે વિધર્મીઓનાં આક્રમણ અને ભંડારોની રક્ષાનાં યોગ્ય ઉપાયોનાં અભાવને કારણે જૈનશાસનનું ઘણું ખરું આગમસાહિત્ય,

દર્શનસાહિત્ય, કર્મસાહિત્ય વગેરે નાશ પામ્યું તેમ વ્યાકરણસાહિત્ય પણ નાશ પામ્યું. ખરેખર આપણું કેટલું બધું દુર્ભાગ્ય ! છતાં પણ "ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ" આ ન્યાયે આપણી પાસે જે પણ છે, એ **"Ocean of Knowledge"** છે, એને બચાવી લઈએ તોય ભયો ભયો.

દહેરાસરો જૂના થશે તો નવા શિલ્પીઓ મળશે, પરંતુ જો શ્રુત નાશ પામશે તો નવા કલિકાલ-સર્વજ્ઞો કે મહોપાધ્યાયજીઓ ક્યાંથી લાવીશું ? શ્રુતનાશનું એક કારણ અનભ્યાસ પણ છે. જેનો અભ્યાસ ઓછો થાય છે તેનો મૃત્યુઘંટ વાગવા માંડે છે. **પંડિતવર્યશ્રી જગદીશભાઈ**એ ઉપલબ્ધ બૃહન્ન્યાસનો અભ્યાસ વધે એ માટે અદ્ભુત પ્રયાસ કર્યો છે. તે માટે તમામ અભ્યાસુવર્ગ તરફથી સાધુવાદ, અમારા ખોબે ખોબે આશીર્વાદ !

પંડિતવર્યશ્રીએ હાલ કારકપ્રકરણ ઉપર બૃહન્ન્યાસનો અનુવાદ ચાલુ કરેલ છે. તેમના આ મહાન કાર્યમાં શાસનદેવો સહાયક થાય એવાં આશીર્વચન...

વિનીતાનગરી, પાલિતાણા **આચાર્યશ્રી વિજય ગુણરત્નસૂરિ**
વિ. સં. ૨૦૬૯, શ્રાવણ વદ ૨,
તા. ૨૩-૮-૨૦૧૩.

આશીર્વાદ

સંસ્કૃતભાષાના અભ્યાસીઓ માટે આજે ખરેખર સુવર્ણયુગ ચાલી રહ્યો હોય એવું લાગે છે. સંસ્કૃતના પ્રારંભિક અભ્યાસ માટે તો વિવિધ પુસ્તકો પ્રગટ થયા જ છે, તદ્દુપરાંત સંસ્કૃતના ગહન અભ્યાસ માટે પણ વિવેચનો પ્રગટ થવા માંડ્યા છે. બૃહન્ન્યાસ એ સિદ્ધહેમવ્યાકરણનો સર્વોચ્ચ વ્યાખ્યાગ્રન્થ છે. આવા ગહન અને વિસ્તૃત ગ્રન્થનું વિવેચન સિદ્ધહેમ સંસ્કૃત વ્યાકરણ આદિ ગ્રન્થોના અધ્યાપક પંડિત શ્રીજગદીશભાઈના હાથે થઈને પ્રગટ થઈ રહ્યું છે, તે આનંદદાયક ઘટના છે. સંસ્કૃતભાષા અને વ્યાકરણના ગહન અભ્યાસ કરનારાઓ આ ગ્રન્થોનો ઊંડો અભ્યાસ કરી ભાષાજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને છેવટે મોક્ષપદને પામે એ જ આશા, અભિલાષા, આશીર્વાદ...

દ. વિજય મુનિચન્દ્રસૂરિના ધર્મલાભ...

આ ગ્રંથરત્ન આપણા સુધી પહોંચ્યો એનો સંપૂર્ણ યશ પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજય લાવણ્યસૂરીશ્વરજી મહારાજા**ના ફાળે જાય છે. એમનો ઉપકાર હું ક્યારેય ભૂલી શકું તેમ નથી.

આ ગ્રંથરત્નના નિર્માણમાં મહાભાષ્ય વગેરે અનેક ગ્રન્થોની સહાય લેવામાં આવી છે. જેની સંદર્ભસૂચિ અહીં આપવામાં આવી નથી.

આ ગ્રંથરત્નમાં ટાઈપસેટિંગ માટે **મૃગેન્દ્રભાઈ શાંતિલાલ શાહે** જે સહકાર આપ્યો છે, તેમનો ઉપકાર હું ભૂલી શકું તેમ નથી.

હાલમાં કારક પ્રકરણ ઉપર બૃહન્ન્યાસનો અનુવાદ ચાલી રહ્યો છે, જે બનતી ત્વરાએ પ્રગટ કરવામાં આવશે.

સિદ્ધહેમવ્યાકરણની ઉપયોગિતા

આસન્ન ઉપકારી ચરમ તીર્થપતિ ત્રિશલાનંદન કાશ્યપગોત્રીય શ્રમણ ભગવાન શ્રી વીર પરમાત્માનું શાસન-ધર્મ લોકોત્તર છે, કારણ તે ધર્મતીર્થના સ્થાપક સર્વજ્ઞ છે, જ્યારે છાદ્મસ્થિકો દ્વારા સ્થપાયેલું શાસન-ધર્મ તે લૌકિક શાસન-ધર્મ છે. લોકોત્તર-લૌકિક ધર્મના મૂળભૂત સિદ્ધાંતોના સારભૂત રહસ્યોને જાણવાં હોય - માણવાં હોય - પિછાણવાં હોય - અક્ષરશઃ અર્થબોધ પામવો હોય તો સંસ્કૃત - પ્રાકૃત વ્યાકરણ વિષયક ગ્રંથોનું અધ્યયન કરવું - કરાવવું આવશ્યક કર્તવ્ય બને છે. ધર્મના મૂળભૂત સિદ્ધાંતો પણ સંસ્કૃત-પ્રાકૃતભાષામાં આલેખાયેલાં છે. તેથી પૂર્વકાલીન ઋષિઓ - મહર્ષિઓ - મહાપુરુષોએ સંસ્કૃત-પ્રાકૃતભાષાને કેન્દ્રમાં રાખીને અગણિત વ્યાકરણોની રચના કરી હતી.

ઈ.સ. પૂર્વે ૩૫૦ની આસપાસ **પાણિની મહર્ષિએ પાણિનીય વ્યાકરણની રચના** કરી હતી. તેમાં તેમણે તેમની પૂર્વે રચાયેલાં **અપિશલિ-કાશ્યપ-ગાર્ગ્ય** વગેરે ૬૪ વૈયાકરણીઓનો પણ નામનિર્દેશ કર્યો છે. ત્યાર પછી પણ **સંગ્રહ-કાતંત્ર-ચાન્દ્ર-વાક્યપદીય-વિશ્રાન્તવિદ્યાધર-શાકટાયન-બુદ્ધિસાગર-સરસ્વતીકંઠાભરણાદિ વ્યાકરણોની** રચના થઈ હતી. ત્યાર પછી **ગૂર્જરેશ્વર શ્રી સિદ્ધરાજ જયસિંહ**ની વિનંતિથી **કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે** એક જ વર્ષમાં પંચાંગી **શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન** નામના વ્યાકરણની રચના કરી હતી. તેના પર ૮૪,૦૦૦ શ્લોકપ્રમાણ **બૃહન્યાસ**ની રચના પણ કલિકાલસર્વજ્ઞે જ કરી હતી. તેમાં તેમણે પૂર્વે રચાયેલા તમામ વ્યાકરણો પર દૃષ્ટિપાત-વિહંગાવલોકન કરી તેમાં થયેલી ક્ષતિઓને દૂર કર્યા પછી વ્યાકરણની રચના કરી હતી. તેથી તે વ્યાકરણ મુકુટસમાન શોભાયમાન બન્યું હતું. કાળક્રમે ૮૪,૦૦૦ શ્લોકપ્રમાણ બૃહન્યાસ સર્વાંગ-સંપૂર્ણ પ્રાપ્ત થતો નથી. તેથી કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યની ગ્રંથસર્જનની શૈલીને વફાદાર રહી તેમની જ શૈલી પ્રમાણે અપૂર્ણ અંશને પરિપૂર્ણ કરવાનો ભગીરથ પ્રયાસ **શાસનસમ્રાટ પૂ. આ. ભ. શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર વ્યાકરણવાચસ્પતિ-શાસ્ત્રવિશારદ-શાસનપ્રભાવક પૂ. આ. શ્રી વિજય લાવણ્યસૂરીશ્વરજી મહારાજા**એ કર્યો. તેમાં તેમણે અન્ય-અન્ય વૈયાકરણીઓના મત-મતાંતરોનો ઉલ્લેખ કરી તેના પર સુવિશદ ચર્ચાવિચારણા પણ કરી છે. સૂત્રોમાં ગૂંથેલા શબ્દોમાંથી કઈ રીતે સૂત્રાર્થ પ્રગટ કરવો ?, સૂત્રરચનાનું રહસ્ય, પૂર્વસૂત્રની અનુવૃત્તિ, અનુવર્તમાનસૂત્રની નિવૃત્તિ,

એકવચન-બહુવચન આદિ કરવાનું કારણ, ઉદાહરણ-પ્રત્યુદાહરણ દ્વારા નવા-નવા શબ્દોનું સર્જન - શબ્દોની વ્યુત્પત્તિ - ઉદાહરણ-પ્રત્યુદાહરણોની સાધનિકા આદિનું ખૂબ જ સુંદર શૈલીમાં આલેખન કર્યું છે.

સિદ્ધહેમવ્યાકરણને વિશેષે સરળ-સુગમ-સુબોધ બનાવવા માટે સમયે સમયે અનેકાનેક વૈયાકરણીઓએ અવચૂરિ-લઘુપ્રક્રિયા-બૃહત્પ્રક્રિયા-ધાતુમાલા-ધાતુપારાયણ-ધાતુરત્નાકર-ઢુંઢિકા આદિ બહુવિધ ગ્રંથોની પણ રચના કરી છે. સિદ્ધહેમવ્યાકરણનું અધ્યયન-અધ્યાપન વિશેષે કરવા-કરાવવામાં આવે - વ્યાકરણની વિશેષ રુચિ જાગે - વ્યાકરણ ભણવાનું મન થાય તે માટે બૃહન્ન્યાસના ભાગોને સાનુવાદ પ્રકાશિત કરવાનો પંડિતવર્ય શ્રીજગદીશભાઈનો શ્રમસાધ્ય પ્રયત્ન પ્રશંસનીય - અનુમોદનીય - સાધુવાદને પાત્ર છે. તે દ્વારા અનેકાનેક પુણ્યાત્માઓ વ્યાકરણના સારા અભ્યાસી બની આગમાદિ અનેકવિધ ગ્રંથોમાં ગૂંથાયેલા ગૂઢાર્થ રહસ્યોને સમજી - સમજાવી નિઃસંદેહ પરમપદના ભોક્તા બની શકશે.

વ્યાકરણનો અભ્યાસ ન કરનાર જે ગ્રંથનું ભાષાંતર છપાયું ન હોય તે ગ્રંથ સુવિશદ વાંચી શકે નહીં. ભાષાંતર છપાયું હોય તો જેવા શબ્દોમાં છપાયું હોય તેવા જ શબ્દોમાં સ્વીકારવું પડે. શબ્દના અર્થનો સારી રીતે બોધ પામી શકે નહીં. ગ્રંથોનું સંશોધન કરતી વખતે કયો પાઠ સાચો અને કયો પાઠ ખોટો, તેનો નિર્ણય કરી શકે નહીં.

"वैदुष्यं विगताश्रयं श्रितवति श्रीहेमचन्द्रे गुरौ ।"

"શ્રી હેમચન્દ્રસૂરિનું નિર્વાણ થતાં વિદ્વત્તા આશ્રયવિહોણી બની ગઈ."

પાંજરાપોળ જૈન ઉપાશ્રય,
વિ. સં. ૨૦૬૯, ભાદરવા સુદી ૧,
તા. ૬-૯-૨૦૧૩

મુનિ વિમલકીર્તિવિજય

सिद्धहेमशब्दानुशासन व बृहन्न्यास की उपादेयता

डॉ. विजयपाल शास्त्री (साहित्य-व्याकरणाचार्य)
आचार्य एवं अध्यक्ष (साहित्य-विभाग)
राष्ट्रीयसंस्कृतसंस्थानम्, वेदव्यासपरिसर,
बलाहर, निकट गरली (कांगड़ा)
हिमाचल प्रदेश-१७७१०८.

भारतीय मनीषियों ने शब्दज्ञानं, उसके साधु प्रयोग व तत्प्रतिपादक व्याकरण शास्त्र को ऐहिक कल्याण के साथ परम निःश्रेयस अर्थात् मोक्ष का भी साधक माना है -

तमक्षरं ब्रह्म परं पवित्र गुहाशयं सम्यगुशन्ति विप्राः ।
स श्रेयसा चाभ्युदयेन चैव सम्यक् प्रयुक्तः पुरुषं युनक्ति ॥ (आपिशलि-शिक्षारम्भे)

इसका भाव है कि शब्द तत्त्व परम पवित्र व बुद्धिगुहा में स्थित है । विद्वान् लोग शिक्षा, व्याकरण आदि द्वारा उसका सम्यक् ज्ञान प्राप्त कर उचित प्रयोग करते हैं। साधु रुप में प्रयुक्त शब्द (वाक्य-सन्दर्भ) पुरुष को लौकिक कल्याण व पारमार्थिक कल्याण (मोक्ष) से युक्त कर देता है।

भर्तृहरि कहते हैं -

इदमाद्यं पदस्थानं सिद्धसोपानपर्वणाम्।
इयं सा मोक्षमाणानामजिह्मा राजपद्धतिः ॥ (वाक्यपदीयम्-१.१६)

अर्थात् व्याकरण सिद्धिसोपान के पर्वों में प्रथम पदस्थान है। मोक्षार्थियों के लिए व्याकरणाध्ययन-पूर्वक शास्त्रज्ञान एवं ध्यान-साधना द्वारा विवेक-वैराग्य की प्राप्ति सरल राजमार्ग है। अन्यत्र भी कहा है -

व्याकरणात् पदज्ञानं पदज्ञानादर्थनिर्णयो भवति ।
अर्थात् तत्त्वज्ञानं तत्त्वज्ञानात् परं श्रेयः ॥

अर्थात् व्याकरण द्वारा शब्दज्ञान होता है, उसके द्वारा शास्त्रों का पदार्थज्ञान होता है। पदार्थज्ञान से तत्त्वज्ञान तथा तत्त्वज्ञान से परम श्रेय अर्थात् मोक्ष की प्राप्ति होती है। इस प्रकार व्याकरणशास्त्र

मोक्षमार्ग का साधक है। इसिलिए अध्यात्मशास्त्रों या मोक्षशास्त्रों का अनुशीलन करने वाले भी पहले व्याकरणशास्त्र का ही अभ्यास करते हैं। भास्कराचार्य ने कहा भी हे -

तस्मात् प्रथममेतदधीत्य विद्वान् शास्त्रान्तरस्य भवति श्रवणेऽधिकारी।

(सिद्धान्तशिरोमणिग्रन्थारम्भे)

अर्थात् व्याकरण शास्त्र का अध्ययन करने पर ही व्यक्ति अन्य शास्त्र के श्रवण का अधिकारी बनता है। यदि व्याकरण के बिना ही अन्य शास्त्रों का अध्ययन किया जाए तो वह सन्देहपूर्ण या अनर्थपूर्ण हो सकता है। कहा भी है -

अव्याकरणमधीतं भिन्नद्रोण्या तरंगिणीतरणम्।
भेषजमपथ्यसहितं त्रयमिदमकृतं वरं न कृतम्॥

अर्थात् बिना व्याकरण के शास्त्रान्तर का अध्ययन करना, टूटी नौका से नदी पार करने का प्रयास तथा अपथ्य के साथ औषध-सेवन, इन तीन कार्यों को करने से तो न करना ही अच्छा है। अतः किसी भी शास्त्र के निर्भ्रान्त व स्पष्ट बोध के लिए व्याकरण-ज्ञान परमावश्यक है। इसके बिना अध्येतव्य शास्त्र का अध्ययन सफल नहीं होता, प्रत्युत अनर्थपूर्ण ही हो जाता है। जैसा कि कहा है -

अंगीकृतं कोटिमितं च शास्त्रं नांगीकृतं व्याकरणं च येन ।
न शोभते तस्य मुखारविन्दे सिन्दूरबिन्दुर्विधवाललाटे ॥

भले ही किसी ने कोटि श्लोक परिमाण वाला शास्त्र कण्ठस्थ कर लिया हो, पर यदि व्याकरण नहीं पढा तो वह शास्त्र उसके मुख में उसी प्रकार शोभित नहीं होता, जिस प्रकार विधवा के ललाट पर सिन्दूरबिन्दु। इस प्रकार तत्त्वबोध के लिए व्याकरणज्ञान नितराम् अनिवार्य व अतीव महत्त्वपूर्ण माना जाता है।

भारतवर्ष में प्राचीन काल से ही व्याकरणशास्त्र की रचना-परम्परा रही है। व्याकरण के प्राचीन रचनाकारों में ये मुख्य माने जाते हैं -

इन्द्रश्चन्द्रः काशकृत्स्नापिशली शाकटायनः।
पाणिन्यमरजैनेन्द्राः जयन्त्यष्टादिशाब्दिकाः ॥ **(बोपदेवकृत-कविकल्पद्रुमारम्भे)**

इसी परम्परा में कलिकालसर्वज्ञ अपारविद्यार्णव-कर्णधार आचार्य भगवन्त श्रीहेमचन्द्रसूरीश्वर महाराज ने 'सिद्धहेमशब्दानुशासन' नामक एक सर्वांगपूर्ण, अतीव उत्कृष्ट, सुनिबद्ध एवं विशाल

व्याकरणशास्त्र की रचना की । आचार्य भगवन्त ने अपनी अलौकिक प्रतिभा से क्षरित होती हुई पुरातन परम्परा को बहुत ही कुशलता से अपने व्याकरणशास्त्र में सुनिबद्ध कर दी है । अपने समय में उपलब्ध सभी व्याकरणों, उत्तम व्याकरणग्रन्थों का सूक्ष्म मनन, चिन्तन व अवगाहन कर सभी का सार संगृहीत करते हुए उन्होंने मधुकोषरूप अद्भुत व्याकरण की रचना की थी । इस व्याकरण के ऊपर 'बृहद्वृत्ति' व 'बृहन्न्यास' बनाकर अपने विलक्षण व्याकरण-प्रसाद को अभेद्य दुर्ग रूप में सुदृढ़ कर दिया । इतना ही नहीं व्याकरण द्वारा साधित सभी उदाहरणों व प्रत्युदाहरणों को स्वरचित ऐतिहासिक द्व्याश्रयकाव्य में प्रयुक्त कर इतिहास में एक अभूतपूर्व निदर्शन प्रस्तुत किया है, जिसकी तुलना अन्यत्र नहीं मिलती है । आचार्य भगवन्त के इस विराट कार्य को देखकर महाभारतकार कृष्णद्वैपायन व्यास की यह उक्ति सहसा स्मृतिपथ पर आ जाती है -

सर्वार्थानां व्याकरणाद् वैयाकरण उच्यते ।
प्रत्यक्षदर्शी लोकस्य सर्वदर्शी भवेन्नरः ॥ **(महाभारत, उद्योगपर्व-४३.३६)**

अर्थात् सभी अर्थों का व्याकरण (विवेचनपूर्वक वर्णन) करने से व्यक्ति वैयाकरण कहलाता है । इसे निर्वचन, प्रकृति और प्रत्यय का पृथक् अर्थपरक स्पष्टीकरण करना होता है । यह सब करने वाला सम्पूर्ण लोक का प्रत्यक्षदर्शी होता है । अत एव सर्वदर्शी हो जाता है । इसी 'सर्वदर्शी' पद का भाव आचार्य भगवन्त के विशेषण-'कलिकालसर्वज्ञ' में समाहित है । इस प्रकार उनका यह विशेषण अन्वर्थ व सर्वथा सटीक रूप में घटित होता है ।

शताब्दियों से जैन परम्परा में आचार्य भगवन्त के इस व्याकरण का अभ्यासक्रम चलता आ रहा है । विशेष रूप से जैन-मुनियों की अध्ययनाध्यापन परम्परा में यह सुप्रचलित है । सिद्धहेमशब्दानुशासन की बृहद्वृत्ति के उपर बृहन्न्यास की रचना कर आचार्य भगवन्त ने व्याकरणग्रंथ के अभ्यासुओं के ऊपर अपार उपकार किया है । उन्होंने अपने काल में उपलब्ध दुर्लभ सामग्री व शास्त्रीय तत्त्वों को इसमें बडी कुशलता से गुम्फित कर सुरक्षित कर दिया है । आचार्य भगवन्त के इस परम उपकार के लिए संस्कृत-जगत् सदा-सदा के लिए उनका अतीव कृतज्ञ रहेगा ।

वर्तमान काल में संस्कृत-जगत् में पाणिनीय व्याकरण के अध्ययनाध्यापन का अधिक प्रचलन है । पाणिनीय व्याकरण के काशिकावृत्ति आदि व्याख्यान-ग्रन्थों में अनेक स्थलों पर वृत्ति व उदाहरणों के पाठ विपर्यस्त व दोषग्रस्त हो गए हैं, परन्तु वे स्थल सिद्धहेमशब्दानुशासन में सर्वथा शुद्ध व निर्भ्रान्त रूप में सुरक्षित हैं । इससे पाणिनीय परम्परा के ग्रन्थों के पाठशोधन व अर्थ-निर्धारण में बडी सहायता मिलती है । हमने स्वयं ऐसे अनेक स्थल चिह्नित किये हैं । सूत्रोदाहरणों के प्रयोग को

स्पष्ट करने के लिए तो पाणिनीय व्याकरण पढने वालों के लिए द्व्याश्रयकाव्य का अनुशीलन परम उपकारक है। बहुत से स्थल तो ऐसे हैं, जिनके प्रयोग की जानकारी के लिए 'द्व्याश्रय-महाकाव्य' ही एकमात्र शरण है। इस रचना के लिए भी संस्कृत-जगत् सदा आचार्य श्रीहेमचन्द्रसूरीश्वरजी का ऋणी रहेगा।

बृहन्न्यास में महाभाष्य जैसी शैली में विचारणीय अर्थों का बडा ही गम्भीर व सूक्ष्म विवेचन किया है । सिद्धहेमशब्दानुशासन पढने वालों के लिए यह बहुत ही उपादेय है । इसकी गम्भीरता व प्रौढता को देखते हुए इसका अनुवाद अपेक्षित था । जैन समाज में सिद्धहेमशब्दानुशासन व नाना शास्त्रों के जाने-माने पण्डित श्री जगदीश भाई (गोपीपुरा सुरत-निवासी) ने यह कार्य बहुत ही प्रौढता एवं कुशलता से किया है। पूज्य पण्डितजी का अतिशय परिश्रम व वैदुष्य विशेष रूप से श्लाघनीय है कि उन्होंने यह कठिन कार्य कर गुजराती-भाषियों के लिए बृहन्न्यास का अध्ययन सुगम बना दिया है। इस दिव्य अवदान (कीर्तिकर कार्य) के लिए पण्डित श्रीजगदीश भाई बहुशः साधुवाद के पात्र हैं।

बृहन्न्यास में महाभाष्यगत अर्थों का भी निरूपण है। अतः उनके विवेचना-प्रसंग में समय-समय पर श्रद्धेय पण्डित जगदीश भाई मुझसे भी विचार-विमर्श करते रहे हैं। इस कार्य में सहयोग करने के लिए मुझे कुछ दिन तक उनके सूरत-स्थित आवास पर रहने का भी सौभाग्य मिला है। इसके अतिरिक्त विगत चातुर्मास्य (संवत २०६८, आश्विन मास) के अन्तराल में उनके साथ श्री शत्रुंजय तीर्थ पालिताणा (गुजरात) में रहने का सुअवसर भी मिला है। शास्त्रचर्चा के अवसर पर मैंने देखा कि पण्डितजी की शैली है कि जब तक कोई अर्थ पूर्णतया स्पष्ट न हो जाय, तब तक आप उसके ऊपर विचारमन्थन व ग्रन्थावलोकन करते रहते हैं। पूर्णतः स्पष्ट होने पर ही उसे लिपिबद्ध करते हैं। आपकी यह श्रमशीलता व तत्त्वग्राहिता विशेष रूप से अभिनन्दनीय व वन्दनीय है। मैं भगवान् से प्रार्थना करता हूँ कि श्रद्धेय पण्डित श्रीजगदीशभाई को अधिकाधिक आरोग्य, दीर्घायुष्य व अनुकूल अवसर प्रदान करें, जिससे वे इस कार्य को आगे भी उत्तरोत्तर उत्कृष्टता-पूर्वक सम्पन्न करने में समर्थ हो सके।

हरिद्वार (उत्तरांचल राज्य)
ता. ४.७.२०१३ गुरुवार

અનુવાદકના ઉદ્ગારો

શાસ્ત્રકારોએ મનુષ્યોની સંખ્યા ૨૯ આંકડા પ્રમાણ જણાવી છે. આથી જણાય છે કે આ લોકમાં અબજોની સંખ્યા પ્રમાણ મનુષ્યો જન્મે છે અને મરી પણ જાય છે. આ બધા માનવોમાં કોઈક વિરલ આત્માઓ જ પોતાની ચિરસ્મૃતિ છોડી જાય છે. આ વિરલ આત્માઓમાં એક નામ ૯૨૪ વર્ષ પછી આજે પણ વિદ્યાપ્રેમીઓ તથા અહિંસાપ્રેમીઓને આશ્ચર્યચકિત કરે છે... એ નામ છે, કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્ય... જેઓનું નામસ્મરણ પણ લાંબા કાળથી સંચિત કરેલા કર્મોને દૂર કરવા માટે સમર્થ છે.

આ **પ. પૂ. આ. ભ. શ્રીહેમચન્દ્રાચાર્યજી**નો જન્મ વિ. સં. ૧૧૪૫ના કારતક સુદ ૧૫ના દિવસે ધંધૂકાનગરમાં થયો હતો. આ હકીકત સાથે મારી (લેખકની) હકીકત જણાવવાની લાલચ હું રોકી શકતો નથી. સંવત ૨૦૪૫ના કારતક સુદ ૧૫ના દિવસે નવસારી ખાતે તપોવનમાં **પરમ પૂજ્ય પંન્યાસ શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સા.** પાસે મેં આ સિદ્ધહેમવ્યાકરણની શરૂઆત કરી હતી. મારા જીવનના ઉપકારી એવા પંન્યાસજી મ. સા.એ એવા આશિષ વરસાવ્યા કે જેનું ફળ શ્રીસંઘ સમક્ષ રજૂ કરતાં આજે હું અત્યંત હર્ષની લાગણી અનુભવું છું. સંવત ૨૦૩૩માં આ જ પૂજ્ય પંન્યાસજી મ. સા. પાસે મેં ધર્મની પ્રાપ્તિ કરી હતી. ત્યારથી એક અદમ્ય ઇચ્છા હતી કે હું સિદ્ધહેમવ્યાકરણને ભણું અને શાસ્ત્રના પરમાર્થની પ્રાપ્તિ કરું. પૂર્વજન્મના સંસ્કારોએ જ મને આ કાર્ય કરવા માટે પ્રેરિત કર્યો હશે. દેવ, ગુરુ અને ધર્મની અસીમ કૃપાએ આજે મને આ ફળ પ્રાપ્ત થયું છે.

આચાર્ય ભગવંત શ્રીહેમચંદ્રસૂરિ મહારાજાની ઉંમર જ્યારે ૯ વર્ષની હતી ત્યારે વિ. સં. ૧૧૫૪માં તેઓશ્રીની દીક્ષા થઈ હતી. એવું પણ સંભળાય છે કે તેમની દીક્ષા માત્ર ૫ વર્ષની ઉંમરે જ થઈ હતી. એમના ગુરુ શ્રી દેવચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ અપવાદ તરીકે પાહિણી પાસે ચાંગદેવને માંગીને દીક્ષા આપી હતી. આવી પરંપરાને જૈનશાસનમાં યાચિતશિષ્ય સ્વરૂપે કહેવામાં આવે છે.

જેઓના હૃદયમાં શાસન હોય છે તેઓ જ આ જગતમાં અવિસ્મરણીય સર્જન કરીને જાય છે.

આ ગુજરાતની ધરા ઉપર કુમારપાળ રાજાની પહેલા સિદ્ધરાજ નામે સંસ્કારપ્રિય રાજવી હતો. આ રાજા વિદ્વાનોનો અત્યંત ચાહક હતો. તે સમયે પ્રસિદ્ધિ પામેલા જૈનાચાર્ય વીરસૂરિજી

તથા તાર્કિકશિરોમણી વાદિદેવસૂરિજીનું તે બહુમાન કરતો હતો. મલધારી હેમચન્દ્રસૂરિજી, ધર્મઘોષસૂરિજી, વર્ધમાનસૂરિજી, સોમપ્રભસૂરિજી તથા વાગ્ભટ્ટ જેવા વિદ્વાનોના પરિચયમાં તે આવ્યો હતો. આવા વિદ્વાનોની વચ્ચે પણ સિદ્ધરાજ જયસિંહે પોતાની મહત્ત્વાકાંક્ષાને પૂર્ણ કરવા માટે પૂ. હેમચન્દ્રાચાર્ય ઉપર પોતાની પસંદગીનો કળશ ઢોળ્યો હતો, એ જ પૂ. આચાર્ય ભગવંતશ્રીની વિદ્વત્તાનો બોલતો પુરાવો છે.

એક વાર સિદ્ધરાજ જયસિંહે આચાર્ય ભગવંતશ્રીને ગુજરાતના ગૌરવ સ્વરૂપ વ્યાકરણ બનાવવાનું સૂચન કર્યું. આચાર્ય ભગવંતશ્રીએ આ સૂચનને વધાવી લીધું. તથા આચાર્ય ભગવંતશ્રીએ માતૃકારહિત વ્યાકરણ બનાવવાનો નિર્ણય કર્યો. માતૃકા એટલે વર્ણમાલા. દા. ત. अ, आ, इ... વગેરે વર્ણો વર્ણમાલા કહેવાય છે. જે વ્યાકરણોમાં આ વર્ણોનો નિર્દેશ કરાયો હોય તે વ્યાકરણો વર્ણમાલા સહિત કહેવાશે. કાતન્ત્ર તથા પાણિની વ્યાકરણ વર્ણમાલા સહિત હોવાથી માતૃકાસહિત કહેવાયા હતા. જ્યારે આ આચાર્ય ભગવંતશ્રીએ વર્ણમાલા (માતૃકા) રહિત વ્યાકરણ બનાવ્યું. મહાભાષ્યમાં કહ્યું છે કે અક્ષર-સમામ્નાય એ વાક્-સમામ્નાય બની જાય છે. આથી તેઓએ માતૃકા વર્ણો સહિત પોતાના વ્યાકરણો બનાવ્યા. જૈન પરંપરામાં જૈનેન્દ્ર વ્યાકરણ માતૃકા રહિત જ હતું. આથી આચાર્ય ભગવંતશ્રીએ પૂર્વના મહર્ષિઓની પરંપરાને અપનાવી માતૃકા રહિત વ્યાકરણ જ બનાવ્યું તેમજ વર્ણોનો સમ્યક્ પાઠક્રમ પૂર્વોના મહાપુરુષો પાસેથી જ જાણવા યોગ્ય છે એવો અભિપ્રાય જણાવી ગુરુપરંપરાને માન્ય રાખી. આ હકીકત તેઓએ लोकात् સૂત્રમાં જણાવી છે.

આ વ્યાકરણની રચના વિ. સં. ૧૧૯૨ પૂર્વે થઈ હશે. આચાર્ય ભગવંતશ્રીએ આ વ્યાકરણની રચના કરવા માટે કાશ્મીરમાં શારદા (સરસ્વતીદેવીનો) ભંડાર છે તેમાંથી પ્રતો મંગાવવા રાજાને વિનંતી કરી. રાજાએ પ્રતો લેવા માટે પ્રધાનોને મોકલ્યા. આથી પ્રધાનોએ ત્યાં જઈને શારદા માતાને પ્રસન્ન કરી. શારદા માતાએ પ્રસન્ન થઈને પ્રધાનોને વ્યાકરણ સંબંધી આઠ પુસ્તકો ભેટ આપ્યા. આ આઠ પુસ્તકોની સહાયથી આચાર્ય ભગવંતશ્રીએ પંચાંગી વ્યાકરણની રચના કરી. રાજાએ નવા વ્યાકરણની પ્રસિદ્ધિ માટે પંડિતવર્યોને બોલાવ્યા. કેટલાક પંડિતવર્યોએ ઈર્ષ્યાભાવથી રાજાને કહ્યું કે આ તો કાશ્મીરમાંથી લાવેલા પુસ્તકોની નકલ છે. આ વ્યાકરણ ખરું તો ત્યારે જ કહેવાશે કે પાણીમાં નાંખવાથી તે ભીનું ન થાય. તે સમયે આચાર્ય ભગવંતશ્રીએ રાજાને કહ્યું કે આ વ્યાકરણની પ્રામાણિકતાની કસોટી ભલે થાઓ. ત્યારબાદ રાજાએ પ્રધાન વગેરે નગરજનોને લઈને આ વ્યાકરણ પાણીના કુંડમાં નંખાવ્યું અને વ્યાકરણ લેશ પણ ભીનું થયું નહીં. આ પ્રસંગથી રાજા અત્યંત પ્રભાવિત થયો તેમજ જૈનશાસનનો જયજયકાર થયો. બીજું રાજાએ

ત્રણ વર્ષ સુધી હંમેશા ત્રણસો દ્રમ આપી સોનાના અક્ષરથી તે વ્યાકરણ લખાવ્યું તથા હાથીની અંબાડી ઉપર સામૈયા સાથે સંપૂર્ણ વ્યાકરણને પોતાના પાટનગર પાટણનગરમાં ફેરવીને તેનો મહિમા વધાર્યો.

આ વ્યાકરણની રચના થઈ ગયા પછી એને જાહેરમાં પ્રસિદ્ધ કરવાની વિધિ જે દિવસે થવાની હતી તેના એક દિવસ અગાઉ જ ઇર્ષ્યાળુએ રાજાને ટકોર કરી કે આખું વ્યાકરણ તો તૈયાર થઈ ગયું છે; પરંતુ આચાર્ય ભગવંતશ્રીએ સંપૂર્ણ વ્યાકરણમાં તમારી પ્રશસ્તિ ક્યાંય કરી નથી. આ બાજુ ઉદ્ઘાટન સંબંધી બધી પ્રતો સીલબંધ pack થઈને રાજાના ભંડારમાં પહોંચી ગઈ હતી. આથી આચાર્ય ભગવંતે રાત્રે સાધના કરીને સરસ્વતી દેવીને બોલાવી. દેવીએ આવીને આચાર્ય ભગવંતશ્રીને કહ્યું કે આપ રાજાની પ્રશસ્તિ થાય એવા ૩૨ શ્લોકોની રચના કરો, હું એ ૩૨ શ્લોકોને ત્યાં રહેલી તમામ પ્રતોમાં પ્રક્ષેપ કરી દઈશ. બીજે દિવસે આચાર્ય ભગવંતશ્રી નિશ્ચિંત બનીને રાજાની સભામાં જાય છે, જ્યારે બીજી બાજુ ઇર્ષ્યાળુઓ ખુશ થતા હોય છે. ઇર્ષ્યાળુઓને મનમાં એમ હતું કે હમણાં જૈનાચાર્યની જાહેરમાં હાંસી થશે, રાજા એમના ઉપર કોપવાળા થશે. વ્યાકરણનું જ્યારે ઉદ્ઘાટન કરવામાં આવ્યું ત્યારે દરેક પ્રતોમાં રાજાની પ્રશસ્તિ કરનારા ૩૨ શ્લોકો પ્રક્ષેપ થયેલા હતા. આથી રાજા અત્યંત પ્રભાવિત થાય છે અને જૈનશાસનનો જયજયકાર થાય છે. આચાર્ય ભગવંતશ્રીએ ૩૨ શ્લોક સંબંધી ઘટના તે સમયે રાજાને ન જણાવી. કારણ કે રાજા પ્રતિબોધ ન પામત અને જૈનશાસનની પ્રભાવના ન થાત. પાછળથી એક વાર જ્યારે રાજા શાંત હતા ત્યારે આ આખી ઘટના આચાર્ય ભગવંતશ્રીએ રાજાને જણાવી. પાછળથી આ વાત રાજાને જણાવવાથી જૈનશાસનને નુકસાન ન થયું. ખરેખર ! આચાર્ય ભગવંતશ્રી પાસે કેટલો માર્ગસ્થ ક્ષયોપશમ હતો, એ આ ઘટના ઉપરથી જણાય છે.

હવે અમે આ વ્યાકરણરચના કરતાં જે વિઘ્ન આચાર્ય ભગવંતશ્રીને આવ્યું હતું તેનો એક પ્રસંગ જણાવીએ છીએ. આ પ્રસંગ વર્તમાનસમયમાં ક્યાંય પ્રસિદ્ધ થયો નથી. અમને આ પ્રસંગની પ્રાપ્તિ **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પરમાત્માની** કૃપાથી થઈ છે. આચાર્ય ભગવંતશ્રી જ્યારે વ્યાકરણની રચના કરી રહ્યા હતા અને બીજા અધ્યાયનું ત્રીજું પાદ ચાલી રહ્યું હતું ત્યારે કોઈક બાહ્ય વિદ્યાનો ઉપદ્રવ આવ્યો. આથી અત્યાર સુધી વ્યાકરણ સંબંધી જેટલી રચના થયેલી તે બધા જ તાડપત્રોનાં ટુકડે-ટુકડાં થઈ ગયાં; પરંતુ આચાર્ય ભગવંતશ્રીને આમાં કોઈક વિઘ્ન છે, એવો ખ્યાલ ન આવ્યો. આથી આચાર્ય ભગવંતે પોતાની બુદ્ધિપ્રતિભાથી ફરીથી એ જ પ્રમાણે વ્યાકરણની રચના કરી. બીજીવાર પણ પહેલા જેવું જ વિઘ્ન આવ્યું. બીજા અધ્યાયનું ત્રીજું પાદ ચાલી રહ્યું હતું ત્યારે અત્યાર સુધીની વ્યાકરણ સંબંધી રચનાના તમામ તાડપત્રોના ટુકડાં થઈ ગયાં. આથી આચાર્ય

ભગવંતને થયું, આમ કેમ થાય છે ? તપાસ કરતાં કોઈ કારણ ન જણાયું, આથી એમણે સરસ્વતી દેવીની સાધના કરી. એટલે સરસ્વતી દેવીએ પ્રત્યક્ષ થઈને કહ્યું કે કેટલાક દ્વેષી લોકોએ બે વાર વિદ્યાના પ્રયોગો દ્વારા આપની વ્યાકરણરચનાને ખતમ કરી છે. સરસ્વતીદેવીએ તે વિદ્યાના પ્રતિપક્ષી મંત્રો દ્વારા સલામતીનો ઉપાય બતાવ્યો. આચાર્ય ભગવંતશ્રીએ મંત્રો દ્વારા જગ્યાને મંત્રિત કરીને ત્રીજી વાર વ્યાકરણની રચનાનો પ્રારંભ કર્યો અને સંપૂર્ણ વ્યાકરણની નિર્વિઘ્ને સમાપ્તિ કરી હતી. ખરેખર ! આચાર્ય ભગવંતશ્રીની કેવી બુદ્ધિપ્રતિભા કે પહેલા બે વાર કરેલી સંપૂર્ણ રચના એમને સ્મૃતિપથમાં રહી હશે, જેથી ત્રીજી વાર પહેલાની જેમ જ વ્યાકરણની રચના કરી શક્યા. બીજું બે વાર રચનાઓ નિષ્ફળ ગઈ હોવા છતાં અદ્ભુત ધૈર્યને ધારણ કરીને વ્યાકરણનો પુરુષાર્થ ચાલુ રાખ્યો. આવા મહાપુરુષોની ધીરજે જ જૈનશાસનને ગરિમા બક્ષી છે.

આ મહાપુરુષ આવી ધીરજના પ્રતાપે જૈનશાસનમાં વિરલ વિભૂતિ તરીકે પ્રસિદ્ધ થયા. આજે ગુજરાતમાં જે કાંઈ ધર્મનું અસ્તિત્વ છે તેમાં પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીહેમચન્દ્રાચાર્ય મહારાજાનો અમૂલ્ય ફાળો છે. ખરેખર ! આ વ્યક્તિ પ્રતિભાશાળી, પરોપકારપરાયણ, કરુણામૂર્તિ અને પરમાત્માની અદ્વિતીય સેવક હતી. તેમણે વેદથી માંડીને ઇતિહાસ, પુરાણ,આયુર્વેદ, આગમ, દર્શનશાસ્ત્ર, વ્યાકરણ, કોષ, છંદ, સાહિત્ય, જ્યોતિષ, મંત્ર, યોગ, રાજનીતિ, પ્રાકૃત વગેરે બધા જ સાહિત્યના મહાસાગરોને ઉલેચ્યાં છે. એની પ્રતીતિ વ્યાકરણના ગર્ભમાં રહેલા ઉદાહરણો અને વિષયની મીમાંસાઓમાં જોઈ શકાય છે.

એમનું સાહિત્ય કેટલું હશે એની તો આપણને ખબર નથી; પરંતુ જેટલું પ્રાપ્ત થાય છે એના દ્વારા એમની મહાનાતાનો ખ્યાલ આવે છે. સિદ્ધહેમશબ્દાનુશાસન લગભગ ૩૦ % જેટલું મળે છે તથા કાવ્યજગતમાં જેની ઉપમા ન આપી શકાય એવું ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર સ્વરૂપ મહાકાવ્ય ૩૨,૦૦૦ શ્લોક પ્રમાણ મળે છે. તેની ઉત્તમતાનું વર્ણન કરતાં આજે પણ કાવ્યરસિકો અત્યંત આનંદ અનુભવે છે. આ ઉપરાંત અભિધાનચિંતામણીકોષે એમને અત્યંત ગરિમા આપી છે.

એમની રચનાઓમાં એમણે ક્યાંય પરંપરાને ઉવેખી નથી. એમણે મહર્ષિ પાણિની અને પતંજલિને યાદ કર્યા છે. ભૂતકાળના વૈયાકરણીઓના ઋણનો સ્વીકાર કર્યો છે. કવિપ્રભાવક પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજા તથા મહાકવિ ધનપાલને પણ તેઓશ્રી ભૂલ્યા નથી. વાચક ઉમાસ્વાતિજી તથા પૂર્વધર શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણની વિશેષતાઓ તેમણે કબૂલી છે. શાકટાયન અને જૈનેન્દ્રના પ્રમાણોથી પોતાની વાણીને પ્રતિષ્ઠિત બનાવી છે. તક્ષશિલા અને કાશ્મીરની વિદ્યાઓનો ગંભીર પરિચય તેમણે ગુજરાતને કરાવ્યો છે. આવી સમર્થ સમન્વયાત્મક પ્રતિભાનું જીવંત ચિત્ર આપણને પ્રાપ્ત થયું તે ખરેખર આપણું

પરમ સૌભાગ્ય છે. એમના ગ્રંથોમાં એવું અદ્‌ભુત રસાયણ છે કે, તે વાંચતાં જીવ ક્યારેય થાકતો નથી કે કંટાળતો પણ નથી. એમના ગ્રંથોના પરિચયમાં આવ્યા પછી એવું લાગ્યા કરે છે કે જાણે આ વ્યક્તિમાં પાણિની, પતંજલિ, અક્ષપાદ, શંકર, મમ્મટ, ભટ્ટિ, વ્યાસ, કાલિદાસ - એમ બધાની જ પ્રતિભાઓ સંક્રમિત થઈ ગઈ છે. એમનું ઉદ્યમશીલ જીવન જોયા પછી આપણી પ્રમત્ત અવસ્થાઓથી લજ્જિત થયા વિના રહેવાશે નહીં.

એમના ગ્રંથોને અનેક વિદ્વાનોએ માન્ય કર્યા છે. અભિધાન ચિંતામણી અને અનેકાર્થ કોશનો અનેક જૈન-જૈનેતરોએ ઉપયોગ કર્યો છે. જૈનાચાર્ય મલયગિરિસૂરિજી જેવા આગમના ટીકાકારશ્રીએ તો એમને ગુરુ માનીને અભિવાદન કર્યું છે. એમના ગુરુ દેવચન્દ્રસૂરિજીએ તેમને માટે "विद्याम्भोनिधिमन्थरगिरि" વિશેષણ કહ્યું છે, જેનો પાશ્ચાત્ય વિદ્વાનોએ Ocean of knowledge કહીને સ્વીકાર કર્યો છે. એમની વિવિધ રચનાઓમાં પૂર્વે થયેલા મહાપુરુષોની વિદ્યાઓનો વારસો આવ્યો હોય એવું સ્પષ્ટપણે જણાય છે. જૈનેતર વિદ્વાનોએ પણ આ બાબતમાં એમની પ્રશસ્તિ કરી છે. એમના જ સમકાલીન શૈવમઠાધીશ, ગન્ડ ભાવબૃહસ્પતિ જેવા મહાવિદ્વાન આચાર્ય ભગવંતશ્રીના ચરણકમળમાં વંદન કરતાં કહે છે -

"चतुर्मासीत् तव पदयुगं नाथ ! निकषा, कषायप्रध्वंसात् विकृतिपरिहारव्रतमिदम् ।
इदानीमुद्भिद्यन्निजचरणनिर्लोठितकले-र्जलक्लिन्नैरन्नैर्मुनितिलक ! वृत्तिर्भवतु मे ॥१॥"

હે નાથ ! આપના ચરણયુગલની નિકટમાં કષાયનો ત્યાગ કરવાથી મને વિકૃતિના ત્યાગનું (વિકારના કારણરૂપ કષાયના ત્યાગનું) વ્રત ચાર માસ પર્યન્ત પ્રાપ્ત થયું છે. આથી હે મુનિતિલક ! જેણે પોતાના ચરણમાં કલિને (કષાયને) કચડી નાંખ્યા છે એવા મને હવે આ આવિર્ભાવ પામતું વિકૃતિ પરિહારનું વ્રત વર્તે છે. તેથી જળથી ભીંજાયેલા અન્નથી મારી વૃત્તિઓ અર્થાત્ અભ્યન્તર વિકૃતિનો ત્યાગ થવા દ્વારા હવે મને દુગ્ધાદિનો ત્યાગ થાઓ.

કુમારપાળની અહિંસા પ્રવર્તક સાધનાની સફળતા જોઈને અનેક વિદ્વાનોએ પ. પૂ. આ. ભ. શ્રીહેમચન્દ્રાચાર્યજીની પ્રશસ્તિ ઠેર ઠેર કરી છે. બીજા બધા રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં વિશેષ પ્રકારના અહિંસાના સંસ્કારો દેખાઈ રહ્યા છે તેના મૂળ કુમારપાળ રાજા સુધી વિસ્તરે છે. એ ગુજરાતે અનેક અહિંસાપ્રેમીઓને આવા સંસ્કારોના કારણે જ જન્મ આપ્યો છે.

સિદ્ધહેમવ્યાકરણની રચના આચાર્ય ભગવંતશ્રીએ કયા સમયે કરી એ બાબતમાં કોઈ ચોક્કસ સમય જણાતો નથી; પરંતુ વિક્રમ સંવત ૧૧૯૨ના સમયમાં જે વખતે પ.. પૂ. આ. ભ. શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની ઉંમર ૪૨ વર્ષની હતી તે સમયે થઈ હશે એવું માનવામાં આવે

છે. સિદ્ધરાજ જયસિંહ આ સમયમાં માલવપતિ યશોવર્મા ઉપર જીત મેળવીને પાટણમાં પધાર્યા હતા તે સમયે રાજસભાની વચ્ચે શ્રીહેમચન્દ્રાચાર્યએ પોતાના કવિત્વપૂર્ણ આશીર્વાદથી રાજાને આ રીતે બિરદાવ્યા હતા :

भूमिं कामगवि ! स्वगोमयरसैरासिञ्च रत्नाकर ! मुक्तास्वस्तिकमातनुध्वमुडुप ! त्वं पूर्णकुम्भीभव। धृत्वा कल्पतरोर्दलानि सरलैर्दिग्वारणास्तोरणा-न्याधत्त स्वकरैर्विजित्य जगतीं नन्वेति सिद्धाधिपः॥१॥

હે કામધેનુ ! તું તારા ગોમયરસથી ભૂમિ સિંચી દે, હે રત્નાકર ! તું મોતીઓથી સ્વસ્તિકને પૂરી દે, હે ચન્દ્ર ! તું પૂર્ણ કુંભ બની જા, હે દિગ્ગજો ! તમે સૂંઢ સીધી કરી કલ્પવૃક્ષના પત્રો લઈ આવીને તોરણો રચો. ખરેખર ! સિદ્ધરાજ જયસિંહ પૃથ્વી જીતીને અહીં આવે છે.

આ સ્તુતિથી રાજવી ખૂબ ખુશ થાય છે. રાજા વિદ્યાપ્રિય હતો. આથી અવંતિના રાજ-ભંડારમાં કયા-કયા વિષયના ગ્રંથો છે. એ બાબતમાં પંડિતોને પૃચ્છા કરી. પંડિતોએ અલગ-અલગ ગ્રંથોના નામ આપ્યા. તે સાંભળ્યા પછી સિદ્ધરાજને થયું કે મારો દેશ પરાયા શાસ્ત્રો પર નભે છે. આ સ્થિતિ સંસ્કારસંપન્ન દેશ માટે લજ્જાસ્પદ છે. શું આપણા ભંડારોમાં શબ્દોની વ્યુત્પત્તિ કરનારું શાસ્ત્ર નથી ? પંડિતોએ આ બાબતમાં ના કહી. આથી રાજાએ પંડિતોને પૂછ્યું કે આખા ગૂર્જરદેશમાં એવો કોણ સર્વશાસ્ત્રનિપુણ વિદ્વાન છે, જે આ કાર્ય કરી શકે ? આ સાંભળીને ભેગા થયેલા બધાય વિદ્વાનોએ શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનું નામ આપ્યું. આથી સિદ્ધરાજ જયસિંહે ગુરુજીને વિનંતી કરી કે "હે મહર્ષિ ! શબ્દોની વ્યુત્પત્તિ કરનારું શાસ્ત્ર રચીને અમારા મનોરથ પૂર્ણ કરો. આપના સિવાય અત્યારે આ દેશમાં આ મનોરથને પૂર્ણ કરવા માટે બીજો કોઈ સમર્થ નથી. અત્યારે આપણો દેશ કલાપક અને કાતન્ત્ર વ્યાકરણને ભણે છે અને તેમ છતાંય એનાથી જોઈએ એવી શબ્દોની વ્યુત્પત્તિ થતી નથી. પાણિની વ્યાકરણ વેદાંગ છે એમ કહીને બ્રાહ્મણો અન્યોની અવગણના કરે છે. માટે,

यशो मम तव ख्यातिं, पुण्यं च मुनिनायकः । विश्वलोकोपकाराय, कुरु व्याकरणं नवम् ॥१॥

હે મુનીશ્વર ! તમે સમગ્ર લોકના ઉપકારના માટે નવા વ્યાકરણની રચના કરો, જેથી મને યશ મળશે અને તમને ખ્યાતિ તથા પુણ્ય થશે."

આ ઘટના ઉપરથી એવું જણાય છે કે આ વ્યાકરણની રચના વિક્રમ સંવત ૧૧૯૨માં થઈ હશે. આચાર્ય ભગવંતશ્રીએ એક વર્ષની મહેનતને અંતે વ્યાકરણના પાંચેય અંગો તૈયાર કર્યાં હતાં. પાંચ અંગો આ પ્રમાણે હતા : (૧) શબ્દાનુશાસન, (૨) ઊણાદિગણ સૂત્રો, (૩) લિંગાનુશાસન, (૪) હૈમ-ધાતુપારાયણ, (૫) ગણપાઠ. આ વ્યાકરણની અદ્‌ભુત વિશેષતા એ છે કે બધા જ અંગોની રચના આચાર્ય ભગવંતશ્રીએ કરેલી. પાણિની વ્યાકરણમાં સૂત્રો તથા

સૂત્રાર્થની રચના પાણિનીમુનિએ કરી હતી. સૂત્રો ઉપર પતંજલિ મુનિએ મહાભાષ્યની રચના કરી હતી તથા સૂત્રોમાં અધૂરી હકીકતોની પૂર્તિ સ્વરૂપ વાર્તિકની રચના કાત્યાયને કરી હતી. આમ સંપૂર્ણ વ્યાકરણની રચના ત્રણ મુનિઓના સમૂહ દ્વારા થઈ હતી. જ્યારે સિદ્ધહેમ-શબ્દાનુશાસનની રચના આચાર્ય ભગવંતશ્રીએ એકલપણે જ કરી હતી. એમણે વાર્તિક વગેરેની જરૂર ન પડે એવી કુશળતાથી વ્યાકરણના પાંચેય અંગોની રચના કરી હતી. જો અલગ-અલગ મહાપુરુષો વ્યાકરણની રચના કરે તો ઐદમ્પર્યાય સુધી પહોંચવું કઠીન થઈ પડે. વ્યાકરણના પાંચેય અંગોની રચના આ મહાપુરુષે એકલાએ જ કરી હોવાથી ઐદંપર્યાય સુધી સહેલાઈથી પહોંચી શકાય છે.

આ મહાપુરુષે વ્યાકરણના પાંચેય અંગોમાં એમના પૂર્વના મહર્ષિઓની સહાય લીધી હતી. તેમણે અજય, અરૂણ, કાત્ય, ગૌડ, ચાણક્ય, દુર્ગ, દેવનંદી, ભટ્ટી, ભરત, વાગ્ભટ્ટ, વાંચસ્પતિ, વાત્સ્યાયન, વૈદ્ય, વ્યાડિ, શાકટાયન, કાલિદાસ વગેરે અનેક મહાપુરુષોની સહાયથી સિદ્ધહેમ-વ્યાકરણને આપણી સમક્ષ રજૂ કર્યું છે. આ હકીકતથી આપણને જણાય છે કે આ મહાપુરુષ કેટલા વિદ્વાન હશે ! આ હકીકતથી વીતરાગસ્તોત્રના ટીકાકારશ્રી પ્રભાનંદસૂરીશ્વરજી મહારાજાએ આચાર્ય ભગવંતશ્રીને "स्वपरशास्त्रपारंगतपारिणः" વિશેષણ આપ્યું છે તે સાર્થક છે.

આજે આપણે આ મહાપુરુષની કૃતિને અન્ય-અન્ય વ્યાકરણના ચાહકો સુધી પહોંચાડવા શક્તિમાન થયા નથી. આ ભાષાંતરના કર્તાને જ્યારે વૈદિક પરંપરાના વિજયપાલ શાસ્ત્રી નામના વિદ્વાન પુરુષ સાથે સંપર્ક થયો ત્યારે એમના હૃદયના શબ્દો હતા : "અમારો સંપૂર્ણ સંપ્રદાય આ વ્યાકરણથી અપરિચિત છે." તેઓએ મહાભાષ્યમાં અત્યંત વિદ્વત્તાને પ્રાપ્ત કરી છે.

"સિદ્ધહેમશબ્દાનુશાસનમ્"ના બૃહન્ન્યાસરૂપી દરિયામાં હું જેમ-જેમ ઊંડો ઊતરતો ગયો તેમ-તેમ આ મહાપુરુષની મહાનતાની અનુભૂતિઓ મને થતી ગઈ, એ બાબતમાં હું હવે જણાવું છું.

"व्याकरणम् (सिद्धहेमशब्दानुशासनम्) पवित्रम् सर्वविद्यानाम् अधिविद्यम् प्रकाशते ।" અર્થાત્ સર્વ વિદ્યાઓને પવિત્ર કરતું એવું વ્યાકરણ (સિદ્ધહેમશબ્દાનુશાસન) બધી વિદ્યાઓમાં પ્રકાશી રહ્યું છે. આ જગતમાં જે કોઈ શાસ્ત્ર છે તેમાં વ્યાકરણશાસ્ત્ર જ એવું છે જે બધી વિદ્યાઓને ઉપકારક થાય છે. વ્યાકરણ વિના શબ્દોના અર્થોનો યોગ્ય બોધ પ્રાપ્ત કરી શકાતો નથી. બધા જ જ્ઞાનો શબ્દોની સહાયથી પ્રવર્તે છે. આથી શબ્દોમાં સાધુત્વ નક્કી થાય તો જ્ઞાનમાં સત્યતા સિદ્ધ થાય છે અને શબ્દોમાં સાધુત્વનું જ્ઞાન વ્યાકરણ કરાવે છે. જ્ઞાન સાથે અવિભાજ્ય રીતે વાગ્રૂપતા જો વિચ્છેદ પામે તો જીવમાં જ્ઞાનરૂપ પ્રકાશ પ્રકાશિત થતો નથી. વાગ્રૂપતા બધા જ શિલ્પો, બધી

જ કળાઓ, બધી જ વિદ્યાઓના આધારરૂપ છે. આ વાગ્રૂપતા જ સંસારી જનોનું ચૈતન્ય છે અને આ સંદર્ભમાં વ્યાકરણનું મહત્ત્વ વધી જાય છે.

ચાલો, હવે આપણે આચાર્ય ભગવંતશ્રીના વ્યાકરણની વિશેષતાઓનો રસાસ્વાદ માણીએ. આ આચાર્ય ભગવંતશ્રીએ પ્રથમ ત્રણ સૂત્રોની રચના કરીને જૈનદર્શનના અદ્ભુત તત્ત્વોનો પરિચય કરાવ્યો છે. પરમાત્માની સર્વોપરિતા તેમના હૃદયમાં છે, જે તેઓશ્રીએ "अर्हम्" સૂત્ર દ્વારા પ્રકાશિત કરી છે. પ્રભુ વિના આપણે સંપૂર્ણપણે અસહાય છીએ. આથી જ પ્રભુની સર્વોપરિતા આપણા હૃદયમાં પ્રસ્થાપિત કરવા જેવી છે. આચાર્ય ભગવંતશ્રીએ આ ઉદ્દેશથી જ સૌ પ્રથમ "अर्हम्" સૂત્રની રચના કરીને વ્યાકરણના અંતિમ સૂત્ર સુધી "अर्हम्" સૂત્રનો અધિકાર માન્ય કર્યો છે. આ જગત્માં રહસ્યભૂત જો કોઈ વસ્તુ હોય તો તે "अर्हम्" સ્વરૂપ પરમાત્મા જ છે. પરમાત્માને પ્રથમ સૂત્રમાં નમસ્કાર કરવા દ્વારા ગ્રંથકારે પરમાત્મા પ્રત્યેના અહોભાવને પ્રસ્થાપિત કર્યો છે.

આચાર્ય ભગવંતશ્રીએ બીજા સૂત્રની રચના કરીને જૈનદર્શનના સ્યાદ્વાદને જગત સમક્ષ પ્રકાશિત કર્યો છે. આના દ્વારા એવું જણાય છે કે એમના હૃદયમાં પ્રભુ તો છે જ, પણ પ્રભુના સિદ્ધાંતો પણ અત્યંત માન્ય છે. જે-જે લોકો એકાંતવાદને અપનાવે છે એ લોકો માટે આ સૂત્ર એક નવી વિચારધારાને સમજવા માટે પ્રેરિત કરે છે. સ્યાદ્વાદ એક જ વસ્તુમાં જુદી જુદી અપેક્ષાએ અનેક ધર્મોને સિદ્ધ કરે છે. એ ધર્મો પરસ્પર વિરોધી પણ હોઈ શકે છે. પરસ્પર વિરોધી ધર્મો સંબંધમાં એમણે બૃહન્ન્યાસમાં એક અદ્ભુત ઉદાહરણ આપ્યું છે. દાહજવર અને શીતજવરથી પીડિત એવી બે વ્યક્તિઓની વચ્ચે અગ્નિ રહ્યો હોય તો આ જ અગ્નિ દાહજવરથી પીડિત વ્યક્તિને દુઃખનું કારણ થાય છે તથા શીતજવરથી પીડિત વ્યક્તિને સુખનું કારણ થાય છે. આમ, એક જ અગ્નિમાં વિરોધી એવી બે શક્તિઓ રહેલી છે. જો અગ્નિમાં સુખને ઉત્પન્ન કરવાવાળી તથા દુઃખને ઉત્પન્ન કરવાવાળી બે શક્તિઓ માનવામાં ન આવે તો એક જ અગ્નિ જુદી જુદી બે વ્યક્તિઓમાં અનુક્રમે સુખ અને દુઃખનું કારણ ન બની શકે. એ જ પ્રમાણે વ્યાકરણમાં જે સ્વરમાં હ્રસ્વવિધિ થાય છે એ જ સ્વરમાં પ્લુતવિધિ પણ થઈ શકે છે. આ બધું સ્યાદ્વાદ વિના સંભવિત નથી.

આચાર્ય ભગવંતશ્રીએ વ્યાકરણના સૂત્રોમાં પણ સ્યાદ્વાદને અદ્ભુત રીતે સંક્રમિત કરી દીધો છે. તેનું એક ઉદાહરણ હવે અમે જણાવીએ છીએ :

આચાર્ય ભગવંતશ્રી અનેકાંતવાદને માનતા હોવાથી વર્ણોમાં ક્યાંક વ્યક્તિપરક નિર્દેશ કર્યો છે અને ક્યાંક જાતિપરક નિર્દેશ કર્યો છે. "औदन्ताः स्वराः" (૧/૧/૪) સૂત્રમાં "औ" સુધીના વર્ણોની સ્વરસંજ્ઞા કરી છે. અહીં "औ" પછી तकारનું ગ્રહણ કર્યું છે. આથી વ્યક્તિપરક નિર્દેશ

કરાયો છે એવું આચાર્ય ભગવંતશ્રી જણાવે છે. હવે જ્યાં વ્યક્તિપરક નિર્દેશ કરાયો હોય ત્યાં એક જ પ્રકારવાળો "औ" સ્વરસંજ્ઞાવાળો થઈ શકશે. આથી દીર્ઘ સ્વરવાળા "औ"ની જ સ્વરસંજ્ઞા થશે; પરંતુ "औ३"ની સ્વરસંજ્ઞા થઈ શકશે નહીં. આથી પ્લુત વર્ણોની પણ સ્વરસંજ્ઞા કરવા માટે આ સૂત્રની બૃહદ્વૃત્તિ ટીકામાં બહુવચન કરવા દ્વારા પ્લુત સંજ્ઞાવાળા વર્ણોને પણ ગ્રહણ કર્યા છે.

"ए-ऐ-ओ-औ सन्ध्यक्षरम्" (૧/૧/૮) સૂત્રમાં જાતિપરક નિર્દેશ કરવામાં આવ્યો છે. હવે જો જાતિપરક નિર્દેશ કરવામાં આવે તો બધા જ પ્રકારના "औ"ની સન્ધ્યક્ષર સંજ્ઞા થઈ શકશે. આથી જ "औ३"ની પણ સન્ધ્યક્ષર સંજ્ઞા થાય છે એવું જણાવવા માટે બૃહદ્વૃત્તિ ટીકામાં આચાર્ય ભગવંત દ્વારા કોઈ અન્ય પુરુષાર્થ કરાયો નથી. જે રીતે (૧/૧/૪) સૂત્રમાં બહુવચન પ્લુતને ગ્રહણ કરવા માટે કર્યું છે એ પ્રમાણે (૧/૧/૮) સૂત્રમાં એવો કોઈ પુરુષાર્થ કરાયો નથી. વળી (૧/૧/૮) સૂત્રમાં જાતિપરક નિર્દેશ હોવાથી તેમજ જાતિનો કોઈ આકાર ન હોવાથી "वर्ण-अव्ययात् स्वरूपे कारः" (૭/૨/૧૫૬) સૂત્રથી વર્ણના સ્વરૂપને બતાવનાર "कार" પ્રત્યય પણ થયો નથી તેમજ વ્યક્તિસ્વરૂપને બતાવનાર तकार પણ ગ્રહણ કરાયો નથી. પાણિની વ્યાકરણના ચૌદ માહેશ્વર સૂત્રમાં કોઈપણ વર્ણનો વ્યક્તિપરક નિર્દેશ કરવા માટે तकार વગેરે દ્વારા પુરુષાર્થ કરાયો નથી. આથી તેમના મતે માત્ર જાતિપરક નિર્દેશ માનવામાં આવે તો વ્યક્તિપરક નિર્દેશ ન માનવાના કારણે જે જુદા જુદા દોષો સંભવે છે તેનું નિરાકરણ સંભવશે નહીં. જેમ કે વિશેષ પ્રકારના अ વગેરેનો નિર્દેશ થઈ શકશે નહીં. ઉભય પક્ષના દોષોનું નિરાકરણ વાસ્તવિક એવા અનેકાંતવાદને અપનાવવાથી જ થઈ શકશે. આચાર્ય ભગવંતશ્રીએ સૂત્રોની રચનામાં જ અનેકાંતવાદને સમાવી દીધો છે. આવી બુદ્ધિપ્રતિભા તો કોઈક વિરલ આત્મામાં જ ઘટી શકશે. જે લોકો સ્યાદ્વાદને નથી અપનાવતા એ લોકો માટે ડગલે અને પગલે કોઈ એક પક્ષમાં આવતી આંપત્તિઓનું નિરાકરણ કરવું અત્યંત મુશ્કેલ થશે.

ત્રીજા સૂત્ર "लोकात्"માં આચાર્ય ભગવંતશ્રીએ પૂર્વના મહાપુરુષોની પરતંત્રતાને માન્ય કરી છે. પોતે જે આ ગ્રંથ બનાવ્યો છે તે પૂર્વના મહાપુરુષોની કૃતિઓના આધારે જ બનાવ્યો છે. આ સૂત્રના બૃહન્યાસમાં આચાર્ય ભગવંતશ્રી લખે છે : "तथा वर्णानाम् सम्यक्पाठक्रमोऽपि तत एव ज्ञातव्यः नह्यस्माभिर्नूतनोऽज्झलादिरूपो विधेयः" અર્થાત્ વર્ણોનો સમ્યક્ પાઠક્રમ પૂર્વના મહર્ષિઓ પાસેથી જાણવા યોગ્ય છે, અમારાવડે અહીં પૂર્વના મહાપુરુષોની સંજ્ઞાઓ જ ગ્રહણ કરાય છે. આમ ઉપરોક્ત પંક્તિઓ દ્વારા આચાર્ય ભગવંતશ્રીએ શિષ્ટ પુરુષોની પરંપરાને પણ માન્ય કરી છે. વળી આ ત્રણેય સૂત્રોનો અધિકાર વ્યાકરણના અંતભાગ સુધી માન્ય કર્યો છે.

આચાર્ય ભગવંતશ્રીએ "तुल्यस्थानास्य०" (૧/૧/૧૭) સૂત્રમાં आस्य प्रयत्नः શબ્દમાં आस्य

વિશેષણ જણાવીને બાહ્ય પ્રયત્નોની બાદબાકી કરી છે. આચાર્ય ભગવંતશ્રીએ બાહ્ય પ્રયત્ન સંબંધી વિશેષતા પોતાના વ્યાકરણમાં સમાવી નથી. આચાર્ય ભગવંતશ્રી આ સંબંધમાં મહાભાષ્યકારની પદ્ધતિને અનુસર્યા નથી; છતાં પણ આ હકીકતનું એમણે પોતાની બૃહદ્‌વૃત્તિ ટીકામાં એક પંક્તિ લખવા દ્વારા સમર્થન કર્યું છે. એમણે (૧/૧/૧૭) સૂત્રની બૃહદ્‌વૃત્તિ ટીકામાં લખ્યું છે કે "आस्यग्रहणम् बाह्यप्रयत्ननिवृत्त्यर्थम् ते हि आसन्नः (७/४/१२०) इत्यत्रैवोपयुज्यन्ते।" અહીં આચાર્ય ભગવંતશ્રીએ च् નો क् તથા ज् નો ग् કરવા માટે તે તે સૂત્રોમાં સ્થાની અને આદેશો બતાવવા દ્વારા નિર્દેશ કરી દીધો છે. દા. ત. चजः कगम् (૨/૧/૮૬) સૂત્રમાં चजः સ્થાની તરીકે છે તેમજ कगम् આદેશ તરીકે છે. જ્યારે પાણિની વ્યાકરણમાં क् અને ग् સ્વરૂપ આદેશો आसन्न પરિભાષાથી પ્રાપ્ત થાય છે. એમના મતે "चजोः कु धिण्ण्यतोः" (૭/૩/૫૨) સૂત્રથી च् અને ज् નો कु આદેશ થાય છે. कु નો कवर्ग અર્થ થાય છે અર્થાત્ પાણિનીજી च् અને ज् નો कवर्ग આદેશ કરે છે. આથી અહીં જિજ્ઞાસા થશે કે च् નો कवर्ग આદેશ થાય તો શું च् ના क्, ख् વગેરે પાંચેય આદેશો સમજવાં ? આ પ્રશ્નના અનુસંધાનમાં आसन्न પરિભાષા સહાયક થાય છે. "आसन्नः" (૭/૪/૧૨૦) સૂત્ર પ્રમાણે સ્થાનથી, અર્થથી તેમજ પ્રમાણથી સમાન હોય તે બધા જ आसन्न કહેવાય છે. ત્યાં બૃહદ્‌વૃત્તિટીકામાં "प्रमाणादि" શબ્દ લખ્યો છે. આથી "आदि"થી શું ગ્રહણ કરવું ? એના અનુસંધાનમાં આચાર્ય ભગવંતશ્રીએ ગુણથી અર્થાત્ પ્રયત્નથી કરાયેલ સાદશ્ય પણ લેવાનું કહ્યું છે. આમ તો બૃહદ્‌વૃત્તિટીકાના આધારે આદિથી શું લેવું ? એ જણાઈ શકત નહીં, આ રહસ્ય મહાભાષ્યના આધારે જ જણાય છે. આ બાબત આચાર્ય ભગવંતશ્રી હેમચન્દ્રાચાર્યજીને સહમત છે એવું (૧/૧/૧૭) સૂત્રની બૃહદ્‌વૃત્તિટીકાના આધારે જણાય છે. એ પંક્તિઓ અમે "आस्य ग्रहणम्..." પંક્તિ લખવા દ્વારા જણાવી ગયા છીએ. આથી પાણિની વ્યાકરણમાં (૭/૩/૫૨) સૂત્ર પ્રમાણે च्નો क् અને ज्નો ग् आसन्न પરિભાષાથી જ જણાઈ જશે. અહીં च् અને क्નો શ્વાસ સ્વરૂપ બાહ્ય પ્રયત્ન છે. આથી બાહ્ય પ્રયત્નની અપેક્ષાએ સમાનતા હોવાથી च्નો क् થાય છે. તે જ પ્રમાણે ज् અને ग्નો બાહ્ય પ્રયત્ન સંવાર તેમજ નાદ છે. આમ, બંનેનો બાહ્ય પ્રયત્ન સમાન હોવાથી ज्નો ग् આદેશ થશે. આમ, પાણિની વ્યાકરણ પ્રમાણે च् અને ज्નો कु આદેશ કરવાથી પણ आसन्न પરિભાષાથી અનુક્રમે क् અને ग् આદેશ થઈ જ જશે. જ્યારે આચાર્ય ભગવંતશ્રીએ સૂત્રમાં ગૌરવ કરીને સીધા જ આદેશો બતાવી દીધા છે. અર્થાત્ (૨/૧/૮૬) સૂત્રમાં જ કહી દીધું છે કે च्નો क् આદેશ થાય છે અને ज्નો ग् આદેશ થાય છે. જ્યારે પાણિનીજીએ સૂત્રમાં આદેશ તરીકે कु સંજ્ઞા જણાવી અને ત્યારબાદ आसन्न પરિભાષાથી અનુક્રમે क् અને ग् આદેશો પ્રાપ્ત કરાવ્યા છે. આમ પાણિનીજીએ સૂત્રમાં લાઘવ કરીને સૂક્ષ્મ બુદ્ધિનો ઉપયોગ કરવા માટે પ્રેરણા

કરી છે. જ્યારે આચાર્ય ભગવંતશ્રીએ સૂત્રમાં ગૌરવ કરીને સ્થૂલ બુદ્ધિ દ્વારા બોધ કરાવ્યો છે. અહીં વ્યાકરણની પદ્ધતિમાં તફાવત છે; પરંતુ બંને પ્રક્રિયાથી ઇષ્ટ એવું કાર્ય તો થઈ જ જાય છે.

આચાર્ય ભગવંતશ્રીએ વર્ણની (ધ્વનિની) ઉત્પત્તિ સંબંધી સંપૂર્ણ પ્રક્રિયા આપિશલિ શિક્ષામાંથી કહી છે. એ શિક્ષા પ્રમાણે કંઠબિલ વિસ્તાર પામે ત્યારે વિવાર નામનો બાહ્ય પ્રયત્ન થાય છે. અને આ વિવાર પ્રયત્નમાં દરેક વર્ગના પહેલા અને બીજા અક્ષરોનું ઉચ્ચારણ થાય છે. માટે च् અને क्નો વિવાર નામનો બાહ્ય પ્રયત્ન છે. તથા કંઠબિલ જ્યારે સંકોચ પામે છે ત્યારે સંવાર નામનો બાહ્ય પ્રયત્ન થાય છે. દરેક વર્ગના છેલ્લા ત્રણ વ્યંજનોની ઉત્પત્તિમાં સંવાર નામનો બાહ્યપ્રયત્ન હોય છે. આથી ज् અને ग् સંવાર નામના બાહ્ય પ્રયત્નવાળા થાય છે. માટે आसन्न પરિભાષાથી च्નો क् અને ज्નો ग् થઈ શકશે.

ન્યાયદર્શન શબ્દને આકાશનો ગુણ માને છે, જે હકીકતમાં નથી. શબ્દ ખરેખર તો પુદ્ગલ સ્વરૂપ છે. આથી શબ્દ દ્રવ્ય સ્વરૂપ સિદ્ધ થાય છે. (૧/૧/૧૭) સૂત્રના બૃહન્ન્યાસમાં આચાર્ય ભગવંતશ્રીએ અનુમાનપ્રમાણથી શબ્દને પુદ્ગલ તરીકે સિદ્ધ કરીને વિદ્વાનોને આશ્ચર્યચકિત કર્યા છે.

આચાર્ય ભગવંતશ્રીએ (૧/૧/૧૭) સૂત્રમાં સ્થાન શબ્દનું ગૌરવ પસંદ કર્યું છે. જ્યારે પાણિનીજીએ "तुल्यास्यप्रयत्नम् सवर्णम्" (૧/૧/૯) સૂત્ર લખીને "स्थान" શબ્દ લખ્યો નથી. ત્યાં "आस्ये भवम्" એ પ્રમાણે "भव" અર્થમાં (૬/૩/૧૩૪) સૂત્રથી તદ્ધિતનો "य" પ્રત્યય કરીને વ્યુત્પત્તિથી "आस्यम्" શબ્દનો સ્થાન અર્થ થઈ શકે છે એવું કહીને "स्थान" શબ્દ ગ્રહણ કર્યો નથી.

આ બાબતમાં આચાર્ય ભગવંત શ્રીહેમચન્દ્રાચાર્ય કહે છે કે રૂઢિથી તો "आस्य" શબ્દનો અર્થ મુખ જ ઉપસ્થિત થાય છે; પરંતુ તાલુ વગેરે સ્થાનસ્વરૂપ અર્થની પ્રતીતિ જલ્દીથી થતી નથી. આથી આચાર્ય ભગવંતશ્રીએ સ્પષ્ટ પ્રતિપત્તિ માટે "आस्य" શબ્દનો સ્થાન અર્થ નહીં કરીને "स्थान" શબ્દને પૃથગ્ ગ્રહણ કર્યો છે. અહીં સૂત્રમાં ગૌરવ કરીને બોધને આસાન બનાવ્યો છે. આમ તો તુલ્ય શબ્દ એ સંબંધી શબ્દ છે. આથી "आस्यप्रयत्न" શબ્દથી પ્રયત્ન લઈ શકાશે. તથા તુલ્યતા બે વચ્ચે જ થઈ શકતી હોવાથી બીજી વસ્તુ તરીકે "आस्य" શબ્દનો તદ્ધિતના પ્રત્યય દ્વારા સ્થાન અર્થ કરીને સ્થાન લઈ શકાશે. આમ "स्थान" અને "आस्यप्रयत्न"માં તુલ્યતા થઈ શકશે અને એ તુલ્યતા થવા દ્વારા સ્વસંજ્ઞા થતી હતી તેમ છતાં આચાર્ય ભગવંતશ્રીએ સૂત્રમાં ગૌરવ કર્યું છે અને "आस्य"નો સ્થાન અર્થ માન્ય કર્યો નથી, તેના સંબંધમાં એવું જણાય છે કે आस्य પ્રયત્નના સંબંધી તરીકે કોને લેવો એ બોધ ઘણી જ મુશ્કેલીથી પ્રાપ્ત થઈ શકે છે એવું માનીને જ આચાર્ય ભગવંતશ્રીએ સ્થાન શબ્દનું ગૌરવ પસંદ કર્યું હોવું જોઈએ.

પાણિની વ્યાકરણે બહુલતયા વેદ પરંપરાને માન્ય કરી છે. આથી આચાર્ય ભગવંત શ્રીહેમચન્દ્રાચાર્યએ પોતાના વ્યાકરણમાં ક્યાંક-ક્યાંક વૈદિક પરંપરાનો પણ સમાવેશ કર્યો છે. દા. ત. "मनुर्नभो..." (૧/૧/૨૪) સૂત્રમાં मनुस्, नभस् વગેરે ત્રણ શબ્દો સાધુ શબ્દો છે, એવું બતાવેલ છે. આ ત્રણેય શબ્દના પ્રયોગો વેદમાં બતાવવામાં આવેલ છે. વાર્તિકકારે વેદના પ્રયોગોનો સમાવેશ વાર્તિકમાં કર્યો છે. આ હકીકતનો સમાવેશ આચાર્ય ભગવંત શ્રીહેમચન્દ્રાચાર્યએ "अनुपदकारः" તરીકે પોતાના વ્યાકરણમાં કર્યો છે. વેદમાં ઉદાત્ત, અનુદાત્ત વગેરે કાર્યોની પ્રધાનતા બતાવી છે; પરંતુ આચાર્ય ભગવંતશ્રીએ ઉદાત્ત વગેરે કાર્યોની પ્રધાનતા પોતાના વ્યાકરણમાં બતાવેલ નથી. "तिङ्ङतिङः" (૮/૧/૨૮) સૂત્રમાં પાણિનીજીએ કહ્યું છે કે "अतिङन्त" પદથી પર જો "तिङन्त". પદ આવે તો નિઘાત (જેમાં અંતિમ સ્વર સર્વાનુદાત્ત થાય છે તેને નિઘાત કહેવામાં આવે છે.) પ્રાપ્ત થાય છે. દા. ત. "ओदनम् पचति" પ્રયોગમાં "ओदनम्" अतिङन्त પદ છે, જ્યારે "पचति" तिङन्त પદ છે. હવે ओदनम् પદથી પર तिङन्त એવું पचति પદ આવે ત્યારે तिङन्त પદનો અંતિમ સ્વર इ સર્વાનુદાત્ત થાય છે. આચાર્ય ભગવંતશ્રીએ પોતાના વ્યાકરણમાં શા માટે ઉદાત્ત વગેરે કાર્યોને સમાવ્યા નથી ? તે ચિંતનનો વિષય છે.

પાણિનીમુનિએ સૂત્રાત્મક વ્યાકરણ બનાવ્યું, જ્યારે મહર્ષિ પતંજલિએ એ જ સૂત્રનો સહારો લઈને વ્યાકરણમહાભાષ્યની રચના કરી તથા કાત્યાયને જુદાં જુદાં વાર્તિકો બનાવીને બધા જ પ્રયોગોને ક્ષતિરહિત સિદ્ધ કરવા પ્રયાસ કર્યો. આ પ્રમાણે ત્રણ મહર્ષિઓએ ભેગાં થઈને વ્યાકરણને પરિપૂર્ણ બનાવવા માટે પુરુષાર્થ કર્યો. પાણિની ઋષિ કેટલાં મહાન હશે કે તેમની કૃતિનું આલંબન લઈને જુદાં જુદાં મહર્ષિઓએ એ વ્યાકરણને પરિપૂર્ણ બનાવવા માટે પ્રયાસ કર્યો ! ત્રણ મહર્ષિઓએ (પાણિનીજી - પતંજલિજી - કાત્યાયનજીએ) ભેગાં થઈને કૃતિને સંપૂર્ણ બનાવવા પ્રયાસ કર્યો. જ્યારે આચાર્ય ભગવંત શ્રીહેમચન્દ્રાચાર્યજીએ એકલાએ જ આ ત્રણેયની કૃતિઓને ધ્યાનમાં લઈને પરિપૂર્ણ વ્યાકરણ બનાવવાનો પ્રયાસ કર્યો.

હવે આપણે આચાર્ય ભગવંતશ્રી હેમચન્દ્રાચાર્યએ પોતાનું વ્યાકરણ ક્ષતિ રહિત બને એ માટે કેવો પુરુષાર્થ કર્યો ? તેનું એક ઉદાહરણ જોઈએ.

પાણિનીએ પોતે વાક્યસંજ્ઞા બનાવી નથી. વાર્તિકકારે (કાત્યાયને) વાક્યસંજ્ઞા બનાવી છે. તેમણે વાક્યના લક્ષણ માટે બે વાર્તિકો બનાવ્યા છે. આ બંને વાર્તિકો "समर्थपदविधिः" (૨/૧/૧) સૂત્રમાં છાપેલા છે, જે આ પ્રમાણે છે : "आख्यातं साव्ययकारकविशेषणं वाक्यम्" (૧૦) તથા "सक्रियाविशेषणं च" (૧૧) આ સંબંધમાં બધા જ ઉદાહરણો વાક્યસંજ્ઞાના સૂત્રોમાં આચાર્ય ભગવંત શ્રીહેમચન્દ્રાચાર્યએ બતાવેલ છે. આચાર્ય ભગવંતશ્રીએ "सविशेषणम् आख्यातम् वाक्यम्"

(૧/૧/૨૬) સૂત્ર બનાવ્યું છે. આ પ્રમાણે સૌથી વધારે લાઘવ આચાર્ય ભગવંતશ્રીએ કર્યો છે. વૈયાકરણીઓ આખ્યાતવિશેષ્યક શાબ્દબોધ માને છે. આથી આખ્યાત સિવાયના બધા જ કારકો, અવ્યયો વગેરે વિશેષણ કહેવાશે. આમ કારકો, અવ્યયો વગેરે બધાંને જ વિશેષણ તરીકે માનીને વાક્યસંજ્ઞા બનાવી. આનાથી વાક્યસંજ્ઞામાં ઘણું જ લાઘવ થયું. વળી સ્વતંત્ર રીતે વાક્યસંજ્ઞા સ્વીકારીને આચાર્ય ભગવંતશ્રીએ બહુ જ આસાનીથી જુદાં જુદાં પ્રયોગોને ક્ષતિ રહિત સિદ્ધ કર્યા. વાક્યસંજ્ઞા બનાવવાથી "ओदनम् पच तव भविष्यति" પ્રયોગમાં "पदात् युगविभक्ति०" (૨/૧/૨૧) સૂત્રથી तवનો ते આદેશ નહીં થાય. કારણ કે "ओदनम् पच" એક વાક્ય છે તથા "तव भविष्यति" બીજું વાક્ય છે. અન્વાદેશના વિષયમાં "ते, मे" વગેરે આદેશો એક વાક્યમાં જ થતાં હોય છે. જ્યારે અહીં વાક્ય ભિન્ન હોવાથી "पच" પદથી પર "तव"નો "ते" આદેશ થશે નહીં. આચાર્ય ભગવંતશ્રીએ એક "आख्यात"ની એક જ વાક્યસંજ્ઞા માની છે. અહીં "पच" તથા "भविष्यति" એમ બે ભિન્ન "आख्यात" હોવાને કારણે બે વાક્ય થાય છે. આથી "पच"થી પર "तव"નો "ते" આદેશ થશે નહીં. આ પ્રમાણે વાક્યસંજ્ઞાના ઉપાયથી જ આચાર્ય ભગવંતશ્રીએ "ते, मे" વગેરે આદેશોની આપત્તિને અટકાવી દીધી.

પાણિની વ્યાકરણમાં સ્વતંત્ર રીતે વાક્યસંજ્ઞા સૂત્રાત્મક શૈલીમાં કરાઈ નથી. આથી "ओदनम् पच, तव भविष्यति"માં જે "ते" આદેશ થવાની પ્રાપ્તિ આવે છે તેને રોકવી જરૂરી થાય છે. "अनुदात्तम् सर्वमपदादौ" (૮/૧/૧૮) સૂત્રમાં "समानवाक्ये निघातयुष्मदस्मदादेशाः" સ્વરૂપ વાર્તિક (૧૩)નો સમાવેશ કર્યો છે. આ વાર્તિક પ્રમાણે નિઘાત તથા "युष्मद्" અને "अस्मद्"ના આદેશનું વિધાન સમાન વાક્યમાં કરવું જોઈએ. આથી હવે "ओदनम् पच" તથા "तव भविष्यति" એક વાક્ય ન હોવાથી "ते" આદેશ "तेमयावेकवचनस्य" (૮/૧/૨૨) સૂત્રથી નહીં થાય. આમ અહીં એક જ પ્રયોગની સિદ્ધિ માટે વાર્તિકનો સહારો લેવા દ્વારા અનિષ્ટની આપત્તિને અટકાવી, જ્યારે આચાર્ય ભગવંતશ્રીએ તો એક વાક્યસંજ્ઞાના આલંબનથી જ બધી મુશ્કેલીઓ ટાળી દીધી.

"अधातुविभक्तिवाक्यम् अर्थवन्नाम" (૧/૧/૨૭) સૂત્ર દ્વારા નામસંજ્ઞા બનાવી. આચાર્ય ભગવંતશ્રીએ વાક્યસંજ્ઞા બનાવી હોવાથી "धातु", "विभक्त्यन्त" અને "वाक्य"નું વર્જન કરવા દ્વારા અર્થવાન એવા બાકીના બધાની નામસંજ્ઞા કરી. પાણિની વ્યાકરણમાં જે "प्रातिपदिक" સંજ્ઞા છે તે જ આપણી નામસંજ્ઞા છે. પાણિનીકારે વાક્યસંજ્ઞા ન બનાવી હોવાથી प्रातिपदिक સંજ્ઞા માટે "अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम्" (૧/૨/૪૫) એ પ્રકારનું સૂત્ર બનાવવું પડ્યું. આથી સમાસ વગેરેમાં નામસંજ્ઞાની (प्रातिपदिकની) પ્રાપ્તિ થતી નથી. તેમજ અર્થવાન એવા વાક્યમાં નામસંજ્ઞાની પ્રાપ્તિ આવે છે. આ આપત્તિને ટાળવા માટે વાર્તિક તથા સૂત્રનો સહારો લેવો પડ્યો. (૧/૨/

૪૫) સૂત્રમાં "वाक्यप्रतिषेधोऽर्थवत्त्वात्" વાર્તિકની સહાયથી વાક્યમાં નામસંજ્ઞા અટકાવી તથા "कृत्तद्धित-समासाश्च" (૧/૨/૪૬) સૂત્ર દ્વારા સમાસ, કૃદન્ત તથા તદ્ધિતાન્તમાં નામસંજ્ઞા કરી. આટલું કરવા છતાં પણ પાણિનીકારને સ્ત્રીલિંગમાં "ङी" અંતવાળા તેમજ "आप्" અંતવાળામાં નામસંજ્ઞાની પ્રાપ્તિ તો બાકી જ રહી ગઈ. આ આપત્તિ આચાર્ય ભગવંતશ્રીને આવતી નથી એવું જણાવવા માટે તેમણે નામસંજ્ઞાના સૂત્ર (૧/૧/૨૭) સૂત્રની બૃહદ્‌વૃત્તિટીકામાં એક પંક્તિ લખી "विभक्त्यन्त-वर्जनात् चाऽऽबादिप्रत्ययान्तानाम् नामसंज्ञा भवत्येव ।" આમ આચાર્ય ભગવંતશ્રીએ વાક્યસંજ્ઞાનું સૂત્ર બનાવીને નામસંજ્ઞામાં પણ ઘણું જ લાઘવ કર્યું. તેમજ બધી જ આપત્તિઓનું એકસાથે નિરાકરણ કરી દીધું. ખરેખર પૂર્વના મહાપુરુષોનું આલંબન લઈને આચાર્ય ભગવંતશ્રીએ કેટલી બધી મૌલિકતા આપણી સામે રજૂ કરી છે ! એનો અહેસાસ થયા વગર રહેતો નથી. એમણે અનેક કૃતિઓનો સહારો લઈને ક્ષતિઓને દૂર કરવા પ્રયાસ કર્યો છે. તેમજ ભવિષ્યના જીવોને સરળતાથી બોધ પ્રાપ્ત થાય તેવા પ્રકારનો પુરુષાર્થ પણ કર્યો છે. આ ખરેખર પ્રશસ્ય પ્રયાસ છે. આવું સામર્થ્ય જોયા પછી લાગે છે કે પાશ્ચાત્ય વિદ્વાનોએ એમને જે "Ocean of Knowledge" વિશેષણથી નવાજ્યા છે તે સાર્થક જ છે.

"काण्डे" તથા "कुंड्ये". બંને પ્રયોગો સપ્તમી વિભક્તિ અંતવાળા છે. તથા વ્યાકરણમાં એક ન્યાય આવે છે. તે આ પ્રમાણે છે : "उभयस्थाननिष्पन्नस्य अन्यतरव्यपदेशभाग्" આ ન્યાયથી "काण्ड+ङि=काण्डे". અહીં જે અંતમાં ए છે તે काण्डનો अ તથા પ્રત્યયનો इ બંને મળીને થયો છે. હવે આ ए આદેશ જો પ્રકૃતિને ભજનારો થાય તો काण्डे પ્રકૃતિ કહેવાશે. આથી "क्लीबे" (૨/૪/૯૭) સૂત્રથી નપુંસક નામમાં एનું હ્રસ્વ इ થતાં काण्डि થવાની આપત્તિ આવશે. આવી આપત્તિ ન આવે માટે પાણિનીજીએ "ह्रस्वो नपुंसके प्रातिपदिकस्य" (૧/૨/૪૭) સૂત્રમાં "प्रातिपदिक"નું (નામનું) હ્રસ્વ થાય એવું જણાવવા માટે "प्रातिपदिक" શબ્દનો ઉલ્લેખ કર્યો. જ્યારે આચાર્ય ભગવંતશ્રીએ (૨/૪/૯૭) સૂત્રમાં "क्लीबे नाम्नः" એ પ્રમાણે नाम्नः શબ્દ લખ્યો નથી. આચાર્ય ભગવંતશ્રી કહે છે કે સપ્તમી વિભક્તિ અંતવાળામાં અધિકરણશક્તિની પ્રધાનતા હોવાથી વિભક્તિઅંતની નામસંજ્ઞા મનાશે નહીં. માટે જ (૨/૪/૯૭) સૂત્રમાં नाम्नः પદની આવશ્યકતા નથી. આમ આચાર્ય ભગવંતશ્રીએ સૂક્ષ્મબુદ્ધિને નજરમાં રાખીને नाम्नः પદ ન લખીને પણ હ્રસ્વ નામનું જ થાય છે, એવું સિદ્ધ કર્યું. જ્યારે પાણિનીજીએ આટલી બધી વિચારની પ્રક્રિયામાં પસાર થવા દ્વારા માત્ર નામનું જ હ્રસ્વ થાય એવું સિદ્ધ થતું હોવાથી સહેલો માર્ગ જિજ્ઞાસુઓને બતાવ્યો. આમ પાણિનીજીએ સ્થૂલબુદ્ધિવાળાને નજરમાં રાખીને સૂત્રમાં જ "प्रातिपदिकस्य" શબ્દ લખ્યો. અહીં બંનેના સૂત્ર સંબંધી રચનાસંબંધમાં તફાવત છે, પ્રયોગ તો

બંને સૂત્રો પ્રમાણે એકસરખો જ સિદ્ધ થાય છે. પાણિનીજીએ "चजोः कु..." (૭/૩/૫૨) સૂત્રમાં સૂક્ષ્મબુદ્ધિ દ્વારા અનુક્રમે क् અને ग् સ્વરૂપ આદેશો બતાવ્યા, જ્યારે આચાર્ય ભગવંતે સ્થૂલ-બુદ્ધિવાળાને નજરમાં રાખીને (૨/૧/૮૬) સૂત્રમાં જ क् અને ग् સ્વરૂપ આદેશો બતાવી દીધા. અહીં વિદ્વાનોને આપોઆપ જ સમજાઈ જશે કે કોણ મહાન છે અને કોણ મહાન નથી; એનો અંતિમ નિર્ણય આપી શકાય તેમ નથી. એક વાત નક્કી હોય છે કે પાછળ-પાછળની કૃતિઓમાં પૂર્વ-પૂર્વની રચનાઓમાં રહેલી ત્રુટિઓને દૂર કરવાનો પ્રયાસ અવશ્ય હોય છે.

"स्वरादयोऽव्ययम्" (૧/૧/૩૦) સૂત્રમાં "प्रबाहुक्" અવ્યય બતાવેલ છે. આ प्रबाहुक्નો अध्वर्युः અર્થ થાય છે. अध्वर्युः એટલે યજ્ઞ કરનાર. આમ તો ध्वर શબ્દ હિંસા અર્થમાં છે તથા હિંસાના અભાવને अध्वर કહેવાય છે. હવે જો યજ્ઞ મૂળભૂત રીતે હિંસાના અભાવવાળો હોય તો પછી યજ્ઞના નિમિત્તે હિંસા કેવી રીતે ચાલુ થઈ ? આના અનુસંધાનમાં એવું વિચારી શકાય કે કેટલાક લોકોને માંસાહાર ઈષ્ટ હતો. આ પરિસ્થિતિમાં જો તે લોકો માંસાહાર કરે તો ધાર્મિક લોકો તરફથી એમને ઘણું જ સહન કરવું પડે. આથી એ લોકોએ યજ્ઞમાં ધાર્મિકતાના નામે હિંસા ચાલુ કરી, જેથી લોકોનો પ્રતિકાર ઓછો આવે અને પોતાની આસક્તિઓ પણ પુષ્ટ થઈ શકે. વર્તમાનમાં પણ જો અહંકારના પુષ્ટિકરણ માટે જ શાસ્ત્રોની વાતોને વિકૃત રીતે રજૂ કરીને એકાંતવાદનું પુષ્ટિકરણ કરવામાં આવે તો એમાં શિષ્ટપુરુષોની સંમતિ ન જ હોઈ શકે.

"चादयोऽसत्त्वे" (૧/૧/૩૧) સૂત્રમાં પશુ અવ્યયનો મનન અર્થ આપવામાં આવ્યો છે. જેમાં "जना लोभम् न यन्ति पशु मन्यमानाः ।" ઉદાહરણ આપવામાં આવ્યું છે. સમ્યગ્ દષ્ટા રૂપથી મનન કરતાં જીવો લોભને પ્રાપ્ત કરતાં નથી એવો અર્થ ઉપરોક્ત વાક્યનો થાય છે. આ સંબંધમાં મહાભાષ્યના વિદ્વાન એવા વિજયપાલ શાસ્ત્રી સાથે જ્યારે મારી ચર્ચા થઈ ત્યારે એમણે કહ્યું કે પાણિની વ્યાકરણમાં "लोभम्" શબ્દને બદલે "लोधम्" પ્રયોગ આવે છે. બીજા બધા શબ્દો તો ઉપર પ્રમાણે જ હતા. તે પ્રયોગમાં "लोधम्" શબ્દનો કોઈ વિશેષ અર્થ જણાતો ન હતો. આથી શાસ્ત્રીજીએ જ્યારે અહીં "लोभम्" શબ્દ જોયો ત્યારે તેમને અત્યંત આનંદ થયો અને એમણે કહ્યું કે આ "लोधम्" શબ્દ અંગેની અસ્પષ્ટતા આજે દૂર થઈ.

આ જ સૂત્રમાં આગળ उप ઉપસર્ગના જુદા જુદા દ્યોતક અર્થોને બતાવવામાં આવ્યા છે. એમાં એક અર્થ "प्रतियत्न" પણ છે. આ અર્થ માટે "एधोदकस्य उपस्कुरुते" પ્રયોગ બતાવવામાં આવ્યો છે. આ વાક્યના અર્થનો બોધ પાણિની વ્યાકરણના "कृञः प्रतियत्ने" (૨/૩/૫૩) સૂત્રની કાશિકાટીકામાંથી પ્રાપ્ત થયો છે. એ ટીકા પ્રમાણે "एधोदकस्य" શબ્દના બે પ્રકારના વિગ્રહ છે : (૧) "एधः च उदकः च". આ બંનેનો સમાહાર દ્વન્દ્વ સમાસ કરીને ષષ્ઠી એકવચન કરવામાં

આવશે ત્યારે અર્થ થશે : 'તે ઈંધણ અને પાણીમાં ગુણાંતરને ઉત્પન્ન કરે છે.' "एधस्" શબ્દ स् અંતવાળો પણ છે. જેનું પ્રથમા એકવચન एधः થશે. તથા "दक" શબ્દ પાણી અર્થનો વાચક છે. આથી આખું વાક્ય "एधः दकस्य उपस्कुरुते" એ પ્રમાણે પણ થઈ શકશે, જેનો અર્થ 'ઈંધણ પાણીમાં ગુણાંતરને ઉત્પન્ન કરે છે.' પાણીને જ્યારે અગ્નિ પર મૂકવામાં આવે છે ત્યારે ઈંધણને કારણે પાણી શીત સ્પર્શને છોડીને ઉષ્ણ સ્પર્શવાળું થતું હોવાથી ઉપર મુજબ કહી શકાય છે.

આ જ સૂત્રમાં આગળ "अपि" અવ્યયના જુદાં જુદાં અર્થો બતાવવામાં આવેલ છે. જ્યારે अपि સાથે नह् ધાતુ આવે છે ત્યારે अपि અવ્યય नह् ધાતુના 'બાંધવું' અર્થને પ્રકાશિત કરે છે. અહીં ભૂતકૃદન્તનો त (क्त) પ્રત્યય લાગીને "अपिनद्ध" શબ્દ બને છે. જેનો 'બાંધેલું' એ પ્રમાણે અર્થ થાય છે. હવે આ પ્રયોગમાંથી પહેલો અને છેલ્લો અક્ષર કાઢી નાંખવામાં આવે તો "पिन". શબ્દ બાકી રહે છે. અંગ્રેજીમાં Pin શબ્દ આવે છે. જે પાનાંઓને બાંધવા માટે વપરાય છે. આથી જ સમજાય છે કે અંગ્રેજી ભાષા પણ સંસ્કૃત ભાષા પર આધાર રાખે છે.

પાણિની વ્યાકરણમાં ઈત્ સંજ્ઞાના જુદા જુદા સૂત્રો બનાવ્યા છે. "उपदेशेऽजनुनासिक..." (૧/૩/૨). તેમના આ સૂત્ર પ્રમાણે અષ્ટાધ્યાયી, ધાતુપાઠ, ઊણાદિસૂત્ર, ગણપાઠ અને લિંગાનુશાસનમાં ઉચ્ચારણ કરાયેલા "अनुनासिक अच्"ની (સ્વરની) ઈત્ સંજ્ઞા થાય છે. દા. ત. पठँ ધાતુપાઠમાં पठ् ધાતુને અનુનાસિક अच्વાળો બતાવેલ છે. पठ् ધાતુમાં જે છેલ્લે अ સ્વર છે તે અનુનાસિક अच् છે. તથા આ અઁની ઈત્સંજ્ઞા થાય છે. જે પ્રમાણે (૧/૩/૨) સૂત્ર ઈત્સંજ્ઞા માટે બનાવ્યું છે એ જ પ્રમાણે ઈત્સંજ્ઞા માટે જુદા જુદા છ સૂત્રો બનાવ્યા છે. તથા ઈત્સંજ્ઞા તરીકે પ્રસિદ્ધ થયેલા વર્ણનો લોપ કરવા માટે "तस्य लोपः" (૧/૩/૯) સૂત્ર બનાવ્યું છે. જ્યારે આચાર્ય ભગવંતશ્રીએ ઈત્સંજ્ઞા માટે એકમાત્ર "अप्रयोगीत्" (૧/૧/૩૪) સૂત્ર જ બનાવ્યું છે. તેમજ સૂત્રમાં રહેલા इत् શબ્દની આવૃત્તિ કરીને એક જ ઈત્ શબ્દના બે અર્થ કર્યા છે. એક ઈત્ શબ્દ "સંજ્ઞાવાચક" અર્થમાં પ્રસિદ્ધ કર્યો છે. તેમજ બીજો ઈત્ શબ્દ "દૂર થાય છે" તેવા અર્થમાં પ્રસિદ્ધ કર્યો છે. આમ બીજા અર્થ દ્વારા ઈત્ સંજ્ઞાના વર્ણોનો લોપ કર્યો છે. આ પ્રમાણે સૂત્રમાં રહેલા ઈત્ શબ્દની આવૃત્તિ કરીને બે અર્થ કર્યા છે. તથા બૃહન્યાસમાં "टुडुञीनामादिभूतानाम्...". પંક્તિઓ દ્વારા સંપૂર્ણ ધાતુપાઠમાં ઈત્ વર્ણોની સમજ કેવી રીતે પ્રાપ્ત કરવી તેની અદ્ભુત પ્રક્રિયા બતાવી છે. ઉપરોક્ત પંક્તિનું વર્ણન જોયા પછી ધાતુપાઠની રચના આચાર્ય ભગવંતશ્રીની બુદ્ધિપ્રતિભા ઘણી ઊંચાઈ પર છે એવું માનવા પ્રોત્સાહિત કરે છે. આ વસ્તુનો ખ્યાલ તો જેઓ આ પદાર્થનું ચિંતન કરશે તેઓને જ આવશે. આમ આચાર્ય ભગવંતશ્રીએ આ એક જ સૂત્ર દ્વારા ઈત્સંજ્ઞા બતાવીને બુદ્ધિની સૂક્ષ્મતાની વિદ્વાનોને પ્રતીતિ કરાવી છે.

"डत्यतु सङ्ख्यावत्" (૧/૧/૩૯) વગેરે ચાર સૂત્ર સંબંધી પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી હેમચન્દ્રાચાર્યજીનો બૃહન્ન્યાસ મળતો નથી; પરંતુ આચાર્ય ભગવંતશ્રીની સૂત્ર તથા બૃહદ્વૃત્તિટીકા તેમજ સંખ્યા સંબંધી કાર્યોના વિવિધ સૂત્રોના આધારે કંઈક અનુપ્રેક્ષા અહીં રજૂ કરું છું. આચાર્ય ભગવંતશ્રીએ આ (૧/૧/૩૯) સૂત્રને અતિદેશસૂત્ર બનાવ્યું છે. આમ કરવા દ્વારા તેમણે કૃત્રિમ એવા "डति" અને "अतु" અંતવાળા શબ્દોને સંખ્યા જેવા સિદ્ધ કર્યા છે. તથા જે રૂઢિથી સંખ્યાવાચક શબ્દો છે તેઓની સંખ્યાસંજ્ઞા ન કરી ત્યાં માત્ર પૂર્વના મહાપુરુષોને અનુસરીને પ્રસિદ્ધ એવા સંખ્યાવાચક શબ્દોને જ ગ્રહણ કર્યા. આ સંબંધમાં અભિપ્રાય એમણે "लोकात्" સૂત્રમાં જ આપી દીધો હતો. "लोकात्" સૂત્રમાં તેમણે કહ્યું હતું કે સંખ્યાસંજ્ઞાની સિદ્ધિ શાસ્ત્રને જાણનારાઓ પાસેથી થાય છે. હવે આ સૂત્ર જો સંજ્ઞાસૂત્ર તરીકે બનાવે તો માત્ર "डति" અને "अतु" અંતવાળું નામ જ સંખ્યા સંબંધી તે તે સૂત્રોના કાર્યોમાં લઈ શકાશે; પરંતુ રૂઢિથી પ્રસિદ્ધ એવા સંખ્યાવાચક શબ્દોને તે તે સૂત્રોમાં સમાવી શકાશે નહીં. પાણિની વ્યાકરણમાં "बहुगणवतुडति सङ्ख्या" (૧/૧/૨૩) આ પ્રમાણે આ સૂત્રથી સંખ્યાસંજ્ઞા સિદ્ધ કરી છે. આથી ઘણી બધી આપત્તિઓનો અવકાશ રહે છે, જેનું વર્ણન અમે (૧/૧/૩૯) સૂત્રમાં કરેલ છે. જિજ્ઞાસુઓને એ સૂત્રનો અભ્યાસ કરવાથી એ બધું જ ખ્યાલમાં આવી શકશે.

પ્રથમ અધ્યાયના પ્રથમ પાદના ૩૮ સૂત્રો સંબંધી બૃહન્ન્યાસ આચાર્ય ભગવંતશ્રીનો મળે છે. આ ભાષાંતર કરનારે જ્યારે આ ન્યાસ જોયો ત્યારે એવું જણાયું છે કે એમણે એમના પૂર્વના મહર્ષિઓને સંપૂર્ણ ન્યાય આપ્યો છે. જ્યાં જ્યાં કંઈક વિશેષતા જણાવવાની જરૂર લાગી છે ત્યાં ત્યાં તેમણે પોતાની બુદ્ધિપ્રતિભા દ્વારા મૌલિકતાને રજૂ કરી છે. વાક્યપદીયમાં ભર્તૃહરિએ એક શ્લોક લખ્યો છે. જે આ પ્રમાણે છે :

"प्रज्ञां विवेकं लभते भिन्नैरागमदर्शनैः । कियद् वा शक्यमुन्नेतुं स्वतर्कमनुधावता ॥१॥"

જુદા જુદા આગમો અને દર્શનોવડે પ્રજ્ઞાને શુદ્ધિ પ્રાપ્ત થાય છે. પોતાના સિદ્ધાંતને જ અનુસરવાથી કેટલો ઉત્કર્ષ સાધી શકાશે ? અન્ય પક્ષના ખંડન કરવા દ્વારા માત્ર પોતાના જ પક્ષને અનુસરનાર બહુ વિકાસ પ્રાપ્ત કરી શકતા નથી. આનંદઘનજી મહારાજા પણ નમિનાથ પ્રભુના સ્તવનમાં જણાવે છે કે "ષડ્દરિસણ જિન અંગ ભણીજે..." આ પંક્તિનો અભિપ્રાય પણ એવું જ કહે છે કે છએ દર્શનો જિનેશ્વરના શાસનના અંગો છે.

આગળ આ શ્લોક પછીના શ્લોકમાં ભર્તૃહરિ આ પ્રમાણે જણાવે છે :

"तत्तदुत्प्रेक्षमाणानां पुराणैरागमैर्विना । अनुपासितवृद्धानां विद्या नातिप्रसीदति ॥१॥"

પ્રાચીન આગમોની મદદ વિના પોતાની મેળે જ તે તે કલ્પનાઓને કરનાર તથા પ્રાચીન આચાર્યોના મતોની અભ્યાસરૂપી સેવાને નહીં કરનારાઓને વિદ્યા અત્યંત પ્રસન્ન થતી નથી.

આ લેખકને પહેલા પાદનું ભાષાંતર કરતાં કરતાં જણાયું છે કે આચાર્ય ભગવંતશ્રીના જીવનમાં ઉપરોક્ત શ્લોકો જાણે કે સ્વભાવરૂપ બની ગયા હતા. તે તે સ્થાનોમાં પૂર્વના મહાપુરુષોની કૃતિઓનું આલંબન લઈને પોતાની શ્રેષ્ઠ કૃતિનું સર્જન એમણે વિશ્વ સમક્ષ મૂક્યું છે. હું મારું અહોભાગ્ય સમજું છું કે આ ગ્રંથના નિમિત્તે જ મને આચાર્ય ભગવંતશ્રીના સંસ્કારોના વારસામાં ઊંડા ઊતરવાની ઉત્તમ તક પ્રાપ્ત થઈ છે. આ કૃતિનું સર્જન મને અને બીજાઓને આત્મકલ્યાણની પ્રાપ્તિ કરાવવા દ્વારા અનહદ ઉપકાર કરનારું થાય તેવી હું પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું.

આ ભાષાંતરની શરૂઆત સંવત ૨૦૬૫માં જેઠ સુદ-૫ ગુરુવાર, તા. ૨૮-૫-૨૦૦૯ની સવારે ૧૧-૪૫ કલાકે **સૂરજમંડન પાર્શ્વનાથ દાદા**ની ભક્તિ કરીને મુમુક્ષુઓની હાજરીમાં અત્યંત ઉલ્લાસ સાથે કરેલ હતી. આ ગ્રંથ ચાલુ કરવામાં એક પ્રેરણાએ મને અત્યંત ઉત્સાહ આપ્યો. તા. ૨૧-૫-૨૦૦૯ના દિવસે અંજનશલાકા કરાવેલ મારા **નમિનાથ દાદા**નો પ્રવેશ મેં ઉમરવાડી પાર્શ્વનાથ જિનાલયમાં કરાવ્યો હતો. તથા એ અરસામાં (સમયમાં) ગોપીપુરા નેમુભાઈની વાડી ઉપાશ્રયમાં પૂ. શાસનસમ્રાટ નેમિસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના **સોમચંદ્રસૂરીશ્વરજી મહારાજા** બિરાજમાન હતા. ત્યાં તેમને વંદનાર્થે જવાનું થયું. તે વખતે ત્યાં **શ્રીચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** (જેઓશ્રીની આચાર્ય પદવી આ પ્રસંગ બન્યા પછી થઈ હતી) બિરાજમાન હતા. તેમણે મને સૂચન કર્યું કે જગદીશભાઈ તમારી પાસે સિદ્ધહેમશબ્દાનુશાસનનો આટલો સરસ બોધ છે તો ભવિષ્યની પેઢી માટે કંઈક એવી કૃતિનું સર્જન કરો જેથી ૫૦૦ વર્ષ પછી પણ લોકો આચાર્ય ભગવંતશ્રીને યાદ કરે. તેમણે કોઈક સારી પળે આ સૂચન કર્યું અને મને તેમાં આગળ વધવાનો ઉત્સાહ પ્રાપ્ત થયો. ત્યારબાદ વખતોવખત એમની પ્રેરણા મળતી જ રહી.

વ્યાકરણ ચાલુ કર્યા પછી મારા પિતાશ્રીની બિમારી આવી અને ટૂંકી માંદગીમાં જ તેઓ આ દુનિયામાંથી વિદાય થયા, તેમની પ્રેરણાએ તથા મારા પ્રત્યેના અત્યંત આદરભાવે મને આ કાર્યમાં આગળ વધવાનું બળ આપ્યું. મારા બાપુજીનું અવસાન તા. ૧૪-૧૦-૨૦૦૯ના દિવસે થયું. ત્યારપછી ૨૮-૧૦-૨૦૦૯થી પાલિતાણા ચાર મહિના માટે નવ્વાણુંયાત્રામાં રહેવાનું થયું. ત્યાં પ. પૂ. આ. ભ. શ્રી ચન્દ્રગુપ્તસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય **યશોજિતવિજયજી મહારાજાના દીકરા મહારાજની** (૧/૧/૨) સૂત્રમાં સહાય પ્રાપ્ત થઈ. ત્યારપછી એક મુમુક્ષુને બહુ મોટું વિઘ્ન આવ્યું. આ વિઘ્ન ઘણું લાંબું ચાલ્યું. થોડા વખત પછી હું પણ મોટા વિઘ્નમાં ફસાયો. પરંતુ **શ્રીઆદીશ્વર દાદા** અને છેલ્લે **શ્રીશંખેશ્વર દાદા**ની અસીમ કૃપાથી લાંબું વિઘ્ન પણ અંતે દૂર થયું.

આવા વિકટ કાળમાં પણ આ ગ્રંથ લખવાનો ઉત્સાહ ઓછો ન થયો. તર્કસમ્રાટ **પ. પૂ. આ. ભ. શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજા**ની (૧/૧/૧) તથા (૧/૧/૨) સૂત્રમાં ઘણી જ સહાય પ્રાપ્ત થઈ.

હિમાચલ પ્રદેશમાં ગરલી(કાંગડા)માં રહીને રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાનમાં અભ્યાસ કરાવતા **ડૉ. વિજયપાલ શાસ્ત્રી**ની સહાયને તો હું ક્યારેય ભૂલી શકીશ નહીં. ટેલિફોન ઉપર ઘણીવાર તો કલાક-કલાક સુધી એમની સાથે તે-તે પંક્તિઓની ચર્ચા થાય. એમ કરતાં કરતાં અગમ્ય પંક્તિઓનો બોધ એમના દ્વારા પ્રાપ્ત થયો. એક વાર હિમાચલ પ્રદેશથી એમને સુરત બોલાવ્યા. અને લગભગ દશ દિવસ સુધી રોજ છ-છ કલાકની મીટીંગો ચાલી. પાલિતાણામાં પણ તેઓ ૧ માસ માટે આવ્યા હતા. એમ એમની પાસેથી મહાભાષ્યના આધારે શબ્દાનુશાસનનો અદ્ભુત બોધ પ્રાપ્ત થયો. કેટલીક અગમ્ય પંક્તિઓનો બોધ દિવસો સુધી ચિંતન કરવા છતાં થતો ન હતો. એવી પંક્તિઓનો બોધ કરાવવા માટે **શ્રીશંખેશ્વર દાદાએ** તથા **સરસ્વતીદેવીએ** મારી ઉપર અસીમ કૃપા કરી. છેલ્લે છેલ્લે હરિદ્વારમાં બાબા રામદેવના આશ્રમમાં જવાનું થયું. ત્યાં **બાબા રામદેવ**ના (યોગાચાર્યના) ગુરુ **પ્રદ્યુમ્નાચાર્ય** પાસેથી પણ સહાય પ્રાપ્ત થઈ.

આ. શ્રી વિજય ૐકારસૂરીશ્વરજી આરાધનાભવન, આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી આરાધનાભવન તથા **આ. શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજાના જ્ઞાનભંડારોના ટ્રસ્ટીગણનો** ઉપકાર હું ભૂલી શકું તેમ નથી. આ સમગ્ર કાર્ય દરમ્યાન **પ. પૂ. આ. ભ. શ્રીગુણરત્નસૂરીશ્વરજી મહારાજા** તથા **પ. પૂ. આ. ભ. શ્રીમુનિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની પણ સહાય તે તે વખતે પ્રાપ્ત થઈ છે.

આ સમયે 'પરમપદ'માં રહીને અભ્યાસ કરતા **મુમુક્ષુ બહેનોના** ઉપકારને (શ્રુતસેવાને) હું ભૂલી શકું તેમ નથી. કદાચ એ બહેનોએ લખવા વગેરે દ્વારા મને સહાય ન કરી હોત તો હું આ પુસ્તક બહાર પાડી શકત નહીં. શાસ્ત્રપાઠો શોધી આપવા માટે પણ એ બહેનો મને ઘણી જ સહાય કરી છે. અંતમાં જે જે ઉપકારી આજે મને યાદ નથી આવ્યા તેઓનો પણ હું ખરા હૃદયથી આભાર વ્યક્ત કરું છું...

પ્રાંતે, પ્રસ્તુત ભાષાંતર દરમ્યાન કોઈપણ સ્થાનમાં મારા મતિદોષને કારણે ગ્રંથકારશ્રી **આચાર્ય ભગવંત શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના આશયવિરુદ્ધ કે જિનવચન વિરુદ્ધ કાંઈ પણ નિરૂપણ થયું હોય તેનું હું મન-વચન-કાયાથી મિથ્યાદુષ્કૃત માંગું છું.

સમકિત બંગલો, પાલિતાણા, **લિ. પં. જગદીશભાઈ છોટાલાલ શાહ**

વિ. સં. ૨૦૬૯, ભાદરવા સુદ ૧૧, તા. ૧૫-૯-૨૦૧૩.

(હીરસૂરિ મ. સા. સ્વર્ગારોહણ દિન)

અનુક્રમણિકા

ક્રમ	સૂત્ર	સૂત્રાંક	પત્રાંક
૧.	अर्हम्	૧/૧/૧	૧ થી ૩૪
૨.	सिद्धिः स्याद्वादात्	૧/૧/૨	૩૪ થી ૮૩
૩.	लोकात्	૧/૧/૩	૮૩ થી ૧૦૫
૪.	औदन्ताः स्वराः	૧/૧/૪	૧૦૬ થી ૧૩૮
૫.	एकद्वित्रिमात्रा ह्रस्वदीर्घप्लुताः	૧/૧/૫	૧૩૮ થી ૧૫૮
૬.	अनवर्णा नामी	૧/૧/૬	૧૫૮ થી ૧૬૪
૭.	लृदन्ताः समानाः	૧/૧/૭	૧૬૪ થી ૧૬૬
૮.	एऐओऔ सन्ध्यक्षरम्	૧/૧/૮	૧૬૬ થી ૧૭૦
૯.	अं अः अनुस्वारविसर्गौ	૧/૧/૯	૧૭૦ થી ૧૭૪
૧૦.	कादिर्व्यञ्जनम्	૧/૧/૧૦	૧૭૪ થી ૧૮૧
૧૧.	अपञ्चमान्तस्थो धुट्	૧/૧/૧૧	૧૮૧ થી ૧૮૨
૧૨.	पञ्चको वर्गः	૧/૧/૧૨	૧૮૨ થી ૧૮૪
૧૩.	आद्यद्वितीयशषसा अघोषाः	૧/૧/૧૩	૧૮૪ થી ૧૯૧
૧૪.	अन्यो घोषवान्	૧/૧/૧૪	૧૯૧ થી ૧૯૩
૧૫.	यरलवा अन्तस्थाः	૧/૧/૧૫	૧૯૩ થી ૧૯૫
૧૬.	अं अः ≍ क)(प शषसाः शिट्	૧/૧/૧૬	૧૯૫ થી ૨૦૧
૧૭.	तुल्यस्थानाऽऽस्यप्रयत्नः स्वः	૧/૧/૧૭	૨૦૨ થી ૨૩૯
૧૮.	स्यौजसमौशस्टाभ्याम्भिस्ङेभ्याम्भ्यस्-ङसिभ्याम्भ्यस्ङसोसाम्ङ्योस्सुपां त्रयी त्रयी प्रथमादिः	૧/૧/૧૮	૨૩૯ થી ૨૪૮
૧૯.	स्त्यादिर्विभक्तिः	૧/૧/૧૯	૨૪૯ થી ૨૫૧
૨૦.	तदन्तं पदम्	૧/૧/૨૦	૨૫૧ થી ૨૬૦
૨૧.	नाम सिदय्व्यञ्जने	૧/૧/૨૧	૨૬૦ થી ૨૬૮
૨૨.	नं क्ये	૧/૧/૨૨	૨૬૯ થી ૨૭૩

ક્રમ	સૂત્ર	સૂત્રાંક	પત્રાંક
૨૩.	न स्तं मत्वर्थे	૧/૧/૨૩	૨૭૩ થી ૨૮૦
૨૪.	मनुर्नभोऽङ्गिरो वति	૧/૧/૨૪	૨૮૧ થી ૨૮૨
૨૫.	वृत्त्यन्तोऽसषे	૧/૧/૨૫	૨૮૨ થી ૨૯૫
૨૬.	सविशेषणमाख्यातं वाक्यम्	૧/૧/૨૬	૨૯૫ થી ૩૧૬
૨૭.	अधातुविभक्तिवाक्यमर्थवन्नाम	૧/૧/૨૭	૩૧૬ થી ૩૭૧
૨૮.	शिर्घुट्	૧/૧/૨૮	૩૭૧ થી ૩૭૫

॥ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ ॥
॥ ऐं नमः ॥

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરિવડે રચના કરાયેલ

श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनम्

प्रथमोऽध्यायः

[स्वोपज्ञतत्त्वप्रकाशिकाभिधबृहद्वृत्ति-
स्वोपज्ञतत्त्वप्रकाशिकाप्रकाश-शब्दमहार्णवन्यास(बृहन्न्यास)-
मनीषिकनकप्रभविरचितन्यासससारसमुद्धार(लघुन्यास)संवलितम्]

[तत्र प्रथमोऽध्यायः]

પોતાનાવડે જ પ્રકાશિત થયેલી એવી તત્ત્વપ્રકાશિકા નામની બૃહદ્વૃત્તિ છે. તેમજ પોતાનાવડે જ રચાયેલ तत्त्वप्रकाशिका-प्रकाश शब्दमहार्णवन्यास (बृहन्न्यास) પણ છે તેમજ મનીષિકનકપ્રભવડે રચના કરાયેલ ન્યાસસારસમુદ્ધાર (લઘુન્યાસ) છે.

अथ स्वोपज्ञतत्त्वप्रकाशिकाभिधा बृहद्वृत्तिः-

હવે પોતાનાવડે જ પ્રકાશિત થયેલી એવી તત્ત્વપ્રકાશિકા નામની બૃહદ્વૃત્તિ જણાવાય છે.

प्रणम्य परमात्मनं श्रेयःशब्दानुशासनम् ।
आचार्यहेमचन्द्रेण स्मृत्वा किञ्चित् प्रकाश्यते ॥

શ્રી હેમચન્દ્રાચાર્યવડે પરમાત્માને પ્રણામ કરીને અતિવિસ્તાર વગેરે દોષોથી રહિત એવા શબ્દાનુશાસનને (વ્યાકરણને) યાદ કરીને કંઈક પ્રગટ કરાય છે અર્થાત્ અત્યંત અલ્પ પ્રગટ કરાય છે.

सूत्रम् - अर्हम् १ । १ । १ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

''अर्हं इत्येतदक्षरम्, परमेश्वरस्य परमेष्ठिनो वाचकम्, सिद्धचक्रस्यादिबीजम्,

सकलागमोपनिषद्भूतम्, अशेषविघ्नविघातनिघ्नम्, अखिलदृष्टादृष्टफलसंकल्पकल्पद्रुमोपमम्, आशास्त्राध्ययनाध्यापनावधि प्रणिधेयम् । प्रणिधानं चानेनाऽऽत्मनः सर्वतः संभेदस्तदभिधेयेन चाभेदः । वयमपि चैतच्छास्त्रारम्भे प्रणिदध्महे । अयमेव हि तात्त्विको नमस्कार इति ॥ १ ॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

अर्हँ આ અક્ષર પરમેષ્ઠી સંબંધી પરમેશ્વરનો વાચક છે. સિદ્ધચક્રનું આદિ બીજ છે. બધા આગમોના રહસ્યભૂત છે. સંપૂર્ણ વિઘ્નોના નાશમાં તત્પર છે. બધા જ દષ્ટ અને અદષ્ટ ફળોની પ્રાપ્તિમાં કલ્પવૃક્ષ સમાન છે. આ अर्हँ પદ આ શાસ્ત્રને ભણવા અને ભણાવવા સુધી ધ્યાન કરવા યોગ્ય છે.

अर्हँ એ પ્રમાણે અક્ષરની સાથે આત્માનો સંપૂર્ણ સંબંધ તે પ્રણિધાન છે. તથા अर्हँ અક્ષરના અભિધેયની સાથે તાદાત્મ્ય પ્રાપ્ત થવું એ બીજા પ્રકારનું પ્રણિધાન છે. અમે પણ આ શાસ્ત્રના આરંભમાં આ अर्हँ અક્ષરનું ધ્યાન કરીએ છીએ. આ જ તાત્ત્વિક નમસ્કાર છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

अथ स्वोपज्ञतत्त्वप्रकाशिकाप्रकाश-शब्दमहार्णवन्यासः-

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

शब्दमहार्णवन्यास :- હવે પોતાનાવડે રચાયેલ તત્ત્વપ્રકાશિકાપ્રકાશ આત્મક શબ્દમહાર્ણવન્યાસ જણાવાય છે -

श्रीमन्तमजितं देवं श्रीमत्पार्श्वं जिनोत्तमम् । शेषं निःशेषकर्त्तारं स्मृत्वा टीका प्रतन्यते ॥१॥

અનુવાદ :- શ્રી જિનેશ્વરોમાં ઉત્તમ એવા શ્રીમદ્ અજિતનાથ દેવને તથા શ્રીમત્ પાર્શ્વનાથ પરમાત્માને તેમજ સમસ્ત વ્યાકરણ કરનારાઓને યાદ કરીને ટીકા વિસ્તારાય છે.

(श०न्या०) प्रणम्येत्यादि–जगदुपचिकीर्षाप्रवृत्तः शास्त्रकारः स्व–पराभीष्टार्थसिद्धये परापराधिदेवतां व्युत्पित्सुश्रोतृप्रवृत्त्यङ्गप्रयोजनादिगर्भं **प्रणम्ये**त्यादिनाऽभिष्टौति । प्राति पूरयतिधातुनोक्तमर्थमनभिव्यक्तमभिव्यनक्ति प्रः, "णमं प्रह्वत्वे" प्रणमनं पूर्वं "प्राक्काले" [५.४.४७.] इति क्त्वायाः "अनञः०" [३.२.१५४.] इति यबादेशे **प्रणम्य** ।

અનુવાદ :- જગત ઉપર ઉપકાર કરવાની ઇચ્છામાં પ્રવૃત એવા શાસ્ત્રકાર છે. પોતાને

અને પરને ઇષ્ટ અર્થની સિદ્ધિને માટે તથા સમજવાને ઇચ્છનાર માટે, પોતાની પ્રવૃત્તિનું કારણપણું જેના ગર્ભમાં છે એવા શ્રી આચાર્ય ભગવંત પર અને અપર એવા મુખ્ય દેવતાની 'प्रणम्य' વગેરે શબ્દોવડે સ્તુતિ કરે છે.

હવે, 'प्रणम्य' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. ધાતુવડે કહેવાયેલા અપ્રગટ અર્થને જે પ્રગટ કરે છે તે 'प्र' ઉપસર્ગ છે. નમસ્કાર કરવો અર્થમાં 'नम्' ધાતુ છે. હવે નમસ્કાર કરવાની ક્રિયા પ્રથમ ક્ષણે છે. અને ગ્રંથપ્રકાશનની ક્રિયા પાછળની ક્ષણે છે. આથી प्र+नम् ધાતુને "प्राक्काले" (૫/૪/૪૭) સૂત્રથી त्वा પ્રત્યય થાય છે. તથા "अनञः"... (૩/૨/૧૫૪) સૂત્રથી त्वाનો यप् આદેશ થતાં 'प्रणम्य' રૂપની પ્રાપ્તિ થાય છે.

(શ૦न्या०) पृणाति-लब्धमर्थं पालयति, अलब्धेन तु पूरयति "सृ-पृ-प्रथि०" [उणा० ३४७] इत्यमे परमः-अतिशयशाली, अतति-गच्छति ज्ञानादिषु पर्यायेष्विति "सात्मन्नात्मन्०" [उणा० ९१६] इति मनि दीर्घत्वे च आत्मा, ततः "सन्महत्०" [३.१.१०७.] इत्यादिना समासः। इदं व्याकरणजातं प्रशस्यम्, इदमनयोरतिशयेन प्रशस्यम् "गुणाङ्गाद्वेष्ठेयसू" [७.३.९.] इति ईयसौ "प्रशस्यस्य श्रः" [७.४.३४.] इति श्रे **श्रेयः**, विप्रकीर्णातिविस्तरादिदोषरहितत्वात्। शपति-आह्वयत्यभिधेयमर्थमिति "शा-शपि०" [उणा० २३७] इति दे शब्दः, अनुशिष्यन्ते व्युत्पाद्यन्ते शब्दा अनेनेति अनुशासनम्, शब्दानामनुशासनं **शब्दानुशासनं** व्याकरणम्।

અનુવાદ :- હવે, પરમ શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે - "पृणाति"નો અર્થ પ્રાપ્ત થયેલા અર્થનું જે રક્ષણ કરે છે તથા અપ્રાપ્ત એવા અર્થવડે પ્રાપ્ત થયેલા અર્થને પુષ્ટ કરે છે (વૃદ્ધિ કરે છે) એવો થાય છે. આવા "पृ" ધાતુથી "सृ-पृ-पथि०" (उणा० ३४७) સૂત્રથી "अम" પ્રત્યય થતાં "परम" શબ્દ થાય છે. જેનો અર્થ અતિશય યુક્ત થાય છે. 'परम' શબ્દના અનેક અર્થો હૈમપ્રકાશમાં પરમપૂજ્ય વિનયવિજયજી મ. સા. એ કર્યા છે.

હવે, आत्मन् શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે - જ્ઞાનાદિ પર્યાયોમાં જે રમણ કરે છે એવા અર્થ-વાળા "अत्" ધાતુથી "सात्मन्नात्मन्०" ... (उणा० ९१६) સૂત્રથી मन् પ્રત્યય થાય છે. અને દીર્ઘવિધિ થતાં आत्मन् શબ્દ પ્રાપ્ત થાય છે. હવે परमः चासौ आत्मा च એ પ્રમાણે "सन्महत्.." (૩/૧/૧૦૭) સૂત્રથી કર્મધારય સમાસ થતાં परमात्मा શબ્દ પ્રાપ્ત થાય છે. જેનું દ્વિતીયા એકવચન परमात्मानम् છે.

હવે, श्रेयः શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે - ઉત્પન્ન થયેલું આ વ્યાકરણ વખાણવા યોગ્ય છે. આ બેમાં આ વધારે વખાણવા યોગ્ય છે એવા અર્થમાં प्रशस्य શબ્દને "गुणाङ्गाद् वा इष्टेयसू" (૭/૩/૯) સૂત્રથી ईयस् પ્રત્યય થતાં તેમજ "प्रशस्यस्य श्रः" (૭/૪/૩૪) સૂત્રથી प्रशस्यનો "श्र"

આદેશ થતાં "श्रेयस्" શબ્દ પ્રાપ્ત થાય છે. અતિવિસ્તાર વગેરે દોષોથી રહિત હોવાથી આ વ્યાકરણ વધારે વખાણવા યોગ્ય છે.

હવે, शब्दानुशासनम् શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે - અભિધેય સ્વરૂપ અર્થને જે કહે છે એવા અર્થમાં शप् ધાતુથી "शा-शपि"... (उणा० २३७) સૂત્રથી द પ્રત્યય થતાં 'शब्द' શબ્દ પ્રાપ્ત થાય છે. હવે શબ્દો જેનાવડે વ્યુત્પન્ન કરાય છે તે અનુશાસન કહેવાય છે. તથા 'शब्दानाम् अनुशासनम्' એ પ્રમાણે ષષ્ઠી તત્પુરૂષ સમાસ થતાં 'शब्दानुशासनम्' પ્રયોગ પ્રાપ્ત થાય છે. આ 'शब्दानुशासनम्'નો અર્થ વ્યાકરણ એ પ્રમાણે થાય છે.

(श०न्या०) आचर्यते सेव्यते, आचारान् गृह्णाति परं च ग्राहयतीति निरुक्तेर्वा आचार्यः-शास्त्रविधिना स्वयं गुरुणा प्रतिष्ठितः । यद्वा आ सामस्त्येन शास्त्रार्थाश्चर्यन्ते ज्ञायन्तेऽनेन, अस्माद् वेत्याचार्यः-शास्त्रार्थानां ज्ञाता उपदेष्टा च, अस्यैवात्र ग्रहणं शास्त्रप्रस्तावाद्, एवं च विशेषणत्वात् पूर्वनिपातो भवति आचार्य-हरिभद्रेतिवत्, अन्यथा तु परनिपातप्रसङ्गः संज्ञाशब्दत्वेन विशेष्यत्वाद् इति । हिनोति गच्छति स्व-गुणैरादेयतामिति "क्षु-हिभ्यां वा" [उणा० ३४१] इति मे हेमः-स्वर्णम्, तद्गुणत्वाद् हेमः, "चदु दीप्त्याऽऽह्लादयोः" चन्दति आह्लादयतीति "भी-वृधि०" [उणा० ३८७] इति रे चन्द्रः-शशी, तत्समत्वाद् चन्द्रः, ततो मयूरव्यंसकादित्वात् कर्मधारयः ।

હવે, આચાર્ય શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે - જે આચારોને સેવે છે અથવા તો આચારોને ગ્રહણ કરે છે અને બીજાને ગ્રહણ કરાવે છે એ પ્રમાણે "आचार्य" શબ્દ પ્રાપ્ત થાય છે. શાસ્ત્રવિધિવડે ગુરુ દ્વારા આપમેળે જ પ્રતિષ્ઠિત કરાય છે તે "आचार्य" છે અથવા તો 'आ' ઉપસર્ગનો અર્થ સંપૂર્ણપણાથી એ પ્રમાણે થાય છે તથા શાસ્ત્રોના અર્થો જેનાવડે સેવાય છે અથવા તો જેનાથી જણાય છે એ અર્થમાં 'चर्' ધાતુ સાથે 'आ' ઉપસર્ગ જોડાઈને 'आचार्य' શબ્દ પ્રાપ્ત થાય છે. સંપૂર્ણ એવા શાસ્ત્રના અર્થના જ્ઞાતા અને ઉપદેશ કરનારા એ પ્રમાણે આચાર્ય શબ્દનો અર્થ છે. શાસ્ત્રનું પ્રકરણ હોવાથી આચાર્ય શબ્દનો આ જ અર્થ અહીં ગ્રહણ કરાય છે અને આ આચાર્ય શબ્દને વિશેષણપણાંથી પૂર્વમાં નિપાત કરાય છે. જેમ કે આચાર્ય હરિભદ્ર. જો વિશેષણ માનવામાં ન આવ્યું હોત તો પરમાં નિપાત થાત કારણકે આચાર્ય એ સંજ્ઞાવાચક શબ્દ થયો હોવાથી વિશેષ્યવાચક થાત અને તેમ થાત તો પરમાં જ નિપાત થાત.

હવે "हेमचन्द्र" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. "हि" ધાતુ પાંચમા ગણનો છે. પોતાના ગુણોવડે જે આદેયપણાંને પ્રાપ્ત કરે છે એવા અર્થમાં "क्षु-हिभ्यां वा" (उणा० ३४१) સૂત્રથી 'हि' *ધાતુને 'म' પ્રત્યય લાગતાં ગુણ થઈને 'हेम' શબ્દ પ્રાપ્ત થાય છે. 'हेम' એટલે સુવર્ણ. આ આચાર્ય* ભગવંતમાં પણ પોતાના ગુણોથી જ આદેયપણું હોવાથી (સુવર્ણમાં જેમ પોતાના ગુણોથી જ

આદેયપણું થાય છે.) 'हेम' તરીકે પ્રસિદ્ધ થયા છે. પ્રકાશ અને આહ્લાદ અર્થમાં 'चदु' ધાતુ છે જેને 'भी-वृधि...' (उणा०...३८७) સૂત્રથી 'र' પ્રત્યય થતાં તથા ધાતુ 'उदित्' હોવાથી 'न्'નો આગમ થતાં 'चन्द्र' શબ્દ નિષ્પન્ન થાય છે. 'चन्द्र'નો અર્થ શશી છે. આચાર્ય ભગવંત પણ ચન્દ્રની સમાન ગુણવાળા હોવાથી ચન્દ્ર કહેવાયા છે. 'हेम' અને 'चन्द्र' વચ્ચે 'मयूरव्यंसकेत्यादयः' (૩/૧/૧૧૬) સૂત્રથી કર્મધારય સમાસ થયો છે.

(श०न्या०) "स्मृं चिन्तायाम्" **स्मृत्वे**ति-उपदेशपारतन्त्र्येण कृत्वा । **किञ्चिदि**ति स्वल्पं क्रियाविशेषणम् । "काशृङ् दीप्तौ" प्रकाशते शब्दानुशासनम्, "प्रयोक्तृव्यापारे णिग्" [३.४.२०.] इति णिगि, "क्यः शिति" [३.४.७०] इति क्ये **प्रकाश्यत** इति पदार्थः ।

અનુવાદ:- યાદ કરવું અર્થમાં 'स्मृ' ધાતુ પહેલા ગણનો છે. 'स्मृत्वा' લખવા દ્વારા ઉપદેશનું પરવશપણું બતાવ્યું છે અર્થાત્ ભૂતકાળના મહાપુરુષોના વચનને આધારે પોતે કહેવાના છે, પરંતુ પોતાની મતિકલ્પનાથી નહીં. 'किञ्चिद्' એટલે કંઈક. તે 'प्रकाश्यते' ક્રિયાનું વિશેષણ છે. પ્રકાશવું અર્થમાં प्र + काश् ધાતુથી (૩/૪/૨૦) સૂત્રથી 'णिग्' લાગે છે. તેમજ "क्यः शिति" (૩/૪/૭૦) સૂત્રથી કર્મમાં "क्य" પ્રત્યય લાગતાં "प्रकाश्यते" રૂપ થાય છે જેનો અર્થ પ્રકાશાય છે, એ પ્રમાણે થાય છે.

(श०न्या०) परमात्मानम्-अव्याहतज्ञानातिशयशालिनं देवताविशेषं प्रणम्य श्रेयः[1]-शब्दानुशासनं शास्त्रं सकलजनानुग्रहकाम्यया क्रियमाणत्वाद् आचार्यहेमचन्द्रेण सर्वज्ञादर्वाक् सर्वप्रकाश-नासंभवात् किञ्चित् प्रकाश्यत इति समन्वयः ।

અનુવાદ :- હવે મંગલાચરણ સંબંધી શ્લોકની વિશેષતાને જણાવે છે : અનંત જ્ઞાનાતિશયવાળા એવા દેવતાવિશેષ એ 'परमात्मानम्' શબ્દનો અર્થ છે. સકલ જનને ઉપકારની ઇચ્છાથી કરાતું હોવાથી કલ્યાણકારી એવું શબ્દાનુશાસન (વ્યાકરણ) છે. આ વ્યાકરણ આચાર્ય ભગવંત શ્રી હેમચન્દ્રાચાર્યવડે કંઈક (સર્વજ્ઞ થયા પહેલા સંપૂર્ણ પ્રકાશન કરવું અસંભવ હોવાથી કંઈક લખ્યું છે.) પ્રકાશિત કરાય છે એવો અન્વય છે.

(श०न्या०) शब्दानुशासनमिति व्याकरणस्य अन्वर्थं नामेति शब्दानामनुशासनं न त्वर्थानामिति, एतावत एवार्थस्य विवक्षितत्वात् । आचार्यस्य कर्तुः प्रयोजनाभावाद् अनुपादानाद् उभयप्राप्त्यभावाद् न "द्विहेतोरस्त्र्यणकस्य वा" [२.२.८७.] इति षष्ठीपक्षे तृतीयेति "तृतीयायाम्" [३.१.८४.] इति समासप्रतिषेधाप्रसङ्गाद् इध्मव्रश्चनवत् समासः । आचार्यहेमचन्द्रेणेति-अस्य तु

१. 'श्रेयसां शब्दानामनुशासनम्' अ ।

प्रकाश्यते इत्यनेन संबन्धः । न च शब्दशात[१] इत्यन्यशब्दत्वाद् विना प्रकरणादिना विशेषेऽवस्थानाभावात् तन्त्रीशब्दकाकवासितादीनामप्यनुशासनप्रसङ्ग इति, यतो व्याकरणस्य प्रस्तुतत्वात् सामर्थ्याद् विशेषावगतेर्लौकिकानामार्षाणां च शब्दानामिति गम्यते । अथवा परम् आत्मानं चेति व्यस्तम्, आत्मनोऽपि ध्येयत्वात्, तस्मिन् हि प्रसन्ने तत्त्वं प्रसीदति । वीतदोषकलुषः पुरुषविशेषः परः, अपरश्चात्मा, उभयपरिज्ञानाच्च मिथ्याज्ञानादिनिवृत्तिः, यतः-

"भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चैव कर्माणि तस्मिन् दृष्टे परापरे" ॥२॥ [**मुण्डकोपनिषद् २.२.८.**]

यदुक्तम्-"द्वे ब्रह्मणी-परमपरं च-अपरे ब्रह्मणि निष्णातः परं ब्रह्माधिगच्छति " इति ।

"अहरहर्नयमानो गामश्वं पुरुषं पशुम् । वैवस्वतो न तृप्यति सुराया इव दुर्मदी" ॥३॥

इतिवत् चकारस्य गम्यमानत्वात् समुच्चयावगतिः । शब्दाश्चात्राभिधेयाः । प्रयोजनं च सम्यग्ज्ञानम्, श्रेयः इति च विशेषणद्वारेण प्रयोजनं[२] ... ।

અનુવાદ :- 'शब्दानुशासनम्' એ વ્યાકરણનું અર્થને અનુસરનારું એવું નામ છે. અહીં શબ્દોની વ્યુત્પત્તિ છે, પરંતુ અર્થોનું અનુશાસન નથી. શબ્દોની વ્યુત્પત્તિથી જ અર્થો બતાવાઈ જતાં હોવાથી આ વ્યાકરણ અર્થોનું અનુશાસન નથી.

હવે 'शब्दानुशासनम्' શબ્દમાં 'तृतीयायाम्' (૩/૧/૮૪) સૂત્રથી ષષ્ઠી તત્પુરુષ સમાસનો નિષેધ શા માટે ન થયો ? એ સંબંધમાં પૂર્વપક્ષ શંકા કરે છે એના અનુસંધાનમાં ગ્રંથકારશ્રી સમાસનો પ્રતિષેધ ન થવાનું કારણ જણાવે છે. એક જ કૃદન્તના કર્તા અને કર્મ ઉભયની પ્રાપ્તિ હોય ત્યારે "द्विहेतोरस्त्र्यणकस्य वा" (૨/૨/૮૭) સૂત્રથી કૃદન્તના કર્તાને વિકલ્પે ષષ્ઠી થાય છે. હવે કૃદન્તના કર્તાને જો તૃતીયાવિભક્તિ થઈ હોય તો ષષ્ઠી અંતવાળા કર્મનો કૃદન્તની સાથે "तृतीयायाम्" (૩/૧/૮૪) સૂત્રથી સમાસ થતો નથી. અહીં 'आचार्य हेमचन्द्रेण' શબ્દને કર્તામાં તૃતીયા છે તથા 'शब्दानाम्' શબ્દને કર્મમાં ષષ્ઠી છે. તથા 'अनुशासनम्' એ કૃદન્ત છે. હવે કર્તા સ્વરૂપ 'आचार्य हेमचन्द्रेण' છે તેને 'अनुशासनम्' કૃદન્તના સંબંધમાં તૃતીયા થઈ નથી પરંતુ એ કર્તા 'प्रकाश्यते' ક્રિયા સાથે સંબંધ રાખે છે આ પ્રમાણે એક જ કૃદન્તના (अनुशासनम्) કર્તા અને કર્મ ઉભય નથી, માટે (૩/૧/૮૪) સૂત્રથી 'शब्दानाम् अनुशासनम्' વચ્ચે ષષ્ઠી તત્પુરુષ સમાસનો નિષેધ થયો નથી, બલ્કે 'इध्मव्रश्चन'ની જેમ સમાસ થયો છે.

---

१. 'शब्दशब्दस्य सामान्यशब्दत्वात्' इति पाठस्तु कैयटे वर्त्तते स एव संभाव्यते । [भाष्य-भा० १. पृ० ९. नि० सा० प्रे०] ।

२. अत्र ताडपत्रमेकं त्रुटितम्, तत्स्थानं न मुक्तमस्ति इत्येवं **क**-पुस्तके लिखितमस्ति ।

હવે ન્યાસમાં "न च शब्दशात..." પંક્તિ છે એને બદલે કૈયટટીકામાં "शब्दशब्दस्य सामान्यशब्दत्वात्" એ પ્રમાણેનો પાઠ છે, જે સમ્યક્ જણાય છે અને એ કૈયટની પંક્તિના આધારે જ અમે અહીં અનુવાદ કરીએ છીએ.

પૂર્વપક્ષ :- 'शब्दानुशासनम्' પ્રયોગમાં 'शब्द' સ્વરૂપ જે શબ્દ છે તે સામાન્યથી હોવાથી જગતમાં ધ્વનિ સ્વરૂપે જેટલું પણ સંભળાય છે તે બધા જ શબ્દોની વ્યુત્પત્તિ કરવાનો પ્રસંગ આવશે. અહીં અર્થ, પ્રકરણ વગેરે વિના એવું જણાતું નથી કે અહીં વિશેષ પ્રકારના શબ્દો જ લેવા. આથી વીણાના શબ્દો તથા પંખીઓના કલરવ વગેરે ધ્વનિ સ્વરૂપ તમામ શબ્દોના અનુશાસનનો (વ્યુત્પત્તિનો) પ્રસંગ આવશે.

ઉત્તરપક્ષ ;- ઉપરોક્ત શંકા કરવી નહીં. અહીં વ્યાકરણનો પ્રસંગ હોવાથી સામર્થ્યથી વિશેષ શબ્દોનો જ બોધ થાય છે; પરંતુ આ જગતમાં ધ્વનિ તરીકે જેટલું પણ સંભળાય છે એ બધા જ શબ્દોનો બોધ કરવાની આપત્તિ નહીં આવે. વ્યાકરણ સાધુ શબ્દો બાબતમાં જ બોધ કરાવે છે. તેથી લૌકિક એવા गौः, अश्वः, पुरुषः, हस्ती, शकुनिमृगः, ब्राह्मणः વગેરે શબ્દો જ વ્યાકરણથી જણાશે. તેમજ 'शाक' વગેરે વૈદિક (આર્ષ) શબ્દો જ વ્યાકરણથી જણાશે. આ પ્રમાણે ઉપરોક્ત આપત્તિનો અવકાશ રહેશે નહીં.

અગાઉ 'परमात्मानम्' એ પ્રમાણે કર્મધારય સમાસ બતાવેલ હતો. હવે આ જ શબ્દને બીજી રીતે બતાવે છે. તે આ પ્રમાણે છે - 'परम्' તથા 'आत्मानम्' એ પ્રમાણે બંને પૃથક્ શબ્દો જ છે અને બંને દ્વિતીયા એકવચનવાળા પ્રયોગો જ છે. આથી નમસ્કાર બે વ્યક્તિને કરવામાં આવે છે પરને અને આત્માને. જેમાંથી દોષો નીકળી ગયા છે તે પર કહેવાય છે અને આપણો આત્મા અપર કહેવાય છે. જે પ્રમાણે ઈશ્વર આપણા નમસ્કારનો વિષય છે તે પ્રમાણે આત્મા પણ નમસ્કારનો વિષય છે. કારણ કે આત્મા પ્રસન્ન થયે છતે તત્ત્વની સ્પષ્ટતા થાય છે. વળી આ પર અને અપર ઉભયનું જ્ઞાન થવાથી મિથ્યાજ્ઞાન વગેરેની નિવૃત્તિ થાય છે. આદિ શબ્દથી કષાય વગેરે દોષો સમજવા 'मुण्डकोपनिषद्'માં કહ્યું છે કે :-

"પર અને અપરની અનુભૂતિ થયે છતે હૃદયની ગ્રંથિ ભેદાઈ જાય છે. બધા સંશયો છેદાઈ જાય છે અને કર્મોનો નાશ થાય જ છે."

અન્યત્ર પણ કહ્યું છે કે :

"પર અને અપર સ્વરૂપ બે બ્રહ્મ છે. અપર સ્વરૂપ (આત્મા સ્વરૂપ) બ્રહ્મમાં જે નિષ્ણાત છે તે જ પર સ્વરૂપ (પરમાત્મા સ્વરૂપ) બ્રહ્મને પ્રાપ્ત કરે છે."

જો 'परम्' અને 'आत्मानम्' એ પ્રમાણે પૃથગ્ નિર્દેશ કરવામાં આવે તો સમુચ્ચયનો બોધ

કેવી રીતે કરવો ? એવી શંકાનો અવકાશ રહે છે. આ શંકાના સમાધાનમાં "अहरहर्"શ્લોકનો પાઠ ગ્રંથકારશ્રી બતાવે છે -

"દિવસે દિવસે ગાયને, અશ્વને, પુરુષને અને પશુને લઈ જતો યમરાજ તૃપ્ત થતો નથી. જેમ દારૂથી દુર્મદી (ઘણું બધું દારૂનું સેવન કરવા છતાં પણ જેને તૃપ્તિ થતી નથી એવો જીવવિશેષ) તૃપ્ત થતો નથી."

અહીં શ્લોકમાં ગાય, અશ્વ, પુરુષ અને પશુ એ ચારેય શબ્દો પછી चकार લખવામાં આવ્યો નથી. વળી ચારેયનો પૃથક્ નિર્દેશ કરાયો છે તોપણ સમુચ્ચયનો બોધ થાય છે. અહીં જેમ અધ્યાહારથી चનો બોધ કરીને સમુચ્ચયનો બોધ કરવામાં આવે છે તેમ પૃથક્ એવા 'परम्' અને 'आत्मानम्'માં પણ સમુચ્ચયનો બોધ થઈ શકશે.

'प्रणम्य परमात्मानम्' એ મંગલ સ્વરૂપ શબ્દો છે તથા શબ્દો એ અભિધેય છે. સમ્યગ્જ્ઞાન એ પ્રયોજન છે. જે શ્રેયઃ સ્વરૂપ વિશેષણથી જણાય છે. અહીં સંસ્કૃતમાં પાઠ પૂર્ણ જણાતો નથી. શબ્દ એ પ્રતિપાદ્ય છે અને શાસ્ત્ર એ પ્રતિપાદક છે. આથી પ્રતિપાદ્ય-પ્રતિપાદકભાવ સ્વરૂપ સંબંધ અહીં રહેલો છે.

(श०न्या०) अर्हमित्यादि-वाक्यैकदेशत्वात् साध्याहारत्वादध्याह्रियमाणप्रणिधानलक्षण-क्रियाकर्मण उक्तत्वाद् "नाम्नः प्रथमैकद्विबहौ" [२.२.३१.] इत्युत्पन्नाया प्रथमाया अर्हँ इत्येतस्मात् सूत्रत्वाल्लुक्। तदर्थं व्याचष्टे-व्याख्या च स्वरूपाभिधेयतात्पर्यभेदात् त्रेधा, तां च **अर्हमि**तीत्यादिना दर्शयति-तत्राक्षरमिति स्वरूपम्, परमेष्ठिनो वाचकमित्यभिधेयम्, सिद्धचक्रस्येत्यादिना तात्पर्यम् । **अक्षरमि**ति-अक्षरं[1] बीजम्, तदेवाह-**आदिबीजमि**ति । कस्य तदादिबीजम् ? सिद्धचक्ररूपस्य तत्त्वस्य, सबीजनिर्बीजभेदेन तत्त्वस्य द्वैविध्यात् । यद् धर्मसारोत्तरम्-

"अक्षरमनक्षरं वै द्विविधं तत्त्वमिष्यते । अक्षरं बीजमित्याहुर्निर्बीजं चाऽप्यनक्षरम्" ॥४॥ इति ।

અનુવાદ :- હવે બૃહદ્વૃત્તિટીકાના દરેક શબ્દો સંબંધી બોધ પ્રાપ્ત કરાવે છે. 'अर्हँ' એ પ્રમાણે જે શબ્દ લખ્યો છે તે વાક્યના એકદેશ સ્વરૂપ છે. આથી અધ્યાહારથી વાક્યને પૂર્ણ કરવા માટે પ્રણિધાન સ્વરૂપવાળી ક્રિયા પ્રાપ્ત થશે. હવે પ્રણિધાન લક્ષણવાળી ક્રિયાનું કર્મ 'अर्हँ' થશે. તથા ક્રિયામાં કર્મ ઉક્ત થઈ જવાથી 'अर्हँ' શબ્દને 'नाम्नः प्रथमा...' (૨/૨/૩૧) સૂત્રથી પ્રથમાવિભક્તિ ઉત્પન્ન થશે. આ પ્રથમાવિભક્તિનો સૂત્રના સામર્થ્યથી લોપ થાય છે. ટૂંકમાં કહીએ તો 'अर्हँ'

१. 'अक्षरबीजम्' अ ।

શબ્દ એ કર્મનો વાચક છે આથી 'अर्हँ' સ્વરૂપ સૂત્રમાં સંપૂર્ણ વાક્યાર્થનો બોધ થઈ શકશે કે મારાવડે 'अर्हँ'ને નમસ્કાર કરાય છે.

હવે 'अर्हँ' શબ્દના અર્થને (અભિધેયને) કહે છે. સ્વરૂપ, અભિધેય અને તાત્પર્યના ભેદથી વ્યાખ્યા ત્રણ પ્રકારની છે. તેને 'अर्हँ' વગેરે દ્વારા બતાવે છે - 'अर्हँ इति एतद् अक्षरम्' દ્વારા સ્વરૂપથી 'अर्हँ' શબ્દની વ્યાખ્યા કરવામાં આવી. તથા 'परमेश्वरस्य परमेष्ठिनो वाचकम्' શબ્દો દ્વારા અભિધેયથી વ્યાખ્યા કરવામાં આવી તથા 'सिद्धचक्रस्यादिबीजम्' દ્વારા તાત્પર્યથી વ્યાખ્યા કરવામાં આવી.

તાત્પર્યથી 'अर्हँ' અક્ષર સિદ્ધચક્રના આદિબીજ સ્વરૂપ છે. અહીં અક્ષર પોતે જ બીજ સ્વરૂપે છે, જે સિદ્ધચક્ર સ્વરૂપ તત્ત્વના આદિબીજ સ્વરૂપ છે. તત્ત્વ બે પ્રકારના કહેવામાં આવ્યા છે સબીજ અને નિર્બીજ. અહીં 'अर्हँ' એ સબીજ તત્ત્વ છે, જે ધર્મસારોત્તરમાં કહેવામાં આવ્યું છે. તે આ પ્રમાણે છે -

"અક્ષર અને અનક્ષર એમ બે પ્રકારનું તત્ત્વ ઇચ્છાય છે. તેઓ અક્ષરને બીજ કહે છે. આથી બીજ સહિત જે તત્ત્વ છે તે સબીજ તત્ત્વ છે અને બીજ રહિત અર્થાત્ અનક્ષર સ્વરૂપ છે તે નિર્બીજ તત્ત્વ છે."

(श०न्या०) यद्वा न क्षरति-न चलति स्वस्मात् स्वरूपादक्षरं तत्त्वं ध्येयं ब्रह्मेति यावत्, वर्णं वा-द्विविधो हि मन्त्रः-कूटरूपोऽकूटरूपश्च। संयुक्तः कूट इति व्यवह्रियते, इतरोऽकूट इति, अत एव चाऽस्माद् "वर्णाव्ययात्०" [७.२.१५६.] इति कारं कुर्वते वृद्धाः 'क्षकार' इति, 'ओंकार' इति, 'हम्ल्व्यूँकार'। इति 'अकार' इतिवत् कूटेष्वेकस्यैवाक्षरस्य मन्त्रत्वात्, शेषस्य तु परिकर-त्वात्। सपरिकरो हि वर्णो मन्त्रो भवति, केवलस्यार्थक्रियाविरहात्, तस्य च बाह्याभ्यन्तरभेदेन द्वैविध्याद्, मण्डलमुद्रादेर्बाह्यत्वात्, नादबिन्दुकलादेरान्तरत्वात्, तेषामेवो-द्दीपकत्वात् तथाभूतानामेव क्रियाजनकत्वाद्, मण्डलमुद्रादीनां केवलानामपि फलजनकत्वात्, विशेषतः समुदितानां ग[1]... ... ... वाचकमिति।

અનુવાદ :- ઉપર કહેવામાં આવ્યું કે અક્ષર સ્વરૂપ તેમજ અનક્ષર સ્વરૂપ એમ બે પ્રકારનું તત્ત્વ છે. अर्हँ અક્ષર એ સિદ્ધચક્રના આદિબીજ સ્વરૂપ છે. માટે "अर्हँ" એ અક્ષર સ્વરૂપ સબીજતત્ત્વ છે. અહીં "अर्हँ"ને અક્ષર સ્વરૂપ તત્ત્વ કહ્યું. આથી વ્યુત્પત્તિ દ્વારા "यद्वा०" પંક્તિમાં આ તત્ત્વની સિદ્ધિ કરે છે. જે પોતાના સ્વરૂપથી ક્ષય પામતું નથી તે "अक्षर" સ્વરૂપ તત્ત્વ છે. આ "अक्षर" પછી तत्त्वम्, ध्येयम्, ब्रह्म શબ્દો લખ્યા છે તે બધા જ अक्षरના પર્યાયવાચક નામો

१. अत्र क पुस्तके सप्तपङ्क्त्यात्मकं त्रुटितं वर्त्तते।

છે. જ્યારે એક જ પર્યાયવાચક શબ્દ હોય ત્યારે इत्यर्थः શબ્દ લખવામાં આવે છે. દા. ત. जलम् पानीयं इत्यर्थः, પરંતુ જ્યારે એકથી વધારે પર્યાયવાચક શબ્દો લખ્યા હોય ત્યારે इति यावत् શબ્દ લખવામાં આવે છે. અહીં अक्षरम् શબ્દ લખ્યા પછી तत्त्वम्, ध्येयम्, ब्रह्मेति यावत् પંક્તિ લખી છે. આથી अक्षर શબ્દના तत्त्व, ध्येय અને ब्रह्म એ બધા જ પર્યાયવાચક શબ્દો છે એવો બોધ થાય છે. અહીં अक्षर શબ્દનો વ્યુત્પત્તિ દ્વારા જે અર્થ બતાવાયો છે તેનાથી જ જણાય છે કે જે નિત્ય હોય તે જ અક્ષર સ્વરૂપ છે. આથી અક્ષરને બીજા અર્થમાં तत्त्व પણ કહી શકાય તથા નિત્ય હોય તે જ ધ્યેય હોઈ શકે છે. માટે ધ્યેય સ્વરૂપ પણ કહી શકાશે અથવા તો ब्रह्म સ્વરૂપ પણ કહી શકાશે. अवर्णમાં જે 'अ' હોય છે એ ક્યારેય પણ અનિત્ય સ્વરૂપવાળો હોતો નથી. આમ 'अ' અક્ષર જેમ નિત્ય છે તથા પોતાના સ્વરૂપથી ચલિત થતો નથી તેમ આ 'अर्हँ' અક્ષર પણ પોતાના સ્વરૂપથી ચલિત થતો નથી. આ 'अर्हँ' અક્ષર જો લિપિ સ્વરૂપે હોય તો અલગ અલગ વર્ણોમાં વિભાજિત થઈ શકે છે તથા અલગ અલગ વર્ણ સ્વરૂપ હોય તો 'अर्हँ इति एतद् अक्षरम्'ને બદલે 'अर्हँ इति एतानि अक्षराणि' લખવું પડે. આમ 'अर्हँ' પદ અક્ષર સ્વરૂપ હોવાથી શાશ્વત છે. વળી, નિત્ય એવા પરમાત્માનો વાચક હોવાથી પણ 'अर्हँ' અક્ષર શાશ્વત છે. 'अर्हँ'ને વર્ણ સ્વરૂપે પણ કહ્યો છે. 'अर्हँ' એ તત્ત્વ સ્વરૂપ હોવાથી એક વર્ણ સ્વરૂપ છે. એક વર્ણ સ્વરૂપ હોવાથી તેને નિત્ય પણ કહી શકાય છે.

'अर्हँ' એ વર્ણ સ્વરૂપ છે, વળી, મંત્ર સ્વરૂપ પણ છે અને જે જે મંત્રો હોય તે તે વર્ણ સ્વરૂપ કહી શકાય છે. મંત્રો બે પ્રકારના છે : (૧) કૂટરૂપ તથા (૨) અકૂટરૂપ. જે સમુદાય સ્વરૂપ હોય છે તે કૂટરૂપ મંત્ર કહેવાય છે. તથા જે સમુદાય સ્વરૂપે નથી હોતા તે અકૂટરૂપ મંત્ર કહેવાય છે. આમ તો 'अर्हँ' શબ્દ વર્ણ સ્વરૂપે છે, છતાં પણ કૂટરૂપ કહ્યો છે. એના કારણમાં આચાર્ય ભગવંતશ્રી જણાવે છે કે કૂટરૂપ મંત્રમાં એક જ અક્ષર મંત્ર તરીકે હોય છે, જ્યારે બાકીના અક્ષરો પરિકર તરીકે હોય છે. માટે જ 'अर्हँ' મંત્રને કૂટરૂપ મંત્ર કહ્યો છે. 'अर्हँ' મંત્રમાં 'ह' એ મંત્ર સ્વરૂપે છે તથા બાકીના 'अ', 'रेफ' તેમજ 'बिन्दु' પરિકર સ્વરૂપે છે. પરિકર સહિતનો મંત્ર જ મંત્ર સ્વરૂપે થાય છે. 'अर्हँ' અક્ષરને બદલે પરિકર રહિત માત્ર 'ह' મંત્રનો જાપ કરવામાં આવે તો એવો મંત્ર સિદ્ધિ અપાવી શકતો નથી. હવે 'अर्हँ' એક વર્ણ સ્વરૂપે હોવાથી 'वर्णाव्ययात्०' [૭/૨/૧૫૬] સૂત્રથી સ્વરૂપ અર્થમાં 'कार' પ્રત્યય વૃદ્ધપુરુષો કરે છે. તેથી 'अर्हँकार' એ પ્રમાણે બોલી શકાય છે. જે પ્રમાણે 'अ' એક વર્ણ સ્વરૂપ હોવાને કારણે 'अकार' સ્વરૂપે બોલાય છે તે જ પ્રમાણે 'अर्हँकार' પણ સ્વરૂપ અર્થવાળો બોલી શકાય છે. 'क्षकार, हम्ल्व्र्यूँकार, ऑँकार વગેરે પણ કૂટરૂપ મંત્રો છે. પરિકર સહિતનો મંત્રજાપ જ અર્થક્રિયા કરવા માટે સમર્થ થાય છે. પરિકર રહિત એવો માત્ર 'ह' મંત્રનો જાપ કરવામાં આવે તો એવો મંત્ર અર્થક્રિયા કરવા માટે સમર્થ થતો નથી. લોકમાં ઘટ શબ્દનો અભિધેય ઘટ પદાર્થ છે. હવે આ ઘટ પદાર્થ

જો જલાધારણક્રિયા કરી શકશે તો જ ઘટ શબ્દનો વાચક ઘટપદાર્થ કહેવાશે, પરંતુ ઘટ કાણો હોય તો એવો ઘટ જલાધારણક્રિયા કરવા માટે સમર્થ થતો નથી, આથી કાણા ઘટ સ્વરૂપ પદાર્થનો વાચક ઘટ શબ્દ થઈ શકતો નથી. એ જ પ્રમાણે પરિકર વગરનો મંત્ર તત્ત્વની પ્રાપ્તિ વગેરે પ્રયોજનની સિદ્ધિ કરાવવા માટે સમર્થ થતો નથી.

જે મંત્ર પરિકર સહિત હોય છે તેના બાહ્ય અને અભ્યંતર ભેદથી બે પ્રકારો છે. મંડલ, મુદ્રા વગેરે મંત્રના બાહ્ય સ્વરૂપો છે. તથા નાદ, બિંદુ અને કલા વગેરે અભ્યંતર સ્વરૂપો છે. જ્યારે મંત્રના યંત્રો બનાવવામાં આવે છે ત્યારે તેમાં જુદાં જુદાં વર્તુળો હોય છે એ વર્તુળોને મંડલ કહેવામાં આવે છે. સિદ્ધચક્રયંત્રમાં રેખાઓથી વીંટળાયેલ મંત્રબીજોને આપણે જોઈએ છીએ. આ જે ગોળાકાર વલયો છે તે મંડલો કહેવાય છે. આ સૂત્રની ટીકામાં આગળ 'अकारादिभिः षोडशस्वरैर्मण्डलेषु षोडश रोहिण्याद्या देवता...' પંક્તિ આવે છે. ત્યાં યંત્રોના મંડલોમાં એવો મંડલ શબ્દનો અર્થ કરેલો છે. 'अर्हँ' સ્વરૂપ મંત્રનું મંડલ એ બાહ્ય સ્વરૂપ છે. મંત્રજાપ કરતી વખતે હાથની જુદી જુદી ચેષ્ટાઓ કરાય છે તે મુદ્રા કહેવાય છે. જેમ કે ગરુડમુદ્રા, મુક્તાસુક્તિમુદ્રા, યોગમુદ્રા વગેરે અનેક મુદ્રાઓ શાસ્ત્રમાં આવે છે. આ બધું જ મંત્રનું બાહ્ય સ્વરૂપ છે.

હવે, મંત્રના અભ્યંતર સ્વરૂપ બાબતમાં જણાવીએ છીએ. 'ह' વર્ણનું ઉચ્ચારણ કરતાં જે ધ્વનિ થાય છે તે નાદ કહેવાય છે. તથા 'अर्हँ' મંત્રનો જાપ કરતાં રેફનો જે ધ્વનિ છે તે કલા કહેવાય છે. તેમજ 'म्' સ્વરૂપ અનુસ્વારનો જે ધ્વનિ છે તે બિંદુ કહેવાય છે. આમ, નાદ, કલા અને બિંદુ એ મંત્રના અભ્યંતર સ્વરૂપો છે. મંત્રમાં પ્રધાન અક્ષર 'ह' છે જે નાદ સ્વરૂપે છે. તથા બિંદુ અને કલા એ પરિકર સ્વરૂપે છે. જેમ જ્યોતને ઉદ્દીપન કરનાર ઘી, કોડિયું અને દિવેટ હોય છે તેમ મંત્રને ઉદ્દીપન કરનાર નાદ, બિંદુ અને કલા હોય છે.

આવા પ્રકારનો મંત્ર જ અર્થક્રિયાનું કારણ બને છે. આમ તો માત્ર મંડલ, મુદ્રા વગેરેમાં પણ ફળને ઉત્પન્ન કરવાપણું રહેલું છે. પરંતુ વિશેષથી ફળની પ્રાપ્તિ તો બાહ્ય અને અભ્યંતર ઉભય સ્વરૂપે મંત્રજાપ કરવામાં આવે તો જ થાય છે. અહીં મંત્રનું જે અભ્યંતર સ્વરૂપ બતાવાયું છે તે બધું જ ધ્વનિ સ્વરૂપે હોય છે. જે આ પ્રમાણે છે :

મન્ત્રના અભ્યંતર સ્વરૂપો નાદ, બિન્દુ, કલા વગેરે સ્વરૂપે છે. નાદનું સ્વરૂપ આ પ્રમાણે છે - 'अर्हँ'નો જાપ કરતાં કરતાં પોતાના શરીરમાં જ ઉત્પન્ન થયેલો ધ્વનિ વાજિંત્રના અવાજની જેમ સ્વયં સંભળાય તે નાદ કહેવાય છે. તથા મંત્રોચ્ચાર વખતે અનુસ્વાર પ્લુતના ઉચ્ચારણ પછી જે ધ્વનિ ઉત્પન્ન થાય છે તે બિન્દુ કહેવાય છે અર્થાત્ બિન્દુનું ઉચ્ચારણ રણકાર સ્વરૂપ છે. 'म्' વગેરે પ્લુત અક્ષરોના ઉચ્ચારણ પછી જે રણકારનો આરંભ થાય છે તે બિન્દુ કહેવાય છે. તથા કુંડલિનીનું ઊર્ધ્વગમન થવાથી અન્ય કોઈની પણ સહાય વિના સમાધિ પ્રાપ્ત થાય છે

તેને કલા કહેવામાં આવે છે. નાદ સ્વરૂપ ધ્વનિ ધ્યાતાનો આત્મા જ સાંભળે છે અને આ નાદના પ્રભાવે પ્રાણ-શક્તિ સુષુમ્ણાનાડીમાં પ્રવેશ પામે છે તે સમયે ધ્યાતા આત્મસ્વરૂપનું દર્શન કરવા માટે તત્પર થાય છે. આથી તેની પ્રાણશક્તિ ષટ્ચક્રોનું ભેદન કરીને બ્રહ્મરંધ્રમાં પહોંચી જાય છે અને ત્યાં આત્મા આત્માને આત્મારૂપે અનુભવતો હોય છે. આ જ સ્વાત્માનુભૂતિ છે. હવે તેનો જન્મ-મરણનો ભય નામશેષ થઈ જાય છે. અમે જે ઉપરોક્ત સ્વરૂપવાળી આત્માનુભૂતિનું વર્ણન કર્યું છે તે પૂજ્ય શ્રી ચિદાનંદજી મ. સા. એ એક આધ્યાત્મિક પદમાં કર્યું છે.

"સોહં સોહં સોહં સોહં સોહં સોહં રટના લગીરી ...
ઈંગલા પિંગલા સુષુમના સાધકે, અરુણપતિથી પ્રેમ પગીરી...
વંકનાલ ષટ્ચક્ર ભેદકે, દશમ-દ્વાર શુભ જ્યોતિ જગીરી...
ખુલત કપાટ ઘાટ નિજ પાયો, જનમ જરા ભય-ભીતિ ભગીરી...
કાચ શકલ તજ ચિંતામણિ લઈ, કુમતિ કુટિલકું સહજ ઠગીરી...
વ્યાપક સકલ સ્વરૂપ લખ્યો ઈમ, જિમ નભ મે મગ લહત ખગીરી...
ચિદાનંદ આનંદમય મૂરતિ નિરખ પ્રેમભર બુદ્ધિ થગીરી..."

આ પ્રમાણે બાહ્ય અને અભ્યંતર સ્વરૂપવાળો મંત્ર જ ઈષ્ટ ફળની પ્રાપ્તિ કરાવી શકશે. આમ તો માત્ર મંડલ, મુદ્રા વગેરે પણ ફળને ઉત્પન્ન કરી શકશે. પરંતુ વિશેષથી ફળની ઉત્પત્તિ તો બાહ્ય અને અભ્યંતર ભેદનો (પ્રકાર) સમૂહ જ કરી શકશે.

હવે પછી સાત પંક્તિઓ હસ્તલિખિત પ્રતોમાં મળતી નથી એવું અહીં જણાવવામાં આવ્યું છે.

આ પ્રમાણે 'अर्हँ' અક્ષર એ પરમેશ્વર સ્વરૂપ પરમેષ્ઠીનો વાચક છે.

(श०न्या०) "देवतानां गुरूणां च नाम नोपपदं विना ।
उच्चरेन्नैव जायायाः कथञ्चिन्नात्मनस्तथा" ॥५॥

इति वचनाद् निरुपपददेवतानामोच्चारणस्य प्रतिषेधात्, प्रतिषिद्धाचरणे च प्रायश्चित्तोपदेशात्, सोपपददेवतानामोच्चारणस्यैव प्राप्तत्वात्, अन्यस्य च श्रीप्रभृतेरुपपदस्य तुच्छत्वेन तथाविध-वैशिष्ट्याप्रतिपादकत्वाद् वैशिष्ट्यप्रतिपादनार्थं तस्य **परमेश्वरस्य** इत्युपपदमुपन्यस्यति । परमं यदैश्वर्यमणिमादि यच्च परमयोगर्द्धिरूपं तद्वान् परमेश्वरः, यथा महाराज इति, अत्र हि महत्त्वं, गुणं विशिंषद् द्रव्यं विशिनष्टीति । **परमेष्ठिन** इति–परमे पदे तिष्ठति यः स परमेष्ठी, अनेन च सविशेषणेन सकलरागादिमलकलङ्कविकलो योगक्षेमविधायी शस्त्राद्युपाधिरहितत्वात् प्रसत्तिपात्रं

ज्योतीरूपं देवा-धिदेवः सर्वज्ञः पुरुषविशेषः। यदाह-

"रागादिभिरनाक्रान्तो योगक्षेमविधायकः। नित्यं प्रसत्तिपात्रं यस्तं देवं मुनयो विदुः" ॥६॥

અનુવાદ :- હવે "परमेश्वरस्य परमेष्ठिनो वाचकम्" પદો સંબંધી સ્પષ્ટતા કરે છે.

દેવતા અને ગુરુઓનાં નામ ઉપપદ વિના બોલાય નહીં તથા પત્નીનું નામ તેમજ પોતાનું નામ પણ ક્યારેય બોલવું જોઈએ નહીં. કાશીમાં ભણાવનાર પંડિતજીઓ જ્યારે કોઈ પાસે જતા હતા ત્યારે તેઓ પોતાનું નામ ક્યારેય પણ બોલતા નહોતા. તેમની સાથે રહેલી વ્યક્તિ જ એ પંડિતજીનું નામ જણાવતી હતી. રાજાઓ જ્યારે પણ રાણીને બોલાવતા હતા ત્યારે પણ રાણીનું નામ ક્યારેય પણ બોલતા નહોતા. કલ્પસૂત્રમાં ચૌદ સ્વપ્નનાં વર્ણનમાં ત્રિશલા માતા જ્યારે સિદ્ધાર્થ રાજા સાથે સ્વપ્ન બાબતમાં ચર્ચા કરી રહ્યા હોય છે ત્યારે સિદ્ધાર્થ રાજા "हे देवानु-प्रिये!" વગેરે ઉપનામોથી જ સંબોધન કરતા હતા.

ઉપપદ વિના દેવતાઓના નામના ઉચ્ચારણનો પ્રતિષેધ છે. પ્રતિષેધનું આચરણ કરવામાં આવે તો પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે. આથી ઉપપદ સહિત જ દેવતાઓનું નામ પ્રાપ્ત થાય છે. 'श्री' વગેરે ઉપપદો તેવા પ્રકારના વિશિષ્ટને ન બતાવી શકતાં હોવાથી તુચ્છ છે. તેથી જ પરમેષ્ઠીની વિશિષ્ટતા બતાવવા માટે 'परमेश्वर' સ્વરૂપ ઉપપદને ગ્રહણ કર્યું છે.

હવે परमेश्वर સ્વરૂપ વિશેષણનો અર્થ બતાવે છે. જે અણિમા વગેરે લબ્ધિ સ્વરૂપ ઐશ્વર્ય છે તથા યોગની ઋદ્ધિવાળા જે છે તે પરમેશ્વર કહેવાય છે. અર્થાત્ અણિમા વગેરે લબ્ધિ અને યોગની ઋદ્ધિવાળા જે છે તે શ્રેષ્ઠ કહેવાય છે. દા.ત. કોઈક વ્યક્તિને મહારાજ કહીએ તો તે વ્યક્તિ મહત્ત્વગુણથી વિશિષ્ટ કહેવાય છે. એ પ્રમાણે પરમેશ્વર શ્રેષ્ઠ અર્થનું વાચક છે.

હવે परमेष्ठिनः શબ્દ સંબંધમાં વિશેષતા બતાવે છે. 'परम' પદમાં જે વર્તે છે તે परमेष्ठी છે. વિશેષણ (પરમેશ્વરસ્ય) સહિત એવા આનાવડે (પરમેષ્ઠીવડે) સકલ રાગાદિ કલંકથી રહિત, યોગક્ષેમને કરનારા તથા શસ્ત્ર વગેરે ઉપાધિથી રહિત હોવાથી પ્રશંસાને પાત્ર તથા જ્યોતિ સ્વરૂપ એવા દેવાધિદેવ સર્વજ્ઞપુરુષ કહેવાય છે. કહ્યું પણ છે કે :

"જે રાગાદિથી ગ્રસ્ત ન હોય, યોગક્ષેમને કરનારા હોય તથા હંમેશાં પ્રશસ્તિને પાત્ર હોય તેને મુનિઓ દેવ કહે છે."

(श०न्या०) मन्त्रकल्पे हि मन्त्रवर्णानां वाचकत्वेन कीर्तनाद् **वाचकमित्युक्तम्**। यथा 'अ-सि-आ-उ-सा' इति बीजपञ्चकं पञ्चानामर्हदादीनाम्, ड-र-ल-क-श[१]-ह-यमिति आधारा[२]-

१. '०क-स-ह०' अ। २. आधारादिसप्तदेव्यो डाकिनी-राकिनी-लाकिनी-काकिनी-शाकिनी-हाकिनी-याकिनीरूपाः।

दिसप्तदेवीनाम्, तथा अकारादिभिः षोडशस्वरैर्मण्डलेषु षोडश रोहिण्याद्या देवता अभिधीयन्ते, ततस्तासां प्रतीतेरिति ।

અનુવાદ :- 'अर्हँ' શબ્દનો અર્થ જણાવતાં ગ્રંથકારશ્રી જુદા જુદા વિશેષણોને જણાવે છે. જેમાં સૌ પ્રથમ વિશેષણ તરીકે "परमेश्वरस्य परमेष्ठिनो वाचकम्" લખ્યું છે. અહીં 'अर्हँ' પદને વાચક શા માટે કહ્યું ? એવી જિજ્ઞાસાનાં સંદર્ભમાં આચાર્ય ભગવંતશ્રી લખે છે કે મંત્રકલ્પમાં મંત્રોનાં વર્ણો વાચક તરીકે કહ્યા છે. આથી 'अर्हँ' મંત્રને પણ અમે વાચક તરીકે જ કહીએ છીએ. શબ્દોમાં બે શક્તિ હોય છે (૧) વાચકશક્તિ અને (૨) દ્યોતકશક્તિ. ઉપસર્ગો તથા અવ્યયોમાં ઘણું કરીને દ્યોતકશક્તિ હોય છે. દા. ત. "अहो" અવ્યય આશ્ચર્ય અર્થનો દ્યોતક છે. અહીં "अहो"નો અર્થ આશ્ચર્ય નથી, પરંતુ "अहो" અવ્યય સાથે જે હકીકતો લખી હશે તેમાં આશ્ચર્ય અર્થ જણાશે. દા. ત. "अहो त्वं, आगच्छ !" અહીં "તું આવ્યો" સ્વરૂપ અર્થમાં આશ્ચર્ય જણાય છે, પરંતુ "अहो" શબ્દનો વાચ્યાર્થ આશ્ચર્ય નથી. આથી "अहो" અવ્યયમાં દ્યોતકશક્તિ રહેલી છે. આવી દ્યોતકશક્તિ 'अर्हँ' મંત્રમાં રહેલી નથી. કારણ કે 'अर्हँ' મંત્ર પોતે જ પરમેશ્વર સ્વરૂપ પરમેષ્ઠી અર્થને જણાવે છે. આમ, 'अर्हँ' મંત્રમાં પરમેશ્વર સ્વરૂપ પરમેષ્ઠી અર્થની વાચકશક્તિ રહેલી છે. તેથી જ આચાર્ય ભગવંતશ્રીએ 'अर्हँ' મંત્રને વાચક તરીકે કહ્યો છે.

જે પ્રમાણે "अ-सि-आ-उ-सा" એ બીજપંચક અરિહંત, સિદ્ધ, આચાર્ય વગેરેનું વાચક છે તથા "ड-र-ल-क-श-ह-य" આ સાત વર્ણો આધાર વગેરે સાત દેવીઓનાં વાચક છે. આધાર વગેરે સાત દેવીઓ આ પ્રમાણે છે - डाकिनी, राकिनी, लाकिनी, काकिनी, शाकिनी, हाकिनी અને याकिनी તથા अ-आ-इ.... अं-अः વગેરે સોળ સ્વરો વડે મંડલોમાં રોહિણી વગેરે સોળ દેવીઓ કહેવાય છે. એ જ પ્રમાણે અહીં 'अर्हँ' પદથી પણ અરિહંત પરમાત્મા સ્વરૂપ પદાર્થ જણાય છે. આથી 'अर्हँ' પદને પરમેશ્વર સ્વરૂપ પરમેષ્ઠીનાં વાચક તરીકે કહ્યું છે.

(श०न्या०) तात्पर्यस्य चाभिधानपृष्ठभावित्वात् **सिद्धचक्रस्यादिबीजमि**त्यादिना पश्चादुच्यते। समयप्रसिद्धस्य चक्रविशेषस्य निरूढमभिधानम् । यद्वा सिध्यन्ति निष्ठितार्था भवन्ति लोकव्यापिसमये कलारहितमिदमेव तत्त्वं ध्यायन्तोऽस्मादिति "बहुलम्" [५.१.२.] इति क्ते ततो विशेषणसमासे सिद्धचक्रम् । एतच्च तत्र[1] तत्र व्यवस्थितपरमाक्षरध्यानाद् "योगर्द्धिप्राप्ता[2] यस्मात् सिद्धिः" इत्युच्यते इति सूपपादं सिद्धत्वमस्य चक्रस्येति। तस्येदमर्हंकारं प्रथमं बीजम्, बीज-साधर्म्याद् बीजम् । यथाहि-बीजं प्रसव-प्ररोह-फलानि प्रसूते, तथेदमपि पुण्यादिप्ररोह-भुक्ति-मुक्तिफलजनकत्वाद् बीजमित्युच्यते । सन्ति पञ्चान्यन्यान्यपि ह्रौँकारादीनि बीजानि

१. "०च्च तत्र व्य०" अ । २. 'प्राप्तावस्मात्' अ ।

तदपेक्षयोऽस्य प्राथम्यम्, प्रथमं साधूनामितिवत् प्रथममग्रणीभूतं व्यापकमित्यर्थः। व्यापकत्वं चास्य सर्व-बीजमयत्वात्, इदमेव हि बीजम्, 'अधोरेफ-आ-ई-ऊ-औ-अं-अः' एतैर्युक्तं बीजं भवतीति व्यापकत्वमस्य। यदिवा परसमयसिद्धानां **त्रैलोक्यविजया-घण्टार्गल-स्वाधिष्ठान**[1]-**प्रत्यङ्गिरादीनां** चक्राणामिदमेव हकारलक्षणं प्रधानं बीजमिति। अथवा अकारादि-क्षकारान्तानां पञ्चाशतः सिद्धत्वेन प्रसिद्धानां[2] यच्चक्रं समुदायस्तस्य प्रधानमिदमेव बीजम्।

અનુવાદ :- વાચકનું કથન થઈ ગયા પછી તાત્પર્યનું કથન થઈ શકે છે એવો નિયમ હોવાથી अर्हँ શબ્દની તાત્પર્યથી વ્યાખ્યા કરવામાં આવે છે. अर्हँ અક્ષર એ સિદ્ધચક્રનું આદિબીજ છે. સિદ્ધચક્ર એ સિદ્ધાન્તમાં પ્રસિદ્ધ ચક્રવિશેષનું રૂઢનામ છે અથવા તો એ જ अर्हँ લોકવ્યાપી સમયે (સમુદ્ઘાતના ચોથા સમયે લોક વ્યાપી બનેલાં) કલા રહિત ધ્યાન કરનારા મહાત્માઓને ધ્યાન કરતાં સિદ્ધ થાય છે માટે જ सिद्ध કહ્યું છે. જેનાવડે ધ્યાન કરાય છે એવા અર્થમાં सिध् ધાતુને "बहुलम्" (૫/૧/૨) સૂત્રથી ભૂત-કૃદન્તનો 'क्त' પ્રત્યય થતાં 'सिद्ध' શબ્દ પ્રાપ્ત થાય છે. તથા सिद्ध અને चक्र વચ્ચે કર્મધારય સમાસ થવાથી सिद्धचक्र શબ્દ પ્રાપ્ત થાય છે. અથવા તો આ ચક્રમાં રહેલા પરમાક્ષરોના (अँ, रिँ, हँ, तँ, सिँ, द्धँ, आँ, यँ, रिँ, यँ, उँ, वँ, ज्झाँ, यँ, साँ, हूँ ના) ધ્યાનથી યોગની ઋદ્ધિઓ પ્રાપ્ત થતાં સિદ્ધિ થઈ એમ કહેવાય છે. તેથી ચક્રનું સિદ્ધપણું સ્પષ્ટ જ છે. તે સિદ્ધચક્રનું આ अर्हँकार પ્રથમ બીજ છે. જે રીતે ધાન્યનું બીજ હોય અને એવા બીજમાંથી ધાન્યની નિષ્પત્તિ થાય છે. એની સમાનતાવાળું આ अर्हँकार બીજ પણ છે. જેમ બીજમાંથી ફણગો, અંકુરો અને ફળ ઉત્પન્ન થાય છે, તેમ આ अर्हँकार બીજના ધ્યાનથી પણ પુણ્યાનુબંધી પુણ્ય, ભક્તિ અને મુક્તિ પ્રાપ્ત થાય છે. તેથી अर्हँ પણ બીજ કહેવાય છે. આમ, अर्हँ આદિબીજ છે. એનું તાત્પર્ય આ પ્રમાણે છે -

આ अर्हँ પદને બીજ સ્વરૂપે કહ્યું છે. બીજની સમાનતા આ પદમાં હોવાથી આ પદને બીજ સ્વરૂપ કહ્યું છે. જે વસ્તુ અંતિમ ફળ સુધી પહોંચાડવા માટે સમર્થ હોય તેને બીજ કહેવાય છે. વ્યવહારમાં કોઈક વ્યક્તિ બીજનું વાવેતર કરે છે ત્યારબાદ તેમાંથી અંકુર વગેરે ક્રમે વૃદ્ધિ થતાં ફલની પ્રાપ્તિ કરે છે. એ જ પ્રમાણે अर्हँ મંત્ર પણ બીજ સ્વરૂપે છે. આ મંત્ર બીજ સ્વરૂપે હોવાથી જ અંતિમ ફળ - મુક્તિ સુધીની પ્રાપ્તિ આ अर्हँ પદ દ્વારા જ થાય છે. अर्हँ મંત્રમાં મુખ્ય મંત્રાક્ષર हकार છે અને એ બીજ સ્વરૂપે પણ છે. આ મંત્ર બીજ સ્વરૂપે હોવાથી ક્રમશઃ અન્ય અન્ય ઉચ્ચ ફળોની પ્રાપ્તિ થાય છે.

મંત્રશાસ્ત્રોમાં પાંચ અન્ય બીજો પણ સંભવે છે - ह्राँ, ह्रीँ, हूँ, ह्रौँ, ह्रँः. આ બધા બીજોમાં अर्हँ

१. '०स्वधिष्ठान०' अ। २. '०नां च तत्सङ्ख्यानां स०' अ।

બીજ એ પ્રધાન બીજ છે. જેમ ઘણા બધા સાધુઓમાંથી કોઈક સાધુ ભગવંત મુખ્ય હોય છે તેમ અહીં પણ ઉપરોક્ત છ બીજોમાંથી अर्हँ બીજ એ મુખ્ય બીજ છે. વળી, આ अर्हँ બીજનું વ્યાપકપણું પણ છે. જે બીજ બધામાં વ્યાપીને રહ્યું હોય તે બીજ વ્યાપક કહેવાય છે. अर्हँ શબ્દમાં हकार બીજ એ મંત્ર સ્વરૂપે છે અને આ જ हकार ह्राँ, ह्रीँ વગેરે મંત્રોમાં પણ રહ્યો છે. ह्राँ, ह्रीँ વગેરે મંત્રોમાં રેફ નીચે છે તથા आ, ई, ऊ, औ, अं, अः વર્ણોથી યુક્ત हकार બીજ છે. આમ અધોરેફ તથા आ, ई, ऊ વગેરે પરિકર સહિત આ બધા જ મંત્રોમાં हकार મંત્ર સ્વરૂપે છે અને આ જ हकार अर्हँમાં પણ રહ્યો છે. માટે જ अर्हँ મંત્રનો हकार બધા જ મંત્રોમાં વ્યાપીને રહ્યો છે, તેવું કહી શકાય છે. આમ, સિદ્ધચક્રનું આદિબીજ આ अर्हँ સ્વરૂપ મંત્ર છે, એવું ફલિત થાય છે. અન્ય દર્શનશાસ્ત્રોમાં પ્રસિદ્ધ એવા ત્રૈલોક્યવિજયા, ઘંટાર્ગલ, સ્વાધિષ્ઠાન, પ્રત્યંગિરા વગેરે ચક્રોમાં પણ આ हकार સ્વરૂપ બીજ જ પ્રધાન બીજ છે. અથવા તો अकार થી શરૂ કરીને क्षकार સુધી પચાસ વર્ણો છે, જે સિદ્ધ થયેલાં છે. એ પચાસ વર્ણોનું જે ચક્ર અથવા તો સમુદાય તેમાં આ हकार સ્વરૂપ બીજ જ પ્રધાન બીજ છે. આમ, अर्हँ મંત્ર એ સિદ્ધચક્રનાં આદિબીજ તરીકે સિદ્ધ થાય છે.

(श०न्या०) पुनर्विशेषणद्वारेण तस्यैव प्राधान्यमाह-**सकलागमोपनिषद्भूतम्**—सकलस्य द्वादशाङ्गस्य गणिपिटकरूपस्यैहिकामुष्मिकफलप्रदस्याऽऽगमस्योपनिषद्भूतं रहस्यभूतम्, पञ्चानां परमेष्ठिनां यानि 'अ[१]-सि-आ-उ-सा'लक्षणानि पञ्च बीजानि, यानि च अरिहन्तादिषोडशाक्षराणि[२] तान्येव द्वादशाङ्गस्योपनिषदिति। यदाह पञ्चपरमेष्ठिस्तुतौ—

"सोल[३]सपरमक्खरबीअबिंदुगब्भो जगुत्तमो जो उ।
सुअबारसंगबाहिरमहत्थपुव्वत्थपरमत्थो" ॥७॥

यदिवा सकला ये आगमाः पूर्व-पश्चिमाम्नायरूपास्तेष्वपि परमेश्वरपरमेष्ठिवाचकमर्हमिति तत्त्वमुपनिषद्रूपेण प्रणिधीयते इति, सकलानां स्वसमय-परसमयरूपाणामागमानामुपनिषद्भूतं भवतीति

અનુવાદ :- હવે ફરીથી અન્ય વિશેષણ દ્વારા अर्हँની જ પ્રધાનતાને કહે છે. સકળ દ્વાદશાંગરૂપ આગમનું આ રહસ્યભૂત પદ છે. આલોક અને પરલોક સંબંધી ફળને આપનાર બાર અંગ સ્વરૂપ આગમનું રહસ્યભૂત એવું આ अर्हँ પદ છે. પાંચ પરમેષ્ઠીના 'अ - सि - आ - उ - सा' સ્વરૂપ જે પાંચ બીજો છે અને અરિહંત વગેરે પાંચના સોળ અક્ષરો છે તે બાર અંગોનું રહસ્ય

१. 'अरिहन्त-सिद्ध-आयरिय-उवज्झाय-साहू' इति **योगशास्त्रटीका**याम्। २. 'अरहन्त' **अं**।

३. षोडशपरमाक्षर-बीजबिन्दुगर्भः जगदुत्तमो यस्तु। श्रुतद्वादशाङ्गबाह्यमहार्थपूर्वार्थपरमार्थः॥

છે. એ જ પ્રમાણે યોગશાસ્ત્રની ટીકામાં અરિહંત સિદ્ધ, આચાર્ય વગેરેના સોળ અક્ષરો કહેવાયા છે, જે બાર અંગના રહસ્યભૂત છે.

પંચપરમેષ્ઠીની સ્તુતિમાં આ જ વસ્તુ કહી છે. અરિહંત વગેરે પદોના જે સોળ અક્ષરો છે (બીજ સ્વરૂપે છે) તથા બિન્દુ જેના ગર્ભમાં છે એવી જગત્‌ની ઉત્તમ વસ્તુઓ જે છે તેમાં अर्हँ એ શ્રેષ્ઠ પદ છે. શ્રુતના બાર અંગો એનું બાહ્ય સ્વરૂપ છે તથા ચૌદપૂર્વના અર્થો એનું પરમાર્થ સ્વરૂપ છે. અથવા તો અર્વાચીન અને પ્રાચીન પરંપરાનાં જે આગમો છે, તેઓમાં પણ પરમેશ્વર સંબંધી પરમેષ્ઠિનું વાચક अर्हँ એ પ્રમાણે તત્ત્વ રહસ્યપણાંથી કહેવાય છે. આથી જ પોતાના શાસ્ત્ર અને બીજાના શાસ્ત્રો સ્વરૂપ જે સકલ આગમો છે તે બધા જ આગમોના રહસ્યભૂત આ अर्हँ પદ છે.

(श०न्या०) फलार्थिनां सेवाप्रवृत्त्यङ्गभूतां योगक्षेमशालितामस्योपदर्शयन् लब्धपरिपालन-मन्तरेणालब्धलाभस्याकिञ्चित्करत्वात् क्षेमोपदर्शनपूर्वकं योगमुपदर्शयति-**अशेषविघ्नविघात-निघ्नमखिलदृष्टादृष्टफलसंकल्पद्रुमोपमम**मित्यनेनेति-[अशेषाः-]कृत्स्ना ये विघ्नाः सत्क्रिया-व्याघातहेतवस्तेषां विशेषेण हननं समूलकाषं कषणम्, तथाऽसौ विघ्नान् विहन्ति यथैते न पुनः प्रादुःषन्ति, विशब्देन घातविशेषणाच्चायमर्थलाभः, अशेषशब्देन तद्विशेषणाद् वेति, तत्र [निघ्नम्-] परवशम् । यथा मदजलधौतगण्डस्थलो मदपारवश्यादगणितस्वपरविभागो गजः समूलवृक्षाद्युन्मूलने लम्पटो भवति, एवमयमपि परमाक्षरमहामन्त्रो ध्यानावेशविवशीकृतो विघ्नो-न्मूलने प्रभविष्णुर्भवति ।

અનુવાદ :- હવે આચાર્ય ભગવંત "अशेषविघ्नविघात... कल्पद्रुमोपमम्" વિશેષણ સંબંધમાં કહે છે. ફલના પ્રયોજનવાળાઓની સેવા પ્રવૃત્તિના કારણભૂત એવા આ પદના યોગક્ષેમ સ્વભાવપણાંને બતાવે છે. અર્થાત્ જે જે ફળના પ્રયોજનવાળા છે, તેઓ આ પદનું આલંબન શા માટે લેશે એનું કારણપણું જણાવવા માટે હવે પછીનું વિશેષણ જણાવાય છે. પ્રાપ્ત થયેલાંનાં રક્ષણ વિના નહિ પ્રાપ્ત થયેલાની પ્રાપ્તિ થવી એ નિરર્થક છે. આથી ક્ષેમને બતાવવા પૂર્વક યોગને બતાવે છે. તાત્પર્યથી તો આ વિશેષણ દ્વારા अर्हँ પદનું યોગક્ષેમ સ્વભાવવાળાપણું જ બતાવવું છે.

હવે વિશેષણના તમામ શબ્દો સંબંધી વિશેષતાને બતાવે છે. अशेष અને विघ्न વચ્ચે કર્મધારય સમાસ છે. अशेष એટલે સંપૂર્ણ તથા સત્‌ક્રિયાના નાશમાં જે કારણો છે એ વિઘ્નો કહેવાય છે. હવે विघात એટલે વિશેષથી નાશ કરવો. આ વિઘ્નો એવી રીતે નાશ કરાશે જે ફરીથી ઉત્પન્ન થશે નહીં. विघातમાં वि ઉપસર્ગ છે. એ वि શબ્દવડે ઉપરોક્ત ઘાતનો વિશેષ અર્થ પ્રાપ્ત થયો

છે. અથવા તો વિઘ્નોને જે अशेष વિશેષણ લાગ્યું છે, તેનાથી પણ ઘાતનો ઉપરોક્ત અર્થ પ્રાપ્ત થાય છે. તથા 'निघ्नम्'નો પરવશ અર્થ થાય છે. આમ, આ વિશેષણનો સંપૂર્ણ અર્થ આ પ્રમાણે થશે. સંપૂર્ણ વિઘ્નોને નાશ કરવામાં તત્પર એવું આ अर्हँ પદ છે. આ જ સંદર્ભમાં એક લૌકિક ઉદાહરણ આપે છે. જેમ મદરૂપી જળથી પક્ષાલન કરાયેલા ગંડસ્થળવાળો હાથી સ્વ અને પરના વિભાગને નહીં ગણતો એવો મૂલ સહિત વૃક્ષને ઉખાડવામાં વિલાસી થાય છે એ જ પ્રમાણે આ अर्हँ અક્ષરના ધ્યાનથી પરવશ કરાયેલો એવો આ अर्हँ સ્વરૂપ મન્ત્ર પણ સંપૂર્ણ વિઘ્નોને નાશ કરવા માટે સમર્થ થાય છે.

(श०न्या०) तथा [**अखिले**त्यादि-] अखिलानि संपूर्णानि यानि दृष्टानि च चक्रवर्तित्वादीनि वा[1]दृष्टानि स्वर्गापवर्गरूपाणि फलानि तेषां संकल्पे संपादने कल्पवृक्षेणोपमीयते यत् तत् तथा। व्यवहारसंदृष्ट्याऽयमुपमानोपमेयभावः, लोके तस्य कल्पितफलदातृत्वेन प्रसिद्धत्वात्, अस्य तु सङ्कल्पातीतफलप्रदायित्वात् । यद्वा दृष्टात् क्रियाविशेषाद् यत् फलम्—

"क्रियैव फलदा पुंसाम्" (स्याद्वादरत्नाकरे पृ. ११०६ ।)

इत्युक्ते(क्तेः) तथैव दर्शनत्वे(नाच्च), न हि क्रियाविरहिता एवमेवोदासीनाः फलानि समश्नुवते; यच्चादृष्टात् पुण्यविशेषादखिलं फलं तस्य सङ्कल्पः, शेषं पूर्ववत्। त्रिविधं हि फलम्-किञ्चित् क्रियाजं मनुष्यादीनां व्यापारविशेषात् कृषि-पाशुपाल्य-राज्यादि, किञ्चिद्धि पुण्यादेव व्यापाराभावशालिनां कल्पातीतदेवानाम्, किञ्चिदुभयजं व्यन्तरादीनाम्। यदिवा दृष्टा[2]नां प्रत्यक्षेणोपलब्धानां मनुजादीनामदृष्टानां चानुमानगम्यानामखिला ये फले सम्पूर्णाः कल्पा एकहेलयैव समुदिता ईषदूनास्ते (ते)षां कल्पो वा विधा[3]नं स एव प्रसरणशीलत्वेन द्रुमः-पादपः स उप सामीप्येन मीयते परिच्छिद्यतेऽनेनेति, एवं हि तस्य परिच्छेदो भवति-यद्येकहेलयैव तत्सङ्कल्पानां सम्पादनं भवति, तत्समर्थं चेदं बीजमिति माहात्म्यविशेषश्चान्येभ्यो महामन्त्रेभ्योऽस्य मन्त्रराजस्यानेन विशेषणेन ख्याप्यते।

અનુવાદ :- હવે, આચાર્ય ભગવંત अर्हँ પદના બીજા વિશેષણ "अखिलदृष्टादृष्टफल-संकल्प-कल्पद्रुमोपमम्" સંબંધમાં વિવેચન કરે છે. આ વિશેષણને આચાર્ય ભગવંત ત્રણ પ્રકારે ખોલે છે. अखिल એટલે સંપૂર્ણ. સંપૂર્ણ એવા દષ્ટ અને અદષ્ટ ફળો આવો અર્થ अखिलदृष्टादृष्टफल" સુધીની પંક્તિનો થશે. હવે દષ્ટ ફળ તરીકે ચક્રવર્તીપણું વગેરે સમજવા તથા અદષ્ટફળ તરીકે સ્વર્ગ, મોક્ષ વગેરે ફળો સમજવા. હવે अखिलदृष्टादृष्टफल પદનો संकल्प પદ સાથે ષષ્ઠી તત્પુરુષ

१. 'दृष्टानीति ?' अ। २. 'दृष्टादीनां ' अ। ३. 'विधानतः एव' अ।

સમાસ થાય છે. संकल्पનો અર્થ પ્રાપ્ત કરવું એવો થાય છે અને संकल्प અને कल्पद्रुम આ બે પદોનો સપ્તમી તત્પુરુષ સમાસ થાય છે. कल्पद्रुमનો અર્થ કર્યો છે કલ્પવૃક્ષ.

આથી આ વિશેષણનો સંપૂર્ણ અર્થ આ પ્રમાણે થશે. સંપૂર્ણ એવા ચક્રવર્તી વગેરે દષ્ટફળો અને સ્વર્ગ, મોક્ષ વગેરે અદષ્ટફળોની પ્રાપ્તિમાં કલ્પવૃક્ષની સાથે જેની ઉપમા અપાય છે એવું આ अर्हँ પદ છે. વ્યવહારદષ્ટિથી આ ઉપમાન-ઉપમેયભાવ છે. ઉપમેય હંમેશાં અધિકગુણવાળું હોય છે અને ઉપમાન ન્યૂન ગુણવાળું હોય છે. ઉપમાન ન્યૂનગુણવાળું છે એના સંદર્ભમાં આચાર્ય ભગવંતે હેતુ આપ્યો છે કે કલ્પવૃક્ષની વિચારેલ ફળને આપવાપણાંથી પ્રસિદ્ધિ છે. અર્થાત્ કલ્પવૃક્ષ તો વિચારેલ ફળ જ આપી શકે છે. આથી ઉપમાન સ્વરૂપ કલ્પવૃક્ષ તો ન્યૂનગુણવાળું છે.જ્યારે ઉપમેય સ્વરૂપ अर्हँ પદ તો વિચારેલ ફળથી પણ અધિક ફળને આપનારું છે આથી ઉપમેય સ્વરૂપ अर्हँ પદ અધિક ફળવાળું છે. આ अर्हँ પદ જેનો વિચાર નથી કર્યો એવા મોક્ષ વગેરે ફળને પણ આપે છે. ઉપમાન-ઉપમેયભાવ બે પદાર્થોમાં હિનાધિકતા હોય ત્યારે જ કરી શકાય છે. માટે જ ન્યાસમાં પંક્તિઓ લખવામાં આવી છે કે વ્યવહારદષ્ટિથી આ ઉપમાન-ઉપમેયભાવ છે.

હવે दृष्ट અને अदृष्टની બીજી વ્યાખ્યા કરવા દ્વારા આ વિશેષણને બીજી રીતે જણાવે છે. यद्वा दृष्टात् ... પંક્તિ દ્વારા બીજો અર્થ જણાવાય છે. दृष्टात् એટલે ક્રિયાવિશેષથી. અર્થાત્ ક્રિયાવિશેષથી જે ફળ મળે તે દષ્ટફળ કહેવાય. સ્યાદ્વાદરત્નાકરમાં લખ્યું છે કે "પુરુષોને ક્રિયા જ ફળ દાયક હોય છે" આથી સ્યાદ્વાદરત્નાકરના આ વચનથી ક્રિયાવિશેષથી જે ફળ મળે તે દષ્ટફળ કહેવાય છે. જગતમાં એવું દેખાય પણ છે કે જે લોકો ક્રિયા કરે છે તેમને જ ફળની પ્રાપ્તિ થાય છે, જે લોકો ક્રિયા રહિત છે એવા ઉદાસીન લોકો ફળોને પ્રાપ્ત કરી શકતાં નથી.

તથા अदृष्ट એટલે પુણ્યવિશેષથી જે સંપૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે એવો અર્થ કરવો. આથી दृष्ट અને अदृष्टનો નવો અર્થ કરવા દ્વારા આ વિશેષણનો સંપૂર્ણ અર્થ આ પ્રમાણે થશે. સંપૂર્ણ એવા ક્રિયાવિશેષથી અને પુણ્યવિશેષથી જે ફળો છે તે ફળોની પ્રાપ્તિમાં કલ્પવૃક્ષની સાથે જેઓની ઉપમા અપાય છે તેવું આ अर्हँ પદ છે.

આ અભિપ્રાય પ્રમાણે ફળો ત્રણ પ્રકારના થશે. કેટલાંક ક્રિયાથી ઉત્પન્ન થનારા ફળો થશે. દા.ત. મનુષ્ય વગેરેના વ્યાપાર વિશેષથી જે ફળોની પ્રાપ્તિ થાય છે તેવા ખેતી, પશુપાલન, રાજ્ય વગેરે સ્વરૂપ ફળો ક્રિયાથી ઉત્પન્ન થનારા ફળો કહેવાશે.

કેટલાંક પુણ્યથી જ ઉત્પન્ન થનારા ફળો હોય છે. દા.ત. વ્યાપારના અભાવવાળા કલ્પાતીત દેવોને જે ફળોની પ્રાપ્તિ થાય છે તે પુણ્યથી જ ઉત્પન્ન થનારા ફળો કહેવાય છે.

તથા કેટલાંક ક્રિયા અને પુણ્ય ઉભયથી ઉત્પન્ન થનારા ફળો હોય છે. દા.ત. વ્યંતર દેવલોકમાં દેવતાઓને પુણ્યથી તેમજ ક્રિયાથી એમ ઉભયથી ફળની પ્રાપ્તિ થાય છે. અહીં ઉપર જે બે પ્રકારના ફળો બતાવ્યા તેમાં ઉપર કહેલા ત્રણેય પ્રકારના ફળોનો સમાવેશ થઈ જાય છે.

હવે, अखिलदृष्टादृष्टफलसंकल्पकल्पद्रुमोपमम् વિશેષણનો ત્રીજો અર્થ બતાવે છે.

દૃષ્ટ એટલે પ્રત્યક્ષથી પ્રાપ્ત થતાં મનુષ્ય વગેરે તથા અદૃષ્ટ એટલે અનુમાનથી પ્રાપ્ત થતાં એવા આલોક કે પરલોક સંબંધી એવા ફળને વિશે નિઃશેષ એવું એકસાથે પ્રાપ્ત થયેલાનું જે વિધાન છે તે જ પ્રસરવાના સ્વભાવપણાંથી વૃક્ષ છે અને એવું આ "अर्हँ" પદ છે. અહીં "अखिल" શબ્દનો અર્થ નિઃશેષ કર્યો છે તથા સંકલ્પ શબ્દનો અર્થ એકસાથે પ્રાપ્ત થયેલા એ પ્રમાણે કર્યો છે તથા "कल्पवृक्ष" શબ્દમાં જે कल्प શબ્દ છે. તેનો વિધાન અર્થ કર્યો છે. અહીં વિધાન એટલે વિધિ અથવા તો પ્રેરણા એવો અર્થ થાય છે. દા.ત. લોકોએ અસત્ય બોલવું જોઈએ નહીં. આ પ્રમાણેનું પ્રેરણાત્મક વાક્ય ઘણાં બધાં સજ્જન પુરુષોમાં ફેલાઈ જાય છે. વળી, તે એકસાથે જ ફેલાઈ જાય છે. જેમ વૃક્ષ બીજમાંથી વિસ્તાર પામે છે, તેમ આલોક અને પરલોક સંબંધી ફળને વિશે નિઃશેષ એવું એકસાથે પ્રાપ્ત થયેલાઓનું જે વિધાન છે તે જ વૃક્ષ છે અને એ વૃક્ષની ઉપમાવાળું આ "अर्हँ" પદ છે.

આ જ વિશેષણમાં કલ્પવૃક્ષનો બીજો અર્થ પણ કહે છે. "कल्प" એ ईषदून અર્થમાં પ્રાપ્ત થતો તદ્ધિતનો પ્રત્યય છે. આથી બીજો અર્થ આ પ્રમાણે થશે. દૃષ્ટ અને અદૃષ્ટ સંબંધી ફળને વિશે નિઃશેષ એવું એકસાથે પ્રાપ્ત થયેલા જેવું જાણે ન હોય એવું વૃક્ષ જેની સાથે સરખાવાય છે એવું આ "अर्हँ" પદ છે. આ પ્રમાણે જ કલ્પવૃક્ષનો નિશ્ચય થાય છે. જો એક જ પ્રયત્નથી મનોરથોની પ્રાપ્તિ થાય છે, તો જ તે પ્રસરવાના સ્વભાવપણાંથી વૃક્ષ કહેવાય છે. તથા સંકલ્પોની પ્રાપ્તિ માટે સમર્થ એવું આ "अर्हँ" પદ છે. આ પ્રમાણે અન્ય મહામન્ત્રોથી આ મન્ત્રરાજનું મહાત્મ્ય વિશેષ છે જે આ વિશેષણ દ્વારા જણાવાય છે.

(श०न्या०) स्वरूपा-ऽर्थ-तात्पर्यैः स्वरूपमुक्त्वा प्रकृते योजयति—**आशास्त्राध्ययना-ध्यापनावधि प्रणिधेयमि**ति-'आङ् अभिव्याप्तौ', स च शास्त्रेण सम्बध्यते, अध्ययनाऽध्या-पनाभ्यां सम्बद्धोऽवधिर्मर्यादार्थः । तेनायमर्थः-शास्त्रमभिव्याप्य येऽध्ययनाऽध्यापने ते मर्यादीकृत्य प्रणिधेयमित्यर्थः । प्रणिधानं व्याचष्टे—**प्रणिधानं चे**त्यादिना-अनुवादमन्तरेण स्वरूपस्य व्याख्यातुमशक्यत्वात् प्रणिधानं चेति स्वरूपमनूदितम्, पुनरर्थ-चशब्दनिर्देशाद्। **अनेने**ति—अर्हमिति बीजेन ।

અનુવાદ :- સ્વરૂપ, અર્થ અને તાત્પર્યવડે અર્હંના સ્વરૂપને કહીને તેનો આ ગ્રન્થ સાથે સંબંધ કરે છે. आङ् અવ્યય અભિવિધિ અર્થમાં છે અને आङ् સાથે શાસ્ત્રનો સંબંધ થયો છે. આથી આ શાસ્ત્રને ભણવું અને ભણાવવા સુધી આ अर्हं પદનું પ્રણિધાન કરવા યોગ્ય છે એવું તાત્પર્ય જણાવવા માટે अर्हं સ્વરૂપ આ પ્રથમ મંગલ કર્યું છે જે જણાવે છે કે સમસ્ત ગ્રન્થની પૂર્ણાહૂતિ સુધી આ अर्हं પદનું ધ્યાન અવશ્ય રહેવું જોઈશે. અર્થાત્ ભણવું અને ભણાવવાની અવધિ સુધી अर्हं પદનું सम्भेद प्रणिधान રહેવું જોઈએ.

હવે, પ્રણિધાનને प्रणिधानं च... પંક્તિઓ દ્વારા કહે છે. च પુનર્ અર્થમાં છે. શાસ્ત્રીય પરિભાષા પ્રમાણે અનુવાદનો અર્થ પૂર્વજ્ઞાત વસ્તુ થાય છે જેને બીજા શબ્દમાં ઉદ્દેશ પણ કહેવાશે. આથી જ્યાં સુધી પૂર્વજ્ઞાત વસ્તુને કહેવામાં નહીં આવે ત્યાં સુધી સ્વરૂપને કહી શકાશે નહીં. આથી प्रणिधानं च... લખવા દ્વારા પૂર્વજ્ઞાત વસ્તુનું સ્વરૂપ બતાવાયું. હવે એ પ્રણિધાનનું સ્વરૂપ શું છે તે જણાવાય છે. અર્થાત્ વિધેય અંશ (અજ્ઞાત અંશ) જણાવાય છે.

(श०न्या०) प्रणिधानस्य च सम्भेदाभेदरूपेण द्वैविध्यादादौ सम्भेदरूपमाह-**सर्वतः सम्भेदः**-संश्लिष्टः सम्बद्धो वाऽर्हंकारेण सह ध्यायकस्य भेदः संभेदः, आत्मानं बीजमध्ये न्यस्तं चिन्तयेद्; एवं च ध्येय-ध्यायकयोः सर्वतः संश्लेषरूपः सम्बन्धरूपश्च भेदो भवति । न च महामन्त्रस्य सकलार्थक्रियाकारित्वेन मन्त्रराजत्वान्मण्डलवर्णादिभेदेनाकर्षणस्तम्भमोहाद्यनेकार्थ-जनकत्वाद् गमनागमनादिरूपत्वेन सम्भेदासम्भवादनैकान्तिकत्वाल्लक्षणाभावो वाच्यः, यतस्तत्र साध्यस्यात्मनोऽन्यत्रात्मीयात्मन[1] इति विशेषणादिति ।

અનુવાદ :- પ્રણિધાન બે પ્રકારનું છે : (૧) સંભેદ પ્રણિધાન તથા (૨) અભેદ પ્રણિધાન. अर्हंकारની સાથે (अर्हं સ્વરૂપ બીજની સાથે) ધ્યાન કરનારનો જે ભેદ છે તે सम्भेदप्रणिधान કહેવાય છે. આ પ્રણિધાનમાં આત્માને अर्हं સ્વરૂપ બીજની મધ્યમાં સ્થાપન કરીને વિચારવામાં આવે છે અને આ પ્રમાણે ધ્યેય અને ધ્યાયકનો (अर्हं એ ધ્યેય છે તથા "अर्हं"નું ધ્યાન કરનાર એ ધ્યાયક છે) સંબંધ સ્વરૂપ ભેદ થાય છે તે સમ્ભેદ પ્રણિધાન છે. અહીં બંને એકમેક થતાં નથી. માત્ર બેનો સંબંધ થાય છે.

पूर्वपक्ष :- अर्हंकार એ મહામન્ત્ર સ્વરૂપ છે અને જે મહામન્ત્ર હોય તેમાં બધી જ અર્થક્રિયાકારીપણું હોય છે અને બધી જ અર્થક્રિયાકારીપણું હોવાથી આ મન્ત્ર મન્ત્રોનો રાજા છે. આથી જ બધી અર્થક્રિયાઓને કરે છે. આ अर्हं મન્ત્ર બધા જ પ્રયોજનોની સિદ્ધિ કરાવે છે. જ્યારે બીજા બધા મન્ત્રો તે-તે વિશેષ કાર્યોની પ્રાપ્તિ કરાવી શકે છે. આ મન્ત્રમાં મંડલ તથા

---

૧. '०त्रात्मनीया०' अ ।

જુદાં-જુદાં વર્ણો, આકર્ષણ (કોઈને ખેંચવા) તથા સ્તંભન (કોઈકને સ્થિર કરી દેવા) વગેરે અનેક ક્રિયાઓ પૃથગ્-પૃથગ્ કરી શકે છે. આ પ્રમાણે મંડલ તથા વર્ણો તે-તે વિશેષ ફળોની પ્રાપ્તિ કરાવી શકે છે. જ્યારે આ अर्हं સ્વરૂપ મન્ત્ર તો એકસાથે બધા જ ફળોની પ્રાપ્તિ કરાવી શકે છે. માટે જ આ મન્ત્ર બધા જ મન્ત્રોનો રાજા છે. હવે આ મન્ત્રમાં મંડલ તથા વર્ણ વગેરે ભેદથી આકર્ષણ, સ્તંભ, મોહ વગેરે અનેક અર્થને ઉત્પન્ન કરવાપણું હોવાથી જ્યારે જ્યારે આકર્ષણ વગેરે અર્થક્રિયાકારિપણું થશે ત્યારે મહામન્ત્ર સાથે આત્માના સંબંધનો અભાવ થશે. વળી પાછો આ બધી અર્થક્રિયાનો અભાવ થશે ત્યારે આ મહામન્ત્ર સાથે આત્માનો સંબંધ થશે. આથી મન્ત્ર સાથે આત્માના સંબંધનું ગમનાગમન થવાથી सम्भेद प्रणिधानનું સ્વરૂપ વિદ્યમાન રહેશે નહીં. આથી વ્યભિચાર પ્રાપ્ત થતો હોવાથી सम्भेद प्रणिधानનું લક્ષણ ઘટી શકતું નથી.

ઉત્તરપક્ષ :- જીવ જ્યારે જ્યારે પણ આકર્ષણ, સ્તંભ, મોહ વગેરે પ્રયોજનવાળો થાય છે ત્યારે अर्हंकार મન્ત્ર સાથે સંબંધનો અભાવ થાય છે. આથી તે સમયે આત્મા સંબંધી આત્મા રહેતો નથી. આથી એવા કર્મજનિત જીવાત્માનું વ્યાવર્તન કરવા માટે आत्मनः શબ્દને अन्यत्र आत्मीय વિશેષણવાળો સમજવામાં આવશે તો ઉપરોક્ત આપત્તિ નહીં આવે. જે આ પ્રમાણે છે. અન્ય સ્થાનમાં આત્માના સંબંધી એવા આત્માનો अर्हंकार મન્ત્રની સાથે જે સંબંધ તે 'सम्भेद' प्रणिधान કહેવાય છે.

(શ૦ન્યા૦) तथा [**तदभिधेयेने**त्यादि-] तस्यार्हमित्यक्षरस्य यदभिधेयं परमेष्ठिलक्षणं तेनात्मनोऽभेद एकीभावः । तथाहि–केवलज्ञानभास्वता प्रकाशितसकलपदार्थसार्थं चतुस्त्रिंशदतिशयैर्विज्ञातमाहात्म्यविशेषमष्टप्रातिहार्यैर्विभूषितदिग्वलयं ध्यानाग्निना निर्दग्धकर्ममलकलङ्कं ज्योतीरूपं सर्वोपनिषद्भूतं प्रथमपरमेष्ठिनमर्हद्भट्टारकं आत्मना सहाभेदीकृतं ''स्वयं देवो भूत्वा देवं ध्यायेद्'' इति यत् सर्वतो ध्यानं तदभेदप्रणिधानमिति ।

અનુવાદ :- આ अर्हं સ્વરૂપ અક્ષરનું જે અભિધેય (પદાર્થ) છે તે પરમેષ્ઠી સ્વરૂપ છે. અર્થાત્ જે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરેલ અરિહંત પરમાત્મા છે તે अर्हं અક્ષરનું અભિધેય છે. આ અરિહંત પરમાત્મા સાથે આત્માનો તાદાત્મ્ય સંબંધ થવો તે અભેદ પ્રભિધાન છે.

હવે એ અરિહંત પરમાત્મા કેવા છે ? તેના સ્વરૂપને જણાવે છે. કેવલજ્ઞાનના પ્રકાશવડે પ્રકાશિત કર્યા છે સકલ પદાર્થો જેમણે, ચોત્રીશ અતિશયોવડે જણાયું છે મહાત્મ્ય જેમનું, અષ્ટપ્રતિહાર્યોવડે વિભૂષિત કર્યા છે દિશાઓના વલય જેમણે, ધ્યાન સ્વરૂપ અગ્નિવડે બાળી નાખ્યું છે કર્મમલ સ્વરૂપ કલંક જેમણે, જ્યોતિ સ્વરૂપ, બધા શાસ્ત્રોના રહસ્યભૂત, પંચપરમેષ્ઠીમાં પ્રથમ પરમેષ્ઠી એવા અરિહંત પરમાત્માનો આત્માની સાથે એકત્વભાવ કરીને

જે ધ્યાન કરાય તે અભેદ પ્રણિધાન છે. કોઈકે કહ્યું પણ છે કે, સ્વયં દેવ થઈને દેવનું ધ્યાન કરવું જોઈએ. આ પ્રમાણે ઉપરોક્ત સ્વરૂપવાળું ધ્યાન પણ તેવું જ હોવાથી અભેદ પ્રણિધાન કહેવામાં આવે છે.

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી આનંદઘનજી મ.સા.એ, શ્રેયાંસનાથ ભગવાનના સ્તવનમાં ચોથી ગાથામાં આ પ્રમાણે જણાવ્યું છે.

નામઅધ્યાતમ ઠવણઅધ્યાતમ, દ્રવ્યઅધ્યાતમ છંડો રે.
ભાવઅધ્યાતમ નિજ ગુણ સાધેં, તો તેહથી રઢ મંડો રે. શ્રી૦ ॥૪॥

આ પંક્તિમાં જણાવાયું છે કે નામ અધ્યાત્મ, સ્થાપના અધ્યાત્મ તથા દ્રવ્ય અધ્યાત્મ ત્યાગ કરવા યોગ્ય છે. अर्हँ પદની સાથે ધ્યાન કરનારનો જે સંબંધ છે તે સંભેદ-પ્રણિધાન છે. તેથી અહીં જે નામ અધ્યાત્મનો ત્યાગ કરવાનું કહ્યું છે તેના દ્વારા જણાય છે કે સમ્ભેદ પ્રણિધાન આત્માને ઉપકારક થઈ શકશે નહીં. એને બદલે ભાવ અધ્યાત્મ એ પોતાના ગુણોની પ્રાપ્તિ કરાવે છે. આથી ભાવ અધ્યાત્મ સાથે લગન લગાવવા યોગ્ય છે. જે અભેદ પ્રણિધાન સ્વરૂપ છે.

(श०न्या०) अस्यैव विघ्नापोहे दृष्टसामर्थ्यादन्यस्य तथाविधसामर्थ्य[१]स्याविकलस्यासम्भवात् तात्त्विकत्वादात्मनोऽप्येतदेव प्रणिधेयं **वयमपी**त्यादिना दर्शयति-विशिष्टप्रणिधेय-प्रणिधानादिगुणप्रकर्षादात्मन्युत्कर्षाधानाद् गुणबहुत्वेनात्मनोऽपि तदभिन्नतया बहुत्वाद् [२]वयमिति बहुवचनेन निर्देशः । अवयवव्याख्यामात्रमुक्तम्, विशेषव्याख्यानस्वरूपं समयाद् गुरुमुखात् (वा) पुरुषविशेषेण ज्ञेयमिति ॥१॥

અનુવાદ :- આ પ્રણિધાનમાં જ વિઘ્નોને દૂર કરવામાં પ્રત્યક્ષ એવું સામર્થ્ય છે. અન્ય પ્રકારના પ્રણિધાનમાં તેવા પ્રકારના સંપૂર્ણ સામર્થ્યનો અસંભવ છે તેથી આ પ્રણિધાનનું જ તાત્ત્વિકપણું હોવાથી આત્માવડે આનું જ (अर्हँकार મન્ત્રનું જ) ધ્યાન કરવા યોગ્ય છે. જે वयम् अपि વગેરે પંક્તિઓ દ્વારા બતાવાય છે. તે આ પ્રમાણે છે. અમે શાસ્ત્રના આરંભમાં આનું જ ધ્યાન કરીએ છીએ.

અહીં ગ્રન્થકાર એક જ છે તો પછી બહુવચનનો પ્રયોગ શા માટે કર્યો ? 'अहम् अपि'ને બદલે 'वयम् अपि' પ્રયોગ શા માટે કર્યો ? આ શંકાના અનુસંધાનમાં ગ્રન્થકાર આ પ્રમાણે જણાવે છે. વિશિષ્ટ એવા प्रणिधेय (अर्हँकार) અને વિશિષ્ટ એવા પ્રણિધાન દ્વારા ગુણોની વૃદ્ધિ થાય છે અને ગુણોની વૃદ્ધિ થવાથી આત્મામાં પણ અધિકપણું પ્રાપ્ત થાય છે. આથી વધારે વધારે ગુણવાળાપણાંથી આત્માનું ભિન્ન ભિન્નપણું થવાથી આત્મામાં બહુપણું પ્રાપ્ત થાય છે માટે જ

१. '०र्थ्यावि०' अ । २. 'वयमपीति' अ ।

वयम् એ પ્રમાણે બહુવચન દ્વારા નિર્દેશ કર્યો છે. આ પ્રમાણે अर्हँ સૂત્રની ટીકામાં રહેલા શબ્દોની માત્ર વ્યાખ્યાઓ કરવામાં આવી છે. વિશેષ વ્યાખ્યાના સ્વરૂપને શાસ્ત્રથી અથવા તો ગુરુમુખથી પુરુષવિશેષવડે જાણવા યોગ્ય છે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

अथ न्याससारसमुद्धारः-

प्रणम्य केवलालोकावलोकितजगत्त्रयम् । जिनेशं श्री**सिद्धहेमचन्द्रशब्दानुशासने** ॥१॥
शब्दविद्याविदां **वन्द्योदयचन्द्रो**पदेशतः । न्यासतः कतिचिद्दुर्गपदव्याख्याऽभिधीयते ॥२॥

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

કેવળજ્ઞાનના પ્રકાશથી પ્રકાશિત કર્યું છે ત્રણ જગત્ જેમને એવા જિનેશ્વરને પ્રણામ કરીને શબ્દવિદ્યાના જાણનારાઓવડે વંદન કરવા યોગ્ય એવા ઉદયચન્દ્રના ઉપદેશથી શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન ગ્રન્થને વિશે ન્યાસ દ્વારા કેટલાંક દુઃખેથી જાણી શકાય એવા પદોની વ્યાખ્યા કહેવાય છે.

(न्या०स०) प्रणम्येत्यादि-इह निःशेषशेमुषीसमुन्मेषनिर्मितानेकविद्वज्जनमनश्चमत्कारकारि-शास्त्रनिकरविस्मापितविशदप्रज्ञर्द्धिमहर्द्धिकानेकसूरिः निष्प्रतिमप्रतिभासंभारापहस्तितत्रिदशसूरिः श्री**कुमारपाल**क्ष्मापालप्रतिबोधविधाननिखिलक्षोणिमण्डलाभयप्रदानप्रभृतिसंख्यातिक्रान्त-प्रभावनानिर्माणस्मृतिगोचरसंचरिष्णूकृतचिरन्तन**वैरस्वाम्या**दिप्रवरसूरिः सुगृहीतनामधेयः श्री**हेम-चन्द्र**सूरिर्निबिडजडिमग्रस्तं समस्तमपि विश्वमवलोक्य तदनुकम्पापरीतचेताः शब्दानुशासनं कर्तु-कामः प्रथमं मङ्गलार्थमभिधेयादिप्रतिपादनार्थं चेष्टदेवतानमस्कारमाह-**प्रणम्ये**ति-

અનુવાદ :- હવેની પંક્તિઓ શ્રી હેમચન્દ્રસૂરિ સ્વરૂપ વિશેષ્યના વિશેષણ તરીકે લખવામાં આવી છે. સંપૂર્ણ બુદ્ધિના ઉઘાડથી બનાવેલ અનેક વિદ્વાનપુરુષોના મનને ચમત્કાર પમાડનાર એવા શાસ્ત્રના સમૂહવડે આશ્ચર્યચકિત કર્યા છે નિર્મળબુદ્ધિ સ્વરૂપ ઋદ્ધિવાળા અને મહાઋદ્ધિવાળા એવા અનેક આચાર્ય ભગવંતો જેમણે એવા,

અનુપમ એવી મેધાના સમૂહવડે પરાસ્ત કર્યા છે દેવતાઓના સ્વામી જેમણે એવા,

શ્રી કુમારપાળરાજાને પ્રતિબોધ કરવા દ્વારા સમસ્ત પૃથ્વી મંડળમાં અભય આપવા વગેરે સંખ્યાતીત પ્રભાવનાના વિસ્તારવડે સ્મૃતિના વિષયમાં સમ્યગ્ રીતે સંચાર કર્યા છે પ્રાચીન એવા વૈરસ્વામી (વજ્રસ્વામી) વગેરે શ્રેષ્ઠ આચાર્યો જેમણે એવા,

સારી રીતે ગ્રહણ કરાયું છે નામ જેમનું એવા, ગાઢ ઉદાસીનતાથી (જડતાથી) પીડિત એવા સંપૂર્ણ પણ વિશ્વને જોઈને તેઓ ઉપરની અનુકંપાથી યુક્ત ચિત્તવાળા એવા,

શબ્દાનુશાસનને કરવાની ઇચ્છાવાળા એવા શ્રી હેમચન્દ્રસૂરિ સૌ પ્રથમ મંગલને માટે તેમજ અભિધેય વગેરેના પ્રતિપાદનને માટે ઇષ્ટદેવતાનમસ્કારને પ્રણમ્ય પદ દ્વારા કહે છે.

(न्या०स०) प्रणम्येति-ननु प्रयोगोऽयं भावे कर्मणि वा ? उच्यते—भावे एव । तर्हि कथं परमात्मान-मिति कर्म ? उच्यते—

''सकर्मकाणामुत्पन्नस्त्यादिर्भावविवक्षया । अपाकरोति कर्मार्थं स्वभावान्न पुनः कृतः'' ॥३॥

नत्वेत्यनेनापि सिध्यति किं प्रकारेण ? प्रकारो मानसिकं द्योतयति उपहासनमस्कारं च निराकरोति-

''नमस्यं तत् सखि ! (प्रेम घण्टारसितसोदरम् । क्रमक्रशिमनिःसारमारम्भगुरुडम्बरम्)'' ॥४॥)

इत्यादिवत् ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- 'प्रणम्य' પ્રયોગ ભાવમાં છે અથવા તો કર્મમાં છે ?

ઉત્તરપક્ષ :- ભાવમાં જ છે. અર્થાત્ त्वा પ્રત્યય ભાવમાં જ લાગ્યો છે. 'त्वा तुमम् भावे' (૫/૧/૧૩) સૂત્રથી त्वा ભાવમાં થાય છે.

પૂર્વપક્ષ :- प्रणम्य જો ભાવમાં પ્રયોગ હોય તો 'परमात्मानम्' એ પ્રમાણે કર્મનો નિર્દેશ શા માટે ? ભાવે પ્રયોગમાં કર્મનો નિર્દેશ થવો જોઈએ નહીં.

ઉત્તરપક્ષ :- આમ તો જ્યાં જ્યાં ભાવે પ્રયોગ હોય ત્યાં ત્યાં કર્મ આવવું જોઈએ નહીં આથી प्रणम्य સ્વરૂપ ભાવે પ્રયોગની વિદ્યમાનતામાં परमात्मानम् સ્વરૂપ કર્મ ન આવવું જોઈએ. આવી જિજ્ઞાસાના સમાધાન અંગે શ્રીઉદયધર્મગણિવડે રચાયેલ વાક્ય પ્રકાશ ગ્રન્થમાં ૪૪માં શ્લોકના વિવેચનમાં ઉપરોક્ત શ્લોક આવે છે જેનો અર્થ આ પ્રમાણે છે કે :

"સકર્મક ધાતુઓને ભાવવિવક્ષામાં આવેલ त्यादि પ્રત્યય સ્વભાવથી કર્મના અર્થને દૂર કરે છે. પરંતુ कृत् પ્રત્યયો સ્વભાવથી કર્માર્થને દૂર કરી શકતા નથી". માટે જ त्वा પ્રત્યયાન્તવાળા કૃદન્તના કર્મને દ્વિતીયા વિભક્તિ કરી છે તે બરાબર જ છે.

પૂર્વપક્ષ :- प्रणम्य પ્રયોગને બદલે नत्वा પ્રયોગ કર્યો હોત તો પણ ચાલત તો પછી प्र ઉપસર્ગ શા માટે વધારાનો જોડવામાં આવ્યો ?

ઉત્તરપક્ષ :- प्र ઉપસર્ગ વિશેષ પ્રકારના નમસ્કારને બતાવે છે. નમસ્કાર બે પ્રકારના છે : માનસિક નમસ્કાર અને ઉપહાસ નમસ્કાર. અહીં नम् ધાતુને લાગેલો प्र ઉપસર્ગ ઉપહાસ

નમસ્કારને દૂર કરે છે તથા માનસિક નમસ્કારને ગ્રહણ કરાવે છે. આચાર્ય ભગવંતશ્રી ઉપહાસ નમસ્કારનું દૃષ્ટાંત શ્લોક દ્વારા જણાવે છે.

"હે સખી ! (મિત્ર) ઘંટના અવાજ સરખો આરંભમાં મોટા આડમ્બરવાળો અને અનુક્રમે ક્ષીણ થતો એવો નમસ્કાર કરવા યોગ્ય તે પ્રેમ છે અર્થાત્ સાર વગરનો તે પ્રેમ છે." અહીં મશ્કરી કરવા દ્વારા નમસ્કારની ક્રિયા બતાવીને નિઃસાર એવા પ્રેમની હાંસી ઉડાવી છે.

(न्या०स०) परमेति–परमात्मानमित्यत्र "कर्मणि कृतः" [२.२.८३.] इति षष्ठी प्राप्नोति, परं "तृन्नुदन्ता०" [२.२.९०.] इति निषेधः । **श्रेय** इति "प्रशस्यस्य श्रः" [७.४.३४.] इति श्रादेश-विधानबलात् क्रियाशब्दत्वेनागुणाङ्गादपि प्रशस्यशब्दादीयस् । "नैकस्वरस्य" [७.४.४४.] इति निषेधात् "त्र्यन्तस्वरादेः" [७.४.४३.] नान्त्यस्वरादिलोपः । "अवर्णेवर्णस्य" [७.४.६८.] इत्यपि न प्रवर्त्तते । "त्र्यन्तस्वरादेरनेकस्वरस्य" [७.४.४३.] इत्येकयोगेनैव सिद्धे पृथग्योगकरणमस्यापि बाधनार्थमिति ।

અનુવાદ :- प्रणम्य એ કૃદન્ત છે. આથી कर्मणि कृतः (૨/૨/૮૩) સૂત્રથી કૃદન્તના કર્મ સ્વરૂપ परमात्मन् નામને ષષ્ઠી વિભક્તિ પ્રાપ્ત થાય છે. પરંતુ तृन्नुदन्ता... (૨/૨/૯૦) સૂત્રથી નિષેધ થયો છે. त्वा तुमम्० (૧/૧/૩૫) સૂત્રથી त्वा અંતવાળું કૃદન્ત અવ્યયસંજ્ઞાવાળું થાય છે અને અવ્યયસંજ્ઞાવાળા નામને ષષ્ઠીનો નિષેધ થાય છે. આથી कर्मणि (૨/૨/૪૦) સૂત્રથી परमात्मानम् એ પ્રમાણે દ્વિતીયા વિભક્તિનો પ્રયોગ થયો છે.

હવે श्रेयः શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. પ્રશસ્ય શબ્દને ईयस् પ્રત્યય થાય છે. તેમાં નિમિત્ત આ પ્રમાણે છે. प्रशस्यस्य श्रः (૭/૪/૩૪) આ સૂત્રમાં ईयस् પ્રત્યય પર છતાં प्रशस्य શબ્દના श्र આદેશનું વિધાન છે. प्रशस्य શબ્દ ક્રિયાવાચક હોવાથી ગુણવાચક નથી. માટે (૭/૩/૯)થી ईयस् પ્રત્યય લાગવાની પ્રાપ્તિ આવે નહીં, છતાં પણ ૭/૪/૩૪ સૂત્રનાં આદેશનાં સામર્થ્યથી प्रशस्य શબ્દથી ईयस् પ્રત્યય થયો છે. श्र + ईयस् આ અવસ્થામાં नैकस्वरस्य (૭/૪/૪૪) સૂત્રથી अ નાં લોપનો નિષેધ થવાથી त्रन्त्यस्वरादेः (૭/૪/૪૩) સૂત્રથી અન્ત્ય સ્વરનો લોપ ન થયો. તે જ પ્રમાણે अवर्णेवर्णस्य (૭/૪/૬૮) સૂત્રથી પણ अ નો લોપ થતો નથી. (૭/૪/૪૩) સૂત્ર त्रन्त्यस्वरादेरनेकस्वरस्य એકલુ હોત અને પૃથગ્ (૭/૪/૪૪) સૂત્ર ન બનાવ્યું હોત તોપણ જે જે શબ્દો એકસ્વરવાળા છે તે બધામાં અન્ત્ય સ્વર અના લોપનો નિષેધ થઈ જ જાત અને આમ થાત તો(૭/૪/૪૪) સૂત્રની આવશ્યકતા રહેત નહીં છતાં પણ આચાર્ય ભગવંતે (૭/૪/૪૪) પૃથગ્ સૂત્ર બનાવ્યું છે તેના દ્વારા નિયમ કર્યો કે હવે એકસ્વરવાળા નામોના સ્વરોનો ईयस् પ્રત્યય પર છતાં (૭/૪/૬૮) સૂત્રથી પણ લોપ થશે નહીં.

(न्या०स०) शब्दानुशासनमिति-अत्र कथं षष्ठीसमासः "तृतीयायाम्" [३.१.८४.] इति निषेधात् ? सत्यम्-*प्रत्यासत्ति*न्यायेन यस्य कृत्प्रत्ययस्यापेक्षया षष्ठी यदि तदपेक्षयैव तृतीया स्यात्, अत्र तु प्रकाश्यत इत्यस्यापेक्षया तृतीया, अनुशासनेत्यपेक्षया च षष्ठीति न समासनिषेधः । **आचार्ये**ति-आचर्यते सेव्यते विनयार्थमिति घ्यण् १ । आचारे साधुः "तत्र साधौ" [७.१.१५.] [इति] यः २ । आचारान् यातीति, "क्वचित्" [५.१.१७१.] इति डः ३ । आचारानाचष्टे "णिज् बहुलम्०" [३.४.४२.] इत्यनेन णिज् । आचारयतीति "शिक्यास्याढ्य" [उणा० ३६४.] इत्यनेन निपात्यते ४ । आचारान् गृह्णाति ग्राहयति वा "कर्मणोऽण्" [५.१.७२.] पृषोदरादित्वात् साधुः ५ । किमपि चिनोति क्विप्, किमः सर्वविभक्त्यन्तात् "चित्-चनौ" इति **किञ्चिदि**ति अखण्डम-व्ययं वा । मौलोऽर्थः प्रतीत एव ।

અનુવાદ :- અહીં (૩/૧/૮૪) સૂત્રથી નિષેધ થવા છતાં પણ शब्दानुशासनम् એ પ્રમાણે કેવી રીતે ષષ્ઠી તત્પુરુષ સમાસ થયો ? એ પ્રશ્નનાં જવાબમાં જણાવે છે કે, પ્રત્યાસત્તિ ન્યાયથી (ક્રિયાપદની અપેક્ષાએ સામીપ્યપણાંથી) જે कृत् પ્રત્યયોની અપેક્ષાએ ષષ્ઠી થઈ હોય તે कृत् પ્રત્યયની અપેક્ષાથી જ તૃતીયા થાય તો જ સમાસનો નિષેધ થાય પરંતુ અહીં તો प्रकाश्यते ક્રિયાપદની અપેક્ષાએ आचार्य-हेमचन्द्रेण એ પ્રમાણે તૃતીયા થઈ છે. જ્યારે अनुशासन કૃદન્તની અપેક્ષાએ शब्दानाम् કર્મને ષષ્ઠી થઈ છે. આમ, તૃતીયા અને ષષ્ઠીનાં નિમિત્તો ભિન્ન ભિન્ન હોવાથી (૩/૧/૮૪) સૂત્રથી સમાસનો નિષેધ થયો નથી.

હવે આચાર્ય શબ્દની જુદી જુદી વ્યુત્પત્તિઓ બતાવે છે.

(૧) आचर्यते એટલે કે લોકોવડે વિનયને માટે જે સેવાય છે એ અર્થમાં आ + चर् + घ्यण् પ્રત્યય લાગી અને आचार्य શબ્દ થયો છે. (અહીં કર્મમાં घ्यण् લાગ્યો છે.)

(૨) આચારમાં જે સાધુ છે. એ પ્રમાણે (૭/૧/૧૫)થી સાધુ અર્થમાં य પ્રત્યય થયો છે. હવે आचार + य આ અવસ્થામાં (૭/૪/૬૮)થી अનો લોપ થતાં आचार्य શબ્દ બને છે. આ પ્રમાણેની વ્યુત્પત્તિથી आचार्यનો અર્થ આચારમાં સારા એવો થશે.

(૩) આચારોને જે પ્રાપ્ત કરે છે એ અર્થમાં आचार + या ધાતુને (૫/૧/૧૭૧) સૂત્રથી ड પ્રત્યય થતાં आचार + य થશે. તથા आचार શબ્દમાં रની અંદર રહેલાં अનો (૩/૨/૧૫૫) સૂત્રથી લોપ થતાં आचार्य શબ્દ બનશે અને તેનો અર્થ આ પ્રમાણે થશે આચારોને પ્રાપ્ત કરનાર.

(૪) આચારોને જે કહે છે એ અર્થમાં आचार શબ્દને (૩/૪/૪૨) સૂત્રથી णिच् પ્રત્યય થશે. આથી आचारि એ નામધાતુ થશે. ત્યારબાદ शिक्यास्याढ्य... (ऊणादि ३६४) સૂત્રથી તે આચારોને કહે છે એવા અર્થમાં आचार्य શબ્દ નિપાતન થયો છે. તેનો અર્થ આચારોને કહેનાર થાય છે.

(૫) આચારોને ગ્રહણ કરે છે અથવા ગ્રહણ કરાવે છે એ અર્થમાં (૫/૧/૭૨) સૂત્રથી आचार + गृह् ધાતુને अण् પ્રત્યય લાગતા અને (૩/૨/૧૫૫) સૂત્રથી आचार्य શબ્દ નિપાતન કરાય છે. જેનો અર્થ આચારોને ગ્રહણ કરનાર અથવા તો ગ્રહણ કરાવનાર થાય છે.

કંઈક ભેગુ કરે છે એ અર્થમાં किम् + चि ધાતુને (૫/૧/૧૪૮) સૂત્રથી क्विप् પ્રત્યય લાગતાં किञ्चित् શબ્દ બને છે. અહીં चि ધાતુ હ્રસ્વસ્વરાન્ત હોવાથી क्विप् પ્રત્યય લાગતાં त्નો આગમ થયો છે. અથવા તો બધી જ વિભક્તિ અંતવાળા किम् શબ્દથી પર चित् અને चन् લાગીને किञ्चित् એ પ્રમાણે અખંડ અવ્યય વિકલ્પે થાય છે. આ પ્રમાણે શ્લોકનાં દરેક શબ્દની વ્યુત્પત્તિઓ બતાવી. શ્લોકનો મૂળ અર્થ તો સમજાઈ જાય એવો જ છે.

(न्या०स०) अथ पूर्वार्धमावृत्त्या व्याख्यायते-परम् आत्मानं च **प्रणम्य** प्रह्वीकृत्य सावधानीकृत्येति योगः । किंविशिष्टं परम् ? श्रेयःशब्दाननुशासयति श्रेयःशब्दानुशासनस्तम्, किंविशिष्टं चात्मानम् ? श्रेयःशब्दाननुशास्ति श्रेयःशब्दानुशासनस्तम् । उभयत्र "रम्यादिभ्यः०" [५.३.१२६.] इत्यनट् ।

અનુવાદ :- શ્લોકના પૂર્વાર્ધની ફરીથી વ્યાખ્યા કરાય છે. परम् એટલે પરને અને आत्मानम् એટલે પોતાને (આત્માને) નમસ્કાર કરીને એ પ્રમાણે परमात्मानम्નો અર્થ કરવામાં આવે છે. જે સાધુ શબ્દોને વ્યુત્પન્ન કરનાર એવા પર અને પોતાને એમ બંનેને નમસ્કાર કરીને આટલો અર્થ प्रणम्य परमात्मानम् शब्दानुशासनम्નો થશે. આ परम् અને आत्मानम् બંને શબ્દનું વિશેષણ श्रेयः शब्दानुशासनम् થશે. જેનો અર્થ વિસ્તાર વિગેરે દોષોથી રહિત એવા શબ્દોને વ્યુત્પન્ન કરાવનાર અને કરનાર થશે. અહીં अनु ઉપસર્ગપૂર્વક शास् ધાતુને रम्यादिभ्यः० (૫/૩/૧૨૬) સૂત્રથી કર્તામાં अनट् પ્રત્યય થયો છે. આથી દોષ વગરનાં શબ્દોને વ્યુત્પન્ન કરાવનાર પરને તેમજ દોષ વગરનાં શબ્દોને વ્યુત્પન્ન કરાવનાર પોતાને (શુદ્ધ આત્માને) નમસ્કાર કરીને આ પ્રમાણે प्रणम्य परमात्मानम् श्रेयः शब्दानुशासनम्નો અર્થ થાય છે.

(न्या०स०) पूर्वं तावद् बौद्धोक्ता अतिशयाः कथ्यन्ते । परमात्मानमित्यनेन स्वार्थसंपत्तिः, स्वार्थसंपत्त्युपायलक्षणश्च द्वौ, श्रेयःशब्दानुशासनमित्यनेन परार्थसंपत्तिः परार्थसंपत्त्युपायलक्षणश्च द्वौ लभ्येते । एवं सर्वदर्शनानुयायित्वेनातिशया भावनीयाः ।

અનુવાદ :- परमात्मानम् અને शब्दानुशासनम् પદથી સૌ પ્રથમ બૌદ્ધોવડે કહેવાયેલા અતિશયોને કહેવાય છે.

परमात्मानम् એ પદથી બૌદ્ધોવડે કહેવાયેલા स्वार्थसंपत्ति અને स्वार्थसंपत्युपायलक्षण એમ બે અતિશયો પ્રાપ્ત થાય છે. તથા श्रेयः शब्दानुशासनम् એ પદથી परार्थसंपत्ति અને

परार्थसंपत्युपायलक्षण એમ બીજા બે અતિશયો પ્રાપ્ત થાય છે. સ્વાર્થસંપત્તિ એટલે પોતાનાં પ્રયોજનોની પ્રાપ્તિ. परामा (શ્રેષ્ઠ જ્ઞાન) युक्तः आत्मा यस्य सः इति परमात्मा એટલે કે શ્રેષ્ઠ જ્ઞાનથી યુક્ત આત્મા છે જેનો આ પ્રમાણે જે વ્યક્તિ આવશે તેને પોતાનાં પ્રયોજન સ્વરૂપ શ્રેષ્ઠ જ્ઞાનને પ્રાપ્ત કરી લીધું હોવાથી परमात्मानम् પદથી જ્ઞાનાતિશય ઉક્ત થયો. તથા પોતાનાં પ્રયોજનની પ્રાપ્તિના કારણ સ્વરૂપ કર્મનો ક્ષય હોવાથી સ્વાર્થસંપત્તિ ઉપાયલક્ષણ તરીકે परमात्मानम् પદ દ્વારા અપાયાપગમઅતિશય આવશે. હવે અન્યનાં પ્રયોજનની પ્રાપ્તિ શબ્દોથી થતી હોવાથી પરાર્થસંપત્તિ સ્વરૂપ અતિશયથી श्रेयः शब्दानुशासनम् પદ દ્વારા વચનાતિશય આવશે. અને એ પરાર્થસંપત્તિનું કારણ વાણી સંબંધી વક્તાનાં ૩૪ અતિશયો વગેરે મહત્ત્વથી લોકો વચનની પ્રાપ્તિ કરશે. માટે પૂજાતિશય આવશે. અહીં અન્યનાં પ્રયોજનની પ્રાપ્તિ શબ્દોથી થતી હોવાથી પરમાત્માની વાણી એ પરાર્થસંપત્તિ સ્વરૂપ છે. જ્યારે પરાર્થસંપત્તિનું કારણ પરમાત્માનાં ચોત્રીસ અતિશયો છે. માટે श्रेयः शब्दानुशासनम् પદ દ્વારા परार्थसंपत्युपाय સ્વરૂપ પૂજાતિશય પણ પ્રાપ્ત થશે. આ પ્રમાણે સર્વદર્શનને અનુસરવાપણાંથી અતિશયો ભાવન કરવા યોગ્ય છે. બૌદ્ધોનાં આ ચાર અતિશયોનો અર્થ પાર્શ્વદેવગણિ દ્વારા રચાયેલ ન્યાયપ્રવેશકવૃત્તિની पञ्जिका ટીકામાંથી પ્રાપ્ત થયો છે.

(न्या०स०) अत्र च नमस्कारे चतुस्त्रिंशदतिशयसंग्राहकातिशयचतुष्टयमध्ये कः केन पदेनोच्यते सूच्यते वा इत्यभिधीयते–परमात्मानमित्यनेन पूजातिशयः, अत एव "सन्महत्परम०" [३.१.१०७.] इत्यनेन पूजायां समासः । द्वितीयपादेन वचनातिशयः, श्रेयांश्च ३ एकशेषे श्रेयांसः, ते च ते शब्दाश्चताननुशास्तीति व्युत्पत्तेर्वचनातिशयः । वचनातिशयश्च न ज्ञानातिशयं विनेति वचनातिशयेन ज्ञानातिशय आक्षिप्यते । ज्ञानातिशयश्च नापायापगमातिशयं विनेति तेनापायापगमातिशयाऽऽक्षेपः–अपायभूता हि रागादयस्तेषामपगमः स एवातिशय इति ।

અનુવાદ :- હવે નમસ્કારમાં ૩૪ અતિશયોનો સંગ્રહ કરનારા એવા ચાર અતિશયો છે. એ ચાર અતિશયોની મધ્યમાં કયો અતિશય કયા પદવડે કહેવાય છે અથવા તો બતાવાય છે, તે જણાવે છે. परमात्मानम् પદવડે પૂજાતિશય કહેવાય છે. આથી જ सन्महत्परम... (૩/૧/૧૦૭) સૂત્રથી परम અને आत्मन् શબ્દનો પૂજા અર્થમાં કર્મધારય સમાસ કર્યો છે. श्रेयः शब्दानुशासनम् એ પ્રમાણે બીજા પદવડે વચનાતિશય કહેવાય છે. श्रेयः शब्दान् अनुशास्ति इति श्रेयः शब्दानुशासनम् (શ્રેય એવા શબ્દોને જે બતાવે છે.) श्रेयान् च श्रेयान् च श्रेयान् च એ પ્રમાણે એકશેષ થતાં श्रेयांसः થશે પછી श्रेयांसः च ते शब्दाः च इति श्रेयःशब्दाः એ પ્રમાણે કર્મધારય સમાસ થશે. આ પદથી વચનાતિશય કહેવાયો છે. વચનાતિશય જ્ઞાનાતિશય વિના હોતો નથી એ પ્રમાણે વચનાતિશયથી

જ્ઞાનાતિશય કહેવાય છે. તથા જ્ઞાનાતિશય, અપાયાપગમાતિશય વિના હોતો નથી. આથી જ્ઞાનાતિશયથી જ અપાયાપગમાતિશયનો સ્વીકાર કરાય છે. अपाय‌નું (અનર્થ) કારણ રાગ વગેરે દોષો છે. તે દોષોનું દૂર થવું તે અપાયાપગમાતિશય સ્વરૂપ અતિશય છે.

(न्या०स०) अर्हमिति-अर्हति पूजामित्यर्हम् "अः" (उणा० २.) इत्यः । पृषोदरादित्वात् सानुनासिकत्वम् । अर्हमिति मान्तोऽप्यस्ति निपातः । ननु अर्हमिति अव्ययं स्वरादौ चादौ च न दृष्टम्, तत् कथमव्ययम् ? सत्यम्-

"'इयन्त इति संख्यानं निपातानां न विद्यते । प्रयोजनवशादेते निपात्यन्ते पदे पदे" ॥५॥

અનુવાદ :- પૂજાને યોગ્ય છે આ અર્થમાં अर्ह् ધાતુને अः (उणादि० २) સૂત્રથી अ પ્રત્યય થતાં अर्ह શબ્દ થાય છે. ત્યાર પછી ૩/૨/૧૫૫ સૂત્રથી સાનુનાસિકપણું થવાથી अर्हँ શબ્દ બને છે. અથવા તો अर्हम् એ પ્રમાણે म् અંતવાળો અવ્યય પણ છે.

પૂર્વપક્ષ :- स्वरादयोऽव्ययम् (૧/૧/૩૦) સૂત્રનાં સ્વરાદિ ગણપાઠમાં તેમજ चादयोऽसत्त्वे (૧/૧/૩૧) સૂત્રનાં चादि ગણપાઠમાં अर्हम् અવ્યય જણાવાયો નથી તો પછી તેને અવ્યય કેવી રીતે કહો છો ?

ઉત્તરપક્ષ :- તમારી વાત સાચી છે. અવ્યયોની આટલી જ સંખ્યા હોય છે એવો કોઈ નિયમ નથી. પ્રયોજનના વશથી સ્થાને સ્થાને અવ્યયો નિપાત કરાય છે.

(न्या०स०) ननु अर्हमिति वर्णसमुदायत्वात् कथमक्षरम् ? सत्यम्-न क्षरति न चलति स्वस्मात् स्वरूपादिति अक्षरम्, तत्त्वं ध्येयं परमब्रह्मेति यावत् । व्याख्यानं त्रिधा स्यात्- स्वरूपाख्यानम्, अभिधा, तात्पर्यं चेति। अक्षरमिति स्वरूपाख्यानम् । परमेष्ठिनो वाचकमित्यभिधा। सिद्धचक्रस्यादिबीजमिति तात्पर्यव्याख्यानमिति । परमेष्ठिनः पञ्च ततः शेषचतुष्टयव्यवच्छेदायाऽऽह-**परमेश्वरस्ये**ति । चतुस्त्रिंशदतिशयरूपपरमैश्वर्यभाजो जिनस्येत्यर्थः ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- अर्हँ એ પ્રમાણે શબ્દ વર્ણના સમુદાય સ્વરૂપ હોવાથી અક્ષર કેવી રીતે કહેવાય ? કેમકે अ, आ, इ, ई, उ, ऊ વગેરે વર્ણો જગતમાં અક્ષર તરીકે પ્રસિદ્ધ છે.

ઉત્તરપક્ષ :- જે પોતાનાં સ્વરૂપથી નષ્ટ થતાં નથી અથવા તો ચલાયમાન થતાં નથી તે અક્ષર કહેવાય છે. अर्हँ અક્ષર પણ પોતાનાં સ્વરૂપથી ચલિત થતો નથી અથવા તો નષ્ટ થતો નથી તેથી अर्हँने અક્ષર કહ્યો છે. આ પ્રમાણે अर्हँ એ જ અક્ષર છે, એ જ તત્ત્વ છે. એ જ ધ્યેય છે અને એ જ પરમબ્રહ્મ છે.

કોઈ પણ વસ્તુનું કથન ત્રણ પ્રકારે થાય છે :

(૧) स्वरूपाख्यानम् - अर्हँ એ પ્રકારે આકૃતિ કહેવાઈ તે अर्हँનું સ્વરૂપથી આખ્યાન થયું.

(૨) अभिधा - વાચકશક્તિ જેનામાં હોય તે अभिधा કહેવાય. પરમેષ્ઠી સ્વરૂપ અભિધેયનો વાચક अर्हँ અક્ષર છે. આ પ્રમાણે अभिधाથી अर्हँનું કથન કર્યું.

(૩) તાત્પર્ય - अर्हँ અક્ષર એ સિદ્ધચક્રનું શરૂઆતનું બીજ છે એ પ્રમાણે લખવા દ્વારા अर्हँ પદનું તાત્પર્યથી કથન કરાયું છે.

પરમેષ્ઠીઓ પાંચ છે. આ પાંચમાં अर्हँ પદ એ પણ એક પરમેષ્ઠી સ્વરૂપ જ છે. છતાં પણ બાકીનાં ચાર પરમેષ્ઠીનો વ્યવચ્છેદ (બાદબાકી) કરવા માટે परमेश्वरस्य સ્વરૂપ વિશેષણવાચક પદ ટીકામાં લખ્યું છે. આથી ચોત્રીશ અતિશય સ્વરૂપ પરમ ઐશ્વર્યને ભજનાર એવા જિનનો વાચક આ अर्हँ અક્ષર છે.

(न्या०स०) ननु यद्यपि परमेष्ठीति सामान्यं पदं तथापि अर्हमिति भणनादर्हन्नेव लभ्यते, किं परमेश्वरस्येतिपदेन ? सत्यम्-

"देवतानां गुरूणां च नाम नोपपदं विना । उच्चरेन्नैव जायायाः कथञ्चिन्नात्मनस्तथा" ॥६॥ इति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- परमेष्ठी એ સામાન્ય પદ છે. આથી પરમેષ્ઠી પદથી અરિહંત, સિદ્ધ વગેરે કોઈ પણ પરમેષ્ઠી જણાવાની શક્યતા છે. છતાં પણ अर्हँ એ પ્રમાણે પદ સૂત્રમાં કહ્યું હોવાથી અરિહંત સ્વરૂપ પરમેષ્ઠી જ પ્રાપ્ત થાય છે અને તે પાંચેમાં પ્રધાન છે તેવો બોધ થઈ જ જાત. આ પરિસ્થિતિમાં परमेश्वरस्य સ્વરૂપ વિશેષણવાચક પદની આવશ્યકતા નથી.

ઉત્તરપક્ષ :- તમારી વાત સાચી છે. દેવતાઓ અને ગુરૂઓના નામ ઉપપદ વિના ઉચ્ચારણ કરવા જોઈએ નહીં તથા પોતાનું તથા પત્નીનું નામ પણ બોલવું જોઈએ નહીં. માટે જ ઉપપદ સ્વરૂપ परमेश्वरस्य પદ લખ્યું છે.

(न्या०स०) सिद्धेति-सिद्धा विद्यासिद्धादयस्तेषां चक्रमिव चक्रं तस्य पञ्चबीजानि तेषु चेदमादि-बीजम् । **सकले**ति-सकलाः समस्ता ये आगमा लौकिका लोकोत्तराश्च तेषामुपनिषद्भूतं रहस्यभूतम् ।

અનુવાદ :- જેનાથી યોગ સંબંધી સિદ્ધિઓ તેમજ વિદ્યાઓની પ્રાપ્તિ થાય છે તે સંબંધી ચક્ર જેવું ચક્ર છે જેને તે સિદ્ધચક્ર કહેવાય છે. તે સિદ્ધચક્રના પાંચ બીજો છે અને તે પાંચ બીજોમાં આ अर्हँ એ પ્રથમ બીજ છે. સમસ્ત એવા લૌકિક અને લોકોત્તર આગમોનું આ રહસ્યભૂત પદ છે.

(न्या०स०) ननु अर्हमित्यस्यार्हद्वाचकत्वे सति कथं लौकिकागमानामुपनिषद्भूतमिदमिति ? सत्यम्-सर्वपार्षदत्वाच्छब्दानुशासनस्य समग्रदर्शनानुयायी नमस्कारो वाच्यः, अयं चार्हमपि तथा। तथाहि-

"अकारेणोच्यते विष्णू रेफे ब्रह्मा व्यवस्थितः । हकारेण हरः प्रोक्तस्तदन्ते परमं पदम्" ॥७॥

इति श्लोकेनार्हंशब्दस्य विष्णुप्रभृतिदेवतात्रयाभिधायित्वेन लौकिकागमेष्वपि अर्हमिति पदमुपनिषद्भूतमित्यावेदितं भवति । तदन्त इति तुरीयपादस्यायमर्थः-तस्यार्हंशब्दस्यान्त उपरितने भागे परमं पदं सिद्धिशिलारूपं तदाकारत्वादनुनासिकरूपा कलाऽपि परमं पदमित्युक्तम् ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- अर्हँ એ પદ અરિહંત પરમાત્માનું વાચક હોતે છતે લૌકિક આગમોનાં રહસ્યભૂત કેવી રીતે થાય ? અરિહંત લોકોત્તર હોવાથી अर्हँ પદ લોકોત્તર આગમના રહસ્યભૂત જ થઈ શકે છે.

ઉત્તરપક્ષ :- તમારી વાત સાચી છે. શબ્દાનુશાસન એ સર્વ દર્શનોને સાધારણ ગ્રન્થ હોવાથી બધા જ દર્શનોને અનુસરવાવાળો નમસ્કાર કહેવા યોગ્ય છે અને આ अर्हँ પણ બધા દર્શનોને અનુસરવાવાળો એવો નમસ્કાર જ છે. તે આ પ્રકારે છે. अकारથી વિષ્ણુ કહેવાય છે. रेफથી બ્રહ્મા નિર્ધારીત કરાય છે. हकारથી શિવ કહેવાય છે. अर्हँ પદ વિષ્ણુ વગેરે દેવતાઓને કહેતું હોવાથી લૌકિક આગમોને વિશે પણ રહસ્યભૂત જણાવાયેલું થાય છે. तदन्ते એ પ્રમાણે શ્લોકનાં ચોથા ચરણનો અર્થ આ પ્રમાણે છે. अर्हँ શબ્દનાં અંતે ઉપરનાં ભાગમાં સિદ્ધશિલા સ્વરૂપ પરમપદનું આકારપણું હોવાથી અનુનાસિક સ્વરૂપ ભાગથી પરમપદ કહેવાય છે.

(न्या०स०) निघ्नमिति-नियमेन हन्यते ज्ञायते पारतन्त्र्येणेति "स्थादिभ्यः कः" [५.३.८२.] बाहुलकान्नपुंसकत्वम् ।

અનુવાદ :- નિયમથી જે હણાય છે તે અર્થમાં नि + हन् ધાતુને ૫/૩/૮૨ સૂત્રથી (स्थादिभ्यः कः) क પ્રત્યય થતાં વ્યાકરણનાં જુદાં જુદાં નિયમોથી निघ्नम् શબ્દ બને છે અને તેનું બહુલપણાંથી નંપુસકપણું થાય છે. આનો અર્થ પરાધીનપણે જણાય છે એવો થાય છે. આ अर्हँ પદ સંપૂર્ણ વિઘ્નોના નાશને જણાવનાર છે.

(न्या०स०) दृष्टेति-दृष्टं राज्यादि, अदृष्टं स्वर्गादि । **आशास्त्रेति**-आङ् अभिविधौ, स च शास्त्रेण सह संबध्यते, अवधिशब्दस्तु मर्यादायाम्, स चाध्ययनाध्यापनाभ्याम् । ततोऽयमर्थः- शास्त्रमभिव्याप्य ये अध्ययनाध्यापने ते मर्यादीकृत्य **प्रणिधेयमिद**मित्यर्थः ।

અનુવાંદ :- દૃષ્ટ-ફળ તરીકે રાજ્ય વગેરે સમજવાં. અદૃષ્ટફળ તરીકે સ્વર્ગ વગેરે સમજવાં. હવે आशास्त्र શબ્દમાં જે आङ् અવ્યય છે તે અભિવિધિ અર્થમાં છે અને અભિવિધિ એટલે મર્યાદા. જેમાં સાથે જોડાયેલ શબ્દનો પણ સંબંધ થઈ શકે છે. એ અભિવિધિ સ્વરૂપ મર્યાદા કહેવાય છે. અહીં आङ् અવ્યય સાથે શાસ્ત્ર શબ્દ જોડાયો છે. આથી શાસ્ત્રની અવધિ સુધી એવો અર્થ आशास्त्र શબ્દનો થશે અને તે અવધિ આ શાસ્ત્રને ભણવું અને ભણાવવા સુધી થશે. તેથી તાત્પર્ય અર્થ આ પ્રમાણે પ્રાપ્ત થશે. આ શબ્દાનુશાસન સ્વરૂપ શાસ્ત્રને ભણવું અને ભણાવવું સ્વરૂપ અવધિ સુધી આ अर्हँ અક્ષરનું ધ્યાન કરવા યોગ્ય છે.

(न्या०स०) प्रणिधानं चतुर्धा–पदस्थम्, पिण्डस्थम्, रूपस्थम्, रूपातीतं चेति । पदस्थ-मर्हँशब्दस्थस्य, पिण्डस्थं शरीरस्थस्य, रूपस्थं प्रतिमारूपस्य, रूपातीतं योगिगम्यमर्हतो ध्यान-मिति । एष्वाद्ये द्वे शास्त्रारम्भे संभवतो नोत्तरे द्वे । **अनेनात्मनः सर्वतः संभेदः** इत्युक्ते पद-स्थम् । **तदभिधेयेने**त्यादिना पिण्डस्थमिति । **वयमपी**ति–विशिष्टप्रणिधेय–प्रणिधानादिगुण-प्रकर्षादाऽऽत्मन्युत्कर्षाधानाद् गुणबहुत्वेनात्मनोऽपि तदभिन्नतया बहुत्वाद् वयमिति बहुवचनेन निर्देशः **तात्त्विक** इति–तत्त्वमेव "विनयादिभ्यः०" [७.२.१६९.] तत्त्वं प्रयोजनमस्येति वा ॥१॥

અનુવાદ :- પ્રણિધાન ચાર પ્રકારનાં છે : પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ, રૂપાતીત. સૌ પ્રથમ ચાર ધ્યાનની વ્યાખ્યા જણાવે છે. अर्हँ પદમાં રહેલા અરિહંતનું ધ્યાન એ પદસ્થ પ્રણિધાન છે તથા અરિહંત પદના અભિધેય સ્વરૂપ અરિહંતના શરીરમાં રહેલું અરિહંતનું ધ્યાન એ પિંડસ્થ પ્રણિધાન છે તથા અરિહંતની પ્રતિમાનું ધ્યાન એ રૂપસ્થ પ્રણિધાન છે તથા યોગી ગમ્ય એવું અરિહંત પરમાત્માનું રૂપાતીત સ્વરૂપનું (અરૂપી સ્વરૂપનું) જે ધ્યાન તે રૂપાતીત પ્રણિધાન છે.

અહીં આ ગ્રન્થમાં આ ચાર પ્રણિધાનમાંથી આદિના બે પ્રણિધાન શાસ્ત્રના આરંભમાં સંભવે છે, પરંતુ પછીના બે પ્રણિધાનો સંભવતા નથી. આથી अर्हँ પદનું ધ્યાન કરવા યોગ્ય છે. એનાથી માત્ર બે સ્વરૂપવાળું જ ધ્યાન કરવા યોગ્ય છે એવો અર્થ જણાય છે. अर्हँ પદની સાથે આત્માનો સંપૂર્ણ સંબંધ આ શબ્દો દ્વારા પદસ્થ પ્રણિધાન કહેવામાં આવ્યું તથા अर्हँ પદના અભિધેય સ્વરૂપ સાક્ષાત્ અરિહંત પરમાત્માના શરીરની સાથે આત્માનો જે અભેદ થવો એવા શબ્દ દ્વારા પિંડસ્થધ્યાન કહેવામાં આવ્યું.

હવે वयम् अपि સ્વરૂપ કર્તા બહુવચનમાં કહેવાયા છે એનું રહસ્ય ગ્રન્થકાર બતાવે છે. પ્રણિધાન કરવા યોગ્ય પદાર્થ વિશેષ પ્રકારનો છે તથા પ્રણિધાન પણ વિશેષ પ્રકારનું હોવાથી આ બંનેવડે ગુણની વૃદ્ધિ થાય છે અને ગુણની વૃદ્ધિ થવાથી આત્મામાં પણ શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય છે. આથી

ઉત્તરોત્તર શ્રેષ્ઠતાવાળા આત્માઓ ઘણાં બધા થાય છે. આવા રહસ્યને બતાવવા માટે અમે બહુવચનનો પ્રયોગ કર્યો છે.

હવે तात्त्विक શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. तत्त्व શબ્દને एवकार અર્થમાં "विनयादिभ्यः०" (૭/૨/૧૬૯) સૂત્રથી इकण् પ્રત્યય થતાં तात्त्विकम् શબ્દ પ્રાપ્ત થાય છે. આથી तात्त्विकः नमस्कारનો અર્થ નમસ્કાર જ તત્ત્વ છે અથવા તો તત્ત્વ જ નમસ્કાર છે. કોઈક જગ્યાએ કહ્યું પણ છે કે नमस्कारम् ऋते न तत्त्वम् (નમસ્કાર વિના તત્ત્વ નથી.)

અથવા તો તત્ત્વ છે પ્રયોજન જેનું એવા અર્થમાં तत्त्व શબ્દને ઉપરોક્ત સૂત્રથી જ तद्धितનો इकण् પ્રત્યય થતાં तात्त्विक શબ્દ પ્રાપ્ત થાય છે. આથી સંપૂર્ણ અર્થ આ તત્ત્વના પ્રયોજનવાળો નમસ્કાર છે એ પ્રમાણે થશે.

॥ प्रथमम् सूत्रम् समाप्तम् ॥

* * *

सूत्रम् - सिद्धिः स्याद्वादात् । १ । १ । २ ॥

-: તત્ત્વપ્રવેશિકા :-

स्याद् इत्यव्ययमनेकान्तद्योतकम् । ततः स्याद्वादोऽनेकान्तवादः, नित्यानित्याद्यनेकधर्मशबलैकवस्त्वभ्युपगम इति यावत् । ततः सिद्धिर्निष्पत्तिर्ज्ञप्तिर्वा प्रकृतानां शब्दानां वेदितव्या ।

-: તત્ત્વપ્રવેશિકાનો અનુવાદ :-

स्याद् સ્વરૂપ અવ્યય અનેકાંતને જણાવનાર છે. તેથી स्याद्वाद એ અનેકાંતવાદ છે. નિત્યાનિત્ય વગેરે અનેક વિરુદ્ધ ધર્મોથી યુગપત્ એવી પરિણતિને પ્રાપ્ત કરનાર એવી એક વસ્તુનો સ્વીકાર તે स्याद्वाद છે. તાત્પર્યથી આ स्याद्वाद्નો અર્થ થયો છે. स्याद्वादથી સિદ્ધિ (નિષ્પત્તિ) અથવા તો ज्ञप्ति (જાણકારી) થાય છે. અર્થાત્ પ્રસ્તુત એવા શબ્દોની પ્રાપ્તિ અથવા તો જાણકારી स्याद्वादથી જ જાણવા યોગ્ય છે.

(त०प्र०) एकस्यैव हि ह्रस्व-दीर्घादिविधयोऽनेककारकसंनिपातः, सामानाधिकरण्यम्, विशेषण-विशेष्यभावादयश्च स्याद्वादमन्तरेण नोपपद्यन्ते ।

અનુવાદ :- એક શબ્દમાં જ હ્રસ્વ-દીર્ઘ વગેરે વિધિઓ, અનેક કારકોનું મળવું, સમાનાધિકરણપણું, વિશેષણ-વિશેષ્યભાવ વગેરે સ્યાદ્વાદ વિના સંગત થતું નથી.

(त०प्र०) सर्वपार्षदत्वाच्च शब्दानुशासनस्य सकलदर्शनसमूहात्मकस्याद्वादसमाश्रयणमतिरमणीयम् । यदवोचाम स्तुतिषु-

"अन्योऽन्यपक्षप्रतिपक्षभावाद् यथा परे मत्सरिणः प्रवादाः ।
नयानशेषानविशेषमिच्छन् न पक्षपाती समयस्तथा ते" ॥२॥

(अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका-श्लो० ३०)

स्तुतिकारोऽप्याह-

"नयास्तव स्यात्पदलाञ्छना इमे रसोपविद्धा इव लोहधातवः ।
भवन्त्यभिप्रेतफला यतस्ततो भवन्तमार्याः प्रणता हितैषिणः" ॥३॥ इति ॥

(श्रीसमन्तभद्राचार्यकृत-बृहत्स्वयम्भूस्तोत्रावल्यां श्रीविमलनाथस्तोत्रम्- श्लो० ६५)

અનુવાદ :- શબ્દાનુશાસન એ બધા જ દર્શનોને સર્વસાધારણ ગ્રન્થ હોવાથી બધા જ દર્શનોના સમૂહ સ્વરૂપ સ્યાદ્વાદનો સ્વીકાર અત્યન્ત નિર્દોષ છે. જે સ્તુતિઓમાં અમે કહ્યું છે -

"પરવાદીઓ પરસ્પર પક્ષ અને પ્રતિપક્ષભાવવાળા હોવાથી જે પ્રકારે એકબીજા ઉપર મત્સરભાવવાળા છે (અસહનશક્તિવાળા છે) એ પ્રકારે સર્વ નયોને અવિશેષ સ્વરૂપે ઇચ્છતાં એવા તારા આગમો નથી. અહીં કારણ તરીકે પક્ષપાતી હેતુ વિશેષણ દ્વારા બતાવે છે. જે કારણથી તારા આગમો રાગ નિમિત્તક વસ્તુના સ્વીકાર રૂપ પક્ષનો નાશ કરવાવાળા છે, તેથી જ તારા આગમો અસહનશક્તિવાળા નથી." (પક્ષપાતીનો અર્થ શબ્દમહાર્ણવન્યાસમાંથી લખવામાં આવ્યો છે.)

સ્તુતિકાર પણ કહે છે - જે કારણથી સ્યાદ્પદથી અંકિત્ત થયેલા તારા આ નયો જાણે કે સુવર્ણરસથી યુક્ત એવી લોખંડની ધાતુઓ ન હોય (લોખંડમાં સુવર્ણરસ મેળવવામાં આવે તો લોખંડ સ્વયં સુવર્ણ સ્વરૂપ બની જાય છે) તેમ અભિપ્રેતફળવાળા થયા છે તે કારણથી હિતને ઇચ્છવાવાળા એવા આર્યો આપને પ્રણામ કરવા માટે આરંભવાળા થયા છે.

(त०प्र०) अथवा वादात् विविक्तशब्दप्रयोगात् 'सिद्धिः' सम्यग्ज्ञानं तद्द्वारेण च निःश्रेयसं 'स्याद्' भवेद् इति शब्दानुशासनमिदमारभ्यत इत्यभिधेयप्रयोजनपरतयाऽपीदं व्याख्येयम् ॥२॥

અનુવાદ :- હવે સ્વાદ્વાદનો અન્ય રીતે અર્થ કરે છે - वादात् એટલે અસાધુત્વથી મુક્ત એવા પ્રયોગોથી તેવો અર્થ થશે, સિદ્ધિનો અર્થ મોક્ષ થશે (સંપૂર્ણ કલ્યાણ થશે) તથા भवेत् એ સ્યાદ્નો અર્થ થશે. આથી સંપૂર્ણ અર્થ આ પ્રમાણે થશે - અસાધુત્વથી મુક્ત એવા શબ્દોનો વ્યવહાર કરવાથી સમ્યગ્જ્ઞાન થશે અને સમ્યગ્જ્ઞાન દ્વારા શ્રેષ્ઠ કલ્યાણ સ્વરૂપ મોક્ષ થશે. આ હેતુથી જ આ ગ્રન્થનો (શબ્દાનુશાસનનો) આરંભ કરાય છે. આમ, અભિધેય અને પ્રયોજનપણાંથી પણ "सिद्धिः स्याद्वादात्" પંક્તિની આ વ્યાખ્યા કરવા યોગ્ય છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

सिद्धिरित्यादि - लोके प्रसिद्धसाधुत्वानां शब्दानामन्वाख्यानार्थमिदमारभ्यते । अन्वाख्यानं च शब्दानां प्रकृत्यादिविभागेन सामान्य-विशेषवता लक्षणेन व्युत्पादनम्, तच्च शब्दार्थसम्बन्ध-मन्तरेण न सम्भवति, शब्दार्थसम्बन्धसिद्धिश्च स्याद्वादाधीनेत्यत आह-**सिद्धिः स्याद्वादा**दिति ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

લોકમાં પ્રસિદ્ધ એવા સાધુ શબ્દોના કથનને માટે આ ગ્રન્થનો (शब्दानुशासनम्) આરંભ કરાય છે. હવે અન્વાખ્યાનની વ્યાખ્યા કરે છે - લોકમાં જે સાધુ શબ્દો તરીકે પ્રસિદ્ધ હતાં એ શબ્દોનું પ્રકૃતિ અને પ્રત્યયના વિભાગથી સામાન્ય (ઉત્સર્ગ) અને વિશેષ (અપવાદ) સૂત્રવડે કથન કરવું તે અન્વાખ્યાન કહેવાય છે. આ शब्दानुशासनम् નામનો ગ્રન્થ ઉત્સર્ગ અને અપવાદ સૂત્રોવડે પ્રકૃતિ અને પ્રત્યયનો વિભાગ કરશે અને તેમ કરીને સાધુ શબ્દોનું કથન કરશે. આ પ્રમાણેનું કથન એ જ અન્વાખ્યાન છે.

શબ્દો સંબંધી આ પ્રમાણેનું અન્વાખ્યાન શબ્દ અને પદાર્થના સંબંધ વિના સંભવતું નથી. હવે શબ્દ અને અર્થના સંબંધની સિદ્ધિ સ્યાદ્વાદને આધીન છે. આથી જ સૂત્રમાં सिद्धिः स्याद्वादात् શબ્દો લખાયા છે અર્થાત્ શબ્દો અને અર્થના સંબંધની પ્રાપ્તિ સ્યાદ્વાદને આધીન છે. શબ્દો અને અર્થો વચ્ચે तदुत्पत्ति, तादात्म्य તથા वाच्य-वाचकभाव વગેરે સંબંધો માનવામાં આવે છે. આ અંગેની સંપૂર્ણ ચર્ચા રત્નપ્રભાચાર્યવડે બનાવાયેલી રત્નાકરાવતારિકામાં જોવી, જેમાં સ્યાદ્વાદને આધીન એવા વાચ્યવાચકભાવ સંબંધનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

(श०न्या०) संज्ञा-परिभाषा-ऽधिकार-विधि-प्रतिषेध-नियम-विकल्प-समुच्चया-ऽति-देशाऽनुवादरूपदशविधयोगेष्वयमधिकार आशास्त्रपरिसमाप्तेर्वेदितव्य इति ।

અનુવાદ :- સામાન્ય અને વિશેષ સૂત્રો કેવા સ્વરૂપવાળા હશે ? અને આ સૂત્ર કેવા સ્વરૂપવાળું છે ? એવી જિજ્ઞાસાના સંદર્ભમાં આચાર્ય ભગવંતશ્રી દશ પ્રકારના સૂત્રો પોતાનાં વ્યાકરણમાં

જણાવે છે. પાતંજલ મહાભાષ્યમાં આ દશમાંથી માત્ર છ પ્રકારનાં જ સૂત્રો માનવામાં આવ્યા છે, જેનો શ્લોક આ પ્રમાણે છે :

"संज्ञा च परिभाषा च विधिर्नियम एव च । अतिदेशोऽधिकारश्च षड्विध सूत्रलक्षणम् ॥"

(૧) સંજ્ઞાસૂત્ર : 'तत्र च नामकरणं संज्ञा' આ વ્યાખ્યા પ્રમાણે જે નામકરણ કરવામાં આવે તે સંજ્ઞા કહેવાય. દા.ત. औदन्ताः स्वराः (૧/૧/૪) અહીં अ, आ, इ, ई વગેરે વર્ણોનું સ્વર નામકરણ કરવામાં આવ્યું છે. આથી આ વર્ણો આ વ્યાકરણમાં સ્વર તરીકે ઓળખાશે. માટે આવા સૂત્રો સંજ્ઞાસૂત્રો તરીકે ઓળખાશે.

(૨) પરિભાષાસૂત્ર : 'अनियमे नियमकारिणी परिभाषा' સૂત્ર પ્રમાણે અર્થની સંગતિ થતી ન હોય તો કેવી રીતે અર્થ સંગત કરવો ? એને માટે પરિભાષાસૂત્રનો સહારો લેવો પડે. દા.ત. वाऽष्टनः आः स्यादौ (૧/૪/૫૨) સૂત્રમાં अष्टन् શબ્દમાં ષષ્ઠીવિભક્તિ છે. આથી શંકા થઈ કે આખા अष्टन् શબ્દનો आ કરવો કે કોઈક વર્ણનો आ કરવો ? આ પ્રમાણે અનિયમની અવસ્થામાં षष्ठ्याऽन्त्यस्य (૭/૪/૧૦૬) સૂત્રથી નિયમ થશે કે જો ષષ્ઠી અંતવાળું નામ હોય તો ત્યાં માત્ર અન્તનું જ કાર્ય કરવું. આથી હવે अष्टन् શબ્દના અન્ત્ય न् નો आ થશે. આમ, (૭/૪/૧૦૬) સૂત્ર એ પરિભાષા સૂત્ર થશે.

(૩) વિધિસૂત્ર : 'कर्तव्यत्वेनोपदेशो विधिः' કર્તવ્યપણાંથી સૂત્રમાં જે જે કથન થયું હોય તે તે વિધિ કહેવાય છે અને વિધિ સંબંધી સૂત્રોને વિધિસૂત્રો કહેવાય છે. દા.ત. समानानां तेन दीर्घः (૧/૨/૧) સૂત્ર એ વિધિસૂત્ર છે, કારણ કે સૂત્રમાં દીર્ઘપણાંનું કર્તવ્ય તરીકે કથન થયું છે.

(૪) નિયમસૂત્ર : 'बहुत्र प्राप्तौ संकोचनं नियमः ।' ઘણાં સ્થાનોમાં પ્રાપ્તિ હોતે છતે સંકોચ કરવો તે નિયમસૂત્ર કહેવાય છે. આવું નિયમસૂત્ર इन्-हन्-पूषा-ऽर्यम्णः शि-स्योः (૧/૪/૮૭) છે. અહીં नि दीर्घः (૧/૪/૮૫) સૂત્રથી न्ની પૂર્વનો સ્વર તમામ ઘુટ્ પ્રત્યય પર છતાં દીર્ઘ થતો હતો. એ દીર્ઘવિધિનો (૧/૪/૮૭) સૂત્ર દ્વારા સંકોચ કરવામાં આવ્યો છે. જે આ પ્રમાણે છે - इन् અંતવાળું નામ તથા पूषन् વગેરે નામો સંબંધી "न्"ની પૂર્વનો સ્વર જો દીર્ઘ થશે તો शि અને सि પ્રત્યય પર છતાં જ થશે. આથી તમામ ઘુટ્ પ્રત્યયોને બદલે માત્ર ત્રણ ઘુટ્ પ્રત્યયો જ દીર્ઘવિધિ માટે આવશ્યક થાય છે. આમ (૧/૪/૮૭)માં સંકોચ કરવામાં આવ્યો છે. માટે આ નિયમસૂત્ર બને છે.

(૫) અતિદેશસૂત્ર : 'अन्यतुल्यत्वविधानम् अतिदेशः' અન્યમાં જે સમાનપણાંનું વિધાન એ અતિદેશ-સૂત્ર કહેવાય છે. દા.ત. डत्यतु संख्यावत् (૧/૧/૩૯). આમ તો એક, બે વગેરે નિયત સંખ્યામાં સંખ્યાપણું છે પરંતુ डति અંતવાળા અને अतु અંતવાળા શબ્દોમાં પણ સંખ્યાત્વધર્મની સમાનતાનું ભાવન કરવું છે અર્થાત્ डति અંતવાળા અને अतु અંતવાળા શબ્દોને પણ સંખ્યા

જેવા સમજવા છે. આથી અન્યમાં એટલે કે डति અને अतु અંતવાળા શબ્દોમાં નિયત એવી સંખ્યાના તુલ્યપણાંનું ભાવન થાય છે માટે डत्यतु संख्यावत् એ અતિદેશસૂત્ર થશે. ન્યાસસારસમુદ્ધારમાં રચયિતાએ इदितो वा (૮/૪/૧) સૂત્ર અતિદેશસૂત્ર તરીકે જણાવેલ છે. પરંતુ પ્રાકૃતનો વિભાગ હોવાથી અમે અહીં જણાવેલ નથી.

(૬) અધિકાર સૂત્ર : 'उत्तरप्रकरणव्यापी अधिकारः' અથવા તો 'एकत्रोपात्तस्यान्यत्रानुसन्धानम् अधिकारः' ઉત્તરસૂત્રમાં જે ફેલાયેલું હોય (વ્યાપક હોય) તેને અધિકારસૂત્ર કહેવામાં આવે છે અથવા તો એક જગ્યાએ ગ્રહણ કરેલાનો અન્યસૂત્રમાં વ્યાપાર કરવો તેને અધિકારસૂત્ર કહેવાય છે. આ અનુસંધાન (જોડાણ) બે પ્રકારનું છે : (૧) શ્રુતપદનું (સાંભળેલા પદનું) અન્ય સૂત્રમાં અનુસંધાન કરવું. (જ્ઞાન કરવું અથવા તો જોડાણ કરવું.) (૨) અશ્રુતપદનું અન્ય સૂત્રમાં અનુસંધાન કરવું. અહીં અશ્રુતપદના અનુસંધાનને અધ્યાહાર કહેવામાં આવે છે. દા.ત. अर्हँ સૂત્રમાં કર્તા કોણ ?, ક્રિયાપદ કોણ ? એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. અહીં જો વાક્યનો બોધ થતો ન હોય તો આ સૂત્રરચના બરાબર ન કહેવાય. આથી વાક્યાર્થનો બોધ કરવા માટે આખ્યાતનો (ક્રિયાપદ) નિર્દેશ કરવો આવશ્યક છે. આથી मया अर्हम् प्रणिधेयम् એ પ્રમાણે અધ્યાહારથી मया અને प्रणिधेयम् પદને લાવવાથી વાક્યનો બોધ થઈ શકશે. અહીં અશ્રુતપદનું અનુસંધાન કરવાથી વાક્યાર્થનો બોધ થઈ શકશે તો જ સૂત્રમાં સાધુપણાંની પ્રાપ્તિ થઈ શકશે. આ પ્રમાણે અહીં અશ્રુતપદનું અનુસંધાન એ અધિકારસૂત્ર નથી.

શ્રુતપદનું અનુસંધાન બે પ્રકારે છે : (૧) अनुषङ्ग (૨) अनुवृत्ति.

(૧) अनुषङ्ग : 'नेदीयः स्थानान्तरस्थितस्य (पदस्य) क्वचिद् अनुसंधानम्' નજીકમાં રહેલા પદનું કોઈક સ્થળે જ્ઞાન કરવું તથા **(૨) अनुवृत्ति :** 'दवीयः स्थानान्तरस्थितस्य (पदस्य) सर्वत्रानुसंधानम्' દૂર રહેલા પદનું બધે જ અનુસંધાન કરવું તે અનુવૃત્તિ કહેવાય છે. આ અનુવૃત્તિનાં ત્રણ પ્રકાર છે :

(A) सिंहावलोकितवत् : સિંહ જેમ ચાલે છે તો પાછળ જોઈને પણ ચાલે છે તેમ પછીના સૂત્રનો પૂર્વનાં સૂત્રમાં જો અર્થ ખૂટતો હોય તો લઈ શકાય છે. દા.ત. (૩/૧/૧૬૦) સૂત્રનાં અર્થનું અનુસંધાન (૩/૧/૧૫૯) સૂત્રમાં કરવું પડે છે.

(B) मण्डुकप्लुतिवत् : એક સૂત્રમાં એક પદ લીધા પછી વચ્ચે બે-ત્રણ સૂત્રો છોડી પુનઃ તે પદનું ગ્રહણ કરવામાં આવે તો તે मण्डुकप्लुतिवत् अनुवृत्ति કહેવાય છે. દા.ત. (૨/૧/૫૨)માં ધાતુની અનુવૃત્તિ હતી તે (૨/૧/૫૩), (૨/૧/૫૪) અને (૨/૧/૫૫) સૂત્રને છોડીને પુનઃ (૨/૧/૫૬) સૂત્રમાં આવે છે.

(C) गङ्गास्त्रोतोवत् : ક્રમશઃ દરેક સૂત્રમાં જે પદનું ગ્રહણ થતું હોય તે गङ्गास्त्रोतोवत् અનુવૃત્તિ કહેવાય છે. દા.ત. अतः आः स्यादौ जस् - भ्याम् - ये । આ સૂત્રમાં अतः પદની અનુવૃત્તિ (૧/૪/૨)થી (૧/૪/૧૪) સૂત્ર સુધી ક્રમશઃ દરેક સૂત્રમાં ગ્રહણ થાય છે.

આ પ્રમાણે ઉત્તરનાં સૂત્રમાં જે વ્યાપક હોય એવા શ્રુતપદનાં અનુસંધાનવાળા સૂત્રને અધિકારસૂત્ર કહેવાય છે. અનુવૃત્તિને પણ અપેક્ષાએ અધિકારસૂત્ર કહેવાશે. દા.ત. "घुटि" (૧/૪/૬૮) સૂત્રમાં घुटि પદ સંભળાય છે. આ પદનું અનુસંધાન જે જે સૂત્રોમાં નિમિત્ત હશે નહીં તે તે સૂત્રોમાં થશે. આથી 'घुटि" એ અધિકારસૂત્ર છે.

(૭) અનુવાદસૂત્ર : 'प्रमाणान्तर प्रतिपन्नस्यार्थस्य शब्देन संकीर्तनमनुवादः' અન્ય પ્રમાણથી પ્રાપ્ત કરેલા અર્થનું શબ્દવડે કથન કરવું તે અનુવાદ કહેવાય છે. પ્રત્યક્ષપ્રમાણથી પ્રાપ્ત કરેલા અર્થને અનુમાન આદિ પ્રમાણથી શબ્દવડે કથન કરવું તે જેમ અનુવાદ કહેવાય છે તેમ એક વાક્યની અપેક્ષાએ જે અર્થનું ગ્રહણ થયું હોય તે જ અર્થોનું અન્ય શબ્દો દ્વારા કથન કરવું તે પણ અનુવાદસૂત્ર કહેવાય. દા.ત. "विना ते तृतीया च" (૨/૨/૧૧૫) આ અનુવાદસૂત્ર છે. આ સૂત્રમાં (૨/૨/૧૧૩) અને (૨/૨/૧૧૪) સૂત્રનાં કાર્ય સ્વરૂપ જે દ્વિતીયા અને પંચમી વિભક્તિ હતી તે બંને કાર્યોનું "ते" 'શબ્દ દ્વારા ગ્રહણ થયું છે અર્થાત્ દ્વિતીયા અને પંચમી સ્વરૂપ અર્થ અન્ય "ते" શબ્દ દ્વારા કથન કરાયો છે.

(૮) વિકલ્પસૂત્ર : વિધિ અથવા તો નિષેધસૂત્રમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ સ્વરૂપ ઉભય પ્રયોગની પ્રાપ્તિ થતી હોય એવા સૂત્રને "વિકલ્પસૂત્ર" કહેવાય છે. દા.ત. "सौ नवेतौ" (૧/૨/૩૮).

(૯) સમુચ્ચયસૂત્ર : એક સ્થાની વગેરેની સાથે અન્ય સ્થાની વગેરેને જે સૂત્રોમાં ભેગા કરવામાં આવે એવા સૂત્રોને સમુચ્ચય સૂત્રો કહેવાય છે. અહીં સ્થાની શબ્દ પછી લખેલ આદિથી (વગેરેથી) નિમિત્ત, કાર્ય, આદેશ વગેરેને સમજવાં. દા.ત. शसोऽता सश्च नः पुंसि (૧/૪/૪૯). અહીં शस् નાં अની સાથે પૂર્વનો સમાન સ્વર દીર્ઘ થાય છે અને ત્યારે જ પુલિંગમાં शस् નાં स्નો न् પણ થાય છે. આ પ્રમાણે બે કાર્યોનો સમુચ્ચય કર્યો.

(૧૦) નિષેધસૂત્ર : જે સૂત્રમાં વિધિનો નિષેધ કરવામાં આવ્યો હોય તેને નિષેધસૂત્ર કહેવામાં આવે છે. દા.ત. न स्तं मत्वर्थे (૧/૧/૨૩). અહીં (૧/૧/૨૧) સૂત્રથી પ્રાપ્ત એવી પદસંજ્ઞાનો નિષેધ થયો છે.

पातञ्जल महाभाष्यમાં સમુચ્ચય, નિષેધ, અનુવાદ અને વિકલ્પ આ ચાર પ્રકારના સૂત્રો ગ્રહણ કર્યા નથી. આ ચાર પ્રકારના સૂત્રોને ત્યાં વિધિસૂત્રોમાં જ ગ્રહણ કર્યા છે. અહીં આ પ્રમાણે દશ પ્રકારથી સૂત્રો જણાવવા દ્વારા વધારે સ્પષ્ટતાનું આલંબન લીધું છે.

આ દશ પ્રકારના સૂત્રોમાંથી આ બીજું સૂત્ર અધિકાર સૂત્ર છે. આનો અધિકાર આ શબ્દાનુશાસનના અંત સુધી જાણવા યોગ્ય છે.

(શ૦ન્યા૦) सिद्धिरिति-सेधतेः सिध्यतेर्वा भावसाधनः[1] क्तिः । सा च द्विविधा-परमार्थ-व्यवहारभेदात्, तत्र [न]याद्यधिगमोपायाधीना शब्दादितत्त्वप्रतिपत्तिः परमार्थसिद्धिः, प्रकृति-प्रत्ययादिविभागरूपा व्यवहारसिद्धिः, उभयरूपापीयं स्याद्वादादेवोपजायते । स चानेकान्तवाद इत्याह-**स्यादित्यव्ययमनेकान्तद्योतकमि**ति, न तु वाचकम्, निपातत्वादेव । यदि तु वाचकं स्यात्, तदा 'स्यादस्त्येव' इत्यादिप्रयोगे तेनैव सर्वार्थानां प्रतिपादितत्वाच्छब्दान्तरप्रयोगानर्थक्यं पौनरुक्त्यं वा समासज्येत ।

અનુવાદ :- હવે, सिद्धि શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે - सेधते અને सिध्यति એ વર્તમાનકાળ ત્રી.પુ.એ.નું રૂપ છે. અહીં सिध् ધાતુ અનુક્રમે પહેલા ગણનો અને ચોથા ગણનો છે. આમ તો सेधतेः અને सिध्यतेः સ્વરૂપ પંચમી એ.વ.નું રૂપ થઈ શકે નહીં, કારણ કે सेधते અને सिध्यति એ વર્તમાનકાળ ત્રી.પુ.એ.ના રૂપો છે. આથી એવા રૂપોને સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગી શકે નહીં, છતાં પણ અહીં આ શબ્દને અનુકરણવાચક સમજીને (૩/૧/૨) સૂત્રથી ગતિ સંજ્ઞા થશે તથા ૧/૧/૩૬ સૂત્રથી અવ્યયસંજ્ઞા પડશે. એ પ્રમાણે એ બંને રૂપોને નામ સમજીને प्रकृतिवत् अनुकरणम् ન્યાયથી સ્યાદિના રૂપો ચાલશે. આ પ્રમાણે આવા સિદ્ધાન્તથી જ આ બે રૂપોને સ્યાદિ વિભક્તિ થઈ છે. હવે ભાવ જણાય છે જેનાવડે આવી વ્યુત્પત્તિથી ભાવ-સાધનવાળો क्ति પ્રત્યય લાગતાં सिद्धि શબ્દ બન્યો છે. અહીં સંસ્કૃતમાં भावसाधनक्तिः એ પ્રમાણે સામાસિક શબ્દ પણ પાઠાંતરમાં જણાય છે. सिद्धिनो અર્થ ज्ञप्ति (જાણવું) અથવા निष्पत्ति (પ્રાપ્તિ) થઈ શકે છે.

આ સિદ્ધિ બે પ્રકારની છે : (૧) પરમાર્થ-સિદ્ધિ અને (૨) વ્યવહાર-સિદ્ધિ. परैः (ज्ञानिभिः) मीयते इति परमः તથા परमाः च असौ अर्थाः च इति परमार्थः જ્ઞાનીઓ અન્ય અન્ય ગ્રન્થોવડે તુલના કરવા દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત કરે છે તે પરમાર્થસિદ્ધિ કહેવાય છે. નય વગેરેનાં બોધના ઉપાયોને આધીન એવો શબ્દતત્ત્વનો જે સ્વીકાર થાય એ પરમાર્થસિદ્ધિ કહેવાય છે. અર્થાત્ નય, પ્રમાણ વગેરેના આલંબનથી જે શબ્દતત્ત્વ જણાય છે તે પરમાર્થ સિદ્ધિ છે.

પ્રકૃતિ, પ્રત્યય વગેરેના વિભાગ દ્વારા શબ્દોનો બોધ કરાય તે વ્યવહારસિદ્ધિ છે. આ બંને પ્રકાર દ્વારા શબ્દોની જાણકારી મેળવવી એ સ્યાદ્વાદથી જ સંગત થઈ શકશે. હવે સ્યાદ્વાદમાં જે "स्यात्" શબ્દ છે તે અવ્યય સ્વરૂપે છે, વળી તે अनेकान्तनो દ્યોતક છે, પરંતુ અનેકાંતનો વાચક

१. ०धनक्तिः क ।

નથી. આથી જ સ્યાદ્વાદને અનેકાંતવાદ કહેવામાં આવે છે. જે શબ્દોમાં દ્યોતક શક્તિ હોય એવા શબ્દોનું અભિધેય હોતું નથી. માત્ર સમીપ રહેલા પદના અર્થને પ્રકાશિત કરવાની શક્તિ જ દ્યોતકપદોમાં હોય છે. આ स्यात् પદમાં નિપાતપણું હોવાથી જ દ્યોતકપણું છે. આથી જ स्यात् પદનું કોઈ અભિધેય નથી. આમ, स्यात् પદમાં વાચકશક્તિ નથી. માત્ર દ્યોતકશક્તિ જ છે. જો स्यात् પદમાં વાચકશક્તિ આવત તો स्याद् अस्ति एव વગેરે પ્રયોગોમાં स्यात् પદ દ્વારા જ अस्ति વગેરે પદોના અર્થો જણાઈ જાત. આથી अस्ति વગેરે શબ્દોના પ્રયોગો નિરર્થક થાત. વળી, જે અર્થો अस्ति વગેરે પદોથી જ જણાઈ જાય છે તે અર્થને જણાવવા માટે ફરીથી જો स्यात् પદ લખવામાં આવત તો પુનરુક્તિ નામનો દોષ આવત.

(श०न्या०) ननु स्यादिति क्रियाप्रतिरूपको निपातोऽनेकान्तस्य द्योतको गुणभावेन भवेत्, प्रधानभावेन वा ? न तावद् गुणभावेन, तद्वाचकपदान्तरस्यापि गुणभावेनैव वाचकत्वप्रसङ्गाद्, यथैव पदान्तरेणाभिधानं तथैव सर्वत्र निपातेन द्योतनम्, अनुक्तस्य तु द्योतने तस्य वाचकत्वप्रसक्तिः, तत्-प्रयोगसामर्थ्यात् तत्प्रतिपत्तेः । नापि प्रधानभावेन, अस्तीत्यादिभिः पदैः अस्तित्वादीनामर्थानां साक्षादुक्त-त्वात् तद्द्योतनवैयर्थ्याद्, नास्तित्वादीनां चानुक्तत्वादेव न द्योतनमिति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- (નૈયાયિક) : નૈયાયિકોને નિપાતોમાં દ્યોતકશક્તિ માનવી નથી, માટે અનેકાંતના દ્યોતક તરીકે स्यात् શબ્દ બતાવવામાં આવ્યો છે તે તેઓને ગમ્યું નથી. આથી તેઓ પૂછે છે કે स्यात् એ ક્રિયાપ્રતિરૂપક અવ્યય છે. જે विभक्तिथमन्त... (૧/૧/૩૩) સૂત્રથી થયો છે. આ स्यात् અવ્યયને જો તમે (વૈયાકરણીઓ) દ્યોતક માનો છો, તો અમે તમને પૂછીએ છીએ કે આ स्यात् અવ્યય अस्ति સ્વરૂપ પદના અર્થને ગૌણભાવથી પ્રકાશિત કરે છે અથવા તો પ્રધાનભાવથી પ્રકાશિત કરે છે ? स्यात् અવ્યય ગૌણભાવથી अस्तिના અર્થને જણાવી શકતો નથી કારણ કે स्यात् અવ્યય अस्तिના અર્થને ગૌણભાવથી જણાવશે તો अस्ति પદ પણ ગૌણભાવથી જ પોતાના અર્થને જણાવનારો થશે અને તેમ થશે તો अस्ति પદમાં ગૌણભાવથી પોતાના અર્થને જણાવવા સ્વરૂપ વાચકત્વ માનવાની આપત્તિ આવશે. શબ્દશાસ્ત્રનો નિયમ છે કે જે પ્રમાણે વાચકપદ પોતાના અર્થને જણાવે તે પ્રમાણેના અર્થને જ નિપાતપદ પ્રકાશિત કરે છે. કારણ કે નિપાતપદમાં માત્ર વાચકપદના અર્થને જ પ્રકાશિત કરવાનું સામર્થ્ય હોય છે. કદાચ તમે એમ કહો કે अस्ति આમ તો પ્રધાનઅર્થનો વાચક છે અને स्यात् એ अस्ति પદના ગૌણઅર્થનો દ્યોતક છે. આ પ્રમાણે તો स्यात् અવ્યયમાં अस्ति દ્વારા નહીં કહેવાયેલા અર્થનું પ્રકાશકપણું આવે છે અને આ પ્રમાણે તો स्यात् અવ્યયમાં વાચકત્વના પ્રસંગની પ્રાપ્તિ થાય છે. अस्ति પદ જો મુખ્યઅર્થને જણાવતો હોય અને स्यात् અવ્યય દ્વારા જો તેનો ગૌણ અર્થ જણાવાય તો એનો

અર્થ એવો જ થયો કે स्यात् અવ્યયે (નિપાતે) જે અર્થ ન હતો એ અર્થ જણાવ્યો. આથી स्यात् પદમાં નવા અર્થને જણાવવાનું સામર્થ્ય થયું હોવાથી स्यात्માં વાચકત્વ માનવું પડશે.

स्यात् અવ્યય પ્રધાનભાવથી પણ अस्ति પદના અર્થને જણાવી શકતો નથી. अस्ति વગેરે પદો જ પોતાના અસ્તિત્વ વગેરે અર્થો મુખ્યભાવથી જણાવી દે છે. આથી अस्ति પદના અર્થને ફરીથી પ્રકાશિત કરવા માટે स्यात् પદ લખવામાં આવે તો તે વ્યર્થ થાય છે. વળી, નાસ્તિત્વ વગેરે અર્થ તો अस्ति પદ દ્વારા કહી શકાતા નથી. આથી નાસ્તિત્વ વગેરે અર્થ स्यात् પદ દ્વારા પ્રકાશિત થાય છે એવું પણ કહી શકાશે નહીં. આમ स्यात् પદમાં દ્યોતક શક્તિ માની શકાતી નથી.

(श०न्या०) स्यान्मतम्–अस्तीतिपदेनास्तित्वं प्रधानकल्पनयाऽभिधीयते, नास्तित्वादयस्तु स्यादिति निपातेन गुणकल्पनया द्योत्यन्त इति प्रधानगुणभावादनेकान्तप्रकाशकः स्याच्छब्दः, एवकारप्रयोगादन्ययोगव्यवच्छेदसिद्धेः । तदप्यसम्यग्, अस्तीतिपदेनानुक्तानां नास्तित्वादिधर्म्माणां स्याच्छब्देन द्योतने सर्वार्थद्योतनप्रसङ्गात् । सर्वार्थानामेवकारेण व्यवच्छेदान्न तद्द्योतनमित्यपि न वाच्यम्,[१] नास्तित्वादीनामपि तेन व्यवच्छेदादद्योतनप्रसङ्गात्, ततो न द्योतकः स्याच्छब्दोऽनेकान्तस्य युज्यते ।

અનુવાદ :- (પ્રતિપૂર્વપક્ષ) : નૈયાયિકોની સામે કોઈક બીજાઓ જે નિપાતોમાં દ્યોતકશક્તિ માને છે તેઓ નૈયાયિકોને જવાબ આપે છે - स्यात् अस्ति एव પ્રયોગમાં अस्ति પદ દ્વારા અસ્તિત્વ સ્વરૂપ અર્થ પ્રધાનભાવથી જણાય છે. તથા નાસ્તિત્વ વગેરે અર્થ (જે अस्ति પદમાં જ રહ્યો છે) स्याद् નિપાતથી ગૌણભાવથી પ્રકાશિત થાય છે. આમ, મુખ્ય અને ગૌણભાવથી અનેકાંતનો પ્રકાશક स्यात् અવ્યય (નિપાત) થાય જ છે. અહીં अस्ति પદથી નાસ્તિત્વ વગેરે અર્થો કેવી રીતે આવી શકે ? એવી જિજ્ઞાસાના સંદર્ભમાં ગ્રન્થકાર एवकारનો અર્થ બતાવે છે. अस्ति પદ પછી જે एवकार રહ્યો છે તે વિશેષ્ય સાથે રહેલો હોવાથી अस्ति પદના અસ્તિત્વ સિવાયના ધર્મોનો વ્યવચ્છેદ કરે છે. આ પ્રમાણે અન્યયોગવ્યવચ્છેદથી अस्ति પદનો અર્થ મુખ્યભાવથી અસ્તિત્વ પદાર્થ જ થાય છે અને નાસ્તિત્વ વગેરે અર્થ स्यात् અવ્યયથી (નિપાતથી) ગૌણભાવથી પ્રકાશિત થાય છે.

હવે આ પ્રતિપૂર્વપક્ષને ચાલુ પૂર્વપક્ષ (નૈયાયિક) तदप्यसम्यक्... પંક્તિ દ્વારા જવાબ આપે છે.

(પૂર્વપક્ષ ચાલુ) : (નૈયાયિક) : જો अस्ति પદ દ્વારા પ્રધાનભાવથી અસ્તિત્વ સ્વરૂપ અર્થ કહેવાશે તથા अस्ति પદ દ્વારા નહીં કહેવાયેલ એવા નાસ્તિત્વ વગેરે અર્થો જો स्यात् અવ્યયથી

૧. 'सर्वार्थानामेवकारे[ण] व्यवच्छेदान्न तदुद्द्योतनमित्यपि न वाच्यम्, नास्तित्वाप्रसङ्गात्' इति अ ।

(નિપાતથી) પ્રકાશિત થશે તો તો બધા જ અર્થો स्यात् અવ્યયથી પ્રકાશિત થવાની આપત્તિ આવશે.

પ્રતિપૂર્વપક્ષ :- अस्ति પદ પછી एवकार લખ્યો હોવાથી અસ્તિત્વ સિવાયના તમામ અર્થો अस्ति પદ દ્વારા જણાતાં નથી તેવો અર્થ સમજાઈ જાય છે. કારણ કે एवकार એ અસ્તિત્વ સિવાયના અર્થોનો વ્યવચ્છેદ કરે છે. આથી स्यात् પદવડે બધાં જ અર્થો પ્રકાશિત થવાની આપત્તિ આવતી નથી.

(પૂર્વપક્ષ-ચાલુ) નૈયાયિક : જો एवकार અસ્તિત્વ સિવાયના તમામ ધર્મોનો વ્યવચ્છેદ કરતો હોય તો एवकार દ્વારા જ નાસ્તિત્વ વગેરે ધર્મોનો પણ વ્યવચ્છેદ થઈ જ જશે અને આમ થાય તો હવે નાસ્તિત્વ વગેરે ધર્મો રહ્યા જ ન હોવાથી स्यात् પદવડે પ્રકાશિત ન થવાની આપત્તિ આવશે. આથી જ અમે કહીએ છીએ કે स्यात् અવ્યય (નિપાત) અનેકાંતનો દ્યોતક છે એવું માની શકાતું નથી.

(શ૦ન્યા૦) अत्राभिधीयते-अस्तीत्यादिभिः पदैः प्रधान-गुणभावेनैवास्तित्व-नास्तित्वादीनामर्थानामभिधानात्, तथैव स्याच्छब्देन द्योतनाद् दोषाभावः । तथाहि-शुद्धद्रव्यार्थिक-प्रधानभावादस्तित्वैकान्तो मुख्यः, शेषा नास्तित्वाद्येकान्ता गुणाः प्रधानभावेनानर्प्पणाद-निराकरणाच्च, नास्तित्वादि-निरपेक्षस्य त्वस्तित्वस्यासम्भवात् खरविषाणवत्, स्याच्छब्दस्तु तद्द्योतनः प्रधानगुणभावेनैव भवेत्, तथैवास्तीति पदेनाभिधानात्, यथाभिहितस्यैव निपातपदेन द्योतयितुं शक्यत्वादिति ।

અનુવાદ :- ઉત્તરપક્ષ :- (પરમ પૂજ્ય હેમચન્દ્રાચાર્યજીનો) स्याद् अस्ति - स्याद् नास्ति વગેરે વાક્યોમાં अस्ति વગેરે પદોવડે મુખ્ય અને ગૌણભાવથી જ અનુક્રમે અસ્તિત્વ અને નાસ્તિત્વ વગેરે અર્થોનું કથન થાય છે. અર્થાત્ स्यात् अस्ति एव પ્રયોગમાં अस्ति પદનો જ પ્રધાનભાવથી અસ્તિત્વ અર્થ અને ગૌણભાવથી નાસ્તિત્વ વગેરે અર્થ થાય છે. તથા अस्ति પદનો આ પ્રમાણેનો અર્થ થયો તે स्यात् પદ દ્વારા પ્રકાશિત થાય છે. આથી स्यात् અવ્યયમાં દ્યોતકશક્તિ માનવામાં કોઈ આપત્તિ નથી. अस्ति પદનો પ્રધાનભાવથી અસ્તિત્વ અર્થ અને ગૌણભાવથી નાસ્તિત્વ વગેરે અર્થ થાય છે. આવો અર્થ કેવી રીતે થઈ શકે ? એના અનુસંધાનમાં આચાર્ય ભગવંતશ્રી तथाहि... પંક્તિઓ દ્વારા જણાવે છે.

નય બે પ્રકારનાં છે. (૧) શુદ્ધદ્રવ્યાર્થિકનય અને (૨) શુદ્ધપર્યાયાર્થિકનય. દ્રવ્યને જ પ્રધાનપણે ગ્રહણ કરનારા નિશ્ચયવિશેષને દ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે તથા પર્યાયને જ પ્રધાનપણે ગ્રહણ કરનારા નિશ્ચયવિશેષને પર્યાયાર્થિકનય કહેવામાં આવે છે. દ્રવ્યાર્થિકનયમાં શુદ્ધ વિશેષણ

લખવામાં આવ્યું છે તે અભેદની વિવક્ષા માટે લખ્યું છે. દ્રવ્યથી વિશિષ્ટ એવો પર્યાયવાચક પદાર્થ અભેદપણે રહેલો છે અને તેમાં દ્રવ્યને મુખ્ય કરવામાં આવે ત્યારે શુદ્ધદ્રવ્યાર્થિકનય કહેવાય છે. આથી શુદ્ધદ્રવ્યાર્થિકનયમાં પ્રધાનભાવથી અસ્તિત્વધર્મ મુખ્ય છે અને બાકીના નાસ્તિત્વ વગેરે ધર્મ ગૌણ છે. આવો મુખ્ય અને ગૌણભાવ શા માટે છે ? એના અનુસંધાનમાં આચાર્ય ભગવંત બે હેતુઓ આપે છે : अनर्पणाद् तथा अनिराकरणात् ।

અહીં નાસ્તિત્વ વગેરે ધર્મો ગૌણભાવથી કહેવાયા છે. તેનું કારણ अनर्पणाद् આત્મક પહેલો હેતુ છે અર્થાત્ નાસ્તિત્વ વગેરે ધર્મો શુદ્ધદ્રવ્યાર્થિકનયમાં પ્રધાનભાવથી વિવક્ષિત કરાયા નથી માટે ગૌણ છે. આથી હવે શંકા થાય કે નાસ્તિત્વ વગેરે ધર્મો જે ત્યાં રહ્યા છે તથા તેઓ ગૌણરૂપે છે, તો તેનો ત્યાં સર્વથા નિષેધ સમજવો અથવા તો બીજું કંઈક સમજવું ? એના અનુસંધાનમાં આચાર્ય ભગવંત अनिराकरणात् च એ પ્રમાણે બીજો હેતુ આપે છે. નાસ્તિત્વ વગેરે ગૌણધર્મોના ત્યાં સર્વથા નિષેધનો અભાવ છે. અસ્તિત્વથી વિશિષ્ટ એવું નાસ્તિત્વ જ અમને ઇષ્ટ છે અથવા તો નાસ્તિત્વથી વિશિષ્ટ એવું અસ્તિત્વ જ અમને ઇષ્ટ છે. નાસ્તિત્વ વગેરે ધર્મોના સર્વથા નિષેધનો અભાવ છે એવું માનીને નાસ્તિત્વ વગેરે ધર્મો ત્યાં ગૌણપણે માન્યા છે. જો નાસ્તિત્વ આદિ ધર્મથી નિરપેક્ષ એવા અસ્તિત્વધર્મને સ્વીકારવામાં આવશે તો અસંભવ દોષ આવશે. ગધેડાના શિંગડાની જેમ નાસ્તિત્વથી નિરપેક્ષ એવું અસ્તિત્વ અસત્ પદાર્થ થવાની આપત્તિ આવશે. જો માત્ર અસ્તિત્વધર્મ જ માનવામાં આવે અને નાસ્તિત્વધર્મ ન માનવામાં આવે તો જેમ ઘટમાં અસ્તિત્વ છે તેમ પટમાં પણ અસ્તિત્વ છે. ઘટ અને પટ બંનેમાં એકબીજાના નાસ્તિત્વધર્મને સ્વીકારવામાં ન આવે તો અસ્તિત્વધર્મથી ઘટ અને પટ બંને પદાર્થોનો અભેદ થઈ જશે અને આવો અભેદ સ્વરૂપ પદાર્થ તો જગત્‌માં વિદ્યમાન નથી. આથી જ આવું અસ્તિત્વ અસંભવિત છે. વળી કોઈ કહે કે, 'घटम् आनय' તો આ વાક્ય ઘટ લાવવાની પ્રેરણા કરે છે પરંતુ પટ લાવવાની પ્રેરણા કરતું નથી એવો અર્થ બંનેને (ઘટ અને પટને) અભેદ સ્વરૂપ પદાર્થ માનવામાં આવે તો થઈ શકશે નહીં. આથી અસ્તિત્વ અને નાસ્તિત્વધર્મથી યુક્ત જ દરેક પદાર્થો છે. ત્યાં ક્યાંક અસ્તિત્વ મુખ્ય બને છે અને નાસ્તિત્વ ગૌણ બને છે તથા ક્યાંક નાસ્તિત્વ મુખ્ય ધર્મ બને છે અને અસ્તિત્વ ગૌણ બને છે. તેનું પ્રકાશન કરનાર એવો स्यात् શબ્દ થાય છે અર્થાત્ અસ્તિત્વનો પ્રધાન-ગૌણભાવથી જે અર્થ છે, તે જ અર્થ स्यात् પદથી જણાય છે. કારણ કે अस्ति જેવો અર્થ કહે તેવા જ અર્થને स्यात् પદ પ્રકાશિત કરવા માટે સમર્થ થાય છે.

(શ૰ન્યા૰) पर्यायनयादेशात् तु नास्तित्वाद्येकान्ता मुख्याः, अस्तित्वैकान्तस्तु गुणः प्राधान्येनाविवक्षितत्वाद्, अप्रतिक्षेपाच्च; तत्र अस्तित्वनिराकरणे तु नास्तित्वादिधर्माणामनुपपत्तेः, कूर्मरोमादिवत्; नास्तित्वादिभिरपेक्ष्यमाणं हि वस्तुनोऽस्तित्वं स्याच्छब्देन द्योत्यत इति

प्रधानगुणभावेनैव स्यादितिनिपातोऽनेकान्तवादद्योतकः । अत एव विध्यर्थिनः प्रतिषेधे प्रतिषेधार्थिनश्च विधौ न प्रवृत्तिरिति अत आह-**स्याद्वादोऽनेकान्तवादः, नित्यानित्याद्यनेकधर्म्मशबलैकवस्त्वभ्युपगम इति यावत् ।**

અનુવાદ :- (ઉત્તરપક્ષ - ચાલુ) : 'उत्पाद-विनाशौ पर्येति (प्राप्नोति) इति पर्यायः' જે ઉત્પાદ અને વિનાશને પ્રાપ્ત કરે છે તે પર્યાય કહેવાય છે તથા પર્યાય સ્વરૂપ એવો જે અર્થ છે તે પર્યાયાર્થ કહેવાય છે. આ પર્યાયાર્થને વિષય કરનાર જે નય છે તે પર્યાયાર્થિકનય કહેવાય છે. આ પ્રમાણે આ નય પદાર્થની જુદી જુદી અવસ્થાઓને બતાવે છે. આ નયના કથનથી નાસ્તિત્વ વગેરે ધર્મો મુખ્ય થાય છે અને અસ્તિત્વધર્મ ગૌણ થાય છે. કારણ કે આ નયમાં અસ્તિત્વધર્મની પ્રધાનભાવથી વિવક્ષા થતી નથી. તથા અસ્તિત્વધર્મના અસ્વીકારનો પણ અભાવ છે. જો ત્યાં અસ્તિત્વધર્મનો અસ્વીકાર કરવામાં આવશે તો નાસ્તિત્વ વગેરે ધર્મોની અસંગતિ થઈ જશે. અસ્તિત્વ વગરના નાસ્તિત્વ વગેરે ધર્મો કાચબાની રૂંવાટીની જેમ અસત્ પદાર્થો થઈ જશે. દા.ત. ઘટ પદાર્થ છે તેનો ધ્વંસ થાય છે ત્યારે ઠીકરાં થઈ જાય છે. હવે આ નાસ્તિત્વ પર્યાયોને અસ્તિત્વ વગર જ માનવામાં આવશે તો આ નાસ્તિત્વ પર્યાય કયા દ્રવ્યના સહારે છે ? એ પ્રશ્નનું સમાધાન થઈ શકશે નહીં. માટે આ નાસ્તિત્વ પર્યાય અસત્ બની જવાની આપત્તિ આવશે. આથી નાસ્તિત્વ વગેરે ધર્મો સહિત અપેક્ષિત એવું વસ્તુનું અસ્તિત્વ સ્વીકારાય છે. તથા स्यात् શબ્દવડે આવો જ અર્થ नास्ति પદનો પ્રકાશિત કરાય છે. માટે स्यात् (અવ્યય) નિપાત અનેકાંતવાદનો દ્યોતક છે.

ષડ્દર્શન સમુચ્ચય ગ્રન્થમાં પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા. જણાવે છે કે, વીર પરમાત્માનાં સિદ્ધાંતરૂપી દાવાનળમાં તમામ કુતર્કરૂપી લાકડાનાં સમુદાયો ભસ્મીભૂત થઈ ગયાં છે, છતાં પણ બીજાઓવડે સંશય, વ્યવહારલોપ, વ્યતિકર, અનવસ્થા, વિરોધ, પ્રમાબાધ, અસંભવ, સંકર આદિ દોષો આરોપિત કરાયા છે. આથી આ દોષો તો તારા શાસનનાં સિદ્ધાંતો માટે તૃણ સમાન છે. આ જ આઠ દોષોનું વર્ણન રત્નાકરાવતારિકા સ્યાદ્વાદમંજરી વગેરે ગ્રન્થોથી પણ જાણી શકાય છે.

આચાર્ય ભગવંત આ આઠ દોષમાંથી વ્યવહારલોપનું નિરાકરણ अतः एव... પંક્તિ દ્વારા કરે છે. કેટલાક લોકો સ્યાદ્વાદને દૂષિત કરતા કહે છે - 'स्यात् घटो अस्ति एव ।' આ વાક્યથી જ ઘટમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ એમ બંને ધર્મો સ્વીકારશો તો જે વ્યક્તિને ઘટ જોઈએ છે તે વ્યક્તિ ઘટ ગ્રહણની પ્રવૃત્તિ નહીં કરી શકે. કારણ કે ઘટમાં અસ્તિત્વધર્મની સાથે સમાનપણાંથી જ નાસ્તિત્વધર્મની પણ પ્રતીતિ થાય છે. વળી, જે વ્યક્તિને ઘટ જોઈતો નથી એ વ્યક્તિને ઘટમાં અસ્તિત્વધર્મ પણ હોવાથી ઘટ ગ્રહણમાં પ્રવૃત્તિ થવાની આપત્તિ આવે છે. આથી કોઈપણ વ્યક્તિ માટે પ્રવૃત્તિ નિવૃત્તિ સ્વરૂપ વ્યવહાર શક્ય થઈ શકશે નહીં. આના માટે આચાર્ય ભગવંત કહે

કે, જ્યારે स्यात् अस्ति एव પ્રયોગ હોય છે ત્યારે અસ્તિત્વધર્મ પ્રધાનપણાંથી હોય છે અને નાસ્તિત્વધર્મ ગૌણપણાંથી હોય છે. આથી જે પ્રવૃત્તિની ઇચ્છાવાળો હશે તેની નિષેધમાં પ્રવૃત્તિ થશે નહીં તથા 'स्यात् घटो नास्ति एव ।' આવું વાક્ય હશે ત્યારે નિવૃત્તિ અર્થવાળાની વિધિમાં પ્રવૃત્તિ થશે નહીં. કારણ કે આવા વાક્યોમાં નિષેધની પ્રધાનતા છે. આ પ્રમાણે સ્યાદ્વાદમાં વ્યવહારલોપ નામનો દોષ આવતો નથી.

આથી જ આચાર્ય ભગવંત કહે છે સ્યાદ્વાદ એ અનેકાંતવાદ છે. નિત્યાનિત્ય વગેરે (આદિથી અસ્તિત્વ-નાસ્તિત્વ, સામાન્યત્વ-વિશેષત્વ વગેરે ધર્મો સમજવાં) અનેક ધર્મોવાળી વિરુદ્ધ ધર્મોવડે યુગપત્ પરિણતિને પ્રાપ્ત કરનાર એવી એક વસ્તુનો સ્વીકાર આ સ્યાદ્વાદનો નિષ્કર્ષ અર્થ છે.

(श०न्या०) कथमत्यन्तविरुद्धैर्धर्म्मैरक्रमभाविभिश्चैककालमेकस्य वस्तुनः प्रदेशाभेदेनैकाधिकरणताशबलत्वं घटते ? न हि यस्यैव यत्कालमस्तित्वं तस्यैव तत्कालं नास्तित्वमुपपद्यते विरोधात्, सति तस्मिन् सङ्करप्रसङ्गाच्चेति । नैष दोषः, अर्पणाभेदादविरोधोऽसङ्करश्चाग्निवत् । तथाहि यथा दाह-शीतज्वराभिभूतशरीरयोर्मध्ये प्रज्वलितः खदिरादिसारेन्धनाभिवर्द्धितशिखोऽग्निरविशेषोष्णरूपोऽपि दाहज्वराभिभूतशरीरापेक्षयोद्भूतदुःखहेतुशक्तिकः शीतज्वराभिभूतशरीरापेक्षया चाविर्भूतसुखहेतु-शक्तिकः स एव भवति । न च तयोः शक्त्योः परस्परविरोधिन्योरपि भिन्नमधिकरणमस्ति, न चैकाधिकरणत्वात् सङ्करप्रसङ्गः, न चानेकदेशवृत्तिः, नापि कालभेदः, किं तर्हि ? एकस्मिन्नेव काले एकस्मिन्नेवाग्नौ प्रदेशभेदमन्तरेणाविरोधो दृष्टो विरुद्धाभिमतयोरपि, एवं वस्त्वपि स्वरूपार्पणादस्त्येव, पररूपाद्यादेशान्नास्त्येव, द्रव्यार्थताऽपरित्यागान्नित्यमेव, पर्यायाणामन्यथाभावेऽपि तस्याविनाशाद्; विनाशप्रादुर्भावसमावेशादनित्यमेवेत्यर्प्यमाणा धर्म्मा युगपदेकस्मिन् वस्तुनि न विरोधं समाश्रयन्ते । न च सङ्करमिति नास्मान् स्याद्वादप्रकाशोन्मीलितज्ञानचक्षुषः प्रति तवोपालम्भः शोभामावहति ।

અનુવાદ :- હવે સ્યાદ્વાદમાં જે વિરોધ અને સંકર નામના દોષો પૂર્વપક્ષે આપ્યા છે, તે દોષોનો આક્ષેપ સહિત પરિહાર કરાય છે.

પૂર્વપક્ષ :- એક જ કાળમાં એક વસ્તુમાં અત્યન્ત વિરોધી ધર્મ અને અક્રમભાવી ધર્મોવડે પ્રદેશ અભેદથી એકાધિકરણપણાં સ્વરૂપ અનેક સ્વરૂપવાળાપણું કેવી રીતે ઘટી શકે ? અર્થાત્ જે સમયે વસ્તુમાં નિત્યતા હોય એ જ સમયે એ જ પ્રદેશમાં અનિત્યતા સ્વરૂપ વિરુદ્ધધર્મ કેવી રીતે ઘટી શકે ? આમ છતાં આ વિરોધી એવા ધર્મોને એક જ અધિકરણમાં રાખશો તો વિરોધ નામનો દોષ આવશે તેમજ સંકર નામનો દોષ પણ આવશે. સંકર દોષની વ્યાખ્યા મુક્તાવલીમાંથી જોઈ લેવી.

ઉત્તરપક્ષ :- આચાર્ય ભગવંત આ દોષોના પરિહાર કરતાં કહે છે કે, અમારા સ્યાદ્વાદમાં આ બે દોષો ઊભા થતાં નથી. વિવક્ષા વિશેષથી ("अर्प्पणा"નો અર્થ વિવક્ષા કર્યો છે) આ બંને દોષો આવતા નથી. આના સંબંધમાં સ્યાદ્વાદને નિર્દોષ રીતે સિદ્ધ કરવા માટે આચાર્ય ભગવંત અગ્નિનું ઉદાહરણ આપે છે.

એક વ્યક્તિ દાહજ્વરથી પીડિત છે તથા બીજી વ્યક્તિ શીતજ્વરથી (ટાઢિયો તાવ) પીડિત છે. આ બંનેની મધ્યમાં વૃક્ષના રસવાળા લાકડાથી વધેલી જ્વાળાવાળો અગ્નિ છે. તે અગ્નિ સામાન્યથી તો ઉષ્ણ સ્વરૂપવાળો જ છે, તો પણ જે જીવ દાહજ્વરથી પરાભવ પામેલો છે, તેની અપેક્ષાએ દુઃખના કારણભૂત શક્તિવાળો થાય છે. તથા તે જ અગ્નિ શીતજ્વરથી પરાભવ પામેલ જીવની અપેક્ષાએ સુખના કારણભૂત શક્તિવાળો થાય છે. આમ, એક અગ્નિમાં એક જ સમયે તથા એક જ પ્રદેશમાં દુઃખના કારણભૂત શક્તિ પણ છે તથા સુખના કારણભૂત શક્તિ પણ છે. વળી, બંને પરસ્પર ભિન્ન શક્તિઓનું એક જ અધિકરણ છે. આ પ્રમાણે અગ્નિમાં રહેલી વિરોધી શક્તિઓ પણ પોતાનું કામ બજાવતી હોવાથી અપેક્ષાવિશેષથી વિરોધ નામનો દોષ આવતો નથી. વિરોધી મતવાળાઓએ પણ પ્રદેશ ભેદ વિના એક જ કાળે એક જ અગ્નિમાં આવો અવિરોધ અનુભવ્યો જ છે. આ પ્રમાણે 'स्यात् अस्ति एव ।' પ્રયોગમાં પણ સ્વસ્વરૂપની અપેક્ષાથી અસ્તિત્વ સ્વરૂપ ધર્મો છે તથા પર સ્વરૂપની અપેક્ષાથી નાસ્તિત્વ સ્વરૂપ ધર્મો છે. વળી, કોઈપણ વસ્તુ દ્રવ્યાર્થપણાંનો ત્યાગ ન કરતી હોવાથી નિત્ય જ છે. ભલે પર્યાયો અન્ય અન્ય પ્રકારે થાય તો પણ દ્રવ્ય તો નિત્ય જ રહે છે. દા.ત. સોનામાંથી બંગડી બને, બંગડી ભાંગીને કુંડલ પણ બને, કુંડલ ભાંગીને હાર બને. આ પ્રમાણે બંગડી, કુંડલ, હાર વગેરે ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં પણ સોના સ્વરૂપ દ્રવ્ય તો કાયમ જ રહે છે. આથી જ અમે કહીએ છીએ કે દ્રવ્યાર્થપણાંથી વસ્તુ નિત્ય જ છે તથા પર્યાયાર્થપણાંથી વસ્તુ અનિત્ય જ છે. આ પ્રમાણે વિવક્ષાના ભેદથી એક જ વસ્તુમાં વિરોધી ધર્મો પણ રહી શકે છે. માટે વિરોધ નામનો દોષ સ્યાદ્વાદના સિદ્ધાન્તમાં આવતો નથી. તથા જેમ પૃથ્વી, જલ, તેજ અને વાયુમાં ક્રિયાવાન્પણાંની અપેક્ષાએ મૂર્તત્વધર્મ રહ્યો છે તેમજ બહિર્-ઇન્દ્રિયથી પ્રત્યક્ષ થવાના હિસાબે ભૂતત્વ ધર્મ રહ્યો છે. આથી જ તે ચાર દ્રવ્યોમાં મૂર્તત્વ અને ભૂતત્વ જાતિ માની શકાતી ન હતી. કારણ કે સંકર નામનો દોષ આવતો હતો, પરંતુ ત્યાં જુદી જુદી અપેક્ષાથી બે ધર્મો તો માની જ શકાતા હતા. એ જ પ્રમાણે અહીં પણ એક જ પદાર્થમાં જુદી જુદી અપેક્ષાથી અવિરોધી એવા બે ધર્મો માની જ શકાય છે. દા.ત. લીંબુનું શરબત પીવામાં આવે તો જેને ખટાશ જોઈએ છે, એને ખટાશ પણ મળી રહે છે, તેમજ જેને મીઠાશ જોઈએ છે એને મીઠાશ પણ મળી રહે છે. આથી અવિરોધી એવા બંને ધર્મો એક જ અધિકરણમાં રહ્યા હોવાથી સંકર નામનો દોષ પણ આવતો નથી. આમ, બધી જ વસ્તુઓમાં

અનેકાંતપણું વિવક્ષાથી સંગત થાય છે. આમ, સ્યાદ્વાદના પ્રકાશથી પ્રકાશિત થયેલા બોધવાળા એવા અમારા પ્રત્યે તમારી ટીકા સુંદરતાને વહન કરતી નથી.

(શ૦ન્યા૦) एवं सर्ववस्तुष्वनेकान्तात्मकत्वमविरुद्धमिति । नन्वेवमनेकधर्माधिकरणत्वमे-[1] कस्य वस्तुनो न त्वनेकान्तात्मकत्वमभिहितम्, सत्यपि वा तत्प्रतिपादकशब्दासम्भवः । यदुक्तम्-

"धर्मे धर्मेऽन्य-एवार्थो धर्म्मिणोऽनन्तधर्मणः" **(आप्तमीमांसा-श्लो० २२)** इति ।

અનુવાદ :- આ પ્રમાણે એક જ વસ્તુમાં અનેક ધર્મો રહેતા હોવાથી અનેક ધર્મવાળાપણું તે તે વસ્તુઓમાં હોઈ શકે છે. આમ, બધી જ વસ્તુઓમાં અનેકાંતપણું અવિરુદ્ધ છે, એવું સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષ :- આ પ્રમાણે સ્યાદ્વાદ દ્વારા ભલે બધી વસ્તુઓમાં અનેક ધર્મો સિદ્ધ થાય; પરંતુ એક વસ્તુ અનેક ધર્મોનું અધિકરણ થવા માત્રથી તે વસ્તુમાં અનેકાંતાત્મકત્વ સ્વરૂપ ધર્મ કહી શકાતો નથી. વસ્તુમાં અનંત ધર્મવાળાપણું તો બધા જ દર્શનો માને છે, પરંતુ તે તે વસ્તુમાં અનેકાંતાત્મકત્વ ધર્મ કેવી રીતે સિદ્ધ થશે ? આ ધર્મ તે તે વસ્તુઓમાં સિદ્ધ ન થાય ત્યાં સુધી તે તે વસ્તુઓ અનંત ધર્મવાળી છે એવું સિદ્ધ થઈ શકશે નહીં. કોઈ કહે, 'मधुरः आम्रः' અહીં કેરીમાં મધુરરસ સ્વરૂપ ધર્મ ન હોય તો मधुरः आम्रः એ પ્રમાણે બોલી શકાતું નથી. આ પ્રમાણે અહીં પણ તે તે વસ્તુઓમાં અનેકાંતાત્મકત્વ સ્વરૂપ ધર્મ સિદ્ધ નહીં થાય ત્યાં સુધી તે તે વસ્તુઓ અનેકાંતાત્મકત્વ ધર્મ સ્વરૂપ છે એવું કહી શકાશે નહીં. વળી, કદાચ અનેકાંતાત્મકત્વ સ્વરૂપ ધર્મ વસ્તુમાં હોઈ પણ શકે પરંતુ એ ધર્મનું પ્રતિપાદન કરનાર કોઈ શબ્દ વિદ્યમાન જણાતો નથી. જે પ્રમાણે 'रक्तः घटः' બોલીએ છીએ ત્યારે ઘટમાં रक्त ગુણનું પ્રતિપાદન કરનાર જે પ્રમાણે रक्त શબ્દ છે. એ જ પ્રમાણે જો घटः અનેકાંતાત્મકત્વ ધર્મ સ્વરૂપ હોય તો એવા ધર્મને પ્રતિપાદન કરનાર શબ્દ કયો ?

आप्तमीमांसा ગ્રન્થમાં સમન્તભદ્રસ્વામી જણાવે છે કે, અનંત ધર્મવાળા ધર્મીઓ દરેક ધર્મ પ્રમાણે ભિન્ન ભિન્ન ધર્મીઓ સ્વરૂપે જ હોય છે અર્થાત્ દરેક ધર્મ પ્રમાણે અન્ય અન્ય અર્થ જ વિદ્યમાન હોય છે. આથી અનેક ધર્મનું સમુદિત કથન કરનાર એવો કયો ધર્મ છે કે જે એ વસ્તુને અનંતધર્માત્મકત્વ સ્વરૂપ કહી શકે ? જો श्वेतम् वस्त्रम् બોલશો તો श्वेत રંગવાળા વસ્ત્રનું પ્રતિપાદન થયું, એ જ પ્રમાણે सुगंधि वस्त्रम् બોલશો તો સુગંધિ વસ્ત્રનું જ પ્રતિપાદન થયું, એ જ પ્રમાણે અહીં એવો કયો શબ્દ તમે બોલશો જેથી અનેકાંતાત્મકત્વ ધર્મવાળી વસ્તુનું પ્રતિપાદન થશે ?

---

१. '०मनेकानेक' अ ।

(श०न्या०) नैवम्-नयादेशे हि वस्तुनो धर्म्मभेदाद् विशेषो न प्रमाणादेश इति। तथाहि-भावार्थ-व्यवहारवत्तया द्विविधमपि जीवादितत्त्वं सकलरूपमेव, विकलरूपस्य तत्त्वैकदेशत्वात्। भावार्थो हि सद्द्रव्यं विधिः, व्यवहारोऽसदद्रव्यं गुणः, पय(?)(द्रव्य)प्रतिषेधः। तत्र यदा सद्द्रव्यं जीवो धर्म्मास्तिकायोऽधर्म्मास्तिकाय आकाशं कालो मनुष्यादिरिति वा विधिलक्षणभावार्थप्ररूपणायां[१] शब्दः प्रयुज्यते, तदा काला-ऽऽत्मरूप-संसर्ग-गुणिदेशा-ऽर्थसम्बन्धोपकारशब्दैरभेदेनाभेदात्मकस्य वस्तुनोऽभिधानात्, सकलादेशस्य प्रमाणाधीनस्य प्रयोगात् सकलरूपमेव तत्त्वमभिधीयते, सदिति शब्दो हि सकलमसद्विशेषात्मकं च तत्त्वं प्रतिपादयति, तथा द्रव्यमिति शब्दो निःशेषद्रव्यविशेषात्मकमद्रव्यगुणाद्यात्मकं च प्रकाशयति, तथैव जीवशब्दो जीवतत्त्वं सकलजीवविशेषात्मकं जीवपर्यायरूपाजीवविशेषात्मकं च कथयति, तथैव धर्म इत्यधर्म इत्याकाश इति काल इति शब्दो धर्ममधर्ममाकाशं कालं च सकलस्वविशेषात्मकं निवेदयति, विधिरूपस्य भावार्थस्य प्राधान्यात्। यदा पुनरसदिति शब्दः प्रयुज्यते, तदाप्यसत्तत्त्वं परद्रव्य-क्षेत्र-काल-भावरूपचतुष्टयापेक्षकालादिभिरभेदोपचारेण सकलासद्विशेषात्मकं तत्त्वं ख्यापयति, व्यवहारस्य भेदप्राधान्यात्, तथैवाद्रव्यमजीव इत्यादिप्रतिषेधशब्दः सकलस्वविशेषात्मकमद्रव्यतत्त्वमजीवादितत्त्वं च प्रतिपादयति, स्यादिति निपातेन तस्य तथैवोद्द्योतनाद्, एवकारेणान्यथाभावनिराकरणाच्च, वस्तुतत्त्वमिति शब्दस्तु स्यात्कारलाञ्छनसैवकारः सकलवस्तुविशेषसदसदादिरूपं तत्त्वं कालादिभिरभेदेनाभेदोपचारेण वा प्रख्यापयति, तस्य भावार्थव्यवहारवत्त्वाद् विधिनिषेधप्राधान्येन युगपदभिधानात्। यत्कालं वस्तुनो वस्तुत्वं तत्काल एव सकलवस्तुविशेषाः, तस्य तद्व्यापकत्वादिति कालेनाभेदस्तेभ्यः। द्रव्यार्थप्राधान्याद् यथा च वस्तुनो वस्तुत्वमात्मरूपम्, तथा सर्वे वस्तुविशेषाः, इत्यात्मरूपेणाभेदः[२]। यथा वस्तुत्वेन वस्तुनः संसर्गस्तथा वस्तुविशेषैरपि, सविशेषस्यैव तस्य सम्यक्सृष्टौ व्यापारात्, ततः संसर्गेणाऽप्यभेदः। यश्च वस्तुत्वस्य गुणस्य वस्तुगुणिदेशः, स एव वस्तुविशेषाणामिति गुणिदेशेनापि न भेदः। य एव चार्थो वस्तुत्वस्याधिकरणलक्षणो वस्त्वात्मा, स एव सकलवस्तुधर्म्माणामित्यर्थतोऽपि तदभेदः। यश्च वस्तुनि वस्तुत्वस्य सम्बन्धः समवायोऽविष्वग्भावलक्षणः स एव सकलधर्म्माणामिति सम्बन्धेनापि तदभेदः। य एव चोपकारो वस्तुनो वस्तुत्वेन क्रियतेऽर्थक्रियासामर्थ्यलक्षणः, स एव सकलधर्म्मैरपीत्युपकारे णापि तदभेदः। यथा च वस्तुशब्दो वस्तुत्वं प्रतिपादयति, तथा सकलवस्तुधर्म्मानपि, तैर्विना तस्य वस्तुत्वानुपपत्तेरिति शब्देनापि तदभेदः। पर्यायार्थिक-

१. '०णायाः' अ। २. 'द्रव्यात्म०' अ।

प्राधान्ये तु परमार्थतः कालादिभिर्भेद एव, धर्म धर्म्मिणोरभेदोपचारात् तु वस्तुशब्देन सकल-धर्मविशिष्टस्य वस्तुनोऽभिधानात् सकलादेशो न विरुध्यते; ततः स्याद्वस्तु चेत्यादिशब्दस्तत्त्व-मनेकान्तात्मकं प्रतिपादयतीति नानन्तरूपस्यापि वस्तुनो वाचकासम्भवः, सकलादेशवाक्येन तस्य तथा वक्तुं शक्यत्वात् ।

અનુવાદ :- ઉત્તરપક્ષ :- आप्तमीमांसानो પાઠ આપીને આપે અમને જે આપત્તિ આપી છે તે બરાબર નથી. નયનું કથન કરવામાં આવે છે ત્યારે જ વસ્તુમાં ધર્મના ભેદથી વિશેષતાઓ હોય છે. દા.ત. मृदो घटः (માટીનો ઘટ) विशालः घटः (મોટો ઘટ) रक्तः घटः (લાલ ઘટ). હવે એક જ ઘટમાં બધા ધર્મો એકસાથે હોય છે તો પણ એ બધા ધર્મોનું એકસાથે કથન નયાદેશમાં થઈ શકતું નથી. કારણ કે નયના કથનમાં વસ્તુઓનું ખંડ પ્રતિપાદન થઈ શકે છે. જ્યારે એક ધર્મથી વસ્તુનું કથન કરાય તો તે નયાદેશ છે તથા સમગ્ર વસ્તુને ગ્રહણ કરીને પ્રરૂપણા કરાય તો તે પ્રમાણાદેશ છે. આ પ્રમાણાદેશને સકલાદેશ સ્વરૂપ પણ કહેવામાં આવે છે અને આ પ્રમાણાદેશથી અથવા તો સકલાદેશથી અનંતધર્માત્મકત્વ ધર્મનું પિંડીભૂત ધર્મ સ્વરૂપે પ્રતિપાદન થઈ શકે છે.

નય, જૈનદર્શન પ્રમાણે જ્ઞાન સ્વરૂપ છે અથવા તો પ્રતિપાદનના અભિપ્રાય સ્વરૂપ છે અથવા તો વસ્તુના પ્રતિપાદન સ્વરૂપ છે. આ ત્રણ અર્થમાં જ નય શબ્દનો પ્રયોગ જૈનદર્શન માને છે, પરંતુ પ્રમાણના કથનમાં તો કોઈપણ વસ્તુને અનંત ધર્મના પિંડ સ્વરૂપ જ સ્વીકારવામાં આવે છે. પ્રમાણાદેશથી કોઈપણ વસ્તુમાં ધર્મના ભેદથી ભેદ હોતો નથી. એ વસ્તુ तथाहि-भावार्थ... પંક્તિઓ દ્વારા આચાર્ય ભગવંતશ્રી જણાવે છે. કોઈપણ વસ્તુ ભાવાર્થ અને વ્યવહારવત્પણાંથી બે પ્રકારે હોય છે અને આ બે પ્રકારવાળું એવું જીવાદિ-તત્ત્વ સકલરૂપ જ હોય છે. જો કોઈપણ વસ્તુને સકલરૂપ માનવામાં આવે તો જ તે તત્ત્વ છે. જો વસ્તુને સકલરૂપ માનવામાં ન આવે તો તેવી વસ્તુઓ તત્ત્વના એકદેશ સ્વરૂપ છે.

ભાવાર્થ એ સત્ અને દ્રવ્ય સ્વરૂપ વિધિ છે. જે સત્ છે તથા દ્રવ્ય સ્વરૂપ છે તેમજ એ બંને એકબીજાની સાથે મિલિત (ઓતપ્રોત) છે તે સત્-દ્રવ્ય સ્વરૂપ વિધિ છે. જીવ શું છે ? એવા પ્રશ્નના સંદર્ભમાં જવાબ આપે છે કે જીવ એ સદ્ દ્રવ્ય છે. આથી જીવાદિને ઉદ્દેશીને સત્ અને દ્રવ્યનું વિધાન કરવામાં આવે છે. માટે ભાવાર્થ એ સદ્ દ્રવ્ય સ્વરૂપ વિધિ છે. અહીં ભાવાર્થમાં વસ્તુનું સામાન્યથી કથન કરવામાં આવે છે, જ્યારે વ્યવહાર એ તત્ત્વના આધારે થઈ શકતો નથી, પરંતુ પદાર્થમાં રહેલા ગુણના આધારે થઈ શકે છે. આથી જે સત્ સ્વરૂપ નથી તેમજ દ્રવ્ય સ્વરૂપ નથી અર્થાત્ સત્ અને દ્રવ્ય સ્વરૂપ ન હોય તે ક્યાંતો ગુણ સ્વરૂપે હશે અથવા તો પર્યાય સ્વરૂપે હશે અથવા પર્યાય સ્વરૂપે જે હશે તે વ્યવહાર છે. વ્યવહાર ધર્મના આધારે થાય છે જ્યારે

વિધિ ધર્મીના આધારે થાય છે. પ્રાચીન ન્યાયમાં ધર્મીની વિધિની પ્રધાનતા છે. આથી પ્રાચીન ન્યાય ઘણું કરીને પદાર્થનું નિરુપણ કરે છે, જ્યારે નવ્યન્યાય ઘણું કરીને ધર્મથી પ્રરૂપણા કરે છે. આ પ્રમાણે વ્યવહાર, દ્રવ્યને છોડીને ગુણને ગ્રહણ કરે છે. અહીં पयस् સ્વરૂપ શબ્દ વિશેષ છે. આથી વિશેષનો નિષેધ વ્યવહાર માટે કરવો તે યોગ્ય જણાતું નથી. માટે જ કૌંસમાં દ્રવ્ય પાઠ આપવામાં આવ્યો છે.

ભાવાર્થની પ્રરૂપણામાં વિધિ આવશે. જ્યારે વ્યવહારમાં દ્રવ્યનો પ્રતિષેધ આવે છે તથા "सत्"નો પ્રતિષેધ આવે છે. હવે નથી સત્ કે નથી દ્રવ્ય, તો છે શું ? માટે असत् अद्रव्यम् ગુણ શબ્દ લખ્યો છે. અર્થાત્ જે ગુણ છે તે વ્યવહાર છે, જ્યારે સદ્ દ્રવ્ય સ્વરૂપ જીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ અથવા તો મનુષ્ય વગેરે શબ્દો વિધિ લક્ષણ સ્વરૂપ ભાવાર્થ પ્રરૂપણામાં પ્રયોગ કરાય છે ત્યારે આ બધા શબ્દો દ્વારા કાળ વગેરેથી યુક્ત થવા દ્વારા અભેદથી અભેદ સ્વરૂપ વસ્તુનું પ્રતિપાદન થાય છે. જીવ સ્વરૂપ શબ્દનો પ્રયોગ કરવામાં આવે ત્યારે ક્યાંતો એ વર્તમાનકાળની અપેક્ષાએ કરવામાં આવશે અથવા તો ભૂતકાળ કે ભવિષ્યકાળની અપેક્ષાએ કરવામાં આવશે. હવે જે કાળની અપેક્ષાએ જીવ શબ્દનો પ્રયોગ કરવામાં આવશે એ જ સમયે જીવમાં રહેલા બાકીના ધર્મો પણ પિંડીભૂત થયેલા જ હશે. આથી કાળથી જીવતત્ત્વ એક પિંડીભૂત સ્વરૂપે જ હશે.

એ જ પ્રમાણે જીવદ્રવ્ય પોતાના સ્વરૂપથી પણ (આકૃતિથી પણ) પિંડીભૂત અવસ્થાને પ્રાપ્ત કરે છે. જીવત્વ જે સ્વરૂપથી વિદ્યમાન છે એ જ સ્વરૂપથી જીવના બાકીના ધર્મો પણ રહેલા હોય છે. આથી સ્વરૂપથી બધા જ ધર્મો પિંડીભૂત થયેલા હશે.

એ જ પ્રમાણે જીવદ્રવ્ય સંસર્ગથી પણ અભેદ સ્વરૂપે છે. સંસર્ગ એ ભેદની પ્રધાનતાવાળો સંબંધ છે. દા.ત. 'स्यात् जीवः अस्ति एव' પ્રયોગમાં અસ્તિત્વ ધર્મ જીવમાં રહેલો જણાય છે. એ જ પ્રમાણે તે જ દ્રવ્યમાં સંબંધિત થઈને નાસ્તિત્વ, નિત્યત્વ વગેરે ધર્મો પણ રહેલા છે. અહીં સંસર્ગમાં કોઈ ક્ષેત્રની અપેક્ષાએ સંબંધ વિચારાતો નથી, પરંતુ જીવદ્રવ્યમાં રહેલા ધર્મોની અપેક્ષાએ જ પરસ્પર સંસર્ગ વિચારાય છે. આથી જીવના જે પ્રદેશમાં અસ્તિત્વની અનુભૂતિ થાય છે એ જ પ્રદેશમાં નાસ્તિત્વની અનુભૂતિ પણ થાય જ છે. આ વસ્તુ ત્યારે જ ઘટી શકે કે જ્યારે અનંતા ધર્મો વસ્તુમાં પૃથક્પણે રહ્યા હોય છતાં પણ એક જ સંબંધથી અભેદપણે પણ રહ્યા હોય.

એ જ પ્રમાણે ગુણીદેશથી પણ જીવદ્રવ્ય પિંડીભૂત થાય છે. અસ્તિત્વધર્મ ગુણવાન એવા દ્રવ્યના જે ક્ષેત્રમાં રહ્યો હોય તે જ ક્ષેત્રમાં બાકીના અનંતા ધર્મો પણ રહ્યા હોય છે. આથી અનંતા ધર્મો ગુણવાન એવા દ્રવ્યના ક્ષેત્ર સ્વરૂપ આલંબનથી અભેદપણાંને પ્રાપ્ત કરે છે. જીવના જે ક્ષેત્રમાં

(પોતાના જ પ્રદેશો સ્વરૂપ ક્ષેત્રમાં) અસ્તિત્વધર્મ રહ્યો છે એ જ ક્ષેત્રમાં નાસ્તિત્વ વગેરે ધર્મો પણ રહ્યા છે.

કોઈપણ શબ્દનો કોઈકને કોઈક વાચ્યાર્થ વિદ્યમાન હોય છે. આથી જે શબ્દનો જે અર્થ હોય તે અનંતા ધર્મોનો પિંડીભૂત થયેલો પદાર્થ જ હોય છે. દા.ત. 'घटो अस्ति' અહીં ઘટ પદનો વાચ્યાર્થ ઘટ પદાર્થ છે એ જ ઘટ પદાર્થ અનંતા ધર્મોનો પિંડીભૂત અર્થ છે. આથી અર્થથી અનંતા ધર્મો પિંડીભૂત જ હોય છે.

જીવાદિ પદાર્થોમાં અસ્તિત્વધર્મનો જે કથંચિત્ તાદાત્મ્ય સંબંધ છે તે જ સંબંધ બાકીના અનંતા ધર્મોનો પણ છે. આથી જીવાદિ પદાર્થમાં અવિષ્વગ્ભાવ સંબંધથી અનંતા ધર્મો રહ્યા છે. આ પ્રમાણે સંબંધથી અનંતા ધર્મોની ભેદવૃત્તિ થાય છે. સંબંધમાં અભેદની પ્રધાનતા છે અને ભેદનું ગૌણપણું છે, જ્યારે સંસર્ગમાં ભેદની પ્રધાનતા અને અભેદનું ગૌણપણું છે.

ઉપકાર એટલે કાર્ય. દા.ત. ઘટ પદાર્થનું કાર્ય જલધારણ ક્રિયા સ્વરૂપ છે. જલાધારણ એ ઘટનો સ્વભાવ છે. જ્યારે જલધારણની ક્રિયા કરવી એ ઘટ પદાર્થનો ઉપકાર છે. ઘટ પદાર્થ પોતાના અનંતા ધર્મો સહિત જ જલાધારણ ક્રિયા સ્વરૂપ ઉપકાર કરે છે. આ પ્રમાણે ઉપકારથી પણ સમસ્ત ધર્મો પિંડીભૂત થાય છે.

કોઈપણ પદાર્થનો વાચક કોઈકને કોઈક શબ્દ તો હોય જ છે. તે તે વિધિનો વાચક એવો શબ્દ મળે જ છે, ભલે ચરમવિશેષવાચક શબ્દ ન મળે, પરંતુ ચરમસામાન્યવાચક શબ્દ તો મળે જ છે. હવે આ ચરમસામાન્યવાચક શબ્દ અનંતા ધર્મોના પિંડને જણાવે છે, નહીં કે કોઈ એક જ ધર્મથી યુક્ત પદાર્થને. આ પ્રમાણે શબ્દથી પણ અનંતા ધર્મોનો પિંડીભૂત એવો જ અર્થ જણાય છે.

નય વસ્તુનું વિશ્લેષણ કરે છે અર્થાત્ આ વસ્તુ નિત્ય છે, અસ્તિત્વધર્મવાળી છે, ભૂતકાળ સંબંધી છે; જ્યારે પ્રમાણ અનંતા ધર્મો સ્વરૂપ વસ્તુને પિંડીભૂત કરીને જણાવે છે. જે પ્રમાણે કોઈક વ્યક્તિ મોદક શબ્દ બોલે તો આ મોદક શબ્દથી લાડવાનું સ્વરૂપ, મીઠાશ, આકાર, આ લાડવો કોઈક લોટનો છે, તથા મેથીવાળો છે, બદામવાળો છે. આ પ્રમાણે મોદક શબ્દ એકસાથે પિંડીભૂત એવા બધા જ ધર્મોને રજૂ કરે છે. એક લાડવા શબ્દે કેટલા બધા ધર્મોનો અભેદપિંડ વ્યક્તિ સામે રજૂ કરી દીધો. આ જ લાડવાનો ઉપકાર પણ વિદ્યમાન જ હોય છે. જેમ કે લાડવો વાત અને પિત્તપ્રકૃતિનું નિવારણ કરે છે.

આ પ્રમાણે પ્રમાણને આધીન એવો સકલાદેશનો પ્રયોગ હોવાથી આવો પ્રયોગ સકલ સ્વરૂપ તત્ત્વને કહે છે. હવે સત્ વગેરે શબ્દો કેવી રીતે સકલ સ્વરૂપ તત્ત્વને જણાવે છે ? તે જણાવાય છે.

"सत्" શબ્દ બધા તત્ત્વનું પ્રતિપાદન કરે છે તથા सत् વિશેષ સ્વરૂપ તત્ત્વનું પણ પ્રતિપાદન કરે છે. બધા નયોથી જેટલા ભેદ-વિશેષો પાડવામાં આવ્યા છે એ બધા જ વિશેષોને પોતાના પેટમાં સમાવીને સત્ શબ્દએ પ્રતિપાદન કર્યું છે. જેમ કોઈ મ્યુઝિયમ શબ્દ બોલે તો આ શબ્દ બધી જ વસ્તુઓને પોતાનામાં સમાવીને પ્રતિપાદન કરે છે, તથા કબાટ શબ્દ બોલવામાં આવે તો કપડા, દાગીના વગેરે બધા જ વિશેષો એ શબ્દથી પ્રતિપાદિત થાય છે. એ જ પ્રમાણે "સત્" શબ્દ બધા જ તત્ત્વનું પ્રતિપાદન કરે છે તેમજ સત્ વિશેષોનું પણ આ જ સત્ શબ્દ પ્રતિપાદન કરે છે.

દ્રવ્ય શબ્દ પણ બધા જ દ્રવ્યવિશેષો અને દ્રવ્ય ભિન્ન એવા ગુણાદિનું પણ પ્રતિપાદન કરે છે. કોઈપણ એવું દ્રવ્ય આ જગતમાં નથી જે 'દ્રવ્ય 'શબ્દથી પ્રતિપાદિત ન થાય. જીવ શબ્દ સકલ જીવવિશેષ સ્વરૂપ તત્ત્વને તથા જીવપર્યાય સ્વરૂપ અજીવવિશેષને કહે છે. જીવ શબ્દથી હાથી, ઘોડો, મનુષ્ય વગેરે સ્વરૂપ બધા જ જીવવિશેષો આવી જાય છે તથા એ જ જીવ શબ્દથી જીવના પર્યાય સ્વરૂપ એવા તે તે જીવોના શરીરો વગેરે જે અજીવવિશેષ સ્વરૂપ છે તેનું પણ પ્રતિપાદન થઈ જ જાય છે.

એ જ પ્રકારે ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ શબ્દો પણ પોતાના સ્વ અને વિશેષ સ્વરૂપ તત્ત્વનું નિરૂપણ કરે છે. ધર્મ, અધર્મ વગેરેમાં સંસ્થાન, અગુરુલઘુધર્મ, ગતિસહાયકત્વ વગેરે વિશેષોનું પણ નિરૂપણ ધર્મ અને અધર્મ વગેરે શબ્દોથી થઈ જ જાય છે. આ બધામાં વિધિ સ્વરૂપ ભાવાર્થની પ્રધાનતા હોવાથી ઉપર કહેલ સમસ્ત વસ્તુનું કથન થઈ જાય છે. આ જગતમાં વિધિનું કથન કરનારા શબ્દો પણ હોય છે અને નિષેધનું કથન કરનારા શબ્દો પણ હોય છે. દયા, અહિંસા, કરુણા આમ તો એકાર્થના વાચક શબ્દો જ જણાય છે, પરંતુ દયા અને કરુણા શબ્દ વિધિ સ્વરૂપ ભાવાર્થની પ્રધાનતાવાળા જ છે, જ્યારે અહિંસા શબ્દ નિષેધાત્મક ભાવાર્થની પ્રધાનતાવાળો છે. આ પ્રમાણે દરેક વસ્તુ हकार, नकार ઉભયાત્મક હોય છે. सत् तत्त्व એ સ્વ સ્વરૂપે છે, જ્યારે असत् એ પર સ્વરૂપે છે. આથી, પર સ્વરૂપ અને સ્વ સ્વરૂપનો અભેદ ન થઈ શકે. કદાચ, સમાનાધિકરણ સ્વરૂપથી એક હોઈ શકે માટે, જ્યાં અભેદ થઈ શકતો નથી ત્યાં અભેદનો ઉપચાર કરીને નિરૂપણ કરવામાં આવે છે. घटो नास्ति અને घटो अस्ति બેનો અભેદ કેવી રીતે થઈ શકે ? માટે જ સ્વરૂપ અને પરરૂપ સાથે અભેદનો ઉપચાર કરવામાં આવે છે.

હવે શંકા એ થાય છે કે, જે असत् तत्त्व છે એ તો અભાવ સ્વરૂપે છે. આ અભાવમાં વિશેષતાઓ કેવી રીતે હોઈ શકે ? ભાવ પદાર્થ હોય તો તો આ ઘોડો છે, આ હાથી છે, આ બકરી છે વગેરે વિશેષતાઓ જુદાં જુદાં સ્વરૂપોને કારણે થઈ શકે છે, પરંતુ અભાવમાં તો કોઈ વિશેષો કહી શકાતા નથી, છતાં પણ ગ્રંથકારે असत् विशेषात्मकम् શબ્દ લખ્યો છે તો આ વિશેષો

असत् પદાર્થોમાં કેવી રીતે થઈ શકશે ? આ પ્રશ્ન ન્યાયદર્શનમાં ઊભો થશે, પરંતુ જૈનો તો અભાવ પણ પદાર્થનું એક વિશિષ્ટ સ્વરૂપ છે એવું માને છે. વળી, એ અભાવમાં પણ તરતમતા છે. દા.ત. કોઈક વ્યક્તિ સામેવાળો પચાસ અપરાધ કરે પછી ગુસ્સે થાય છે, કોઈક વ્યક્તિ સામેવાળો સાઈઠ અપરાધ કરે ત્યારે ગુસ્સે થાય છે, કોઈક વ્યક્તિ સામેવાળો સીત્તેર અપરાધ કરે ત્યારે ગુસ્સે થાય છે. આ પ્રમાણે દરેકની અસહિષ્ણુતામાં તરતમતા છે. વળી આ અસહિષ્ણુતા असत् પદાર્થ સ્વરૂપ પણ છે. આથી असत् પદાર્થમાં પણ ભિન્ન ભિન્ન વિશેષો પ્રાપ્ત થાય છે.

હવે यदा पुनरसदिति... પંક્તિનો અર્થ લખીએ છીએ. જ્યારે असत् શબ્દનો પ્રયોગ કરાય છે ત્યારે असत् तत्त्व પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ તથા પરભાવ સ્વરૂપ ચારની અપેક્ષાથી કાલાદિથી અભેદઉપચાર વડે બધા જ असत् વિશેષ સ્વરૂપ તત્ત્વને જણાવે છે. વ્યવહાર ભેદપણાંની પ્રધાનતાવાળો હોવાથી આ રીતનું કથન થઈ શકે છે. તે જ પ્રમાણે અદ્રવ્ય, અજીવ વગેરે પ્રતિષેધના વાચક શબ્દો છે અને તે પોતાના બધાં વિશેષ સ્વરૂપ અદ્રવ્યતત્ત્વ અને અજીવાદિતત્ત્વનું પ્રતિપાદન કરે છે. स्यात् અવ્યય અનેકાંતનો દ્યોતક છે. એનાંવડે વસ્તુનું વાચકપણું પ્રાપ્ત થતું નથી. માત્ર સમીપ રહેલા શબ્દોનાં અર્થને એ પ્રકાશિત કરે છે. स्यात् અવ્યય કોઈપણ તત્ત્વને અનેકાંત સ્વરૂપથી જ પ્રકાશિત કરે છે. આમ કરવાથી તો બધું જ અનિશ્ચયાત્મક થશે. આવું કહેવું નહીં. દા.ત. 'स्याद् अस्ति एव' કહ્યું હોય ત્યાં જે અપેક્ષાએ अस्ति કીધું હોય તે અપેક્ષાએ नास्ति પર્યાય આવી શકતો જ નથી. વળી, एवकारથી અન્યથા ભાવની બાદબાકી થાય છે. જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી अस्ति છે એ જ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી नास्ति પર્યાય નથી જ. આ પ્રમાણે एवकारથી नास्ति અંશની બાદબાકી થાય છે.

વસ્તુતત્ત્વ એ પ્રમાણે શબ્દ स्यात्कारથી યુક્ત હોય અને एवकार સહિત હોય તો એ શબ્દ સકલ વસ્તુવિશેષ જે सत् સ્વરૂપ છે અથવા તો असत् સ્વરૂપ છે એવાં તત્ત્વને જણાવે છે. વળી એ તત્ત્વ પણ કાલાદિનાં અભેદથી અથવા તો અભેદનાં ઉપચારથી જણાવે છે. વસ્તુતત્ત્વનું વિધિ અને નિષેધની પ્રધાનતાથી યુગપત્ કથન થઈ શકતું હોવાથી વસ્તુતત્ત્વ એ સકલ વસ્તુવિશેષ જે सत्, असत् વગેરે સ્વરૂપ છે એવાં તત્ત્વને જણાવે છે.

હવે વસ્તુ વગેરેનો કાલાદિથી અભેદ કેવી રીતે થાય છે ? તે આચાર્ય ભગવંતશ્રી यत्कालं वस्तुनो... પંક્તિઓ દ્વારા જણાવે છે. જે કાલમાં વસ્તુનું વસ્તુત્વ છે, તે જ કાલમાં વસ્તુનાં બધાં જ વસ્તુવિશેષો પણ છે. આથી કાલથી વસ્તુત્વ અને વસ્તુવિશેષનો અભેદ થાય છે. વસ્તુત્વ એ વ્યાપક છે તથા વસ્તુ-વિશેષો વ્યાપ્ય છે. વસ્તુત્વમાં સકલ વસ્તુવિશેષો સંબંધી વ્યાપકપણું હોવાથી કાલથી એ બંનેનો અભેદ થાય છે. તેઓથી દ્રવ્યાર્થનું પ્રાધાન્યપણું હોવાથી આ પ્રમાણે

અભેદ થઈ શકે છે. જે પ્રમાણે વસ્તુત્વનું પોતાનું સ્વરૂપ છે એ જ પ્રમાણે સકલ વસ્તુવિશેષોનું પણ પોતાનું સ્વરૂપ છે. આથી વસ્તુત્વ અને સકલ વસ્તુવિશેષોનો આત્મસ્વરૂપથી અભેદ થાય છે.

વસ્તુનો વસ્તુત્વની સાથે સંસર્ગ છે એવો સંસર્ગ સકલ વસ્તુવિશેષો સાથે પણ છે. વસ્તુનું વસ્તુત્વ વિશેષ સહિત કાર્યમાં વ્યાપારિત થાય છે. અર્થાત્ વસ્તુ વ્યાપાર કરે છે તો પોતાના વિશેષોને સાથે રાખીને જ વ્યાપાર કરે છે. જેમ એક યોદ્ધો લડાઈ કરે છે, તો પોતાનાં દરેક વિશેષોને (ઊંચાઈ, જાડાઈ, ચોક્કસ પ્રકારનાં કપડાંવાળો વગેરે) સાથે રાખીને જ લડાઈ કરે છે. સમ્યક્ સૃષ્ટિનો અર્થ યોગ્ય કાર્ય કરવું થાય છે. આ પ્રમાણે સંસર્ગથી પણ અભેદ થાય છે.

કોઈ પણ વસ્તુને ગુણાત્મક કહેવી હોય તો જૈનો નામને ત્વ લગાડે છે. આથી નામને ત્વ લાગતાં તે ગુણાત્મક સ્વરૂપ બને છે. નૈયાયિકો પ્રમાણે કોઈપણ શબ્દને ત્વ લગાડવામાં આવે ત્યારે જાતિવાચક શબ્દ બને છે. દા.ત. ઘટ શબ્દને ત્વ લગાડવામાં આવે તો ઘટત્વ શબ્દ થાય છે, ક્યારેક ત્વ અન્તવાળું નામ તેમનાં મતે ગુણવાચક પણ હોય છે. દા.ત. પૃથક્ત્વ. તેમનાં જ મતે કોઈ જગ્યાએ ત્વ અન્તવાળું નામ સામાન્ય ધર્મ સ્વરૂપે પણ હોય છે. દા.ત. આકાશત્વ. જૈનો પ્રમાણે તો ત્વ અન્તવાળા તમામ શબ્દો ગુણવાચક જ હોય છે. ગુણ જેમાં રહેતો હોય તે ગુણી કહેવાય છે, જેને ગુણિદેશ પણ કહેવાય છે. ગુણિદેશ સ્વરૂપે વસ્તુ પોતે જ વિદ્યમાન છે. વસ્તુત્વ સ્વરૂપ ગુણને રહેવાનો જે ગુણિદેશ છે તે જ વસ્તુવિશેષને પણ રહેવાનો ગુણિદેશ છે. આ પ્રમાણે અહીં ગુણિદેશ પ્રયુક્ત અભેદ છે.

હવે અર્થ શબ્દનો અર્થ અધિકરણ કરવો. વસ્તુત્વ સ્વરૂપ ધર્મનું અધિકરણ વસ્તુ સ્વરૂપ પોતે જ છે. એ જ પ્રમાણે સકલ વસ્તુવિશેષના અધિકરણ સ્વરૂપ પણ વસ્તુ પોતે જ છે. આ પ્રમાણે અર્થથી બધી જ વસ્તુઓ અભેદ સ્વરૂપ થાય છે.

હવે સંબંધથી અભેદ બતાવે છે - વસ્તુમાં વસ્તુત્વનો જે સમવાયસંબંધ અથવા અવિષ્વગ સ્વરૂપ સંબંધ છે, તે જ સંબંધ વસ્તુમાં રહેલા બધાં ધર્મનો પણ છે. આ પ્રમાણે સંબંધથી અભેદ થાય છે.

હવે ઉપકારથી અભેદ બતાવે છે - વસ્તુત્વ, વસ્તુમાં રહીને વસ્તુરૂપે નિર્દેશ કરાવવાની અર્થક્રિયા કરે છે અર્થાત્ વસ્તુત્વધર્મ એ વસ્તુરૂપે વ્યવહાર કરાવે છે. એ જ રીતે બાકીના ધર્મો પણ પોતપોતાની વિશેષતા બતાવવા સ્વરૂપ અર્થક્રિયા કરે છે અને એવી અર્થક્રિયા કરવા દ્વારા તે તે ધર્મ રૂપે વ્યવહાર કરાવે છે.

જે પ્રમાણે વસ્તુ શબ્દ વસ્તુત્વનું પ્રતિપાદન કરે છે, એ જ પ્રમાણે બાકીના સકલ ધર્મોનું એ જ વસ્તુ શબ્દ પ્રતિપાદન કરે છે. જો બાકીનાં ધર્મોનું પ્રતિપાદન વસ્તુ શબ્દ ન કરે તો વસ્તુનું વસ્તુત્વ જ રહેતું નથી. આ પ્રમાણે શબ્દથી પણ અભેદ થાય છે.

ઉપર અભેદ કરવા માટે જે આઠેય ઉદાહરણો બતાવ્યા તે દ્રવ્યાર્થિકનયની પ્રધાનતાથી બતાવ્યા છે. હવે પર્યાયાર્થિકનયની પ્રધાનતાથી અભેદ બતાવે છે -

પર્યાયો બધાં સ્વતંત્ર જ હોય છે. આથી પ્રધાનતાથી તો કાલ વગેરેથી ભેદ જ હોય છે. જે કાલમાં દુર્જન હોય છે તે જ કાલમાં સજ્જન પણ હોય છે, પરંતુ કાલથી સજ્જનતા અને દુર્જનતાનો અભેદ ન કરી શકાય. કારણ કે બંને ભિન્ન અવસ્થાઓ છે. એક વ્યક્તિમાં એક જ સમયે સજ્જનતા અને દુર્જનતા રહી શકતી નથી. આથી અભેદનો ઉપચાર કરવામાં આવે છે. આ પ્રમાણે ઉપચારથી અહીં અભેદ થશે. જગતનાં લોકો રેલવેમાં બેઠા હોય ત્યારે બોલતાં હોય છે કે સુરત ગયું, વડોદરા ગયું; ખરેખર તો ટ્રેન જતી હોય છે. પરંતુ ઉપચારથી ટ્રેનની ગતિનો તે તે નગરોમાં અભેદ કરવામાં આવે છે. આમ, વ્યવહારમાં પણ ઉપચરિત પ્રયોગો જોવા મળતા હોય છે; તે પ્રમાણે અહીં પણ ઉપચારથી અભેદ કરી શકાય છે. વસ્તુ શબ્દથી સકલ ધર્મવિશિષ્ટ વસ્તુનું કથન ધર્મ અને ધર્મીના અભેદના ઉપચારથી થતું હોવાથી સકલાદેશનો પ્રયોગ વિરોધવાળો થતો નથી. આ પ્રમાણે, વસ્તુમાં અનેક ધર્મવાળાપણું અભેદથી અથવા તો અભેદના ઉપચારથી સિદ્ધ થઈ શકતું હોય તો વસ્તુ અનેકાંત સ્વરૂપ છે એવું કહેવામાં કોઈ આપત્તિ નથી.

અગાઉ તમે કહ્યું હતું કે, વસ્તુમાં કદાચ અનેકાંતસ્વરૂપપણું હોઈ પણ શકે, છતાં પણ એ અનેકાંત સ્વરૂપપણાંને પ્રતિપાદન કરી શકીએ તેવાં શબ્દનો સંભવ નથી; તો અમે કહીએ છીએ કે स्याद् वस्तु च વગેરે શબ્દ અનેકાંત સ્વરૂપ તત્ત્વનું પ્રતિપાદન કરે છે. આથી અનંત સ્વરૂપવાળી એવી વસ્તુનો પણ વાચક શબ્દ અસંભવ નથી. સકલાદેશવાક્યથી એ પ્રમાણે કહી શકાય છે.

હવે જીવાદિ તત્ત્વો અનંત ધર્મો સ્વરૂપ છે. આથી પ્રશ્ન ઉપસ્થિત થાય કે અનંતા પર્યાયો કે અનંતા ધર્મો એ બધાનું પ્રતિપાદન કેવી રીતે થઈ શકે ?

(श०न्या०) तच्च सप्तधा–यथा १ स्यादस्त्येव, २ स्यान्नास्त्येव[१], ३ स्यादवक्तव्यमेव, ४ स्यादस्ति नास्त्येव, ५ स्यादस्त्यवक्तव्यमेव, ६ स्यान्नास्त्यवक्तव्यमेव, ७ स्यादस्तिनास्त्यवक्तव्यमेवेति निरवशेषे जीवादितत्त्वार्थपर्याये भवति, "प्रतिपर्यायं सप्तभङ्गी" इति वचनात् ।

અનુવાદ :- કોઈપણ વસ્તુનાં એક એક ધર્મોનું નિરૂપણ કરવામાં આવે છે ત્યારે સાત ભંગથી નિરૂપણ કરાય છે. આ પ્રમાણે, એક એક પર્યાયનું જ્યારે સપ્તભંગીથી નિરૂપણ કરવામાં આવે છે ત્યારે બાકીનાં ધર્મો પણ તેમાં ઉપચારથી અભેદ કરવામાં આવે છે. સપ્તભંગી પર્યાયોને આધારે

---

१. अयं पाठः पुस्तकेषु नास्ति, अर्थमनुसंधाय प्रक्षिप्तः ।

થઈ શકે છે: આધુનિક વિદ્વાનો આ વસ્તુ આમ છે અથવા આ વસ્તુ આમ નથી, આવું કહીને અટકી જાય છે. જેમ કે ઘટ છે પણ અને પટ વગેરેની અપેક્ષાએ નથી પણ; પરંતુ જે બુદ્ધિશાળી પુરુષ છે તે તો સાતે ભાંગા વિચારશે.

કોઈકે અસ્તિત્વની બાબતમાં વિવાદ ઊભો કર્યો; તો તરત જ કહેવામાં આવે છે स्यादस्त्येव, કોઈક કહે કે બે अस्ति પદાર્થોને ભેગા કરવામાં આવે તો કોઈ કહેશે બે પદાર્થનાં અભેદ સ્વરૂપ કોઈ પદાર્થ નથી. દા.ત. આકાશ, પુષ્પ ત્યારે આવી વસ્તુની રજૂઆત કરવા માટે स्यान्नास्त्येव શબ્દપ્રયોગ કરવામાં આવે છે. તથા ઘટાદિ પદાર્થ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર વગેરેથી વિદ્યમાન જ છે તથા પરદ્રવ્ય, પરક્ષેત્ર વગેરેથી અવિદ્યમાન જ છે. ત્રીજો ભાંગો 'स्याद् अवक्तव्यम् एव' છે. એક જ સમયે અસ્તિત્વ અને નાસ્તિત્વ એ પ્રમાણે ઉભયધર્મથી એક સાથે વસ્તુને કહેવાની ઇચ્છા હોય તો એવો કોઈ શબ્દ નથી જે આ પ્રકારે એક જ સમયે બંને ધર્મોવાળી વસ્તુને કહી શકે. દા.ત. "शतृ - शानचौ सत्" (૩/૪/૧૨૪). અહીં शतृ અને शानच् એ બંનેનું सत् શબ્દ ક્રમથી પ્રતિપાદન કરે છે, પરંતુ યુગપદ્ પ્રતિપાદન કરતો નથી. જો "सत्" શબ્દ शतृ અને शानच् ઉભય અર્થને એકસાથે જણાવી દેવા સમર્થ હોય તો બે વાર सत् શબ્દનો પ્રયોગ કરવાની આવશ્યકતા ન રહે. છતાં પણ सत् અર્થમાં शतृ પ્રત્યય થાય છે તેમજ सत् અર્થમાં शानच् પ્રત્યય થાય છે. આ પ્રમાણે ફરીથી જે सत्નું વિધાન કર્યું છે એ જ બતાવે છે કે કોઈપણ શબ્દ બંને ધર્મોને એકીસાથે કહેવા માટે સમર્થ થતો નથી.

ચોથો ભાંગો 'स्याद् अस्ति एव, स्याद् नास्ति एव' છે. આ ભાંગા પ્રમાણે ક્રમથી વિધિ અને નિષેધની પ્રધાનતા થાય છે અર્થાત્ વસ્તુમાં રહેલા કોઈપણ ધર્મની પ્રરૂપણા કરવી હોય તો જે સમયે स्याद् अस्ति एव બોલીએ એ જ સમયે स्याद् नास्ति एव પ્રધાનતાથી બોલી શકાશે નહીં, પ્રધાનતાની અપેક્ષાએ તો અનુક્રમે જ એ બંને ધર્મો બોલી શકાશે.

પાંચમો ભાંગો 'स्याद् अस्ति एव, स्याद् अवक्तव्यम् एव' છે. બધી જ વસ્તુઓ સ્વદ્રવ્યાદિ ચારની અપેક્ષાએ અસ્તિત્વધર્મવાળી છે તો પણ अस्ति, नास्ति એ પ્રમાણે ઉભય શબ્દથી યુગપત્ કહી શકાતી નથી.

છઠ્ઠો ભાંગો 'स्याद् नास्ति एव, स्याद् अवक्तव्यम् एव' છે. અહીં જે વસ્તુમાં નિષેધનો ધર્મ પ્રધાનતાથી બોલવામાં આવે છે તે જ વસ્તુમાં એકસાથે વિધિ, નિષેધ કહી શકાતાં નથી. અર્થાત્ अस्ति, नास्ति શબ્દવડે યુગપત્ નાસ્તિત્વધર્મની પ્રધાનતાવાળી વસ્તુ કહી શકાતી નથી. માટે જ 'स्याद् अवक्तव्यम् एव' લખવામાં આવ્યું છે.

હવે સાતમો ભાંગો 'स्याद् अस्ति एव, स्याद् नास्ति एव, स्याद् अवक्तव्यम् एव' છે. ઘટ વગેરે સમસ્ત પદાર્થો વિદ્યમાન ધર્મથી છે જ. તથા પરદ્રવ્યાદિ ચારથી નથી જ, એ પ્રમાણે ક્રમથી વિધિ

અને નિષેધની પ્રધાનતા થઈ શકે છે; પરંતુ યુગપત્ વિધિ અને નિષેધની પ્રધાનતાથી તો વસ્તુ અવક્તવ્ય જ છે.

આ પ્રમાણે સંપૂર્ણ જીવાદિ તત્ત્વનાં પર્યાયોમાં સપ્તભંગીઓ થાય છે. શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે દરેક પર્યાય પ્રમાણે ભિન્ન ભિન્ન સપ્તભંગીઓ હોય છે. આથી જ અનંતા પર્યાયોમાં અનંતી સપ્તભંગીઓ થાય છે.

(श०न्या०) नन्वस्तित्वं प्रति विप्रतिपन्नमनसां तत्प्रत्यायनाय यथा स्यादस्त्येवेति पदं प्रयोगमर्हति, तथा स्यान्नास्त्येवेत्यादिपदान्यपि प्रयोगमर्हेयुः, सप्तधा वचनमार्गस्य व्यवस्थापितत्वादिति । नैवम्-स्याच्छब्देनैव शेषाणां द्योतितत्वात् । यदा विधिविकल्पस्य प्रयोगस्तद्विवादविनिवृत्तये स्याद्वादिभिर्विधीयते, तदा निषेधादिविकल्पाः षडपि स्याच्छब्देन याता न पुनः प्रयोगमर्हन्ति, तदर्थे विवादाभावात्, तद्विवादे तु क्रमशस्तत्प्रयोगेऽपि न कश्चिद् दोषः । यतः-"प्रश्नवशादेकवस्तुनि दृष्टेष्टप्रमाणाविरोधेन विधि-प्रतिषेधकल्पना सप्तभङ्गी" इति, ततः स्यात्कारलाञ्छनमेवकारोपहितमर्थवत् सर्वत्र प्रतिपत्तव्यम् ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- જો દરેક પર્યાય પ્રમાણે સપ્તભંગીઓ વિદ્યમાન છે તો દરેક પર્યાયો સપ્તભંગીનાં શબ્દો દ્વારા પ્રતિપાદન કરવામાં કેમ નથી આવતાં ? જે પ્રમાણે કોઈકે પદાર્થનાં અસ્તિત્વ બાબતમાં શંકા ઉભી કરી ત્યારે તે બુદ્ધિશાળી વ્યક્તિને પ્રતીતિ કરાવવા માટે કહેવામાં આવે છે કે स्याद् अस्ति एव. એ જ પ્રમાણે બાકીનાં છ ભાંગાંઓ શબ્દ દ્વારા કથન થવા જોઈએ. કારણ કે તમે સાત પ્રકારનાં વચનો વ્યવસ્થિત કર્યા છે.

ઉત્તરપક્ષ :- આ પ્રમાણે કહેવું નહીં. स्यात् શબ્દવડે જ બાકીનાં શબ્દપ્રયોગો વિદ્વાન પુરુષોને જણાઈ જાય છે. માટે એને જણાવવા માટે કાંઈ બધાં ભાંગાઓને શબ્દો દ્વારા જણાવવા આવશ્યક નથી. જ્યારે અસ્તિત્વ બાબતમાં વિવાદ ઊભો થાય ત્યારે તે વિવાદની નિવૃત્તિ માટે સ્યાદ્વાદને માનનારો જે પ્રમાણે स्याद् अस्ति एव શબ્દનો પ્રયોગ કરે છે એ સમયે નિષેધ વગેરે છ વિકલ્પો स्यात् શબ્દથી જ પ્રાપ્ત થઈ જાય છે. તે વિકલ્પોને જણાવવા માટે કાંઈ શબ્દપ્રયોગની આવશ્યકતાં રહેતી નથી. શ્રોતા અવ્યુત્પન્ન હશે તો સાતે ભાંગાઓને શબ્દો દ્વારા ક્રમશઃ જણાવશે. જો વિવાદ ન થાય તો स्यात् શબ્દથી બાકીનાં વિકલ્પો જણાઈ જાય છે. અને કદાચ વિવાદ થશે તો અનુક્રમે તે સાતે ભાંગાઓનાં શબ્દપ્રયોગો અનુક્રમે કરવામાં આવે તો પણ કોઈ દોષ નથી.

પ્રશ્નનાં વશથી (વિપ્રતિપત્તિના વશથી) કોઈપણ વસ્તુમાં दृष्ट અને इष्ट પ્રમાણનાં અવિરોધથી વિધિ અને પ્રતિષેધની કલ્પના સ્વરૂપ સપ્તભંગીઓ છે. કોઈપણ નિરૂપણ પ્રમાણ-સંવાદી અને

પ્રયોજન-સંવાદી હોવું જોઈએ. તેથી અંતે અમે કહીએ છીએ કે स्यात्कारथी ચિહ્નિત અને एवकार ઉપાધિથી યુક્ત એવો પ્રયોગ જ સર્વત્ર સ્વીકારવાંયોગ્ય છે.

(श०न्या०) "सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः" (**तत्त्वार्थसूत्रे** अ. १. सू. १.] इत्यादि-शास्त्रवाक्ये 'घटमानय' इत्यादिलोकवाक्ये च प्रतिपत्त्रभिप्रायवशात् सामर्थ्याद् वा तदवगतेः स्याच्छब्दैवकारयोः प्रयोगाभाव इति लोकशास्त्रविरोधोऽपि नास्ति ।

"सदेव सर्वं को नेच्छेत् स्वरूपादिचतुष्टयात्" । **(आप्तमीमांसा-श्लो० १५)**

इत्यादौ च "स्वरूपादिचतुष्टयाद्" इति वचनात् स्याच्छब्दार्थावगतेस्तदप्रयोगः । 'कथञ्चित् ते सदेवेष्टम्' इत्यादौ कथञ्चिदिति वचनात् तत्प्रयोगवदिति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- જો સર્વ સ્થાનમાં स्यात्कारथी ચિહ્નિત અને एवकारની ઉપાધિથી અર્થવાન્ એવો શબ્દપ્રયોગ જ થવો જોઈએ. છતાં પણ "सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः" (तत्त्वार्थसूत्रे अ. १. सू. १) વગેરે શાસ્ત્રવાક્યો તથા घटम् आनय વગેરે લૌકિકવાક્યમાં स्यात्कार તથા एवकारનો પ્રયોગ શા માટે કરાયો નથી ?

ઉત્તરપક્ષ :- શાસ્ત્રવાક્યો અને લૌકિકવાક્યોને સાંભળવાથી જ શ્રોતાં સમજી જાય છે કે પ્રતિપાદન કરનાર स्यात् અને एवकार ઉપાધિથી યુક્ત જ વસ્તુનું કથન કરે છે. અથવા તો પ્રતિપાદન કરનારનાં સામર્થ્યથી જ स्यात् શબ્દ તેમજ एवकार શબ્દનો બોધ થઈ જાય છે. આથી એ બંને શબ્દો, પ્રયોગમાં બતાવાતાં નથી. આ પ્રમાણે, લોક અને શાસ્ત્ર એ પ્રમાણે બંને વાક્યોમાં કોઈ વિરોધ પણ નથી.

અમે હવે आप्तमीमांसा પાઠનો ભાવાર્થ જણાવીએ છીએ. અહીં માત્ર અડધો શ્લોક જ આપવામાં આવ્યો છે. અમે આખો શ્લોક જણાવી અને स्यात् અને एवकारનાં અભાવમાં પણ એ બંને પદોનો બોધ થઈ જ જાય છે, એવું સિદ્ધ કરીએ છીએ.

सदेव सर्वं को नेच्छेत् स्वरूपादिचतुष्टयात् । असदेव विपर्यासान्न चेन्न व्यवतिष्ठते ॥

(आप्तमीमांसा - श्लो - १५)

તેનો અર્થ આ પ્રમાણે છે - સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવથી આખું વિશ્વ જ सत् છે. આવું કોણ નથી માનતું ? અર્થાત્ બધા જ માને છે. પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવથી બધું જ असत् છે. જો પરદ્રવ્યાદિ ચારથી બધું જ असत् માનવામાં ન આવે તો सत् વસ્તુ સ્વરૂપને જ પ્રાપ્ત કરતી નથી. દા.ત. ઘટને પટાદિ દ્રવ્યથી असत् છે એ પ્રમાણે માનવામાં નહીં આવે તો ઘટને પટાદિ દ્રવ્ય સ્વરૂપ માનવાની આપત્તિ આવશે. અને આ પ્રમાણે તો ઘટ ક્યારેય ઘટ તરીકે પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરી શકશે નહીં. ઉપરોક્ત શ્લોકમાં "स्वरूपादिचतुष्टयात्"... એ

પ્રમાણેના વચનથી જણાય છે કે દરેક વસ્તુ સ્વદ્રવ્યાદિથી સત્ છે અને આથી જ स्यात् શબ્દનો અર્થ પણ જણાઈ જ જાય છે. માટે स्यात् શબ્દનો પ્રયોગ હોતો નથી. વળી, कथञ्चित् सदेवेष्टम् વગેરે પ્રયોગોમાં कथञ्चित् એ પ્રમાણેના વચનથી જેમ સ્વદ્રવ્યાદિ ચારથી સત્ છે અને પરદ્રવ્યાદિ ચારથી 'असत्' છે એવો બોધ થાય છે. આ પ્રયોગમાં જેમ स्यात् પદના અભાવમાં स्यात् પ્રયોગના અર્થનો બોધ થઈ જાય છે તે જ પ્રમાણે અન્ય પ્રયોગોમાં પણ स्यात् પદનો અભાવ હોય તો પણ स्यात् પદનો બોધ થઈ જ જાય છે.

(श०न्या०) अमति गच्छति धर्म्मिणमित्यमेः "दम्यमि-तमि०" [उणा० २००.] इति ते अन्तो धर्म्मः; न एकोऽनेकः, अनेकोऽन्तो यस्यासावनेकान्तः, तस्य वदनं तथात्वेन प्रतिपादनम्, तच्च स्वाभ्युपगतस्यैव भवतीत्युक्तम् । **नित्येत्यादि**-"नेर्ध्रुवे" [६.३.१७.] [इति] त्यचि नित्यम्-उभयान्तापरिच्छिन्नसत्ताकं वस्तु, तद्विपरीतमनित्यम् । आदीयते-गृह्यतेऽर्थोऽस्मादिति "उपसर्गाद् दः किः" [५.३.८७.] इति कौ आदिः, तस्मात् सहभुवः सामान्यादयो धर्म्माः क्रमभुवश्च नव-पुराणादयः पर्याया गृह्यन्ते । धारयति धर्म्मिरूपमधर्म्मितां प्रति यत् "अर्त्तीरिस्तु०" [उणा० ३३८.] इति मे धर्मः-वस्तुपर्यायः, धर्ममन्तरेण धर्मिणः स्वरूपनाशात् । शाम्यति-विरुद्धैर्धर्म्मैर्युगपत् परिणतिमुपयातीति "शमेर्ब च वा" [उणा० ४७०.] इत्यले शबलम् । एत्यभेदं गच्छति "भीण्-शलि०" [उणा० २१.] इति के एकः । वसन्ति सामान्यपर्याय-विशेषरूपा धर्मा अस्मिन्निति "वसेर्णिद्वा" (उणा० ७७४.] इति तुनि वस्तु । नित्यानित्यादिनाऽनेकेन धर्म्मेण शबलं यदेकं वस्तु तस्याभ्युपगमः-प्रमाणाविरुद्धोऽङ्गीकारः, तत एव शब्दानां सिद्धिर्भवति, नान्यथा ।

અનુવાદ :- હવે આચાર્ય ભગવંત 'स्याद्वादोऽनेकान्तवादः नित्यानित्याद्यनेकधर्म्मशबलैकवस्त्वभ्युपगम इति यावत् ।' વાક્યના તમામ શબ્દોની વ્યુત્પત્તિ અને સમાસને બતાવે છે. સૌ પ્રથમ अन्त શબ્દને જણાવે છે - ધર્મીને જે પ્રાપ્ત કરે છે એવા અર્થમાં "अम्" ધાતુને 'दम्यमि तमि...' (उणादि० २००) સૂત્રથી "त" પ્રત્યય થતાં अन्त શબ્દ બને છે. આ अन्त શબ્દનો ધર્મ એ પ્રમાણે અર્થ થાય છે. હવે 'न एक इति अनेकः' તથા अनेकः अन्तः यस्य स इति अनेकान्तः અનેક ધર્મવાળો કોઈક પદાર્થ એ પ્રમાણે अनेकान्त નો અર્થ થાય છે. તથા अनेकान्तस्य वदनम् इति अनेकान्तवादः. અનેક ધર્મવાળા પદાર્થનું પ્રતિપાદન કરવું એ અનેકાંતવાદનો અર્થ થાય છે અને આ કથન પોતે સ્વીકારેલા પદાર્થોમાં જ થાય છે.

હવે नित्य શબ્દને બતાવે છે - नि થી પર ધ્રુવ અર્થમાં नैर्ध्रुवे (६/3/१७) સૂત્રથી त्यच् પ્રત્યય થાય છે; તથા તેમ થતાં नित्य શબ્દ પ્રાપ્ત થાય છે. ઉભય સીમાથી અનિર્ધારિત સત્તાવાળી વસ્તુઓ नित्य કહેવાય છે અને તેનાથી વિપરીત अनित्य કહેવાય છે.

હવે आदि શબ્દ સંબંધમાં કહે છે. જેનાથી અર્થ ગ્રહણ કરાય છે એવા અર્થમાં आ + दा ધાતુને उपसर्गाद् दः किः (૫/૩/૮૭) સૂત્રથી कि પ્રત્યય થતાં आदि શબ્દ પ્રાપ્ત થાય છે. આ आदि શબ્દથી સાથે રહેનારા એવા સામાન્ય, વિશેષ વગેરે ધર્મો તથા ક્રમથી રહેનારા એવા નવા-પુરાણા વગેરે ધર્મો ગ્રહણ કરાય છે.

હવે ધર્મ શબ્દને બતાવે છે - અધર્મીપણાં પ્રત્યે ધર્મી સ્વરૂપને જે ધારણ કરે છે એવા અર્થમાં "अर्तीरिस्तु... (उणादि० ૩૩૮) સૂત્રથી "धृ" ધાતુને म પ્રત્યય થતાં "धर्म" શબ્દ પ્રાપ્ત થાય છે. વસ્તુનો પર્યાય એ ધર્મ શબ્દનો અર્થ છે. ધર્મ વિના ધર્મીનું સ્વરૂપ નાશ પામે છે. આથી જ ધર્મી સ્વરૂપને જે ધારણ કરે છે એવી વ્યુત્પત્તિ ધર્મના અર્થ માટે અમે કરી છે.

હવે शबल શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે - વિરુદ્ધ ધર્મવડે યુગપત્ પરિણતિને જે પ્રાપ્ત કરે છે એવા અર્થમાં "शम्" ધાતુને "शमेर्ब च वा" (उणादि० ૪૭૦) સૂત્રથી "अल" પ્રત્યય થઈને म्નો ब् થતાં शबल શબ્દ પ્રાપ્ત થાય છે. વિરુદ્ધ ધર્મવડે યુગપત્ પરિણતિને પ્રાપ્ત કરવી એ शबल શબ્દનો અર્થ થશે. અહીં शबल શબ્દ લખવા દ્વારા આચાર્ય ભગવંત બે વિરોધી ધર્મોને એક કરીને ધર્મ કહેવા માંગે છે. દા.ત. નિત્ય અને અનિત્ય એ બંને ધર્મો ભેગા થઈને યુગપત્ પરિણામને પ્રાપ્ત કરીને વસ્તુ·નિત્યાનિત્ય સ્વરૂપ ધર્મને પ્રાપ્ત કરે છે.

હવે एक શબ્દની વ્યુત્પત્તિ બતાવવા દ્વારા અર્થને બતાવે છે - અભેદને જે પ્રાપ્ત કરે છે એવા અર્થમાં "भीण्-शलि.." (उणादि० ૨૧) સૂત્રથી इ ધાતુને क પ્રત્યય થતાં एक શબ્દ પ્રાપ્ત થાય છે. અભેદને પ્રાપ્ત કરનાર એ પ્રમાણે एक શબ્દનો અર્થ થાય છે.

હવે वस्तु શબ્દની વ્યુત્પત્તિ બતાવવા દ્વારા અર્થને બતાવે છે - સામાન્ય પર્યાય અને વિશેષ પર્યાય સ્વરૂપ ધર્મો જેમાં રહે છે એ અર્થમાં वसेर्णिद्वा (उणादि० ૭૭૪) સૂત્રથી तुन् પ્રત્યય થતાં वस्तु શબ્દ પ્રાપ્ત થાય છે. સામાન્ય અને વિશેષ પર્યાયવાળો જે પદાર્થ છે તે वस्तु શબ્દનો અર્થ છે.

હવે સંપૂર્ણ વાક્યનાં અર્થને કહે છે - નિત્યાનિત્ય વગેરે અનેક ધર્મવડે યુગપત્ પરિણતિને પ્રાપ્ત કરનાર એવી એક વસ્તુનો પ્રમાણથી અવિરુદ્ધ એવો સ્વીકાર એ અનેકાંતવાદનો અર્થ છે. અને આવા અર્થવાળા અનેકાંતવાદથી શબ્દોની સિદ્ધિ થાય છે, પરંતુ અન્ય પ્રકારે શબ્દોની સિદ્ધિ થતી નથી.

(श०न्या०) अत आह-**एकस्यैवे**ति-तथाहि-यस्यैव वर्णस्य ह्रस्वत्वं विधीयते तस्यैव दीर्घत्वादिः, तस्य च सर्वात्मना नित्यत्वे पूर्वधर्मनिवृत्तिपूर्वकस्य ह्रस्वादिविधेरसम्भवः; एवमनित्यत्वेऽपि जननानन्तरमेव विनाशात् कस्य ह्रस्वादिविधिरिति सामान्यात्मना नित्यः, ह्रस्वादिधर्म्मात्मना चानित्य इति । तथा द्रव्याणां स्वपराश्रयसमवेतक्रियानिर्वर्त्तकं सामर्थ्यं कारकम्, तच्च कर्त्राद्यनेकप्रकारमभिन्नस्याप्युपलभ्यते; यथा पीयमानं मधु मदयति, वृक्षमारुह्य ततः

फलान्यवचिनोति, विषयेभ्यो बिभ्यदनात्मज्ञस्तेभ्य एवात्मानं प्रयच्छंस्तैरेव बन्धमाप्नोतीत्यादि, तच्च कथमेकस्य सर्वथा नित्यत्वे एकरूपां वृत्तिमवलम्बमानस्यावस्थान्तराभिव्यक्तरूपोपलम्भाऽभावाद् घटते ? इति साध्यसाधनरूपकारकव्यवहारविलोपः । अनित्यत्वेऽपि न घटते, तथाहि–स्वातन्त्र्यं कर्तृत्वम्, तच्च–

"इदं फलमियं क्रिया करणमेतदेष क्रमो व्ययोऽयमनुषङ्गजं फलमिदं दशेयं मम ।
अयं सुहृदयं द्विषन् प्रकृतदेशकालाविमाविति प्रतिवितर्कयन् प्रयतते बुधो नेतरः" ॥८॥

इत्येवमात्मकपरिदृष्टसामर्थ्यं कारकप्रयोक्तृत्वलक्षणम्, तदपि नानित्यस्य क्षणमात्रावस्थायित्वेनोपजननान्तरमेव विनष्टस्य युज्यते, किं पुनः कारकसंनिपातः ? इति नित्यानित्यात्मकः स्याद्वादोऽङ्गीकर्तव्यः ।

અનુવાદ :- હવે આચાર્ય ભગવંતે જે અનેકાંતવાદનું આલંબન લીધું છે તે જ અનેકાંતવાદને अवर्ण વગેરેમાં સિદ્ધ કરીને બતાવે છે - બૃહદ્વૃત્તિમાં एकस्यैव हि... પંક્તિ લખવા દ્વારા આચાર્ય ભગવંત જણાવે છે કે હ્રસ્વ, દીર્ઘ વગેરે વિધિઓ, અનેક કારકોનું મળવું, સમાનાધિકરણપણું, વિશેષણ-વિશેષ્યભાવ વગેરે સ્યાદ્વાદ વિના સંગત થતાં નથી. .

तथाहि... પંક્તિનો અર્થ સમજતાં પહેલાં કેટલીક વાતોની ચર્ચા કરવી આવશ્યક છે. આચાર્ય ભગવંતે જે અનેકાંતવાદનું આલંબન લીધું છે તે જ અનેકાંતવાદને अवर्ण વગેરેમાં સિદ્ધ કરીને બતાવે છે, પરંતુ ભગવત્ પતંજલિ દ્વારા રચાયેલ મહાભાષ્યમાં શબ્દ નિત્ય છે કે અનિત્ય છે, એક જ અથવા તો અનેક છે વગેરે બાબતોનો વ્યવસ્થિત જવાબ (નિષ્કર્ષ) અપાયો નથી. એમણે શબ્દને એક પણ સિદ્ધ કર્યો છે, અનેક પણ સિદ્ધ કર્યો છે. જુદાં જુદાં દાર્શનિકો પણ આ બાબતમાં એક થઈ શકતા નથી. અનેકાંતવાદને નહીં સમજનારા અનેકાંતવાદમાં અલગ અલગ દોષો આપે છે. સૌ પ્રથમ આ અલગ અલગ દોષોની વિચારણા કરી લઈએ. આ દોષો સ્યાદ્વાદરહસ્ય નામના ગ્રન્થમાં બતાવવામાં આવ્યા છે. આ દોષો જોયા પછી અનેકાંતવાદમાં આ દોષો આવતા નથી, એ બાબતનો જવાબ આચાર્ય ભગવંત અત્યંત રમણીય સ્વરૂપે આપે છે અને એ જવાબ દ્વારા तथाहि... પંક્તિનો અર્થ સમજાશે. સૌ પ્રથમ નિત્યત્વ, અનિત્યત્વ વગેરે વિરુદ્ધધર્મો એક જ અધિકરણમાં જો રહે તો જે દોષો ઉત્પન્ન થાય છે તેનું સ્વરૂપ વિચારીએ.

(૧) સંકર દોષ : જે સ્વરૂપથી अकार નિત્યત્વનું અધિકરણ બને છે, તે જ સ્વરૂપથી अकार અનિત્યત્વનું અધિકરણ પણ બને છે. નિત્યત્વ અને અનિત્યત્વ ધર્મનો અત્યન્તાભાવ અલગ અલગ પદાર્થોમાં મળે છે અને એ જ બંને ધર્મો अकारમાં એકસાથે મળે છે. માટે સંકર નામનો દોષ આવે છે.

(૨) **વ્યતિકર દોષ :** જે સ્વરૂપથી अकारમાં નિત્યત્વનો સદ્ભાવ થાય છે એ જ સ્વરૂપથી अकारમાં અનિત્યત્વ પણ ઉપસ્થિત થાય છે. આ પ્રમાણે નિત્યત્વ અને અનિત્યત્વ બંને ધર્મો એક થવાં સ્વરૂપ વ્યતિકર દોષ આવે છે. જે વ્યક્તિ અનિત્યધર્મને માનીને ઘટને લાવશે એનો ઘટ હંમેશ માટે નહીં ફુટવાની આપત્તિ આવશે. એ જ પ્રમાણે આકાશ અનિત્ય થવાને કારણે નાશ થવાની આપત્તિ આવશે.

(૩) **સંશયદોષ :-** વ્યતિકર દોષના કારણે अकारમાં નિત્યત્વ રહે છે કે અનિત્યત્વ રહે છે, આવો નિર્ણય ન થઈ શકતો હોવાથી સંશય નામનો દોષ ઉપસ્થિત થાય છે. કારણ કે જે अकारમાં નિત્યત્વની પ્રતીતિ થાય છે એ જ अकारમાં નિત્યત્વના અભાવની પણ પ્રતીતિ થાય છે.

(૪) **અનવસ્થાદોષ :-** अकार જે સ્વરૂપથી નિત્યત્વનું અધિકરણ બને છે તથા જે સ્વરૂપથી અનિત્યત્વનું અધિકરણ બને છે, એ બંને સ્વરૂપો વસ્તુમાં એક જ સ્વભાવથી રહે છે કે ભિન્ન સ્વભાવથી રહે છે, એ સૌ પ્રથમ નક્કી કરવું પડશે. જો એક જ સ્વભાવથી વસ્તુમાં નિત્યત્વ અને અનિત્યત્વ ઉભય રહે તો નિત્યત્વ અને અનિત્યત્વ એક થઈ જવાની આપત્તિ આવે. આ આપત્તિનું કારણ બંને ધર્મોને રાખનાર એક જ પ્રકારનો સ્વભાવ છે. હવે જો ભિન્ન સ્વભાવોથી બંને ધર્મો अकारમાં રહેતા હોય તો એ ભિન્ન સ્વભાવોને એક કરવા માટે નવા સ્વભાવની કલ્પના કરવી પડશે. આમ, નવા-નવા સ્વભાવની કલ્પના કરતાં અનવસ્થા નામનો દોષ ઉત્પન્ન થશે.

(૫) **દૃષ્ટહાનિદોષ :-** જો अकारમાં નિત્યાનિત્ય સ્વરૂપ ઉભય ધર્મ માનશો તો પ્રત્યક્ષથી अकारમાં જે અનિત્યત્વધર્મ દેખાય છે એ ધર્મનો નાશ થવાથી દૃષ્ટહાનિ નામનો દોષ આવે છે.

(૬) **અદૃષ્ટકલ્પનાદોષ :-** अकारમાં નિત્યાનિત્ય સ્વરૂપ ધર્મ ક્યારેય જણાયો જ નથી છતાં તમે નવા ધર્મની કલ્પના કરી છે. આથી અદૃષ્ટકલ્પના નામનો દોષ આવે છે.

વળી, ક્યાંક ક્યાંક વિરોધ, અપ્રતિપત્તિ તથા વ્યવહારલોપ વગેરે દોષો પણ ઉપસ્થિત કરવામાં આવ્યા છે. અહીં વિરોધ અને વ્યવહાર દોષ આગળ આવી ગયા છે. અપ્રતિપત્તિદોષ આ પ્રમાણે છે - સ્યાદ્વાદમાં સંશયનું સમાધાન થઈ શકતું નથી, આથી વસ્તુ સ્વરૂપનો યથાર્થબોધ થઈ શકતો નથી. માટે સ્યાદ્વાદમાં અપ્રતિપત્તિ (અજ્ઞાન) દોષ પણ છે.

ઉપરોક્ત બધા જ દોષો એકાંતવાદી તરફથી બતાવવામાં આવ્યા છે, પરંતુ અમે જે સ્વરૂપથી અનેકાંતવાદને માનીએ છીએ એ સ્વરૂપનો આપને બોધ ન હોવાથી ઉપરોક્ત દોષોનો અવકાશ રહે છે. અમારી સ્યાદ્વાદની માન્યતા આ પ્રમાણે છે - અમે જે ઉપાધિથી વસ્તુમાં નિત્યત્વ રાખીએ છીએ એ જ ઉપાધિથી વસ્તુમાં અનિત્યત્વ રાખતાં નથી.

પર્યાય સ્વરૂપ ધર્મથી વસ્તુમાં અનિત્યત્વ રાખીએ છીએ અને દ્રવ્યત્વ સ્વરૂપ ધર્મથી વસ્તુમાં નિત્યત્વ રાખીએ છીએ. જો પર્યાય સ્વરૂપથી જ વસ્તુમાં અનિત્યત્વની સાથે નિત્યત્વ રાખતાં હોત તો તો તમે કહેલા બધા જ દોષોનો અવકાશ ઊભો થાત. આ પ્રમાણે કોઈપણ વસ્તુમાં એકસાથે બે ધર્મોનો એક જ સ્વરૂપથી અભેદ ન થતો હોવાથી સંકરદોષનો પ્રસંગ નથી તેમજ વ્યતિકરદોષનો પણ અવકાશ નથી. તથા જે સ્વરૂપથી અનિત્યત્વધર્મ રહેતો હોય એ જ સ્વરૂપથી નિત્યત્વધર્મ રહે તો સંશયદોષ ઊભો થાય, પરંતુ અમારા મતમાં તો ભિન્ન સ્વરૂપથી ધર્મો રહેતાં હોવાથી સંશય નામનો દોષ પણ નથી. આ જ પ્રમાણે અનવસ્થાદોષનું નિરાકરણ પણ થઈ જ જાય છે. ઘટ વગેરેમાં ઘટની અવસ્થાનો નાશ થતો જણાય છે અને માટી સ્વરૂપ અવસ્થાનો નાશ થતો નથી, આથી પ્રત્યક્ષથી જ ઘટમાં ઉભય ધર્મની પ્રાપ્તિ એકસાથે જણાતી હોવાથી દૃષ્ટહાનિદોષનો પણ સંભવ જણાતો નથી. અદૃષ્ટકલ્પનાદોષ પણ પદાર્થમાં આ પ્રમાણે રહેશે નહીં. કારણ કે કોઈપણ પદાર્થમાં નિત્યાનિત્યધર્મ પ્રત્યક્ષથી જ દેખાય છે. આ પ્રમાણે સ્યાદ્વાદ પક્ષમાં કોઈપણ દૂષણોને અવકાશ નથી.

આ બધી ચર્ચાઓના અંતે પૂજ્ય આચાર્ય ભગવંત પોતાના અભિપ્રાયના નિષ્કર્ષરૂપ પંક્તિ બૃહન્-ન્યાસમાં લખે છે. જે तथाहि... દ્વારા જણાવી છે. ભિન્ન ભિન્ન સ્વરૂપથી એક જ પદાર્થમાં વિરોધી એવા ધર્મો પણ રહેતા હોવાથી જે વર્ણમાં હ્રસ્વપણાંનું વિધાન કરાય છે, તે જ વર્ણોમાં દીર્ઘત્વ વગેરેનું વિધાન પણ થઈ શકે છે. જો अवर्णને સંપૂર્ણ સ્વરૂપથી નિત્ય નહીં માનો તો પૂર્વધર્મની નિવૃત્તિપૂર્વક હ્રસ્વ વગેરે વિધિનો સંભવ થશે નહીં. એ જ પ્રમાણે વર્ણને અનિત્ય જ માનશો તો વર્ણની ઉત્પત્તિ થયા પછી તેનો તરત જ નાશ થઈ જશે. આથી કોની હ્રસ્વ વગેરે વિધિ કરવી ? એ પ્રશ્ન ઉપસ્થિત થશે. આથી જ અમે વર્ણને સામાન્ય સ્વરૂપથી નિત્ય માનીએ છીએ તથા હ્રસ્વ વગેરે વિધિ સ્વરૂપથી અનિત્ય માનીએ છીએ. દરેકે આ વસ્તુ સ્વીકારવી જ પડશે.

હવે 'तथा द्रव्यानाम् स्वपराश्रय समवेतक्रियानिर्वतकम् ...' વગેરે પંક્તિઓનો અનુવાદ લખાય છે. ભર્તૃહરિ વિરચિત વાક્યપદીયગ્રન્થના ત્રીજા કાંડમાં સાધનસમુદેશમાં એક શ્લોક આવે છે જે આ પ્રમાણે છે :

"स्वाश्रये समवेतानां, तद्वदेवाश्रयान्तरे । क्रियाणामभिनिष्पत्तौ, सामर्थ्यं साधनं विदुः ॥ १ ॥"

પોતાના આશ્રયમાં સમવાય સંબંધથી રહેલી ક્રિયાની નિષ્પત્તિમાં જે સામર્થ્ય છે (ક્ષમતા છે) તે કારક કહેવાય છે. સાધનનો અર્થ કારક સમજવો. એ જ પ્રમાણે પરસ્વરૂપ આશ્રયમાં સમવાય સંબંધથી રહેલી એવી ક્રિયાની નિષ્પત્તિમાં જે સામર્થ્ય છે, તે કારક કહેવાય છે. ટૂંકમાં દ્રવ્યોમાં રહેલી ક્રિયાની નિષ્પત્તિનું જે સામર્થ્ય તે સાધન (કારક) છે.

આચાર્ય ભગવંતની વ્યાખ્યા પ્રમાણે સ્વ અને પરમાં સમવાય સંબંધથી રહેલી એવી ક્રિયાને પ્રાપ્ત કરાવનાર એવું દ્રવ્યોનું જે સામર્થ્ય છે તે કારક કહેવાય છે. 'देवदतो गच्छति' અહીં સ્વાશ્રયમાં સમવાય સંબંધથી રહેલી એવી ગમનક્રિયાનું સામર્થ્ય છે તથા "देवदत्तः ओदनं पचति"માં પરમાં આશ્રિત એવી (ओदनમાં રહેલી) સમવાય સંબંધથી રહેલી पचति ક્રિયાનું સામર્થ્ય તે પણ કારક કહેવાય છે. આમ તો શક્તિને કારક કહેવાય છે. આથી देवदत्तને બદલે શક્તિને પ્રથમા થવાની આપત્તિ આવે, પરંતુ શક્તિ એ ગુણ સ્વરૂપ છે. આથી ગુણ અને ગુણીનો અભેદ માનીને ગુણી એવા દ્રવ્યને કારક કહ્યું છે. હવે આ કારકો કર્તા વગેરે અનેક પ્રકારનાં છે તથા આ અનેક પ્રકારના કારકો અભિન્ન એવા દ્રવ્યમાં પણ પ્રાપ્ત થાય છે. દા.ત. પીવાતું એવું મધુ (માદક દ્રવ્ય) મદને કરે છે. અહીં પીવાની ક્રિયાની અપેક્ષાએ મધુ શબ્દમાં કર્મત્વશક્તિ આવે છે તથા मदयति ક્રિયાની અપેક્ષાએ મધુમાં કર્તૃત્વશક્તિ આવે છે. સંસ્કૃત વાક્ય पीयमानं मधु मदयति એ પ્રમાણે હતું. આ વાક્યમાં એક જ મધુ શબ્દમાં કર્તૃત્વ અને કર્મત્વ એમ બે પ્રકારની કારકશક્તિ આવે છે. वृक्षम् आरुह्य ततः फलानि अवचिनोति । આ વાક્યમાં વૃક્ષ સ્વરૂપ પદાર્થમાં ચડવાની ક્રિયાની અપેક્ષાએ કર્મત્વશક્તિ આવે છે અને ભેગા કરવાની ક્રિયાની અપેક્ષાએ અપાદાન શક્તિ આવે છે.

હવે, ત્રીજું ઉદાહરણ બતાવે છે - विषयेभ्यो बिभ्यदनात्मज्ञः तेभ्यः एव आत्मानम् प्रयच्छन् तैः एव बन्धम् आप्नोति । આ વાક્યનો અર્થ આ પ્રમાણે છે - વિષયોથી ભય પામતો એવો મૂર્ખ વિષયોને પોતાની જાતને સોંપતો વિષયોવડે બંધને પ્રાપ્ત કરે છે. આ ઉદાહરણમાં વિષયોમાં અપાદાન કારકપણું, સંપ્રદાન કારકપણું તેમજ કરણ કારકપણું એકસાથે જુદી જુદી ક્રિયાની અપેક્ષાએ પ્રાપ્ત થાય છે. હવે, જો એક દ્રવ્યમાં સર્વથા નિત્યપણું માનવામાં આવે તો એમાં અન્ય અન્ય અવસ્થાવાળા સ્વરૂપની અભિવ્યક્તિનો અભાવ થાય છે અને આમ થાય તો એક જ પદાર્થમાં ભિન્ન ભિન્ન કારકપણું કેવી રીતે ઘટી શકે ? આમ, એકાંત નિત્યપક્ષમાં મધુ, વૃક્ષ તથા વિષય વગેરે શબ્દોમાં અનેક કારકોની પ્રાપ્તિનો અસંભવ થશે. આ પ્રમાણે સાધ્યસાધનરૂપ કારકવ્યવહારનો લોપ થવાનો પ્રસંગ આવે છે. અહીં સાધ્ય એટલે ક્રિયા અને સાધન એટલે કારક.

કોઈ પણ વસ્તુને જો એકાંતે અનિત્ય માનવામાં આવે તો પણ તેવી વસ્તુ ઘટી શકતી નથી. કારણ કે તે વસ્તુની ઉત્પત્તિ થયા પછી જો નાશ થઈ જતો હોય તો જુદાં જુદાં કારકોમાં પ્રધાન

અનિત્યપક્ષ ઘટી શકશે નહીં. વળી, એકાંતે અનિત્યપક્ષ માનવામાં આવે તો આ ફળ છે, આ ક્રિયા છે. આ કરણ છે, આ ક્રમ છે. (કોઈપણ કાર્યની પ્રાપ્તિ થાય ત્યારે ઉત્પત્તિનો જે ક્રમ બતાવવામાં આવ્યો છે, તેવા અર્થની અપેક્ષાવાળો આ ક્રમ શબ્દ છે.) આ નાશ છે, આ સંયોગથી ઉત્પન્ન થયેલું એવું ફળ છે, મારી આ દશા છે, આ મિત્ર છે, આ શત્રુ છે. આ વ્યક્તિ આ ક્ષેત્રનો છે, આ વ્યક્તિ બીજા ક્ષેત્રનો છે, તથા આ વ્યક્તિ જુવાન છે, આ વ્યક્તિ વૃદ્ધ છે એ પ્રમાણે વિચાર કરતો એવો પંડિત પુરુષ પ્રવર્તે છે, કોઈ બીજો નહીં. આ પ્રમાણેના સ્વરૂપવાળું પ્રત્યક્ષથી જણાયેલું એવું સામર્થ્ય એ કારકને ઉત્પન્ન કરાવવાવાળું થાય છે. વળી, તે ઉત્પન્ન થયા પછી ક્ષણમાત્ર રહીને નાશ થઈ જતું હોવાથી એકાંત અનિત્યપક્ષમાં ઘટી શકશે નહીં. જો એક કારક નહીં ઘટી શકે તો કારકોનો સમૂહ તો કેવી રીતે ઘટી શકે ? આથી નિત્યાનિત્ય સ્વરૂપ સ્યાદ્વાદ જ સ્વીકારવા યોગ્ય છે.

(श०न्या०) तथा तमन्तरेण सामानाधिकरण्यं विशेषण-विशेष्यभावोऽपि नोपपद्यते । तथाहि-भिन्नप्रवृत्तिनिमित्तयोरेकत्र वृत्तिः सामानाधिकरण्यम्, तयोश्चात्यन्तभेदे घट-पटयोरिव नैकत्र वृत्तिः । नाप्यत्यन्ताभेदे, भेदनिबन्धनत्वात् तस्य, नहि भवति नीलं नीलमिति । किञ्च, नीलशब्दादेव तदर्थप्रतिपत्तावुत्पलशब्दानर्थक्यप्रसङ्गः । तथैकं वस्तु सदेवेति नियम्यमाने विशेषण-विशेष्यभावाभावः । विशेषणाद् विशेष्यं कथञ्चिदर्थान्तरंभूतमभ्युपगन्तव्यम् । अस्तित्वं चेह विशेषणम्, तस्य विशेष्यं वस्तु तदेव वा स्यादन्यदेव वा ? न तावत् तदेव, न हि तदेव तस्य विशेष्यं भवितुमर्हति, असति च विशेष्ये विशेषणत्वमपि न स्याद्, विशेष्यं विशिष्यते येन तद्विशेषणमिति व्युत्पत्तेः । अथान्यत्, तर्ह्यन्यत्वाविशेषात् सर्वं सर्वस्य विशेषणम् । समवायात् प्रतिनियतो विशेषण-विशेष्यभाव इति चेद्, न-सोऽप्यविष्व(पि ह्य)ग्भावलक्षण एवैष्टव्यः, रूपान्तरपरिकल्पनायामनवस्थाप्रसङ्गः । न चासावत्यन्तभेदेऽभेदे वा संभवतीति भेदाभेदलक्षण-स्याद्वादोऽकामेनाप्यभ्युपगन्तव्यः ।

અનુવાદ :- સ્યાદ્વાદ વિના સમાનાધિકરણપણું તથા વિશેષણ-વિશેષ્યભાવ પણ સંગત થશે નહીં. ભિન્નપ્રવૃત્તિનિમિત્તવાળા એવા બેનું એક જ અધિકરણમાં રહેવું એ સમાનાધિકરણપણું કહેવાય છે. શબ્દો ચાર પ્રકારના હોય છે :

(૧) જાતિપ્રવૃત્તિનિમિતક : જાતિ છે પ્રયોગમાં (વ્યવહારમાં) કારણ જેને એવા શબ્દો જાતિપ્રવૃત્તિ-નિમિત્તક" કહેવાય છે. દા.ત. 'ગો' શબ્દના પ્રયોગમાં ગોત્વ જાતિ કારણ બને છે.

(૨) ગુણપ્રવૃત્તિનિમિત્તક : ગુણ છે પ્રયોગમાં કારણ જેને એવા શબ્દો ગુણપ્રવૃત્તિનિમિત્તક કહેવાય છે. દા.ત. "शुक्लम्" શબ્દ. આ શબ્દના વ્યવહારમાં ગુણ કારણ સ્વરૂપે બને છે.

(૩) **દ્રવ્યપ્રવૃત્તિનિમિત્તક :** દ્રવ્ય પ્રયોગમાં કારણ બને છે જે શબ્દોને તે શબ્દો દ્રવ્યપ્રવૃત્તિનિમિત્તક કહેવાય છે. દા.ત. દેવદત્ત શબ્દ. આ શબ્દનાં વ્યવહારમાં દેવદત્ત નામનો પદાર્થ જ કારણ બને છે.

(૪) **ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક :** ક્રિયા પ્રયોગમાં કારણ બને છે જેઓને તે શબ્દ ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક કહેવાય છે. દા.ત. पाचक વગેરે શબ્દોના વ્યવહારમાં રાંધવાની ક્રિયા કારણ બને છે. "नील घटः" અહીં ઘટ નામના પદાર્થમાં નીલ સ્વરૂપ ગુણ અને ઘટત્વ સ્વરૂપ જાતિ બંને અનુક્રમે ગુણપ્રવૃત્તિનિમિત્તક અને જાતિપ્રવૃત્તિનિમિત્તક શબ્દો છે તથા ભિન્નપ્રવૃત્તિનિમિત્તવાળા એવા આ બેનું ઘટ નામના પદાર્થમાં જ રહેવું સંભવે છે. આને સમાનાધિકરણપણું કહેવાય છે. જો નીલ ગુણ અને ઘટત્વ જાતિમાં અત્યંત ભેદ હોત તો ઘટ અને પટની જેમ એક જ અધિકરણમાં (સમાન પ્રદેશવાળા એક જ અધિકરણમાં) રહેવાપણું થાત નહીં. અહીં નીલ અને ઘટત્વનો કંઈક અપેક્ષાએ અભેદ હોવાથી બંને એકાધિકરણમાં રહેલા જણાય છે. વળી "नील" અને "घटत्व" વચ્ચે અત્યંત અભેદ હોય તો પણ બંને એક જ અધિકરણમાં રહી શકત નહીં. સમાનાધિકરણપણું ભેદ સ્વરૂપ કારણથી જ ઘટી શકે છે. એક જ "नील" વર્ણની અપેક્ષાએ એવું કહી શકાતું નથી કે नील, नील વર્ણ થાય છે. અહીં નીલ અને ઘટમાં ભેદને કારણે સમાનાધિકરણપણું થઈ શક્યું છે. તથા અત્યંત અભેદ માનવામાં આવત તો "नील" અને "घट" એ બેનું ભિન્ન ભિન્ન સ્વરૂપપણું પણ રહેત નહીં.

વળી, "नील" શબ્દથી જ उत्पल શબ્દની પ્રતીતિ થઈ જવાથી "नीलोत्पलम्" પ્રયોગને બદલે માત્ર नील શબ્દનો પ્રયોગ જ સાર્થક થાત અને उत्पल શબ્દમાં અનર્થકપણાંનો પ્રસંગ આવત. સ્યાદ્વાદને સ્વીકારવાથી જ ઉપરોક્ત પ્રયોગો સાર્થક થઈ શકશે.

સ્યાદ્વાદને સ્વીકારવામાં નહીં આવે તો વિશેષણ-વિશેષ્યભાવ પણ ઘટી શકશે નહીં. એક વસ્તુ "सत्" જ છે એવું નિયમન કરાયે છતે વિશેષણ-વિશેષ્યભાવ ઘટી શકશે નહીં. કંઈક અન્ય સ્વરૂપને પ્રાપ્ત થયેલું એવું વિશેષ્ય હોય છે. આથી વિશેષણથી કંઈક અન્ય સ્વરૂપને પ્રાપ્ત થયેલું એવું વિશેષ્ય જ સ્વીકારવા યોગ્ય છે. હવે એક વસ્તુ "सत्" જ છે, આવો પ્રયોગ થયો હોય ત્યારે "सत्" એ વિશેષણ છે અને વસ્તુ એ વિશેષ્ય છે. હવે "सत्"થી અન્ય સ્વરૂપને પ્રાપ્ત થયેલ એવું વિશેષ્ય છે ? અથવા તો "सत्" સ્વરૂપવાળું જ વસ્તુ સ્વરૂપ વિશેષ્ય છે ? અહીં જો સત્ વિશેષણ સ્વરૂપને વસ્તુ (વિશેષ્ય) સ્વરૂપ જ માનવામાં આવે તો બંને એક થઈ જવાથી "सत्" શબ્દ એ વસ્તુ શબ્દનું વિશેષણ થઈ શકશે નહીં, કારણ કે એ જ સ્વરૂપવાળું વિશેષણ એ જ સ્વરૂપવાળા વિશેષ્ય સ્વરૂપે થઈ શકતું નથી અને બંને એક સ્વરૂપવાળા થઈ જાય તો ક્યાંતો વિશેષ્ય રહી શકશે અથવા તો વિશેષણ રહી શકશે. હવે જો એકલુ વિશેષણ રહે તો

વિશેષ્યની ગેરહાજરીમાં વિશેષણ પોતાનો વિશેષણપણાંનો ધર્મ પણ રાખી શકશે નહીં. જેનાવડે વિશેષ્ય વિશેષિત કરાય છે, તે વિશેષણ કહેવાય છે. અહીં વિશેષિત કરવા યોગ્ય કોઈ રહ્યું જ નથી (વિશેષ્યનો અભાવ છે માટે) તો પછી "સત્" શબ્દમાં વિશેષણપણું પણ કેવી રીતે આવી શકશે ?

વિશેષણથી વિશેષ્ય અન્ય છે એવો વિકલ્પ સ્વીકારવામાં આવે તો અન્યમાં કોઈ વિશેષતા ન હોવાથી બધા જ બધાના વિશેષણ બની જશે. કારણ કે સત્ એ વિશેષણ છે અને વસ્તુ એ વિશેષ્ય છે. હવે અન્ય તરીકે કયાં વિશેષ્યને સમજવો ?એ ખુલાસો થયો નથી. આથી કોઈપણ વિશેષણનું કોઈપણ વિશેષ્ય બની જવાની આપત્તિ આવશે. આથી વિશેષણ વિશેષ્યભાવ જ ઘટી શકશે નહીં.

પૂર્વપક્ષ :- અમે તો સમવાય સંબંધ માન્યો છે. આથી ચોક્કસ એવો વિશેષણ-વિશેષ્યભાવ ઘટી શકશે. જેમ કે ગુણ અને ગુણી વચ્ચે સમવાય સંબંધથી વિશેષણ-વિશેષ્યભાવ ઘટી શકે છે.

ઉત્તરપક્ષ (જૈનો) :- અરે વૈશેષિકો ! જો તમે સમવાય સંબંધ માનશો તો અનવસ્થા નામના દોષની મહાનદીને પાર કરવી તમારા માટે અત્યંત દુષ્કર થઈ જશે. તમે પૃથ્વીત્વના યોગથી પૃથ્વી એવું જ્ઞાન થાય છે, એ પ્રમાણે માનો છો; પરંતુ હકીકતમાં તો પૃથ્વીત્વ અને પૃથ્વીમાં કોઈ તફાવત જ નથી. પૃથ્વીનું જે અસ્તિત્વ સ્વરૂપ છે એ જ પૃથ્વીત્વ તરીકે ઓળખાય છે. આથી આ પૃથ્વીત્વ કાંઈ સામાન્ય (જાતિ) સ્વરૂપ નવો પદાર્થ નથી. હવે જો પૃથ્વીના જ પોતાના સ્વરૂપ પૃથ્વીત્વને પૃથ્વી સાથે સંબંધિત રાખવા માટે જો સંબંધ તરીકે તમોને સમવાય ઇષ્ટ છે, તો પછી સમવાયને પણ પોતાના સ્વરૂપ સમવાયત્વ સાથે સંબંધિત રાખવા માટે પણ નવો સંબંધ માનવો પડશે.

પૂર્વપક્ષ :- સમવાયમાં રહેલ સમવાયત્વ એ સમવાયના સ્વભાવ સ્વરૂપ નથી, (જાતિ સ્વરૂપ નથી,) પરંતુ સમવાયની ઉપાધિ સ્વરૂપ છે. તેથી એ બે વચ્ચે કોઈ સંબંધની આવશ્યકતા નથી.

ઉત્તરપક્ષ (જૈનો) : જો સમવાયમાં સમવાયત્વને સ્વભાવ રૂપ માનવામાં ન આવે તો સમવાય પોતે સ્વભાવહીન બની જશે. અર્થાત્ સમવાયનો પોતાનો કોઈ સ્વભાવ રહેશે નહીં. આથી સમવાય પોતે આકાશપુષ્પ જેવો અસત્ પદાર્થ બની જશે. જે જે સત્ પદાર્થો છે, તે તે સ્વભાવ હીન હોતાં નથી. આથી સમવાયમાં પણ સમવાયત્વ સિદ્ધ થાય જ છે. હવે જેમ પૃથ્વીમાં પૃથ્વીત્વને સમવાય સંબંધથી રાખવામાં આવે છે તેમ સમવાયમાં સમવાયત્વને પણ કોઈક સંબંધથી રાખવો પડશે. અહીં જે સંબંધની કલ્પના કરશો એ સંબંધમાં પણ જે સ્વભાવ રહ્યો હશે-તેને રાખવા નવા સંબંધની કલ્પના કરવી પડશે. આ પ્રમાણે નવા નવા સંબંધોની કલ્પના કરવા દ્વારા અનવસ્થા

નામની મહાનદી પાર કરવી અત્યંત દુષ્કર થશે. અહીં નવા સંબંધનું નામ અવિષ્વગ્ભાવ શબ્દ દ્વારા બતાવાયું છે.

આ પ્રમાણે અત્યંત ભેદ માનવામાં આવશે અથવા તો અત્યંત અભેદ માનવામાં આવશે તો વિશેષણ-વિશેષ્યભાવ ઘટી શકશે નહીં. આથી અનિચ્છાએ પણ દરેક પદાર્થમાં ભેદાભેદ સ્વરૂપ સ્યાદ્વાદ સ્વીકારવા યોગ્ય છે. આમ થવાથી "एकम् वस्तु सत् एव" વગેરે શબ્દપ્રયોગમાં વિશેષણ-વિશેષ્ય ભાવ સહેલાઈથી ઘટી શકશે.

(શ૦ન્યા૦) आदिग्रहणात् स्वसंज्ञादयोऽपि । तथाहि-अकाराकारयोर्यदि साधर्म्यमेव स्यात्, तदाऽस्तित्वेनेवान्यैरपि धर्मैः साधर्म्यं सर्वमेकं प्रसज्येत । यदि च वैधर्म्यमेव, तदा कस्यचिदस्तित्वमपरस्य नास्तित्वमन्यस्य चान्यदिति तुल्यत्वाभाव इति । साधर्म्य-वैधर्म्यात्मकस्याद्वादसमाश्रयणे ह्रस्वदीर्घयोः कालभेदेन वैधर्म्येऽपि तुल्यस्थानाऽऽस्यप्रयत्नत्वेन साधर्म्यमस्तीति स्वसंज्ञाव्यवहारः । किञ्च, शब्दानुशासनमिदम्, शब्दं प्रति च विप्रतिपद्यन्ते-नित्य इत्येके, अनित्य इत्यपरे, नित्यानित्य इति चान्ये ।

અનુવાદ :- બૃહદ્વૃત્તિ ટીકામાં "विशेषणविशेष्यभावादयः" પંક્તિ લખી છે ત્યાં आदि શબ્દથી સ્વ-સંજ્ઞા વગેરેને પણ ગ્રહણ કરવા અર્થાત્ સ્વ-સંજ્ઞા વગેરે પણ સ્યાદ્વાદથી જ સિદ્ધ થાય છે.

સ્વ-સંજ્ઞા એ સાધર્મ્યધર્મથી જ સિદ્ધ થઈ શકશે. પરંતુ વૈધર્મ્યધર્મથી સ્વ-સંજ્ઞા સિદ્ધ થઈ શકશે નહીં. સમાન ધર્મવાળાપણું એટલે સાધર્મ્ય અને વિરુદ્ધ ધર્મવાળાપણું એટલે વૈધર્મ્ય. હવે, अकार અને आकार વચ્ચે માત્ર સાધર્મ્ય (સમાન ધર્મવાળાપણું) ધર્મ જ માનીશું તો અસ્તિત્વ વગેરેની જેમ અન્ય અન્ય ધર્મોથી પણ સાધર્મ્ય થઈ જશે અને આમ થશે તો બધું જ એક થઈ જશે. આથી अकार સાથે જેમ आकारનું સાધર્મ્ય થશે તે જ પ્રમાણે इकार, उकार વગેરે તમામની સાથે પણ સમાન ધર્મવાળાપણું થઈ જતાં બધા જ વર્ણોમાં સ્વ-સંજ્ઞા થઈ જવાની આપત્તિ આવશે. આ આપત્તિ ન આવે તે માટે જો તમામ પદાર્થોમાં માત્ર વૈધર્મ્ય જ માનવામાં આવે તો કોઈકમાં અસ્તિત્વધર્મ રહેશે અને કોઈકમાં નાસ્તિત્વધર્મ રહેશે તથા અન્યમાં બીજો કોઈ ધર્મ રહેશે. આ પ્રમાણે તો બધા જ પદાર્થો એકબીજા સાથે વિરુદ્ધ ધર્મવાળા થવાથી તુલ્યપણાંનો જ અભાવ થઈ જશે. આથી સાધર્મ્ય-વૈધર્મ્ય સ્વરૂપ સ્યાદ્વાદ જ અનિચ્છાએ પણ સ્વીકારવો પડશે. આ સ્યાદ્વાદનો સ્વીકાર થતાં अकारનાં ઉચ્ચારણમાં એક માત્રા જેટલો સમય છે અને आकारનાં ઉચ્ચારણમાં બે માત્રા જેટલો સમય છે. આથી હ્રસ્વ અને દીર્ઘમાં કાળનાં ભેદથી વૈધર્મ્ય હોવા છતાં પણ સમાન એવા સ્થાન અને આસ્ય પ્રયત્નથી સમાન ધર્મવાળાપણું પણ થાય જ છે. આ પ્રમાણે વર્ણોમાં સાધર્મ્ય-વૈધર્મ્ય સ્વરૂપ ઉભય ધર્મની એકસાથે પ્રાપ્તિ થતી હોવાથી સ્વસંજ્ઞાના વ્યવહારની પણ અબાધિતપણે પ્રાપ્તિ થશે જ. આ બધું સ્યાદ્વાદથી જ શક્ય થશે.

स्वसंज्ञादयःમાં જે आदि શબ્દ લખવામાં આવ્યો છે ત્યાં आदिથી શું લેવું ? એવી જિજ્ઞાસાનાં અનુસંધાનમાં न्याससारसमुद्धारમાં स्थानी–आदेश, निमित्त-निमित्ती, प्रकृति-विकार વગેરે ગ્રહણ કરવા. જો એક વર્ણ અથવા તો પ્રકૃતિમાં માત્ર સ્થાની સ્વરૂપ ધર્મ જ રાખવામાં આવે તો આદેશ સ્વરૂપ ધર્મ માની શકાશે નહીં. દા.ત. इનો य् આદેશ થાય છે એવું કથન જ્યાં કરવામાં આવે છે ત્યાં इને સ્થાની માનવામાં આવે છે અને य् ને આદેશ માનવામાં આવે છે. હવે આ इમાં જો માત્ર સ્થાની સ્વરૂપ ધર્મ જ રહે તો अधिस्त्रि વગેરે અવ્યયીભાવ સમાસમાં ईનો જે इ આદેશ થયો છે, તે થઈ શકશે નહીં. કારણ કે इને જે સ્થાની સ્વરૂપ માન્યો છે, એને જ હવે આદેશ સ્વરૂપે માની શકાશે નહીં. આ વસ્તુ સ્યાદ્વાદ માનવાથી જ સિદ્ધ થઈ શકશે.

આ જ પ્રમાણે કોઈ પણ વર્ણમાં અથવા તો પ્રકૃતિમાં નિમિત્ત-નિમિત્તી, પ્રકૃતિ-વિકાર ભાવ સ્યાદ્વાદથી જ સ્વીકારી શકાશે.

વળી આ શબ્દાનુશાસન છે. આથી શબ્દોને કેવા માનવા ? નિત્ય માનવા ? કે અનિત્ય માનવા ? આ માન્યતાને અર્થે વિપ્રતિપત્તિ (વિરોધ) છે. કેટલાક લોકો શબ્દને નિત્ય માને છે. બીજાઓ અનિત્ય માને છે અને અન્યો નિત્યાનિત્ય માને છે.

(श०न्या०) तत्र नित्यत्वानित्यत्वयोरन्यतरपक्षपरिग्रहे सर्वोपादेयत्वविरहः स्यादित्याह- **सर्वपार्षदत्वाच्चे**ति-स्वेन रूपेण व्यवस्थितं वस्तुतत्त्वं पृणाति पालयति "प्रः सद्" [उणा० ८९७.] इति सदि पर्षद्, पर्षदि साधु "पर्षदो ण्यणौ" [७.१.१८.] इति णे पार्षदं साधारण-मित्यर्थः । अथवा पार्षदः परिचारक उच्यते, स च परिषत्साधारण इत्यर्थः । पार्षदत्वेन च साधारणत्वं लक्ष्यते, तेन सर्वेषां पार्षदं सर्वसाधारणमिति। [**सकलदर्शन**-] दृश्यते एकदेशेन तत्त्वमेतैरिति दर्शनानि नयाः, समस्तानां दर्शनानां यः समुदायस्तत्साधारणस्याद्वादस्याभ्युपगमो-ऽतितरां निर्दोष इत्यर्थः ।

અનુવાદ :- હવે માત્ર નિત્ય અથવા તો માત્ર અનિત્ય પક્ષનો સ્વીકાર કરવામાં આવે તો આ વ્યાકરણ બધાને ઉપાદેય બની શકશે નહીં. આમ બધાને ઉપાદેયપણું થાય તો જ આ વ્યાકરણની સાર્થકતા પ્રાપ્ત થાય. આથી સકલ દર્શનોનાં સમૂહસ્વરૂપ સ્યાદ્વાદનો આશ્રય જ અત્યંત નિર્દોષ છે.

હવે सर्वपार्षदत्वात् च શબ્દને ખોલે છે - स्व સ્વરૂપથી વ્યવસ્થિત થયેલા વસ્તુતત્ત્વનું જે પાલન કરે છે તે અર્થમાં पृ ધાતુને प्रः सद् (उणादि - ૮૯૭) સૂત્રથી सद् પ્રત્યય થાય છે અને તેમ થવાથી पर्षद् શબ્દ બને છે. હવે पर्षदि साधु આ અર્થમાં "पर्षदोण्यणौ" (૭/૧/૧૮) સૂત્રથી ण પ્રત્યય થતા पार्षदम् શબ્દ બને છે. જેનો સાધારણ એવો અર્થ થાય છે અથવા તો पार्षदम् એટલે

સેવક અર્થ થાય છે અને તે સભામાં સાધારણ વ્યક્તિ તરીકે હોય છે. આથી पार्षद શબ્દથી સાધારણપણું નક્કી થાય છે. હવે सर्वेषाम् पार्षद इति सर्वपार्षदत्वम् શબ્દ થશે. જેનો અર્થ બધામાં સાધારણ એ પ્રમાણે થશે. આ વ્યાકરણનું બધા જ દર્શનોમાં સાધારણપણું છે.

હવે सकलदर्शनનો અર્થ ખોલે છે - એક દેશવડે તત્ત્વ જેઓવડે જોવાય છે તે દર્શનો છે. અને તે જ નયો છે અને સમસ્ત દર્શનોનો જે સમુદાય તેમાં સાધારણ એવા સ્યાદ્વાદનો સ્વીકાર અત્યંત નિર્દોષ છે.

(श०न्या०) एतदेव स्वोक्तेन द्रढयति-**अन्योन्ये**त्यादि-साध्यधर्मवैशिष्ट्येन पच्यते हेत्वादिभिर्व्यक्तीक्रियते "मा-वा-वदि०" [उणा० ५६४.] इति से पक्षः-साध्यधर्मविशिष्टो धर्मी, 'ध्वनिरनित्य एव' इत्यादि[:] प्रतिकूलः पक्षः प्रतिपक्षः, अन्योन्यं पक्षस्य प्रतिपक्षास्तेषां भावः, एकस्मिन् धर्म्मिणि परस्परविरुद्धधर्मोपन्यास इति, ततः । **यथे**ति दृष्टान्तोपन्यासे । **परे** भवच्छासनादन्ये । सातिशयो मत्सरोऽसहनताऽस्त्येषाम् अतिशायने मत्वर्थीये **मत्सरिणः** । प्रकर्षेणोद्यते प्रतिपाद्यते स्वाभ्युपगतोऽर्थ एभिरिति "व्यञ्जनाद् घञ्" [५.३.१३२.] इति घञि **प्रवादाः** प्रवचनानि । यथा परस्परविरोधात् परे प्रवादा मत्सरिणः, **न तथा** तव समयो मत्सरी। अत्र विशेषणद्वारेण हेतुमाह-**पक्षपाती**ति, यतो रागनिमित्तवस्तुस्वीकाररूपं पक्षं पातयति नाशयतीत्येवंशीलः, रागस्य जीवनाशं नष्टत्वात्, अत्रैव हेतुमाह-**नयानशेषानविशेषमिच्छन्नि**ति-नयान् नैगमादीन् समस्तान् अविशेषमभेदं यथा भवति एवमङ्गीकुर्वन् न तव स (मयो) मत्सरी। अयं भावः-नयानां समत्वेन दर्शनाद् रागमयस्य पक्षस्य पातितत्वात् समयस्य मत्सराभावः, परेषां विपर्ययाद् मत्सरसद्भाव इति। सम्यगेति गच्छति शब्दोऽर्थमनेनेति "पुन्नाम्नि०" (५. ३. १३०.] इति घे समयः सङ्केतः, तत्सामर्थ्यप्रवृत्तत्वात् सिद्धान्तः समयशब्देनाभिधीयते । यदुक्तम्-

"समयबलेन परोक्षानुभवसाधनमागमः" इति ।

यद्वा सम्यग् अयन्ति गच्छन्ति जीवादयः पदार्थाः स्वस्मिन् स्वरूपे प्रतिष्ठां प्राप्नुवन्त्यस्मिन्निति **समय** आगमः । मत्सरित्वस्य विधेयत्वात् तेनैव नञः सम्बन्धात् पक्षपातिशब्देन त्वसम्बन्धात् प्रक्रमभेदाभावः ।

અનુવાદ :- આ સ્યાદ્વાદ અત્યંત નિર્દોષ છે. એ જ વસ્તુને પોતે કહેલ ઉક્તિવડે દઢ કરે છે. આ શ્લોક સ્યાદ્વાદમંજરી ગ્રંથમાં આચાર્ય ભગવંતે જણાવેલ છે.

સૌ પ્રથમ પક્ષની વ્યાખ્યા કરે છે - पच्यतेનો અર્થ આ પ્રમાણે છે - હેતુ વગેરે દ્વારા સાધ્યધર્મ વિશિષ્ટપણાંથી જે વ્યક્ત કરાય છે, આ અર્થમાં पच् ધાતુથી मा-वा-वदि... (उणादि० ५६४) સૂત્રથી

स પ્રત્યય થતાં पक्ष શબ્દ બને છે. આમ સાધ્ય-ધર્મથી વિશિષ્ટ એવો જે ધર્મી છે તે "पक्ष" કહેવાય છે અને આ પક્ષ, હેતુ વગેરેવડે પ્રગટ કરાય છે. દા.ત. ध्वनिः अनित्यः । અહીં અનિત્યત્વધર્મ ધ્વનિ સ્વરૂપ પક્ષમાં રહે છે. આથી અનિત્યત્વ એ સાધ્ય સ્વરૂપ ધર્મ બનશે અને આવા સાધ્ય સ્વરૂપ ધર્મથી વિશિષ્ટ ध्वनिः એ પક્ષ કહેવાય છે.

હવે પ્રતિપક્ષની વ્યાખ્યા કરે છે - 'प्रतिकूलः पक्षः = प्रतिपक्षः' જે લોકો શબ્દમાં અનિત્યત્વ નથી માનતા અને માત્ર નિત્યત્વ માને છે તેવા લોકોને માટે 'ध्वनिः अनित्यः' એ પ્રતિપક્ષ બની જશે. હવે જેને માટે પક્ષ છે તે જ વસ્તુ અન્ય લોકો માટે પ્રતિપક્ષ બની જશે તથા બીજાઓનો જે પક્ષ છે તે પણ બીજાઓ સિવાયનાં અન્યો માટે પ્રતિપક્ષ બની જશે. આથી પરસ્પર પક્ષનો અને પ્રતિપક્ષોનો ભાવ એવો અર્થ અન્યોન્યપક્ષપ્રતિપક્ષભાવનો થશે. આનું સંપૂર્ણ તાત્પર્ય આ પ્રમાણે થશે - એક ધર્મીમાં પરસ્પર વિરોધી ધર્મની સ્થાપના કરવી (રજૂઆત કરવી) તે અન્યોન્યપક્ષપ્રતિપક્ષભાવ થશે.

ત્યારબાદ ततः લખવા દ્વારા ઉપરોક્ત સંપૂર્ણ શબ્દને પંચમી કરી છે એવું જણાવે છે. यथा શબ્દ દૃષ્ટાંતની રજૂઆત કરવા લખ્યો છે. परे શબ્દથી આચાર્ય ભગવંતનાં શાસન સિવાયનાં બીજાઓ સમજવાં.

હવે मत्सरिणः શબ્દની વ્યુત્પત્તિને બતાવે છે - અહીં मत्सर શબ્દને मतु અર્થમાં इन् પ્રત્યય લાગે છે. જે अतिशायन અર્થને જણાવે છે. પ્રશંસા અથવા નિંદાના યોગમાં अतिशायन શબ્દ આવે છે અને આવા અર્થનો દ્યોતક मतु અર્થનો इन् પ્રત્યય થાય છે. આથી જેઓ અત્યંત અસહનશીલતાનાં સ્વભાવવાળાં છે તે मत्सरिन् કહેવાય છે અને આ मत्सरिन्નું પ્રથમા બહુવચન मत्सरिणः થાય છે. આથી અત્યંત અસહનશીલતાવાળા બીજાઓ છે એવો અર્થ થશે.

હવે प्रवाद શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે - પોતે સ્વીકારેલા અર્થનું જેઓવડે દઢતાથી પ્રતિપાદન કરાય છે તેવા અર્થમાં प्र + वद् ધાતુને व्यञ्जनाद् घञ् (૫/૩/૧૩૨) સૂત્રથી घञ् લાગતાં प्रवाद શબ્દ બને છે, જેનું પ્રથમા બહુવચન प्रवादाः થાય છે. અહીં, કરણ અર્થમાં घञ् પ્રત્યય લાગતાં प्रवादाःનો અર્થ પ્રવચનો અર્થાત્ 'શાસ્ત્રો' કર્યો છે.

જે પ્રમાણે બીજા શાસ્ત્રો એકબીજાનાં વિરોધવાળા હોવાથી અત્યંત અસહનશીલતાવાળા છે તે જ પ્રમાણે તારું શાસ્ત્ર અસહનશીલતાવાળું નથી.

અહીં "पक्षपाती એ तव समयः"નું વિશેષણ છે અને વિશેષણ દ્વારા ગ્રંથકારે હેતુનું કથન કર્યું છે. દા.ત. વિદ્વાન પુરુષો ક્ષતિ કરતાં નથી. અહીં પુરુષો એ પક્ષ છે તથા ક્ષતિ કરતાં નથી એ સાધ્ય છે. આથી જિજ્ઞાસા થાય છે કે વિદ્વાન પુરુષો કેમ ક્ષતિ કરતા નથી ? એના અનુસંધાનમાં

વિશેષણ સ્વરૂપે હેતુ જણાવે છે : વિદ્વાનપણું હોવાથી પુરુષો ક્ષતિ કરતા નથી. એ જ પ્રમાણે તારું શાસ્ત્ર અસહનશીલતાવાળું નથી એના અનુસંધાનમાં વિશેષણ તરીકે પક્ષપાતી હેતુ મૂક્યો છે. જેનો અર્થ આ પ્રમાણે છે - "पक्षम् पातयति (नाशयति) इति एवम् शील:" એ અર્થમાં "अजाते: शीले" (૫/૧/૧૫૪) સૂત્રથી इन् પ્રત્યય (શીલ = સ્વભાવ અર્થમાં) થતાં "पक्षपातिन्" શબ્દ બન્યો છે. જેનું પ્રથમા એકવચન "पक्षपाती" થાય છે. આનો સંપૂર્ણ અર્થ આ પ્રમાણે થશે - રાગનિમિત્તક એવી વસ્તુસ્વીકાર સ્વરૂપ પક્ષનો નાશ કરવાનાં સ્વભાવવાળું જે છે તે પક્ષપાતી શબ્દનો અર્થ છે. અને તારું શાસ્ત્ર રાગ નિમિત્તક કોઈ પણ વસ્તુના સ્વીકારનાં સ્વભાવવાળું નથી. આથી બીજાઓની જેમ તારું શાસ્ત્ર અસહનશીલતાના સ્વભાવવાળું નથી. તારું શાસ્ત્ર શા માટે રાગનિમિત્તક કોઈ પણ વસ્તુનાં સ્વીકારવાળું નથી ? તેને માટે હેતુ આપે છે - रागस्य जीवनाशम् नष्टत्वात् - રાગ જીવ લઈને નાશ થાય છે - कर्तृ: जीव पुरुषात् नश् वह: (૫/૪/૬૯) સૂત્રથી णम् પ્રત્યય થતા जीवनाशम् શબ્દ થાય છે. રાગનો નાશ જીવ લીધા પછી થતો હોવાથી તારું શાસ્ત્ર રાગ નિમિત્તક પક્ષનો સ્વીકાર કરતું નથી.

પરમાત્માનું શાસ્ત્ર પક્ષપાતી છે એના અનુસંધાનમાં જિજ્ઞાસુને શંકા થાય છે કે શા માટે પ્રભુનું શાસ્ત્ર પક્ષપાતી છે ? આ શંકાના અનુસંધાનમાં ગ્રંથકાર હેતુ આપે છે કે નૈગમ વિગેરે બધા નયોને તારું શાસ્ત્ર સામાન્યથી જ ઇચ્છે છે.

અમે બધા જ નયોને અવિશેષતાથી ઇચ્છીએ છીએ એનું કારણ કોઈપણ વસ્તુ જુદી જુદી અપેક્ષાએ અલગ અલગ સ્વરૂપવાળા થવાનાં જ સ્વભાવવાળી છે. આથી જ એ પ્રમાણે સ્વીકાર કરતું એવું તારું શાસ્ત્ર અસહનશીલતાનાં સ્વભાવવાળું નથી. નયોને સમાનપણાંથી જોવાથી (પ્રમાણવાક્યોથી જોવાથી) રાગમય એવા પક્ષનો નાશ થયો છે અને રાગમય એવા પક્ષનો નાશ થયો હોવાથી તારા શાસ્ત્રમાં અસહનશીલતાનો અભાવ છે. બીજાઓને નયો અસમાનપણે જણાતા હોવાથી રાગમય પક્ષ ઊભો રહે છે માટે જ અસહનશીલતાનો સદ્‌ભાવ છે.

હવે समय શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે - सम्यग् एति - શબ્દ અર્થને જેનાવડે પ્રાપ્ત કરે છે એ અર્થમાં सम् + इ ધાતુને पुन्नाम्नि - (૫/૩/૧૩૦) સૂત્રથી કરણ અર્થમાં घ પ્રત્યય થતાં समय શબ્દ બને છે. समय એટલે આગમ અથવા તો શાસ્ત્ર, સિદ્ધાંત અર્થ પણ समय શબ્દવડે કહેવાય છે. શાસ્ત્રનાં સંબંધ વિશેષથી જ પ્રવર્તતો હોવાથી સિદ્ધાંત પણ समय શબ્દવડે કહેવાય છે. समयનો આગમ અર્થ થાય છે તેનો શાસ્ત્રપાઠ આપે છે. શાસ્ત્રની શક્તિથી પરોક્ષ અનુભવનું જે કારણ છે તે આગમ છે અથવા તો जीवादि પદાર્થો સમ્યગ્ રીતે પ્રાપ્ત થાય છે જેમાં અર્થાત્ जीवादि પદાર્થો પોતાનાં સ્વરૂપમાં સ્થિરતાને પ્રાપ્ત કરે છે જેમાં તે समय કહેવાય છે. આ સમયનો જ પર્યાયવાચી શબ્દ આગમ છે.

શ્લોકમાં કહેલા અર્થ પ્રમાણે જે પ્રમાણે બીજા પ્રવચનો અસહનશીલતાનાં પરિણામવાળા છે એ પ્રમાણે તારા શાસ્ત્રો અસહનશીલતાવાળા નથી. (मत्सरिणः न) આ અર્થમાં ઉદ્દેશ છે તારા શાસ્ત્રો, અને વિધેય છે मत्सरिणः. આથી નિષેધનો અન્વય વિધેય સાથે જ થાય છે, પરંતુ પક્ષપાતી સાથે નહીં. આ પ્રમાણે અર્થ કરવાથી અર્થની ભિન્નતાનો અભાવ થશે.

(श०न्या०) परोक्तेनापि द्रढयति-**नया** इत्यादि-नीयन्ते प्राप्यन्ते जीवादयोऽर्था एकदेशेन विशिष्टा एतैरिति नया निरवधारणा अभिप्रायविशेषाः, सावधारणस्य दुर्नयत्वात्, सकलार्थप्राप्तेश्च प्रमाणाधीनत्वात् । ते च नैगमादयः सप्त, ते स्यात्पदेन चिह्निताः सावधारणाश्च अभिप्रेतं फलं फलन्ति-लिहाद्यच् ["लिहादिभ्यः" ५.१.५०.] निष्पादयन्ति अभिप्रेतं फलं येभ्य इति बहुव्रीहिर्वा, यतस्ततो भवन्तमार्याः **प्रणताः** प्रणन्तुमारब्धा इति । 'हितैषिणः' इति विशेषणद्वारेण हेतुः, हितैषित्वादित्यर्थः । रसेन विद्धाः[1] शुल्वादिधातव इवेति समन्वयः । **[भवन्तम्-]** भाति दीप्यते केवलज्ञानश्रिया निरतिशय-वीर्येण वेति "भातेर्डवतुः" [उणा० ८८६.] इति भवान् । दूरमन्तिकं वा आरात्, सम्यग्ज्ञानाद्यात्मकस्य मोक्षमार्गस्य समीपं याताः प्राप्ताः, दूरं वा पापक्रियाभ्यो याता गता इति नैरुक्ते[2] वर्णादेशे **आर्या** इति । **[हितैषिणः-]** आवरणविलयाद-मलज्ञानाविर्भूति[3]रूपा शुद्धिः, अन्तरायविनाशाच्च शक्तिः, तयोः प्रकर्षो हितम्, स्वेन रूपेणात्मनो धारणरूपः सुखादिना पोषरूपश्चान्वर्थोऽपि घटते, तमिच्छन्तीत्येवं-शीलाः, आर्यत्वादेव च शीलार्थोऽपि व्यवतिष्ठते, मोक्षे भवे तेषां स्पृहाभावादिति ।

અનુવાદ :- તેઓ બીજાઓવડે કહેવાયેલા વચનથી પણ સ્યાદ્વાદને દઢ કરે છે. એકદેશથી વિશિષ્ટ એવા જીવાદિ પદાર્થો જેઓવડે પ્રાપ્ત કરાય છે, તે નયો કહેવાય છે. આટલો नीयन्तेનો અર્થ પ્રાપ્ત થાય છે. આનો તાત્પર્ય અર્થ આ પ્રમાણે થશે - અવધારણ રહિત એવા અભિપ્રાયવિશેષો છે તે નયો કહેવાય છે. અવધારણ સહિત જો બોલવામાં આવે તો તે દુર્નયો બની જાય છે. સમસ્ત અર્થની પ્રાપ્તિ પ્રમાણને જ આધીન હોવાથી અવધારણ રહિત હોય તે જ નયો કહેવાય છે. નૈગમ વગેરે સાત નયો છે. स्यात् પદથી ચિહ્નિત અને અવધારણ સહિત નયો જ ઈષ્ટ ફળને સિદ્ધ કરે છે. અહીં नी ધાતુને लिहादिभ्यः (૫/૧/૫૦) સૂત્રથી જ अच् પ્રત્યય થયો છે અથવા તો ઈષ્ટ ફળ ઉત્પન્ન થાય છે જેઓથી એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થતા અન્ય પદ તરીકે નયો આવી શકશે. આ નયો ઈષ્ટ ફળને ઉત્પન્ન કરવાવાળા છે. આથી આર્યો આપને (પરમાત્માને) પ્રણામ કરવા માટે આરંભવાળા થયા છે.

---

१. 'विधिना' क-ख । २. 'निरुक्ते' अ-ख । ३. '०र्भूतरू०' क ।

હવે हितैषिणः એ આર્યોનું વિશેષણ છે. જે વિશેષણ દ્વારા હેતુનું કથન કરાય છે. આથી આ પ્રમાણે અર્થ થશે - હિતની ઇચ્છાવાળા હોવાથી જ આર્યો આપને પ્રણામ કરવા માટે આરંભ કરવાવાળા થયા છે.

રસથી (સુવર્ણરસથી) વિન્ધાયેલ તાંબું વગેરે ધાતુઓ જેમ ઇષ્ટ ફળને આપનારી થાય છે તેમ स्यात् પદથી ચિહ્નિત અને અવધારણ સહિત એવા નયો ઇષ્ટ ફળને આપનારા થાય છે. આવો અન્વય કરવો.

હવે भवन्तम् શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે - કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીથી અથવા તો અદ્વિતીય શક્તિવડે જેઓ શોભી રહ્યા છે એવા અર્થમાં भा ધાતુને भातेर्डवतुः (उणा० ८८६) સૂત્રથી डवतु પ્રત્યય થતાં भवतु શબ્દ થાય છે, જેનું દ્વિતીયા એકવચન भवन्तम् થાય છે.

હવે आर्या શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે - आरात् અવ્યય દૂર અથવા તો નજીક અર્થમાં છે. જેઓ સમ્યગ્જ્ઞાનાદિ સ્વરૂપ મોક્ષમાર્ગની સમીપપણાંને પ્રાપ્ત થયેલા છે અથવા તો જેઓ પાપક્રિયાથી દૂર ગયેલા છે. એ પ્રમાણે વ્યાખ્યાથી आत्નો લોપ થતાં आरात् + या = आर्या શબ્દ બને છે.

હવે हितैषिणः શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે - આવરણનો નાશ થવાથી નિર્મળજ્ઞાનની ઉત્પત્તિ રૂપ શુદ્ધિ અને અન્તરાયનો નાશ થવાથી શક્તિ અને તે બેની સર્વોપરિતા તે જ હિત છે. અથવા તો સ્વ સ્વરૂપથી આત્માને ધારણ કરવા સ્વરૂપ અને સુખ વગેરેની પુષ્ટિ સ્વરૂપ અન્વર્થથી પણ હિત શબ્દનો અર્થ ઘટે છે. धा ધાતુને क्त લાગતાં हित શબ્દ બને છે અને આ બંને અર્થો धा ધાતુથી પ્રાપ્ત થયા છે. હવે, આવા હિતને ઇચ્છવાનાં સ્વભાવવાળા એ અર્થમાં हित સહિત इष् ધાતુને કર્તા અર્થમાં (૫/૧/૧૫૪) સૂત્રથી इन् પ્રત્યય થતાં "हितैषिन्" શબ્દ બને છે. આમ, અન્વર્થથી પણ અર્થની પ્રાપ્તિ થાય છે. આર્યપણું હોવાથી જ શીલાર્થપણું નિશ્ચિત થાય છે. સંસારમાં અને મોક્ષમાં સ્પૃહાનો અભાવ હોવાથી તેઓમાં આર્યપણું ઘટે છે.

હવે આખા શ્લોકનો અર્થ આ પ્રમાણે થશે - જે કારણથી સુવર્ણ રસથી યુક્ત ધાતુ જેમ ઇષ્ટ ફળવાળો થાય છે તેમ स्यात् પદથી ચિહ્નિત એવા તારા આ નયો ઇષ્ટ ફળવાળા થાય છે. તેથી હિતની ઇચ્છા કરવાના સ્વભાવવાળા એવા આર્યો આપને પ્રણામ કરવા માટે આરંભવાળા થયા છે.

(श०न्या०) नन्वस्तु युक्तियुक्तः स्याद्वादस्तदधीना च शब्दसिद्धिः, तथाप्यनभिहिताभिधेय-प्रयोजनत्वात् कथमेतत्प्रेक्षावत्प्रवृत्त्यङ्गम् ? इत्याशङ्कायामाह-**अथवे**त्यादि-विविक्तानामसाधुत्व-निर्मुक्तानां शब्दानां प्रयुक्तेः सम्यग्ज्ञानलक्षणा सिद्धिर्भवति, शब्दानुशासनस्य साधवः शब्दा

अभिधेयाः, यमर्थमधिकृत्य प्रवर्त्तते तत् प्रयोजनम् इति सम्यग्ज्ञानमनन्तरं प्रयोजनम्, तद्द्वारेण च निःश्रेयसं पर-मिति । यतः-

"व्याकरणात् पदसिद्धिः, पदसिद्धेरर्थनिर्णयो भवति ।
अर्थात् तत्त्वज्ञानं, तत्त्वज्ञानात् परं श्रेयः" ॥९॥ इति ।

तस्मात् सम्यग्ज्ञाननिःश्रेयसप्रयोजनं शब्दानुशासनमारभ्यते । सम्बन्धस्त्वभिधेय-प्रयोजनयोः साध्यसाधनभावलक्षणः, शब्दानुशासनाभिधेययोश्चाभिधानाभिधेयलक्षणः । स च तयोरेवान्तर्भूतत्वात् पृथग् नोपदर्शित इति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- સ્યાદ્વાદ ભલે યુક્તિયુક્ત છે અને સ્યાદ્વાદને આધીન એવી શબ્દોની સિદ્ધિ છે, તો પણ અભિધેય અને પ્રયોજન ન કહ્યું હોવાથી વિદ્વાન પુરુષો માટે આ શબ્દાનુશાસનમાં પ્રવૃત્તિનું કારણપણું કેવી રીતે થશે ?

ઉત્તરપક્ષ :- આ શંકાને નજરમાં રાખીને બૃહદ્વૃત્તિ - સૂત્રની ટીકામાં અથવા... કરીને પંક્તિ લખેલ છે. પૃથગ્ કરેલા અસાધુ શબ્દોનાં પ્રયોગથી મુક્ત એવા શબ્દોનાં પ્રયોગથી શબ્દોની સિદ્ધિ થાય છે. આ શબ્દાનુશાસન સંબંધી શબ્દ એ અભિધેય છે. 'જેનું આલંબન લઈને જીવ પ્રવર્તે છે' તે પ્રયોજન કહેવાય. જીવ સમ્યગ્જ્ઞાનનું આલંબન લઈને આ શબ્દાનુશાસનમાં પ્રવર્તશે. આથી શબ્દાનુશાસનનું અનંતરપ્રયોજન સમ્યગ્જ્ઞાન છે તથા સમ્યગ્-જ્ઞાન દ્વારા જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. આથી મોક્ષ એ પરંપરપ્રયોજન છે.

મહાપુરુષોએ કહ્યું પણ છે કે, "વ્યાકરણથી જ પદોની સિદ્ધિ થાય છે અને પદોની સિદ્ધિથી જ અર્થોનો નિર્ણય થાય છે તથા અર્થોનો નિર્ણય થવાથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ તત્ત્વજ્ઞાનથી શ્રેષ્ઠ એવું કલ્યાણ અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ થાય છે."

તેથી સમ્યગ્જ્ઞાન અને મોક્ષ પ્રયોજનવાળું એવું શબ્દાનુશાસન અમારાવડે આરંભ કરાય છે. અભિધેય અને પ્રયોજનનો સંબંધ સાધ્ય-સાધનભાવ સ્વરૂપ છે. અભિધેય એ સાધુ શબ્દ છે અને પ્રયોજન મોક્ષ છે. આથી મોક્ષ સાધ્ય માટેની સાધનતા (કારણતા) સાધુ શબ્દોમાં આવશે. આથી બંને વચ્ચે સાધ્ય-સાધનભાવ સંબંધ આવશે. તથા શબ્દાનુશાસન અને અભિધેય બંને વચ્ચે અભિધાન-અભિધેય સ્વરૂપ સંબંધ છે. શબ્દાનુશાસન એ અભિધાન છે અને પદાર્થ (સમ્યક્ શબ્દો) એ અભિધેય છે. હવે આ સંબંધ તે બેમાં જ અન્તર્ભૂત હોવાથી પૃથગ્ લખાયો નથી.

(શ૦ન્યા૦) ननु यथा प्रयोजनस्याभिलाषजनकतया प्रवर्तकत्वादभिधानम्, तथाऽभिधेयस्यापि शक्यानुष्ठानादिप्रतिपादनार्थत्वात् तस्याप्यभिधानं कर्त्तव्यम्, न चात्र तदस्ति, तस्यानूद्यमानत्वात् । नैवम्-अनुवादादपि विधेरध्यवसानाद्-

"अविवक्षितवाच्यो यस्तत्र वाच्यं भवेद् ध्वनौ ।
[अर्थान्तरे संक्रमितमत्यन्तं वा तिरस्कृतम्" ॥१०॥
काव्यप्रकाशस्य चतुर्थोल्लासे सूत्रम् ॥३९॥

तद्वृत्तिः-लक्षणामूलगूढव्यङ्गयप्राधान्ये सत्येवाविवक्षितं वाच्यं यत्र स 'ध्वनौ' इत्यनुवादाद् ध्वनिरिति ज्ञेयः । तत्र च वाच्यं क्वचिदनुपयुज्यमानत्वादर्थान्तरे परिणतम्, क्वचिदनुपपद्यमानतयाऽत्यन्तं तिरस्कृतम् । कारिकार्थस्तु-अविवक्षितम्-अनुपयुक्तम् अन्वयायोग्यं वा वाच्यं वाच्योऽर्थो यत्र तादृशो यो ध्वनिः तत्र, तस्मिन् ध्वनौ 'उत्तमे काव्ये' वाच्यं वाच्योऽर्थः, अर्थान्तरे वाच्यलक्ष्यसाधारणे-ऽर्थे संक्रमितं परिणमितम्, अत्यन्तं तिरस्कृतं त्यक्तं वा भवेदिति] इत्यत्र स ध्वनिरिति वदति, तेनाभिधेय-प्रयोजनयोः परता तन्निष्ठतापीत्यर्थः सिद्धो भवतीति ॥२॥

અનુવાદ :- પૂર્વપક્ષ :- કોઈપણ વ્યક્તિને અભિલાષ ઉત્પન્ન કરવામાં પ્રયોજન જ કારણ બને છે. શબ્દાનુશાસન ગ્રન્થ સમ્યગ્જ્ઞાન પ્રયોજનવાળો છે અને તેનું અભિધાન (કથન) કરવામાં આવ્યું તે જ પ્રમાણે અભિધેયનું (અર્થનું) કથન કરવા યોગ્ય છે. અભિધેયનું કથન કરવામાં આવે તો જ વ્યક્તિને જણાઈ શકે છે કે આ વસ્તુ મારા માટે શક્ય છે અથવા નથી. દા.ત. અહીંથી મારે અમદાવાદ જવું હોય તો સૌ પ્રથમ તો અમદાવાદ જવાનું પ્રયોજન બતાવવામાં આવે તો જ તે પ્રયોજનના રસવાળા વ્યક્તિને અમદાવાદ જવાની અભિલાષા થશે. જેમ કે સુતરાઉ કાપડ ખરીદવા જવાનું છે આવું કહેવામાં આવે ત્યારે તે ખરીદીના રસવાળાને અમદાવાદ જવાની અભિલાષા થશે, તે જ પ્રમાણે સુતરાઉ કાપડ સ્વરૂપ વાચક શબ્દનો પદાર્થ શું છે ? તે પણ જણાશે તો જ તે તે વ્યક્તિઓ ત્યાં જવાની ઉત્સાહવાળી થશે. આથી અભિધેયનું કથન પણ આવશ્યક છે.

આ ગ્રન્થમાં પ્રયોજન બતાવાયું છે પરંતુ અભિધેય બતાવાયું નથી. અભિધેયનું ઉદ્દેશ્યપણું હોવાથી તેનું કથન અહીં થવું જોઈએ, પરંતુ તે અહીં નથી થયું. આ ગ્રન્થમાં (સૂત્રમાં) એવું કહેવામાં આવ્યું નથી કે હું શબ્દાનુશાસનનો આરંભ કરું છું. જે પ્રમાણે જીવવિચાર પ્રકરણમાં પહેલી જ ગાથામાં જીવના સ્વરૂપનું કથન મારાવડે કરાય છે, એ પ્રમાણે કહેવામાં આવ્યું છે. એ પ્રમાણે અહીં સૂત્રમાં શબ્દાનુશાસન સ્વરૂપ ઉદ્દેશપણાંનું કથન કરવામાં આવ્યું નથી.

ઉત્તરપક્ષ :- આ ગ્રંથમાં શબ્દોની સિદ્ધિ આવવાની છે. દરેક ધાતુ અને નામોને કયાં-કયાં પ્રત્યયો લાગીને કેવી રીતે શબ્દોની સિદ્ધિ થશે ? તે બતાવવામાં આવશે. આમ, તેના અનુવાદથી પણ વિધિનો નિર્ણય થઈ શકશે. વિધેય સ્વરૂપ શબ્દાનુશાસન છે, જે અભિધેય સ્વરૂપે છે તેનું કથન અનુવાદથી થઈ શકશે.

કાવ્યપ્રકાશના ચોથા ઉલ્લાસમાં આ અનુસંધાનમાં એક શ્લોક આવે છે. જેનો ભાવાર્થ આ પ્રમાણે છે - જે કાવ્યમાં અથવા ગદ્યમાં વાચ્યાર્થ બીજો હોય અને પ્રતીયમાન (જણાતો) અર્થ બીજો હોય તે ધ્વનિકાવ્ય કહેવાય છે. કાવ્યો ત્રણ પ્રકારનાં છે : જઘન્ય, મધ્યમ અને ઉત્તમ. જે ધ્વનિકાવ્યો છે તે ઉત્તમ કાવ્યો છે.

અવિવક્ષિતવાચ્યવાળું જે ધ્વનિકાવ્ય છે એ ધ્વનિકાવ્યમાં અર્થાન્તરમાં સંક્રમિત એવું વાચ્ય હોય છે અથવા તો અત્યંત તિરસ્કૃત એવું વાચ્ય હોય છે. લક્ષણા જેના મૂળમાં છે એવા ગૂઢ-વ્યંગ્યાર્થની પ્રધાનતા ધ્વનિકાવ્યમાં હોય છે. વાચ્યાર્થ આવા કાવ્યોમાં વિવક્ષિત હોતો નથી.

લક્ષણા બે પ્રકારની છે : (૧) જેમાં મુખ્યાર્થ તિરસ્કૃત થાય છે તથા મુખ્યાર્થ બાધિત થઈને અર્થાન્તરમાં સંક્રમિત થાય છે. (૨) સંક્ષેપમાં વાચ્યાર્થ સંપૂર્ણ બાધિત થાય છે અથવા તો આંશિક બાધિત થાય છે. આ પ્રમાણે બે પ્રકારવાળી લક્ષણા છે. કોઈ નબળા માણસને બહાદૂર કહેવામાં આવે તો અહીં મુખ્યાર્થ અત્યંત તિરસ્કૃત થાય છે તથા यष्टीः प्रवेशय (તું લાકડીઓને પ્રવેશ કરાવ.) અહીં લાકડીઓ સ્વરૂપ વાચ્યાર્થ છે તો ખરો, પરંતુ એકલી લાકડીઓને પ્રવેશ કરાવાય નહીં. આથી લાકડીવાળાઓને તું પ્રવેશ કરાવ એવો અર્થ થશે. આથી મુખ્યાર્થ તો લાકડીવાળાઓ જ થશે. આ પ્રમાણે વાચ્યાર્થ સ્વરૂપ લાકડીઓ અહીં મુખ્યાર્થ ન રહેવાથી વાચ્યાર્થ આંશિક બાધિત થાય છે.

અહીં यत्र स ध्वनौ इति अनुवादात् ध्वनिरिति ज्ञेयः પંક્તિઓ લખી છે તો ત્યાં यद् સર્વનામથી જે લખાયું હોય તેનો બોધ तद् સર્વનામથી સૂચિત થયેલામાં થાય છે, તેને અનુવાદ કહેવામાં આવે છે. દા.ત. જે અલ્પ ભોજન કરવાવાળા છે તે મુનિ છે. અહીં यद् સર્વનામથી સૂચિત અલ્પ ભોજન કરવાવાળા સ્વરૂપ પદાર્થ છે, જ્યારે तद् સર્વનામથી સૂચિત મુનિ શબ્દ છે. આ મુનિ શબ્દ એ અનુવાદથી થયેલો બોધ કહેવાય. એ પ્રમાણે यत्र ध्वनौ પંક્તિનો અર્થ स ध्वनिः કરવામાં આવ્યો તે અનુવાદથી થયેલો બોધ કહેવાય. यत्र ध्वनौમાં ध्वनि શબ્દ यद् સર્વનામથી સૂચિત છે અને स ध्वनिમાં तद् સર્વનામથી સૂચિત છે. આ પ્રમાણે स ध्वनिः એ અનુવાદથી થયેલો બોધ જાણવા યોગ્ય છે.

અવિવક્ષિત વાચ્યવાળું ધ્વનિકાવ્ય બે પ્રકારનું છે. ત્યાં વાચ્યાર્થનો ઉપયોગ ન હોવાથી અર્થાન્તરમાં પરિણત એવું વાચ્ય હોય છે. દા.ત. 'અહીં બુદ્ધિમાન લોકોની બેઠક ચાલી રહી છે. આથી જો તમે અહીં બેસવા માંગતા હો તો સમજી વિચારીને બેસજો.' અહીં વક્તાનો શ્રોતા પ્રત્યે હિતકારિતા સ્વરૂપ મુખ્યાર્થ છે. અહીં આંશિક વાચ્યાર્થ તો રહે જ છે, પરંતુ મુખ્યતાથી તો વક્તાનો શ્રોતા પ્રત્યે હિતોપદેશ જ છે. આમ, વાચ્યાર્થ અર્થાન્તરમાં સંક્રમિત્ત થયેલું છે.

'અરે ! તમારા ઉપકારોનું શું વર્ણન કરું ? તમે જે સજ્જનતા બતાવી છે, એવી સજ્જનતા

કોણ બતાવે? બસ, જીવનભર આવું જ કરતા રહો અને આ પ્રમાણે સુખી થતાં રહો.' અહીં વાચ્યાર્થથી તો વક્તાની શ્રોતા પ્રત્યે ઉપકારિતા પ્રગટ થાય છે, પરંતુ વ્યઙ્ગ્યાર્થ તો મિત્રના બહાનાથી શત્રુની દુષ્ટ હૃદયતાનું પ્રકાશન થાય છે. આમ, વ્યઙ્ગ્યાર્થ વાચ્યાર્થનો સંપૂર્ણ તિરસ્કાર કરે છે. આવા ધ્વનિકાવ્યમાં વાચ્યાર્થને કહેવાની ઇચ્છા હોતી નથી.

આ પ્રમાણે જેમ ધ્વનિકાવ્યમાં શબ્દ ઉપરથી વાચ્યાર્થ સિવાયનો અર્થ જણાય છે, તે જ પ્રમાણે અહીં શબ્દાનુશાસનમાં પણ પ્રત્યય અને પ્રકૃતિના વિભાગ સ્વરૂપ અનુવાદથી વિધેયનો - સમ્યક્ શબ્દનો નિશ્ચય થઈ શકે છે. આથી અભિધેય અને પ્રયોજન પણ આ ગ્રંથમાં જણાય છે એ પ્રમાણે સિદ્ધ થાય છે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

(न्या०स०) सिद्धिरित्यादि-लोके प्रसिद्धसाधुत्वानां शब्दानामन्वाख्यानार्थमिदं शब्दानुशासनमारभ्यते। अन्वाख्यानं च शब्दानां प्रकृत्यादिविभागेन सामान्य-विशेषवता लक्षणेन व्युत्पादनम्। तच्च शब्दार्थसंबन्धमन्तरेण न संभवति। शब्दार्थसंबन्धसिद्धिश्च स्याद्वादाधीना इत्यत आह-**सिद्धिः स्याद्वादात्**। दशधा सूत्राणि-संज्ञा-१ परिभाषा-२ ऽधिकार-३ विधि-४ प्रतिषेध-५ नियम-६ विकल्प-७ समुच्चया-८ ऽतिदेशा-९ ऽनुवाद-१० रूपाणि। तत्र "औदन्ताः स्वराः" [१.१.४.] इति १। "प्रत्ययः प्रकृत्यादेः" [७.४.११५.] इति २। "घुटि" [१.४.६८.] इति ३। "नाम्यन्तस्थाकवर्गात्०" [२.३.१५.] इति ४। "न स्तं मत्वर्थे" [१.१.२३.] इति ५। "नाम सिदय्व्यञ्जने" [१.१.२१.] इति ६। "सौ नवेतौ" [१.२.३८.] इति ७। "शसोऽता०" [१.४.४९.] इति ८। "इदितो वा" [८.४.१.] इति ९। "तयोः समूहवच्च बहुषु" [७.३.३.] इति १०। इत्यादीनि सूत्राणि प्रत्येकं ज्ञातव्यानि। एतेषां मध्ये इदमधिकार-सूत्रमाशास्त्रपरिसमाप्तेः।

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

ઉપરની તમામ પંક્તિઓનો અનુવાદ બૃહન્ન્યાસમાં આવી ગયો છે. માત્ર દશ પ્રકારના સૂત્રોમાં અમે ઉદાહરણો અલગ અલગ બતાવ્યા છે.

(न्या०स०) स्यादित्यव्ययमिति-विभक्त्यन्ताभत्वेन स्वरादित्वाद् वाऽनेकान्तं द्योतयति वाचकत्वेनेत्यनेकान्तद्योतकम्।

અનુવાદ :- વિભક્તિ અંત જેવી આભા જેની છે એવું સ્વરૂપ હોવાથી, અથવા તો સ્વરાદિપણું હોવાથી સ્યાત્ અવ્યયસંજ્ઞાવાળો થાય છે. વિભક્તિ અંત જેવી આભાથી અવ્યયસંજ્ઞા

"विभक्तिथमन्त०" (૧/૧/૩૩) સૂત્રથી તથા સ્વરાદિપણાંથી અવ્યયસંજ્ઞા "स्वरादयोऽव्ययम्" (૧/૧/૩૦) સૂત્રથી થાય છે. આ स्यात् અવ્યય અનેકાંતને પ્રકાશિત કરે છે. स्यात् અવ્યય વાચકપણાંથી અનેકાંતનો દ્યોતક છે, વાચ્યપણાંથી નહીં. અર્થાત્ "स्यात्" અવ્યયમાં અનેકાંતના દ્યોતક તરીકે જ વાચકશક્તિ આવે છે, વાચ્યત્વપણાંથી વાચકશક્તિ આવતી નથી.

(न्या०स०) अनेकान्तवाद इति-अमति गच्छति धर्मिणमिति "दम्यमि०" [उणा० २००.] इति तेऽन्तो धर्मः, न एकोऽनेकः, अनेकोऽन्तोऽस्यासावनेकान्तः, तस्य वदनं याथातथ्येन प्रतिपादनम्, तच्चाभ्युपगतस्यैव भवतीति । **नित्यानित्यादी**ति-आदिशब्दात् सदसदात्मकत्व-सामान्यविशेषा-त्मकत्वा-ऽभिलाप्यानभिलाप्यत्वग्रहः । "नेर्ध्रुवे" [६.३.१७.] इति त्यचि नित्यम्, उभयान्तापरिच्छिन्नसत्ताकं वस्तु, तद्विपरीतमनित्यम् । आदीयते गृह्यतेऽर्थोऽस्मादिति "उपसर्गाद् दः किः" [५.३.८७.] इति कौ आदिः । धरन्ति धर्मिणो धर्मिरूपतामिति धर्मा वस्तुपर्यायाः, ते च सहभुवः सामान्यादयः, क्रमभुवश्च नवपुराणादयः पर्यायाः, धर्ममन्तरेण धर्मिणः स्वरूपनाशात् । शाम्यति विरुद्धैर्धर्मैर्युगपत्परिणतिमुपयाति "शमेर्ब च वा" [उणा० ४७०.] इत्यले शबलम् । एत्यभेदं गच्छति "भीण्शलि०" [उणा० २१.] इति के एकम् । वसन्ति सामान्य-विशेषरूपा धर्मा अस्मिन्निति "वसेर्णिद्वा" [उणा०. ७७४.] इति तुनि वस्तु। नित्यानित्यादिभिरनेकधर्मैः शबलं यदेकं वस्तु तस्याऽभ्युपगमः प्रमाणाविरुद्धोऽङ्गीकारः, तत एव शब्दानां सिद्धिर्भवति नान्यथेत्यत आह-**एकस्यैवे**ति । तथाहि-यस्यैव वर्णस्य ह्रस्वत्वं विधीयते तस्यैव दीर्घत्वादि, तस्य च सर्वात्मना नित्यत्वे पूर्वधर्मनिवृत्तिपूर्वकस्य ह्रस्वादिविधेरसंभवः; एवमनित्यत्वेऽपि जन्मानन्तरमेव विनाशात् कस्य ह्रस्वादिविधिरिति वर्णरूपसामान्याऽऽत्मना नित्यो ह्रस्वादिधर्मात्मना त्वनित्य इति । तथा द्रव्याणां स्वपराश्रयसमवेतक्रियानिर्वर्तकं सामर्थ्यं कारकम्, तच्च कर्त्राद्यनेकप्रकारमेकस्याप्युपलभ्यते; यथा-पीयमानं मधु मदयति, वृक्षमारुह्य तत[1]: फलान्यवचिनोति, विषयेभ्यो बिभ्यद[2]नात्मज्ञस्तेभ्य एवात्मानं प्रयच्छंस्तैरेव बन्धमाप्नोतीत्यादि; तच्च कथमेकस्य सर्वथा नित्यत्वे एकरूपां वृत्तिमवलम्बमानस्याऽवस्थान्तराभिव्यक्तरूपो-पलम्भाभावाद् घटते ? इति साध्य-साधनरूपकारकव्यवहारविलोपः । अनित्यत्वेऽपि न घटते, तथाहि-स्वातन्त्र्यं कर्तृत्वम्, तच्च-

"इदं फलमियं क्रिया करणमेतदेष क्रमो व्ययोऽयमनुषङ्गजं फलमिदं दशेयं मम ।

अयं सुहृदयं द्विषन् प्रकृतदेशकालाविमाविति प्रतिवितर्कयन् प्रयतते बुधो नेतरः" ॥७॥

१. पादपात् । २. मूर्खः ।

इत्येवमात्मकपरिदृष्टसामर्थ्यं कारकप्रयोक्तृत्वलक्षणम्, तदपि नानित्यस्य क्षणमात्रावस्थायित्वे-नोपंजननानन्तरमेव विनष्टस्य युज्यते, किं पुनः कारकसंनिपातः ? इति नित्यानित्यात्मकः स्याद्वादोऽङ्गीकर्तव्यः । तथा तमन्तरेण सामानाधिकरण्यम्, विशेषण-विशेष्यभावोऽपि नोपपद्यते; तथाहि-भिन्नप्रवृत्तिनिमित्तयोः शब्दयोरेकत्रार्थे वृत्तिः सामानाधिकरण्यम्, तयोश्चात्यन्तभेदे घट-पटयोरिव नैकत्र वृत्तिः, नाप्यत्यन्ताभेदे भेदनिबन्धनत्वात् तस्य, नहि भवति नीलं नीलमिति। किञ्च, नीलशब्दादेव तदर्थप्रतिपत्तौ उत्पलशब्दाऽऽनर्थक्यप्रसङ्गः । तथैकं वस्तु सदेवेति नियम्यमाने विशेषण-विशेष्यभावाभावः, विशेषणाद् विशेष्यं कथञ्चिदर्थान्तरभूतमवगन्तव्यम्, अस्तित्वं चेह विशेषणम्, तस्य विशेष्यं वस्तु, तदेव वा स्याद्, अन्यदेव वा ? न तावत् तदेव, नहि तदेव तस्य विशेषणं भवितुमर्हति, असति च विशेष्ये विशेषणत्वमपि न स्यात्, विशेष्यं विशिष्यते येन तद् विशेषणमिति व्युत्पत्तेः, अथान्यत् तर्हि अन्यत्वाविशेषात् सर्वं सर्वस्य विशेषणं स्यात्; समवायात् प्रतिनियतो विशेषण-विशेष्यभाव इति चेद्, न-सोऽप्यविष्वग्भावलक्षण एवैष्टव्यः, रूपान्तरपरिकल्पनायामनवस्थाप्रसङ्गः, अतो नासावत्यन्तं भेदेऽभेदे वा संभवतीति भेदाभेदलक्षणः स्याद्वादोऽकामेनाप्यभ्युपगन्तव्य इति । आदिग्रहणात् स्थान्यादेशनिमित्तनिमित्ति-प्रकृतिविकारभावादिग्रहः । किञ्च, शब्दानुशासनमिदम्, शब्दं प्रति[1] च; विप्रतिपद्यन्ते-नित्य इत्येके, अनित्य इत्यपरे, नित्यानित्य इति चान्ये । तत्र नित्यत्वा-ऽनित्यत्वयोरन्यतरपक्षपरिग्रहे सर्वोपादेयत्वविरहः स्यादित्याह-**सर्वपार्षदत्वाच्चे**ति-स्वेन रूपेण व्यवस्थितं वस्तुतत्त्वं पृणाति पालयतीति "प्रः सद्" [उणा० ८९७.] इति सदि पर्षद्, तत्र साधु "पर्षदो ण्यणौ" [७.१.१८.] इति णे पार्षदं साधारणमित्यर्थः । अथवा पार्षदः परिचारक उच्यते, स च पर्षत्साधारण इत्यर्थः, पार्षदत्वेन च साधारणत्वं लक्ष्यते, तेन सर्वेषां पार्षदं सर्वसाधारणमित्यर्थः । दृश्यते तत्त्वमेक-देशैभिरिति दर्शनानि नयाः, समस्तदर्शनानां यः समुदायः तत्साधारणस्याद्वादस्याभ्युपगमोऽतितरां निर्दोष इत्यर्थः । **अतिरमणीयमि**ति-णिगन्तात् "प्रवचनीयादयः" [५.१.८.] इत्यनीयः ।

एतदेव स्वोक्तेन द्रढयति-**अन्योऽन्ये**त्यादि-साध्यधर्मवैशिष्ट्येन पच्यते व्यक्तीक्रियते हेत्वादिभिरिति "मा-वा-वदि०"-[उणा० ५६४.] इति से पक्षः-साध्यधर्मविशिष्टो धर्मी, शब्दोऽनित्य इत्यादिः, प्रतिकूलः पक्षः प्रतिपक्षः, अन्योऽन्यं पक्षस्य[2] प्रतिपक्षास्तेषां भावः, एकस्मिन् धर्मिणि परस्परविरुद्धधर्मोपन्यास इत्यर्थः, ततः । **यथे**ति दृष्टान्तोपन्यासे । **परे**

१. 'च प्रति' इ-उ । २. 'पक्षप्रति०' इ-उ ।

भवच्छासनादन्ये । सातिशयो मत्सरोऽसहनताऽस्त्येषामतिशायने मत्वर्थीये **मत्सरिणः** । प्रकर्षेणोद्यते प्रतिपाद्यते स्वाभ्युपगतोऽर्थो यैरिति "व्यञ्जनाद् घञ्" [५.३.१३२.] इति घञि **प्रवादाः** प्रवचनानि । यथा परस्परविरोधात् परे प्रवादा मत्सरिणः, न तथा त्वत्समय इति । अत्र विशेषणद्वारेण हेतुमाह-**पक्षपाती**ति-यतो रागनिमित्तवस्तुस्वीकाररूपं पक्षं पातयति नाशयतीत्येवंशीलः, रागस्य जीवनाशं नष्टत्वात् । अत्रैव हेतुमाह-**नयानशेषानविशेषमिच्छन्नि**ति-नयान् नैगमादीन् समस्तानविशेषमभेदं यथा भवत्येवमङ्गीकुर्वन् । अयं भावः-नयानां समत्वेन दर्शनाद् रागमयस्य पक्षस्य पातितत्वात् समयस्य मत्सराभावः, परेषां तु विपर्ययात् तत्सद्भाव इति । सम्यगेति गच्छति शब्दोऽर्थमनेनेति "पुन्नाम्नि०" [५.३.१३०.] इति घे **समयः** संकेतः । यद्वा, सम्यगयन्ति गच्छन्ति जीवादयः पदार्थाः स्वस्मिन् रूपे प्रतिष्ठां प्राप्नुवन्त्यस्मिन्निति **समय** आगमः । मत्सरित्वस्य विधेयत्वात् तेनैव नञः संबन्धात् पक्षपातिशब्देन त्वसंबन्धात् प्रक्रमभेदाभावः ।

परोक्तेनापि द्रढयति-**नया** इत्यादि-नीयन्ते प्राप्यन्ते जीवादयोऽर्था एकदेशविशिष्टा एभिरिति नयाः, निरवधारणा अभिप्रायविशेषाः, सावधारणस्य दुर्नयत्वात्, समस्तार्थप्राप्तेस्तु प्रमाणाधीनत्वात्, ते च नैगमादयः सप्त, तव स्यात्पदेन चिह्निता अभिप्रेतं फलन्ति-लिहाद्यच् ["लिहादिभ्यः" ५.१.५०.] [निष्पादयन्ति] अभिप्रेतं फलं येभ्य इति बहुव्रीहिर्वा । **प्रणता** इति-प्रणन्तुमारब्धवन्तः । **हितैषिण** इति विशेषणद्वारेण हेतुः, हितैषित्वादित्यर्थः । 'आराद् दूरान्तिकयोः' सम्यग्ज्ञानाद्यात्मकमोक्षमार्गस्याऽऽरात् समीपं याताः प्राप्ताः, दूरं वा पापक्रियाभ्यो याता (गता) **इत्यार्याः** । नन्वस्तु युक्तियुक्तः स्याद्वादस्तदधीनत्वाच्छब्दसिद्धेः, तथापि अनभिहिताभिधेयप्रयोजनत्वात् कथमिदं प्रेक्षावत्प्रवृत्तिविषय इत्याशङ्क्याऽऽह-**अथवे**ति-विविक्तानामसाधुत्वविमुक्तानां शब्दानां प्रयुक्तेः सम्यग्ज्ञानरूपा सिद्धिः । साधुशब्दाश्चात्राऽभिधेयाः । यमर्थमधिकृत्य प्रवर्त्तते तत् प्रयोजनमिति सम्यग्ज्ञानमनन्तरं प्रयोजनम्, तद्द्वारेण तु निःश्रेयसं [१]परमिति ।

અનુવાદ :- ઉપરોક્ત તમામ પંક્તિઓનો અનુવાદ બૃહન્ન્યાસમાં આવી ગયો છે. આથી પુનરુક્તિ દોષ ટાળવા માટે અમે અહીં અનુવાદ જણાવ્યો નથી.

(न्या०स०) यतः-

१. 'परं परमिति' इ-उ ।

"द्वे ब्रह्मणी वेदितव्ये, शब्दब्रह्म परं च यत् ।
शब्दब्रह्मणि निष्णातः, परं ब्रह्माधिगच्छति" ॥८॥ [**त्रिपुरातापिन्युपनिषद् ४.१७.**]

"व्याकरणात् पदसिद्धिः, पदसिद्धेरर्थनिर्णयो भवति ।
अर्थात् तत्त्वज्ञानं, तत्त्वज्ञानात् परं श्रेयः" ॥९॥ इति ।

संबन्धस्त्वभिधेय-प्रयोजनयोः साध्य-साधनभावः, शब्दानुशासनाभिधेययोस्तु अभिधानाभिधेयरूपः, स च तयोरेवान्तर्भूतत्वात् पृथग् नोपदर्शित इति ॥२॥

અનુવાદ :- "બે બ્રહ્મ જાણવા યોગ્ય છે, જે શબ્દ અને પર સ્વરૂપે છે. શબ્દબ્રહ્મમાં જે નિષ્ણાત થાય છે, તે પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે."

આ શ્લોક त्रिपुरातापिन्युपनिषद्નો છે. બાકીની તમામ પંક્તિઓનો અનુવાદ બૃહન્ન્યાસમાં આવી ગયેલ છે.

॥ **द्वितीयं सूत्रम् समाप्तम्** ॥

❊ ❊ ❊

सूत्रम् - लोकात् । १ । १ । ३ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

उक्ताऽतिरिक्तानां क्रिया-गुण-द्रव्य-जाति-काल-लिङ्ग-स्वाङ्ग-संख्या-परिमाणा-ऽपत्य-वीप्सा-लुगवर्णादीनां संज्ञानां *परान्नित्यम्*, *नित्यादन्तरङ्गम्*, *अन्तरङ्गाच्चानवकाशं बलीयः* इत्यादीनां न्यायानां च लोकाद् वैयाकरणसमयविदः प्रामाणिकादेश्च शास्त्रप्रवृत्तये सिद्धिर्भवतीति वेदितव्यम्, वर्णसमाम्नायस्य च ॥३॥

तत्र-

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

કહેલાથી અતિરિક્ત (स्वर વગેરે સંજ્ઞાઓ સૂત્રમાં કહેવાઈ ગઈ છે. આથી કહેવાયેલી જે स्वर વગેરે સંજ્ઞાઓ છે. તેનાથી અતિરિક્ત) ક્રિયા, ગુણ, દ્રવ્ય, જાતિ, કાળ, લિંગ, સંખ્યા, સ્વાઙ્ગ,

પરિમાણ, અપત્ય, વીપ્સા, લુગ્, અવર્ણ વગેરે સંજ્ઞાઓની તથા परात् नित्यम्, नित्यादन्तरङ्गम्, अन्तरङ्गाच्च अनवकाशम् बलीयः વગેરે ન્યાયોની સિદ્ધિ લોકથી થાય છે. અહીં લોકથી એટલે કયો અર્થ સમજવો ? એના જવાબમાં કહે છે વ્યાકરણશાસ્ત્રના જાણનારાઓ અને પ્રામાણિકો (તાર્કિકો) પાસેથી શાસ્ત્રની પ્રવૃત્તિ માટે સિદ્ધિ (પ્રાપ્તિ) થાય છે એ પ્રમાણે જાણવા યોગ્ય છે. અને વર્ણના સમ્યક્ એવા પાઠક્રમની પણ વ્યાકરણને જાણનારાઓ અને તાર્કિકો પાસેથી જ સિદ્ધિ (પ્રાપ્તિ) થાય છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

लोकाद्इति–"लोकृङ् दर्शने" लोक्यतेऽवलोक्यते निर्णयार्थमिति घञि लोकः, लोकते पश्यति सम्यक् पदार्थान् इत्यचि वा । **उक्ते**ति–उक्ताः स्वरादिसंज्ञाः, ताभ्योऽतिरिक्ताः क्रियादिसंज्ञास्तासामिति ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

લોક શબ્દનો અર્થ શું કરવો ? તેના નિર્ણયને માટે આચાર્ય ભગવંત લોક શબ્દની વ્યુત્પત્તિને બતાવે છે - "लोकृङ् दर्शने" અહીં જોવા અર્થમાં "लोक्" ધાતુ પહેલા ગણનો છે. અહીં "लोक्यते" પ્રયોગ દ્વારા અર્થ બતાવાયો છે. નિર્ણયને માટે જે જોવાય છે તે લોક કહેવાય છે. "लोक्" ધાતુને घञ् પ્રત્યય લાગીને "लोक" શબ્દ પ્રાપ્ત થાય છે. भावाऽकर्त्रोः (૫/૩/૧૮) સૂત્રથી घञ् પ્રત્યય ભાવ અને અકર્તા અર્થમાં લાગે છે. આથી જો કર્મ અર્થમાં घञ् પ્રત્યય લાગે તો અર્થ આ પ્રમાણે થશે - નિર્ણયને માટે જે જોવાય છે, તે લોક કહેવાશે. આમ થશે તો જગતના તમામ પદાર્થો લોક બની જવાની આપત્તિ આવશે. શું જડ પદાર્થો પાસેથી સંજ્ઞાથી અતિરિક્ત ક્રિયા વગેરેનો બોધ થઈ શકે ખરો ? માટે જ કર્મ અર્થમાં घञ् પ્રત્યયનો ત્યાગ કરવામાં આવ્યો છે. હવે ભાવ અર્થમાં घञ् પ્રત્યય લાગે તો જેઓવડે જોવાય છે, તે લોક છે, એ પ્રમાણે અર્થ થશે. આમ થશે તો આસ્તિક, નાસ્તિક વગેરે બધાવડે જે જે જોવાય છે તે બધું લોક બની જશે. ટૂંકમાં જોવા સ્વરૂપ ક્રિયા જ લોક બની જશે. અહીં ક્રિયા પાસેથી કોઈ જાણકારી પ્રાપ્ત થઈ શકશે નહીં. આમ, ભાવ અર્થમાં પણ घञ् પ્રત્યય સંગત થતો નથી. આથી જ घञ् પ્રત્યયવાળા लोक શબ્દનો ત્યાગ કરીને अच् પ્રત્યયવાળા लोक શબ્દનો સ્વીકાર કરવામાં આવે છે. સમ્યક્ એવા પદાર્થોને જેઓ જુએ છે એ અર્થમાં "लोक्" ધાતુને કર્તામાં अच् પ્રત્યય લાગીને "लोक" શબ્દ પ્રાપ્ત થાય છે. ટૂંકમાં लोक શબ્દનો અર્થ સમ્યક્ એવા પદાર્થોને જોનારાઓ થશે.

હવે સૂત્રમાં માત્ર "लोक" શબ્દથી પંચમી વિભક્તિ કરી છે, સ્થાનીનો તથા કાર્યનો નિર્દેશ કર્યો નથી. આથી सिद्धिः સ્વરૂપ કાર્યની અનુવૃત્તિ (૧/૧/૨) સૂત્રમાંથી આવશે અને ગ્રંથના

મથાળાથી (ટાઈટલ) શબ્દાનુશાસન સ્વરૂપ સ્થાનીની પ્રાપ્તિ થશે. આથી સંપૂર્ણ અર્થ આ પ્રમાણે પ્રાપ્ત થાય છે વ્યાકરણને જાણનારાઓને તથા તાર્કિકોને પ્રાપ્ત કરીને શબ્દોની સિદ્ધિ (પ્રાપ્તિ) થઈ શકશે. આ અધિકારસૂત્ર થશે. તેનો અધિકાર વ્યાકરણની સમાપ્તિ સુધી રહેશે.

આચાર્ય ભગવંત આ સૂત્ર દ્વારા કહેવા માંગે છે કે, મારા વ્યાકરણમાં જે જે વસ્તુઓનો નિર્દેશ કરવાનો રહી ગયો છે તે બધાનો વ્યાકરણને જાણનારા એવા શિષ્ટપુરુષો પાસેથી તથા તાર્કિકો પાસેથી જાણવા પ્રયત્ન કરવો. આ પ્રમાણે પોતાના વ્યાકરણ સંબંધી ન્યૂનતાની આપત્તિને આ સૂત્રથી દૂર કરી. પાણિની વ્યાકરણના ટીકાકાર મહર્ષિ પતંજલિએ પણ આ પ્રમાણેનું વર્ણન કરવા દ્વારા પાણિની વ્યાકરણ સંબંધી ન્યૂનતાની આપત્તિને દૂર કરી છે.

અહીં શંકા થાય છે કે હજુ સ્વર વગેરે સંજ્ઞાઓના સૂત્રો તો આવ્યા નથી, તો શા માટે આચાર્ય ભગવંતે 'સ્વરાદિ સંજ્ઞાઓ કહેવાઈ ગઈ છે' એ પ્રમાણે ભૂતકાળનો પ્રયોગ કર્યો છે ? આ શંકાના અનુસંધાનમાં भाविनि भूतवदुपचारः" ન્યાયથી ભવિષ્યમાં જે કહેવાનું છે તેનો ભૂતકાળમાં ઉપચાર કરીને પ્રયોગ થઈ શકે છે. દા.ત. કોઈક વ્યક્તિ બહારગામ જતી હોય ત્યારે બીજી કોઈક વ્યક્તિ તેને પૂછે કે તમે ક્યાં છો ? ત્યારે એ વ્યક્તિ જવાબ આપે છે કે હું બહારગામ છું. આમ, ખરેખર તો બહારગામ જવાની ક્રિયા વર્તમાનકાળમાં થઈ રહી છે, છતાં પણ વર્તમાનકાળમાં ભૂતકાળનો ઉપચાર કરીને હું બહારગામ છું એવો પ્રયોગ કરવામાં આવે છે. આ પ્રમાણે આચાર્ય ભગવંતે અહીં પણ ભવિષ્યકાળમાં ભૂતકાળનો આરોપ કરીને "उक्ताः स्वरादिसंज्ञाः..." પંક્તિઓ લખી છે.

આ પ્રમાણે સ્વર વગેરે સંજ્ઞાઓ કહેવાઈ ગઈ છે એવો બોધ કરાવવા માટે 'उक्ता" શબ્દ લખ્યો છે. હવે उक्ताऽतिरिक्तानाम् સ્વરૂપ બૃહદ્‌વૃત્તિના શબ્દોને બૃહન્ન્યાસમાં બતાવાય છે, જે આ પ્રમાણે છે કહેવાયેલાથી અતિરિક્ત એવી ક્રિયા વગેરે સંજ્ઞાઓને વ્યાકરણને જાણનારા લોકો પાસેથી જાણવા યોગ્ય છે.

(श०न्या०) "साध्यरूपा पूर्वापरीभूताऽवयवा **क्रिया**" इति वैयाकरणाः । "संयोग-विभागयोरनपेक्षकारकं(णं) **कर्म**" इति प्रामाणिकाः (वैशेषिकसूत्रम्) ।

અનુવાદ :- હવે પૂજ્ય આચાર્ય ભગવંત અતિરિક્તસંજ્ઞાઓની વ્યાખ્યાઓ જણાવે છે. સૌ પ્રથમ ક્રિયા શબ્દની વ્યાખ્યા જણાવે છે. ક્રિયા બે પ્રકારની છે :

(૧) सिद्धरूपा क्रिया : कृत् પ્રત્યયોવડે અભિહિત (કથન કરાતી) એવી ક્રિયા તે સિદ્ધરૂપ ક્રિયા કહેવાય છે.

(૨) साध्यरूपा क्रिया : આ ક્રિયાની વ્યાખ્યા અહીં લખવામાં આવી છે. જેને પૂર્વાપર

અવયવ સ્વરૂપ બોલી શકાય એવી ક્રિયાને સાધ્યરૂપ ક્રિયા કહેવાય છે. દા.ત. પાક ક્રિયામાં વસ્તુને તપેલીમાં મૂકીને, પાણીમાં ધોવી, ચૂલા ઉપર ચડાવી ગેસ ચાલુ કરવો, મરચું, મીઠું વગેરે નાંખવું. આ તમામ ક્રિયાઓનો સમુદાય જ પાકક્રિયા કહેવાય છે. જે ક્રિયાઓમાં કારણ તરીકે અનેક ક્રિયાઓનો ક્રમ આવતો હોય તથા પૂર્વાપર અવયવ સ્વરૂપ બોલી શકાતો હોય એવી ક્રિયાને સાધ્યરૂપ ક્રિયા કહેવામાં આવે છે. "क्रियार्थो धातुः" (૩/૩/૩) સૂત્રમાં આ બંને ક્રિયાઓની વ્યાખ્યા આપવામાં આવી છે. આ વ્યાખ્યા વ્યાકરણને જાણનારાઓ પાસેથી મળે છે.

પ્રમાણિકો (તાર્કિકો) પાસેથી જે વ્યાખ્યા મળે છે તે આ પ્રમાણે છે -

વૈશેષિકો ક્રિયા શબ્દને કર્મ સંજ્ઞાથી જણાવે છે. અહીં વૈશષિક સૂત્ર જણાવીને કર્મની વ્યાખ્યા જણાવે છે. સંયોગ અને વિભાગની અનપેક્ષાવાળું જે કારણ હોય તે કર્મ કહેવાય છે. કોઈક પદાર્થ જ્યારે સંયોગ પામવાનો હોય ત્યારે ક્રિયાત્મક અવસ્થા જણાય છે તેમજ દ્રવ્યમાં વિભાગ થવાની શક્યતા હોય ત્યારે પણ ક્રિયાત્મક અવસ્થા જણાય છે. પરંતુ આ કર્મને વિભાગ અને સંયોગની અપેક્ષા હોતી નથી. ગતિ સ્વરૂપ પ્રત્યક્ષથી અનુભવસિદ્ધ એવું દરેક દ્રવ્યમાં જે જણાય છે તે કર્મ છે. આવા કર્મને જો સંયોગ અને વિભાગની અપેક્ષા હોય તો સત્તા સ્વરૂપ દ્રવ્યમાં કર્મ ન માનવાની આપત્તિ આવશે. વૈશેષિકસૂત્રમાં આ અંગેની વિસ્તારથી વ્યાખ્યા આપવામાં આવી છે. અહીં ક્રિયા શબ્દની વ્યાખ્યા આપી, પરંતુ તાર્કિકોએ જે કર્મ શબ્દની વ્યાખ્યા કરી તે શા માટે જણાવવામાં આવી એવી જિજ્ઞાસાના સંબંધમાં "कर्म-वेषाद् यः" (૬/૪/૧૦૩) સૂત્રમાં કર્મથી શું અર્થ લેવો ? એને માટે અહીં કર્મની વ્યાખ્યા આપવામાં આવી છે. આમ તો "कर्तुर्व्याप्यम् कर्म" (૨/૨/૩) સૂત્રમાં કર્મસંજ્ઞા પાડવામાં આવી છે. આથી स्वम् रूपम् शब्दस्य... ન્યાયથી કર્મ શબ્દથી સંજ્ઞાવાચક એવો જ બોધ કરવો પડે, છતાં પણ અહીં કર્મ શબ્દથી તાર્કિકોનો અર્થ લેવો છે માટે આ સૂત્રમાં કર્મ શબ્દની તાર્કિકો સંબંધી વ્યાખ્યા પણ જણાવવામાં આવી છે. જ્યાં જ્યાં બે પ્રકારની વ્યાખ્યાઓ જણાવી હશે ત્યાં ત્યાં આ પ્રમાણેનું તાત્પર્ય સમજી લેવું જોઈએ.

(श०न्या०) विशेषणं **गुणः**-

"सत्त्वे निविशतेऽपैति पृथग्जातिषु दृश्यते ।

आधेयश्चाऽक्रियाजश्च सोऽसत्त्वप्रकृतिर्गुणः" ॥१०॥ इत्यादिको वा ।

"आकृतिग्रहणा जातिर्लिङ्गानां च न सर्वभाक् ।

सकृदाख्यातनिर्ग्राह्या, गोत्रं च चरणैस्सह" ॥११॥ इत्यादिलक्षणलक्षिता **जातिः** ।

અનુવાદ :- હવે ગુણ શબ્દની વ્યાખ્યા કહે છે - વિશેષણ સ્વરૂપ જે હોય તે ગુણ છે. स्वरादुतो गुणादखरोः (૨/૪/૩૫) સૂત્રમાં ગુણ શબ્દની વ્યાખ્યાને જણાવતો આ જ શ્લોક

આપવામાં આવ્યો છે. આ શ્લોક દ્વારા ગુણનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. દ્રવ્યનો જે આશ્રય કરે છે તથા દ્રવ્યથી જે દૂર જાય છે તથા અલગ અલગ જાતિમાં જે દેખાય છે તથા જે ઉત્પન્ન કરવા યોગ્ય છે તથા જે ક્રિયાથી ઉત્પન્ન નથી થતો તેમજ દ્રવ્ય સ્વભાવથી રહિત હોય છે, તે ગુણ કહેવાય છે.

અહીં દ્રવ્યનો આશ્રય કરે છે એવું લખવા દ્વારા કોઈપણ જાતના આધાર વગર ગુણ રહી શકતો નથી એવું જણાવે છે. આમ, અર્થાપત્તિથી આધારની પ્રાપ્તિ થાય છે. હવે આધારની પ્રાપ્તિ થઈ એટલે જિજ્ઞાસા થઈ કે ગુણ ક્યાં આશ્રય કરે છે ? એના ઉત્તરમાં જણાવે છે કે ગુણ દ્રવ્યમાં આશ્રય કરે છે. આથી દ્રવ્ય સિવાય બાકીનામાં ગુણ રહેતો નથી એવું સિદ્ધ થાય છે.

હવે બીજું વિશેષણ જણાવે છે. ગુણ દ્રવ્યથી દૂર થાય છે.

પૂર્વપક્ષ :- (જૈનો) :- ગુણો કેવી રીતે દ્રવ્યથી દૂર થાય છે ? દ્રવ્યનું લક્ષણ કરનારાઓએ આ પ્રમાણે દ્રવ્યનું લક્ષણ બનાવ્યું છે. જે ક્રિયાવાળું હોય, ગુણવાળું હોય અને સમવાયિકારણવાળું હોય તે દ્રવ્ય કહેવાય છે. તેથી સર્વથા દ્રવ્યનો ત્યાગ કરીને (છોડીને) શુદ્ધ ગુણ કોઈપણ રીતે રહી શકતો નથી અર્થાત્ એકલો ગુણ કેવી રીતે હોઈ શકે ?

ઉત્તરપક્ષ :- (વૈયાકરણી) :- અમે 'ગુણ' દ્રવ્યનો ત્યાગ કરે છે એવું લખવા દ્વારા એવું જણાવવા માંગતા નથી કે દ્રવ્ય અને કર્મ વગેરેથી દૂર થવા દ્વારા સ્વતંત્ર રીતે ગુણો રહે છે. ગુણોના આવવા અને જવા સંબંધી દ્રવ્યનો બીજાઓ (જૈનો) પરિહાર કરે છે તે બરાબર નથી. અમે એમ કહીએ છીએ કે, ઉત્પત્તિ અને નાશ ઉભય, દ્રવ્યમાં પ્રાપ્ત થયા કરે છે. દા.ત. કેરીમાં પીળાપણું પ્રાપ્ત થયે છતે લીલાપણાંનો ત્યાગ થાય છે. આમ, સંપૂર્ણતયા ગુણનો દ્રવ્યમાંથી ત્યાગ થતો નથી. વળી, જાતિની જેમ દ્રવ્યમાં ગુણોનું નિત્ય રહેવાપણું થતું નથી એવા તાત્પર્યથી ઉપરોક્ત પ્રતિપાદન કરાયું છે.

હવે, પૃથગ્જાતિષુ દૃશ્યતે શબ્દોનો અર્થ બતાવે છે - ગુણો પૃથગ્જાતિઓમાં દેખાય છે. જે લીલો રંગ કેરીમાં છે, તે જ લીલો રંગ વસ્ત્રમાં પણ છે જ. અહીં જાતિ લખવા દ્વારા જાતિવાન્ સમજી લેવું. તેમજ જાતિથી ભિન્ન એવા ગુણો છે. આવો અર્થ પણ સહેલાઈથી પ્રાપ્ત થશે. આ ત્રણ સ્વરૂપવાળા ગુણો છે આવું કહેવામાં આવશે તો ક્રિયા પણ ગુણ સ્વરૂપ બની જશે. કારણ કે ક્રિયા દ્રવ્યમાં આશ્રય કરે છે. દ્રવ્યમાંથી ક્રિયાઓ દૂર પણ થાય છે. તે જ પ્રમાણે જુદાં જુદાં દ્રવ્યમાં ક્રિયાઓ જણાય છે. આ પ્રમાણે ગુણનું લક્ષણ ક્રિયામાં જવાથી અતિવ્યાપ્તિ દોષ આવે છે. આ આપત્તિ દૂર કરવા માટે શ્લોકમાં આધેય વગેરે શબ્દો લખ્યા છે.

ઉત્પન્ન થવા યોગ્ય જે હોય તથા આધેય સ્વરૂપ જે હોય તે પણ ગુણ છે. વળી, ક્રિયાવડે ઉત્પન્ન ન થવા યોગ્ય હોય એ પણ ગુણ છે. રક્તરૂપ આધેય સ્વરૂપ હોય છે તેમજ ઉત્પન્ન

થવા યોગ્ય પણ આ જ રક્તરૂપ હોય છે. કેટલાક નિત્ય ગુણો ક્રિયાવડે ઉત્પન્ન ન થવા યોગ્ય પણ હોય છે. જ્યારે ક્રિયા હંમેશાં ઉત્પન્ન થવા યોગ્ય જ હોય છે. આથી જ ગુણની અતિવ્યાપ્તિ ક્રિયામાં થશે નહીં.

ઉપર કહેલા તમામ લક્ષણો દ્રવ્યમાં પણ ઘટે છે. અવયવી દ્રવ્ય (ઘટ) અવયવમાં (કપાલ) રહે છે. આથી જ દ્રવ્ય આધેય સ્વરૂપ પણ છે જ. વળી, દ્રવ્ય ઉત્પાદ્ય પણ છે.(ઉત્પન્ન થવા યોગ્ય છે.) તેમજ અસમવાયિકારણ એવા સંયોગનો નાશ થવાથી અવયવીનો નાશ પણ થાય છે. આથી દ્રવ્ય નાશ થવાના સ્વભાવવાળું પણ છે તેમજ નિત્યદ્રવ્યો ક્રિયાથી ઉત્પન્ન થવા યોગ્ય પણ નથી હોતાં. આથી ગુણનું લક્ષણ દ્રવ્યમાં અતિવ્યાપ્તિદોષવાળું થાય છે. આ દ્રવ્યની અતિવ્યાપ્તિ દૂર કરવા માટે "असत्त्वप्रकृतिः" સ્વરૂપ ગુણનું લક્ષણ બનાવ્યું છે. અર્થાત્ જે દ્રવ્ય સ્વરૂપ પ્રકૃતિ નથી અથવા તો દ્રવ્ય સ્વભાવવાળું જે નથી તે ગુણ છે. આમ, વિશેષણ સ્વરૂપ જે હોય છે તે પણ ગુણનું સ્વરૂપ છે, જે દ્રવ્યમાં આશ્રિત છે, દ્રવ્યથી દૂર થાય છે તથા અલગ અલગ દ્રવ્યોમાં જણાય છે. ક્રિયાથી ઉત્પન્ન થવા યોગ્ય નથી તેમજ ઉત્પન્ન થવા યોગ્ય પણ છે તથા અદ્રવ્ય સ્વભાવ સ્વરૂપ જે છે તે ગુણ કહેવાય છે.

આચાર્ય ભગવંત હવે જાતિનું સ્વરૂપ બતાવે છે - અહીં જાતિના સ્વરૂપ અંગેનો જે શ્લોક આપવામાં આવ્યો છે તે जातेरयान्त... (૨/૪/૫૪) સૂત્રમાં વિસ્તારથી સમજાવામાં આવ્યો છે. આકૃતિ શબ્દ કોઈક સ્થાનમાં જાતિના પર્યાય સ્વરૂપ છે. અહીં જાતિના પર્યાય સ્વરૂપ એવો આકૃતિ શબ્દ ગ્રહણ કરવાનો નથી. જો આકૃતિનો અર્થ જાતિ કરવામાં આવે તો "आकृतिग्रहणा जातिः" શબ્દનો અર્થ ઘટી શકશે નહીં. કારણ કે આકૃતિનો જાતિ અર્થ કરવાથી જાતિથી નિશ્ચય કરવા યોગ્ય જે હોય તે જાતિ કહેવાશે, એવો અસંગત બોધ થશે. આથી આકૃતિનો અર્થ અહીં અવયવનો સમૂહ વિશેષ કહેવાશે અને ગ્રહણાનો અર્થ પ્રગટ કરવા યોગ્ય. સંપૂર્ણ અર્થ આ પ્રમાણે થશે - અવયવના સમૂહ વિશેષથી પ્રગટ થવા યોગ્ય જે હોય તે જાતિ કહેવાય છે. બીજા અર્થમાં સંસ્થાનવિશેષથી પ્રગટ થવા યોગ્ય જે હોય તે જાતિ કહેવાય છે. જાતિના આ લક્ષણથી ગોત્વ, પટત્વ, ઘટત્વ વગેરે જાતિઓનો સંગ્રહ થઈ શકશે, પરંતુ બાહ્મણત્વ વગેરેનો સંગ્રહ થઈ શકશે નહીં. આથી બ્રાહ્મણત્વ આદિ જાતિનો સંગ્રહ કરવા માટે જે સર્વ લિંગોને ભજતી નથી એ પ્રમાણેનું જાતિનું લક્ષણ બતાવ્યું છે. અહીં બ્રાહ્મણ અને બ્રાહ્મણી એ લિંગવિશેષથી નક્કી થઈ શકશે. આ બંને લક્ષણવાળી જાતિ એકવાર ઉપદેશથી ગ્રહણ કરવા યોગ્ય છે અર્થાત્ જ્યાં સુધી ઉપર કહેલા બંને સ્વરૂપવાળી જાતિ ઉપદેશથી કોઈક વ્યક્તિ આપણને જણાવશે નહીં ત્યાં સુધી આ બે જાતિઓનો બોધ થઈ શકશે નહીં. તેનું ઉદાહરણ આ પ્રમાણે છે કાન્યકુબ્જ નામના નગરમાં વસંતકાળમાં પ્રાપ્તયૌવનવાળા પિંડમાં ઉપદેશાયેલું ગોત્વ પાટલિપુત્રનગરમાં ગ્રીષ્મકાળમાં

વૃદ્ધપિંડમાં જણાય જ છે તથા અમુક કોમ બ્રાહ્મણ છે એવું એકવાર કોઈકના ઉપદેશ દ્વારા જ જાણી શકાશે. હવે જાતિના ત્રીજા લક્ષણને વિચારીએ. કેટલાક સંબંધી શબ્દો અને ક્રિયાવાચક શબ્દોમાં અર્થનું અસત્ત્વપણું હોતે છતે પણ પરિભાષાથી નિષ્પન્ન એવું જાતિપણું નક્કી કરવામાં આવ્યું છે. સૌ પ્રથમ ગોત્રવાચક નામને જાતિવાચક કહેવામાં આવે છે. ગોત્રવાચક નામ બે પ્રકારે છે : (૧) વૃદ્ધ અપત્યવાચક તથા (૨) યુવા અપત્યવાચક. જેમાં આદિ પુરુષનો (પૂર્વપુરુષનો) બોધ થાય તેને ગોત્ર કહે છે. લોકપ્રસિદ્ધ પ્રવર નામના અધ્યાયમાં આવા ગોત્રવાચક નામો કહેવાયા છે.

જે ચરણવાચક નામો છે તે પણ જાતિ સ્વરૂપ છે. વેદમાં કઠ વગેરે સંબંધી અધ્યયન આવે છે. આથી કઠ વગેરે શાખામાં જે જે કહેવાયું હોય તેનું તેનું અધ્યયન નિમિત્તપણાંથી પ્રવર્તે છે. આમ, કઠ વગેરેનું અધ્યયન કરનારાઓ જે કઠાદિ છે તે ચરણવાચક નામો કહેવાય છે અને આ ચરણવાચક નામો જાતિસંજ્ઞાવાળા થાય છે.

પૂર્વપક્ષ :- ગોત્રવાચક અને ચરણવાચક નામો ક્યાંતો સ્ત્રીલિંગ સ્વરૂપે હોય છે અથવા તો પુલિંગ સ્વરૂપે હોય છે. આથી તેમાં સર્વ લિંગપણું તો આવતું જ નથી. આમ, સર્વ લિંગોને જાતિ ભજતી નથી એવા સ્વરૂપથી જ જાતિવાચક થઈ જાત તો પછી ગોત્રવાચક અને ચરણવાચક નામોને ભિન્નતાથી શા માટે બતાવવામાં આવ્યા ?

ઉત્તરપક્ષ :- આ બંને સ્વરૂપવાળા નામોમાં કોઈક અવયવના સમૂહવિશેષથી જાતિવાચકપણું આવશે નહીં. માત્ર અહીં પરિભાષાથી નિષ્પન્ન એવું જ જાતિવાચકપણું વ્યાકરણના નિયમથી લાવી શકાય છે. આ વસ્તુ સામાન્યલોકમાં પ્રસિદ્ધ નથી. આ પ્રમાણે ઉપર કહેલા લક્ષણોથી જે પ્રસિદ્ધ હોય તે જાતિ કહેવાય છે.

(श०न्या०) त्रुट्यादिः **कालः**-

"स्वस्थे नरे समासीने स्पन्दते वामलोचनम् ।
तस्य त्रिंशत्तमो भागस्त्रुटिरित्यभिधीयते" ॥१२॥

स्त्यानप्रसवो **लिङ्गम्**, रूपादीनां पर्यायाणामपचयः स्त्यानं स्त्री, तेषामेव प्रवृत्तिः सवनं प्रसवः पुमान्, साम्यावस्था नपुंसकमिति ।

અનુવાદ :- હવે આચાર્ય ભગવંત કાળનું સ્વરૂપ બતાવે છે - ત્રુટિ વગેરે સ્વરૂપવાળો કાળ કહેવાય છે. બેઠેલો એવો સ્વસ્થ મનુષ્ય હોતે છતે જે ડાબી આંખ ફરકે છે તે ફરકવાના સમયના ત્રીસમા ભાગને "ત્રુટિ" કહેવાય છે. આ ત્રુટિ એ કાળનો નાનામાં નાનો અંશ છે. ત્રુટિ, લવ, સ્તોક વગેરે કાળના ભિન્ન ભિન્ન સ્વરૂપો છે.

હવે આચાર્ય ભગવંત લિંગનું સ્વરૂપ બતાવે છે - ઉત્પત્તિ અને વિલય (નાશ) સ્વરૂપ જે છે તે લિંગ કહેવાય છે. રૂપ, રસ, ગંધ વગેરે પર્યાયોનો નાશ થવો તે સ્ત્રી છે અને ઉત્પત્તિ થવી તે પુમાન્ છે. ઉત્પત્તિ અને નાશ સિવાય જે સામ્યાવસ્થા છે તે નપુંસક છે. આ અંગેની વિશેષ ચર્ચા "पुं-स्त्रियोः-स्यमौजस्" (૧/૧/૨૯) સૂત્રમાં આવશે.

(श०न्या०) "अविकारोऽद्रवं मूर्त्तं प्राणिस्थं स्वाङ्गमुच्यते ।

च्युतं च प्राणिनस्तत् तन्निभं च प्रतिमादिषु ॥१३॥

इत्यादिलक्षणं **स्वाङ्गम्** । एकाद्यभिधानप्रत्ययहेतुः **संख्या** । सर्वतो मानं **परिमाणम्** । **अपत्यं** प्रसिद्धमेव । क्रिया-गुण-द्रव्यादिभिः प्रयोक्तुर्युगपद् व्याप्तुमिच्छा **वीप्सा** । अदर्शनं **लुक्** । अष्टादशभेदभिन्नोऽकारादिसमुदायो**ऽवर्णः** । **आदि**शब्दादिवर्णादिपरिग्रहः । तथा संवृतस्याप्यकारस्य स्वसंज्ञाप्रसिद्ध्यर्थं विवृतत्वमपि इति वैयाकरणाः ।

અનુવાદ :- स्वाङ्ग એ પારિભાષિક શબ્દ છે. આથી શિષ્ટપુરુષોની स्वाङ्गની વ્યાખ્યા આ શ્લોક દ્વારા જણાવાય છે - જે વિકાર રહિત હોય, દ્રવસ્વરૂપ ન હોય, મૂર્ત હોય અને આ બધું પ્રાણીમાં રહેલું હોય તે स्वाङ्ग કહેવાય છે. પ્રાણીમાંથી છૂટું પડેલું હોય તો પણ स्वाङ्ग કહેવાય છે તથા પ્રાણીમાં જે પ્રમાણે હોય તે જ પ્રમાણે પ્રાણીઓની સમાન એવી પ્રતિમા વગેરેમાં હોય તેને પણ स्वाङ्ग કહેવાય છે.

વાયુ વગેરે પ્રકૃતિથી શરીરમાં સોજા વગેરે જે થાય છે તે વિકાર સ્વરૂપ પરિણામ છે અને જે વિકાર સ્વરૂપ પરિણામ હોય તે स्वाङ्ग કહેવાતું નથી. આથી સોજા વગેરે स्वाङ्ग કહેવાતા નથી.

જે પ્રવાહી સ્વરૂપ હોય તે પણ स्वाङ्ग કહેવાતું નથી. દા.ત. કફ, લોહી વગેરે તથા જેમાં રૂપ, રસ, ગંધ વગેરે હોય તે મૂર્ત કહેવાય છે. અથવા તો જે સમસ્ત લોકવ્યાપી ન હોય તે મૂર્ત કહેવાય છે. રૂપાદિરહિત જ્ઞાન એ મૂર્ત ન હોવાથી પ્રાણીમાં રહેલું હોવા છતાં પણ તેને स्वाङ्ग કહેવાતું નથી. આ ત્રણેય લક્ષણોવાળું જે હોય એ પણ જો પ્રાણીમાં રહેલું હોય તો જ स्वाङ्ग કહેવાય છે. તે જ પ્રમાણે પ્રાણીમાંથી છૂટા પડી ગયેલા વાળ, નખ વગેરે પણ स्वाङ्ग કહેવાય છે તથા પ્રતિમામાં પણ ઉપરોક્ત બધી જ અવસ્થાઓ પ્રાપ્ત થાય તો તે પણ स्वाङ्ग કહેવાશે. असह-नञ्-विद्यमान"... (૨/૪/૩૮) સૂત્રમાં स्वाङ्ग અંગે વિસ્તારથી જણાવવામાં આવ્યું છે.

હવે સંખ્યાની વ્યાખ્યા જણાવે છે - એક વગેરે પદાર્થના કથનની પ્રતીતિમાં જે કારણ હોય તે સંખ્યા કહેવાય છે. કોઈ જગ્યાએ બે પદાર્થો રહ્યા હોય. આ બેના કથનના પ્રયોગમાં કારણભૂત

બે સ્વરૂપ પદાર્થ એ સંખ્યા કહેવાય છે. લંબાઈ, પહોળાઈ વગેરે બધા જ સ્વરૂપથી માપવું જેનાવડે થાય તે પરિમાણ કહેવાય છે. परि + मा ધાતુને કરણ અર્થમાં "अनट्" પ્રત્યય લાગીને "परिमाणम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ પરિમાણની વિસ્તારથી વ્યાખ્યા "परिमाणात् तद्धित... (૨/૪/૨૩) સૂત્રમાં આપવામાં આવી છે.

હવે અપત્ય એટલે પુત્ર. આ વસ્તુ તો પ્રસિદ્ધ જ છે. ઘણા બધા પદાર્થોને સંપૂર્ણતયા ક્રિયા, ગુણ, દ્રવ્ય અથવા તો જાતિથી કર્તાની એકસાથે પ્રાપ્તિ કરવાની ઈચ્છા તે વીપ્સા કહેવાય છે. દા.ત. वृक्षम् वृक्षम् सिञ्चति । અહીં સિંચન ક્રિયા દ્વારા કર્તા દરેક વૃક્ષને એકસાથે પ્રાપ્ત કરવાને ઈચ્છે છે. માટે આવી અવસ્થાને "वीप्सा" કહેવાય છે.

જે પહેલા હોય અને પછી જણાતો ન હોય તેને लुक् કહેવાય છે. વર્ણ વગેરેના ઉચ્ચારણનો અભાવ કરવો, જ્ઞાનાભાવ કરવો તે 'लुक्" કહેવાય છે.

અઢાર પ્રકારોથી વિભાજિત થયેલા એવા अकार વગેરેનો સમુદાય એ "अवर्ण" કહેવાય છે. જેનું સંપૂર્ણ સ્વરૂપ "तुल्यस्थानास्य... (૧/૧/૧૭) સૂત્રમાં આવશે. अकार શબ્દની પછી જે "आदि" શબ્દ લખ્યો છે, તે आदि શબ્દથી इवर्ण, उवर्ण, ऋवर्ण વગેરેનું ગ્રહણ કરવું તથા મૂળથી अकार સંવૃત છે, પરંતુ સંવૃત એવા अकारમાં પણ સ્વસંજ્ઞાની પ્રસિદ્ધિ કરવા માટે अकारને વિવૃત પ્રયોજનવાળો બનાવવામાં આવ્યો છે. એ પ્રમાણે મહર્ષિ પતંજલિ વગેરે વૈયાકરણીઓ કહે છે. ઉપર લગભગ દરેક પરિભાષાઓની વ્યાખ્યાઓ વૈયાકરણીઓની માન્યતા પ્રમાણે જણાવવામાં આવી છે.

અહીં, સંવૃત अकार સંબંધમાં વિશેષ હકીકત જિજ્ઞાસુઓને માટે જણાવીએ છીએ. માહેશ્વરસૂત્રોની રચના થઈ ત્યારે अकार સંવૃત પ્રયત્નવાળો હતો, પરંતુ વ્યાકરણ વગેરેની રચનાના નિમિત્તે જ્યારે પ્રક્રિયાદશાની (પ્રકૃતિ, પ્રત્યય વગેરેનું જોડાણ કરીને પદ વગેરેની સિદ્ધિ કરવાની ક્રિયા તે પ્રક્રિયાદશા કહેવાય છે) પ્રાપ્તિ થઈ ત્યારે એ अकारને વિવૃતકરણવાળો કરવામાં આવ્યો. દીર્ઘ आकार વગેરે તો સર્વ પ્રકારે વિવૃતકરણ પ્રયત્નવાળો જ હોય છે. આ પ્રમાણે પ્રયત્નનો ભેદ થવાથી જે સ્વસંજ્ઞા ન થવાની આપત્તિ આવતી હતી તે સ્વસંજ્ઞાની પ્રાપ્તિ હવે થઈ શકશે. આથી મહર્ષિ પતંજલિ "अइउण्" (શિવસૂત્ર-૧) સંજ્ઞાસૂત્રમાં લખે છે કે માહેશ્વરસૂત્રમાં નિર્દિષ્ટ એવો अकारને વિવૃત ઉપદેશવાળો કરવો જોઈએ. આનાથી પ્રયત્નનું સામ્યપણું થવાથી સ્વસંજ્ઞા પ્રાપ્ત થશે.

એ જ પ્રકારે अकारને ફરીથી સંવૃત પ્રયત્નવાળો કરવા માટે "अ अ इति" (૮/૪/૬૮) સૂત્ર મહર્ષિ પતંજલિએ બનાવ્યું છે. એ સૂત્રમાં લખ્યું છે કે વિવૃત પ્રયત્નવાળો (પ્રથમ अ) સંવૃત

પ્રયત્નવાળો થાય છે. (બીજો अ) અર્થાત્ પ્રક્રિયાદશાનો अ પ્રયોગ અવસ્થામાં સંવૃત પ્રયત્નવાળો થાય છે.

હવે ગુણ વગેરેની તાર્કિકોએ જણાવેલી વ્યાખ્યાઓ જણાવવામાં આવે છે.

(શ૦ન્યા૦) "द्रव्याश्रयी **गुणः**, गुणाश्रयो **द्रव्यम्**, अनुवृत्तप्रत्ययहेतुः सामान्यं **जातिः**, परापरादिप्रत्ययहेतुः **कालः**, अनुमानं **लिङ्गम्**, स्वाङ्ग्यारम्भकमवयवरूपं **स्वाङ्गम्**, अणु-महदादिप्रत्ययहेतुः **परिमाणम्**" इति तार्किकाः ।

અનુવાદ :- ગુણ :- દ્રવ્યના આશ્રયવાળું જે હોય તે ગુણ છે.

દ્રવ્ય :- ગુણના આશ્રયવાળું જે હોય તે દ્રવ્ય કહેવાય છે.

જાતિ :- સમાન સ્વરૂપવાળી પ્રતીતિનું જે કારણ હોય તે જાતિ કહેવાય છે. જાતિને સામાન્ય પણ કહેવામાં આવે છે.

કાળ :- નાના-મોટા વગેરેની પ્રતીતિનું જે કારણ હોય તે કાળ કહેવાય છે.

લિંગ :- અનુમાનને લિંગ કહેવામાં આવે છે એ જ અનુમાનને બીજા અર્થમાં વ્યાપ્તિજ્ઞાન પણ કહેવામાં આવે છે.

સ્વાઙ્ગ :- સ્વાઙ્ગની પરિભાષાથી જે સ્વાઙ્ગ જણાવાયું એવો અર્થ અહીં નથી કરવાનો. પોતાના અવયવીનું આરંભક એવું અવયવ સ્વરૂપ જે છે તે સ્વાઙ્ગ કહેવાય છે. અર્થાત્ અવયવમાંથી અવયવી બને છે. આથી અવયવ અવસ્થાને (અવયવી સંબંધી) સ્વાઙ્ગ કહેવાય છે.

પરિમાણ :- અણુ, મહત્ વગેરે પ્રતીતિનું જે કારણ હોય તે પરિમાણ કહેવાય છે. આ પ્રમાણે તાર્કિકો કહે છે. આમ ક્રિયાથી આરંભ કરીને अवर्ण સુધીના બધા જ શબ્દોની વ્યાખ્યાઓ જણાવવામાં આવી.

(શ૦ન્યા૦) ***परान्नित्यम्*** इति-तथाहि-वनानीत्यादौ "शसोऽता०" [१.४.४९.] इति बाधित्वा परत्वाद् "नपुंसकस्य शिः" [१.४.५५.] इत्येव भवति । तस्माच्च [नित्यं] बलीयः, यथा-'स्योन' इत्यत्र परमपि गुणं बाधित्वा नित्यत्वादूट् ।

અનુવાદ :- હવે કેટલાક ન્યાયો સંબંધમાં આચાર્ય ભગવંત જણાવે છે, કારણ કે આ ન્યાયોનું સ્વરૂપ વ્યાકરણને જાણનારાઓ પાસેથી જાણવું જોઈએ એવું આ સૂત્રનું તાત્પર્ય છે. હવે परान्नित्यम् આ ન્યાયનું સ્વરૂપ જણાવાય છે. પરકાર્ય કરતાં નિત્યકાર્ય બળવાન થાય છે. વ્યાકરણમાં સૂત્રોના ક્રમ પ્રમાણે જે કાર્ય પાછળ આવે તે પરકાર્ય કહેવાય છે. બીજા કોઈક સૂત્રોના કાર્યો થઈ ગયા પછી પણ જે સૂત્રનું કાર્ય પ્રવર્તતું હોય અને થઈ ગયા પહેલાં પણ જો તે સૂત્રનું કાર્ય પ્રવર્તતું

હોય તો એવું કાર્ય નિત્યકાર્ય કહેવાય છે. આથી પર એવા સૂત્રે જે કાર્ય કર્યું હોય તેનાથી પણ નિત્યકાર્ય બળવાન બને છે એવું આ ન્યાય જણાવે છે.

હવે ઉદાહરણ દ્વારા આ ન્યાય જણાવવામાં આવે છે - वन् + शस्. અહીં शसोऽता... (૧/૪/૪૯) સૂત્રથી शस्ના अની સાથે પૂર્વનો સમાન સ્વર દીર્ઘ થવાની પ્રાપ્તિ આવે છે તથા नपुंसकस्य शिः (૧/૪/૫૫) સૂત્રથી शस्નો शि થવાની પ્રાપ્તિ સાથે છે. આથી બંને કાર્યોમાં शस्નો शि થવાનું કાર્ય પર હોવાથી પહેલું પ્રાપ્ત થાય છે. આથી वन् + शि આ અવસ્થામાં शि સંબંધી न् આગમ વગેરેનું કાર્ય થતાં "वनानि" પ્રયોગની સિદ્ધિ થાય છે. અહીં ૧/૪/૪૯ સૂત્રનું કાર્ય ૧/૪/૫૫ સૂત્રના કાર્ય દ્વારા બાધ પામે છે.

ઉપર કહેલા પરકાર્યથી પણ નિત્યકાર્ય બળવાન બને છે. દા.ત. सिव् + न (उणादि -२५८) સૂત્રથી न થયો છે. અહીં બે કાર્ય પ્રાપ્ત થાય છે. "लघोरुपान्त्यस्य" (૪/૩/૪) સૂત્રથી सिव्ના इનો ગુણ થવાની પ્રાપ્તિ આવે છે. તેમજ अनुनासिके च... (૪/૧/૧૦૮) સૂત્રથી सिव्ना व्નો ऊट् થવાની પ્રાપ્તિ આવે છે. હવે જો ऊट् કાર્ય પ્રથમ કરવામાં આવે તો પણ થઈ શકે છે તથા सिव्ના इનો ગુણ કર્યા પછી પણ व्નો ऊट् થઈ શકે છે. આથી ऊट्નું કાર્ય નિત્ય હોવાથી આ ન્યાયથી પ્રથમ પ્રાપ્ત થશે. જ્યારે सिव्ના इનો ગુણ પરસૂત્રથી થતો હતો. આથી स्पर्द्धेः પરિભાષાથી તો પ્રથમ ગુણ જ થવો જોઈતો હતો. તેમ છતાં પણ આ ન્યાયથી પરકાર્યનો બાધ થયો અને સૌ પ્રથમ નિત્ય એવું ऊट्નું કાર્ય થયું. આથી सिऊट् + न આ અવસ્થામાં ऊનો ગુણ પ્રાપ્ત થશે અને "स्योन" પ્રયોગની સિદ્ધિ થશે. स्योनનો અર્થ સુખ થાય છે.

(श०न्या०) तथा ***नित्यादन्तरङ्गम्***, ज्ञाया ओदनो ज्ञौदनस्तमिच्छति क्यनि, ततः सनि, अकृतव्यूहत्वाद् 'ज्ञा ओदन य स' इति स्थिते द्वित्वं च प्राप्नोत्यौत्वं च, नित्यत्वाद् द्वित्वे प्राप्ते तद् बाधित्वाऽन्तरङ्गत्वादौत्वं भवति-जुज्ञौदनीयिषतीति ।

અનુવાદ :- નિત્યકાર્યથી અંતરંગ કાર્ય બળવાન બને છે. સૌ પ્રથમ અંતરંગના સ્વરૂપને સમજીએ. પરિભાષેન્દુશેખર ગ્રંથમાં અંતરંગની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે - પ્રકૃતિ અને પ્રકૃતિ તથા પ્રકૃતિ અને પ્રત્યય વગેરે સ્વરૂપ સમુદાયની અંદર જેના નિમિત્તો અન્તર્ભૂત હોય છે તે અંતરંગ કહેવાય છે. તથા સમુદાયથી બહાર નિમિત્તો રહેલા હોય તે બહિરંગ કહેવાય છે.

શ્રી હેમહંસગણિ વિરચિત ન્યાયસંગ્રહમાં અંતરંગની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે - જે પ્રકૃતિમાં આશ્રિત થયેલું હોય અથવા તો પૂર્વમાં વ્યવસ્થિત થયેલું હોય અથવા જેના નિમિત્તો અલ્પ હોય તે અંતરંગ કહેવાય છે. તથા જે પ્રત્યય આશ્રિત હોય, બહાર વ્યવસ્થિત થયેલું હોય અથવા તો જેને ઘણા બધા નિમિત્તો હોય તે બહિરંગ કહેવાય છે.

"ज्ञाया ओदनः इति ज्ञौदनः", જાણનારીનાં ભાતને ઇચ્છે છે. એ પ્રમાણે, ઇચ્છા અર્થમાં "क्यन्" પ્રત્યય લાગતાં "ज्ञौदन + क्यन् એ પ્રમાણે નામધાતુ થશે. હવે આ નામધાતુને ઇચ્છા અર્થમાં "सन्" પ્રત્યય લાગશે, આથી સમૂહ ન કરાવાથી સંપૂર્ણ સ્વરૂપ આ પ્રમાણે થશે. "ज्ञा + ओदन + क्यन् + सन् + ति" હવે સન્‌નાં કારણે દ્વિત્વ પ્રાપ્ત થાય છે તેમજ "ज्ञा" અને ओदनની સ્વરસંધિથી औत्व પણ પ્રાપ્ત થાય છે. औत्वનું કાર્ય અંતરંગ છે, જ્યારે દ્વિત્વનું કાર્ય નિત્ય છે. औत्वનું કાર્ય પ્રકૃતિ આશ્રિત હોવાથી અંતરંગ છે, જ્યારે દ્વિત્વનું કાર્ય औत्व થયા પછી પણ પ્રવર્તે છે અને औत्व થયા પહેલાં પણ પ્રવર્તે છે, આથી નિત્ય છે. અહીં આ ન્યાયથી નિત્યકાર્યથી પણ અંતરંગકાર્ય બળવાન બનવાથી સૌ પ્રથમ औत्वનું કાર્ય પ્રાપ્ત થાય છે. આથી ज्ञौदन + क्यन् + सन् + तिव्" આ પ્રમાણે અવસ્થા પ્રાપ્ત થશે. હવે દ્વિત્વ કાર્ય થશે. તથા બાકીનાં કાર્યો થવા દ્વારા "जुज्ञौदनीयिषति" વર્તમાનકાળ ત્રીજા પુરુષ એકવચનનું રૂપ પ્રાપ્ત થશે. 'તે જાણનારીનાં ભાતને ઇચ્છનારને ઇચ્છે છે." એ પ્રમાણે તેનો અર્થ થશે. જો પહેલાં દ્વિરુક્તિ કરી હોત તો અનિષ્ટ એવું "जिज्ञौदनीयिषति" રૂપ પ્રાપ્ત થાત.

(श०न्या०) तथा ***अन्तरङ्गादनवकाशम्***, यथा-गर्गस्यापत्यानि तेषामिमे छात्राः "दोरीयः" [६.३.३२.] इति ईयविषये "गर्गादिर्यञ्" [६.१.४२.] इति 'गर्ग यञ्' इति स्थितेऽन्तरङ्गत्वाद् "बहुष्वस्त्रियाम्" [६.१.१२४] इति लुप्प्राप्तावनकाशत्वाद् "न प्राग्जितीये स्वरे" [६.१.१३५.] इत्यलुपि गार्गीया इति । तथा[1] ***परादन्तरङ्गम्*** अपि, सिवेः "प्या-धा-पन्यनि०" [उणा० २५८.] इति ने कृतेऽपवादत्वाद् वलोपं बाधित्वा गुणात् पूर्वं नित्यत्वादूटि च परत्वाद् गुणे प्राप्तेऽन्तरङ्गत्वात् तं बाधित्वा यादेशो भवति 'स्योन' इति । एषां क्रियादीनां संज्ञानां न्यायानां च शास्त्रप्रवृत्तये लोकात् सिद्धिर्वेदितव्या, न च लोकमन्तरेण तज्ज्ञानोपायोऽस्ति, न च तज्ज्ञानं विना "क्रियार्थो धातुः" [३.३.३.] "गुणादस्त्रियां नवा" [२.२.७७.] "जातिकालसुखादेर्नवा" [३.१.१५२.] "स्वाङ्गादेरकृतमित०" [२.४.४६.] इति, "सङ्ख्यानां ष्णाम्" [१.४.३३.] "परिमाणात् तद्धित०" [२.४.२३.] इति, "ङसोऽपत्ये" [६.१.२८.] "वीप्सायाम्" [७.४.८०.] "लुगस्यादेत्यपदे" [२.१.११३.] "अवर्णस्येवर्णादिनैदोदरल्" [१.२.६.] "इवर्णादेरस्वे स्वरे यवरलम्" [१.२.२१.] इत्यादिशास्त्र-प्रवृत्तिः ।

અનુવાદ :- અંતરંગ કાર્યથી પણ અનવકાશકાર્ય બળવાન બને છે. અંતરંગનો અર્થ અગાઉ જોઈ ગયા છીએ. હવે અનવકાશનો અર્થ બતાવવામાં આવે છે - સામાન્ય શાસ્ત્રની પ્રવૃત્તિ એ સાવકાશ પ્રવૃત્તિ છે. સામાન્ય શાસ્ત્રની પ્રવૃત્તિ વિદ્યમાન હોતે છતે પણ જો વિશેષ શાસ્ત્ર દ્વારા

---

१. 'यथा' अ ।

સામાન્ય શાસ્ત્રનો બાધ થાય તો એ વિશેષ અનવકાશવિધિવાળું કહેવાય છે. "सर्वेभ्यो ब्राह्मणेभ्यो दधि दीयताम्, तक्रम् कौण्डिन्याय" અહીં બધા બ્રાહ્મણોને દહીં આપવાનું વિધાન છે. ત્યારબાદ "કૌણ્ડિન્ય" એ પણ બ્રાહ્મણ જ છે. તેને છાશ આપવાનું વિધાન કરવામાં આવ્યું છે. છાશ આપવાની વિધિ વિશેષ વિધિ હોવાથી સામાન્યથી દહીં આપવાની વિધિનો અહીં બાધ થયો છે. આ વિશેષ શાસ્ત્રની વિધિ તે જ અનવકાશ વિધિ છે. આ જ વસ્તુ પરિભાષેન્દુશેખરમાં "अन्तरङ्गात् अपि अपवादो बलीयान्" ન્યાયની ટીકામાં જણાવેલ છે.

गर्गस्य अपत्यम् અહીં અપત્ય અર્થમાં गर्गादेः यञ् (૬/૧/૪૨) સૂત્રથી यञ् પ્રત્યય થતાં गर्ग + यञ् = गार्ग्य" આવું રૂપ પ્રાપ્ત થશે. હવે गार्ग्याणाम् छात्राः આ અર્થમાં दोरीयः (૬/૩/૩૨) સૂત્રથી ईय પ્રત્યય થશે. આથી સંપૂર્ણ સ્થિતિ આ પ્રમાણે થશે - गर्ग + यञ् + ईय. હવે આ અવસ્થામાં यञञोः० (૬/૧/૧૨૬) સૂત્રથી यञ्(य)નો લોપ થવાની પ્રાપ્તિ આવે છે. આ સૂત્ર પ્રમાણે यञ् પ્રત્યયાંત નામને બહુત્વવિશિષ્ટ ગોત્ર અર્થમાં જે પ્રત્યય લાગ્યો હોય તેનો અસ્ત્રીલિંગમાં લોપ થાય છે. હવે न प्राग्जितीये स्वरे (૬/૧/૧૩૫) સૂત્રથી આ જ यञ् પ્રત્યયના લોપનો નિષેધ પણ થાય છે. तेन जित० (૬/૪/૨) સૂત્રની પૂર્વના અર્થમાં જો સ્વરથી શરૂ થતા પ્રત્યય હોય તો (૬/૧/૧૩૫) સૂત્રથી यञ् પ્રત્યયાન્ત નામને લાગેલા પ્રત્યયનો લોપ થતો નથી.

અહીં यञञोः० (૬/૧/૧૨૬) સૂત્રથી જે यञ्નો લોપ થાય છે તે અંતરંગ કાર્ય છે. કારણ કે यञ् પ્રત્યયાંત નામને ગોત્ર અર્થમાં જે પ્રત્યય લાગ્યો હોય તેનો અસ્ત્રીલિંગમાં લોપ થાય છે. આટલું નિમિત્ત જ (૬/૧/૧૨૬) સૂત્રમાં છે. જ્યારે (૬/૧/૧૩૫) સૂત્રમાં સ્વરાદિ પ્રત્યયનું નિમિત્ત અધિક છે. માટે ઘણા બધા નિમિત્તો હોવાથી લોપનાં નિષેધનું કાર્ય બહિરંગ છે. આમ (૬/૧/૧૨૬) સૂત્રથી જે यञ्નો લોપ થાય છે તે અંતરંગ કાર્ય છે.

હવે (૬/૧/૧૨૬) સૂત્રમાં કહ્યું છે કે ગોત્ર અર્થમાં ઉત્પન્ન થયેલા પ્રત્યયનો બહુત્વના વિષયમાં લોપ થાય છે તથા (૬/૧/૧૩૫) સૂત્ર પ્રમાણે ગોત્ર અર્થમાં ઉત્પન્ન થયેલા પ્રત્યયનો જે લોપ કહેલ હતો તેનો જિતાર્થની પૂર્વના અર્થમાં સ્વરાદિ પ્રત્યયના વિષયમાં નિષેધ થાય છે. હવે (૬/૧/૧૩૫) સૂત્રની પ્રાપ્તિ અહીં ન થાય તો તે સૂત્ર નિરર્થક થશે. આથી (૬/૧/૧૩૫) સૂત્ર અનવકાશ બનશે. આમ, અહીં અનવકાશવાળું કાર્ય જ પ્રાપ્ત થવાથી ईय પ્રત્યયના લોપનો નિષેધ જ પ્રાપ્ત થશે.

गर्ग + यञ् + ईय આ અવસ્થામાં (૬/૧/૧૨૬) સૂત્રથી यञ्નો લોપ પ્રાપ્ત થાય છે તે અંતરંગકાર્ય છે તથા (૬/૧/૧૩૫) સૂત્રથી ईय પ્રત્યય પર છતાં यञ्નો લોપ નહીં થાય તે અનવકાશકાર્ય છે. હવે ઉપર કહેલા ન્યાયથી અંતરંગકાર્ય કરતાં અનવકાશકાર્ય બળવાન થાય છે. આથી લોપનો નિષેધ થતાં गार्ग्य + ई આ પરિસ્થિતિમાં "अवर्णेवर्णस्य" (૭/૪/૬૮) સૂત્રથી

य્ના અનો લોપ થતાં તેમજ "तद्धितय-स्वरेऽनाति" (૨/૪/૯૨) સૂત્રથી य્નો લોપ થતાં गार्गीयाः રૂપ સિદ્ધ થાય છે. ગર્ગના દીકરાઓના છાત્રો, આવો અર્થ गार्गीयाःનો પ્રાપ્ત થશે. गर्ग + यञ् આ અવસ્થામાં यञ્ના લોપનું કાર્ય એ પ્રકૃતિ આશ્રિત છે માટે અંતરંગ છે. તથા (૬/૧/૧૩૫) સૂત્રથી यञ्ના લોપનો નિષેધ થાય છે, તે અનવકાશકાર્ય છે. આ પ્રમાણે આ ન્યાય આ પ્રયોગમાં સંપૂર્ણપણે પ્રવર્તમાન થયો છે.

તથા "परादन्तरङ्गम्" ન્યાય પણ છે. પરકાર્યથી અંતરંગકાર્ય બળવાન બને છે. બૃહદ્વૃત્તિમાં ત્રણ ન્યાયો બતાવીને इत्यादीनाम् શબ્દ લખ્યો છે. આથી આદિ શબ્દથી परादन्तरङ्गम् ન્યાય બૃહન્ન્યાસકારે જણાવ્યો છે. सिव् + न. અહીં "प्या-धा-पन्यनि०" (उणादि - ૨૫૮) સૂત્રથી न થયો છે. હવે "य्वोः प्वय्व्यञ्जने लुक्" (૪/૪/૧૨૧) સૂત્રથી व્ના લોપની પ્રાપ્તિ આવી જે અપવાદકાર્ય છે. "लघोरुपान्त्यस्य" (૪/૩/૪) સૂત્રથી પ્રાપ્ત ગુણની અપેક્ષાએ व્નાં લોપનું કાર્ય અપવાદ થાય છે. હવે આ व્ના લોપનો બાધ કરીને ગુણથી પહેલા નિત્યપણાંથી "ऊट्" કાર્ય થાય છે. આ કાર્ય "अनुनासिके च"... (૪/૧/૧૦૮) સૂત્રથી થાય છે. હવે "सिऊ + न" આ અવસ્થામાં પરપણાંથી "न" પ્રત્યય પર છતાં "ऊ" નાં ગુણની પ્રાપ્તિ આવે છે. જ્યારે અંતરંગપણાંથી પ્રકૃતિ આશ્રિત "सि" નાં "इ" નાં "य्"ની પ્રાપ્તિ આવે છે. આથી પરકાર્ય કરતાં અંતરંગ કાર્ય બળવાન બનવાથી પ્રથમ ગુણ ન થતાં "इ"નો "य्" થાય છે. ત્યારપછી ऊનો ગુણ થતાં "स्योन" રૂપની સિદ્ધિ થશે. "स्योन"નો અર્થ સુખ એ પ્રમાણે થાય છે.

આ ક્રિયા વગેરે સંજ્ઞાઓની અને ન્યાયોની સિદ્ધિ શિષ્ટપુરુષો પાસેથી જાણવા યોગ્ય છે. શાસ્ત્રોની પ્રવૃત્તિ માટે સંજ્ઞાઓ જાણવી આવશ્યક છે. શિષ્ટપુરુષો (વ્યાકરણને જાણનારાઓ અને તાર્કિકો) વિના તેને જાણવાનો બીજો કોઈ ઉપાય નથી. જ્યાં સુધી આ ક્રિયા વગેરે સંજ્ઞાઓની અને ન્યાયોની જાણ નહીં થાય ત્યાં સુધી "क्रियार्थो धातुः" (૩/૩/૩), "गुणादस्त्रियां नवा" (૨/૨/૭૭), जातिकालसुखादेर्नवा" (૩/૧/૧૫૨), स्वाङ्गादेरकृतमित०" (૨/૪/૪૬), सङ्ख्यानां ष्र्णाम्" (૧/૪/૩૩), "परिमाणात् तद्धित..." (૨/૪/૨૩), "ङसोऽपत्ये" (૬/૧/૨૮), "वीप्सायाम्" (૭/૪/૮૦), "लुगस्यादेत्यपदे" (૨/૧/૧૧૩), "अवर्णस्येवर्णादिनैदोदरल्" (૧/૨/૬), इवर्णादेरस्वे स्वरे यवरलम्" (૧/૨/૨૧) વગેરે શાસ્ત્રોની (સૂત્રોની) પ્રવૃત્તિ થઈ શકશે નહીં.

(श०न्या०) [**न्यायानामिति**-] अन्तरङ्गादयश्च न्यायाः, नीयते प्राप्यते निर्णयं सन्देहतुलामधिरूढोऽर्थोऽनेनेति "न्यायाऽवायाऽध्याय०" [५.३.१३४.] इति घञि न्यायो युक्तिः, न तु स्मृतिशास्त्रम् । तथाहि-अन्तर्मध्येऽङ्गानि निमित्तानि परार्थाद् यस्य तदन्तरङ्गम्, बहिरङ्गानि यस्य तद् बहिरङ्गम् । लोको हि स्वार्थं यतमान एवेष्टार्थं प्रयतते इति न्यायसिद्धा एवैते स्मृतिकारैरनूद्यन्ते।

तथा वर्णानां सम्यक्पाठक्रमोऽपि तत एव ज्ञातव्यः, नह्यस्माभिर्नूतनोऽज्झलादिरूपो विधेयः, सर्वज्ञप्रणीतकैवलिकादिशास्त्रेषु ऐन्द्रादिपूर्वव्याकरणेषु च अज्झलादिरूपस्याप्रसिद्धेः ।

અનુવાદ :- અંતરંગ વગેરે ન્યાયો છે. હવે ન્યાયનો અર્થ બતાવે છે - સંદેહના (શંકાના) ત્રાજવા પર આરૂઢ થયેલો અર્થ જેનાવડે નિશ્ચયને પ્રાપ્ત કરાવાય છે તે ન્યાય કહેવાય છે. અર્થાત્ જેનાથી અર્થ નિશ્ચિતપણાંને પ્રાપ્ત કરે છે, તે ન્યાય કહેવાય છે. અહીં "नी" ધાતુને "न्यायाऽवायाऽध्याय..." (૫/૩/૧૩૪) સૂત્રથી "यञ्" પ્રત્યય લાગતાં "न्याय" શબ્દ નિપાતન કરાય છે. આ ન્યાયનો અર્થ યુક્તિ થાય છે, પરંતુ વ્યાકરણશાસ્ત્ર થતો નથી. અહીં સંસ્કૃત શબ્દ સ્મૃતિશાસ્ત્ર છે છતાં અમે એનો અર્થ વ્યાકરણશાસ્ત્ર કરીએ છીએ. આ સંબંધમાં ભર્તૃહરિવિરચિત વાક્યપદીય ગ્રન્થના પ્રથમ કાંડના ૧૫૮માં શ્લોકમાં આ અંગેની માહિતી છે.

साधुत्वज्ञानविषया, सेयं व्याकरणस्मृतिः । अविच्छेदेन शिष्टानामिदं स्मृतिनिबन्धनम् ॥ १५८ ॥

સાધુ શબ્દોનું જ્ઞાન એ આ વ્યાકરણસ્મૃતિનો વિષય છે. શિષ્યોની અવિચ્છિન્ન સ્મૃતિ પરંપરાનું તે નિમિત્ત છે. અર્થાત્ વ્યાકરણ સંબંધી સ્મૃતિ એ પ્રમાણે પૂજ્ય ભર્તૃહરિએ જ જણાવ્યું છે. તેનાથી ફલિત થાય છે કે વ્યાકરણ સ્મૃતિ એ જ સ્મૃતિ શાસ્ત્ર છે. જે વ્યાકરણ સંબંધી સ્મૃતિનું શાસ્ત્ર છે. શિષ્ટપુરુષો માટે નિરંતર સ્મૃતિ પરંપરાનું કારણ આ સાધુ શબ્દનું જ્ઞાન જ બનશે. તેઓ આગળ લખે છે કે, આ સ્મૃતિશાસ્ત્ર (વ્યાકરણ) વૈખરી, મધ્યમા અને પશ્યંતી એમ અનેક ભિન્ન માર્ગોમાં વ્યાપ્ત વાણીનું અદ્ભુત અને ઉત્તમ સ્થાન છે.

હવે, ન્યાય એટલે યુક્તિ, પણ વ્યાકરણશાસ્ત્ર નહીં; એના સંદર્ભમાં ઉદાહરણ બતાવે છે ફળના પ્રયોજનથી અંદર રહેલા નિમિત્તો જેમને છે તે અંતરંગ કહેવાય છે તથા જેને બહાર નિમિત્તો છે તે બહિરંગ કહેવાય છે. જે કારણથી સ્વાર્થને વિશે પ્રયત્ન કરતો એવો લોક ઈષ્ટ અર્થ માટે જ પ્રયત્ન કરે છે. જ્યારે જ્યારે વ્યક્તિને અંતરંગ પ્રયોજન આવીને ઊભું રહે છે ત્યારે બહારના બધા જ કામો છોડી દઈને પોતાના કામમાં જ તે પ્રયત્નવાળો થાય છે. આ બધું યુક્તિથી સિદ્ધ થઈ શકે છે. વ્યાકરણકારોએ તો તેને પુનઃ કહ્યું છે અર્થાત્ વ્યાકરણકારોએ તેનું પુનરાવર્તન કર્યું છે.

તથા વર્ણોનો સમ્યક્ એવો પાઠક્રમ પણ શિષ્ટપુરુષો પાસેથી જાણવા યોગ્ય છે. પાણિનીશિક્ષાકારે નવીન એવું अच् (स्वर) અને हल् (व्यंजन) વગેરેનું સ્વરૂપ સૂત્રો દ્વારા બતાવ્યું છે. એવું નવીન સ્વરૂપ અમારાવડે કહેવાયું નથી. કારણ કે સર્વજ્ઞ પ્રણીત કૈવલિક વગેરે શાસ્ત્રોમાં અને एन्द्र વગેરે પૂર્વ વ્યાકરણમાં अच् અને हल વગેરે સ્વરૂપની અપ્રસિદ્ધિ છે. આપિશલિ, કાશ્યપ, ગાર્ગ્ય, શાકટાયન, ગાલવ, ઈન્દ્ર, ચાક્રવર્મણ, ભારદ્વાજ, શાકલ્ય, સેનક, સ્ફોટાયન,

કાશકૃત્સ્ન વગેરે સૂત્રકારોએ (શિક્ષાકારોએ) પણ अच्, हल् વગેરેનું નવીન એવું સૂત્રાત્મક સ્વરૂપ કહ્યું નથી. માટે અમોએ પણ પહેલેથી જ જે સ્વરાદિનો પાઠક્રમ ચાલી આવે છે, તે વર્ણોનો સમાવેશ અમારા વ્યાકરણમાં કરી દીધો છે. આ બધા સંજોગોને ધ્યાનમાં લઈને અમે જણાવીએ છીએ કે વર્ણોનો સમ્યક્ પાઠક્રમ શિષ્ટપુરુષો પાસેથી જ જાણવા યોગ્ય છે.

(श०न्या०) तथा च शिक्षाकाराः- "विवृतकरणाः स्वराः, तेभ्य ए-ओ विवृततरौ ताभ्या-मैऔ ताभ्यामप्याकारः, अकारः संवृतः, कादयो मावसानाः स्पर्शाः, अन्तस्था यरलवाः" इति स्वरादिना व्यवहारः ।

અનુવાદ :- ઉપર અમે કહ્યું કે શિષ્ટપુરુષો પાસેથી જ વર્ણોનો સમ્યક્ પાઠક્રમ જાણવા યોગ્ય છે એના સંદર્ભમાં જુદાં જુદાં સૂત્રકારોએ (શિક્ષાકારોએ) વર્ણો સંબંધમાં જે વ્યવહાર કર્યો છે તેને સામાન્યથી જણાવે છે. વિવૃતકરણ પ્રયત્નવાળા સ્વરો છે, તેનાથી પણ ए અને ओ વિવૃતતર પ્રયત્નવાળા છે, તેનાથી પણ ऐ અને औ વિવૃતતમ પ્રયત્નવાળા છે. તે બેથી પણ आकार વધારે વિવૃત પ્રયત્નવાળો છે તથા अकार સંવૃત પ્રયત્નવાળો છે. क्‌થી આરંભીને म् સુધીના વર્ણો સ્પર્શવ્યંજનો છે તથા य्, र्, ल्, व् એ અંતસ્થા સ્વરૂપ વ્યંજનો છે. આ પ્રમાણે જુદાં જુદાં વૈયાકરણીઓએ સ્વર વગેરેથી વ્યવહાર કર્યો છે. આ અંગેની કેટલીક માહિતી (૧/૧/૧૭) સૂત્રમાં આચાર્ય ભગવંતે આપિશલિ શિક્ષાકારનો ઉલ્લેખ કરીને જણાવી છે. આમ, આચાર્ય ભગવંત શ્રી હેમચન્દ્રાચાર્યે વર્ણોનો સમ્યક્ પાઠક્રમ નવીન સ્વરૂપે ગ્રહણ કર્યો નથી. તેના અનુસંધાનમાં કેટલાંક શિક્ષાકારોના પાઠનું આલંબન તેઓએ લીધું છે.

(श०न्या०) तथा सन्देहातिव्याप्ती अलादिरूपे । तथाहि-"अइउण्" [शिवसूत्रम्-१.] "ऋलृक्" [शिवसूत्रम्-२.] "एओङ्" [शिवसूत्रम्-३.] "ऐऔच्" [शिवसूत्रम्-४.] इत्यत्र "आदिरन्त्येन०" [पा० १.१.७१.] इत्यन्त्येनेता सह मध्यवर्णानां ग्राहक इति यथा-अण्, (इक्,) एङ्, ऐच्, अच् इत्येतैः 'अइउवर्णाः', 'समानाः', 'गुणः', 'वृद्धिः', 'स्वराः' चाभिधीयन्ते। तथा "षितोऽङ्" [५.३.१०७.] इत्यत्र अङिति प्रत्याहारप्रसङ्गादैकारौकारवर्जितस्वरप्रत्ययप्रसङ्ग इति ।

અનુવાદ :- હવે પાણિની સૂત્રકારે अच्, हल् વગેરેનું જે નવીન સ્વરૂપ ગ્રહણ કર્યું છે તેમાં સંદેહ અને અતિવ્યાપ્તિ વગેરે દોષો આપવા દ્વારા પોતાનો અસ્વરસ બતાવાય છે.

હવે આચાર્ય ભગવંતની પંક્તિઓ ખોલતા પહેલાં પાણિની વ્યાકરણની સંજ્ઞાઓ અંગેની કેટલીક જાણકારી મેળવવી આવશ્યક છે. તો જ આચાર્ય ભગવંતે કહેલા દોષોની જાણકારીનો બોધ આપણે કરી શકીશું.

(૧) अइउंण् (૨) ऋऌक् (૩) एओङ (૪) ऐऔच् (૫) हयवरट् (૬) लण् (૭) ञमङणनम् (૮) झभञ् (૯) घढधष् (૧૦) जबगडदश् (૧૧) खफछठथचटतव् (૧૨) कपय् (૧૩) शषसर् (૧૪) हल्

अइउण् આદિ ૧૪ સૂત્રોની પ્રસિદ્ધિ માહેશ્વરસૂત્રોના સ્વરૂપમાં છે. આ સૂત્રો પાણિની મુનિને ભગવાન શિવની કૃપાથી પ્રાપ્ત થયા. એના સંબંધમાં એક કથા પ્રચલિત છે. પાણિની મુનિ અધ્યયન સમયમાં જ્યારે પોતાના ગુરુ ઉપવર્ષાચાર્યની પાસે અધ્યયન કરી રહ્યા હતા ત્યારે તેમની (પાણિની મુનિની) બુદ્ધિ વિકસિત થતી ન હતી ત્યારે તે બહુ જ ઉદાસ હતા. ત્યાર પછી તેમણે (પાણિનીજીએ) ભગવાન શિવની આરાધના કરી જેના ફળ સ્વરૂપે શિવજીએ તેમના ઉપર પ્રસન્ન થઈને अइउण् વગેરે ૧૪ સૂત્રો ડમરું વગાડીને પાણિની મુનિને આપ્યાનો ઉલ્લેખ નન્દિકેશ્વર કૃત કારિકામાં આ પ્રકારે બતાવ્યો છે.

"नृत्ताऽवसाने नटराजराजो ननाद ढक्काम् नवपञ्चवारम् ।
उद्धर्तुकामः सनकादिसिद्धानेतद्विमर्शे शिवसूत्रजालम् ॥"

ભાવાર્થ :- "સનક વગેરે સિદ્ધ ઋષિઓનો ઉદ્ધાર કરવાની ઈચ્છાવાળા નટરાજ શંકરે તાંડવનૃત્ય પૂરું થતાં નવ અને પાંચ એમ ચૌદ વાર પોતાનું ડમરું વગાડ્યું. એમાંથી આ શિવસૂત્રોનો સમૂહ ઉત્પન્ન થયો છે."

આ જ વાતને "પાણિનીય શિક્ષા"માં પણ "येनाक्षरसमाम्नायम् अधिगम्य महेश्वरात् कृत्स्नं व्याकरणं प्रोक्तं तस्मै पाणिनये नमः ।"

પાણિનીવડે મહેશ્વર પાસેથી અક્ષરનો સમ્યક્ એવો પાઠક્રમ પ્રાપ્ત કરીને સંપૂર્ણ વ્યાકરણ કહેવાયું છે તે પાણિનીને નમસ્કાર થાઓ.

આ પ્રમાણે ઉપર કહેલા ૧૪ સૂત્રો શિવસૂત્રો કહેવાય છે. પાણિનીએ આ રીતે જે વર્ણોનો ઉપદેશ કર્યો છે તે પ્રત્યાહાર માટે કર્યો છે.

प्रत्याह्रियन्ते – समाह्रियन्ते वर्णाः यम् इति प्रत्याहारः અર્થાત્ જ્યાં વર્ણોનો સમાહાર (=ભેગા) કરવામાં આવે છે તેને "प्रत्याहार" કહેવાય છે.

પ્રત્યાહાર સંક્ષેપમાં ઘણાં બધા વર્ણોનો બોધ કરાવે છે. आदिरन्त्येन (પાણિની ૧-૧-૧૭) સૂત્રથી અન્ત્ય इत् વર્ણ સહિત આદિ વર્ણ ભેગો થઈને अच्, अल् વગેરે સંજ્ઞાઓનો પ્રત્યાહાર શબ્દથી વ્યવહાર થાય છે. દા.ત. अच् સંજ્ઞામાં "अ"થી લઈને औ સુધીના વર્ણોનો બોધ થાય છે. અર્થાત્ अ, इ, उ, ऋ, ऌ, ए, ओ, ऐ, औ આટલા વર્ણોનો "अच्" સંજ્ઞાથી બોધ થાય છે. તે જ પ્રમાણે अल् સંજ્ઞાથી अથી શરૂ કરીને અન્ત્ય ह् સુધીના બધા જ વર્ણોનો બોધ થાય

છે. દરેક સૂત્રોમાં અન્ત્ય વ્યંજન ઇત્ થાય છે. છઠ્ઠું लण् સૂત્ર છે. એમાં अण् इत् થાય છે. આ પ્રમાણેનો નિર્દેશ "हलन्त्यम्" (૧/૩/૩) સૂત્રમાં કર્યો છે.

હવે, આપણે બૃહન્ન્યાસની ટીકાનો અનુવાદ જોઈએ. પાણિની વ્યાકરણમાં વર્ણના સમ્યક્ પાઠક્રમ માટે જે ૧૪ શિવસૂત્રો બનાવ્યા છે, એમાં अल्, अच् વગેરે સંજ્ઞાઓ સંદેહ અને અતિવ્યાપ્તિ દોષથી ગ્રસ્ત છે. તે આ પ્રમાણે - अण् સંજ્ઞાથી अ, इ, उ વર્ણો ગ્રહણ થશે. इक् સંજ્ઞાથી इ, उ, ऋ, लृ એ પ્રમાણે સમાન સ્વરો ગ્રહણ થશે. एङ् સંજ્ઞાથી ए અને ओ વર્ણનું ગ્રહણ થશે, જેની ગુણસંજ્ઞા છે. ऐच् સંજ્ઞાથી ऐ અને औનું ગ્રહણ થશે, જેની વૃદ્ધિસંજ્ઞા થશે. તથા "अच्" સંજ્ઞાથી अ, इ, उ, ऋ, लृ, ए, ओ, ऐ, औ સ્વરૂપ ૯ સ્વરો કહેવાય છે. અહીં અતિવ્યાપ્તિદોષ આ પ્રમાણે આવે છે "षितोऽङ्" (૫/૩/૧૦૭) સૂત્રથી ભાવ અને અકર્તા અર્થમાં સ્ત્રીલિંગમાં अङ પ્રત્યય થાય છે. હવે अङ સંજ્ઞા પ્રત્યાહાર થવાથી अङથી अ, इ, उ, ऋ, लृ, ए, ओ આટલા સ્વરો (ऐ અને औને છોડીને) પ્રત્યય થવાનો પ્રસંગ આવે છે. આથી અતિવ્યાપ્તિદોષ સ્પષ્ટ રીતે જણાય છે. પાણિની વ્યાકરણમાં આ હકીકત અંગેનું સૂત્ર षिद्भिदादिभ्योऽङ् (૩/૩/૧૦૪) સૂત્ર છે. ખરેખર તો એકલો अङ् જ પ્રત્યય છે.

(श०न्या०) व्याख्यानान्नेति चेत्, तर्हि संदेहः । तथा यथा अच्शब्देन स्वरा गृह्यन्ते, तथा ककार-ङकार-णकाराणामपि स्वरत्वेन ग्रहणाद् 'दधि णकारीयति', 'दधि करोति' इत्यादौ "इवर्णादेरस्वे स्वरे०" [१.२.२१.] इति यत्वादिप्रसङ्गः, ज्ञापकोपन्यासस्तु गरीयानिति । अथेत्संज्ञत्वाण्णकारादीनामच्संज्ञायाः पूर्वमेव नित्यत्वाल्लोपः, तर्हि तथैव चकारस्यापि लोपेऽच्-संज्ञाया अप्यभावप्रसङ्ग इति स्वरादिरूप एव सन्देहातिव्याप्तिरहितः प्रसिद्धो वर्णसमाम्नायोऽङ्गीकर्त्तव्य इति ।

અનુવાદ :- શ્રી પાણિની વ્યાકરણકાર :- અમે સૂત્રની ટીકામાં વિશેષ કથન કરી દેશું તેથી કોઈ સમસ્યા આવશે નહીં. આથી अ સિવાયના વર્ણો પ્રત્યય બની જવાની આપત્તિ આવશે નહીં.

શ્રી આચાર્ય ભગવંત હેમચન્દ્રાચાર્ય :- છતાં પણ સંદેહ નામનો દોષ તો ઊભો જ રહે છે. જ્યાં જ્યાં આ પ્રમાણે પરિસ્થિતિ હશે ત્યાં બધે જ શું પ્રત્યાહાર માનીને સ્વરો સમજવા કે માત્ર પ્રત્યય જ સમજવો ? આવો સંદેહ ઉપસ્થિત થશે.

"તથા अच् શબ્દવડે જે પ્રકારે સ્વરોને ગ્રહણ કર્યા છે તે જ પ્રકારે अથી આરંભીને च्ની પહેલાનાં વર્ણોમાં ण्, क्, ङ् વર્ણોની પણ સ્વરસંજ્ઞા થઈ જવાની આપત્તિ આવે છે અને તેમ થાય તો "दधि णकारयति" પ્રયોગમાં "ण्"ને સ્વર માનવાથી "इवर्णादेः अस्वे" ... (૧/૨/૨૧) સૂત્રથી

इनो य् થવાની આપત્તિ આવે છે. તે જ પ્રમાણે "दधि करोति" પ્રયોગમાં પણ "क्"ને સ્વર માનવાથી "इ"નો "य्" થવાની પ્રાપ્તિ આવે છે. સૂત્રમાં ગૌરવ ત્યારે જ ઇષ્ટ મનાય છે જો કોઈ જ્ઞાપકની રજૂઆત થતી હોય. દા.ત. "च-ट-ते सद्वितीये" (૧/૩/૭) સૂત્રમાં ગૌરવ કરવા દ્વારા "यथासंख्यम् अनुदेशः समानानाम्" ન્યાયનો ઉદ્યોત "આચાર્ય ભગવંતે" કર્યો છે અર્થાત્ સૂત્રમાં ગૌરવ કરવા દ્વારા ન્યાય પ્રકાશિત કર્યો છે. જ્યારે આ ૧૪ સૂત્રોમાં તો એવું કંઈ જણાતું નથી. આથી એવાઓની સ્વરસંજ્ઞા ન પડે તે માટે જ્ઞાપકની રજૂઆત કરવી વધારે શ્રેષ્ઠ છે, જે અહીં બતાવ્યું નથી.

શ્રી પાણિની :- ण्, क्, ङ् इत् સંજ્ઞાવાળા હોવાથી નિત્યપણું થવાથી પ્રથમ જ તેનો લોપ થઈ જશે. આથી વ્યંજનોની સ્વરસંજ્ઞા થશે નહીં. ण्, क्, ङ्‌ની કદાચ સ્વરસંજ્ઞા પડે તો પણ તેઓનાં સ્વર તરીકે કોઈ પ્રયોગો ન જણાતા હોવાથી अप्रयोगीत् સૂત્રથી નિત્યપણાંની વિધિથી લોપ જ થઈ જશે, માટે કોઈ આપત્તિ સ્વરસંજ્ઞા નિમિત્તે નહીં આવે.

શ્રી હેમચંદ્રાચાર્ય :- એ પ્રમાણે તો चकार પણ इत् હોવાથી अच् સંજ્ઞા જ થઈ શકશે નહીં. કારણ કે चकार જતો રહેવાથી માત્ર "अ" જ રહેશે. આથી સ્વરની अच्‌ને બદલે अ સંજ્ઞા થવાની પ્રાપ્તિ આવશે. ઉપરોક્ત બધા જ દોષોને ધ્યાનમાં લઈને સંદેહ અને અતિવ્યાપ્તિ રહિત એવી પ્રસિદ્ધ સ્વરાદિ સંજ્ઞા જ ગ્રહણ કરવી જોઈએ અર્થાત્ વર્ણો સંબંધી જે સમ્યક્ એવી પરંપરા છે તેને જ સ્વીકારવી જોઈએ.

(श०न्या०) नन्वस्तु प्रसिद्धस्य वर्णसमाम्नायस्य परिग्रहः, ये तु तत्राकारादयो वर्णास्तेऽनेकावयवाः, तथा च केषाञ्चित् केचिदवयवा वर्णान्तरस्वरूपा एवोपलभ्यन्ते, यथा– एकारैकारयोरकारेकारौ, ओकारौकारयोरकारोकारौ दीर्घेषु ह्रस्वाः । तत्र य एते ऋकारादिवर्णानामवयवास्ते वर्णग्रहणेन गृह्येरन् वा न वा ? । तत्राद्ये पक्षे 'अग्ने इन्द्रम्', 'वायो उदकम्' [इत्यादौ] "समानानां तेन दीर्घः" [१.२.१.] इति दीर्घत्वं प्राप्नोति, तथा 'प्रमाय', 'आलूय' [इत्यादौ] "ह्रस्वस्य तः पित्कृति" [४.४.११३.] इति ह्रस्वाश्रयस्तकार इति, तथा "रषृवर्णाद्०" [२.३.६३.] इत्यत्र रेफेणैव सिद्धत्वाद् ऋवर्णग्रहणम्, "ऋरलृलं०" [२.३.९९.] इत्यत्र ऋकारग्रहणं न कर्त्तव्यमिति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- ભલે પ્રસિદ્ધ એવા વર્ણોનો સમ્યક્ પાઠક્રમ સ્વીકારો, પરંતુ ત્યાં आकार વગેરે વર્ણો અનેક અવયવવાળા છે. તેમજ કેટલાક વર્ણોના કેટલાક અવયવો અન્યવર્ણ સ્વરૂપવાળા જ પ્રાપ્ત થાય છે. દા.ત. ऐ कारમાં अ વર્ણ + इ વર્ણ અવયવ સ્વરૂપે પ્રાપ્ત થાય છે. તેમજ औकारમાં अवर्ण + उ વર્ણ અવયવ તરીકે પ્રાપ્ત થાય છે. एकार અને ऐकारમાં अवर्ण

અને इवर्ण પ્રાપ્ત થાય છે તેમજ ओकार અને औकारમાં अवर्ण અને उवर्ण પ્રાપ્ત થાય છે તથા જેટલા જેટલા દીર્ઘ વર્ણો છે તેમાં હ્રસ્વ સ્વરો અવયવ તરીકે વિચારી લેવા. દા.ત. ईમાં इ + इ અવયવ સ્વરૂપે સમજવા. આ પ્રમાણે ऐकारમાં अवर्ण અને एकार તથા औकारમાં अवर्ण અને ओकार પ્રાપ્ત થાય છે તેમજ દીર્ઘ સ્વરમાં હ્રસ્વ સ્વર પ્રાપ્ત થાય છે. તથા ऋकारમાં र् + उ અવયવ સ્વરૂપે સમજવા. ત્યાં ऋ વગેરે વર્ણના જે અવયવો છે તે અવયવોનું ऋ વગેરે વર્ણના ગ્રહણથી ગ્રહણ કરી શકાશે કે કેમ ?

જો ऋकार વગેરે વર્ણોમાં અવયવોને તે તે વર્ણોના ગ્રહણથી ગ્રહણ કરવામાં આવશે તો "अग्ने + इन्द्र", "वायो + उदकम्"માં "समानानाम् तेन दीर्घः" (૧/૨/૧) સૂત્રથી દીર્ઘપણું પ્રાપ્ત થશે. તે આ પ્રમાણે, "अग्ने" શબ્દમાં અન્તમાં ए છે. હવે ए એ अ + इના સમુદાય સ્વરૂપ છે. આથી अग्न् + अ + इ + इन्द्र આ અવસ્થામાં इ + इन्द्रની સંધિ પ્રથમ થતાં अग्नेन्द्र સ્વરૂપ અનિષ્ટ પ્રયોગની પ્રાપ્તિ આવશે. એ જ પ્રમાણે वाय् + अ + उ + उदकम् = वाय + ऊदकम् = वायोदकम् એ પ્રમાણે અનિષ્ટ પ્રયોગની આપત્તિ આવશે. તથા प्रमाय, आलूय વગેરે પ્રયોગોમાં प्र + म् + अ + अ + त्वा અહીં "त्वा"નો "यप्" થતાં "अ" હ્રસ્વ હોવાથી "ह्रस्वस्य तः"... (૪/૪/૧૧૩) સૂત્રથી "त्" આગમની પ્રાપ્તિ થતાં प्रमात्य તથા आलूत्य વગેરે અનિષ્ટ પ્રયોગોની આપત્તિ આવશે.

તથા ऋવર્ણમાં र् + उ હોવાથી "रषृवर्णाद्"... (૨/૩/૬૩) અહીં र्કારથી જ न्ના ण्ની પ્રાપ્તિ થઈ જવાથી ऋનું ગ્રહણ નિરર્થક થઈ જશે. તે જ પ્રમાણે "ऋरलृलं..." (૨/૩/૯૯) અહીં ऋकारનું ગ્રહણ નિરર્થક થઈ જશે. કેમકે જેમ र्નો ल् થાય છે તેમ ऋમાં રહેલાં र्નો પણ ल् થઈ જતાં ल् થઈ જ જાત. આથી ऋનો लृ થાય છે એવું જણાવવું નિરર્થક થાય છે. આમ, ऋकार વગેરે વર્ણોના અવયવોને ગ્રહણ કરવાથી ઉપર કહેલી આપત્તિઓ આવશે.

(श०न्या०) उच्यते-स्याद्वादसमाश्रयणादुभयपक्षस्वीकाराद् लक्ष्यानुरोधात् क्वचित् किञ्चित् समाश्रीयते इत्यदोषः । किञ्च, 'अग्ने इन्द्रम्' इत्यादौ समुदायस्य कार्येषु व्यापारेऽवयवस्य स्वनिमित्तकार्ये व्यापाराभावाद् "एदैतोऽयाय्" [१.२.२३.] इत्याद्येव भवति, इति पृथक्परिग्रहेऽपि न भवति । ननु पृथक्प्रयत्ननिर्वर्त्त्यं वर्णमिति वर्णलक्षणमिति कथं वर्णैकदेशानामप्रयत्ननिर्वर्त्त्यानां वर्णत्वम् ? नैवम्-ऐकारौकाराभ्यां विश्लिष्टवर्णाभ्यां व्यभिचारात्, कण्ठ्यतालव्यकण्ठ्यौष्ठ्यत्वात् तयोः । पृथक्पक्षमाश्रित्यैवेदं सूत्रम् "प्रश्नार्चाविचारे च सन्ध्येयसन्ध्यक्षरस्यादिदुत्परः" [७.४.१०२.], तथाहि-आन्तरतम्यात् सन्ध्यक्षरस्य पूर्वो भाग आद् भवति परश्चेदुदिति ॥३॥

અનુવાદ :- તથા ऋकार વગેરે વર્ણોનાં અવયવોને જો વર્ણોના ગ્રહણથી ગ્રહણ નહીં કરો તો प्रश्ना-ऽर्चा-विचारे"... (૭/૪/૧૦૨) સૂત્રમાં આપત્તિ આવશે, જેનો નિર્દેશ અમે થોડી વારમાં જ કરીશું.

ઉત્તરપક્ષ :- અમે લોકોએ સ્યાદ્વાદનો આશ્રય કર્યો છે, આથી ઉભયપક્ષનો સ્વીકાર કરીએ છીએ. ક્યાંક તે તે વર્ણોનાં ગ્રહણથી જ અવયવોને ગ્રહણ નહીં કરીએ અને ક્યાંક તે તે વર્ણોનાં ગ્રહણથી જ અવયવોને ગ્રહણ કરીશું. શિષ્ટપુરુષો જે જે લક્ષ્યો હોય, તે તે લક્ષ્યોની સિદ્ધિ માટે સૂત્રોની રચના કરે છે. આ પ્રમાણે લક્ષ્યનાં અનુરોધથી અમે તે તે સ્થાનોમાં ક્યાંતો અવયવને ગ્રહણ કરીશું અથવા તો માત્ર અવયવી સ્વરૂપ વર્ણોને ગ્રહણ કરીને અવયવોને ગ્રહણ નહીં કરીએ. अग्ने + इन्द्रम् વગેરે પ્રયોગોમાં સમુદાય સંબંધી કાર્યોમાં વ્યાપાર જણાતો હોવાથી અને અવયવ નિમિત્તક વ્યાપાર ન જણાતો હોવાથી "एदैतोऽयाय्" (૧/૨/૨૩) સૂત્રનું જ કાર્ય થશે અને અવયવમાં કાર્ય નહીં થાય.

તથા "आलूय", "प्रमाय" વગેરે પ્રયોગોમાં પણ અવયવીને જ ગ્રહણ કરીશું, પરંતુ સમુદાયનાં અવયવોને ગ્રહણ નહીં કરીએ. સમુદાય સ્વરૂપ વર્ણને ન ગ્રહણ કરવા હોય તો "अनाङ्-माङो..." (૧/૩/૨૮) આ સૂત્રની આવશ્યકતા જ ન રહેત. કારણ કે સમુદાયમાં પણ અવયવ સ્વરૂપ વર્ણને જ માનવાનો હોય તો "दीर्घात्" પદ નિરર્થક થાત અને તેમ થાત તો "लक्ष्मीच्छया" વગેરે પ્રયોગો સિદ્ધ થાત જ નહીં. તે જ પ્રમાણે "एदैतोऽयाय्" (૧/૨/૨૩) વગેરે સમુદાય સ્વરૂપ વર્ણોનાં વાચક સંબંધી બધા જ સૂત્રો નિષ્ફળ જાત. આથી જ્યાં જ્યાં જેવા જેવા લક્ષ્યો "આચાર્ય ભગવંત"ને બુદ્ધિમાં ઉપસ્થિત થયા હશે, તે તે પ્રમાણે સૂત્રોની રચના કરી. ક્યાંક અવયવી સ્વરૂપ પક્ષનો સ્વીકાર કર્યો છે તથા ક્યાંક અવયવ સ્વરૂપ પક્ષનો સ્વીકાર કર્યો છે. સ્યાદ્વાદના આશ્રયથી બંને પક્ષો ઘટી શકે છે.

પૂર્વપક્ષ :- પૃથગ્ પ્રયત્નથી ઉત્પન્ન કરવા યોગ્ય હોય તે વર્ણ કહેવાય છે, એ પ્રમાણે વર્ણનું લક્ષણ છે. અહીં પ્રયત્ન એટલે કરણનો વ્યાપાર છે અર્થાત્ સ્થાનનાં વ્યાપાર દ્વારા વર્ણની ઉત્પત્તિ થાય છે. હવે જ્યારે જ્યારે સમુદાય સ્વરૂપ વર્ણ હશે ત્યારે ત્યારે પ્રયત્નથી ઉત્પન્ન કરવા યોગ્ય સમુદાય સ્વરૂપ વર્ણ જ હશે. આ સંજોગોમાં તે તે સમુદાય સ્વરૂપ વર્ણોનાં અવયવોમાં તો પ્રયત્નથી ઉત્પન્ન કરવાપણું આવી શકશે નહીં. તે પરિસ્થિતિમાં અવયવોમાં વર્ણનું લક્ષણ કેવી રીતે પ્રાપ્ત થશે? દા.ત. ऐને કોઈક પ્રયત્નથી ઉત્પન્ન થાય છે એવું માનશો તો તે પરિસ્થિતિમાં ऐ નાં અવયવો अवर्ण અને इवर्णમાં પ્રયત્નથી ઉત્પન્ન થવા યોગ્યપણું ઘટી શકશે નહીં. આ સંજોગોમાં સમુદાયના અવયવોમાં વર્ણપણાંનું લક્ષણ પ્રાપ્ત થતું નથી.

ઉત્તરપક્ષ :- જો આ પ્રમાણે વર્ણનાં એક દેશમાં પૃથગ્ પ્રયત્નથી ઉત્પન્ન કરવા યોગ્યપણું નહીં માનો તો ऐकारનો કંઠ્ય-તાલવ્ય પ્રયત્ન કર્યો છે તે માની શકાશે નહીં. અર્થાત્ પૂર્વપક્ષને દોષ આવશે. સમુદાયનાં એકદેશનો જે પ્રયત્ન છે (अનો કંઠ્ય તથા इનો તાલવ્ય) તે જ ઉભય સ્વરૂપે સમુદાયનો પ્રયત્ન છે. એ જ પ્રમાણે औનો પણ ઉભય સ્વરૂપે कण्ठ्यौष्ठ्य પ્રયત્ન છે. માટે સમુદાય સ્વરૂપ વર્ણોમાં પણ વર્ણોનો એકદેશ પૃથગ્ પ્રયત્નથી ઉત્પન્ન થવા યોગ્ય થાય જ છે. માટે વર્ણનાં એકદેશમાં પણ વર્ણનું લક્ષણ સહેલાઈથી ઘટી શકે છે. ક્યાંક સન્ધ્યક્ષરમાં પૃથગ્ પક્ષનો આશ્રય કરીને નીચેનું સૂત્ર કરવામાં આવ્યું છે. તે સૂત્ર આ પ્રમાણે છે. "प्रश्नार्चाविचारे..." (૭/૪/૧૦૨) સૂત્ર પ્રમાણે પ્રશ્ન, અર્ચા, વિચાર તથા પ્રત્યભિવાદન એ ચારમાંથી કોઈ પણ અર્થ જણાતો હોય ત્યારે સંધિને યોગ્ય એવા જે સન્ધ્યક્ષરો વાક્યને અંતે આવેલા હોય, તો વાક્યનો અન્ત્ય સ્વર પ્લુત થાય છે અને પ્લુત થવા સાથે જ છેલ્લા સન્ધ્યક્ષર ए કે ऐના સ્થાનમાં आइ થાય છે. તેમજ ओ કે औના સ્થાનમાં आउ થાય છે. દા.ત. शोभनः खलु असि अग्निभूता इ" (મૂળ પ્રયોગ शोभनः खलु असि अग्निभूते ! છે.) હે અગ્નિભૂતિ ! તું ખરેખર સુંદર છે. અહીં સન્ધ્યક્ષરમાં પૃથગ્ અવયવપણું હોવાથી પૂર્વભાગનો "आ" થયો છે અને પછીના ભાગમાં उ અને इ થાય છે. આ પ્રમાણે સ્યાદ્વાદનો આશ્રય કરવાથી કોઈ આપત્તિ રહેતી નથી.

-: ન્યાસસારસમુદ્ધાર :-

लोकादिति-लोक्यते तत्त्वनिश्चयाय घञ्, लोकते सम्यक् पदार्थानित्यचि वा लोकः। **उक्ते**ति-उक्ताभ्यः स्वरादिसंज्ञाभ्योऽतिरिक्ता अधिकास्तासाम् । साध्यरूपा पूर्वापरीभूताऽवयवा **क्रिया** । विशेषणं **गुणः**, "सत्त्वे निविशतेऽपैति०" इत्यादिलक्षणो वा । विशेष्यं **द्रव्यम्** । "आकृतिग्रहणा०" इत्यादिरूपा **जातिः** । त्रुट्यादिलक्षणः **कालः** । **लिङ्गं** पुं-स्त्री-नपुंसकरूपम् । "अविकारोऽद्रवम्०" इत्यादि **स्वाङ्गम्** । एकाद्यभिधानप्रत्ययहेतुः **संख्या** । सर्वतो मानं **परिमाणम्** । **अपत्यं** प्रसिद्धम् । नानाभिधायिनां शब्दानां क्रिया-गुण-द्रव्यैर्युगपत्प्रयोक्तुर्व्याप्तुमिच्छा **वीप्सा** । अदर्शनं **लुक्** । अष्टादशभेदो[१]ऽकारादिसमुदायो**ऽवर्णः** । **आदि**शब्दादिवर्णादिपरिग्रह इति वैयाकरणाः । **कर्म(क्रिया)** उत्क्षेपणादि । द्रव्याश्रयो[२] **गुणः** । गुणाश्रयो **द्रव्यम्** । अनुवृत्तप्रत्ययहेतुः सामान्यं[३] **जातिः** । परा-परादिप्रत्ययहेतुः **कालः** । अनुमानं **लिङ्गम्** । स्वाङ्ग्यारम्भकमवयवरूपं **स्वाङ्गम्** । अणु-महदादिप्रत्ययहेतुः **परिमाणमि**ति तार्किकाः ।

---

१. ह्रस्व-दीर्घ-प्लुतादिभेदयुक्तः । २. '०श्रयी' इ-उ । ३. 'सामान्यं परिमाणमिति' इ ।

परान्नित्यम् इति-तथाहि-वनानीत्यादौ "शसोऽता०" [१.४.४९.] इति दीर्घं बाधित्वा परत्वात् "नपुंसकस्य शिः" [१.४.५५.] इत्येव भवति। तस्माच्च नित्यं बलीयः, यथा-'स्योन' इत्यत्र परमपि गुणं बाधित्वा नित्यत्वादूट्। तथा *नित्यादन्तरङ्गम्* यथा-ज्ञाया ओदनो ज्ञौदनस्तमिच्छति क्यन्, ततः सनि, अकृतव्यूहत्वाद् 'ज्ञा ओदन[१] य स' इति स्थिते द्वित्वं प्राप्नोति औत्वं च, ततो नित्यत्वाद् द्वित्वे प्राप्ते तद् बाधित्वाऽन्तरङ्गत्वादौत्वं भवति-जुज्ञौदनीयिषतीति। तथा *अन्तरङ्गादनवकाशम्* यथा-गर्गस्यापत्यानि यञ्, तेषां छात्राः "दोरीयः" [६.३.३२.] ततोऽन्तरङ्गत्वाद् "यञञः०" [६.१.१२६.] इति यञो लुप् "न प्राग् जितीये०" [६.१.१३५.] इति तन्निषेधश्च प्राप्नुतः, परमनवकाशत्वाद् "न प्राग्जितीये०" [६.१.१३५.] इत्येव प्रवर्तते, ततो गार्गीया इति सिद्धम्। तथा आदिशब्दात् *परादन्तरङ्गम्* अपि, य[२]था-सिवेः "प्या-धा-पन्यनि०" [उणा० २५८.] इति नेऽपवादत्वाद् वलोपं बाधित्वा गुणात् पूर्वं नित्यत्वादूटि च कृते परत्वाद् गुणे प्राप्तेऽन्तरङ्गत्वात् तं बाधित्वा यत्वं भवति 'स्योन' इति। एतासां क्रियादीनां संज्ञानां न्यायानां च शास्त्रप्रवृत्तये लोकात् सिद्धिर्वेदितव्या, न च लोकमन्तरेण तज्ज्ञानोपायोऽस्ति, न च तज्ज्ञानं विना "क्रियार्थो धातुः" [३.३.३.] "गुणादस्त्रियां नवा" [२.२.७७.] "जाति-कालसुखादेर्नवा" [३.१.१५२.] "स्वाङ्गादेरकृतमित०" [२.४.४६.] इति, "संख्यानां ष्र्णाम्" [१.४.३३.] "परिमाणात् तद्धित०" [२.४.२३.] इति, "ङसोऽपत्ये" [६.१.२८.] "वीप्सा-याम्" [७.४.८०.] "लुगस्यादेत्यपदे" [२.१.११३.] "अवर्णस्येवर्णादिना०" [१.२.६.] इति "इवर्णादेरस्वे स्वरे०" [१.२.२१.] इत्यादिशास्त्रप्रवृत्तिः। नीयते प्राप्यते संदेहदोलामधिरूढोऽर्थो निर्णयपदमेभिरिति "न्यायावाय०" [५.३.१३४.] इति घञि न्याया युक्तयः ॥३॥

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

સંપૂર્ણ અનુવાદ શબ્દમહાર્ણવન્યાસમાં આવી જ ગયો છે. તેથી અહીં પૃથગ્ અનુવાદ લખવામાં આવ્યો નથી. જિજ્ઞાસુઓએ શબ્દમહાર્ણવન્યાસમાંથી તે તે પંક્તિઓનો બોધ પ્રાપ્ત કરી લેવો.

॥ तृतीयम् सूत्रम् समाप्तम् ॥

* * *

१. 'ओदनीयः' इ। २. 'तथा' इ।

औदन्ताः स्वराः (१/१/४) સૂત્રની પૂર્વભૂમિકા :-

અહીં પ્રથમ ત્રણ સૂત્રો સંબંધી બધા જ વિધાનો તથા અનુવાદો પૂર્ણ થયા છે. હવે શબ્દાનુશાસનની શરૂઆત થાય છે. આથી એ શબ્દાનુશાસનની શરૂઆત કરતાં પહેલાં કેવી પરિસ્થિતિમાં "**औदन्ताः स्वराः**" વગેરે સૂત્રો બનાવવા પડ્યાં છે ? એ સંબંધમાં "આચાર્ય ભગવંત" વ્યાકરણનાં પક્ષને મજબૂત કરવા માટે કંઈક કહી રહ્યા છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

अत्र च शब्दानुशासनस्य प्रक्रान्तत्वात् तदुपदेशे च शब्दापशब्दोभयोपदेशभेदेन त्रयः प्रकाराः संभवन्ति, तत्रान्यतरोपदेशेनैव कृतं स्यात् । तद् यथा-'शमादयो विधेयाः' इत्युक्ते क्रोधादिप्रतिषेधो गम्यते, क्रोधादिप्रतिषेधे च शमादिविधिः, एवमिहापि 'गौः' इत्युपदिष्टे गम्यते एतद्-गाव्यादयोऽपशब्दाः, गाव्याद्यपशब्दोपदेशे च गम्यते एतद्-गौरित्येष शब्दः तत्र लाघवादुपादेयोपदेशे साक्षात् प्रतिपत्तेश्च शब्दोपदेशो ज्यायान् ।

-: શબ્દમહાર્ણવન્યાસ અનુવાદ :-

હવે શબ્દાનુશાસનનો આરંભ થાય છે. આથી શબ્દોનું કથન કરવા યોગ્ય થાય છે. આ શબ્દો ત્રણ પ્રકારે સંભવે છે : (૧) સાધુ શબ્દો જેનો પ્રયોગ શિષ્ટપુરુષો કરે છે. (૨) અપશબ્દો જેનો પ્રયોગ ઘણું કરીને અજ્ઞાનીઓ કરે છે. (૩) સાધુ અને અપશબ્દોના જોડાણ સ્વરૂપ શબ્દોનું કથન પણ થઈ શકે છે. હવે આ ત્રણ પ્રકારનાં શબ્દોમાંથી કોઈ પણ એક શબ્દનાં કથનો દ્વારા બાકીનાં શબ્દોનું કથન થઈ જ જાય છે. આથી કોઈપણ એક પ્રકારનાં શબ્દો કહેવાથી શબ્દાનુશાસનનું કથન થઈ જ જવાનું. દા.ત. 'શમ વગેરે કરવા યોગ્ય છે' એવું કથન થયે છતે ક્રોધ વગેરે કરવા યોગ્ય નથી એવો નિષેધ સ્પષ્ટપણે જણાઈ જ જાય છે. 'તે જ પ્રમાણે ક્રોધાદિ કરવા યોગ્ય નથી' એવું કથન થયે છતે 'શમ વગેરે કરવા યોગ્ય છે' એવું કથન જણાઈ જ જાય છે. એમ અહીં પણ गौः એ પ્રમાણે કથન થયે છતે गावी વગેરે અપશબ્દોનાં કથનની આવશ્યકતા રહેતી નથી. એ જ પ્રમાણે गावी વગેરે અપશબ્દોનું કથન થયે છતે गौः એ પ્રમાણે સાધુશબ્દ જણાઈ જ જાય છે; તેવી પરિસ્થિતિમાં "गौः" વગેરે સાધુ શબ્દોનાં કથનની આવશ્યકતા રહેતી નથી.

હવે બેમાંથી કોઈપણ એક પ્રકારનાં શબ્દોનાં કથન દ્વારા ઉભય પ્રકારનાં શબ્દોનો બોધ થઈ જ જતો હોય તો લાઘવથી સાધુ શબ્દનું કથન જ શ્રેષ્ઠ છે તથા ઇષ્ટ શબ્દોનું કથન હોતે છતે ઇષ્ટ શબ્દોનો સ્વીકાર પણ સાક્ષાત્ સ્વરૂપે થશે. આથી સાધુ શબ્દોનાં કથનમાં લાઘવ છે.

(શ૦ન્યા૦) तथाहि-एकैकस्य हि शब्दस्य बहवोऽपभ्रंशाः । यथा-गोशब्दस्य गावी, गोणी, गोता, गोपोतलिकेत्यादयः । तत्र गौरश्वः पुरुषो हस्ती शकुनिर्मृगो ब्राह्मण इति प्रतिपदपाठोऽनभ्युपायः शब्दानां प्रतिपत्तौ, तेषामानन्त्यात् । एवं हि श्रूयते-"बृहस्पतिरिन्द्राय दिव्यं वर्षसहस्त्रं प्रतिपदविहितानां शब्दानां शब्दपारायणं प्रोवाच, न चान्तं जगाम," तदीदृशे च वक्तर्यध्येतरि अध्ययनकाले च नान्तगमनमभूद्, यस्य तस्य कुतोऽद्यत्वे भविष्यत्यल्पायुषि प्रजायाम्,

અનુવાદ :- એનું કારણ હવે "આચાર્ય ભગવંત" બતાવે છે. એક એક સાધુશબ્દોનાં અનેક અનેક અપશબ્દો હોય છે. દા.ત. गौः સ્વરૂપ સાધુ શબ્દનાં "गावी", "गोणी", "गोता", "गोपोतलिका" વગેરે અપશબ્દો છે. વર્તમાનમાં પણ ગુજરાતી ભાષામાં "આવ્યો" પ્રયોગ સાધુ પ્રયોગ કહેવાય છે. છતાં પણ સુરતીઓ "આવ્યો"ને બદલે "આઈવો" બોલે છે. તે જ પ્રમાણે "ચાલશે" શબ્દ માટે "ચાલહે" શબ્દ બોલે છે. આમ, ગુજરાતી ભાષામાં પણ આઈવો, ચાલહે વગેરે અપશબ્દપ્રયોગો થાય જ છે. હવે સાધુ શબ્દો અને અપશબ્દો બંનેનાં કથનમાં અપશબ્દોનું અનંતપણું હોવાથી સાધુ શબ્દોનાં કથનમાં જ લાઘવ છે.

સાધુ શબ્દોનું કથન કરવું હશે તો गौः, अश्वः, पुरुषः, हस्ती, शकुनिः, मृगः, ब्राह्मणः એ પ્રમાણે દરેક શબ્દોનું કથન કરવું અને એના દ્વારા શબ્દોનું જ્ઞાન કરવું એ કાંઈ શબ્દોનું જ્ઞાન કરવાનો ઉપાય નથી, કારણ કે સાધુ શબ્દો પણ ન ગણી શકાય એટલા છે. આથી શબ્દાનુશાસન નામનો ગ્રંથ જો સાધુ શબ્દનું જ કથન કરશે તો એ પ્રમાણે તો ઓછા કાળમાં શબ્દનો બોધ થઈ શકશે નહીં. શાસ્ત્રમાં આ પ્રમાણે સંભળાય છે.

"बृहस्पतिरिन्द्राय दिव्यं वर्षसहस्त्रं प्रतिपदविहितानाम् शब्दानाम् शब्दपारायणं प्रोवाच, न चान्तं जगाम ।

બૃહસ્પતિએ ઇન્દ્રને પ્રત્યેક શબ્દ પ્રમાણે શબ્દો સંબંધી શબ્દપારાયણ નામનાં ગ્રંથને દેવલોક સંબંધી એક હજાર વર્ષ સુધી કથન કર્યો, તો પણ તે ગ્રંથનો અંત પ્રાપ્ત થઈ શક્યો નહીં. દેવલોકનું એક વરસ એટલે મનુષ્યલોકનાં ૩૬૦ વર્ષ થાય. આ પ્રમાણે ૩,૬૦,૦૦૦ વર્ષ સુધી બૃહસ્પતિ બોલ્યા તો પણ સાધુ શબ્દોનો અંત આવ્યો નહીં. ભણાવનાર પણ શ્રેષ્ઠ હતા, ભણનાર પણ ઇન્દ્ર જેવી સમર્થ વ્યક્તિ હતી અને ભણવાનો અને ભણાવવાનો સમય પણ બંનેને અપ્રમત્તભાવે પ્રાપ્ત થઈ શકે તેવો હતો. જો તેવાં સંજોગોમાં પણ સાધુ શબ્દોનું અધ્યયન થઈ શક્યું નહીં તો વર્તમાનકાળમાં અલ્પ આયુષ્યવાળી પ્રજા હોતે છતે કેવી રીતે સાધુ શબ્દનું કથન થઈ શકશે ?

(શ૦ન્યા૦) चतुर्भिश्च ग्रहणाभ्यासाध्यापनक्रियाकालरूपैः प्रकारैर्विद्योपयुक्ता भवति, तत्रास्य ग्रहणकालेनैव कृत्स्नमायुः पर्युपयुक्तं स्यादिति । तस्माच्छब्दोपदेशे अल्पोपायरूपत्वात् सामान्य-

विशेषवल्लक्षणमेव वक्तव्यम् । यथा-"समानानां तेन दीर्घः" [१.२.१.], "इवर्णादेरस्वे स्वरे यवरलम्" [१.२.२१.]; तथा "कर्मणोऽण्" [५.१.७२.], "आतो डोऽह्वा-वा-मः" [५.१.७६.] इति । तच्च संज्ञामन्तरेण न भवतीत्याह-**तत्रे**ति-वर्णसमाम्नाये लोकादधिगते, स्वरादयः संज्ञाः प्रसू(स्तू)यन्ते, यथा-"औदन्ताः स्वराः" [१.१.४.] इति ।

અનુવાદ :- વિદ્યાની સફળતા ચાર પ્રકારથી થાય છે :

(૧) ગ્રહણકાળ : ગુરુ પાસે રહીને વિદ્યાર્થી જે જે વિદ્યાને પ્રાપ્ત કરે તે વિદ્યાનો ગ્રહણકાળ કહેવાય છે.

(૨) અભ્યાસકાળ : ગુરુ પાસેથી પ્રાપ્ત કરેલી વિદ્યાની અનુપ્રેક્ષા કરવી તે અભ્યાસકાળ કહેવાય.

(૩) અધ્યાપનકાળ : ગુરુ પાસેથી પ્રાપ્ત કરેલી વિદ્યાને સિદ્ધ થયા પછી કોઈકને ભણાવવું તે અધ્યાપનકાળ કહેવાય.

(૪) ક્રિયાકાળ : ભણાવવા દ્વારા સંસ્કારિત થયેલી વિદ્યાને આચરણમાં મૂકવી તે ક્રિયાકાળ કહેવાય છે.

હવે વર્તમાનમાં આયુષ્ય ઘણું અલ્પ હોવાથી ગ્રહણકાળમાં જ આયુષ્ય સમાપ્ત થઈ જાય છે. આથી શબ્દોનાં કથન દ્વારા શબ્દોનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકશે એ ઉપાય બરાબર ન હોવાથી સામાન્ય (ઉત્સર્ગ) અને વિશેષ (અપવાદ) વાળું શાસ્ત્ર જ કહેવા યોગ્ય છે. અર્થાત્ ઉત્સર્ગ-અપવાદ સ્વરૂપ સૂત્રોવાળું શાસ્ત્ર જ કહેવા યોગ્ય છે. જેમ કે, "समानानाम् तेन दीर्घः" (૧/૨/૧) આ ઉત્સર્ગસૂત્ર છે તથા "इवर्णादेः अस्वे स्वरे यवरलम्" (૧/૨/૨૧) સૂત્ર અપવાદસ્વરૂપ સૂત્ર છે તથા "कर्मणोऽण्" (૫/૧/૭૨) એ ઉત્સર્ગસૂત્ર છે અને "आतो डोऽह्वा वा-मः" (૫/૧/૭૬) એ અપવાદસૂત્ર છે. આ પ્રમાણે ઉત્સર્ગ અને અપવાદ સૂત્રોની રચના કરવાથી એક સાથે ઘણા બધા સાધુશબ્દોનું જ્ઞાન થઈ શકશે. આ રીતે ઘણા બધા શબ્દોનો બોધ અલ્પ પ્રયત્નથી શક્ય બનશે.

આ પ્રમાણે ઉત્સર્ગ અને અપવાદસૂત્રવાળું વ્યાકરણ બનાવવું હશે તો સંજ્ઞા કર્યા વિના સૂત્રોની રચના થઈ શકશે નહીં. આથી "लोकात्" સૂત્રથી બૃહદ્વૃત્તિમાં સૌથી છેલ્લે જે "तत्र" શબ્દ લખ્યો છે તે સંજ્ઞાનાં અનુસંધાનમાં જ લખ્યો છે. વર્ણની સમ્યક્ પરિપાટી શિષ્ટપુરુષો પાસેથી પ્રાપ્ત થયે છતે સ્વર વગેરે સંજ્ઞા રજૂ કરાય છે. દા.ત. "औदन्ताः स्वराः."

सूत्रम् - औदन्ताः स्वराः ।१।१।४।।

-: तत्त्वप्रकाशिका :-

औकारावसाना वर्णाः स्वरसंज्ञा भवन्ति, तकार उच्चारणार्थः । अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ । औदन्ता इति बहुवचनं वर्णेष्वपठितानां दीर्घपाठोपलक्षितानां प्लुतानां संग्रहार्थम्, तेन तेषामपि स्वरसंज्ञा । स्वरप्रदेशाः- "इवर्णादेरस्वे स्वरे यवरलम्" [१.२.२१.] इत्येवमादयः ॥४॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

औकार અંત સુધીનાં વર્ણો સ્વસંજ્ઞાવાળા થાય છે. સૂત્રમાં औ પછી तकार લખ્યો છે, તે ઉચ્ચારણના પ્રયોજનને માટે છે. अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ આ સ્વરો છે. "औदन्ताः" એ પ્રમાણે જે બહુવચન કર્યું છે તે વર્ણનાં પાઠક્રમમાં નહીં કહેવાયેલાં પ્લુતોનો સંગ્રહ કરવા માટે છે. દીર્ઘપાઠનાં ઉપલક્ષણથી પ્લુતોનો પણ સ્વરોમાં સંગ્રહ કરવો છે. તેથી પ્લુતોની પણ સ્વરસંજ્ઞા થાય છે. સ્વરસંજ્ઞાનાં ઉદાહરણ સ્થાનો (પ્રયોજન સ્થાનો) "इवर्णादेरस्वे स्वरे यवरलम्" (૧/૨/૨૧) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

औदन्ता इत्यादि-अन्तशब्द उभयाऽर्थः-'सह तेन वर्त्तते' 'ततः प्राक् च' इति; क्वचिदन्तर्भूतार्थोऽन्यपदार्थो बहुव्रीह्यभिधेयः, यथा-मर्यादान्तं क्षेत्रं देवदत्तस्य, अत्र मर्यादायाः क्षेत्रावयवत्वात् क्षेत्रानुप्रवेशः । क्वचिदनन्तर्भूतार्थः, यथा-नद्यन्तं देवदत्तस्य क्षेत्रम्, क्षेत्रानवयवत्वान्नद्या अन्यपदार्थेऽनुप्रवेशाभावः ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

'अन्त' શબ્દ ઉભય અર્થવાળો છે. તેની સાથે વર્તે છે, આ એક અર્થ છે તથા બીજો અર્થ તેની પૂર્વમાં વર્તે છે. ક્યાંક અન્તર્ભૂત અર્થવાળો બહુવ્રીહિ સમાસ છે અર્થાત્ બહુવ્રીહિ સમાસવડે કહેવા યોગ્ય જે અન્યપદાર્થ છે, તેમાં બહુવ્રીહિ સમાસનો અર્થ સમાવેશ પામી જાય છે. દા.ત. लम्बकर्णः रासभः. અહીં બહુવ્રીહિ સમાસવડે કહેવા યોગ્ય અન્ય પદાર્થ રાસભ છે. લાંબા કાન સ્વરૂપ અર્થ જેમાં સમાવેશ પામ્યો છે એવો રાસભ સ્વરૂપ અન્ય પદાર્થ છે. અહીં मर्यादान्तं क्षेत्रम् देवदत्तस्य સ્વરૂપ ઉદાહરણ આપવામાં આવ્યું છે. આ સામાસિક શબ્દનો અર્થ મર્યાદા (દા.ત. આંબાના વૃક્ષ સુધી, તો આંબાનું વૃક્ષ એ મર્યાદા કહેવાશે.) અવયવવાળું ખેતર. અર્થાત્ આંબાના વૃક્ષ સ્વરૂપ અવયવ પણ ખેતરનો એક ભાગ છે. આથી અહીં એ પ્રમાણે કહી શકાશે કે ખેતર

સ્વરૂપ અન્યપદાર્થ છે તે બહુવ્રીહિ સમાસ દ્વારા કહેવા યોગ્ય અર્થવાળો છે. તે મર્યાદા, એ ખેતરનો અવયવ હોવાથી તેનો ખેતરમાં સમાવેશ થઈ શકશે.

કેટલાંક સમાવેશ ન પામતાં અર્થવાળા અન્યપદાર્થો હોય છે. બહુવ્રીહિ સમાસવડે કહેવા યોગ્ય જે અર્થ હોય છે, તેનો અન્ય પદાર્થમાં સમાવેશ થતો નથી. દા.ત. श्वेताम्बरः मुनिः અહીં બહુવ્રીહિ સમાસવડે કહેવા યોગ્ય સફેદ કપડું છે. આ સફેદ કપડાંનો સમાવેશ મુનિ સ્વરૂપ અન્ય પદાર્થમાં થતો નથી. આથી સંયોગ સંબંધથી તેઓ બે સાથે રહે છે. આવા સમાસને બીજા શબ્દોમાં अतद्गुणसंविज्ञानः બહુવ્રીહિ સમાસ કહેવાય છે. આચાર્ય ભગવંતે આ સંબંધમાં नद्यन्तम् देवदत्तस्य क्षेत्रम् ઉદાહરણ આપ્યું છે. નદી અવયવવાળું દેવદત્તનું ખેતર. અહીં અન્યપદાર્થ સ્વરૂપ ખેતર છે. જેમાં નદી સ્વરૂપ અવયવનો સમાવેશ થતો નથી. આથી હવે પ્રશ્ન એ ઉપસ્થિત થયો કે અહીં औ અવયવવાળા સ્વરોમાં જે औ અવયવવાળો એવો બહુવ્રીહિ સમાસનો અર્થ છે તેનો સમાવેશ અન્યપદાર્થ સ્વરૂપ સ્વરોમાં કરવો કે કેમ ? બંને અર્થવાળો બહુવ્રીહિ સમાસ થવાથી આપણે એવું નક્કી કરી શકતાં નથી કે અન્તર્ભૂત અર્થવાળો જ અન્ય પદાર્થ લેવો છે.

આ પ્રમાણે अन्त શબ્દ બે અર્થવાળો છે. (૧) તેની સાથે વર્તે છે, તથા (૨) તેની પૂર્વમાં વર્તે છે. હવે જો औने પણ સ્વરસંજ્ઞામાં ગણવો હોય તો अन्त શબ્દનો પહેલો અર્થ જ સમજવો આવશ્યક થાય. હવે, સૂત્રમાં તો કોઈ ખુલાસો કર્યો નથી. આથી જ કયો અર્થ લેવો એનો સંશય ઉપસ્થિત થાય છે.

(श०न्या०) तत्रान्तर्भूतपरिग्रहार्थं परिग्रहणं कर्त्तव्यम्, पर्यन्तशब्दस्यान्यपदार्थविषयत्वात्, एवं च औकारस्यापि स्वरसंज्ञया परिग्रहः स्यात्; अन्यथा तत्पूर्वेषामपि (मेव) स्यादिति । नैष दोषः–अन्तशब्दोऽवयववाचीत्यवयवेन विग्रहः, समुदायः समासार्थः, इत्यवयवस्य अवश्यमन्य-पदार्थेऽन्तर्भावः ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- આમ, બંને અર્થવાળા બહુવ્રીહિ સમાસનો વિકલ્પ ઊભો થયો હોવાથી જો અન્તર્ભૂત અર્થવાળો અન્યપદાર્થ સમજવો હોય તો 'परि' અવ્યય ગ્રહણ કરવો જોઈએ. અર્થાત્ औत् पर्यन्ताः स्वराः આ પ્રમાણે સૂત્ર બનાવવું જોઈએ. જેથી અર્થમાં સંદિગ્ધતા રહે નહીં. 'पर्यन्त' શબ્દ એ અન્યપદાર્થના વિષયવાળો હોય છે. કોઈ કહે કે, વનપર્યન્ત મારી સત્તા પ્રવર્તે છે તો અહીં વનમાં પણ સત્તા પ્રવર્તે છે, એવો અર્થ થઈ શકશે. આ પ્રમાણે पर्यन्त શબ્દ લખવાથી औकार પણ સ્વરસંજ્ઞા તરીકે લઈ શકાશે. જો परि અવ્યય નહીં લખવામાં આવે તો औની પૂર્વમાં રહેલાની પણ સ્વરસંજ્ઞા થશે.

ઉત્તરપક્ષ :- अन्त શબ્દ અવયવવાચી સમજવાથી તથા બહુવ્રીહિ સમાસનો અન્યપદાર્થ સમુદાય સ્વરૂપ સમજવાથી અર્થાત્ બહુવ્રીહિ સમાસનો અર્થ જ સમુદાય સ્વરૂપ થવાથી અન્તર્ભૂત અર્થવાળો અન્યપદાર્થ આવશે, જેથી "औ"ની પણ સ્વરસંજ્ઞા થઈ શકશે.

(શ૦न्या०) बहुवचनं च प्लुतपरिग्रहार्थमिति वक्ष्यते । 'नद्यन्तं क्षेत्रम्' इत्यत्र त्वन्तशब्दः समीपवचन इत्यन्यपदार्थे नद्यास्तत्रानन्तर्भावः ।

અનુવાદ :- આ સૂત્રમાં આચાર્ય ભગવંતે બહુવચન કર્યું છે તે પ્લુત વર્ણોને પણ સ્વરસંજ્ઞાવાળા કરવા છે એવું જણાવે છે, જે આગળ કહેવાશે.

જો अन्त શબ્દને અવયવવાચક માનવામાં આવે તો नद्यन्तम् क्षेत्रम् પ્રયોગમાં આપત્તિ આવશે. નદી અવયવવાળું ખેતર. અહીં નદી કાંઈ ખેતરનો અવયવ થઈ શકે નહીં. આથી 'अन्त' શબ્દને સમીપ અર્થનો વાચક સમજવામાં આવે તો આ આપત્તિ આવશે નહીં. હવે અન્યપદાર્થ સ્વરૂપ ખેતર છે તેમાં નદીનો સમાવેશ થશે નહીં. જો अन्त શબ્દને અવયવનો વાચક જ સમજવામાં આવે તો સમીપ અર્થ કેવી રીતે ફલિત થશે ? અવયવ-અવયવીની સમીપ હોય છે ત્યારે ઉપચરિત અર્થ થઈ જાય છે. ખેતર નદીની નિકટ હોય ત્યારે નિકટતાને કારણે ખેતરનો અવયવ ઉપચારથી નદી કહેવાય છે. છતાં અહીં अन्त શબ્દનો ઉપચરિત અવયવ અર્થ કર્યો નથી. વાસ્તવિક અવયવ હોય તે જ अन्त શબ્દનો અર્થ સમજવો.

(શ૦न्या०) यत् तूच्यते भाष्ये-सर्वत्रैवान्तशब्दः 'सह तेन वर्त्तते' इति, तत् सम्भवापेक्षम् । यत्रावयवत्वं सामीप्यं च सम्भवति, तत्रावयवत्वमेवाश्रीयते, यथा-नद्यन्तं (मर्यादान्तं) क्षेत्रमिति ।

અનુવાદ :- "अन्त" શબ્દ બધે જ सह तेन वर्तते । એવા અર્થમાં વર્તે છે એ પ્રમાણે ભાષ્યમાં જણાવાયું છે. અર્થાત્ अन्त શબ્દ અવયવ અર્થવાળો છે એવું જે ભાષ્યમાં જણાવાયું છે તે સંભવની અપેક્ષાએ છે જ્યાં જ્યાં સંભવ હશે ત્યાં ત્યાં અવયવ અર્થ લેવાશે અને જ્યાં સંભવ નહીં હશે ત્યાં સમીપ અર્થ પણ લઈ શકાશે. જ્યાં અવયવ અર્થ અને સામીપ્ય અર્થ બંને સંભવે છે ત્યાં માત્ર અવયવ અર્થ જ લઈ શકાશે. દા.ત. मर्यादा अन्तम् क्षेत्रम् અહીં अन्त શબ્દનો અવયવ તેમજ સમીપ એમ બંને અર્થ સંભવે છે તેથી માત્ર અવયવ અર્થ જ લેવાશે. હવે અર્થ થશે મર્યાદા અવયવવાળું ખેતર. અમે કૌંસમાં રહેલા પાઠને માનીને આ અર્થ કર્યો છે. તથા "नद्यन्तं क्षेत्रम्"માં અવયવ અર્થનો સંભવ ન હોવાથી સમીપ અર્થ જ अन्त શબ્દનો કરાશે.

(શ૦न्या०) अन्ये त्वाहुः-"सर्वत्रैवान्तशब्दो [अवयववाची] यस्यावयवत्वासम्भवस्तस्य सामीप्यमेवान्तशब्देन प्रतिपाद्यते, यथा-नद्यन्तं क्षेत्रमिति । अन्ये त्वाहुः-"सर्वत्रैवान्तशब्दोऽवयव-

वाची, कस्यचित् तु मुख्यमवयवत्वं कस्यचित् सामीप्यादिनोपचरितमित्यभिप्रायेण भाष्यमिति।" तस्मादन्तशब्दस्यावयववाचित्वादौकारलाभान्नार्थः परिग्रहणेन ।

અનુવાદ :- કેટલાક લોકો કહે છે કે अन्त શબ્દ બધે જ અવયવવાચક સમજવો. જ્યાં અવયવ અર્થનો સંભવ ન હોય ત્યાં જ સમીપ અર્થ લેવો. દા.ત. नदी अन्तम् क्षेत्रम् અહીં અવયવ અર્થ સંભવતો નથી માટે સમીપ અર્થ લેવાશે.

કેટલાંક લોકો अन्त શબ્દનો બધે જ અવયવ અર્થ માને છે તેઓ अन्तનો સમીપ અર્થ માનતા નથી. તેઓ કહે છે કે, ક્યાંક મુખ્ય અવયવાર્થ હોય અને ક્યાંક ઉપચરિત અવયવાર્થ હોય છે. આથી नद्यन्तम् क्षेत्रम् વગેરેમાં સમીપપણાંથી ઉપચરિત અવયવાર્થ થશે અને આવા અભિપ્રાયથી ભાષ્યમાં લખાયું છે કે, બધે જ अन्त શબ્દ અવયવ અર્થનો વાચક છે. આ પ્રમાણે अन्त શબ્દ અવયવવાચી હોવાથી સ્વરસંજ્ઞામાં औ સ્વરની પણ પ્રાપ્તિ થઈ જાય છે. આથી હવે, परि શબ્દ ગ્રહણ કરવાની કોઈ આવશ્યકતા નથી. આમ, औत् पर्यन्ता स्वराःને બદલે औदन्ताः स्वराः સૂત્રથી જ अથી औ સુધીના બધા જ વર્ણોની સ્વરસંજ્ઞા થઈ જાય છે.

(श०न्या०) अन्तरङ्गस्तत्पुरुष इत्यपि न वाच्यम्, अकारादीनामन्यपदार्थत्वेन प्रक्रान्तत्वाद्, अन्यथा "कादिर्व्यञ्जनम्" [१.१.१०.] इत्युपक्रम्य "अनुस्वारादयः स्वराः" इति विदध्यादित्याह-**औकारावसाना** इति ।

અનુવાદ :- હવે, "असिद्धम् बहिरङ्गम् अन्तरङ्गे" ન્યાયથી કંઈક કહે છે. अन्तरङ्ग એવો તત્પુરુષ સમાસ કરવો જોઈએ કે બહિરંગ એવો બહુવ્રીહી સમાસ. જેમાં નિમિત્તો અલ્પ છે તે અન્તરંગ કહેવાય છે તથા જેમાં નિમિત્તો અધિક હોય છે તે બહિરંગ કહેવાય છે. દા.ત. राजसखः. અહીં राज्ञः सखा એ પ્રમાણે ષષ્ઠી તત્પુરુષ સમાસ કરવામાં આવે તો તેમાં બે જ પદોનું આલંબન લઈને સમાસનો અર્થ જણાઈ જાય છે. આથી અર્થ થશે - રાજાનો મિત્ર, પરંતુ 'राजा सखा यस्य स' 'રાજા મિત્ર છે જેનો તે' ચૈત્ર સ્વરૂપ અન્યપદાર્થ થશે. એટલે કે રાજા મિત્રવાળો ચૈત્ર એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ કરવા દ્વારા અર્થ થશે. આમ કરવાથી અન્યપદાર્થ સંબંધી પદ પણ ગ્રહણ કરવું પડે છે. આથી નિમિત્તો અધિક હોવાથી બહિરઙ્ગકાર્ય થશે. હવે અન્તરંગ અને બહિરઙ્ગ બંને વિદ્યમાન હોય ત્યારે અન્તરંગકાર્ય થવું જોઈએ, એ પ્રમાણે ઉપરોક્ત ન્યાય જણાવે છે. અહીં પણ औतः अन्तः એ પ્રમાણે ષષ્ઠી તત્પુરુષ સમાસ કરવામાં આવે તો औના અન્તમાં અનુસ્વાર અને વિસર્ગ આવે છે. આથી અનુસ્વાર અને વિસર્ગની જ સ્વરસંજ્ઞા થાત. યોગશાસ્ત્રના સાતમા પ્રકાશના તેરમા શ્લોકમાં ૧૬ સ્વરોની વાત આવે છે. ત્યાં ૧૪ સ્વરો પછી अं અને अः એ પ્રમાણે અનુસ્વાર અને વિસર્ગને પણ સ્વર કહ્યા છે. શ્લોક આ પ્રમાણે છે -

विचिन्तयेत् तथा नाभौ कमलं षोडशच्छदम् । कर्णिकायां महामन्त्रं प्रतिपत्रं स्वरावलीम् ॥१॥

શ્લોકનો ભાવાર્થ આ પ્રમાણે છે - નાભિમાં સોળ પાંખડીવાળું કમળ ચિંતવવું. તેની કર્ણિકામાં अर्हँ સ્વરૂપ મહામંત્ર સ્થાપન કરવો અને દરેક પાંખડીમાં અનુક્રમે ૧૬ સ્વરોને સ્થાપન કરવા.

આ પ્રમાણે સ્વરસંજ્ઞા જો કેવળ અનુસ્વાર અને વિસર્ગમાં ઇષ્ટ હોત તો औदन्ताः स्वराः સૂત્રને બદલે कादिर्व्यञ्जनम् (૧/૧/૧૦) સૂત્રનો આરંભ કરીને अनुस्वारादयः स्वराः એ પ્રમાણે સૂત્ર બનાવત. હવે એ પ્રમાણે થાત તો अकार વગેરે ૧૪ સ્વરોની સ્વર સંજ્ઞા થાત નહીં.

આ બધી આપત્તિઓ ન આવે માટે જ આચાર્ય ભગવંતે લખ્યું છે કે अन्तरङ्ग એવો તત્પુરુષ સમાસ જ થાય છે એવું પણ કહેવું નહીં. અમારે તો अकार વગેરે ૧૪ વર્ણોની સ્વરસંજ્ઞા કરવી છે. ઉપરોક્ત બધી ચર્ચાઓને ધ્યાનમાં લઈને આચાર્ય ભગવંતે બૃહદ્વૃત્તિટીકામાં औ જેના અન્તે છે એવા બધા જ વર્ણોની સ્વરસંજ્ઞા થાય છે એ પ્રમાણે જણાવેલ છે.

(श०न्या०) अत्र तकारमन्तरेणाविकृतस्वरूपस्य औकारस्योच्चारयितुमशक्यत्वाद्, विकृतस्वरूपस्य च संदेहादिजनकत्वाद्, वर्णसमाम्नायस्य नियामकत्वे वाऽतिप्रसङ्गाद् धातूपदेशस्थाकारवत् तकारः स्वरूपपरिग्रहार्थ इत्याह-**तकार उच्चारणार्थः** ।

અનુવાદ :- तकार વિના અવિકૃત સ્વરૂપવાળા औकारનું ઉચ્ચારણ કરવું અશક્ય થાત અર્થાત્ જો तकार લખવામાં ન આવત તો મૂળ સ્વરૂપથી औकारનું ઉચ્ચારણ થઈ શકત નહીં. આમ મૂળ એવા औનું ઉચ્ચારણ થઈ શકે એ હેતુથી तकार લખ્યો છે. કદાચ तकार ન લખે અને औને મૂળ સ્વરૂપે રહેવા દીધો હોત તો સન્ધિ વગેરેના નિયમોથી औનો आव् થાત તેમજ आव्ના व्નો લોપ થાત. આથી आ अन्ताः स्वराः થાત. આથી માત્ર अ અને आની જ સ્વરસંજ્ઞા થાત. ધાતુપાઠમાં પણ જેમ अकार ઉચ્ચારણ માટે લખાય છે તે જ પ્રમાણે અહીં પણ तकार સ્વરોને મૂળ સ્વરૂપથી ગ્રહણ કરવા માટે લખ્યો છે. तकार વગરનો औ લખાયો હોત તો औનું ઉચ્ચારણ થઈ શકત નહીં. વળી औનો आ થઈ જાત તો વર્ણની પરિપાટીમાં કોઈ નિયામકપણું ન રહેત. अથી आ સુધી સ્વરો ગણવા કે अથી औ સુધીના ? એ પ્રમાણે બે શક્યતા ઊભી થવાથી શંકા થાત. વળી आव् अन्तः આ અવસ્થામાં स्वरे वा (૧/૩/૨૪) સૂત્રથી व्નો લોપ વિકલ્પે થાત તો વિકલ્પપક્ષમાં લોપના અભાવમાં अ થી व् સુધીના વર્ણોને સ્વર માનવાની આપત્તિ આવત. અહીં आ અવ્યયને અવધિ અર્થનો વાચક માનવાથી व् સુધીના વર્ણો સ્વર માનવાની આપત્તિ આવત. આથી व् સુધીના વ્યંજનો પણ સ્વરસંજ્ઞાવાળા થાત અને તેમ થાત તો અતિવ્યાપ્તિ નામનો દોષ આવત. આ બધી આપત્તિઓ ન આવે માટે तकार, સ્વરનું સ્વરૂપથી ઉચ્ચારણ કરવા માટે લખ્યો છે. આ પ્રમાણે

तकार સ્વરૂપનું ગ્રહણ કરવા માટે લખ્યો હોવાથી આચાર્ય ભગવંતે બૃહદ્વૃત્તિ ટીકામાં લખ્યું છે કે तकार ઉચ્ચારણ માટે છે.

(શ૦ન્યા૦) उच्चार्यते स्वरूपेण स्वीक्रियतेऽनेनेति उच्चारणम्, स्वरूपपरिग्रह इति भावः। अकारादिषु स्वरूपेणाऽनुकार्येण वा अर्थवत्त्वविवक्षायां विभक्त्युत्पत्तौ कादिषु दोषदर्शनाद् द्वन्द्वैकवद्भावेन शषसहमिति विकृतिप्रसङ्गात् सतोऽप्यर्थवत्त्वस्याविवक्षितत्वाद् विभक्त्यनुत्पत्तिः, वर्णसमाम्नायानन्तरभावित्वात् स्वरादिसंज्ञानां तत्पूर्वकत्वाच्च दीर्घादिविधेर्वर्णसमाम्नायकाले तृतीयकक्षानिविष्टत्वात् तदभावादप्रसङ्गः, चादिषु पाठाद् वा, इत्यत आह-**अ आ इ ई** इत्यादि।

અનુવાદ :- उच्चारण શબ્દમાં કરણ અર્થમાં अनट् પ્રત્યય લાગ્યો છે. સ્વરૂપથી જેનાવડે સ્વીકાર કરાવાય છે એ અર્થમાં उद् ઉપસર્ગ પૂર્વક चर् ધાતુને णिग् લાગ્યા પછી अनट् લાગે છે અને "उच्चारणम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે જેનાવડે સ્વરૂપ ગ્રહણ કરાય છે તે ઉચ્ચારણ સ્વરૂપ तकार છે. સૂત્રમાં औ પછી 'त्" લખ્યો છે, તે औનો સ્વરૂપથી સ્વીકાર કરાવે છે.

બૃહદ્વૃત્તિટીકામાં अથી શરૂ કરીને औ સુધીના ૧૪ સ્વરો લખ્યા છે. હવે નામરૂપ પ્રકૃતિ હોય કે ધાતુરૂપ પ્રકૃતિ હોય તેમાં વિભક્તિની ઉત્પત્તિ અવશ્ય કરવી પડે. વિભક્તિ વગરનો પ્રયોગ સાધુપણાંને અથવા તો પદપણાંને પ્રાપ્ત કરતો નથી. આ પ્રમાણેનું કથન "न केवला प्रकृतिः प्रयोक्तव्याः" ન્યાયમાં જણાવાયું છે. આથી ક્યાંતો દરેક સ્વરને અંતે વિભક્તિ ઉત્પન્ન કરવી જોઈએ અથવા તો ચૌદ સ્વરોનો સમાહારદ્વન્દ્વ સમાસ કરી વિભક્તિ ઉત્પન્ન કરવી જોઈએ, છતાં "આચાર્ય ભગવંતે" કોઈ વિભક્તિની ઉત્પત્તિ કરી નથી એ વિભક્તિની અનુપપત્તિ માટેનું કારણ હવે જણાવાય છે. अकार વગેરેનો સ્વરૂપથી અર્થ વિષ્ણુ વગેરે થાય છે. આથી अનું સ્વરૂપથી અર્થવાન્‌પણું વિષ્ણુ સ્વરૂપ છે. તથા કોઈક વ્યક્તિ अનું ઉચ્ચારણ કરે છે અને બીજી વ્યક્તિ આ સાંભળીને ત્રીજી વ્યક્તિને કહે કે 'अ इति अयम् आह' અહીં બીજાએ જે अનું ઉચ્ચારણ કર્યું તે અનુકરણવાચક अ થશે. તથા પહેલો વ્યક્તિ કે જેણે अનું ઉચ્ચારણ કરેલ હતું એ અનુકાર્ય થશે. અનુકાર્ય સ્વરૂપ જે જે હોય તે અનુકરણનો અર્થ હોય છે. આમ, अकार વગેરેમાં સ્વરૂપથી અથવા તો અનુકાર્યથી અર્થવાન્‌પણું થાય છે.હવે, જે જે અર્થવાન્ હોય તેની નામસંજ્ઞા પડે છે. આથી વિભક્તિની ઉત્પત્તિ થવી જોઈએ છતાં બૃહદ્વૃત્તિટીકામાં अ, आ, इ... વગેરેમાં વિભક્તિની ઉત્પત્તિ કરેલ નથી. આ બાબતમાં કારણ જણાવતાં આચાર્ય ભગવંતશ્રી જણાવે છે કે, જો અહીં વિભક્તિની ઉત્પત્તિ કરી હોત તો कादिर्व्यञ्जनम् સૂત્રમાં દોષ ઉપસ્થિત થાત. ત્યાં પણ क વગેરે વર્ણોમાં અર્થવાન્‌પણાંની વિવક્ષાથી વિભક્તિ ઉત્પન્ન કરવી પડત અને તેમ કરત તો પદને અંતે क વગેરે વ્યંજનનો ત્રીજો વગેરે થવાની આપત્તિ આવત. તથા ૧/૧/૧૦ સૂત્રમાં બૃહદ્વૃત્તિટીકામાં ૩૩ વ્યંજનો બતાવ્યા છે. એનો સમાહાર દ્વન્દ્વ સમાસ કરવા દ્વારા લાઘવ કરવું પડત અને તેમ

થાત તો क વગેરે વ્યંજનોનું પોતાનું મૂળ સ્વરૂપ તો રહેત પણ શષસહમ્ માં જેમ દરેક વ્યંજનો સમુદાયના અવયવ સ્વરૂપે વિકાર પામે છે. અને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ગુમાવી દે છે. તે જ પ્રમાણે અહીં પણ "क" વગેરે વ્યંજનો પણ સમુદાયના અવયવ સ્વરૂપે વિકાર પામત અને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ગુમાવી દેત. અર્થાત્ તે બધા વર્ણો સમૂહ સ્વરૂપ જ થઈ જાત, પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધારણ કરી શકત નહીં. આવી બધી આપત્તિ ન આવે માટે જ અર્થ વિદ્યમાન હોતે છતે પણ અર્થવાન્પણાંની અવિવક્ષા કરીને આ સૂત્રમાં अ વગેરેમાં વિભક્તિની ઉત્પત્તિ કરી નથી.

આમ છતાં પણ કોઈક આગ્રહ રાખે કે અર્થવાન્પણું હોય તો ભલે વિભક્તિની ઉત્પત્તિ ન થાઓ, પરંતુ अ, आ, इ, ई વગેરે સ્વરો પાસે પાસે આવવાથી સંધિ થઈને દીર્ઘ વગેરે વિધિઓ તો થવી જોઈએ ને ? એના જવાબમાં આચાર્યભગવંતશ્રી જણાવે છે કે વર્ણના સમ્યક્ પાઠક્રમમાંથી ચોક્કસ વર્ણોની સ્વર વગેરે સંજ્ઞાઓ કરવામાં આવી રહી છે. આ સ્વરાદિ સંજ્ઞાઓ વર્ણના સમ્યક્ પાઠક્રમમાં નથી. તથા દીર્ઘ વગેરે વિધિ તો સ્વરસંજ્ઞા પ્રાપ્ત કરેલા વર્ણોમાં જ પ્રવર્તે છે. આમ, પ્રથમ વર્ણોની સમ્યક્ પરિપાટી આવશે. ત્યારબાદ સ્વરાદિ સંજ્ઞાઓ થશે. તેમજ સ્વરાદિ સંજ્ઞા થયા પછી ત્રીજા ક્રમે દીર્ઘ વગેરે વિધિઓ થશે. આમ, વર્ણની સમ્યક્ પરિપાટી જ્યારે બતાવાઈ રહી હોય ત્યારે દીર્ઘવિધિનો અભાવ હોવાથી જ દીર્ઘ વગેરે વિધિઓ થતી નથી.

અથવા चादयोऽसत्त्वे (૧/૧/૩૧) સૂત્રમાં अ વગેરે વર્ણોનો પાઠ હોવાથી આ બધા વર્ણોની અવ્યયસંજ્ઞા થાય છે. અવ્યયસંજ્ઞા થવાથી વિભક્તિ લાગી અને લોપ થઈ જાય છે. તેમજ अ વગેરે બધા અવ્યયોનો च વગેરે અવ્યયોની જેમ સમાહાર દ્વન્દ્વ સમાસ કર્યા વિના નિર્દેશ કરાયો છે. માટે દરેક અવ્યયો પછી વિરામ આવતો હોવાથી अ, आ, इ વગેરે અવ્યયોમાં દીર્ઘાદિવિધિઓ કરી નથી. જ્યારે-જ્યારે વિરામ હોય છે ત્યારે-ત્યારે "न सन्धिः" (૧/૩/૫૨) સૂત્રથી સન્ધિ નથી થતી. ટૂંકમાં अ વગેરે વર્ણો સૂત્રમાં વિભક્તિ રહિત છે. આથી જ આચાર્ય ભગવંતે अ, आ, इ વગેરેમાં વિભક્તિ વગરનો પ્રયોગ બતાવ્યો છે.

(श०न्या०) इह समुदाया अपि निर्दिश्यन्ते-ए ओ ऐ औ इति । (ऋ लृ इत्यधिकं कैयटे) अवयवा अपि, यथा-अ इ उ इति । तत्र समुदायपरे निर्देशे सन्निहिता अप्यवयवा नान्तरीयकत्वात् स्वरादिसंज्ञां न लभन्ते, अवयवपरे च निर्देशे समुदायो न संज्ञाभाक्, यथा-कादिष्वकारोऽन्यत्र प्राधान्येन निर्देशाद् व्यञ्जनसंज्ञां न प्रतिपद्यत इति 'बकसङ्घः' इत्यादौ "दीर्घङ्याब्व्यञ्जनात् सेः" [१.४.४५.] सेर्लुग् न भवति । यच्चासत्यामप्येकारादिरूपतायामयादयः समुदायाऽऽदेशा अपि अवयवान्निवर्त्तयन्ति तन्नान्तरीयकत्वेन, न त्ववयवानां समुदायकार्यभाक्त्वेन ।

અનુવાદ :- अથી શરૂ કરીને औ સુધીના ૧૪ સ્વરો વર્ણોના પાઠક્રમમાં બતાવવામાં આવ્યા છે. ત્યાં કેટલાંક સ્વરો સમુદાય સ્વરૂપ પણ બતાવાયા છે તથા કેટલાક સ્વરો અવયવ સ્વરૂપ પણ બતાવાયા છે. ए, ओ, ऐ, औ આ ચાર સ્વરો સમુદાય સ્વરૂપ છે. કૈયટ ऋ અને लृને પણ સમુદાય સ્વરૂપ માને છે. તેમજ अ, इ, उ વગેરે અવયવ સ્વરૂપ મનાયા છે. જો સ્વરોનો નિર્દેશ સમુદાયપરક માનવામાં આવે તો અવિનાભાવસંબંધથી એક સાથે વિદ્યમાન એવા અવયવો સ્વરસંજ્ઞાને પ્રાપ્ત કરતાં નથી. ए, ऐ, ओ, औ સમુદાયપરક છે. હવે જો સમુદાયપરક નિર્દેશ માનવામાં આવે તો આ બધા સ્વરોમાં અવયવ તરીકે રહેલા अवर्ण, इवर्ण, उवर्ण વગેરેની સ્વરસંજ્ઞા થશે નહીં તેમજ જો અવયવપરક નિર્દેશ માનવામાં આવે તો સમુદાયપરક વર્ણોની સ્વરસંજ્ઞા થશે નહીં. આ અંગે એક ઉદાહરણ વિચારીએ. કોઈકને કહેવામાં આવે કે, તું વૃક્ષોનું સિંચન કર. તો તે સમયે તે વ્યક્તિ વૃક્ષોનાં અવયવ સ્વરૂપ શાખા, પત્ર (પાંદડા), થડ વગેરેનું સિંચન કરતો નથી. સિંચન કરવાની ક્રિયા માટે તે અવયવી સ્વરૂપ વૃક્ષને જ ઇચ્છે છે. સમુદાયનો નિર્દેશ હોવાથી અવયવોને ગ્રહણ કરી શકાતા નથી. માટે જ તે અવયવી સ્વરૂપ વૃક્ષને જ ઇચ્છે છે. તે જ પ્રમાણે તમે પત્ર, પુષ્પ, ફૂલ વગેરેને લાવો. આમ, અવયવ સ્વરૂપ નિર્દેશ જ્યારે કરવામાં આવે છે ત્યારે લોકો આખા વૃક્ષને લાવતા નથી. આમ, જગતમાં પણ ક્યાંતો સમુદાય સ્વરૂપ પ્રરૂપણા કરવામાં આવે છે અથવા તો અવયવ સ્વરૂપ પ્રરૂપણા કરવામાં આવે છે.

અહીં ચૌદ સ્વરોમાં પણ જો અવયવપરક નિર્દેશ કરવામાં આવે તો સમુદાય સ્વરૂપ વર્ણોની સ્વરસંજ્ઞા થશે નહીં. તથા સમુદાયપરક નિર્દેશ કરવામાં આવે તો એકસાથે વિદ્યમાન પણ અવયવો સ્વરાદિ સંજ્ઞાને પ્રાપ્ત કરશે નહીં. 'अ'થી 'औ' સુધીનાં ચૌદ સ્વરોમાં સમુદાય સ્વરૂપ વર્ણોની જ સ્વરસંજ્ઞા પડશે, પણ અવયવોની સ્વરસંજ્ઞા થશે નહીં. સમુદાય અવયવોની સાથે અવિનાભાવસંબંધથી રહ્યો હોવાથી જો સમુદાયની સ્વરસંજ્ઞા થઈ જાય તો હવે અવયવોની સ્વરસંજ્ઞા થશે નહીં. સંસારમાં પણ બારી, બારણાં, થાંભલા, દિવાલો વગેરે અવયવોનાં સમુદાય સ્વરૂપ પદાર્થની જો 'ઘર' (ગૃહ) એ પ્રમાણે સંજ્ઞા થઈ જાય તો ઘરની સાથે જ અવિનાભાવસંબંધથી રહેનારા એવાં થાંભલા, બારી, બારણા સ્વરૂપ અવયવોની અલગ એવી 'ઘર' (ગૃહ) સંજ્ઞા થતી નથી. આ પ્રમાણે અવયવપરક નિર્દેશ કરવામાં આવે તો સમુદાય એ સ્વરસંજ્ઞાને ભજનારો થશે નહીં. દા.ત. 'क' વગેરેમાં 'क्' તથા 'अकार' એ બેનો સમુદાય રહ્યો છે. આ સમુદાયમાં માત્ર 'क्'ની જ વ્યંજનસંજ્ઞા થાય છે. પરંતુ 'अ' સહિત 'क्'ની (સમુદાયની) વ્યંજનસંજ્ઞા થતી નથી. 'अकार' અન્ય ઠેકાણે પ્રધાનતાથી નિર્દેશ કરાયો હોવાથી અહીં માત્ર 'क्'ની જ વ્યંજન સંજ્ઞા થશે, પરંતુ 'अ'ની વ્યંજનસંજ્ઞા નહીં થાય. તેમજ સમુદાય સ્વરૂપ (क् + अ) 'क'ની પણ વ્યંજનસંજ્ઞા નહીં થાય. હવે સમુદાય સ્વરૂપ 'क'ની વ્યંજનસંજ્ઞા થતી નથી માટે જ "बंकसङ्घः"

વગેરે પ્રયોગોમાં "दीर्घङ्याब्व्यञ्जनात्"... (૧/૪/૪૫) સૂત્રથી 'सि'નો લુક્ થશે નહીં. આ "बकसङ्घः" પ્રયોગમાં 'ङ्', 'घ' તથા 'अ' સ્વરૂપ સમુદાયની વ્યંજનસંજ્ઞા ન થવાથી અંતમાં વ્યંજનનો અભાવ હોવાથી (૧/૪/૪૫) સૂત્રથી 'सि'નો લુક્ થયો નથી.વ્યંજનમાં અવયવપરક નિર્દેશ હોવાથી "ङ्घः" સ્વરૂપ સમુદાયની વ્યંજનસંજ્ઞા ન થવાથી "सि"નો લુક્ થયો નથી. માટે જ "पदस्य" (૨/૧/૮૯) સૂત્રમાં બે વ્યંજનનાં સમૂહને પણ સંયોગવાળા સમજીને પદને અંતે એકથી વધારે વ્યંજન હોય તો અન્ત્ય વ્યંજનનો લોપ થાય છે એવું કહેવું પડ્યું છે.

હવે "यच्चासत्याम् अपि..." પંક્તિઓનો અર્થ જણાવાય છે. જો સ્વરમાં અવયવપરક નિર્દેશ માનવામાં આવે તો સમુદાય સ્વરૂપ વર્ણોને કેવા માનવા ? અને સમુદાયપરક નિર્દેશ માનવામાં આવે તો અવયવ સ્વરૂપ વર્ણોને કેવા માનવા ? એવો પ્રશ્ન ઉપસ્થિત થશે. આ સંદર્ભમાં આચાર્ય ભગવંત કહે છે કે एकार વગેરે સ્વરૂપવાળાં સન્ધ્યક્ષરો (સમુદાય સ્વરૂપ વર્ણો) અવિદ્યમાન હોતે છતે પણ "अय्" વગેરે સમુદાયનાં આદેશો પણ અવયવોને નિવર્તન કરનારા થશે જ. જે પ્રમાણે 'ए'નો આદેશ 'अय्' થાય છે ત્યારે 'अय्' સ્વરૂપ આદેશ 'ए'નું નિવર્તન કરવા દ્વારા જ પ્રાપ્ત થાય છે. તે જ પ્રમાણે સમુદાયની સાથે અવિનાભાવસંબંધથી રહેનારા અવયવોને પણ 'अय्' વગેરે આદેશો નિવર્તન (દૂર) કરશે જ. આ પ્રમાણે ભલે 'एकार' વગેરે ન હોય તો પણ "अय्" વગેરે આદેશો જે પ્રમાણે 'ए'નું નિવર્તન કરે છે એ જ પ્રમાણે 'ए'નાં અવયવ સ્વરૂપ 'अ' અને 'इ'નું પણ નિવર્તન કરે જ છે. સંસારમાં જેમ એમ કહેવાય છે કે ધરતીકંપ સ્વરૂપ કાર્ય જેમ ઘરનું નિવર્તન કરે છે તેમ ઘરની સાથે જ અવિનાભાવસંબંધથી રહેનારા એવાં થાંભલા, બારી, બારણા વગેરેનું પણ નિવર્તન કરશે જ. અવયવો સમુદાયનું કાર્ય કરે છે એમ માનીને "अय्" વગેરે આદેશો અવયવને નિવર્તન કરનારા થશે એવું કહેવું નહીં. અવયવો સમુદાયનું કાર્ય કરે એ તો મજબૂરી હોય ત્યાં જ થશે. દા.ત. બારી, બારણા, થાંભલા વગેરે અવયવો ઘર સ્વરૂપ સમુદાયનું કાર્ય કરે છે, માટે ધરતીકંપ સ્વરૂપ કાર્ય બારી, બારણા, થાંભલા વગેરેને દૂર કરે છે એવું કહેવાય નહીં. કારણ કે બારી, બારણા, થાંભલા વગેરે સ્વરૂપ અવયવો ઘર સ્વરૂપ કાર્યને કરે પણ ખરા અથવા તો ન પણ કરે. આ પ્રમાણે સન્ધ્યક્ષરનાં અવયવો "अय्" વગેરે કાર્યોને કરે છે એમ માનીને અવયવોની નિવૃત્તિ થતી નથી. આ કારણથી જ સમુદાયની સ્વરસંજ્ઞા પડે તો સમુદાયના કાર્યને કરનારા એવા અવયવોની પણ સ્વરસંજ્ઞા થઈ જશે જ, એવું નહીં થાય. તેથી અવયવોની સ્વરસંજ્ઞા કરવા માટે નવો પુરૂષાર્થ કરવો પડશે.

(श०न्या०) ननु तथाऽपि 'अग्ने इन्द्रम्' इत्यादौ यत्रावयवकार्यं [प्राप्नोति समुदायकार्यं च] तत्रान्तरङ्गत्वात् तत्र च साक्षाच्चोदितत्वात् प्रत्यक्षत्वाद् वाऽवयवकार्यप्रसङ्गः; अवयवावगतिपूर्वकत्वाद्धि समुदायावगमस्य समुदायकार्यं बहिरङ्गम्; अयादीनां त्ववकाश 'अग्ने आयाहि'

इति । नन्वत्राप्यवयवस्य यादेशेन भाव्यमिति चेद्, न-*येन नाप्राप्ते०* इति यकारादेशस्यैवाया-दयो बाधकाः स्युः । तत्र यथा 'दधीन्द्र' इत्यत्र दधिशब्दस्थ इकारः समानदीर्घत्वं प्रतिपद्यते, एवमेकारस्थोऽपि प्रतिपद्येत ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- "अग्ने + इन्द्रम्" આ પ્રયોગમાં સમુદાય સ્વરૂપ 'ए'નાં કાર્યની પણ પ્રાપ્તિ છે અને અવયવ સ્વરૂપ 'इ'નાં કાર્યની પણ પ્રાપ્તિ છે, તે આ પ્રમાણે છે - "अग्ने + इन्द्रम्" વગેરે પ્રયોગોમાં "अग्न् + अ + इ + इन्द्रम्" આ પ્રમાણે વર્ણોનો ક્રમ રહેશે. હવે "इन्द्रम्"નાં 'इ' સાથે પૂર્વનો અવયવ 'इ' જોડાય તો પણ કાર્ય થઈ શકે છે અને "इन्द्रम्" નાં 'इ'ની પૂર્વમાં રહેલાં અવયવનાં સમૂહ સ્વરૂપ 'ए'નું પણ કાર્ય થઈ શકે છે. અહીં જો સમુદાયનું કાર્ય કરવામાં આવે તો 'अय्' આદેશ થવા દ્વારા "अग्नयिन्द्रम्" કાર્ય પણ થશે તેમજ 'अग्नेन्द्रम्' સ્વરૂપ કાર્ય પણ થઈ શકશે. જો સમુદાય સ્વરૂપ 'ए'નું કાર્ય કરવામાં આવે તો 'ए'નો 'अय्' થવા દ્વારા 'अग्नयिन्द्रम्' પ્રયોગ પ્રાપ્ત થશે. પરંતુ અહીં સમુદાયનું કાર્ય કરવું હશે તો તે બહિરંગ કાર્ય છે. બહિરંગ કાર્યનું કારણ, નિમિત્તો ઘણા બધા છે. સૌ પ્રથમ અવયવ સ્વરૂપ 'अ' અને 'इ'ની સંધિ કરીને 'ए' સ્વરૂપ કાર્ય થશે તથા 'ए'નો 'अय्' 'इन्द्रम्'નાં 'इ'ને માનીને કરવામાં આવશે. આ પ્રમાણે સમુદાયનાં કાર્યોમાં નિમિત્તો ઘણાં હોવાથી બહિરંગ કાર્ય છે તથા અવયવનાં કાર્યમાં 'ई' કરવાનાં નિમિત્તે એક જ નિમિત્ત છે. આથી અંતરંગ કાર્ય છે. આ પ્રમાણે "अग्ने + इन्द्रम्" પ્રયોગમાં અંતરંગપણાંથી 'ई' સ્વરૂપ કાર્યની પ્રાપ્તિ આવે છે. વળી, 'अय्' સ્વરૂપ કાર્ય છે એ પરોક્ષ સ્વરૂપે છે. જ્યારે 'ई' સ્વરૂપ કાર્ય એ સાક્ષાત્ કહેવાય છે. માટે અવયવનું જ કાર્ય થશે અને તેમ થવા દ્વારા "अग्नेन्द्रम्" પ્રયોગની જ સિદ્ધિ થશે. પરંતુ સમુદાય સ્વરૂપ 'ए'નું 'अय्' સ્વરૂપ કાર્ય પ્રાપ્ત થતું નથી.

પ્રતિપૂર્વપક્ષ :- આ પ્રમાણે થશે તો 'अय्' વગેરે કાર્યોનો અવકાશ ક્યાં રહેશે ?

પૂર્વપક્ષ :- "अग्ने आयाहि" વગેરે પ્રયોગોમાં માત્ર સમુદાય કાર્યની પ્રાપ્તિ આવશે તે આ પ્રમાણે છે - અહીં જો 'ए'ને અવયવ સ્વરૂપ માનવામાં આવે તો "अग्न् + अ + इ + आयाहि" આ પ્રયોગમાં 'इ'નો 'आ' પર છતાં 'य्' થશે અને 'अग्नयायाहि' સ્વરૂપ સંધિ થશે, તથા સમુદાય સ્વરૂપ 'ए'નો 'आ' સ્વર પર છતાં 'अय्' કરવામાં આવશે તો પણ 'अग्नयायाहि' સ્વરૂપ સંધિની પ્રાપ્તિ થશે. આવા પ્રયોગોમાં સમુદાયનું કાર્ય કરવામાં આવે તો પ્રક્રિયા લાઘવ થાય છે. આથી સમુદાય સ્વરૂપ 'ए' વગેરેનાં 'अय्' વગેરે કાર્યોની પ્રાપ્તિ પણ આવા ઉદાહરણોમાં મળી જશે.

પ્રતિપૂર્વપક્ષ :- "अग्ने + आयाहि" પ્રયોગમાં પણ અવયવ સ્વરૂપ 'इ'નું કાર્ય 'य्' જ કરવા યોગ્ય છે. 'य्'નું કાર્ય અંતરંગ છે. વળી, સાક્ષાત્ પણ કહ્યું છે. આથી પ્રથમ 'य्' સ્વરૂપ કાર્ય જ કરવા યોગ્ય છે, પરંતુ સમુદાય સ્વરૂપ 'ए'નો 'अय्' કરવા યોગ્ય નથી.

પૂર્વપક્ષ :- ન્યાયસંગ્રહમાં એક ન્યાય આવે છે જે આ પ્રમાણે છે - "येन नाप्राप्ते यो विधिरारभ्यते स तस्यैव बाधकः" (જેનાથી પ્રાપ્તિ હોતે છતે જે વિધિનો આરંભ કરાય, તે નવી આરંભ કરાયેલી વિધિ પહેલાં પ્રાપ્ત એવી વિધિનો જ બાધ કરનારી થાય છે.)

દા.ત. "विद्वस् + कुलम्" આ સામાસિક શબ્દમાં "सो रुः" (૨/૧/૭૨) સૂત્રથી "स्"નાં "र्"ની વિધિ પ્રાપ્ત હતી. છતાં પણ "स्रंस् - ध्वंस्... (૨/૧/૬૮) સૂત્રનો આરંભ કરાયો જે 'क्वस्'નાં 'स्'નો 'द्' કરે છે. આથી આરંભ કરાયેલી એવી 'स्'નાં 'द्'ની વિધિ પૂર્વોક્ત 'स्'નાં 'र्'ની વિધિનો જ બાધ કરનાર થાય છે. તેમ "अग्ने आयाहि" પ્રયોગમાં પણ અવયવનાં (इ નાં) કાર્ય 'य्'ની પ્રાપ્તિ હતી જ અને તેનાથી પણ 'अग्नयायाहि' પ્રયોગની સિદ્ધિ થઈ જ જતી હતી. છતાં પણ "एदैतोऽयाय्" (૧/૨/૨૩) સૂત્રનો આરંભ કર્યો. (વિધિનો આરંભ કર્યો), તે 'य्' વિધિનો જ [(૧/૨/૨૧) સૂત્રથી થતી વિધિનો)] બાધ કરનાર થાય છે. આથી સમુદાય સ્વરૂપ 'ए' વર્ણનાં જ કાર્યની પ્રાપ્તિ આવશે.

આ પ્રમાણે સમુદાય સ્વરૂપ વર્ણો પણ અવયવનાં કાર્યને જ ભજનારા થાય છે એવું માનવું જોઈએ. આથી જેમ "दधि + इन्द्र"માં સમાન સ્વરનું દીર્ઘપણું પ્રાપ્ત થવા દ્વારા "दधीन्द्र" પ્રાપ્ત થાય છે. એ જ પ્રમાણે "अग्ने + इन्द्रम्" વગેરે પ્રયોગોમાં પણ 'ए'કારમાં રહેલ અવયવ 'इ'ને માનીને સમાન સ્વરનું દીર્ઘપણું કરવું જોઈએ.

(श०न्या०) नैवम्-अवयवानां तिरोहितत्वात्, समुदायकार्ये च पारतन्त्र्यात् स्वकार्यस्याप्रयोजकत्वाद् नरसिंहवज्जात्यन्तरयोगाद् वा वर्णान्तरसारूप्येण तत्कार्याप्रवर्त्तनादप्रसङ्गोऽवयवकार्यस्येति ।

અનુવાદ :- ઉત્તરપક્ષ :- જ્યારે જ્યારે અવયવીનું કાર્ય આવીને ઊભું રહે છે ત્યારે અવયવો તિરોહિત થાય છે. વળી, સમુદાયનું કાર્ય આવીને ઊભું રહે છે ત્યારે અવયવનું કાર્ય પરાધીનપણાવાળું થાય છે. માટે અવયવો પોતાનું કાર્ય કરી શકતા નથી. દા.ત. શીતળતા આપવા સ્વરૂપ કાર્યમાં સંપૂર્ણ વૃક્ષ પ્રવૃત્તિમાન્ થાય છે. ત્યારે આ વૃક્ષ શાખા, પાંદડા, થડ વગેરે અવયવોથી બન્યું હોવા છતાં સંપૂર્ણ વૃક્ષ જ શીતળતા આપવા સ્વરૂપ કાર્યમાં જોડાઈ જાય છે. વૃક્ષના અવયવો તે સમયે પોતાનાં અલગ અલગ કાર્યો કરવા અશક્તિમાન થાય છે. જો વૃક્ષનાં અવયવો પોતાનાં અલગ અલગ કાર્યો કરવા પ્રવૃત્તિવાળા થાય જેમ કે પાંદડાનું કાર્ય ઔષધિ વગેરેનું તો અવયવી સ્વરૂપ વૃક્ષનું શીતળતા આપવા સ્વરૂપ કાર્ય થઈ શકશે નહીં.

કદાચ કોઈક એમ કહે કે, સમુદાયનાં કાર્યમાં પણ અવયવોનું પૃથગ્ કાર્ય તો રહે જ છે. જેમ કે વૃક્ષનું શીતળતા આપવા સ્વરૂપ કાર્ય પ્રવર્તતું હોય ત્યારે શાખા વગેરે બાળકોને હિંચકા

ખવડાવવા વગેરે કાર્યોમાં તો પ્રવર્તે જ છે. તેનાં અનુસંધાનમાં આચાર્ય ભગવંત "नरसिंहवत्"... દ્વારા બીજો હેતુ આપે છે. સમુદાયમાં અવયવોનું પૃથગ્ ગ્રહણ થતું નથી. જેમ કે ભગવાનનો નરસિંહ સ્વરૂપ અવતાર થાય ત્યારે નરસિંહ અવતારનાં અવયવો નર અને સિંહ હોવા છતાં પણ બે અવયવોનું પૃથગ્ ગ્રહણ થતું નથી. પરંતુ નરસિંહમાં નવી જાતિનું જોડાણ થાય છે. અર્થાત્ નરસિંહ એ અન્ય જાતિ સ્વરૂપે હોવાથી નરત્વ અને સિંહત્વ જાતિને તે સમયે પૃથગ્ ગ્રહણ કરાતી નથી. એ જ પ્રમાણે અહીં પણ જ્યારે સ્વરો સમુદાયપરકવાળા થશે ત્યારે તે અન્ય વર્ણ સ્વરૂપ થશે અને તે સમયે અવયવોનું કાર્ય ગૌણ બનશે. માટે જ અવયવનાં કાર્યનો પ્રસંગ આવતો નથી.

ટૂંકમાં, આચાર્ય ભગવંત એવું કહેવા માંગે છે કે ક્યાંક અવયવ સ્વરૂપ કાર્ય જોવા મળશે અને ક્યાંક સમુદાય સ્વરૂપ કાર્ય જોવા મળશે. અમે તો સ્યાદ્વાદનો આશ્રય કર્યો હોવાથી તે તે લક્ષ્યોની સિદ્ધિ કરવા માટે સમુદાયનાં પક્ષનો અથવા તો અવયવનાં પક્ષનો સ્વીકાર કરીશું.

ऌ વર્ણનાં ઉપદેશનું પ્રયોજન નિરર્થક છે એવું માનનારને માટે "આચાર્ય ભગવંત" હવે પછીની પંક્તિઓ લખે છે.

(श०न्या०) नन्विह शास्त्रे वर्णोपदेशप्रयोजनवशः (वर्णोपदेशः प्रयोजनवशात्) ऌवर्णोपदेशस्य न किमपि प्रयोजनमुत्पश्यामः, ऌकारस्तावत् कृपिस्थ एव प्रयोगी दृश्यते, न च तत्र स्वरत्वे किमपि फलमस्ति, ॡकारस्य तु सर्वथा प्रयोगासम्भव एव,

અનુવાદ :- પૂર્વપક્ષ :- અહીં કૌંસમાં બતાવેલો પાઠ સમ્યક્ જણાય છે. આથી એ પ્રમાણે અમે અર્થ કરીએ છીએ.અહીં શાસ્ત્રમાં પ્રયોજનનાં વશથી વર્ણોનું કથન કર્યું છે. બાકીનાં બધા વર્ણોનાં કથનનું પ્રયોજન તો શાસ્ત્રમાં જણાય છે, પરંતુ ऌ વર્ણનાં ઉપદેશનું અમે કોઈ પણ પ્રયોજન જોતા નથી. ऌकार कृपौङ् सामर्थ्ये – ૯૫૯ ધાતુમાં જ પ્રયોગવાળો દેખાય છે અને "कृप्" ધાતુનાં "ऋ"નો શાસ્ત્રમાં જે "ऌ" આદેશ કર્યો છે તેનું સ્વરપણું હોતે છતે કોઈ ફળ નથી. વળી દીર્ઘ ॡकारનો પ્રયોગ તો સર્વ પ્રકારે અસંભવ જ છે.

(श०न्या०) नैवम्-कृपिस्थस्यापि ऌकारस्य 'क्लृप्तः', 'क्लृ३प्तशिख !' इत्यादौ द्वित्व-प्लुतादेः स्वरकार्यस्य दर्शनात्। तथाहि-"अदीर्घाद् विरामैकव्यञ्जने" [१.३.३२.] "दूरादामन्त्र्यस्य गुरुर्वैकोऽनन्त्योऽपि लनृत्" [७.४.९९.] इत्यादिना द्वित्वप्लुतादिकार्यम्। तत्र स्वरस्याधिकृतस्या(त्वाद)सति स्वरत्वे न स्यादिति।

અનુવાદ :- ઉત્તરપક્ષ :- ऌમાં સ્વરપણું માનીને શાસ્ત્રમાં કોઈ કાર્ય થતું નથી એવું કહેવું નહીં. "कृप्" ધાતુ સંબંધી "ऋ"નો "ऌ" થયા પછી તથા તે "ऌ"ને સ્વર માનવાથી "क्लृप्प्तः"

"क्लृ३प्तशिख!" વગેરે પ્રયોગોમાં "प्"નું દ્વિત્વ કાર્ય તથા "लृ" સ્વરનું પ્લુતકાર્ય શાસ્ત્રમાં જણાય જ છે. તે આ પ્રમાણે - "अदीर्घाद् विरामैकव्यञ्जने" (૧/૩/૩૨) સૂત્રથી "प्"નું દ્વિત્વ કાર્ય થયું. "दूरादामन्त्र्यस्य गुरुर्वैकोऽनन्त्योऽपि - लनृत्" (૭/૪/૯૯) સૂત્રથી "लृ"નું પ્લુત કાર્ય થયું. એ સૂત્રોમાં સ્વર નિમિત્તક કાર્યોનો જ અધિકાર હોવાથી જો "लृ"માં સ્વરપણું ન થાય તો દ્વિત્વ અને પ્લુત સ્વરૂપ કાર્ય ન થાય.

(शं०न्या०) किञ्च, जाति-गुण-क्रिया-यदृच्छाभेदाच्चतुष्टयी शब्दानां प्रवृत्तिः । तत्रानपेक्षितार्थगतप्रवृत्तिनिमित्ते यदृच्छाशब्दे 'दध्य्लृतकाय देहि,' 'मध्व्लृतकाय देहि' इत्यादौ स्वरत्वस्य यत्वादिकमपि प्रयोजनमस्ति । साधुत्वं चास्य स्वरूपमात्रनिबन्धनत्वेन निवर्त्तकशब्दान्तराभावात् ।

અનુવાદ :- વળી શબ્દોની પ્રવૃત્તિ જાતિ, ગુણ, ક્રિયા અને યદચ્છા ભેદથી ચાર પ્રકારની છે. જે નામો પોતાની ઈચ્છાથી પાડવામાં આવે તે શબ્દો યદચ્છા શબ્દો કહેવાય છે. આવા શબ્દમાં પ્રવૃત્તિ નિમિત્ત અપેક્ષિત અર્થવાળું હોતું નથી અર્થાત્ પદાર્થમાં રહેલાં ધર્મ પ્રમાણે શબ્દોની પ્રવૃત્તિ હોતી નથી. જે પ્રમાણે "पाचकः" શબ્દમાં પ્રવૃત્તિનિમિત્ત રાંધવાની ક્રિયા છે, આથી જ્યાં જ્યાં રાંધવાની ક્રિયા હશે ત્યાં ત્યાં "पाचक" શબ્દનો પ્રયોગ થશે; એવું યદચ્છા શબ્દમાં થતું નથી. "लृतक" શબ્દ એ યદચ્છા શબ્દ છે. આથી "दधि लृतकाय देहि" તથા "मधु लृतकाय देहि". બંનેમાં "इ" અને "उ"નો "लृतक" નાં "लृ" સ્વર પર છતાં અનુક્રમે "य्" અને "व्" સ્વરૂપ કાર્ય થશે. હવે "लृ" સ્વરને વર્ણોનાં પાઠક્રમમાં સમાવવામાં ન આવે તો "लृ" સ્વરને માનીને "य्" અને "व्"નું કાર્ય નહીં થાય. માટે "यत्व" વગેરે કાર્ય પણ "लृ" સ્વરનું પ્રયોજન છે. બંનેનો અર્થ છે - "તું લૃતકને દહીં આપ", "તું લૃતકને મધ આપ."

હવે "लृतक" વગેરે શબ્દો સાધુ શબ્દ છે કે નહીં ? તેની ચર્ચા કરે છે. જો "लृतक" વગેરે શબ્દો સાધુ થાય તો જ "लृ" સ્વરને માનીને કરેલું કાર્ય યોગ્ય ગણાય. આ "लृतक" શબ્દ એ સાધુ શબ્દ છે. કારણ કે તે પોતાનાં અર્થમાં જ વર્તી રહ્યો છે. વળી, આ શબ્દને અસાધુ સિદ્ધ કરે એવો કોઈ અન્ય શબ્દ નથી. જેમ "गावी" શબ્દનો નિવર્તક गो શબ્દ છે તેવો लृतक શબ્દનો નિવર્તક કોઈ શબ્દ નથી.

(श०न्या०) न च ऋलकशब्दः शास्त्रान्वितः लृतकशब्दं निवर्त्तयति, तदर्थस्य तेन प्रत्याययितुमशक्यत्वात् । समाने चार्थे शास्त्रान्वितोऽशास्त्रान्वितं निवर्त्तयति, यथा-गवादिशब्दो गाव्यादीन् ।

અનુવાદ :- જે શબ્દો સમાન અર્થમાં વર્તી રહ્યા હોય તેમાંથી જ કોઈક શબ્દ શાસ્ત્રસિદ્ધ હોય અને કોઈ શબ્દ શાસ્ત્રવડે અસિદ્ધ હોય તે સમયે શાસ્ત્રસિદ્ધ શબ્દ શાસ્ત્રવડે અસિદ્ધ એવા અન્ય

શબ્દનો ત્યાગ કરે છે. કારણ કે શાસ્ત્રસિદ્ધ શબ્દ એ સાધુ શબ્દ છે. જે બાકીનાં બધા જ અસાધુ શબ્દોનો ત્યાગ કરનારો થાય છે.જે પ્રમાણે "गो" શબ્દ તેનાં જેવા જ અર્થવાળા એવાં गावी, गोणी, गोता વગેરે શબ્દોનો ત્યાગ કરનારો થાય છે. એ પ્રમાણે "ऋतकः" શબ્દ શાસ્ત્રસિદ્ધ છે. તે लृतकः શબ્દનો ત્યાગ કરનારો નથી થતો. કારણ કે બંનેનાં સમાન અર્થવાળાપણું નથી. માટે लृतक શબ્દમાં પણ સાધુપણું ઘટે છે.

(श०न्या०) ऋतकार्थे एव च प्रयुज्यमानस्याऽस्याऽपभ्रंशरूपत्वेनाऽसाधुत्वम्, यतः स एव हि शब्दः क्वचिदर्थविशेषे साधुरन्यथा त्वसाधुः । यथाऽस्वे(अश्वे)ऽस्वशब्दो धनाभावनिमित्तकः साधुः, जातिनिमित्तकस्त्वसाधुः । गवि च गोणीशब्दो गोणीसाधर्म्यात् प्रयुक्तः साधुः, जाति-प्रयुक्तस्त्वसाधुरित्यर्थवान् लृवर्णोपदेशः ।

અનુવાદ :- જો "ऋतक" અર્થમાં જ "लृतक શબ્દનો પ્રયોગ કરાય તો "ऋतक" માટે "लृतक" શબ્દ અપભ્રંશ સ્વરૂપ થાય છે. જે વ્યાકરણનાં નિયમથી વિપરીત રીતે ઉત્પન્ન થયો હોય તેને અપભ્રંશ શબ્દ કહેવાય છે. જે શબ્દમાં અપભ્રંશપણું થાય છે, તે અસાધુ શબ્દ કહેવાય છે. જો આ "लृतक" શબ્દ કોઈ અર્થવિશેષમાં પ્રયોગ થયો હોય તો તે સાધુ શબ્દ થાય છે અને "ऋतक" અર્થમાં પ્રયોગ થયો હોય તો અસાધુ શબ્દ થાય છે. દા.ત. "अस्व" શબ્દ ધનનાં અભાવનાં નિમિત્તવાળો હોય તો સાધુ શબ્દ છે. પરંતુ "अश्व"નાં વિષયમાં જાતિનિમિત્તક તરીકે વપરાયો હોય તો તે અસાધુ શબ્દ છે. "गोणी" (અનાજ ભરવાની ગુણ)ની સમાનતાથી "गोणी" શબ્દનો પ્રયોગ "ગાય"નાં વિષયમાં કરવામાં આવે તો એવો "गोणी" શબ્દ સાધુ શબ્દ કહેવાય છે. અહીં કોઈ ચોક્કસ ગાયને અનાજ ભરવાની ગુણ જેવી કહેવી છે. માટે આવો "गोणी" શબ્દ ગાયનાં વિષયમાં કહેવાયો હોય તો પણ સાધુ શબ્દ કહેવાય છે. કોઈક વ્યક્તિ અત્યંત જાડો હોય અને તે વ્યક્તિને હાથી જેવો સમજીને લોકો "હાથી આવ્યો" એમ કહે તો ચોક્કસ વ્યક્તિનાં અર્થમાં પ્રવર્તતો એવો આ "હાથી" શબ્દ સાધુ શબ્દ કહેવાય છે. તે જ પ્રમાણે અહીં કોથળા જેવી ગાય કહેવી હોય તો ગાયનાં વિષયમાં પ્રવર્તતો એવો "गोणी" શબ્દ સાધુ શબ્દ કહેવાય છે. પરંતુ સમસ્ત ગાય માટે જો આ "गोणी" શબ્દનો પ્રયોગ કરવામાં આવે તો તે અસાધુ શબ્દ થાય છે. એ જ પ્રમાણે અહીં "लृतक" શબ્દ ચોક્કસ અર્થમાં વર્તી રહ્યો હોવાથી સાધુ શબ્દ છે. આથી "लृ" સ્વર નિમિત્તક કાર્યની પ્રાપ્તિ થઈ શકશે. માટે વર્ણોનાં પાઠક્રમમાં "लृ" વર્ણનો ઉપદેશ પ્રયોજનવાળો છે.

(श०न्या०) सन्ति वाऽव्युत्पन्ना यदृच्छाशब्दाः, ते च पारम्पर्यागताः शिष्टप्रयुक्ता एव संज्ञात्वेन विधेयाः, न गाव्यादयः । तथाऽशक्तिजानुबन्धानुकरणे (०जानुकरणे) भिन्नार्थत्वेन

शब्दान्तरत्वात् शिष्टप्रयुक्तत्वात् तदन्यसाधुशब्दवत् साधुरूपे 'कुमार्य्लृतक' इत्याह 'मृद्लृकारमधीते' इत्यादावपि स्वरत्वस्य यत्वादिकम् ।

અનુવાદ :- જેમાં પ્રત્યય અને પ્રકૃતિનો વિભાગ ન હોય એવાં "उण्" વગેરે પ્રત્યયથી સિદ્ધ થયેલાં નામોને અવ્યુત્પન્ન નામો કહેવામાં આવે છે. અહીં જે "यदृच्छा" શબ્દો છે તે અવ્યુત્પન્ન શબ્દો છે અને તે પરંપરાથી પ્રાપ્ત થયેલાં શિષ્ટપુરુષોવડે પ્રયોગ કરાયેલાં હોય છે અને એવાં શબ્દોનો સંજ્ઞાશબ્દો તરીકે વ્યવહાર થાય છે. આથી "लृतक" શબ્દ પણ સંજ્ઞાશબ્દ તરીકે આ જ પ્રમાણે પ્રાપ્ત થયો હોવાથી સાધુ શબ્દ જ છે, પરંતુ ગાવી વગેરે શબ્દો તેવાં નથી.

તથા "अशक्तिजानुकरणे" પંક્તિની પૂર્વભૂમિકા આ પ્રમાણે છે - "लृतक" શબ્દ અવ્યુત્પન્ન નામ છે, એવો નિર્દેશ તો શાસ્ત્રમાં ક્યાંય મળતો નથી. આથી लृ સ્વર નિમિત્તક કાર્યમાં હજી પણ સંદિગ્ધતા રહે છે. આ સંદિગ્ધતાને દૂર કરવા માટે लृतक શબ્દમાં અનુકરણવાચકપણું સિદ્ધ કરીને સાધુપણું સિદ્ધ કરે છે. કુમારી નામની કોઈ વ્યક્તિ ઉચ્ચારણશક્તિની વિકલતાથી "ऋतक"ને બદલે "लृतक" શબ્દ બોલે છે. મૈત્ર આ શબ્દને સાંભળીને ચૈત્રને કહે છે કે, કુમારી "लृतक इति आह". કુમારી જે "ऋतक"ને બદલે "लृतक" શબ્દ બોલી તે અસાધુ શબ્દ છે. પરંતુ મૈત્રએ આ અસાધુ શબ્દનું અનુકરણ કરીને "लृतक" ઉચ્ચારણ કર્યું ત્યારે અનુકરણવાચક બનેલો આ "लृतक" શબ્દ સાધુશબ્દ થાય છે. અનુકરણવાચક શબ્દમાં કુમારી દ્વારા બોલાયેલાં માત્ર "लृतक" શબ્દનાં બોધની જ પ્રધાનતા છે. કુમારી જ્યારે "लृतक" શબ્દ બોલી ત્યારે આ "लृतक" શબ્દથી "ऋतक" અર્થનાં બોધની જ પ્રધાનતા હતી. આથી "ऋतक" અર્થમાં પ્રયોગ કરાયેલો "लृतक" શબ્દ અસાધુ શબ્દ બન્યો, પરંતુ મૈત્ર જ્યારે "लृतक" શબ્દ બોલ્યો ત્યારે આ "लृतक" શબ્દ દ્વારા કુમારીવડે બોલાયેલાં "लृतक" શબ્દનાં બોધની જ પ્રધાનતા પ્રાપ્ત થઈ છે. આ પ્રમાણે અનુકરણવાચક એવાં "लृतक" શબ્દમાં "ऋतक" શબ્દના અર્થની અપેક્ષાએ ભિન્ન અર્થવાળાપણું થાય છે તથા ભિન્ન અર્થવાળાપણું થવાથી અન્ય શબ્દપણું થાય છે. વળી, શિષ્ટપુરુષોવડે પ્રયોગ કરાયેલો હોવાથી બીજા સાધુ શબ્દોની જેમ અનુકરણવાચક એવો આ "लृतक" શબ્દ પણ સાધુ શબ્દ જ છે. આથી "कुमारी लृतक इति आह" તથા "मृदु लृकारम् अधीते" વગેરે પ્રયોગોમાં પણ "लृ" સ્વરને માનીને યત્વ વગેરે કરવાની પ્રાપ્તિ આવે છે. માટે જ "लृ" વર્ણનો ઉપદેશ સાર્થક છે.

(शन्या०) न च प्रतिषिद्धानुकरणत्वादिदमसाधु, यथा–एवमसौ गां हतवान्, एवमसौ सुरां पीतवानित्यनुकुर्वन् गां हन्यात्, सुरां पिबेत्, सोऽपि पतितो भवतीति; यतोऽत्र सुरापानादौ तस्या एव क्रियाया अनुष्ठानात् सादृश्याभावान्नास्त्यनुकरणत्वमिति; यस्तु तदनुकुर्वन् कदलीं छिन्द्यात् पयो वा पिबेन्न स पतितः, तस्मान्नाऽनुकरणत्वं दोषाय ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- શાસ્ત્રમાં જે આચરણનો નિષેધ થયો હોય તેવાં આચરણને અનુકરણ કરીને કોઈ બતાવે તો તેવું અનુકરણ અસાધુ કહેવાય છે. દા.ત. ગાયને મારવાનો શાસ્ત્રમાં નિષેધ છે. હવે કોઈક વ્યક્તિ ગાયને મારે છે. બીજી વ્યક્તિ પહેલી વ્યક્તિની મારવાની ક્રિયાને જોઈને અનુકરણ કરીને કહે છે કે, "આ ભાઈએ આ પ્રમાણે ગાયને મારી." તો અનુકરણ સ્વરૂપ આવું આચરણ અસાધુ કહેવાય છે. અહીં શાસ્ત્રકારો અનુકરણ કરનારને પણ પતિત ગણે છે. એ જ પ્રમાણે કોઈકે દારૂને પીધો અને બીજો એ જ પ્રમાણે દારૂ પીને બતાવે તો આ અનુકરણ સ્વરૂપ દારૂ પીવાની ક્રિયા અસાધુ છે. કારણ કે શાસ્ત્રમાં બંને ક્રિયાનો નિષેધ કર્યો હોવાથી તેવી ક્રિયાનું અનુકરણ પણ અસાધુ કહેવાય છે. એ પ્રમાણે ऋतक શબ્દ અશક્તિના કારણે ऌतक તરીકે બોલાયો. આવો ऌतक શબ્દ શાસ્ત્રનિષિદ્ધ હોવાથી અસાધુ શબ્દ છે. તથા અસાધુ શબ્દનું અનુકરણ જે ऌतक શબ્દ છે તે પણ અસાધુ સ્વરૂપ જ થશે. અર્થાત્ દોષરૂપ જ થશે. માટે એવાં "ऌतक" શબ્દ દ્વારા "यत्व" કાર્ય કરવા માટે "ऌवर्ण"નો ઉપદેશ વર્ણનાં પાઠક્રમમાં આવશ્યક નથી.

ઉત્તરપક્ષ :- આ પ્રમાણે કહેવું નહીં. કારણ કે જ્યાં બંને ક્રિયામાં સંપૂર્ણપણે સમાનતા હોય ત્યાં અનુકરણ હોતું જ નથી. પરંતુ જ્યાં સાદૃશ્ય ધર્મ હોય ત્યાં જ અનુકરણ હોય છે. સાદૃશ્ય ધર્મમાં સંપૂર્ણપણે સમાનતા આવતી નથી. જેમ કોઈ પાગલ ગાંડપણ કરે અને એ જ પાગલ બીજે દિવસે એવું જ ગાંડપણ કરીને કહે કે, મેં ગઈકાલે આવું જ ગાંડપણ કરેલું. તો આ બીજી ક્રિયા અનુકરણવાચક ગણાતી નથી. આ બંને ક્રિયામાં સાદૃશ્યનો અભાવ છે. જ્યાં બંનેમાં કંઈક અંશે સમાનતા હોય ત્યાં જ સાદૃશ્ય કહેવાય. જ્યારે અહીં તો સંપૂર્ણપણે સમાનતા છે. માટે સાદૃશ્ય કહેવાતું નથી. જો આ ક્રિયામાં અનુકરણપણું લાવવું હોય તો આ પ્રમાણે લાવી શકાય. કોઈક વ્યક્તિ દાતરડાંથી ગાયને મારે અને બીજી વ્યક્તિ દાતરડું લઈને કેળનાં થડને મારીને કહે કે, "પેલાં ભાઈએ ગાયને આ રીતે મારી." તો તે અનુકરણવાચક કહેવાય. એ જ પ્રમાણે કોઈક દૂધ પીતો પીતો કહે કે પેલાં ભાઈએ દારૂ આ રીતે પીધો. તો તે અનુકરણવાચક કહેવાય અને આવી અનુકરણવાચક ક્રિયા થાય ત્યારે વ્યક્તિ પતિત કહેવાતી નથી. એ પ્રમાણે "ऋतक" શબ્દનું "ऌतक" ઉચ્ચારણ થયું તે "ऌतक"નું કોઈ અનુકરણ કરે તો તે પણ દોષરૂપ નથી. અહીં સંપૂર્ણ સમાનતા નથી માટે દોષરૂપ નથી.

હવે કોઈક કહે છે કે, સાધુ શબ્દનું અનુકરણ સાધુ છે તથા અસાધુ શબ્દનું અનુકરણ અસાધુ થાય છે. આમ તો જે જે શબ્દપ્રયોગો થાય છે, તેનો વાચ્યાર્થ પદાર્થ સ્વરૂપે જગતમાં વિદ્યમાન હોય છે. પરંતુ અનુકરણવાચક શબ્દોમાં અનુકાર્ય સ્વરૂપ શબ્દો જ વાચ્યાર્થ સ્વરૂપે હોય છે. કોઈક "ऋतक" નામનો શબ્દ બોલે, પરંતુ ઉચ્ચારણની વિકલતાને કારણે એ "ऋतक"ને બદલે

"लृतक" બોલે છે. સાંભળનાર વ્યક્તિ બીજી કોઈક વ્યક્તિને કહે છે કે, "कश्चित् लृतक इति आह" અહીં સાંભળનાર વ્યક્તિ અનુકરણ સ્વરૂપ જે "लृतक" શબ્દ બોલે છે એ "लृतक" શબ્દનું વાચ્યાર્થ "कश्चित्" દ્વારા (કોઈક દ્વારા) પ્રયોગ કરાયેલો "लृतक" શબ્દ જ છે. અહીં અસાધુ *શબ્દનું અનુકરણ અસાધુ થાય છે. એવો મત રજૂ કરીને પૂર્વપક્ષ "लृतक" શબ્દને અસાધુ સિદ્ધ* કરે છે, જે નીચે પ્રમાણે છે.

(शन्या०) ननु 'मुनी इह' इत्यादौ "ईदूदेद् द्विवचनम्" [१.२.३४.] इत्यसन्ध्यर्थम् *प्रकृतिवदनुकरणं भवति* इत्यङ्गीकर्त्तव्यम्, अन्यथाऽत्र द्विवचनाऽभावात् सन्धिनिषेधो न स्यात्, तस्मादसाधोरनुकरणेनाऽप्यसाधुना भाव्यम् । उच्यते-शास्त्रीया हि प्रकृतिरत्राऽऽश्रीयते, *प्रकृतिवद्* इति च शास्त्रनिबन्धनमेव कार्यमतिदिश्यते, अपशब्दश्च न शास्त्रीया प्रकृति-रनुपदिष्टत्वात्, न चापशब्दत्वं शास्त्रीयं कार्यम्, नापि तेन तदतिदेष्टुं शक्यम्, तस्य साधुशब्द-संस्कारायैव प्रवृत्तत्वात्, तस्मादपशब्दस्याऽनुकरणं साध्वेव ।

અનુવાદ :- "मुनी इह" વગેરે પ્રયોગોમાં "ईदूदेद् द्विवचनम्" (૧/૨/૩૪) સૂત્રથી અસંધિ થાય છે. સામાન્ય રીતે નિયમ એવો હોય છે કે વાક્યોમાં જે શબ્દો પ્રયોગમાં આવે છે તે શબ્દો અનુકરણ સ્વરૂપે રજૂ કરવામાં આવે છે ત્યારે એ પ્રકૃતિ સ્વરૂપ બની જાય છે. આથી વાક્યોમાં રહેલા શબ્દોની જે વિભક્તિ હોય છે એ અનુકરણ વખતે વિદ્યમાન રહેતી નથી અને જો આ પ્રમાણે થાય તો "मुनी इह" પ્રયોગનું અનુકરણ કરવામાં આવે ત્યારે "मुनी" શબ્દ દ્વિવચન અંતવાળો રહેતો નથી. પરંતુ પ્રકૃતિ સ્વરૂપ બની જાય છે. આથી (૧/૨/૩૪) સૂત્રથી જે સંધિનો નિષેધ થતો હતો તે નિષેધ હવે થઈ શકશે નહીં. આ પરિસ્થિતિમાં સંધિનો નિષેધ કરવા માટે "प्रकृतिवत् अनुकरणं भवति" ન્યાયનું આલંબન લેવામાં આવે છે. જેનો ભાવાર્થ આ પ્રમાણે છે. વાક્યમાં પ્રકૃતિ જેવા સ્વરૂપવાળી હોય છે તે પ્રકૃતિની જેમ જ અનુકરણ પણ તેવા જ સ્વરૂપવાળું રહે છે. આથી અનુકરણવાચક એવાં "मुनी इह" પ્રયોગમાં પણ "मुनी" શબ્દને દ્વિવચનવાળો જ માનવામાં આવશે. એકવચનવાળો માની શકાશે નહીં. આ પ્રમાણે અનુકરણમાં પણ દ્વિવચન અંતવાળો જ "मुनी" શબ્દ થવાથી સંધિનો નિષેધ થઈ શકશે. અહીં "मुनी" શબ્દ એ સાધુ શબ્દ હતો. આથી અનુકરણવાચક એવો "मुनी" શબ્દ પણ એવો જ બનવાથી (અનુકાર્ય સ્વરૂપ "मुनी" જેવો બનવાથી જ) સાધુ કહેવાશે. તે જ પ્રમાણે "लृतक" શબ્દ ઉચ્ચારણ શક્તિની વિકલતાને કારણે બોલાયો છે તથા આ "लृतक" શબ્દ અસાધુ શબ્દ છે. બીજી વ્યક્તિ આ જ "लृतक" શબ્દનું અનુકરણ કરે ત્યારે અનુકાર્ય સ્વરૂપ "लृतक" શબ્દ અસાધુ હોવાથી અનુકરણવાચક એવો "लृतक" શબ્દ પણ અસાધુ શબ્દ જ થવો જોઈએ. આ પ્રમાણે "लृतक"

શબ્દ અસાધુ થઈ જશે તો "कुमारी लृतक इति आह" વગેરે પ્રયોગોમાં "लृ" સ્વર નિમિત્તક કાર્ય કરવાની પ્રાપ્તિ આવશે નહીં અને તેમ થતાં વર્ણનાં પાઠક્રમમાં लृ વર્ણનાં ઉપદેશની આવશ્યકતા રહેશે નહીં.

ઉત્તરપક્ષ :- "प्रकृतिवत् अनुकरणं..." ન્યાયમાં શાસ્ત્ર સંબંધી પ્રકૃતિનું જ આલંબન લેવાય છે. આથી શાસ્ત્ર દ્વારા સિદ્ધ થયેલી જે જે પ્રકૃતિઓ હશે તે તે પ્રકૃતિઓનું અનુકરણ પણ શાસ્ત્રીય પ્રકૃતિ જેવું જ થશે. માટે અનુકાર્ય સ્વરૂપે જેવી પ્રકૃતિ હશે તેવી જ પ્રકૃતિ અનુકરણ સ્વરૂપે પણ પ્રાપ્ત થશે. પરંતુ અપશબ્દો (અસાધુ શબ્દો) એ શાસ્ત્ર સંબંધી કાર્યો નથી. આથી જે પ્રમાણે "मुनी" શબ્દનો શાસ્ત્રમાં ઉપદેશ કરાયો છે એવો "लृतक" શબ્દનો (અપશબ્દ) શાસ્ત્રમાં ઉપદેશ કરાયો નથી. આથી અપશબ્દપણું એ શાસ્ત્ર સંબંધી કાર્ય નથી તથા શાસ્ત્ર દ્વારા અપશબ્દનો ઉપદેશ પણ થઈ શકતો નથી. શાસ્ત્ર તો માત્ર સાધુ શબ્દનાં સંસ્કારને માટે જ પ્રવૃત્તિવાળું થાય છે. આમ, સાધુ શબ્દોનું અનુકરણ જેમ સાધુ કહેવાય છે તે જ પ્રમાણે અસાધુ શબ્દોનું અનુકરણ અસાધુ કહી શકાશે નહીં. પરંતુ સાધુ જ કહી શકાશે. અસાધુ શબ્દનાં અનુકરણમાં "प्रकृतिवत् अनुकरणं..." ન્યાય લાગુ પડતો નથી. જેથી અસાધુ શબ્દ સ્વરૂપે રહેલો "लृतक" શબ્દ અનુકરણવાચક થાય ત્યારે સાધુ શબ્દ સ્વરૂપે જ થાય છે. આ પ્રમાણે "लृतक" શબ્દ સાધુ શબ્દ થવાથી વર્ણનાં પાઠક્રમમાં "लृ"વર્ણનો ઉપદેશ આવશ્યક છે.

(श०न्या०) तथा "इवर्णादेरस्वे स्वरे यवरलम्" [१.२.२१.] इत्यादौ सङ्ख्याताऽनुदेशोऽपि प्रयोजनम्, असति तु लृवर्णोपदेशे त्रयः स्थानिनश्चत्वार आदेशा इति वैषम्यं स्यादिति । एवं दीर्घोपदेशेऽपि प्रयोजनमभ्यूह्यमिति ।

અનુવાદ :- તથા "इवर्णादेरस्वे स्वरे यवरलम्" (૧/૨/૨૧) સૂત્રમાં સંખ્યાપણાનું કથન પણ પ્રયોજન છે. જો "लृ" વર્ણનો ઉપદેશ ન કર્યો હોત તો સ્થાની તરીકે ત્રણ સ્વર આવત અને આદેશ ચાર થાત. આ પ્રમાણે સંખ્યાનું વિષમપણું થવાથી અનુક્રમ ન થઈ શકત. એ પ્રમાણે સ્થાની અને આદેશનો यथासङ्ख्यमनुदेश समानानाम् ન્યાયથી (વચન અને સંખ્યાથી સમાન હોય તો અનુક્રમ કરાય) અનુક્રમ કરવા માટે બંનેનું સમાન સંખ્યાપણું રાખવા માટે "लृ" વર્ણનો ઉપદેશ આવશ્યક છે. વર્ણના પાઠક્રમમાં હ્રસ્વ "लृ"નાં કથનમાં બધી જ ચર્ચાઓ વિચારી એ જ પ્રમાણે દીર્ઘ "लॄ"ના કથનમાં પણ પ્રયોજન વિચારી લેવું.

(श०न्या०) इह काल-शब्दाभ्यां व्यवधाने भेदो दृष्टः, यथा-असंहितायाम् "अइउवर्णस्यान्ते०" [१.२.४१.] इत्यत्र कालव्यवायः, दृतिरित्यादौ तु शब्दव्यवायस्तकारेण ऋकारेकारयोर्व्यवधानात् । एकत्वे तु व्यवायो न दृष्टः, यथा-'अ' इति केवलोऽकार उच्चार्यते । तथोदात्तानु-

दात्त-स्वरित-सानुनासिक-निरनुनासिकादिगुणभेदाच्च भेदः, तस्मात् कालादिव्यवायादुदात्तादि-गुणभेदाच्च नानात्वमकारादीनामपि ।

અનુવાદ :- अ સ્વરના અઢાર ભેદ થાય છે. હવે આ अकार એક છે અથવા તો અનેક છે એ બાબતમાં ચર્ચા કરે છે - अकारમાં અનેકપણું જે રીતે થાય છે તે સંબંધમાં હવે ચર્ચા કરે છે. જો अकारમાં એકપણું જ હોય તો અનેક લોકો એક જ अकारનું એક સાથે ઉચ્ચારણ કરી શકે નહીં. જેમ કે એક જ ઘટવડે અનેક લોકો પાણી ભરવા સ્વરૂપ કાર્ય એક સાથે કરી શકે નહીં. અર્થાત્ જલાધારણ સ્વરૂપ ક્રિયા એક જ ઘટ હોતે છતે અનેક લોકોવડે એક સાથે થઈ શકે નહીં. આ સંજોગોમાં अकार વગેરે વર્ણોને અનેક માનવા પડશે. આથી આ अकार વગેરે વર્ણોમાં અનેકપણું કેવી રીતે પ્રાપ્ત થાય છે એ સંબંધમાં નિરૂપણ કરે છે.

હવે કાળ અને શબ્દથી વ્યવધાન હોતે છતે अ વગેરે વર્ણમાં ભેદ થાય છે તે બતાવે છે - મહાભાષ્યમાં अकार વગેરેનું અનેકપણું છે એ બતાવવા માટે आन्यभाव्यं त्वकारस्य ... પંક્તિઓ લખી છે. आन्यभाव्यंનો અર્થ થાય છે અનેકપણું એટલે કે अकारનું અનેકપણું છે. કાળના વ્યવધાનથી अकारનું અનેકપણું આ પ્રમાણે છે. દા.ત. दण्ड + अग्रम् અહીં दण्ड શબ્દનો અંતિમ अ અને अग्रम् શબ્દનો પ્રથમ अ એ બે વચ્ચે કાળને કારણે ભેદ પડે છે. જે સમયે डના अનું ઉચ્ચારણ થાય છે એના પછીના સમયે अग्रम् શબ્દના अનું ઉચ્ચારણ થાય છે. આથી બંને अ, કાળને કારણે ભિન્ન થાય છે. અહીં આચાર્ય ભગવંતે અસંહિતા હોતે છતે વર્ણોમાં ભેદ થાય છે એનું ઉદાહરણ બતાવતા अ, इ, उ वर्णस्यान्ते... (૧/૨/૪૧) સૂત્ર સ્વરૂપ ઉદાહરણ આપ્યું છે. આ ઉદાહરણ સમજતાં પહેલાં સંહિતાની વ્યાખ્યા સમજવી આવશ્યક છે. વ્યાકરણ મહાભાષ્યની પ્રદીપટીકામાં કૈયટવડે સંહિતાની નીચે પ્રમાણે વ્યાખ્યા અપાઈ છે. वर्णानाम् परः सन्निकर्षः संहिता. વર્ણોનો અત્યન્ત અર્થાત્ એકમેક થયેલો સંબંધ તે સંહિતા છે. દા.ત. श्वा + इतः અહીં श्वाમાં आ છે તથા इतःનો इ આ બંનેની સન્ધિ થવા દ્વારા "ए" સ્વર થાય છે. આ પ્રમાણે "ए" તે आ + इનો અત્યન્ત સંબંધ સ્વરૂપ વર્ણ કહેવાય છે જેને સંહિતા કહેવાય છે. आ + इ પૃથક્ હોય છે ત્યારે તે બંને વર્ણોમાં કાળથી વ્યવધાન હતું, પરંતુ સન્ધિ થવા દ્વારા ए થવાથી સંહિતા થઈ અને આ સંહિતામાં બે વર્ણોમાં ઐક્ય થવાથી કાળથી વ્યવધાન ન રહ્યું માટે आ અને इ જુદાં ન ગણાય પરંતુ એક જ ગણાય. ઉપરોક્ત (૧/૨/૪૧) સૂત્રમાં अ, इ, उ ત્રણ સ્વરો વચ્ચે સન્ધિ થઈ નથી માટે અસંહિતા છે. માટે अ, इ, उ આ ત્રણ સ્વરોમાં કાળથી ભિન્નતા છે.

"दृति" વગેરે શબ્દોમાં શબ્દના વ્યવધાનથી ભિન્નતા છે. દા.ત. "दृति" શબ્દમાં ऋकार અને इकारમાં तकार દ્વારા ભિન્નતા થાય છે. આ પ્રમાણે इकारમાં ભિન્નતા અન્ય શબ્દનાં (तकारના)

વ્યવધાનથી પ્રાપ્ત થઈ. આ પ્રમાણે કાળનાં ભેદથી (જુદા જુદા સમયે ઉચ્ચારણ થવાથી) તથા શબ્દના ભેદથી अकारનું ક્ષેત્ર બદલાય છે માટે અનેક પ્રકારનાં अकार પ્રાપ્ત થાય છે. જ્યારે अकार એકલો જ વિદ્યમાન હોય છે ત્યારે વ્યવધાન જણાતું નથી. દા.ત. अ એ પ્રમાણે બોલવામાં આવે ત્યારે अकार એક જ પ્રકારનો જણાય છે. જે પ્રમાણે કાળ અને શબ્દનાં વ્યવધાનથી अकार અનેક પ્રકારવાળા થાય છે. તે પ્રમાણે ઉદાત્ત વગેરે ભેદથી પણ अकार અનેક પ્રકારવાળા થાય છે. अकारને ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત એ પ્રમાણે ત્રણ ગુણવાળો મનાયો છે. તથા આ ત્રણ ગુણવાળો अकार સાનુનાસિક સ્વરૂપવાળો પણ છે તેમજ નિરનુનાસિક સ્વરૂપવાળો પણ છે. આ પ્રમાણે ગુણનાં ભેદથી પણ अकार અનેક પ્રકારવાળો થાય છે. આમ કાળ વગેરેનાં વ્યવધાનથી તથા ઉદાત્ત વગેરે ગુણનાં ભેદથી अकार વગેરેમાં અનેકપણું પ્રાપ્ત થાય છે.

(શ૦ન્યા૦) [ननु] यद्गुणविशिष्टस्य वर्णसमाम्नाये पाठस्तद्गुणविशिष्टस्य संज्ञाव्यवहारः, तेन 'दण्डाग्रम्' इत्यादौ भिन्नगुणस्य दीर्घाद्यभावः, उच्यते-जात्याश्रयणाददोषः । तथाहि-उदात्तादिभेदभिन्नेष्वकारादिष्वत्वादिजातेर्विद्यमानत्वात् तेषामपि संज्ञाव्यवहारः ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- વર્ણની સમ્યક્ પરિપાટીમાં अ વગેરે વર્ણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ अ સ્વરનાં ગુણનાં ભેદથી અઢાર ભેદો છે. તથા કાળ વગેરેનાં વ્યવધાનથી પણ અનેક ભેદો છે. આ સૂત્રમાં अवर्णની સ્વરસંજ્ઞા કરવામાં આવી છે. હવે અહીં શંકા થાય છે કે કયા ગુણથી વિશિષ્ટ એવાં अवर्णની સ્વરસંજ્ઞા કરી છે ? એનો કોઈ ખુલાસો કરાયો નથી. આથી જ્યાં સુધી પાઠક્રમમાં નિર્દેશ કરાયેલાં વર્ણોનો ગુણ નક્કી કરવામાં નહીં આવે ત્યાં સુધી, દીર્ઘ વગેરે વિધિઓ થઈ શકશે નહીં. દા.ત. "दण्ड + अग्रम्". અહીં "दण्ड" શબ્દમાં અંતે 'अ' છે તેમજ "अग्रम्" શબ્દમાં આદિમાં 'अ' છે. આ બંને 'अ' કયા ગુણથી વિશિષ્ટ છે. તેમજ એવાં ગુણથી વિશિષ્ટની સ્વરસંજ્ઞા પડી છે કે કેમ ? એ નક્કી થશે નહીં ત્યાં સુધી "दण्डाग्रम्" વગેરે પ્રયોગોમાં જે દીર્ઘ વગેરે વિધિઓ જણાય છે તે પ્રાપ્ત થઈ શકશે નહીં.

ઉત્તરપક્ષ :- અમે અહીં પાઠક્રમમાં 'अत्व" જાતિવાળો 'अ' લીધો છે. अत्व જાતિથી વિશિષ્ટ એવાં 'अ'નો વર્ણનાં સમ્યક્ પાઠક્રમમાં સમાવેશ કરેલો હોવાથી તમામ પ્રકારનાં 'अ'ની સ્વરાદિ સંજ્ઞાઓ થશે. આથી હવે બધા જ પ્રકારનો 'अ' વર્ણનાં પાઠક્રમમાં સમાવેશ પામે છે. માટે 'दण्डाग्रम्' વગેરે પ્રયોગોમાં દીર્ઘ વિધિઓ પ્રાપ્ત થઈ શકશે.

(શ૦ન્યા૦) यद्येवं दीर्घपाठोऽपि व्यर्थः, सामान्याश्रयणेनैव तस्य लब्धत्वात्, उच्यते-व्यक्तिरप्यस्तीति *जाति-व्यक्तिभ्यां च शास्त्रं प्रवर्त्तते* इति ज्ञापनार्थम् ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- જો જાતિનાં સામર્થ્યથી તમામ પ્રકારનાં अकारનો પાઠક્રમમાં સમાવેશ

થઈ જાય છે એવું માનશો તો દીર્ઘ अकारનો સમાવેશ પણ જાતિનાં સામર્થ્યથી થઈ જ જાત. આથી પાઠક્રમમાં દીર્ઘ अकार, દીર્ઘ इकार વગેરેનો સમાવેશ કરવો આવશ્યક ન હતો. છતાં પણ દીર્ઘ વર્ણોનો સમાવેશ પાઠક્રમમાં કરાયો છે, જે વ્યર્થ જણાય છે.

ઉત્તરપક્ષ :- જગતમાં સામાન્યથી પણ વ્યવહાર જણાય છે અને વિશેષથી પણ વ્યવહાર જણાય છે. દા.ત. રતિલાલ નામનો માણસ હોય તેને રતિલાલ તરીકે ઓળખવામાં આવે તો વિશેષથી વ્યવહાર થયેલો કહેવાય તથા રતિલાલનો માત્ર માનવ તરીકે વ્યવહાર કરવામાં આવે તો સામાન્યથી વ્યવહાર થયેલો કહેવાશે. આ પ્રમાણે વ્યક્તિ પણ જગતમાં હોય છે. અહીં વ્યક્તિ એટલે વિશેષ પદાર્થ સમજવો અને સામાન્ય પદાર્થ પણ વિદ્યમાન હોય છે. જાતિ (સામાન્ય) અને વ્યક્તિ (વિશેષ) એ પ્રમાણે ઉભયથી શાસ્ત્ર પ્રવર્તે છે એવું જણાવવા માટે દીર્ઘપાઠ વર્ણના પાઠક્રમમાં લખ્યો છે.

(श०न्या०) तथा परिस्फुटभेदत्वादनुनासिकादिषु त्वभेदाध्यवसायाद् दीर्घपाठः, नियतविषयत्वात् तु परिस्फुटभेदः स्यादिति प्लुतस्य बहुवचनेन परिग्रह इत्याह-**बहुवचनमि**ति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- જો વ્યક્તિપક્ષનો આશ્રય કરવામાં આવે છે તો જે પ્રમાણે अની સાથે દીર્ઘ એવા आનો વર્ણના પાઠક્રમમાં નિર્દેશ કરવામાં આવ્યો છે તે જ પ્રમાણે અનુનાસિક વગેરે ભેદોનો વર્ણના પાઠક્રમમાં શા માટે સમાવેશ કરવામાં આવ્યો નથી ?

ઉત્તરપક્ષ :- જે જે ભેદો પ્રત્યક્ષથી જણાય છે, તેનો તેનો સમાવેશ વર્ણના પાઠક્રમમાં કરવામાં આવ્યો છે. જે પ્રમાણે હ્રસ્વ अ પ્રત્યક્ષથી જણાય છે તે જ પ્રમાણે દીર્ઘ आ પ્રત્યક્ષથી જ જણાય છે. માટે દીર્ઘપાઠનો સમાવેશ વર્ણના પાઠક્રમમાં કર્યો છે. પરંતુ અનુનાસિક વગેરે ભેદોનો અભેદથી નિર્ણય થતો હોવાથી (પૃથગ્ પૃથગ્ ભેદ પ્રત્યક્ષ ન જણાતો હોવાથી) અનુનાસિક વગેરે ભેદોનો સમાવેશ વર્ણોની શ્રેણીમાં કર્યો નથી. "अ"નું ઉચ્ચારણ કરવામાં આવે અને અનુનાસિક "अ"નું ઉચ્ચારણ કરવામાં આવે, તે "अ"માં જ અનુનાસિક "अ" પ્રકારનો પણ અભિન્નતાથી જ બોધ થઈ શકે છે. અર્થાત્ "अ"ની જેમ જ અનુનાસિક "अ"નું પણ પ્રત્યક્ષ થઈ શકે છે. તેથી અનુનાસિક વગેરે ભેદોને પૃથગ્ લખ્યા નથી. અહીં માત્ર જાતિપક્ષનો આશ્રય કરીને જ તેવા ભેદોનો "अ" વગેરેમાં સમાવેશ કરી દીધો છે.

પૂર્વપક્ષ :- પ્લુત વર્ણો તો પ્રત્યક્ષથી જણાય એવાં સ્વરૂપવાળા છે તો તેમનો સમાવેશ વર્ણનાં પાઠક્રમમાં શા માટે કરવામાં આવ્યો નથી ?

ઉત્તરપક્ષ :- પ્લુત अ વગેરેને ગ્રહણ કરવા માટે સૂત્રમાં બહુવચન કર્યું છે. આ પ્રમાણે બહુવચનની શક્તિથી વર્ણોનાં પાઠક્રમમાં પ્લુતનો પણ સંગ્રહ કરવામાં આવ્યો છે.

(श०न्या०) यद्येवं द्रुतायां वृत्तौ मध्यविलम्बितयोः, मध्यायां द्रुतविलम्बितयोः, विलम्बितायामितरयोः परिस्फुटभेदत्वाद् बहुवचनेनासंग्रहीतत्वान्न संज्ञाव्यवहारः । तथाहि-द्रुतं श्लोकमृतं(चं) वोच्चारयति वक्तरि नाडिकाया यस्या नव पानीयपलानि स्रवन्ति, तस्या एव मध्यमायां द्वादश पलानि स्रवन्ति, तस्या एव विलम्बितायां वृत्तौ षोडश पलानि, त्रिभागाधिकत्वात् तासां परिस्फुट एव भेदः [यस्या नाडिकाया इति, सुषुम्नाया इत्यर्थः । पलानि बिन्दवः । ब्रह्माण्डसम्बद्धा सामृतबिन्दुस्राविणीति प्रसिद्धिर्योगिनाम्-

"अभ्यासार्थे द्रुता वृत्तिः, प्रयोगार्थे तु मध्यमा ।
शिष्याणामुपदेशार्थे, वृत्तिरिष्टा विलम्बिता" ॥१४॥]

न च वक्तव्यम्-सर्वासु वृत्तिषु न वर्णानामुपचयापचयौ, यथा-गन्तॄणामालस्यादिभेदाद् गतिभेदेऽपि न मार्गभेद इति, विषमत्वादुपन्यासस्य, यतः प्रयत्नजन्या वर्णाः, तद्भेदे वृत्तिभेदाद् भिन्नकाला एव, अध्वा तु व्यवस्थित एव गन्तृक्रियागम्यः [न गन्तृक्रियाजन्यः] इति न तस्य भेद इति । ननु चोक्तं जातिसमाश्रयणाद् दोषाभाव इति, तत्र ह्युपात्तोऽपि विशेषो नान्तरीयकत्वाजातिप्राधान्यविवक्षायां न विवक्ष्यत इत्यर्थः ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- જો દ્રુતા સંબંધી શાસ્ત્રપ્રવૃત્તિ થાય તો મધ્યમા અને વિલમ્બિતાનો, બહુવચનથી સંગ્રહ થતો નથી તથા મધ્યમા સંબંધી શાસ્ત્રપ્રવૃત્તિ થાય ત્યારે બહુવચનથી દ્રુતા અને વિલમ્બિતાનો બહુવચનથી સંગ્રહ થતો નથી તેમજ વિલમ્બિતા સંબંધી શાસ્ત્રપ્રવૃત્તિ થાય તો દ્રુતા અને મધ્યમાનો બહુવચનથી સંગ્રહ થતો નથી. અર્થાત્ બહુવચનથી પ્રગટ એવાં આ ત્રણ ભેદોનો સંગ્રહ વર્ણનાં સમ્યક્ પાઠક્રમમાં થતો નથી. આથી જે પ્રમાણે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુતનો બોધ પાઠક્રમ ઉપરથી થાય છે, તેવો બોધ પ્રગટ ભેદવાળા (પ્રત્યક્ષ ભેદવાળા) એવાં દ્રુતાવૃત્તિ, મધ્યમાવૃત્તિ તથા વિલમ્બિતાવૃત્તિનો વર્ણોનાં પાઠક્રમથી થતો નથી. કારણ કે બહુવચનથી આ ત્રણનો સમાવેશ વર્ણોનાં પાઠક્રમમાં થતો નથી. આથી જેમ હ્રસ્વ, દીર્ઘ તથા પ્લુત સ્વરો વર્ણનાં સમ્યક્ પાઠક્રમથી જણાય છે તે જ પ્રમાણે દ્રુતાવૃત્તિ, મધ્યમાવૃત્તિ અને વિલમ્બિતાવૃત્તિનો સમાવેશ બહુવચનથી થતો નથી. આ ત્રણ ભેદો પણ પ્રગટ જ છે.હવે આ દ્રુતા વગેરે વૃત્તિઓ શું છે ? તે જણાવે છે.

શ્લોક અથવા તો વેદની ઋચાનું ઉચ્ચારણ કરતા વક્તાની સૂક્ષ્મનાડીમાંથી પાણીનાં નવ બિંદુ ટપકે એટલો સમય લાગે તેને દ્રુતાવૃત્તિ કહેવાય છે તથા બાર બિંદુ ટપકે એટલો સમય લાગે તેને મધ્યમાવૃત્તિ કહેવાય છે. તથા સોળ જલબિંદુઓ ટપકે એટલો સમય લાગે તેને વિલમ્બિતાવૃત્તિ કહેવાય છે. આ પ્રમાણે દરેક વૃત્તિઓમાં પૂર્વની વૃત્તિ કરતાં ત્રીજો ભાગ અધિક કાળ પછી પછીની

વૃત્તિઓમાં હોય છે. આ પ્રમાણે ત્રણેયમાં પ્રત્યક્ષપણે ભેદ જણાય છે. અહીં નાગેશજીએ સુષુમ્નાનાડી દ્વારા બ્રહ્માંડમાં ઓજસ રૂપી અમૃતબિંદુ ટપકે છે. એવી ઉપમા દ્વારા કથન કર્યું છે. સુષુમ્નાનાડી દ્વારા જે અમૃતબિંદુઓ ટપકે છે તે યોગીજનોને જ જણાય છે. પરંતુ ટપકવાની ક્રિયા તો સાધારણ જનોને (લોકોને) પ્રત્યક્ષથી જણાય જ છે. તેથી વર્ણોનાં પાઠક્રમમાં આ ત્રણ વૃત્તિવાળા વર્ણોનો પાઠ પણ હોવો જોઈએ અથવા તો બહુવચનથી તે ત્રણ વૃત્તિનો સમાવેશ પણ થવો જોઈએ.

"अभ्यासार्थे द्रुता वृत्तिः, प्रयोगार्थे तु मध्यमा ।
शिष्याणामुपदेशार्थे, वृत्तिरिष्टा विलम्बिता" ॥१४॥ **(याज्ञवल्क्यशिक्षा-५८)**

ભાવાર્થ :- ગ્રંથનાં અભ્યાસને માટે द्रुतावृत्ति હોય છે. ગ્રંથનાં પ્રયોગને માટે मध्यमावृत्ति હોય છે તથા શિષ્યોને ઉપદેશ આપવાને માટે विलम्बितावृत्ति હોય છે. અહીં પ્રયોગથી ગ્રંથ રચનાને સમજવી. પહેલાં જ્યારે લેખિતભાષા ન હતી ત્યારે ઉચ્ચારણ સ્વરૂપ પ્રવૃત્તિ હતી અને એ પ્રકારનાં ઉચ્ચારણને પ્રયોગ કહેવામાં આવે છે. માહેશ્વર સૂત્રોમાં જે વર્ણોનો નિર્દેશ થયો છે તે પ્રયોગ અવસ્થાવાળા કહેવાય છે. આથી વર્ણનાં સમ્યક્ પાઠક્રમમાં મધ્યમાવૃત્તિ આવી શકશે. હવે જો મધ્યમાવૃત્તિનો સમાવેશ अ વગેરે વર્ણમાં થાય તો બાકીની બે વૃત્તિઓનો સમાવેશ વર્ણોનાં પાઠક્રમમાં જણાઈ શકતો નથી. આ પ્રમાણે પ્રત્યક્ષભેદનો જો વર્ણનાં સમ્યક્ પાઠક્રમમાં સમાવેશ ન થાય તો ન્યૂનતાની આપત્તિ આવે છે.

પ્રતિપૂર્વપક્ષ :- ખરેખર તો દરેક વૃત્તિઓમાં વર્ણોની પુષ્ટિ અથવા તો હાનિ થતી જ નથી. द्रुतावृत्तिવાળો अ અક્ષર બોલતી વખતે હાનિ થાય છે. તથા विलम्बितावृत्तिવાળો અક્ષર બોલતી વખતે अની પુષ્ટિ થાય છે, એવું છે જ નહીં. માટે દ્રુત, મધ્યમ અને વિલમ્બિત આ ત્રણ પ્રકારનાં "अ"ને અમે માનતા જ નથી. જે પ્રમાણે જનાર વ્યક્તિનાં આળસ વગેરે દોષોને કારણે ધીમી, ઝડપી વગેરે ગતિભેદ થાય છે, પરંતુ માર્ગનો ભેદ થતો નથી. તે પ્રમાણે "अ"ને ઉચ્ચારણ કરનારાની અપેક્ષાએ જ "अ" એક સ્વરૂપવાળો હોવા છતાં પણ ભેદ થાય છે.

પૂર્વપક્ષ :- અહીં રજુઆતનું વિષમપણું હોવાથી આ પ્રમાણે કહેવા યોગ્ય નથી. કારણ કે વર્ણની ઉત્પત્તિ પ્રયત્નથી ઉત્પન્ન કરવા યોગ્ય છે. જ્યારે માર્ગની ઉત્પત્તિ ગતિવડે થતી નથી. પ્રયત્નનો ભેદ હોતે છતે द्रुता વગેરે વૃત્તિઓમાં ભેદ પડે છે. આથી ભિન્ન સમયવાળા વર્ણો થાય છે. જ્યારે જનારની ક્રિયાથી જણાતો એવો માર્ગ તો એક જ છે. એ માર્ગ કાંઈ જનારની ક્રિયાથી ઉત્પન્ન થતો નથી. આમ, માર્ગનું દૃષ્ટાંત અહીં બરાબર નથી. પ્રયત્નનાં ભેદથી ઉત્પન્ન થતી એવી द्रुता વગેરે વૃત્તિઓ ભિન્ન ભિન્ન જ છે. આથી अ વગેરે વર્ણોમાં પણ ભેદ સ્પષ્ટપણે

જ જણાય છે. આથી આવી ભિન્ન ભિન્ન વૃત્તિવાળા વર્ણો પાઠક્રમમાં બતાવ્યા નથી. આટલી અપેક્ષાથી આ ગ્રંથમાં ન્યૂનતા પ્રાપ્ત થાય છે.

પ્રતિપૂર્વપક્ષ :- અગાઉ કહેલ એવી જાતિનો આશ્રય કરીને આ દોષને દૂર કરી શકાય છે અને તેમ થતાં હ્રસ્વ अમાં જે अत्व જાતિ રહી છે એ જ अत्व જાતિ द्रुता વગેરે વૃત્તિમાં પણ રહી છે. જાતિ એ વ્યક્તિને નાન્તરીયક છે. અર્થાત્ જાતિ એ વ્યક્તિની સાથે અવિનાભાવસંબંધથી સાથે જ રહે છે. આથી જ્યાં જ્યાં જાતિ હશે ત્યાં ત્યાં વિશેષ હશે જ. अत्व જાતિ જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં જેમ હ્રસ્વ વગેરે વિશેષો છે તેમ द्रुतावृत्ति વગેરે વિશેષો પણ છે જ. હવે અહીં ગૌણપણે ગ્રહણ કરેલ એવા પણ द्रुतावृत्ति વગેરે વિશેષ પણ અજાતિ પ્રધાનતાની વિવક્ષા હોતે છતે વિવક્ષા કરાયા નથી. ટૂંકમાં અજાતિ પ્રધાનતાની વિવક્ષાથી द्रुता વગેરે વિશેષો વર્ણનાં પાઠક્રમમાં બતાવવા જોઈએ. છતાં અહીં વિવક્ષા કરાયા નથી.

(श०न्या०) यद्येवं संवृतादीनां प्रतिषेधो वक्तव्यः । [संवृतादयस्तु] संवृतः, कलः, ध्मातः, एणीकृतः, अम्बूकृतः, अर्धकः, ग्रस्तः, निरस्तः, प्रगीतः, उपगीतः, क्ष्विण्णः, रोमशः, अवलम्बितः, निर्हतः, सन्दष्टः, विकीर्ण इत्यादयः । तत्र–एकारादीनां संवृतत्वं दोषः न त्वकारस्य, तस्य स्वरूपेण संवृतत्वात्, तत्र सन्ध्यक्षरेषु विवृततमेषूच्चार्येषु संवृतत्वं दोषः । [कैयटाभिप्रायेणेदम्, ग्रन्थान्तरे तु–अत्राऽकारादीनामिति वक्तुमुचितं तत्त्यागेन तावत् पर्यन्तधावने बीजाभावादिति छाया ।] कलः स्थानान्तरनिष्पन्नः काकलित्वेन प्रसिद्धः । ध्मातः श्वासभूयिष्ठतया ह्रस्वोऽपि दीर्घ इव लक्ष्यते । एणीकृतो विश्लिष्टः [अविशिष्ट इति कैयटे] – किमयमोकारोऽथौकार इति यत्र सन्देहः । अम्बूकृतो यो व्यक्तोऽपि अन्तर्मुखमिव श्रूयते । अर्द्धको दीर्घोऽपि ह्रस्व इव । ग्रस्तो जिह्वामूले निगृहीतः, अव्यक्त इत्यपरे । निरस्तो निष्ठुरः । प्रगीतः सामवदुच्चारितः । उपगीतः समीपवर्णान्तरगीत्याऽनुरक्तः । क्ष्विण्णः कम्पमान इव । रोमशो गम्भीरः । अवलम्बितो वर्णान्तरसम्भिन्नः । निर्हतो रूक्षः । सन्दष्टो वर्द्धित इव । विकीर्णो वर्णान्तरे प्रसृतः, एकोऽप्यनेकनिर्भासीत्यपरे । अनन्ता हि स्वराणां दोषा अशक्तिप्रमादकृता इति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- જો अत्व જાતિનાં આલંબનથી નહીં કહેલા ભેદોનો સમાવેશ પણ વર્ણોનાં પાઠક્રમમાં કરશો તો સંવૃત્ત વગેરે દોષવાળા अ સ્વરનો પણ अમાં સમાવેશ થઈ જશે. આમ, અનેક દોષોવાળા अનું પણ ઉચ્ચારણ ગ્રંથકાર દ્વારા ગ્રહણ થઈ જવાની આપત્તિ આવે છે. આથી એ સંવૃત્ત વગેરે દોષોવાળા વર્ણોનો સમાવેશ अत्व જાતિને માનીને अમાં થાય નહીં. માટે વર્ણનાં પાઠક્રમમાં સંવૃત્ત વગેરે દોષોવાળા વર્ણોનો પ્રતિષેધ આવશ્યક છે.-

આ સંવૃત્ત વગેરે દોષો આ પ્રમાણે છે.

(૧) **संवृत्त** :- શિવસૂત્રની અંદર અને પ્રયોગ અવસ્થામાં (ઉચ્ચારણ અવસ્થામાં) સંવૃત્ત પ્રયત્નવાળો માન્યો છે. આથી अकार માટે સંવૃત્ત એ દોષ નથી. પરંતુ एकार વગેરેમાં સંવૃત્તપણું એ દોષ છે. ગળાને સંકુચિત કરીને સ્વરોનું ઉચ્ચારણ કરવું એ "સંવૃત્ત" દોષ છે. આથી સન્ધ્યક્ષરોનો જે વિવૃતતમ પ્રયત્ન હોવો જોઈએ તેને બદલે ગળાને સંકુચિત કરીને બોલવામાં આવે તો સંવૃત્તપણાં રૂપ દોષ થાય છે. આ વસ્તુ કૈયટનાં અભિપ્રાયથી લખી છે. અન્ય ગ્રંથોમાં તો अकारादिમાં પણ આ દોષ કહેવા માટે યોગ્ય છે.

(૨) **कल** :- અન્ય સ્થાનોથી જે વર્ણોની ઉત્પત્તિ થઈ હોય તેને "कल" દોષ કહેવાય છે. જેમ કે કાકલ પ્રદેશથી સ્વરોનું ઉચ્ચારણ કરવામાં આવે તો તે कल દોષ કહેવામાં આવે છે. અર્થાત્ કંઠ વગેરે જે સ્થાનો છે તેનાં સિવાયનાં સ્થાનોથી જો વર્ણોનું ઉચ્ચારણ કરવામાં આવે તો કલ દોષ પ્રાપ્ત થાય છે.

(૩) **ध्मात** :- ધમણની જેમ શ્વાસની અધિકતાથી સ્વરોનું ઉચ્ચારણ કરવું. આ રીતે ઉચ્ચારણ કરાયેલાં સ્વરો ધ્માત દોષથી દૂષિત થાય છે. આ દોષ થાય ત્યારે હ્રસ્વ પણ દીર્ઘ જેવો જણાય છે.

(૪) **एणीकृत** :- ઉચ્ચારણ કરાયેલો સ્વર ओकार છે. અથવા તો औकार છે. એ પ્રમાણે ભેદનું જ્ઞાન ન થાય ત્યારે एणीकृत દોષ સમજવો. કૈયટનાં મતે ओकार અને औकारમાં કોઈ વિશિષ્ટતા ન રહે અર્થાત્ તે બંને એક થઈ જાય ત્યારે एणीकृत દોષ ઉપસ્થિત થાય છે અથવા તો હરણની છલાંગની જેમ ઊંચાનીચા થવું એ પ્રમાણે સ્વરનાં ઉચ્ચારણમાં અવસ્થા થવી તે एणीकृत દોષ સમજવો.

(૫) **अम्बूकृत** :- મુખની અંદર જ બોલવું અથવા તો મુખમાં પાણી ભર્યા પછી બોલવામાં આવે ત્યારે જે પ્રમાણે સ્વરોનું ઉચ્ચારણ થાય એ પ્રમાણે સ્વરોનું ઉચ્ચારણ अम्बूकृत દોષવાળું થશે. સ્વરનો ધ્વનિ વ્યક્ત હોવા છતાં પણ મુખની અંદર જ સંભળાય છે.

(૬) **अर्द्धक** :- જે સ્વરનાં ઉચ્ચારણ માટે જેટલાં પ્રયત્નની આવશ્યકતા છે, તેનાથી અડધો પ્રયત્ન કરવો તેવું ઉચ્ચારણ (સ્વરનું) અર્દ્ધક દોષવાળું થશે. આ પ્રમાણે દીર્ઘ સ્વર પણ હ્રસ્વ જેવો થાય છે તથા હ્રસ્વ સ્વર અડધી માત્રા (વ્યંજન) જેવો થઈ જાય છે. દા.ત. સ્ત્રી વનમાં ગઈ હતી. અહીં ई દીર્ઘ છે. છતાં હ્રસ્વ इ જેવું ઉચ્ચારણ થાય છે.

(૭) **ग्रस्त** :- જિહ્વામૂલથી નિયંત્રિત કરીને સ્વરનું ઉચ્ચારણ કરવાથી સ્વરોમાં ग्रस्त દોષ ઉત્પન્ન થાય છે. કેટલાક લોકો અવ્યક્ત ઉચ્ચારણ કરવાને વિશે ગ્રસ્તદોષ માને છે. લોકોને ખબર ન પડે કે કયો સ્વર બોલ્યા તે અવ્યક્ત કહેવાય છે.

(૮) निरस्त :- કઠોર ઉચ્ચારણ કરવું અર્થાત્ સ્વરોને કર્કશતાથી બોલાય ત્યારે નિરસ્ત દોષ ઉત્પન્ન થાય છે.

(૯) प्रगीत :- ગાયનની જેમ સ્વરોનું ઉચ્ચારણ કરવું અર્થાત્ ગીત ગાતા હોઈએ તેમ સ્વરોને બોલવા, સામવેદનાં મંત્રોની જેમ સ્વરોને પણ ગીત દ્વારા ઉચ્ચારણ કરવું તે પ્રગીત દોષ છે.

(૧૦) उपगीत :- નજીક રહેલા અન્યવર્ણથી યુક્ત થઈને વર્ણોનું ઉચ્ચારણ કરાય ત્યારે ઉપગીત દોષ ઉપસ્થિત થાય છે. આજ દોષને બીજા પાઠમાં દ્રુત દોષ કહ્યો છે.

(૧૧) क्ष्विण्ण :- ધ્રુજતા અર્થાત્ ધ્રુજારીપૂર્વક સ્વરોનું ઉચ્ચારણ કરવાથી આ દોષ ઉપસ્થિત થાય છે.

(૧૨) रोमश :- ગંભીરતાથી ઉચ્ચારણ કરવાથી આ દોષ ઉત્પન્ન થાય છે.

(૧૩) अवलम्बित :- અન્યવર્ણ સાથે જોડાયેલાં એવાં સ્વરનું ઉચ્ચારણ કરવાથી અવલમ્બિત દોષવાળા સ્વરો થાય છે.

(૧૪) निर्हत :- કર્કશતાથી સ્વરોનું ઉચ્ચારણ કરવું અથવા તો જાણે કે ધક્કો આપવામાં આવે એ રીતે સ્વરોનું ઉચ્ચારણ કરવાથી આ દોષ ઉપસ્થિત થાય છે.

(૧૫) सन्दष्ट :- કપાયેલાંની જેમ સ્વરોનું ઉચ્ચારણ કરવાથી આ દોષ ઉત્પન્ન થાય છે. આચાર્ય ભગવંતે અહીં वर्धित इव અર્થ લખ્યો છે. આનાથી એવું જણાય છે કે જાણે નવો વિકસિત થયેલો સ્વર ઉત્પન્ન થયો હોય તે પ્રમાણે વધેલાં જેવો લાગવાથી वर्धित इव લખ્યું હશે.

(૧૬) विकीर्ण :- વિખરાયેલું (ફેલાયેલું). અન્ય વર્ણમાં સ્વર ઉત્પન્ન થાય ત્યારે આ દોષ થાય છે. આથી એક હોવા છતાં પણ અનેક જણાય એવું કેટલાંક લોકો માને છે.

સ્વરોનાં આ સિવાય પણ દોષો છે. ખરેખર તો પ્રમાદવડે કરાયેલાં દોષો તો અનંત છે તથા શક્તિની વિકલતાને કારણે થયેલાં દોષો પણ અનંત છે.

(श०न्या०) न वक्तव्यः, एषां क्वचिदप्यनुपदेशात् । तथाहि-केवलानां वर्णानां लोके प्रयोगाभावाद्, धातु-विकारा-ऽऽगम-प्रत्ययानां च शुद्धानां पाठात्, तत्स्थत्वाच्च वर्णानां न कश्चिद् दोषः । यान्यपि नामान्यग्रहणरूपाणि डित्थादीनि तेषामपि शिष्टप्रयुक्तत्वेनोणादीनां पृषोदरादीनां च साधुत्वानुज्ञानात् सर्वेषामत्र संग्रहाद् (संग्रहः) न च तेष्वपि कलाद्युपदेशोऽस्ति, इत्यनुपदेशात् तेषां व्युदासः । यदाह-

"आगमाश्च विकाराश्च, प्रत्ययाः सह धातुभिः ।
उच्चार्यन्ते य(त)तस्तेषु, नेमे प्राप्ताः कलादयः" ॥१५॥ इति ।

અનુવાદ :- અગાઉ જે કહેલું હતું કે જાતિની વિવક્ષાથી બધા જ ગુણોવાળો "अ" આવી જશે. એનાં અનુસંધાનમાં શંકાકારે કહ્યું હતું કે આ પ્રમાણે થશે તો સંવૃત્ત વગેરે દોષોવાળા अकार વગેરેનું પણ ગ્રહણ થઈ જશે. માટે સંવૃત્તાદિ દોષોવાળા अकारादि ગ્રહણ ન થાય એવો પુરૂષાર્થ કરવો પડશે. એનાં અનુસંધાનમાં આચાર્ય ભગવંત કહે છે.

ઉત્તરપક્ષ :- અમારે સંવૃત્ત વગેરે દોષોવાળા अकारादिનાં પ્રતિષેધની કોઈ આવશ્યકતા જ નથી. કારણ કે દોષોવાળા સ્વરોનું કથન શાસ્ત્રમાં ક્યાંય થયું નથી. હા, શાસ્ત્રોમાં अ વગેરે ચૌદ વર્ણોનું કથન થયું છે. પરંતુ માત્ર अकार વગેરે વર્ણોનો લોકમાં ક્યાંય પ્રયોગ જણાતો નથી. શાસ્ત્રોમાં ધાતુ, વિકારો, આગમો અને પ્રત્યયોનો પાઠ આવે છે. આ બધા જ પાઠો શુદ્ધતાથી કહેલા છે. તથા ધાતુ વગેરેમાં શુદ્ધ વર્ણોનો પાઠ હોવાથી દોષવાળા વર્ણો પ્રાપ્ત થવાની કોઈ શક્યતા નથી. વળી, જે નામો અસાધુ છે. જેમ કે ડિત્થ વગેરે. તેઓ પણ શિષ્ટપુરુષવડે પ્રયોગ કરાયા હોવાથી તથા ઉણાદિ અને પૃષોદરાદિમાં તેઓનાં સાધુપણાનું જ્ઞાન થતું હોવાથી, અહીં દોષ વગરનાં જ અસાધુ શબ્દોનું ગ્રહણ થાય છે. માટે ક્યાંય પણ कल વગેરે દોષોવાળા (કેટલાક લોકો સંવૃત્તને દોષ માનતા નથી એ અપેક્ષાએ.) વર્ણોનું કથન ન થયું હોવાથી એ દોષોવાળા વર્ણોનો એમને એમ જ ત્યાગ થઈ જાય છે. આથી અમારે એવાં દોષવાળાં વર્ણોનો પ્રતિષેધ કહેવા યોગ્ય નથી. શ્લોકમાં કહ્યું પણ છે :

આગમો, વિકારો તથા ધાતુઓની સાથે પ્રત્યયો ઉચ્ચારણ કરાય છે. તેથી તેઓમાં આ કલ વગેરે દોષો પ્રાપ્ત થતા નથી. ધાતુઓ વગેરે તો શુદ્ધ જ ઉચ્ચારણ કરાય છે.

(શ૦ન્યા૦) संज्ञाधिकारमन्तरेणापि संज्ञासूत्रमिदं परिशिष्यते । तत्र पूर्वोपात्ताः संज्ञिनः परा च संज्ञा, प्रसिद्धः संज्ञी अप्रसिद्धा [च] संज्ञा, लोकोऽप्यस्य पिण्डस्येदं नामेति, आवर्तिनी च संज्ञा आवर्त्तते "इवर्णादेरस्वे स्वरे यवरलम्" [१.२.२१.] इत्यादौ । तथा साकाराः संज्ञिनो निराकाराश्च संज्ञा इति । तत्र औदन्ता इति संज्ञिनः पूर्वोपात्तत्वात्, स्वरा इति संज्ञा । स्वयं राजन्त इति "क्वचिद्" [५.१.१७१.] इति डे पृषोदरादित्वात् ["पृषोदरादयः" ३.२.१५५.] स्वराः, एकाकिनोऽप्यर्थप्रतिपादने समर्था इति । सतोऽपि भेदस्याविवक्षितत्वात् संज्ञिनः प्रथमा, यथा–पुरुषोऽयं देवदत्त इति ।

અનુવાદ :- સંજ્ઞા અધિકાર વિના પણ આ સંજ્ઞાસૂત્ર તરીકે મનાય છે. દશ પ્રકારના સૂત્રોમાંથી બાકીનાં નવ પ્રકારો અહીં ન ઘટતા હોવાથી પારિશેષ ન્યાયથી આ સંજ્ઞાસૂત્ર મનાય છે. અહીં પૂર્વમાં ગ્રહણ કરેલું પદ સંજ્ઞી છે. તથા પાછળ ગ્રહણ કરેલું પદ એ સંજ્ઞા છે. સંજ્ઞી પ્રસિદ્ધ છે અને સંજ્ઞા અપ્રસિદ્ધ છે. લોકમાં પણ કોઈ પિંડને જોઈને કહેવાય છે કે આ પિંડનું આ નામ

છે. દા.ત. ઘટ સ્વરૂપ પદાર્થને જોઈને કોઈ બાળક પૂછે કે આ પદાર્થ શું છે ? ત્યારે લોકો કહે છે કે આને ઘટ કહેવાય છે. અહીં પદાર્થ પ્રસિદ્ધ છે જેને સંજ્ઞી કહેવાય છે તથા ઘટ એ સંજ્ઞા છે. સંજ્ઞા બધે જ ફરવાવાળી છે અને તે તે સ્થાનોમાં ઉપસ્થિત થાય છે. દા.ત. આ સૂત્રથી સ્વરસંજ્ઞા પાડી છે. આ સ્વરસંજ્ઞા ફરવાવાળી થશે. તેથી જ્યાં જ્યાં સ્વર શબ્દ લખેલો હશે ત્યાં ત્યાં તે સંજ્ઞા ઉપસ્થિત થશે. જેમ કે "इवर्णादेरस्वे स्वरे यवरलम्" (૧/૨/૨૧) વગેરેમાં સ્વર શબ્દ લખ્યો હોવાથી આ સંજ્ઞા ઉપસ્થિત થાય છે. તથા સંજ્ઞીનું કોઈ ચોક્કસ સ્વરૂપ હોય છે. અર્થાત્ સંજ્ઞી દશ્યમાન છે. જ્યારે સંજ્ઞાનું કોઈ ચોક્કસ સ્વરૂપ જણાતું નથી. અર્થાત્ સંજ્ઞાની આકૃતિ હોતી નથી. આ સૂત્રમાં "औदन्ता" એ સંજ્ઞી છે. સંજ્ઞી હંમેશાં પૂર્વમાં ગ્રહણ કરાય છે. તથા "स्वराः" એ સંજ્ઞા છે.

હવે સ્વર શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. "स्वयं राजन्ते" (જાતે જ શોભી રહ્યા છે.) અહીં કર્તા અર્થમાં "क्वचिद्" (૫/૧/૧૭૧) સૂત્રથી "ड" પ્રત્યય થતાં स्वयं + राज् + ड. આ અવસ્થામાં "पृषोदरादयः" (૩/૨/૧૫૫) સૂત્રથી "स्वराः" એ પ્રમાણે નિપાતન થાય છે. જે એકલા હોવા છતાં પણ અર્થનું પ્રતિપાદન કરવા માટે સમર્થ થાય છે. અહીં સંજ્ઞીને ષષ્ઠી વિભક્તિ થવી જોઈએ અને સંજ્ઞાને પ્રથમા વિભક્તિ થવી જોઈએ. તે આ પ્રમાણે - औ અંત સુધીનાં વર્ણોની સ્વરસંજ્ઞા થાય છે. આ પ્રમાણે ભેદગર્ભિત બોધ થતો હોવા છતાં પણ ભેદની અવિવક્ષા કરીને સંજ્ઞીને પ્રથમા કરી છે. લોકોમાં પણ કહેવાય છે કે આ પુરુષ દેવદત્ત છે. અહીં ભેદ હોવા છતાં પણ પુરુષ અને દેવદત્તની સમાન વિભક્તિ કરવા દ્વારા અભેદ વિવક્ષા કરી છે.

(श०न्या०) स्वरप्रदेशा इति-प्रदेशः प्रयोजनस्थानम्, संज्ञया हि संज्ञिनः प्रदिश्यन्ते उच्चार्यन्तेऽत्रेति कृत्वेति ॥४॥

અનુવાદ :- સ્વરસંજ્ઞાનાં પ્રયોજનસ્થાનો કયા કયા છે ? એનાં અનુસંધાનમાં જણાવે છે કે સંજ્ઞાવડે સંજ્ઞીનું ઉચ્ચારણ જ્યાં જ્યાં થાય ત્યાં ત્યાં સ્વરસંજ્ઞાનાં પ્રયોજનસ્થાનો છે. જેમ કે "स्वरे वा" (૧/૩/૨૪). આ પ્રમાણે આચાર્ય ભગવંતની ઉત્તમમેધાની ઝાંખી આ સૂત્ર દ્વારા થઈ.

-: ન્યાસસારસમુદ્ધાર :-

औदन्ता इत्यादि-अत्रान्तशब्दोऽवयववाचीत्यवयवेन विग्रहः, समुदायः समासार्थः, अवयवस्य चावश्यं समुदायरूपेऽन्यपदार्थेऽन्तर्भावः[१], अत एवात्र तद्गुणसंविज्ञानोऽयं बहुव्रीहिः, यथा-लम्बकर्ण इत्यादौ, न त्वतद्गुणसंविज्ञानः, यथा-चित्रगुरित्यादौ । ज्ञापकं चात्र "अष्ट और्जस्-

१. अन्यपदार्थे समुदायरूपे ।

शसो:" [१.४.५३.] "आतो णव औः" [४.२.१२०.] "उत औविति व्यञ्जनेऽद्वेः"[४.३.५९.] इत्यादि । औकारस्य हि स्वरत्वाभावे "अष्ट औः०" [१.४.५३.] इत्यादिसूत्रेषु "स्वरे वा" [१.३.२४.] इत्यनेन यलोपो न स्यात् ।

-: न्याससारसमुद्धारनो अनुवाद :-

આ સૂત્રમાં अन्त શબ્દ અવયવનું કથન કરનાર છે. આથી અવયવ (औकार)વડે વિગ્રહ કર્યો છે. અવયવોનો સમુદાય (अથી औ સુધી) એ સમાસનો અર્થ છે. હવે સમુદાય સ્વરૂપ જે અન્યપદાર્થ છે, તેમાં અવયવનો અવશ્ય સમાવેશ થાય છે. બહુવ્રીહિ સમાસ બે પ્રકારનાં છે. જો સમાસનો અર્થ અન્યપદાર્થમાં સમાવેશ પામે તો तद्गुणसंविज्ञानः बहुव्रीहि સમાસ કહેવાય. દા.ત. लम्बकर्णः रासभः" તથા સામાસિક શબ્દનો પદાર્થ જો અન્યપદાર્થમાં સમાવેશ ન પામે તો अतद्गुणसंविज्ञानः बहुव्रीहि સમાસ કહેવાય. દા.ત. चित्रगुः चैत्रः આ પ્રયોગમાં જે બહુવ્રીહિ સમાસ થયો છે તે अतद्गुणसंविज्ञानः बहुव्रीहि સમાસ છે.

પૂર્વપક્ષ :- અહીં तद्गुणसंविज्ञानः બહુવ્રીહિ અર્થ જ કરવો આવું કેવી રીતે જણાય ?

ઉત્તરપક્ષ :- અહીં तद्गुणसंविज्ञानः બહુવ્રીહિ લેવાનો છે. એનું જ્ઞાપક સૂત્ર "अष्ट और्जस - शसोः" (૧/૪/૫૩) સૂત્ર છે. (૧/૪/૫૩) સૂત્રમાં "अष्ट" શબ્દ ષષ્ઠી એકવચનવાળો છે. તેની સાધનિકા આ પ્રમાણે છે -

"अष्टन् + ङस्" હવે "ङस्" પ્રત્યય લાગતાં "अष्टन्"નાં "न्"નો (૧/૪/૫૩) સૂત્રથી "आ" થશે. આમ "अष्टा + ङस्" આ અવસ્થામાં (૨/૧/૧૦૭) સૂત્રથી "आ"નો લોપ થતાં "अष्ट् + ङस्" થશે. આ પ્રમાણે ષષ્ઠી એકવચનનું રૂપ "अष्टस्" થશે. અર્થાત્ "अष्टः" થશે. હવે ૧/૪/૫૩ સૂત્રમાં "अष्टस्" પછી "औ" આવ્યો છે. અહીં "औ"ને જો સ્વર માનવામાં આવે તો "औ" સ્વર નિમિત્તક કાર્ય પ્રાપ્ત થાય. સૌ પ્રથમ તો "अष्टस्" શબ્દ પદાન્તે હોવાથી પદને અંતે "स्"નો "र्" (૨/૧/૭૨) સૂત્રથી થશે. આથી "अष्टस् + औ" આ અવસ્થામાં "औ"ને સ્વર માનવાથી "रोर्यः" (૧/૩/૨૬) સૂત્રથી "र्"નો "य्" થશે. તથા તે "य्"નો "स्वरे वा" (૧/૩/૨૪) સૂત્રથી લોપ થશે.

હવે જો "औ"ને સ્વર ન માન્યો હોત તો (૧/૪/૫૩) સૂત્રમાં "अष्ट" શબ્દ સિદ્ધ થઈ શકત નહીં. "अष्टन्" શબ્દનું ષષ્ઠી એકવચનનું રૂપ "अष्ट" થયું છે તે "अष्टस्" થયા પછી "स्"નો "र्" થયા પછી "र्"નો સ્વર પર છતાં ("औ" પર છતાં) લોપ થઈને થયું છે. આમ "औ" સ્વર માનવામાં આવે તો જ "अष्टन्" શબ્દનું ષષ્ઠી એકવચનનું "अष्ट" રૂપ થઈ શકે. આ પ્રમાણે ૧/૪/૫૩ સૂત્રમાં "अष्ट" શબ્દની સિદ્ધિથી જ જણાય છે કે "औ"ને સ્વર માન્યો છે. તે "औ"ને

સ્વર ત્યારે જ માની શકાય, જો આ ૧/૧/૪ સૂત્રમાં તદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિનું આલંબન લેવામાં આવે. આ જ પ્રમાણે "आतो णव औः" (૪/૨/૧૨૦) સૂત્ર અને "उत औविति व्यञ्जनेऽद्वेः" (૪/૩/૫૯) સૂત્ર પણ આવા પ્રકારનાં સમાસનાં જ્ઞાપક જાણવા.

(न्या०स०) तकार इति-उच्चार्यते स्वरूपेण स्वीक्रियतेऽनेनेत्युच्चारणम्, स्वरूपपरिग्रह इति भावः। तपरत्वान्निर्देशस्य 'औत्' इत्युक्ते औकारस्वरूपं प्रतीयते, तकाराभावे तु आबन्ता इति कृते कष्टा प्रतीतिर्भवेदिति भावः। ननु लृकारः कृपिस्थ एव प्रयुज्यते, न च तत्र स्वरसंज्ञायाः किमपि प्रयोजनम्, लृकारस्य तु सर्वथा प्रयोग एव नास्तीति, नैवम्-'क्लृप्तः', 'क्लृ३प्तशिख!' इत्यादौ द्वित्व-प्लुतादेः स्वरकार्यस्य दर्शनात्। तथाहि-"अदीर्घाद् विरामैक०" [१.३.३२.] इत्यनेन द्वित्वम्, "दूरादामन्त्र्यस्य..." [७.४.९९.] इत्यनेन प्लुतश्च स्वराश्रितः प्रतिपादितः स्वरस्याधिकृतत्वाद्, असति स्वरत्वे तत्र स्यादिति। **प्रदेशा** इति-प्रदिश्यन्ते संज्ञाप्रयोजनान्येषु इति "व्यञ्जनाद् घञ्" [५.३. १३२.] इति घञि प्रदेशाः, संज्ञाप्रयोजनस्थानानीत्यर्थः ॥४॥

અનુવાદ :- ઉપરની તમામ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસની પંક્તિઓનાં ભાષાંતરમાં આવી ગયો છે.

॥ चतुर्थं सूत्रम् समाप्तम् ॥

❄ ❄ ❄

सूत्रम् - एकद्वित्रिमात्रा ह्रस्वदीर्घप्लुताः ।१।१।५॥

-: તત્ત્વપ્રકાશિકા :-

मात्रा कालविशेषः। एक-द्वि-त्र्युच्चारणमात्रा औदन्ता वर्णा यथासंख्यं ह्रस्व-दीर्घप्लुतसंज्ञा भवन्ति। एकमात्रो ह्रस्वः-अ इ उ ऋ लृ। द्विमात्रो दीर्घः-आ ई ऊ ॠ ॡ ए ऐ ओ औ। त्रिमात्रः प्लुतः-आ३ ई३ ऊ३ इत्यादि। ऐदौतौ चतुर्मात्रावपीत्यन्ये। औदन्ता इत्येव ? प्रतक्ष्य, अत्रार्धमात्रिकयोर्व्यञ्जनयोः समुदायस्यैकमात्रत्वेऽपि ह्रस्वसंज्ञाया अभावात् तोऽन्तो न भवति। वर्णानां च ह्रस्वादिसंज्ञाविधानात् 'तितउच्छत्रम्' इत्यादावकारोकारलक्षणवर्णसमुदायस्य द्विमात्रत्वेऽपि दीर्घसंज्ञाया अभावाद् द्वित्वविकल्पो न भवति। सन्ध्यक्षराणां तु

एकमात्रिकत्वाभावाद् ह्रस्वसंज्ञा न भवति । ह्रस्वादिप्रदेशाः- "ऋलृति ह्रस्वो वा" [१.२.२.] इत्यादयः ॥५॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

માત્રા એટલે કાલવિશેષ અર્થાત્ ઉચ્ચારણકાલ. આંખનો એક પલકારો એ એકમાત્રા સ્વરૂપ કાલ છે. આંખની પાંપણ નીચેથી ઉપર જાય અથવા તો ઉપરથી નીચે આવે તો આટલા સમયને એકમાત્રા કહેવાય છે. એક, બે અને ત્રણ માત્રા સ્વરૂપ ઉચ્ચારણકાલ છે જેઓનાં તે औ અંત સુધીનાં વર્ણો અનુક્રમે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞાવાળા થાય છે. એકમાત્રાવાળા વર્ણો હ્રસ્વ કહેવાય છે. જે अ, इ, उ, ऋ, लृ છે. બે માત્રાવાળા દીર્ઘ કહેવાય છે. જે आ, ई, ऊ, ॠ, ॡ, ए, ऐ, ओ, औ છે. ત્રણ માત્રાવાળા પ્લુત કહેવાય છે. જે $आ_3$, $ई_3$, $ऊ_3$ વગેરે છે. ऐत् અને औत् ચાર માત્રાવાળા પણ છે. એવું શેષરાજ માને છે. औ અંત સુધીનાં સ્વરોની જ અનુક્રમે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞા થાય છે. માટે બે વ્યંજનોનાં સમુદાયની અથવા તો બે સ્વરોનાં સમુદાયની હ્રસ્વ વગેરે સંજ્ઞાઓ નહીં થાય. આમ થવાથી "प्रतक्ष्य" પ્રયોગમાં क् + ष्ની હ્રસ્વ સંજ્ઞા ન થવાથી "त्"નો આગમ થશે નહીં. તથા ભિન્ન ભિન્ન સ્વરોની હ્રસ્વ વગેરે સંજ્ઞા થવાથી तितउच्छत्रम् વગેરે પ્રયોગોમાં अ અને उ સ્વરૂપ સમુદાયની બે માત્રાપણાંથી દીર્ઘ સંજ્ઞા ન થવાથી छ્નાં દ્વિત્વનો વિકલ્પ પણ નહીં થાય. વળી સન્ધ્યક્ષરોમાં એકમાત્રાવાળાપણાંનો અભાવ હોવાથી હ્રસ્વસંજ્ઞા થશે નહીં. હ્રસ્વ વગેરે સંજ્ઞાઓનાં પ્રયોજનસ્થાનો "ऋलृति ह्रस्वो वा" (૧/૨/૨) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

एक-द्वीत्यादि-"इंण्क् गतौ" "भीण्-शलि-वलि-कल्यति-मर्च्यर्चि०" [उणा० २१.] इति के गुणे च एकः । "उभ उम्भत् पूरणे" अतः "उभेर्द्वत्रौ च" [उणा० ६१५.] इति इकारे द्विः, त्रिः ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

"इंण्क् गतौ" આ ગતિ અર્થવાળો બીજા ગણનો ધાતુ છે. આ "इ" ધાતુને "भीण् - शलि-वलि..."(उणादि० ૨૧) સૂત્રથી "क" પ્રત્યય લાગે છે. આ "क" પ્રત્યય લાગતાં ગુણ થવાથી "एक શબ્દ બને છે. હવે દ્વિ અને ત્રિની વ્યુત્પત્તિ બતાવે છે. "उभ" અને "उम्भ" ધાતુ પૂરણ અર્થવાળાં છઠ્ઠા ગણનાં છે. આ ધાતુથી "उभर्द्वत्रौ च" (उणादि० ૬૧૫) "इ" પ્રત્યય થતાં તથા આદેશ થવાથી द्विः અને त्रिः શબ્દ પ્રાપ્ત થાય છે. "उभ" ધાતુ જે છઠ્ઠા ગણનો છે તેને "इ"

પ્રત્યય લાગતાં "द्व" અને "त्र" એમ બે આદેશો થાય છે. તેમજ "इ" પ્રત્યય થતાં "द्वि" અને "त्रि" શબ્દો બને છે.

(श०न्या०) "मांक् माने" "हु-या-मा-श्रु-वसि-भसि-गु-वी०" [उणा० ४५१.] इति त्रे आपि च मात्रा। एका च द्वे च तिस्रश्चेति द्वन्द्वे "सर्वादयोऽस्यादौ" [३.२.६१.] इति पुंवद्भावे एक-द्वि-तिस्रो मात्रा येषामिति बहुव्रीहौ "गोश्चान्ते ह्रस्वः०" [२.४.९६.] इति ह्रस्वे जसि "अत आः स्यादौ जस्-भ्याम्-ये" [१.४.१.] इत्याकारे, समानदीर्घत्वे, सो रुत्वे "अवर्ण-भो-भगो०" [१.३.२२.] इति रुलोपे **एक-द्वि-त्रिमात्राः** ।

અનુવાદ :- હવે मात्रा શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે - "मांक्" ધાતુ માપવું અર્થમાં બીજા ગણનો છે. આ "मा" ધાતુને "हु-या-मा..." (उणादि० ૪૫૧) સૂત્રથી "त्र" પ્રત્યય થાય છે. આ પ્રમાણે "मात्र" શબ્દ પ્રાપ્ત થયા પછી પ્રમાણ અર્થવાળો એવો "मात्र" શબ્દ સ્ત્રીલિંગમાં હોવાથી "आप्" પ્રત્યય લાગતાં "मात्रा" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે "एका च द्वे च तिस्रः च" એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ થવાથી તથા "सर्वादयोऽस्यादौ (૩/૨/૬૧) સૂત્રથી પુંવત્ભાવ થવાથી "एक-द्वि-त्रि" એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ બનશે. હવે આ દ્વન્દ્વ સમાસનો "मात्रा" શબ્દ સાથે બહુવ્રીહિ સમાસ થાય છે. "एक-द्वि-तिस्रः मात्रा येषाम् ते", અહીં "गोश्चान्ते ह्रस्वः ..," (૨/૪/૯૬) સૂત્રથી હ્રસ્વ થતાં "एकद्वित्रिमात्र" સ્વરૂપ બહુવ્રીહિ સમાસ થશે. આ સામાસિક શબ્દને પ્રથમા બહુવચનનો "जस्". પ્રત્યય લાગતાં "अत आः स्यादौ..." (૧/૪/૧) સૂત્રથી "मात्र" શબ્દનાં "अ"નો "आ" થતાં एकद्वित्रिमात्रा + जस्. આ અવસ્થામાં "समानानाम् तेन दीर्घः" (૧/૨/૧) સૂત્રથી સમાન સ્વરનું દીર્ઘપણું થવાથી અને "स्"નો "र्" થવાથી તથા તે "र्" નો, પાછળ હ્રસ્વ શબ્દનો "ह्" સ્વરૂપ ઘોષવ્યંજન આવતાં "अवर्णभो-भगो..." (૧/૩/૨૨) સૂત્રથી લોપ થાય છે. આ પ્રમાણે "एकद्वित्रिमात्रा" સ્વરૂપ સામાસિક શબ્દની પ્રાપ્તિ થઈ.

(श०न्या०) "ह्रस शब्दे" "लटि-खटि-खलि-नलि-कण्यशौ०" [उणा० ५०५.] इति वे ह्रस्वः । "दृश् विदारणे" "मघा-घङ्काऽघ-दीर्घादयः" [उणा० ११०.] इति घे दीर्घः । "प्लुंङ् गतौ" क्ते प्लुतः । द्वन्द्वे जसि **ह्रस्व-दीर्घ-प्लुताः** ।

અનુવાદ :- હવે, ह्रस्व, दीर्घ અને प्लुत શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે -

"ह्रस्" ધાતુ "શબ્દ કરવો" અર્થમાં પહેલા ગણનો છે. તેને "लटि-खटि-खलि..." (उणादि० ૫૦૫)" સૂત્રથી "व" પ્રત્યય થતાં "ह्रस्व" શબ્દ બને છે.

"दृश्" ધાતુ "ફાડવા" અર્થમાં નવમા ગણનો છે. આ ધાતુને "मघा-घङ्काऽघ..." (उणादि०

૧૧૦.) સૂત્રથી "घ" પ્રત્યય થાય છે અને "दॄ" ધાતુનો "दीर्" આદેશ થતાં "दीर्घ" શબ્દ બને છે.

"ગતિ" અર્થવાળો "प्लुंङ्" ધાતુ પહેલા ગણનો છે. જેને ભૂતકૃદન્તનો "क्त" પ્રત્યય લાગતાં "प्लुत" શબ્દ બને છે.

હવે ह्रस्व, दीर्घ અને प्लुत ત્રણેય શબ્દનો દ્વન્દ્વ સમાસ થઈને "जस्" પ્રત્યય લાગતાં ह्रस्वदीर्घप्लुताः સ્વરૂપ વિધેય પ્રાપ્ત થાય છે.

(श०न्या०) निमिषोन्मेषक्रियापरिच्छिन्नः कालो मात्राशब्देनाऽभिधीयतेऽत आह-**मात्रा कालविशेषः** । सा एकादिभिर्विशिष्यते, तया च वर्णो विशिष्यते । ननु विशिष्यते व्यावर्त्तते येन तद् विशेषणम्, तत् प्रत्यासत्तौ सत्यां भवति, प्रत्यासत्तिश्चोपकारगर्भा, उपकारश्च क्रियाद्वारक इति, अन्यथा सर्वं सर्वस्य विशेषणं विशेष्यं वा स्याद्, इति कथं तदभावात् कालो वर्णस्य विशेषणं भवति ?, उच्यते-अस्त्यत्राप्युच्चारणक्रियानिमित्ता प्रत्यासत्तिः, यया कालो वर्णस्य विशेषणं भवति, तथाहि-यस्य वर्णस्योच्चारणं मात्राकालेन परिच्छिद्यते, स वर्णो मात्राकालेन विशिष्यते, अत एवाऽऽह-**एक-द्वि-त्र्युच्चारणमात्राः**-एक-द्वि-तिस्र उच्चारणे मात्रा येषां ते तथोक्ताः ।

અનુવાદ :- આંખની પાંપણની બંધ થવાની અને ખુલવાની ક્રિયાવડે મપાતો એવો કાળ "मात्रा" શબ્દવડે કથન કરાય છે. આંખની પાંપણને બંધ કરતાં જે સમય લાગે છે અથવા તો સંપૂર્ણ ઉઘડતાં જેટલો સમય લાગે છે તેટલા સમયને માત્રા કહેવાય છે. માટે જ "આચાર્ય ભગવંતે" બૃહદ્વૃત્તિમાં લખ્યું છે કે "मात्रा" એ "કાળવિશેષ" છે.

સૂત્રનો જે ઉદ્દેશ્યઅંશ છે એમાં "एकद्वित्रि" એ વિશેષણ છે અને "मात्रा" એ વિશેષ્ય છે. હવે આ "एकद्वित्रिमात्रा" એ સંપૂર્ણ ઉદ્દેશ્યઅંશ બહુવ્રીહિ સમાસ કર્યો છે. બહુવ્રીહિ સમાસ અન્યપદાર્થપ્રધાન હોવાથી અન્યપદાર્થ તરીકે "वर्ण" શબ્દ આવશે. આથી "वर्ण" એ વિશેષ્ય થશે અને "एकद्वित्रिमात्रा" એ વિશેષણ થશે.

पूर्वपक्ष :- જેનાથી વસ્તુ વિશેષિત કરાય છે તેને વિશેષણ કહેવાય છે. દા.ત. "नीलकमलम्" અહીં "कमल"ને "नील"થી વિશેષિત કરાયું છે. માટે "नील" એ વિશેષણ છે. વિશેષણ-વિશેષ્યભાવ કોઈ સંબંધ હોય તો જ થઈ શકે. હવે આ સંબંધ ઉપકાર સ્વરૂપ હોઈ શકે છે. અહીં "औ" અંત સુધીનાં વર્ણોનું વિશેષણ જો "एकद्वित्रिमात्रा" બનાવવામાં આવે તો "एकद्वित्रिमात्रा"નો વર્ણ સાથે સંબંધ થવામાં કોઈ પણ ઉપકાર બતાવવો પડે. તે ઉપકાર ક્રિયા સ્વરૂપ પણ હોઈ શકે અથવા તો અન્ય સ્વરૂપ પણ હોઈ શકે. જો આ પ્રમાણે ઉપકારગર્ભવાળો સંબંધ માનવામાં ન આવે તો બધા જ બધાનાં વિશેષણો થવાની આપત્તિ આવે છે અને અહીં

સૂત્રમાં ઉપકાર સ્વરૂપ કોઈ સંબંધ તો બતાવ્યો નથી. તો પછી "एकद्वित्रिमात्रा" સ્વરૂપ કાલ વર્ણનું વિશેષણ કેવી રીતે બનશે ?

ઉત્તરપક્ષ :- અહીં પણ ઉચ્ચારણ ક્રિયા નિમિત્તવાળો સંબંધ છે. આ સંબંધથી માત્રા સ્વરૂપ કાલ એ વર્ણનું વિશેષણ થાય છે. તે આ પ્રકારે છે. જે વર્ણનું ઉચ્ચારણ માત્રા સ્વરૂપ કાલવડે મપાય છે, તે વર્ણ માત્રા સ્વરૂપ કાલવડે વિશેષિત કરાય છે. આથી જ બૃહદ્વૃત્તિમાં "एकद्वित्र्युच्चारणमात्राः" પંક્તિઓ લખવામાં આવી છે. ઉચ્ચારણ નિમિત્તે એક, બે અને ત્રણ માત્રા સ્વરૂપ કાલ જેઓને છે તેઓ એક, બે અને ત્રણ ઉચ્ચારણ માત્રાવાળા કહેવાય છે અને એવા બધા જ વર્ણો અનુક્રમે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞાવાળા થશે.

(શ૦ન્યા૦) विशेषणस्य त्रित्वादन्यपदार्थस्य संज्ञिनोऽपि त्रित्वाद् यथासङ्ख्येन संज्ञात्रयसिद्धिरित्यत आह-**यथासङ्ख्यमि**ति ।

અનુવાદ :- "एकद्वित्रिमात्रा" સ્વરૂપ વિશેષણનું ત્રણપણું હોવાથી અન્યપદાર્થ સ્વરૂપ સંજ્ઞીનું (વર્ણોનાં સમૂહનું) પણ ત્રણપણું થાય છે. હવે સંજ્ઞીનું ત્રણપણું થાય છે અને સંજ્ઞા તો (હ્રસ્વ વગેરે) ત્રણ છે જ. આથી સંખ્યા અને વચન સમાન હોય તો "यथासङ्ख्यम् अनुदेशः समानानाम्" ન્યાયથી સંજ્ઞા અને સંજ્ઞી વચ્ચે અનુક્રમ થશે. આથી જ બૃહદ્વૃત્તિમાં પંક્તિઓ લખી છે કે औ અંત સુધીનાં વર્ણો અનુક્રમે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞાવાળા થાય છે. આ પ્રમાણે અનુક્રમ થતાં એકમાત્રાવાળા अ, इ, उ, ऋ, लृ વર્ણો હ્રસ્વ સંજ્ઞાવાળા થશે. તથા आ, ई, ऊ, ॠ, ॡ, ए, ऐ, ओ, औ (બે માત્રાવાળા) વર્ણો દીર્ઘસંજ્ઞાવાળા થશે. તથા ત્રણ માત્રાવાળા अથી શરૂ કરીને औ સુધીનાં બધા જ વર્ણો પ્લુતસંજ્ઞાવાળા થશે. જેનો બહુવચનથી વર્ણનાં પાઠક્રમમાં સમાવેશ કરાયો છે.

(શ૦ન્યા૦) ऐदौताविति । अयमाशयस्तेषाम्-विश्लिष्टवर्णावैकारौकारौ, तयोश्च प्लुते विधीयमाने ऐ३तिकायन ! औ३पगव ! इत्यत्र परभागस्यैवेकारस्योकारस्य च विधीयते, प्लुतश्च त्रिमात्रो भवति, एका च मात्रा अवर्णस्येति मात्राचतुष्टयं भवति । **अन्ये** श्रीशेषराज इत्यर्थः ।

અનુવાદ :- તેઓનો આ આશય છે - ऐकार અને औकार બંને વિશ્લિષ્ટવર્ણ છે અર્થાત્ પૃથક્વર્ણના સમુદાય સ્વરૂપ છે. આથી ऐનો अवर्ण અને इवर्ण સ્વરૂપ પૃથક્ વ્યવહાર થઈ શકશે. તથા अवर्ण + उवर्ण થઈને औकार થાય છે. આ પ્રમાણે औकारનો પણ પૃથક વર્ણ તરીકે વ્યવહાર થઈ શકશે. આ બંને વર્ણનું જો પ્લુત કરવું હોય તો પરભાગ એવા इवर्ण અને उवर्णનું જ પ્લુત થઈ શકશે તથા પૂર્વના अवर्णની એક માત્રા ઉમેરતાં ऐकार અને औकारની ચાર માત્રા થશે. આવું શેષરાજ નામના વૈયાકરણી માને છે. ऐ३तिकायन ! તથા औ३पगव ! આ બંને પ્રયોગમાં ऐ અને

औ ચાર માત્રાવાળા છે. જેના અર્થ અનુક્રમે છે હે ! ઇતિક ઋષિના પુત્ર તથા હે ! ગોવાળના પુત્ર એ પ્રમાણે થશે. આ બંને વર્ણોની ઉચ્ચારણ પદ્ધતિ નીચે પ્રમાણે હોવાથી અમે વિશ્લિષ્ટ સ્વરૂપ માનીએ છીએ. अ इ ૧ માત્રા ૨ માત્રા ૩ માત્રા तिकायनः તથા अ उ ૧ માત્રા ૨ માત્રા ૩ માત્રા पगवः આ પ્રમાણે ૧ + ૩ = ૪ માત્રા થશે એવું શેષરાજ માને છે.

(श०न्या०) प्रपूर्वात् "तक्षौ त्वक्षौ तनूकरणे" अतः प्रतक्षणं पूर्वम् "प्राक्काले" [५.४.४७.] इति क्त्वा, "गतिक्वन्यस्तत्पुरुषः" [३.१.४२.] इति समासे "अनञः क्त्वो यप्" [३.२.१५४.] इति यबादेशे **प्रतक्ष्ये**ति । असत्यौदन्ता इत्यनुवर्त्तने द्वयोरर्द्धमात्रिकयोर्व्यञ्जनयोरेकमात्रिकत्वमस्तीति ह्रस्वाश्रयो "ह्रस्वस्य तः पित्कृति" [४.४.११३.] इति ताऽऽगमप्रसङ्गः, औदन्तानुवर्त्तने तु ताऽऽगमो न भवति ।

અનુવાદ :- "प्र" ઉપસર્ગપૂર્વક "तक्ष्" અને "त्वक्ष्" બંને છોલવું" અર્થમાં અથવા તો "પાતળું કરવું" અર્થમાં છે. આથી છોલવું અથવા તો પાતળું કરવા સ્વરૂપ ક્રિયા જો પહેલા થઈ હોય તો "प्राक्काले". (૫/૪/૪૭) સૂત્રથી "क्त्वा" પ્રત્યય થતાં प्र + तक्ष् + त्वा." આ અવસ્થામાં "गतिक्वन्यस्तत्पुरुषः" (૩/૧/૪૨) સૂત્રથી ગતિતત્પુરુષ સમાસ થવાની પ્રાપ્તિ આવી. આ પ્રમાણે સમાસ કરતી વખતે "नञ्" સિવાયનાં અવ્યય જો પૂર્વપદમાં હોય તો "त्वा" પ્રત્યયનો "यप्" આદેશ "अनञः क्त्वो यप्" (૩/૨/૧૫૪) સૂત્રથી થાય છે અને આમ "प्रतक्ष्य" સામાસિક શબ્દ સિદ્ધ થાય છે. જો "औदन्ता"ની અનુવૃત્તિ અગાઉનાં સૂત્રમાંથી આ સૂત્રમાં લાવવામાં ન આવે તો બે વ્યંજનનાં સમુદાયની એકમાત્રા થવાથી "क्ष्" વ્યંજનની હ્રસ્વસંજ્ઞા થાત તથા હ્રસ્વ માનીને "ह्रस्वस्य तः पित्कृति" (૪/૪/૧૧૩) સૂત્રથી "त्" આગમનો પ્રસંગ આવત. આમ થાત તો "प्रतक्ष्त्य" એવાં અનિષ્ટ રૂપની આપત્તિ આવત. પરંતુ "औदन्ता"ની અનુવૃત્તિ આ સૂત્રમાં આવવાથી સ્વર સ્વરૂપ વર્ણોમાં જ હ્રસ્વાદિ સંજ્ઞાની પ્રાપ્તિ થશે. માટે બે વ્યંજનનાં સમુદાયની ભલે એકમાત્રા થાય તો પણ હ્રસ્વસંજ્ઞાની પ્રાપ્તિ આવશે નહીં. આથી આવા પ્રસંગોમાં હવે त्નો આગમ થશે નહીં.

(श०न्या०) नन्वनुवर्त्तमानेऽपि ["तनूयी विस्तारे" अतः] "तनेर्डउः" [उणा० ७४८.] सन्वच्चेति डऔ [तितउः] तस्य छत्रं **तितउच्छत्रमि**ति । अत्राऽकारोकारसमुदायस्य द्विमात्रत्वाद् "अनाङ् माङो दीर्घाद्वा०" [१.३.२८.] इति द्वित्वविकल्पः स्याद्, नित्यं च द्वित्वमिष्यते । न च वाच्यम्-भवत्वपवादत्वाद् द्वित्वविकल्पः, तस्मिन् सत्यवयवह्रस्वाश्रयं द्वित्वं भविष्यति, यतः समुदाये कार्यं प्रति व्याप्रियमाणेऽवयवानां पारतन्त्र्यादव्यापारान्नैव ह्रस्वलक्षणद्वित्वप्रसङ्गः, *सकृद्गते विप्रतिषेधे* इति न्यायाद् वा ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- "औदन्ता"ની અનુવૃત્તિ ઉપરનાં સૂત્રમાંથી લાવવામાં આવશે તો પણ વિસ્તાર અર્થવાળા "तन्" ધાતુને "तनेर्डउः" (उणादि० ૭૪૮) સૂત્રથી "ऽउ" પ્રત્યય થતાં તેમજ સન્‌વત્ થતા "तितउ" શબ્દ નિષ્પન્ન થાય છે. હવે "तितउ"નું ષષ્ઠી એકવચન "तितओः" થશે. હવે ષષ્ઠી તત્પુરુષ સમાસનાં નિમિત્તે "तितओः छत्रम्" આ બે પદો ભેગા થતાં "तितउच्छत्रम्" આ પ્રમાણે સામાસિક શબ્દ થશે. અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થયો કે હ્રસ્વ સ્વર "उ"ને માનીને "छ्"નું "स्वरेभ्यः" (૧/૩/૩૦) સૂત્રથી નિત્ય દ્વિત્વ કરવું અથવા તો "अ" અને "उ"નાં સમુદાયને દીર્ઘ માનીને "अनाङ्माङो दीर्घाद् ..." (૧/૩/૨૮) સૂત્રથી "छ्"ને વિકલ્પે દીર્ઘ કરવો ? "औदन्ता"ની અનુવૃત્તિ આગળનાં સૂત્રમાંથી આવવાથી "अ" તથા "उ" બંને હ્રસ્વ સ્વરો ભેગા થઈને બે માત્રા થવાથી "तितउ"માં અંતે દીર્ઘ સ્વર છે એવું મનાશે અને તેમ થતાં "अनाङ्माङो०" (૧/૩/૨૮) સૂત્રથી "छ्"નું દ્વિત્વ વિકલ્પે પ્રાપ્ત થશે. ખરેખર તો "छ्"ની દ્વિત્વવિધિ નિત્ય ઇચ્છવા યોગ્ય છે.

પ્રતિપૂર્વપક્ષ :- (૧/૩/૩૦) સૂત્ર તથા (૧/૩/૨૮) સૂત્ર એ પ્રમાણે બંને સૂત્રમાંથી (૧/૩/૨૮) સૂત્ર અપવાદ સૂત્ર છે. અહીં સમુદાય સ્વરૂપ બે વર્ણોને દીર્ઘ માનીને ભલે દ્વિત્વ વિકલ્પની પ્રાપ્તિ આવે, પરંતુ અમે તો સમુદાય સ્વરૂપ વર્ણોમાં પણ અવયવ પક્ષનો આશ્રય કરીને દ્વિત્વ કરીશું. આથી અવયવ પક્ષમાં તો "उ" સ્વર હ્રસ્વ હોવાથી (૧/૩/૩૦) સૂત્રથી "छ्"ની દ્વિત્વવિધિ નિત્ય થશે.

પૂર્વપક્ષ :- સમુદાયમાં પણ અવયવોને માનીને "छ्"ની દ્વિત્વવિધિ નિત્ય થશે એ પ્રમાણે કહેવું નહીં. કારણ કે વ્યાપારિત (વ્યાપારવાળાં) એવાં સમુદાયનાં વિષયમાં કાર્યની પ્રાપ્તિ થાય ત્યારે અવયવોનું પરાધીનપણું થાય છે. આથી સમુદાય સ્વરૂપ વર્ણોમાં અવયવોને અલગ માનીને વ્યાપાર (સૂત્રની પ્રવૃત્તિ) થઈ શકતો નથી. માટે હ્રસ્વને માનીને દ્વિત્વવિધિનો (નિત્ય એવી) પ્રસંગ આવશે નહીં જ. દા.ત. સમુદાય સ્વરૂપ વૃક્ષને સિંચન કરવાની ક્રિયા બતાવી હોય ત્યારે અવયવ સ્વરૂપ ડાળી, પાંદડા, થડ વગેરેને માનીને સિંચન ક્રિયા થતી નથી. એ જ પ્રમાણે અહીં પણ "तितउ"માં સમુદાય સ્વરૂપ દીર્ઘ સ્વરને માનવામાં આવશે તો અવયવ સ્વરૂપ હ્રસ્વ સ્વર "उ"ને માનીને નિત્ય એવી દ્વિત્વવિધિ થશે નહીં.

ઉત્તરપક્ષ :- આ ઉત્તરપક્ષ બૃહન્ન્યાસમાં આપવામાં આવ્યો નથી, પરંતુ "न्यायाद् वा"માં જે વિકલ્પ લખવા દ્વારા બીજો હેતુ જણાવ્યો છે એનાં અનુસંધાનમાં અમે આ ઉત્તરપક્ષ જણાવ્યો છે.

સમુદાયનું કાર્ય હોતે છતે પણ ક્યાંક અવયવને માનીને પણ કાર્ય થાય છે. દા.ત. આખા પરિવારને જમવાનું આમંત્રણ આપ્યું હોય ત્યારે જમાડવાની ક્રિયા તો દરેક વ્યક્તિદીઠ અલગ

અલગ થાય છે. એ પ્રમાણે અહીં પણ "तितउ"શબ્દમાં અવયવ સ્વરૂપ "उ"ને મુખ્ય ગણીને "छ"નાં દ્વિત્વની નિત્યવિધિ (૧/૩/૩૦) સૂત્રથી પ્રાપ્ત થઈ જશે. માટે કોઈ આપત્તિ નથી.

પૂર્વપક્ષ :- અહીં (૧/૩/૨૮) સૂત્ર અને (૧/૩/૩૦) સૂત્ર એમ બંને સૂત્રની વિધિ એકસાથે પ્રાપ્ત થયે છતે જો (૧/૩/૩૦) સૂત્રનો બાધ કરીને (૧/૩/૨૮) સૂત્રથી વિકલ્પ વિધિ કરવામાં આવે તો "सकृद्गते विप्रतिषेधे..." ન્યાયથી (૧/૩/૩૦) સૂત્રથી નિત્ય દ્વિત્વવિધિનો બાધ થઈ જવાથી "छ"નાં દ્વિત્વની નિત્યવિધિ થઈ શકશે નહીં. આ પ્રમાણે આપત્તિ તો હજી ઊભી જ છે.

(श०न्या०) न चैवंविधे विषये *पुनः प्रसङ्गविज्ञानम्* च भवति, नित्य-विकल्पयो-र्विरोधात् पूर्वेण परस्य बाधप्रसङ्गादिति, (यत्र हि पूर्वो विधिः परं न बाधते, तत्र पुनः प्रसङ्गविज्ञानं क्वचिदाश्रीयते) अत आह-**वर्णानामित्यादि**। अयमभिप्रायः-द्वयश्च पदार्थो जातिर्व्यक्तिश्च। तत्र वर्णग्रहणे जातिग्रहणाद् ('प्रतक्ष्य' इति) व्यञ्जनसंयोगस्य 'तितउ' इति स्वरसमुदायस्य (च) प्राप्नोति, औदन्तानुवृत्त्या समुदायनिवृत्तिर्विधीयते; व्यक्तिरपि पदार्थोऽस्तीत्युक्तम्, तत्र व्यक्ति-पदार्थेऽप्यङ्गीक्रियमाणे समुदायस्य न भविष्यति, नहि समुदायो व्यक्तिः, अत एवोक्तम्-**वर्णानां च ह्रस्वादिसंज्ञाविधानात्;**

અનુવાદ :- ઉત્તપક્ષ :- આ પ્રમાણે ઉપર ઉત્સર્ગથી નિત્ય એવી દ્વિત્વવિધિનો બાધ કરીને અપવાદથી (૧/૩/૨૮) સૂત્રથી "अ" અને "उ" બંનેનાં સમુદાયને દીર્ઘ માનીને વિકલ્પે દ્વિત્વવિધિ કરી તથા "सकृद्गते विप्रतिषेधे..." ન્યાયથી હ્રસ્વ સ્વરને માનીને નિત્ય દ્વિત્વવિધિ ન કરી.. પરંતુ "सकृद्गते विप्रतिषेधे..." ન્યાયને અનિત્ય કરનાર એવો ન્યાય છે. "पुनः प्रसङ्ग-विज्ञानम्". જો પ્રસંગ ઉપસ્થિત થાય તો લક્ષ્યની સિદ્ધિ કરવા માટે એકવાર સ્પર્ધાથી બાધ પામેલું કાર્ય ફરીથી પણ પ્રાપ્ત થાય છે એવું આ ન્યાય જણાવે છે. દા.ત. એકસરખાં પ્રભાવવાળા બે સ્વામીઓ હોય અને બંને સ્વામીનો નોકર એક જ હોય ત્યારે એ નોકર એક સ્વામીનું કાર્ય કરતી વખતે ભલે બીજા સ્વામીનું કાર્ય અટકી ગયું હોય તો પણ પહેલાં સ્વામીનું કાર્ય કરીને ફરીથી બીજા સ્વામીનું કાર્ય કરે જ છે. હા, બંને કાર્યો એક જ સમયે કરવાનાં હોય તેમજ વિરુદ્ધ દિશા સંબંધી હોય એવા સંજોગોમાં જ કરાયેલું એવું એક સ્વામીનું કાર્ય બીજા સ્વામીનાં કાર્યનો બાધ કરે છે. વ્યાકરણમાં "प्रियतिसृणः कुलस्य" પ્રયોગમાં "त्रि" શબ્દમાં "न्"નાં આગમનો બાધ કરીને "तिसृ" આદેશ કરવામાં આવ્યો છે. આ "तिसृ" આદેશ પણ "आगमात् सर्वादेशः" ન્યાયથી કરવામાં આવ્યો છે. અહીં પ્રથમ બાધ પામેલ "न्"નાં આગમની ફરીથી પ્રાપ્તિ "पुनः प्रसङ्गविज्ञानम्" ન્યાયથી થાય છે.

આ પ્રમાણે "पुनः प्रसङ्गविज्ञानम्" ન્યાયથી "तितउच्छत्रम्" પ્રયોગમાં અપવાદમાર્ગનો બાધ કરીને ઉપસર્ગથી નિત્ય એવી દ્વિત્વવિધિ થવાથી લક્ષ્યની સિદ્ધિ થઈ જશે. પરંતુ અહીં ઉપરની જેમ આ વિષયમાં "पुनः प्रसङ्गविज्ञानम्" ન્યાયથી નિત્ય એવી દ્વિત્વવિધિ પ્રાપ્ત થઈ શકશે નહીં. કારણ કે નિત્યવિધિ અને વિકલ્પવિધિ બંને પરસ્પર વિરોધીવિધિ છે. જે "छ्" વ્યંજનનું નિત્ય દ્વિત્વ કરવાનું છે તે જ "छ्" વ્યંજનનું વિકલ્પે દ્વિત્વ કરવું હોય તો પરસ્પર વિરોધ હોવાથી નિત્યવિધિનો બાધ કરીને વિકલ્પવિધિ કરવામાં આવે તો ફરીથી નિત્યવિધિ થઈ શકે નહીં. "प्रियतिसृणः कुलस्य" પ્રયોગમાં તો "त्रि" શબ્દના "तिसृ" આદેશની વિધિ અને "त्रि" અથવા "तिसृ"થી પર "न्"નાં આગમની વિધિ આ બંને વિધિ અલગ અલગ નિમિત્તોને માનીને થતી હતી. તેમજ બંને વિધિનાં સ્થાનીઓ પણ અલગ અલગ હતા. તેથી "पुनः प्रसङ्गविज्ञानम्" ન્યાયથી ત્યાં બાધ પામેલા એવાં "न्"નાં આગમની વિધિ ફરીથી થઈ. જ્યારે અહીં તો પૂર્વની વિધિ (૧/૩/૨૮ સૂત્રથી વિકલ્પે દ્વિત્વની વિધિ) પછીની વિધિથી (૧/૩/૩૦ સૂત્રથી નિત્ય દ્વિત્વની વિધિ) બાધ પામે છે. જ્યાં પૂર્વવિધિને પછીની વિધિ બાધ ન કરે ત્યાં જ "पुनः प्रसङ्गविज्ञानम्" ન્યાય કોઈક સ્થાનોમાં આશ્રય કરાય છે. આથી જ "આચાર્ય ભગવંતે" બૃહદ્‌વૃત્તિમાં લખ્યું છે કે વર્ણોની હ્રસ્વ વગેરે સંજ્ઞાનું વિધાન હોવાથી "तितउच्छत्रम्" વગેરે પ્રયોગોમાં "अ" અને "उ" સ્વરૂપ વર્ણના સમુદાયની બે માત્રા હોતે છતે પણ દીર્ઘ સંજ્ઞાનો અભાવ થવાથી દ્વિત્વનો વિકલ્પ થતો નથી. અમે તો પૃથગ્ પૃથગ્ વર્ણોની જ હ્રસ્વ વગેરે સંજ્ઞાઓ માનીએ છીએ.

ઉપરોક્ત પંક્તિનો સંપૂર્ણ અભિપ્રાય આ પ્રમાણે છે. પદાર્થ બે પ્રકારનાં છે : (૧) જાતિ સ્વરૂપ પદાર્થ અને (૨) વ્યક્તિ સ્વરૂપ પદાર્થ. જો વર્ણનાં ગ્રહણમાં જાતિ ગ્રહણ કરવામાં આવે તો "प्रतक्ष्य" પ્રયોગમાં બે વ્યંજનનાં સંયોગની પણ હ્રસ્વ સંજ્ઞા થઈ શકે. તેમજ "तितउ" પ્રયોગમાં સ્વરનાં સમુદાયની પણ દીર્ઘ સંજ્ઞા થઈ શકે. આ સૂત્રમાં "औदन्ता"ની અનુવૃત્તિ લાવવાથી સમુદાયની નિવૃત્તિ કરાય છે. અર્થાત્ વ્યક્તિપક્ષનો આશ્રય જ કરાય છે. કારણ કે અગાઉ અમે કહી જ ગયા છીએ કે વ્યક્તિ પણ પદાર્થ છે. વ્યક્તિ સ્વરૂપ પદાર્થ સ્વીકારાયે છતે હવે સમુદાયની હ્રસ્વાદિ સંજ્ઞા થશે નહીં. કારણ કે સમુદાય એ વ્યક્તિ સ્વરૂપ પદાર્થ નથી. આવું જણાવવા માટે જ "આચાર્ય ભગવંતે" લખ્યું છે કે "वर्णानां च ह्रस्वादिसंज्ञाविधानात्" વર્ણો સંબંધી હ્રસ્વ વગેરે સંજ્ઞાઓનું વિધાન હોવાથી "तितउच्छत्रम्" વગેરે પ્રયોગોમાં अ અને उकार સ્વરૂપ વર્ણસમુદાય બે માત્રાવાળો હોવા છતાં પણ એવાં સમુદાય સંબંધી દીર્ઘસંજ્ઞાનો અભાવ થવાથી અહીં દ્વિત્વનો વિકલ્પ નહીં થાય.

(શ૦ન્યા૦) एक-द्वि-त्रिमात्रा इति विशेषणाच्चेह व्यक्तिपक्ष आश्रीयते; नहि जातेः परिमाणम्, न स्वरूपेण, एकैकव्यक्तिव्यङ्ग्या च जातिर्न समुदायव्यङ्ग्या, (नहि जातेः स्वरूपेण

परिमाणमस्ति; न च व्यक्तिद्वारकं जातेः परिमाणमाश्रीयते इति वक्तव्यम्, यत एकैकव्यक्तिव्यङ्ग्या हि जातिर्न समुदायव्यङ्ग्या;) न च मुख्ये सम्भवति गौणकल्पना ज्यायसीति भावः । तथा संहितापाठोऽप्यस्ति, यथा-"औदन्ताः स्वरा एक-द्वि-त्रिमात्रा ह्रस्व-दीर्घ-प्लुताः" इति । तत्राऽयमर्थः सम्पद्यते-ह्रस्वादिसंज्ञया विधीयमाना औदन्ता वर्णाः स्वरस्य भवन्ति, 'स्वराः' इति षष्ठ्यर्थे प्रथमाविधानात्, "इन् ङीस्वरे०" [१.४.७९.] इतिवत्, एवं च स्थानिनियमार्था परिभाषेयं सम्पद्यते ।

અનુવાદ :- અહીં "વર્ણો" એ અન્યપદાર્થ તરીકે છે. અને "एक-द्वि-त्रिमात्रा" એ વિશેષણ તરીકે છે. હવે એકમાત્રા, બે માત્રા અને ત્રણમાત્રા સ્વરૂપ વિશેષણનો આશ્રય કરાયો હોવાથી અહીં વ્યક્તિપક્ષનો આક્ષય કરાયો છે એવું માની શકાય છે. અર્થાત્ જુદા જુદા વર્ણોમાં પરિમાણ (સમયનું માપ) હોઈ શકે છે. જો જાતિપક્ષનો આશ્રય કરવામાં આવે, અર્થાત્ એકમાત્રાવાળો વગેરે સમુદાય હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત થાય છે એવું કહેવામાં આવે તો એ શક્ય નથી. જાતિનું પરિમાણ ક્યારે પણ હોતું નથી. સમયનું માપ વ્યક્તિનાં સંબંધમાં હોઈ શકે છે, પરંતુ જાતિનાં સંબંધમાં હોતું નથી. દા.ત. "अकार"નો ઉચ્ચારણકાળ બતાવી શકાય છે. પરંતુ "अत्व" જાતિનો ઉચ્ચારણકાળ બતાવી શકાતો નથી. વળી, જાતિનું પરિમાણ નથી. જાતિનું સ્વરૂપથી (આકૃતિથી) પરિમાણ નથી. જાતિની કલ્પના અનુચિત છે આ પ્રમાણે બૌદ્ધો કહે છે. કારણ કે જાતિને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવાતી નથી. તેમજ લવાતી નથી. કદાચ એવું કહેવામાં આવે કે વ્યક્તિ દ્વારા જાતિનું પરિમાણ આશ્રય કરાય છે, તો એ પ્રમાણે કહેવું જોઈએ નહીં. કારણ કે એક એક વ્યક્તિ દ્વારા પ્રગટ થવા યોગ્ય એવી જાતિ સમુદાય દ્વારા પ્રગટ થઈ શકતી નથી. અર્થાત્ જાતિ સમુદાયથી વ્યક્ત થઈ શકતી નથી.વ્યક્તિપક્ષનો આશ્રય કરવાથી જો કાર્યની સંગતિ થઈ શકતી હોય તો ગૌણ પક્ષનો (જાતિપક્ષનો) આશ્રય કરવો યોગ્ય નથી. આ સૂત્રમાં હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞા જો વ્યક્તિપક્ષનો આશ્રય કરવાથી સંગત થઈ શકતી હોય તો જાતિપક્ષની (ગૌણ પક્ષની) કલ્પના કરવી યોગ્ય નથી.

હવે આ સૂત્રને જો સંજ્ઞાસૂત્ર માનવામાં આવે તો એકમાત્રા,બે માત્રા અને ત્રણ માત્રાવાળાની અનુક્રમે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞા પ્રાપ્ત થાય. પરંતુ ત્યાં શંકા તો ઊભી જ રહે કે કયાં વર્ણોની હ્રસ્વાદિ સંજ્ઞા કરવી ? શું સ્વર સ્વરૂપ વર્ણોની કરવી કે વ્યંજન સ્વરૂપ વર્ણોની હ્રસ્વાદિ સંજ્ઞાઓ કરવી ? અથવા તો સ્વર અને વ્યંજનનાં સમુદાય સ્વરૂપ બધા જ વર્ણોની હ્રસ્વાદિ સંજ્ઞાઓ કરવી ? આ પ્રમાણે અહીં સ્થાનીનો નિર્ણય થઈ શકતો નથી. તેથી "औदन्ताः स्वराः" સૂત્રનો આ સૂત્ર સાથે અભેદ સંબંધ (સંહિતા) પણ છે એવું "આચાર્ય ભગવંત" કહે છે. આથી આખું સૂત્ર આ

પ્રમાણે થશે, "औदन्ताः स्वरा एक-द्वि-त्रिमात्रा ह्रस्व-दीर्घ-प्लुताः ।" વર્ણોનો પરસ્પર અત્યન્ત સંબંધ થાય તેને "संहिता" કહેવાય છે. નિયમથી જેનામાં એક જ પ્રયત્નથી ઉચ્ચારણપણું પ્રાપ્ત થાય ત્યાં સંહિતા હોય છે. આ પ્રમાણેની સંહિતા એક પદમાં હોય છે તથા ધાતુ અને ઉપસર્ગમાં હોય છે, તેમજ સમાસમાં હોય છે. ઉપરોક્ત તમામ સ્થાનોમાં નિત્ય સંહિતા હોય છે. પરંતુ વાક્યમાં વિવક્ષા હોય તો સંહિતા હોય છે અને વિવક્ષા ન હોય તો સંહિતા હોતી નથી. અહીં (૧/૧/૪) સૂત્રનો સંબંધ કરવા દ્વારા બે સૂત્રનાં જોડાણ સ્વરૂપ જે નવું સૂત્ર અર્થનાં બોધ માટે પ્રાપ્ત થયું છે તેમાં વાક્યની અપેક્ષાએ સંહિતાની પ્રાપ્તિ "આચાર્ય ભગવંતે" કરાવી છે. આ સંહિતા કરવાનું પ્રયોજન સ્થાનીનું નિયમન કરવા માટે જ છે. જો (૧/૧/૪) સૂત્રનો સંબંધ આ સૂત્ર સાથે કરવામાં આવે તો "औ" અંત સુધીનાં સ્વરોની હ્રસ્વ વગેરે સંજ્ઞાઓ થશે. એ પ્રમાણે સ્થાનીનું નિયમન થઈ શકશે. આથી "આચાર્ય ભગવંતે" ન્યાસમાં લખ્યું છે કે, બંને સૂત્રોની સંહિતા કરવાથી આ પ્રમાણેનાં અર્થની પ્રાપ્તિ થાય છે. "औ" અંત સુધીનાં સ્વરો જ હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞાવાળા થાય છે. અર્થાત્ "औ" અંત સુધીનાં વર્ણો કે જેની સ્વરસંજ્ઞા પડી છે એ સ્વરોની જ હ્રસ્વ વગેરે સંજ્ઞાઓ થાય છે.

સૂત્રમાં "स्वराः" પ્રથમા કરી છે, છતાં અહીં "स्वरस्य" એ પ્રમાણે અર્થનો બોધ કરવામાં ષષ્ઠી વિભક્તિ શા માટે કરી ? એ શંકાનાં અનુસંધાનમાં "આચાર્ય ભગવંત" જણાવે છે કે, ષષ્ઠી અર્થમાં "स्वराः" શબ્દને પ્રથમાનું વિધાન થયું છે. જ્યાં જ્યાં અભેદ નિર્દેશ કરવામાં આવે છે ત્યાં ત્યાં ષષ્ઠી અર્થમાં પ્રથમા સમજવી જોઈએ. દા.ત. "इन् ङीस्वरे लुक्" (૧/૪/૭૯) સૂત્રમાં "इन्" પ્રથમા હોવા છતાં પણ ષષ્ઠી અંતવાળો સમજવાનો છે. આથી "इन्"નો લુક્ થાય છે એવો અર્થબોધ થઈ શકશે.

જ્યાં જ્યાં અનિયમનો પ્રસંગ હોય ત્યાં ત્યાં સ્થાનીનું નિયમન કરવા માટે આ પરિભાષા પ્રાપ્ત થાય છે. અહીં (૧/૧/૪) સૂત્રની સંહિતા કરવાથી સ્થાનીનું નિયમન થયું. અહીં એક, બે અને ત્રણ માત્રાવાળા કયા વર્ણોની હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞા થાય એ પ્રમાણે સ્થાનીનાં નિર્ણયમાં અનિયમ થતો હતો. તેથી સ્થાનીનું નિયમન કરવા માટે આગળનાં સૂત્રની સંહિતા કરવામાં આવી છે.

(શ૦ન્યા૦) न चौदन्तानां विधायकमिदं लक्षणम्, तेषां लक्षणान्तरेण विधास्यमानत्वात्; अनियमप्रसङ्गे चेयं नियमं करोति, तेन यत्र साक्षात् स्थानी न निर्दिष्टः "दीर्घश्च्विययङ्यक्क्येषु च" [४.३.१०८.] इत्येवमादौ तत्रोपतिष्ठते, तत्रानियमे प्रसक्ते नियममेषा करोति-स्वरस्यैव न व्यञ्जनस्येति, अतः स एवास्या विषयो वेदितव्यः, न तु यत्र साक्षात् स्थानी निर्दिश्यते "समानानां तेन दीर्घः" [१.२.१.] इत्यादिषु, अत्र ह्यनियमस्य प्राप्तिरेव नास्ति ।

અનુવાદ :- દરેક સૂત્રમાં ઉદ્દેશ્ય વિધેયભાવ હોય છે. દા.ત. "औदन्ताः स्वराः" અહીં "औदन्ताः" એ ઉદ્દેશ્ય છે અને "स्वराः" એ વિધેય છે. આથી औ અંતવાળા વર્ણોની સ્વરસંજ્ઞા થાય છે. તે જ પ્રમાણે આ સૂત્ર કંઈ સંહિતા કરવા દ્વારા औ અંત સુધીનાં વર્ણોની હ્રસ્વ વગેરે સંજ્ઞાઓ પાડતું નથી. પરંતુ સ્વરોની હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞા પાડે છે. આથી औ અંત સુધીનાં વર્ણોમાં સંજ્ઞાનું વિધાન કરનારું આ સૂત્ર નથી. પરંતુ સ્વરોની હ્રસ્વ વગેરે સંજ્ઞાનું વિધાન કરનારું આ સૂત્ર છે. औ અંત સુધીના વર્ણોની સ્વરસંજ્ઞા આગળના સૂત્રમાં કહેવાઈ ગઈ છે તથા औ અંત સુધીના વર્ણોમાં નામી, સમાન, સંધ્યક્ષર વગેરે સંજ્ઞાઓ હવે પછીના સૂત્રોથી વિધાન કરાશે. માટે જ અહીં લખ્યું છે કે આ સૂત્ર કાંઈ औ અંત સુધીના વર્ણો સંબંધી વિધાન કરનારું નથી. પરંતુ સ્વરોની હ્રસ્વ વગેરે સંજ્ઞાનું વિધાન કરનારું આ સૂત્ર છે.

જે જે સૂત્રમાં હ્રસ્વ, દીર્ઘ વગેરે વિધિઓ આવવાની છે ત્યાં ત્યાં કયા વર્ણોની હ્રસ્વાદિ વિધિઓ કરવી એનું કોઈ નિયમન હતું નહીં. સ્વરનું હ્રસ્વ દીર્ઘ કરવું કે વ્યંજનનું કરવું ? વગેરે શંકાઓ ઉપસ્થિત થતી હતી. આથી તે તે સૂત્રોમાં અનિયમનો પ્રસંગ પ્રાપ્ત થયે છતે આ પરિભાષા સૂત્ર નિયમ કરે છે કે સ્વરની જ હ્રસ્વ, દીર્ઘ અને પ્લુતવિધિ થાય છે પરંતુ વ્યંજનની થતી નથી. આથી સ્વર આ પરિભાષાનાં વિષય તરીકે જાણવા યોગ્ય છે. જે જે સૂત્રોમાં સાક્ષાત્ સ્થાનીઓનો નિર્દેશ કર્યો નથી છતાં દીર્ઘ વગેરે કાર્યો કહ્યા છે. તે તે સૂત્રોમાં સ્વરની ઉપસ્થિતિ સ્થાની તરીકે કરી લેવી. દા.ત. "दीर्घश्च्विवयङ्यक्क्येषु च" (૪/૩/૧૦૮) આ સૂત્રમાં "च्वि, यङ् વગેરે પ્રત્યય પર છતાં દીર્ઘવિધિ કહી છે. પરંતુ દીર્ઘ કોનું કરવું એ ન કહ્યું હોવાથી આ પરિભાષાની સહાયથી સ્થાનીનો બોધ પ્રાપ્ત થઈ શકે છે. તેથી હવે સ્વરની જ દીર્ઘવિધિ થઈ શકશે, એવો નિશ્ચય થઈ શકે છે. પરંતુ જ્યાં સાક્ષાત્ સ્થાની બતાવ્યા હોય ત્યાં આ પરિભાષા સહાય કરશે નહીં. દા.ત. "समानानाम् तेन दीर्घः" (૧/૨/૧) અહીં દીર્ઘવિધિ માટે સમાન સ્વરૂપ સ્થાનીઓ બતાવી જ દીધા છે. આથી (૧/૨/૧) સૂત્રમાં આ પરિભાષાની આવશ્યકતા નથી.

(श०न्या०) तदुपस्थाने च प्रदेशेषु "दीर्घश्च्विवयङ्यक्क्येषु च" [४.३.१०८.] इत्यादौ द्वे षष्ठ्यौ प्रादुर्भवतः; धातोरेका षष्ठी, स्वरस्येति च द्वितीया । तत्र विशेषण-विशेष्यभावं प्रति कामचारात् स्वरस्य चान्तेऽपि सम्भवात् स्वरेण गृह्यमाणो धातुर्विशिष्यते-स्वरान्तस्य धातोरिति, तेन 'चीयते' इत्यादौ दीर्घो भवति, न तु 'पच्यते' इत्यादिषु । एवम् "क्लीबे" [२.४.९७.] इत्यादिषु स्वरेणाऽऽक्षिप्तं नाम विशिष्यते-स्वरान्तस्य नाम्न इति, तेन 'अतिरि' 'अतिनु' इत्यादिष्वेव ह्रस्वः । यदि तु नाम्ना स्वरो विशिष्येत-नाम्नो यः स्वर इति, तदा 'सुवाग् ब्राह्मणकुलम्' इति मध्यव्यवस्थितस्यापि स्वरस्य ह्रस्वः स्यात्, स्वरेण तु नाम्नि विशिष्यमाणे नाम्न इति स्थानषष्ठी भवति नावयवषष्ठी, तेन "षष्ठ्या०" [७.४.१०६.] अन्त्यस्य स्वरस्य ह्रस्वो

भवति । यत्र त्वन्ते स्वरस्यासम्भवः "क्रमः क्त्वि वा" [४.१.१०६.] "अहन् पञ्चमस्य क्विक्ङिति" [४.१.१०७.] "शम्सप्तकस्य श्ये" [४.२.१११.] "नि दीर्घः" [१.४.८५.] इत्यादिषु, तत्र स्वरं गृह्यमाणेन विशेषयिष्यामः-'एषामवयवस्य स्वरस्य दीर्घो भवति' इति मध्येऽपि भवति स्थानषष्ठ्यभावात् "षष्ठ्याऽन्त्यस्य" [७.४.१०६.] इत्यप्रवृत्तेरिति, अत एव तत्र व्यञ्जननिवृत्त्यर्थं स्वरग्रहणं न क्रियते ।

અનુવાદ :- આ પરિભાષા જ્યાં ઉપસ્થિત થશે તે "दीर्घश्च्वियङ्यक्क्येषु च" (૪/૩/૧૦૮) વગેરે ઉદાહરણ સ્થળોમાં બે ષષ્ઠી વિભક્તિ પ્રાપ્ત થાય છે. એક ધાતુને ષષ્ઠી છે અને બીજી સ્વરને ષષ્ઠી છે. હવે અહીં વિશેષણ વિશેષ્યભાવમાં સ્વેચ્છા હોવાથી જો સ્વરને વિશેષણ સમજવામાં આવે તથા ધાતુને વિશેષ્ય સમજવામાં આવે તો સ્વર અંતવાળા ધાતુનો સ્વર च्वि, यङ्, વગેરે પ્રત્યય પર છતાં દીર્ઘ થાય છે. એવો અર્થ, પ્રાપ્ત થાય છે. અહીં સ્વર વિશેષણ તરીકે હોવાથી "विशेषणमन्तः" (૭/૪/૧૧૩) પરિભાષાથી સ્વરઅંતવાળો ધાતુ એ પ્રમાણે અર્થ પ્રાપ્ત થઈ શકશે. આથી સ્વરાન્ત ધાતુનો સ્વર क्य વગેરે પ્રત્યય પર છતાં દીર્ઘ થતાં "चीयते" વગેરેમાં દીર્ઘવિધિ થઈ શકશે. જો ધાતુને વિશેષણ સમજવામાં આવે તો ધાતુ સંબંધી સ્વરની દીર્ઘવિધિ થતાં "पच्"ને "क्य" લાગતાં "पाच्यते" પ્રયોગ થાત. પરંતુ અહીં આ પ્રમાણે બોધ કરવાનો ન હોવાથી "पच्यते" વગેરેમાં હવે દીર્ઘવિધિ થશે નહીં.

એ જ પ્રમાણે "क्लीबे" (૨/૪/૯૭) વગેરે સૂત્રમાં હ્રસ્વવિધિનું કાર્ય કહ્યું છે. આ પ્રમાણે હ્રસ્વસંજ્ઞાનો સહારો લીધો હોવાથી તે તે સૂત્રોમાં સ્થાની તરીકે બે ષષ્ઠી પ્રાપ્ત થશે. એક "नाम्नः" અને બીજી "स्वरस्य". બંનેમાં વિશેષણવિશેષ્યભાવ કરવાથી અહીં "स्वरस्य" વિશેષણ બનશે અને "नाम्नः" વિશેષ્ય બનશે. આથી અહીં પણ (૭/૪/૧૧૩) પરિભાષા સૂત્રથી સ્વરઅંતવાળા નામનાં સ્વરમાં જ હ્રસ્વવિધિ થશે. તેથી अतिरि, अतिनु વગેરે પ્રયોગોમાં જ હ્રસ્વવિધિ થશે.

જો નામ વિશેષણ બનત અને સ્વર વિશેષ્ય બનત તો નામ સંબંધી સ્વરમાં હ્રસ્વવિધિ થાત અને તેમ થાત તો सुवाग् ब्राह्मणकुलम् વગેરે પ્રયોગોમાં મધ્યમાં રહેલા "वाग्"નાં "आ"નું પણ હ્રસ્વ થાત. જો સ્વરથી નામ વિશેષિત કરાય તો नाम्नः પ્રયોગમાં જે ષષ્ઠી છે તે સ્થાનષષ્ઠી કહેવાશે. અહીં સ્વર વિશેષણ બન્યું હોવાથી "विशेषणमन्तः" પરિભાષાથી નામનાં અંતે રહેલો સ્વર જ લઈ શકાશે. આથી હવે "षष्ठ्या"... (૭/૪/૧૦૬) પરિભાષા સૂત્રથી નામનાં અંતમાં રહેલો સ્વર હ્રસ્વ થશે. જો નામને વિશેષણ અને સ્વરને વિશેષ્ય માનવામાં આવે તો અવયવ ષષ્ઠી થશે. આથી સ્વર જે જગ્યાએ હશે તેની જ હ્રસ્વાદિ વિધિઓ થશે. સ્વર વિશેષણ બને છે ત્યારે "विशेषणमन्तः" પરિભાષાથી એનું ચોક્કસ સ્થાન નક્કી થાય છે. આમ, ચોક્કસ સ્થાન નક્કી થતું હોવાથી જ તેવી ષષ્ઠી સ્થાનષષ્ઠી કહેવાશે. અહીં સ્વરવડે નામ વિશેષિત થયું છે.

માટે સ્થાનષષ્ઠી હોવાથી અંતમાં હ્રસ્વવિધિ થશે. પરંતુ જ્યાં અંતમાં સ્વરનો સંભવ નથી ત્યાં ગ્રહણ કરાતા એવાં નામ કે ધાતુવડે અમે સ્વરને વિશેષિત કરીશું. આથી નામ અથવા તો ધાતુ વિશેષણ થશે અને સ્વર વિશેષ્ય થશે. હવે જો સ્વર વિશેષ્ય થાય તો એવાં સ્વરનું સ્થાન નક્કી કરનાર કોઈ પરિભાષા નથી. આથી તેવાં સંજોગોમાં સ્વરો જ્યાં રહ્યા હશે ત્યાં હ્રસ્વાદિ વિધિઓ થશે. અહીં સ્વરને ષષ્ઠી છે તે અવયવ ષષ્ઠી કહેવાશે. હવે જ્યાં અંતમાં અવયવનો સંભવ નથી ત્યાં સ્થાન ષષ્ઠીનો અભાવ થાય છે અને તેવાં સ્થાનોમાં જ્યાં સ્વર હશે ત્યાં દીર્ઘ વગેરે વિધિઓ થશે. દા.ત. "क्रमः क्त्वि वा" (૪/૧/૧૦૬) તથા "अहन् पञ्चमस्य क्विक्ङिति" (૪/૧/૧૦૭), "शम्सप्तकस्य स्ये" (૪/૨/૧૧૧) તથા "नि दीर्घः" (૧/૪/૮૫) વગેરે સૂત્રોમાં ગ્રહણ કરાતા નામ અને ધાતુવડે સ્વર વિશેષિત થાય છે. આથી સ્વર વિશેષ્ય થવાથી અવયવષષ્ઠી થાય છે અને અવયવ ષષ્ઠી થવાથી તે તે નામો કે ધાતુઓમાં સ્વરો જ્યાં હશે (જે સ્થાનોમાં હશે) તે તે સ્થાનોમાં રહેલાં સ્વરોમાં હ્રસ્વાદિ વિધિઓ થશે. આ સૂત્રોમાં "षष्ठ्यान्तस्य" (૭/૪/૧૦૬) પરિભાષાની પ્રવૃત્તિ થતી નથી. આમ, આ પરિભાષાથી જ તે સૂત્રોમાં દીર્ઘ વગેરે વિધિઓ વ્યંજનની નહીં થાય. માત્ર સ્વરની જ થશે એવું જણાવવા માટે કોઈ પ્રયત્ન કર્યો નથી. અર્થાત્ તે તે સૂત્રોમાં વ્યંજનની નિવૃત્તિ કરવા માટે સ્વર ગ્રહણ કરવામાં આવ્યો નથી.

(શ૦ન્યા૦) यद्येवं 'द्यौः' 'पन्थाः' 'सः' इत्यादिष्वस्या उपस्थानाद् व्यञ्जनस्यौत्वादि न प्राप्नोति, अत्रोच्यते-लिङ्गवती चेयं परिभाषा, यत्र ह्रस्व-दीर्घ-प्लुतग्रहणं तत्रोपतिष्ठते, एवं च संज्ञया विधानेऽयं नियमः, न सर्वत्र । कथमयमर्थो लभ्यत इति चेद्, उच्यते-औदन्तानां स्वयमेवोपात्तत्वाद् ह्रस्वादि-शब्दा नेह तदुपस्थापने व्याप्रियन्ते; ततश्च स्वरूपपदार्थकाः सन्तो विधीयमानानामौदन्तानां विशेषणभावमुपयन्ति । तत्रैवमभिसम्बन्धः क्रियते-स्वरस्य स्थाने औदन्ता भवन्ति, ह्रस्व-दीर्घ-प्लुता इत्येवं-संज्ञा विधीयमानाः, "दिव औः सौ" [२.१.११७.] इत्येवमादिभिस्त्वौकारादयः स्वरूपेण विधीयन्ते न ह्रस्वादिसंज्ञया इति लिङ्गाभावादुपस्थानाभावाद् व्यञ्जनस्य स्थाने भवन्ति; न स्वरस्येति सर्वं समञ्जसमिति । एतन्मूलश्चायं न्यायः *स्वरस्य ह्रस्व-दीर्घ-प्लुताः* इति सुखार्थमाचार्यैः पठ्यत इति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- હવે હ્રસ્વ, દીર્ઘ વગેરે વિધિઓ સ્વર સંબંધી જ થઈ શકે. ત્યાં જો સ્વર વિશેષણ તરીકે હશે તો સ્થાનષષ્ઠી દ્વારા અંતમાં હ્રસ્વાદિ કાર્ય થશે તથા સ્વર જો વિશેષ્ય હશે તો અવયવ ષષ્ઠી દ્વારા મધ્યમાં પણ હ્રસ્વાદિ કાર્ય થશે. આ સંજોગોમાં औ વગેરે કાર્ય જો સૂત્રોમાં બતાવવામાં આવ્યા હશે તો તે તે કાર્યો પણ સ્વર સંબંધી જ થવા જોઈએ. પરંતુ વ્યંજન સંબંધી થવા જોઈએ નહીં અને તેમ છતાં "दिव औः सौ" (૨/૧/૧૧૭) સૂત્ર પ્રમાણે "व्"નો "औ" નહીં જ થવો જોઈએ અને આમ થવાથી "द्यौः" પ્રયોગ થઈ શકશે નહીં. આમ, આ

પરિભાષા જો બધે જ પ્રાપ્ત થશે તો "द्यौः", "पन्थाः", તથા "सः" વગેરે પ્રયોગોમાં વ્યંજન સંબંધી औ, आ તથા अ વગેરે કાર્યો થવા જોઈએ નહીં. છતાં પણ વ્યંજન સંબંધી જ औ વગેરે કાર્યો થયા છે. આમ કેમ ? દા.ત. न्નો आ તથા द्નો अ વગેરે કાર્યો થયા છે.

ઉત્તરપક્ષ :- આ શંકાનો જવાબ આપતાં "આચાર્ય ભગવંતશ્રી" કહે છે કે, આ પરિભાષા લિંગવાળી છે. આથી જ્યાં જ્યાં હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સ્વરૂપ લિંગનું ગ્રહણ કરવામાં આવ્યું હશે તે તે સૂત્રોમાં જ સ્થાની તરીકે સ્વરનું ગ્રહણ થઈ શકશે. પરંતુ જ્યાં જ્યાં હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સિવાય કોઈપણ કાર્યોનું (औ વગેરેનું) ગ્રહણ થયું હશે ત્યાં સ્થાની તરીકે સ્વરની ઉપસ્થિતિ થશે નહીં. હવે "दिव औः सौ" (૨/૧/૧૧૭) સૂત્ર તેમજ पथिन्–मथिनृभुक्षः सौ (૧/૪/૭૬) સૂત્ર તથા "आद्वेरः" (૨/૧/૪૧) સૂત્રમાં 'औ', 'आ' અને 'अ' સ્વરૂપ કાર્યોને ગ્રહણ કરવામાં આવ્યાં છે. આથી હવે સ્થાની તરીકે સ્વર ગ્રહણ કરવા જોઈએ એવો નિયમ અહીં રહેશે નહીં. જો હ્રસ્વ, દીર્ઘ કે પ્લુત કાર્ય સ્વરૂપે લીધા હોત તો સ્થાની તરીકે સ્વર જ લેવાત. પરંતુ હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત કાર્ય સ્વરૂપે ન હોવાથી હવે વ્યંજનનું પણ "औ" વગેરે કાર્ય થઈ શકશે.

પૂર્વપક્ષ :- જ્યાં જ્યાં હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સ્વરૂપ કાર્ય હશે ત્યાં ત્યાં સ્થાની તરીકે સ્વર *ઉપસ્થિત થશે એવું આપ કેવી રીતે કહો છો ?*

ઉત્તરપક્ષ :- "दिव औः सौ" (૨/૧/૧૧૭) વગેરે સૂત્રોમાં કાર્ય સ્વરૂપે "औ" વગેરેનું સાક્ષાત્ ગ્રહણ કરાયું છે. આ औ વગેરેને કાર્ય સ્વરૂપે સમજવા માટે હ્રસ્વ વગેરે શબ્દોને વ્યાપારવાળા કરાયા નથી. તે તે સૂત્રોમાં औ, आ, अ વગેરેને સાક્ષાત્ કાર્ય સ્વરૂપે ગ્રહણ કરાયા છે. માટે હવે સ્થાની તરીકે સ્વરની જ આવશ્યકતા તે તે સૂત્રોમાં આ પરિભાષાથી રહેશે નહીં. જો કાર્ય સ્વરૂપે સાક્ષાત્ હ્રસ્વ વગેરેને ગ્રહણ કરાયા હોત તો આ પરિભાષાથી હ્રસ્વ વગેરે કાર્યનાં સ્થાની તરીકે સ્વરસંજ્ઞાને ગ્રહણ કરી શકાત.

"ततश्च स्वरूपपदार्थका... उपयन्ति ।" આ પંક્તિનો અર્થ કરવા માટે નીચેની ચર્ચા સમજવી આવશ્યક છે. "दीर्घश्च्वियङ्यक्क्येषु च" (૪/૩/૧૦૮) સૂત્રમાં દીર્ઘ શબ્દનું ગ્રહણ કર્યું હોવાથી સ્થાની તરીકે આ પરિભાષાથી સૌ પ્રથમ સ્વરની ઉપસ્થિતિ થશે અને ત્યારબાદ સ્વર સ્વરૂપ સ્થાની તરીકે औ અંત સુધીનાં વર્ણોની ઉપસ્થિતિ થશે. આ પ્રમાણે જેનાં સંબંધમાં કાર્ય કરવાનું છે તે (अથી औ સુધીનાં સ્વરો) સ્વ સ્વરૂપે ઉપસ્થિત થતા નથી. પરંતુ પર સ્વરૂપે (સ્વર શબ્દ દ્વારા) ઉપસ્થિત થાય છે. તેથી જ્યાં જ્યાં હ્રસ્વ વગેરે શબ્દનું ગ્રહણ કર્યું હશે ત્યાં ત્યાં સ્થાની તરીકે સ્વરો ઉપસ્થિત થશે. અર્થાત્ હ્રસ્વ વગેરે વિધિઓનો વિશેષણભાવ સ્વરોમાં પ્રાપ્ત થશે. (સ્વરોની હ્રસ્વ વગેરે વિધિઓ પ્રાપ્ત થાય છે એવું વિધાન હોવાથી સ્વરો વિશેષણ કહેવાશે અને હ્રસ્વ વગેરે વિધિઓ વિશેષ્ય કહેવાશે.) જ્યારે અહીં औ, आ, अ વગેરે કાર્યો કહ્યા હોવાથી

સ્વર સ્વરૂપ સ્થાની ઉપસ્થિત થશે નહીં. પરંતુ व्, न्, द् વગેરે સાક્ષાત્ સ્વરૂપવાળા સ્થાનીઓ જ ઉપસ્થિત થાય છે.હવે પંક્તિનો અર્થ આ પ્રમાણે સમજવો. સ્વરૂપ પદાર્થવાળા એવાં व्, न्, તથા द् વગેરે સ્થાનીઓ જ વિધાન કરાતા એવાં औ, आ અને अ વગેરે કાર્યોનાં વિશેષણભાવને પ્રાપ્ત કરે છે. અર્થાત્ औ વગેરે કાર્યસંબંધમાં સ્થાનીઓ સ્વસ્વરૂપે જ (व, न् તથા द् સ્વરૂપે જ) ઉપસ્થિત થાય છે.

હવે અહીં આ પ્રમાણે અર્થનો સંબંધ કરાય છે. જ્યાં જ્યાં હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એ પ્રમાણે સંજ્ઞાકાર્ય તરીકે વિધાન કરાશે ત્યાં ત્યાં જ સ્થાની તરીકે સ્વરનાં સ્થાનમાં औ અંત સુધીનાં વર્ણોનું ગ્રહણ થશે. જ્યારે "दिव औः सौ" (૨/૧/૧૧૭) વગેરે સૂત્રોમાં તો औकार વગેરે કાર્યો જ સ્વરૂપથી વિધાન કરાય છે. હ્રસ્વ વગેરે કાર્યો વિધાન કરાતા નથી. આ પ્રમાણે લિંગ સ્વરૂપ હ્રસ્વ વગેરેનો અભાવ થવાથી સ્થાની તરીકે સ્વરનો પણ અભાવ થશે અને સ્થાની તરીકે સ્વરનો અભાવ થવાથી અહીં વ્યંજનની પણ औ વગેરે વિધિઓ થાય છે. પરંતુ સ્વરની જ औ વગેરે વિધિઓ થશે એવો આગ્રહ રાખી શકાશે નહીં. આ પ્રમાણે બધું સુસંગત થાય છે.

આવા અભિપ્રાયને ધ્યાનમાં રાખીને "स्वरस्य ह्रस्वदीर्घप्लुताः" એ પ્રમાણેનો ન્યાય "આચાર્ય ભગવંતે" સુખપૂર્વક અર્થની પ્રાપ્તિને નિમિત્તે કહ્યો છે.

(श०न्या०) ननु तथापि सन्ध्यक्षराणां ह्रस्वशासने एकारौकारयोः प्रश्लिष्टावर्णत्वात् (पांसूदकवदत्यन्तमीलितावर्णत्वादित्यर्थः) प्रश्लिष्टौ वर्णौ अर्ध एकारोऽर्ध ओकारश्च प्राप्नोति आसन्नतरत्वादिति; ऐकारौकारयोश्च विश्लिष्टावर्णत्वान्मात्राऽवर्णस्य मात्रा इवर्णोवर्णयोः, तयोश्च ह्रस्वशासने कदाचिदवर्णं स्यात्, कदाचिदिवर्णोवर्णे, इकारोकारावेव चेष्येते, 'अतिहि, अतिगु, अतिरि, अतिनु' इति, तच्च यत्नमन्तरेण न सिद्ध्यति ।

અનુવાદ :- હવે જ્યાં જ્યાં હ્રસ્વાદિ કાર્ય કાર્યસ્વરૂપે ગ્રહણ કરાયું હશે ત્યાં ત્યાં સ્થાની તરીકે ચૌદ સ્વરોનું ગ્રહણ કરી શકાશે. પરંતુ જ્યારે દીર્ઘ સ્વરૂપ સ્વરનું હ્રસ્વકાર્ય કહેવામાં આવ્યું હશે અને તે પરિસ્થિતિમાં સમાન સ્વરો પોતાનાં સ્વરૂપથી બે માત્રાવાળા છે અને ત્યાં એક માત્રાવાળા સમાન સ્વરોની પણ પ્રાપ્તિ થઈ શકતી હોવાથી સહેલાઈથી હ્રસ્વકાર્ય થઈ શકશે. પરંતુ સ્થાની તરીકે સન્ધ્યક્ષર સ્વરૂપ સ્વરો હશે તે તો સન્ધિ દ્વારા બન્યા હોવાથી તેમજ બધા જ સન્ધ્યક્ષરો દીર્ઘ સ્વરૂપવાળા હોવાથી તે તે દીર્ઘ સન્ધ્યક્ષરોનાં સ્થાનમાં એક માત્રાવાળા કયા સ્વરોને હ્રસ્વ સમજવા ? એવી શંકાનાં અનુસંધાનમાં પૂર્વપક્ષ ઉપસ્થિત થયો છે.

પૂર્વપક્ષ :- સન્ધ્યક્ષર બે સ્વરૂપવાળા છે : (૧) પ્રશ્લિષ્ટ સ્વરૂપવાળા જે "ए" અને "ओ" છે. અહીં પ્રશ્લિષ્ય વર્ણો શબ્દને બદલે પ્રશ્લિષ્ટ વર્ણો શબ્દ હોવો વધારે ઉચિત જણાય છે. કૈયટ

વગેરેની અલગ અલગ ટીકાઓમાં ભૂતકૃદન્તનાં त વાળો પ્રયોગ જ જોવા મળે છે. આથી પ્રશ્લિષ્ટ શબ્દને માનીને જ અમે અહીં અર્થ કરીએ છીએ. હવે પૂર્વપક્ષનો પ્રશ્ન શરૂ કરીએ છીએ.

સન્ધ્યક્ષરોની હ્રસ્વવિધિ કરવાની હોય ત્યારે एकार અને ओकारની હ્રસ્વવિધિ તરીકે અનુક્રમે અર્ધ एकार અને અર્ધ ओकार પ્રાપ્ત થાય છે. एकार અને ओकार બે માત્રાવાળા હોવાથી હ્રસ્વવિધિ કરવી હોય ત્યારે એક માત્રાવાળા एकार અને ओकार કરવા પડશે. આનું કારણ આ પ્રમાણે છે. મૂળથી સન્ધ્યક્ષરો બે માત્રાવાળા છે. તેની હ્રસ્વવિધિ કરવી હોય તો एकार બે માત્રાવાળો હોવાથી એક માત્રાવાળો અર્ધ एकार હ્રસ્વ થઈ શકે. બીજું अवर्ण + इवर्ण ભેગા થઈને एकार થાય છે તથા अवर्ण + उवर्ण ભેગા થઈને ओकार બને છે. વળી, તે ધૂળ અને પાણીની જેમ અત્યંત એકમેક થયેલાં છે. અહીં एकार અને ओकारનાં અવયવોને માનીને જો હ્રસ્વવિધિ કરવામાં આવે તો एकारની હ્રસ્વવિધિ ક્યાંતો इ થઈ શકે અથવા તો अ થઈ શકે. તેમજ ओकारની હ્રસ્વવિધિ ક્યાંતો उ થઈ શકે અથવા તો अ થઈ શકે. પરંતુ एकार બે માત્રાવાળો અને તાલવ્ય સ્થાનવાળો છે. આથી "आसन्न" પરિભાષાથી જો एकारનું હ્રસ્વ इकार માનવામાં આવે તો વર્ણને અવયવ દ્વારા ભેદવાળો માનવો પડે. આથી પ્રશ્લિષ્ટ એવું તેનું સ્વરૂપ રહી શકશે નહીં. एकार મૂળથી જ અત્યંત અભિન્ન વર્ણ છે. જેનો અવયવ દ્વારા ભેદ થઈ શકે નહીં. આથી एकारનું અત્યંત આસન્નપણું અર્ધ એવા एकारમાં જ પ્રાપ્ત થશે. તે જ પ્રમાણે ओकारનું અત્યંત આસન્નપ્રણું અર્ધ એવા ओकारમાં જ પ્રાપ્ત થશે.

તથા ऐकार અને औकार વિશ્લિષ્ટ વર્ણપણાંથી આ પ્રમાણે વિભાજિત થાય છે. अवर्ण + इवर्ण = ऐ તથા अवर्ण + उ वर्ण = औ. આમ થતા अवर्णની એક માત્રા ગણાશે. તથા પરભાગ इ અને उ વર્ણની એક માત્રા ગણાશે. આ પ્રમાણે બે માત્રાવાળા ऐ અને औની હ્રસ્વવિધિમાં ક્યારેક હ્રસ્વ સ્વરૂપ अवर्ण થશે તેમજ ક્યારેક હ્રસ્વસ્વરૂપ इ વર્ણ કે उ વર્ણ થશે. અને ઇચ્છાય છે તો इकार અને उकार. દા.ત. अतिरि, अतिगु, अतिहि, એ अतिनु. હવે સન્ધ્યક્ષરોની હ્રસ્વવિધિમાં બીજો કોઈ પ્રયત્ન કરવામાં ન આવે તો માત્ર હ્રસ્વ इ અને હ્રસ્વ उ સ્વરૂપ વિધિ પ્રાપ્ત થઈ શકશે નહીં. કેમ કે હ્રસ્વ इ કે उને પ્રાપ્ત કરવામાં આવે તો શંકા તો ઊભી જ રહે છે કે "अ" શા માટે નહીં ? આથી ऐ અને औની અનુક્રમે માત્ર હ્રસ્વ 'इ' અને હ્રસ્વ 'उ' વિધિ જ પ્રાપ્ત થઈ શકશે નહીં. આમ છતાં "अतिरै"નું હ્રસ્વ "अतिरि" જ ઇચ્છાય છે. તે જ પ્રમાણે "अतिगु" *વગેરેમાં પણ 'उ' જ ઇચ્છાયો છે. તો આમ કેમ થયું ?*

(श०न्या०) *उच्यते-एकारस्य तालव्यत्वात् तालव्य इकार आसन्नत्वाद् भविष्यति, ओकारस्य त्वोष्ठ्यस्य ओष्ठ्य उकारो भविष्यति ।*

અનુવાદ :- ઉત્તરપક્ષ :- તમે કહેલી આપત્તિ આવતી નથી. કેમ કે एकार બે માત્રાવાળો તાલવ્ય સ્થાનવાળો છે. જ્યારે इकार એક માત્રાવાળો તાલવ્ય સ્થાનવાળો છે.

આથી સ્થાનથી આસન્નપણું હોવાથી અને પ્રમાણથી પણ બેને બદલે એકમાત્રા સ્વરૂપ હોવાથી एकारનું હ્રસ્વ, इकार પ્રાપ્ત થશે જ. આ જ પ્રમાણે ओकारનું હ્રસ્વ, उकार થશે જ. જો अकार સ્વરૂપ હ્રસ્વ કરવામાં આવે તો માત્રાથી એકપણું પ્રાપ્ત થઈ શકશે. પરંતુ अकार કંઠ્ય હોવાથી સ્થાનથી આસન્નપણું થશે નહીં. આથી જ अकार સ્વરૂપ હ્રસ્વવિધિ બંનેમાં થશે નહીં.

(शन्या०) ननु चोक्तमासन्नतरत्वादर्द्ध एकारोऽर्द्ध ओकारश्च प्राप्नोति, सत्यमुक्तम्, केवलं न तौ स्तः, यौ स्तस्तावेव भविष्यतः, नैव लोकेऽन्यत्र चार्द्ध एकार अर्द्ध ओकारो वाऽस्ति, ऐकारौकारयोस्तूत्तरभूयस्त्वादवर्णं न भविष्यति, भूयसी मात्रेवर्णोवर्णयोः, अल्पीयसी मात्राऽवर्णस्येति । तथाहि-ऐकारः कण्ठ्य-तालव्यः, औकारः, कण्ठ्यौष्ठ्यः, न च तथाविधो ह्रस्वोऽस्तीत्यवयवासन्नेन भवितव्यम्, भूयसाऽवयवेन व्यपदेशो भवति, तदात्मक एव हि समुदायो लक्ष्यते, इतीदुतावेव भवतः, (अर्धमात्राऽवर्णस्याध्यर्धमात्रेवर्णोवर्णयोः, भूयसा च व्यपदेशो मल्लग्रामादिवदितीकारोकारावेव भविष्यतः) लोकेऽपि हि भूयसा व्यपदेशो दृश्यते, तद्यथा-"ब्राह्मणग्राम आनीयतामित्युच्यते, तत्र चावरतः पञ्चकारुकी भवतीति" इममेव न्यायं चेतसि सम्प्रधार्य शिक्षायामेकारैकारौ तालव्यौ, ओकारौकारौ च कण्ठ्याविति वक्ष्यामः । एतन्मूलश्चायं वा न्यायो ध्येयः *सन्ध्यक्षराणामिदुतौ ह्रस्वादेशाः* इति ॥५॥

અનુવાદ :- પૂર્વપક્ષ :- ખરેખર તો હ્રસ્વ તરીકે તો અર્ધ एकार અને અર્ધ ओकार જ પ્રાપ્ત થાય છે. જે પ્રમાણે આ વિવૃતકરણ પ્રયત્ન અને કંઠ્ય સ્થાનવાળો હોવાથી आसन्न પરિભાષાથી વિવૃતકરણ પ્રયત્ન અને કંઠ્ય સ્થાનવાળા अकारની હ્રસ્વ તરીકે પ્રાપ્તિ કરાવે છે. એ જ પ્રમાણે વિવૃતતર પ્રયત્નવાળા અને તાલવ્ય સ્થાનવાળા एकारનું હ્રસ્વ, એ જ વિવૃતત્તર પ્રયત્નવાળા અને તાલવ્ય સ્થાનવાળો એવો અર્ધ एकार જ થશે. એ જ પ્રમાણે ओकारનું હ્રસ્વ પણ અર્ધ ओकार જ થશે. આ આગળ અમે કહી જ ગયા છીએ.

ઉત્તરપક્ષ :- આપનું કહેવું યોગ્ય જ છે. પરંતુ એક માત્રાવાળો અર્ધ एकार અને અર્ધ ओकार સંભવતો નથી. જો એક માત્રાવાળો અર્ધ एकार અને અર્ધ ओकार હોત તો લાઘવ હોવાથી "આચાર્ય ભગવંતે" औ અંત સુધીનાં સ્વરોની જેમ અર્ધ एकार અને અર્ધ ओकारનો ઉપદેશ વર્ણની પરિપાટીમાં કર્યો જ હોત.

---

१. 'एकारौ०' अ ।

પૂર્વપક્ષ :- સામવેદમાં सात्यसुग्रीय તથા राणायनीय શાખાઓનું અધ્યયન કરવાવાળાઓ અર્ધ एकारઅને અર્ધ ओकारનું અધ્યયન કરે છે. દા.ત. સામવેદની પંક્તિઓ આ પ્રમાણે છે. सुजाते एश्वसूनृते, अध्वर्यो ओद्रिभिः सूतम्, शुक्रं ते एन्यद्, यजतं ते एन्यत्, આ ચાર ઉદાહરણમાં અર્ધ एकार અને અર્ધ ओकार છે. તો પછી આપ કેવી રીતે કહો છો કે અર્ધ एकार અને અર્ધ ओकार હોતા જ નથી ?

(આ પૂર્વપક્ષ ન્યાસમાં પંક્તિઓ દ્વારા જણાવ્યો નથી. પરંતુ મહાભાષ્યમાંથી લેવામાં આવ્યો છે. જે હવે પછીની "नैव लोके"... સ્વરૂપ ન્યાસની પંક્તિ સમજવા માટે ઉપકારક થાય છે.)

ઉત્તરપક્ષ :- સામવેદીઓનો પોતાનો સંપ્રદાય છે. જે શાસ્ત્રવિશેષનું અધ્યયન કરવાવાળો સમુદાય હોવાથી પરિષદ અથવા તો પર્ષદ્ કહેવાય છે. આ શબ્દને "भव" અર્થમાં "अण्" પ્રત્યય થવાથી "પારિષદ" શબ્દ બને છે. આથી પારિષદીકૃતિ કહેવાશે. આ પ્રમાણે અર્ધ एकार અને અર્ધ ओकार ચોક્કસ સમુદાયથી અન્યત્ર તથા લોકમાં જોવામાં આવતો નથી. આમ, અમુક ચોક્કસ સંપ્રદાયની માન્યતા હોવાથી બધે જ અર્ધ एकार અને અર્ધ ओकार હ્રસ્વવિધિ તરીકે થતા નથી.

ऐकार તથા औकारનું વિશ્લિષ્ટવર્ણપણું છે. अवर्ण + इवर्ण = ऐ તથા अवर्ण + उवर्ण = औ. આ एकार અને औकारનું વિશ્લિષ્ટવર્ણપણું છે (પૃથક્ વર્ણપણું છે). જે બે વર્ણો ભેગા થયા પછી પણ પૃથક્ અસ્તિત્વ જાળવી રાખે તેને વિશ્લિષ્ટવર્ણ કહેવાય છે. દા.ત. ખીચડી. દાળ અને ચોખા ભેગા થયા પછી ખીચડી બને છે. આ ખીચડી બન્યા પછી પણ દાળ અને ચોખા પોતાનું પૃથક્ અસ્તિત્વ તો જાળવી જ રાખે છે. આ બંને વર્ણોનું હ્રસ્વ કાર્ય કરવું હોય તો હ્રસ્વ તરીકે કયું કાર્ય કરવું એનો અનુસંધાનમાં જણાવે છે કે આ બંને વર્ણના ઉત્તરના અવયવો અનુક્રમે इकार અને उकार અધિકપણાંવાળા હોવાથી ऐकारનું હ્રસ્વ इ થશે તેમજ औकारનું હ્રસ્વ उ થશે જ્યારે પૂર્વમાં રહેલો अवर्ण ઓછી માત્રાવાળા હોવાથી હ્રસ્વ તરીકે થશે નહીં.

તે આ પ્રમાણે છે - ऐकार કંઠ્ય-તાલવ્ય સ્થાનવાળો છે તથા औकार કંઠ્ય-ઓષ્ઠ્ય સ્થાનવાળો છે. હવે આ બંને વર્ણનું જો હ્રસ્વ કાર્ય કરવું હોય તો ઉપરોક્ત બે સ્થાનવાળો કોઈપણ હ્રસ્વ સ્વર વર્ણના પાઠક્રમમાં જણાવેલ નથી. આથી અવયવને વિચારીને આસન્નપણું વિચારવું પડશે. જગતમાં ઘણું કરીને અધિક એવા અવયવથી કથન કરાય છે. દા.ત. સુરત સંઘના ચાર-પાંચ માણસો આવ્યા હોય તો પણ એવું કહેવામાં આવતું હોય છે કે સુરતનો સંઘ આવ્યો. આ પ્રમાણે કેટલાંક અવયવોની પ્રધાનતાને કારણે તેઓનું કથન સમુદાય સ્વરૂપે થઈ શકે છે. એ પ્રમાણે અહીં પણ ऐकारમાં इकारનું પ્રધાનપણું તથા औकारમાં उकारનું પ્રધાનપણું માનીને બંને વર્ણોને સમુદાય સ્વરૂપ મનાય છે.

હવે "આચાર્ય ભગવંતે" ન્યાસમાં કૌંસમાં કૈયટની પ્રદીપટીકાનો પાઠ આપ્યો છે. એમાં લખ્યું છે અર્ધ માત્રા अवर्णની છે. તેમજ દોઢ માત્રા इवर्ण અને उवर्णની છે. અધિકપણાંથી કથન હોવાથી (મલ્લગ્રામ વગેરેની જેમ) इकार અને उकार સ્વરૂપ જ હ્રસ્વ થશે. લોકમાં પણ અધિકપણાંથી કથન જણાય છે. તે આ પ્રકારે "ब्राह्मणग्राम आनीयताम्" (બ્રાહ્મણોનું ગામ લવાય.) આવા શબ્દપ્રયોગનું ઉચ્ચારણ કરવામાં આવે ત્યારે ગામમાં તો કુંભાર, લુહાર, મોચી, વણકર, ધોબી આ પાંચ જાતિઓનો સમૂહ પણ રહેતો હોય છે. પરંતુ અવયવ સ્વરૂપ બ્રાહ્મણોની અધિકતા હોવાથી "ब्राह्मणग्राम आनीयताम्" એ પ્રમાણે કહેવાય છે. અહીં પણ આ જ ન્યાયને ચિત્તમાં ધારણ કરીને સૂત્રમાં एकार અને ऐकार તાલવ્ય સ્થાનવાળા (બંને સન્ધ્યક્ષરમાં ઉત્તરભાગ દોઢ इकार સ્વરૂપ હોવાથી) કહ્યા છે. તથા ओकार અને औकारને ઓષ્ઠ્ય સ્થાનવાળા કહ્યા છે. એ પ્રમાણે અમે આગળ કહીશું. અહીં પંક્તિમાં "कण्ठ्यौ" લખ્યું છે. જે એક મતની અપેક્ષાએ જણાય છે. પણ મુખ્યતયા તો "ओष्ठ्यौ" પંક્તિ જ હોવી જોઈએ. આ બધી વિચારણાઓને આધારે જગતમાં એક ન્યાય ઉપસ્થિત થયો છે. સન્ધ્યક્ષરોનાં 'इ' અને 'उ' સ્વરૂપ હ્રસ્વ આદેશો થાય છે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

एक-द्वीत्यादि । **एकमात्र**-इति-स्वरस्यात्यन्तापकृष्टे निमेषोन्मेषक्रियापरिच्छिन्न उच्चारणकालो मात्रा । **अर्धमात्रिकयोरि**ति-मात्राया अर्धमर्धमात्रा, साऽस्त्यनयोः "व्रीह्यादिभ्यस्तौ" [७.२.५.] इति इकः । **वर्णसमुदायस्ये**ति-औदन्ता इत्यनुवृत्त्या वर्णा इति लाभात् 'तितउ' इत्यत्र 'अउ' इत्येवंरूपवर्णसमुदायस्य दीर्घत्वनिषेधः । **संध्यक्षराणां त्वि**ति-अन्यैः कालापकाद्यैः संध्यक्षराणां दीर्घसंज्ञाऽपि न कृता, ततोऽत्र संज्ञाद्वयेऽपि संदेहः, यद्वा, अ आ इत्यादौ क्रमेण ह्रस्व-दीर्घसंज्ञा दृष्टा, ए ऐ इत्यादावपि किं तथैवेत्याशङ्कायामिदमुक्तं **संध्यक्षराणां** त्वित्यादि ॥५॥

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

સ્વરનો અત્યંત નાનામાં નાનો આંખની મીંચાવાની અને ઉઘડવાની ક્રિયાથી મપાતો એવો ઉચ્ચારણ કાળ માત્રા કહેવાય છે. હવે "अर्धमात्रिक" શબ્દની વ્યુત્પત્તિ ખોલે છે. मात्रायाः अर्धम् = अर्धमात्रा, હવે અર્ધમાત્રા છે જે બેની. અહીં સંબંધ અર્થમાં (मतु અર્થમાં) "व्रीह्यादिभ्यस्तौ" (૭/૨/૫) સૂત્રથી "इक" પ્રત્યય થતાં "अर्धमात्रिक" શબ્દ બને છે. અને "अर्धमात्रिक" શબ્દનું ષષ્ઠી દ્વિવચન "अर्धमात्रिकयोः" થશે. આથી આખો અર્થ આ પ્રમાણે થશે. અર્ધમાત્રાવાળા એવા બે વ્યંજનોનાં સમુદાયનું એકમાત્રાવાળાપણું હોતે છતે પણ હ્રસ્વસંજ્ઞાનો અભાવ થવાથી "त्"

અંત થશે નહીં. હવે વર્ણસમુદાય તરીકે કયા વર્ણો લેવા ? એનાં અનુસંધાનમાં કહે છે કે "औदन्ता"ની અનુવૃત્તિ આવતી હોવાથી "औ" અંત સુધીનાં વર્ણોનો લાભ થાય છે. આથી "तितउ" પ્રયોગમાં "अउ" એ પ્રમાણે વર્ણસમુદાયમાં દીર્ઘત્વનો નિષેધ થાય છે. "આચાર્ય ભગવંત"નાં મતે બૃહદ્વૃત્તિટીકા પ્રમાણે સન્ધ્યક્ષરોનું એકમાત્રાવાળાપણું ન હોવાથી સન્ધ્યક્ષરોની હ્રસ્વસંજ્ઞા થતી નથી તેમજ "कालापक" વગેરે અન્યોએ સન્ધ્યક્ષરોની દીર્ઘસંજ્ઞા પણ કરી નથી. આથી સંધ્યક્ષરોનાં વિષયમાં હ્રસ્વ અને દીર્ઘ બંને સંજ્ઞામાં સંદેહ છે. જો કે अ, आ વગેરેમાં ક્રમથી હ્રસ્વ, દીર્ઘસંજ્ઞા દેખાય છે. એ જ પ્રમાણે ए, ऐ વગેરેમાં પણ શું અનુક્રમે હ્રસ્વ અને દીર્ઘ સંજ્ઞા સમજવી ? એવી શંકાનાં અનુસંધાનમાં "આચાર્ય ભગવંતે" બૃહદ્વૃત્તિમાં સ્પષ્ટપણે જણાવી દીધું છે કે સન્ધ્યક્ષરોમાં તો એકમાત્રાવાળાપણાંનો અભાવ હોવાથી જ હ્રસ્વસંજ્ઞા થતી નથી.

पञ्चमम् सूत्रम् समाप्तम्

* * *

सूत्रम् - अनवर्णा नामी ।१।१।६॥

-: તત્ત્વપ્રકાશિકા :-

अवर्णरहिता औदन्ता वर्णा नामिसंज्ञा भवन्ति । इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ । बहुवचनं प्लुतसंग्रहार्थम्, एवमुत्तरत्रापि । नामिप्रदेशाः-"नामिनस्तयोः षः" [२.३.८.] इत्यादयः ॥६॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

अवर्ण રહિત એવાં औ અંત સુધીનાં વર્ણો નામીસંજ્ઞાવાળા થાય છે. अ અને आ સિવાયનાં બાર સ્વરો નામીસંજ્ઞાવાળા થાય છે. બહુવચન પ્લુત સ્વરોની પણ નામીસંજ્ઞા થાય છે એવું જણાવવા માટે કરેલ છે. એ પ્રમાણે હવે પછીનાં સૂત્રમાં પણ બહુવચનનું તાત્પર્ય સમજી લેવું. નામીસંજ્ઞાનાં પ્રયોજન સ્થાનો (ઉદાહરણ સ્થળો) "नामिनस्तयोः षः" (૨/૩/૮) વગેરે સૂત્રો છે. અર્થાત્ જે જે સૂત્રોમાં નામી શબ્દ આવશે ત્યાં ત્યાં નામી શબ્દથી इથી औ સુધીનાં બાર સ્વરોનો બોધ કરવો. એવો બોધ આ સંજ્ઞાસૂત્રનાં સામર્થ્યથી થશે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

अनवर्णेत्यादि-अविद्यमानोऽवर्णो येषु ते**ऽनवर्णाः** स्वराः, ते नामिनो भवन्ति । नमनं नामः, सोऽस्यास्तीति **नामी** । तथा चैषां ह्रस्व-दीर्घादिभेदेन नत एव ध्वनिर्निःसरति, नोर्ध्वं स्पृशति ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

અવિદ્યમાન છે अवर्ण જેઓમાં તેવા બાર સ્વરો નામીસંજ્ઞાવાળા થાય છે. 'नम्' ધાતુને 'ભાવમાં' 'घञ्' પ્રત્યય લાગીને 'नाम' શબ્દ બને છે. આવો અર્થ જણાવવા માટે ન્યાસમાં લખ્યું છે કે "नमनं नामः". હવે નામ જેનાં સંબંધમાં છે એવા અર્થમાં 'मतु' અર્થવાળો 'इन्' પ્રત્યય લાગતાં 'नामी' રૂપ થયું છે. હ્રસ્વ વગેરે ભેદથી इથી औ સુધીનાં બાર સ્વરોનો નમેલો એવો ધ્વનિ (અવરોહ સ્વરૂપ ધ્વનિ) જ નીકળે છે. પરંતુ આરોહ સ્વરૂપ ધ્વનિ નીકળતો નથી. અર્થાત્ આ બધા વર્ણોનો ઉપર સ્પર્શ થતો નથી.

(श०न्या०) ननु संज्ञिसामानाधिकरण्याद् "औदन्ताः स्वराः" [१.१.४.] इतिवन्नामिन इति बहुवचननिर्देशेन भाव्यम्, उच्यते-वचनभेदेन संज्ञां कुर्वन्नेवं ज्ञापयति-यत्र नामिनः कार्यं विधीयते तत्र कार्याद् यदि कार्यी स्वरो'न्यूनो भवति, तदैव नामिसंज्ञाप्रवृत्तिर्नान्यथा; तेन 'ग्लायति, म्लायति' इत्यादौ न गुणः । अत एव तत्राऽऽह-'ऐकारोपदेशबलान्नामित्वाभावाद् गुणाभावः' इति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- "अनवर्णाः" એ સંજ્ઞી છે અને નામી એ સંજ્ઞા છે. હવે સંજ્ઞા અને સંજ્ઞી વચ્ચે સમાનાધિકરણપણું થાય છે. આથી "औदन्ताः स्वराः" (૧/૧/૪) સૂત્રમાં જે પ્રમાણે સંજ્ઞા અને સંજ્ઞીનાં વિભક્તિ અને વચન સમાન કર્યા છે તે પ્રમાણે અહીં આ સૂત્રમાં પણ જો "अनवर्णाः" બહુવચન કર્યું છે તો 'नामी' સ્વરૂપ જે સંજ્ઞા છે તેનો પણ બહુવચનથી નિર્દેશ થવો જોઈએ. છતાં 'नामी' એ પ્રમાણે એકવચનથી નિર્દેશ કર્યો છે. આ પ્રમાણે અસમાન વચન શા માટે કર્યું ?

ઉત્તરપક્ષ :- સંજ્ઞા અને સંજ્ઞીનો વચનભેદ કરવા દ્વારા "આચાર્ય ભગવંત" કંઈક જણાવવા માંગે છે, જે આ પ્રમાણે છે. જ્યાં જ્યાં નામી સંબંધી કાર્ય કહેવાશે ત્યાં ત્યાં કાર્યથી જો કાર્યી સ્વર ન્યૂન હશે તો જ નામી સંજ્ઞાની પ્રવૃત્તિ થશે, અન્યપ્રકારે નહીં. તેથી જ "ग्लायति" અને "म्लायति" વગેરેમાં ગુણ થતો નથી. અહીં "ग्लै + अ (शव्) + ति". આ પરિસ્થિતિમાં 'ऐ' એ નામી સ્વર છે, જે કાર્યી સ્વરૂપ છે. તથા 'अ' (शव्) માનીને 'ऐ'ને જો નામી સ્વર માનવામાં આવે તો 'ऐ'નો ગુણ 'ए' થશે. અહીં "ए" એ કાર્ય સ્વરૂપ થશે. હવે કાર્યી 'ऐ' છે અને કાર્ય 'ए' છે. આ ઉદાહરણમાં 'ए' સ્વરૂપ કાર્ય કરતાં 'ऐ' સ્વરૂપ કાર્યી સ્વર અધિક

થાય છે. તેથી અહીં નામીસંજ્ઞા પ્રવર્તશે નહીં. જો ગુણ સ્વરૂપ કાર્યથી કાર્યી સ્વર ન્યૂન થાત તો જ નામીસંજ્ઞા પ્રવર્તત. આવી સ્થિતિ અહીં ન હોવાથી 'ए' સ્વરૂપ ગુણવિધિ થશે નહીં. આ જ પ્રમાણે "म्लायति"માં પણ સમજી લેવું. ગુણવિધિ થઈ હોત તો 'ग्लयति' પ્રયોગની સિદ્ધિ થાત જે શિષ્ટપુરુષોને ઇષ્ટ ન હતી. આથી (૪/૩/૧) સૂત્રમાં લખ્યું છે કે 'ऐ'कार ઉપદેશનાં બળથી નામી સંજ્ઞાનો અભાવ થવાથી ગુણ થશે નહીં. અર્થાત્ ધાતુપાઠમાં 'ग्ले' અને 'म्ले'ને બદલે 'ग्लै' અને 'म्लै'નું કથન કર્યું છે. તેનાથી જ જણાય છે કે, આવી પરિસ્થિતિમાં ગુણવિધિ કરવી નથી.

(श०न्या०) न च सन्ध्यक्षराणां द्विमात्रत्वात् प्रयत्नाधिक्याभावादाधिक्याभाव इति वाच्यम्, यतो विश्लिष्टावर्णत्वेनाधिकयोरैकारौकारयोः कथं प्रश्लिष्टावर्णत्वेन (न)न्यून एकार ओकारश्च भवति ? नयतीत्यादौ तु द्विमात्रत्वेन समत्वेऽपि प्रश्लिष्टावर्णत्वेनाधिक्यं गुणस्येति संज्ञाप्रवृत्तिः । न चैकारोपदेशबलाद् बाध इति वाच्यम्, आयादीनामपि बाधप्रसङ्गात् । यद्वा अविद्यमानमवर्णं येष्वित्यवर्णवर्जनात् सन्ध्यक्षरेषु त्ववर्णभागस्यापि सद्भावान्नामिसंज्ञाऽभावः, अन्यथा "इदादिर्नामी" इति विदध्यात् । षत्वविधौ तु "नाम्यन्तस्था..." [२.३.१५.] इत्यत्राऽऽवृत्त्या नामिनोऽन्ते तिष्ठन्तीति नाम्यन्तस्थाः सन्ध्यक्षराण्यप्युच्यन्त इति सन्ध्यक्षरपरिग्रहः । "न नाम्येकस्वरात् खित्युत्तरपदेऽमः" [३.२.९] इत्यत्रापि आवृत्त्या नामी एकदेशेन स्वरो यस्य तत् सन्ध्यक्षरमेवेति तत्रापि तत्परिग्रहः । "व्यञ्जनादेर्नाम्युपान्त्याद् वा" [२.३.८७.] इत्यत्रापि प्रवेपणीयमित्यादौ सन्ध्यक्षराणां पूर्वभागस्यावर्णरूपत्वादुत्तरभागस्य च नामिरूपत्वान्नाम्युपान्त्यत्वमस्त्येव इत्यदोषः । एवमन्यत्राप्यूहनीयमिति सर्वं समञ्जसमिति ॥६॥

અનુવાદ :- પૂર્વપક્ષ :- 'ए' કાર્ય કરતાં 'ऐ' સ્વરૂપ કાર્યીમાં ન્યૂનપણું નથી. માટે નામીસંજ્ઞા થતી નથી, એવું આપ જણાવો છો. પરંતુ 'ए' અને 'ऐ' બંને સન્ધ્યક્ષરો છે. વળી, બંનેમાં બે માત્રાવાળાપણું છે, આથી 'ऐ' અથવા 'ए' કોઈપણ સ્વરમાં માત્રાથી સમાનપણાંનો ભાવ હોવાથી કાર્યી એવાં 'ऐ'માં પણ અધિકપણાંનો અભાવ થાય છે. માટે નામીસંજ્ઞા પ્રવર્તવી જ જોઈએ.

ઉત્તરપક્ષ :- બંનેમાં હીનાધિકપણાંનો અભાવ છે એવું કહેવું નહીં. 'ऐ' અને 'औ'નું સ્વરૂપ આ પ્રમાણે છે. 'ऐ'कार અને 'औ'कार વિશ્લષ્ટવર્ણો છે. તેથી अवर्ण + इ તથા 'अ'वर्ण + उ ભેગા થઈને અનુક્રમે ऐकार અને औकार બને છે તથા एकार અને ओकार પ્રશ્લિષ્ટવર્ણ છે. આ વર્ણો પણ अवर्ण + इवर्ण તથા अवर्ण + उवर्ण ભેગા થઈને બને છે. પરંતુ આ બંને વર્ણો એકમેકપણાને પ્રાપ્ત કરે છે. આથી આ બે વર્ણોનું અવયવ સ્વરૂપ રહેતું નથી. ऐकार અને औकार

વિશ્લિષ્ટવર્ણો હોવાથી અવયવ સ્વરૂપ अवर्णथी અધિકપણાને પ્રાપ્ત થાય છે. જ્યારે एकार અને ओकार પ્રશ્લિષ્ટવર્ણો હોવાથી अवर्णની અપેક્ષા એ અધિકપણું પ્રાપ્ત થતું નથી. આથી જો ऐकार અને औकारનો ગુણ કરવામાં આવે તો આ બંને સ્વરો કાર્યી બને તથા ગુણ સ્વરૂપ एकार અને ओकार ન્યૂન થશે જે કાર્ય સ્વરૂપે છે. આથી અહીં કાર્ય કરતાં કાર્યી સ્વર અધિક થવાથી નામીસંજ્ઞા પ્રવર્તતી નથી.

"नयति" વગેરે પ્રયોગોમાં नी ધાતુમાં દીર્ઘ ई છે તથા ગુણ સ્વરૂપે एની પ્રાપ્તિ થાય છે. આ બંને વર્ણોમાં સમાન એવી બે માત્રાપણું હોવાથી ईનો ગુણ ए થવો જોઈએ નહીં. એના અનુસંધાનમાં જણાવે છે કે एकार અને ओकारમાં અવિભાજિત સ્વરૂપવાળું (પ્રશ્લિષ્ટ) अवर्णપણું હોવાથી एकार અને ओकारમાં અધિકપણું પ્રાપ્ત થાય છે માટે અહીં સમાન માત્રાપણું હોવા છતાં પણ કાર્યી સ્વર, કાર્ય કરતા ન્યૂન હોવાથી નામીસંજ્ઞા થવા દ્વારા ગુણકાર્ય પ્રવર્તે છે.

પૂર્વપક્ષ :- ऐकार અને औकारનો ગુણ અનુક્રમે एकार અને ओकार કરવો નથી. માટે આ સૂત્રમાં વચનભેદ કરવા દ્વારા સન્ધ્યક્ષરોની નામીસંજ્ઞા અટકાવી એ પ્રમાણે તમારું કહેવું છે. પરંતુ અમે તો કહીએ છીએ કે ધાતુપાઠમાં જ તે તે ધાતુઓમાં ऐकार અને औकारનું કથન કર્યું છે. એવાં ઉપદેશનાં (કથનનાં) બળથી જ ગુણ સ્વરૂપ एकार અને ओकार થાત નહીં. આથી સન્ધ્યક્ષરોની નામીસંજ્ઞા અટકાવવા માટે આ સૂત્રમાં વચનભેદની આવશ્યકતા નથી. અથવા તો વચનભેદથી સન્ધ્યક્ષરોમાં નામીસંજ્ઞા અટકાવવાનો તમારો પુરૂષાર્થ ધાતુપાઠમાં કેટલાક ધાતુઓમાં ऐकार અને औकार ઉપદેશનાં બળથી જ બાધદોષને પ્રાપ્ત કરે છે.

ઉત્તરપક્ષ :- ઉપરોક્ત દોષ અમને આવતો નથી. કારણ કે જો ધાતુપાઠમાં ऐकार અને औकार ઉપદેશનાં બળથી જ જેમ ગુણકાર્ય અટકી જાત, તે પ્રમાણે आय्, आव् વગેરે કાર્યો પણ અટકી જાત. આથી "ग्लायति" વગેરે રૂપોની પ્રાપ્તિ થાત નહીં. "ग्लायति" વગેરે રૂપોને બદલે "ग्लैअति" વગેરે અનિષ્ટ રૂપોની આપત્તિ આવત. આમ, ઉપદેશનાં બળથી ગુણ વગેરેનું કાર્ય અટકી શકે નહીં. માટે જ અમે વચનભેદ કરવા દ્વારા સન્ધ્યક્ષરોમાં નામીસંજ્ઞા અટકાવવાનો પુરૂષાર્થ કર્યો છે.

હવે "આચાર્ય ભગવંત" પાણિની વ્યાકરણની માન્યતાનો આધાર લઈને કંઈક કહે છે. પાણિની વ્યાકરણવાળા "इक्" સંજ્ઞાવાળા (इ, उ, ऋ, लृ) સ્વરોમાં જ ગુણકાર્યો માને છે. જ્યારે આપણી માન્યતા પ્રમાણે તો સન્ધ્યક્ષરો નામીસંજ્ઞાને પ્રાપ્ત કરતા હોવાથી તેમાં ગુણની પ્રાપ્તિ થાય છે. તેથી સન્ધ્યક્ષરોમાં નામીસંજ્ઞાનો અભાવ કરવા માટે બીજી પદ્ધતિ જણાવે છે. આ અભિપ્રાય "यद्वा" પંક્તિ દ્વારા જણાવે છે. જેઓમાં अवर्ण વિદ્યમાન નથી તે બધા જ નામીસંજ્ઞાવાળા કહેવાય છે. સન્ધ્યક્ષરોનાં વર્ણોનું વિભાજન કરવાથી अवर्ण સ્વરૂપે અંશનો પણ

સદ્ભાવ હોવાથી સન્ધ્યક્ષરોની નામીસંજ્ઞા થશે નહીં. જો સન્ધ્યક્ષરોની પણ નામીસંજ્ઞાં કરવી જ હોત તો "इदादिः नामी" આ પ્રમાણે લઘુસૂત્ર જ બનાવત.

પૂર્વપક્ષ :- આ પ્રમાણે જો સન્ધ્યક્ષરની નામીસંજ્ઞા નહીં માનો તો "नाम्यन्तस्था..." (૨/૩/૧૫) સૂત્રથી સન્ધ્યક્ષરોને નામી માનીને "बालेषु" વગેરે પ્રયોગોમાં "स्"નો "ष्" કેવી રીતે થઈ શકશે ? કારણ કે "बाले" શબ્દમાં 'ए' સ્વરને નામી તરીકે તો તમે માનતા નથી.

ઉત્તરપક્ષ :- 'षत्व' વિધિમાં "नाम्यन्तस्था" ... (૨/૩/૧૫) સૂત્રમાં આવૃત્તિથી (સંસ્કરણથી) નામ્યન્તસ્થાનો અર્થ અમે આ પ્રમાણે કરીશું. "नामिनः अन्ते तिष्ठन्ति इति "એ" नाम्यन्तस्थाः" શબ્દનો અર્થ થશે. આવી વ્યુત્પત્તિ કરવાથી જેમાં જેમાં નામીસ્વરો અંતમાં હોય તેમાં તેમાં પણ षत्व વિધિ થશે. વિભાજિતપણાંથી દરેક સન્ધ્યક્ષરોમાં પણ અંતે इवर्ण અને उवर्ण સ્વરૂપ સ્વરો હોય જ છે. માટે સન્ધ્યક્ષરોને પણ નામીસંજ્ઞાવાળા કહી શકાશે. અહીં ૨-૩-૧૫ સૂત્રમાં એક અર્થ નામી અને અન્તસ્થા એવો થશે અને આ જ શબ્દને સમુદાય સ્વરૂપ માનીને નામીસ્વર અંતમાં રહે છે જેને એવાં વર્ણો પણ થશે. આ પ્રમાણે એક જ શબ્દનાં બે અર્થ થવાથી બીજા અર્થ પ્રમાણે સન્ધ્યક્ષરો નિમિત્તક षत्व વિધિ પણ થઈ શકશે.

"न नाम्येकस्वरात्..." (૩/૨/૯) અહીં પણ આ જ પ્રમાણે (नाम्यन्तस्थानी વ્યુત્પત્તિ પ્રમાણે) નામી તરીકે સન્ધ્યક્ષરોને પણ ગ્રહણ કરી લેવા. કારણ કે એકદેશથી તો નામીસ્વરની વિદ્યમાનતા ત્યાં પણ છે જ.

"व्यञ्जनादेर्नाम्युपान्त्याद् वा" (૨/૩/૮૭) અહીં પણ નામીનો અર્થ ઉપર પ્રમાણે જ (નામી અંતે રહે છે તે નામી કહેવાય છે.) કરવાથી "प्रवेपणीयम्" વગેરે પ્રયોગોમાં સન્ધ્યક્ષરો સંબંધી પણ (પૂર્વભાવ अवर्ण સ્વરૂપ હોવાથી અને ઉત્તરભાગ નામી સ્વરૂપ હોવાથી) નામીઉપાન્ત્યવાળાપણું થાયજ છે. માટે સન્ધ્યક્ષરોને પણ નામી માનીને 'अनीय' પ્રત્યયનાં 'न्'નો 'ण्' વગેરે *કાર્યો થઈ શકશે. માટે 'इ'થી 'लृ' સુધીનાં સ્વરોને નામી માનવાથી પણ સન્ધ્યક્ષરો* નિમિત્તક કાર્યો થઈ શકશે. આ પ્રમાણે જ્યાં જ્યાં સન્ધ્યક્ષરોને નામી માનીને કાર્ય કરવાનો અવસર પ્રાપ્ત થાય છે ત્યાં ત્યાં બધે જ "नाम्यन्तस्था"નાં અર્થને કરવાથી બધું જ સંગત થઈ શકશે.

અહીં "नाम्येकस्वरात्" આ જ શબ્દનો અર્થ એકદેશથી નામીસ્વર જેમાં છે એવો કરવાથી સન્ધ્યક્ષરો પણ એવા જ હોવાથી સન્ધ્યક્ષરોને પણ નામી તરીકે ગ્રહણ કરી શકાશે. એ જ પ્રમાણે "व्यञ्जनादे-र्नाम्युपान्त्याद् वा" (૨/૩/૮૭) એ સૂત્રમાં પણ સન્ધ્યક્ષરોમાં ઉત્તરભાગ નામીસ્વરવાળો હોવાથી નામ્યુપાન્ત્યપણું "प्रवेपणीयम्" વગેરે પ્રયોગોમાં આવી જ શકે છે. માટે એવો અર્થ કરવાથી સન્ધ્યક્ષરોમાં પણ નામીસંજ્ઞાનો વ્યવહાર થઈ શકશે. આ પ્રમાણે જે જે સૂત્રોમાં

નામીશબ્દનો ઉલ્લેખ થયો હોય તે તે સૂત્રોમાં સન્ધ્યક્ષરોને ગ્રહણ કરવા માટે તે તે સૂત્રોનાં શબ્દોનો સહારો લઈને અર્થબોધ કરી લેવો. આ પ્રમાણે બીજો અર્થ પણ સંગત થતો જણાય છે. બહુશ્રુતોએ આ સંબંધમાં વિશેષ વિચારવું.

અહીં સમસ્ત ચર્ચા નામીસ્વરોમાં સન્ધ્યક્ષરોને ગુણ વગેરે કાર્યોમાં નામીસંજ્ઞાનાં અભાવવાળા બતાવવા માટે છે. તેમજ षत्व વગેરેનાં કાર્યોમાં સન્ધ્યક્ષરોને પણ નામીસંજ્ઞાવાળા બતાવવા માટે છે. આથી ઉપરોક્ત ચર્ચાની ઉપસ્થિતિ થઈ. પાણિની વ્યાકરણમાં આ પ્રમાણેની ભિન્નતાવાળી સંજ્ઞા બનાવી નથી. ત્યાં ગુણ કાર્ય કરવા માટે "इको गुणवृद्धी" (૧/૧/૩) સૂત્ર બનાવ્યું છે. જ્યાં "इ, उ, ऋ, लृ" (હ્રસ્વ અને દીર્ઘ બંને) હશે ત્યાં જ ગુણ અને વૃદ્ધિ કાર્યો બતાવ્યા છે. તથા "इण्कोः" (૮/૩/૫૭) સૂત્રથી 'स्'ની षत्वविधि કરવા માટે 'इण्' અને कु સંજ્ઞાનો સહારો લીધો. અહીં 'इण्' તરીકે अ અને आ સિવાયનાં તમામ સ્વરો તેમજ य्, व्, र्, ल्નો નિર્દેશ કરાયો છે. તથા 'कु' સંજ્ઞાથી क વર્ગનાં વ્યંજનોને ગ્રહણ કર્યા છે. આથી षत्वविधिમાં 'इण्' અને 'कु' સંજ્ઞાવાળા વર્ણોનો અલગથી નિર્દેશ કરાયો છે. તેમજ ગુણવિધિ કરવા માટે 'इक् પ્રત્યાહાર' સંજ્ઞાનો સહારો લીધો છે.

જ્યારે "આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રાચાર્ય" એ એક જ નામીસંજ્ઞાનાં બે અર્થો કરીને બંને કાર્યો કર્યાં છે. એનું મુખ્ય કારણ એ જણાય છે કે સંજ્ઞાઓનું લાઘવ કરીને તેમજ વચનભેદનું આલંબન લઈને અમુક કાર્યોમાં નામીસંજ્ઞા તરીકે સન્ધ્યક્ષરોને લીધા અને અમુક કાર્યોમાં સન્ધ્યક્ષરોને નામીસંજ્ઞા તરીકે માન્યા નહીં.

-: ન્યાસસારસમુદ્ધાર :-

अनवर्णेत्यादि-अविद्यमानोऽवर्णो येषु **तेऽनवर्णाः**। ननु संज्ञिसमानाधिकरणत्वेन संज्ञानिर्देशे सति "औदन्ताः स्वराः" [१.१.४.] इतिवन्नामिन इति बहुवचनेन निर्देशो युज्यते तत् किं **नामी**त्येकवचननिर्देशः ? सत्यम्, वचनभेदेन संज्ञां कुर्वन्नेवं बोधयति-'यत्र नामिनः कार्यं क्रियते तत्र कार्याद् यदि कार्यी स्वरो न्यूनो भवति तत्रै(दै)व नामिसंज्ञाप्रवृत्तिर्नान्यथा' तेन 'ग्लायति, म्लायति'[१] इत्यादौ न गुणः, अत एव तत्राऽऽह-'ऐकारोपदेशबलान्नामित्वाभावाद् गुणाभावः' इति।

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

ઉપરોક્ત તમામ પંક્તિનો અર્થ શબ્દમહાર્ણવન્યાસનાં અનુવાદમાં આવી ગયો છે. માટે અહીં જણાવ્યો નથી.

१. '०यति न' इ।

न्या०स०-अत्रोत्तरयोश्च बहुवचनं प्लुतसंग्रहार्थम् । विशेषण-विशेष्यभावस्तु वचनभेदेऽपि सामान्य-विशेषभावेन, यथा-पञ्चादौ घुट्, वेदाः प्रमाणम्, इति ॥६॥

અનુવાદ :- આ સૂત્ર અને હવે પછીનાં સૂત્રમાં બહુવચનનો સહારો લેવામાં આવ્યો છે. આ સૂત્રમાં "अनवर्णाः" બહુવચન કરવાથી अवर्ण સિવાયનાં સ્વરો જો પ્લુતસંજ્ઞાવાળા હશે તો તેઓની પણ નામીસંજ્ઞા આ સૂત્રથી જ થશે. તેમજ હવે પછીનાં સૂત્રમાં 'ऌ' અંત સુધીનાં સ્વરો જો પ્લુત સંજ્ઞાવાળા હશે તો તેઓ પણ સમાન સંજ્ઞાવાળા તે સૂત્રથી જ થશે.

આમ તો વિશેષણ વિશેષ્યભાવમાં સમાન વિભક્તિ જ હોવી જોઈએ. તેમજ વચન પણ સમાન જ હોવું જોઈએ. આથી અહીં વચનભેદ હોવાથી વિશેષણવિશેષ્યભાવ થઈ શકશે નહીં એવી શંકાનાં અનુસંધાનમાં 'આચાર્ય ભગવંતશ્રી' કહે છે કે, અહીં વચનભેદ હોવા છતાં પણ સામાન્યવિશેષભાવથી વિશેષણવિશેષ્યભાવ થઈ શકશે. દા.ત. पञ्चादौ घुट्, वेदाः प्रमाणम् । આ બંને ઉદાહરણમાં શરૂઆતનાં पञ्च અને वेदाः શબ્દ બહુવચનમાં છે જે વિશેષ છે. જ્યારે અંતનાં घुट् અને प्रमाणम् શબ્દ એકવચનમાં છે જે સામાન્ય છે. આમ અહીં વચનભેદ હોતે છતે પણ સામાન્ય વિશેષભાવથી વિશેષણવિશેષ્યભાવ થાય છે. એ પ્રમાણે વચનભેદવાળા આ સૂત્રોમાં પણ સામાન્યવિશેષભાવથી વિશેષણ વિશેષ્યભાવ સમજી લેવો.

॥ षष्ठमम् सूत्रम् समाप्तम् ॥

* * *

सूत्रम् - ॡदन्ताः समानाः ।१।१।७।।

-: તત્ત્વપ્રકાશિકા :-

ऌकारावसाना वर्णाः समानसंज्ञा भवन्ति । अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ । समानप्रदेशाः-"समानानां तेन दीर्घः" [१.२.१.] इत्यादयः ॥७॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

ऌकार અંત સુધીનાં વર્ણો સમાન સંજ્ઞાવાળા થાય છે તે આ પ્રમાણે છે. अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ - સમાન સંજ્ઞાના પ્રયોજનસ્થળો समानानां तेन दीर्घः (૧/૨/૧) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

लृदन्ता इत्यादि-उदात्ताऽनुदात्त-समाहार-(स्वरित)-सानुनासिक-निरनु-नासिकभेदादष्टादशधा भिद्यन्तेऽवर्णादयः; अतः समानं मानं परिच्छेदो येषाम् "समानस्य धर्मादिषु" [३.२.१४९.] इति सभावे **समानाः** ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત (સમાહારનો પાઠ યોગ્ય જણાતો નથી). સાનુનાસિક અને નિરનુનાસિક ભેદથી અઢાર પ્રકારથી अवर्ण વગેરે વિશેષિત કરાય છે. "તુલ્ય છે પરિમાણ જેઓનું" આ અર્થમાં બહુવ્રીહિ સમાસ થતાં "समानस्य धर्मादिषु" (૩/૨/૧૪૯) સૂત્રથી 'समान'નો 'स' આદેશ થતાં "समानाः" શબ્દ નિષ્પન્ન થાય છે. ("समानं मानं येषां ते" એવા વિગ્રહને અનુસારે ઉપરોક્ત બહુવ્રીહિ સમાસ "समानाः" એ પ્રમાણે કર્યો છે.)

(श०न्या०) लृकारस्य समानसंज्ञायाम्, कल्पनं क्लृप् "क्रुधादित्वात्" [क्रुत्सम्पदा० ५.३.११४.] क्विप्, कलायाः क्लृप् (कलाक्लृप्) तामकार्षीद्, णिचि अन्त्यस्वरादिलोपे "उपान्त्यस्यासमानलोपि०" [४.२.३५.] इति ह्रस्वत्वाभावः, समानलोपाद्, "असमानलोपे०" [४.१.६३.] इति सन्वद्भावाभावाद् 'अचकलाकद्' इति भावः । तथा क्लृ लृकारः क्लृकार इति समानदीर्घत्वं च ॥७॥

અનુવાદ :- અગાઉ औदन्ताः स्वराःમાં બૃહન્ન્યાસમાં લૃવર્ણ કથનનું કોઈ પ્રયોજન નથી એવી શંકાનાં અનુસંધાનમાં સંપૂર્ણ ચર્ચા આવી ગઈ હતી. આથી એ જ લૃવર્ણનો ઉપદેશ સાર્થક છે એવું જણાવવા માટે 'આચાર્ય ભગવંત' લખે છે કે લૃકારની સમાનસંજ્ઞા હોતે છતે આ પ્રમાણેનું કાર્ય નિષ્પન્ન થાય છે. 'સમર્થ' અર્થમાં 'क्लृप्' ધાતુ છે. હવે એ 'क्लृप्' ધાતુને "क्रुधादित्वात्" (क्रुध् વગેરેપણું હોવાથી) "क्रुध्-संपदादिभ्यः क्विप्" (૫/૩/૧૧૪) સૂત્રથી 'क्विप्' પ્રત્યય થતાં "क्लृप्" એ "क्विप्" પ્રત્યયાંત નામ બને છે જેનો અર્થ ભાવવાચક થશે. હવે 'कलायाः क्लृप्' એ પ્રમાણે ષષ્ઠી તત્પુરુષ સમાસ થવાથી 'कलाक्लृप्' શબ્દ બનશે જેનો અર્થ કલાનું પ્રકાશિત થવું થશે. હવે 'कलाक्लृपम् अकार्षीद्' અર્થનાં 'णिच्' પ્રત્યય લાગતાં 'कलाक्लृप् + णिच्' આ અવસ્થામાં અન્ત્ય સ્વર સહિત વ્યંજનનો લોપ થતાં 'कलाकि' ધાતુ બનશે. ત્યારબાદ અધ્યતની ત્રીજો પુરુષ એકવચનનું રૂપ કરવા માટે 'णिच्' પ્રત્યય અંતવાળા નામને अ(ङ) પ્રત્યય થતાં "उपान्त्यस्यासमानलोपि"... (૪/૨/૩૫) સૂત્રથી સમાનનો લોપ થયો હોવાથી હ્રસ્વપણાંનો અભાવ થશે અને સમાનનો જ લોપ થયો હોવાથી "असमानलोपे..." (૪/૧/૬૩) સૂત્રથી સન્વત્ભાવનો અભાવ થવાથી "अचकलाकद्" એવું રૂપ થશે. જો લૃની સમાનસંજ્ઞા ન થઈ હોત

તો આ પ્રમાણે 'अचकलाकद्'ની સિદ્ધિ થઈ શકત નહીં. એને બદલે 'अचीकलाकद्' રૂપની સિદ્ધિ થાત. તથા क्लृ + लृ कार. અહીં પણ लृની સમાનસંજ્ઞા થવાથી ૧-૨-૧ સૂત્રથી દીર્ઘવિધિ થતાં क्लृकार એ પ્રમાણે રૂપની સિદ્ધિ થશે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

लृदन्ता इत्यादि-उदात्ताऽनुदात्त-स्वरित-सानुनासिक-निरनुनासिकभेदादष्टादशधा भिद्यन्तेऽ-वर्णादय इति । समानं तुल्यं मानं परिमाणं परिच्छेदो वा येषां ते **समानाः**, परस्परविलक्षणाकारं[1] बिभ्राणा अपीति । तथा लृकारस्य समानसंज्ञायाम्, कल्पनं क्लृप् "क्रुत्संपदादिभ्यः क्विप्" [५.३.११४.] कलायाः क्लृप्, तामकार्षीत्, णिचि अन्त्यस्वरादिलोपे समानलोपात् "उपान्त्यस्यासमानलोपि०" [४.२.३५.] इति ह्रस्वत्वाभावे "असमानलोपे०" [४.१.६३.] इति सन्-वद्भावाभावे च 'अचकलाकद्' इति भवति, क्लृकार इति समानदीर्घत्वं च फलम् ॥७॥

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

ઉપરોક્ત તમામ પંક્તિઓનો અર્થ શબ્દમહાર્ણવન્યાસનાં અનુવાદમાં આવી ગયો છે. માટે અહીં જણાવ્યો નથી.

॥ सप्तमम् सूत्रम् समाप्तम् ॥

❋ ❋ ❋

सूत्रम् - एऐओऔ संध्यक्षरम् । १ । १ । ८ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

ए ऐ ओ औ इत्येते वर्णाः सन्ध्यक्षरसंज्ञा भवन्ति । सन्ध्यक्षरप्रदेशाः-"ऐदौत् सन्ध्यक्षरैः" [१.२.१२.] इत्यादयः ॥८॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

ए, ऐ, ओ અને औ એ પ્રમાણે આ વર્ણો સન્ધ્યક્ષર સંજ્ઞાવાળા થાય છે. સન્ધ્યક્ષર સંજ્ઞાનાં પ્રયોજનસ્થાનો "ऐदौत् सन्ध्यक्षरैः" (૧/૨/૧૨) વગેરે સૂત્રો છે.

१. '०क्षणमाका०' इ, उ ।

-: શબ્દમહાર્ણવન્યાસ :-

ए-ऐ-ओ-औ इत्यादि-ए-ऐ-ओ-औ इत्यत्र जातिनिर्देशस्य विवक्षितत्वाद् व्यक्तेरनाश्रितत्वाद् वर्णस्वरूपाभावाद् "वर्णाव्ययात् स्वरूपे कारः" [७.२.१५६.] इति कारप्रत्ययो न भवति, एवमन्यत्रापि ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

આ પંક્તિઓનો અર્થ સમજતાં પહેલાં કેટલીક બાબતો સમજી લઈએ. "આચાર્ય ભગવંતે" અનેકાંતવાદની પુષ્ટિ કરી હોવાથી ક્યાંક વ્યક્તિપરક નિર્દેશ કર્યો છે. જ્યારે ક્યાંક જાતિપરક નિર્દેશ કર્યો છે. "औदन्ताः स्वराः" (૧/૧/૪) સૂત્રમાં औ સુધીનાં વર્ણોને સ્વર કહ્યા છે ત્યાં વ્યક્તિપરક નિર્દેશ કરવા માટે વર્ણની પાછળ तकारનું ગ્રહણ કર્યું છે. હવે ત્યાં વ્યક્તિપરક નિર્દેશ હતો માટે જ પ્લુત अ, आ વગેરેનું ગ્રહણ થતું નહોતું. તેથી પ્લુત अ વગેરેને ગ્રહણ કરવા માટે તે તે સૂત્રમાં બહુવચનની શક્તિનો ઉપયોગ કર્યો છે જ્યારે આ સૂત્રમાં સ્વરૂપદર્શક तकार અથવા તો 'कार' પ્રત્યયનો નિર્દેશ કરવામાં આવ્યો નથી. આથી જ જણાય છે કે આ સૂત્રમાં જાતિપરક નિર્દેશ છે. હવે જાતિપરક નિર્દેશ હોવાથી સમસ્ત પ્રકારવાળા ए, ऐ, ओ, औ સ્વરો આવી જતાં હોવાથી પ્લુતને અલગથી ગ્રહણ કરવા માટે કોઈ પુરૂષાર્થ કરવો પડતો નથી. પાણિની વ્યાકરણનાં ચૌદ માહેશ્વર સૂત્રોમાં કોઈ પણ વર્ણોનો વ્યક્તિપરક નિર્દેશ કરવા માટે तकार વગેરે દ્વારા પુરૂષાર્થ કરાયો નથી. કારણ કે આપણાં જેવાં અનેકાંતવાદને તેઓ માનતા નથી. તેથી તેમની પ્રરૂપણા એક જાતિ અંશને આશ્રયીને થઈ જણાય છે.

હવે પંક્તિઓનું ભાષાંતર કરીએ છીએ. અહીં ए, ऐ, ओ, औમાં જાતિનિર્દેશની વિવક્ષા હોવાથી વ્યક્તિપરક કથન કરાયું નથી. હવે જ્યાં જ્યાં જાતિપરક નિર્દેશ હોય ત્યાં ત્યાં વર્ણોનો કોઈ આકાર આવી શકે નહીં. જેમ કે વ્યક્તિ સ્વરૂપ ઘટનો આકાર હોઈ શકે પરંતુ જાતિ સ્વરૂપ ઘટત્વનો કોઈ આકાર હોઈ શકે નહીં. એ જ પ્રમાણે અહીં વ્યક્તિનું અનાશ્રિતપણું હોવાથી વર્ણ સ્વરૂપનો અભાવ થાય છે અને વર્ણ સ્વરૂપનો અભાવ થયો હોવાથી જ "वर्णाव्ययात्..." (૭/૨/૧૫૬) સૂત્રથી વર્ણ સ્વરૂપને બતાવનાર "कार" પ્રત્યય થયો નથી. આ પ્રમાણે જે જે સૂત્રોમાં વર્ણોનો વ્યક્તિપરક નિર્દેશ કરવા માટે કોઈ પુરૂષાર્થ ન કર્યો હોય ત્યાં ત્યાં તે તે વર્ણોને જાતિપરક માની લેવા. દા.ત. "कादि-र्व्यञ्जनम्" (૧/૧/૧૦) સૂત્રમાં જાતિપરક એવાં 'क्' વગેરેનો નિર્દેશ થયો છે.

(श०न्या०) अत्र समाहारो द्वन्द्वः, "क्लीबे" [२.४.९७.] इति ह्रस्वत्वाभावोऽपि

वर्णस्वरूपनिर्देशाद्, अन्यथा उकारस्यापि संज्ञाप्रसङ्गः । प्रत्येकं वा सम्बन्धः, चादिपाठाच्च विभक्तेरश्रवणमिति ।

અનુવાદ :- આ સૂત્રમાં ચારેય વર્ણોનો સમાહારદ્વન્દ્વ સમાસ કર્યો છે. જો સમાહારદ્વન્દ્વ સમાસ થાય તો "क्लीबे" (૨/૪/૯૭) સૂત્રથી હ્રસ્વ થવાની પ્રાપ્તિ આવે. આથી "एऐओउ सन्ध्यक्षरम्" આ પ્રમાણે સૂત્ર નિષ્પન્ન થાય. જો આ પ્રમાણે અંતમાં 'उ'નો નિર્દેશ કરવામાં આવે તો શંકા થાય કે "उ"ની સન્ધ્યક્ષર સંજ્ઞા થાય કે "औ"ની ? આથી જે 'औ'ની સન્ધ્યક્ષર સંજ્ઞા કરવી છે તે 'औ'નો વર્ણસ્વરૂપથી નિર્દેશ કરવા માટે 'औ'ને રાખવો આવશ્યક છે. આથી વર્ણસ્વરૂપથી નિર્દેશ હોવાથી જ સમાહારદ્વન્દ્વ સમાસ કર્યો હોવા છતાં પણ અંતમાં હ્રસ્વત્વનો અભાવ કર્યો છે.

પૂર્વપક્ષ :- એક બાજુ સમાહારદ્વન્દ્વ સમાસ કરો છો અને સમાહારદ્વન્દ્વ સમાસનાં નિયમોનું (અંતમાં હ્રસ્વવિધિનું) પાલન તો થતું નથી.

ઉત્તરપક્ષ :- અમે ए, ऐ, ओ, औ ચારેયને પૃથગ્ રાખી સન્ધ્યક્ષર સંજ્ઞાનો સંબંધ કરીશું. હવે જો પૃથગ્ રાખવામાં આવે તો પ્રત્યેક સાથે વિભક્તિનો સંબંધ કરવો પડે. પરંતુ આ વર્ણોનો ચાદિગણપાઠમાં અવ્યય તરીકે સમાવેશ કર્યો હોવાથી "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી વિભક્તિનો લોપ થયો છે. આથી અહીં સૂત્રમાં વિભક્તિ સંભળાતી નથી.

(श०न्या०) न क्षरति, न क्षीयते वाक्षरम्, अर्थम् अश्नुते व्याप्नोतीति "मी-ज्यजि-मा-मद्यशौ-वसि-किभ्यः सरः" [उणा० ४३९.] इति सरे (वा) अक्षरम्, पदं वाक्यं वर्णं च । अत्र तु वर्णार्थ एव गृह्यते, सन्धावक्षरं **सन्ध्यक्षरम्**, इत्यत एवैषां पूर्वो भागोऽकारः, एकारैकारयोः परो भाग इकार (इकारः, ओकारौकारयोः परो भागः) उकारः[१], य(ए)कत्वेनोपादानाद्, अमुमेवार्थं सम्प्रधारयता स्वरूपेण निर्देशः कृतः, अन्यथा लाघवार्थम् 'एदादीनि' इति विदध्यादिति । प्रक्रमादन्वर्थसंज्ञाविधानाद् वा व्यञ्जनानां संज्ञाप्रसङ्गोऽपि नोद्भावनीयः ॥८॥

અનુવાદ :- જે પોતાનાં સ્વરૂપથી ચલિત થતો નથી અથવા તો નષ્ટ કરાતો નથી તે "अक्षर" કહેવાય છે. અથવા તો બીજી રીતે "अक्षर" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. "અર્થમાં જે વ્યાપી જાય છે" આ અર્થમાં 'अश्' ધાતુને "मी-ज्यजि..." (उणा० ૪૩૯) સૂત્રથી 'सर्' પ્રત્યય થતાં 'अक्षरम्' શબ્દ બને છે. આ 'अक्षरम्'નો અર્થ પદ, વાક્ય અને વર્ણ થાય છે. 'अर्हँ' (૧/૧/૧) સૂત્રની બૃહદ્વૃત્તિટીકામાં "'अर्हँ' इति एतद् अक्षरम्" પંક્તિ લખવા દ્વારા આચાર્ય ભગવંતે 'अर्हँ' પદને પણ અક્ષર કહ્યો છે. આથી જણાય છે કે અક્ષરનાં ત્રણે ત્રણ અર્થ યોગ્ય જ છે. અહીં સન્ધ્યક્ષરમાં જે 'अक्षरम्' શબ્દ છે તેમાં 'अक्षर' સ્વરૂપ શબ્દનો અર્થ 'વર્ણ' જ કરવો એવું

१. 'उकारीयक०' अ ।

કહ્યું છે. આમ્, સંધિ દ્વારા જે અક્ષર થાય તે સન્ધ્યક્ષર કહેવાય છે. હવે આ અક્ષરો સંધિ દ્વારા થાય છે તો પછી વર્ણનું સ્વરૂપ કેવી રીતે થશે ? કારણ કે વર્ણ તો એક જ હોઈ શકે, બે અથવા વધારે વર્ણોનાં સમુદાયને વર્ણ કહી શકાય નહીં. આવી શંકાનાં અનુસંધાનમાં હવે પછીની પંક્તિઓમાં 'આચાર્ય ભગવંત' કંઈક કહે છે.

આ ચારેય વર્ણો સન્ધ્યક્ષર છે. સન્धિ હોતે છતે જે વર્ણ છે તે સન્ધ્યક્ષર છે. આથી તેઓનો (ચારેયનો) પૂર્વભાગ अकार છે તથા एकार અને ऐकारનો ઉત્તરભાગ इकार છે. તેમજ ओकार અને औकारનો ઉત્તરભાગ उकार છે. હવે આ બંનેનાં સમુદાયને એકતાથી ગ્રહણ કર્યો હોવાથી વર્ણ તો સ્વરૂપથી જ નિર્દેશ કરાયેલો પ્રાપ્ત થાય છે. આવા અર્થને જ ધારણ કરવાવડે "આચાર્ય ભગવંત" કહે છે કે ए, ऐ, ओ, औ સ્વરૂપથી જ નિર્દેશ કરાયા છે.જો સ્વરૂપથી નિર્દેશ ન કરવા હોત તો લાઘવ પ્રયોજનથી "एदादीनि सन्ध्यक्षरम्" આ પ્રમાણે જ સૂત્ર બનાવત.

પૂર્વપક્ષ :- આમ થવાથી તો જ્યાં જ્યાં સંધિ દ્વારા અક્ષર થયો હોય ત્યાં બધે જ સન્ધ્યક્ષર સંજ્ઞાની આપત્તિ આવશે અને તેમ થશે તો વ્યંજનોની પણ સન્ધ્યક્ષર સંજ્ઞા માનવી પડશે.

ઉત્તરપક્ષ :- અહીં સ્વરસંજ્ઞાનો અવસર હોવાથી વ્યંજનોની સન્ધ્યક્ષર સંજ્ઞા પડશે નહીં.

પૂર્વપક્ષ :- ખરેખર તો આંખું પાદ સંજ્ઞાસૂત્રોનું છે. આથી પાછળ વ્યંજન વગેરેમાં પણ સન્ધ્યક્ષર સંજ્ઞાની ઉપસ્થિત થઈ શકશે.

ઉત્તરપક્ષ :- 'सन्ध्यक्षरम्' સંજ્ઞા એ અન્વર્થ સંજ્ઞાવાળી છે. આથી સંધિ દ્વારા અક્ષરો જ્યાં જ્યાં થતા હોય તેને તેને સન્ધ્યક્ષરો કહેવાશે અને આવી પ્રક્રિયા તો માત્ર સ્વરોમાં જ થાય છે. વ્યંજનો જ્યારે પણ બે ભેગા થાય છે ત્યારે માત્ર તેઓ પાસે પાસે રહે છે. પરંતુ બે વ્યંજનો ભેગા થઈને નવો એક વ્યંજન થતો નથી. જ્યારે સ્વરમાં તો 'अ + इ' મળીને 'ए' નામનો નવો એક જ વર્ણ ઉત્પન્ન થાય છે.આથી સન્ધ્યક્ષર સંજ્ઞા સ્વરમાં જ આવી શકશે પરંતુ વ્યંજનમાં નહીં.

-: ન્યાસસારસમુદ્ધાર :-

ए-ऐ-ओ-औ इत्यादि-संधौ सति अक्षरं संध्यक्षरम्, तथाहि-अवर्णस्येवर्णेन सह संधावेकारः, एकारैकाराभ्यामैकारः, अवर्णस्योवर्णेनौकारः, ओकारौकाराभ्यामौकारः ॥८॥

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

સંધિ હોતે છતે જે અક્ષર થાય છે તે સન્ધ્યક્ષર કહેવાય છે. હવે સંધિ આ પ્રમાણે છે. अवर्णनी इवर्ण સાથે સંધિ હોતે છતે एकार થાય છે. તથા अवर्णनी एकार અને ऐकार સાથે સંધિ હોતે

છતે ऐकार થાય છે. તેમજ अवर्णની उवर्ण સાથે સંધિ થયે છતે ओकार થાય છે તથા अवर्णની ओकार અને औकार સાથે સંધિ થયે છતે औकार થાય છે.

अष्टमम् सूत्रम् समाप्तम्

❋ ❋ ❋

सूत्रम् - अं अः अनुस्वारविसर्गौ ।१।१।९॥

-: તત્ત્વપ્રકાશિકા :-

(त०प्र०) अकारावुच्चारणार्थौ । 'अं' इति नासिक्यो वर्णः, 'अः' इति कण्ठ्यः, तौ यथासंख्यमनुस्वार-विसर्गसंज्ञौ भवतः । अनुस्वार-विसर्गप्रदेशाः- "नोऽप्रशानोऽनुस्वारानुनासिकौ च पूर्वस्याधुट्परे" [१.३.८.] "रः पदान्ते विसर्गस्तयोः" [१.३.५३.] इत्यादयः ॥९॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

અનુસ્વાર અને વિસર્ગ આ બંને સંજ્ઞાઓમાં अकार ઉચ્ચારણ પ્રયોજનવાળો છે. 'अं' એ (અનુસ્વાર) નાસિકાસ્થાનવાળો વર્ણ છે. 'अः' (વિસર્ગ) એ કંઠ્ય સ્થાનવાળો વર્ણ છે, આ બંને અનુક્રમે અનુસ્વાર અને વિસર્ગ-સંજ્ઞાવાળા થાય છે. અનુસ્વાર અને વિસર્ગ સંજ્ઞાનાં પ્રયોજનસ્થાનો અનુક્રમે "नोऽप्रशानो..." (૧/૩/૮) તેમજ "रः पदान्ते..." (૧/૩/૫૩) સૂત્ર છે. "आदि" શબ્દથી જ્યાં જ્યાં અનુસ્વાર અને વિસર્ગ શબ્દ આવતાં હોય તે તે સૂત્રો પણ સમજી લેવાં.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

अं अः इत्यादि-ननु सत्यां विसर्गसंज्ञायामादेशेन भाव्यम्, आदेशस्य च संज्ञा, इतीतरेतराश्रयत्वात् संज्ञा न सिद्ध्यति । नैष दोषः, द्रव्यादेशान्नित्या एव शब्दाः 'कः करोति' इत्यादौ व्यवस्थिता एवाऽन्वाख्यायन्ते ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

આ પંક્તિઓનો અર્થબોધ કરતા પહેલાં ઇતરેતરાશ્રય દોષની ચર્ચા આવશ્યક છે. જેનો

(ઇતરેતરાશ્રય દોષનો) બોધ અમને વ્યાકરણશાસ્ત્રીય લોકન્યાયરત્નાકર ગ્રંથમાંથી પ્રાપ્ત થયો છે. તેમજ વ્યાકરણમહાભાષ્યમાંથી પણ વિશેષ સ્પષ્ટતા થઈ છે. આચાર્ય પાણિનીએ આ દોષને બતાવવા માટે કહ્યું છે કે, आ, ऐ અને औની વૃદ્ધિ સંજ્ઞા થાય છે. આ પરિસ્થિતિમાં સૌ પ્રથમ आ, ऐ અને औની વિદ્યમાનતા હોવી આવશ્યક થાય છે. આથી આ ત્રણ વિદ્યમાન હશે તો જ વૃદ્ધિસંજ્ઞા થઈ શકશે અને વૃદ્ધિ સંજ્ઞા થાય છે એવું કહેવામાં આવશે તો आ, ऐ અને औની વિદ્યમાનતા હોવી આવશ્યક થશે. આ પ્રમાણે आ, ऐ અને औની વિદ્યમાનતા હશે તો વૃદ્ધિ સંજ્ઞા થશે અને વૃદ્ધિ સંજ્ઞા હશે તો आ, ऐ અને औ હોવા આવશ્યક થશે. હવે શબ્દશાસ્ત્ર જો અનિત્ય હોય તો સ્પષ્ટપણે ઇતરેતરાશ્રય દોષ પ્રગટ થાય છે. કારણ કે વૃદ્ધિસંજ્ઞા હોય તો आ, ऐ અને औ નથી હોતા. વર્ણો અનિત્ય હોવાથી તે સમયે નાશ પામી ગયા હોય છે. તથા आ, ऐ અને औ હોય તો વૃદ્ધિસંજ્ઞા નથી હોતી. આ દોષને અન્યોન્યાશ્રય દોષ પણ કહેવામાં આવે છે અને જ્યાં એકબીજાને આશ્રિત હોય ત્યાં કાર્યોનો સંભવ થતો નથી. દા.ત. હોડી ગાડીને વહન કરે છે અને ગાડી હોડીને વહન કરે છે. બંને જો એકબીજાનાં આશ્રયથી કામ ચલાવે છે તો આ પરિસ્થિતિમાં કાર્યની ઉત્પત્તિ થઈ શકશે નહીં. હવે જો કાર્ય કરવું હશે તો જળનો અથવા જમીનનો આશ્રય લેવો પડશે. તે આ પ્રમાણે જળમાં હોડી ગાડીને વહન કરે છે અને ભૂમિ ઉપર ગાડી હોડીને વહન કરે છે. આ પ્રમાણે અહીં ઉપાધિવાળો (આશ્રય) ઇતરેતરાશ્રય દોષ છે. પરંતુ વૃદ્ધિ અને आ, ऐ, औ વચ્ચે તો ઉપાધિ વગરનો ઇતરેતરાશ્રય દોષ છે. તેનું સમાધાન વ્યાકરણ મહાભાષ્યમાં (૧/૧/૧) સૂત્રમાં આ પ્રમાણે આપ્યું છે. શબ્દો નિત્ય હોવાથી વિદ્યમાન એવા જ आ, ऐ અને औની વૃદ્ધિસંજ્ઞા થઈ છે, પરંતુ વૃદ્ધિસંજ્ઞા દ્વારા आ, ऐ અને औની ઉત્પત્તિ કરાતી નથી.

આ પ્રમાણે કોઈ પણ સંજ્ઞાસૂત્રોમાં જો શબ્દો અનિત્ય હોય તો ઇતરેતરાશ્રય દોષની પ્રાપ્તિ હતી જ. આથી 'આચાર્ય ભગવંતે' આ સૂત્રમાં ઇતરેતરાશ્રય દોષનો પૂર્વપક્ષ ઊભો કરીને ઉત્તર આપ્યો છે.

પૂર્વપક્ષ :- જો વિસર્ગ સંજ્ઞા વિદ્યમાન હોય તો આદેશ સ્વરૂપ કાર્ય ભાવવા યોગ્ય છે તથા આદેશ વિદ્યમાન હોય તો એવા આદેશોની સંજ્ઞા થઈ શકે છે.

नोऽप्रशानोऽनुस्वारानुनासिकौ... (૧/૩/૮) સૂત્રમાં "न्"નો તાલવ્ય श् વગેરે આદેશો કર્યા પછી પૂર્વના અક્ષર ઉપર જે અનુસ્વાર આદેશ સ્વરૂપ કાર્ય કર્યું છે તે સંજ્ઞા વિદ્યમાન હોય તો જ થઈ શકશે તથા અનુસ્વાર સંજ્ઞા વિદ્યમાન હોય તો જ અનુસ્વાર સ્વરૂપ આદેશ થઈ શકશે. હવે શબ્દ અનિત્ય છે આથી અનુસ્વાર સ્વરૂપ કાર્ય જ વિદ્યમાન ન હોય તો અનુસ્વાર સ્વરૂપ સંજ્ઞા કરવાનું કોઈ પ્રયોજન રહેતું નથી. આ પ્રમાણે ઇતરેતર આશ્રય દોષ આવે છે.

સમુદ્રમાં બે નૌકા હોય. હવે એક નૌકા બીજી નૌકાને બાંધવાનો પ્રયત્ન કરે તો બીજી નૌકા બંધાઈ શકતી નથી. જો બંને નૌકા પોતે અસ્થિર હોય તો કેવી રીતે એકબીજાને બાંધી શકે લંગર વગેરેના માધ્યમ દ્વારા બેમાંથી એક સ્થિર થાય તો જ સ્થિર થયેલી નૌકા બીજી નૌકાને બાંધી શકે એ પ્રમાણે અહીં પણ સંજ્ઞા અને આદેશ બંને અનિત્ય હોવાથી ઇતરેતર આશ્રય દોષ આવે છે. તેથી અનુસ્વાર અને વિસર્ગ-સંજ્ઞા સિદ્ધ થતી નથી.

ઉત્તરપક્ષ :- આ પ્રમાણેનો દોષ અમારે આવતો નથી. દ્રવ્યના જ આદેશો હોવાથી શબ્દો નિત્ય જ છે. દ્રવ્ય નિત્ય હોવાથી દ્રવ્યના આદેશો સ્વરૂપ શબ્દો પણ નિત્ય જ છે. શબ્દો દ્રવ્ય સ્વરૂપ છે. હવે જો દ્રવ્ય નિત્ય હોય તો कः करोति વગેરે પ્રયોગોમાં વિસર્ગ સ્વરૂપ આદેશ પણ નિત્ય જ રહેવાનો. આથી વિદ્યમાન એવા આદેશની कः करोति વગેરે પ્રયોગોને આધારે વિસર્ગ-સંજ્ઞા સહેલાઈથી થઈ શકશે. અહીં र्નો વિસર્ગ થાય છે ત્યારે र्નો નાશ થઈને વિસર્ગ થાય છે એવું નથી. દા.ત. અશિત્ પ્રત્યય પર છતાં अस्નો भू આદેશ થાય છે તો ત્યાં भू આદેશ કંઈ अस्નો નાશ કરીને ઉત્પન્ન થતો નથી. એકનો નાશ કરી બીજાને ઉત્પન્ન કરવું એવું અહીં થતું નથી. માત્ર વિદ્યમાન એવા अस्નો ત્યાગ કરીને વિદ્યમાન એવા भूને સ્વીકારવામાં આવે છે એ જ પ્રમાણે અહીં પણ વિસર્ગ સ્વરૂપ આદેશ વિદ્યમાન જ હતો અને તેની વિસર્ગસંજ્ઞા કરવામાં આવી છે તથા વિસર્ગસંજ્ઞા હતી માટે વિસર્ગ સ્વરૂપ આદેશ થઈ શકે છે. આ પ્રમાણે અમારે અન્યોન્યઆશ્રય દોષ આવતો નથી. માત્ર कः करोति વગેરે પ્રયોગોમાં વ્યવસ્થિત થયેલા આદેશોનું ફરીથી કથન કરવામાં આવે છે.

(श०न्या०) अनुपूर्वात् स्वरतेः अनुस्वर्यते सलीनमनुशब्द्यत इति कर्मणि घञि **अनुस्वारः** । विसृज्यते विरम्यते घञि **विसर्गः**, कर्मप्रत्ययोपलक्षणम्, तेन विसृष्टो विसर्जनीय इत्यपि । येन विना यदुच्चारयितुं न शक्यते तत् तस्योच्चारणम्, न शक्येते च बिन्दु-बिन्दुद्वयरूपौ वर्णावकारमन्तरेणोच्चारयितुमित्यसावुच्चारणाय सम्पद्यते, अत आह-**अकारावुच्चारणार्थावि**ति । अकारस्यैवोच्चारणार्थत्वं दृष्टम्, यथा-धातुषु, ये तु तत्रेकारादयो वर्णास्तेषाम् "इङितः कर्त्तरि" [३.३.२२.] इत्यादौ प्रयोजनवत्त्वमुपलब्धमितीहापि तदुपादाने शङ्का स्यादित्यत एव ककारादिष्वपि स एव कृतः । परदेशस्था एव कादिष्वकारादयो वर्णा उच्चारणार्था दृष्टाः, अत्र तु पूर्वमुच्चारयन्नेवं ज्ञापयति-पूर्वसंबद्धावेतौ न परसंबद्धौ जिह्वामूलीयोपध्मानीयवत् ॥९॥

અનુવાદ :- ગુપ્ત એવો અક્ષર સ્વરૂપ ધ્વનિ જે કરાય છે એવા અર્થમાં अनु + स्वर् ધાતુને કર્મમાં 'घञ्' પ્રત્યય લાગે છે અને એ પ્રમાણે "अनुस्वार" શબ્દ નિષ્પન્ન થાય છે જેનાવડે વિરામ કરાય છે એ અર્થમાં वि + सृज् ધાતુને "घञ्" પ્રત્યય (ભાવમાં) લાગીને "विसर्ग" શબ્દ પ્રાપ્ત

થાય છે. અહીં ઉપલક્ષણથી કર્મ અર્થમાં પણ પ્રત્યય સમજી લેવો. અહીં વિરામ કરવા યોગ્ય જે છે એ અર્થમાં કર્મમાં घञ् પ્રત્યય લાગીને विसर्ग શબ્દ પ્રાપ્ત થશે. હવે જો કર્મમાં અર્થ પ્રાપ્ત કરવો હોય તો विसृष्ट અને विसर्जनीय એ પ્રમાણે સંજ્ઞા પણ થઈ શકે છે.

જેનાં વિના જેનું ઉચ્ચારણ કરવા માટે સમર્થ થવાતું નથી તે તેનું ઉચ્ચારણ કહેવાય છે. अकार વિના બિન્દુ અને બે બિન્દુરૂપ વર્ણ ઉચ્ચારણ કરવા માટે સમર્થ થવાતું નથી. આથી સૂત્રમાં લખેલ अकार અનુસ્વાર અને વિસર્ગ માટે ઉચ્ચારણ સ્વરૂપે પ્રાપ્ત થાય છે અને આથી જ "આચાર્ય ભગવંતે" બૃહદ્વૃત્તિમાં લખ્યું છે કે એક બિંદુ અને બે બિંદુની સાથે જે अकार લખવામાં આવ્યો છે તે अकार ઉચ્ચારણ માટે લખ્યો છે. દા.ત. 'तक' અહીં ધાતુપાઠમાં अकार અંતવાળો ધાતુ બતાવ્યો છે. ખરેખર તો 'तक् हसने' એ પ્રમાણે ધાતુ છે. છતાં પણ સુખપૂર્વક ઉચ્ચારણ માટે अकार લખ્યો છે. ઉચ્ચારણનાં પ્રયોજનથી अकार જણાય છે. ધાતુઓમાં જ્યાં જ્યાં इकार વગેરે વર્ણો હોય છે ત્યાં ત્યાં તેઓનું પ્રયોજનવાળાપણું પ્રાપ્ત થાય છે. દા.ત. "इङ्ङितः कर्तरि" (૩-૩-૨૨) સૂત્રમાં કહ્યું છે કે, ધાતુપાઠમાં જ્યાં જ્યાં ધાતુઓમાં 'इ' ઉમેરેલો હોય ત્યાં ત્યાં ધાતુ આત્મનેપદ સ્વરૂપ જાણવો. આ પ્રમાણે આત્મનેપદનાં પ્રયોજનથી ધાતુઓમાં 'इ' ઉમેરેલો હોય છે. આથી અહીં પણ શંકા થાય કે ધાતુમાં अकार શા માટે ઉમેર્યો ? એ શંકાનાં અનુસંધાનમાં જણાવે છે કે अकार ઉચ્ચારણ માટે છે. આથી જ ककार વગેરે વ્યંજનમાં પણ अकार જ ઉમેરવામાં આવ્યો છે. તે પણ ઉચ્ચારણ પ્રયોજનવાળો જ છે.

વળી, પરભાગમાં રહેલો જ अकार ઉચ્ચારણ પ્રયોજનવાળો જાણવો. પરંતુ પૂર્વમાં રહેલાં હોય તો એ ઉચ્ચારણ પ્રયોજનવાળો જાણવો નહીં. એ પ્રમાણે જ क વગેરે વર્ણોમાં જણાય છે. પરંતુ અહીં તો પૂર્વમાં ઉચ્ચારણવાળો अकार આવ્યો છે. આથી 'આચાર્ય ભગવંત' अकारને પૂર્વમાં ઉચ્ચારણવાળો બતાવતા જણાવે છે કે પૂર્વમાં સંબંધવાળા એવા જ બે अकारो ઉચ્ચારણ અર્થવાળા જાણવા પરંતુ પરનાં સંબંધવાળા નહીં. (૧/૧/૧૬) સૂત્રમાં જિહ્વામૂલીય અને ઉપધ્માનીયવર્ણનાં ઉચ્ચારણ માટે क् અને प् પાછળ સંબંધવાળા લખ્યા છે. એ પ્રમાણે પાછળ સંબંધવાળા વર્ણો આ સૂત્રમાં ઉચ્ચારણ અર્થવાળા જાણવા નહીં. લગભગ બધા જ સૂત્રોમાં પાછળ સંબંધવાળા વર્ણ જ ઉચ્ચારણવાળા આવે છે. અહીં આ સૂત્રમાં પૂર્વમાં સંબંધવાળો એવો अकार ઉચ્ચારણ પ્રયોજનવાળો છે.

આ હકીકત દ્વારા આચાર્ય ભગવંતશ્રી જણાવે છે કે જ્યાં જ્યાં અનુસ્વાર અને વિસર્ગના પ્રયોગો આવશે ત્યાં ત્યાં તે બંને પૂર્વના અક્ષર સાથે જ સંબંધિત થશે. દા. ત. कः पचति. અહીં વિસર્ગનો સંબંધ क સાથે જ થશે, પરંતુ प સાથે થશે નહીં. તે જ પ્રમાણે संभव શબ્દમાં જે અનુસ્વાર છે તેનો સંબંધ स સાથે જ થશે, પરંતુ भ સાથે થશે નહીં. જ્યારે द्वि ⌣⌢ करोति વગેરે પ્રયોગોમાં

જિહ્વામૂલીય વગેરે પાછળના વર્ણો સાથે જ સંબંધિત થશે. અહીં ≍ વર્ણનો સંબંધ करोतिના क સાથે જ થશે, પરંતુ द्वि સાથે નહીં. આટલો વિવેક કરવા યોગ્ય છે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

अं अः इत्यादि-विसृज्यते विरम्यते घञि **विसर्गः**, कर्मप्रत्ययोपलक्षणं चेदम्, तेन विसृष्टो विसर्जनीय इत्यपि संज्ञाद्वयं द्रष्टव्यम् ॥९॥

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

આ તમામ પંક્તિઓનો અનુવાદ ઉપરનાં શબ્દમહાર્ણવન્યાસનાં અનુવાદમાં આવી ગયો છે.

॥ नवमम् सूत्रम् समाप्तम् ॥

❄ ❄ ❄

सूत्रम् - कादिर्व्यञ्जनम् ।१।१।१०॥

-: તત્ત્વપ્રકાશિકા :-

कादिर्वर्णो हकारपर्यन्तो व्यञ्जनसंज्ञो भवति । क ख ग घ ङ, च छ ज झ ञ, ट ठ ड ढ ण, त थ द ध न, प फ ब भ म, य र ल व, श ष स ह । व्यञ्जनप्रदेशाः- "नाम सिदय्व्यञ्जने" [१.१.२१.] इत्यादयः ॥१०॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

क વગેરે વર્ણોથી આરંભ કરીને हकार સુધીનાં વર્ણો વ્યંજનસંજ્ઞાવાળા થાય છે. વ્યંજનનો સંપૂર્ણ ક્રમ "આચાર્ય ભગવંતે" બૃહદ્‌વૃત્તિટીકામાં જણાવેલ છે. વ્યંજનસંજ્ઞાનાં ઉદાહરણ સ્થળો "नाम सिदय्व्यञ्जने" (૧/૧/૨૧) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

कादिरित्यादि-आदीयते गृह्यतेऽर्थोऽस्मादिति "उपसर्गाद्दः किः" [५.३.८७.] इति किप्रत्यये आदिः । स च सामीप्य-व्यवस्था-प्रकाराऽवयवादिवृत्तिः । यथा-'ग्रामादौ घोषः' इति सामीप्ये। 'ब्राह्मणादयो वर्णाः' इति व्यवस्थायाम् । 'आढ्या देवदत्तादयः' देवदत्तसदृशा इति प्रकारे। 'स्तम्भादयो गृहाः' तदवयवा इत्यवयवे ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

સૌ પ્રથમ आदि શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. 'आदीयते' એટલે કે નિશ્ચય કરાય છે અર્થ જેનાથી અહીં અપાદાન અર્થમાં 'आ + दा' ધાતુને "उपसर्गाद् दः किः" (૫/૩/૮૭) સૂત્રથી 'कि' પ્રત્યય થતાં 'आदिः' શબ્દ બને છે. આ 'आदिः' શબ્દ સમીપ, વ્યવસ્થા, પ્રકાર, અવયવ વગેરે અર્થમાં રહેલો છે. અહીં અવયવ પછી 'आदि' શબ્દ લખ્યો છે જે ઉપરોક્ત ચાર સિવાયનાં અર્થોને પણ જણાવે છે. આથી અવયવ પછી રહેલાં 'आदि'થી પ્રથમ, પ્રધાન, આરંભ વગેરે અર્થો પણ સમજવા.

હવે સમીપ વગેરે અર્થોમાં રહેલા 'आदि'નાં ઉદાહરણો બતાવે છે. "ग्रामादौ घोषः" અહીં 'आदि' શબ્દનો સમીપ અર્થ છે. ગામની સમીપમાં (નજીકમાં) ઝૂંપડી છે.આથી આ ઉદાહરણમાં 'आदि' સમીપ અર્થમાં જણાય છે. હવે વ્યવસ્થા અર્થ બતાવે છે. 'ब्राह्मणादयः वर्णाः' બ્રાહ્મણ વગેરે વર્ણો (જાતિ) છે. અહીં સમાજનાં નિયમો પ્રમાણે પ્રજાની ચાર ભાગમાં વ્યવસ્થા કરવામાં આવી છે, જે આ પ્રમાણે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ક્ષુદ્ર. હવે પ્રકાર અર્થનું ઉદાહરણ બતાવે છે. પ્રકાર એટલે ધર્મ અથવા તો વિશેષણ. 'आढ्या देवदत्तादयः' દેવદત્ત વગેરે ધનવાન્ છે. અહીં 'आदि'થી જે જે ધનવાન્ હશે તે તે લઈ શકાશે. અર્થાત્ જેમાં જેમાં ધનવત્ત્વ ધર્મ હશે તે તે લઈ શકાશે.

હવે અવયવ અર્થ બતાવે છે. "स्तम्भादयः गृहाः." 'गृह' શબ્દ આમ તો નપુંસકલિંગમાં છે છતાં પણ બહુવચનમાં પુલિંગનો પ્રયોગ પણ શક્ય છે. એ અપેક્ષાએ 'गृहाः' પ્રથમા બહુવચન (પુલિંગમાં) લખ્યું છે. થાંભલાઓ વગેરેવાળા ઘરો થશે. અહીં 'आदि' અવયવ અર્થમાં હોવાથી વગેરેથી બારી, બારણા વગેરે આવી શકશે.

જેમ થાંભલાઓ ઘરનાં અવયવો છે તે જ પ્રમાણે બારી-બારણાં વગેરે પણ ઘરનાં અવયવો છે.

(श०न्या०) तत्र सामीप्यार्थवृत्तिग्रहणात् ककारस्य व्यञ्जनसंज्ञाऽभावः, उपलक्षणस्य कार्येऽनुपयोगाद्, यथा 'चित्रगुरानीयताम्' इत्युक्ते चित्रगवोपलक्षितः पुरुष एवाऽऽनीयते, न तु चित्रो गौरिति । व्यवस्थार्थोऽपि न घटते, वर्णसमाम्नायस्य व्यवस्थितत्वाद् व्यभिचाराभावः,[१] *संभवे व्यभिचारे च विशेषणमर्थवद्* इति हि न्यायः । कादीनां परस्परमत्यन्तं वैसदृश्यात् प्रकारार्थोऽपि न समीचीनतामञ्चति ।

અનુવાદ :- આ સૂત્રમાં જો 'आदि'નો સમીપ અર્થ લીધો હોત તો "'क'ની નજીકમાં રહેલાં વર્ણો વ્યંજનો છે" એવો અર્થ થાત. આવો અર્થ કરવાથી તો ककारની વ્યંજનસંજ્ઞા થાત નહીં.

---

१. '०भावात्' अ ।

હવેની પંક્તિ સમજતાં પહેલા કેટલીક વિચારણાઓ કરી લઈએ. લક્ષ્યમાં રહીને બીજા બધાથી લક્ષ્યને જુદું પાડે તે લક્ષણ કહેવાય તથા લક્ષ્યની બહાર રહીને બીજા બધાથી લક્ષ્યને પૃથગ્ કરે તે ઉપલક્ષણ કહેવાય. विद्यमानं सत् व्यावर्तकम् लक्षणम् તથા अविद्यमानं सत् व्यावर्तकम् उपलक्षणम्. આટલો લક્ષણ અને ઉપલક્ષણમાં ભેદ છે.

પૂર્વપક્ષ :- લક્ષ્યની નજીક રહ્યાં હોયને લક્ષ્યની ઓળખાણ કરાવતાં હોય તેની પણ અમે વ્યંજનસંજ્ઞા સમજી લઈશું. આથી ककारની પણ વ્યંજનસંજ્ઞા થઈ જશે.

ઉત્તરપક્ષ :- ઉપલક્ષણમાં કાર્ય થઈ શકતું નથી. કોઈક ગુરુ મુનિભગવંતને કહે કે કૂતરાવાળા ઘરમાંથી ગોચરી લઈ આવો. ત્યારે મુનિ ગોચરી લાવવાનું કાર્ય ઘરમાંથી જ કરે છે. પરંતુ કૂતરા પાસેથી કરતાં નથી. કૂતરો બહાર ગયો હોય અથવા તો મરી ગયો હોય તો પણ તે ઘરને કૂતરાવાળું ઘર જ કહેવાય છે. તે જ પ્રમાણે અહીં પણ વ્યંજનસંજ્ઞા કરવા સ્વરૂપ કાર્ય खकार, गकार વગેરેમાં જ થઈ શકત. પરંતુ ઉપલક્ષણ સ્વરૂપ ककारમાં થઈ શકત નહીં. 'આચાર્ય ભગવંત'ને ककारની પણ વ્યંજનસંજ્ઞા તો ઇષ્ટ જ છે. આથી સમીપ અર્થવાળો 'आदि' શબ્દ અહીં નિરર્થક છે. આચાર્ય ભગવંત ઉપલક્ષણમાં કાર્યનો અયોગ છે એવા સિદ્ધાંતને માટે આ ઉદાહરણ બતાવે છે. દા.ત. "चित्रगुः आनीयताम्" આ વાક્ય પ્રમાણે અનેક પ્રકારની ગાયોથી ઓળખાતો પુરુષ લવાય છે. પરંતુ અનેક પ્રકારની ગાયોને લવાતી નથી.

હવે 'आदि' શબ્દનો વ્યવસ્થા અર્થ પણ ઘટતો નથી. દા.ત. "देवदत्तादयः आनीयन्ताम्" તારાવડે દેવદત્ત વગેરે લવાય. અહીં आदि શબ્દ વ્યવસ્થા અર્થમાં હોવાથી જ્યાં દેવદત્ત બેઠો હોય ત્યાંથી શરૂ કરીને જે ક્રમથી બીજા બધા બેઠા હોય તેઓને લાવવાનું કહ્યું છે એવો અર્થ જણાય છે. આથી દેવદત્ત વગેરેની જે વ્યવસ્થા ત્યાં વિદ્યમાન હોય તેઓને લાવવાનો અર્થ જણાય છે. એ પ્રમાણેનો વ્યવસ્થા અર્થ અહીં "आदि" શબ્દથી જણાતો નથી. આ વ્યાકરણમાં "આચાર્ય ભગવંત" 'क' વગેરે વ્યંજનોની જો નવી વ્યવસ્થા કરતાં હોત તો "आदि" શબ્દ વ્યવસ્થા અર્થવાળો થાત અને "आदि"થી એવા જ વ્યંજનો ઓળખાત. જે 'क' વગેરેનાં ક્રમમાં વિદ્યમાન હોય. આથી ककार બાકીનાં વર્ણોનાં વિશેષણ સ્વરૂપ બનત. પરંતુ વર્ણનો પાઠક્રમ તો પહેલેથી જ વ્યવસ્થિત હોવાથી "આચાર્ય ભગવંતે" નવી કોઈ વ્યવસ્થા કરી નથી. તેથી ભૂતકાળનાં પાઠક્રમમાં કોઈ દોષ આવતો હતો માટે અમારે નવા પાઠક્રમની વ્યવસ્થા કરવી પડી છે એવું નથી. એ પ્રમાણે જૂનાં પાઠક્રમમાં દોષનો અભાવ હોવાથી અહીં કોઈ નવી વ્યવસ્થા કરવામાં આવી નથી માટે વ્યવસ્થા અર્થ પણ ઘટતો નથી. સિદ્ધાંતમાં ન્યાય આવે છે કે સંભવ હોય અને દોષ હોય તો વિશેષણ અર્થવાળું થાય છે. અહીં વ્યવસ્થા અર્થમાં 'आदि' શબ્દ લાવી ककार વિશેષણ ત્યારે જ કરવું પડે જો ભૂતકાળનાં પાઠક્રમમાં કોઈ દોષ ઊભો થતો હોય. પહેલાનાં

વર્ણોનો પાઠક્રમ તો વ્યવસ્થિત જ છે. આથી દોષનો અભાવ કરવા માટે "આચાર્ય ભગવંતે" નવી વ્યવસ્થા વિચારવી પડી નથી. તેથી વ્યવસ્થા અર્થવાળો 'आदि' શબ્દ પણ ઘટતો નથી. અહીં સંભવ હોય તો જ વિશેષણ અર્થવાળું છે. દા.ત. ચાર પગવાળો માણસ. અહીં ચાર પગવાળું વિશેષણ માણસમાં સંભવિત નથી. માટે આ વિશેષણ સાર્થક નથી. પરંતુ બે પગવાળો માણસ આ વિશેષણ માણસમાં સંભવિત છે. માટે જ અર્થવાળું છે તથા લાલ કમળ, આ વિશેષણ જેમ કમળમાં વિદ્યમાન છે તેમ ઘટમાં પણ વિદ્યમાન છે. આથી લાલ એ કમળનું દોષવાળું વિશેષણ હોવા છતાં પણ અર્થવાળું વિશેષણ છે. આવું क સ્વરૂપ વિશેષણ વ્યવસ્થાવાળા 'आदि' શબ્દ સાથે ઘટતું નથી. વ્યવસ્થા તો પહેલેથી જ નક્કી છે. આથી વ્યવસ્થા અર્થવાળો 'आदि' શબ્દ પણ અહીં ઘટતો નથી.

"आदि"નો પ્રકાર અર્થ પણ ઘટતો નથી. 'क' વગેરે વ્યંજનોમાં જો કોઈક પ્રકારથી સમાનતા પ્રાપ્ત થાય તો 'आदि'નો પ્રકાર અર્થ ઘટી શકે. 'क' વગેરે વ્યંજનોનું સ્વરૂપ આકારની (આકૃતિની) અપેક્ષાએ અત્યંત અસમાન છે. આથી સ્વરૂપથી પણ સમાનતા આવતી નથી. કદાચ વર્ણથી સમાનતા લેવા જાય તો સ્વરો પણ વ્યંજન તરીકે આવી જાય. ઉચ્ચારણ ધર્મથી જો સમાનતા લેવા જાય તો બધા જ શબ્દો પણ વ્યંજનો બની જવાની આપત્તિ આવત. આ પ્રમાણે 'क' વગેરે વ્યંજનોમાં અત્યંત અસમાનતા હોવાથી 'आदि'નો 'પ્રકાર' અર્થ પણ યોગ્યપણાંને પ્રાપ્ત થતો નથી.

(श०न्या०) अवयवार्थवृत्तिस्तु सङ्गच्छते, ककार आदिरवयवो यस्य वर्णसमुदायस्य स **कादिः**, अत एवेह तद्गुणसंविज्ञानो बहुव्रीहिः समुदायस्यावयवे समवेतत्वाद्, न्यग्भूतावयवत्वेन च समुदायप्राधान्यादेकवचनम् । संज्ञिसामानाधिकरण्येऽपि 'स्मृतयः प्रमाणम्' इतिवदाविष्टलिङ्ग-त्वाद् **व्यञ्जनमि**ति नपुंसकत्वम् । अवयवस्य वाऽऽसन्नत्वात् सामीप्यादीनां च व्यवहितत्वात् "सन्निहितपरित्यागे व्यवहितं प्रति कारणं वाच्यम्" इति न्यायादवयवार्थसम्भवेऽन्येषामग्रहण-मिति ।

અનુવાદ :- 'અવયવ' અર્થમાં રહેલો 'आदि' શબ્દ સંગત થાય છે. ककार છે અવયવ જેમાં એ कादि સ્વરૂપ વર્ણસમુદાય વ્યંજન કહેવાય છે. આ પ્રમાણે कादिर्व्यंजनम् એ तद्गुणसंविज्ञानम् બહુવ્રીહિ સમાસ થાય છે. 'क' અવયવ પણ વ્યંજન સ્વરૂપ સમુદાયનો જ એક ભાગ છે. જેમ 'लम्बकर्णः रासभः'માં લાંબા કાનો એ ગધેડાનાં જ ગુણ સ્વરૂપ છે ગધેડાથી ભિન્ન નથી. તેમ વ્યંજનથી પૃથગ્ ककार નથી પણ વ્યંજનનાં જ એક ભાગ સ્વરૂપે છે. વ્યંજન (૩૩નો સમુદાય) એ સમુદાય છે અને ककार એ અવયવ છે. ન્યાયની ભાષામાં અવયવમાં સમુદાય સમવાય

સંબંધથી રહે છે, એવું નૈયાયિકો માને છે. એ જ પ્રમાણે અહીં પણ ककार વગેરે અવયવોમાં વ્યંજન સ્વરૂપ સમુદાય રહે છે. આથી જેમ લાંબા કાન સ્વરૂપ ધર્મવાળો જ रासभ છે તેમ અહીં ककार સ્વરૂપ ધર્મવાળો સમુદાય છે.

પૂર્વપક્ષ :- જો અવયવમાં સમુદાય રહે છે તો સમુદાય સ્વરૂપ એવો "व्यञ्जन" શબ્દ બહુવચનમાં આવવો જોઈએ. અવયવો ઘણા બધા હોવાથી અને અવયવોમાં સમુદાય રહેતો હોવાથી સમુદાયમાં પણ બહુલપણું થવાથી સમુદાયવાચક 'व्यञ्जन' શબ્દ બહુવચનમાં આવવો જોઈએ.

ઉત્તરપક્ષ :- અવયવોનું ગૌણપણું થવાથી સમુદાયની પ્રધાનતા છે તથા સમુદાય એક જ હોવાથી व्यञ्जन શબ્દનો એકવચનમાં જ પ્રયોગ કર્યો છે.

"कादिः" સંજ્ઞી છે અને 'व्यञ्जनम्' સંજ્ઞા છે. આથી સંજ્ઞી અને સંજ્ઞાનું સમાનાધિકરણપણું હોવાથી સંજ્ઞીનું પુલિંગપણું છે તો સંજ્ઞાનું પણ પુલિંગપણું થવું જોઈએ, છતાં સંજ્ઞા અને સંજ્ઞી વચ્ચે લિંગભેદ કરવામાં આવ્યો છે એનાં કારણમાં "આચાર્ય ભગવંત" જણાવે છે કે 'स्मृतयः प्रमाणम्' પ્રયોગની જેમ અહીં રહેલાં શબ્દોનું નિયત લિંગ હોવાથી 'व्यञ्जनम्' એ પ્રમાણે નપુંસકલિંગવાળો પ્રયોગ થયો છે. 'आदि' શબ્દ પુલિંગમાં જ છે તથા 'વ્યંજન' શબ્દ નપુંસકલિંગમાં જ છે. વળી, બંનેમાં લિંગો નિયત છે. આથી સમાનાધિકરપણાંથી પણ કોઈ પણ શબ્દએ પોતાનાં લિંગ છોડ્યા નથી. જેમ 'स्मृति' શબ્દ એ નિયત એવાં સ્ત્રીલિંગમાં છે અને 'प्रमाणम्' શબ્દ એ નિયત એવાં નપુંસકલિંગમાં છે. આથી જ સમાધિકરણપણું હોવા છતાં પણ બંનેએ પોતાનાં લિંગો છોડ્યા નથી.

પૂર્વપક્ષ :- ઉપરનાં સૂત્રનો વિગ્રહ આ પ્રમાણે પણ થઈ શકત. "कस्य आदिः इति कादिः व्यञ्जनम् 'क'"ની શરૂઆતમાં જે હોય તે વ્યંજન કહેવાય. એ પ્રમાણે વ્યવસ્થા અર્થની પણ સંભાવના હતી તથા સામીપ્ય, પ્રકાર વગેરે અર્થની પણ સંભાવના હતી છતાં પણ અવયવ અર્થનું જ ગ્રહણ શા માટે કર્યું ?

ઉત્તરપક્ષ :- ઉપરોક્ત શંકાનાં અનુસંધાનમાં જણાવે છે કે જે અર્થ શીઘ્ર ઉપસ્થિત થઈ શકતો હોય તે આસન્ન અર્થ કહેવાય છે. હવે જો અવયવ અર્થ અત્યંત શીઘ્ર ઉપસ્થિત થતો હોય અને સામીપ્ય વગેરે અર્થ દૂરવર્તી હોય તો અવયવ અર્થ કરવો જ યોગ્ય છે. જો નજીકનાં અર્થનો નિર્ણય થઈ શકતો ન હોય તો જ અન્ય વ્યવહિત (દૂરવર્તી) અર્થોની વિચારણા કરવી જોઈએ. ૩૩ (તેત્રીસ) વ્યંજનોમાં ककार પણ એક વ્યંજન છે. જે વ્યંજન સ્વરૂપ સમુદાયનાં અવયવ સ્વરૂપ છે અને અવયવ સ્વરૂપ અર્થની અહીં સંગતિ થઈ જાય છે. માટે જ સામીપ્ય વગેરે અન્ય અર્થ અહીં લેવામાં આવ્યાં નથી.

(श०न्या०) व्यज्यते प्रकाशवान् क्रियतेऽर्थोऽनेनेति "करणाधारे" [५.३.१२९.] इत्यनटि **व्यञ्जनम्**, स्वराणामर्थप्रकाशने उपकारकम्, यथा-सूपादीन्योदनस्येति व्यञ्जनसादृश्यादन्वर्थं चेदं नामेति ॥१०॥

અનુવાદ :- 'જેનાવડે અર્થ પ્રકાશવાળો કરાય છે' એ પ્રમાણે કરણ અર્થમાં 'वि' ઉપસર્ગપૂર્વક 'अञ्ज्' ધાતુને 'अनट्' પ્રત્યય લાગવાથી 'व्यञ्जनम्' શબ્દ બને છે. સ્વરોનાં અર્થને પ્રકાશિત કરવામાં 'व्यञ्जन' અત્યંત ઉપકારી છે. જેમ કે ભાતનાં રસને પ્રગટ કરવામાં દાળ વગેરે ઉપકારક છે. જે પ્રમાણે સૂપ વગેરેને વ્યંજન પણ કહી શકાય છે. આથી વ્યંજનનાં સાદશ્યથી આ વ્યંજન સંજ્ઞા અન્વર્થસંજ્ઞાવાળી થાય છે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

कादिरित्यादि-आदीयते गृह्यतेऽस्मादर्थ इत्यादिः । स च सामीप्य-व्यवस्था-प्रकारा-ऽवयवादिवृत्तिः । यथा-ग्रामादौ घोष इति सामीप्ये, ब्राह्मणादयो वर्णा इति व्यवस्थायाम्, आढ्या देवदत्तादय इति प्रकारे, देवदत्तसदृशा इत्यर्थः, स्तम्भादयो गृहा इति अवयवे, स्तम्भावयवा इत्यर्थः । तत्र सामीप्यार्थवृत्तिग्रहणे ककारस्य व्यञ्जनसंज्ञा न स्यात्, उपलक्षणस्य कार्येऽनुपयोगात्, यथा-चित्रगुरानीयतामित्युक्ते चित्रगवोपलक्षितः पुमानेवाऽऽनीयते न तु चित्रा गौरिति । व्यवस्थार्थोऽपि न घटते, वर्णसमाम्नायस्य व्यवस्थितत्वेन व्यभिचाराभावात्, ⁕संभवे व्यभिचारे च विशेषणमर्थवद्⁕ इति हि न्यायः । कादीनां परस्परमत्यन्तवैसदृश्यात् प्रकारार्थोऽपि न समीचीनतामञ्चति । अवयवार्थवृत्तिस्तु संगच्छते । ककार आदिरवयवो यस्य वर्णसमुदायस्य स कादिः, अत एवेह तद्गुणसंविज्ञानो बहुव्रीहिः समुदायस्यावयवेषु समवेतत्वात्, न्यग्भूतावयवत्वेन च समुदायप्राधान्यादेकवचनम् । संज्ञिसामानाधिकरण्येऽपि 'स्मृतयः प्रमाणम्' इतिवदाविष्ट-लिङ्गत्वाद् व्यञ्जनमिति नपुंसकत्वम् । व्यज्यते प्रकटीक्रियतेऽर्थोऽनेनेति व्यञ्जनम्, स्वराणामर्थ-प्रकाशने उपकारकम्, यथा-सूपादीन्योदनस्येति ।

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

ઉપરની પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસનાં અનુવાદમાં આવી ગયેલ છે. તેથી અહીં પુનરુક્તિ કરી નથી.

(न्या०स०) कस्य आदिः कादिरिति व्याख्याने व्यवस्थावाच्यप्यादिशब्दः, तेन स्वराणां न व्यञ्जनसंज्ञा, अनुस्वारविसर्गयोस्तु भवति । ततोऽनुस्वारस्य व्यञ्जनसंज्ञायां संस्कर्तेत्यत्रानुस्वाररूप-

व्यञ्जनात् परस्य सस्य "धुटो धुटि स्वे वा" [१.३.४८.] इत्यनेन लुक् सिद्धः । विसर्गस्य तु व्यञ्जनत्वे सुपूर्वस्य दुःखयतेः क्विपि, णिलुकि, सेश्च लुकि "पदस्य" [२.१.८९.] इति विसर्गरूपसंयोगान्तस्थस्य खस्य लुक् सिद्धः; विसर्गस्य च कस्यादिरिति व्युत्पत्त्या अपञ्चमान्तस्थः० [१.१.११.] इति धुट्त्वे च "धुटस्तृतीयः" [२.१.७६.] इति स्थान्यासन्ने गत्वे सति सुदुगिति सिद्धम् ॥१०॥

અનુવાદ :- ઉપર ન્યાસકારે 'आदि' શબ્દનો અવયવ અર્થ લઈ જે અર્થઘટન કર્યું તેની સામે નવો પક્ષ ઊભો થાય છે. 'कादिः' શબ્દનો જો ષષ્ઠી તત્પુરુષ સમાસ સમજવામાં આવે તો 'कस्य आदिः इति कादिः' એ પ્રમાણે અર્થ થઈ શકે. ષષ્ઠી તત્પુરુષ સમાસનો અર્થ વિચારીએ તો 'आदि' શબ્દનો વ્યવસ્થાવાચી અર્થ પણ થઈ શકે. તેથી 'क'ની આગળ જે (૧/૧/૯) સૂત્ર છે તેની (અનુસ્વાર અને વિસર્ગની) વ્યંજનસંજ્ઞા થશે પરંતુ સ્વરોની વ્યંજન સંજ્ઞા નહીં થાય. હવે અનુસ્વારની વ્યંજનસંજ્ઞા થવાથી 'संस्स्कर्ता' પ્રયોગમાં અનુસ્વારને વ્યંજન ગણીને અનુસ્વાર પછી રહેલાં 'स्' વ્યંજનનો 'धुटो धुटि स्वे वा' (૧/૩/૪૮) સૂત્રથી પાછળ રહેલા સ્વધુટ વ્યંજન પર છતાં લોપ થવાથી 'संस्कर्ता' એ પ્રમાણે રૂપની સિદ્ધિ થશે.

હવે, વિસર્ગની વ્યંજનસંજ્ઞાનું ફળ બતાવે છે. 'सु' પૂર્વક 'दुःख' શબ્દને નામધાતુ બનાવવા માટે 'णिच्' પ્રત્યય લગાવવામાં આવે છે ત્યારે सु + दुःख + णिच् એ પ્રમાણે નામધાતુ થાય છે. હવે આ નામધાતુ ઉપરથી નામ બનાવવા માટે 'क्विप्' પ્રત્યય લગાવવામાં આવે છે. ત્યારે सु + दुःख + णिच् + क्विप्' એ પ્રમાણે નામસંજ્ઞા થશે. અહીં 'क्विप्' પ્રત્યય લાગવાથી 'णेरनिटि' (૪/૩/૮૩) સૂત્રથી 'णिच्'નો લોપ થતાં 'सुदुःख्' એ પ્રમાણે નામ થશે. 'सुदुःख्' નામ થવાથી પ્રથમા એકવચનનો 'सि' પ્રત્યય લાગે છે. આ 'सि' પ્રત્યયનો "दीर्घङ्याब्-"... (૧/૪/૪૫) સૂત્રથી લોપ થાય છે. આમ થવાથી 'सुदुःख्' એ પ્રમાણે પદ થયું. અહીં વિસર્ગની પણ વ્યંજનસંજ્ઞા થવાથી પદને અંતે એકથી વધારે વ્યંજન થયા. આથી "पदस्य" (૨/૧/૮૯) સૂત્રથી સંયોગને અંતે રહેલાં 'ख्'નો લુક્ થયો. હવે વર્ગનો પાંચમો અક્ષર અને અન્તસ્થાને છોડીને "कादिः" વર્ણોની ધુટ્સંજ્ઞા કરી છે.

અહીં 'कादिः' વર્ણો તરીકે જેમ વર્ગીય વ્યંજન આવે છે તે જ પ્રમાણે "कस्य आदिः" વ્યુત્પત્તિથી અનુસ્વાર અને વિસર્ગ પણ આવે છે. માટે અનુસ્વાર અને વિસર્ગની પણ ધુટ્સંજ્ઞા થાય છે. હવે અનુસ્વાર અને વિસર્ગની ધુટ્સંજ્ઞા થવાથી અહીં પદને અંતે રહેલાં અનુસ્વારનો "धुटस्तुतीयः" (૨/૧/૭૬) સૂત્રથી "ग्" આદેશ થતાં "सुदुग्" પ્રથમા એકવચનનું રૂપ સિદ્ધ થશે. અહીં વિસર્ગની કંઠ્યસંજ્ઞા થવાથી સ્થાનથી સમાન એવાં कवर्गनो ત્રીજો અક્ષર થાય છે.

"सुदुग्"નો અર્થ "સારી રીતે પીડા કરનાર" થશે અથવા ઘણો દુઃખી કરનાર અર્થ પણ થઈ શકશે.

॥ दशमम् सूत्रम् समाप्तम् ॥

❋ ❋ ❋

सूत्रम् - अपञ्चमान्तस्थो धुट् ।१।१।११॥

-: તત્ત્વપ્રકાશિકા :-

वर्गपञ्चमान्तस्थावर्जितः कादिर्वर्णो धुट्संज्ञो भवति । क ख ग घ, च छ ज झ, ट ठ ड ढ, त थ द ध, प फ ब भ, श ष स ह । धुट्प्रदेशाः-"धुटो धुटि स्वे वा" [१.३.४८.] इत्यादयः ॥११॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

વર્ગનો પાંચમો અક્ષર અને અન્તસ્થાને છોડીને 'क' વગેરે વર્ણો ધુટ્ સંજ્ઞાવાળા થાય છે. क + ख વગેરે ટીકામાં બતાવેલાં વર્ણો ધુટ્ સંજ્ઞાવાળા થાય છે. ધુટ્ સંજ્ઞાનાં ઉદાહરણ સ્થળો "धुटो धुटि स्वे वा" (૧/૩/૪૮) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

अपञ्चमेत्यादि-"पचुण् विस्तारे" तस्य "उदितः स्वरान्नोऽन्तः" [४.४.९८.] इति ने "उक्षितक्ष्यक्षीशि" [उणा० ९००.] अनि पञ्चन्, तेषां पूरणाः "नो मट्" [७.१.१५९.] इति मटि पञ्चमाः, न विद्यन्ते पञ्चमाश्च अन्तस्थाश्च यत्र वर्णसमुदाये सो**ऽपञ्चमान्तस्थः** कादिः, द्वन्द्वगर्भो बहुव्रीहिः ॥११॥

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

સૌ પ્રથમ "पञ्चम" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. "पचुण्" ધાતુ વિસ્તાર અર્થમાં દશમાં ગણનો છે. આ ધાતુમાં સ્વરથી પર (૪/૪/૯૮) સૂત્રથી 'न्'નો આગમ થતાં 'पञ्च्' શબ્દ થશે. ત્યારબાદ "उक्षितक्ष्यक्षीशि"... (उणादि० ૯૦૦) સૂત્રથી 'अन्' પ્રત્યય થતાં 'पञ्चन्' શબ્દ થશે. આ શબ્દને પૂરણ અર્થમાં "नो मट्" (૭/૧/૧૫૯) સૂત્રથી 'मट्' પ્રત્યય થતાં 'पञ्चम' શબ્દ થાય છે. જે

વર્ણસમુદાયમાં પાંચમાં વર્ણો અને અન્તસ્થા વર્ણો વિદ્યમાન નથી તેવાં 'क' વગેરે વર્ણો ધુટ્સંજ્ઞાવાળા થાય છે. અહીં સૌ પ્રથમ पञ्चम અને अन्तस्था શબ્દનો દ્વન્દ્વ સમાસ કર્યો છે. ત્યારબાદ "अविद्यमाना: पञ्चमान्तस्था: यस्मिन् स: इति अपञ्चमान्तस्थ: कादि: " એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ કર્યો છે. માટે આ દ્વન્દ્વગર્ભ બહુવ્રીહિ સમાસ કહેવાશે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

अपञ्चमेत्यादि-(एतत्सूत्रोपरि लघुन्यासो न दृश्यते) ॥११॥

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

આ સૂત્ર સંબંધી લઘુન્યાસ જોવાયો નથી.

॥ एकादशमम् सूत्रम् समाप्तम् ॥

* * *

सूत्रम् - पञ्चको वर्ग: ।१।१।१२॥

-: તત્ત્વપ્રકાશિકા :-

कादिषु वर्णेषु यो य: पञ्चसंख्यापरिमाणो वर्ग: स स वर्गसंज्ञो भवति । क ख ग घ ङ, च छ ज झ ञ, ट ठ ड ढ ण, त थ द ध न, प फ ब भ म । वर्गप्रदेशा:-"कवर्गैकस्वरवति" [२.३.७६.] इत्यादय: ॥१२॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

क વગેરે વર્ણોનાં વિષયમાં જે જે પાંચ સંખ્યાનાં માપવાળો સમુદાય છે તે તે સમુદાય વર્ગસંજ્ઞાવાળો થાય છે. સૂત્રમાં બતાવેલાં क વગેરે પચ્ચીસ વર્ણો વર્ગસંજ્ઞાવાળા થાય છે. વર્ગસંજ્ઞાનાં ઉદાહરણસ્થાનો "कवर्गैकस्वरवति" (૨/૩/૭૬) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

पञ्चक इत्यादि-सजातीयसमुदायो वर्ग:, स चावर्ग-कवर्गादिभेदेनाष्टसंख्यत्वेन वर्णसमाम्नाये केवलिकादिशास्त्रे प्रसिद्ध:, तत्र च य: पञ्चसंख्यत्वेन व्यवस्थित:, सोऽत्र वर्गसंज्ञत्वेन संज्ञायते, अत आह-**कादिषु वर्णेषु यो य: पञ्चसंख्यापरिमाण** इति ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

સમાન પ્રકારવાળો સમુદાય વર્ગ કહેવાય છે. કેવલિકા વગેરે શાસ્ત્રોમાં અવર્ગ (બધા જ સ્વરો) તેમજ कवर्ग, चवर्ग, टवर्ग, तवर्ग, पवर्ग તથા य्, र्, ल्, व् તેમજ श्, ष्, स्, ह् એ પ્રમાણે વર્ણનાં પાઠક્રમમાં સમાન પ્રકારવાળા આઠ સમુદાયો પ્રસિદ્ધ છે. તેમાં જે જે પાંચ સંખ્યાપણાંથી વ્યવસ્થિત થયા છે તે અહીં વર્ગસંજ્ઞાપણાંથી જણાય છે. આથી "આચાર્ય ભગવંતે" બૃહદ્વૃત્તિટીકામાં લખ્યું છે કે, क વગેરે વર્ણોમાં જે જે પાંચ સંખ્યા પરિમાણવાળા (પ્રમાણવાળા) છે તે તે વર્ગસંજ્ઞાવાળા થાય છે.

(શ૦ન્યા૦) तेषां च पञ्चसंख्यात्वाद्[१] **'यो यः'** इति वीप्सा । **पञ्चकः**-पञ्चेति संख्या मानमस्य "संख्याडतेश्चाशत्तिष्टेः कः" [६.४.१३०.] इति के पञ्चकः । "वृग्ट् वरणे" वृणोति आत्मीय-मेकत्वेन व्यवस्थापयति, "गम्यमिरम्यजिगद्यदि०" [उणा० ९२.] इति गे **वर्गः** ॥१२॥

અનુવાદ :- વર્ગોમાં પાંચ સંખ્યાપણું હોવાથી "पञ्चसंख्यापरिमाण" લખ્યું છે, "यो यः" એ પ્રમાણે બે વાર જે લખ્યું છે તે વીપ્સા અર્થનું દ્યોતક છે. અર્થાત્ પાંચ સંખ્યા પરિમાણવાળાપણું એક કરતાં વધારેમાં પ્રાપ્ત થાય છે. હવે 'पञ्चक' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. "પાંચ સંખ્યા પ્રમાણ છે જેનું" એ પ્રમાણે માપ અર્થમાં "संख्या-डतेश्च..." (૬/૪/૧૩૦) સૂત્રથી 'पञ्चन्' શબ્દને 'क' પ્રત્યય થતાં 'पञ्चन्'ની પદસંજ્ઞા થવાથી પદાન્તે 'न्'નો લોપ થવાથી 'पञ्चक' શબ્દ થાય છે જેનો અર્થ પાંચ પરિમાણવાળો થાય છે.

હવે "वर्ग" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. "वृग्ट्" ધાતુ 'વરવું' અર્થમાં પાંચમાં ગણનો છે. પોતાનાં સંબંધીઓની એકત્વપણાંથી જે વ્યવસ્થા કરાવે છે તેવાં અર્થમાં "गम्यमिरम्य"... (उणादि० ૯૨) સૂત્રથી 'ग' પ્રત્યય થતાં "वर्ग" શબ્દ બને છે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

पञ्चक इत्यादि-सजातीयसमुदायो **वर्गः** । स चावर्ग-कवर्गादिभेदेनाष्टधा वर्णसमाम्नाये केवलिकादिशास्त्रेषु प्रसिद्धः, तत्र च यः पञ्चसंख्यात्वेन व्यवस्थितस्तस्येह वर्गसंज्ञेत्यत आह-**कादिष्विति** ।

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

સમાન પ્રકારવાળો સમુદાય વર્ગ કહેવાય છે અને તે કેવલિક વગેરે શાસ્ત્રોમાં જે વર્ણોનો

१. "संख्यत्वाद्" अ ।

સમ્યક્ પાઠક્રમ આપેલો છે તેમાં અવર્ગ, કવર્ગ વગેરે પ્રકારથી આઠ પ્રકારના પ્રસિદ્ધ છે. ત્યાં જે જે પાંચ સંખ્યાપણાંથી વ્યવસ્થિત થયેલા છે તેની અહીં વર્ગસંજ્ઞા થાય છે. આથી જ "આચાર્ય ભગવંતે" "कादिषु वर्णेषु.... वर्गसंज्ञो भवति" પંક્તિઓ લખી છે.

(न्या०स०) यो य इति-संज्ञिनां बहुत्वादगृहीतवीप्सोऽपि पञ्चशब्दो वीप्सां गमयतीति । वृणोत्यात्मीयमेकत्वेन व्यवस्थापयति 'गम्यमि...' [उणा० ९२] इति गे **वर्गः**, जात्यपेक्षमेकवचनम् ॥१२॥

અનુવાદ :- અહીં 'पञ्चक' એ સંજ્ઞી છે અને 'वर्ग' એ સંજ્ઞા છે. સંજ્ઞીઓ ઘણા બધા હોવાથી વીપ્સા વગરનો 'पञ्च' શબ્દ પણ વીપ્સા અર્થને જણાવે છે. આથી બૃહદ્વૃત્તિટીકાનો 'पञ्च' શબ્દ વીપ્સાને જણાવે છે. પોતાનાં સંબંધીઓની એકપણાંથી જે વ્યવસ્થા કરાવે છે તે અર્થમાં 'वृ' ધાતુને "गम्यमि..." (उणादि० ૯૨) સૂત્રથી 'ग' પ્રત્યય થતાં 'वर्ग' શબ્દ બને છે. અહીં જુદા જુદા પાંચ વર્ગો હોવા છતાં પણ સૂત્રમાં 'पञ्चकः वर्गः' એ પ્રમાણે જે એકવચનનો પ્રયોગ થયો છે તે જાતિની અપેક્ષાએ સમજવો.

॥ द्वादशमम् सूत्रम् समाप्तम् ॥

* * *

सूत्रम् - आद्यद्वितीयशषसा अघोषाः ।१।१।१३॥

-: તત્ત્વપ્રકાશિકા :-

वर्गाणामाद्य-द्वितीया वर्णाः श-ष-साश्चाघोषसंज्ञा भवन्ति । क ख, च छ, ट ठ, त थ, प फ, श ष स । बहुवचनं सर्ववर्गाणामाद्य-द्वितीयपरिग्रहार्थम् । अघोषप्रदेशाः-"अघोषे प्रथमोऽशिटः" [१.३.५०.] इत्यादयः ॥१३॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

દરેક વર્ગનો પહેલો અને બીજો વર્ણ તથા श, ष, स અઘોષ સંજ્ઞાવાળા થાય છે. આથી क, ख, च, छ, ट, ठ, त, थ, प, फ તથા श, ष, स એ પ્રમાણે તેર વ્યંજનો અઘોષ સંજ્ઞાવાળા થશે. સૂત્રમાં જે બહુવચન કર્યું છે તે બધા જ વર્ગોનાં પહેલા અને બીજા વ્યંજનને ગ્રહણ કરવા માટે કર્યું છે. અઘોષ સંજ્ઞાનાં ઉદાહરણ સ્થળો "अघोषे प्रथमोऽशिटः" (૧/૩/૫૦) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

आद्येत्यादि-आदौ भवः "दिगादिदेहांशाद् यः" [६.३.१२४.] इति ये आद्यः, उम्भति पूरयति वृद्धिं नयति द्वित्वसंख्याबुद्धिमिति "उभेर्द्वत्रौ च" [उणा० ६१५.] इति इकारे द्विः, तयोः पूरणे "द्वेस्तीयः" [७.१.१६५.] इति तीये द्वितीयः, ततो द्वन्द्वगर्भो द्वन्द्वः; आद्याश्च द्वितीयाश्चाद्यद्वितीयाः, शश्च षश्च सश्च शषसाः **(आद्य-द्वितीय-श-ष-साः)** ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

પ્રારંભમાં થનાર એ અર્થમાં "आदि" શબ્દને "दिगादिदेहांशाद् यः" (૬/૩/૧૨૪) સૂત્રથી 'य' પ્રત્યય થતાં 'आदि + य' - આ અવસ્થામાં (૭/૪/૬૮)થી आदिનાં 'इ'નો લોપ થતાં 'आद्य' શબ્દ નિષ્પન્ન થાય છે. 'उभत्' ધાતુ 'પૂરવું' અર્થમાં છે. અર્થાત્ જે વૃદ્ધિને પૂરે છે અથવા તો દ્વિત્વ સંખ્યા બુદ્ધિને જે પ્રાપ્ત કરે છે એ અર્થમાં 'उभत्' ધાતુને 'उभैर्द्वत्रौ च' (उणा० ૬૧૫) સૂત્રથી 'इ' પ્રત્યય થતા અને 'उभ'નો 'द्व' આદેશ થતાં 'द्वि' શબ્દ બને છે. હવે 'द्वि' શબ્દને પૂરણ અર્થમાં "द्वेस्तीयः" (૭/૧/૧૬૫) સૂત્રથી 'तीय' પ્રત્યય થતાં 'द्वितीय' શબ્દ બને છે. આ પ્રમાણે 'आद्याः च द्वितीयाः च' = 'आद्यद्वितीयाः તથા 'शः च षः च सः च = शषसाः' એ પ્રમાણે બે દ્વન્દ્વ સમાસ થયા. હવે બંને દ્વન્દ્વ સમાસનો ફરીથી દ્વન્દ્વ સમાસ થતાં आद्यद्वितीयाः च शषसाः च = आद्यद्वितीयशषसाः આ પ્રમાણે દ્વન્દ્વ સમાસ જેનાં ગર્ભમાં છે એવો દ્વન્દ્વ સમાસ થયો છે.

(श०न्या०) बहुवचनं हि आद्य-द्वितीयबहुत्वप्रतिपादनार्थम्, तच्च यदि सर्वेषां वर्गाणां आद्या द्वितीयाश्च भवन्ति, तत एव सफलं भवति, अन्यथा त्वसमर्थत्वात् समासाभावः, वृत्तिवाक्ययोरेकार्थप्रतिपत्तिः सामर्थ्यम्, वाक्ये च बहुत्वं प्रतीयते, न तु वृत्तौ, बहुवचनात् तु वृत्तावपि तदर्थप्रतिपत्तेरसमर्थत्वाभावः । न च 'कारकयोर्मध्यम्' (कारकमध्यम्) इत्यादाव-सामर्थ्यात् समासाभाव इति, द्वित्वनियामकस्य मध्यशब्दस्य सद्भावात्, 'मत्तबहुमातङ्गवनम्' इतिवद् बहुशब्दात् बहुत्वप्रतिपादकात् । तथापि समासाभावः, आद्यद्वितीयशब्दयोर्यदपेक्षमादित्वं द्वितीयत्वं च तदपेक्षितत्वादित्यपि न वाच्यम्, गुरुपुत्रादिवन्नित्यसापेक्षत्वाद्, अपेक्षायाश्च शब्दार्थत्वाद्, यदाह-

"सम्बन्धिशब्दः सापेक्षो नित्यं सर्वः प्रवर्त्तते ।
स्वार्थवत् सा व्यपेक्षाऽस्य वृत्तावपि न हीयते" ॥१६॥ इति,

અનુવાદ :- સૂત્રમાં જે બહુવચન કર્યું છે તે પહેલા અને બીજાનું બહુલપણું છે એવું પ્રતિપાદન

કરવા માટે છે. આ 'आद्य' અને 'द्वितीय'નાં બહુલપણાંનું સફળપણું ત્યારે જ થાય જ્યારે બધા જ વર્ગોનાં પહેલા અને બીજા લેવામાં આવે. જો માત્ર પહેલો અને બીજો એ પ્રમાણે જ સમાસની અપેક્ષાએ आद्य અને द्वितीयનો અર્થ કરવામાં આવે તો અસમર્થપણું થવાથી જ સમાસનો અભાવ થાય. વાક્યનો અર્થબોધ કરીએ ત્યારે આદ્ય દ્વિતીય તરીકે દરેક વર્ગનો પહેલો અને બીજો એવો અર્થ કરાય છે. જ્યારે સમાસમાં તો માત્ર પહેલો તથા બીજો જ એવો અર્થ થાય છે. આ પ્રમાણે સમાસ અને વાક્યમાં સમાન અર્થનો બોધ થતો નથી. વાક્યમાં બહુલપણું જણાય છે જે સમાસમાં જણાતું નથી. હવે વાક્ય અને સમાસનું સમાન અર્થપણું થાય તો જ સામર્થ્ય થાય છે. આથી "આચાર્ય ભગવંતે" સમાસમાં બહુવચન કરવા દ્વારા સમાસમાં પણ 'आद्यद्वितीय' શબ્દનો બહુલપણાં સ્વરૂપ અર્થ જ (દરેક વર્ગનો પહેલો અને બીજો વ્યંજન સ્વરૂપ અર્થ જ) કર્યો છે. આથી વાક્ય અને સમાસ બંનેમાં સમાન અર્થનો બોધ થતો હોવાથી અસામર્થ્યનો અભાવ થવાથી સમાસ થઈ શક્યો છે.

પૂર્વપક્ષ :- "कारकयोः मध्यम्" इति 'कारकमध्यम्'. અહીં વાક્યમાં અર્થ જણાય છે "બે કારકોની મધ્યમાં" અને સમાસમાં અર્થ જણાય છે. "કારકની મધ્યમાં." આ પ્રમાણે સમાસમાં ષષ્ઠી એકવચનનો અર્થ જણાય છે જ્યારે વાક્યમાં ષષ્ઠી દ્વિવચનનો અર્થ જણાય છે. આ પ્રમાણે અસમર્થપણું હોવાથી જ સમાસનો અભાવ થાય છે. છતાં જગતમાં આવો સામાસિક શબ્દ તો જોવા મળે જ છે આવું કેમ ?

ઉત્તરપક્ષ :- દ્વિત્વને બતાવનાર એવાં 'मध्य' શબ્દનો સદ્‌ભાવ હોવાથી 'मध्य' શબ્દ દ્વારા જ કારકનું 'દ્વિત્વપણું' જણાઈ જાય છે. આથી સમાસમાં પણ કારકનું દ્વિત્વપણું જણાઈ જતું હોવાથી સામર્થ્યપણું છે જ. 'मत्तबहुमातङ्गवनम्' સામાસિક શબ્દમાં मातङ्गનું એકત્વપણું જણાતું હોવા છતાં પણ 'बहु' શબ્દનાં સામર્થ્યથી 'मातङ्ग'નું અનેકપણું જણાય છે. એ જ પ્રમાણે અહીં પણ 'मध्य' શબ્દનાં સામર્થ્યથી જ "કારક"નું દ્વિત્વપણું જણાઈ જશે જ. માટે તમારી આપત્તિનો કોઈ અવકાશ રહેશે નહીં.

પૂર્વપક્ષ :- 'आद्य' અને 'द्वितीय' શબ્દ કોઈકની અપેક્ષાવાળો હોવાથી "सापेक्षम् असमर्थम्" ન્યાયથી સમાસ થશે નહીં. કારણ કે 'आद्यद्वितीय' શબ્દ જેની અપેક્ષાએ આદિપણું છે અને દ્વિત્વપણું છે તેની અપેક્ષાવાળો હોવાથી आद्य અને द्वितीय શબ્દ કોઈકને સાપેક્ષ થશે. આમ થવાથી કોઈકની અપેક્ષાવાળા એવાં आद्यद्वितीय શબ્દનો સમાસ થઈ શકશે નહીં.

ઉત્તરપક્ષ :- 'आद्यद्वितीय' શબ્દ સાપેક્ષ હોવાથી સમાસનો અભાવ થશે એવું કહેવું જોઈએ નહીં. આ સંદર્ભમાં કેટલીક ચર્ચા જરૂરી હોવાથી અહીં લખીએ છીએ. "राजपुरुषः अभिरूपः" (વિદ્વાન એવો રાજપુરુષ) અહીં पुरुष પદ अभिरूपને સાપેક્ષ હોવાથી 'राजन्' પદ સાથે સમાસ

થવો જોઈએ નહીં. છતાં પણ 'पुरुष' પદ પ્રધાન છે. જ્યારે 'राजन्' પદ અપ્રધાન છે. આથી પ્રધાન જો કોઈકને સાપેક્ષ હોય તો પણ સમાસ થાય છે એવો ન્યાય છે. માટે જ 'अभिरूप'ને સાપેક્ષ એવું 'पुरुष' પદ હોતે છતે પણ આ 'पुरुष' પદનો 'राजन्' પદ સાથે સમાસ થયો છે. આ સમાધાન સામે શંકાકાર નવી શંકા ઊભી કરે છે, જે આ પ્રમાણે છે. જો પ્રધાન સાપેક્ષ હોવા છતાં પણ સમાસ થાય છે એવું આપ કહેશો તો જ્યાં જ્યાં અપ્રધાન સાપેક્ષ હશે ત્યાં ત્યાં અપ્રધાનનો કોઈ સાથે સમાસ થવો જોઈએ નહીં. દા.ત. 'देवदत्तस्य गुरुकुलम्' અહીં 'गुरुकुल' સ્વરૂપ સામાસિક શબ્દમાં 'कुल' પદ પ્રધાન છે અને 'गुरु' પદ અપ્રધાન છે. આ પ્રમાણે અપ્રધાન એવાં સાપેક્ષ 'गुरु' શબ્દનો (દેવદત્તને સાપેક્ષ) 'कुल' શબ્દ સાથે સમાસ થવો જોઈએ નહીં. આનાં અનુસંધાનમાં મહાભાષ્યકાર જણાવે છે કે, 'देवदत्त'નો સંબંધ 'गुरुकुल'નાં સમુદિત અર્થની સાથે છે. જો 'देवदत्त'નો સંબંધ 'गुरु'ની સાથે જ હોત તો 'गुरु' પદ 'देवदत्त'ને સાપેક્ષ થવાથી 'गुरु' પદનો 'कुल' પદ સાથે સમાસ થાત નહીં. અહીં તો 'देवदत्त'નો 'गुरुकुल' સ્વરૂપ સમુદાય અર્થની સાથે સંબંધ હોવાથી હવે સમાસ થવામાં કોઈ આપત્તિ નથી.

પૂર્વપક્ષ :- જ્યાં સમુદાય અર્થની અપેક્ષાએ ષષ્ઠી નહીં હોય પરંતુ સમુદાયનાં અવયવ અર્થની અપેક્ષાએ ષષ્ઠી હશે ત્યાં તો સમુદાયનાં અવયવ સાપેક્ષ થવાથી 'सापेक्षम् असमर्थम्' ન્યાયથી સમાસ થવો જોઈએ નહીં. દા.ત. 'देवदत्तस्य गुरुपुत्रः' અહીં પુત્ર દેવદત્તનો નથી, પરંતુ 'ગુરુ'નો છે. આથી દેવદત્ત સાથે સમુદાય સ્વરૂપ 'ગુરુપુત્ર'નો અર્થ સંબંધિત થતો નથી, પરંતુ સમુદાયના એક અવયવ 'ગુરુ'પદ સાથે 'દેવદત્ત'નો સંબંધ થાય છે. આથી 'ગુરુ' પદ અસમર્થ થવાથી 'ગુરુપુત્ર' સમાસ થવો જોઈએ નહીં. એને બદલે 'देवदत्तस्य गुरोः पुत्रः' એ પ્રમાણે જ વાક્ય રહેવું જોઈએ. છતાં 'देवदत्तस्य गुरुपुत्रः' સમાસ તો જણાય જ છે.

ઉત્તરપક્ષ :- "सापेक्षम् असमर्थम्" ન્યાય બધે જ લાગુ પડતો નથી એવું મહાભાષ્યકાર માને છે. તેમના મતે કેટલાક સૂત્રોમાં સમર્થ શબ્દનું ગ્રહણ કર્યું હોવા છતાં પણ સાપેક્ષનું કાર્ય થાય છે. દા.ત. "इसुसोः सामर्थ्ये" (પા. ૮/૩/૪૪) સૂત્રમાં 'सामर्थ्ये' લખ્યું હોવા છતાં પણ "ब्राह्मणस्य सर्पिष्करोति" વગેરે પ્રયોગોનાં 'ब्राह्मण'ને સાપેક્ષ એવો 'सर्पिष्' શબ્દ હોવા છતાં પણ 'स्'નો 'ष्' થાય છે. એ સૂત્રની ટીકામાં જ એમણે લખ્યું છે કે અહીં સામર્થ્ય ન હોય તો પણ કાર્ય થઈ શકે છે.

"આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રાચાર્ય" આ બાબતમાં કહે છે કે જે જે શબ્દો નિત્ય સાપેક્ષ હોય ત્યાં ત્યાં અસામર્થ્યપણું હોય તો પણ સમાસ થઈ શકે છે. વાક્યપદીયમાં કહ્યું છે કે બધા જ સંબંધી શબ્દો અપેક્ષા સહિત જ વર્તે છે. સ્વાર્થ જેવી તે વ્યપેક્ષા (અન્યોન્યાશ્રય) એની વૃત્તિમાં પણ હાનિ પામતી નથી.

જેટલા જેટલા સંબંધી શબ્દો છે તે તે હંમેશાં અપેક્ષા સહિત જ વર્તે છે. ગુરુ શબ્દ કોઈકની સાથે સંબંધવાળો જ હોય છે. જો શિષ્ય વિદ્યમાન ન હોય તો ગુરુ શબ્દ સંભવિત થઈ શકતો નથી. તે જ પ્રમાણે દાસ શબ્દ પણ સંબંધી શબ્દ છે. સ્વામી વિના દાસ શબ્દ પણ સંભવિત થતો નથી. આ શબ્દો જ એવા છે કે જેનો અર્થ અપેક્ષા વગર સંભવિત જ નથી. તે જ પ્રમાણે આ સૂત્રમાં પણ आद्यद्वितीय શબ્દો અપેક્ષા સહિત જ પ્રવર્તે છે. કોઈની પણ અપેક્ષા વગર आद्य કે द्वितीय શબ્દનો અર્થ જણાઈ શકતો નથી. માટે "सापेक्षम् असमर्थम्" ન્યાય આવા સ્થાનોમાં પ્રવર્તતો નથી જ. જેમ કે મહાભારતમાં કૌરવો અને પાંડવો વચ્ચે યુદ્ધ થયું ત્યારે પાંડવો જીત્યા. આ પાંડવોની જીત કૃષ્ણને સાપેક્ષ હતી તો પણ કહેવાયું કે, કૌરવો કરતાં પાંડવો બળવાન હતા. એ જ પ્રમાણે સંબંધી શબ્દોનાં અર્થો અપેક્ષાવાળા હોવા છતાં પણ સમર્થ કહેવાય છે.

(श०न्या०) प्रत्यासत्तेश्च वर्गैरेव सा पूर्यते, अत आह–**वर्गाणामाद्यद्वितीया वर्णा** इति। ननु लाघवार्थं समाहार एव युक्तः यतः *मात्रालाघवमप्युत्सवाय मन्यन्ते वैयाकरणाः* इति। उच्यते–अर्थगौरवाय बहुवचननिर्देशः, अत आह–**बहुवचनमि**ति, अन्यथा कवर्गस्यैव प्रथम-द्वितीयाविति सन्दिह्येत ।

અનુવાદ :- અહીં आद्य અને द्वितीय બંને શબ્દો સાપેક્ષ છે. આથી જિજ્ઞાસા થાય છે કે આ બંને શબ્દો કોની અપેક્ષાએ છે ? એનાં અનુસંધાનમાં "આચાર્ય ભગવંત" જણાવે છે કે સમીપપણાંથી આ અપેક્ષા વર્ગોવડે જ પૂર્ણ કરાય છે. કારણ કે આ સૂત્રની આગળ જ 'पञ्चको वर्गः' સૂત્ર આવે છે. આથી પહેલો અને બીજો કોનો લેવો એ જિજ્ઞાસાનાં અનુસંધાનમાં ઉપસ્થિતકૃત લાઘવથી વર્ગોનો પહેલો અને બીજો વર્ણ લઈ શકાશે. માટે જ "આચાર્ય ભગવંતે" બૃહદ્વૃત્તિટીકામાં वर्गाणां आद्य-द्वितीया वर्णाः શબ્દો લખ્યાં છે.

પૂર્વપક્ષ :- વૈયાકરણીઓ માને છે કે સૂત્રમાં જેટલું લાઘવ થાય તે લાઘવ ઉત્સવને માટે થાય છે. આથી લાઘવને માટે સૂત્રમાં સમાહાર જ યોગ્ય હતો છતાં પણ બહુવચનવાળો દ્વન્દ્વ સમાસ કરી માત્રાનું ગૌરવ શા માટે કરાયું છે ?

ઉત્તરપક્ષ :- અર્થનું ગૌરવ કરવા માટે બહુવચનવડે નિર્દેશ કરાયો છે. आद्य અને द्वितीय દરેક વર્ગનાં લેવાં છે એવો અર્થ જણાવવા માટે જ બહુવચન કર્યું છે. જો બહુવચન ન કર્યું હોત તો પ્રશ્ન થાત કે कवर्गનો જ प्रथम અને द्वितीय લેવો અથવા તો च વગેરે વર્ગનો પ્રથમ અને દ્વિતીય લેવો ? આ શંકાનાં નિરાકરણ માટે તથા બધાજ વર્ગનાં પહેલા અને બીજા વ્યંજનો લેવા માટે "આચાર્ય ભગવંતે" બહુવચન કર્યું છે.

(श०न्या०) ननु वर्गमात्रप्रस्तुतत्वात् प्रथमादिविशेषस्यानुपादानात् "शिट्याद्यस्य द्वितीयो

वा" [१.३.५९.] इतिवज्जातेः परिग्रहात् सर्ववर्गाणामाद्य-द्वितीयसिद्धेस्तदर्थबहुवचनस्य वैयर्थ्यमेव । नैवम्-"व्यक्तिरपि पदार्थोऽस्ति" इति ज्ञापनार्थम्, तस्यां च ककार-खकारयो-श्चकार-छकारयोर्वा परिग्रहः स्यादिति, बहुवचनाच्च सर्वासामाद्य-द्वितीयव्यक्तीनां स्वीकार इति, एवं सर्वत्र वचनफलमुन्नेयम् ॥१३॥

અનુવાદ :- પૂર્વપક્ષ :- જો આદ્ય અને દ્વિતીય શબ્દથી બધા જ વર્ગોનાં પહેલા અને બીજાનો બોધ થઈ જતો હોય તો એને માટે બહુવચન સ્વરૂપ ગૌરવ કરવાની કોઈ આવશ્યકતા નથી. એનાં અનુસંધાનમાં અમે જુદા જુદા હેતુઓ આપીએ છીએ. એક તો સમીપપણાંથી વર્ગમાત્રનો જ પ્રસંગ હોવાથી પહેલો અને બીજા વર્ગનો જ આવશે. હવે પહેલો અને બીજો જો વર્ગનો જ આવશે તો શંકા થાય છે કે વર્ગ વિશેષનો પહેલો, બીજો લેવો કે વર્ગ સામાન્યનો પહેલો, બીજો લેવો ? આ શંકાનાં અનુસંધાનમાં અમે જણાવીએ છીએ કે પહેલા અને બીજાનો વિશેષતાથી ખુલાસો ન કર્યો હોવાથી સામાન્યથી દરેક વર્ગનાં પહેલા અને બીજા લઈ શકાશે. આમ, દરેક વર્ગનાં પહેલા અને બીજાની પ્રાપ્તિ જો એમને એમ જ થઈ જતી હોય તો એને માટે બહુવચન કરવાની કોઈ આવશ્યકતા નથી.

પ્રતિપૂર્વપક્ષ :- આદ્યદ્વિતીય તરીકે ભલે વિશેષનું અગ્રહણ છે છતાં પણ "साहचर्यात् सदृश्यस्य एव" ન્યાયથી श्, ष्, स् એ વર્ણો છે. માટે આદ્ય, દ્વિતીય તરીકે ककार, खकार અથવા તો चकार, छकारનું જ ગ્રહણ થઈ શકશે. માટે બહુવચન કરવા દ્વારા બધા વર્ગોનાં પહેલા અને બીજા ગ્રહણ થઈ શકશે.

પૂર્વપક્ષ :- "शिट्याद्यस्य..." (૧/૩/૫૯) સૂત્રમાં આદ્ય, દ્વિતીયથી જેમ દરેક વર્ગનાં પહેલા અને બીજા વર્ણનું ગ્રહણ થઈ જાય છે તેમ અહીં પણ ગ્રહણ થઈ જ જાત. તેથી આ સૂત્રમાં બહુવચન વ્યર્થ જ છે.

ઉત્તરપક્ષ :- જેમ જાતિઅર્થ શબ્દનો થઈ શકે છે એમ વ્યક્તિઅર્થ પણ શબ્દનો થઈ શકે છે. એવું જણાવવા માટે જ "આચાર્ય ભગવંતે" બહુવચન કરવા દ્વારા જાતિઅર્થને ગ્રહણ કર્યો છે. જ્યારે ૧-૩-૫૯ સૂત્રમાં શબ્દનો જાતિઅર્થ ગ્રહણ કરીને "આચાર્ય ભગવંતે" બહુવચનનો સહારો લીધો નથી. આ પ્રમાણે "આચાર્ય ભગવંત" સ્યાદ્વાદનાં અત્યંત સમર્થક હોવાથી વસ્તુસ્થિતિ પ્રમાણે બંને અર્થોનો સ્વીકાર તે તે સૂત્રોમાં કર્યો છે.

અહીં વ્યક્તિપરક આદ્ય અને દ્વિતીયનો અર્થ લેવામાં આવે તો ક્યાંક તો ककार અને खकारનું જ ગ્રહણ થશે અથવા તો श्, ष्, स्નાં સાહચર્યથી (તાલવ્ય श्નાં આસન્નપણાંથી) चकार અને छकारનું જ ગ્રહણ થશે. પરંતુ હવે બહુવચન કરવાથી બધા જ વર્ગોનાં પહેલા અને બીજા વર્ણોનો

સ્વીકાર થઈ શકશે. આ પ્રમાણે સર્વ ઠેકાણે સૂત્રમાં કહેલા બહુવચનનું સંગત એવું તાત્પર્ય વિચારી લેવું.

-: ન્યાસસારસમુદ્ધાર :-

आद्येत्यादि-अघोषा इति- अविद्यमानो घोषो येषाम्, यथा-अनुदरा कन्येति, बहुव्रीहिणा गतत्वान्न मतुः । ननु लाघवार्थं समाहार एव युक्तः, यतः *मात्रालाघवमप्युत्सवाय मन्यन्ते वैयाकरणाः* इत्याह-**बहुवचनमि**ति, अन्यथा श-ष-ससाहचर्यात् क-खयोः केवलयोरेव ग्रहः स्यात् । अव्यभिचारिणा व्यभिचारी यत्र नियम्यते तत् साहचर्यम् ॥१३॥

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

અવિદ્યમાન છે ઘોષ (પ્રયત્ન) જે વર્ણોનો તે વર્ણો અઘોષ કહેવાય છે. અહીં નિષેધ અલ્પ અર્થમાં છે. જે પ્રમાણે 'अनुदरा कन्या' એવા બહુવ્રીહિ સમાસમાં નિષેધ અલ્પ અર્થમાં છે. એ જ પ્રમાણે અહીં પણ નિષેધ અલ્પ અર્થમાં કરવા દ્વારા બહુવ્રીહિ સમાસ કર્યો છે. બહુવ્રીહિ સમાસ દ્વારા જ मतु અર્થ પ્રાપ્ત થઈ જતો હોવાથી અહીં 'अघोषा' સ્વરૂપ બહુવ્રીહિ સમાસમાં मतु પ્રત્યય કર્યો નથી.

પૂર્વપક્ષ :- લાઘવ પ્રયોજનથી અહીં સમાહારદ્વન્દ્વ સમાસ જ યોગ્ય હતો. કારણ કે માત્રા લાઘવને પણ વૈયાકરણીઓ ઉત્સવનાં પ્રયોજનવાળું માને છે.

ઉત્તરપક્ષ :- આનાં અનુસંધાનમાં "આચાર્ય ભગવંત" જણાવે છે કે, અમે જે ગૌરવ કર્યું છે એમાં અર્થગૌરવ કારણ છે. आद्यद्वितीय તરીકે બધા જ વર્ગોનાં आद्य અને द्वितीय વર્ણો લેવાં છે. જો બહુવચન ન કર્યું હોત અને સમાહારદ્વન્દ્વ સમાસ જ રાખ્યો હોત તો श्, ष्, स् નાં સાહચર્યથી (ત્રણેય વર્ણો વ્યક્તિપરક હોવાથી) માત્ર क् અને खનું જ ગ્રહણ થાત. હવે "આચાર્ય ભગવંત" સાહચર્યની વ્યાખ્યા બતાવે છે. જેમાં અવ્યભિચારીવડે વ્યભિચારીનું નિયમન કરાય તે સાહચર્ય કહેવાય. દા.ત. "आद्य द्वितीय श् ष् साः अघोषाः" આ સૂત્રમાં સંજ્ઞી તરીકે "आद्यद्वितीय श् ष् साः" છે અને "अघोषाः" એ સંજ્ઞા છે. અહીં "श्, ष्, स् વર્ણોમાં કોઈ જ શંકા નથી. પરંતુ आद्यद्वितीय તરીકે સંદિગ્ધતા છે. શું आद्यद्वितीय તરીકે क्, ख् લેવા અથવા દરેક વર્ગોનાં પહેલા, બીજા વર્ણો લેવા ? આથી श्, ष्, स् એ અવ્યભિચારી છે. તથા आद्यद्वितीय એ વ્યભિચારી છે. આ आद्य અને द्वितीय વ્યભિચારી હોવાથી ક્યાંતો क्, ख्ની પ્રાપ્તિ થતી હતી અથવા તો क्, ख्, च्, छ् વગેરે પહેલા અને બીજા દસ, વ્યંજનોની પ્રાપ્તિ થતી હતી. હવે અવ્યભિચારી એવાં श्, ष्, स् વડે વ્યભિચારી એવાં आद्यद्वितीयનું નિયમન કરાયું. આ પ્રમાણે નિયમન કરાવાથી आद्यद्वितीय તરીકે क् અને ख्નું ગ્રહણ થઈ શકશે. પરંતુ બાકીનાં આઠ પહેલા, બીજા વ્યંજનોનું

ગ્રહણ થઈ શકશે નહીં. આથી સાહચર્ય ન્યાયથી માત્ર પહેલા અને બીજા વર્ણનું જ ગ્રહણ થવાનું હતું તેને બદલે દરેક વર્ગનાં પહેલા, બીજા વર્ણોને ગ્રહણ કરવા માટે બહુવચન કર્યું છે.

॥ त्रयोदशमम् सूत्रम् समाप्तम् ॥

❋ ❋ ❋

सूत्रम् - अन्यो घोषवान् । १ । १ । १४ ॥

-: तत्त्वप्रકાશિકા :-

अघोषेभ्योऽन्यः कादिर्वर्णो घोषवत्संज्ञो भवति । ग घ ङ, ज झ ञ, ड ढ ण, द ध न, ब भ म, य र ल व ह । घोषवत्प्रदेशाः-"घोषवति" [१.३.२१.] इत्यादयः ॥१४॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

અઘોષથી અન્ય क વગેરે વર્ણો घोषवत् સંજ્ઞાવાળા થાય છે. ग, घ, ङ, ज, झ, ञ, ड, ढ, ण, द, ध, न, ब, भ, म, य, र, ल, व, ह આ ૨૦ વ્યંજનો ઘોષવત્ સંજ્ઞાવાળા થાય છે. ઘોષવત્ સંજ્ઞાનાં પ્રયોજનસ્થળો 'घोषवति' (૧/૩/૨૧) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

अन्य इत्यादि-अत्र तु जातिः । अघोषापेक्षया चात्रान्यत्वम्, तेन येषामतिशयशाली घोषस्ते-ऽन्यत्व-जात्यासमध्यासिता घोषवन्तः । घोषणं घुषेर्घञि घोषः, न विद्यते घोषो ध्वनिर्येषामिति तेऽघोषाः । अन्वर्थता च "तुल्यस्थानास्य०" [१.१.१७.] इत्यत्रोपदेशे दर्शयिष्यते ॥१४॥

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

અહીં 'अन्य' શબ્દ એ સંજ્ઞી સ્વરૂપ છે અને 'घोषवत्' એ સંજ્ઞા છે. (ખરેખર તો ઘોષવત્ એ સંજ્ઞા છે, પરંતુ વિભક્તિ વગર શબ્દોનાં પ્રયોગો થઈ શકે નહીં. તેથી સૂત્રમાં 'घोषवान्' એ પ્રમાણે શબ્દપ્રયોગ કર્યો છે.) 'अन्य' એ સંજ્ઞી છે તો 'अन्य' તરીકે એક વ્યંજન સમજવો કે ઘણા બધા વ્યંજન સમજવા ? આમ તો એકવચનનો પ્રયોગ હોવાથી એક જ વ્યંજન સમજાય છે. પરંતુ ઘોષવાન્ સંજ્ઞાવાળા ૨૦ વ્યંજનોનો બોધ કરવો છે. આથી 'अन्य' એકવચનમાં હોવા

છતાં પણ ઘણા બધા વ્યંજનોનો બોધ કરવો છે. તે બોધ ત્યારે જ થઈ શકે જો 'अन्य' શબ્દને જાતિવાચક માનવામાં આવે. માટે જ "આચાર્ય ભગવંતે" ન્યાસની ટીકામાં લખ્યું છે કે "अत्र तु जातिः".

હવે શંકા થઈ કે 'अन्यत्व' કોની અપેક્ષાએ લેવું ? "उपस्थितकृत् लाघव"થી 'अन्य' શબ્દની પૂર્વમાં ૧-૧-૧૩ સૂત્રમાં રહેલ 'अघोषाः' શબ્દ હતો. આથી "આચાર્ય ભગવંતે" લખ્યું છે કે 'अघोष'ની અપેક્ષાથી અન્યપણાંનો બોધ કરવો.

હવે ઘોષવાન્ સંબંધમાં કહે છે. 'अघोषમાં ધ્વનિની અલ્પતા હતી. તેથી જેઓમાં અધિકતા સહિત ધ્વનિ છે. તેઓ 'घोषवान्' કહેવાય છે. જે અન્યત્વ જાતિથી આરોપિત કરાયેલા છે તે ઘોષવત્ છે. 'घुष्' ધાતુને ભાવમાં 'घञ्' પ્રત્યય લાગતા 'घोष' શબ્દ થાય છે. જેનો અર્થ "ग, घ વગેરે વ્યંજનોનાં ઉચ્ચારણમાં થતો ધ્વનિ એ પ્રમાણે થાય છે. આ પ્રમાણે સૂત્રનાં બધા શબ્દોનાં અર્થ જણાવ્યા પછી બૃહદ્‌વૃત્તિટીકાનાં શબ્દોને "આચાર્ય ભગવંત" જણાવે છે. એમાં સૌ પ્રથમ "अघोषेभ्यः" શબ્દ છે. જેઓમાં ધ્વનિ વિદ્યમાન નથી. અહીં નિષેધ અલ્પ અર્થમાં હોવાથી જેઓમાં અલ્પ ધ્વનિ છે તેઓ અઘોષ કહેવાય છે અને આવા અઘોષોથી અન્યપણું અહીં સમજવાનું છે.

શબ્દની વ્યુત્પત્તિ દ્વારા જ જેનો અર્થ જણાઈ જતો હોય તેને અન્વર્થનામ કહેવાય છે. અહીં જે ઘોષસંજ્ઞા કરી છે એ પણ અન્વર્થવાળી છે, જેનું અન્વર્થપણું "तुल्यस्थानास्य"... (૧/૧/૧૭) સૂત્રમાં બતાવાશે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

अन्य इत्यादि-(**घोषवानिति**) घोषो ध्वनिर्विद्यते यस्य स तथा । अन्वर्थता च "तुल्यस्थानास्य०" [१.१.१७.] इत्यत्र दर्शयिष्यते । घोषवानिति जातिनिर्देशः, अघोषाऽपेक्षया चान्यत्वम्, तेन येषामतिशायी घोषस्तेऽन्यत्वजात्यध्यासिता घोषवन्त इत्यर्थः ॥१४॥

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

ઘોષ એટલે ધ્વનિ. જેમાં ધ્વનિ વિદ્યમાન છે. અહીં સંબંધ અર્થમાં मतु પ્રત્યય લાગવાથી 'घोषवान्' શબ્દ થાય છે. આ શબ્દનું અન્વર્થપણું "तुल्यस्थानास्य..." (૧/૧/૧૭) સૂત્રમાં બતાવશે. અહીં લઘુન્યાસકારે 'घोषवान्' એ પ્રમાણે જાતિનિર્દેશ કર્યો છે. તે અન્ય સ્વરૂપ સંજ્ઞીની અપેક્ષાએ સમજવો કારણ કે સંજ્ઞા જેની પાડવાની છે એ વ્યંજનો અનેક લેવાનાં છે. આથી અન્યત્વ જાતિવાળા તમામ વ્યંજનોનો ઘોષવાન્‌માં સમાવેશ થઈ શકશે. "આચાર્ય ભગવંતે" ૧-૧-૮ સૂત્રનાં ન્યાસમાં સંજ્ઞીને જાતિઘટિત બતાવ્યા છે. જે આ પ્રમાણે છે : "ए, ऐ, ओ, औ इति अत्र

जातिनिर्देशस्य विवक्षितत्वात्" આ પંક્તિનાં આધારે જ અહીં પણ અમે એવો અર્થ કર્યો છે. અહીં 'अघोष'ની અપેક્ષાથી અન્યપણું સમજવું. તેથી જેઓમાં અધિકતા સહિત ધ્વનિ છે તેઓ 'घोषवान्' કહેવાય છે. તેઓ અન્યત્વ જાતિથી આરોપિત કરાયેલા છે.

॥ चतुर्दशमम् सूत्रम् समाप्तम् ॥

❋ ❋ ❋

सूत्रम् - यरलवा अन्तस्थाः । १ । १ । १५ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

य र ल व इत्येते वर्णा अन्तस्थासंज्ञा भवन्ति । बहुवचनं सानुनासिकादिभेदपरिग्रहार्थम् । अन्तस्थाप्रदेशाः-"अञ्वर्गस्यान्तस्थातः" [१.३.३३.] इत्यादयः ॥१५॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

य, र, ल, व આ વર્ણો અન્તસ્થા સંજ્ઞાવાળા થાય છે. સૂત્રમાં જે બહુવચન કર્યું છે તે સાનુનાસિક અને નિરનુનાસિક ('आदि' શબ્દથી નિરનુનાસિકનું અમે ગ્રહણ કર્યું છે.) ભેદને ગ્રહણ કરવા માટે છે. અન્તસ્થા સંજ્ઞાનાં પ્રયોજન સ્થાનો "अञ्वर्गस्य..." (૧/૩/૩૩) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

यरलवेत्यादि-स्वस्य स्वस्य स्थानस्यान्ते तिष्ठन्तीति "स्थापास्नात्रः कः" [५.१.१४२.] इति के "इडेत्पुसि०" [४.३.९४.] इत्याकारलोपे **अन्तस्थाः** ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

પોતપોતાનાં સ્થાનને અંતે જેઓ રહે છે એ અર્થમાં 'अन्त' ઉપપદપૂર્વક 'स्था' ધાતુને "स्थापास्नात्रः कः" (૫/૧/૧૪૨) સૂત્રથી 'क' પ્રત્યય થાય છે.

હવે 'अन्त + स्था + क' આ અવસ્થામાં "इडेत्पुसि..." (૪/૩/૯૪) સૂત્રથી 'स्था' ધાતુનાં આકારનો લોપ થાય છે અને તેમ થતાં 'अन्तस्थ' શબ્દ બને છે. પરંતુ આ શબ્દને અહીં સ્ત્રીલિંગ સમજવાનો છે. આથી 'अन्तस्था' (आप् પ્રત્યય લગાડવા દ્વારા) શબ્દ નિષ્પન્ન થાય છે. 'य'નું સ્થાન તાલવ્ય છે. 'र'નું સ્થાન મૂર્ધન્ય છે. 'ल'નું સ્થાન દન્ત્ય છે. તથા 'व'નું સ્થાન ઔષ્ઠ્ય

છે. આથી य, र, ल, व વર્ણોનાં પોતાનાં જે સ્થાનો છે અર્થાત્ તાલવ્ય, મૂર્ધન્ય, દન્ત્ય અને ઓષ્ઠ્ય સ્થાનનાં અંતે જે વર્ણોની ઉત્પત્તિ થાય છે (य, र, ल, व) તેને 'અન્તસ્થા' કહેવાય છે. પાણિનીએ य, र, ल, व એ ચાર વર્ણોને ૧૪ માહેશ્વર સૂત્રોમાં સ્વર અને વ્યંજનોની વચ્ચે મૂકીને "अन्तःस्थ" એ પ્રમાણે નામ પાડ્યું છે.

(श०न्या०) *लिङ्गमशिष्यं लोकाश्रयत्वाद्* इति वर्णविशेषणमप्यन्तस्थास्त्रियां वर्त्तते । यथा–कलत्रं स्त्रियामपि नपुंसकम् । सानु(नासिक-निरनु)नासिकभेदेन च रेफरहितास्ते द्वैविध्यं भजन्ते, तद्भेदपरिग्रहाय बहुवचननिर्देशः, अत आह–**बहुवचनमि**ति ॥१५॥

અનુવાદ :- 'अन्ते तिष्ठन्ति' એ પ્રમાણે 'अन्तस्था' શબ્દ ઉપપદ તત્પુરુષ સમાસ થયો છે જે 'वर्ण' શબ્દનું વિશેષણ બનશે. 'वर्ण' શબ્દ પુલિંગમાં છે. આથી अन्तस्था શબ્દ પણ પુલિંગમાં હોવો જોઈએ છતાં પણ અહીં સ્ત્રીલિંગમાં બતાવ્યો છે. આથી અહીં આ પ્રમાણેની સંદિગ્ધતાનું નિરાકરણ કરવા માટે ન્યાયનો સહારો લેવામાં આવ્યો છે. બધા જ લિંગો લોકને આશ્રિત હોય છે. લોકવ્યવહારમાં જે પ્રમાણે લિંગો પ્રવર્તતા હતા એને શિષ્ટપુરુષોએ પણ પ્રમાણિક માન્યા છે. અહીં 'अन्तस्था' શબ્દ પણ લોકવ્યવહારમાં સ્ત્રીલિંગ તરીકે જ વપરાતો હતો માટે જ અહીં સ્ત્રીલિંગ તરીકે વ્યવહાર કરાયો છે. દા.ત. 'कलत्र' શબ્દનો સ્ત્રી અર્થ થાય છે. આથી 'कलत्र શબ્દ સ્ત્રીલિંગમાં જ પ્રયોગ કરાવો જોઈએ. તેમ છતાં પણ લોકો 'कलत्र' શબ્દને નપુંસક માનતા હોવાથી શાસ્ત્રમાં પણ 'कलत्र' શબ્દને નપુંસકલિંગવાળો કહ્યો છે. રેફ રહિત એવાં य, ल અને व સાનુનાસિક અને નિરનુનાસિક ભેદથી બે પ્રકારનાં છે. આથી તે બંને પ્રકારોને ગ્રહણ કરવા માટે સૂત્રમાં બહુવચનનો નિર્દેશ કર્યો છે. આથી જ બૃહદ્વૃત્તિટીકામાં લખ્યું છે કે બહુવચન સાનુનાસિક વગેરે પ્રકારોનું ગ્રહણ કરવા માટે છે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

यरलवेत्यादि-"लिङ्गमशिष्यं लोकाश्रयत्वाद्" इति वर्णविशेषणमपि **अन्तस्थाशब्दः** स्त्रीलिङ्गो बाहुलकात् शब्दशक्तिस्वाभाव्याद् बहुत्ववृत्तिश्च प्राय इति । **य र ल व इती**ति-अर्थवत्त्वाभावे नामत्वाभावान्न स्यादिः ॥१५॥

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

अन्तस्था શબ્દ વર્ણનાં વિશેષણ સ્વરૂપ થાય છે. 'वर्ण' શબ્દ પુલિંગમાં હોવાથી अन्तस्था શબ્દ પણ પુલિંગમાં હોવો જોઈએ. છતાં પણ अन्तस्था શબ્દ સ્ત્રીલિંગમાં રજૂ થયો છે: એનાં કારણ તરીકે ન્યાસકાર જણાવે છે કે બધા જ શબ્દોનાં લિંગ લોકનો આશ્રય કરતાં હોવાથી લોકો જે

પ્રમાણે લિંગનું ઉચ્ચારણ કરે છે એ પ્રમાણે શબ્દોનાં લિંગો થયા છે. આથી ઘણું કરીને 'अन्तस्था' શબ્દ શક્તિનાં સ્વભાવથી સ્ત્રીલિંગવાળો છે અને ઘણું કરીને બહુવચનમાં જ રહેલો છે.

બૃહદ્વૃત્તિટીકામાં "य र ल व" એ પ્રમાણે જે વર્ણો લખ્યા છે એમાં કઈ વિભક્તિઓનો આશ્રય કર્યો છે ? એ શંકાનાં ઉત્તરમાં જણાવે છે કે "य र ल व"માં અર્થવાન્‌પણું નથી તથા અર્થવાન્‌પણાંનો અભાવ છે. માટે (૧/૧/૨૭) સૂત્રથી નામસંજ્ઞા પણ થતી નથી. તેથી નામસંજ્ઞાનાં અભાવમાં સ્યાદિ વિભક્તિ કરી નથી. "આચાર્ય ભગવંત" આ બાબતમાં અસત્ત્વ અર્થમાં અવ્યય માનીને વિભક્તિનો અભાવ બતાવે છે.

॥ पञ्चदशमम् सूत्रम् समाप्तम् ॥

❄ ❄ ❄

सूत्रम् - अं अः ≍क)(पशषसाः शिट् । १ । १ । १६ ॥

-: तत्त्वप्रકાशिका :-

अनुस्वारो विसर्गो वज्राकृतिर्गजकुम्भाकृतिश्च वर्णः श-ष-साश्च शिट्संज्ञा भवन्ति । अकार-ककार-पकारा उच्चारणार्थाः । बहुवचनं वर्णेष्वपठितयोरपि-क-पयोर्वर्णत्वार्थम् । शिट्प्रदेशाः-"शिटः प्रथमद्वितीयस्य" [१.३.३५.] इत्यादयः ॥१६॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

અનુસ્વાર, વિસર્ગ, વજ્ર આકૃતિ અને ગજનાં બે કુંભની આકૃતિવાળા વર્ણ તથા श, ष, स વર્ણો શિટ્સંજ્ઞાવાળા થાય છે. અહીં अकार, पकार, ककार ઉચ્ચારણ પ્રયોજનવાળા છે. વર્ણનાં પાઠક્રમમાં નહીં કહેવાયેલા એવા "क" તથા "प"નું પણ વર્ણપણું થાય છે એવું જણાવવા માટે બહુવચન કર્યું છે. શિટ્સંજ્ઞાનાં ઉદાહરણ સ્થળો "शिटः प्रथमद्वितीयस्य" (૧/૩/૩૫) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

अं अ इत्यादि-≍क-)(पयोर्देश-काल-लिपि-भेदेऽपि रूपाभेदाद् दृष्टान्तमाह-**वज्राकृतिरि**ति । वज्रस्येवाऽऽकृतिराकारो यस्य स तथा, गजकुम्भयोरिवाऽऽकृतिर्यस्य सोऽपि

तथा । ककार-पकारौ चानयोः परदेशस्थावुच्चार्येते, सर्वत्र परसम्बद्धावेवैतौ भवतः, न स्वतन्त्रौ, नापि पूर्व-सम्बद्धौ, अन्यवर्णवद् बिन्दुवच्चेति ज्ञापनार्थम् । रेफादेशत्वात् कख-पफसन्निधावेव तयोः प्रयोगादल्पविषयत्वम्, अत एव सत्यपि संज्ञिसामानाधिकरण्येऽल्पीयस्त्वज्ञापनाय **'शिट्'** इत्येक-वचनेन निर्देशः कृतः । कथमनयोर्वर्णत्वं वर्णसमाम्नाये पाठाभावात् ? उच्यते-रेफस्य वर्णत्वात् तयोश्च तदादेशत्वाद् वर्ण(त्व)सिद्धिः । न च वर्णाऽऽदेशत्वेन लोपस्यापि वर्णत्व-माशङ्कनीयम्, तस्याभाव-रूपत्वाद्, न चाभावो भावस्याश्रयो भवितु-मर्हति अतिप्रसङ्गाद् अयमे-वार्थो बहुवचनेन सूच्यते, अनुवादकत्वात् तस्य साधकत्वाभावाद्, इत्यत आह-**बहुवचनमि**ति।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

દેશ, કાળ અને લિપિનાં ભેદથી વર્ણનાં સ્વરૂપમાં (આકૃતિ) ફેરફારો થાય છે. દા.ત. મારવાડી લોકો 'થારો' તથા ગુજરાતી લોકો 'તારો' બોલે છે. અહીં 'થા' અને 'તા' સ્વરૂપ આકૃતિમાં ભિન્નતા થઈ છતાં થારો અને તારોનો અર્થ તો એક જ થાય છે. આમ, દેશથી વર્ણનાં સ્વરૂપમાં ભિન્નતા આવી એ જ પ્રમાણે કાળથી પણ વર્ણનું સ્વરૂપ ભિન્ન થાય છે. દા.ત. જુદા જુદા સમયના अ સ્વરૂપ સ્વર નીચે પ્રમાણે હતા. અત્યારે अ સ્વરનું જે સ્વરૂપ છે તે પહેલાનાં સમયમાં ᛗ્ સ્વરૂપે હતો. હમણાં જે 'ख' છે તે પહેલા 'ष' સ્વરૂપે હતો.

તે જ પ્રમાણે લિપિથી પણ વર્ણની આકૃતિમાં ભિન્નતા આવે છે. દા.ત. ગુજરાતીમાં અ, સંસ્કૃતમાં अ, અંગ્રેજીમાં A આ પ્રમાણે લિપિનાં ભેદથી વર્ણનાં સ્વરૂપમાં ભિન્નતા થઈ. આમ દેશ, કાળ અને લિપિથી વર્ણમાં ભેદ હોતે છતે પણ ✕क અને)(प વર્ણ બધી જ પરિસ્થિતિમાં એકસમાન હોવાથી અર્થાત્ સ્વરૂપથી આ બંને વર્ણો અભેદ હોવાથી જ દૃષ્ટાન્ત દ્વારા વર્ણનું સ્વરૂપ ગ્રન્થકાર જણાવે છે. એક સમય એવો પણ હતો જ્યારે જુદી જુદી વસ્તુનાં આકારો સ્વરૂપ જ વર્ણોનું અસ્તિત્વ હતું પણ એવાં વર્ણો લાંબા સમય સુધી ટક્યા નહીં. કારણ કે વસ્તુઓનાં આકારો પણ પરિવર્તનશીલ હતા. ભૂતકાળમાં આવી લિપિ અસ્તિત્વ ધરાવતી હતી. તેનો નમૂનો આ બે વર્ણોમાં જોવા મળે છે. વજ્ર જેવો આકાર જેનો છે તે 'वज्राकृतिः वर्णः' થશે તથા ગજ (હાથી)નાં બે કુંભ (ગંડસ્થળ) જેવો આકાર જેનો છે તે 'गजकुंभाकृतिः वर्णः' કહેવાશે. આ પ્રમાણે અનુસ્વાર, વિસર્ગ તથા 'वज्राकृति' અને 'गजकुंभाकृति'વાળા વર્ણો તથા 'श, ष, स' શિટ્ સંજ્ઞાવાળા થાય છે.

ઉચ્ચારણ સ્વરૂપે રહેલા 'ककार' અને 'पकार वज्राकृति' અને 'गजकुंभाकृति'વાળા વર્ણ પછી રહેલા છે અને પછી રહેલા 'ककार' અને 'पकार'વડે આ બે વર્ણોનું ઉચ્ચારણ કરાય છે. આ બે વર્ણનાં પ્રયોગવાળા સ્થાનોમાં પરના સંબંધવાળા જ આ બે વર્ણો થાય છે. આ બંને વર્ણોનું ઉચ્ચારણ સ્વતંત્ર પણ થતું નથી તેમ જ પૂર્વ વર્ણ સંબંધિત પણ થતું નથી. કોઈપણ વર્ણ ઉપર

અનુસ્વાર રહ્યો હોય અથવા તો બાજુમાં વિસર્ગ રહ્યો હોય તો અનુસ્વાર અને વિસર્ગ પૂર્વવર્ણ સંબંધિત જ થાય છે. દા. ત. "त्वं लोकः" અહીં અનુસ્વાર 'व' વર્ણ સંબંધિત જ ઉચ્ચારવાળો થાય છે, પરંતુ 'ल' વર્ણ સંબંધિત ઉચ્ચારણવાળો થતો નથી. તથા 'कः पचति' પ્રયોગમાં વિસર્ગ 'क' સંબંધિત ઉચ્ચારણવાળો જ થાય છે, પરંતુ 'प' વર્ણ સંબંધિત ઉચ્ચારણવાળો થતો નથી. આવું ≍ અને ⁐ વર્ણોમાં નથી. આ બંને વર્ણો પરવર્ણ સંબંધિત જ ઉચ્ચારણ-વાળા થાય છે. દા. ત. द्वि ≍ करोति પ્રયોગમાં ≍ (જિહ્વામૂલીય) વર્ણ क સંબંધિત જ ઉચ્ચારણવાળો થશે, પરંતુ द्वि વર્ણ સંબંધિત ઉચ્ચારણવાળો નહીં જ થાય. આથી આ બંને વર્ણો જ્યાં જ્યાં પ્રયોગમાં આવ્યા હશે ત્યાં ત્યાં બધે જ પરવર્ણ સંબંધિત જ ઉચ્ચારણવાળા થશે.

અહીં સંજ્ઞી બહુવચનમાં છે અને સંજ્ઞા એકવચનમાં છે. આમ તો સંજ્ઞા અને સંજ્ઞીનું સમાનાધિકરપણું હોય છે. આથી બંનેમાં સમાન વચન થવું જોઈએ. છતાં 'शिट्' એ પ્રમાણે એકવચન કર્યું છે. એનું કારણ જણાવતાં "આચાર્ય ભગવંત" કહે છે 'र्'નાં આદેશ સ્વરૂપ 'वज्राकृति' અને "गजकुंभाकृति"વાળા વર્ણો છે. તેમજ 'क', 'ख' અને 'प', 'फ'ની સમીપમાં જ તે બંનેનો પ્રયોગ થાય છે. આથી આ બંને વર્ણોનું અલ્પ વિષયપણું છે. એ અલ્પ વિષયપણાંને જણાવવા માટે જ 'शिट्' એ પ્રમાણે એકવચન દ્વારા નિર્દેશ કરાયો છે.

પૂર્વપક્ષ :- આ બંને વર્ણો "र्"નાં આદેશ સ્વરૂપ છે. આથી વર્ણનાં પાઠક્રમમાં જોવા મળશે નહીં. હવે જે જે વર્ણનાં પાઠક્રમમાં જોવા મળે તેનું જ વર્ણપણું થાય છે. આથી આ બે વર્ણનું વર્ણપણું કેવી રીતે થશે ? અર્થાત્ વર્ણપણું થશે નહીં.

ઉત્તરપક્ષ :- આ બંને વર્ણો 'र्'નાં આદેશ સ્વરૂપ છે અને આદેશ આદેશી જેવો થાય એ ન્યાયથી જો 'र्'માં (આદેશી) વર્ણપણું છે. તો આદેશમાં પણ વર્ણપણું પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે આ બંને વર્ણમાં વર્ણપણું સિદ્ધ થશે.

પૂર્વપક્ષ :- આ રીતે જો આદેશમાં વર્ણપણું સિદ્ધ કરશો તો જ્યાં જ્યાં વર્ણનો લોપ થતો હશે ત્યાં ત્યાં લોપમાં પણ વર્ણપણું માનવું પડશે. દા.ત. मरुत् + सि અહીં (૧/૪/૪૫) સૂત્રથી 'सि'નો લોપ થતાં લોપમાં પણ વર્ણપણું માનવું પડશે. "सि" જો વર્ણ સ્વરૂપ છે તો "सि"નો લોપ પણ આદેશ આદેશી જેવો થાય એવી પરિભાષાથી વર્ણ સ્વરૂપ જ થશે. આમ થશે તો मरुत्માં પદને અંતે બે વ્યંજન સ્વરૂપ વર્ણો ઉપસ્થિત થશે.

ઉત્તરપક્ષ :- વર્ણનો લોપ થતાં લોપમાં પણ વર્ણપણું થશે એવી શંકા કરવી જોઈએ નહીં. કારણ કે લોપ એ અભાવ સ્વરૂપ છે અને અભાવ ક્યારે પણ ભાવનાં આશ્રયભૂત થવા માટે સમર્થ નથી. જો અભાવ પણ ભાવનાં આશ્રય સ્વરૂપ થશે તો સર્વત્ર અભાવવાળા સ્થાનોમાં ભાવ સ્વરૂપ પદાર્થ માનવાની અતિવ્યાપ્તિ આવશે. દા.ત. मरुत् + सि. આ અવસ્થામાં

વ્યંજનાંત નામ પછી 'સિ'નો લુક્ થાય છે. હવે લુક્‌ને જો 'સિ' સ્વરૂપ મનાય તો પદને અંતે मरुत्નાં 'त्'નો 'द्' ન થતાં स्નો र् થવાની પ્રાપ્તિ આવત. આ પ્રમાણે બધે જ અનિષ્ટરૂપોની આપત્તિ આવત.

હવે 'આચાર્ય ભગવંતે' સંજ્ઞીમાં જે બહુવચન કર્યું છે એનું તાત્પર્ય જણાવતા કહે છે કે જે જે વર્ણનાં આદેશ સ્વરૂપ હોય અને વર્ણનાં પાઠક્રમમાં જેનો અભાવ હોય તેનું પણ વર્ણપણું થાય છે. બહુવચનનું અનુવાદકપણું થતું હોવાથી અર્થાત્ બહુવચન વિશેષથી કથન કરી શકવાનાં સામર્થ્યવાળું હોય છે. બહુવચન દ્વારા કોઈ વસ્તુની સિદ્ધિ થઈ શકતી નથી. આથી "આચાર્ય ભગવંતે" બૃહદ્‌વૃત્તિટીકામાં લખ્યું છે કે બહુવચન એ વર્ણોમાં નહીં કહેવાયેલા એવા પણ વજ્રાકૃતિવાળા અને ગજનાં બે કુંભની આકૃતિ (ગંડસ્થળ)વાળા વર્ણમાં વર્ણપણાંને માટે કહ્યું છે. આ બહુવચને કંઈ બે વર્ણોને વર્ણ તરીકે સિદ્ધ કર્યા નથી. એ બે વર્ણો તો જગતમાં વિદ્યમાન જ હતા. વિદ્યમાન એવા એ બે વર્ણોનું માત્ર વર્ણ તરીકે કથન બહુવચને કર્યું છે. બહુવચન કથન કરી શકે પણ બહુવચન કંઈ વર્ણને ઉત્પન્ન કરી શકતા નથી.

(श०न्या०) अयं भाव:-यद्येतावभावरूपौ स्याताम्, कथं भावरूपाया एकत्वादिसंख्याया आश्रयौ भवेताम् ? भावधर्म्मत्वादाश्रयाश्रयिभावस्य, एकत्वादिषु वर्त्तमानान्नाम्नस्तानि (वचनानि) विहितानि, अतो बहुवचनं कुर्वन् ज्ञापयति-वर्णत्वमनयोरिति । ननु यदि सूचकमेव बहुवचनं न तु विधायकं तर्हि कथमुक्तं बहुवचनं प्लुतपरिग्रहार्थमिति ? उच्यते-ह्रस्व एव वर्द्धमानः प्लुतो भवति, साक्षात् पाठश्च वर्णसमाम्नाये न विहितोऽल्पविषयत्वज्ञापनाय; दीर्घस्य तु प्रचुरविषयत्वात् साक्षात् पाठः, सिद्धचक्रस्याऽऽदौ साक्षात् पठितानामेवोपयोगात्, तथा 'षोडशदेव्योपगतम्' इत्यादावपि तत्पाठ एव षोडशत्वमुपपद्यते । अथवा दूरादामन्त्र्यादौ प्लुतस्य विधानात्, तत्रापि स्वरस्थानित्वेन वर्णत्वसिद्धिरिति युक्तमुच्यते स्वल्पोपयोगादुपलक्षणत्वेन तेषां परिग्रह इति ।

અનુવાદ :- *અગાઉ કહ્યું હતું કે, વર્ણનાં પાઠક્રમમાં આ બે વર્ણોના (વજ્રાકૃતિ અને* ગજકુંભાકૃતિ) પાઠનો અભાવ છે. તો પછી આ બંને વર્ણો અભાવરૂપ થયા. હવે અભાવરૂપ એવા આ બંને વર્ણોમાં એકત્વ વગેરે સંખ્યાનો આશ્રય કેવી રીતે થાય ? આશ્રય-આશ્રયીભાવ, ભાવ સ્વરૂપ વસ્તુને આધીન જ હોય છે. અર્થાત્ ભાવ સ્વરૂપ વસ્તુ હોય તો જ આધાર આધેયભાવ થઈ શકે અને એકત્વ વગેરેનાં વિષયમાં રહેલા એવા નામથી જ તે તે વચનો (એકવચન, દ્વિવચન વગેરે) વિધાન કરાય છે. હવે જો આ બંને વર્ણો અભાવીય હોય (વર્ણનાં પાઠક્રમમાં તે બેનાં પાઠનો અભાવ હોવાથી) તો સૂત્રમાં જે બહુવચનનો નિર્દેશ કરાયો છે તે થઈ શકશે નહીં. બધા વર્ણોનો સદ્‌ભાવ છે માટે જ બહુવચનનો આશ્રય કરાયો છે. આથી બહુવચનને કરતા 'આચાર્ય

ભગવંતશ્રી'-જણાવે છે કે, આ બંને વર્ણોમાં વર્ણપણું છે જ. વર્ણનાં પાઠક્રમમાં તે બેનો અભાવ હોવાથી જ તે બેમાં વર્ણપણાનો અભાવ થાય છે એવું નથી.

પૂર્વપક્ષ :- આ સૂત્રમાં કરેલું બહુવચન જો કે વજ્રાકૃતિ અને ગજકુંભાકૃતિ વર્ણમાં વર્ણપણું સિદ્ધ કરવાવાળું થાય છે. પરંતુ આ બે વર્ણો પહેલા હતા જ. માત્ર આ સૂત્રએ એ બેમાં વર્ણપણાંને સંપન્ન કરાવેલ છે. બહુવચન અનુવાદક છે. જ્ઞાત વસ્તુને જ જણાવે છે. આ બહુવચને કંઈ આ બંનેમાં વર્ણપણાંનું વિધાન કરેલ નથી. હવે અહીં જો બહુવચન પ્રસિદ્ધ એવા વર્ણને માત્ર બતાવનાર જ થાય છે, પરંતુ આ બંનેમાં વર્ણપણાંનું વિધાન કરનારું થતું નથી. તો જેમ અહીં વર્ણનાં પાઠક્રમમાં આ બે વર્ણોનો અભાવ હતો તેમ "औदन्ताः स्वराः" (૧/૧/૪) સૂત્રમાં વર્ણનાં પાઠક્રમમાં પ્લુત વર્ણોનો અભાવ જ છે. તો તે સૂત્રનું બહુવચન પણ જ્ઞાત એવા પ્લુતને જ જણાવનારું બનવું જોઈએ. છતાં પણ ત્યાં બહુવચન પ્લુતને ગ્રહણ કરનાર બતાવ્યું છે. અર્થાત્ બહુવચન પ્લુત વર્ણોનું વિધાયક બતાવ્યું છે આમ કેમ ?

ઉત્તરપક્ષ :- (૧/૧/૪) સૂત્રમાં **अ** વગેરે હ્રસ્વ વર્ણો જે પાઠક્રમમાં બતાવ્યા છે તે જ વધતા એવાં પ્લુત થાય છે. આ પ્લુતનો પણ વર્ણનાં પાઠક્રમમાં સમાવેશ થવો જોઈતો હતો. છતાં પણ વર્ણનાં પાઠક્રમમાં સાક્ષાત્ પાઠ કહેવાયો નથી. એ પ્લુતમાં રહેલા અલ્પ વિષયપણાને જણાવવા માટે જ છે. અર્થાત્ આખા વ્યાકરણમાં પ્લુતનો વિષય ઘણો જ અલ્પ છે. એવું જણાવવા માટે જ વર્ણનાં પાઠક્રમમાં પ્લુતનો સંગ્રહ કરવામાં આવ્યો નથી.

પૂર્વપક્ષ :- જો હ્રસ્વ જ વધતો વધતો પ્લુત થાય છે તો આ હ્રસ્વ જ વધતો એવો દીર્ઘ થાય છે.હવે પ્લુતનું વિધાન વર્ણનાં પાઠક્રમમાં નથી કર્યું તો પછી દીર્ઘનું વિધાન વર્ણનાં પાઠક્રમમાં શા માટે કર્યું ?

ઉત્તરપક્ષ :- દીર્ઘ વર્ણોમાં પ્રચુર વિષયપણું હોવાથી જ સાક્ષાત્ પાઠ છે. અર્થાત્ દીર્ઘ સ્વરો ઘણા બધા પ્રયોગોમાં જોવા મળે છે. વળી, સિદ્ધચક્રની આદિમાં પણ વર્ણપાઠમાં સાક્ષાત્ જે પઠિત વર્ણો હતા તેઓનો જ ઉપયોગ થયો છે. માટે જ દીર્ઘ સ્વરોનો સાક્ષાત્ પાઠ છે તથા "षोडशदेव्योपगतम्" વગેરે સ્તોત્રમાં પણ સોળ વર્ણોનો પાઠ છે. આથી વર્ણમાં સોળ વર્ણવાળાપણું તેઓમાં ઘટી શકે છે. માટે દીર્ઘ સ્વરોનો વર્ણનાં પાઠક્રમમાં સમાવેશ થયો છે.

પૂર્વપક્ષ :- ગમે તેમ હોય પણ પ્લુતો વર્ણનાં પાઠક્રમમાં નથી. આથી એની વિદ્યમાનતા ક્યાંય નથી. તો પછી (૧/૧/૪) સૂત્રમાં શા માટે લખ્યું છે કે પ્લુત વર્ણોને ગ્રહણ કરવા માટે બહુવચન કર્યું છે ?

ઉત્તરપક્ષ :- જો વર્ણોનાં પાઠક્રમમાં પ્લુતનો સમાવેશ નથી થયો તો અમે કહીશું કે

"दुरादामन्त्र्यस्य..." (૭/૪/૯૯) વગેરે સૂત્રમાં પ્લુતનું વિધાન કર્યું છે અને તે સૂત્રમાં પણ સ્વરને સ્થાની તરીકે સમજીને જ પ્લુતનું વિધાન કરાયું છે. સ્વરનાં સ્થાનમાં જ પ્લુતનું વિધાન ત્યાં થયેલ છે. આથી "આદેશ આદેશી જેવો થાય" એ પરિભાષાથી પ્લુતમાં પણ વર્ણપણું સિદ્ધ થશે જ. હવે પ્લુત વર્ણ વિદ્યમાન હોય તો જ તે સૂત્રમાં પ્લુતનું વિધાન થઈ શકે. હવે પ્લુત વર્ણોનો ઉપયોગ અત્યંત અલ્પ છે. આ કારણે જ ૧-૧-૪ સૂત્રની ટીકામાં લખ્યું છે કે દીર્ઘપાઠનાં ઉપલક્ષણથી પ્લુતવર્ણોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. વર્ણનાં પાઠક્રમમાં તેનો સાક્ષાત્ પાઠ અત્યંત અલ્પ વિષયનાં કારણે નથી.

(શ૦ન્યા૦) ननु अं-अः-≍क-)(पानां व्यञ्जनसंज्ञाऽपि पूर्वेषामस्ति, तत् कथं तैः सह न विरोधः ? उच्यते-व्यञ्जनसंज्ञाऽनन्तरमेषां संज्ञाविधानाद् व्यञ्जनसंज्ञाऽपि । यदि वा "कादिर्व्यञ्जनम्" [१.१.१०.] इत्यत्राऽऽवृत्त्या कस्याऽऽदिर्योऽनुस्वारो विसृष्टो वा सोऽपि व्यञ्जनमित्यविरोध इति ॥१६॥

અનુવાદ :- પૂર્વપક્ષ :- આ સૂત્રમાં કુલ ૭ વ્યંજનોની શિટ્ સંજ્ઞા કરવામાં આવી છે. તેમાંથી પહેલા ચાર જો પાઠક્રમમાં વિદ્યમાન ન હોય અને આ સૂત્રથી એની શિટ્ સંજ્ઞા કરવામાં આવે તો આ ચારની વ્યંજનસંજ્ઞા પણ વિદ્યમાન છે. તો વ્યંજનસંજ્ઞાની સાથે વિરોધ કેમ નહીં આવે ? અહીં પૂર્વપક્ષ ચારેયની વ્યંજનસંજ્ઞા છે એવું કઈ અપેક્ષાએ કહી શકે ? કારણ કે વર્ણનાં પાઠક્રમમાં તો તેઓનો અભાવ હતો. વળી, "कादिर्व्यञ्जनम्" દ્વારા જે વ્યંજનસંજ્ઞા પડી તેમાં પણ તેનું વિધાન ન હતું. એનાં અનુસંધાનમાં આ પ્રમાણેનો આશય સમજવો જરૂરી છે. અગાઉ પ્લુતનું વિધાન (૭/૪/૯૯) સૂત્ર દ્વારા થયું હતું તેમાં સ્થાની તરીકે સ્વર હતા. આથી સ્વરનાં આદેશ પ્લુતને જેમ સ્વર કહેવાય છે. એમ અહીં પણ સ્થાની તરીકે 'र्' છે અને 'र्'નાં આદેશરૂપ જ "वज्राकृतिः" વગેરે વર્ણો થાય છે. આવા આશયથી જ પૂર્વપક્ષ લખે છે કે પૂર્વના ચારની વ્યંજનસંજ્ઞા પણ છે.

ઉત્તરપક્ષ :- વ્યંજનસંજ્ઞા પછી આ વર્ણોની શિટ્ સંજ્ઞાનું વિધાન થયું છે. તેથી "संज्ञा न संज्ञान्तरबाधिका" ન્યાયથી હમણાં જે શિટ્ સંજ્ઞા કરવામાં આવી તે વ્યંજનસંજ્ઞાનો બાધ ન કરતી હોવાથી તેઓની વ્યંજન સંજ્ઞા પણ સમજવી.

પૂર્વપક્ષ :- સિદ્ધચક્રની આદિમાં સાક્ષાત્ કહેવાયેલા એવા સોળ વર્ણોનો ઉપયોગ છે. એ સોળવર્ણોમાં ચૌદ તો સ્વરો છે. આથી સાથે રહેલા જ "अं अः"ની પણ સ્વરસંજ્ઞાની શંકા પણ થાય છે. વળી સ્વરસંજ્ઞાનાં અધિકારમાં જ અનુસ્વાર અને વિસર્ગ સંજ્ઞા થઈ છે. આથી અનુસ્વાર અને વિસર્ગની સ્વરસંજ્ઞા પણ થઈ શકે છે. તમે તેની વ્યંજન સંજ્ઞા જ શા માટે કહો છો ?

ઉત્તરપક્ષ :- "कादिर्व्यञ्जनम्" (૧/૧/૧૦) આ સૂત્રમાં "कादिः"નો એક વાર બહુવ્રીહિ સમાસ કર્યો અને એ જ 'कादिः'નો ષષ્ઠી તત્પુરુષ સમાસ પણ સમજવામાં આવે તો 'क'ની આદિમાં ૧-૧-૯ સૂત્ર અનુસ્વાર અને વિસર્ગનું આવે છે. તેની પણ વ્યંજનસંજ્ઞા થશે. આથી હવે કોઈ વિરોધ આવશે નહીં.

-: ન્યાસસારસમુદ્ધાર :-

(न्या०स०) अं अ इत्यादि-शिट्-धुट्शब्दयोर्विषयनामत्वात् पुंस्त्वम् ।

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

शिट् અને धुट् એ બંને શબ્દો ચોક્કસ વિષય સંબંધમાં નામપણું પ્રાપ્ત કરે છે. માટે शिट् અને धुट् શબ્દ પુલિંગમાં આવ્યા છે. વર્ણના વિષયમાં शिट् અને धुट् સંજ્ઞા પડી છે માટે વર્ણ પ્રમાણે शिट् અને धुट् સંજ્ઞા પુલિંગમાં છે.

(न्या०स०) ≍क)(पयोर्देश-काल-लिपिभेदेऽपि रूपाभेदाद् दृष्टान्तमाह-**वज्राकृति**-रिति-वज्रस्येव आकृतिर्यस्य स तथा, गजकुम्भयोरिवाकृतिर्यस्य सोऽपि तथा । ककार-पकारौ चानयोः परदेशस्थावुच्चार्येते, सर्वत्र परसंबद्धावेवैतौ भवतः, न स्वतन्त्रौ, नापि पूर्वसंबद्धावनुस्वारवदिति । रेफादेशत्वात् कख-पफसंनिधावेव तयोः प्रयोगादल्पविषयत्वम्, अत एव सत्यपि संज्ञिसामानाधिकरण्येऽल्पीयस्त्वज्ञापनाय **शिडित्येकवचनेन** निर्देशः कृतः । अथ कथमनयोर्वर्णत्वं वर्णसमाम्नाये पाठाभावात् ? सत्यम्-रेफस्य वर्णत्वात् तयोश्च रेफादेशत्वाद् वर्णत्वसिद्धिः । न च वर्णाऽऽदेशत्वेन लोपस्यापि वर्णत्वमाशङ्कनीयम्, तस्याभावरूपत्वात्, न चाभावो भावस्याऽऽश्रयो भवितुमर्हति अतिप्रसंगात्, अयमेवार्थो बहुवचनेन सूच्यते, अनुवादकत्वेन तस्य साधकत्वाभावादित्याह-**बहुवचनमि**ति । ननु-≍क)(पयोर्व्यञ्जनसंज्ञाऽपि पूर्वेषामस्ति तत् कथं तैः सह न विरोधः ? उच्यते-रेफस्थानित्वेन व्यञ्जन-संज्ञाऽपीति न विरोधः ॥१६॥

અનુવાદ :- ઉપરની પંક્તિઓનું સંપૂર્ણ ભાષાંતર શબ્દમહાર્ણવન્યાસનાં અનુવાદમાં આવી ગયું છે.

॥ षोडशमम् सूत्रम् समाप्तम् ॥

* * *

सूत्रम् - तुल्यस्थानाऽऽस्यप्रयत्नः स्वः । १ । १ । १७ ॥

-: तत्त्वप्रकाशिका :-

यत्र पुद्गलस्कन्धस्य वर्णभावापत्तिस्तत् स्थानम्, कण्ठादि । यदाहुः-

"अष्टौ स्थानानि वर्णानामुरः कण्ठः शिरस्तथा ।

जिह्वामूलं च दन्ताश्च नासिकौष्ठौ च तालु च" ॥४॥ (पाणिनीयशिक्षा, श्लो० १३.)

-: तत्त्वप्रकाशिकानो अनुवाद :-

જેમાં પુદ્ગલ સ્કન્ધો સંબંધી વર્ણોના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે તે સ્થાન કહેવાય છે. આ સ્થાન કંઠ વગેરે આઠ પ્રકારના છે. પાણિનીયશિક્ષા શ્લોક-૧૩માં કહ્યું છે કે વર્ણોના આઠ સ્થાનો છે : (૧) છાતી, (૨) કંઠ, (૩) શિર (મસ્તકના અંદરનો ભાગ), (૪) જીભનું મૂળ, (૫) દાંત ,(૬) નાસિકા, (૭) બંને હોઠ અને (૮) તાલુ (તાળવું).

(त०प्र०) अस्यत्यनेन वर्णानित्यास्यम्, ओष्ठात् प्रभृति प्राक् काकलकसंज्ञकात् कण्ठमणेः । आस्ये प्रयत्न आस्यप्रयत्नः, आन्तरः संरम्भः । स चतुर्धा-स्पृष्टता १, ईषत्स्पृष्टता २, विवृतता ३, ईषद्विवृतता ४ ।

અનુવાદ :- જેનાવડે વર્ણો બહાર ફેંકાય છે અર્થાત્ જેનાથી વર્ણો અભિવ્યક્ત કરાય છે તે આસ્ય કહેવાય છે. અહીં "अस्" ધાતુને કરણમાં "घ्यण्" પ્રત્યય લાગવાથી आस्य શબ્દ પ્રાપ્ત થાય છે. હોઠથી શરૂ કરીને કંઠમણિ પહેલાના ભાગને आस्य કહેવાય છે. કંઠમણિ એટલે જિહ્વાનો ઉન્નત પ્રદેશ અર્થાત્ ગળામાં બહાર જણાતો ઊંચો ભાગ.

મુખમાં રહેલ પ્રયત્ન એ આસ્યપ્રયત્ન કહેવાય છે. મુખના અભ્યન્તર વ્યાપારને આસ્યપ્રયત્ન કહેવાય છે. આ પ્રયત્ન ચાર પ્રકારનો છે : (૧) स्पृष्टता, (૨) ईषत्स्पृष्टता, (૩) विवृतता, (૪) ईषद्विवृतता.

(त०प्र०) तुल्यौ वर्णान्तरेण सदृशौ स्थानाऽऽस्यप्रयत्नौ यस्य स वर्णस्तं प्रति स्वसंज्ञो भवति । करणं तु जिह्वामूलमध्याग्रोपाग्ररूपं स्थानाऽऽस्यप्रयत्नतुल्यत्वे सति नाऽतुल्यं भवतीति पृथग् नोक्तम् ।

અનુવાદ :- અન્ય વર્ણની સાથે સમાન એવા સ્થાન અને આસ્યપ્રયત્ન જે વર્ણો સંબંધી થાય

છે તે વર્ણો સ્વસંજ્ઞાવાળા થાય છે અર્થાત્ જે વર્ણોના સ્થાન અને આસ્યપ્રયત્ન સમાન થાય છે તે વર્ણો "स्व" સંજ્ઞાવાળા થાય છે. શબ્દને ઉત્પન્ન થવાના જે જે કારણો છે તેને "કરણો" કહેવાય છે. જીભનું મૂળ, જીભનો મધ્યભાગ, જીભનો અગ્રભાગ તથા જીભના અગ્રભાગની નજીકનો ભાગ એ પ્રમાણે ચાર કરણો છે. સ્પૃષ્ટતા વગેરે જે પ્રયત્નો છે અથવા તો જીભના અગ્રભાગ, ઉપાગ્ર ભાગ વગેરે સ્વરૂપ જે કરણો છે તે જ પ્રયત્નો કહેવાય છે. હવે જો મુખમાં પ્રયત્ન અને સ્થાનમાં તુલ્યપણું હોય તો જિહ્વામૂલ વગેરે સ્વરૂપ કરણની સાથે પણ તુલ્યપણું થઈ શકે છે કારણ કે જિહ્‌વાના અગ્રભાગ વગેરે સ્વરૂપ જે કરણો છે તે જ સ્પૃષ્ટતા વગેરે પ્રયત્નો સ્વરૂપ પણ છે. આમ, સ્થાન અને આસ્યમાં પ્રયત્નનું જો સમાનપણું હોય તો સ્થાન અને કરણનું અસમાનપણું થતું નથી. માટે સ્થાન અને આસ્યમાં પ્રયત્નનું સમાનપણું કહેવાયે છતે સ્થાન અને કરણનું સમાનપણું સ્વરસંજ્ઞામાં થાય છે એવું કહેવાની આવશ્યકતા રહેતી નથી. આ કારણથી જ સ્થાન અને કરણનું તુલ્યપણું સ્વરસંજ્ઞામાં થાય છે એવો પૃથક્ નિર્દેશ કરાયો નથી.

(त०प्र०) तत्र स्थानम्-अवर्ण-हविसर्ग-कवर्गाः कण्ठ्याः । 'सर्वमुखस्थान-मवर्णम्, ह-विसर्गावुरस्यौ, कवर्गो जिह्वामूलीयः' इत्यन्ये । इवर्ण-चवर्ग-य-शास्तालव्याः । उवर्णपवर्गोपध्मानीया ओष्ठ्याः । ऋवर्ण-टवर्ग-र-षा मूर्धन्याः, 'रेफो दन्तमूलः' इत्येके । लृवर्ण-तवर्ग-ल-सा दन्त्याः । ए-ऐ तालव्यौ, 'कण्ठ्य-तालव्यौ' इत्यन्ये । ओ-औ ओष्ठ्यौ, 'कण्ठ्यौष्ठ्यौ' इत्यन्ये । वो दन्त्यौष्ठ्यः, 'सृक्कस्थानः' इत्यन्ये[1] । जिह्वामूलीयो जिह्व्यः, 'कण्ठ्यः' इत्यन्ये । नासिक्योऽनुस्वारः, 'कण्ठ्य-नासिक्यः' इत्यन्ये । ङ-ञ-ण-न-माः स्वस्थान-नासिकास्थानाः ।

અનુવાદ :- હવે, દરેક વર્ણોનાં સ્થાન બતાવે છે. अवर्ण, ह, વિસર્ગ, कवर्ग, કંઠ્ય સ્થાનવાળા છે. કેટલાક લોકો अवर्ण સર્વમુખસ્થાનવાળો માને છે અને ह् તથા વિસર્ગને ઉરસ્‌સ્થાન સંબંધી માને છે. તથા क વર્ગને જિહ્‌વામૂલ સંબંધી માને છે.

इवर्ण - च વર્ગ - य् - श् તાલવ્ય સ્થાનવાળા છે.

उवर्ण - प વર્ગ અને ઉપધ્માનીય વર્ણો ઓષ્ઠ્ય સ્થાનવાળા છે.

ऋवर्ण - ट વર્ગ - र् - અને ष् મૂર્ધન્ય સ્થાનવાળા છે. કોઈક રેફને દંતમૂળ સ્થાનવાળો માને છે.

लृवर्ण - त વર્ગ - ल् અને स् દન્ત્ય સ્થાનવાળા છે.

ए-ऐ તાલવ્ય છે. કેટલાક લોકો ए-ऐने કંઠ્ય-તાલવ્ય માને છે.

१. 'इत्येके' आ ।

ओ - औ ઓષ્ઠ્ય સ્થાનવાળા છે. કેટલાક લોકો ओ - औને કંઠ્યોષ્ઠ્ય માને છે.

"व" દન્ત્યૌષ્ઠ્ય છે. કેટલાંક લોકો "व"ને સૃક્ક સ્થાનવાળો માને છે.

જિહ્વામૂલને જિહ્વા સ્થાનવાળો માને છે. કેટલાંક લોકો જિહ્વામૂલને કંઠ્યસ્થાનવાળો માને છે.

અનુસ્વાર નાસિકાસ્થાનવાળો છે. જ્યારે કેટલાક લોકો અનુસ્વારને કંઠ્ય-નાસિકા ઉભય સ્થાનવાળો માને છે.

ङ - ञ - ण - न - म આ પાંચ વર્ણનાં પોતાનાં સ્થાન સહિત નાસિકાસ્થાનો છે.

(त०प्र०) अथाऽऽस्यप्रयत्नः-स्पृष्टं करणं स्पर्शानाम्, स्पर्शा वर्ग्याः । ईषत्स्पृष्टं करणमन्तस्थानाम् । ईषद्विवृतं करणमूष्मणाम् । विवृतं करणं स्वराणाम्, 'ऊष्मणां च' इत्यन्ये, ऊष्माणः श-ष-स-हाः । स्वरेषु ए-ओ विवृततरौ, ताभ्यामपि ऐ-औ, ताभ्यामप्यवर्णः, 'अकारः संवृतः' इत्यन्ये । तत्र त्रयोऽकारा उदात्ताऽनुदात्त-स्वरिताः, प्रत्येकं सानुनासिक-निरनुनासिकभेदात् षट्, एवं दीर्घ-प्लुताविति अष्टादश भेदा अवर्णस्य;

અનુવાદ :- હવે વર્ણોના આસ્યપ્રયત્નો બતાવે છે. સ્પર્શ વ્યંજનો સ્પૃષ્ટતા પ્રયત્નવાળા છે. પાંચ વર્ગના વ્યંજનો સ્પર્શ વ્યંજનો કહેવાય છે. અંતસ્થા વર્ણો "ईषत्स्पृष्टता" પ્રયત્નવાળા છે. અહીં બૃહદ્વૃત્તિટીકામાં "स्पृष्टम् करणम्", "ईषद् स्पृष्टम् करणम्" વગેરે શબ્દો લખ્યા છે ત્યાં દરેક જગ્યાએ કરણનો અર્થ પ્રયત્ન તરીકે અમે લખ્યો છે કારણ કે પ્રયત્નો જે જે છે તે તે કરણો જ છે અર્થાત્ કરણ અને પ્રયત્ન બંને સમાન જ છે. ઉષ્મા વર્ણોનો ઈષત્વિવૃત પ્રયત્ન છે. સ્વરોનો વિવૃતતા પ્રયત્ન છે. કેટલાંક લોકો ઉષ્માક્ષરોનો પણ વિવૃતત્તા પ્રયત્ન કહે છે. ઉષ્માક્ષરો તરીકે श, ष, स તથા ह આ ચાર વર્ણો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

સ્વરોમાં "ए" અને "ओ" વિવૃતતર પ્રયત્નવાળા છે તથા ए અને ओથી પણ ऐ અને औ વધારે વિવૃતતર પ્રયત્નવાળા છે તથા ऐ અને औથી પણ વધારે વિવૃતતર પ્રયત્ન अवर्णનો છે. કેટલાક લોકો अकारને સંવૃત પ્રયત્નવાળો માને છે.

अकार ત્રણ પ્રકારનો છે : (૧) ઉદાત્ત, (૨) અનુદાત્ત તથા (૩) સ્વરિત. ઉપરોક્ત अकार સાનુ-નાસિક અને નિરનુનાસિક ભેદથી બે પ્રકારના છે. આ પ્રમાણે છ પ્રકારના अकार થયા. આ છએ પ્રકારના अकार હ્રસ્વ પણ છે, દીર્ઘ પણ છે અને પ્લુત પણ છે. આથી કુલ અઢાર પ્રકારના ભેદો अवर्णના થાય છે.

(त०प्र०) ते सर्वे कण्ठस्थाना विवृतकरणाः परस्परं स्वाः । एवमिवर्णास्तावन्तस्तालव्या विवृतकरणाः स्वाः । उवर्णा ओष्ठ्या विवृतकरणाः स्वाः । ऋवर्णा मूर्धन्या विवृतकरणाः स्वाः । लृवर्णा दन्त्या विवृतकरणाः स्वाः, 'लृवर्णस्य दीर्घा न सन्तीति द्वादश' इत्यन्ये । संध्यक्षराणां ह्रस्वा न सन्तीति तानि प्रत्येकं द्वादशभेदानि, तत्र-एकारास्तालव्या विवृततराः स्वाः, ऐकारास्तालव्या अतिविवृततराः स्वाः, ओकारा ओष्ठ्या विवृततराः स्वाः, औकारा ओष्ठ्या अतिविवृततराः स्वाः । वर्ग्याः पञ्च पञ्च परस्परं स्वाः । य-ल-वानामनुनासिकोऽननुनासिकश्च द्वौ भेदौ परस्परं स्वौ । रेफोष्मणां तु अतुल्यस्थानाऽऽस्यप्रयत्नत्वात् स्वा न भवन्ति ।

અનુવાદ :- હવે સ્વસંજ્ઞાવાળા કયા કયા વર્ણો છે ? તે સંબંધમાં કહે છે -

अवर्णના બધા જ ભેદો (અઢાર ભેદો) કંઠસ્થાનવાળા અને વિવૃતકરણવાળા (વિવૃતતા પ્રયત્નવાળા) સ્વસંજ્ઞાવાળા થાય છે.

इवर्णના પણ અઢાર ભેદો તાલવ્ય સ્થાનવાળા અને વિવૃતકરણવાળા (વિવૃતતા પ્રયત્નવાળા) પરસ્પર સ્વસંજ્ઞાવાળા થાય છે.

એ જ પ્રમાણે उवर्णના પણ અઢાર ભેદો ઓષ્ઠ્ય સ્થાનવાળા અને વિવૃતકરણ પ્રયત્નવાળા પરસ્પર સ્વસંજ્ઞાવાળા થાય છે.

એ જ પ્રમાણે ऋवर्णના પણ અઢાર ભેદો મૂર્ધન્ય સ્થાન અને વિવૃતકરણવાળા પરસ્પર સ્વસંજ્ઞાવાળા થાય છે.

તથા लृवर्णના અઢાર ભેદો દન્ત્યસ્થાનવાળા અને વિવૃત કરણવાળા પરસ્પર સ્વસંજ્ઞાવાળા થાય છે. કેટલાંક લોકો लृवर्ण દીર્ઘ હોય છે એવું માનતા નથી. આથી તેમની માન્યતા પ્રમાણે लृ સ્વરના બાર ભેદો થશે.

સન્ધ્યક્ષરો હ્રસ્વસંજ્ઞાવાળા હોતા નથી. આથી પ્રત્યેક સન્ધ્યક્ષરોના બાર-બાર ભેદો હોય છે. एकार તાલવ્યસ્થાનવાળા અને વિવૃતતર પ્રયત્નવાળા પરસ્પર સ્વસંજ્ઞાવાળા છે.

ऐकार તાલવ્યસ્થાનવાળા અને અતિવિવૃતતર પ્રયત્નવાળા પરસ્પર સ્વરસંજ્ઞાવાળા છે તથા ओकारના બધા જ ભેદો ઓષ્ઠ્ય સ્થાનવાળા અને વિવૃતતર પ્રયત્નવાળા પરસ્પર સ્વસંજ્ઞાવાળા થાય છે. તે જ પ્રમાણે औकारના બધા જ ભેદો ઓષ્ઠ્ય સ્થાનવાળા અને અતિવિવૃતતર પ્રયત્નવાળા પરસ્પર સ્વસંજ્ઞાવાળા થાય છે.

વર્ગીય વ્યંજનોમાં પાંચ-પાંચ વ્યંજનો પરસ્પર સ્વસંજ્ઞાવાળા થાય છે. દા.ત. કવર્ગના પાંચ

વ્યંજનો કંઠ્યસ્થાનવાળા અને સ્પૃષ્ટકરણવાળા પરસ્પર સ્વસંજ્ઞાવાળા થાય છે એ જ પ્રમાણે ચવર્ગના પાંચ વ્યંજનો તાલવ્ય સ્થાનવાળા તેમજ સ્પૃષ્ટતા પ્રયત્નવાળા પરસ્પર સ્વસંજ્ઞાવાળા થાય છે.

य, ल, व સ્વરૂપ જે અન્તસ્થા છે એ પ્રત્યેકના અનુનાસિક અને અનનુનાસિક સ્વરૂપ બે બે ભેદો છે. આ બે બે ભેદો પરસ્પર સ્વસંજ્ઞાવાળા થાય છે.

રેફ અને ઉષ્માક્ષરોમાં સ્થાન અને આસ્યપ્રયત્નનું સમાનપણું ન હોવાથી તેઓ સ્વસંજ્ઞાવાળા થતાં નથી.

(त०प्र०) आस्यग्रहणं बाह्यप्रयत्ननिवृत्त्यर्थम्, ते हि "आसन्नः" [७.४.१२०.] इत्यत्रैवोपयुज्यन्ते, न स्वसंज्ञायाम्; के पुनस्ते ? विवारसंवारौ श्वास-नादौ घोषवद्-घोषता अल्पप्राण-महाप्राणता उदात्तोऽनुदात्तः स्वरितश्चेत्येकादश । कथं पुनरेते आस्याद् बाह्याः स्पृष्टतादयस्तु आन्तराः ? उच्यते-वायुना कोष्ठेऽभिहन्यमानेऽमीषां प्रादुर्भावात्, स्पृष्टतादीनां तु कण्ठादिस्थानाभिघाते भावात् ।

અનુવાદ :- સૂત્રમાં तुल्यस्थानप्रयत्नः स्वः લખ્યું હોત તો ચાલત છતાં પણ પ્રયત્નના વિશેષણ તરીકે "आस्य" શબ્દનું ગ્રહણ શા માટે કર્યું ? આ જિજ્ઞાસાના સંદર્ભમાં આચાર્ય ભગવંત જણાવે છે કે, 'आस्य'ના ગ્રહણથી બાહ્યપ્રયત્નની નિવૃત્તિ થશે. પ્રયત્ન બે પ્રકારના છે : અભ્યન્તર પ્રયત્ન અને બાહ્ય પ્રયત્ન. અહીં જે અભ્યન્તર પ્રયત્નો છે તે आस्यप्रयत्न તરીકે લીધા છે અને आस्य (વિશેષણ) ગ્રહણ થવાથી બાહ્ય પ્રયત્નોની નિવૃત્તિ થઈ છે. હવે શંકા થાય કે, બાહ્ય પ્રયત્ન ક્યાં ઉપયોગી છે ? એના અનુસંધાનમાં આચાર્ય ભગવંત જણાવે છે કે બાહ્ય પ્રયત્નો 'आसन्न" (૭/૪/૧૨૦) પરિભાષા સૂત્રમાં જ ઉપયોગી છે. આ બાહ્ય પ્રયત્નો સ્વસંજ્ઞામાં ઉપયોગી નથી.

બાહ્ય પ્રયત્નો आसन्न પરિભાષામાં ઉપયોગી છે. અહીં (૭/૪/૧૨૦) સૂત્રની બૃહદ્વૃત્તિટીકામાં લખ્યું છે કે, જ્યાં જ્યાં આસન્ન અને અનાસન્નનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યાં ત્યાં સ્થાન, અર્થ અને પ્રમાણથી આસન્ન હોતે છતે જ વિધિ થશે એ સૂત્રની ટીકામાં સ્થાન, અર્થ અને પ્રમાણ પછી આદિ શબ્દ લખ્યો છે તો અહીં "आदि"થી ગુણકૃત્સાદશ્ય સમજવું. ગુણ એટલે પ્રયત્ન સમજવો. સિદ્ધહેમવ્યાકરણમાં બાહ્ય પ્રયત્નકૃત્સાદશ્ય સંબંધી आसन्न પરિભાષાનો ઉપયોગ કરવો પડે એવી આવશ્યકતા "क्तेऽनिटश्चजोः कगौ घिति" (૪/૧/૧૧૧) સૂત્રમાં રહેતી નથી કારણ કે "यथासंख्यम् अनुदेशः समानानाम्" ન્યાયથી च् અને ज्નો અનુક્રમે क् અને ग् થાય છે એવો બોધ થઈ જાય છે, પરંતુ પાણિની વ્યાકરણમાં આ વિધિ સંબંધમાં "चजोः कु घिण्ण्यतोः" (૭/૩/૫૨) સૂત્ર બનાવવામાં આવ્યું છે. એ સૂત્ર પ્રમાણે च् અને ज्નો 'घ' ઇત્વાળા પ્રત્યય પર

છતાં क વર્ગ આદેશ થાય છે. આથી હવે જિજ્ઞાસા થાય કે च્નો કયો આદેશ થશે અને ज્નો કયો આદેશ થશે ? આ પ્રશ્નમાં आसन्न પરિભાષા ઉપકારક થશે. અલ્પપ્રાણ અઘોષ चकारના સ્થાનમાં અલ્પપ્રાણ એવો અઘોષ ककार થશે તથા અલ્પપ્રાણ અને ઘોષ जकारના સ્થાનમાં અલ્પપ્રાણ અને ઘોષ પ્રયત્નવાળો गकार જ થશે. આમ બાહ્ય પ્રયત્નથી આસન્નમાં જ વિધિ થશે. આપણે ત્યાં आसन्न પરિભાષા છે જ્યારે પાણિની વ્યાકરણમાં स्थानेऽन्तरतमः (૧/૧/૫૦) સૂત્ર સંબંધી પરિભાષા છે.

આચાર્ય ભગવંતશ્રીએ વર્તમાનકાળના જીવોની અપેક્ષાએ વધારે સરળવિધિ બતાવી દીધી છે એવો આશય જણાય છે.

આ બાહ્યપ્રયત્નો કયાં કયાં છે ? કુલ ૧૧ બાહ્ય પ્રયત્નો છે : (૧) વિવાર, (૨) સંવાર, (૩) શ્વાસ, (૪) નાદ, (૫) ઘોષવત્, (૬) અઘોષતા, (૭) અલ્પપ્રાણ, (૮) મહાપ્રાણ, (૯) ઉદાત્ત, (૧૦) અનુદાત્ત, (૧૧) સ્વરિત.

આ બધા પ્રયત્નોને બાહ્ય-પ્રયત્ન શા માટે કહ્યા છે અને સ્પૃષ્ટતા વગેરેને અભ્યન્તર પ્રયત્નો શા માટે કહ્યા છે એના જવાબમાં જણાવે છે કે વાયુ કોઠામાં અથડાયે છતે બાહ્ય પ્રયત્નની ઉત્પત્તિ થાય છે. જ્યારે વાયુ કંઠ વગેરે સ્થાનમાં અથડાયે છતે સ્પૃષ્ટતા વગેરે પ્રયત્નની ઉત્પત્તિ થાય છે. આમ, મુખમાં સ્પૃષ્ટતા વગેરે પ્રયત્નનો ભાવ હોવાથી અભ્યન્તર પ્રયત્ન છે, જ્યારે મુખની બહાર વિવાર વગેરેનો સદ્ભાવ હોવાથી બાહ્ય પ્રયત્ન છે.

(त०प्र०) तथा चाऽऽपिशलिः शिक्षामधीते-"नाभिप्रदेशात् प्रयत्नप्रेरितः प्राणो नाम वायुरूर्द्ध्वमाक्रामन्नुरःप्रभृतीनां स्थानानामन्यतमस्मिन् स्थाने प्रयत्नेन विधार्यते, स विधार्य-माणः स्थानमभिहन्ति, तस्मात् स्थानाभिघाताद् ध्वनिरुत्पद्यते आकाशे, सा वर्णश्रुतिः, स वर्णस्याऽऽत्मलाभः" । तत्र वर्णध्वनावुत्पद्यमाने यदा स्थान-करण-प्रयत्नाः परस्परं स्पृशन्ति सा स्पृष्टता, यदेषत् स्पृशन्ति सेषत्स्पृष्टता, यदा सामीप्येन स्पृशन्ति सा संवृतता, दूरेण यदा स्पृशन्ति सा विवृतता; एषोऽन्तःप्रयत्नः । स इदानीं प्राणो नाम वायुरूर्ध्वमाक्रामन् मूर्ध्नि प्रतिहतो निवृत्तः कोष्ठमभिहन्ति, तत्र कोष्ठेऽभिहन्यमाने कण्ठबिलस्य विवृतत्वाद् विवारः संवृतत्वात् संवारः । तत्र यदा कण्ठबिलँ विवृतं भवति तदा श्वासो जायते, संवृते तु नादः, तावनुप्रदानमाचक्षते; अन्ये तु ब्रुवते-'अनुप्रदानमनुस्वानो घण्टादिनिर्ह्रादवद्' इति । तत्र यदा स्थान-करणाभिघातजे ध्वनौ नादोऽनुप्रदीयते तदा नादध्वनिसंसर्गाद् घोषो जायते, यदा तु

श्वासोऽनुप्रदीयते तदा श्वासध्वनिसंसर्गादघोषो जायते । अल्पे वायावल्पप्राणता, महति महाप्राणता जायते; महाप्राणत्वादूष्मत्वम् ।

અનુવાદ :- અભ્યન્તર પ્રયત્નો તેમજ બાહ્ય પ્રયત્નોની ઉત્પત્તિની સંપૂર્ણ પ્રક્રિયા આપિશલિ નામના વૈયાકરણી આ પ્રમાણે જણાવે છે.

વર્ણની ઉત્પત્તિ કરવી હોય ત્યારે નાભિપ્રદેશમાંથી બળ ઉત્પન્ન થાય છે. જેમ કોઈક વ્યક્તિ વસ્તુને ફેંકવા માંગે છે ત્યારે જો વસ્તુ વધારે દૂર ફેંકવી હોય તો શરૂઆતમાં તીવ્ર બળ ઉત્પન્ન કરે છે અને નજીક ફેંકવું હોય તો મંદબળ ઉત્પન્ન કરે છે. એ જ પ્રમાણે ધ્વનિ વધારે જોરથી ઉચ્ચારણ કરવો હોય તો નાભિપ્રદેશમાં તીવ્રતાથી બળ ઉત્પન્ન કરે છે અને મંદ ધ્વનિ ઉત્પન્ન કરવો હોય તો શરૂઆતમાં નાભિપ્રદેશથી મંદપણાંથી બળ ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે ધ્વનિ ઉત્પન્ન કરતાં પહેલા તીવ્ર, મધ્યમ અને મંદ શક્તિથી નાભિપ્રદેશથી બળ ઉત્પન્ન થાય છે. આ તીવ્ર વગેરે બળના કારણે વાયુની ગતિમાં તીવ્રતા વગેરે ગુણો પ્રાપ્ત થાય છે અને આ પ્રમાણે પ્રયત્નોની ઉત્પત્તિ થાય છે.

આપિશલિ વૈયાકરણી જણાવે છે કે પ્રયત્નો બે પ્રકારના હોય છે : (૧) બાહ્ય પ્રયત્ન અને (૨) અભ્યન્તર પ્રયત્ન. જો ક્રોધનો આવેગ હોય તો શરૂઆતમાં નાભિપ્રદેશથી વધારે બળ ઉત્પન્ન થાય છે. આથી વાયુની ગતિ તીવ્ર બને છે અને જે ઉદાત્ત પ્રયત્ન તરીકે કહેવાશે. પ્રેમની ભાષા જ્યાં હશે ત્યાં ઘણું કરીને અનુદાત્ત પ્રયત્ન હશે. નફરતની ભાષા જ્યાં હશે ત્યાં ઘણું કરીને ઉદાત્ત પ્રયત્ન હશે.

હવે, પંક્તિઓનો અનુવાદ જોઈએ.

નાભિપ્રદેશથી પ્રયત્નથી પ્રેરિત થયેલો પ્રાણ નામનો વાયુ ઉંચે ઉઠતો ઉર (છાતી), કંઠ તેમજ મસ્તક આ ત્રણમાંથી કોઈપણ એક સ્થાનમાં પ્રયત્નથી વિધારણ કરાય છે તથા વિધારણ કરાતો એવો આ પ્રાણ નામનો વાયુ તે તે સ્થાનમાં અથડાય છે. પ્રાણવાયુ સ્થાનમાં અથડાવાથી આકાશમાં ધ્વનિ ઉત્પન્ન થાય છે અને આ ધ્વનિ એ જ વર્ણનું શ્રવણ છે તથા આ શ્રવણ વર્ણનું (अ, आ, इ વગેરે) સ્વરૂપ છે.

વર્ણની ઉત્પત્તિ થાય છે ત્યારે સ્થાન, કરણ અને પ્રયત્ન પરસ્પર એકબીજાને સ્પર્શે છે. આ સમયે સ્પૃષ્ટતા નામનો પ્રયત્ન ઉત્પન્ન થાય છે. જ્યારે સ્થાન, કરણ અને પ્રયત્ન થોડા સ્પર્શે છે ત્યારે ઈષત્સ્પૃષ્ટતા નામનો પ્રયત્ન ઉત્પન્ન થાય છે તથા આ ત્રણેય જ્યારે નજીકથી સ્પર્શે છે ત્યારે સંવૃતતા પ્રયત્ન ઉત્પન્ન થાય છે તથા આ ત્રણે દૂરથી સ્પર્શે છે ત્યારે વિવૃતતા નામનો પ્રયત્ન ઉત્પન્ન થાય છે. આ અભ્યન્તર પ્રયત્ન છે.

સૌ પ્રથમ સ્થાન, કરણ અને પ્રયત્નની વ્યાખ્યા જોઈએ.

સ્થાન :- વર્ણની ઉત્પત્તિ જે જગ્યાએ થાય છે તે સ્થાન કહેવાય છે. આ સ્થાનો આઠ છે : ઉર, કંઠ, શિર, જિહ્વામૂલ, દન્ત, નાસિકા, ઓષ્ઠ અને તાલુ. એ પ્રમાણે આઠ સ્થાનો છે.

કરણ :- જિહ્વાનો અગ્રભાગ, મૂળભાગ, મધ્યભાગ અને ઉપાગ્રભાગ. (અગ્રભાગની નજીકનો ભાગ) એ ચાર સાધન અથવા તો કરણ કહેવાય છે.

પ્રયત્ન :- વર્ણની ઉત્પત્તિ સમયે જે ચેષ્ટાઓ થાય છે તે પ્રયત્ન છે. દા.ત. आ સ્વરનું ઉચ્ચારણ કરતાં કંઠબિલ પહોળુ થાય છે. આમ, કંઠબિલના પહોળા થવા સ્વરૂપ જે ચેષ્ટા થઈ તે પ્રયત્ન કહેવાય છે. આ પ્રયત્નની સાથે જીભનો મૂળભાગ કરણ સ્વરૂપે ભાગ ભજવે છે અને તે સમયે કંઠસ્થાન પણ વર્ણની (आ વર્ણની) ઉત્પત્તિમાં સક્રિય થાય છે. આ પ્રયત્ન કંઠમણિથી ઉપરના ભાગમાં જે મુખમાં જ ઉત્પન્ન થાય છે, તે અભ્યન્તર પ્રયત્ન છે તથા મુખ સિવાય જે ચેષ્ટા થાય છે તે બાહ્ય પ્રયત્ન કહેવાય છે.

હવે બાહ્ય પ્રયત્નના સંબંધમાં કહે છે. આ પ્રાણ નામનો વાયુ ઉંચે ઉઠતો મસ્તકને વિશે અવધારણ કરાતો પાછો ફરતો એવો કોષ્ઠને અથડાય છે. નાભિ પ્રદેશથી ઉપર અને ફેફસાંની નીચેના ભાગને કોષ્ઠ કહેવાય છે. જ્યારે કોષ્ઠને વાયુ અથડાય છે ત્યારે કંઠબિલ વિસ્તાર પામે છે. આ કંઠબિલનો વિસ્તાર એ જ વિવાર નામનો બાહ્ય પ્રયત્ન છે તથા જો કંઠબિલ સંકોચ પામે તો સંવાર નામનો બાહ્ય પ્રયત્ન છે. क વ્યંજનનું ઉચ્ચારણ કરવામાં આવે ત્યારે કંઠબિલ વિસ્તાર પામે છે, તેથી વિવાર નામનો બાહ્ય પ્રયત્ન થાય છે તથા ग વ્યંજન બોલતી વખતે કંઠબિલ સંકોચ પામે છે. આથી સંવાર નામનો બાહ્ય પ્રયત્ન થાય છે. क અને gનું ઉચ્ચારણ કરતી વખતે કંઠબિલનો આ પ્રમાણેનો ફેરફાર સ્પષ્ટ રીતે અનુભવી શકાય છે. સીટી વગાડતી વખતે જો હોઠને વિસ્તાર કરીને વગાડવામાં આવે તો વાગી શકતી નથી. એને માટે હોઠોને સંકુચિત કરવા દ્વારા તીવ્ર ગતિથી વાયુ બહાર મોકલવો પડે છે. તો જ સીટી વાગે છે. આ પ્રમાણે क અને ग વર્ણના ઉચ્ચારણમાં પ્રત્યક્ષ અનુભવ કરી સમજવું જોઈએ.

જ્યારે કંઠબિલ વિસ્તારવાળું થાય છે ત્યારે શ્વાસ નામનો પ્રયત્ન ઉત્પન્ન થાય છે તથા કંઠબિલ સંકોચ પામે છે ત્યારે નાદ નામનો બાહ્ય પ્રયત્ન ઉત્પન્ન થાય છે. આ શ્વાસ અને નાદ બંને પ્રયત્નોને અનુપ્રદાન કહેવામાં આવે છે. કંઠબિલ વિસ્તારવાળું થયા પછી બહારની તરફ જે ગતિ થાય છે તે શ્વાસ પ્રયત્ન કહેવાય છે અને કંઠબિલનો સંકોચ થયા પછી જે ગતિ થાય છે તે નાદ નામનો બાહ્ય પ્રયત્ન કહેવાય છે. કેટલાંક લોકો આ અનુપ્રદાન સ્વરૂપ પ્રયત્નને ધ્વનિ સ્વરૂપ (અનુસ્વાન) પ્રયત્ન પણ કહે છે. જે પ્રમાણે ઘંટ વાગ્યા પછી ધ્વનિ સંભળાય છે તેમ क વગેરે વર્ણનું ઉચ્ચારણ થયા પછી અનુપ્રદાન નામનો પ્રયત્ન થાય છે. જ્યારે સ્થાન અને કરણના

અભિઘાતથી નાદ સ્વરૂપ અનુપ્રદાન થાય છે ત્યારે નાદ ધ્વનિના સંસર્ગથી ઘોષ સ્વરૂપ બાહ્ય પ્રયત્ન થાય છે તથા જ્યારે સ્થાન અને કરણના અભિઘાતથી શ્વાસ સ્વરૂપ અનુપ્રદાન કરાય છે ત્યારે શ્વાસ ધ્વનિના સંસર્ગથી અઘોષ સ્વરૂપ બાહ્ય પ્રયત્ન ઉત્પન્ન થાય છે.

જ્યારે વાયુ અલ્પ પ્રમાણમાં હોય છે ત્યારે અલ્પપ્રાણતા નામનો બાહ્ય પ્રયત્ન થાય છે તથા જ્યારે વાયુ વધારે હોય છે ત્યારે મહાપ્રાણતા નામનો બાહ્ય ઉત્પન્ન થાય છે. क વર્ણનું ઉચ્ચારણ થાય છે ત્યારે વાયુ અલ્પ હોવાને કારણે અલ્પપ્રાણતા નામનો પ્રયત્ન હોય છે તથા ख વ્યંજનનું ઉચ્ચારણ કરવામાં આવે ત્યારે વધારે વાયુ બહાર નીકળતો હોવાથી મહાપ્રાણતા નામનો બાહ્ય પ્રયત્ન હોય છે. જ્યાં મહાપ્રાણપણું હોય છે ત્યાં ઉષ્મપણું હોય છે.

(त०प्र०) यदा सर्वाङ्गानुसारी प्रयत्नस्तीव्रो भवति तदा गात्रस्य निग्रहः कण्ठबिलस्य चाणुत्वं स्वरस्य च वायोस्तीव्रगतित्वाद् रौक्ष्यं भवति तमुदात्तमाचक्षते । यदा तु मन्दः प्रयत्नो भवति तदा गात्रस्य स्रंसनं कण्ठबिलस्य च महत्त्वं स्वरस्य च वायोर्मन्दगतित्वात् स्निग्धता भवति तमनुदात्तमाचक्षते । उदात्ताऽनुदात्तस्वरसंनिपातात् स्वरित इत्येष कृत्स्नो बाह्यः प्रयत्न इति । अथवा विवारादयो वर्णनिष्पत्तिकालादूर्ध्वं वायुवशेनोत्पद्यन्ते, स्पृष्टतादयस्तु स्थानाऽऽस्यप्रयत्नव्यापारेण वर्णोत्पत्तिकाल एवेति वर्णनिष्पत्तिकालभावाऽभावाभ्यां विवारादीनां बाह्यत्वम्, स्पृष्टतादीनां चाभ्यन्तरत्वम् ।

અનુવાદ :- જ્યારે બધા જ અંગને અનુસરનારો એવો તીવ્ર પ્રયત્ન થાય છે ત્યારે શરીરનો નિગ્રહ થાય છે અને તે સમયે કંઠબિલ નાનું થાય છે. આ સમયે વાયુની તીવ્ર ગતિ હોવાથી સ્વરનું કર્કશપણું થાય છે. આવો પ્રયત્ન ઉદાત્ત પ્રયત્ન કહેવાય છે. ગુસ્સામાં આવીને જે સ્વરોનું ઉચ્ચારણ થાય છે તે ઉદાત્ત પ્રયત્નવાળા સ્વરો કહેવાય છે.

જ્યારે સર્વ અંગને અનુસરનારો એવો મંદ પ્રયત્ન થાય છે ત્યારે શરીર શિથિલ થાય છે અને કંઠબિલ મોટુ થાય તથા વાયુની મંદગતિ હોવાથી સ્વરનું મધુરપણું થાય છે અને તે જ અનુદાત્ત નામનો પ્રયત્ન કહેવાય છે. જ્યારે અનુદાત્ત પ્રયત્નથી સ્વરો બોલવામાં આવે છે ત્યારે વાણીમાં મીઠાશ અનુભવાય છે. જ્યારે ઉદાત્ત અને અનુદાત્ત પ્રયત્નનું મિશ્રણ થાય છે ત્યારે સ્વરિત નામનો બાહ્ય પ્રયત્ન થાય છે. આ પ્રમાણે ઉપર કહેલા બધા જ બાહ્ય પ્રયત્નો છે.

વર્ણની પ્રાપ્તિ પછી વાયુના વશથી વિવાર વગેરે બાહ્ય પ્રયત્નો ઉત્પન્ન થાય છે તથા સ્થાન અને આસ્યપ્રયત્નના વ્યાપારવડે વર્ણની ઉત્પત્તિ સમયે જ જે પ્રયત્નો થાય છે, તે સ્પૃષ્ટતા વગેરે

અભ્યન્તર પ્રયત્નો છે. આ પ્રમાણે વર્ણની ઉત્પત્તિના કાળનો ભાવ હોય ત્યારે અભ્યન્તર પ્રયત્ન હોય છે તથા વર્ણની ઉત્પત્તિ થઈ ગયા પછી વર્ણની ઉત્પત્તિના કાળનો અભાવ થવાથી વિવાર વગેરે બાહ્ય પ્રયત્નો તથા સ્પૃષ્ટતા વગેરે અભ્યન્તર પ્રયત્નો છે.

(त०प्र०) तत्र वर्गाणां प्रथम-द्वितीयाः श-ष-स-विसर्ग-जिह्वामूलीयोपध्मानीयाश्च विवृतकण्ठाः श्वासानुप्रदाना अघोषाः। वर्गाणां तृतीय-चतुर्थ-पञ्चमा अन्तस्था हकाराऽनुस्वारौ च संवृतकण्ठा नादानुप्रदाना घोषवन्तः। वर्गाणां प्रथम-तृतीय-पञ्चमा अन्तस्थाश्चाल्पप्राणाः। इतरे सर्वे महाप्राणाः।

અનુવાદ :- હવે, દરેક વ્યંજનોના બાહ્ય પ્રયત્નો કયા કયા છે તેનો સમુદિત બોધ કરાવે છે. વર્ગોનો પ્રથમ અક્ષર તથા દ્વિતીય અક્ષર તેમજ श, ष, स તથા વિસર્ગ તેમજ જિહ્વામૂલીય તેમજ ઉપધ્માનીય વર્ણો વિવારકંઠ (विवृतकण्ठ) તેમજ શ્વાસ (અનુપ્રદાન) તથા અઘોષ સ્વરૂપ બાહ્ય પ્રયત્નવાળા છે. વર્ગનો ત્રીજો વર્ણ, ચોથો વર્ણ અને પાંચમો વર્ણ તથા અન્તસ્થા તેમજ हकार તથા અનુસ્વાર આટલા વ્યંજનો સંવૃત કંઠ તેમજ નાદ, અનુપ્રદાન તથા ઘોષવત્ સ્વરૂપ બાહ્ય પ્રયત્નવાળા છે. વર્ગનો પહેલો વ્યંજન, ત્રીજો વ્યંજન અને પાંચમો વ્યંજન તથા અન્તસ્થા (य, र, ल, व) આ બધા જ વ્યંજનો અલ્પપ્રાણ સ્વરૂપ બાહ્ય પ્રયત્નવાળા છે તેમજ બાકીના બધા જ વ્યંજનો મહાપ્રાણ પ્રયત્નવાળા છે. (બધા સ્વરો તો ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત સ્વરૂપ બાહ્ય પ્રયત્નવાળા છે.)

(त०प्र०) स्थानग्रहणं किम् ? क-च-ट-त-पानां तुल्याऽऽस्यप्रयत्नानामपि भिन्नस्थानानां मा भूत्, किञ्च स्यात् ? 'तर्प्ता, तर्प्तुम्' इत्यत्र "धुटो धुटि स्वे वा" [१.३.४८.] इति पकारस्य तकारे लोपः स्यात्।

અનુવાદ :- સૂત્રમાં "स्थान" શબ્દના ગ્રહણનું પ્રયોજન બતાવે છે. જો "स्थान" શબ્દનું ગ્રહણ ન કર્યું હોત તો સમાન એવો મુખમાં પ્રયત્ન જેઓનો છે, એવા क, च, ट, त, प વગેરે ભિન્ન સ્થાનવાળા વ્યંજનોની પણ સ્વસંજ્ઞા થાત. આ વ્યંજનોની જો સ્વસંજ્ઞા થાત તો तर्प्ता, तर्प्तुम् વગેરે પ્રયોગોમાં "धुटो धुटि स्वे वा" (૧/૩/૪૮) સૂત્રથી पकारनો तकार પર છતાં લોપ થાત.

(त०प्र०) आस्यप्रयत्नग्रहणं किम् ? चवर्ग-यशानां तुल्यस्थानानामपि भिन्नाऽऽस्यप्रयत्नानां मा भूत्, किञ्च स्यात् ? 'अरुश् श्च्योतति' इत्यत्र "धुटो धुटि स्वे वा" [१.३.४८.] इति शकारस्य चकारे लोपः स्यात्। स्वप्रदेशाः-"इवर्णादेरस्वे स्वरे यवरलम्" [१.२.२१.] इत्यादयः ॥१७॥

અનુવાદ :- સૂત્રમાં आस्यप्रयत्न શબ્દનું ગ્રહણ ન કર્યું હોત તો શું થાત ? એના અનુસંધાનમાં જણાવે છે : જો आस्यप्रयत्न શબ્દ ગ્રહણ કરાયો ન હોત તો તુલ્યસ્થાનવાળા એવા च વર્ગ य તેમજ शकारની પણ સ્વસંજ્ઞા થાત, પરંતુ આસ્ય પ્રયત્ન ભિન્ન ભિન્ન હોવાથી સ્વસંજ્ઞા તો ન થવી જોઈએ છતાં પણ આ વ્યંજનોની સ્વસંજ્ઞા થઈ જાત અને સ્વસંજ્ઞા થાય તો अरुश् श्च्योतति પ્રયોગમાં धुटो धुटि स्वे वा (૧/૩/૪૮) સૂત્રથી शकारનો चकार પર છતાં લોપ થાત.

સ્વસંજ્ઞાના ઉદાહરણ સ્થળો "इवर्णादेरस्वे स्वरे यवरलम्" (૧/૨/૨૧) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

तुल्येत्यादि-(तुल्यस्थानाऽऽस्यप्रयत्नः-) तुल्यशब्दः परित्यक्तावयवार्थः सदृशपर्यायोऽत्राङ्गीक्रियते, तथाहि-'तुल्य' इत्युक्ते सदृश इति प्रत्ययो भवति; न तु तुलया सम्मितमिति व्युत्पत्त्यर्थोऽप्युपादीयते ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

સૌ પ્રથમ આચાર્ય ભગવંત સૂત્રના તમામ શબ્દોની વ્યુત્પત્તિ બતાવે છે એમાં પણ પ્રથમ तुल्य શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : ત્યાગ કરાયો છે અવયવ અર્થ જેનો એવો આ तुल्य શબ્દ છે. અવયવ દ્વારા જો શબ્દોના અર્થનો બોધ થાય તો એવો શબ્દ વ્યુત્પત્તિ અર્થવાળો કહેવાય છે. દા.ત. पाचक. અહીં पच् ધાતુ રાંધવું અર્થવાળો છે તેમજ "णक" પ્રત્યય કર્તા અર્થમાં લાગ્યો છે. આથી બે અવયવના અર્થના જોડાણથી पाचक શબ્દનો અર્થ રાંધવાની ક્રિયા કરનારો એ પ્રમાણે થાય છે. આ પ્રમાણે पाचक શબ્દનો અર્થ ગ્રહણ કરેલા અવયવ અર્થવાળો થશે, પરંતુ અહીં ગ્રહણ કરેલો तुल्य શબ્દ पाचक શબ્દ જેવો નથી. માટે જ આચાર્ય ભગવંતે લખ્યું છે કે तुल्य શબ્દ ત્યાગ કરેલા અવયવ અર્થવાળો છે. આથી સદશ અર્થવાળો तुल्य શબ્દ અહીં ગ્રહણ કરાય છે. જો અવયવ અર્થવાળો तुल्य શબ્દ હોત તો तुलया सम्मितम् (ત્રાજવાવડે મપાયેલ) એવા અર્થમાં तुला શબ્દને તદ્ધિતનો य પ્રત્યય લાગતા तुल्य શબ્દ બનત અને એ પ્રમાણે तुल्य શબ્દનો અર્થ ત્રાજવાવડે મપાયેલ ધાન્ય વગેરે થાત, પરંતુ બોલાયેલા શબ્દો તો ત્રાજવાવડે માપી શકાતા નથી. આથી આચાર્ય ભગવંત કહે છે કે આવો વ્યુત્પત્તિ અર્થ तुल्य શબ્દનો અમે અહીં ગ્રહણ કર્યો નથી.

(श०न्या०) तिष्ठन्ति वर्णा अस्मिन्निति "करणाधारे" [५.३.१२९.] अनटि स्थानम् । अस्यति परिणमयत्यनेन वर्णानिति "ऋवर्ण-व्यञ्जनाद्०" [५.१.१७.] इति बहुलवचनात् करणे ध्यणि आस्यम् । प्रयतनं 'यजि-स्वपि-रक्षि-यति-प्रच्छो नः' [५.३.८५.] इति ने, प्रयत्नः, ततस्तत्पुरुषगर्भद्वन्द्वगर्भो बहुव्रीहिः ।

અનુવાદ :- હવે, સ્થાન શબ્દનો અર્થ બતાવે છે : વર્ણો જેમાં રહે છે એ અર્થમાં "स्था" ધાતુને करणाधारे (૫/૩/૧૨૯) સૂત્રથી अनट् પ્રત્યય થતાં स्थानम् શબ્દ થાય છે.

હવે आस्य શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે, જેનાવડે વર્ણોનું પરિણમન કરાય છે. એવા અર્થમાં अस् ધાતુને "ऋवर्णव्यञ्जनाद्०" (૫/૧/૧૭) સૂત્રથી बहुलम्ના સામર્થ્યથી કરણમાં घ्यण् પ્રત્યય થવાથી आस्यम् શબ્દ બને છે.

હવે प्रयत्न શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : "प्र + यत्" ધાતુને ભાવમાં "यजि - स्वपि - रक्षि... (૫/૩/૮૫) સૂત્રથી "न" પ્રત્યય થતાં प्रयत्न શબ્દ બને છે. જેનો અર્થ વ્યાપાર કરવો એ પ્રમાણે થાય છે. હવે સૂત્રના સમાસોનું વિભાજન કરીને અર્થ બતાવે છે : "आस्ये प्रयत्नः = आस्यप्रयत्नः" આ પ્રમાણે સપ્તમી તત્પુરુષ સમાસ થયો છે. તથા स्थानम् च आस्यप्रयत्नः च इति स्थानास्यप्रयत्नौ આ પ્રમાણે इतरेतर द्वन्द्व સમાસ થાય છે. હવે "तुल्यौ स्थानास्यप्रयत्नौ यस्य स इति तुल्यस्थानास्यप्रयत्नः स्वः" એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થવાથી સ્વસંજ્ઞાવાળા અન્ય પદાર્થ સ્વરૂપ વર્ણો થશે. હવે સંપૂર્ણ સૂત્રનો સમુદિત અર્થ આ પ્રમાણે થશે. તુલ્ય છે સ્થાન અને મુખમાં પ્રયત્ન જે વર્ણોનો તે વર્ણો સ્વસંજ્ઞાવાળા થાય છે. આ પ્રમાણે તત્પુરુષ જેના ગર્ભમાં છે તથા द्वन्द्व સમાસ જેના ગર્ભમાં છે એવો બહુવ્રીહિ સમાસ થયો છે.

આ સ્વસંજ્ઞાના અનુસંધાનમાં પાણિની વ્યાકરણમાં तुल्यास्यप्रयत्नं सवर्णम् (૧/૧/૯) સૂત્ર આવે છે. એમના સૂત્રમાં સ્થાન શબ્દને ગ્રહણ કરવામાં આવ્યો નથી. જિજ્ઞાસુઓએ આ અંગેની ચર્ચા મહર્ષિ पतञ्जलि प्रणीत વ્યાકરણ મહાભાષ્યમાં જોવા યોગ્ય છે. જ્યાં आस्य શબ્દનો "आस्ये भवम्" વ્યુત્પત્તિ દ્વારા સ્થાન અર્થ પણ કરવામાં આવ્યો છે છતાં પણ આચાર્ય ભગવંતે સ્થાન શબ્દને પૃથગ્ ગ્રહણ કરીને ગૌરવ પસંદ કર્યું છે. તે સહેતુક છે એની ચર્ચા આગળ આવશે.

(श०न्या०) यत्रेति स्थानं व्याचष्टे । **(पुद्गलस्कन्धस्य)** स्पर्श-रस-गन्ध-वर्णवन्तः 'पूरणात् पालनाद् वा पुतः, गलनाद् गलाः' पुद्गलाः, तेषां स्कन्धः-अनन्तप्रदेशात्मकः सङ्घातः, **(वर्णभावापत्तिः-)** वर्णस्याऽक्षररूपस्य भावो भवनम्, तस्याऽऽपत्तिः प्राप्तिर्वर्णरूपेण परिणामो यत्र प्रदेशे भवति **तत् स्थानम्;** आत्मलाभमापद्यमाना वर्णा यस्मिँस्तिष्ठन्ति तद्वर्णोत्पत्तिस्थानत्वात् स्थानमिति भावः । तच्च **कण्ठादि,** आदिशब्दस्य प्रकारार्थत्वादुरःप्रभृतीनां परिग्रहः । एतदेव **यदाहु**रित्यनेन दर्शयति ।

અનુવાદ :- બૃહદ્વૃત્તિ ટીકામાં સૌ પ્રથમ यत्र શબ્દ લખવામાં આવ્યો છે. જેનો અર્થ સ્થાનમાં થાય છે. હવે पुद्गलस्कन्धस्य શબ્દનો અર્થ બતાવે છે. વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શવાળા જે હોય તે પુદ્ગલો છે, જેનું પૂરણ અને ગલન થયા કરે છે, તેને પુદ્ગલ કહેવાય છે તથા આ પુદ્ગલોનો

અનંત પ્રદેશ સ્વરૂપ જે સમૂહ તે સ્કન્ધ કહેવાય છે. આમ વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શવાળા પુદ્ગલોનો અનંત પ્રદેશ સ્વરૂપ સમૂહ જે છે તે જ વર્ણ સ્વરૂપ થાય છે.

હવે वर्णाभावापत्तिः શબ્દનો અર્થ બતાવે છે वर्ण એટલે અક્ષર તથા भाव એટલે થવું તેમજ आपत्तिः એટલે પ્રાપ્તિ. અક્ષર સ્વરૂપ વર્ણ થવાની જે પ્રાપ્તિ અર્થાત્ પુદ્ગલો વર્ણ સ્વરૂપથી જે પ્રદેશમાં થાય છે તેને સ્થાન કહેવાય છે. સ્વરૂપના લાભની પ્રાપ્તિ કરાવતા એવા વર્ણો જે સ્થાનમાં ઉત્પન્ન થાય છે તેને સ્થાન કહેવાય છે. વર્ણના ઉત્પત્તિ સ્થાનપણાંથી તેને સ્થાન કહેવાય છે તે કંઠ વગેરે છે. आदि શબ્દ પ્રકાર અર્થવાળો હોવાથી आदिथी ઉર વગેરે સ્થાનોને ગ્રહણ કરવા અને આ જ વસ્તુ यदाहुः પંક્તિ દ્વારા આચાર્ય ભગવંત બૃહદ્વૃત્તિ ટીકામાં જણાવે છે. એ પાણિનીય શિક્ષા શ્લોક ૧૩નું ભાષાંતર અમે બૃહદ્વૃત્તિટીકામાં જણાવેલ છે.

(શ૦ન્યા૦) अयमभिप्रायः-आत्मा ह्यनादिकर्मसन्तानसन्ततौ वीर्यान्तरायक्षयक्षयोपशम-जनितलब्धिमूलेन मनोवाक्कायसम्बन्धसमासादिताऽऽत्मलाभेन द्रव्य-क्षेत्र-काल-भाव-भवसमापादितवैषम्येणाऽऽत्मपरिणामेन परिणामालम्बनग्रहणसाधकेन योगाऽऽख्येन वीर्येणाञ्जन-चूर्णपूर्णसमुद्गक-वदेक-द्वि-त्र्यादिसंख्येयाऽसंख्येयाऽनन्ताऽनन्तवर्गणाऽऽत्मकप्रदेशैर्दृश्यैर-दृश्यैश्च पुद्गलैरवगाढनिचिते समन्ततो जगति वर्णपरिणामयोग्यानन्तप्रदेशान् पुद्गलानुपादाय तत्र तत्र स्थाने तं तं वर्णं परिणमय्याऽऽलम्ब्य विसृजति, यथा प्राणाऽपानतयेति ।

અનુવાદ :- પુદ્ગલના સ્કંધોવડે વર્ણોની ઉત્પત્તિ થાય છે. તેના સંબંધમાં હવે આચાર્ય ભગવંત જણાવે છે. વિશેષણો રહિત આ બધી જ પંક્તિઓનો મુખ્ય અર્થ આ પ્રમાણે થશે. પુદ્ગલોથી પરિપૂર્ણ એવા આ જગતમાં આત્મા વીર્યવડે અનંત પ્રદેશવાળા પુદ્ગલોને ગ્રહણ કરીને તે તે સ્થાનમાં તે તે વર્ણ તરીકે પરિણમાવીને અને તેનું જ આલંબન લઈને છોડે છે. જેમ કે શ્વાસોશ્વાસ પર્યાપ્તિવડે જીવ શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલો લઈ અને એ પુદ્ગલોના આલંબનથી જ એ પુદ્ગલોને છોડે છે.

હવે જુદાં જુદાં વિશેષણો સહિત આ પંક્તિઓનો અર્થ જણાવાય છે. અંજન ચૂર્ણથી પૂર્ણ પેટીની જેમ એક-બે-ત્રણ વગેરે તથા સંખ્યાત-અસંખ્યાત તેમજ અનંત-અનંત વર્ગણા સ્વરૂપ દૃશ્ય અને અદૃશ્ય પુદ્ગલોવડે ઠાંસી-ઠાંસીને ભરેલા એવા સમસ્ત જગતમાં આત્મા વીર્યવડે પુદ્ગલોને ગ્રહણ કરીને છોડે છે અને વીર્ય કેવું છે એના સંદર્ભમાં વિશેષણો દ્વારા અર્થને બતાવે છે. અનાદિ કર્મ પરંપરાના પ્રવાહમાં વીર્યાન્તરાય કર્મના ક્ષય અને ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી લબ્ધિ સ્વરૂપ શક્તિવાળું આ વીર્ય છે. આ લબ્ધિવીર્ય મન, વચન અને કાયાના સંબંધથી પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરે છે, જેને ઉપયોગવીર્ય પણ કહેવાય છે. આ ઉપયોગવીર્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ

અને ભવથી વિષમપણાંને પ્રાપ્ત કરે છે. આથી આત્માના પરિણામો પણ વિષમ થાય છે અને વિષમ એવા આત્મપરિણામથી પરિણામ સ્વરૂપ, આલંબન સ્વરૂપ, ગ્રહણ સ્વરૂપ અને સાધક સ્વરૂપ એવા યોગ નામના વીર્યવડે અનંત પ્રદેશવાળા પુદ્ગલોને જીવ ગ્રહણ કરે છે અને તે તે સ્થાનમાં વર્ણ પરિણામને યોગ્ય એવા અનંત પ્રદેશવાળા પુદ્ગલોને તે તે વર્ણ સ્વરૂપે પરિણમાવીને અને તેનું જ આલંબન લઈને છોડે છે.

લબ્ધિવીર્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વિષમપણાંને પ્રાપ્ત કરે છે તથા પરિણામ, આલંબન, ગ્રહણ અને સાધક એવા યોગ નામના વીર્યવડે એ પ્રમાણેની જે પંક્તિઓ છે એને અમે બોધ કરાવવા માટે સ્પષ્ટ કરીએ છીએ. જે આત્માને લબ્ધિવીર્ય પ્રાપ્ત થાય છે. તે આત્મા મન, વચન, કાયાનું આલંબન લઈને જો એના હાથમાં અલગ અલગ દ્રવ્યો આવે છે, તો ઉપયોગ ભિન્ન ભિન્નપણાંને પ્રાપ્ત કરે છે. દરેક જીવ પાસે કંઈકને કંઈક શક્તિ લબ્ધિ સ્વરૂપે રહેલી હોય છે. હવે એ જીવના હાથમાં જો દડો આવે છે તો શક્તિનો ઉપયોગ રમતો રમવામાં કરે છે. વળી, જો મુહપત્તિ, ચરવળો અને કટાસણું આવે તો એની શક્તિનો ઉપયોગ સમતા વગેરેની પ્રાપ્તિમાં થશે. આમ દ્રવ્ય, ઉપયોગવીર્યમાં વિષમતાને કરે છે. એ જ પ્રમાણે ધર્મનું ક્ષેત્ર જો જીવને મળી જાય તો હકારાત્મક શક્તિનો ઉપયોગ થઈ શકશે તથા વ્યસનોનું ક્ષેત્ર મળી જાય તો નકારાત્મક શક્તિનો ઉપયોગ થશે. એ પ્રમાણે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ તથા ભવને કારણે ઉપયોગવીર્ય અલગ અલગ અવસ્થાઓને પ્રાપ્ત કરે છે. હવે યોગના ચાર વિશેષણો લખ્યા છે : (૧) પરિણામ સ્વરૂપ યોગ, (૨) આલંબન સ્વરૂપ યોગ, (૩) ગ્રહણ સ્વરૂપ યોગ, (૪) સાધક સ્વરૂપ યોગ.

દૂધમાંથી દહીં થાય છે એ પુદ્ગલની પરિણામ પામવાના સ્વભાવવાળી શક્તિ છે. એ જ પ્રમાણે આત્માને વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમથી જે શક્તિ પ્રાપ્ત થાય છે તે જો મોહનીયકર્મનું જોર વધારે હોય તો વિભાવદશામાં પરિણામ પામવાના સ્વભાવવાળી હોય છે. આત્મા કદાચ પુરૂષાર્થ કરે તો એ જ શક્તિ સ્વભાવદશામાં પરિણામ પામવાના સ્વભાવવાળી થાય છે. શક્તિના આવા વ્યાપારને પરિણામ સ્વરૂપ યોગ કહેવાય છે.

હવે, આલંબન સ્વરૂપ યોગ બતાવે છે - સરોવરમાં પથ્થર નાંખવામાં આવે છે ત્યારે તેમાં વમળ ઉત્પન્ન થાય છે. હવે પહેલા વમળની શક્તિનું આલંબન લઈને જ બીજું વમળ ઉત્પન્ન થાય છે. આથી પહેલા વમળનો વ્યાપાર એ બીજા વમળ માટે આલંબનરૂપ યોગ બને છે. એ પ્રમાણે આત્મામાં અલ્પ એવા લોભમાં પ્રવર્તતી શક્તિ એ જ શક્તિનું આલંબન લઈને ક્યારેક અધિક લોભમાં પરિવર્તન પામે છે. અહીં અધિક લોભ માટે અલ્પ લોભમાં પ્રવર્તેલી શક્તિ આલંબનરૂપ બને છે.

હવે, ગ્રહણ સ્વરૂપ યોગ બતાવે છે : અનાજ દળવાની ઘંટીમાં દળવાની શક્તિ છે. પરંતુ આ દળવાની શક્તિ અનાજને ગ્રહણ કરીને જ પ્રવર્તે છે. આથી આવી શક્તિ ગ્રહણ કરવાના સ્વભાવવાળી હોય છે. તે જ પ્રમાણે આત્મામાં રહેલી પર્યાપ્તિ સ્વરૂપ શક્તિઓ પુદ્ગલોને ગ્રહણ કરે તો જ પ્રવર્તી શકે છે. જેમ કે આહાર પર્યાપ્તિ. આહાર વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને જ પ્રવર્તી શકે છે. આથી આવા વ્યાપારો ગ્રહણ સ્વરૂપ યોગ કહેવાય છે.

હવે સાધક સ્વરૂપ યોગને વિશે કહે છે : કુંભારનો વ્યાપાર ઘટને પ્રાપ્ત કરાવે છે. કુંભારનો આવો વ્યાપાર તે સાધક વ્યાપાર કહેવાય છે. એ જ પ્રમાણે આત્માનો જે જે વ્યાપાર ગુણ અથવા તો દોષોની પ્રાપ્તિ કરાવે તે બધો જ વ્યાપાર સાધક સ્વરૂપ યોગ કહેવાય છે.

(श०न्या०) पुद्गलपरिणामत्वं च वर्णानां बाह्येन्द्रियप्रत्यक्षत्वाद् बाह्यादिभिः प्रतिहन्यमानत्वाच्च गन्धवत् । न च गोत्वादिसामान्येन व्यभिचारः, तस्यापि सदृशपरिणामरूपतया पुद्गलपरिणामत्वादिति ।

અનુવાદ :- હવે આચાર્ય ભગવંતશ્રી વર્ણો એ પુદ્ગલના પરિણામ સ્વરૂપ છે એવું અનુમાન પ્રયોગ દ્વારા સિદ્ધ કરે છે - વર્ણો એ પક્ષ છે. પુદ્ગલનો પરિણામ એ સાધ્ય છે તથા બહિર્ ઇન્દ્રિયથી (શ્રોત્રેન્દ્રિયથી) પ્રત્યક્ષપણું હોવાથી એ હેતુ છે. જેમાં જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય તે પુદ્ગલો કહેવાય છે. પુદ્ગલો વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા છે. માટે જ બહિર્ ઇન્દ્રિયથી પુદ્ગલોનું પ્રત્યક્ષ થઈ શકે છે. અહીં કદાચ કોઈ શંકા કરે કે,મૃગજળનું પ્રત્યક્ષ પણ બહિર્ ઇન્દ્રિય (ચક્ષુ ઇન્દ્રિય)થી થાય છે, પરંતુ તેમાં તો પુદ્ગલનું પરિણામપણું નથી. આથી હેતુ સાધ્યનો વિરોધી બન્યો. મૃગજળ એ અસત્ પદાર્થ છે. આથી પ્રથમ હેતુથી વર્ણમાં પુદ્ગલ પરિણામપણું સિદ્ધ થઈ શકતું નથી. આ આપત્તિને ધ્યાનમાં રાખીને આચાર્ય ભગવંત વર્ણમાં પુદ્ગલ પરિણામપણું સિદ્ધ કરવા માટે बाह्यादिभिः प्रतिहन्यमानत्वात् - એ પ્રમાણે બીજો હેતુ આપે છે જે જે વસ્તુઓને બાહ્ય સાધનોથી હણી શકાય અથવા તો અટકાવી શકાય તે તે વસ્તુઓ પુદ્ગલ સ્વરૂપ હોય છે. મૃગજળને બાહ્ય કોઈપણ સાધનોથી હણી શકાતું નથી અથવા તો અટકાવી શકાતું નથી. આ પ્રમાણે બીજા હેતુથી મૃગજળ વગેરે અસત્ પદાર્થોમાં આપત્તિ આવતી નથી. આ આખા અનુમાન પ્રયોગને અન્તે ઉદાહરણ તરીકે ગંધ નામનો ગુણ રહ્યો છે. ગંધ ઘ્રાણેન્દ્રિયથી પ્રત્યક્ષ થાય છે તથા ગંધ એ પુદ્ગલનો પરિણામ પણ છે. આથી શબ્દમાં પણ પુદ્ગલનો પરિણામ છે એવું ઉપરોક્ત હેતુથી સિદ્ધ થાય છે કારણ કે શબ્દ એ શ્રોત્રેન્દ્રિયથી પ્રત્યક્ષ થઈ શકે છે. વળી, બાહ્ય સાધનોથી શબ્દોને અટકાવી પણ શકાય છે. આથી શબ્દમાં પુદ્ગલ પરિણામપણું સિદ્ધ થાય છે. હજી પૂર્વપક્ષ દોષ આપે છે. ગોત્વ વગેરે સામાન્ય એ બહિર્ ઇન્દ્રિયથી પ્રત્યક્ષ થઈ શકે છે. કારણ કે તર્કસંગ્રહમાં એક સિદ્ધાંત આવે છે કે, જે ઇન્દ્રિયથી

જેનું પ્રત્યક્ષ થાય તે ઇન્દ્રિયથી તેમાં રહેલી જાતિનું પણ પ્રત્યક્ષ થઈ શકે છે. આથી ગોત્વનું પ્રત્યક્ષ પણ બહિર્ ઇન્દ્રિયથી થઈ શકે છે છતાં પણ તેમાં પુદ્ગલ પરિણામપણાં સ્વરૂપ સાધ્ય રહેતું નથી. આથી હેતુ સાધ્યમાં પણ રહે છે અને સાધ્યની બહાર પણ રહે છે. આ પ્રમાણે વ્યભિચાર નામનો દોષ આવે છે. આના અનુસંધાનમાં આચાર્ય ભગવંત કહે છે કે ગોત્વાદિ સામાન્યમાં વ્યભિચાર આવતો નથી કારણ કે ગોત્વ એ પણ ગાયના સમાન પરિણામ સ્વરૂપ જ છે. જે પ્રમાણે ગાય છે તેમ ગોત્વ પણ ગાય સ્વરૂપ જ છે. જાતિ એ આકૃતિ સ્વરૂપ હોવાથી જાતિને પણ પુદ્ગલ પરિણામ સ્વરૂપ જ કહી શકાય છે. માટે જેમ હેતુ ગોત્વમાં રહે છે એમ સાધ્ય પણ ગોત્વમાં રહી શકશે. આ પ્રમાણે કોઈ દોષ આવતો નથી. આ પ્રમાણે અનુમાનપ્રયોગ દ્વારા વર્ણો પુદ્ગલના પરિણામસ્વરૂપ સિદ્ધ થાય છે.

(श०न्या०) किञ्च-क्वचिदयं शब्दः काञ्चिद् दिशमुद्दिश्योच्चार्यमाणः पवनबलवशादर्कतूलराशिरिव दिगन्तरं प्रति गमनमास्कन्दति, क्वचिच्च गिरिगुहा-गह्वरादिषु पाषाणवत् प्रतिहतनिवृत्तः सन् प्रतिश्रुद्भाव(प्रतिशब्दभाव)मापद्य उच्चारयितुरेव श्रवणान्तरमनुप्रविशति, तथा क्वचिन्नकुलबिलादिषु कुल्याजलमिवावरुध्यते, क्वचिदपि वंशविवरादिषु मुक्तार्द्धमुक्ताद्यङ्गुलिप्रयोगभेदेनानेकधा विकारमुपयाति, तथा कंसादिषु पतितः सन् तदभिघाताद् ध्वन्यन्तरप्रादुर्भावकारणं भवति, क्वचिच्च परुषप्रयोगजनितः सन् दण्डघात इव कर्णपीडामुत्पादयति, तथा क्वचिद् गतिज(क्वचिदतिजव)बहलहयखरखुरपुटादिजातवेगः सन् घनान्यपि द्रव्याणि भिनत्ति, एवंप्रकारस्य विकारस्य पुद्गलपरिणामभाविनो दर्शनादनुमिमीमहे-पुद्गलपरिणामः शब्द इति ।

અનુવાદ :- હવે શબ્દો બાહ્ય સાધનોથી અવરોધને કેવી રીતે પ્રાપ્ત કરે છે ? તે જણાવે છે : ક્યાંક કોઈક દિશાને ઉદ્દેશીને ઉચ્ચારણ કરાયેલો એવો આ શબ્દ પવનના બળથી રૂના સમૂહની જેમ અન્ય દિશા પ્રત્યે ગતિ કરે છે. પથ્થર જેમ પર્વત, ગુફા વગેરેને વિશે અથડાઈને પાછો પડે છે તેમ કોઈક સ્થાનમાં ઉચ્ચારણ કરાયેલો શબ્દ પર્વત, ગુફા, ખાડી વગેરેને વિશે અથડાઈને પાછો ફરતો એવો પડઘા સ્વરૂપને પ્રાપ્ત થઈને ઉચ્ચારણ કરનારના અન્ય શ્રવણના સંબંધવાળો થાય છે. જે પ્રમાણે નીકનું પાણી નોળીયાના દર વગેરેને પ્રાપ્ત કરીને મંદગતિવાળું થાય છે અથવા તો અવરોધવાળું થાય છે એ જ પ્રમાણે શબ્દો પણ દિવાલ વગેરેને પ્રાપ્ત કરીને અવરોધવાળાં થાય છે. વાંસળીના છિદ્રને વિશે પ્રાપ્ત થયેલો શબ્દ મુક્ત થયેલી અને અર્ધમુક્ત થયેલી આંગળીવડે અનેક પ્રકારના વિકારને પ્રાપ્ત કરે છે. ઘંટ વગેરેને વિશે પ્રાપ્ત થયેલો શબ્દ અન્ય અન્ય ધ્વનિની ઉત્પત્તિનું કારણ બને છે તથા કઠોરતાથી ઉત્પન્ન થયેલો શબ્દ દંડના ઘાતની જેમ કર્ણપીડાને ઉત્પન્ન કરે છે. ક્યાંક અત્યન્ત શીઘ્રતાથી દોડતા ઘોડાઓ અને ગધેડાઓની ખુરાથી ઉત્પન્ન થયેલો શબ્દ વેગવાળો હોતે છતે ઘન એવા દ્રવ્યને પણ ભેદી નાંખે છે અર્થાત્

તીવ્રતાથી ઉત્પન્ન થયેલો ધ્વનિ ઘન એવા દ્રવ્યોને પણ ભેદી નાખે છે. જો શબ્દ પુદ્ગલ સ્વરૂપ ન હોય તો આવા પ્રકારના પરિણામો પ્રાપ્ત થાત નહીં. આથી જ અમે કહીએ છીએ કે શબ્દ એ પુદ્ગલના પરિણામ સ્વરૂપ જ છે.

(श०न्या०) यदाहुरिति परोक्तेन स्वोक्तमेव द्रढयति । आस्यं व्याचष्टे-**अस्यत्यनेने**ति-किं पुन-स्तत् ? लौकिकम्-'पशुः' 'अपत्यम्' 'देवता' इत्यादिवत् प्रसिद्धम्, अत आह-**ओष्ठात् प्रभृती**ति-ग्रीवायामुन्नतप्रदेशः काकलकसंज्ञकः कण्ठमणिः । यद्यप्याऽऽस्ये भवम् "दिगादि-देहांशाद्०" [६.३.१२४.] इति ये कृते "अवर्णेवर्णस्य" [७.४.६८.] इत्यकारलोपे "व्यञ्जनात् पञ्चमान्तस्था०" [१.३.४७.] इति यलोपे ताल्वादिकमपि लौकिकमास्यमस्ति, तथापि योगवशात् तत्राऽऽस्यशब्दो वर्त्तते इति झटिति तत्प्रतीतेरभावान्न तत्प्रसिद्धमिति सत्यपि निमित्ते रूढिवशान्मुख एव वर्त्तते, न ताल्वादिषु, अत एव स्थानग्रहणम्, अन्यथा तद्वैयर्थ्यप्रसङ्गः ।

અનુવાદ :- यदाहुः એ પ્રમાણે પંક્તિ દ્વારા બીજાઓવડે કહેવાયેલાથી પોતાના અર્થને દઢ કરે છે. आस्य શબ્દને હવે કહે છે. આનાવડે વર્ણોને તે ફેંકે છે. એ અર્થમાં अस् ધાતુને કરણમાં ઘ્યણ્ પ્રત્યય લાગવાથી आस्य શબ્દ પ્રાપ્ત થાય છે. હવે જિજ્ઞાસા એ થાય છે કે आस्य શબ્દનો અર્થ શું કરવો ? એના જવાબમાં કહે છે કે જેમ પશુ, અપત્ય, દેવતા વગેરેનો અર્થ લોકમાં રૂઢિથી પ્રસિદ્ધ છે તે જ પ્રમાણે आस्य શબ્દનો અર્થ પણ મુખ થાય છે એવું લોકમાં પ્રસિદ્ધ છે અને લોકમાં પ્રસિદ્ધ એવો મુખ અર્થ લેવા માટે આચાર્ય ભહવંતે બૃહદ્વૃત્તિમાં લખ્યું છે કે હોઠથી શરૂ કરીને કાકલકસંજ્ઞાવાળા કંઠમણિ (જીભના ઉન્નત પ્રદેશને કંઠમણિ કહેવાય છે. ગળાના ભાગમાં આગળ રહેલો દાઢી નીચે જે ભાગ દેખાય છે, તે કંઠમણિ કહેવાય છે.) સુધીનો ભાગ જે છે તે મુખ કહેવાય છે.

આમ તો "आस्य" શબ્દનો વ્યુત્પત્તિ દ્વારા પણ અર્થ જણાય છે અને વ્યુત્પત્તિ દ્વારા જો आस्य શબ્દનો અર્થ કરવામાં આવે તો आस्य શબ્દનો સ્થાન અર્થ પણ થઈ શકે છે, તે આ પ્રમાણે "आस्ये भवम्" એ પ્રમાણે ભવ (થવું) અર્થમાં "दिगादिदेहांशाद्..." (૬/૩/૧૨૪) સૂત્રથી य પ્રત્યય થાય છે તથા आस्य + य આ અવસ્થામાં "अवर्णेवर्णस्य" (૭/૪/૬૮) સૂત્રથી आस्य શબ્દના અન્ત્ય अनो લોપ થતાં आस्य् + य થશે. હવે "व्यञ्जनात् पञ्चमान्तस्था..." (૧/૩/૪૭) સૂત્રથી य्नो લોપ થતાં आस्य શબ્દ પ્રાપ્ત થાય છે. ઉપરોક્ત વ્યુત્પત્તિથી "आस्य" શબ્દનો તાલુ વગેરે સ્થાનો એવો અર્થ પણ થઈ શકે છે છતાં પણ "आस्य" શબ્દનો શીઘ્રતાથી અર્થ કરવો હોય તો મુખ અર્થ જ ઉપસ્થિત થાય છે. તાલુ વગેરે સ્થાન સ્વરૂપ અર્થની પ્રતીતિ જલ્દીથી થતી નથી. વળી સ્વસંજ્ઞામાં સ્થાનનું નિમિત્ત પણ આવશ્યક છે. હવે જો आस्य શબ્દનો તે તે સ્થાનો એવો

અર્થ કરવામાં આવે તો સૂત્રમાં સ્થાન શબ્દ લખવાની આવશ્યકતા રહેતી નથી. આથી સૂત્રમાં સ્થાન શબ્દનું ગ્રહણ વ્યર્થ થાત. પાણિની વ્યાકરણકાર तुल्यास्यप्रयत्नम् सवर्णः (૧/૧/૯) સૂત્ર બનાવ્યું છે. ત્યાં "आस्य" શબ્દનો વ્યુત્પત્તિ અર્થ કરવા દ્વારા સ્થાન અર્થ લીધો છે અને સ્થાન અર્થ પ્રાપ્ત થઈ જતો હોવાથી સૂત્રમાં પૃથક્પણાંથી સ્થાન શબ્દ લખ્યો નથી. આમ કરવામાં આવે તો સૂત્રમાં લાઘવ અવશ્ય થાય છે છતાં પણ આચાર્ય ભગવંતે સૂત્રમાં ગૌરવ પસંદ કર્યું છે. આના કારણ તરીકે બૃહન્ન્યાસમાં આચાર્ય ભગવંતે એક હેતુ લખ્યો છે કે જલ્દીથી आस्य શબ્દનો સ્થાન અર્થ જણાતો નથી. જો आस्य શબ્દનો સ્થાન અર્થ કરવો હોય તો "योगात् रूढः बलीयसी" ન્યાય પણ અનિત્ય માનવો પડશે અથવા તો व्याख्यातः विशेषार्थः प्रतिपत्तिः ન્યાયનો સહારો લેવો પડશે. આ બધી સમસ્યાઓનું નિવારણ કરવા માટે તેમજ અર્થનો બોધ સુખપૂર્વક થઈ શકે તે કારણથી આચાર્ય ભગવંતે ગૌરવવાળું સૂત્ર પસંદ કર્યું હશે. અહીં મહર્ષિ પતંજલિ વધારે મહાન છે અથવા તો આચાર્ય ભગવંત શ્રી હેમચન્દ્રાચાર્યજી વધારે મહાન છે એવું બતાવવાનું અમારું તાત્પર્ય નથી. માત્ર તત્ત્વનો બોધ કરવા માટે જ ઉપરોક્ત અભિપ્રાય જણાવ્યો છે.

(શ૦न्या०) स चतुर्द्धेति-ननु च स्पृष्टादेर्भावः स्पृष्टतादिः (स्पृष्टस्य भावः स्पृष्टता, सा आदिर्यस्येत्यर्थः), स्पृष्टादि च करणम्, यत् कस्यचिद् वर्णस्य निष्पत्तौ परस्परमीषदनीषच्च स्पृशति, विव्रियते, संव्रियते चेति, वर्णधर्म्मो वा, वर्णोऽपि हि स्वपरिणामाऽऽलम्बनयोः स्थानकरणेन तथा स्पृश्यते, तथा चाधीयते-"स्पर्शयमवर्णकरो वायुरयस्पिण्डवत् स्थानमवपीडयति, यमाश्च कुं खुं गुं घुं इत्येवंरूपा न लोके उपयुज्यन्ते, अन्तस्थावर्णकरो वायुर्दारुपिण्डवद्, ऊष्मस्वरवर्णकरो वायुरूर्णापिण्डवद्" इति, तत् कथं स्पृष्टतादिः प्रयत्नो भवति ? प्रयत्नो हि नामाऽऽत्मनो वीर्यपरिणामरूपः संरम्भः । उच्यते-प्रयत्नहेतुकत्वात् प्रयत्नः । यद्धि यद्धेतुकं तत् तद्व्यपदेशं प्रतिपद्यते, यथा-'अन्नं वै प्राणाः' इत्यत्रान्नव्यपदेशं प्राणा इति, तत्रैवास्य रूढिरित्यवयवार्थः (आस्यान्तर्गततत्तत्स्थानेषु जिह्वाग्रादीनां वर्णाऽभिव्यञ्जकस्पर्शेषत्स्पर्श-दूरावस्थान-समीपावस्थानरूपाऽभ्यन्तरकार्यकारिप्रयत्नविशेषा एतैः पदैरुच्यन्ते। तेषामास्यवृत्तित्वमास्यान्तर्गततत्तत्स्थानेषु वायुसंयोगजनकत्वेन बोध्यम्) समुदायार्थमाह-**तुल्यो वर्णान्तरेणे**त्यादि ।

અનુવાદ :- પ્રયત્ન ચાર પ્રકારનો છે : स्पृष्टता, ईषत्स्पृष्टता, विवृतता, ईषद्विवृतता. આમ તો स्पृष्ट વગેરે પ્રયત્ન છે પરંતુ સ્પૃષ્ટ શબ્દને ભાવમાં "ता" પ્રત્યય લાગવાથી स्पृष्टता વગેરેને પણ પ્રયત્ન કહ્યા છે. જેમ गो શબ્દથી ગાયનો બોધ થાય છે એમ गोत्व શબ્દથી પણ ગાય સામાન્યનો બોધ થાય છે. એ જ પ્રમાણે स्पृष्टताथी स्पृष्ट સામાન્યનો બોધ થાય છે માટે स्पृष्टता વગેરે પણ

પ્રયત્નો કહેવાશે. હવે સ્પૃષ્ટતાદિઃ શબ્દ એ બહુવ્રીહિ સમાસ છે. સ્પૃષ્ટતા आदि यस्य स એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થતાં સ્પૃષ્ટતાદિઃ એ પ્રયત્ન થશે.

સ્પૃષ્ટ વગેરે કરણ છે. કાર્યની પ્રાપ્તિમાં જે વ્યાપારવાળું કારણ હોય તેને કરણ કહેવાય છે. અહીં વર્ણની ઉત્પત્તિમાં એકબીજાને (સ્થાન અને કરણ) પરસ્પર અલ્પ સ્પર્શે છે તથા સ્પર્શે છે અને વિસ્તાર પામે છે તેમજ સંકોચાય છે. તે અનુક્રમે સ્પૃષ્ટ વગેરે કરણો છે. સ્પૃષ્ટ, ઈષત્સ્પૃષ્ટ વગેરે કરણોથી વર્ણોની ઉત્પત્તિ થાય છે. જિહ્વા પણ વર્ણની ઉત્પત્તિમાં કારણ હોવાથી કરણ છે. જિહ્વા વર્ણની ઉત્પત્તિમાં વાયુના સ્પર્શને પ્રાપ્ત કરે છે. આથી જિહ્વા કરણ કહેવાય છે. જિહ્વા જેમ સ્પર્શને પ્રાપ્ત કરે છે તેમ વર્ણની ઉત્પત્તિમાં વર્ણ પણ સ્પર્શને પ્રાપ્ત કરે છે. માટે સ્પૃષ્ટ વગેરે વર્ણોનાં પણ ધર્મો થશે. વર્ણ પણ પોતાના પરિણમન અને આલંબનના નિમિત્તે સ્થાન અને કરણ દ્વારા તે પ્રકારે સ્પર્શ કરાય છે અર્થાત્ પોતાના પરિણમન અને આલંબનના નિમિત્તે સ્થાન અને કરણ, વર્ણને પણ તે પ્રકારે સ્પર્શે છે. 'આપિશલિ' પણ કહે છે કે વર્ણનો ધ્વનિ ઉત્પન્ન થયે છતે સ્થાન અને કરણ વગેરે પરસ્પર સ્પર્શે છે. સ્પર્શ અને યમ વર્ણને કરનાર એવો વાયુ લોખંડના ગોળાની જેમ સ્થાનને પીડે છે. વર્ણ બે પ્રકારે છે : (૧) સ્પર્શ વર્ણ (૨) યમ વર્ણ. જે વર્ણ અનુનાસિક ધર્મ રહિત છે તે સ્પર્શવર્ણ કહેવાય છે તથા જે વર્ણ અનુનાસિક ધર્મ સહિત છે, તે યમવર્ણો કહેવાય છે. અહીં બૃહદ્વૃત્તિમાં કું, ખું, ગું, ઘું વર્ણોને યમો કહ્યા છે. ત્યાં કુંથી કું, ચું, ટું, તું તથા પું વર્ણો સમજવા તથા ખુંથી ખું, છું, ઠું, થું, ફું વર્ણો યમો સ્વરૂપે સમજવા તથા ગુંથી અને ઘુંથી અનુક્રમે દરેક વર્ગના ત્રીજા અને ચોથા વ્યંજનો અનુનાસિક સહિત સમજવા. આમ, ૨૦ વર્ણો યમ સ્વરૂપે છે. આ યમ સ્વરૂપ વર્ણો લોકમાં પ્રસિદ્ધ નથી માત્ર વૈદિક પરંપરામાં આનો ઉપયોગ આવે છે. અંતસ્થા વર્ણને કરનાર એવો વાયુ લાકડાના પિંડની જેમ સ્થાનને પીડે છે. ઉષ્માક્ષર તથા સ્વર સ્વરૂપ વર્ણને કરનાર એવો વાયુ ઉનના દડાંની જેમ સ્થાનને પીડે છે. क, ख, ग, घ વગેરે ૨૫ વર્ગીય વ્યંજનો એ સ્પર્શ વ્યંજન કહેવાય છે. આ સ્પર્શ વ્યંજનની નિષ્પત્તિ કરનાર એવો વાયુ સ્થાનો ઉપર અત્યંત દબાણ કરે છે તથા અન્તસ્થા વર્ણોને કરનાર એવો વાયુ સ્થાનો ઉપર મધ્યમ દબાણ કરે છે તેમજ ઉષ્માક્ષર અને સ્વર વર્ણને ઉત્પન્ન કરનાર એવો વાયુ સ્થાનો ઉપર અત્યંત હલકું દબાણ કરે છે.

પૂર્વપક્ષ :- આમ, સ્પૃષ્ટ વગેરે કરણ છે. અથવા તો સ્પૃષ્ટતા વગેરે કરણ છે. હવે જો સ્પૃષ્ટતા વગેરે કરણ છે, તો અહીં સ્પૃષ્ટતા વગેરેને પ્રયત્ન સ્વરૂપ શા માટે કહેવામાં આવ્યા છે ? આત્માની શક્તિના પરિણામ સ્વરૂપ તીવ્રગતિવાળી ચેષ્ટાને ખરેખર પ્રયત્ન કહેવામાં આવ્યો છે અર્થાત્ આત્માની શક્તિના વપરાશને પ્રયત્ન કહેવામાં આવ્યો છે. જ્યારે અહીં સ્પૃષ્ટ અથવા તો સ્પૃષ્ટતા વગેરે સ્વરૂપ કરણને પ્રયત્ન કહેવામાં આવ્યો છે. આથી શંકા થાય છે કે સ્પૃષ્ટતા વગેરે કરણને શા માટે પ્રયત્ન કહેવામાં આવે છે ?

સમાધાન :- પ્રયત્નનું કારણ જેમ આત્મા છે, તેમ પ્રયત્નનું કારણ સ્થાન અને કરણ પણ છે. આથી સ્થાન અને કરણમાં પ્રયત્નનું કારણપણું રહ્યું હોવાથી સ્થાન અને કરણ પણ પ્રયત્ન સ્વરૂપ કહેવાય છે. જે જેના કારણવાળું હોય તે તેના કથનને પ્રાપ્ત કરે છે. દા.ત. અનાજ એ પ્રાણના કારણ સ્વરૂપ છે માટે અનાજને પણ પ્રાણ કહેવાય છે. અન્નમાં રૂઢિથી પ્રાણનો અર્થ પણ સમાયેલ છે. પ્રયત્ન શબ્દનો પણ રૂઢિથી સ્પૃષ્ટતા વગેરેમાં અર્થ જણાય છે તથા યોગિક અર્થ પણ એમાં દાખલ થાય છે. (હવે કૌંસમાં રહેલી પંક્તિઓનું ભાષાંતર કરીએ છીએ) મુખની અંદર રહેલ તે તે સ્થાનોમાં જિહ્વાગ્ર વગેરે કરણો સમ્યક્ સ્પર્શ થાય છે ત્યારે સ્પૃષ્ટતા નામનો પ્રયત્ન થાય છે તથા ઉપરોક્ત કરણો સ્થાનોને ईषत् સ્પર્શ કરે છે ત્યારે ईषत्स्पृष्टता નામનો પ્રયત્ન થાય છે અને દૂરાવસ્થાન હોય છે ત્યારે विवृतता નામનો પ્રયત્ન થાય છે. તેમજ સમીપાવસ્થાન સ્વરૂપ હોય છે ત્યારે संवृतता નામનો પ્રયત્ન થાય છે. આમ, મુખની અંદર રહેલ તે તે સ્થાનોમાં જિહ્વાગ્ર વગેરેના પ્રયત્ન વિશેષો स्पृष्टता વગેરે પદોવડે કહેવાય છે અને વર્ણોને પ્રગટ કરનાર સ્પર્શ, ઈષત્સ્પર્શ, દૂરાવસ્થાન, સમીપાવસ્થાન સ્વરૂપ અભ્યન્તર કાર્યને કરનારા એવા પ્રયત્ન વિશેષો स्पृष्टता વગેરે પદોવડે કહેવાય છે. પ્રયત્નોનું મુખમાં રહેવાપણું છે. એ મુખમાં રહેલ તે તે સ્થાનોમાં વાયુ સંયોગના કારણપણાંથી જાણવા યોગ્ય છે. હવે સમુદાય તરીકે આખા સૂત્રનો સમુદિત અર્થ બૃહદ્વૃત્તિટીકામાં લખ્યો છે.

અન્ય વર્ણની સાથે સમાન એવો સ્થાન અને आस्यમાં પ્રયત્ન જે વર્ણોનો છે તે વર્ણોની સ્વસંજ્ઞા થાય છે.

(श०न्या०) ननु 'यस्य' इति वक्तव्यम्, कथमन्यथा '**यस्य स वर्णस्तं प्रति स्वसंज्ञो भवति** इत्युच्यते ? अन्यस्य तुल्यस्थानाऽऽस्यप्रयत्नोऽन्यस्य स्वः स्यादिति (न)। न वक्तव्यम्, तुल्यशब्दस्य (सम्बन्धिशब्दत्वात्,) संबन्धिशब्दानां चायं भावः-यदसति निमित्तान्तरे सम्बन्धिन्येव प्रत्ययं जनयति। यथा-'मातरि वर्त्तितव्यम्' 'पितरि शुश्रूषितव्यम्' इति, न चोच्यते 'स्वस्यां मातरि' 'स्वस्मिन् पितरि' इति, सम्बन्धादेतद् गम्यते-या यस्य माता, यश्च यस्य पितेति, एवमिहापि यस्य यः तुल्यस्थानाऽऽस्यप्रयत्नः स तं प्रति स्वसंज्ञो भवति। यथा 'तुल्याय कन्या दातव्या' इत्युक्ते न शूद्रेण तुल्याय ब्राह्मणः कन्यां ददाति, किन्त्वात्मनः(ना), तथेहापीत्यर्थः। किञ्च, यद्यन्यस्य तुल्यस्थानाऽऽस्य-प्रयत्नोऽन्यस्य स्वसंज्ञः स्यात्, तदा स्वसंज्ञावचनमनर्थकं स्याद्, व्यवच्छेद्याभावात्। न च रेफोष्मणां स्वसंज्ञाव्यावृत्त्यर्थं भविष्यतीति वाच्यम्, रेफस्यापि रेफः स्वो भवति, रेफस्य व्यक्तीनां भूयस्त्वाद्, एवमूष्मस्वपि द्रष्टव्यमिति।

पूर्वपक्ष :- અહીં સૂત્રમાં બહુવ્રીહિ સમાસ કરવામાં આવ્યો છે એવું બૃહદ્વૃત્તિમાં જણાવેલ

છે. જો બહુવ્રીહિ સમાસનો વિગ્રહ કરવામાં આવે તો तुल्यौ स्थानास्यप्रयत्नौ यस्य स આટલો જ વિગ્રહ થવો જોઈએ, પરંતુ આચાર્ય ભગવંતે બહુવ્રીહિ સમાસનો વિગ્રહ કરતાં यस्य स वर्ण: तं प्रति स्वसंज्ञ भवति શબ્દો લખ્યા છે. આમ કેમ કર્યું ?

ઉત્તરપક્ષ :- સમાન એવા સ્થાન અને આસ્યમાં પ્રયત્નવાળો એક વર્ણ અને સમાન એવા સ્થાન અને આસ્યમાં પ્રયત્નવાળો બીજો વર્ણ એ બંનેની સ્વસંજ્ઞા ન થાઓ એને માટે ઉપરોક્ત વિગ્રહ કર્યો છે એવું કહેવા યોગ્ય નથી. દા.ત. સમાન એવા સ્થાન અને આસ્ય પ્રયત્નવાળો ककार છે. એ જ પ્રમાણે સમાન એવા સ્થાન અને આસ્ય પ્રયત્નવાળો चकार છે. આમ, "ककार" અને "चकार" બંને વર્ણની સ્વસંજ્ઞા થઈ જશે એવા ભયથી ઉપરોક્ત અલગ પ્રકારના સમાસનો વિગ્રહ કર્યો છે એવું કહેવું નહીં.

"तुल्य" શબ્દનું સંબંધી શબ્દપણું છે. આથી પોતાના સંબંધીનો જ એ બોધ કરાવશે પણ અન્યનો બોધ કરાવશે નહીં એવું જણાવવા માટે બૃહદ્વૃત્તિટીકામાં ઉપર કહેલો વિગ્રહ લખ્યો છે.

સંબંધી શબ્દોનો ભાવ આ પ્રમાણે છે. સંબંધી શબ્દો અન્ય નિમિત્તના અભાવમાં સંબંધવાળામાં જ બોધ ઉત્પન્ન કરાવે છે. દા.ત. मातरि वर्तितव्यम्, पितरि शुश्रूषितव्यम्. અહીં 'માતાને વિશે સુંદર આચરણ કરવું જોઈએ અને પિતાને વિશે સેવા કરવી જોઈએ.' આટલો જ સામાન્યથી અર્થ જણાય છે; પરંતુ પોતાની માતાને વિશે આચરણ કરવું જોઈએ તથા પોતાના પિતાને વિશે સેવા કરવી જોઈએ એવો અર્થ માતા અને પિતા સંબંધી શબ્દો હોવાને કારણે જણાઈ જાય છે. એ જ પ્રમાણે અહીં तुल्य શબ્દ પણ સંબંધી શબ્દ છે. આથી ककारની સાથે खकार વગેરે જ સ્વસંજ્ઞાવાળા થશે, પરંતુ ककारની સાથે चकार વગેરે સ્વસંજ્ઞાવાળા નહીં થાય.

જે પ્રકારે સમાનને કન્યા આપવા યોગ્ય છે એવું કહેવાયે છતે કોઈ બ્રાહ્મણ પોતાની કન્યા શુદ્રને આપવા તૈયાર થતો નથી; પરંતુ બ્રાહ્મણ પોતાની કન્યા બ્રાહ્મણ જાતિવાળાને જ આપવા તૈયાર થાય છે. तुल्य શબ્દ એ સંબંધી શબ્દ હોવાથી ઉપરોક્ત બોધ થઈ જ જાય છે.

કદાચ એમ કહેશો કે સમાન એવા સ્થાન અને આસ્ય પ્રયત્નવાળા વર્ણની સાથે બીજા કોઈક સમાન એવા સ્થાન અને આસ્ય પ્રયત્નવાળાની જો સ્વસંજ્ઞા થશે, તો બધા જ વર્ણો એકબીજાને માટે પરસ્પર સ્વસંજ્ઞાવાળા થશે અને આમ થશે તો સ્વસંજ્ઞાનું સૂત્ર નિરર્થક થશે.

પૂર્વપક્ષ :- र અને ઉષ્માક્ષરમાં તો સ્વસંજ્ઞા થતી નથી, કારણ કે એ વર્ણોમાં સમાન એવા સ્થાન અને આસ્ય પ્રયત્નવાળા વર્ણનો અભાવ છે. માટે સ્વસંજ્ઞાના વર્ણો તથા સ્વસંજ્ઞાના અભાવવાળા વર્ણો એ પ્રમાણે બંને વિભાગ શક્ય છે. માટે સ્વસંજ્ઞાનું સૂત્ર નિરર્થક થશે એવી આપત્તિ છે જ નહીં.

ઉત્તરપક્ષ :- रकारનો પણ બીજો रकार સ્વ થશે. रकार સ્વરૂપ વ્યંજન દુનિયામાં ઘણાં બધા છે તેમજ ઉષ્માક્ષરો પણ ઘણાં બધા છે. આથી બધા જ વ્યંજનો સ્વસંજ્ઞાવાળા બની જાત અને તેમ થતાં સ્વસંજ્ઞાનું સૂત્ર જ નિરર્થક થાત. આ બધી આપત્તિઓ ન આવે, માટે આપે આપેલો દોષ ઉપસ્થિત થતો નથી માત્ર તુલ્ય શબ્દ સંબંધી શબ્દ છે એવું જણાવવા માટે જ ઉપરોક્ત હકીકતો બૃહદ્વૃત્તિ ટીકામાં લખી છે.

(શ૦न्या०) ननु करणतुल्यताऽपि स्वसंज्ञाप्रयोजिका, भिन्नकरणानां स्वत्वाभावात्। तथाहि- जिह्व्य-तालव्य-मूर्धन्य-दन्त्यानां जिह्वया करणम् । कथमिति ? जिह्वामूलेन जिह्व्यानाम्, जिह्वामध्येन तालव्यानाम्, जिह्वोपाग्रेण मूर्धन्यानाम्, जिह्वाग्राधः करणं वा, जिह्वाग्रेण दन्त्यानाम्, शेषाः स्वस्थानकरणास्तत् कथमिदं नोक्तम् ? उच्यते-स्थानाऽऽस्यप्रयत्नतुल्यत्वे करणस्य तुल्यत्वाद् इत्याह-**करणं त्विति** ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- જે પ્રમાણે સ્વસંજ્ઞામાં સ્થાન અને આસ્ય પ્રયત્નની તુલ્યતા વિચારાય છે એ પ્રમાણે સ્વસંજ્ઞાના વિષયમાં કરણની તુલ્યતા પણ થવી જોઈએ. કારણ કે જે જે વર્ણો ભિન્ન ભિન્ન કરણવાળા હોય છે તે તે વર્ણોમાં સ્વસંજ્ઞા થતી નથી. આથી સ્વસંજ્ઞામાં નિમિત્ત તરીકે કરણની તુલ્યતા પણ છે; છતાં પણ કરણતુલ્યતાનો સ્વસંજ્ઞામાં સમાવેશ થયો નથી. સૂત્રકારે સ્થાન અને આસ્યપ્રયત્ન સમાન હોય તો સ્વસંજ્ઞા થાય એ પ્રમાણે કહ્યું છે, તો પછી સ્થાન, આસ્ય પ્રયત્ન અને કરણ એ ત્રણેય તુલ્ય હોય તો સ્વસંજ્ઞા થાય છે એવું શા માટે કહેવામાં આવ્યું નથી ? સ્વસંજ્ઞામાં કરણની તુલ્યતા કેવી રીતે છે એ આચાર્ય ભગવંતશ્રી બતાવે છે. જિહ્વામૂલીય વર્ણ તેમજ તાલવ્ય, મૂર્ધન્ય અને દન્ત્ય વર્ણોનું કરણ જીભ છે. જિહ્વામૂલીય વર્ણનું કરણ જીભનું મૂળ છે. તાલવ્ય વર્ણોનું કરણ જીભનો મધ્યભાગ છે, મૂર્ધન્ય વર્ણોનું કરણ જીભનો ઉપાગ્રભાગ છે અથવા તો જીભની આગળનો નીચેનો ભાગ છે. દન્ત્ય વર્ણોનું કરણ જીભનો અગ્રભાગ છે. બાકીના વર્ણોના પોતપોતાના સ્થાન, કરણ સ્વરૂપે છે. જો આ પ્રમાણે છે તો પછી જે પ્રમાણે સ્થાન અને આસ્ય પ્રયત્નનું તુલ્યપણું કહ્યું છે એમ કરણનું પણ તુલ્યપણું શા માટે નથી કહેવાયું ?

ઉત્તરપક્ષ :- સ્થાન અને આસ્ય પ્રયત્નનું તુલ્યપણું હોતે છતે કરણનું પણ તુલ્યપણું થાય છે. આ હકીકત જણાવવા માટે આચાર્ય ભગવંતશ્રીએ બૃહદ્વૃત્તિમાં करणं तु... પંક્તિઓ લખી છે જેનો અનુવાદ અમે અગાઉ કરી ગયા છીએ.

(શ૦न्या०) अथ कस्य किं स्थानं प्रयत्नो वा ? न ह्यस्येदं स्थानं प्रयत्नो वेत्यविज्ञाते तदैक्यानुवादेन विधीयमानं स्वत्वं शक्यं विज्ञातुम्, इत्यत आह-**तत्र स्थानमिति** । ननु स्थानमुपक्रान्तम्, '**अवर्ण-ह-विसर्ग...**' इत्यादिना तु स्थानिनो निर्दिष्टाः, ततश्चान्यदुपक्रान्तमन्यद्

निर्दिष्टमिति; नैष दोषः, यथा-'लोहितोष्णीषा ऋत्विजः प्रचरन्तु' इति ऋत्विक्प्रचारस्यान्यतः प्रतीतत्वाद् लोहितोष्णीषत्व एव विधिः पर्यवस्यति, एवमिहापि 'कण्ठे भवाः कण्ठ्याः' इति कण्ठ एव विधिः, एवमन्यत्रापि । यदाहुर्वाक्यविदः-"सविशेषणौ हि विधि-निषेधौ विशेषणमुपसंक्रामतः" इति । उपायानामप्राधान्यख्यापनार्थं चैवं निर्देश इति ।

અનુવાદ :- હવે શંકા થાય છે કે, કયા વર્ણનું કયું સ્થાન અથવા તો કયો પ્રયત્ન છે ? એ ન જણાય ત્યાં સુધી સ્થાન અને આસ્યપ્રયત્ન સમાન હોય તો સ્વસંજ્ઞાનું વિધાન કરાયું છે એ જાણવા માટે સમર્થ થવાતું નથી. આથી સ્થાન અને આસ્યપ્રયત્ન જણાવવા જરૂરી છે. આ ઉદ્દેશથી બૃહદ્વૃત્તિટીકામાં तत्र स्थानम्... પંક્તિઓ લખી છે.

પૂર્વપક્ષ :- તમે तत्र स्थानम्... પંક્તિ લખવા દ્વારા સ્થાન કહેવાનો આરંભ કર્યો છે, પરંતુ સ્થાન કહેવાને બદલે अवर्ण, ह, વિસર્ગ તેમજ कवर्गના વર્ણો કંઠ્ય સ્થાનવાળા છે એવું જણાવીને કંઠ્ય સ્થાનવાળા વર્ણોનો નિર્દેશ કર્યો છે. આ પ્રમાણે આરંભ કર્યો છે સ્થાનને કહેવાનો અને કથન કર્યું છે કંઠ્ય સ્થાનવાળા વર્ણોનું. આ તો દોષરૂપ કહેવાય. ન્યાયમાં એક દોષ આવે છે विनायकं प्रकुर्वाणः रचयामास वानरः (બનાવવા ગયા ગણપતિ અને બની ગયો વાંદરો). આ દોષને अर्थान्तर દોષ કહેવાય છે.

ઉત્તરપક્ષ :- આ પ્રમાણે કહેવું નહીં. દા.ત. લાલ પાઘડીવાળા પુરોહિતો કાર્યનો આરંભ કરો એવું કહેવામાં આવે ત્યારે વિધિ વિશેષણમાં જ સંક્રમિત થાય છે. પરંતુ વિશેષ્યને માનીને વિધિ થતી નથી. જો વિશેષ્યને માનીને વિધિ થાય તો અર્થ થશે. પુરોહિતો કાર્યનો આરંભ કરો. હવે બધા જ પુરોહિતોને ઉદ્દેશીને કંઈ આ વિધાન થયું નથી. માત્ર જે જે લાલ પાઘડીવાળાઓ હોય તેઓની મુખ્યતા રાખીને આ વિધાન કરાયું છે. આ પ્રમાણે લાલ પાઘડીવાળાપણાંમાં વિધિનો નિર્દેશ થાય છે. અર્થાત્ વિશેષણપણામાં જ વિધિ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે અહીં પણ कण्ठे भवाः इति कण्ठ्याः એ પ્રમાણે કંઠ સ્વરૂપ વિશેષણમાં જ વિધિ પ્રાપ્ત થાય છે. कण्ठे શબ્દ વિશેષણ તરીકે છે અને भवाः એ પદ વર્ણો સંબંધી હોવાથી વિશેષ્ય છે. આથી આચાર્ય ભગવંતે तत्र स्थानम् પછી अवर्ण-ह-विसर्ग-कवर्गाः कण्ठ्याः પંક્તિ લખીને સ્થાન તરીકે કંઠનો નિર્દેશ કર્યો છે. વિધિ હમેશાં વિશેષણને માનીને થાય છે. અહીં સ્થાનમ્ સ્વરૂપ વિધિ કંઠમાં જ થશે, નહીં કે કંઠમાં થનાર એવા વર્ણોમાં. એ જ પ્રમાણે તાલવ્ય વગેરે વર્ણોમાં પણ સમજી લેવું.

વાક્યને જાણનારાઓ કહે છે કે વિશેષણ સહિત એવા વિધિ અને નિષેધ વિશેષણમાં જ પ્રાપ્ત થાય છે (વિરામ પામે છે) દા.ત. લાલ કપડાંવાળા ભાઈને બોલાવ. આવા પ્રયોગોમાં બોલાવવાની વિધિ ભાઈઓમાં થતી નથી, પરંતુ લાલ કપડાંવાળા વિશેષણને અનુલક્ષીને જ થાય છે.

જો વિધિ વિશેષણોમાં જ થતી હોય તો પછી વિશેષ્યનો નિર્દેશ શા માટે કરવામાં આવે છે? ઉપાયોનું અપ્રધાનપણું જણાવવા માટે આવા પ્રકારનો નિર્દેશ કરવામાં આવે છે. જુદાં જુદાં વર્ણોનો સ્થાન તરીકે નિર્દેશ કર્યો છે, પરંતુ સ્થાન તો વર્ણો જે જગ્યાએ ઉત્પન્ન થાય છે તેને કહેવામાં આવે છે. આથી પ્રધાનતા તો વર્ણોની જ છે, પરંતુ એ વર્ણોના કારણ સ્વરૂપે (ઉપાય સ્વરૂપ) જે સ્થાનો છે તે વિશેષણ તરીકે છે અને આ વિશેષણ સ્વરૂપ જે ઉપાયો છે તેની અપ્રધાનતા જણાવવા માટે આ પ્રમાણેનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

(श०न्या०) सर्वं समस्तं मुखं स्थानमस्येति **सर्वमुखस्थानम्**, अष्टादशभेदभिन्नमवर्णत्व-निष्पत्तौ (अष्टादशभेदभिन्नाऽवर्णनिष्पत्तौ) हि सर्वमेव मुखं व्याप्रियते । सन्ध्यक्षराणां द्विवर्णत्वात् पूर्वभागस्यावर्णरूपत्वादुत्तरस्य चेवर्णोवर्णरूपत्वादुभयव्यापारेऽपि भूयसाऽवयवेन व्यपदेशाद् **'ए-ऐ तालव्यौ, ओ-औ ओष्ठ्यौ'** इत्युक्तम् । यद्वा (ए-ऐ) तालव्यौ ओ-औ ओष्ठ्यावित्युक्तौ, (अयं पाठोऽधिक इवाऽऽभाति, यदिवाऽयमत्र संस्कारः-यद्वा उभयव्यापारसमाश्रयणाद्, 'ए-ऐ कण्ठ्य-तालव्यौ, ओ-औ कण्ठ्यौष्ठ्यौ' इत्युक्तौ; यद्वा 'तालव्यावेव ओष्ठ्यावेव एतौ' इत्युत्तरपाठेन सहाऽस्य पाठस्य एकीकरणादयमर्थः-यद्वा 'ए-ऐ तालव्यौ, ओ-औ ओष्ठ्यौ इत्युक्तौ'-इत्युक्तितः तालव्यावेव कण्ठ्यावेव एतौ तालुस्थानजन्यत्वात् कण्ठस्थानजन्यत्वादिति बोध्यमिति शेषः, विशिष्टार्थं तु शिष्टा जानन्तु ।) यद्वा तालव्यावेव ओष्ठ्यावेव एतौ । यद् हरिः-

"एवं शिक्षाकाराः प्रतिपन्नाः ओष्ठ्य-तालव्यावेतौ" इति ।

अत्र नोद्यते-केन दर्शनेन शिक्षाभेदः ? इत्येतत् प्रतिपाद्यम्, कथं तालव्यत्वे सति एकारस्य ईकारस्य च श्रुतिभेदः ? ओष्ठ्यत्वे सति ऊकारस्य ओकारस्य च ? एतेषां हि स्थान-प्रयत्न-कालाः सर्वेऽभिन्ना इति । दर्शनभेदाददोषः, एके मन्यन्ते-योऽसौ वर्णस्य निष्पादको वायुः, स एकारस्य निर्वृत्तौ तालुसमीपे यः कण्ठस्तमुपश्लेषयति, केवलं स्थानं तु ताल्वेव; एवमोष्ठावेव स्थानमोकारस्य, केवलं तु वायुः कण्ठमभिहन्तीति । इतरे तदपि स्थानमिति मन्यन्ते । श्रुतिभेदोऽपि अग्रोपाग्रमध्यमूलभेदाद् भवति । यथा-इवर्ण-य-शानामिति (जिह्वामध्यकरणानामिवर्ण-चवर्ग-य-शानां तद्व्यतिरिक्तकरणेभ्योऽन्यवर्णेभ्यः) ।

અનુવાદ :- કેટલાક આચાર્યો अ વર્ણના સ્થાનને મુખની બહાર માને છે. એ લોકોના મતે अ વર્ણનું સ્થાન કંઠમણિની નજીક છે. આથી એમના મતે अ વર્ણનું સ્થાન મુખની બહાર ગણાય છે. એ મતના અનુસંધાનમાં જ જણાવે છે કે મોટા ભાગના વૈયાકરણીઓ अवर्णના સ્થાન તરીકે સંપૂર્ણ મુખને માને છે એટલે કે અઢાર પ્રકારવાળા अवर्णની ઉત્પત્તિમાં સંપૂર્ણ મુખ વ્યાપારવાળું થાય છે.

સન્ધ્યક્ષરોમાં બે વર્ણવાળાપણું છે. દરેક સન્ધ્યક્ષરમાં પૂર્વ ભાગમાં अ વર્ણ હોય છે તથા ઉત્તર ભાગમાં ए અને ऐમાં इवर्ण હોય છે. તથા ओ અને औમાં उवर्ण હોય છે. આથી ઉચ્ચારણમાં બંને વર્ણનો વ્યાપાર હોતે છતે પણ ઘણું કરીને અવયવથી કથન થતું હોવાથી ए અને ऐ તાલવ્ય સ્થાનવાળા છે તેમજ ओ અને औ બંને ઓષ્ઠ્ય સ્થાનવાળા છે એ પ્રમાણે કહેવાયું છે. સન્ધ્યક્ષરોમાં ઉત્તરવર્ણની અપેક્ષાએ જ સ્થાન કહેવામાં આવ્યા છે. આમ ए અને ऐ તાલવ્ય સ્થાનવાળા છે તથા ओ અને औ ઓષ્ઠ્ય સ્થાનવાળા છે. કોઈ જગ્યાએ ए-ऐ तालव्यौ તથા ओ-औ औष्ठ्यौ इति उक्तौ એવો દ્વિવચનનો પાઠ જોવા મળે છે. પરંતુ આ પાઠ અધિક હોય તેવું જણાય છે. કારણ કે ए-ऐ तालव्यौ, ओ-औ औष्ठ्यौ इति उक्तम् એ પ્રમાણે જે उक्तम् એકવચનનો પ્રયોગ થયો છે એ સમ્યગ્ જણાય છે.

અથવા તો અહીં સન્ધ્યક્ષરોના સ્થાન બાબતમાં આ નિષ્કર્ષ છે સન્ધ્યક્ષરો બે વર્ણના મિશ્રણથી થયા હોવાથી ઉભય વર્ણના વ્યાપારનો આશ્રય કરવાથી ए અને ऐ કંઠ્ય-તાલવ્યૌ સ્થાનવાળા છે તેમજ ओ અને औ કંઠ્યૌષ્ઠ્યૌ સ્થાનવાળા છે એ પ્રમાણે કહેવાયું છે. જો કે ભર્તૃહરિના વચન પ્રમાણે ए અને ऐ તાલવ્ય સ્થાનવાળા છે તથા ओ અને औ ઓષ્ઠ્ય સ્થાનવાળા જ છે. આમ, ભર્તૃહરિના પાઠની સાથે એકીકરણ થવાથી નીચેનો અર્થ ફલિત થાય છે ए અને ऐ તાલુ સ્થાનથી ઉત્પન્ન થતા હોવાથી તાલવ્ય જ છે તથા ओ અને औ કંઠ સ્થાનથી ઉત્પન્ન થતાં હોવાથી કંઠ્ય જ છે. આ પ્રમાણે જાણવા યોગ્ય છે. વિશિષ્ટ અર્થ તો શિષ્ટપુરુષો જ જાણી શકે છે.

અહીં જે यद् हरिः પંક્તિ લખીને જે ગદ્ય સ્વરૂપ શાસ્ત્ર પાઠ આપ્યો છે તે ભર્તૃહરિનો શાસ્ત્રપાઠ છે. ભર્તૃહરિએ ગદ્ય સ્વરૂપ મહાભાષ્ય દિપીકામાં લખ્યું છે કે આ પ્રમાણે શિક્ષાકારોએ નિશ્ચય કર્યો છે કે ए, ऐ અને ओ, औ અનુક્રમે તાલવ્ય અને ઓષ્ઠ્ય સ્થાનવાળા છે.

અહીં પૂછાય છે કે સન્ધ્યક્ષરોમાં સ્થાન બાબતમાં જે ભેદ થયો છે તે કયા દર્શનથી થયો છે અથવા તો આ અલગ અલગ સ્થાનનો બોધ થયો છે તે કેવી રીતે થયો છે ? આ વસ્તુ પ્રતિપાદન કરવા યોગ્ય છે તથા બીજો પ્રશ્ન એ થાય છે કે एकार અને ईकार બંને તાલવ્ય હોતે છતે પણ બે વર્ણોના શ્રવણમાં શા માટે ભેદ થાય છે તેમજ ओकार અને ऊकार બંને ઓષ્ઠ્ય સ્થાનવાળા વર્ણો છે છતાં સાંભળવામાં ભેદ શા માટે થાય છે ? આ પ્રમાણેની બધી જ શંકાઓનું સમાધાન આવશ્યક છે.

સન્ધ્યક્ષરો ए અને ओ તથા ई અને ऊ એ બંનેના સ્થાન, પ્રયત્ન અને કાળ એકસરખાં જ છે છતાં પણ સ્થાન અને શ્રુતિમાં ભેદ કેમ પડ્યો ? ए તથા ईનું સ્થાન તાલવ્ય છે. બંનેની બે બે માત્રા છે, બંનેનો પ્રયત્ન વિવૃતતા છે, તે જ પ્રમાણે ओ અને ऊ બંને વર્ણોનું સ્થાન ઓષ્ઠ્ય છે તેમજ બે માત્રા સ્વરૂપ કાળ છે અને વિવૃતતા પ્રયત્ન છે. આ પ્રમાણે સ્થાન, પ્રયત્ન અને

કાળથી બધા જ એકસરખાં હોવા છતા પણ સ્થાનભેદ અને શ્રુતિભેદ શા માટે થયો ?

ઉપરોક્ત પ્રશ્નના સમાધાનમાં આચાર્ય ભગવંતશ્રી કહે છે કે દર્શનના (જુદી જુદી વ્યક્તિઓની રચનાઓના) ભેદથી દોષ નથી. કેટલાક લોકો માને છે કે एकारની પ્રાપ્તિમાં જે વાયુ છે તે તાલુની નજીકમાં કંઠને સ્પર્શે છે. માટે સ્થાન તરીકે માત્ર તાલુ જ છે એ જ પ્રમાણે ओकारનું સ્થાન ઓષ્ઠ જ છે. માત્ર ओकारની પ્રાપ્તિ થાય છે ત્યારે વાયુ કંઠને સ્પર્શે છે. કેટલાંક બીજા લોકો एની પ્રાપ્તિમાં વાયુ કંઠને સ્પર્શે છે તેમજ ओની પ્રાપ્તિ થાય ત્યારે વાયુ ઓષ્ઠને સ્પર્શે છે. તેથી एकारનું કંઠ સ્થાન પણ માને છે તેમજ ओकारનું કંઠ સ્થાન પણ માને છે. આ પ્રમાણે કેટલાકો ए અને ऐને માત્ર તાલવ્ય સ્થાનવાળા માને છે. જ્યારે બીજાઓ ए અને ऐને કંઠ્ય-તાલવ્ય સ્વરૂપ સ્થાનવાળા માને છે. જ્યારે ओ અને औનું સ્થાન ઓષ્ઠ્ય છે એવું કેટલાંક લોકો માને છે. જ્યારે બીજાઓ ओ અને औના સ્થાન તરીકે કંઠ્ય-ઓષ્ઠ્ય માને છે.

ए અને ई બંને વર્ણોમાં સ્થાન, પ્રયત્ન અને કાળ સમાન હોવા છતાં પણ શ્રુતિભેદ શા માટે થાય છે ? તેનો જવાબ આપતાં આચાર્ય ભગવંતશ્રી કહે છે કે બંનેના કરણમાં ભેદ હોવાથી શ્રુતિમાં (સાંભળવામાં) ભેદ થાય છે. ईकारનું કરણ જીભનો મૂલભાગ છે. જ્યારે एकारનું કરણ જીભનો અધોભાગ છે. એ જ પ્રમાણે अकारનું કરણ જીભનો મધ્યભાગ છે તેમજ ओकारનું કરણ જીભનો અધોભાગ છે. આ પ્રમાણે જીભના અગ્રભાગ, ઉપાગ્રભાગ, મધ્યભાગ તથા મૂલભાગના ભેદથી શ્રુતિમાં ભેદ થાય છે. દા.ત. જીભનો મધ્યભાગ કરણ છે જેઓનું એવા इवर्ण, श, य તથા चवर्ग સ્વરૂપ વર્ણો છે. જ્યારે અન્યવર્ણોનું કરણ જીભના મધ્યભાગ સિવાયનું છે.

(श०न्या०) (**सृक्कस्थान** इति) सृक्कशब्देनौष्ठपर्यन्तोऽभिधीयते ।

અનુવાદ :- "व्" વ્યંજનનું દન્ત્યૌષ્ઠ્ય સ્થાન છે. જ્યારે બીજા લોકો સૃક્કસ્થાન માને છે. સૃક્ક શબ્દથી હોઠ સુધીનો ભાગ કહેવાય છે. હોઠ સુધીનો અર્થ હોઠના અંત સુધી સમજવો.

(श०न्या०) स्पृष्टं स्पृष्टतागुणः, स्पृष्टतानुगतं **करणं** कृतिरुच्चारणप्रकारः, एवमन्यत्रापि । **विवृतं करणं स्वराणामि**ति । ("स्पृष्टं करणं स्पर्शानाम्" । "ईषत्स्पृष्टमन्तस्थानाम्" । "विवृत-मूष्मणाम्" ईषदित्येवानुवर्तते । "स्वराणां च विवृतम्" ईषदिति निवृत्तम् । इति शौनकप्राति-शाख्य-रूपाणि चत्वारि सूत्राणि भाष्ये प्रदर्शितानि ।) अत्रापि 'ईषद्' इति केचिदनुवर्तयन्ति, तेनावर्ण-हकारयोर्लृवर्ण-शकारयोश्च स्वत्वं प्राप्नोति, न तत्रापि कश्चिद् दोषः । **स्वरेष्वि**ति-निर्द्धारणे सप्तमी ।

અનુવાદ :- स्पृष्ट એ કરણ છે અને स्पृष्ट સ્વરૂપ કરણમાં स्पृष्टता નામનો ધર્મ રહેલો છે. આ स्पष्टता એ પ્રયત્ન છે. જેને કૃતિ પણ કહેવાય છે અથવા તો ઉચ્ચારણનો પ્રકાર પણ કહેવાય

છે. સ્પૃષ્ટતા ગુણને (સ્પૃષ્ટતા પ્રયત્ન) અનુસરનાર સ્પૃષ્ટ એ કરણ છે તેમજ સ્પૃષ્ટતા એ પ્રયત્ન પણ છે, એ પ્રમાણે અન્ય પ્રયત્ન (કરણ) સંબંધમાં પણ સમજવું.

હવે આચાર્ય ભગવંતે બૃહદ્વૃત્તિટીકામાં વ્યંજનો અને સ્વરોના પ્રયત્નો બતાવ્યા છે તેમાં સ્વરો વિવૃતકરણ પ્રયત્નવાળા છે. હવે પછીનો પાઠ કૌંસમાં લખવામાં આવ્યો છે. આચાર્ય ભગવંતે સ્વરોનું વિવૃત કરણ બતાવેલ છે. એ બાબતમાં ભાષ્યમાંથી ચાર સૂત્રોનો પાઠ લઈ અને અહીં સાક્ષીપાઠ તરીકે કૌંસમાં લખ્યા છે. જેનો અનુવાદ આ પ્રમાણે છે : સ્પર્શ વ્યંજનોનું સ્પૃષ્ટ કરણ છે. બીજું સૂત્ર છે અંતસ્થા વ્યંજનોનું ઈષત્સ્પૃષ્ટ કરણ છે. ઉષ્માક્ષરોનું ઈષત્‌વિવૃત કરણ છે. જ્યારે સ્વરોનું વિવૃત કરણ છે. આ ચાર સૂત્રો ભાષ્યકારે શાકટાયન વ્યાકરણમાંથી લીધા છે અને આ ચારેય સૂત્રો શૌનક પ્રતિશાખ્ય સ્વરૂપ છે.

હવે કૌંસની બહારની પંક્તિઓનો અનુવાદ લખીએ છીએ. સ્વરોના કરણ તરીકે વિવૃત કરણ લખ્યું છે ત્યાં કેટલાંક લોકો સ્વરોનું પણ ઈષત્‌વિવૃત કરણ માને છે. આવું માનવાથી अवर्ण અને हकारનું સ્વસંજ્ઞાપણું પ્રાપ્ત થાય છે તથા लृवर्ण તેમજ शकारનું પણ સ્વસંજ્ઞાપણું પ્રાપ્ત થાય છે. આ માન્યતામાં કોઈ દોષ નથી. હવે બૃહદ્વૃત્તિટીકામાં स्वरेषु એ પ્રમાણે સપ્તમી વિભક્તિ કરી છે. એ નિર્ધારણ સપ્તમી સમજવી અર્થાત્ સ્વરોમાં ए અને ओ વિવૃતતર પ્રયત્નવાળા છે.

(શ૦ન્યા૦) ननु विवृततरतादीनां प्रयत्नान्तराणां सद्भावात् सप्तधा प्रयत्न इति वक्तुमुचितम्, कथमुक्तं चतुर्द्धेति ? । उच्यते–विवृततरतादीनपि विवृततया परिगृह्योक्तं चतुर्द्धेति, विशेषस्य सामान्येऽन्तर्भावादिति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- બૃહદ્વૃત્તિની ટીકામાં સ્પૃષ્ટતા વગેરે ચાર પ્રયત્નો બતાવ્યા છે. જ્યારે ए-ओ વગેરેમાં विवृततर, अतिविवृततर અને अतिविवृततम સ્વરૂપ ત્રણ અધિક પ્રયત્નનોનો સદ્‌ભાવ હોવાથી કુલ સાત પ્રકારના પ્રયત્નો છે એ પ્રમાણે કહેવું ઉચિત છે તો પછી પ્રયત્નો ચાર પ્રકારના છે એ પ્રમાણે શા માટે કહેવામાં આવ્યું છે ?

ઉત્તરપક્ષ :- विवृततर વગેરે ત્રણ પ્રયત્નોને પણ વિવૃતપણાંથી ગ્રહણ કરીને પ્રયત્નો ચાર પ્રકારના છે એવું કહેવામાં આવ્યું છે. વિવૃત સ્વરૂપ પ્રયત્ન છે એ સામાન્યથી કથન છે. જ્યારે विवृततर વગેરે સ્વરૂપ પ્રયત્નો છે એ વિશેષથી કથન છે અને વિશેષનો સામાન્યમાં સમાવેશ થતો હોવાથી પ્રયત્નો ચાર જ છે એ પ્રમાણે કહેવામાં આવ્યું છે. દા.ત. વૈશેષિક દર્શનમાં પદાર્થો સાત કહેવામાં આવ્યા છે. હવે સાત પદાર્થમાં દ્રવ્યના પેટાભેદો નવ છે. આ નવે પેટાભેદોને (જે દ્રવ્ય વિશેષ તરીકે કહેવાય છે) સામાન્યથી દ્રવ્યમાં સમાવેશ કરીને પદાર્થો સાત જ છે એવી પ્રરૂપણા કરવામાં આવી છે.

(शन्या०) (अकारः संवृतः) अकारं संवृतं शिक्षायामेके पठन्ति, तेनाकाराकारयोः संवृत-(विवृत)योर्भिन्नप्रयत्नत्वात् स्वत्वं न प्राप्नोतीति विवृत एवात्र प्रतिज्ञायते, प्रयोगे तु संवृतः, संवृत एव स्वरूपेणासौ इति **'अन्ये'** इत्युक्तम्। **सानुनासिक०** इति-नासिकामनुगतो यो वर्णधर्मः स तथा, सह तेन वर्तते यो वर्णः स सानुनासिको वर्णः। निर्गतोऽनुनासिकाद् यः स निरनुनासिकः। **एवमिवर्णास्तावन्त** इति 'तावन्तः' इति पदम् **उवर्णा ऋवर्णा लृवर्णा** इत्यत्रापि संबन्धनीयमिति।

અનુવાદ :- કેટલાક લોકો શિક્ષાસૂત્રોમાં अकार संवृत પ્રયત્નવાળો માને છે. आकार તો विवृत પ્રયત્નવાળો છે જ. હવે જો अकारને संवृत પ્રયત્નવાળો માનવામાં આવે તો પ્રયત્નમાં ભેદ થવાથી अवर्णમાં સ્વસંજ્ઞાની પ્રાપ્તિ થશે નહીં માટે संवृत પ્રયત્નવાળો अकार પ્રક્રિયામાં (પ્રયોગમાં) विवृत પ્રયત્નવાળો જ મનાય છે. જેથી अवर्णમાં સ્વસંજ્ઞાની પ્રાપ્તિ થઈ શકશે. માત્ર શિક્ષાસૂત્રોમાં જ असंवृत પ્રયત્નવાળો મનાય છે. બીજાઓ अकारને પ્રયોગમાં પણ संवृत પ્રયત્નવાળો જ માને છે.

નાસિકાને અનુસરતો એવો જે વર્ણનો ધર્મ છે તે અનુનાસિક કહેવાય છે અને અનુનાસિક સહિત જે વર્તે છે એ સાનુનાસિક વર્ણ કહેવાય છે તથા અનુનાસિકમાંથી નીકળી ગયેલો જે વર્ણ છે તે નિરનુનાસિક વર્ણ કહેવાય છે. નિરનુનાસિક વર્ણ એ પ્રાદિતત્પુરુષ સમાસ છે. अवर्णના છ ભેદ છે એ બૃહદ્વૃત્તિમાં લખ્યું છે એમાંથી સાનુનાસિક અને નિરનુનાસિક બંને શબ્દો ગ્રહણ કરીને અહીં વ્યાખ્યા કરવામાં આવી છે.

एवम् इवर्णाः तावन्तः એ પ્રમાણે બૃહદ્વૃત્તિમાં લખ્યું છે તેનો અર્થ इवर्णના ભેદો પણ अवर्णના ભેદોની જેમ અઢાર જ થાય છે. ત્યાર પછી "तावन्तः" પદ उवर्ण, ऋवर्ण તેમજ लृवर्ण સાથે પણ સંબંધ કરવા યોગ્ય છે એટલે કે દરેકના अवर्णની જેમ જ અઢાર અઢાર ભેદો છે.

(शन्या०) य-ल-वानामिति-अनुनासिको धर्मोऽस्यास्तीति अभ्रादित्वाद् ("अभ्रादिभ्यः" ७.२.४६.] अकारेऽनुनासिकशब्देन वर्णाभिधानम्, तद्धर्मरहितो**ऽननुनासिक** इति, तद्धर्मवतां हि स्वसंज्ञा, न तु धर्माणामिति। **रेफोष्मणामि**ति-अन्यवर्णाऽपेक्षया तेषां स्वत्वाभावः, रेफस्य तु रेफः स्वो भवत्येव, एवमूष्मणामपि।

અનુવાદ :- य, ल અને व એ ત્રણ અન્તસ્થા સ્વરૂપ વર્ણ છે આથી यकारની સાથે यकारની, તથા लकारની સાથે लकारની તેમજ वकारની સાથે वकारની જો પરસ્પર સ્વસંજ્ઞા માનવામાં આવે તો જેઓની સ્વસંજ્ઞા જણાવી નથી એવા रकार અને ઉષ્માક્ષરોમાં પણ સ્વસંજ્ઞા માનવાની આપત્તિ આવશે. જેમ કે એક रकारની અપેક્ષાએ બીજો रकार સમાન હોવાથી તેમજ એક शकारની અપેક્ષાએ બીજો शकार સમાન હોવાથી સમાનસંજ્ઞા માનવાની આપત્તિ આવશે. આ આપત્તિને ધ્યાનમાં

રાખીને આચાર્ય ભગવંતશ્રીએ હવેની પંક્તિઓ દ્વારા य, ल, व વર્ણોમાં સ્વસંજ્ઞા કેવી રીતે થાય છે તે બતાવ્યું છે. અનુનાસિક અને નિરનુનાસિક ભેદથી य, ल અને वના બે બે ભેદો થાય છે. અહીં અનુનાસિકનો અર્થ અનુનાસિકવાળો કરવો તથા નિરનુનાસિકનો અર્થ પણ નિરનુનાસિકવાળો કરવો. આ પ્રમાણેનો અર્થ કેવી રીતે થાય છે એની પ્રક્રિયા ન્યાસમાં બતાવી છે. અનુનાસિક ધર્મ છે જેનો એ અર્થમાં अभ्रादिभ्यः (૭/૨/૪૬) સૂત્રથી સંબંધ અર્થમાં अकार પ્રત્યય થયો છે. આમ, अनुनासिक + अ આ અવસ્થામાં પૂર્વના "अ"નો લોપ થઈ अनुनासिक શબ્દ જ બને છે, જેનો અર્થ અનુનાસિક ધર્મવાળો થાય છે. આવો જ અર્થ નિરનુનાસિકનો સમજી લેવો. અહીં સ્વસંજ્ઞા અનુનાસિક અને નિરનુનાસિક ધર્મની થશે નહીં, પરંતુ અનુનાસિક અને નિરનુનાસિક ધર્મવાળા વર્ણની થશે. આમ અનુનાસિક ધર્મવાળો વર્ણ લાવવા માટે 'मतु' અર્થવાળો अ ઉમેરવામાં આવ્યો છે. આમ, य, ल, वमां અનુનાસિક અને નિરનુનાસિક ધર્મની અપેક્ષાએ બે यकारમાં ભિન્નતા થવાથી સહેલાઈથી સ્વસંજ્ઞા થઈ શકશે ત્યારે रकार અને ઉષ્માક્ષરોમાં પોતપોતાના વર્ણોમાં ધર્મની અપેક્ષાએ ભિન્નતા થતી નથી. તેથી रकारની અપેક્ષાએ બીજો रकार સ્વસંજ્ઞાવાળો થતો નથી. તે જ પ્રમાણે અન્ય વર્ણની અપેક્ષાએ પણ रकार અને ઉષ્માક્ષરોમાં સ્વસંજ્ઞા થતી નથી. માત્ર એક रकारની અપેક્ષાએ બીજો रकार स्व થશે. એ પ્રમાણે એક ઉષ્માક્ષરની અપેક્ષાએ બીજો ઉષ્માક્ષર પણ स्व થશે.

(श०न्या०) ननु वर्णानां तुल्यस्थानाऽऽस्यप्रयत्नत्वे कथं श्रुतिभेदः ?, उच्यते-काल-परिमाण-करण-प्राणकृतगुणभेदाद् भेदः, तथाहि-यावता कालेनाक्ष्ण उन्मेषो निमेषो वा भवति तावान् कालो मात्रा भवति, मात्राकालो वर्णो मात्रिकः, द्विस्तावान् द्विमात्रः, त्रिस्तावान् त्रिमात्रः, अर्द्धमात्राकालं व्यञ्जनम्; तदेतद्वर्णेषु चतुर्विधं कालपरिमाणं भेदकृद् भवति; करणं च श्रुतिभेदकरं भवति तत् प्रागेवोक्तम्; प्राण(कृ)ताश्च गुणभेदा घोषाघोषादयः, तत्रायमभिप्रायः-

"पञ्चेन्द्रियाणि त्रिविधं बलं च, उच्छ्वासनिःश्वासबलं तथाऽऽयुः ।
प्राणा दशैते भगवद्भिरुक्तास्तेषां वियोजी(गी)करणं च हिंसा" ॥१७॥

इमे दश प्राणाः, एतेषु त्रिविधं बलमिह प्राणा इति विवक्षितं मनो-वाक्-कायबलरूपम्, तत्प्रयोग-भेदाद् घोषादयो गुणा भवन्ति । ध्वनेः स्थान-प्रयत्नतुल्यत्वेऽपि यथा द्वयोरङ्गुल्यो-स्तुल्यदेशावस्थितयोः समजवयोः सति संपाते प्रयोक्तृविशेषात् कदाचिद् मन्दो भवति शब्दः, कदाचित् स्फुटः, कदाचित् स्फुटतर इति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- જે જે વર્ણોની સ્વસંજ્ઞા થાય છે તે તે વર્ણોમાં સ્થાન અને આસ્ય પ્રયત્ન સમાન હોય છે, તો પછી તે તે વર્ણોની શ્રુતિમાં (સાંભળવામાં) તફાવત કેમ પડે છે.

દા.ત. अ અને आ બંને સ્વસંજ્ઞાવાળા છે. આ બંનેમાં સ્થાન અને આસ્ય પ્રયત્ન સમાન છે છતાં પણ શ્રુતિભેદ શા માટે થાય છે ?

ઉત્તરપક્ષ :- શ્રુતિભેદ કાળ, પરિમાણ, કરણ અને પ્રાણવડે કરાયેલ ગુણના (પ્રયત્ન) ભેદથી થાય છે. જેટલા કાળમાં આંખ મીંચાય છે અથવા તો ઉઘડે છે તેટલા કાળને માત્રા કહેવાય છે. જે વર્ણ એક માત્રાવાળો હોય છે તે मात्रिकः વર્ણ કહેવાય છે એ જ પ્રમાણે બે માત્રાવાળો વર્ણ द्विमात्रः વર્ણ કહેવાય છે. તથા ત્રણ માત્રાવાળો વર્ણ त्रिमात्रः વર્ણ કહેવાય છે. વ્યંજનની અડધી માત્રા છે. આમ વર્ણોમાં ચાર પ્રકારના કાળના પરિમાણથી શ્રુતિમાં ભેદ પડે છે.

જીભના અગ્ર, ઉપાગ્ર, મધ્ય અને મૂળભાગના ભેદથી પણ શ્રુતિમાં ભેદ થાય છે. આ ચારેયને કરણ કહેવામાં આવે છે.

આ પ્રમાણે કરણના ભેદથી પણ શ્રુતિભેદ થાય છે એવું પહેલા પણ કહેવાઈ ગયું છે.

પ્રાણવડે કરાયેલ પ્રયત્નના ભેદો ઘોષ, અઘોષ વગેરે ૧૧ (અગ્યાર) પ્રકારે છે. આ પ્રયત્નના ભેદોથી પણ વર્ણોની શ્રુતિમાં ભેદ થાય છે. અહીં પ્રાણવડે કરાયેલ ગુણભેદો (પ્રયત્નભેદ) લખ્યું છે તો ત્યાં પ્રાણ એટલે શું ? એના સંબંધમાં આચાર્ય ભગવંતશ્રી જણાવે છે કે જૈનદર્શન પ્રમાણે પાંચ ઇન્દ્રિય, મન, વચન અને કાયા સ્વરૂપ ત્રણ બળો તેમજ ઉચ્છ્વાસનિઃશ્વાસ તથા આયુષ્ય એ પ્રમાણે દશ પ્રકારના પ્રાણો છે. પરમાત્માવડે કહેવાયું છે કે, આ દશ પ્રાણોનો વિયોગ કરવો તે હિંસા છે. આ દશ પ્રાણોમાં મન, વચન અને કાયા એ ત્રણ બળ પ્રાણ તરીકે કહેવાયા છે અને આ ત્રણેયના વ્યાપારના ભેદથી ઘોષ વગેરે પ્રયત્નો થાય છે. જે પ્રમાણે સમાન ગતિવાળી એવી સમાનદેશમાં રહેલી બે આંગળીઓ નીચે પતન પામે તો આંગળીઓનું પતન કરાવનાર કર્તાની વિશેષતાથી તીવ્ર, તીવ્રતર કે મંદ, મંદતર વગેરે અવાજો થાય છે. આમ, વ્યવહારમાં પણ શક્તિના ભેદથી શ્રુતિમાં ભેદ જણાય છે તે જ પ્રમાણે અહીં પણ મનોયોગ, કાયયોગ અને વચનયોગમાં જુદાં જુદાં કર્તાવિશેષથી ભેદ થવાથી પ્રયત્નોમાં ભેદ થાય છે અને આ પ્રયત્નોના ભેદથી શ્રુતિનો પણ ભેદ થાય છે. આમ દરેક વર્ણમાં શ્રુતિભેદ થવાનું કારણ કાળ, કરણ, પ્રાણવડે કરાયેલ પ્રયત્નના ભેદો છે.

(श०न्या०) ननु तथाऽप्यवर्णस्य स्वसंज्ञा न प्राप्नोति, आस्याद् बाह्यं हि तस्य स्थानं काकलकादधस्तादुपजत्रुरूपम्, (कण्ठस्याधोभागस्थितयोरस्न्थोः जत्रु) नैवम्-सर्वमुखस्थानत्वात्, सर्वमेव मुखमवर्णनिष्पत्तौ व्याप्रियते इति नाऽस्य बाह्यस्थानता ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- આમ છતાં પણ अवर्णની સ્વસંજ્ઞા પ્રાપ્ત થતી નથી કારણ કે अवर्णનું સ્થાન મુખની બહાર છે, જે કંઠની નીચે રહેલ બે હાડકાની પાંસળી સ્વરૂપ છે. તેને ઉપજત્રુ

કહેવાય છે. જે કંઠમણિની નીચે છે આમ अवर्णનું ઉચ્ચારણ સ્થાન ઉપજત્રુ છે. આથી अवर्णમાં સ્વસંજ્ઞા પ્રાપ્ત થતી નથી.

ઉત્તરપક્ષ :- આ પ્રમાણે કહેવું નહીં કારણ કે अवर्णની પ્રાપ્તિમાં સંપૂર્ણ મુખ વ્યાપારવાળું થાય છે. अवर्णનું સ્થાન સર્વમુખ સ્વરૂપ છે. માટે મુખની બહાર સ્થાન છે એવું માની શકાશે નહીં. તેથી अवर्णની સ્વસંજ્ઞા પ્રાપ્ત થશે જ.

(श०न्या०) एवमप्येदोतोः प्रथमभागस्याऽकारेण सादृश्यात् स्वसंज्ञाप्रसङ्गः, नैवम्-प्रश्लिष्टावर्णावेतौ पांसूदकवन्नात्र शक्यो विवेकः कर्तुमिति । न च विश्लिष्टावर्णत्वाद् विभागस्य सुलक्षणत्वादैदौतोः स्वत्वं प्राप्नोतीति वाच्यम्, विवृततरावर्णत्वात् तयोः । न चैतयोर्मिथः स्वत्वमित्यपि युक्तं वक्तुम्, भिन्नस्थानत्वादिति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- અગાઉ अवर्णની સ્વસંજ્ઞાની પ્રાપ્તિ બતાવી છે ત્યાં સર્વમુખસ્થાનની અપેક્ષાએ અઢારે પ્રકારના अवर्णની સ્વસંજ્ઞા થઈ શકી છે. હવે સન્ધ્યક્ષરમાં પણ अवर्ण રહેલા છે. આથી સન્ધ્યક્ષરો અને अवर्णમાં પણ પરસ્પર સ્વસંજ્ઞાની પ્રાપ્તિ આવશે. આ આપત્તિનું નિવારણ કેવી રીતે થશે ?

ઉત્તરપક્ષ :- ए અને ओ બંને પ્રશ્લિષ્ટવર્ણો છે. આથી પાણી અને ધૂળ જ્યારે કાદવ સ્વરૂપ હોય છે ત્યારે તે બેને છૂટાં કરી શકાતાં નથી. એ જ પ્રમાણે સન્ધ્યક્ષર પણ અભેદ સ્વરૂપ હોવાથી સન્ધ્યક્ષરોમાંથી अवर्णને ભિન્ન કરી શકાતો નથી અને આ કારણથી જ સન્ધ્યક્ષરોના સ્થાન અને પ્રયત્ન अवर्ण સાથે તુલ્ય થઈ શકતાં નથી. તેથી સન્ધ્યક્ષર અને अवर्णની સ્વસંજ્ઞા થવાની આપત્તિ આવશે નહીં.

પૂર્વપક્ષ :- ભલે ए અને ओનો अवर्ण જુદો ન કરી શકાય, પરંતુ ऐ અને औ આ બંને તો વિશ્લિષ્ટવર્ણો છે. આથી ऐ અને औમાં अवर्णને પૃથક્ કરવો શક્ય છે અને તેમ થશે તો ऐ અને औની સાથે अवर्णની સ્વસંજ્ઞા થવાની આપત્તિ આવશે.

ઉત્તરપક્ષ :- આ આપત્તિ પણ અમારે આવશે નહીં કારણ કે अवर्णનો વિવૃત પ્રયત્ન છે. જ્યારે ऐ અને औમાં રહેલ अवर्णનો વિવૃતતર પ્રયત્ન છે. આમ, अवर्ण તથા ऐ અને औમાં રહેલ अवर्णના પ્રયત્નમાં ભેદને કારણે સ્વસંજ્ઞા થઈ શકશે નહીં.

પૂર્વપક્ષ :- છતાં પણ ऐ અને औમાં જે अवर्ण રહ્યો છે તે બે अवर्णોની તો સ્વસંજ્ઞા અવશ્ય થશે જ કારણ કે આ બંને વર્ણો વિશ્લિષ્ટવર્ણો છે.

ઉત્તરપક્ષ :- આ પ્રમાણે કહેવું નહીં કારણ કે ऐ સ્વરૂપ સન્ધ્યક્ષરમાં રહેલ अवर्णનું સ્થાન

તાલુ છે તથા औ સ્વરૂપ સન્ધ્યક્ષરમાં રહેલ अवर्णનું સ્થાન ઓષ્ઠ છે. આમ ऐ અને औમાં રહેલા अवर्णનું ભિન્ન સ્થાનપણું થવાથી એ બંને अवर्णોની સ્વસંજ્ઞા થશે નહીં.

(श०न्या०) ननु प्रारम्भो यत्नस्येत्यादिकर्मणि प्रशब्दे व्याख्याते प्रयत्नशब्देनैव विवारादीनां व्युदासस्य सिद्धत्वात् किमास्यग्रहणेन ? तथाहि-पूर्वं स्पृष्टतादयश्चत्वार उत्पद्यन्ते, पश्चान्मूर्ध्नि प्रतिहते निवृत्ते प्राणाऽऽख्ये वायौ विवारादयो बाह्या एकादश प्रयत्ना उत्पद्यन्ते, नैवम्-एवमुदात्तादीनां स्वसंज्ञा न प्राप्नोति, भिन्नप्रारम्भत्वात्; तस्मादास्यग्रहणमेव विवारादिव्युदासार्थं विधेयम्, प्रयत्नशब्दस्तु भावसाधन एव, तेन प्रारम्भे (भिन्नप्रारम्भे)ऽप्युदात्तादीनां मिथः स्वसंज्ञा सिद्धा, यतो नैते शास्त्रे स्वशब्दोपादानमन्तरेण कार्येषु भिद्यन्त इति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- प्रयत्न શબ્દમાં "प्र" ઉપસર્ગ છે. प्र ઉપસર્ગ જે જે ધાતુઓની પૂર્વમાં આવે છે ત્યાં ત્યાં તે તે ક્રિયાઓનો પ્રારંભ કરવો એવો અર્થ થાય છે. આથી મન, વચન અને કાયાની શક્તિનો પ્રારંભ જેમાં હશે એવો વ્યાપાર જ प्रयत्न શબ્દનો અર્થ થશે. વર્ણની ઉત્પત્તિ વખતે મુખમાં રહેલા પ્રયત્નો (વ્યાપારો) પ્રારંભ અર્થવાળા હોય છે તથા મુખની બહાર થતાં વ્યાપારો પ્રારંભ સિવાયના અર્થવાળા હોય છે. કોઈપણ ક્રિયાની શરૂઆત, મધ્યભાગ તથા અન્ત હોય છે. હવે વર્ણની ઉત્પત્તિમાં જે વ્યાપાર જરૂરી છે તે પ્રારંભ સંબંધી હશે. હવે प्रयत्न શબ્દ ઉપરથી સ્પષ્ટ રીતે જણાઈ જ જાય છે કે મુખમાં રહેલા વ્યાપારો જ લઈ શકાશે અને विवार વગેરે બાહ્ય પ્રયત્નોની બાદબાકી આપોઆપ થઈ જશે. આથી બાહ્ય પ્રયત્નની નિવૃત્તિ માટે ગ્રહણ કરાયેલું आस्य પદ નિરર્થક છે. કોઠામાં ઉત્પન્ન થયેલા પ્રાણ નામના વાયુથી સૌ પ્રથમ स्पृष्टता વગેરે ચાર પ્રયત્નો ઉત્પન્ન થાય છે. પાછળથી મસ્તકને અથડાયા પછી પાછા ફરતાં એવા પ્રાણવાયુ નિમિત્તે विवार વગેરે બાહ્ય પ્રયત્નો ઉત્પન્ન થાય છે. આમ प्रयत्न શબ્દનો જો આરંભવાળો વ્યાપાર એવો અર્થ થાય તો प्रयत्न શબ્દથી જ બાહ્ય પ્રયત્નની નિવૃત્તિ થઈ જશે. આથી બાહ્ય પ્રયત્નની નિવૃત્તિ માટે ગ્રહણ કરાયેલું आस्य પદ નિરર્થક છે.

ઉત્તરપક્ષ :- જો प्रयत्न શબ્દનો અર્થ પ્રારંભવાળો વ્યાપાર એવો કરશો તો ઉદાત્ત વગેરે સ્વરોની સ્વસંજ્ઞા પ્રાપ્ત થશે નહીં. આ સ્વરો ત્રણ પ્રકારના છે : (૧) ઉદાત્ત, (૨) અનુદાત્ત અને (૩) સ્વરિત. આ ત્રણેય પ્રકારના સ્વરો એ વિવૃત્ત પ્રયત્નવાળા છે. વળી, આ વિવૃત્ત પ્રયત્ન આરંભિક જ છે, છતાં પણ આ ત્રણેયના આરંભિક પ્રયત્નમાં ભિન્નતા હોવાથી ત્રણેયનો ભિન્ન ભિન્ન સમયે આરંભ થાય છે. હવે, જો ભિન્ન ભિન્ન સમયે આરંભ થાય તો પ્રયત્ન અલગ થવાથી સ્વસંજ્ઞા થઈ શકશે નહીં. તેથી વિવાર વગેરે પ્રયત્નોની બાદબાકી કરવા માટે आस्य પદનું ગ્રહણ આવશ્યક છે. ખરેખર તો प्रयत्न શબ્દમાં જે "प्र" ઉપસર્ગ છે એ ધાતુઅર્થને જ અનુસરે છે. આથી તેનો

વ્યાપાર કરવો એટલો જ માત્ર અર્થ થશે અને તેથી જ પ્રારંભ અને અન્ય ઉભય અર્થ શક્ય બનશે. આથી સ્વરોની પણ પરસ્પર સ્વસંજ્ઞા પ્રાપ્ત થશે.

સ્વસંજ્ઞા નિમિત્તક અમુક કાર્યો કરવા છે તથા સ્વસંજ્ઞા રહિતના વર્ણોમાં અમુક કાર્યો કરવા નથી. આથી આવા પ્રયોજનની સિદ્ધિ માટે સ્વસંજ્ઞા કરવામાં આવી છે. આથી જ બૃહન્ન્યાસમાં લખ્યું છે કે, આ શાસ્ત્રમાં स्व શબ્દના ગ્રહણ વિના કાર્યોમાં ભિન્નતા આવતી નથી. માટે જ આ સૂત્રમાં સ્વસંજ્ઞાનું ગ્રહણ કર્યું છે.

(श०न्या०) तर्प्तेति-"तृपौच् प्रीतौ" श्वस्तन्यास्ताप्रत्यये गुणे च तर्प्ता । अत्र पकार-तकारयोरेकः प्रयत्नः स्पृष्टता, न तु स्थानम्, पकारस्य ह्योष्ठौ, तकारस्य तु दन्ताः, तयोः स्वत्वे "धुटो धुटि स्वे वा" [१.३.४८.] इति पकारस्य तकारे लोपः स्यादिति । **अरुश् श्च्योतती**ति-अर्तेः "रुद्यर्ति-जनि-तनि-धनि०" [उणा० ९९७.] इत्युसि गुणे अरुस्, (ततः सकारस्य रुत्वे-अरुर्) "स्च्युतृ क्षरणे" तिवि शवि उपान्त्यगुणे "सस्य शषौ" [१.३.६१.] इति सकारस्य (धातुसकारस्य) शत्वे रेफस्य तु "शषसे शषसं वा" [१.३.६.] इति शत्वे 'अरुश् श्च्योतति' इति-अत्र शकारचकारयोरेकं स्थानं तालु, न प्रयत्नः, शकारस्येषद्विवृतत्वाच्चकारस्य तु स्पृष्टत्वाद्, इति (आस्यप्रयत्नाग्रहणे तुल्यस्थानत्वेन स्वसंज्ञया) शकाराद् वा परस्य (परस्य) शकारस्य चकारे (परे वा) लोपः स्यादिति ॥१७॥

અનુવાદ :- तृपौच् प्रीतौ અહીં "तृप्" ધાતુ ચોથા ગણનો પ્રીતિ અર્થવાળો છે. આ तृप् ધાતુને શ્વસ્તની વિભક્તિ ત્રીજા પુરુષ એકવચનનો "ता" પ્રત્યય લાગતા ગુણ થાય છે. આથી तर्प्ता રૂપની સિદ્ધિ થાય છે. હવે સ્પર્શ વ્યંજનોનો સ્પૃષ્ટતા પ્રયત્ન છે. આથી पकार અને तकार બંનેનો સમાન એવો સ્પૃષ્ટતા પ્રયત્ન છે. પરંતુ બંનેનું સ્થાન સમાન નથી. पकारનું સ્થાન ઓષ્ઠ છે અને तकारનું સ્થાન દન્ત છે. આથી સ્થાનમાં તુલ્યતા ન થવાથી पकार અને तकारની સ્વસંજ્ઞા થતી નથી. જો આ બંને વ્યંજનોની સ્વસંજ્ઞા થઈ હોત તો "धुटो धुटि स्वे वा" (૧/૩/૪૮) સૂત્રથી पकारનો तकार પર છતાં લોપ થાત. આમ સૂત્રમાં સ્થાન શબ્દનું ગ્રહણ ન કર્યું હોત તો तर्प्ता પ્રયોગમાં पकारનો લોપ થઈ જાત.

"अरुश् श्च्योतति" અહીં "ऋ" ધાતુને रुद्यर्ति-जनि-तनि-धनि... (उणा० ૯૯૭) સૂત્રથી उस् પ્રત્યય થાય છે. તથા "उस्" પ્રત્યય થતાં "ऋ" ધાતુનો ગુણ થવાથી "अरुस्" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે "अरुस्" શબ્દમાં અન્તમાં રહેલા "स्"નો "सोरुः" (૨/૧/૭૨) સૂત્રથી र् થતાં अरुर् સિદ્ધ થાય છે, જેનો અર્થ આકડાનો રસ થાય છે. "स्च्युतृ क्षरणे" स्च्युतृ ધાતુ ઝરવું અર્થવાળો પહેલા ગણનો છે. આ ધાતુને વર્તમાનકાળ ત્રી.પુ.એ.નો "तिव्" પ્રત્યય થતાં ધાતુથી પર शव्

આવે છે તે વખતે ઉપાન્ત્ય "उ"નો ગુણ થાય છે. તેમજ આરંભમાં રહેલા દન્ત્ય स્નો "सस्य श-षौ" (૧/૩/૬૧) સૂત્રથી श् થાય છે. હવે अरुर् श्च्योतति આ અવસ્થામાં अरुर्ના र्નો श् પર છતાં "श-ष-से श-ष-सं वा" (૧/૩/૬) સૂત્રથી श् થતાં अरुश् श्च्योतति પ્રયોગ થશે. આ પ્રયોગનો આકડાનો રસ ઝરે છે એવો અર્થ થશે. આ પ્રયોગમાં श्ની પછી श् રહ્યો છે તેમજ श्ની પછી च् રહ્યો છે. હવે श् પછી चकार આવે તો "धुटो धुटि स्वे वा" (૧/૩/૪૮) સૂત્રથી शकारનો લોપ થશે કે કેમ ? આ સંબંધમાં આચાર્ય ભગવંત લખે છે કે शकार અને चकारનું તાલુ સ્વરૂપ સ્થાન સમાન છે. પરંતુ शकारનો ईषत्विवृतता પ્રયત્ન છે, તથા चकारનો स्पृष्टता પ્રયત્ન છે. આથી જો સૂત્રમાં આસ્યપ્રયત્નનું ગ્રહણ ન કર્યું હોત તો शकार અને चकारનું સ્થાન એક થવાથી शकारનો चकार પર છતાં લોપ થાત. હવે સૂત્રમાં आस्य પદ ગ્રહણ કર્યું હોવાથી આ આપત્તિ આવશે નહીં.

-: ન્યાસસારસમુદ્ધાર :-

तुल्येत्यादि-तोल्यतेऽनया भिदाद्यङि तुला, तुलया संमितस्तुल्यः "हृद्य-पद्य०" [७.१.११.] इत्यादिना यः । प्रयत्न उत्साहः । **नासिकौष्ठौ** चेति-व्यस्तावेतौ, समासे तु "प्राणितूर्य०" [३.१.१३७.] इति समाहारः स्यात् ।

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

તોલાય છે આનાવડે એ અર્થમાં तुल् ધાતુને ૫-૩-૧૦૮ સૂત્રથી સ્ત્રીલિંગમાં "अङ्" પ્રત્યય થતાં તથા आप् પ્રત્યય લાગતાં तुला શબ્દ પ્રાપ્ત થાય છે. ત્રાજવાવડે મપાયેલું એ અર્થમાં "हृद्य-पद्य..." (૭/૧/૧૧) વગેરે સૂત્રથી "य" પ્રત્યય થતાં પૂર્વના "आ"નો લોપ થઈને "तुल्य" શબ્દ પ્રાપ્ત થાય છે પ્રયત્નનો પર્યાયવાચક અર્થ છે ઉત્સાહ.

नासिकौष्ठौ. પાણિનીય શિક્ષા શ્લોક-૧૩માં આ શબ્દ લખેલો છે. આ શબ્દમાં બંને શબ્દો પૃથક્ પદવાળા સમજવાં. અહીં સમાસ થયો નથી. नासिका + ओष्ठौ એ પ્રમાણે પૃથક્ નિર્દેશ માનવો. જેનો અર્થ નાસિકા અને બે હોઠો થાય છે. જો સમાસ થયો હોત તો "प्राणितूर्य..." (૩/૧/૧૩૭) સૂત્રથી સમાહારદ્વન્દ્વ સમાસ થતાં नासिकौष्ठम् પ્રયોગની સિદ્ધિ થાત.

(न्या०स०) कलयति ईषदास्यभावम्, अच्, अल्पाद्यर्थे कपि, णके वा (कलकः), कु ईषत् कलकः काकलकः "अल्पे" [३.२.१३६.] इति कादेशः; काकलक इति संज्ञा यस्य स तथा, ग्रीवायामुन्नतप्रदेशः । **आन्तर** इति-अन्तरा भवः "भवे" [६.३.१२३.] अण्, अन्तर्जातो वा, भवे त्वर्थे दिगादित्वाद् यः स्यात् ।

અનુવાદ :- અલ્પ એવા આસ્ય ભાવને (મુખ સ્વરૂપ ભાવને) ધારણ કરે છે. એ અર્થમાં "कल्" ધાતુને "अच्" પ્રત્યય થઈને "कप्" પ્રત્યય અથવા "णक" પ્રત્યય થતાં "कलक" શબ્દ પ્રાપ્ત થાય છે. कु कलकः અહીં અલ્પ અર્થમાં कु લાગ્યો છે. આથી अल्पे (૩/૨/૧૩૬) સૂત્રથી कुનો का આદેશ થતાં काकलकः શબ્દ પ્રાપ્ત થાય છે તથા काकलकः संज्ञा यस्य स એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થતાં काकलकसंज्ञः कण्ठमणिः પ્રયોગ સિદ્ધ થશે. આ સામાસિક શબ્દનો અર્થ જીભનો ઉન્નત પ્રદેશ થાય છે. હવે "आन्तर" શબ્દનો અર્થ ખોલે છે. "अन्तरा" શબ્દને થવું અર્થમાં "भवे" (૬/૩/૧૨૩) સૂત્રથી अण् પ્રત્યય થતા आन्तर શબ્દ થાય છે. જેનો અર્થ અન્દર થવું એવો થાય છે. અથવા અંદર ઉત્પન્ન થવું એવો અર્થ થાય છે.

જો દિગ્‌વાચક અથવા તો દેહના, અવયવવાચક એવા કોઈ વિશેષ અર્થમાં જો आन्तर શબ્દ હોય તો "दिगादिदेहांशाद्यः" (૬/૩/૧૨૪) સૂત્રથી "य" પ્રત્યય થાત.

(न्या०स०) स्पृश्यन्ते स्म स्पृष्टा वर्णाः, तेषां भावः स्पृष्टता-वर्णानां प्रवृत्तिनिमित्तम्; स्पृष्टताहेतुत्वात् प्रयत्नोऽपि स्पृष्टता, "अभ्रादिभ्यः" [७.२.४६.] इत्यप्रत्यये वा, संज्ञाशब्दत्वात् स्त्रीत्वम् । प्रयत्नानां संज्ञा इमा यथाकथञ्चिद् व्युत्पाद्यन्ते, एवं सर्वत्र । एवमीषत्स्पृष्टताऽपि । विव्रियन्ते स्म विवृता वर्णास्तेषां भावः । ईषद् विव्रियन्ते स्मेत्यादि ।

અનુવાદ :- આ બધી જ પંક્તિઓનો અનુવાદ ન્યાસમાં આવી ગયો છે.

(न्या०स०) करणमिति-वर्णोत्पत्तिकाले स्थानानां प्रयत्नानां च सहकारि कारणम् । **सर्वे**ति-सर्वं मुखं स्थानमस्य, मुखस्थितानि सर्वाण्यपि स्थानानि अवर्णस्येत्यर्थः ।

અનુવાદ :- વર્ણોના ઉત્પત્તિકાળમાં સ્થાન અને પ્રયત્નોનું સહકારી કારણ જે છે એને કરણ કહેવાય છે. બૃહન્ન્યાસમાં લખ્યું છે કે તાલવ્ય, મૂર્ધન્ય, દન્ત્ય વગેરેનું જિહ્વા એ કરણ સ્વરૂપ થાય છે. મુખમાં રહેલા તમામ સ્થાનો अवर्णના છે.

(न्या०स०) कण्ठ-तालव्याविति-कण्ठतालुनि भवौ, देहांशसमुदायादपि यः ।

અનુવાદ :- કંઠ અને તાલુ સ્થાનમાં થવું એ અર્થમાં ૬-૩-૧૨૪ સૂત્રથી "य" પ્રત્યય થતાં कण्ठ-तालव्यौ શબ્દ થાય છે.

(न्या०स०) स्वरेषु ए-ओ विवृततराविति-ननु विवृततरताऽतिविवृततरताऽतिविवृततमतारूपाणां प्रयत्नान्तराणां सद्भावात् सप्तधा प्रयत्न इति वक्तुमुचितम्, कथं चतुर्धेत्युक्तम् ? सत्यम्-विवृततरतादीनपि विवृततया परिगृह्योक्तं चतुर्धा इति, विशेषस्य सामान्येऽन्तर्भावात् ।

અનુવાદ :- ઉપરની તમામ પંક્તિઓનો અનુવાદ બૃહન્ન્યાસમાં આવી ગયો છે.

(न्या०स०) अकारः संवृत इत्यन्ये इति-संवृतताऽऽख्यं पञ्चमं प्रयत्नमन्ये मन्यन्त इत्यर्थः ।

અનુવાદ :- કેટલાક લોકો अकार સંવૃત પ્રયત્નવાળો છે એવું માને છે એ લોકો संवृतता નામના પાંચમા પ્રયત્નને માને છે.

(न्या०स०) अकारं संवृतं शिक्षायामेके पठन्ति, तेनाकाराकारयोः संवृत-विवृतयोर्भिन्न-प्रयत्नत्वात् स्वसंज्ञा न प्राप्नोतीति विवृत एवात्र प्रतिज्ञायते, प्रयोगे तु संवृत एवाऽसौ स्वरूपेणे-**त्यन्य** इत्युक्तम् । **सानुनासिके**ति-नासिकामनुगतो यो वर्णधर्मः स तथा, सह तेन वर्तते यो वर्णः स तथा । निर्गतोऽनुनासिकाद् यः स तथा ।

અનુવાદ :- ઉપરોક્ત તમામ પંક્તિઓનો અનુવાદ બૃહન્ન્યાસમાં આવી ગયો છે.

(न्या०स०) स्वरः संजातो येषां ते स्वरिताः । यथाकथञ्चिद् व्युत्पत्तिः ।

અનુવાદ :- સ્વર ઉત્પન્ન થયો છે જેઓને તે स्वरित કહેવાય છે. અહીં सञ्जात અર્થમાં स्वर શબ્દને તદ્ધિતનો "इंतच्" પ્રત્યય થયો છે. આ પ્રમાણે स्वरित શબ્દની કોઈક પ્રકારથી વ્યુત્પત્તિ બતાવી છે. स्वरित એ પ્રયત્ન છે. સ્વર ઉત્પન્ન થાય છે જેઓના સંબંધમાં તે स्वरित સ્વરૂપ પ્રયત્ન છે.

(न्या०स०) अनुनासिक इति-अनुनासिको धर्मोऽस्यास्तीति अभ्रादित्वाद् अः, तद्धर्मरहितो-**ऽननुनासिक** इति । **रेफोष्मणां त्वि**ति-अन्यवर्णापेक्षया तेषां स्वत्वाभावः, रेफस्य तु रेफः स्वो भवत्येव। एवमूष्मणामपि स्वा न भवन्तीति ।

ननु वर्णानां तुल्याऽऽस्यप्रयत्नत्वे कथं श्रुतिभेदः ? उच्यते-कालपरिमाण-करण-प्राणकृतगुण-भेदात् श्रुतिभेदः । तथाहि-यावता कालेनाक्ष्ण उन्मेषो निमेषो वा भवति तावान् कालो मात्रा, मात्राकालो वर्णो मात्रिकः, द्विस्तावान् द्विमात्रः, त्रिस्तावान् त्रिमात्रः, अर्धमात्राकालं व्यञ्जनम्; तदिदं वर्णेषु चतुर्विधं कालपरिमाणं भेदकृद् भवति । करणं च श्रुतिभेदकरं भवति, तत् प्रागे-वोक्तम् । प्राणकृताश्च गुणभेदा घोषाघोषादय इति । **निवृत्त्यर्थमि**ति-तेनारुश्श्च्योततीत्यत्र शकार-चकारयोस्तुल्यस्थान-बाह्यप्रयत्नत्वे सत्यपि "धुटो धुटि०" [१.३.४८.] इति शकारस्य चकारे लोपो न भवति ।

અનુવાદ :- ઉપરની તમામ પંક્તિઓનો અનુવાદ બૃહન્ન્યાસમાં આવી ગયો છે.

(न्या०स०) ते ह्यासन्न इत्यत्रैवेति-"आसन्नः" [७.४.१२०.] इत्यत्रापि महाप्राणस्यैवाव-काशः, अन्येषां च वेदे प्रयोजनम् । **उपयुज्यन्त** इति-उपयुक्ता भवन्तीत्यर्थः । **शिक्षामि**ति-

वर्णोत्पत्तिप्रतिपादकं शास्त्रम् । **कोष्ठे** उदरे । **अन्यतमस्मिन्निति**-मतान्तरेणाऽयं साधुः, स्वमते-ऽन्यतरग्रहणादन्यस्वार्थिकप्रत्ययान्तानां सर्वादित्वनिषेधान्न सिध्यति ।

અનુવાદ :- સૂત્રમાં "आस्य"નું ગ્રહણ કરવામાં આવ્યું છે તે બાહ્ય પ્રયત્નની નિવૃત્તિ માટે લખાયું છે. બાહ્ય પ્રયત્ન આસન્ન પરિભાષામાં જ ઉપયોગી છે અને આસન્ન પરિભાષામાં પણ મહાપ્રાણ સ્વરૂપ બાહ્ય પ્રયત્નનો જ અવકાશ છે. જેની ચર્ચા અમે બૃહન્ન્યાસમાં કરી છે. બીજા બધા બાહ્ય પ્રયત્નોનું વેદમાં જ પ્રયોજન છે.

"उपयुज्यन्त"નો અર્થ "ઉપયોગવાળા" થાય છે. એ પ્રમાણે "शिक्षाम्" પંક્તિ દ્વારા આચાર્ય ભગવંત शिक्षा શબ્દનો અર્થ જણાવે છે. વર્ણની ઉત્પત્તિને જણાવનાર જે શાસ્ત્ર છે એ શિક્ષા શાસ્ત્ર કહેવાય છે.

"कोष्ठ" એટલે ઉદર (પેટ) થાય છે.

આચાર્ય ભગવંતશ્રીએ વર્ણની શ્રુતિ સંબંધમાં આપિશલિ વ્યાકરણકારનો મત બૃહદ્વૃત્તિટીકામાં આપ્યો છે. તેમાં "अन्यतमस्मिन्" શબ્દ લખ્યો છે. આ પ્રયોગ આચાર્ય ભગવંતના મતે સાધુ પ્રયોગ નથી. કેમકે "सर्वादिः स्मै-स्मातौ" (૧/૪/૭) સૂત્રમાં સર્વાદિ ગણપાઠમાં "डतर" અને "डतम" પ્રત્યયના ગ્રહણની સાથે જ "अन्यतर" શબ્દને પણ ગ્રહણ કર્યો છે. આમ તો "डतर" અને "डतम" પ્રત્યયના ગ્રહણથી "अन्यतर" શબ્દ પણ "सर्वादि" તરીકે પ્રાપ્ત થઈ જ જાત છતાં પણ "अन्यतर" શબ્દને પૃથક્ ગ્રહણ કરીને આચાર્ય ભગવંતશ્રી "अन्यतम" શબ્દને "सर्वादि" કહેવા માંગતા નથી. આથી જ સર્વાદિ ગણપાઠમાં "अन्यतम" શબ્દ આચાર્ય ભગવંતના મતે આવી શકશે નહીં. આથી બૃહદ્વૃત્તિટીકામાં લખાયેલો "अन्यतम-स्मिन्" શબ્દ અન્યમતથી સાધુ પ્રયોગ છે. સ્વમતથી એ પ્રયોગની સિદ્ધિ થતી નથી.

(न्या०स०) अनुप्रदानमिति-अनुप्रदीयते वर्णान्तर-संजननार्थमेकत्र मील्यते "भुजि-पत्यादिभ्यः०" [५.३.१२८.] (इत्यनट्) **निग्रह** इति-स्तब्धत्वं कठिनत्वमिति यावत् । **अणुत्वम्**-सूक्ष्मत्वम् । **स्रंसनम्**-श्लथत्वमित्यर्थः ।

અનુવાદ :- અન્યવર્ણને ઉત્પન્ન કરવા માટે એક સ્થાનમાં ભેગા કરાય છે એવા અર્થમાં "अनु + प्र + दा" ધાતુને "भुजि-पत्यादिभ्यः" (૫/૩/૧૨૮) સૂત્રથી "अनट्" પ્રત્યય થાય છે અને "अनुप्रदान" શબ્દ પ્રાપ્ત થાય છે.

"निग्रह" શબ્દનો અર્થ કઠિનપણું થાય છે. અને "अणु" શબ્દનો અર્થ સૂક્ષ્મપણું થાય છે તથા "स्रंसनम्" શબ્દનો અર્થ શિથિલપણું થાય છે.

(न्या०सं०) वर्णनिष्पत्तिकालभावेति-अत्राल्पस्वरत्वेन भावशब्दस्य पूर्वनिपातः । श्वासलक्षणमनुप्रदानं येषां ते तथा । **इतरे** इति-इतरत्वं पूर्ववाक्याऽपेक्षम्, न सर्वेषामित्यर्थः । उदात्तादीनां स्वरेष्वेव संभवान्न व्यञ्जनेषु इति व्यञ्जनोत्पत्तौ न कथ्यन्ते उदात्तादयो बाह्यप्रयत्नाः ॥१७॥

અનુવાદ :- બૃહદ્વૃત્તિટીકામાં "वर्णनिष्पत्तिकालभावाऽभावाभ्याम्" પંક્તિ લખી છે ત્યાં ભાવ અને અભાવનો દ્વન્દ્વ સમાસ કર્યો છે. ખરેખર તો અર્થ પ્રમાણે પહેલો અભાવ શબ્દ આવવો જોઈએ. પરંતુ દ્વન્દ્વ સમાસમાં અલ્પ સ્વરવાળું નામ પૂર્વપદમાં નિપાત થાય છે. એવો નિયમ હોવાથી ભાવ શબ્દ પૂર્વમાં લખ્યો છે, પરંતુ અર્થ વિચારતી વખતે તો પ્રથમ અભાવ પદનો અર્થ જ કરવો.

બૃહદ્વૃત્તિટીકામાં "श्वासानुप्रदाना अघोषाः" શબ્દો લખ્યા છે. એનો અર્થ હવે જણાવે છે : શ્વાસ સ્વરૂપ અનુપ્રદાન જે વર્ણોમાં છે તે વર્ણો અઘોષ કહેવાય છે.

"इतरे सर्वे महाप्राणाः" આ વાક્યમાં ઇતરપણું પૂર્વ વાક્યની અપેક્ષાવાળું છે. આથી પૂર્વ વાક્યમાં વર્ગનો પ્રથમ, ત્રીજો તથા પાંચમો વ્યંજન અને અન્તસ્થા અલ્પપ્રાણવાળા છે. આથી હવે "इतर" તરીકે બાકીના વ્યંજનો સમજવા, પણ સ્વરોને સમજવા નહીં. ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એ પ્રમાણે ત્રણ બાહ્ય પ્રયત્નો માત્ર સ્વરોમાં જ સંભવે છે, પરંતુ વ્યંજનોમાં એ પ્રયત્નો સંભવતાં નથી. આથી વ્યંજનની ઉત્પત્તિમાં ઉદાત્ત વગેરે બાહ્ય પ્રયત્નો કહેવાયા નથી.

॥ सप्तदशमम् सूत्रम् समाप्तम् ॥

❋ ❋ ❋

सूत्रम् - स्यौजसमौशस्टाभ्याम्भिस्ङेभ्याम्भ्यस्ङसिभ्याम्भ्यस्ङस्ोसाम्ङ्योस्सुपां त्रयी त्रयी प्रथमादिः । १ । १ । १८ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

स्यादीनां प्रत्ययानां त्रयी त्रयी यथासंख्यं प्रथमा-द्वितीया-तृतीया-चतुर्थी-पञ्चमी-षष्ठी-सप्तमीसंज्ञा भवति ।

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

સિ વગેરે પ્રત્યયો સંબંધી ત્રણ ત્રણ પ્રત્યયોની અનુક્રમે પ્રથમા, દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી, ષષ્ઠી અને સપ્તમી સંજ્ઞા થાય છે.

(त०प्र०) इ-ज-श-ट-ङ-पा अनुबन्धाः "सौ नवेतौ" [१.२.३८.] इत्यादौ विशेषणार्थाः ।

અનુવાદ :- इ, ज, श, ट, ङ તથા प પ્રત્યયોને અન્તે આવ્યા છે તે અનુબંધો છે. આ અનુબંધો કોઈ ચોક્કસ પ્રત્યયનો બોધ કરાવવા માટે છે. જો "इ" અનુબંધ લખવામાં ન આવે તો "सो नवेतौ" (૧/૨/૩૮) સૂત્રમાં સથી શરૂ થતાં પ્રત્યય સંબંધમાં વ્યવસ્થિત બોધ થઈ શકશે નહીં. માટે પ્રથમા વિભક્તિના "स्"નો બોધ કરાવવા માટે "इ" અનુબન્ધ લખવા દ્વારા બધા પ્રત્યયોથી પ્રથમા એકવચનના स्ને અલગ કર્યો છે.

(त०प्र०) बहुवचनं स्याद्यादेशानामपि प्रथमादिसंज्ञाप्रतिपत्त्यर्थम् । प्रथमादि-प्रदेशाः-"नाम्नः प्रथमैकद्विबहौ" [२.२.३१.] इत्यादयः ॥१८॥

અનુવાદ :- સૂત્રમાં "ङ्योस्सुपां" પદમાં ષષ્ઠી બહુવચન કર્યું છે. આ બહુવચન જે જે સૂત્રોમાં "सि" વગેરેનાં આદેશો થયેલા હશે તે આદેશોની પણ પ્રથમા વગેરે સંજ્ઞાઓ થશે એવું જણાવવા માટે છે.

પ્રથમા વગેરે સંજ્ઞાનાં ઉદાહરણ સ્થળો "नाम्नः प्रथमैक द्वि-बहौ" (૨/૨/૩૧) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

स्यौजसित्यादि-इदं वचनमनर्थकं वा स्याद्, यथा-किञ्चिदुन्मत्तादिवाक्यम्, सार्थकं वा ? यथा-'गामभ्याज' इत्यादि वाक्यम् । न तावदनर्थकम्, वृत्त्युपदिष्टेनार्थेनार्थवत्त्वाद्, वक्ष्यमाणार्थमेवेदं न साधुत्वानुशासनार्थमिति । कुत एतत् ?

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

આ સૂત્ર અનર્થક છે અથવા તો સાર્થક છે. એ સંબંધી વિકલ્પ બાબતમાં સૂત્રકાર પ્રશ્નો ઊભા કરીને સમાધાન આપે છે. સૌ પ્રથમ શું આ સૂત્ર અનર્થક છે ? દા.ત. ઉન્મત્ત લોકોના વચનોથી શિષ્ટપુરુષોને શાબ્દબોધ થઈ શકતો નથી. દા.ત. दश दाडिमानि षडपूपाः (દશ દાડમો) અને (છ પૂડલાં) આમ તો ઉપરના બંને પદો કૌંસમાં બતાવેલા અર્થ પ્રમાણે અર્થવાન્ છે; છતાં પણ બે પદોના જોડાણથી વાક્યાર્થનો બોધ થઈ શકતો નથી. માટે વાક્યાર્થની અપેક્ષાએ ઉપરોક્ત

પદો અનર્થક છે. એ જ પ્રમાણે स्यौजसमौशस्... ङ्योस्सुपाम् વાક્યનો કોઈક સમુદિત અર્થ થતો નથી. માત્ર પ્રત્યયોના જ જોડાણ દ્વારા કોઈ પદાર્થનો બોધ થઈ શકતો નથી.

અથવા તો શું આ સૂત્ર સાર્થક છે ? જે પ્રમાણે "गामभ्याज" વાક્ય સાર્થક છે. જેનો સમુદિત અર્થ "તું ગાયને લાવ" એ પ્રમાણે થાય છે. શું स्यौजस्... વગેરે વાક્યોનો આવો કોઈક અર્થ થાય છે ?

હવે આ બંને વિકલ્પમાં પ્રથમ વિકલ્પનો આચાર્ય ભગવંત न तावद् अनर्थकम् લખવા દ્વારા જવાબ આપે છે. બૃહદ્વૃત્તિટીકામાં "सि" વગેરે ત્રણ ત્રણ પ્રત્યયોની અનુક્રમે પ્રથમા વગેરે વિભક્તિ થાય છે એવો અર્થ જણાવેલ છે. માટે સૂત્રનું વાક્ય અનર્થક તો નથી. આ સૂત્રનો અર્થ માત્ર ત્રણ ત્રણ પ્રત્યયોની પ્રથમા વગેરે વિભક્તિ થાય છે એવું જણાવવા માટે જ નક્કી થયો છે, પરંતુ સાધુત્વ કોઈ ચોક્કસ પ્રયોગોમાં છે અથવા તો નથી એવું જણાવવા માટે નથી. દા.ત. एदापः (૧/૪/૪૨) સૂત્ર हे माले ! हे खट्वे ! વગેરે પ્રયોગો સાધુ પ્રયોગો છે એવું જણાવવા માટે છે એવું આ (૧/૧/૧૮) સૂત્ર નથી.

(श०न्या०) उच्यते-(न) तावत् स्यादीनां साधुत्वान्वाख्यानार्थम्, लक्षणान्तरेण साधुत्वस्यान्वाख्यातत्वात् ।

અનુવાદ :- "सि" વગેરે પ્રત્યયો સંબંધી સૂત્ર સાધુત્વનું કથન કરવા માટે નથી. સાધુત્વનું કથન તો અન્યસૂત્રો દ્વારા થશે. વ્યાકરણ દ્વારા "સાધુ" શબ્દની સિદ્ધિ થાય છે. દા.ત. "सम्राट्" શબ્દ જગતમાં પ્રસિદ્ધ છે અને આચાર્ય ભગવંતે "सम्राट्" (૧/૩/૧૬) સૂત્ર બનાવવા દ્વારા આ પ્રયોગ સાધુ છે એવું સિદ્ધ કર્યું છે. આ પ્રમાણે सि - औ - जस्, अमौ... સૂત્ર કોઈ પ્રયોગનું સાધુત્વ જણાવવા માટે નથી. "सि - औ - जस्..." વગેરે પ્રત્યયોનું સાધુપણું તો અન્યસૂત્રોથી જણાશે. પૂર્વના મહાપુરુષો દ્વારા જ सि વગેરે પ્રત્યયોની વ્યવસ્થા થયેલી છે. આ હકીકત અમે 'लोकात्' (૧/૧/૩) સૂત્રમાં જણાવી ગયા છીએ.

(श०न्या०) नापि प्रयोगनियमार्थम्, अनेन संस्कृत्योत्सृष्टानां यथेष्टं प्रयोगदर्शनाद्, यथा- "दीर्घङ्याब्व्यञ्जनात् सेः" [१.४.४५.] इति । स्थान्यादेशार्थमपि न भवति, संज्ञाप्रकरणे उपादानात् । अत एवाऽऽगमागमिभावार्थमपि न भवति, अन्तादिरूपाऽऽगमलिङ्गाभावाच्च ।

અનુવાદ :- આ સૂત્ર પ્રયોગોનું નિયમન કરવા માટે પણ નથી. અર્થાત્ જે પ્રમાણે "रामः रामौ रामाः" આવા પ્રયોગો જગતમાં છે એવો નિયમ વ્યાકરણ દ્વારા જણાશે એવું "सि - औ - जस्" વગેરે વાક્યમાં જણાતું નથી અર્થાત્ "सि - औ - जस्" વગેરે પ્રયોગો જગતમાં વિદ્યમાન છે એવું આ સૂત્રથી જણાતું નથી. બલ્કે આ સૂત્રના શબ્દોવડે સંસ્કાર કરીને ત્યાગ

કરાયેલાં પ્રત્યયવાળા ઇચ્છિત પ્રયોગો જણાય છે. દા.ત. "मरुत् + सि = मरुत्." અહીં "दीर्घङ्याब्व्यञ्जनात् सेः" (૧/૪/૪૫) સૂત્રથી "सि"નો લોપ થવા દ્વારા "मरुत्" પ્રયોગ સાધુ પ્રયોગ છે એવું જણાવાય છે. અહીં "संस्कृत्य"નો અર્થ આ પ્રમાણે થાય છે. વ્યાકરણ દ્વારા પ્રક્રિયા કરીને પ્રયોગ કરવા માટે શબ્દોને છોડવા એ પદોનો સંસ્કાર કહેવાય છે. આ સૂત્ર આ પ્રમાણે જગતમાં પ્રસિદ્ધ પ્રયોગોના સંસ્કાર કરવા માટેનું નથી.

આ સૂત્ર સ્થાની અને આદેશ પ્રયોજનવાળું પણ થતું નથી. જે પ્રમાણે ઉપર કહેલા (૧/૪/૪૫) સૂત્રમાં "सि" સ્થાની છે તથા "लुक्" થાય તે આદેશ છે. એવું આ સૂત્રમાં જણાતું નથી. "सि - औ - जस्" વગેરે સ્થાની થાય અને પ્રથમા વગેરે આદેશ થાય એવું તો શક્ય નથી. કારણ કે જેમ "इ"નો "य्" થાય છે ત્યારે "इ"નું અસ્તિત્વ જતું રહે છે. એવું અહીં થતું નથી. જો એવું જ થતું હોત તો "सि"ની જગ્યાએ પ્રથમા આદેશ આવી જાત. માટે સ્થાનીનાં આદેશ માટે પણ આ સૂત્ર નથી. કદાચ સૂત્રમાં ષષ્ઠી અને પ્રથમા વિભક્તિ હોવાથી કોઈ કહે કે "सि" વગેરેને સ્થાની માનો અને પ્રથમા વગેરેને આદેશ માનો તો એના જવાબમાં સમજવું કે આ સૂત્ર સંજ્ઞા પ્રકરણમાં ગ્રહણ કર્યું હોવાથી એ વિકલ્પ પણ (સ્થાનીના આદેશનો) શક્ય નથી.

વળી, સંજ્ઞા પ્રકરણમાં જ ગ્રહણ કર્યું હોવાથી આ સૂત્ર આગમ-આગમી ભાવના પ્રયોજનવાળું પણ થતું નથી. જો આગમ હોય તો અન્ત શબ્દ અથવા તો આદિ શબ્દ ચિન્હ તરીકે જણાવેલો હશે. પરંતુ અહીં તો અન્ત અને આદિ સ્વરૂપ ચિન્હનો અભાવ જણાય છે માટે આ સૂત્ર આગમ-આગમી ભાવ પ્રયોજનવાળું પણ નથી. "अनामस्वरे नोऽन्तः" (૧/૪/૬૪) સૂત્ર આગમ પ્રયોજનવાળું છે એવું અહીં જણાતું નથી.

(श०न्या०) नापि विशेषण-विशेष्यभावार्थम्, शब्दलक्षणे तदनुपयोगाद् । तस्मात् पारिशेष्यात् स्यादीनां प्रथमादिव्यवहाराभावात् पारम्पर्यात् संज्ञाप्रकरणे विधानाच्च संज्ञार्थमिदमित्याह- **स्यादीनामि**त्यादि ।

અનુવાદ :- આ સૂત્ર વિશેષણ-વિશેષ્યભાવ પ્રયોજનવાળું પણ નથી. જેમ કે વિદ્વાન પુરુષો ક્ષતિ કરતાં નથી. આ વાક્ય વિશેષણ વિશેષ્યભાવ પ્રયોજનવાળું છે. વિદ્વાન એ વિશેષણ છે અને પુરુષો એ વિશેષ્ય છે. એ પ્રમાણે અહીં વિશેષણ-વિશેષ્યભાવ જણાતો નથી. કારણ કે વ્યાકરણમાં માત્ર શબ્દોની સિદ્ધિ કરવાની હોય છે. આથી શબ્દ લક્ષણમાં વિશેષણ-વિશેષ્યભાવનો ઉપયોગ ન હોવાથી આ સૂત્ર વિશેષણ-વિશેષ્યભાવ પ્રયોજનવાળું પણ નથી.

તેથી પારિશેષ ન્યાયથી આ સૂત્ર સંજ્ઞાના પ્રયોજનવાળું જ છે. જગતમાં પ્રથમા વગેરે વ્યવહારનો "स्यादि" વિભક્તિમાં અભાવ જણાતો હોવાથી તથા પૂર્વના મહાપુરુષોની પરંપરાથી

આ સૂત્રનું સંજ્ઞા પ્રકરણમાં જ વિધાન કર્યું હોવાથી આ સૂત્ર સંજ્ઞા પ્રયોજનવાળું છે. આથી બૃહદ્‌વૃત્તિટીકામાં કહ્યું છે કે "सि" વગેરે પ્રત્યયો અનુક્રમે પ્રથમા વગેરે સંજ્ઞાવાળા થાય છે.

(श०न्या०) त्रयोऽवयवा अस्याः "द्वि-त्रिभ्यामयड् वा" [७.१.१५२.] इत्ययटि टित्त्वाद् ङ्यां च **त्रयी**ति, संख्यातानुदेशार्थम्, "वीप्सायाम्" [७.४.८०.] इति द्वित्वम्। "प्रथिष् प्रख्याने" "सृ-पृ-प्रथि-चरि०" [उणा० ३४७.] इत्यमे आपि **प्रथमा**। द्वयोः पूरणी **द्वितीया**। "उभेर्द्वत्रौ च" [उणा० ६१५.] इति इकारे द्वेस्तीयः (७.१.१६५) तीये आपि च द्वितीया त्रिः, तासां पूरणी "त्रेस्तृ च" [७.१.१६६.] इति **तृतीया**। "चतेग् याचने" "चतेरुर्" [उणा० ९४८.] इत्युरि चतुर्, तासां पूरणी "चतुरः" [७.१.१६३.] इति थटि ङ्यां **चतुर्थी**। एवं पञ्चानां पूरणी **पञ्चमी**। "सहेः षष् च" [उणा० ९५१.] इति क्विपि षष्, तासां पूरणी "षट्-कति-कतिपयात् थट्" [७.१.१६२.] इति थटि **षष्ठी**। "षप समवाये" "षप्यशौभ्यां तन्" [उणा० ९०३.] इति तनि (सप्तन्,) सप्तानां पूरणी "नो मट्" [७.१.१५९.] इति मटि **सप्तमी**।

અનુવાદ :- હવે આચાર્ય ભગવંતશ્રી પ્રકૃતિ અને પ્રત્યયનો વિભાગ કરીને દરેક પદોનો બોધ કરાવે છે. ત્રણ અવયવો જેને છે એ અર્થમાં द्वि-त्रिभ्यामयड् वा (૭/૧/૧૫૨) સૂત્રથી अयट् પ્રત્યય થાય છે. હવે त्रि + अयट् આ અવસ્થામાં (૭/૪/૬૮) સૂત્રથી "त्रि"ના "इ"નો લોપ થતાં "त्रय" શબ્દ પ્રાપ્ત થાય છે. આ त्रय શબ્દ પ્રથમા વગેરે સંજ્ઞાનું વિશેષણ હોવાથી સ્ત્રીલિંગવાળો થવાથી (૨/૪/૨૦) સૂત્રથી "ङी" પ્રત્યય થતાં "त्रयी" શબ્દ થાય છે. જેનો અર્થ ત્રણ અવયવ જેને છે એવી પ્રથમા છે તથા "भवन" ક્રિયામાં (થવું ક્રિયામાં) "वीप्सायाम्" (૭/૪/૮૦) સૂત્રથી દ્વિત્વ થયું છે.

હવે प्रथमा શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : "प्रथिष् प्रख्याने". પ્રસિદ્ધ થવું અર્થવાળો प्रथ् ધાતુ પહેલા ગણનો છે. આ ધાતુને "सृ-पृ-प्रथि-चरि.." (उणादि० ૩૪૭) સૂત્રથી "अम" થયે છતે સ્ત્રીલિંગમાં (૨/૪/૧૮) સૂત્રથી "आप्" લાગતાં प्रथमा શબ્દ બને છે. જેનો અર્થ પહેલી એ પ્રમાણે થાય છે. પરંતુ અહીં સંજ્ઞાવાચક હોવાથી "सि - औ - जस्" ત્રણ પ્રત્યયોને પ્રથમા તરીકે ઓળખાશે. કારણ કે આ પ્રત્યયોની સંજ્ઞા જ પ્રથમા તરીકે છે.

હવે द्वितीया શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : બેને પૂરનાર द्वितीया શબ્દનો અર્થ થાય છે. द्वि શબ્દને "उभेर्द्वत्रौ च" (उणादि० ૬૧૫) સૂત્રથી પૂરવા અર્થમાં 'इ' પ્રત્યય થાય છે અને તે જ સમયે 'द्वि'નો 'द्व' આદેશ થાય છે. તથા "द्वेस्तीयः" (૭/૧/૧૬૫) સૂત્રથી 'तीय' પ્રત્યય થતાં અને સ્ત્રીલિંગમાં 'आप्' થતાં 'द्वितीया' શબ્દ બને છે. ત્રણને પૂરનાર એ અર્થમાં (उणादि० ૬૧૫) સૂત્રથી જ 'इकार' પ્રત્યય થતાં તથા 'त्रि'નો 'त्र' આદેશ થઈને 'त्रिः' રૂપ સિદ્ધ થાય છે. આ

જ 'त्रि'ને સંખ્યા પૂરણ અર્થમાં "त्रेस्तृ च" (૭/૧/૧૬૬) સૂત્રથી 'तीय' પ્રત્યય થતા તથા બાકીની અગાઉની જ પ્રક્રિયા થતાં 'तृतीया' શબ્દ થાય છે. 'માંગવા' અર્થમાં 'चतेग्' ધાતુ છે. 'चतेरुर्' (उणादि० - ૯૪૮) સૂત્રથી "उर्" પ્રત્યય થતાં 'चतुर्' શબ્દ બને છે. હવે, "ચારને પૂરનાર" એ અર્થમાં "चतुरः" (૭/૧/૧૬૩) સૂત્રથી 'थट्' પ્રત્યય થાય છે. પછી ૨-૪-૨૦થી 'ङी' પ્રત્યય થતાં તથા (૨/૪/૮૬) સૂત્રથી "थ"ના "अ"નો લોપ થાય છે. અન્તે "चतुर्थी" શબ્દ નિષ્પન્ન થાય છે. પાંચને પૂરનાર એ અર્થમાં पञ्चन् શબ્દને "नो मट्" (૭/૧/૧૫૯) સૂત્રથી मट् પ્રત્યય થતાં તથા સ્ત્રીલિંગમાં ઈ (ङी) પ્રત્યય થતાં 'पञ्चमी' શબ્દ બન્યો છે. 'सह' ધાતુને "सहेः षष् च" (उणादि० ૯૫૧) સૂત્રથી क्विप् પ્રત્યય થતાં અને 'ह्'નો 'ष' થતાં षष् શબ્દ થાય છે. હવે આ છની સંખ્યાને પૂરવું એ અર્થમાં "षट् - कति -कतिपयात् थट्" (૭/૧/૧૬૨) સૂત્રથી थट् પ્રત્યય થતાં 'षष्ठी' થાય છે. સ્ત્રીલિંગમાં 'ङी' પૂર્વની જેમ જ સમજી લેવો. 'षप्' ધાતુ સંબંધ અર્થમાં છે. હવે "षप्यशौभ्यां तन्" (उणादि० - ૯૦૩) સૂત્રથી तन् પ્રત્યય થતાં 'सप्तन्' શબ્દ બને છે. આ સાત સંખ્યાને પૂરવું એ અર્થમાં "नो मट्" (૭/૧/૧૫૯) સૂત્રથી 'मट्' પ્રત્યય થતાં પૂર્વની પ્રક્રિયા પ્રમાણે જ "सप्तमी" શબ્દ બને છે.

(श०न्या०) नन्विकारादीनामनुबन्धानां किं प्रयोजनम् ? यतः "सोरुः" [२.१.७२] इत्यादिर(त्यादाव)नुबन्धरहितस्यैव स्यादेः कार्यं दृश्यते इत्याह-**इ-ज-श-टे**त्यादि । यदि हि स्यादेरिकारादिरनुबन्धो न स्यात्, तदा "सौ नवेतौ" [१.२.३८.] इत्यादौ संदेहः स्यात् । **(विशेष-णार्थाः-)** विशेषो विशेषणं व्यवच्छेद इति यावत्, तत्प्रयोजना इत्यर्थः, अन्यथा 'जस्-शस्-ङसि-ङसाम्' एकरूपत्वादेककार्यता स्यात्, ङसेरपीकारमन्तरेण ङस्कार्यं स्यात्, सेस्तु "दीर्घङ्याब्व्यञ्जनात् सेः" [१.४.४५.] इति 'वाक्षु' इत्यादौ सुप्सकारस्यापि लोपः स्यात्, उकारे तु "सो रुः" [२.१.७२.] इत्यादावस्यैव ग्रहणं स्याद्, नाननुबन्धकस्य 'पयस्' इत्यादेः सकारस्य, सुपस्तु तत्र ग्रहणं न भवति सानुबन्धकत्वात्, 'सुपः' इत्यकरणाद् वा । सुपः पकारमन्तरेण "अरोः सुपि रः" [१.३.५७.] इत्यत्र 'सौ' इति कृते 'गीः सुनोति' इत्यत्रापि स्यात् । टेति टकारमन्तरेण "टादौ स्वरे वा" [१.४.९२.] इत्यत्र 'आदौ' इति कृते आकारादि-स्वरप्रसङ्गः । "रागाट्टो रक्ते" [६.२.१.] इत्यत्र 'रागाद्दो रक्ते' इत्युक्ते उकारान्ताद् रागादित्यादि-संदेहप्रसङ्गः स्यात् । चतुर्थी-सप्तम्येकवचनयोर्निरनुबन्धत्वेऽनुबन्धान्तरे वा "आपो ङिताम्०" [१.४.१७.] इत्यादौ संख्यातानुदेशो बहुवचनं च विरुध्येत । न च "ङेः स्मिन्" [१.४.८.] इत्यादौ संदेहाऽऽशङ्का, चतुर्थ्येकवचनस्य स्मैविधानेनाघ्रातत्वात्, पारिशेष्यात् सप्तम्येक-वचन-स्यैव परिग्रह इति ॥१८॥

અનુવાદ :- सि - औ - जस् વગેરે પ્રત્યયોમાં પ્રત્યય તો स्, औ અને अस् જ છે. જ્યારે બાકીનાં વર્ણ તરીકે રહેલા इ, ज् વગેરે અનુબંધો છે. આ પરિસ્થિતિને નજરમાં રાખીને પૂર્વપક્ષે શંકા કરી છે કે સ્યાદિ વિભક્તિઓનાં પ્રત્યયોમાં "इ" વગેરે અનુબંધોનું પ્રયોજન શું છે ? કારણ કે "सो रुः" (૨/૧/૭૨) વગેરે સૂત્રોમાં અનુબંધરહિત એવા જ "स्" વગેરે પ્રત્યયોનું કાર્ય જણાય છે. ૨-૧-૭૨ સૂત્ર માત્ર 'स्'નો 'र्' કરવાનું કહે છે. પરંતુ 'सि'નો 'र्' કરવાનું જણાવતું નથી. આ શંકાને ધ્યાનમાં રાખીને જ બૃહદ્વૃત્તિમાં પંક્તિઓ લખી છે કે इ-ज-श-ट-ङ-प વગેરે અનુબંધો "सौ नवेतौ" (૧/૨/૩૮) વગેરેમાં વિશેષ પ્રયોજનવાળા છે. જો પ્રથમા એકવચનનાં "स्" પ્રત્યયમાં "इ' અનુબંધ ન હોત તો "सौ नवेतौ" (૧/૨/૩૮) સૂત્રમાં શંકા થાત કે ક્યાં 'स्' નિમિત્તક "ओ" અન્તવાળું નામ લેવું ? અહીં અનુબંધ સહિત નિર્દેશ ન થયો હોત તો "सि नवेतौ" સૂત્ર બનત અને તેમ થાત તો કોઈ પણ 'स्' નિમિત્તક 'ओ' અન્તવાળા નામથી પર "इति" આવત તો વિકલ્પે અસન્ધિ થાત. જ્યારે હવે "इ" અનુબંધ કરવાથી બાકીનાં 'स्' પ્રત્યયોનાં વ્યવચ્છેદની પ્રાપ્તિ થઈ. "विशेषणार्थाः" શબ્દમાં રહેલા વિશેષણનો અર્થ જણાવતા "આચાર્ય ભગવંત" કહે છે કે વિશેષ તે વિશેષણ છે અથવા તો વ્યવચ્છેદ તે વિશેષણ છે. એટલે કે વ્યવચ્છેદ પ્રયોજનવાળા અથવા તો વિશેષ પ્રયોજનવાળા અનુબંધો છે. જો આ અનુબંધો કર્યાં ન હોત તો "जस् - शस् - ङसि - ङस्" આ બધા જ પ્રત્યયો "अस्" સ્વરૂપવાળા જ હોવાથી એક જ પ્રકારનાં કાર્યને ભજનારા થાત તથા ङसि અને ङस् આ બંનેમાં પણ इकार અનુબંધ સ્વરૂપ તફાવત ન હોત તો ङसि પ્રત્યય પણ (પંચમીનો પ્રત્યય પણ) ङस् કાર્યને (ષષ્ઠીનાં કાર્યને) ભજનારો થાત.. દા.ત. "अत आः स्यादौ जस्-भ्याम्-ये" (૧/૪/૧) એ સૂત્રમાં જે 'जस्' પ્રત્યયનું નિમિત્ત લખ્યું છે, ત્યાં આ સૂત્રમાં જો 'जकार' અનુબંધ કર્યો ન હોત તો "अत आः स्यादौ अस्-भ्याम्-ये" સૂત્ર બનાવવું પડત અને તેમ થાત તો ચારે ચાર "अस्" પ્રત્યય પર છતા "अकारान्त" નામનો "आ" થઈ જાત. આ દોષને નજરમાં રાખીને જ અહીં પંક્તિમાં કહ્યું છે કે, जस्-शस्-ङसि અને ङस्નું સમાનરૂપવાળાપણું થવાથી એકકાર્યપણું થાત. તે જ પ્રમાણે "ङे-ङस्योर्याऽऽतौ" (૧/૪/૬) સૂત્ર પ્રમાણે 'अ' અંતવાળા નામથી પર જે પ્રમાણે ङसिનો 'आत्' થાય છે તે જ પ્રમાણે ષષ્ઠી એકવચનનાં "ङस्"નો પણ "आत्" થઈ જાત. કારણ કે બંનેમાં 'ङस्' સ્વરૂપ સમાનપણું 'इ'ના અભાવમાં પ્રાપ્ત થાય છે.

હવે પ્રથમા એકવચનનો 'सि' પ્રત્યય અને સપ્તમી બહુવચનનો 'सुप्' પ્રત્યય એ બંનેમાં જો 'इ' અનુબંધ નિમિત્તક ભેદ ન કર્યો હોત તો જેમ मरुत् નામથી પર રહેલા 'सि'નો "दीर्घङ्याब्व्यञ्जनात् सेः" (૧/૪/૪૫) સૂત્રથી લોપ થાત. તે જ પ્રમાણે "वाच् + सुप्" અહીં પણ ૧-૪-૪૫ સૂત્રથી જ 'सुप्नां'स्'નો લુપ થાત અને અનુબંધ વગર "दीर्घङ्याब्व्यञ्जनात् सः"

(૧/૪/૪૫) એ પ્રમાણે સૂત્ર બનાવવું પડત અને આમ થતા તો તમામ વ્યંજનાંત નામ પછી જ્યાં જ્યાં સ્થી શરૂ થતા નામ આવત ત્યાં ત્યાં બધે જ આદિના 'स्'નો લોપ થઈ જાત. આ આપત્તિને ટાળવા માટે તમે પ્રથમા એકવચનના 'सि' પ્રત્યયમાં જે 'इ'નો અનુબંધ છે એને બદલે उનો અનુબંધ કરો તો "सो रुः" (૨/૧/૭૨) વગેરે સૂત્રોમાં 'उ' અનુબંધવાળા 'स्'નું જ ગ્રહણ થાત. અર્થાત્ પ્રથમા એકવચનનો 'स्' પ્રત્યય જ આવત, કેમ કે "सु"નું ષષ્ઠી એકવચન "सोः" થાય છે, પરંતુ અનુબંધ રહિત એવા प्रयस् નાં 'स्'નું ગ્રહણ થાત નહીં. વળી "सो रुः" સૂત્રમાં "सुप्" પ્રત્યયના "सु"નું ગ્રહણ ન થાત. કારણ કે "सुप्" પ્રત્યયનો 'सु' સાનુબંધવાળો છે, જ્યારે 'सु' (પ્રથમા એકવચનનો) સાનુબંધવાળો નથી.

પૂર્વપક્ષ :- પ્રથમા એકવચનનો 'सु" પ્રત્યય સાનુબંધવાળો થશે તેમજ સપ્તમી બહુવચનનો 'सुप्' પ્રત્યય પણ સાનુબંધવાળો થશે. આથી "सो रुः" સૂત્રમાં (૨/૧/૭૨) બંને "सु" ગ્રહણ કરવાની પ્રાપ્તિ આવશે.

ઉત્તરપક્ષ :- આનાં જવાબમાં અમે કહીએ છીએ કે "सो रुः" સૂત્રમાં "सुपः रुः" એ પ્રમાણે સૂત્ર બનાવ્યું નથી. તેથી આખા "सुप्"નો "रु" થશે નહીં. પરંતુ માત્ર પ્રથમા એકવચનનાં 'सु' પ્રત્યયનો જ 'रु' થાત.

આ પ્રમાણે પ્રથમા એકવચનનાં 'स्' પ્રત્યયમાં उकारને અનુબંધ તરીકે ગ્રહણ કર્યો હોત તો "सो रुः" વગેરે સૂત્રોમાં આપત્તિ ઊભી જ રહેત. માટે અમે પ્રથમા એકવચનમાં 'इ' અનુબંધ કર્યો છે. 'उकार' અનુબંધ મહાભાષ્યકાર માને છે.

અહીં સપ્તમી બહુવચનનાં "सुप्" પ્રત્યયમાં "पकार" અનુબંધ શા માટે કર્યો છે ? એના અનુસંધાનમાં આચાર્ય ભગવંત કહે છે કે "अरोः सुपि रः" (૧/૩/૫૭) સૂત્રમાં "सुप्" નિમિત્તક કાર્યમાં ભિન્નતા કરવી છે. અર્થાત્ જો पकार અનુબંધ ન કર્યો હોત તો "अरोः सौ रः" એ પ્રમાણે સૂત્ર કરવું પડત. અને એ પ્રમાણે કર્યું હોત તો "गीः सुनोति" વગેરે પ્રયોગોમાં પણ "गीर्" શબ્દનાં "र्"નો "सुनोति"નાં "सु" પર છતાં "र्" થવાની પ્રાપ્તિ આવત. તથા એ "र्"નો "र्" જ થવાનો (૧/૩/૫૭) સૂત્રમાં નિયમ બનવાથી (૧/૩/૫૩) સૂત્રથી વિસર્ગ ન થાત. તેથી "गीर्सुनोति" એવો અનિષ્ટ પ્રયોગ થાત.

તૃતીયા એકવચનમાં "टा" પ્રત્યયમાં 'ट्' અનુબંધ કરેલો છે. એ 'ट्' અનુબંધ જો ન કર્યો હોત તો "आदौ स्वरे वा" (૧/૪/૯૨) એ પ્રમાણે સૂત્ર થાત. તો "आ" વગેરે સ્વરાદિ પ્રત્યય પર છતાં "क्रुश्" શબ્દથી પર રહેલા "तुन्"નો "तृच्" આદેશ વિકલ્પે થાત. આમ થાત તો "आ"થી શરૂ થતાં નામો તેમજ પ્રત્યય એમ તમામ "आ" સ્વરોનું ગ્રહણ થાત. અને આમ

થાત તો કોઈપણ "आ"થી શરૂ થતાં નામ કે પ્રત્યય પર છતાં "क्रुश्" શબ્દથી પર રહેલાં "तृन्"નો "तृच्" આદેશ વિકલ્પે થાત, પરંતુ અહીં 'ट्" અનુબંધ કર્યો હોવાથી તૃતીયા એકવચનથી શરૂ કરીને સ્વરથી શરૂ થતાં પ્રત્યયોની જ પ્રાપ્તિ આવે છે. વળી, "रागाट्टो रक्ते:" (रागात् टः रक्ते) (૬/૨/૧) સૂત્રમાં પણ "टः"ની જગ્યાએ "अः" કરવું પડત. અર્થાત્ "रागादो रक्ते" (૬/૨/૧) બનાવવું પડત. (સૂત્રમાં દ્વિરુક્ત એવા "दकार"નાં પાઠનું રહસ્ય અમને જણાતું નથી. કારણ કે "द"ની દ્વિરુક્તિનાં કોઈ નિયમો લાગતા નથી. માટે અમે "दो" એ પ્રમાણે લખ્યું છે.)

તેમ થાત તો उकारान्तवाળા રંગવાચક નામથી પર તે વડે રંગેલું એવા અર્થમાં કહ્યા પ્રમાણે પ્રત્યયો થશે એવી શંકાનો પ્રસંગ પણ આવત. આમ, તૃતીયા એકવચનાન્ત નામને બદલે उकारान्तનો પણ બોધ થવાની આપત્તિ આવત. (आનું પંચમી એકવચન "अः" થાય છે. પાછળ 'रक्त' શબ્દનો 'र्' આવતાં સન્ધિનાં નિયમથી अ પછી રહેલા र्નો 'उ' થતાં 'ओ' થાય છે. તથા 'उ'નું પંચમી એકવચનનું રૂપ પણ 'ओः' થાય છે. આ 'ओ' પછી રહેલા 'र्' નો (૧/૩/૪૧) સૂત્રથી લોપ થતાં 'ओ' સ્વરૂપની જ પ્રાપ્તિ થાત. આમ થવાથી જ ઉપરોક્ત શંકાને અવકાશ રહે.) પરંતુ હવે 'ट्' અનુબંધ કરવાથી ઉપરોક્ત આપત્તિનો અવકાશ રહેશે નહીં.

ચતુર્થી, પંચમી, ષષ્ઠી, સપ્તમી એકવચનનાં સ્યાદિ પ્રત્યયોમાં 'ङ' અનુબંધ કર્યો છે. આના અનુસંધાનમાં તાત્પર્ય જણાવતા "આચાર્ય ભગવંત" કહે છે કે જો અમે ચતુર્થી એકવચન અને સપ્તમી એકવચનનાં પ્રત્યયને અનુબંધ વગરનો કર્યો હોત અથવા તો ङ સિવાય કોઈ અન્ય અનુબંધવાળો કર્યો હોત તો "आपो ङिताम्..." (૧/૪/૧૭) સૂત્રથી ङित् પ્રત્યયો તરીકે પંચમી અને ષષ્ઠી એકવચન એ પ્રમાણે બે પ્રત્યયોને જ ગ્રહણ કરી શકાત. એ સંજોગોમાં સ્થાની બે થાત અને આદેશ ચાર થાત. એમ સંખ્યામાં ભિન્નતા થવાથી અનુક્રમનું કથન થઈ શકત નહીં તથા ङ् इत्વાળા બે જ પ્રત્યયો થવાથી સૂત્રમાં ङिताम् એ પ્રમાણે બહુવચન પણ વિરોધવાળું થાત. હવે, ङ् इत् કરવાથી ઉપરોક્ત આપત્તિઓનો અવકાશ રહેશે નહીં.

पूर्वपक्ष :- ચતુર્થી એકવચનનો પ્રત્યય ङे છે તથા સપ્તમી એકવચનનો પ્રત્યય ङि છે. આથી, "ङेः स्मिन्" (૧/૪/૮) આ સૂત્રમાં શંકા થાત કે આ ષષ્ઠી એકવચનનું ङेः રૂપ, ङे પ્રત્યયનું છે અથવા તો ङि પ્રત્યયનું છે ? (ङे અને ङि બંનેના ષષ્ઠી એકવચનનાં રૂપો ङेः જ થાય છે.) આથી ङे અને ङिપ્રત્યયમાં ङ ઇત્ કરવાથી પણ કોઈ પ્રયોજન સરતું નથી.

ઉત્તરપક્ષ :- "सर्वादेः स्मै-स्मातौ" (૧/૪/૭) સૂત્રમાં ચતુર્થી એકવચનનાં ङे પ્રત્યયનો "स्मै" આદેશ પ્રાપ્ત થઈ જ જાય છે. આથી પારિશેષ ન્યાયથી "ङेः स्मिन्" (૧/૪/૮) સૂત્રમાં

સપ્તમી એકવચનનાં "ङि" પ્રત્યયનું જ ગ્રહણ થવાથી ઉપરોક્ત આપત્તિઓનો અવકાશ રહેશે નહીં.

-: ન્યાસસારસમુદ્ધાર :-

(न्या०स०) स्यौजसित्यादि-**त्रयी त्रयी**ति भवनक्रियायां वीप्सा । **विशेषणार्था** इति-विशेषो विशेषणं व्यवच्छेद इति यावत्, तत्प्रयोजना इत्यर्थः । प्रथमा आदिर्यस्य संज्ञासमूहस्य ।

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

સૂત્રમાં "त्रयी त्रयी" એ પ્રમાણે બે વાર પ્રયોગ થયો છે. તે થવા સ્વરૂપ ક્રિયાનાં નિમિત્તે થયો છે. જે પ્રમાણે "वृक्षं वृक्षं अभिषेकः" અહીં સિંચવા ક્રિયાનાં નિમિત્તે "वृक्ष" શબ્દની વીપ્સા અર્થમાં દ્વિરુક્તિ થઈ છે. એ જ પ્રમાણે અહીં પણ થવા સ્વરૂપ ક્રિયાનાં નિમિત્તે "त्रयी" શબ્દની વીપ્સા અર્થમાં દ્વિરુક્તિ થઈ છે. "विशेषणं" એટલે વિશેષ, વિશેષણ અથવા તો વ્યવચ્છેદ સ્વરૂપ અર્થ સમજવો. અર્થાત્ વ્યવચ્છેદ સ્વરૂપ પ્રયોજનવાળા અનુબંધો છે એવો અર્થ કરવો.

હવે, "प्रथमादिः" શબ્દનાં સમાસનો વિગ્રહ કરવા દ્વારા અર્થને કહે છે. "प्रथमा आदिः यस्य सः" એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થયો છે. જેનો અન્ય પદાર્થ સંજ્ઞાસમૂહ થશે. અર્થાત્ "प्रथमादिः संज्ञासमूहः" એવો અર્થ સમજવો.

(न्या०स०) बहुवचनमिति-*तदादेशास्तद्वद् भवन्ति* इति न्यायात् साध्यसिद्धिर्भविष्यति किं बहुवचनेन ? सत्यम्-न्यायं विनाऽपीत्थं साधितम् । इयं हि महती शक्तिर्यत् परिभाषां न्यायांश्च विना साध्यत इति ॥१८॥

અનુવાદ :- સૂત્રમાં બહુવચન કરવાની કોઈ આવશ્યકતા ન હતી. "तदादेशास्तद्वद् भवन्ति" એ પ્રમાણેનાં ન્યાયથી પણ सि - औ - जस् વગેરે પ્રત્યયોનાં આદેશો પણ सि - औ - जस् વગેરે પ્રત્યયો સ્વરૂપ થઈ જ જાત. એ પ્રમાણે આપણા સાધ્યની પ્રાપ્તિ થઈ જ જાત. આથી બહુવચન નિરર્થક છે. આનાં અનુસંધાનમાં "આચાર્ય ભગવંત" જણાવે છે કે ન્યાય વિના પણ આ પ્રમાણે સાધ્યની સિદ્ધિ કરી શકાય છે અને આ જ મોટી શક્તિ છે. (બહુવચન કરવું તે.) જેથી પરિભાષા અને ન્યાયોનો સહારો લીધા વિના પણ સાધ્યની સિદ્ધિ કરી શકાય છે.

॥ अष्टादशमम् सूत्रम् समाप्तम् ॥

❋ ❋ ❋

सूत्रम् - स्त्यादिर्विभक्तिः । १ । १ । १९ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

'स्' इत्युत्सृष्टानुबन्धस्य सेर्ग्रहणम्, 'ति' इति उत्सृष्टानुबन्धस्य तिवः; आदिशब्दो व्यवस्थावाची । स्यादयस्तिवादयश्च प्रत्ययाः सुप्-स्यामहिपर्यन्ता विभक्ति-संज्ञा भवन्ति । विभक्तिप्रदेशाः-"अधातुविभक्तिवाक्यमर्थवन्नाम" [१.१.२७.] इत्यादयः ॥१९॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

સૂત્રમાં 'स्' એ પ્રમાણેનો નિર્દેશ ત્યાગ કરાયેલાં અનુબંધવાળા "सि"નાં ગ્રહણને જણાવે છે તથા "ति" એ પ્રમાણેનો નિર્દેશ ત્યાગ કરાયેલાં અનુબંધવાળા "तिव्"ને જણાવે છે. સૂત્રમાં ગ્રહણ કરેલો "आदि" શબ્દ વ્યવસ્થાવાચી છે. આથી "सि" વગેરેથી શરૂ કરીને "सुप्" પ્રત્યય સુધીનાની તથા "तिव्" વગેરેથી ગ્રહણ કરીને "स्यामहि" સુધીનાં પ્રત્યયોની વિભક્તિસંજ્ઞા થાય છે. વિભક્તિસંજ્ઞાનાં પ્રયોજનસ્થાનો "अधातुविभक्तिवाक्यमर्थवन्नाम" (૧/૧/૨૭) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

स्त्यादिरित्यादि-"भजीं सेवायाम्" विभज्यन्ते विभागशः प्रकाश्यन्ते कर्तृ-कर्मादयोऽर्था अनयेति "श्वादिभ्यः [५.३.९२.] इति क्तौ **विभक्तिः** ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

"भजीं सेवायाम्" અહીં "भज्" ધાતુ "સેવા" અર્થમાં છે તથા પહેલા ગણનો છે. કર્તા, કર્મ વગેરેવાળા અર્થો જુદા જુદા વિભાગો કરીને જેનાવડે પ્રકાશિત કરાય છે તે વિભક્તિનાં પ્રત્યયો કહેવાય છે. અહીં, वि + भज् ધાતુને "श्वादिभ्यः" (૫/૩/૯૨) સૂત્રથી કરણ અર્થમાં "क्ति" પ્રત્યય થતાં "विभक्ति" શબ્દ બને છે.

(श०न्या०) ननु "स्यौजस०" [१.१.१८.] इति "वर्तमाना तिव्-तस्०" [३.३.६.] इति च सूत्रे 'सि-तिव्'रूपस्योपादानात् कथं वैरूप्यनिर्देश इत्याह-**'स्' इत्युत्सृष्टे**त्यादि-अनुबध्यते कार्यार्थमुपदिश्यते **इत्यनुबन्ध** इत्, उत्सृष्टः त्यक्तोऽनुबन्धो यस्येति विग्रहः । अनेनैतद् ज्ञाप्यते-सेरिकारोऽनुबन्ध एव न तु रूपम्, तिवस्तु वकारः । अत एवाऽत्र व्यवस्थार्थ आदिशब्दो गृहीतः,

तेन ये यदनुबन्धा यावन्तो विभक्तिसंज्ञायां पूर्वाचार्यैर्व्यवस्थापितास्त एव तदनुबन्धा एव तावन्त एवाऽत्र गृह्यन्ते इत्याह-**स्यादय** इत्यादि । प्रदिश्यन्ते प्रयोजनेष्विति **प्रदेशाः**-प्रयोजनस्थानानीति ॥१९॥

અનુવાદ :- પૂર્વપક્ષ :- (૧/૧/૧૮) સૂત્રમાં सि - औ - जस्... તથા (૩/૩/૬) સૂત્રમાં तिव् - तस् ... વગેરે શબ્દો ગ્રહણ કર્યા છે. આ પ્રમાણે તે સૂત્રોમાં "सि" અને "तिव्" સ્વરૂપનું ગ્રહણ થયું છે. જ્યારે આ સૂત્રમાં "स्" અને "ति" સ્વરૂપનું જ ગ્રહણ કર્યું છે. આ પ્રમાણે વિરુદ્ધ સ્વરૂપવાળાપણું શા માટે અહીં કહેવાયું છે ?

ઉત્તરપક્ષ :- આ શંકાને નજરમાં રાખીને જ બૃહદ્વૃત્તિમાં પંક્તિઓ લખી છે. "स्" એ પ્રમાણે ત્યાગ કરાયેલા અનુબંધવાળા "सि"નાં ગ્રહણને કરે છે. અને "ति" એ પ્રમાણે ત્યાગ કરાયેલાં અનુબંધવાળા "तिव्"નાં ગ્રહણને કરે છે.

હવે અનુબંધનાં અર્થને બતાવે છે : કાર્યનાં પ્રયોજનથી જેનું કથન કરાય છે તે અનુબંધ કહેવાય છે. જે જે અનુબંધો છે તે "ઇત્" સંજ્ઞાવાળા કહેવાય છે. ત્યાગ કરાયો છે અનુબંધ જેનો એવા सि વગેરે (અનુબંધવાળા) પ્રત્યયો છે. આનાવડે એવું જણાય છે કે "सि"માં "इकार" એ અનુબંધ જ છે પરંતુ "इकार" એ "सि" પ્રત્યયનું સ્વરૂપ નથી. એ જ પ્રમાણે तिव् પ્રત્યયમાં "वकार" એ અનુબંધ છે. પરંતુ "वकार" એ "तिव्" પ્રત્યયનું સ્વરૂપ નથી. આથી જ અહીં બૃહદ્વૃત્તિની ટીકામાં "આચાર્ય ભગવંતે" લખ્યું છે કે અહીં વ્યવસ્થા અર્થવાળો "आदि" શબ્દ ગ્રહણ કરાયો છે. વ્યવસ્થા અર્થવાળો "आदि" શબ્દ હોવાથી જ જે જે અનુબંધો વિભક્તિસંજ્ઞામાં પૂર્વાચાર્યોવડે વ્યવસ્થિત કરાયા છે, તેટલા જ અનુબંધો અહીં ગ્રહણ કરાયા છે. આ પ્રમાણે 'इ - ज - श' વગેરે અનુબંધો "આચાર્ય ભગવંત"ની પોતાની વ્યવસ્થા નથી, પરંતુ પૂર્વાચાર્યોની વ્યવસ્થાને જ આ સૂત્રમાં તેમણે ગ્રહણ કરી છે. આવું જણાવવા માટે જ स्यादयः અને तिवादयः પ્રત્યયોથી અનુક્રમે "सुप्" સુધી અને "स्यामहि" સુધીનાં પ્રત્યયો વિભક્તિ સંજ્ઞાવાળા થાય છે. એ પ્રમાણેની પંક્તિઓ બૃહદ્વૃત્તિમાં લખી છે. પ્રયોજનોને વિશે જે જણાય છે એવા અર્થમાં प्र + दिश् ધાતુને કરણ અર્થમાં "घञ्" પ્રત્યય લાગતાં "प्रदेश" શબ્દ બને છે. પ્રદેશો એટલે પ્રયોજન સ્થાનો અર્થાત્ આ વિભક્તિ સંજ્ઞા જે જે સૂત્રોમાં જણાય છે તે તે સૂત્રો વિભક્તિ સંજ્ઞાનાં પ્રયોજન સ્થાનો કહેવાય છે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

स्त्यादिरित्यादि-विभज्यन्ते विभागशः प्रकाश्यन्ते कर्तृ-कर्मादयोऽर्था अनयेति, विभजनं वा "श्वादिभ्यः" [५.३.९२.] इति क्तिः । अनुबध्यते कार्यार्थमुपदिश्यते **इत्यनुबन्ध** इत्,

उत्सृष्टस्त्यक्तोऽनुबन्धो येन यस्य वा स तथा तस्य । **व्यवस्थावाची**ति-तेन ये यदनुबन्धा यावन्तो विभक्तिसंज्ञायां पूर्वाचार्यैर्व्यवस्थापितास्त एव तदनुबन्धा एव तावन्त एवाऽत्र गृह्यन्त इति ॥१९॥

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

અહીં રહેલી તમામ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસમાં આવી ગયેલ છે.

॥ एकोनविंशतितमम् सूत्रम् समाप्तम् ॥

❄ ❄ ❄

सूत्रम् - तदन्तं पदम् । १ । १ । २० ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

स्याद्यन्तं त्याद्यन्तं च शब्दरूपं पदसंज्ञं भवति । धर्मो वः स्वम् । ददाति नः शास्त्रम् । अन्तग्रहणं पूर्वसूत्रे तदन्तप्रतिषेधार्थम् । पदप्रदेशाः-"पदस्य" [२.१.८९.] इत्यादयः ॥२०॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

"सि" વગેરે અંતવાળું તથા "ति" વગેરે અંતવાળું એવું જે શબ્દ સ્વરૂપ છે તે પદસંજ્ઞાવાળું થાય છે. "ધર્મ તમારું ધન છે." "તે અમને શાસ્ત્રને આપે છે." આ સૂત્રમાં "अन्त"નું ગ્રહણ આગળનાં સૂત્રમાં "तदन्त"નાં પ્રતિષેધનાં પ્રયોજનવાળું છે. પદસંજ્ઞાનાં પ્રયોજન સ્થાનો "पदस्य" (૨/૧/૮૯) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

(श०न्या०) तदन्तमित्यादि-"पदिंच् गतौ" पद्यते गम्यते कारकसंसृष्टोऽर्थोऽनेनेति "वर्षादयः क्लीबे" [५.३.२९.] इत्यलि **पदम्** । तच्छब्दस्य तु पूर्ववस्तुपरामर्शित्वादनन्तरोक्त(स्य) स्यादेस्त्यादेश्च परामर्शौ, अत आह-**स्याद्यन्त**मित्यादि ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

"पदिंच् गतौ" આ પ્રમાણે "ગતિ" અર્થવાળો "पद्" ધાતુ ચોથા ગણનો છે. કારકવડે સંબંધિત એવો અર્થ જેનાવડે જણાય છે તેને "પદ" કહેવાય છે. અહીં કરણ અર્થમાં "पद्" ધાતુને

"वर्षादयः क्लीबे" (૫/૩/૨૯) સૂત્રથી "अल्" પ્રત્યય થતાં "पदम्" શબ્દ બને છે. દા.ત. "रामः ग्रामम् गच्छति।" અહીં કર્મકારકવડે સંબંધિત એવો અર્થ "ग्रामम्" પદવડે જણાય છે. માટે "ग्रामम्" એ પદસંજ્ઞાવાળું થાય છે.

સૂત્રમાં "तद्" અને "अन्तम्" આ બે પદોમાં "तद्" એ સર્વનામ છે. આથી "तद्"થી કોને ગ્રહણ કરવા ? એવી શંકા ઉપસ્થિત થાય છે. આ શંકાનાં અનુસંધાનમાં "આચાર્ય ભગવંત" કહે છે કે "तद्" શબ્દમાં આગળ રહેલી વસ્તુનો જ નિર્ણય કરાવવાનું સામર્થ્ય હોવાથી "तद्" શબ્દથી હમણાં આગળ જ કહેલાં "सि" વગેરે અને "ति" વગેરેનો નિર્ણય થાય છે. આથી જ "આચાર્ય ભગવંતે" બૃહદ્વૃત્તિટીકામાં શબ્દો લખ્યા છે કે "सि" વગેરે અંતવાળું અને "ति" વગેરે અંતવાળું એવું શબ્દ સ્વરૂપ એ પદસંજ્ઞાવાળું થાય છે.

(श०न्या०) ननु अन्तग्रहणं किमर्थम् ? न चासत्यन्तग्रहणे स्यादेरेव पदसंज्ञा स्यात्, ततश्च 'अग्निषु' इत्यादौ पदमध्ये विधीयमानं षत्वं पदादौ न स्यादिति वाच्यम्, "प्रत्ययः प्रकृत्यादेः" [७.४.११५.] इति परिभाषया तदन्तविधेर्लब्धत्वादिति । उच्यते-पदसंज्ञायामन्तग्रहणमन्यत्र संज्ञाविधौ प्रत्ययग्रहणे तदन्तप्रतिषेधार्थम्, तेन पूर्वसूत्रे तदन्तस्य विभक्तिसंज्ञा न भवति, अन्यथा 'शेषाय युष्मद्वद्धिहिताय नमः' इत्यत्रैव 'ते-मे' आदिप्रसङ्गः । .

અનુવાદ :- પૂર્વપક્ષ :- આ સૂત્રમાં "अन्त" શબ્દનું ગ્રહણ શા માટે કર્યું છે ? કદાચ તમે એમ કહો કે "अन्त" શબ્દનું ગ્રહણ ન કર્યું હોત તો "सापदम्" એ પ્રમાણે સૂત્ર બનત અને આમ થાત તો "सि" વગેરે પ્રત્યયોની જ પદસંજ્ઞા થાત. આ પરિસ્થિતિમાં "अग्नि + सुप्" વગેરે પ્રયોગોમાં નામી સ્વરથી પર "स्"નો 'ष्' થાય છે. પણ આ 'स्' પદની મધ્યમાં આવેલો હોવો જોઈએ. જ્યારે અહીં તો 'सुप्' પ્રત્યયનો 'स्' પદની આદિમાં છે. આથી 'स्'નો 'ष्' નહીં થાય. આ દોષને ટાળવા માટે જ "अन्त" શબ્દ લખ્યો છે. આ પ્રમાણેની આપત્તિ જો તમે માનતા હો તો તેવી આપત્તિનો અહીં અવકાશ જ નથી. કારણ કે "प्रत्ययः प्रकृत्यादेः" (૭/૪/૧૧૫) પરિભાષાનું સૂત્ર છે. તે સૂત્ર પ્રમાણે નામ કે ધાતુથી જે પ્રત્યયનું વિધાન કરેલ હોય તે પ્રત્યય માટે તે નામ અથવા ધાતુને પ્રકૃતિરૂપ સમજવા. આમ પ્રત્યય હંમેશાં નામ કે ધાતુને અંતે જ આવશે. આથી જ્યાં જ્યાં પ્રત્યયસંજ્ઞા હશે ત્યાં ત્યાં પ્રત્યયઅંતવાળાની વિધિ પ્રાપ્ત થઈ જ જશે. એ સંજોગોમાં "अग्निषु" વગેરે પ્રયોગોમાં "सुप्"નો "स्" આદિમાં આવવાની આપત્તિ રહેશે જ નહીં. આમ આ સૂત્રમાં "अन्त" શબ્દનું ગ્રહણ પ્રયોજન વગરનું છે.

ઉત્તરપક્ષ :- તમારી વાત સાચી છે. "अन्त" શબ્દનું ગ્રહણ ન કર્યું હોત તો પણ "अन्त" શબ્દ નિમિત્તક કાર્યોની પ્રાપ્તિ થઈ જ જાત. છતાં પણ અહીં "अन्त" શબ્દ ગ્રહણ કરવા દ્વારા

"આચાર્ય ભગવંત" એક નિયમ જણાવવા માંગે છે. આ પદસંજ્ઞાનાં નિમિત્તે "अन्त" શબ્દનું ગ્રહણ થયું છે. એનાથી અમે નિયમ જણાવીએ છીએ કે પદસંજ્ઞા સિવાય જ્યાં જ્યાં સંજ્ઞાવિધિ હશે ત્યાં ત્યાં પ્રત્યયનું ગ્રહણ હોતે છતે "तदन्त" વિધિનો નિષેધ થશે. આ નિયમ બનવાથી હમણાં જ આવી ગયેલાં (૧/૧/૧૯) સૂત્રમાં सि વગેરે અને ति વગેરે પ્રત્યયોની જે વિભક્તિસંજ્ઞા થાય છે ત્યાં માત્ર પ્રત્યયોની જ વિભક્તિસંજ્ઞા થશે. પરંતુ પ્રત્યય અંતવાળી પ્રકૃતિની વિભક્તિસંજ્ઞા થશે નહીં. જો ચાલુ સૂત્રમાં "अन्त" શબ્દનું ગ્રહણ ન કર્યું હોત તો (૧/૧/૧૯) સૂત્રમાં પણ (૭/૪/૧૧૫) સૂત્રથી "सि" વગેરે અંતવાળી પ્રકૃતિની વિભક્તિસંજ્ઞા થાત અને તેમ થાત તો "शेषाय युष्मद्वृद्धिहिताय नमः" એ પ્રમાણેનાં પ્રયોગમાં જ "युष्मद्"નો "ते" આદેશ થાત. વાક્યનો અર્થ થશે "બાકીના એવા તને નમસ્કાર થાઓ." "ङे-ङसा ते-मे" (૨/૧/૨૩) સૂત્ર પ્રમાણે પદથી પર "युष्मद्" અને "अस्मद्" શબ્દ આવે તો "युष्मद्" અને "अस्मद्"નો અનુક્રમે "ते" અને "मे" આદેશ થાય છે. પરંતુ આ "युष्मद्" અને "अस्मद्" પદમાં હોવા જોઈએ. હવે युष्मद् અને अस्मद् પદમાં ત્યારે જ થઈ શકે જો પાછળ કોઈ વિભક્તિ આવે. હવે વિભક્તિ સંજ્ઞા તો "सि" વગેરે અને "ति" વગેરે જેને અંતે છે તેની થાય છે. આથી "युष्मद्"ની પદસંજ્ઞા કરવા માટે વિભક્તિ લાવવી પડશે અને એ વિભક્તિ લાવવા માટે માત્ર વિભક્તિનો પ્રત્યય ચાલશે નહીં. વિભક્તિ સંજ્ઞા "सि" વગેરે પ્રત્યય અંતવાળી પ્રકૃતિની સમજવામાં આવી છે. આ પરિસ્થિતિમાં वृद्धिहित સ્વરૂપ પ્રકૃતિને "ङे" પ્રત્યય લાગતાં "वृद्धिहिताय"ની વિભક્તિ સંજ્ઞા થશે અને આ વિભક્તિ સંજ્ઞાવાળું "वृद्धिहिताय" "युष्मद्"ને અંતે આવશે. તો જ "युष्मद्" ચતુર્થી વિભક્તિવાળું કહેવાશે. પછી જ ચતુર્થી વિભક્તિવાળા "युष्मद्वृद्धिहिताय"નો "ते" આદેશ થશે. આ બધી આપત્તિઓનો અવકાશ એકલા "सि" વગેરે પ્રત્યયોની જ વિભક્તિ સંજ્ઞા માનીશું તો રહેશે નહીં. હવે માત્ર પ્રત્યય જ "युष्मद्"ને અંતે આવશે તો પણ "ते" સ્વરૂપ આદેશ થતા કોઈ આપત્તિ રહેશે નહીં અને એ પ્રમાણે બધા જ પ્રયોગોની સમ્યક્ સિદ્ધિ થઈ જશે.

(श०न्या०) यद्येवं कृत्-तद्धितयोः केवलयोरेव नामसंज्ञा स्यात्, न तदन्तयोः, ततश्च 'छिद्, भिद्', इत्यत्र क्विबन्तस्य न स्याद्, अर्थवत्त्वाद् भविष्यतीत्यपि न वाच्यम्, अधात्विति निषेधात् ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- જો તમે અહીં "अन्त" શબ્દ લખવા દ્વારા એવો નિયમ બનાવશો કે બીજે જ્યાં જ્યાં સંજ્ઞાઓનાં સૂત્રો આવશે ત્યાં ત્યાં તે તે સંજ્ઞાઓ માત્ર પ્રત્યયની જ પ્રાપ્ત થશે. પરંતુ પ્રત્યયાન્ત પ્રકૃતિની તે તે સંજ્ઞાઓ પ્રાપ્ત નહીં થાય. દા.ત., "आतुमोऽत्यादिः कृत्" (૫/૧/૧) સૂત્ર. અહીં માત્ર પ્રત્યયોની જ "कृत्" સંજ્ઞા થશે. પરંતુ પ્રકૃતિ અંતવાળા પ્રત્યયની કૃત્ સંજ્ઞા નહીં થાય. તે જ પ્રમાણે "तद्धितः अणादिः" (૬/૧/૧) સૂત્રમાં માત્ર "अणादि"

પ્રત્યયોની જ "तद्धित" સંજ્ઞા થશે. પરંતુ "अणादि" અન્તવાળી પ્રકૃતિઓની तद्धित સંજ્ઞા નહીં થાય. આ સંજોગોમાં માત્ર कृत् અને तद्धित પ્રત્યયોની જ નામ સંજ્ઞા થશે. (૧/૧/૨૭) સૂત્ર પ્રમાણે જે ધાતુ ન હોય, જે વિભક્તિ ન હોય અને જે વાક્ય ન હોય, પરંતુ અર્થવાળું હોય તો તે નામસંજ્ઞાને પ્રાપ્ત કરશે. અહીં कृत् અને तद्धित પ્રત્યયો ચોક્કસ અર્થમાં થવાથી અર્થવાળા તો છે જ. આથી (૧/૧/૨૭) સૂત્રની બધી જ શરતો પૂર્ણ થવાથી માત્ર कृत् અને तद्धित પ્રત્યયોની જ નામસંજ્ઞા થશે. પરંતુ कृत् અને तद्धित પ્રત્યય જેને અંતે છે એવી સંપૂર્ણ પ્રકૃતિની નામસંજ્ઞા થશે નહીં અને આમ થશે તો "छिद्" અને "भिद्" ધાતુને "क्विप्" પ્રત્યય લાગતાં બે પ્રકૃતિઓ क्विप् અન્તવાળી કહેવાશે. આથી આ બે પ્રકૃતિઓની નામસંજ્ઞા થશે નહીં.

પ્રતિ ઉત્તરપક્ષ :- "छिद् અને भिद्" બંને પ્રકૃતિઓ અર્થવાળી છે. આથી નામસંજ્ઞા થઈ જશે માટે કોઈ આપત્તિ નહીં આવે.

પૂર્વપક્ષ :- (૧/૧/૨૭) સૂત્રમાં ધાતુનો નિષેધ કર્યો હોવાથી "छिद्" અને "भिद्"ની નામસંજ્ઞા થઈ શકશે નહીં.

(श०न्या०) नापि प्रत्यययलक्षणेन प्राप्नोति (*प्रत्ययलोपे प्रत्ययलक्षणम्*) यतः प्रत्ययनिमित्तमन्यस्य यत् कार्यं विधीयते तत् प्रत्ययलोपे भवति, न तु प्रत्ययस्यैव यत् कार्यं तदपि, न ह्यसत् कार्यित्वेन वचनशतेनापि शक्यमाश्रयितुम् । केवलस्य च तस्य नामसंज्ञायाम् 'औपगव' इत्यत्र षष्ठ्या ऐकार्थ्याभावाल्लुब् न स्यात्, (प्रातिपदिकेऽनन्तर्गतत्वाल्लुग् न स्यादिति कैयटः) तदन्तविधौ तु दोषानवकाशः ।

અનુવાદ :- પ્રતિ ઉત્તરપક્ષ :- प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणम् कार्यम् विज्ञायते (પ્રત્યયનો લોપ થયે છતે પણ પ્રત્યય લક્ષણવાળું કાર્ય જણાય છે.) દા.ત. मासेन पूर्वाय આ વાક્યમાં "तृतीयान्तात् पूर्वावरं योगे" (૧/૪/૧૩) સૂત્રથી પૂર્વ શબ્દમાં સર્વાદિપણાનો નિષેધ થવાથી ચતુર્થીમાં स्मै આદેશ થતો નથી. એ જ પ્રમાણે मासपूर्वाय અહીં સમાસ થવાથી "एकार्थ्ये" (૩/૨/૮) સૂત્રથી સમાસ નિમિત્તક વિભક્તિનો લોપ થવાથી मासपूर्वाय શબ્દમાં પણ પૂર્વ શબ્દમાં સર્વાદિપણાનો નિષેધ થયો છે. અર્થાત્ તૃતીયાન્તવાળા નામથી પર તો પૂર્વ શબ્દમાં સર્વાદિપણાનો નિષેધ થાય જ છે. પરંતુ તૃતીયા વિભક્તિનો સમાસ નિમિત્તક લોપ થયા પછી પણ પૂર્વ વગેરે શબ્દોમાં સર્વાદિપણાનો નિષેધ થાય છે. આથી સામાસિક શબ્દ मासपूर्वायમાં પણ સર્વાદિપણાનો નિષેધ થવાથી જ मासपूर्वस्मैને બદલે मासपूर्वाय પ્રયોગ થયો છે. આમ તૃતીયા વિભક્તિ સ્વરૂપ પ્રત્યયનો લોપ થયે છતે પણ તૃતીયા પ્રત્યયના નિમિત્તવાળું કાર્ય થાય જ છે. તેમ અહીં પણ "छिद्", "भिद्" વગેરે क्विबन्तવાળી પ્રકૃતિમાં क्विप्નો લોપ થયે છતે પણ क्विप् પ્રત્યય નિમિત્તક કાર્યની પ્રાપ્તિ

આવશે. આમ અહીં પણ પ્રત્યય લક્ષણવાળું કાર્ય અર્થવાળું થવાથી "छिद्", "भिद्" વગેરેની પણ નામસંજ્ઞા થશે.

પૂર્વપક્ષ :- તમે ન્યાયનું અર્થઘટન બરાબર સમજી શક્યા નથી માટે આ રીતે જવાબ આપો છો. એ ન્યાય તો એવું જણાવે છે કે પ્રત્યયનો લોપ થયે છતે પણ (मास શબ્દના) पूर्व શબ્દમાં જે સર્વાદિ નિમિત્તક કાર્ય હતું તેનો નિષેધ થશે. અર્થાત્ પ્રત્યયનો લોપ થયે છતે પ્રત્યય નિમિત્તક જે અન્ય કાર્યો છે, તેની વિધિ પ્રત્યયનો લોપ થયે છતે પણ કરાય જ છે. પરંતુ પ્રત્યયનું જ જે કાર્ય છે એ પ્રત્યયનો જ લોપ થયે છતે સંભવી શકે નહીં. અહીં તો क्विप् પ્રત્યયનો લોપ થયો છે. આથી "क्विप्" પ્રત્યય નિમિત્તક અન્ય કોઈ કાર્ય હોય તો શક્ય થાત, પરંતુ અહીં તો क्विप् પ્રત્યય માનીને જ અર્થવાનનું નામસંજ્ઞાનું કાર્ય તમે બતાવો છો તે તો શક્ય જ નથી. જ્યારે સ્થાની જ અસત્ થઈ જાય એવા અસત્ સ્થાનીને સેંકડો પ્રયત્નોથી પણ કાર્ય કરવા માટે ગ્રહણ કરી શકાતા નથી જ.

તે પ્રમાણે માત્ર તદ્ધિતની જ નામસંજ્ઞા પાડવામાં આવશે તો "उपगोः अपत्यम्" આ વાક્યમાં अपत्य અર્થમાં "अण्" પ્રત્યય થતાં તદ્ધિતવૃત્તિને માનીને ૩-૨-૮ સૂત્રથી ષષ્ઠી વિભક્તિનો લોપ થઈ શકશે નહીં. અહીં સામર્થ્યનો (સંબંધ વિશેષનો) અભાવ હોવાથી ૩-૨-૮ સૂત્રથી ષષ્ઠીનો લોપ થતો નથી.

અહીં તમારા (ઉત્તરપક્ષનાં) નિયમ પ્રમાણે માત્ર कृत् અને तद्धित પ્રત્યયો જ અર્થવાળા થવાથી માત્ર कृत् અને तद्धित પ્રત્યયોની જ નામસંજ્ઞા થાય છે. તેથી "उपगोः अपत्यम्"માં "अपत्य" અર્થમાં "अण्" પ્રત્યય થતા તે જ "अण्" પ્રત્યયની નામસંજ્ઞા થતા उपगोः + अण् આ બંનેની તદ્ધિતવૃત્તિ થઈ શકશે નહીં. કારણ કે उपगोः વિભક્તિ અન્તવાળું પદ છે અને अण् નામસંજ્ઞાવાળો છે. આ પ્રમાણે બંનેના ભેગા થવા દ્વારા સામર્થ્યવિશેષનો (સંબંધ વિશેષનો) સદ્ભાવ થતો નથી. આ પ્રમાણે एकार्थ्यनो અભાવ થવાથી જ उपगोः શબ્દમાં રહેલી ષષ્ઠી વિભક્તિનો લોપ થઈ શકશે નહીં.

અહીં "કૈયટ" એમ કહે છે કે, પ્રાતિપદિકમાં (સિદ્ધહેમ પ્રમાણે નામસંજ્ઞા) "अण्"નો સમાવેશ થતો નથી. માટે ષષ્ઠી વિભક્તિનો લુક્ થતો નથી.

જો कृत् અને तद्धित પ્રત્યયોમાં તદન્તની નામસંજ્ઞા માનવામાં આવશે તો આ દોષનો અવકાશ રહેશે નહીં. માટે બધા પ્રત્યયોમાં તદન્તવિધિ માનવામાં આવશે તો નામસંજ્ઞા વગેરે સહેલાઈથી થઈ શકશે. તેથી દોષોનો અવકાશ રહેશે નહીં.

(શં૦ન્યા૦) उच्यते-प्रत्ययस्य संज्ञिनस्तदन्तस्य संज्ञा न भवति, न तु प्रत्ययस्य या संज्ञा

विधीयते तस्यास्तदन्ताया अन्या संज्ञा न भवतीति, यतोऽर्थवतो नामसंज्ञा; कृत्-तद्धितान्तं चाऽर्थवत्, न केवलाः कृतस्तद्धिता वा ।

અનુવાદ :- ઉત્તરપક્ષ :- આ સૂત્રમાં अन्त શબ્દ લખવા દ્વારા અમે એવો નિયમ કરવા માંગીએ છીએ કે જ્યારે જ્યારે પદસંજ્ઞાનું વિધાન હશે ત્યારે પ્રકૃતિ અને પ્રત્યય ઉભય ભેગા થઈને પદસંજ્ઞા થશે. પરંતુ બીજી કોઈપણ સંજ્ઞાઓ હશે ત્યાં ત્યાં એકલા પ્રત્યયોની જ તે તે સંજ્ઞાઓ થશે. પરંતુ પ્રત્યય અને પ્રકૃતિ ઉભયની તે તે સંજ્ઞાઓ નહીં થાય. દા.ત. बाल + भ्याम् = बालाभ्याम्. અહીં बालाभ्याम्ની પદસંજ્ઞા થશે એ જ પ્રમાણે વિભક્તિસંજ્ઞા માત્ર भ्याम् પ્રત્યયની જ થશે, પરંતુ बालाभ्याम्ની નહીં થાય એ જ પ્રમાણે क्त પ્રત્યયની જ कृत् સંજ્ઞા થશે, પરંતુ गम् + क्त = गतની कृत्સંજ્ઞા નહીં જ થાય. એ પ્રમાણે उपगु + अण्ની तद्धित સંજ્ઞા નહીં જ થાય માત્ર अण्ની જ तद्धित સંજ્ઞા થશે. આ પ્રમાણે તે તે સંજ્ઞા સંબંધી જે જે પ્રત્યયો આવ્યા હોય તે તે પ્રત્યયોની માત્ર તે તે સંજ્ઞાઓ (कृत्, तद्धित વગેરે) થશે, પરંતુ એ પ્રત્યય કોઈને અંતે આવેલા હોય ત્યારે कृत् વગેરે સંજ્ઞાઓ થશે નહીં. આ પ્રમાણે कृत् વગેરે સંજ્ઞાઓ માટે આ નિયમ છે. પરંતુ આ कृत् વગેરે પ્રત્યયો કોઈને અંતે આવેલા હોય ત્યારે એની અન્યસંજ્ઞા (નામસંજ્ઞા) તો પાડી શકાય જ છે. તમે (પૂર્વપક્ષે) જે દોષ આપ્યો હતો એ આવો જ હતો. તમારા કહેવા પ્રમાણે क्तની कृत् સંજ્ઞા થશે, પણ गम् + क्त = गतની નામસંજ્ઞા થશે નહીં. આથી આપત્તિ આપવા માટે નામસંજ્ઞાને માનીને તદન્તવિધિનો નિષેધ કર્યો. જ્યારે અમે તો કહીએ છીએ કે અન્યસંજ્ઞા માનીને તદન્તવિધિ પણ થઈ શકે છે. નામસંજ્ઞા અર્થવાન્ની પડે છે. कृत् અને तद्धित પ્રત્યયો જે પ્રકૃતિને અન્તે હોય છે. એ પ્રત્યય-અન્તવાળી પ્રકૃતિ પણ અર્થવાન્ હોય છે. માટે તેની નામસંજ્ઞા તો પડે જ છે. માત્ર कृत् અથવા तद्धित પ્રત્યયો અર્થવાન્ ન હોવાને કારણે તેઓની નામસંજ્ઞા થઈ શકતી નથી.

(श०न्या०) ननु यद्यर्थवत्ता लौकिक्याश्रीयते सा पदस्यैव, न कृत्तद्धितान्तस्यापि, तस्यैव लोके प्रयोगाद्; अन्वयव्यतिरेकगम्या त्वर्थवत्ता केवलानामपि कृत्-तद्धितानामस्ति, ततः किमुच्यते न केवलाः कृतस्तद्धिता वेति ? एवं तर्हि अर्थवद्ग्रहणसामर्थ्याद् लौकिकार्थप्रत्यासन्नो-ऽभिव्यक्ततरो योऽर्थः प्रत्ययान्तेषु लक्ष्यते स इहाऽऽश्रीयते इत्यदोषः, (लौकिकार्थप्रत्यासन्न इति-लौकिकार्थकं यत् पदं तदर्थस्य प्रत्यासन्नः शास्त्रकृत्कल्पितस्यादिप्रकृतेरर्थः, तदाह-अभिव्यक्ततर इति, तदेवाऽऽह-प्रत्ययान्तेष्विति, कृत्-तद्धितप्रत्ययार्थस्तु न तादृशः, कल्पितावयवार्थत्वात् तस्य, प्रत्ययान्तेषु स्याद्यन्तेषु स्याद्यर्थत्वात् तस्याः, स्यादेः द्योतकत्वात् तत्रैव स लक्ष्यते, न तु तद्रहित इत्यर्थः) इत्याह-**अन्तग्रहणमित्**यादि ।

પૂર્વપક્ષ :- અગાઉ તમે નિશ્ચિત કર્યું છે કે कृत् અને तद्धित અન્તવાળું નામ અર્થવાળું છે. પરંતુ લોક સંબંધી અર્થવાન્‌પણું તો પદસંજ્ઞાવાળી પ્રકૃતિનું જ થાય છે. આ પદસંજ્ઞા તો सि વગેરે અને ति વગેરે પ્રત્યય અન્તવાળી પ્રકૃતિની જ થશે. લોક સંબંધી તો કૃદન્ત અને તદ્ધિતાન્ત પ્રકૃતિનું અર્થવાન્‌પણું થતું નથી. લોકોમાં તો માત્ર પદસંજ્ઞાવાળી પ્રકૃતિનું જ અર્થવાન્‌પણું જણાય છે. લોકો માત્ર પદસંજ્ઞાવાળી પ્રકૃતિનો જ અર્થવાન્ તરીકે પ્રયોગ કરે છે.

હવે अन्वयव्यतिरेकगम्या એ પ્રમાણે સંસ્કૃતમાં જે લખ્યું છે એ પંક્તિનો અર્થ સમજતાં પહેલા અન્વય વ્યતિરેક ન્યાયને સમજવો આવશ્યક છે. तद्-सत्वे तद्-सत्वम् (જે હોતે છતે જે હોય) *આ અન્વય કહેવાય છે. तदसत्वे - तदसत्वम् (જેના ન હોવાથી જે ન હોય) તે વ્યતિરેક* કહેવાય છે.

वृक्षः એવું કહેવાયે છતે કોઈ શબ્દ સંભળાય છે. अकारान्त वृक्ष શબ્દ અને सि પ્રત્યય. વળી, આનાથી કોઈક અર્થ પણ પ્રતીત થાય છે જે થડ, શાખા, ફલ અને પાંદડાવાળો એક પદાર્થ છે. જ્યારે वृक्षौ પ્રયોગ સાંભળવામાં આવે છે. ત્યારે કોઈ શબ્દ (सि) જતો રહે છે અને તેની જગ્યાએ બીજો નવો શબ્દ (औ) આવી જાય છે તથા કોઈ શબ્દ જે वृक्षःમાં હતો તે वृक्षौમાં પણ (वृक्ष) આવે છે. वृक्षમાં એકત્વનો અર્થ જતો રહે છે અને દ્વિત્વનો નવો અર્થ આવી જાય છે. જ્યારે થડ, શાખા, ફલ અને પાંદડાવાળો પદાર્થ રહે છે. આથી सि પ્રત્યયના જવાથી એકત્વનો અર્થ પણ જતો રહે છે. તે વ્યતિરેક છે તથા જે શબ્દ આવવાથી અર્થ પણ આવે છે. દા.ત. वृक्षः શબ્દને બદલે वृक्षौ શબ્દના આવવાથી वृक्ष સ્વરૂપ શબ્દનો અર્થ પણ આવે છે, તો તે અન્વય છે. આ પ્રમાણે અન્વય અને વ્યતિરેક બંનેથી वृक्ष શબ્દમાં જ અર્થવાન્‌પણું સિદ્ધ થાય છે. પરંતુ પ્રત્યયમાં અર્થવાન્‌પણું સિદ્ધ થતુ નથી.

આ જ પ્રમાણે "गत" અને "रत" એ બંને કૃદન્તો છે. અહીં "गम्" શબ્દ જાય છે. અને "रम्" શબ્દ આવે છે. તથા "क्त" શબ્દ જે गतમાં હતો તે જ रतમાં આવે છે. આથી ભૂતકાળ સ્વરૂપ અર્થ બંનેમાં વિદ્યમાન રહે છે. આને अन्वय કહેવાય છે. જ્યારે આવવુ સ્વરૂપ અર્થ જતો રહે છે અને રમવું સ્વરૂપ અર્થ આવે છે. આને व्यतिरेक કહેવાય છે. આ પ્રમાણે अन्वय અને व्यतिरेकથી અર્થવાન્‌પણું कृत् પ્રત્યયમાં પણ આવે છે. તે જ પ્રમાણે उपगोः अपत्यम्માં અપત્ય અર્થમાં अण् પ્રત્યય આવતા उपगु + अण् આ અવસ્થામાં હવે अण्માં પણ અન્વય વ્યતિરેકથી જણાતું એવું અર્થવાન્‌પણું સિદ્ધ થઈ જાય છે. તો પછી તમે શા માટે કહ્યું કે, न केवलाः कृतः तद्धिताः वा ?

આ પ્રમાણે અર્થવાન્‌પણું તો લૌકિકી જ આશ્રય કરાય છે. અર્થાત્ પદસંજ્ઞાવાળી પ્રકૃતિમાં જ આશ્રય કરાય છે જે પદમાં જ હોય છે. कृदन्तવાળી પ્રકૃતિમાં તેમજ तद्धितान्तવાળી પ્રકૃતિમાં

પણ એવું અર્થવાન્‌પણું નથી હોતું કારણ કે લોકોમાં પદસંજ્ઞાવાળી પ્રકૃતિનો જ પ્રયોગ થાય છે તથા ગ્રંથકારે કૃદન્તવાળી પ્રકૃતિ તેમજ તદ્ધિતાન્તવાળી પ્રકૃતિમાં પણ અર્થવાન્‌પણું માન્યું છે. પરંતુ कृत् પ્રત્યય અને तद्धित् પ્રત્યયમાં અર્થવાન્‌પણું નથી માન્યું. આથી ઉપરનો પૂર્વપક્ષ ઊભો થયો છે. જેનો જવાબ હવે ઉત્તરપક્ષરૂપે ગ્રંથકાર આપે છે.

ઉત્તરપક્ષ :- જગતનાં લોકો પદોનાં જ અર્થને બોલે છે અર્થાત્ અર્થવાન્‌પણું પદોમાં જ માને છે. દા.ત. सः गाम् आनयति । (તે ગાયને લાવે છે.) અહીં, લોકો "गाम्" સ્વરૂપ પદનો જ અર્થ ગાય કરે છે. હવે શાસ્ત્રકારોએ આ લૌકિક અર્થના સંબંધવાળો એવો જ અર્થ પ્રકૃતિનો કર્યો છે. અર્થાત્ લૌકિક અર્થવાળું જે પદ અને તે જ પદનાં અર્થની સાથે સંબંધવાળો એવો स्यादि સંબંધી પ્રકૃતિનો અર્થ છે. આપણા ઉદાહરણમાં "गाम्" પદમાં "गो" પ્રકૃતિ છે અને શાસ્ત્રકારોવડે કલ્પના કરાયેલો अम् એ પ્રત્યય છે. अम् પ્રત્યય એ "ગાય" સ્વરૂપ પદાર્થમાં રહેલી કર્મ સ્વરૂપ કારકશક્તિને જણાવે છે. જ્યારે "गो" પ્રકૃતિ એ "ગાય" સ્વરૂપ પદાર્થને જણાવે છે. આથી પ્રત્યય અન્તવાળી પ્રકૃતિઓમાં જ અર્થ જણાય છે. એવું શાસ્ત્રકારો કહે છે. આ બધું અમે નામસંજ્ઞાનાં સૂત્રમાં જે "अर्थवत्" પદ લખ્યું છે તેના સામર્થ્યથી કહીએ છીએ. જે જે અર્થવાન્ હોય તે તે નામ હોય છે. મહાભાષ્યકારે પ્રાતિપદિકસંજ્ઞા પાડી છે, તે પણ અર્થવાન્‌ની જ પડે છે.

कृत् અને तद्धित પ્રત્યયોમાં એવું અર્થવાન્‌પણું નથી. સ્યાદિ પ્રત્યય લાગ્યા પહેલાં પ્રકૃતિઓમાં જેવું અર્થવાન્‌પણું છે એવું कृत् અને तद्धित પ્રત્યયોમાં નથી. કારણ કે कृत् અને तद्धितપ્રત્યયોને સાક્ષાત્ સ્યાદિનાં પ્રત્યયો લાગતા નથી. गतः તથા औपगवः આ બંને અનુક્રમે કૃદન્તવાળી પ્રકૃતિ અને તદ્ધિત અન્તવાળી પ્રકૃતિ છે. આ બંને પ્રકૃતિઓને સ્યાદિનાં પ્રત્યયો લાગી શકે છે. પરંતુ क्त સ્વરૂપ कृत् પ્રત્યય અને अण् સ્વરૂપ તદ્ધિત પ્રત્યયને સ્યાદિનાં પ્રત્યયો લાગતા નથી, પરંતુ આ બંને પ્રત્યય કોઈક પ્રકૃતિને લાગ્યા પછી જ અર્થવાન્ થાય છે. વળી આ બંને પ્રત્યયો પ્રકૃતિમાં રહેલા એક અંશ સ્વરૂપ અર્થને જણાવે છે. જેમ કે क्त સ્વરૂપ પ્રત્યય "જવું" સ્વરૂપ ક્રિયાનાં એક અવયવ ભૂતકાળને જણાવે છે તેમજ अण् સ્વરૂપ પ્રત્યય ગોવાળમાં રહેલ પુત્રનાં સંબંધ સ્વરૂપ એક અંશ સ્વરૂપ અર્થને જણાવે છે. આમ, જ્યાં જ્યાં સ્યાદિનું દ્યોતકપણું છે ત્યાં ત્યાં જ પ્રકૃતિ અર્થવાન્ તરીકે ગ્રહણ કરાય છે. આ પ્રમાણે સ્યાદિરહિત એકલા कृत् અથવા તો तद्धित પ્રત્યયોમાં અર્થવાન્‌પણું જણાતું નથી.

આ પ્રમાણે અમે કહીએ છીએ કે અર્થગ્રહણનાં સામર્થ્યથી જ લૌકિક અર્થવાળા જે પદો છે તે પદનાં અર્થની સાથે પ્રગટ સંબંધવાળો એવો સ્યાદિ વિભક્તિની પ્રકૃતિનો અર્થ છે. આવો અર્થ માત્ર कृत् પ્રત્યયો અથવા તો તદ્ધિત પ્રત્યયોમાં આવતો નથી માટે અમે લીધો નથી.

આ પ્રમાંણે 'अर्थवत्' પદથી આમ તો સ્યાદિ અંતવાળા લૌકિક પદો જ અર્થવાન્ ગણાય છે; પરંતુ સ્યાદિ-અંતથી પ્રાપ્ત થતાં લૌકિક અર્થની નજીકનો એવો પ્રસિદ્ધ અર્થ પ્રકૃતિમાં તેમજ કૃદંત અને તદ્ધિતાંતમાં પણ પ્રાપ્ત થાય છે. આમ, કૃદંત અને તદ્ધિતાંત તો અર્થવાન્ થાય છે; પરંતુ તેવું અર્થવાન્પણું કૃત્ પ્રત્યયો અને તદ્ધિત પ્રત્યયોમાં આવતું નથી. આથી, કૃત્ પ્રત્યયો તે તે અર્થોને જણાવતાં હોવા છતાં પણ તેવું અર્થવાન્પણું માનીને તદ્ધિત અને કૃત્ પ્રત્યયોની નામસંજ્ઞા થઈ શકશે નહીં.

(श०न्या०) पूर्वसूत्रे इति-संज्ञाविधावित्यर्थः । सा हि विधेः पूर्वेति ॥२०॥

અનુવાદ :- પૂર્વસૂત્રમાં એટલે પૂર્વના સંજ્ઞાવિધિ સૂત્રમાં. (કારણ કે પદવિધિની પૂર્વમાં વિભક્તિસંજ્ઞા વિધિનું સૂત્ર જ છે.) માટે પૂર્વસૂત્રનો સંજ્ઞાવિધિ સૂત્રમાં એ પ્રમાણેનો અર્થ કર્યો છે.

-: न्याससारसमुद्धार :-

तदन्तमित्यादि-पद्यते-गम्यते कारकसंसृष्टोऽर्थोऽनेनेति **पदम्** "वर्षादयः०" [५.३.२९.] इत्यल् । नन्वन्तग्रहणं किमर्थम् ? न चासत्यन्तग्रहणे 'सा पदम्' इति कृते स्त्यादेरेव पदसंज्ञा स्यात्, ततश्च 'अग्निषु' इत्यादौ पदमध्ये विधीयमानं षत्वं पदादौ न स्यादिति वाच्यम् । "प्रत्ययः प्रकृत्यादेः" [७.४.११५.] इति परिभाषया तदन्तविधेर्लब्धत्वादिति,

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

ઉપરની તમામ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસમાં આવી ગયો છે.

(न्या०स०) सत्यम्-पदसंज्ञायामन्तग्रहणमन्यत्र संज्ञाविधौ प्रत्ययग्रहणे तदन्तप्रतिषेधार्थम्, अन्यथा "प्रत्ययः प्रकृत्यादेः" [७.४.११५.] इति परिभाषया स्त्याद्यन्तस्य विभक्तिसंज्ञा स्यात्, तस्यां च सत्यां "काष्ठगृहं युष्मत्पुत्राणाम्" इत्यादौ काष्ठशब्दस्य गृहमिति विभक्त्या पदत्वे ततः परस्य युष्मदः स्थाने पुत्राणामिति विभक्त्या सह वसादेशः स्यादित्यतिव्याप्तिः **'ददाति नः शास्त्रम्'** इत्यादौ च ददातीत्यादेर्विभक्तिसंज्ञकत्वेन पदा(पदत्वा) भावान्नो न स्यादित्यतिव्याप्तिः, इति ते (अतिव्याप्त्यव्याप्ती) मा भूतामित्यन्तग्रहणम् ॥२०॥

અનુવાદ :- આપના (પૂર્વપક્ષના) કહેવા પ્રમાણે प्रत्ययः प्रकृत्यादेः (૭/૪/૧૧૫) સૂત્ર એ પ્રમાણે પરિભાષાથી तदन्तविधिः પ્રાપ્ત થતી હોવાથી આ સૂત્રમાં "अन्त"નું ગ્રહણ નિરર્થક છે. પરંતુ અમે કહીએ છીએ નિરર્થક એવું પણ अन्तનું ગ્રહણ આ સૂત્રમાં કરવાથી જ્યાં જ્યાં સંજ્ઞાવિધિ આવશે ત્યાં ત્યાં પ્રત્યયના ગ્રહણમાં तदन्तविधिનો પ્રતિષેધ થશે. જો આ સૂત્રમાં अन्त ગ્રહણ

ન કર્યું હોત તો (૭/૪/૧૧૫)થી "सि" વગેરે અને ति વગેરે પ્રત્યયો કોઈ પ્રકૃતિને અન્તે હોય ત્યારે જ વિભક્તિસંજ્ઞા થાત. આ પ્રમાણે सि વગેરે પ્રત્યયોની જો तदन्तविधिसंज्ञा થાત તો काष्ठगृहम् युष्मत्पुत्राणाम् વગેરે પ્રયોગોમાં "काष्ठ" શબ્દમાં गृहम् એ પ્રમાણે વિભક્તિ સાથે પદપણાંની પ્રાપ્તિ થાત અને આ काष्ठगृहम् પદથી પર युष्मद् શબ્દ पुत्राणाम् વિભક્તિ સહિત वस् આદેશવાળો પ્રાપ્ત થાત. આ પ્રમાણે અતિવ્યાપ્તિ આવત તથા ददाति नः शास्त्रम्.અહીં ददाति જ વિભક્તિસંજ્ઞાવાળું થાય છે. પરંતુ ददातिની આગળ કોઈ પ્રકૃતિ ન હોવાથી પદત્વનો (પદપણાંનો) અભાવ થાય છે. પદપણાંનો અભાવ થવાથી "अस्मभ्यम्"નો "नस्" આદેશ થશે નહીં. આ પ્રમાણે જ્યાં नस् આદેશની પ્રાપ્તિ હતી ત્યાં પણ "नस्" આદેશ થશે નહીં તેથી અવ્યાપ્તિ નામનો દોષ આવશે. આ પ્રમાણે અતિવ્યાપ્તિ તથા અવ્યાપ્તિ નામના દોષો ન થાઓ માટે જ અમે અહીં "अन्त" શબ્દ લખવા દ્વારા અન્ય ઠેકાણે સંજ્ઞાવિધિમાં પ્રત્યયાન્તવાળા શબ્દની સંજ્ઞાનો નિષેધ કરાય છે એવું જણાવીએ છીએ.

॥ विंशतितमम् सूत्रम् समाप्तम् ॥

* * *

सूत्रम् - नाम सिदय्व्यञ्जने । १ । १ । २१ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

सिति प्रत्यये यकारवर्जिते व्यञ्जनादौ च परे पूर्वं नाम पदसंज्ञं भवति ।

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

स ઇત્‌વાળા પ્રત્યય પર છતાં તથા यकार રહિત વ્યંજનથી શરૂ થતાં પ્રત્યય પર છતાં પૂર્વનું નામ પદસંજ્ઞાવાળું થાય છે.

(त०प्र०) भवदीयः । ऊर्णायुः । अहंयुः । अहँय्युः । शुभंयुः । शुभँय्युः । व्यञ्जने- पयोभ्याम् । पयस्सु । राजता । दृक्त्वम् । राजकाम्यति ।

અનુવાદ :- ઉપરના તમામ શબ્દોના અર્થો વ્યુત્પત્તિ સાથે બૃહન્ન્યાસમાં જણાવાશે.

(त०प्र०) नामेति किम् ? धातोर्मा भूत्-वच्मि, यज्वा । सिदय्व्यञ्जन इति किम् ?, भवन्तौ, राजानौ । यवर्जनं किम् ? वाचमिच्छति वाच्यति ।

અનુવાદ :- સૂત્રમાં "नाम" શબ્દ શા માટે લખ્યો છે એના જવાબમાં આચાર્ય ભગવંત કહે છે કે ઉપર કહેલા પ્રત્યયો પર છતાં નામ જ પદસંજ્ઞાવાળું થશે પરંતુ પૂર્વમાં રહેલ ધાતુ પદસંજ્ઞાવાળો નહીં થાય. આથી वच् + मिव्. આ અવસ્થામાં वच् ધાતુ પદસંજ્ઞાવાળો ન થવાથી પદને અન્તે "च्"નો "क्" થશે નહીં.

હવે यज् + ङ्वनिप् આ અવસ્થામાં यज् ધાતુ હોવાથી તથા આ સૂત્રથી ધાતુની પદસંજ્ઞા ન થતી હોવાથી પદને અન્તે ज्नो ग् થશે નહીં. આથી "यज्वा" રૂપ સિદ્ધ થશે.

સૂત્રમાં सिदय्व्यञ्जने એ પ્રમાણે પદ શા માટે લખ્યું છે ? એના અનુસંધાનમાં આચાર્ય ભગવંત જણાવે છે કે भवत् + औ આ અવસ્થામાં "औ" એ "स्" ઇત્‌વાળો પ્રત્યય નથી. તેથી "भवत्"ની પદસંજ્ઞા થશે નહીં અને પદસંજ્ઞા નથી થતી માટે પદને અન્તે "त्"નો "द्" પણ થતો નથી. આથી "भवन्तौ" રૂપ સિદ્ધ થાય છે.

राजन् + औ અહીં પણ ઉપરના સમાધાન પ્રમાણે જ પદસંજ્ઞા ન થવાથી પદને અન્તે न्નો લોપ થતો નથી માટે "राजानौ" રૂપ સિદ્ધ થાય છે.

यનું વર્જન કરવાથી શું પ્રયોજન સિદ્ધ થાય છે ? वाचम् इच्छति આ પ્રમાણે ઇચ્છવું અર્થમાં "क्यन्" પ્રત્યય થતાં "वाच्" + "क्यन्" સ્વરૂપ અવસ્થા પ્રાપ્ત થાય છે. અહીં જો य्નું વર્જન ન કર્યું હોત તો "वाच्"ની પદસંજ્ઞા થાત અને તેમ થાત તો "च्"નો "क्" થઈ જાત પરંતુ "य्"નું વર્જન કરવાથી હવે આ આપત્તિ આવશે નહીં.

(त०प्र०) अन्तर्वर्तिन्यैव विभक्त्या तदन्तस्य पदत्वे सिद्धे सिद्ग्रहणं नियमार्थम्, तेन प्रत्ययान्तरे न भवति-सौश्रुतम्, भागवतम् ॥२१॥

અનુવાદ :- "स्" ઇત્‌વાળા પ્રત્યયો વિભક્તિના પ્રત્યયોમાં આવતા નથી. વળી નામ સંબંધી "स्" ઇત્‌વાળા પ્રત્યયો આવે તો નામની પદસંજ્ઞા થાય છે એવું આ સૂત્ર જણાવે છે. આથી નામને "स्" ઇત્‌વાળા એવા તદ્ધિતના પ્રત્યયો લાગી શકશે તથા તદ્ધિતના પ્રત્યયો વિભક્તિ અન્તવાળા નામથી જ ગ્રહણ કરાય છે. હવે જો વિભક્તિ અન્તવાળા નામથી જ તદ્ધિતના પ્રત્યયો લાગશે તો નામને પદસંજ્ઞા બનાવવાની કોઈ આવશ્યકતા રહેશે નહીં. છતાં પણ "सित्" પ્રત્યય પર છતાં પૂર્વનું નામ પદસંજ્ઞાવાળું થાય છે એવું કહેવા દ્વારા આચાર્ય ભગવંત એક નિયમ કહેવા માંગે છે કે અન્તર્‌વર્તિની વિભક્તિની અપેક્ષાએ જો પૂર્વનું નામ પદસંજ્ઞાવાળું થશે તો આ સૂત્રથી "सित्" પ્રત્યય પર છતાં જ પૂર્વનું નામ પદસંજ્ઞાવાળું થશે; પરંતુ सित् સિવાયના કોઈપણ પ્રત્યયો આવશે તો પૂર્વનું નામ પદસંજ્ઞાવાળું થશે નહીં. ભલે અન્તર્વર્તિની વિભક્તિની અપેક્ષાએ એમાં પદસંજ્ઞા હોય છતાં પણ આ સૂત્ર એવા નામોમાં પદસંજ્ઞાનો નિષેધ કરશે. આ નિયમના

સાર્થકપણાં માટે બે ઉદાહરણો આપે છે. सुश्रुत् + अण् આ અવસ્થામાં પૂર્વનું નામ પદસંજ્ઞાના નિષેધવાળું થતાં "त्"નો "द्" થતો નથી. માટે सौश्रुतम् રૂપ સિદ્ધ થશે. તેમજ भगवत् + अण्માં પણ પદસંજ્ઞાનો નિષેધ થતાં "भागवतम्" રૂપ સિદ્ધ થશે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

(શ૦ન્યા૦) नामेत्यादि-नमति-प्रह्वीभावं गच्छत्यर्थं प्रत्येतत् "सात्मन्नात्मन्वेमन्०" [उणा० ९१६.] इति मनिमकारस्यात्वे च **नाम** । स् इद् यस्य स **सिद्**, अन्यस्यासंभवात् प्रत्यय एव, तत्साहचर्याद् यकारवर्जितं व्यञ्जनमपीत्याह-**सितीत्यादि** ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

આચાર્ય ભગવંત "नाम" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : "नम्" ધાતુને કર્તા અર્થમાં "सात्मन्नात्मन्वेमन ..." (उणादि - ૯૧૬) સૂત્રથી मन् પ્રત્યય થાય છે. હવે नम् + मन् આ અવસ્થામાં अकारનો "आ" થતાં "नामन्" શબ્દ પ્રાપ્ત થાય છે, જેનું પ્રથમા એકવચન "नाम" છે. જે અર્થ તરફ ઝૂકે છે તે નામ કહેવાય છે.

હવે सित् શબ્દ સંબંધી સમાસ ખોલે છે. स् इत् यस्य सः = सित् અહીં બહુવ્રીહિ સમાસ હોવાથી અન્યપદ તરીકે બીજા કોઈનો અસંભવ હોવાથી પ્રત્યયનું જ ગ્રહણ થઈ શકે છે. અહીં "सित्" એ પ્રત્યય હોવાથી "यकार" રહિત વ્યંજન પણ પ્રત્યય સંબંધી લેવો. साहचर्यात् सदृशस्य एव ન્યાયથી यकार વર્જિત વ્યંજન પણ પ્રત્યય સંબંધી જ લેવો न विद्यते य् व्यञ्जनम् यस्य स इति अय्व्यञ्जनम् प्रत्ययः. હવે "सिदय्व्यञ्जने"નો સમુદિત અર્થ આ પ્રમાણે થશે : सित् પ્રત્યય પર છતાં તેમજ यकार રહિત વ્યંજનથી શરૂ થતાં પ્રત્યય પર છતાં પૂર્વનું નામ પદસંજ્ઞાવાળું થાય છે.

(શ૦ન્યા૦) भातेर्डवतौ भवत्, तस्यायम् "भवतोरिकणीयसौ" [६.३.३०.] इति ईयसि पदत्वात् तृतीये **भवदीयः** । 'उर्वै' इत्यस्माद् "इणुर्वि०" [उणा० १८२.] इति णे ऊर्णा अस्य सन्ति, **(ऊर्णायुः । अहंयुः, अहँय्युः, शुभंयुः, शुभँय्युः)** 'अहम्, शुभम्' इति विभक्तिप्रतिरूपकमव्ययम्, "ऊर्णाऽहंशुभमो युस्" [७.२.१७.] इति युसि अनेन पदत्वे "तौ मुमो व्यञ्जने स्वौ" [१.३.१४.] इत्यनुस्वारानुनासिकौ च भवतः । "पां पाने" पीयते तदिति "पा-हाक्भ्यां पय-ह्यौ च" [उणा० ९५३.] इत्यसि **पयः**, राजन् (त) इति "उक्षि-तक्ष्यक्षीशि-राजि०" [उणा० ९००.] इत्यनि **राजन्**, पश्यतीति क्विपि **दृक्**, एषां भ्यामि, सुपि, तलि, त्वे च प्रत्यये पदत्वाद् रुत्व-नलोप-गत्वानि भवन्ति । राजानमिच्छति "अमाव्ययात् क्यन् च"

[३.४.२३.] इति काम्ये नलोपे च **राजकाम्यति** । वचेर्मिवि **वच्मि** । यजेरिष्टवानिति "सुयजोर्ङ्वनिप्" [५.१.१७२.] इति **यज्वेति**, अत्र पदत्वाभावात् कत्वगत्वे न भवतः ।

અનુવાદ :- હવે भवदीयः શબ્દને ખોલે છે. પ્રકાશવુ અર્થવાળો "भा" ધાતુ બીજા ગણનો છે. આ भा ધાતુને उणादि ૮૮૬ સૂત્રથી "डवतु" પ્રત્યય થતાં "भवत्" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે भवतः अयम् એ અર્થમાં भवतोरिकणीयसौ (૬/૩/૩૦) સૂત્રથી ઈયસ્ પ્રત્યય થાય છે. આથી भवत् + ईयस् આ અવસ્થામાં सित् પ્રત્યય પર છતાં "भवत्" સર્વનામની આ સૂત્રથી પદસંજ્ઞા થાય છે. આથી धुटस्तृतीयः (૨/૧/૭૬) સૂત્રથી "भवत्" શબ્દના "त्"નો द् થવાથી भवदीयः શબ્દ પ્રાપ્ત થાય છે. भवदीयनो અર્થ છે "આપનો આ".

હવે "ऊर्णायु" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : 'उर्वै' ધાતુને "इणुर्वि... (उणादि० ૧૮૨) સૂત્રથી 'ण' પ્રત્યય થતાં "ऊर्णा" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે "ऊर्णा अस्य सन्ति" એ પ્રમાણે 'मतु' અર્થમાં "ऊर्णाहंशुभमो युस्" (૭/૨/૧૭) સૂત્રથી 'युस्' પ્રત્યય થાય છે. હવે ऊर्णा + युस् આ અવસ્થામાં 'युस्' सित् પ્રત્યય હોવાથી આ સૂત્રથી 'ऊर्णा'ની પદસંજ્ઞા થાય છે. તથા 'ऊर्णा'ની પદસંજ્ઞા થવાથી હવે "अवर्णेवर्णस्य०" (૭/૪/૬૮) સૂત્રથી 'ऊर्णा' શબ્દનાં 'आ'નો લોપ થશે નહીં અને તેમ થવાથી "ऊर्णायुः" પ્રયોગની પ્રાપ્તિ થશે. 'ऊर्णायुः' પ્રયોગનો અર્થ ઊનવાળો થાય છે.

ઉપર પ્રમાણે अहम् અને शुभम् સ્વરૂપ બે અવ્યયોને ૭-૨-૧૭ સૂત્રથી 'युस्' પ્રત્યય લાગે છે તથા આ સૂત્રથી પદસંજ્ઞા થવાથી "तौ मुमो व्यञ्जने स्वौ" (૧/૩/૧૪) સૂત્રથી પદને અંતે રહેલા 'म्'નો અનુસ્વાર અને અનુનાસિક થતાં अहंयुः, अहय्र्युः, शुभंयुः, शुभय्र्युः વગેરે પ્રયોગોની પ્રાપ્તિ થશે. આ બંને પ્રયોગોનો અનુક્રમે અહંકારવાળો અને સૌભાગ્યવાળો એ પ્રમાણે અર્થ થશે.

હવે 'पयोभ्याम्' તથા 'पयस्सु' પ્રયોગોની સિદ્ધિ બતાવે છે : 'પીવા' અર્થમાં 'पा' ધાતુ પહેલા ગણનો છે. "જે પીવાય છે." એ અર્થમાં "पा-हाकृभ्यां... (उणादि – ૯૫૩) સૂત્રથી 'अस्' પ્રત્યય થતાં "पयस्" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે 'पयस् + भ्याम्' આ અવસ્થામાં 'पयस्' શબ્દની આ સૂત્રથી વ્યંજનથી શરૂ થતા પ્રત્યય પર છતાં પદસંજ્ઞા થાય છે. તથા પદસંજ્ઞા થવાથી 'पयस्' શબ્દનાં 'स्'નો 'रु' થાય છે. ત્યાર પછી સંધિના નિયમોથી 'पयोभ्याम्' તથા 'पयस्सु' રૂપ થાય છે. અર્થ છે બે દૂધવડે તથા 'ઘણા બધા દૂધોને વિશે.'

હવે 'राजता' અને 'दृक्त्व' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : સૌ પ્રથમ 'राजन्' શબ્દની નિષ્પત્તિ બતાવે છે. 'राज्' ધાતુને "उक्षि-तक्षि... (उणा० ૯૦૦) સૂત્રથી 'अन्' પ્રત્યય થતાં 'राजन्' શબ્દ પ્રાપ્ત થાય છે. તથા તે જુએ છે એ અર્થમાં 'दृश्' ધાતુને 'क्विप्' પ્રત્યય લાગતાં 'दृक्' શબ્દ પ્રાપ્ત થાય છે. હવે 'राजन्' તથા 'दृश्' શબ્દને 'भावे त्वतल्' (૭/૧/૫૫) સૂત્રથી ભાવમાં 'त्व' અને 'तल्' પ્રત્યય લાગતાં અનુક્રમે 'राजन् + तल् તથા 'दृश + त्व' અવસ્થા પ્રાપ્ત થાય છે.

બંને પ્રત્યયો વ્યંજનથી શરૂ થતાં હોવાથી આ સૂત્રથી 'राजन्' અને 'दृश्' શબ્દની પદસંજ્ઞા થાય છે તથા "नाम्नो नोऽनह्नः" (૨/૧/૯૧) સૂત્રથી પદને અંતે 'राजन्' નાં 'न्'નો લોપ થતાં 'राजता' શબ્દની પ્રાપ્તિ થાય છે તથા दृश ધાતુનાં श्नो ऋत्विज्-दिश्०' (૨/૧/૬૯) સૂત્રથી 'ग्' થતાં તેમજ અઘોષ પર છતાં 'ग्'નો 'क्' થતાં 'दृक्त्व' પ્રયોગ પ્રાપ્ત થાય છે. આ બંને શબ્દોનાં અર્થો અનુક્રમે 'રાજાપણું' તથા જોનારપણું થાય છે.

હવે 'राजकाम्यति' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : 'राजानम् इच्छति' (રાજાને ઈચ્છે છે) અહીં ઈચ્છવું અર્થમાં "अमाव्ययात् क्यन् च" (૩/૪/૨૩) સૂત્રથી 'काम्य' પ્રત્યય થાય છે. હવે 'राजन् + काम्य' આ અવસ્થામાં 'राजन्' શબ્દની આ સૂત્રથી 'काम्य' પ્રત્યય પર છતાં પદસંજ્ઞા થાય છે. તથા 'राजन्' શબ્દની પદસંજ્ઞા થવાથી ૨-૧-૯૧ સૂત્રથી 'राजन्'નાં 'न्'નો લોપ થાય છે. હવે 'राजकाम्य' એ નામધાતુ બને છે. જેનો અર્થ 'રાજાને ઈચ્છવું' એ પ્રમાણે થાય છે. ત્યારબાદ 'राजकाम्यति' એ પ્રમાણે વર્તમાનકાળ ત્રીજા પુરુષ એકવચનનું રૂપ થાય છે. જેનો અર્થ 'તે રાજાને ઈચ્છે છે' એ પ્રમાણે થાય છે.

આ સૂત્ર વ્યંજનથી શરૂ થતાં પ્રત્યય પર છતાં નામમાં જ પદસંજ્ઞા કરતું હોવાથી 'वच्' ધાતુને 'मिव्' પ્રત્યય લાગતાં તથા 'यज्' ધાતુને ભૂતકાળ અર્થમાં 'सु-यजोङ्र्वनिप्' (૫/૧/૧૭૨) સૂત્રથી 'ङ्वनिप्' પ્રત્યય થતાં અનુક્રમે 'वच् + मिव्' તથા 'यज् + ङ्वनिप्' અવસ્થા પ્રાપ્ત થાય છે. અહીં 'मिव्' પ્રત્યય અને 'वन्' પ્રત્યય પર છતાં પૂર્વની પ્રકૃતિ ધાતુ હોવાથી બંને ધાતુઓ આ સૂત્રથી પદસંજ્ઞાવાળા થતાં નથી. આથી પદને અંતે 'वच्' ધાતુમાં 'च्'નો 'क्' થતો નથી તેમજ 'यज्' ધાતુમાં 'ज्'નો 'ग्' થતો નથી. અને તેમ થતાં 'वच्मि' અને 'यज्वा' રૂપની સિદ્ધિ થાય છે.

(श०न्या०) ननु पयोभ्यामित्यादिसिद्ध्यर्थं व्यञ्जनग्रहणमस्तु, सित् प्रत्ययस्तु विभक्त्यन्ताद् विधीयते, तत्रान्तर्वर्तिन्यैव विभक्त्या स्थानिवद्भावेन पूर्वेण पदत्वे सिद्धे सिद्ग्रहणमतिरिच्यते। नातिरिच्यते, नियमार्थत्वात् तस्येत्याह-**अन्तर्वर्तिन्ये**त्यादि ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- 'पयोभ्याम्' વગેરે રૂપોની સિદ્ધિને માટે નિમિત્ત તરીકે વ્યંજનનું ગ્રહણ આવશ્યક છે. અર્થાત્ 'पयस्' વગેરે શબ્દોમાં પદસંજ્ઞાની સિદ્ધિને માટે વ્યંજનથી શરૂ થતાં પ્રત્યયનું નિમિત્ત આવશ્યક છે. પરંતુ सित् પ્રત્યયો તો વિભક્તિ અંતવાળા નામોથી જ વિધાન કરાય છે. सित् પ્રત્યયો માત્ર તદ્ધિતમાં જ આવે છે. તથા તદ્ધિતનાં પ્રત્યયો માત્ર વિભક્તિ અંતવાળા નામોથી જ થાય છે. હવે તદ્ધિતવૃત્તિને માનીને "एकार्थ्ये" (૩/૨/૮) સૂત્રથી નામને લાગેલાં વિભક્તિનાં પ્રત્યયોનો લોપ થાય છે. પરંતુ લોપ થયેલાં વિભક્તિનાં પ્રત્યયોનો સ્થાનીવત્ભાવ માનવાથી

તદ્ધિત પ્રત્યયની પૂર્વમાં રહેલાં નામમાં પદપણાંની સિદ્ધિ થઈ જ જાય છે. આથી सित् પ્રત્યય પર છતાં પૂર્વનું નામ પદ થાય છે એ પ્રમાણેનું વિધાન જે આ સૂત્રમાં કરવામાં આવ્યું છે, તે અનાવશ્યક છે.

ઉત્તરપક્ષ :- આ સૂત્રમાં "सित्"નું ગ્રહણ આવશ્યક જ છે. सित् પ્રત્યય પર છતાં સિદ્ધ એવી પદસંજ્ઞાના અનુસંધાનમાં જ 'આચાર્ય ભગવંતે' બૃહદ્‌વૃત્તિમાં પંક્તિઓ લખી છે કે અન્તર્વર્તિની વિભક્તિ અંતવાળા નામમાં પદપણું સિદ્ધ જ હતું. છતાં પણ सित्નું ગ્રહણ નિયમ કરે છે કે सित् સિવાયનાં કોઈપણ પ્રત્યય આવશે તો તે પ્રત્યયોની પૂર્વનાં નામમાં અન્તર્વર્તિની વિભક્તિની અપેક્ષાએ પણ પદસંજ્ઞા થશે નહીં.

(श०न्या०) नियमफलं दर्शयति-**तेने**त्यादिना । सुपूर्वात् "श्रुंट् श्रवणे" इत्यस्मात् क्विपि सुश्रुत्, भज्यतेऽनेनेति "गोचर-संचर०" [५.३.१३१.] इति घे, "क्तेऽनिटश्चजोः कगौ घिति" [४.१. १११.] इति गत्वे भगः, सोऽस्यास्तीति मतौ "मावर्णान्त०" [२.१.९४.] इति वत्वे च भगवान्, तयो-रिदम् "तस्येदम्" [६.३.१६०.] इत्यणि पदत्वाभावाद् दत्वाभावे **सौश्रुतम्, भागवतमि**ति । 'सौश्रुतम्' इत्यादौ नियमस्य चरितार्थत्वात् 'पयोभ्याम्' इत्यादौ च 'अय्व्यञ्जने' इत्यस्य, 'राजता, दृक्त्वम्' इत्यत्रोभयप्राप्तौ शब्दपरविप्रतिषेधात् "तदन्तं पदम्" [१.१.२०.] इत्यस्यैव नियम्यमानत्वाद् वाऽय्व्यञ्जनाश्रितं पदत्वं भवति ॥२१॥

અનુવાદ :- "तेन"થી શરૂ કરીને જે પંક્તિઓ લખી છે તેના દ્વારા "આચાર્ય ભગવંત" નિયમનું ફળ બતાવે છે. "श्रुंट्" ધાતુ પાંચમા ગણનો "સાંભળવા" અર્થમાં છે. હવે "सु" ઉપસર્ગપૂર્વક "श्रु" ધાતુને "क्विप्" પ્રત્યય થતાં "सुश्रुत्" શબ્દ થાય છે. હવે "सुश्रुतः इदम्" એ અર્થમાં "तस्य इदम्" (૬/૩/૧૬૦) સૂત્રથી "अण्" પ્રત્યય થતાં "सुश्रुत् + अण्" થશે. આ અવસ્થામાં આ સૂત્રથી "सुश्रुत्"માં પદસંજ્ઞાનો અભાવ થતાં "त्"નો "द्" થશે નહીં. અંતિમ રૂપ सौश्रुतम् થશે. જેનો અર્થ "સારી રીતે સાંભળેલું એવું વચન" થશે.

"જેનાવડે ભજાય છે" એવા અર્થમાં "भज्" ધાતુને गोचर-संचर... (૫/૩/૧૩૧) સૂત્રથી "घ" પ્રત્યય થતાં તથા "क्तेऽनिटश्चजोः कगौ घिति" (૪/૧/૧૧૧) સૂત્રથી "ज्"નો "ग्" થતાં સંજ્ઞાવાચક એવો "भग" શબ્દ બને છે. આ "भग" શબ્દને "मतु" પ્રત્યય લાગતાં "मावर्णान्त..." (૨/૧/૯૪) સૂત્રથી "मतु"નાં 'म्'નો 'व्' થાય છે. હવે "भगवतः इदम्" એ અર્થમાં "तस्येदम्" (૬/૩/૧૬૦) સૂત્રથી "अण्" પ્રત્યય થતાં અને આ સૂત્રથી પદત્વનો અભાવ થતાં 'त्' નાં 'द्'નો અભાવ થવાથી "भागवतम्" રૂપ સિદ્ધ થશે. આ "भागवतम्"નો અર્થ "દેવતા સંબંધી" એ પ્રમાણે થાય છે.

'सौश्रुतम्' વગેરે પ્રયોગોમાં નિયમનું સફળપણું જણાય છે. આ સૂત્ર સિત્ પ્રત્યય પર છતાં જ પદસંજ્ઞા બને છે એવું કહે છે. આથી, સિત્ સિવાયના પ્રત્યય પર છતાં અન્તર્વર્તિની વિભક્તિની અપેક્ષાએ પણ હવે પદસંજ્ઞા નહીં થાય. આ કારણથી જ 'सुश्रुत् + अण्' પ્રયોગમાં પદસંજ્ઞાનો નિષેધ આ સૂત્રમાં થયેલા નિયમથી થવાથી પદને અંતે 'त्'નો 'द्' ન થયો. આમ, 'सौश्रुतम्' પ્રયોગમાં પદને અંતે 'त्'નો 'द्' ન થવાથી નિયમનું સફળપણું થયું. તથા 'पयोभ्याम्' વગેરે પ્રયોગોમાં "अयव्यञ्जने" સ્વરૂપ નિમિત્તનું સફળપણું થયું. અહીં, 'य्' સિવાયનાં વ્યંજનાદિ પ્રત્યય પર છતાં ('भ्याम्' પ્રત્યય પર છતાં) પૂર્વનાં નામની પદસંજ્ઞા થવાથી પદને અંતે 'स्'નો 'र्' તથા 'र्' નો 'उ' વગેરે થતાં 'पयोभ्याम्' પ્રયોગની પ્રાપ્તિ થઈ. આમ, 'पयोभ्याम्'માં 'अयव्यञ्जने' સ્વરૂપ નિમિત્તનું સફળપણું થયું.

પરંતુ 'राजन् + तल्' તથા 'दृश् + त्व' આ બંને પ્રયોગોમાં ઉભયની પ્રાપ્તિ આવે છે. 'तल्' અને 'त्व' પ્રત્યય એ તદ્ધિતનાં પ્રત્યયો છે. વળી, એ બંને પ્રત્યયો સિત્ સિવાયનાં છે. આમ, સિત્ સિવાયનાં પ્રત્યયનાં કારણે થયેલાં નિયમથી અનુક્રમે 'राजन्' અને 'दृश्'માં પદસંજ્ઞાનો નિષેધ થાય છે. તેમજ 'अयव्यञ्जने' સ્વરૂપ નિમિત્તથી આ બંને પ્રયોગોમાં પદસંજ્ઞાની પ્રાપ્તિ આવે છે. આમ, આ બંને પ્રયોગોમાં પદસંજ્ઞાનો નિષેધ તથા પદસંજ્ઞાની પ્રાપ્તિ એ પ્રમાણે ઉભય કાર્યની પ્રાપ્તિ એકસાથે આવે છે. આ પરિસ્થિતિમાં 'स्पर्द्धे' (૭/૪/૧૧૯) પરિભાષાથી પર એવા 'अयव्यञ्जने' સ્વરૂપ નિમિત્તથી પદસંજ્ઞાની પ્રાપ્તિ આવે છે. બંને વચ્ચે સ્પર્ધા થાય ત્યારે સિત્ પ્રત્યયના નિયમને કારણે પદસંજ્ઞાના નિષેધના કાર્યનો 'अयव्यञ्जने' સ્વરૂપ નિમિત્તથી થયેલા પરકાર્ય દ્વારા બાધ થાય છે. આથી, આ બંને પ્રયોગોમાં 'अयव्यञ्जने' સ્વરૂપ નિમિત્તથી પદસંજ્ઞાની પ્રાપ્તિ આવે છે અને આમ હોવાથી પદને અંતે 'राजन्'ના 'न्'નો લોપ તેમજ 'दृश्' ધાતુના 'श्'નો 'ग्' તથા 'ग्'નો 'क्' થયો અને ઇષ્ટ એવાં 'राजता' તથા 'दृक्त्वम्' પ્રયોગોની પ્રાપ્તિ થઈ.

અથવા તો 'तदन्तं पदम्' (૧/૧/૨૦), આ સૂત્ર કોઈ પણ નામ જો વિભક્તિ અંત હોય તો એવાં નામોની પદસંજ્ઞા કરે છે. તથા આ સૂત્રમાં સિત્ પ્રત્યયનું નિમિત્ત જો પ્રત્યય 'स्' ઇત્‌વાળો હોય તો જ પદસંજ્ઞા કરે છે. આથી, પૂર્વના સૂત્રની પદસંજ્ઞાની વિધિનો સંકોચ આ સૂત્ર દ્વારા થયો. આ સૂત્ર દ્વારા નિયમ બન્યો કે તદ્ધિતનો પ્રત્યય સિત્ સિવાયનો હશે તો આગળનાં સૂત્રથી પણ હવે પદસંજ્ઞા નહીં જ થાય. આમ, જો (૧/૧/૨૦) સૂત્રથી પદસંજ્ઞાની પ્રાપ્તિ આવત, તો જ (૧/૧/૨૧) સૂત્ર દ્વારા સિત્ અંશના કારણે નિયમ બનત; પરંતુ 'राजन् + ता (तल्)' અને 'दृश् + त्व'માં તો સ્યાદિનાં પ્રત્યય લાગીને (૧/૧/૧૨૦) સૂત્રથી પદસંજ્ઞા જ થતી નથી. આ કારણે આ સૂત્રમાં સિત્ પ્રત્યયનાં કારણે નિયમ બની શકશે નહીં. આથી, હવે આ બંને પ્રયોગોમાં

'अय्व्यञ्जने'નાં નિમિત્તને આશ્રયીને જ પદસંજ્ઞા થાય છે. આમ, માત્ર આ સૂત્રનાં 'अय्व्यञ्जने' સ્વરૂપ નિમિત્તથી પણ 'राजता' તથા 'दृक्त्वम्' પ્રયોગની સિદ્ધિ થઈ શકે છે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

नामेत्यादि–नमति धातवे इति **नाम,** नमति प्रह्वीभावं गच्छति अर्थं प्रति इति वा "सात्मन्नात्मन्०" [उणा० ९१६.] इति साधुः । (व्यञ्जनं वि–अञ्जनम्) वेति विशिष्टार्थप्रतीतिं जनयतीति विः "नी–वी–प्रहृभ्यो डित्" [उणा० ६१६.] इति डित् इः ।

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

ધાતુને માટે જે નમે છે અથવા તો અર્થને અનુસરનાર એવા ભાવને જે પ્રાપ્ત કરે છે એ અર્થમાં "सात्मन्नात्मन्... (उणादि० - ૯૧૬) સૂત્રથી "नाम" એ પ્રમાણે સાધુ શબ્દ થયો છે.

હવે व्यञ्जन શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : "वि + अञ्जनम् = व्यञ्जनम्" થશે. હવે પ્રશ્ન થશે કે वि શું છે ? એનાં અનુસંધાનમાં વિશિષ્ટ અર્થ પ્રતીતિને જે ઉત્પન્ન કરે છે એ અર્થમાં "विद्" ધાતુને "नी–वी–प्रहुभ्योडित्" (उणादि० ૬૧૬) સૂત્રથી "डित्" એવો "इ" થતાં "विः" શબ્દ બને છે. હવે આ "वि + अञ्जनम् = व्यञ्जनम्" શબ્દ તૈયાર થાય છે, જેનો રૂઢિથી અર્થ "क्" વગેરે વર્ણો છે.

(न्या०स०) ननु 'नाम सिद्व्यञ्जने' इत्येव क्रियतां किं यवर्जनेन ? न च 'वाच्यति' इत्यादावपि पदसंज्ञाप्राप्तिरिति वाच्यम्, यतो व्यञ्जनद्वाराऽनेनैव 'राजीयति' इत्यादौ पदत्वेऽपि सिद्धे "नं क्ये" [१.१.२२.] इति सूत्रं नियमसूत्रतया व्याख्यास्यते–नकारान्तमेव क्यप्रत्यये पदसंज्ञं भवति नान्यद् इति, नान्तं क्यप्रत्यय एव पदम्, न प्रत्ययान्तरे, इति विपरीतनियमोऽपि कथं न भवति ? तथा च 'राजा, सीमा' इत्यादावपि पदत्वं न स्यादिति चेत्, तत्र–"युवा खलति०" [३.१.११३.] इत्यादिनिर्देशात् । सत्यम्–यवर्जनाभावे 'सत्सु साधु–सत्यम्' इत्यादिषु "नाम सिद०" [१.१.२१.] इति पदसंज्ञा स्यादित्येतदर्थं यवर्जनमिति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- આ સૂત્રમાં નિમિત્ત તરીકે "सित्" પ્રત્યય અને "अय्व्यञ्जने" એ પ્રમાણે બે નિમિત્તો આપ્યા છે. એમાં માત્ર "व्यञ्जन"નું નિમિત્ત જ આવશ્યક હતું. "य्" સ્વરૂપ વ્યંજનનાં વર્જનવાળું એવું વ્યંજનનું નિમિત્ત આવશ્યક ન હતું. કદાચ તમે એમ કહેશો કે "वाच्" નામને ઇચ્છા અર્થમાં "क्यन्" પ્રત્યય લાગતાં "वाच्"ની પદસંજ્ઞા થઈ જશે અને "वाच्यति" રૂપ સિદ્ધ નહીં થાય. તો એવી આપત્તિ પણ આવશે નહીં. કારણ કે व्यञ्जन નિમિત્ત દ્વારા જ બધા નામોમાં પદપણાંની પ્રાપ્તિ આવતી હોવા છતાં પણ "नं क्ये" (૧/૧/૨૨) એ પ્રમાણે

નવું સૂત્ર બનાવવાથી નિયમ બનશે કે "न्" અંતવાળું નામ જ "क्य" પ્રત્યય પર છતાં પદસંજ્ઞાવાળું થશે, પરંતુ અન્ય નામ નહીં. આથી, "वाच्" વગેરે નામમાં "क्यन्" પ્રત્યય પર છતાં પદસંજ્ઞાની પ્રાપ્તિ આવશે નહીં.

પ્રતિ ઉત્તરપક્ષ :- "नं क्ये" સૂત્રથી કોઈક એવો નિયમ પણ બનાવી શકે કે "न्" અંતવાળું નામ "क्य" પ્રત્યય પર છતાં જ પદસંજ્ઞાવાળું થશે, બાકીનાં પ્રત્યયો પર છતાં પદસંજ્ઞા નહીં થાય. આ પ્રમાણે વિપરીત નિયમની શંકા હોવાથી राजा, सीमा, વગેરે શબ્દોની સિદ્ધિ થઈ શકશે નહીં. કારણ કે "राजन् + सि" અને "सीमन् + सि" વગેરે પ્રયોગોમાં "न्" નાં લોપ વગેરેની પ્રાપ્તિ આવશે નહીં.

પૂર્વપક્ષ :- (ચાલુ) આ વિપરીત નિયમની આપત્તિનો અવકાશ રહેશે નહીં. કારણ કે "युवा खलति"... (૩/૧/૧૧૩) એ પ્રમાણે સૂત્રમાં "युवन् + सि" એ અવસ્થાવાળા "युवा" શબ્દનો નિર્દેશ કરેલ છે. ત્યાં "सि" પ્રત્યય પર છતાં युवन् શબ્દમાં પદસંજ્ઞાની પ્રાપ્તિ થાય તો જ "युवा" રૂપ સિદ્ધ થઈ શકે. આથી હવે આ સૂત્રમાં "य्"નું વર્જન નિરર્થક છે.

ઉત્તરપક્ષ :- જો આ સૂત્રમાં यकारનું વર્જન ન કર્યું હોત તો "सत्यम्" વગેરે પ્રયોગોની સિદ્ધિ થાત નહીં. એનો ભાવ આ પ્રમાણે છે. नाम सिद्व्यञ्जने સૂત્ર य् વર્જનનાં અભાવ વગર બનાવ્યું હોત તો નિયમ સૂત્ર થાત. માત્ર "न्" અંતવાળું નામ "क्य" પ્રત્યય પર છતાં પદસંજ્ઞાવાળું થાત. પરંતુ, બીજા કોઈ નામો "क्य" પ્રત્યય પર છતાં પદસંજ્ઞાવાળાં થાત નહીં. આથી બીજા બધા નામોની પછી "य" પ્રત્યય આવત તો એ નામોની પદસંજ્ઞા આ સૂત્રથી થાત. આ સંજોગોમાં "सत्" શબ્દને સાધુ અર્થમાં તદ્ધિતનો "य" પ્રત્યય લાગતાં આ સૂત્રથી પદસંજ્ઞા થાત. અને તેમ થાત તો પદને અંતે "त्"નો"द्" થતાં "सद्य" એ પ્રમાણે અનિષ્ટ રૂપની આપત્તિ આવત. હવે અહીં "य्" વર્જન કરવા દ્વારા અનિષ્ટ રૂપની આપત્તિ આવશે નહીં. માટે જ આ સૂત્રમાં "य्"નું વર્જન સાર્થક છે.

(न्या०स०) राजतेति, **सौश्रुतमित्यादौ** नियमस्य चरितार्थत्वात्, **पयोभ्यामित्यादौ** च 'अय्व्यञ्जने' इत्यस्य, **राजता, दृक्त्वमि**त्यत्रोभयप्राप्तौ ❋स्पर्धे परम्❋ ("स्पर्द्धे" ७.४.११९.] इति न्यायाद् व्यञ्जनाश्रितं पदत्वं भवति ॥२१॥

અનુવાદ :- આ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસમાં આવી જ ગયો છે.

॥ एकविंशतितमम् सूत्रम् समाप्तम् ॥

❋ ❋ ❋

सूत्रम् - नं क्ये । १ । १ । २२ ॥

-: तत्त्वप्रकाशिका :-

क्य इति उत्सृष्टानुबन्धानां क्यन्-क्यङ्-क्यङ्षां ग्रहणम् । नकारान्तं नाम क्ये प्रत्यये परे पदसंज्ञं भवति ।

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

સૂત્રમાં "क्य" એ પ્રમાણે નિર્દેશ કરવા દ્વારા ત્યાગ કરાયેલ અનુબંધવાળા એવા "क्यन्, क्यङ् તથા क्यङ्ष्" પ્રત્યયોનું ગ્રહણ કર્યું છે. "नकार" અંતવાળું નામ "क्य" પ્રત્યય પર છતાં પદસંજ્ઞાવાળું થાય છે.

(त०प्र०) राजानमिच्छति क्यन्-राजीयति । राजेवाऽऽचरति क्यङ्-राजायते । अचर्म चर्म भवति क्यङ्ष्-चर्मायति, चर्मायते, पदत्वान्नलोपः । नमिति किम् ? वाच्यति । क्य इति किम् ? सामनि साधुः सामन्यः । एवं वेमन्यः । अयिति प्रतिषेधात् पूर्वेणाऽप्राप्ते वचनम् ॥२२॥

અનુવાદ :- "તે રાજાને ઇચ્છે છે" એ પ્રમાણે "ઇચ્છા અર્થમાં "क्यन्" પ્રત્યય લાગતાં "राजीयति" રૂપ થાય છે. જેનો અર્થ "તે રાજાને ઇચ્છે છે" એ પ્રમાણે થાય છે. "રાજા જેવું આચરણ કરે છે" એ પ્રમાણે "આચાર" અર્થમાં "क्यङ्" પ્રત્યય લાગતાં "राजायते" રૂપની સિદ્ધિ થાય છે. જેનો અર્થ "તે રાજા જેવું આચરણ કરે છે." એ પ્રમાણે થાય છે. "જે ચામડું ન હતું તે ચામડું થાય છે." એ પ્રમાણે "च्वि" અર્થમાં "चर्मन्" શબ્દને "क्यङ्ष्" પ્રત્યય થતાં "चर्मायति" રૂપ થાય છે. જેનો અર્થ "ચામડું ન હતું તે ચામડું થાય છે." એ પ્રમાણે થાય છે. આ બધા જ પ્રયોગોમાં "क्य" પ્રત્યય લાગવાથી પદસંજ્ઞા થાય છે અને પદસંજ્ઞા થવાથી પદને અંતે રહેલા નામનાં "न्"નો લોપ થાય છે. સૂત્રમાં "न्" અંતવાળું નામ કહ્યું હોવાથી જે નામો "न्" અંતવાળા નહીં હોય તેઓની પદસંજ્ઞા ન થવાથી "वाच्यति" રૂપની સિદ્ધિ થાય છે. જેનો અર્થ "તે વાણીને ઇચ્છે છે" એ પ્રમાણે થાય છે. "क्य" પ્રત્યયનું નિમિત્ત ગ્રહણ કરવાથી શું ફળ મળ્યું ? એનાં અનુસંધાનમાં જણાવે છે કે "સામવેદમાં સારો" એ પ્રમાણે "સાધુ" અર્થમાં "सामन्" શબ્દને તદ્ધિતનો "य" પ્રત્યય લાગવાથી અને આ "य" પ્રત્યય તે "क्य" સ્વરૂપ ન હોવાથી આ સૂત્રથી પદસંજ્ઞા ન થવાથી પદને અંતે "न्"નો લોપ થયો નથી. એ જ પ્રમાણે "वेमन्यः" પ્રયોગમાં પણ સમજી લેવું. "वेमन्य" એટલે "વણકરનાં ઉપકરણમાં સુંદર."

આગળનાં સૂત્રમાં"य्" વ્યંજનનો નિષેધ થયો હોવાથી નામમાં પદસંજ્ઞાની પ્રાપ્તિ આવતી ન હોવાથી એમાં પદસંજ્ઞાની પ્રાપ્તિ કરાવવા માટે આ સૂત્ર બનાવ્યું છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

नं क्य इत्यादि-'**क्ये**' इति सामान्यनिर्देशे क्य-क्यपोर्नामाधिकारेण व्यावर्तितत्वाद्, अन्यस्य च निरनुबन्धस्याभावादुत्सृष्टानुबन्धस्य क्यमात्रस्य ग्रहणमित्याह-**क्य इत्यादि**-उत्सृष्टास्त्यक्ता **नकारादयः** प्रत्ययात्मवर्तिनो विशेषकरा अनुबन्धा यैस्ते तथा। "विशेषणमन्तः" [७.४.११३.] इत्याह-**नकारान्तमि**ति।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

સૂત્રમાં "क्ये" એ પ્રમાણે સામાન્યથી નિર્દેશ કરાયો છે. આથી શંકા થાય છે કે, "क्य" તરીકે કયો પ્રત્યય લેવો ? હવે ઉપરનાં સૂત્રમાંથી નામનો અધિકાર આવતો હોવાથી ધાતુને લાગતા પ્રત્યયો લઈ શકાશે નહીં. અર્થાત્ "क्य" (જે કર્મ અને ભાવમાં લાગે છે.) તથા "क्यप्" (જે વિધ્યર્થ કૃદન્તનો પ્રત્યય છે.) એ પ્રમાણે ધાતુને લાગતાં પ્રત્યયોની બાદબાકી થઈ જતી હોવાથી નામને લાગતાં પ્રત્યયો જ લઈ શકાશે. હવે નામને લાગતાં પ્રત્યયોમાં "क्य" પ્રત્યય તો લાગતો જ નથી. આથી કોઈ પણ અનુબંધ વગરના "क्य" પ્રત્યયનો અભાવ હોવાથી અનુબંધવાળો "क्य" પ્રત્યય હોવો જોઈએ. માટે જ "આચાર્ય ભગવંતે" બૃહદ્વૃત્તિ ટીકામાં લખ્યું છે કે ત્યાગ કરાયેલા અનુબંધવાળા "क्य" માત્રનું સામાન્યથી ગ્રહણ કર્યું હોવાથી અહીં क्यन्, क्यङ् અને क्यङ्ष्નું ગ્રહણ સમજવું. વિશેષને કરનારા તથા પ્રત્યયસ્વરૂપમાં રહેનારા એવા "नकार" વગેરે અનુબંધો ત્યાગ કરાયા છે જેઓથી એવા क्यन्, क्यङ् અને 'क्यङ्ष्' પ્રત્યયોનું અહીં ગ્રહણ કરાયું છે.

સૂત્રમાં સ્થાની તરીકે "नं" પદ લખ્યું છે. આથી न् નામ (न् સ્વરૂપ નામ) જ "क्य" પ્રત્યય પર છતાં પદસંજ્ઞાવાળું થશે એવો અર્થ ફલિત થશે. પરંતુ "नकार" એ શબ્દનો વિશેષણ સ્વરૂપ ધર્મ હોવાથી "विशेषणमन्तः" (૭/૪/૧૧૩) પરિભાષાનાં સૂત્રથી "नं"નો અર્થ "नकार" અંતવાળું નામ એ પ્રમાણે થશે. આથી તાત્પર્ય અર્થ આ પ્રમાણે થશે. "नकार" અંતવાળું નામ क्यन्, क्यङ् અને 'क्यङ्ष्' પ્રત્યય પર છતાં પદસંજ્ઞાવાળું થશે.

(श०न्या०) राजानमिच्छतीति-"अमाव्ययात् क्यन् च" [३.४.२३.] इति क्यनि, "क्यङ्" [३.४.२६.] इति क्यङि, "डाज्लोहितादिभ्यः षित्" [३.४.३०.] इति क्यङ्षि च कृते, अनेन पदत्वान्नलोपे "क्यनि" [४.३.११२.] इति ईत्वे "दीर्घश्च्वि-यङ्-यक्-क्येषु च" [४.३.१०८.] इति दीर्घत्वे **राजीयती**त्यादयः सिद्धाः। वक्त्यर्थमिति, उच्यत इति वा

"दिद्युद्दद्दृद्०" [५.२.८३.] इति **क्विपि 'वाग्'** इति निपात्यते, तामिच्छति क्यनि **वाच्यति,** अत्र पदत्वाभावात् "चजः कगम्" [२.१.८६.] इति ककाराभावः । ("षोंच् अन्तकर्मणि") "स्यतेरी च वा" [उणा० ९१५.] इति मनि सामन्, वेगः "सात्मन्०" [उणा० ९१६.] इति मनि आत्वाभावे च वेमन्, "तत्र साधौ" [७.१.१५.] इति ये पदत्वा(भावा)न्नलोपाभावे **सामन्यः, वेमन्यः ।**

અનુવાદ :- "તે રાજાને ઇચ્છે છે" એ અર્થમાં "राजन्" શબ્દને "अमाव्ययात् क्यन् च" (૩/૪/૨૩) સૂત્રથી **'क्यन्'** થતાં તેમજ આ સૂત્રથી પદસંજ્ઞા થતા તેમજ (૪/૩/૧૧૨)થી ઈ થતાં "राजीयति" રૂપ સિદ્ધ થાય છે. "राजा इव आचरति" આ અર્થમાં "राजन्" શબ્દને "क्यङ्" (૩/૪/૨૬) સૂત્રથી "क्यङ्" થતાં તથા આ સૂત્રથી પદસંજ્ઞા થતાં "राजन्"નાં "न्"નો લોપ થાય છે. પછી "दीर्घश्च्वि-यङ्-यक्-क्येषु च" (૪/૩/૧૦૮) સૂત્રથી પૂર્વનો "अ" દીર્ઘ થતાં "राजायते" રૂપ સિદ્ધ થાય છે. "अचर्म चर्म भवति" આ અર્થમાં "चर्मन्" શબ્દને "डाज्लोहितादिभ्यः षित्" (૩/૪/૩૦) સૂત્રથી "क्यङ्ष्" થતાં અને આ સૂત્રથી પદસંજ્ઞા થતાં "चर्मन्" શબ્દનાં "न्"નો લોપ થાય છે. હવે (૪/૩/૧૦૮)થી "अ"ની દીર્ઘવિધિ થતાં "चर्मायति" અને "चर्मायते" પ્રયોગોની સિદ્ધિ થાય છે.

"અર્થને કહે છે" અથવા તો "અર્થ જેનાવડે કહેવાય છે" એ અર્થમાં "दिद्युद् दद्दृद् जगत्... क्विप्" (૫/૨/૮૩) સૂત્રથી "क्विप्" પ્રત્યય થતાં "वाच्" નિપાતન કરાય છે. તથા "वाचम् इच्छति" એ પ્રમાણે ઇચ્છા અર્થમાં "क्यन्" પ્રત્યય થતાં તથા આ સૂત્રથી પદસંજ્ઞાનો અભાવ થતાં "वाच्यति" રૂપ સિદ્ધ થાય છે. પદસંજ્ઞાનો અભાવ થયો માટે "चजः कगम्" (૨/૧/૮૬) સૂત્રથી "च्"નો "क्" થયો નથી.

"षोंच् अन्तकर्मणि" આ "सो" ધાતુ "સમાપ્ત કરવું." અર્થવાળો ચોથા ગણનો છે. અહીં "स्यतेरी च वा" (उणादि० - ૯૧૫)થી "मन्" પ્રત્યય થતાં "सामन्" શબ્દ થાય છે. તથા "वे" ધાતુને "सात्मन्..." (उणादि० - ૯૧૬)થી "मन्" પ્રત્યય થયા બાદ "आत्व"નો અભાવ થયા બાદ "वेमन्" શબ્દ થાય છે. હવે "सामनि साधु" તથા "वेमनि साधु" એ પ્રમાણે "साधु" અર્થમાં "तत्र साधौ" (૭/૧/૧૫) સૂત્રથી "य" થતાં અને (૧/૧/૨૧) સૂત્રથી પદનો અભાવ થતાં બંનેનાં "न्"નો લોપ થતો નથી. તેથી "सामान्यः" અને "वेमन्यः" રૂપ સિદ્ધ થાય છે.

(શ૦ન્યા૦) अन्तर्वर्तिन्या विभक्त्या "तदन्तं पदम्" [१.१.२०.] इति पदत्वं प्राप्तम्, तत् 'सिति' (सित्येव) इति नियमेनापोदितमपि 'व्यञ्जने' इति पुनः प्रसूतम्, तदपि 'अयि' इति प्रतिषेधेन प्रतिषिद्धमनेन प्रतिप्रसूयते ॥२२॥

અનુવાદ :- આ સૂત્રમાં તમામ ઉદાહરણો નામધાતુ અને તદ્ધિતવૃત્તિનાં બતાવેલ છે. વળી આ સૂત્રથી ફરીથી પદસંજ્ઞાની પ્રાપ્તિ કરવી પડી એનું કારણ શું ? એ સંબંધમાં સંપૂર્ણ પ્રક્રિયા આ પંક્તિઓ દ્વારા "આચાર્ય ભગવંત" બતાવે છે.

નામધાતુ અને તદ્ધિતવૃત્તિ હોવાથી અન્તર્વર્તિની વિભક્તિથી જ "तदन्तं पदम्" (૧/૧/૨૦) સૂત્રથી પદપણાંની પ્રાપ્તિ થાય છે. ત્યારબાદ અન્તર્વર્તિની વિભક્તિવાળા નામોમાં ૧-૧-૨૧ સૂત્રથી માત્ર सित् પ્રત્યય પર છતાં જ પદસંજ્ઞાની પ્રાપ્તિનો અપવાદ કરાયો. આથી, અન્ય પ્રત્યય પર છતાં અન્તર્વર્તિની વિભક્તિની અપેક્ષાએ પણ પદસંજ્ઞા થશે નહીં. આમ છતાં પણ ૧-૧-૨૧ સૂત્રમાં જ "વ્યંજનનું" નિમિત્ત લખવા દ્વારા જ ફરીથી પદસંજ્ઞાની પ્રાપ્તિ કરાવી. જે ફરીથી પ્રાપ્તિ કરાવી તેમાં પણ આ સૂત્રમાં "य्"નો નિષેધ કરવા દ્વારા પદસંજ્ઞાની પ્રાપ્તિ અટકાવી. એ પ્રમાણે પ્રતિષિદ્ધ એવી પદસંજ્ઞાની પ્રાપ્તિ આ સૂત્રવડે ફરીથી ઉત્પન્ન કરાઈ.

-: ન્યાસસારસમુદ્ધાર :-

(न्या०स०) नं क्य इत्यादि-'**क्ये**' इति सामान्यनिर्देशेऽपि क्य-क्यपोर्नामाधिकारेण व्यावर्तितत्वाद् अन्यस्य निरनुबन्धस्याभावाद् उत्सृष्टानुबन्धस्य क्यमात्रस्य ग्रहणमित्याह-**क्य** इत्यादि ।

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

ઉપરોક્ત તમામ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસમાં આવી ગયો છે.

(न्या०स०) चर्मायतीति-चर्मणः प्रागतत्त्वासंभवात् च्व्यर्थाभावे क्यङ्ष् न प्राप्नोतीति तद्वृत्तेश्चर्मन् शब्दात् प्रत्ययः, अचर्मवान् चर्मवान् भवतीति, यथा-निद्रायतीत्यादि ।

અનુવાદ :- ચામડાનું પહેલા ન હોવું એ તત્ત્વનો અસંભવ હોવાથી च्विના અર્થનો અભાવ થાય છે. માટે "क्यङ्ष्" પ્રત્યયની પ્રાપ્તિ આવતી નથી. કોઈક વ્યક્તિમાં પહેલા દુર્જનતાનો અભાવ હોઈ શકે છે ત્યારબાદ દુર્જનતા આવી શકે છે. એવું થઈ શકે છે. એ જ પ્રમાણે ચામડું પહેલા ન હતું અને પછી થયું તેવું કહી શકાતું નથી. આથી "क्यङ्ष्" પ્રત્યયનો અભાવ થાય છે. છતાં પણ અહીં "क्यङ्ष्" પ્રત્યય થયો છે. તેથી અસંગતિને દૂર કરવા માટે "चर्मन्" શબ્દનો અર્થ કેવો લેવો એ સંબંધમાં અહીં જણાવે છે. "चर्मन्" શબ્દ અહીં "मतु" અર્થવાળો સમજવો. આથી चर्मवान्માં વૃત્તિ એવો આ "चर्मन्" શબ્દ સમજવો. પહેલાં જે ચામડા વગરનું હતું તે ચામડાવાળું થાય છે. જે પ્રમાણે પહેલાં નિદ્રા વગરનો હતો તે નિદ્રાવાળો થાય છે. એ પ્રમાણે બોલી શકાય છે. આ પ્રમાણે मतु અર્થવાળો "चर्मन्" શબ્દ સમજવાથી "च्वि" અર્થનો સંભવ થઈ શકે છે.

(न्या०स०) अयितीति-अन्तर्वर्तिन्या विभक्त्या "तदन्तं पदम्" [१.१.२०.] इति पदत्वं प्राप्तम्, तत् सित्येवेति नियमेनापोदितमपि 'व्यञ्जने' इत्यंशेन पुनः प्रसूतम्, ततः 'अय्' इति प्रतिषेधेन प्रतिषिद्धमनेन प्रतिप्रसूयते ॥२२॥

અનુવાદ :- ઉપરની તમામ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસમાં આવી ગયો છે.

॥ द्वाविंशतितमम् सूत्रम् समाप्तम् ॥

* * *

सूत्रम् - न स्तं मत्वर्थे । १ । १ । २३ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

सकारान्तं तकारान्तं च नाम मत्वर्थे प्रत्यये परे पदसंज्ञं न भवति ।

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

"सकार" અંતવાળું અને "तकार" અંતવાળું નામ "मतु" અર્થવાળા પ્રત્યય પર છતાં પદ સંજ્ઞાવાળું થતું નથી.

(त०प्र०) यशस्वी । मतोरपि मत्वर्थाव्यभिचाराद् मत्वर्थशब्देन ग्रहणम् । पेचुष्मान् । विदुष्मान् । यशस्वान् । तडित्वान् । मरुत्वान् । विद्युत्वान् । स्तमिति किम् ? तक्षवान्, राजवान् ।

અનુવાદ :- યશવાળો. "मतु" પ્રત્યય પણ "मतु" અર્થવાળા પ્રત્યય સાથે અવ્યભિચારી હોવાથી "मतु" અર્થવાળા શબ્દવડે ગ્રહણ કરાય છે. રાંધવાવાળો, વિદ્યાવાળો, યશવાળો, વીજળીવાળો, પવનવાળો, પ્રકાશવાળો. "सकार" અને "तकार" અંત લખવા દ્વારા શું કહે છે ? અહીં "तक्षन्" અને "राजन्" શબ્દો न् અંતવાળા હોવાથી આ સૂત્રથી પદસંજ્ઞાનો નિષેધ થતો નથી. માટે પદસંજ્ઞા થવાથી "न्"નો લોપ થાય છે. લાકડા કાપવાવાળો અને "રાજાવાળું" (નગર).

(त०प्र०) मत्वर्थ इति किम् ? पयोभ्याम् । अय्व्यञ्जन इति प्राप्ते प्रतिषेधोऽयम् ॥२३॥

અનુવાદ :- मतु અર્થવાળો એ પ્રમાણે લખવાથી શું કહેવા માગે છે ? બે પાણી વડે. વ્યંજન નિમિત્ત દ્વારા જે પદસંજ્ઞાની પ્રાપ્તિ થતી હતી તેમાં અહીં પદસંજ્ઞાનો નિષેધ કર્યો. અર્થાત્ (૧/૧/૨૧) સૂત્રથી વ્યંજન નિમિત્ત દ્વારા પદસંજ્ઞાની પ્રાપ્તિ થતી હતી. તે પદસંજ્ઞાની પ્રાપ્તિનો નિષેધ આ સૂત્ર દ્વારા કર્યો.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

(श०न्या०) न स्तमित्यादि-नाम्नोऽनुवृत्तत्वात् तद्विशेषणत्वात् त(स्त)स्य तदन्तप्रतिपत्तिरित्याह-**सकारान्तमि**त्यादि । अर्थग्रहणं किमर्थम् ? 'न स्तं मतौ' इत्येवोच्यतामिति । नैवम्-मतावित्युच्यमाने इहैव स्याद् यशस्वान्, 'पयस्वी' इत्यादौ न स्यात्; अर्थग्रहणे पुनः क्रियमाणे मतौ च सिद्धं भवति, यश्चान्यस्तेन समानार्थस्तस्मिन्नपि ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

અગાઉનાં સૂત્રમાંથી "नाम"ની અનુવૃત્તિ આવે છે અને આ સૂત્રમાં 'सकार' અને 'तकार' એ "नाम"નું વિશેષણ બને છે. આથી "विशेषणमन्तः" પરિભાષાથી सकार અને तकारમાં અન્તપણું પ્રાપ્ત થાય છે. માટે જ "આચાર્ય ભગવંતે" सकार અંતવાળું અને तकार અંતવાળું નામ એ પ્રમાણે પંક્તિઓ બૃહદ્વૃત્તિમાં લખી છે.

સૂત્રમાં "अर्थ" શબ્દનું ગ્રહણ કયા પ્રયોજનથી કર્યું છે ? "न स्तं मतौ" એ પ્રમાણે જ સૂત્ર કહેવું હતું.

આ શંકાનાં જવાબમાં કહે છે કે જો "मतु" પર છતાં सकार અને तकार અંતવાળું નામ પદસંજ્ઞાવાળું થતું નથી એ પ્રમાણે હોત તો "यशस्वान्" પ્રયોગમાં જ પદસંજ્ઞાનો અભાવ થાત. પરંતુ "यशस्वी" પ્રયોગમાં પદસંજ્ઞાનો અભાવ થાત નહીં. જો "अर्थ" શબ્દનું ગ્રહણ કરવામાં આવે તો 'मतु' પ્રત્યય પર છતાં પણ પદસંજ્ઞાનો નિષેધ સિદ્ધ થાય છે તથા તેના સમાન અર્થવાળાં અન્ય પ્રત્યયો પર છતાં પણ પદસંજ્ઞાનો નિષેધ સિદ્ધ થાય છે. તેથી "यशस्वी" વગેરે પ્રયોગોમાં પણ પદસંજ્ઞાનો નિષેધ સિદ્ધ થઈ શકે છે.

(श०न्या०) ननु व्यञ्जनमिति वर्त्तते, तत्रैवं संबन्धः क्रियते-मतौ यद् व्यञ्जनं वर्त्तत इति, शब्दे च वृत्त्यसंभवात् तदर्थो विज्ञायते, नार्थोऽर्थग्रहणेन, उच्यते-मतौ व्यञ्जने इति सामानाधिकरण्येन मुख्यकल्पनया संबन्धे संभवति गौणकल्पना (गौणकल्पनयाऽर्थग्रहणं) न लभ्यते इति कुतोऽर्थलाभः ? तस्मात् प्रत्ययान्तत्वा(रा)र्थमर्थग्रहणम् ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- અહીં પૂર્વપક્ષ, સૂત્રમાં 'अर्थ' શબ્દ ન લખ્યો હોત તો પણ અર્થ શબ્દની

પ્રાપ્તિ થઈ જ જાત એવું સિદ્ધ કરવા માંગે છે. જો આ સૂત્રમાં 'अर्थ' શબ્દ ન લખાયો હોત તો "न स्तं मतौ" એ પ્રમાણે સૂત્ર થાત. હવે આગળનાં સૂત્રમાંથી "व्यञ्जन"ની અનુવૃત્તિ આવે છે. આથી "व्यञ्जन"નો સંબંધ મતુ સાથે થાત. આથી સૂત્રનો અર્થ આ પ્રમાણે થશે. મતુનાં વિષયમાં જે વ્યંજન વર્તે છે તે શબ્દ પર છતાં स् અંતવાળું નામ અને त् અંતવાળું નામ પદસંજ્ઞાવાળું ન થાય. જો આવો અર્થ કરવો હોય તો 'मतु' નાં વિષયમાં વ્યંજન વર્તે જ છે. આથી, એને માટે 'व्यञ्जन' શબ્દની અનુવૃત્તિ લખવાની આવશ્યકતા નથી. અને 'व्यञ्जन' શબ્દ અનુવૃત્તિ તરીકે લાવવો જ હોય તો માત્ર 'मतौ' શબ્દ અર્થનો બોધ કરાવી શકત નહીં. જો અર્થનો ચોક્કસ બોધ કરાવવો હોય તો 'मतु' શબ્દ વૃત્તિમાં હોવો આવશ્યક છે અને માત્ર 'मतु' શબ્દ વૃત્તિમાં હોવો અસંભવ હોવાથી 'मत्वर्थे' એ પ્રમાણે અર્થ આપોઆપ જણાઈ જ જશે. આમ અહીં 'मत्वर्थे' વૃત્તિ થશે અને એનો અન્ય પદાર્થ 'व्यञ्जने' થશે. આથી, જો 'अर्थ' શબ્દ આપોઆપ જ જણાઈ જતો હોય તો સૂત્રમાં 'मतु' શબ્દ પછી લખેલ 'अर्थ' શબ્દની આવશ્યકતા નથી. આમ, સૂત્રમાં લખેલ 'अर्थ' શબ્દ ગૌરવ સ્વરૂપ જણાય છે.

ઉત્તરપક્ષ :- જો સૂત્ર "न स्तं मतौ" બનાવવામાં આવે અને ઉપરથી "व्यञ्जन"ની અનુવૃત્તિ લાવવામાં આવે ત્યારે 'व्यञ्जन' શબ્દને પણ સપ્તમી વિભક્તિ થશે. આથી 'मतौ व्यञ्जने' એ પ્રમાણે સમાનાધિકરણ સંબંધથી સૌ પ્રથમ મુખ્ય કલ્પના જ પ્રાપ્ત થશે, જે આ પ્રમાણે છે. 'मतु'માં વર્તમાન જે વ્યંજનથી શરૂ થતો પ્રત્યય છે તે પર છતાં स् અને त् અંતવાળું નામ પદસંજ્ઞાને પ્રાપ્ત કરતુ નથી. જો मतु શબ્દને બદલે "मतु"નો અર્થ એ પ્રમાણેનો અર્થ કરવો હોય તો એ ગૌણ કલ્પના થશે. જ્યાં મુખ્ય કલ્પનાથી જ સૂત્રનું તાત્પર્ય જણાઈ જતું હોય ત્યાં ગૌણ કલ્પનાવડે 'अर्थ' શબ્દનું ગ્રહણ કરી નવા અર્થને પ્રાપ્ત કરી શકાતો નથી. માટે માત્ર 'मतौ' લખવાથી मतु અર્થવાળા પ્રત્યયોનો લાભ થતો નથી. આ પ્રમાણે मतु અર્થવાળા અન્ય પ્રત્યયોને ગ્રહણ કરવા માટે 'अर्थ' શબ્દ લખવો આવશ્યક છે.

(શ૦ન્યા૦) यद्यर्थग्रहणं क्रियते मतौ न प्राप्नोति, न हि मतुर्मत्वर्थे वर्त्तते, उपलक्षणस्य ह्यन्योपलक्षणे चरितार्थत्वात् स्वतः कार्यं प्रति निमित्तत्वोप(त्वाव)गमाभावात्, नैवम्-मतुरपि मत्वर्थे वर्त्तते, मत्वर्थ इति हि विशिष्टोऽर्थः-तदस्यास्ति, तदस्मिन्नस्तीति षष्ठ्यर्थः सप्तम्यर्थश्च, तत्र यद्यपि विशिष्टार्थविशेषणं मतुरुपादीयते, तथाऽपि तत्र तस्य वृत्तिरस्त्येव इत्याह-**मतोरपीत्यादि** ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- જો સૂત્રમાં 'अर्थ' શબ્દને ગ્રહણ કરવામાં આવશે તો 'मतु' પ્રત્યય નિમિત્ત તરીકે લઈ શકાશે નહીં. અર્થાત્ 'मतु' પ્રત્યય પર છતાં પદસંજ્ઞાનો નિષેધ પ્રાપ્ત થઈ શકશે નહીં. કારણ કે 'मतु' સ્વયં 'मतु' અર્થમાં વિદ્યમાન નથી.

એક ન્યાય આવે છે કે ઉપલક્ષણનું અન્ય ઉપલક્ષણમાં સાર્થકપણું હોવાથી ઉપલક્ષણ જાતે જ કાર્ય પ્રત્યે નિમિત્ત બનતું નથી.દા.ત. કોઈક કહે કે, કાગડાવાળા ઘરમાંથી રમેશભાઈને બોલાવ. અહીં કાગડાવાળા સ્વરૂપ ઉપલક્ષણે રમેશભાઈનાં ઘરની ઓળખાણ કરાવી. આથી રમેશભાઈને બોલાવવાની ક્રિયા ઘરમાંથી થશે પણ કાગડા પાસેથી રમેશભાઈને બોલાવવાની ક્રિયા પ્રાપ્ત થશે નહીં. કાગડા સ્વરૂપ ઉપલક્ષણે માત્ર ઘરની ઓળખાણ કરાવી દીધી. પરંતુ પ્રવૃત્તિનાં ઉપલક્ષણ તરીકે તો રમેશભાઈનું ઘર જ પ્રાપ્ત થશે. આથી રમેશભાઈને લાવવા સ્વરૂપ કાર્યનો સંબંધ ઘર સાથે થશે, પરંતુ ઘરને ઓળખાવનાર કાગડા સાથે થશે નહીં. એ જ પ્રમાણે અહીં 'मतु' અર્થમાં વિદ્યમાન પ્રત્યય પર છતાં स् અને त् અંતવાળું નામ પદસંજ્ઞાવાળું નહીં થાય. ત્યાં 'मतु' ઉપલક્ષણ સ્વરૂપ છે. તેથી 'मतु' એ માત્ર અર્થની ઓળખાણ કરાવી અને આમ થતાં પદસંજ્ઞાનો નિષેધ તો 'मतु' અર્થવાળા પ્રત્યયોમાં જ થશે, પરંતુ સ્વયં 'मतु' પ્રત્યય પર છતાં નહીં થાય. આથી 'मत्वर्थ' લખવાથી 'मतु' હોતે છતે કાર્ય પ્રવર્તશે નહીં.

ઉત્તરપક્ષ :- અહીં 'मतु' પ્રત્યય એ 'मतु' અર્થમાં વર્તે છે. मतु અર્થ એ વિશિષ્ટ અર્થ છે. 'તે એને છે' અથવા 'તે એમાં છે' એ પ્રમાણે 'मतु'નો વિશિષ્ટ અર્થ થાય છે. આથી ષષ્ઠી અને સપ્તમી સંબંધી જે જે અર્થો આવશે તે બધા જ मतु અર્થવાળા કહેવાશે. આમ, मतु અર્થ એ વિશિષ્ટ અર્થ હોવાથી અને આવો વિશિષ્ટ અર્થ ઉપલક્ષણ સ્વરૂપ 'मतु' પ્રત્યયમાં પણ આવે જ છે. માટે 'मतु અર્થ'થી 'मतु' પ્રત્યયનું પણ ગ્રહણ થઈ જ જશે. આવા તાત્પર્યને જણાવવા માટે આચાર્ય ભગવંતશ્રીએ બૃહદ્વૃત્તિમાં પંક્તિઓ લખી છે કે 'मतु' પણ मतु અર્થની સાથે દોષરહિત હોવાથી 'मत्वर्थ' શબ્દવડે પણ 'मतु'નું ગ્રહણ કરવામાં આવ્યું છે. ઉપરનાં ઉદાહરણમાં કાગડાવાળાં ઘરનાં ઉપલક્ષણ કાગડામાં ઘરનો અર્થ સમાવેશ પામતો ન હતો. માટે ઉપલક્ષણ સ્વરૂપ કાગડામાં પ્રવૃત્તિ થઈ શકી નહીં. જો લાવવાની ક્રિયા ઉપલક્ષણમાં શક્ય હોત તો કાગડામાં જરૂર કાર્ય થાત.

(श०न्या०) अयमर्थः-यत्र रूपान्तरेणोपलक्षणत्वं रूपान्तरेण च कार्ययोगः प्रतिपाद्यते, तत्रोपलक्षणस्याप्युपलक्ष्यरूपसद्भावे सति कार्ययोगो भवति । यथा-'देवदत्तशालाया(यां) ब्राह्मणा आनीयन्ताम्' इत्युक्ते सति ब्राह्मण्ये देवदत्तस्याऽप्याऽऽनयनं भवति, कार्यनिमित्तरूपाभावे तु न भवत्युपलक्षणस्य कार्ययोगः । यथा-देवदत्तशाला भिद्यतामिति । 'मत्वर्थे' इत्यत्र च मतुर्मत्वर्थो(ऽर्थो) यस्येति समानाधिकरणे बहुव्रीहिः, गतार्थत्वाच्चार्थशब्दस्याप्रयोग उष्ट्रमुखवत्, तथाहि-उष्ट्रो मुखमस्येति, न च प्राणी प्राण्यन्तरस्य मुखं भवतीति सामर्थ्यात् सादृश्यप्रतीतिः, समग्रेणोष्ट्रेण सादृश्याभावादुष्ट्रशब्दोऽवयवे वर्त्तते, मुखेनैव च मुखस्य सादृश्यं-प्रसिद्धमिति सामर्थ्यान्मुखमिव मुखमस्येत्यर्थोऽवतिष्ठते; एवमिहापि मतुशब्दस्यार्थेन सामानाधिकरण्यमनुप-

पद्यमानममुं मत्वर्थवृत्तिं गमयतीत्युक्तम्-**मतोरपि**-मतुशब्दस्यापि मत्वर्थाव्यभिचारान्मत्वर्थ-शब्देन ग्रहणमिति ।

અનુવાદ :- જ્યાં અન્ય સ્વરૂપથી ઉપલક્ષણપણું હોય અને અન્ય સ્વરૂપથી કાર્યનો યોગ સ્વીકારાય છે ત્યાં ઉપલક્ષણમાં પણ ઉપલક્ષ્યનો સદ્ભાવ હોતે છતે કાર્યનો સંબંધ થાય છે. દા.ત. "દેવદત્તની શાળામાં બ્રાહ્મણો લવાય" એવું કહેવામાં આવે ત્યારે કાર્ય સ્વરૂપ ઉપલક્ષ્ય 'શાળામાં બ્રાહ્મણોને લાવવાનું' અને ઉપલક્ષણ તરીકે 'દેવદત્ત' છે. હવે દેવદત્તમાં પણ જો બ્રાહ્મણત્વ સ્વરૂપ ધર્મ હોય તો દેવદત્તને પણ લાવવાનું કાર્ય થાય જ છે. અહીં ઉપલક્ષણમાં કાર્યનાં નિમિત્તનો સદ્ભાવ હતો. માટે ઉપલક્ષણમાં પણ કાર્યનો સંબંધ થઈ શક્યો. પરંતુ ઉપલક્ષણમાં કાર્યનાં નિમિત્તનો સદ્ભાવ ન હોય તો ઉપલક્ષણમાં કાર્યનાં નિમિત્તનો સંબંધ થઈ શકતો નથી. દા.ત. 'તમારાવડે દેવદત્તની શાળાનો નાશ કરાય.' આવું કહેવાય ત્યારે નાશ કરવા સ્વરૂપ કાર્યનો સદ્ભાવ શાળામાં થઈ શકશે. પરંતુ દેવદત્તમાં થઈ શકશે નહીં. આમ, આવા સ્થળોમાં ઉપલક્ષણમાં કાર્યનો સંબંધ થઈ શકતો નથી.

ઉપલક્ષણમાં કાર્યનો યોગ થતો નથી એવું આપ કહો છો. પરંતુ 'मत्वर्थे'માં 'मतु' એ ઉપલક્ષણ સ્વરૂપે છે; છતાં એમાં કાર્યનો યોગ થાય છે, તો તે કેવી રીતે સિદ્ધ થઈ શકશે ? કારણ કે 'मतु' શબ્દથી ઉપલક્ષિત 'मतु' અર્થ છે. આથી 'मतु'ના અર્થવાળા પ્રત્યયોમાં જ પદસંજ્ઞાનો નિષેધ થઈ શકશે; પરંતુ 'मतु' પ્રત્યય પર છતાં પદસંજ્ઞાનો નિષેધ થઈ શકશે નહીં. કારણ કે 'मतु' એ ઉપલક્ષણ સ્વરૂપે છે. અહીં 'मतु' શબ્દ જો 'मत्वर्थ' સ્વરૂપ થાય તો જ 'मतु' પ્રત્યય પર છતાં 'स्' અને 'त्' અંતવાળા નામોમાં પદસંજ્ઞાનો નિષેધ થઈ શકે. આથી આચાર્ય ભગવંતશ્રી હવે 'मतु' પણ 'मतु' અર્થવાળો છે એ પ્રમાણે 'तथाहि-उष्ट्रो...' પંક્તિ દ્વારા જણાવે છે. 'मत्वर्थे' સ્વરૂપ સામાસિક શબ્દમાં 'मतु'નો અર્થ 'मत्वर्थः' થાય છે. અને 'अर्थ' શબ્દ એ બીજું નામ છે. આથી સમાસનો વિગ્રહ આ પ્રમાણે છે : 'मत्वर्थः अर्थः यस्य सः' અહીં 'मत्वर्थः'માં રહેલા 'अर्थ' શબ્દનો વૃત્તિમાં અપ્રયોગ થવાથી વૃત્તિમાં બે 'अर्थ' શબ્દ આવતાં નથી. માટે વૃત્તિ 'मत्वर्थः' સ્વરૂપ જ થશે. જે પ્રમાણે 'उष्ट्रमुखः' સામાસિક શબ્દમાં એક 'मुख' શબ્દનો પ્રયોગ થતો નથી.

આમ તો 'उष्ट्रमुख' સ્વરૂપ સામાસિક શબ્દનો વિગ્રહ 'उष्ट्रो मुखम् यस्य सः' એ પ્રમાણે થશે, પરંતુ અહીં અર્થની સંગતિ થતી નથી. કારણ કે આ વિગ્રહનો ભાવાર્થ "ઊંટ છે મુખ જેનું" એ પ્રમાણે થશે. અહીં કોઈ પણ પ્રાણી ક્યારેય પણ બીજા પ્રાણીનાં મુખ સ્વરૂપ બની શકે નહીં. આથી 'उष्ट्र' શબ્દનો સામર્થ્યથી 'उष्ट्रस्य इव' એ પ્રમાણે સાદશ્ય અર્થ જણાશે. આથી અર્થ "ઊંટ જેવું મુખ જેનું છે એવી કોઈ વ્યક્તિ" એવો થશે. હવે આવો અર્થ કરીએ તો પણ અર્થ સંગત

થતો નથી. કારણ કે ઊંટ જેવું મુખ કોઈનું પણ હોઈ શકતું નથી. આથી 'उष्ट्र' શબ્દથી સંપૂર્ણ ઊંટને બદલે ઊંટના અવયવ સ્વરૂપ અર્થ જણાશે. અહીં 'उष्ट्र' શબ્દથી ઊંટનો કયો અવયવ લેવો ? એનાં અનુસંધાનમાં જણાવે છે કે લોકવ્યવહારમાં ઘણું કરીને મુખની સમાનતા અન્યના મુખ સાથે થઈ શકે છે. આથી 'उष्ट्र' શબ્દનો સંપૂર્ણ અર્થ વિગ્રહમાં 'उष्ट्रस्य मुखम् इव' થશે. હવે વિગ્રહ આ પ્રમાણે થશે : 'उष्ट्रस्य मुखम् इव मुखम् यस्य सः'. પ્રથમ 'मुख' શબ્દનો સમાસમાં લોપ થવાથી તથા સાદશ્ય અર્થ ઉક્ત થઈ જવાથી 'उष्ट्रमुखः' સ્વરૂપ સામાસિક શબ્દ થશે. જેનો અર્થ "ઊંટના મુખ જેવું મુખ છે જેનું એવો કોઈક વ્યક્તિ" થશે.

આ જ પ્રમાણે **'मत्वर्थे' સ્વરૂપ** સામાસિક શબ્દમાં પણ **'उष्ट्रमुख'**ની જેમ જ વિગ્રહ સમજવો. જો 'मतु अर्थः यस्य सः' એવો વિગ્રહ કરવામાં આવે તો 'मतु' સ્વરૂપ શબ્દ કોઈનો અર્થ થઈ શકતો નથી. આમ, અર્થની અસંગતિ થવાથી 'मतु' શબ્દનો અર્થ 'मत्वर्थ' કરવો પડશે. આથી 'मत्वर्थो अर्थो यस्य सः' એ પ્રમાણે વિગ્રહ થશે. અહીં 'मत्वर्थः' શબ્દનો અર્થ 'मतु' પ્રત્યયથી જણાતો એવો વિશિષ્ટ અર્થ થશે. જે આ પ્રમાણે થશે. 'तदस्याऽस्ति' અને 'तदस्ति-अस्मिन्' એ પ્રમાણે ષષ્ઠી અને સપ્તમીનો અર્થ 'मतु' પ્રત્યયનો થશે. જેમ અન્ય પ્રત્યયોમાં આ વિશિષ્ટ અર્થ જણાય છે, એમ 'मतु' પ્રત્યયમાં પણ આ વિશિષ્ટ અર્થ પ્રાપ્ત થાય છે. આથી જ આચાર્ય ભગવંતે બૃહદ્વૃત્તિમાં જણાવ્યું છે કે 'मतु'માં પણ 'मतु'અર્થનો અવ્યભિચાર'(દોષનો અભાવ) હોવાથી 'मत्वर्थ' શબ્દથી 'मतु' શબ્દ પણ ગ્રહણ કરી શકાય છે.

(श०न्या०) पचेः क्वसि "घसेकस्वरातः क्वसोः" [૪.૪.૮૨.] इति इटि "अनादेशादेः०" [૪.૧.૨૪.] इत्येत्वे मतौ पदत्वाभावाद् दत्वाभावे "क्वसुष्मतौ च" [૨.૧.૧૦૫.] इत्युषादेशे स्थानिवद्भावाद् डत्वाभावे सौ **पेचुष्मानि**ति । "अशेर्यश्चादिः" [उणा० ९५८.] इत्यसि यागमे मतौ "मावर्णान्तो०" [૨.૧.૯૪.] इति मस्य वत्वे रूत्वाभावे च **यशस्वान्** । "तडण् आघाते" ताडयति पर्वतादीनपि "हृ-सृ-रुहि-युषि-तडिभ्य इत्" [उणा० ८८७.] इति 'इति' (इत्प्रत्यये) तडित्, ("मृंत् प्राणत्यागे") "म्र उत्" [उणा० ८८९.] इत्युति गुणे मरुत्, विपूर्वाद् द्युतेः क्विपि विद्युत्, मतौ दत्वा-भावे **तडित्वानि**त्यादि । "तक्षौ त्वक्षौ तनूकरणे" "उक्षितक्ष्यक्षि०" [उणा० ९००.] इत्यनि तक्षन् । प्रतिषेधस्य प्राप्तिपूर्वकत्वात् प्राप्तिं दर्शयति-**अय्व्यञ्जने इती**ति ॥२३॥

અનુવાદ :- "पच्" ધાતુથી "क्वसु" પ્રત્યય થતાં पच् + क्वसु આ અવસ્થામાં "घसेकस्वरातः क्वसोः" (૪/૪/૮૨) સૂત્રથી "इट्" પ્રત્યય થાય છે. તથા "अनादेशादेः..." (૪/૧/૨૪) સૂત્રથી 'पच्'નાં સ્વરનો "एत्व" થતાં पेच् + इट् + क्वस् + मतु આ અવસ્થામાં "स्" અંતવાળા નામથી

પર "मतु" આવ્યો હોવાથી આ સૂત્રથી પદપણાંનો અભાવ થાય છે અને પદપણાંનો અભાવ થાય છે માટે સ્થાનીવદ્ભાવથી 'ष्' નાં 'ड्'પણાંનો પણ અભાવ થાય છે. હવે पेचिवस् + मतु આ અવસ્થામાં "क्वसुष्मतौ च" (૨/૧/૧૦૫) સૂત્રથી 'इट्' સહિત "क्वस्"નો "उष्" આદેશ થવાથી "पेचुष्मान्" રૂપ સિદ્ધ થાય છે.

હવે "यशस्वान्" શબ્દની સાધનિકા બતાવે છે : "अश्" ધાતુથી "अशेर्यश्चादिः" (उणा० ૯૫૮) સૂત્રથી 'अस्' પ્રત્યય થાય છે. તથા 'अस्' પ્રત્યય થતાં 'य्'નો આગમ થાય છે. આ પ્રમાણે 'यशस्' શબ્દ બને છે. હવે "यशस् + मतु" આ અવસ્થામાં આ સૂત્રથી પદસંજ્ઞાનો અભાવ થાય છે અને તે કારણે પદને અંતે 'स्'નો 'रु' થતો નથી. તથા "मावर्णान्त..." (૨/૧/૯૪) સૂત્રથી "म्"નો "व्" થાય છે. અંતે "यशस्वान्" રૂપ સિદ્ધ થાય છે.

હવે "तडित्वान्" શબ્દની સાધનિકા બતાવે છે : અહીં "तडण् आघाते" - (મારવું અર્થવાળો 'तड्' ધાતુ દશમાં ગણનો છે. "પર્વતો વગેરેને પણ તે મારે છે" (પીડે છે) એ અર્થમાં "हृ-सृ-रुहि-युषि-तडिभ्य इत्" (उणादि० - ૮૮૭) સૂત્રથી "इत्" પ્રત્યય થતાં "तडित्" શબ્દ થાય છે. જેને 'मतु' પ્રત્યય થતાં અને આ સૂત્રથી પદસંજ્ઞાનો અભાવ થતાં 'तडित्वान्' પ્રયોગ થાય છે. આ શબ્દનો અર્થ વિદ્યુંતવાળો થાય છે.

હવે "मरुत्वान्" શબ્દની સાધનિકા બતાવે છે : "मृंत् प्राणत्यागे" - "મરવું" અર્થમાં છઠ્ઠા ગણનો "मृ" ધાતુ છે. "म्र उत्" (उणादि० ૮૮૯) સૂત્રથી "मृ" ધાતુને "उत्" પ્રત્યય થાય છે. આથી ગુણ થતાં "मरुत्" શબ્દ થાય છે. હવે "मतु" પ્રત્યય થતાં અને આ સૂત્રથી પદસંજ્ઞાનો અભાવ થતાં "मरुत्वान्" રૂપ સિદ્ધ થાય છે.

હવે "विद्युत्वान्" શબ્દની સાધનિકા બતાવે છે : "वि" ઉપસર્ગપૂર્વક "द्युत्" ધાતુને "क्विप्" પ્રત્યય થતાં "विद्युत्" શબ્દ બને છે. આ विद्युत् શબ્દને "मतु" પ્રત્યય થતાં આ સૂત્રથી પદસંજ્ઞાનો અભાવ થવાથી 'त्'ના 'दत्व'નો અભાવ થતાં "विद्युत्वान्" પ્રયોગ સિદ્ધ થાય છે.

"तक्ष्" ધાતુ "પાતળુ કરવા" અર્થમાં પહેલા ગણનો છે. "उक्षितक्ष्यक्षि..." (उणा० ૯૦૦) સૂત્રથી "अन्" પ્રત્યય થતાં "तक्षन्" શબ્દ બને છે. હવે "तक्षन् + मतु" આ અવસ્થામાં આ સૂત્ર લાગતું નથી. પરંતુ (૧/૧/૨૧) સૂત્રથી પદસંજ્ઞા થવાથી પદને અંતે 'न्'નો લોપ થતાં "तक्षवान्" પ્રયોગ થાય છે.

જ્યાં જ્યાં પ્રતિષેધ કરવામાં આવે છે ત્યાં ત્યાં કોઈક સૂત્રથી કાર્યની પ્રાપ્તિ હોવી આવશ્યક છે. અહીં 'नाम सिदय्व्यञ्जने' (૧/૧/૨૧) સૂત્ર દ્વારા 'य्' સિવાયના વ્યંજનથી શરૂ થતા પ્રત્યય પર છતાં પૂર્વનું નામ પદસંજ્ઞાવાળું થતું હતું. આથી 'म्' વગેરે પ્રત્યય પર છતાં પણ પૂર્વનું

નામ પદસંજ્ઞાવાળું થાત. આ પ્રાપ્તિનો નિષેધ કરવા માટે આ સૂત્ર બનાવ્યું છે. આ હકીકતને જણાવવા માટે આચાર્ય ભગવંતશ્રીએ ન્યાસમાં પંક્તિઓ લખી છે કે પ્રતિષેધ હંમેશાં પ્રાપ્તિપૂર્વક હોવાથી પ્રાપ્તિને બતાવે છે. આથી જ બૃહદ્‌વૃત્તિટીકામાં લખ્યું છે કે 'अय्व्यञ्जने' નિમિત્તથી પ્રાપ્તિ હતી એનો પ્રતિષેધ આ સૂત્ર દ્વારા થાય છે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

न स्तमित्यादि-मतुर्मत्वर्थोऽर्थो यस्येति समानाधिकरणो बहुव्रीहिः, यथा-उष्ट्रो मुखमस्येत्युष्ट्रमुख इत्यत्र, नहि प्राणी प्राण्यन्तरस्य साक्षान्मुखं भवतीति सामर्थ्यात् सादृश्यप्रतीतिः, समग्रेण चोष्ट्रेण सह सादृश्याभावादुष्ट्रशब्दोऽवयवे वर्तते, मुखेनैव च मुखसादृश्यं प्रसिद्धमिति सामर्थ्यान्मुखमिव मुखमस्येत्यर्थोऽवतिष्ठते; एवमिहापि मतुशब्दस्यार्थेन सामानाधिकरण्यमनुपपद्यमानं मतुशब्दं मत्वर्थवृत्तिं गमयतीत्युक्तम्-**मतोरपी**ति-मतुशब्दस्यापि मत्वर्थाव्यभिचाराद् मत्वर्थेन ग्रहणमिति ।

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

ઉપરોક્ત તમામ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસનાં અનુવાદમાં આવી ગયેલ છે.

(न्या०स०) पेचुष्मानिति-"स्थानीवावर्णविधौ" [૭.૪.૧૦૯.] इति न्यायेन अपदसंज्ञस्याऽऽदेशोऽप्यपदमित्युषादेशे कृते सन्तत्वाभावेऽप्यपदत्वात् "धुटस्तृतीयः" [૨.૧.૭૬.] इति षस्य डत्वं न भवति ॥२३॥

અનુવાદ :- "पेचिवस् + मतु" અહીં આ સૂત્રથી "स्" અંતવાળું નામ હોવાથી પદસંજ્ઞા થતી નથી. આદેશ આદેશી જેવો થાય (વર્ણવિધિ સિવાય). આ પ્રમાણે (૭/૪/૧૦૯) પરિભાષા સૂત્રથી અપદસંજ્ઞાનો આદેશ પણ અપદસંજ્ઞા સ્વરૂપ થતો હોવાથી જ્યારે (૨/૧/૧૦૫) સૂત્રથી "क्वस्"નો "उष्" આદેશ થશે ત્યારે "पेचुष्" શબ્દ પણ અપદપણાં સ્વરૂપ બનવાથી "धुटस्तृतीयः" (૨/૧/૭૬) સૂત્રથી "ष्"નો "ड्" થતો નથી. અહીં આમ તો "स्" અંતપણાંનો અભાવ છે. માટે પદસંજ્ઞા થવી જોઈએ. છતાં પણ ઉપરોક્ત ન્યાયથી પદસંજ્ઞાનો અભાવ થાય છે.

॥ त्रयोविंशतितमम् सूत्रम् समाप्तम् ॥

❋ ❋ ❋

सूत्रम् - मनुर्नभोऽङ्गिरो वति । १ । १ । २४ ॥

-: तत्त्वप्रકाशिકा :-

मनुस् नभस् अङ्गिरस् इत्येतानि नामानि वति प्रत्यये परे पदसंज्ञानि न भवन्ति । मनुरिव मनुष्वत् । एवम्-नभस्वत्, अङ्गिरस्वत् । पदत्वाभावाद् रुर्न भवति, षत्वं तु भवति ॥२४॥

-: तत्त्वप्रકાશિકાનો અનુવાદ :-

'मनुस्', 'नभस्' અને 'अङ्गिरस्' આ નામો "वत्" પ્રત્યય પર છતાં પદસંજ્ઞાવાળા થતાં નથી. मनुस् જેવો = मनुष्यवत् અર્થાત્ પ્રજાપતિ (જગત્કર્તા) જેવો. એ જ પ્રમાણે આકાશ જેવો અને अङ्गिरस् નામનાં ઋષિ જેવો. આ બધા જ પ્રયોગોમાં પદસંજ્ઞાનો અભાવ થવાથી "स्"નો "रु" થતો નથી. પરંતુ मनुष्वत् પ્રયોગમાં "स्" પદની મધ્યમાં આવવાથી "नाम्यन्तस्था..." ૨-૩-૧૫ સૂત્રથી "ष्" થશે જ.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

मनुर्नभ इत्यादि-"मनिंच् ज्ञाने" "रुद्यर्त्ति-जनि-तनि-धनि-मनि०" [उणा० ९९७.] इत्युसि मनुस्, "णभ च हिंसायाम्" "अस्" [उणा० ९५२.] इत्यसि नभस्, "अगु गतौ" "उदितः स्वरान्नोऽन्तः" [४.४.९८.] इति नाऽऽगमे "विहायस्-सुमनस्-पुरुदंशस्-पुरूरवोऽङ्गिरसः" [उणा० ९७६.] इत्यसि इरागमे च अङ्गिरस् । मनुरिवेत्यादि विगृह्य "स्यादेरिवे" [७.१.५२.] इति वति पदत्वाभावाद् रुत्वाभावे यथासंभवं षत्वे(सत्वे) च **मनुष्वदि**त्यादि । छन्दसीति अनुपदकारः (उपसंख्यानान्येतानि छन्दोविषयाणीति कैयटः) इति ॥२४॥

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

"मन्" ધાતુ "જ્ઞાન કરવું" અર્થમાં ચોથા ગણનો છે. "रुद्यर्ति - जनि-तनि..." (उणा० ૯૯૭) સૂત્રથી "मन्" ધાતુને "उस्" પ્રત્યય થતાં "मनुस्" શબ્દ પ્રાપ્ત થાય છે, જેનો અર્થ પ્રજાપતિ છે.

હિંસા અર્થવાળો "णभ्" ધાતુ પહેલા ગણનો છે. આ 'नभ्' ધાતુને उणा० ૯૫૨ સૂત્રથી "अस्" પ્રત્યય થતાં "नभस्" શબ્દ થાય છે. "नभस्"નો અર્થ આકાશ અને શ્રાવણ માસ થાય છે.

"अगु गतौ" "ગતિ" અર્થવાળો "अग्" ધાતુ પહેલા ગણનો છે. આ ધાતુ "उ" इत् સંજ્ઞાવાળો

હોવાથી સ્વરથી પર "उदितः स्वरान्नोऽन्तः" (૪/૪/૯૮) સૂત્રથી "न्"નો આગમ થાય છે. હવે, "विहायस्... (उणादि० ૯૭૬) સૂત્રથી "अस्" પ્રત્યય અને "इर्"નો આગમ થતાં "अङ्गिरस्" શબ્દ બને છે. "अङ्गिरस्" એક ઋષિનું નામ છે.

"मनुः इव" (मनुस् જેવો) આ અર્થમાં "स्यादेरिवे" (૭/૧/૫૨) સૂત્રથી "वत्" પ્રત્યય થતાં તથા આ સૂત્રથી પદસંજ્ઞાનો અભાવ થતાં "स्"નો "रु" થતો નથી. પરંતુ "स्"નો "ष्" તો થાય જ છે એ પ્રમાણે "मनुष्वत्" પ્રયોગની સિદ્ધિ થાય છે. આ ત્રણેય પ્રયોગો વેદમાં (छन्दसि) પ્રાપ્ત થાય છે. પાણિનીમુનિએ સૂત્રો બનાવ્યા ત્યારે આ પ્રયોગનો સમાવેશ કર્યો ન હતો. પાણિની વ્યાકરણ ઉપર વિસ્તાર કરનારા વાર્તિકકારે (કાત્યાયન, બીજું નામ વરરુચિ) વેદના પ્રયોગોનો અહીં (વ્યાકરણમાં) ઉમેરો કર્યો. તેથી તેઓ અનુપદકાર કહેવાયા. જે હકીકતો વ્યાકરણમાં અન્યો અન્યોવડે ઉમેરવામાં આવે છે તેને "उपसंख्यानम्" કહેવામાં આવે છે. આ હકીકત જણાવવા માટે આચાર્ય ભગવંતશ્રીએ લખ્યું છે કે વેદમાં આ પ્રયોગો છે એવું અનુપદકાર (કાત્યાયન) કહે છે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

(न्या०स०) मनुर्नभ इत्यादि-(एतत्सूत्रोपरि लघुन्यासो न दृश्यते ॥२४॥)

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

આ સૂત્ર ઉપર લઘુન્યાસ જણાતો નથી.

॥ चतुर्विंशतितमम् सूत्रम् समाप्तम् ॥

❋ ❋ ❋

सूत्रम् - वृत्त्यन्तोऽसषे । १ । १ । २५ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

परार्थाभिधानं वृत्तिः, तद्वाँश्च पदसमुदायः समासादिः, तस्या अन्तोऽवसानं पदसंज्ञो न भवति; 'असषे' सस्य षत्वे तु पदसंज्ञैव । परमदिवौ । श्वलिहौ । गोदुहौ । परमवाचौ । बहुदण्डिनौ । एषु पदत्वाभावादुत्व-ढत्व-घत्व-कत्व-लुमादीनि न भवन्ति ।

-: तत्त्वप्रकाशिकानो અનુવાદ :-

અન્ય અર્થનું કથન કરવું એ વૃત્તિ છે અને વૃત્તિવાળો જે પદ સમુદાય છે તે સમાસ વગેરે છે. આ વૃત્તિનો અંતભાગ પદસંજ્ઞાવાળો થતો નથી. "असषे" એટલે 'स्'નો 'ष्' કરવાનાં વિષયમાં તો વૃત્તિનો અંતભાગ પદસંજ્ઞાવાળો થાય જ છે. "परमदिवौ" વગેરે પ્રયોગોમાં "दिव्" શબ્દ, 'लिह्' શબ્દ, "दुह्" શબ્દ, 'वाच्' શબ્દ તથા 'दण्डिन्' શબ્દ વૃત્તિનાં અંતભાગમાં આવેલા છે. આ સૂત્રથી વૃત્તિનો અંતભાગ પદસંજ્ઞાવાળો ન થતો હોવાથી પદને અન્તે 'व्'નો 'उ' થતો નથી. 'ह्'નો 'घ्' થતો નથી, તથા 'दुह्' શબ્દનાં 'ह्'નો 'घ्' થતો નથી. તેમજ 'च्'નો 'क्' થતો નથી. તથા 'न्'નો લોપ થતો નથી.

(त०प्र०) वृत्तिग्रहणं किम् ? चैत्रस्य कर्म । अन्तग्रहणं किम् ? राजवाक्, अत्र नलोपो भवति । वाक्-त्वक्-स्रुच इति त्रयाणां वृत्तौ न द्वयोः पृथग्वृत्तिरिति मध्यमस्य निषेधो न भवति ।

અનુવાદ :- "वृत्ति"નું ગ્રહણ કરવાથી શું ફળ મળ્યું ? "चैत्रस्य कर्म" અહીં વૃત્તિ ન હોવાથી આ સૂત્રથી અંતભાગમાં પદસંજ્ઞાનો નિષેધ થતો નથી. આથી "कर्मन्" શબ્દનાં "न्"નો પદને અંતે લોપ થાય છે. "अन्त" ગ્રહણ કરવાથી શું ફળ મળ્યું ? "राजवाक्" પ્રયોગમાં પૂર્વનું નામ પદ થવાથી "न्"નો લોપ થાય છે. "वाक् - त्वक् - स्रुच्" એ પ્રમાણે ત્રણ પદોનો સમાસ થતાં બે પદોની પૃથગ્ વૃત્તિ ન હોવાથી મધ્યમાં પદસંજ્ઞાનો નિષેધ થતો નથી. આથી પદસંજ્ઞા માનીને "च्"નો "क्" થયો છે.

(त०प्र०) अथ 'वाक्त्वचम्' इत्यत्र समासान्ते सति वृत्त्यन्तत्वाभावात् पदत्वं प्राप्नोति, तथा च कत्वं स्यात्, उच्यते-समासात् समासान्तो विधीयत इति त्वचो वृत्त्यन्तत्वम् ।

અનુવાદ :- वाच् અને त्वच्માં સમાહારદ્વન્દ્વ સમાસ થવાથી તથા अ સમાસાન્ત થવાથી त्वच्માં વૃત્તિઅંતત્વનો અભાવ થાય છે. આથી અન્તર્વર્તિની વિભક્તિની અપેક્ષાએ પદસંજ્ઞાની પ્રાપ્તિ આવે છે. માટે 'च्'નો 'क्' થવો જોઈએ. આ શંકાના જવાબમાં "આચાર્ય ભગવંત" લખે છે કે સમાસથી સમાસાન્તનું વિધાન કરાય છે. આથી "त्वच्"માં વૃત્તિનું અંતપણું આવે જ છે. તેથી પદસંજ્ઞાનો નિષેધ થવાથી 'च्'નો 'क्' થતો નથી.

(त०प्र०) असष इति किम् ? सिञ्चतीति विच् सेक्, दध्नः सेक् दधिसेक् । दधिसेचौ । ईषदूनः सेक्, बहुसेक् । बहुसेचौ । अत्र पदसंज्ञायां पदादित्वात् सकारस्य

"नाम्यन्तस्था०" [२.३.१५.] इत्यादिना षत्वाभावः सिद्धः ।

અનુવાદ :- "सिञ्चति" (સિંચન કરે છે.) એ પ્રમાણે કર્તા અર્થમાં "विच्" પ્રત્યય થતાં "सेक्" શબ્દ બને છે. હવે "દહીંનો અભિષેક કરનાર" એ પ્રમાણે ષષ્ઠી તત્પુરુષ સમાસ થતાં "दधिसेक्" શબ્દ થાય છે. "दधिसेचौ" પ્રથમા દ્વિવચન છે. કંઈક ન્યૂન સિંચન કરનાર એવા અર્થમાં "बहुसेक्" શબ્દ થાય છે. અહીં (૭/૩/૧૨) સૂત્રથી "અલ્પ" અર્થવાળો "बहु" પ્રત્યય વિકલ્પે થાય છે. "बहुसेचौ" પ્રથમા દ્વિવચન છે. અહીં स्નો ष् કરવાનો પ્રસંગ હોવાથી વૃત્તિનાં અંતભાગની પદસંજ્ઞા થાય છે અને પદસંજ્ઞા થવાથી "सेक्" શબ્દનો "स्" પદની આદિમાં આવ્યો હોવાથી 'स्'નો "नाम्यन्तस्था"... (૨/૩/૧૫) સૂત્રથી ष् થતો નથી.

(त०प्र०) अन्तर्वर्तिन्या विभक्तेः स्थानिवद्भावेन पदत्वं प्राप्तमनेन निषिध्यते । न च सित्येवेति नियमेन तन्निवर्तयितुं शक्यम्, "प्रत्ययः प्रकृत्यादेः" [७.४.११५.] इति हि यस्मात् समुदायात् प्रत्ययविधानं तस्यैव पदत्वं नियमेन निवर्त्यते, न तु तदवयवस्येति ॥२५॥

અનુવાદ :- સમાસ વગેરેમાં બંને પદોમાં અન્તર્વર્તિની વિભક્તિનો સ્થાનિવદ્ભાવ થવાથી જે પદપણાંની પ્રાપ્તિ થતી હતી તેમાં આ સૂત્રથી અન્તભાગમાં પદપણાંનો નિષેધ કર્યો છે. પરંતુ (૧/૧/૨૧) સૂત્રમાં "सित्" પ્રત્યય પર છતાં જ પદસંજ્ઞા થાય છે. અર્થાત્ અન્ય પ્રત્યય પર છતાં પદસંજ્ઞા થતી નથી. એ પ્રમાણે નિયમથી પદસંજ્ઞાની પ્રાપ્તિને દૂર કરવા માટે સમર્થ થવાતું નથી. એના કારણમાં જણાવે છે કે "प्रत्ययः प्रकृत्यादेः" (૭/૪/૧૧૫) સૂત્રથી જે સમુદાયથી પ્રત્યયનું વિધાન થયું હોય તે સમુદાયનું જ પદપણું "सित्" પ્રત્યયનાં નિયમથી દૂર કરાય છે. પરંતુ સમુદાયનાં અવયવનું (વૃત્તિનાં અંતભાગનું) પદપણું "सित्" પ્રત્યયનાં નિયમથી દૂર કરી શકાતું નથી.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

वृत्त्यन्त इत्यादि–स्वार्थं परित्यज्य वर्त्तन्ते पदान्यस्यामिति वृत्तिः, तस्या अन्तः । वृत्तिमाह–**परार्थे**ति । समासे उपसर्जनं पदं प्रधानमनुसंक्रामति, द्वन्द्वे च वर्तिपदानां परस्परार्थसंक्रमः, प्रकृतिप्रत्ययौ प्रत्ययार्थं सह ब्रूत इति यत् परस्य स्वार्थातिरिक्तस्यार्थस्याभिधानं सा वृत्तिः, तस्याश्चान्तत्वं न संभवतीत्याह–**तद्वांश्चे**त्यादि । सा च वृत्तिर्यत्र वर्त्तते सोऽपि पदसमुदायो लक्षणया वृत्तिः । आदिशब्दाद् नामधातुतद्धितपरिग्रहः ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

સ્વાર્થનો ત્યાગ કરીને પદો જેમાં વર્તે છે તે વૃત્તિ કહેવાય છે અને એ વૃત્તિનો અંતભાગ એ પ્રમાણે ષષ્ઠીતત્પુરુષ સમાસ થયો છે. સ્વાર્થથી અતિરિક્ત અર્થવાળી "વૃત્તિ" છે. માટે જ આચાર્ય ભગવંતે બૃહદ્‌વૃત્તિમાં લખ્યું છે કે પરાર્થને કહેનારી વૃત્તિ કહેવાય છે.

સમાસમાં ગૌણપદ પ્રધાનને અનુસરે છે. અહીં સામાન્યથી સમાસ શબ્દનું વિધાન હોવાથી બધા જ સમાસોમાં ગૌણપદ પ્રધાનને અનુસરસે. અહીં ગૌણપદ પ્રધાનમાં સંક્રમિત થતું હોવાથી પ્રધાનનો નવો અર્થ પ્રાપ્ત થાય છે. દા.ત. "राजपुरुष" સ્વરૂપ સામાસિક શબ્દમાં राजन् અને पुरुष શબ્દના ભિન્ન પદાર્થો હતા. સમાસ થયા પછી राजन् પદનો અર્થ पुरुषમાં સંક્રમિત થાય છે. આથી પહેલા "पुरुष" શબ્દનો સામાન્ય પુરુષ સ્વરૂપ પદાર્થ હતો જે હવે રાજ સંબંધથી વિશિષ્ટ એવો વિશિષ્ટપુરુષ સ્વરૂપ પદાર્થ થાય છે.

દ્વન્દ્વ સમાસમાં જે પદો વર્તી રહ્યા હોય છે એ પદોનાં અર્થો એકબીજામાં સંક્રમિત થાય છે. આથી કોઈ પદ મુખ્ય નથી બનતું અને કોઈ પદ ગૌણ નથી બનતું. માટે દ્વન્દ્વ સમાસમાં પદોના પોતાના અર્થોથી કોઈ અતિરિક્ત અર્થનું કથન થતું નથી, છતાં પણ દરેક પદો ઉભય અથવા તો જેટલા પદો હોય તેટલા પદોના અર્થોને બતાવે છે.

આચાર્ય ભગવંતશ્રી તદ્ધિતવૃત્તિ, સમાસવૃત્તિ તથા નામધાતુવૃત્તિ એ પ્રમાણે ત્રણ પ્રકારની વૃત્તિ કહે છે, જ્યારે પાણિની વ્યાકરણના મતે પાંચ પ્રકારની વૃત્તિ છે. તેઓ સનન્ત તથા કૃદન્ત એ પ્રમાણે બે અતિરિક્તવૃત્તિઓ માને છે. કોઈપણ વૃત્તિ જો પ્રત્યય સંબંધી હશે તો પ્રત્યયાર્થની પ્રધાનતા રહેશે તો તેવી વૃત્તિમાં પ્રકૃતિ અને પ્રત્યય એકસાથે પ્રત્યયાર્થને કહેશે. દા.ત. औपगवः આ તદ્ધિત-વૃત્તિ છે. અહીં પ્રકૃતિ ઉપગો (ગોવાળ) છે. તથા અપત્ય-અર્થનો વાચક "अण्" પ્રત્યય છે. હવે બંને ભેગા થઈને અપત્ય અર્થવાળા પ્રત્યયને વિશેષિત કરે છે. પહેલા "अण्" પ્રત્યયનો માત્ર અપત્ય અર્થ હતો. હવે એ જ "अण्" પ્રત્યયનો અર્થ ગોવાળનો પુત્ર છે એ પ્રમાણે અહીં મૂળ પ્રત્યયાર્થ કરતાં નવો એવો વિશુદ્ધ પ્રત્યયાર્થ થયો. આ પ્રમાણે પોતાના અર્થથી અતિરિક્ત એવા અર્થનું કથન જેમાં હોય તે વૃત્તિ કહેવાય છે.

"વૃત્તિ" એ અન્ય અર્થ સ્વરૂપ છે. અર્થ એટલે પદાર્થ થાય છે. જેમ કે ગોવાળનો દિકરો એ પદાર્થ છે. આ પદાર્થનો અન્તભાગ હોઈ શકતો નથી. આથી નવા અર્થવાળો જે પદ સમુદાય છે, તે વૃત્તિ છે એવું આચાર્ય ભગવંત કહે છે. પદ સમુદાય એ શાબ્દિક છે. આથી એનો અંત હોઈ શકે છે. વૃત્તિનો આ અર્થ (પદ સમુદાય સ્વરૂપ અર્થ) લક્ષણાથી પ્રાપ્ત થયો છે.

(શ૦ન્યા૦) "दिवेर्डिव्" [उणा० ९४९.] इति डिवि दिव्, परमा द्यौर्ययोरिति बहुव्रीहौ "ऐकार्थ्ये" [३.२.८.] इति विभक्तेर्लुपि अन्तर्वर्तिविभक्त्यपेक्षया पदत्वप्राप्तावनेन प्रतिषेधाद् "उः

पदान्ते०" [२.१.११८.] इत्युत्वाभावात् **परमदिवौ** । एवं श्वयतेः "श्वन्मातरिश्वन्०" [उणा० ९०२.] इत्यनि श्वन्, लिहेर्लीढ इति क्विपि शुनो लिहौ **श्वलिहौ** । "गम्लृं गतौ" "द्यु-गमिभ्यां डोः" [उणा० ८६७.] इति डोप्रत्यये अन्त्यस्वरादिलोपे गो, दुहेर्दुग्ध इति क्विपि गोर्दुहौ **गोदुहौ** । यदा तु श्वानं लीढः गां दुग्ध इति क्रियते, तदा ※ गतिकारक०※ इति पदानां कृद्भिः समासवचनं प्राक् स्याद्युत्पत्तेः, (※गतिकारकोपपदानां कृद्भिः सह समासवचनं प्राक् स्याद्युत्पत्तेः※) इति विभक्त्यभावात् पदत्वाप्रसङ्गे प्रतिषेधाप्रसङ्ग एवेति । परमा वाग् ययोः "परतः स्त्री०" [३.२.४९.] इति पुंभावे **परमवाचौ** । ईषदूनौ दण्डिनौ "नाम्नः प्राग् बहुर्वा" [७.३.१२.] इति बहौ **बहु-दण्डिनौ** । एषु "हो धुट्पदान्ते" [२.१.८२.] इति ढत्वम् "भ्वादेर्दादेर्घः" [२.१.८३.] इति घत्वम् "चजः कगम्" [२.१.८६.] इति कत्वम् "नाम्नो नोऽनह्नः" [२.१.९१.] इति नलोपश्च न भवन्ति ।

અનુવાદ :- "परमदिवौ" શબ્દની સાધનિકા બતાવે છે : "दिव्" ધાતુથી "दिवेर्डिव" (उणा० ૯૪૯) સૂત્રથી "डिव्" પ્રત્યય થતાં "दिव्" શબ્દ બને છે. "परमा द्यौः ययोः तौ" એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થતાં તથા "ऐकार्थ्ये" (૩/૨/૮) સૂત્રથી વિભક્તિનો લોપ થતાં "परमदिवौ" એ પ્રમાણે સામાસિક શબ્દ પ્રાપ્ત થાય છે. હવે અન્તર્વર્તિની વિભક્તિની અપેક્ષાએ ઉભયપદમાં પદપણાંની પ્રાપ્તિ થતી હતી. જેમાં અન્તભાગમાં પદપણાંનો નિષેધ આ સૂત્રથી કર્યો છે. હવે दिव् નામમાં પદસંજ્ઞાનો નિષેધ થવાથી પદને અંતે રહેલાં "व्"ના "उ"નો "उः पदान्ते..." (૨/૧/૧૧૮) સૂત્રથી અભાવ થવાથી "परमदिवौ" રૂપ થયું છે, જેનો અર્થ "ઉત્તમ સ્વર્ગવાળા બે વ્યક્તિઓ" થશે.

હવે "श्वलिहौ" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : "श्वि" ધાતુને "श्वन्मातरिश्वन्..." (उणा० ૯૦૨) સૂત્રથી "अन्" પ્રત્યય થતાં "श्वन्" શબ્દ બને છે. હવે "लिह्" ધાતુને ભાવમાં "त"(क्त) લગાડીને लीढ શબ્દ આચાર્ય ભગવંતે બતાવ્યો છે. તેના દ્વારા क्विप् પ્રત્યય ભાવમાં લાગે છે એવું "આચાર્ય ભગવંત" કહેવા માગે છે. હવે સંબંધમાં ષષ્ઠી થવા દ્વારા "शुनः लिहौ" એ પ્રમાણે ષષ્ઠી તત્પુરુષ સમાસ થવા દ્વારા "श्वलिहौ" સામાસિક શબ્દ નિષ્પન્ન (પ્રાપ્ત) થાય છે, જેનો અર્થ કૂતરાનું ચાટવું થાય છે. તથા આ અર્થ (ચાટવું અર્થ) દ્વિવચનમાં સમજવો. "श्वलिह्" શબ્દમાં પદસંજ્ઞાનો અભાવ થવાથી પદને અંતે "ह्"નો "ढ्" ન થયો.

હવે "गोदुहौ" શબ્દની સાધનિકા બતાવે છે : "गति" અર્થવાળો "गम्" ધાતુ પહેલા ગણનો છે. "द्यु-गमिभ्यां डोः" (उणा० ૮૬૭) સૂત્રથી "डो" પ્રત્યય થાય છે અને "डो" પ્રત્યય પર છતાં અન્ત્ય સ્વરાદિનો લોપ થતાં "गो" શબ્દ પ્રાપ્ત થાય છે. "दुह्" ધાતુને ભાવમાં "क्विप्

" પ્રત્યય થતાં "दुक्" શબ્દ બને છે. હવે "गोः दुहौ" એ પ્રમાણે ષષ્ઠી તત્પુરુષ સમાસ થતાં "गोदुहौ" પ્રયોગ સિદ્ધ થાય છે, જેનો અર્થ "ગાયનું દોહવું" એ પ્રમાણે થાય છે. અહીં પણ દોહવું શબ્દ દ્વિવચનનાં અર્થવાળો છે. "गोदुह्" શબ્દમાં પદસંજ્ઞાનો અભાવ થવાથી પદને અંતે "ह्"નો "घ्" થતો નથી.

જો ષષ્ઠી તત્પુરુષ સમાસને બદલે ઉપપદ તત્પુરુષ સમાસ કરવામાં આવે તો આ પ્રયોગમાં આ સૂત્રની વિધિ પ્રાપ્ત થતી નથી, જે હવે બતાવે છે. જ્યારે "श्वानं लीढः" (કૂતરાને ચાટ્યો) તથા "गां दुग्ध" (ગાયને દોહી) એ પ્રમાણે અર્થબોધ કરવો હશે ત્યારે "गतिकारकोपपदानां..." ન્યાયથી "श्वन्" તથા "गो" શબ્દનો કૃદન્ત સાથે વિભક્તિની ઉત્પત્તિ પહેલાં જ સમાસ થાય છે. આમ થવાથી ઉત્તરપદમાં વિભક્તિનો જ અભાવ હોવાથી પદત્વનો પ્રસંગ જ નથી. માટે પદસંજ્ઞાનો પ્રતિષેધ કરવાની પણ આવશ્યકતા નથી.

परमा वाग् ययोः तौ એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થવાથી "परतः स्त्री..." (૩/૨/૪૯) સૂત્રથી પૂર્વપદનો પુંવત્ ભાવ થવાથી "परमवाचौ" પ્રાપ્ત થાય છે, જેનો અર્થ ઉત્તમ વાણીવાળા બે પુરુષો થાય છે.

કંઈક ન્યૂન દંડવાળા બે જણ. અહીં કંઈક ન્યૂન અર્થમાં નામથી પૂર્વમાં "नाम्नः प्राग् बहुर्वा" (૭/૩/૧૨) સૂત્રથી "बहु" પ્રત્યય વિકલ્પે થતાં "बहुदण्डिनौ" પ્રયોગની સિદ્ધિ થાય છે. આ પ્રયોગનો અર્થ "કંઈક ન્યૂન દંડવાળા બે પુરુષો" થાય છે.

ઉપરનાં તમામ ઉદાહરણો સમાસ તથા તદ્ધિતવૃત્તિનાં હતા. આ સૂત્રથી વૃત્તિનો અંતભાગ પદસંજ્ઞા ન થવાથી "हो धुट्पदान्ते" (૨/૧/૮૨) સૂત્રથી પદને અંતે "ह्"નો "ढ्" થતો નથી. તથા "भ्वादेर्दादेर्घः" (૨/૧/૮૩) સૂત્રથી "गोदुह्"માં "ह्"નો "घ्" થતો નથી. તથા "चजः कगम्" (૨/૧/૮૬) સૂત્રથી "परमवाच्" પ્રયોગમાં "च्"નો "क्" થતો નથી. તેમજ "बहुदण्डिनौ" પ્રયોગમાં "नाम्नो नोऽनह्नः" (૨/૧/૯૧) સૂત્રથી न्નો લોપ થતો નથી. ઉપરનાં બધા જ ઉદાહરણોમાં વૃત્તિનાં અન્તભાગમાં પદસંજ્ઞાનો અભાવ થવાથી તે તે સૂત્રોનાં કાર્યો થયાં નથી.

(श०न्या०) (चैत्रस्य कर्म) चिनोतेः "चि-मि-दि-शंसिभ्यः कित्" [उणा० ४५४.] इति किति त्रे चित्रा, सा देवताऽस्य "देवता" [६.२.१०१.] इत्यणि चैत्रः, तस्य, क्रियते इति मनि कर्मन्, सेः "अनतो लुप्" [१.४.५९.] इति लुप्। वृत्त्यभावे प्रतिषेधाभावात् पदत्वान्नलोपः। राज्ञो वाक् **'राजवाक्'** इत्यत्रान्तग्रहणात् पूर्वस्य पदत्वे नलोपः, अत्रावयवाश्रितपदत्वप्रतिषेधेऽपि समुदायाश्रितं पदत्वमस्तीति कत्वम्। तनोतेः "तनेड्वच्" [उणा० ८७२.]

इति ड्वचि त्वक्, "स्रुं गतौ" इत्यतः "स्रोश्चिक्" [उणा० ८७१.] इति चिकि स्रुक्, वाक् च त्वक् च स्रुक् च **वाक्-त्वक्-स्रुच** इति त्रयाणां द्वन्द्वे पृथग् द्वयोः सहोक्त्यभावाद् वृत्त्यभावे मध्यमस्य पदत्वप्रतिषेधाभावात् कत्वम् । त्रयाणां द्वन्द्वे हि त्र्यर्थानि पदानि, न तु द्व्यर्थानि, अत एवाऽऽह-'होतृ-पोतृ-नेष्टोद्गातारः' इत्यत्र मध्यवर्त्तिनाम् आ न भवति ।

અનુવાદ :- હવે "चैत्रस्य कर्म" પ્રયોગ સંબંધમાં કહે છે. "चि" ધાતુ પાંચમા ગણનો છે. આ ધાતુને "चि-मि-दि-शंसिभ्यः कित्" (उणादि० ४५४) સૂત્રથી "कित्" એવો "त्र" પ્રત્યય થતાં "चित्रा" શબ્દ થાય છે. હવે ચિત્રા દેવતા છે, જેનો એ અર્થમાં "देवता" (૬/૨/૧૦૧) સૂત્રથી "अण्" પ્રત્યય થતાં "चैत्र" શબ્દ થાય છે. હવે "क्रियते" અર્થાત્ કરાય છે એ અર્થમાં "कृ" ધાતુને ભાવમાં "मन्" (ઉણાદિનો) થતાં "कर्मन्" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે આ "कर्मन्" શબ્દને પ્રથમા એકવચનનો "सि" પ્રત્યય લાગતાં "अनतो लुप्" (૧/૪/૫૯) સૂત્રથી આ "सि"નો લોપ થાય છે. હવે "चैत्रस्य कर्मन्" આ અવસ્થામાં વૃત્તિનો અભાવ હોવાથી "कर्मन्" શબ્દમાં પદસંજ્ઞાનો નિષેધ થતો નથી. માટે "कर्मन्" શબ્દમાં પદપણું પ્રાપ્ત થવાથી પદને અંતે "न्"નો લોપ થતાં "चैत्रस्य कर्म" એવા પ્રયોગની પ્રાપ્તિ થાય છે.

"राज्ञः वाक्" (રાજાની વાણી) અહીં ષષ્ઠી તત્પુરુષ સમાસ થતાં "राजवाक्" પ્રયોગ પ્રાપ્ત થાય છે. હવે આ સૂત્રમાં વૃત્તિનાં અંતભાગમાં પદસંજ્ઞાનો નિષેધ થવાથી પૂર્વનાં ભાગમાં પદસંજ્ઞાની પ્રાપ્તિનો નિષેધ થતો નથી. માટે પૂર્વભાગમાં પદપણાંની પ્રાપ્તિ થવાથી પદને અંતે "न्"નો લોપ થયો છે. હવે વૃત્તિનાં અંતભાગમાં પદસંજ્ઞાનો નિષેધ આ સૂત્રથી થયો છે. તો પછી "च्"નો "क्" કેવી રીતે પ્રાપ્ત થાય છે ? એ શંકાનાં અનુસંધાનમાં જણાવે છે કે અહીં માત્ર ઉત્તરપદ તરીકે તો પદસંજ્ઞાનો નિષેધ જ થાય છે, પરંતુ સંપૂર્ણ સમુદાય આશ્રિત પદપણું તો "सि" પ્રત્યયને માનીને પ્રાપ્ત થાય જ છે. માટે સમુદાયને આશ્રિત એવા પદપણાંને માનીને "राजवाक्" શબ્દમાં "च्"નો "क्" કરેલ છે.

હવે "त्वक्-वाक्" વગેરે પ્રયોગોની સિદ્ધિ બતાવે છે : तन् ધાતુથી "तनेर्ड्वच्" (उणादि० ८७२) સૂત્રથી "ड्" ઇત્‌વાળો "वच्" પ્રત્યય થતાં "त्वच्" શબ્દ પ્રાપ્ત થાય છે. ગતિ અર્થવાળો "स्रु" ધાતુ પહેલા ગણનો છે. આ "स्रु" ધાતુથી "स्रोश्चिक्" (उणादि० ८७१) સૂત્રથી "चिक्" પ્રત્યય થતાં (પ્રત્યય માત્ર "च्" જ છે.) "स्रुक्" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે "वाक् च त्वक् च स्रुक् च एतेषां समाहारः" એ પ્રમાણે ત્રણેનો દ્વન્દ્વ સમાસ થતાં "वाक्-त्वक्-स्रुचम्" એવો સામાસિક શબ્દ પ્રાપ્ત થાય છે. અહીં ત્રણનાં દ્વન્દ્વમાં પૃથક્ બે પદોનાં દ્વન્દ્વનો અભાવ થવાથી બે બે પદોની વૃત્તિનો અભાવ થાય છે અને બે પદોની વૃત્તિનો અભાવ થયો હોવાથી જ આ સૂત્રથી પદસંજ્ઞાનો નિષેધ થતો નથી. માટે મધ્યમપદમાં પદસંજ્ઞાની પ્રાપ્તિ થવાથી (અન્તર્વર્તિની

વિભક્તિની અપેક્ષાએ) "च्"નો "क्" થાય છે. ત્રણ પદોનો દ્વન્દ્વ સમાસ થાય ત્યારે ત્રણ અર્થવાળા પદો એકસાથે હોય છે. પરંતુ બે અર્થવાળા પદો હોતા નથી. માટે જ બે અર્થવાળા પદોની પૃથગ્ વૃત્તિ પ્રાપ્ત થતી નથી. આથી જ होतृ-पोतृ-नेष्टोद्गातारः એ પ્રમાણે ઇતરેતર દ્વન્દ્વ સમાસમાં उद्गातृ સ્વરૂપ ઉત્તરપદ છે. એની પૂર્વમાં "नेष्टृ" પદમાં ऋનો आ (૩/૨/૩૯) સૂત્રથી થાય છે, પરંતુ મધ્યમાં રહેલા એવાં पोतृ પદમાં ऋનો आ થતો નથી.

(श०न्या०) अथेति-वाक् च त्वक् "चवर्गदषहः समाहारे" [७.३.९८.] इति समासान्ते अति कृते **वाक्त्वचम्** । अत्र च समासान्ते वृत्तिरकारान्ता भवति न तत्र त्वगिति वृत्त्यन्तः, इत्ययं प्रतिषेधस्त्वचो न भवति । समाधत्ते-**उच्यत** इति, अयमर्थः-समासात् समासान्तो विधीयमानस्तस्यैवान्तत्वं व्याहन्ति, न तु तदवयवस्य त्वचः, तस्य समासावयवत्वाद्, नहि समुदायावयवोऽवयवस्यावयवो भवति; यथा 'परमदण्डिनौ' इत्यत्र समुदायाश्रिता विभक्तिः, न तदवयवस्यान्तत्वविघातिकेति । यद्वा इत्थं व्याख्या-समासशब्देन समासावयवोऽभिधीयते, (ततः) समासात् समासावयवात् त्वचः समासान्तो विधीयते इति भवत्ववृत्त्यन्तत्वं त्वचः, तथाऽपि सिन्नियमेन पदत्वं निवर्त्यत इति भावः; अथवा समासात् परः समासान्तो विधीयते, ततः स्यादेः पूर्वस्त्वच एव परो भवतीति अस्तु अवृत्त्यन्तत्वं त्वचः, तत्र च पदत्वप्राप्तिरेव नास्तीति कत्वाभावः । समास-शब्दस्तु लक्ष्यवशात् क्वचित् समासावयवं क्वचित् समासं चाऽऽह ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- "वाक् च त्वक् च एतयोः समाहारः" અહીં આ બંનેનો સમાહારદ્વન્દ્વ સમાસ થવાથી "चवर्गदषहः समाहारे" (૭/૩/૯૮) સૂત્રથી "अ" સમાસાન્ત થાય છે. આથી "वाक्त्वचम्" પ્રયોગની પ્રાપ્તિ થાય છે. હવે અહીં "अ" સમાસાન્ત થવાથી વૃત્તિ "अकार" અંતવાળી થાય છે. આથી "त्वच्" એ પ્રમાણે વૃત્તિનો અંતભાગ કહેવાતો નથી. પરંતુ વૃત્તિનાં અંતભાગમાં તો "अ" સ્વરૂપ સમાસાન્ત પ્રત્યય છે. આમ થવાથી "त्वच्" સંબંધી પદસંજ્ઞાનો નિષેધ આ સૂત્રથી પ્રાપ્ત થશે નહીં. તેથી "त्वच्"માં અન્તર્વર્તિની વિભક્તિની અપેક્ષાએ પદસંજ્ઞાની પ્રાપ્તિ થવાથી "च्"નો "क्" થવો જોઈએ.

ઉત્તરપક્ષ :- "આચાર્ય ભગવંત" "उच्यते०" પંક્તિ દ્વારા ઉત્તરપક્ષ જણાવે છે. સમાસથી સમાસાન્તનું વિધાન કરાય છે. આથી સમાસાન્ત પ્રત્યય સંપૂર્ણ સમાસનાં જ અંતપણાંનો નાશ કરે છે. પરંતુ સમાસના એક અવયવ "त्वच्" નાં અંતપણાંનો નાશ કરતો નથી. "त्वच्" એ સમાસનો અવયવ છે. માટે સમાસાન્ત પ્રત્યય "वाक्त्वच्"નાં અંતપણાંનો નાશ કરે છે, પરંતુ સમાસનાં એક અવયવ "त्वच्"નાં અંતપણાંનો નાશ કરતો નથી. સમુદાયનો અવયવ અવયવનો અવયવ થતો નથી. "वाक्त्वच्" સ્વરૂપ સમુદાયનો અવયવ "अ" સમાસાન્ત છે. જે ("अ"

સમાસાન્ત) સમુદાયનાં અવયવનો (त्वच्‌નો) અવયવ થતો નથી. દા.ત. "परमदण्डिन् + औ." અહીં "औ" સ્વરૂપ વિભક્તિનો પ્રત્યય "परमदण्डिन्" સ્વરૂપ સમુદાયને આશ્રિત થયો છે. આથી એ "औ" પ્રત્યય સામાસિક શબ્દનાં અંતનો નાશ કરનારો થશે. પરંતુ સામાસિક શબ્દનાં અવયવ સ્વરૂપ "दण्डिन्" શબ્દનાં અંતનો નાશ કરનારો થશે નહીં.

હવે આચાર્ય ભગવંત અન્ય અર્થ જણાવીને પદસંજ્ઞાની પ્રાપ્તિનો પૂર્વપક્ષ જણાવે છે. પરંતુ આ રીતે પણ પદસંજ્ઞાની નિવૃત્તિ થવાથી "वच्"ના "च्"નો "क्" થતો નથી એવું આચાર્ય ભગવંત સિદ્ધ કરશે. ઉપર સમુદાય જેવો છે એવો અવયવને માન્યો છે. આખો સમુદાય એ સમાસ છે તો સમુદાયનો અવયવ જે "अ" સમાસાન્ત છે તે પણ સમાસ સ્વરૂપ જ કહેવાય છે. આથી એકલો अ પણ સમાસ છે. સંસારમાં એવું કહેવાય છે કે ઘણાં બધા બળવાન માણસોની સાથે એ જ સમુદાયમાં જો દુર્બળ માણસ રહેતો હોય તો બળવાન સમુદાયની અપેક્ષાએ સમુદાયના અવયવ સ્વરૂપ દુર્બળ વ્યક્તિ પણ બળવાન જ ગણાય છે. એવી વ્યક્તિને કોઈ હેરાન કરવાની ઇચ્છા કરતું નથી. આવા વ્યવહારને માનીને આચાર્ય ભગવંતશ્રીએ ઉપરોક્ત પહેલો અર્થ કર્યો છે.

હવે "यद्वा इत्थं..." પંક્તિ લખવા દ્વારા આચાર્ય ભગવંત સમાસ શબ્દથી નવો અર્થ જણાવે છે. આ અર્થ પ્રમાણે સમાસ શબ્દનો સમાસનો અવયવ એવો અર્થ થાય છે. આ અર્થ કરવાથી वाक्त्वच् સ્વરૂપ સમાસ છે. ત્યાં સમાસનો અવયવ અર્થ કરવાથી "त्वच्" પણ સમાસ કહેવાય છે અને એ त्वच्‌થી સમાસાન્ત "अ"નું વિધાન થયું છે. હવે જો त्वच्‌થી જો "अ"નું વિધાન થયું હોય તો त्वच् શબ્દ વૃત્તિને અન્તે રહેલું કહેવાશે નહીં. માટે આવા વૃત્તિને અન્તે ન રહેલાં त्वच् શબ્દમાં આ સૂત્રથી પદસંજ્ઞાનો નિષેધ થશે નહીં અને અન્તર્વર્તિની વિભક્તિની અપેક્ષાએ તો त्वच्‌ની પદસંજ્ઞા થાય જ છે. આથી वाक्त्वचम् સ્વરૂપ સામાસિક શબ્દમાં પુનર્ त्वच्‌ના च्‌નો क् કરવાની આપત્તિ આવે છે. સમાસનો અર્થ સમાસનો અવયવ થાય છે એવું જે પૂર્વપક્ષ કહેવા માંગે છે તે પણ લોક વ્યવહારની અપેક્ષાએ જ છે. દા.ત. શાક સમારતા કોઈ વ્યક્તિને છરી વાગી જાય છે ત્યારે એ વ્યક્તિ કહે છે કે મારી આંગળી કપાઈ ગઈ. ખરેખર અહીં આખી આંગળી કપાતી નથી પણ આંગળીનો એક ભાગ જ કપાયો છે, છતાં પણ અહીં અવયવમાં થયેલી પ્રવૃત્તિ પણ સમુદાયમાં મનાય છે. આ જ તર્કને ધ્યાનમાં રાખીને અહીં સમાસ શબ્દથી સમાસનો અવયવ અર્થ કર્યો છે. આ પ્રમાણે "त्वच्"માં પદસંજ્ઞાની પ્રાપ્તિ આવી છતાં પણ "च्"નો "क्" કરાયો નથી એના અનુસંધાનમાં આચાર્ય ભગવંત કહે છે કે કોઈપણ નામ તદ્ધિતના "सित्" પ્રત્યય પર છતાં જ પદસંજ્ઞા થાય છે. આથી सित् સિવાયના પ્રત્યય પર છતાં નામમાં પદસંજ્ઞાનો નિષેધ થશે. આવો નિયમ (૧/૧/૨૧) સૂત્રમાં પ્રાપ્ત થાય છે. અહીં अ

સમાસાન્ત પ્રત્યય થયો હોવાથી વળી તે सित् સિવાયનો પ્રત્યય છે. આથી "सित्"ના નિયમથી त्वच्માં પદસંજ્ઞાનો નિષેધ થશે. સમાસાન્ત પ્રત્યયો સાતમા અધ્યાયના ત્રીજા પાદમાં આવતા હોવાથી તદ્ધિતના પ્રત્યયો કહેવાય છે. આમ, सित्ना નિયમથી "त्वच्"માં પદસંજ્ઞાની નિવૃત્તિ થઈ. માટે "च्"નો "क्" થતો નથી.

હવે આચાર્ય ભગવંતશ્રી ફરીથી "त्वच्"માં "च्"નો અભાવ થાય છે, એવું ત્રીજો અર્થ બતાવવા દ્વારા સિદ્ધ કરે છે. અથવા સમાસથી પર સમાસાન્તનું વિધાન કરાય છે. આથી સ્યાદિની પૂર્વમાં "त्वच्"થી પર अ સમાસાન્ત થાય છે. આથી त्वच् એ વૃત્તિ અંતવાળું કહેવાશે નહીં. પરંતુ "त्वच" એ વૃત્તિ અંતવાળો કહેવાશે. આથી "त्वच्"માં વૃત્તિનું અંતપણું આવતુ જ નથી. વળી સમાસના અવયવ त्वच्ને જ સમાસ માન્યો હોવાથી अकारान्त વૃત્તિ થશે અને વૃત્તિનું અંતપણું अकारान्तમાં જ આવશે. આથી अकारान्त એવા त्वचની પદસંજ્ઞાનો નિષેધ થશે. આથી વ્યંજનાન્ત "त्वच्" શબ્દમાં તો પદપણું છે અથવા નથી એવો વિકલ્પ જ નથી. સમાસનો મધ્યભાગ त्वच् થતો હોવાથી ત્યાં પદત્વની પ્રાપ્તિ જ નથી. માટે त्वच्ના च्નો क् થવાની પ્રાપ્તિ આવશે નહીં.

સમાસ શબ્દનો લક્ષ્યના વશથી ક્યાંક સમાસનો અવયવ એવો અર્થ કર્યો છે અને ક્યાંક સમાસ તરીકે અર્થ કર્યો છે. આ પ્રમાણે સમાસ શબ્દ ક્યાં તો સમાસના અવયવને કહે છે અથવા તો સમાસને કહે છે.

(श०न्या०) दधिसेगिति–दधि सिञ्चतीति सोपपदाद् विच् नेष्यते, (छान्दसत्वाभावात् ।) ननु 'परमदिवौ' इत्यादौ केन पदत्वं प्राप्तं यन्निषिध्यते इत्याह–**अन्तर्वर्तिन्या** इति । **स्थानिवद्भावे**नेति–"स्थानीवाऽवर्णविधौ" [७.४.१०९.] इत्यनेन, "लुप्यय्वृल्लेनत्" [७.४. ११२.] इति तु प्रतिषेधः पूर्वकार्यं प्रत्येव, न तु समुदायकार्यमिति पदत्वं प्राप्तम् । ननु तथाऽपि सौश्रुतमित्यादिवदत्रापि स्यादौ प्रत्यये 'सित्येव' इति नियमेन पदत्वप्रतिषेधो भविष्यति किमनेन? इत्याह–**न चे**ति ॥२५॥

અનુવાદ :- दधि सिञ्चति (તે દહીંનો અભિષેક કરે છે.) એવા અર્થમાં ઉપપદથી પર રહેલા सिच् ધાતુને विच् પ્રત્યય ઇચ્છાતો નથી અર્થાત્ અહીં ઉપપદ તત્પુરુષ સમાસ થતો નથી. પરંતુ "सिच्" ધાતુને કર્તા અર્થમાં विच् પ્રત્યય લાગીને सेक् સ્વરૂપ કૃદન્ત બને છે ત્યાર પછી "दधि" શબ્દ સાથે सेक ષષ્ઠી તત્પુરુષ સમાસ સ્વરૂપે જોડાય છે. दध्नः सेक् इति दधिसेक् એ પ્રમાણે સામાસિક શબ્દ થાય છે, જેનો અર્થ છે દહીંનો અભિષેક કરનાર. અહીં ઉપપદ તત્પુરુષ સમાસ ઇચ્છાતો નથી એના કારણ તરીકે કૌંસમાં કારણ આપે છે. વેદમાં એ પ્રમાણેનો પ્રયોગ જોવા મળતો નથી. માટે આ પ્રમાણે લખ્યું છે.

"परमदिवौ" વગેરે પ્રયોગોમાં કયા સૂત્રથી પદસંજ્ઞાની પ્રાપ્તિ થાય છે જેનો નિષેધ અહીં કરાય છે ? એ શંકાના અનુસંધાનમાં બૃહદ્‌વૃત્તિમાં પંક્તિઓ લખી છે કે "अन्तर्वर्तिनी" વિભક્તિનાં સ્થાનીવદ્‌ભાવથી પદપણાંની પ્રાપ્તિ થતી હતી તેનો આ સૂત્રથી નિષેધ કરાય છે. સ્થાનીવદ્‌ભાવની પ્રાપ્તિ "स्थानीवाऽवर्णविद्यौ" (૭/૪/૧૦૯) સૂત્રથી થાય છે. એ સ્થાનીવદ્‌ભાવનો પ્રતિષેધ "लुपि अय्वृत्-ल् - एनत्" (૭/૪/૧૧૨) સૂત્રથી થાય છે. તે સૂત્ર પ્રમાણે નામને લાગેલા પ્રત્યયનો લોપ થતા કે લુક્ થતાં લોપાયેલાં પ્રત્યયને માનીને જે કાર્ય લુક્‌ની પૂર્વમાં થવાનું હોય, તે કાર્ય ન થાય. આ પ્રમાણે સ્થાનીવદ્‌ભાવનો પ્રતિષેધ પૂર્વ કાર્ય પ્રત્યે જ છે. પરંતુ સમુદાયકાર્ય પ્રત્યે નથી. આથી ૭-૪-૧૦૯ સૂત્રથી સ્થાનીવદ્‌ભાવ થવાથી "परमदिवौ" પ્રયોગમાં પદપણાંની પ્રાપ્તિ થાય છે.

પૂર્વપક્ષ :- "दिव्" શબ્દમાં સ્થાનીવદ્‌ભાવથી ભલે પદસંજ્ઞાની પ્રાપ્તિ થાય, પરંતુ "सित्" પ્રત્યય પર છતાં જ કોઈપણ નામ પદસંજ્ઞાવાળું થશે. એવા નિયમથી "सौश्रुतम्" વગેરે પ્રયોગોની જેમ અહીં પણ સ્યાદિ પ્રત્યય પર છતાં પદપણાંનો પ્રતિષેધ થઈ જ જશે. માટે "वृत्यन्तोऽसषे" દ્વારા તેમાં પદસંજ્ઞાનાં નિષેધની આવશ્યકતા નથી.

ઉત્તરપક્ષ :- આ શંકાનાં અનુસંધાનમાં જ બૃહદ્‌વૃત્તિ ટીકામાં "આચાર્ય ભગવંતે" પંક્તિઓ લખી છે કે "न च सित्येवेति नियमेन तन्निवर्तयितुं शक्यम्... तदवयवस्येति ।" જેનો અર્થ આ પ્રમાણે છે. "सित्" પ્રત્યય પર છતાં જ એ પ્રમાણે નિયમથી અહીં અંતભાગમાં પદસંજ્ઞાનો નિષેધ કરવા સમર્થ થવાતું નથી. કારણ કે ૭-૪-૧૧૫ પરિભાષાથી જે સમુદાયથી પ્રત્યયનું વિધાન કરાય છે તે સમુદાયનું જ પદપણું નિયમથી દૂર કરાય છે. પરંતુ સમુદાયનાં અવયવનું પદપણું નિયમથી દૂર કરાતું નથી. સૂત્ર (૭/૪/૧૧૫)ની પરિભાષાથી પ્રત્યય પ્રકૃતિથી થાય છે. આથી "परमदिवौ" વગેરે પ્રયોગોમાં "औ" વગેરે પ્રત્યય "परमदिव्" આદિ સમુદાયને થાય છે, પરંતુ સમુદાયના અવયવ "दिव्"થી નથી થતો. આમ, "औ" પ્રત્યય સમુદાયનું પદપણું નિવારી શકશે, પરંતુ "दिव्"નું પદપણું નિવારી શકશે નહીં. માટે "दिव्"માં તો અંતર્વર્તિની વિભક્તિની અપેક્ષાએ પદસંજ્ઞાની પ્રાપ્તિ છે જ, જેનો આ સૂત્રથી નિષેધ થાય છે. માટે આ સૂત્રની આવશ્યકતા છે જ.

-: ન્યાસસારસમુદ્ધાર :-

वृत्त्यन्त इत्यादि–वर्तनं वृत्तिः क्तिः, वर्तनव्यापारवतीत्यर्थः, वर्तनं तु अवयवार्थापेक्षया परस्य समुदायार्थस्य प्रतिपादनम्; यद्वा 'वर्तिषीष्ट–परार्थमभिधेयाद्' इत्याशास्यमानावृत्तिः, कर्तरि तिक्; यद्वा वर्तन्ते स्वार्थपरित्यागेन पदान्यत्रेति आधारे क्तौ वृत्तिः पदसमुदायादिरूपा। सा त्रेधा–समासवृत्तिः १ तद्धितान्तवृत्तिः २ नामधातुवृत्तिश्चेति; 'राजपुरुषः, औपगवः, पुत्रकाम्यति' इत्यादि।

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

"वृ" ધાતુને ભાવમાં "क्ति" પ્રત્યય લાગતાં "वृत्ति" શબ્દ બને છે, જેનો અર્થ "વ્યાપારવાળી" એ પ્રમાણે સમજવો. હવે વ્યાપાર કયો લેવો ? એનાં અનુસંધાનમાં કહે છે કે, "અવયવ અર્થની અપેક્ષાથી બીજાં એવાં સમુદાય અર્થનું પ્રતિપાદન કરવું" તે સ્વરૂપ વ્યાપારવાળી વૃત્તિ છે.

"वृ" ધાતુને કર્તામાં "तिक्" પ્રત્યય લાગીને પણ "वृत्ति" શબ્દ બને છે. એક અર્થથી પર અર્થને જે પસંદ કરે છે એ પ્રમાણે ઇચ્છા કરાતી એવી વૃત્તિ છે. ટૂંકમાં વૃત્તિનો કર્તા અર્થ આ પ્રમાણે થશે. એક અર્થથી અન્ય અર્થનું કથન કરનાર હોય તે "वृत्ति" છે.

અથવા પોતાનાં અર્થનો ત્યાગ કરવા દ્વારા પદો જેમાં વર્તે છે એ પ્રમાણે "આધાર" અર્થમાં "वृ" ધાતુને "क्ति" પ્રત્યય લાગતાં "वृत्ति" શબ્દ બને છે. પદસમુદાય વગેરે સ્વરૂપ "वृत्ति" છે. આ વૃત્તિ ત્રણ પ્રકારની છે : (૧) સમાસવૃત્તિ. જે "राजपुरुषः" સ્વરૂપ સમાસમાં જોવા મળે છે. (૨) તદ્ધિતપ્રત્યયાન્તવૃત્તિ. જેનું ઉદાહરણ "औपगवः" છે. (૩) નામધાતુવૃત્તિ. જેનું ઉદાહરણ "पुत्र-काम्यति" વગેરે પ્રયોગો છે.

(न्या०स०) परार्थाभिधानमिति-अवयवार्थापेक्षया परोऽर्थः समुदायार्थः, यद्वा अवयवपदापेक्षया परोऽर्थः समुदायार्थः, यद्वा अवयवपदापेक्षया समुदायः परमदिव्लक्षणः परस्तस्यार्थः तस्याभिधानम् । अनेकार्थत्वात् परार्थाभिधानेऽपि वृत्तिशब्दः ।

અનુવાદ :- હવે, "પરાર્થ-અભિધાન"નાં અનેક અર્થો બતાવે છે : અનેક અર્થપણાંથી પરાર્થાભિધાનમાં પણ વૃત્તિ શબ્દ છે. અવયવ અર્થની અપેક્ષાએ સમુદાય સ્વરૂપ બીજો અર્થ એ "परार्थाभिधानं" છે. અથવા તો અવયવ સ્વરૂપ પદોની અપેક્ષાએ બીજો એવો જે સમુદાય સ્વરૂપ અર્થ છે તે પણ "परार्थाभिधानं" છે. અથવા તો અવયવપદની અપેક્ષાએ "परमदिव्" સ્વરૂપ જે સમુદાય છે અને એ સમુદાય સ્વરૂપ જે પદ છે તે પર છે તેનો અર્થ એ પરાર્થનું કથન કરવું. એ પ્રમાણે પણ "परार्थाभिधानं"નો અર્થ થાય છે. આ પ્રમાણે અનેક અર્થપણાંથી "परार्थाभिधानं"માં પણ "वृत्ति" શબ્દ રહેલો છે.

(न्या०स०) अवसानमिति-अवसीयतेऽस्मिन् इत्यवसानम् । लीढ इति लिहौ, क्विप्, शुनो लिहौ **श्वलिहौ** "षष्ठ्ययत्नाच्छेषे" [३.१.७६.] इति समासः, इति कर्तव्यम्, न तु श्वानं लीढ इति, यतस्तस्मिन् कृते *गतिकारक०* इति क्विबन्तेन लिह् इत्यनेन समासे सति लिह् इत्यस्याविभक्त्यन्तत्वेन पदत्वप्राप्तिरेव नास्तीति ।

અનુવાદ :- "જેમાં સમાપ્ત કરાય છે" એ પ્રમાણે "अवसान" શબ્દ બને છે. હવે "लिह्"

ધાતુને "क्विप्" પ્રત્યય લાવવાથી "लिह्" શબ્દ બને છે. પછી કૂતરાનું ચાટવું (બે વાર) એ પ્રમાણે "षष्ठी-अयत्नाच्छेषे" (૩/૧/૭૬) સૂત્રથી "श्वलिहौ" સમાસ કરવા યોગ્ય છે. પરંતુ "श्वानं लीढः" એ પ્રમાણે ઉપપદ તત્પુરુષ સમાસ કરવા યોગ્ય નથી. જો ઉપપદ તત્પુરુષ સમાસ કરવામાં આવશે તો "गतिकारक..." એ પ્રમાણે ન્યાયથી ક્વિબન્ત એવા "लिह्" સાથે સમાસ થશે અને "लिह्"માં "गतिकारक..." ન્યાયથી અવિભક્તિ અંતપણાંથી પદત્વની પ્રાપ્તિ આવતી નથી. એ સંજોગોમાં આ સૂત્રનું કાર્ય નિરર્થક થઈ પડે છે. તેથી ઉપપદ તત્પુરુષ સમાસને બદલે ષષ્ઠી તત્પુરુષ સમાસ કરવો જોઈએ.

(न्या०स०) लुगादीनीति–आदिशब्दाद् ढत्वे सत्यस्यैव डत्वम्, धत्वे सति "गडदबादेः०" [२.१.७७.] इति दस्य धत्वम्, कत्वे सति गत्वम्, लुगभावे "ह्रस्वान्ङ्णनो द्वे" [१.३.२७.] इति द्वित्वं च न भवति । **राजवागि**ति–अत्रान्तग्रहणात् पूर्वस्य पदत्वे सति नलोपः, तथाऽवयवाश्रितपदत्वप्रतिषेधेऽपि समुदायविभक्त्याश्रितं पदत्वमस्तीति कत्वं बभूवेति ।

અનુવાદ :- "લુક્" શબ્દ પછી જે "आदि" શબ્દ લખ્યો છે ત્યાં "आदि"થી કયા કયા કાર્યોનો નિષેધ થાય છે તે જણાવે છે. "लिह्" શબ્દમાં "ह्"નો "ढ्" થયા પછી "ढ्"નું "ड्"પણું પણ પ્રાપ્ત નહીં થાય. "गोदुह्" શબ્દમાં "ह्"નો "ध्" થયાં પછી "गडदबादेः ..." (૨/૧/૭૭) સૂત્રથી આદિનાં "द्"નો "ध्" થવાનો હતો તે પણ હવે નહીં થાય. તથા "परमवाचौ" શબ્દમાં "च्"નો "क्" થયો હોત તો "क्"નો "ग्"પણ થાત. તે "ग्" પણ હવે થશે નહીં. "बहुदण्डिनौ" શબ્દમાં જો "न्"નો લુગ્ ન થયો હોત તો "ह्रस्वान्ङ्णनो द्वे" (૧/૩/૨૭) સૂત્રથી "न्"નું દ્વિત્વ થયું હોત જે હવે થશે નહીં. આ પ્રમાણે "आदि" શબ્દથી "ડપણું", "ધપણું", "ગપણું" તથા "न्"નું દ્વિત્વ વગેરે કાર્યો પણ થશે નહીં. હવે "राजवाक्" પ્રયોગમાં વૃત્તિનાં અંતભાગમાં પદસંજ્ઞાનો નિષેધ થયો હોવાથી પૂર્વભાગમાં તો પદપણું પ્રાપ્ત થાય જ છે. માટે, "न्"નો લોપ થાય છે. તથા અવયવ આશ્રિત "राजवाक्" શબ્દમાં વૃત્તિનાં અંતભાગમાં પદપણાંનો નિષેધ થાય છે, તો પણ સમુદાયની વિભક્તિને (સિ) આશ્રિત એવું પદપણું તો થાય જ છે. માટે પદને અંતે "च्"નો "क्" થયો છે.

(न्या०स०) वाक्-त्वक्-स्रुच इति–अत्र वाक्शब्दापेक्षया त्वक्शब्दो वृत्त्यन्त इति परस्याऽऽशयः ।

અનુવાદ :- અહીં "वाक्" શબ્દની અપેક્ષાએ "त्वक्" શબ્દ વૃત્તિનો અંતભાગ છે એવો અન્યનો આશય છે. માટે અન્યો "त्वक्"માં પણ પદસંજ્ઞાની પ્રાપ્તિનો નિષેધ બતાવવા માંગે છે, જેનો ગ્રંથકાર નિષેધ કરે છે.

त्वक्-त्वचमिति-अत्र समासान्ते कृते वृत्तिरकारान्ता भवति; न च तत्र त्वगिति वृत्त्यन्तः, ततः "वृत्त्यन्तोऽसषे" [१.१.२५.] इति पदत्वप्रतिषेधस्त्वचो न प्राप्नोति । समाधत्ते-**उच्यत** इत्यादिना । **अयमर्थः**-समासात् समासान्तो विधीयमानस्तस्यैवान्तत्वं व्याहन्ति, न तु तदवयवस्य त्वचः, तस्य समासावयवत्वात्, नहि समुदायावयवोऽवयवस्यावयवो भवति । यद्वेत्थं व्याख्या-समासशब्देन समासावयवोऽभिधीयते, ततः समासावयवात् त्वचः समासान्तो विधीयत इति भवत्ववृत्त्यन्तत्वं त्वचस्तथापि सित्येवेति नियमेन पदत्वं निवर्त्यत इति भावः । अथवा समासात् परः समासान्तो विधीयते, ततः स्यादेः पूर्वस्त्वच एव परो भवति, इति अस्तु अवृत्त्यन्तत्वं त्वचः, तत्र च पदत्वप्राप्तिरेव नास्तीति कत्वाभाव इति । समासशब्दस्तु लक्ष्यवशात् क्वचित् समासावयवं क्वचित् समासं चाऽऽहेति । **दधिसेगि**ति-सिञ्चतीति विच् (सेक्,) ततो दध्नः सेगित्येव कार्यम्, दधि सिञ्चतीति तु न, यतः 'सोपपदात् सिचो विज् नेष्यते' इति न्यासः ॥२५॥

અનુવાદ :- ઉપરોક્ત તમામ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસમાં આવી ગયેલ છે.

॥ पञ्चविंशतितमम् सूत्रम् समाप्तम् ॥

❋ ❋ ❋

सूत्रम् - सविशेषणमाख्यातं वाक्यम् । १ । १ । २६ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

त्याद्यन्तं पदमाख्यातम् । साक्षात् पारम्पर्येण वा यान्याख्यातविशेषणानि तैः प्रयुज्यमानैरप्रयुज्यमानैर्वा सहितं प्रयुज्यमानमप्रयुज्यमानं वाऽऽख्यातं वाक्यसंज्ञं भवति ।

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

"ति" વગેરે અંતવાળું પદ આખ્યાત કહેવાય છે. સાક્ષાત્ અથવા તો પરંપરાથી જે આખ્યાતનાં વિશેષણો છે. તે વિશેષણો સહિત અથવા તો અધ્યાહાર (અપ્રયોગ કરાયેલાં) એવા વિશેષણો સહિત એવું આખ્યાત, વાક્ય સંજ્ઞાવાળું થાય છે. આ આખ્યાત પણ પ્રયોગમાં આવેલું હોય અથવા તો પ્રયોગમાં ન આવેલું હોઈ શકે છે.

(त०प्र०) धर्मो वो रक्षतु । धर्मो नो रक्षतु । साधु वो रक्षतु । साधु नो रक्षतु । उच्चैर्वो वदति । उच्चैर्नो वदति । भोक्तुं त्वा याचते । भोक्तुं मा याचते । शालीनां ते ओदनं ददाति । शालीनां मे ओदनं ददाति ।

અનુવાદ :- ધર્મ તમને રક્ષો. ધર્મ અમારી રક્ષા કરો. સાધુ તમારું રક્ષણ કરો. સાધુ અમને રક્ષો. તે મોટા અવાજથી તમને બોલે છે. તે મોટા અવાજથી અમને બોલે છે. તે ખાવા માટે તારી પાસે માંગે છે. તે ખાવા માટે મારી પાસે માંગે છે. તે શાલિ પ્રકારનાં ભાતને તમને આપે છે. તે શાલિ પ્રકારનાં ભાતને અમને આપે છે.

ઉપરનાં તમામ પ્રયોગોમાં આખ્યાતનો પ્રયોગ પણ થયેલ છે. તથા વિશેષણનો પ્રયોગ પણ થયેલ છે.

(त०प्र०) अप्रयुज्यमानविशेषणम्-लुनीहि३, पृथुकाँश्च खाद । पुनीहि३, सक्तूंश्च पिब । अप्रयुज्यमानमाख्यातम्-शीलं ते स्वम् । शीलं मे स्वम् । अर्थात् प्रकरणाद् वाऽऽख्यातादेर्गतावप्रयोगः ।

અનુવાદ :- વિશેષણનો (કારકોનો) પ્રયોગ જ્યાં નથી થતો તેવાં પ્રયોગો બતાવે છે. "ક્યારામાંથી ઘઉંને લણ અને પૌંઆને તું ખા." આ પ્રયોગોમાં ઘઉં, ક્યારો, તું વગેરે કારકોનો પ્રયોગ થતો નથી. "તું જીવનને પવિત્ર કર" અને "તું સક્તુને (જવની રાબને) પી." અહીં પણ કારક સ્વરૂપ વિશેષણોનો પ્રયોગ થયો નથી.

આખ્યાતનો પ્રયોગ ન થયો હોય એવા પ્રયોગો બતાવે છે. શીલ તારું ધન છે. શીલ મારું ધન છે. અહીં "अस्ति" સ્વરૂપ આખ્યાત અધ્યાહાર છે અર્થાત્ પ્રયોગ કરાયેલ નથી. અર્થથી અથવા તો પ્રકરણથી આખ્યાત વગેરેની પ્રાપ્તિ થઈ જતી હોવાથી પ્રયોગોમાં આખ્યાત વગેરેનો પ્રયોગ કરાયો નથી.

(त०प्र०) लोकादेव वाक्यसिद्धौ साकाङ्क्षत्वेऽप्याख्यातभेदे वाक्यभेदार्थं वचनम्, आख्यातमित्यत्रैकत्वस्य विवक्षितत्वात् । तेन ओदनं पच, तव भविष्यति, मम भविष्यति; पच, तव भविष्यति, मम भविष्यति; ओदनम्, तव भविष्यति, मम भविष्यतीत्यादौ श्रूयमाणे गम्यमाने वाऽऽख्यातान्तरे भिन्नवाक्यत्वाद् वस्-नसादयो न भवन्ति । लौकिके हि वाक्येऽङ्गीक्रियमाणे आख्यातभेदेऽप्येकवाक्यत्वाद् वस्-नसादयः प्रसज्येरन्निति ।

અનુવાદ :- લોકથી જ (શિષ્ટપુરુષોથી જ) વાક્યની સિદ્ધિ થયે છતે ફરીથી આ વ્યાકરણમાં

વાક્યસંજ્ઞાનું પ્રયોજન શું છે ? એનાં અનુસંધાનમાં "આચાર્ય ભગવંત" જણાવે છે કે જ્યારે જ્યારે આકાંક્ષા હોય ત્યારે આખ્યાતનાં ભેદથી વાક્યનો પણ ભેદ થાય છે. એવું જણાવવા માટે વાક્યસંજ્ઞાનું આ સૂત્ર છે. સૂત્રમાં "आख्यातम्" એ પ્રમાણે એકવચનનો નિર્દેશ કર્યો છે. તેનાથી જણાય છે કે, દરેક આખ્યાત સાથે વાક્યસંજ્ઞા ભિન્ન ભિન્ન થશે. આ પ્રમાણે આખ્યાત પ્રમાણે ભિન્ન ભિન્ન વાક્ય થવાથી નીચેનાં પ્રયોગમાં "वस्-नस्" વગેરે આદેશો થતાં નથી. જેમ કે "ओदनं पच" તું ભાતને રાંધ. પછી "तव भविष्यति ।" તારું તે થશે. આ ભિન્ન વાક્ય થવાને કારણે "पच" સ્વરૂપ પદથી પર રહેલાં "तव"નો "ते" આદેશ થતો નથી. જો ભિન્ન ભિન્ન આખ્યાતો હોતે છતે પણ એક જ વાક્ય ગણાત તો "पच" સ્વરૂપ પદથી પર "तव"નો "ते" આદેશ થાત.

એ જ પ્રમાણે "मम भविष्यति ।" "તે મારું થશે. તું રાંધ. તે તારું થશે, તે મારું થશે, (તું રાંધ) ભાતને. તે તારું થશે, તે મારું થશે" વગેરે પ્રયોગોમાં અન્ય આખ્યાત સંભળાતું હોય અથવા તો અધ્યાહારથી હોય તો પણ ભિન્ન વાક્યપણું થાય છે અને ભિન્ન વાક્યપણું થવાથી "वस्-नस्" વગેરે આદેશો થતા નથી. "वस्-नस्" વગેરે આદેશો પદથી પર "युष्मद्" અને "अस्मद्"નાં રૂપો એકવાક્યમાં હોય તો જ થઈ શકે છે. અહીં તો ભિન્ન ભિન્ન આખ્યાત પ્રમાણે વાક્યો પણ ભિન્ન ભિન્ન છે. માટે "वस्-नस्" વગેરે આદેશો થતાં નથી. જો લોક સંબંધી વાક્યસંજ્ઞા જ સ્વીકારી હોત તો આખ્યાતનો ભેદ હોત તો પણ એક જ વાક્યસંજ્ઞા થાત અને તેમ થતાં "वस्-नस्" વગેરે આદેશોનો પ્રસંગ આવત.

(त०प्र०) कुरु कुरु नः कटमित्यादौ तु कृते द्विर्वचनेऽर्थाभेदादेकमेवाख्यातमित्येकवाक्यत्वाद् वस्-नसादयो भवन्ति । वाक्यप्रदेशाः-"पदाद् युग्विभक्त्यैकवाक्ये वस्-नसौ बहुत्वे" [२.१.२१.] इत्यादयः ॥२६॥

અનુવાદ :- "તુ અમારી કટને કર." અહીં આખ્યાતનો પ્રયોગ બે વાર થયો છે. છતાં પણ અર્થનો અભેદ હોવાથી એક જ આખ્યાત છે. માટે એક આખ્યાતની અપેક્ષાએ એક જ વાક્યપણું થવાથી એક વાક્યમાં પદથી પર वस्-नस् વગેરે આદેશો થાય છે. વાક્યસંજ્ઞાનાં ઉદાહરણ સ્થળો "पदाद् युग्विभक्त्यैकवाक्ये वस्-नसौ बहुत्वे" (૨/૧/૨૧) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

सविशेषणेत्यादि-"शिष्लृंप् विशेषणे" इत्यस्माद् विपूर्वाद् विशिष्यतेऽन्यतो व्यवच्छिद्यते विशेष्यं येन "करणाधारे" [५.३.१२९.] इत्यनटि विशेषणम्, सह विशेषणेन वर्तते "सहस्य सोऽन्यार्थे" [३.२.१४३.] इति सादेशे **सविशेषणम्** ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

"शिश्लृंप् विशेषणे" शिष् ધાતુ પાંચમા ગણનો વિશેષણ અર્થમાં છે. જેનાથી વિશેષ્ય અન્યથી વ્યવચ્છેદ (ભિન્ન) કરાય છે એ અર્થમાં "वि" ઉપસર્ગપૂર્વક "शिष्" ધાતુને 'करणाधारे' (૫/૩/૧૨૯) સૂત્રથી 'अनट्' પ્રત્યય થતાં 'विशेषणम्' શબ્દ પ્રાપ્ત થાય છે.

હવે 'વિશેષણની સાથે વર્તે છે.' એ પ્રમાણે સહાર્થ બહુવ્રીહિ સમાસ થતાં 'सह'નો 'स' આદેશ "सहस्य सोऽन्यार्थे' (૩/૨/૧૪૩) સૂત્રથી થઈને 'सविशेषणम्' સ્વરૂપ સામાસિક શબ્દ બને છે, જેનો અર્થ વિશેષણ સહિત થશે. સંપૂર્ણ અર્થ આ પ્રમાણે થશે. વિશેષણ સહિત એવું આખ્યાત વાક્યસંજ્ઞાવાળું થાય છે.

(श०न्या०) आख्यायते साध्यार्थाभिधायितया कथ्यते स्मेति क्ते **आख्यातं** क्रियाप्रधानम्, तच्च **त्याद्यन्तमि**ति । क्रियोपलक्षणं चैतत्, तेन 'देवदत्तेन शयितव्यम्' इत्याद्यपि वाक्यं भवति, तत्र साधनव्यापारस्य क्रियार्थतया प्रतीतेः, 'कारकः' इत्यादौ च शब्दशक्तिमाहात्म्यात् साधनव्यापारस्य प्राधान्यं क्रियायास्तदुपलक्षणत्वेन व्यापाराद्; अयमेव कृदाख्यातयोर्भेद इत्याह- **त्याद्यन्तं पदमि**त्यादि ।

અનુવાદ :- હવે 'आख्यात' પદનો અર્થ જણાવે છે : સાધ્યઅર્થને કહેવાવાળાપણાંથી જે કહેવાય છે એ અર્થમાં 'आ +ख्या' ધાતુને ભાવમાં 'क्त' લાગવાથી 'आख्यातम्' શબ્દ પ્રાપ્ત થાય છે. અહીં સાધ્ય અર્થથી ક્રિયા આવશે. જાતિ અને ગુણ સિદ્ધ જ હોય છે. 'शुक्ला गौः चलति' પ્રયોગમાં 'शुक्ल' ગુણ તો ગાયમાં પહેલેથી જ હતો. 'गोत्व' જાતિ પણ પહેલેથી જ સિદ્ધ હતી. પરંતુ ચાલવાની ક્રિયા અત્યારે 'गौ' માટે સાધ્ય છે. આથી ચાલવાની ક્રિયા સ્વરૂપ પદાર્થ એ સાધ્યાર્થ છે. જ્યારે गोत्व જાતિ અને शुक्ल ગુણ એ સિદ્ધાર્થ છે. અહીં સાધ્યાર્થનું કથન 'चलति' ક્રિયાપદ કરે છે. આથી 'चलति' એ આખ્યાત કહેવાય છે. જાતિરૂપ ધર્મ પદાર્થની સત્તાને બતાવે છે. તથા ગુણરૂપ ધર્મ સમાન એવા વિદ્યમાન પદાર્થોથી વ્યાવૃત્તિ કરાવનારો પદાર્થમાં જ સત્તા સ્વરૂપે રહેલો હોય છે. गोत्व એ પદાર્થની સત્તાને બતાવનારો જાતિરૂપ ધર્મ છે. જ્યારે પ્રાપ્ત થયેલી સત્તાવાળી એવી गोत्वજાતિને સમાન એવી અન્ય गोत्वને ભિન્ન કરનાર 'शुक्ल' ગુણ છે. આ પ્રમાણે આ બંને સિદ્ધાર્થ કહેવાશે.

आख्यात હંમેશાં ભાવપ્રધાન હોય છે. ભાવપ્રધાન એટલે ક્રિયાપ્રધાન. જેના દ્વારા હોવું થાય છે તે ક્રિયા છે. જેમ કે ચાલવા દ્વારા, દોડવા દ્વારા જે થવું તે ક્રિયા છે. ક્રિયાનાં ઉપલક્ષણથી સિદ્ધ ક્રિયાને પણ ક્રિયા કહેવાશે. જે कृत् પ્રત્યયોથી ઉક્ત થાય છે તે જાણે કે સિદ્ધ ક્રિયા જેવી જ જણાય છે. દા.ત. દેવદત્તવડે સૂવા યોગ્ય છે. અહીં સૂવાની ક્રિયા જાણે કે સિદ્ધ પદાર્થ સ્વરૂપ

બની ગઈ છે. માટે જ એને સ્યાદિ વિભક્તિનાં પ્રત્યયો લાગે છે. આમ તો એ સત્ત્વ સ્વરૂપ નથી, છતાં પણ સત્ત્વ સ્વરૂપ હોય એવું પ્રતીત થાય છે. આ સિદ્ધ ક્રિયા પણ જાણે કે સાધ્ય ક્રિયા છે. આથી સિદ્ધ ક્રિયાની પ્રધાનતાવાળું પણ વાક્ય કહેવાય છે. ક્રિયા જ્યારે સ્યાદિ વિભક્તિનાં પ્રત્યયોને યોગ્ય થઈ જાય છે ત્યારે એ નામ સ્વરૂપને પ્રાપ્ત થાય છે. કારણ કે આ સિદ્ધ ક્રિયા જાણે કે સત્ત્વ સ્વરૂપ બની ગઈ છે. માટે જ નામસંજ્ઞાને પ્રાપ્ત કરે છે. આમ થવાથી त्यागः, त्यागौ વગેરે રૂપો ચાલે છે, પરંતુ છે તો ક્રિયા જ. આ સિદ્ધ ક્રિયા એ પોતાનાં સ્વરૂપથી સંપૂર્ણ ક્રિયા નથી. માટે જ એને ક્રિયાનું ઉપલક્ષણ કહ્યું છે. હવે સાધનનો અર્થ કારક થશે. સિદ્ધ ક્રિયામાં કારકનો વ્યાપાર ક્રિયાના અર્થ તરીકે જણાય છે. માટે સિદ્ધ ક્રિયા સ્વરૂપ આખ્યાત જો વિશેષણ સહિત હોય તો પણ વાક્ય કહેવાય છે.

હવે કૃત્ અને આખ્યાતમાં ભેદ શું છે એ બતાવે છે. कारकः, पाचकः વગેરે પ્રયોગોમાં કરનારો, રાંધનારો વગેરે સત્ત્વ સ્વરૂપ પદાર્થ પણ છે. તથા કરવું, રાંધવું સ્વરૂપ ક્રિયા પણ છે. અહીં કોની પ્રધાનતા માનવી ? ક્રિયાની કે કારકની ? આ જિજ્ઞાસાનાં અનુસંધાનમાં આચાર્ય ભગવંતશ્રી લખે છે કે શબ્દશક્તિનાં માહાત્મ્યથી कारकः વગેરે પ્રયોગોમાં કારકનાં વ્યાપારની જ પ્રધાનતા છે. ક્રિયા માત્ર તે તે કર્તાનાં ઉપલક્ષણથી વ્યાપારવાળી થાય છે. આમ, આખ્યાતમાં માત્ર ક્રિયાની જ પ્રધાનતા હોય છે. જ્યારે કૃદન્તમાં કારકની પ્રધાનતા પણ હોઈ શકે છે. મુખ્ય ભેદ આ બંને ક્રિયા વચ્ચે ઉપર જણાવ્યા પ્રમાણે હોવાથી આચાર્ય ભગવંતશ્રીએ બૃહદ્વૃત્તિ ટીકામાં લખ્યું છે કે ત્યાદિ અંતવાળું પદ જ આખ્યાત કહેવાય છે.

ઉપર કારક વગેરે પ્રયોગોમાં જે કારકની પ્રધાનતા બતાવી તેમાં મુખ્ય કારણ આ પ્રમાણે છે. કર્તા હાજર થાય છે તો કરવું વગેરે ક્રિયા છે. જો કર્તા જ ન હોય તો કરવું વગેરે ક્રિયા પણ કેવી રીતે હોઈ શકે ? અહીં કર્તાને પરાધીન એવી ક્રિયા જ જણાય છે. સ્વયં ક્રિયા કર્તાને ખેંચી લાવતી નથી. માટે कारकः, पाचकः વગેરે પ્રયોગોમાં કારકનાં વ્યાપારની જ પ્રધાનતા છે. ક્રિયા એ સાધનનાં ઉપલક્ષણપણાંથી વ્યાપારવાળી થાય છે.

(शन्या०) ननु साव्ययं सकारकं सकारकविशेषणं सक्रियाविशेषणं चाख्यातं वाक्यमिति वक्तव्यम् । साव्ययं यथा-उच्चैर्न पठतीति, सकारकम्-ओदनं पचतीति, सकारकविशेषणम्-मृदु विशदमोदनं पचति, देवदत्त ! गामभ्याज शुक्लां दण्डेनेति, सक्रियाविशेषणम्-सुष्ठु पचति । न वक्तव्यम्-सर्वाण्येतानि क्रियाविशेषणानि, किञ्चिद् विशेषणं साक्षाद् भवति, किञ्चित् पारम्पर्येण, तदपि किञ्चित् प्रयुज्यमानं किञ्चिदप्रयुज्यमानम्, सामान्यनिर्देशेन च सर्वस्यापि परिग्रह इत्याह-**साक्षादित्यादि**-यत् क्रियायाः साधनस्य वा तदतदात्मनोऽतद्रूपादव्यवधानेन व्यवच्छेदकं

क्वचित् तत् साक्षाद् विशेषणम् । यत् तद्विशेषणस्य विशेषणं तत् पारम्पर्येण, तदपि तद्विशिष्टेन त्याद्यन्तं विशिष्यत इति तद्विशेषणेऽपि नियोगात् तस्य विशेषणं भवत्येवेति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- અવ્યય સહિત આખ્યાત, કારક સહિત આખ્યાત, કારક વિશેષણ સહિત આખ્યાત અને ક્રિયાવિશેષણ સહિત આખ્યાત વાક્ય સંજ્ઞાવાળું થાય છે એ પ્રમાણે કહેવા યોગ્ય છે.

અવ્યય સહિત આખ્યાતનું ઉદાહરણ આ પ્રમાણે છે. તે મોટેથી ભણતો નથી. કારક સહિત આખ્યાતનું ઉદાહરણ આ પ્રમાણે છે. તે ભાતને રાંધે છે. અહીં "ओदन" એ કારક છે અને વિશેષ્ય જે છે તે આખ્યાત પદ "पचति" સ્વરૂપ છે. હવે "सकारकविशेषणम् आख्यातम्"નું ઉદાહરણ આપે છે. "मृदु विशदमोदनं पचति" તે પોચા એવા સ્વચ્છ ભાતને રાંધે છે. અહીં "मृदु" અને "विशदम्" બંને ओदनं સ્વરૂપ કારકના વિશેષણો છે અને "पचति" એ આખ્યાત પદ છે. આથી આ કારક વિશેષણ સહિત એવું આખ્યાત પદ કહેવાશે.

કારક વિશેષણ સહિત એવું આખ્યાતનું બીજું ઉદાહરણ આપે છે. હે દેવદત્ત ! તું દંડવડે સફેદ ગાયને હાંકીને લાવ. અહીં ગાય પદ કર્મકારક છે તથા "शुक्लाम्" પદ એ કર્મ કારકનું વિશેષણ છે અને કર્તા કારક તરીકે દેવદત્ત છે. અગાઉના ઉદાહરણમાં પણ કર્મ કારકનું જ વિશેષણ હતું. આ ઉદાહરણ પણ કર્મકારક વિશેષણવાળું જ છે.

હવે, ક્રિયા વિશેષણ સહિત ક્રિયાનું ઉદાહરણ આપે છે તે સારુ રાંધે છે. અહીં "पचति" સ્વરૂપ ક્રિયાનું "सुष्ठु" વિશેષણ છે તથા "पचति" એ આખ્યાત પદ છે. આથી આખ્યાતપદનું "सुष्ठु" એ વિશેષણ હોવાથી સક્રિયા વિશેષણ સંબંધી આ ઉદાહરણ છે.

આમ, જોવા જઈએ તો ઉપરના બધા ઉદાહરણો ક્રિયાના વિશેષણવાળા જ કહેવાય છે. પરંતુ આવું કહેવું નહીં. કેટલાક ક્રિયાના સાક્ષાત્ વિશેષણો બને છે તથા કેટલાક ક્રિયાના પરંપરાએ વિશેષણો બને છે. ક્રિયાના જે સાક્ષાત્ વિશેષણો હોય અથવા તો પરંપરાએ વિશેષણો (કારક અવ્યય વગેરે બધા જ વિશેષણો કહેવાય છે એવી અપેક્ષાવાળું આ વિશેષણ સ્વરૂપ પદ છે.) હોય એ કેટલાક પ્રયોગ કરાયેલા હોઈ શકે છે અથવા તો કેટલાક પ્રયોગ કરાયેલા ન પણ હોઈ શકે. અહીં સૂત્રમાં વિશેષણ પદનો સામાન્યથી નિર્દેશ હોવાથી સાક્ષાત્ અથવા તો પરંપરા સંબંધી બધા જ વિશેષણો ગ્રહણ કરી શકાશે.

"तद्" સ્વરૂપ ક્રિયા અથવા તો સાધનનું તથા "अतद्" સ્વરૂપ ક્રિયા અથવા સાધનનું અવ્યવધાનથી જે વ્યવચ્છેદક (ભેદક) હોય તે સાક્ષાત્ વિશેષણ કહેવાય છે. અહીં ક્રિયા અથવા સાધનનું જે કોઈ સ્વરૂપ હોય તે "अतद्" રૂપથી વ્યાવર્તિત થાય છે. જે આવા સ્વરૂપવાળું હોય

તે સાક્ષાત્ વિશેષણ કહેવાય છે તથા વિશેષણનું જે વિશેષણ હોય તે પરંપરાથી વિશેષણ છે. આ જ વસ્તુને આપણે ઉદાહરણથી સમજીએ "रक्तो घटो अस्ति" અહીં "अस्ति" ક્રિયા છે અને એ "अस्ति" ક્રિયાનું જ तद् સ્વરૂપ વિશેષણ घटः છે તથા એ જ घटःનું रक्तः એ तद् સ્વરૂપ વિશેષણ છે. હવે तद् સ્વરૂપ સાધન એ घटः છે એને અવ્યવધાનથી પૃથક્ કરનાર "रक्तः" એ વિશેષણ છે. "रक्तः" વિશેષણ એ ઘટને "अतद्" રૂપથી વ્યાવર્તિત કરે છે અર્થાત્ रक्तः એ रक्तःથી ભિન્ન नीलः, पीतः વગેરે તમામ ઘટોથી આ ઘટને વ્યાવર્તિત કરે છે. તે જ પ્રમાણે घटो अस्ति અહીં अस्ति ક્રિયા એ ઘટની तद् સ્વરૂપ ક્રિયા કહેવાય છે. આ अस्ति ક્રિયાનું વ્યાવર્તક नास्ति ક્રિયા છે, જે अतद् સ્વરૂપથી છે. આથી पटो नास्तिમાં જે पट છે તે घटो अस्ति સ્વરૂપ ક્રિયાનું વ્યાવર્તક બનશે. વિશેષણનું વિશેષણ મુખ્ય વિશેષણને વિશેષિત કરશે અને તેનાથી વિશિષ્ટ त्याद्यन्त પદ થશે. આથી "आख्यात"ના વિશેષણમાં પણ નિયમથી વિશેષણપણું થાય છે.

(श०न्या०) "धृंग् धारणे" दुर्गतौ पतन्तं जन्तुसन्तानं धरति "अर्तीरिस्तु-सु-हु०" [उणा० ३३८.] इति मे **धर्मः**, "रक्ष पालने" पञ्चम्यास्तुवि शवि च **रक्षतु**, "राधं साधंट् संसिद्धौ" "कृवा-पा-जि०" [उणा० १.] इत्युणि **साधुः** । "वद व्यक्तायां वाचि" तिवि **वदति** । तत्र '**धर्मः**' इत्यादि साक्षात् समानाधिकरणं विशेषणम्, कर्तुस्तिवादिप्रत्ययेनाभिधानात् । '**वो नः**' इति कर्म साक्षाद् व्यधिकरणं विशेषणम्, कर्मणस्तिवादिनाऽनभिधानाद्, इति त्याद्यन्तं वाक्यम्, तत्र पदाद् वस्-नसादिर्भवति, एवमन्यत्रापि । "भुजंप् पालनाभ्यवहारयोः" भोजनाय "क्रियायां क्रियार्थायां तुम्०" [५.३.१३.] इति तुमि उपान्त्यगुणे **भोक्तुम्**, "डुयाचृग् याञ्चायाम्" वर्तमानायास्तेप्रत्यये शवि च **याचते** । **(शालीनामिति-)** "शल गतौ" शलन्ति-आशु वृद्धिं गच्छन्ति "कमि-वमि-जमि-घसि-शलि०" [उणा० ६१८.] इति णिदिप्रत्यये शालिः, **(ओदनमिति-)** "उन्दैप् क्लेदने" उनत्ति खरविशदरूपेण विक्लेदं गच्छति "उन्देर्नलुक् च" [उणा० २७१.] इत्यने नलुकि गुणे च ओदनः, "डुदांग्क् दाने" तिवि "हवः शिति" [४.१.१२.] इति द्वित्वे ह्रस्वे **ददाति** । ओदनस्य साक्षाद् विशेषणस्य विशेषणत्वाच्छालीनामिति पारम्पर्येण विशेषणम् । "लूग्श् छेदने", "पूग्श् पवने" हौ "क्र्यादेः" [३.४.७९.] इति श्नाप्रत्यये "प्वादेर्ह्रस्वः" [४.२.१०५.] इति ह्रस्वे "एषामीर्व्यञ्जनेऽदः" [४.२.९७.] इतीत्वे वाक्यत्वात् "क्षियाशीः प्रैषे" [७.४.९२.] इति प्लुते च **लुनीहि ३, पुनीहि ३** इति । **(पृथुकानिति-)** "प्रथिष् प्रख्याने" "कञ्चुकांशुकनंशुक०" [उणा० ५७.] इति निपातनात् पृथुक इति, "खादृ भक्षणे" हौ शवि "अतः प्रत्ययाल्लुक्" [४.२.८५.] इति हेर्लुकि च **खाद** । "षचि सेचने" "कृ-सि-कम्यमि-गमि-तनि०" [उणा० ७७३.] इति तुनि "चजः कगम्" [२.१.८६.] इति

कत्वे शसि च **सक्तून्**, "पां पाने" हौ "श्रौति-कृवु-धिवु०" [४.२.१०८.] इति पिबादेशे च **पिब** । अत्र केदारादेर्विशेषणस्याप्रयुज्यमानत्वेऽपि 'लुनीहि' इत्याद्याख्यातस्य वाक्यत्वात् प्लुतः सिध्यति ।

અનુવાદ :- હવે, દરેક ઉદાહરણોની વ્યુત્પત્તિ બતાવવા દ્વારા ચર્ચા કરે છે. "धृंग्" ધાતુ "ધારણ કરવું" અર્થમાં "પહેલા" ગણનો છે. "દુર્ગતિમાં પડતી એવી પ્રાણી પરંપરાને જે ધારણ કરે છે." એ અર્થમાં "अर्तीरि-स्तु-सु-हु..." (उणा० ૩૩૮) સૂત્રથી "धृ" ધાતુને "म" પ્રત્યય થતાં "धर्म" શબ્દ નિષ્પન્ન (પ્રાપ્ત) થાય છે. "પાલન કરવા" અર્થવાળો "रक्ष्" ધાતુ પહેલા ગણનો છે. આ "रक्ष्" ધાતુને આજ્ઞાર્થનો "तुव्" પ્રત્યય થતાં "शव्" પ્રત્યય આવે છે અને એમ કરવા દ્વારા "रक्षतु" પ્રયોગ સિદ્ધ થાય છે. "सम्यग् सिद्धि" અર્થવાળો "साधंद्" ધાતુ પાંચમાં ગણનો છે. જેને "कृ-वा-पा..." (उणादि० ૧) સૂત્રથી "उण्" પ્રત્યય થતાં "साधु" શબ્દ પ્રાપ્ત થાય છે. "વ્યક્તવાણી" અર્થમાં "वद्" ધાતુને "तिव्" પ્રત્યય થતાં "वदति" રૂપ થાય છે. ત્યાં "धर्म" એ પ્રમાણે સાક્ષાત્ સમાનાધિકરણ સ્વરૂપ વિશેષણ છે. અર્થાત્ ક્રિયાપદની સાથે (रक्षतु) "साधु" સ્વરૂપ કારકની પ્રધાનતા છે. અને "तिव्" વગેરે પ્રત્યયથી એનું અભિધાન (કથન) થાય છે. માટે "धर्म" એ સાક્ષાત્ વિશેષણ છે. "वस्" અને "नस्" એ કર્મ હોવાથી સાક્ષાત્ એવું વ્યધિકરણ સ્વરૂપ વિશેષણ છે. કર્મ "तिवादि" પ્રત્યયવડે કથન કરાતું નથી. માટે વ્યધિકરણ સ્વરૂપ વિશેષણ છે. એ પ્રમાણે વિશેષણ સહિત એવું "त्यादि" અંતવાળું જે છે તે વાક્ય કહેવાય છે અને ત્યાં પદથી પર એકવાક્યમાં "युष्मद्" અને "अस्मद्"નાં "અનુક્રમે" "वस्-नस्" વગેરે આદેશો થાય છે. એ પ્રમાણે અન્ય ઉદાહરણોમાં પણ સમજી લેવું.

"ખાવા" અર્થવાળો "भुज्" ધાતુ સાતમા ગણનો છે. ખાવા માટે એવા અર્થમાં "क्रियायां क्रियार्थायां तुम्..." (૫/૩/૧૩) સૂત્રથી "तुम्" પ્રત્યય થાય છે. "भुज्" ધાતુને "तुम्" પ્રત્યય થતાં અને ઉપાન્ત્યનો ગુણ થતાં "भोक्तुम्" પદની પ્રાપ્તિ થાય છે. "માંગવા" અર્થવાળાં "याच्" ધાતુને વર્તમાના વિભક્તિનો "ते" પ્રત્યય થતાં "शव्" પ્રત્યય થઈને "याचते" રૂપ થાય છે.

હવે "शालीनाम्"ની વ્યુત્પત્તિ બતાવે છે. "गति" અર્થવાળો "शल्" ધાતુ પહેલા ગણનો છે. જલ્દીથી જે વૃદ્ધિને પ્રાપ્ત કરે છે એવા અર્થમાં "कमि-वमि-जमि..." (उणादि० ૬૧૮) સૂત્રથી "ण् इत्"વાળો "इ" પ્રત્યય થતાં "शालिः" શબ્દની પ્રાપ્તિ થાય છે. જેનું ષષ્ઠી બહુવચનનું રૂપ "शालीनाम्" થાય છે.

"ભીનું કરવા" અર્થમાં "उन्द्" ધાતુ સાતમા ગણનો છે. "ખર (કઠણ) એવા સ્વચ્છ સ્વરૂપથી જે પોચાશને પ્રાપ્ત કરે છે" એવા અર્થમાં "उन्द्" ધાતુને "उन्देर्नलुक् च" (उणादि० ૨૭૧) સૂત્રથી "अन" પર છતાં "न्"નો લોપ અને ગુણ થતાં "ओदन" શબ્દ બને છે.

"આપવું" અર્થમાં "दा" ધાતુને "तिव्" પ્રત્યય થતાં "हवः शिति" (૪/૧/૧૨) સૂત્રથી દ્વિત્વ થતાં તથા હ્રસ્વ થતાં "ददाति" રૂપની સિદ્ધિ થાય છે.

સાક્ષાત્ વિશેષણ સ્વરૂપ "ओदन"નાં વિશેષણપણાંથી "शालीनाम्" એ પ્રમાણે પરંપરાથી વિશેષણ છે.

હવે, "लुनीहि३" અને "पुनीहि३"ની સાધનિકા બતાવે છે. "लू" ધાતુ "કાપવું" અર્થમાં તથા "पू" ધાતુ "પવિત્ર કરવું." અર્થમાં નવમાં ગણનો છે. આ બંને ધાતુને "हौ क्र्यादेः" (૩/૪/૭૯) સૂત્રથી "श्ना" પ્રત્યય થાય છે. તથા "प्वादेर्ह्रस्वः" (૪/૨/૧૦૫) સૂત્રથી હ્રસ્વ થાય છે. પછી "एषामीर्व्यञ्जनेऽदः" (૪/૨/૯૭) સૂત્રથી "ईत्व" થવાથી "लुनीहि" અને "पुनीहि" રૂપ સિદ્ધ થાય છે. આ બંનેની વાક્યસંજ્ઞા થવાથી "क्षियाऽऽशीः पौषे" (૭/૪/૯૨) સૂત્રથી પ્લુત થાય છે. આથી, "लुनीहि३" અને "पुनीहि३" પ્રયોગની પ્રાપ્તિ થાય છે.

હવે, "पृथुकान्" શબ્દની સિદ્ધિ બતાવે છે. "प्रथ्" ધાતુ "કથન કરવું" અર્થવાળો પહેલા ગણનો છે. "कञ्चुकांशुकनंशुक..." (उणा० ५७) સૂત્રથી નિપાતન થવાથી "पृथुक" શબ્દ બને છે.

"खाद्" ધાતુ "ખાવા" અર્થવાળો પહેલા ગણનો છે. હવે, આજ્ઞાર્થ બીજો પુરુષનો "हि" પ્રત્યય લાગતાં "शव्" પ્રત્યય લાગે છે. હવે, "अतः प्रत्ययाल्लुक्" (૪/૨/૮૫) સૂત્રથી "हि"નો લુક્ થતાં "खाद" રૂપ સિદ્ધ થાય છે.

હવે, "सक्तून्"ની સાધનિકા બતાવે છે. "સિંચવું" અર્થવાળો "सच्" ધાતુ પહેલા ગણનો છે. આ "सच्" ધાતુને "कृसि-कम्यमि..." (उणादि० ૭૭૩) સૂત્રથી "तुन्" પ્રત્યય થતાં તેમજ "चजः कगम्" (૨/૧/૮૬) સૂત્રથી "च्"નો "क्" થતાં "सक्तु" રૂપની પ્રાપ્તિ થાય છે જેનું દ્વિતીયા બહુવચનનાં "शस्" પ્રત્યય પર છતાં "सक्तून्" રૂપ પ્રાપ્ત થાય છે.

"પીવા" અર્થવાળા "पा" ધાતુને "हि" પ્રત્યય થતાં તથા "श्रौति-कृवु-धिवु..." (૪/૨/૧૦૮) સૂત્રથી "पिब्" આદેશ થતાં "पिब" રૂપ થાય છે. "शव्" પ્રત્યય પણ લાગે છે.

આ બધા જ વાક્યોમાં "केदार" વગેરે વિશેષણનો પ્રયોગ થયો નથી. તો પણ આખ્યાતનું વાક્યપણું થવાથી "लुनीहि" વગેરેમાં "પ્લુત" પ્રાપ્ત થાય છે.

(श०न्या०) "शीङ्क स्वप्ने" शेरतेऽस्मिन् गुणा इति "शुक-शी-मूभ्यः कित्" [उणा० ४६३.] इति ले **शीलम्,** "असूच् क्षेपणे" अस्यति क्षिपति दौर्गत्यम् "प्रह्वाऽऽह्वा-यह्वा०" [उणा० ५१४.] इति वे अकारलोपे च **स्वम्** । अत्रास्तीति क्रियापदं न प्रयुज्यते, (परं तस्याप्रयुज्यमानस्यापि स्वमिति समानाधिकरणम् ।) ननु शब्दप्रयोगोऽर्थप्रतिपत्त्युपायः तस्या-प्रयुज्यमानस्यापि विशेषणविशेष्यभावेऽतिप्रसङ्गः, अप्रयुज्यमानत्वाविशेषात् सर्वं

सर्वस्य विशेषणं विशेष्यं च भवेत् । किञ्च-यद्यप्रयुज्यमानमपि शब्दरूपं विशेषणं विशेष्यं चार्थप्रतिपत्तिसमर्थं स्यात् तदाऽनर्थकः सर्वत्र तत्प्रयोगः; अत आह-**अर्थादित्यादि** । अयमर्थः-परार्थः शब्दः प्रयुज्यते, परेण च य एवार्थ आकाङ्क्षितोऽनधिगतश्च स एव प्रतिपादयित्रा शब्देन प्रतिपाद्यः, न चार्थप्रतिपत्तौ शब्द एव केवल उपायः, किन्त्वर्थप्रकरणादिरपि । यदाह स्वोपज्ञालङ्कारचूडामणौ-"वक्त्रादिवैशिष्ट्यादर्थस्यापि 'मुख्यामुख्यात्मनो' व्यञ्जकत्वम्" (वक्तृप्रतिपाद्यकाकुवाक्यवाच्यान्यासत्तिप्रस्तावदेशकाल-चेष्टादिविशेषवशाद् अर्थस्यापि मुख्यामुख्यव्यङ्ग्यात्मनो व्यञ्जकत्वम्) तथा-

"प्रस्तावादथवौचित्याद् देश-कालविभागतः ।
शब्दाच्चार्थाः प्रतीयन्ते न शब्दादेव केवलाद्" ॥१६॥ इति ।

तत्र यदोपायान्तरेणापि विशेषणं विशेष्यं वा प्रतीयते, तदाऽऽकाङ्क्षायाः पूर्णत्वादर्थस्य चाधिगतत्वान्न प्रयुज्यते तदभिधायी शब्द इत्यप्रयुज्यमानतोपपद्यते । दृश्यन्ते हि लौकिका वाक्येषु वाक्यैकदेशान् प्रयुञ्जानाः, यथा-'प्रविश' पिण्डीम्, इति । अत्र हरिः-प्रविशेति क्रिया, न च निरधिष्ठाना क्रिया प्रवर्तते, इति योग्यं साधनमुपादत्ते, इति कर्मसाधनम्; 'प्रविश गृहम्' इत्यस्य योऽर्थः पदद्वयवाच्यः स 'प्रविश'शब्देनोच्यते, तच्चं साधनं केचिदभिधेयत्वेन प्रतिपत्तारः, केचिद् गम्यमानत्वेन, पिण्ड्यां प्रवेशस्यासंभवाद् योग्यं साधनमभिधीयते गम्यते वा । एवं 'पिण्डीम्' इत्यपि 'पिण्डीं भक्षय' इत्यस्यार्थस्य वाचकः, साधनं च नान्तरेण क्रियामिति योग्यां क्रियामुपादत्ते, यथा-दधिघटादिषु पूर्णादयः क्रिया उपादीयन्ते । अर्थः प्रयोजनम्, प्रकरणं प्रस्तावः, **गतौ** बोधे सति ।

અનુવાદ :- "સૂવું" અર્થવાળો "शी" ધાતુ બીજા ગણનો છે. જેમાં "ગુણો સૂઈ જાય છે" અર્થાત્ "સ્થિર થાય છે." એ અર્થમાં "शुक-शी-मूभ्यः कित्" (उणादि० ४६३) સૂત્રથી "ल" પ્રત્યય થતાં "शीलम्" રૂપની પ્રાપ્તિ થાય છે.

"ફેંકવા" અર્થવાળો "अस्" ધાતુ ચોથા ગણનો છે. જે "દુર્ગતિમાં ફેંકે છે." એવા અર્થમાં "प्रह्वाऽऽह्व..." (उणादि० ५१४) સૂત્રથી "व" પ્રત્યય થાય છે અને "अकार"નો લોપ થાય છે તથા "स्वम्" રૂપની પ્રાપ્તિ થાય છે.

આ પ્રમાણે "शीलम् ते स्वम्" અને "शीलम् मे स्वम्" આ બંને પ્રયોગમાં આખ્યાતનો પ્રયોગ થયો નથી. આથી જ "આચાર્ય ભગવંતે" લખ્યું છે કે અહીં "अस्ति" એ પ્રમાણે ક્રિયાપદનો પ્રયોગ થયો નથી. "अस्ति" એ પ્રમાણે આખ્યાતનો પ્રયોગ ન હોવા છતાં પણ "स्वम्" એ પ્રમાણે પ્રયોગ "अस्ति" આખ્યાતનું સમાનાધિકરણ સ્વરૂપ વિશેષણ છે.

પૂર્વપક્ષ :- શબ્દનો પ્રયોગ અર્થ પ્રાપ્તિમાં કારણ છે. અર્થાત્ જ્યારે જ્યારે અર્થનો બોધ કરવો હશે ત્યારે શબ્દનો પ્રયોગ આવશ્યક થાય છે. હવે આ શબ્દનો પ્રયોગ કરવામાં ન આવ્યો હોય છતાં પણ તે તે શબ્દોને માનીને વિશેષણ અથવા તો વિશેષ્ય માનવામાં આવશે તો અતિવ્યાપ્તિ નામનો દોષ આવશે. વાક્યમાં શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો નથી. આથી, સામાન્યથી શબ્દનો અપ્રયોગ હોવાને કારણે કોઈપણ શબ્દ વિશેષણ અથવા તો વિશેષ્ય તરીકે લઈ શકાશે અને આમ થશે તો ઇષ્ટ અર્થનો બોધ થઈ શકશે નહીં.

વળી નહીં પ્રયોગ કરાયેલું એવું શબ્દસ્વરૂપ પણ જો વિશેષણ અને વિશેષ્યસ્વરૂપે અર્થની પ્રાપ્તિ માટે સમર્થ થશે, તો બધા જ સ્થાનોમાં શબ્દનાં પ્રયોગો પ્રયોજન વગરના થઈ જશે. આપત્તિઓ આ પ્રમાણે આવશે. "शीलम् ते स्वम्" પ્રયોગ હોય ત્યાં ક્રિયાપદનો પ્રયોગ થયો નથી. આથી કયું ક્રિયાપદ લખવું એનો નિર્ણય થઈ શકતો નથી. આથી બધા જ ક્રિયાપદો વિશેષ્ય તરીકે આવવાની પ્રાપ્તિ થશે. એના અનુસંધાનમાં કોઈક એમ કહે કે, એક ન્યાય પ્રમાણે જ્યાં કોઈ ક્રિયાપદ ન સંભળાતું હોય ત્યાં "अस्ति" અથવા તો "भवति" ક્રિયાપદનો પ્રયોગ સમજી લેવામાં આવે છે. આથી હવે વિશેષ્ય તરીકે કોઈપણ ક્રિયાપદ પ્રાપ્ત થવા સ્વરૂપ અતિવ્યાપ્તિ નામનો દોષ રહેશે નહીં છતાં પણ નહીં પ્રયોગ કરાયેલ એવા વિશેષણો પણ જો અર્થનો બોધ કરાવી શકતાં હોય તો "शीलम् ते स्वम्" પ્રયોગમાં "शीलम्" સ્વરૂપ કારક (કર્તા) જે વિશેષણ તરીકે છે ત્યાં વિશેષણના વિશેષણ તરીકે જો "दुष्टम् शीलम् ते स्वम्" એવું વાક્ય સમજી લેવામાં આવે તો અર્થનો અનર્થ થવાની આપત્તિ આવશે. કારણ કે શબ્દપ્રયોગ વગર પણ જો અર્થનો બોધ થઈ જશે તો કોઈપણ વિશેષણ ઉમેરી શકાશે. એ જ પ્રમાણે "पुनीहि" પ્રયોગમાં પણ "दुर्जनम् पुनीहि" તુ દુર્જનને પવિત્ર કર આવો અનર્થક શાબ્દબોધ થવાનો પ્રસંગ આવશે. આ પ્રમાણે ક્રિયાપદના સમાનાધિકરણમાં "शीलम्" શબ્દની સાથે અપ્રયુજ્યમાન એવાં "दुष्टम्" વિશેષણની પણ શક્યતા થશે. નહીં પ્રયોગ કરાયેલા શબ્દો હોય ત્યારે કોઈપણ શબ્દ વિશેષણ તરીકે ટપકી પડવાની સંભાવના ઉપસ્થિત થાય છે. આ પ્રમાણે અનિષ્ટ સ્થાનોમાં પણ અર્થ બોધની શક્યતા હોવાથી અતિવ્યાપ્તિ નામનો દોષ આવશે. બધા જ બધાના વિશેષણ અથવા તો વિશેષ્ય થવાની આપત્તિ આવશે.

તમે કહો છો કે નહીં પ્રયોગ કરાયેલા એવા શબ્દ સ્વરૂપ વિશેષણો અથવા તો વિશેષ્યો જો શાબ્દબોધ કરાવી શકતાં હોય તો બીજી નવી સમસ્યા ઊભી થશે. સર્વ સ્થાનોમાં હવે શબ્દપ્રયોગ જ અનર્થક થઈ જશે. આ બંને સમસ્યાઓને કારણે વાક્યસંજ્ઞામાં આપત્તિઓ આવે છે.

ઉત્તરપક્ષ :- ઉપરોક્ત શંકાઓને અવકાશ જ નથી. "अर्थात् प्रकरणात् वा" પંક્તિઓ દ્વારા આચાર્ય ભગવંત જવાબ આપે છે, કે જેનાથી અર્થની પ્રતીતિ થતી હોય તે સંબંધી વિશેષણ

જ લઈ શકાશે. જગતમાં દુષ્ટ શીલ તમારું ધન છે એવું કોઈ કહેતું નથી. કારણ કે અર્થથી તો આ વાક્ય પ્રશંસા સૂચક જણાય છે. આ પ્રમાણે અર્થથી અયોગ્ય વિશેષણો આપોઆપ દૂર થઈ જશે અને નહીં પ્રયોગ કરાયેલા એવા યોગ્ય વિશેષણો જ આવી શકશે. પ્રકરણથી પણ અર્થની પ્રાપ્તિ થઈ શકશે. પ્રકરણનો અર્થ પ્રસ્તાવ કરવા યોગ્ય છે. કોઈક કહે કે તમે નપાસ થયા છો. વળી, તમારી બુદ્ધિ પણ થોડી ઓછી છે, તો હવે તમે ભણી રહ્યાં. આ વાક્યમાં પ્રસ્તાવથી તો એને વધારે મહેનત કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. માટે નહીં પ્રયોગ કરાયેલા શબ્દપ્રયોગ હોતે છતે પણ અહીં એ શબ્દો જ લઈ શકાશે કે જે શબ્દો પ્રકરણથી અર્થનો બોધ કરાવી શકે. આ પ્રમાણે અર્થ વગેરેથી અપ્રયુજ્યમાન એવા તે શબ્દો જ લઈ શકાશે કે જે અર્થોનો બોધ કરાવી શકે. બાકીના અનિષ્ટ શબ્દોની આપોઆપ જ બાદબાકી થઈ જશે.

અહીં ભાવાર્થ આ પ્રમાણે છે : બીજાઓનાં માટે જ શબ્દપ્રયોગ કરાય છે. હવે બીજાઓને જે અર્થ આકાંક્ષિત હોય તથા શબ્દ વગર અર્થનો બોધ ન થતો હોય એવાં સ્થાનોમાં પ્રતિપાદન કરનારે એ શબ્દોનો જ પ્રયોગ કરવો આવશ્યક છે કે જે શબ્દો બીજાઓને આકાંક્ષિત અને નહીં જણાયેલ અર્થનો બોધ કરાવી શકે. મહાભાષ્યમાં લખ્યું છે કે अर्थप्रत्ययानार्थम् शब्दप्रयोगः (અર્થને જણાવવા માટે જ શબ્દપ્રયોગ હોય છે.) દા.ત. 'देवदत्तो ग्रामम्' અહીં સાંભળનારાઓને "દેવદત્ત ગામમાં" પછી કોઈક ક્રિયાની અપેક્ષા રહે છે. આથી પ્રતિપાદન કરનારે 'गच्छति' વગેરે કોઈપણ ક્રિયાપદ શબ્દ દ્વારા જણાવવું પડે. તો જ અર્થનો બોધ થઈ શકશે. આથી વાક્યમાં અર્થોનો બોધ કરવા માટે શબ્દો તો હોવા જ જોઈએ. પરંતુ અર્થનો બોધ કરાવવા માટે માત્ર શબ્દોનું જ કથન કરવું આવશ્યક નથી. કારણ કે અર્થ અને પ્રકરણ વગેરેથી પણ શબ્દોનો બોધ થઈ શકે છે અને તેના દ્વારા અર્થની પ્રાપ્તિ થઈ શકે છે. અહીં પ્રકરણ પછી 'आदि' શબ્દ લખ્યો છે તો એ 'आदि'થી શું લેવું ? એ સંબંધમાં 'કાવ્યપ્રકાશનાં બીજા ઉલ્લાસમાં ઓગણીસમા શ્લોકમાં ચર્ચા કરવામાં આવી છે, જે આ પ્રમાણે છે : (૧) સંસર્ગ (૨) વિપ્રયોગ (૩) સાહચર્ય (૪) વિરોધિતા (૫) અર્થ (૬) પ્રકરણ [(૫) અને (૬) ઉપર દર્શાવેલા છે.] (૭) લિંગ (ચિહ્ન) (૮) બીજા શબ્દનું સાનિધ્ય (૯) સામર્થ્ય (૧૦) ઔચિત્ય (૧૧) દેશ (૧૨) કાળ (૧૩) વ્યક્તિની જાતિ (૧૪) સ્વર.

અહીં "स्वर" પછી "आदि" શબ્દ લખ્યો છે તેના દ્વારા શ્રી હેમચંદ્રાચાર્યએ છ વધારાનાં સંજોગો ઉમેર્યા છે : (૧) અભિનય (૨) અપદેશ (૩) નિર્દેશ (૪) સંજ્ઞા (૫) ઈંગિત (૬) આકાર. આમ, વીસની સહાયથી વિશેષ અર્થનું જ્ઞાન થાય છે. અહીં શબ્દપ્રયોગ ન કરાયો હોય તો પણ અર્થનો બોધ થઈ શકશે.

કલિકાલ સર્વજ્ઞવડે કાવ્યાનુશાસનની स्वोपज्ञालङ्कारचूडामणि વૃત્તિમાં કહેવાયું છે કે વક્તા

વગેરેની વિશિષ્ટતાથી મુખ્ય અને ગૌણ અર્થનું પણ પ્રગટ કરવાપણું થાય છે. શ્લોકનો સંપૂર્ણ અર્થ કૌંસમાં આપવામાં આવ્યો છે. વક્તા, શ્રોતા, કાકુ, વાક્ય, વાચ્ય, બીજા શબ્દનું કે બીજી વ્યક્તિનું પાસે હોવું, પ્રકરણ, દેશ, કાળ, ચેષ્ટા વગેરેની વિશેષતાથી મુખ્યાર્થ અને અમુખ્યાર્થ (ગૌણાર્થ અને લક્ષ્યાર્થ) સ્વરૂપ અર્થનું પણ પ્રગટ કરવાપણું થાય છે અને આ બધાનાં ઉદાહરણો શ્રી મમ્મટાચાર્ય રચિત કાવ્યાનુશાસનનાં ત્રીજા ઉલ્લાસમાં સાડત્રીસમાં સૂત્રમાં આપવામાં આવ્યાં છે. જિજ્ઞાસુઓ માટે અમે અહીં આ ઉદાહરણો રજૂ કરીએ છીએ.

પ્રથમ "વક્તાની" વિશેષતાથી અર્થનું પ્રગટપણું થાય છે. જેનું ઉ.દા. આ પ્રમાણે છે. "અરે ! સખી તને શું કહું ? મને થોડી વાર માટે પણ આરામ કરવા માટે શાંતિ ક્યાં છે ! આટલો મોટો અને તે પણ પાણીથી ભરેલો ઘડો ઉઠાવવો તથા તેને લઈને આવવું ! અરે કેટલી થાકી ગઈ છું. પરસેવે રેબઝેબ થઈ ગઈ છું. જોરથી શ્વાસ ચાલી રહ્યો છે. જાણે કે એવું લાગે છે કે શરીરમાં બિલકુલ તાકાત જ નથી.

અહીં એક સખી બીજી સખીને પોતાની થકાવટનું વર્ણન કરી રહી છે. આ કોઈ સતી એવી સાધ્વી સ્ત્રી નથી: પરંતુ પુરુષની ઇચ્છા કરવાવાળી સ્ત્રી છે. આથી પોતાની થકાવટનું વર્ણન કરવાવાળી સ્ત્રી પોતાની રતિક્રીડા છુપાવવાનાં અભિપ્રાયવાળી છે. આથી શબ્દો ઉપરથી વક્તાની વિશેષતાને કારણે રતિક્રીડાની સ્પૃહાનું વ્યંજકપણું (પ્રગટ કરવાપણું) પ્રાપ્ત થાય છે.

"શ્રોતાની" વિશેષતાથી અર્થનાં પ્રગટપણાંનું ઉ.દા. બતાવે છે. અરે ! સખી, મારા જેવી ભાગ્યહીનને માટે કેટલી દુઃખની વાત છે કે, તને પણ હવે ઊંઘ આવતી નથી. તને પણ દુર્બળતા સતાવી રહી છે. તને પણ ચિંતા ખાઈ રહી છે. તને પણ થકાવટ અને લાંબી-લાંબી શ્વાસો પરેશાન કરી રહી છે.

આ ઉદાહરણમાં વાચ્યરૂપ અર્થ છે. એક સખી પોતાની સખીની દુર્દશામાં સહાનુભૂતિ પ્રગટ કરી રહી છે. એમાં શ્રોતાની અપેક્ષાએ આ પ્રમાણેનો અર્થ પ્રગટ થાય છે. અહીં સહાનુભૂતિ પ્રગટ કરવાવાળી સખી પોતાની સખીનાં પ્રેમી સાથે રતિસુખ પ્રાપ્ત કરી રહી છે. એ પ્રમાણે શ્રોતાને કારણે આવા વિશિષ્ટ અર્થનું પ્રગટ કરવાપણું થાય છે.

"કાકુ" સ્વરૂપ વિશેષતાથી પણ અર્થની (અન્ય અર્થની) પ્રાપ્તિ થાય છે. "કાકુ" એટલે અવાજમાં થતો ફેરફાર. અર્થાત્ શોક, ભય, ક્રોધ વગેરેને કારણે બોલનારનાં અવાજમાં જે ફેરફાર થાય છે. તેથી વાક્યોમાં વાચ્યાર્થ કરતાં જુદો જ અન્ય અર્થ (વ્યંગ્યાર્થ) પ્રગટ થાય છે.

ભીમ પોતાનાં ભાઈ સહદેવને કહી રહ્યો છે કે અરે સહદેવ ! આપનાં પૂજ્ય એવાં યુધિષ્ઠિરને ખબર નથી કે દ્રૌપદીને દુર્યોધનની રાજસભામાં શું-શું વીતી રહી છે ? શું યુધિષ્ઠિરને એ ખબર નથી કે વૃક્ષોની છાલવાળા વસ્ત્રો પહેરીને વાઘ વગેરેની સાથે વનમાં કેટલાય સમયથી આપણે

ભટકવું પડી રહ્યું છે ? વળી, વિરાટ રાજાનાં ઘરે કેટલી બધી અપમાનજનક સ્થિતિમાં રહેવું પડ્યું હતું ? બસ, એ યુધિષ્ઠિરને તો મારી ઉપર જ ક્રોધ કરવો છે. યુધિષ્ઠિર આજે પણ કૌરવો ઉપર કેવી રીતે ક્રોધ કરી શકશે ?

અહીં વાચ્યરૂપ અર્થ તો એવો જણાય છે કે કૌરવો પ્રત્યે યુધિષ્ઠિરને તિરસ્કાર ભાવ ઉઠતો નથી. પરંતુ ભીમની ધ્વનિનાં ફેરફારથી નવો અર્થ પ્રગટ થાય છે જે આ પ્રમાણે છે. યુધિષ્ઠિરે કૌરવો ઉપર ક્રોધ કરવો જોઈએ પરંતુ મારી ઉપર (ભીમ ઉપર) નહીં.

"વાક્યની" વિશેષતાથી પણ નવા અર્થનું પ્રગટપણું થાય છે.

અરે પ્રિયતમ ! એ સમયની વાત જ જુદી હતી. જ્યારે તમારી આંખો સ્થિર રીતે મારા ગાલોને જ જોયા કરતી હતી અને તે આંખો ગાલોને જોવા સિવાય અન્યત્ર જવાનું નામ જ લેતી નહોતી. પરંતુ હવે તો એ વાત રહી નથી. હવે તમારી દૃષ્ટિ મારા ગાલો પર નથી.

અહીં વાચ્યાર્થ તો સરળ જ છે. પરંતુ વ્યંગ્યાર્થ આ પ્રમાણે જણાય છે. જ્યાં સુધી મારી પાસે બેઠેલી સખીનો પડછાયો મારા ગાલો પર પડતો હતો ત્યાં સુધી તો તારી આંખો મારા ગાલોને જોઈ જોઈને અદ્ભુત સ્નેહ વરસાવતી હતી. હવે મારી સખી ઊઠીને જતી રહી એટલે તારી દૃષ્ટિ હવે મારા ગાલો ઉપર નથી. તે તો મારી સખી ઉપર એવો પ્રેમ દેખાડ્યો છે કે બીજાઓ એ પ્રેમ કેવી રીતે બતાવી શકે ?

હવે "વાચ્ય"ની વિશેષતાથી નવા અર્થનું પ્રગટપણું થાય છે એનું ઉ.દા. બતાવે છે. અરે સુંદરી ! કેટલો સુંદર નર્મદા નદીનો આ કિનારો છે. લીલાં લીલાં વૃક્ષોની શ્રેણીઓથી કિનારો કેટલો સુંદર જણાઈ રહ્યો છે. અહીં એવી હવા વહી રહી છે જે હૃદયમાં સૂતેલી ભાવનાઓને જાગ્રત કરી રહી છે. આ કોઈ પવન વાઈ રહ્યો નથી, પરંતુ પ્રેમ મહારાજાની જાણે કોઈ સેના હોય એવું જણાય છે.

આ કુંજોમાં એવી કઈ સુંદરી હશે જે કોઈનાં સાથ માટે તત્પર ન હોય !

અહીં વાચ્યાર્થ નર્મદા તટનું એકાંત સ્થાન છે. એનાથી એવો અર્થ પ્રતીત થઈ રહ્યો છે કે ચાલો આપણે બંને અહીં આનંદ માણીએ.

હવે અન્યની સન્નિધિની વિશેષતાથી નવા અર્થનું પ્રગટપણું થાય છે, એનું ઉદાહરણ આ પ્રમાણે છે : અરે સખી ! મારી સાસુ એટલી નિર્દય છે કે આખો દિવસ તો ઘરે કોઈને કોઈ કામ કરાવતી રહે છે. મને તો માત્ર સાંજે ક્ષણભર માટે નવરાશ મળી તો મળી અને ન મળી તો ન મળી.

અહીં નાયિકાનો પ્રેમી આજુબાજુ ઊભો છે. આથી એવો અર્થ નીકળે છે કે હે પ્રિતયમ ! હું તને સાંજે અવશ્ય મળીશ. અહીં પ્રેમીની સન્નિધિથી આવો અર્થ જણાય છે.

હવે પ્રકરણ અથવા તો પ્રસ્તાવ વિશેષથી અર્થની પ્રતીતિ થાય છે એનું ઉદાહરણ બતાવે છે.

અરે સખી ! લોકોની વાતચીતથી સાંભળ્યું છે કે આજે જ તારો પતિ થોડી વારમાં આવી પહોંચશે. અરે ! તને તો જાણે કે કંઈ ખબર જ નથી. અરે ! જા, જે કાંઈ કરવાનું છે તે કરી નાંખ.

અહીં પ્રકરણ છે નાયિકાની પોતાના પતિની પાસે જવાની તૈયારીનું. પરંતુ આ સમયે નાયિકાએ પોતાનાં પતિ પાસે જવું યોગ્ય નથી. એવો અર્થ પ્રકરણથી જણાય છે કારણ કે ઘરે જે પણ કંઈ કરવાનું છે તે કરવા યોગ્ય છે એવાં શબ્દો ઉપરથી આવો અર્થ ફલિત થાય છે.

હવે દેશ વિશેષથી અર્થની પ્રતીતિ થાય છે એનું ઉ.દા. બતાવે છે.

અરે સખીઓ ! અહીં મને ફળ તોડવા દો. હું દૂર સુધી ચાલી શકતી નથી. તમને હાથ જોડું છું. નારાજ થતી નહીં. તમે બધા જ બીજી જગ્યાએથી ફળ તોડો.

અહીં, સખીઓને ફળ તોડવા માટે કોઈ અન્ય સ્થાનમાં મોકલી દેવાથી આ સ્થાન નિર્જન બનવાથી વાચ્ય રૂપ અર્થ એવો જણાઈ રહ્યો છે કે સખીનાં વેશને ધારણ કરનાર પ્રેમી પોતાની પ્રેમિકાને કહી રહ્યો છે કે, અરે પ્રિયતમા ! હવે ડરવાની શી જરૂર છે ? હવે તો અહીંથી બધી સખીઓ જતી રહી છે. હવે તું આવી જા. આપણે બંને આનંદ મનાવીએ.

હવે કાળ વિશેષથી અર્થની પ્રતીતિ થાય છે. એનું ઉ.દા. બતાવે છે.

અરે પ્રિયતમ ! અરે મારા વૃદ્ધપુરુષનાં આજ્ઞાકારી પ્રિયતમ ! હું તમને કહેવાવાળી કોણ ? હું બહુ ભાગ્યહીન છું. આજે તમે અહીંથી જતા રહેવાનાં છો. જાઓ, જ્યાં જવું હોય ત્યાં. પરંતુ એ સાંભળી લો કે તમારા જવાથી મારું શું થશે ?

અહીં "अद्य" પદથી વસંત સમયનું વર્ણન છે. એનાથી એવો અર્થ જણાઈ રહ્યો છે કે હે પ્રિયતમ ! આ વસંત ઋતુમાં જવાથી તમારી પર શું વીતશે એ તો હું નથી જાણતી. પરંતુ હું તો હવે બચી શકીશ નહીં. મારા નસીબમાં તો હવે મરવાનું જ લખાયું છે.

હવે ચેષ્ટા વિશેષથી અર્થની પ્રતીતિ થાય છે એવું બતાવે છે.

અરે મિત્ર ! તને શું બતાવું ! જેવો એ સુંદરીએ તેનાં ઘર પાસે પહોંચેલા એવા મને જોયો કે એક વિચિત્ર દૃશ્ય ઉપસ્થિત થઈ ગયું. પહેલા તો એણે પોતાની જાંઘોને ફેલાવી દીધી. પછી તરત એને ભેગી કરી. એકવાર તો એણે પોતાનાં મસ્તકનાં કપડાંનાં છેડાને મુખની સામે ખેંચ્યો અને પછી તરત જ પોતાની ચંચળ આંખો નીચે કરી દીધી અને મુખથી કંઈ પણ બોલી નહીં. બસ, પોતાનાં બંને હાથો ભેગા કરીને શાંતિથી ઊભી રહી.

નાયિકાની ચેષ્ટાઓથી અહીં એવો અર્થ પ્રગટ થાય છે કે નાયિકા પોતાનાં કામુક પ્રત્યે પોતાનાં હૃદયમાં રહેલાં પ્રેમને પ્રગટ કરી રહી છે.

આ પ્રમાણે વક્તા વગેરેની વિશેષતાથી મુખ્ય અને ગૌણ અર્થોનું પ્રકાશનપણું થાય છે.

"આચાર્ય ભગંવતે" "तथा" કરીને જે શ્લોક લખ્યો છે તે "વાક્યપદીય" ગ્રંથનાં દ્વિતીયકાંડનો ૩૧૪મો શ્લોક છે. જેનો અર્થ આ પ્રમાણે છે : "પ્રકરણથી અથવા ઔચિત્યથી, દેશ અને કાળનાં વિભાગથી અને શબ્દોથી અર્થો જણાય છે. પરંતુ, માત્ર શબ્દોથી જ અર્થો જણાતાં નથી."

હવે "तत्र यदोपायान्तरेणापि..." પંક્તિઓનાં અર્થને જણાવે છે. જ્યારે અન્ય ઉપાયથી વિશેષણ અથવા તો વિશેષ્ય જણાઈ જતા હોય ત્યારે આકાંક્ષાનું પૂર્ણપણું થાય છે. અર્થાત્ આકાંક્ષા પૂર્ણ થાય છે અને અર્થ જણાઈ જાય છે. આથી અર્થને કહેનારા શબ્દનો પ્રયોગ થતો નથી. એ પ્રમાણે શબ્દમાં અપ્રયોગપણું પ્રાપ્ત થાય છે. અર્થાત્ શબ્દપ્રયોગ કર્યા વગર પણ અર્થ જણાઈ જાય છે. એવો સિદ્ધાંત પ્રાપ્ત થાય છે. માટે અતિવ્યાપ્તિ વગેરે કોઈ દોષો આવતાં નથી. વાક્યોમાં, વાક્યનાં કોઈ એકદેશનો પ્રયોગ કરતાં એવા લૌકિકો જણાય છે. દા.ત. "प्रविश", "पिण्डीम्", અહીં હરિ (ભર્તુહરિ) નામના વૈયાકરણી કહે છે કે "प्रविश" એ ક્રિયા છે અને આધાર વગર ક્રિયા પ્રવર્તી શકે નહીં. આથી "प्रविश" ક્રિયા યોગ્ય કારકને સ્વીકારે છે. અહીં "प्रविश" ક્રિયામાં કર્મ સ્વરૂપ કારક આવશે. "प्रविश गृहम्" એ પ્રમાણે બે પદથી વાચ્ય એવો જે અર્થ છે તે અર્થ "प्रविश" શબ્દવડે કહેવાય છે. હવે આ કારકને કેટલાક લોકો વાક્યમાં સાક્ષાત્ કહીને સ્વીકારે છે અને કેટલાક લોકો અધ્યાહારથી આ કારકને સ્વીકારે છે. પેંડામાં પ્રવેશ ક્રિયાનો અસંભવ હોવાથી યોગ્ય કારકને જ કહેવાય છે અથવા તો અધ્યાહારથી લેવાય છે. એ જ પ્રમાણે "पिण्डीम्" પદ પણ "पिण्डीम् भक्षय" વાક્યનાં અર્થનું વાચક છે. અહીં "पिण्डीम्" સ્વરૂપ કારક ક્રિયા વિના હોઈ શકે નહીં. માટે યોગ્ય ક્રિયા ગ્રહણ કરાય છે. જેમ કે દહીં, ઘટ વગેરેમાં પૂરવું ક્રિયા ગ્રહણ કરાય છે. અર્થ એટલે પ્રયોજન અને પ્રકરણ એટલે પ્રસ્તાવ અથવા તો પ્રસ્તુત. જ્યાં જ્યાં અર્થ, પ્રકરણ વગેરેથી અર્થનો બોધ થઈ શકતો હોય ત્યાં ત્યાં આખ્યાત પદ અથવા તો વિશેષણ વાચક પદનો (કોઈપણ કારક પદ) પ્રયોગ કરવામાં આવતો નથી અર્થાત્ એવા સ્થાનોમાં વિશેષણ વાચક અથવા તો આખ્યાત પદોનો પ્રયોગ કરાયો ન હોય તો પણ અર્થ, પ્રકરણ વગેરેથી આખ્યાત આદિનો બોધ થઈ જતો હોવાથી આખ્યાત વગેરેનો પ્રયોગ વાક્યમાં થતો નથી.

(श०न्या०) ननु लोकत एव निराकाङ्क्षस्य पदसमूहस्य वाक्यत्वं प्रसिद्धम् । तथाहि-

"साकाङ्क्षावयवं भेदे परानाकाङ्क्षाशब्दकम् ।
क्रियाप्रधानं गुणवदेकार्थं वाक्यमुच्यते ॥१७॥"

(भेदे विभागे विशेषजिज्ञासायां यत् साकाङ्क्षावयवम्, अविभागे तु परानाकाङ्क्षाः शब्दाः पदानि यस्मिन् तत् परानाकाङ्क्षशब्दकम् । 'कर्मप्रधानम्' इति पाठेऽपि क्रियाप्रधानमित्यर्थः, तस्यैव प्रधानाभिधेयप्रयुक्तत्वादित्यभिप्रायः । गुणवद् विशेषणपदयुक्तम् । एकार्थमेकप्रयोजनम् ।) सत्यम्-लोको हि साकाङ्क्षत्वे क्रियाभेदेऽपि एकवाक्यत्वं प्रतिपद्यते, साकाङ्क्षस्यापि क्रियाभेदे वाक्यभेद इत्येतदर्थमिदं वचनमित्याह-**लोकादेवे**त्यादि । संभवति हि त्यादिभेदेऽपि पदा-नामाकाङ्क्षा, न च तत्र लोकवाक्यभेदोऽस्तीति लौकिके वाक्ये परिगृह्यमाणेऽतिप्रसङ्गः स्यादतस्तद्व्यवच्छेदार्थमिदमउपरि (?) इत्यर्थः ।

અનુવાદ :- હવે જે પૂર્વપક્ષ ઊભો થાય છે તેના અનુસંધાનમાં કેટલીક ચર્ચાઓ આવશ્યક હોવાથી અહીં જણાવવામાં આવે છે.

વ્યાકરણ શાસ્ત્રમાં શબ્દનું વાચકપણું અને વાક્યનું વાચકપણું એમ બે મતો પ્રચલિત છે. વાક્યના વાચકપણાંને જાણવા માટે સૌપ્રથમ વાક્યની જાણકારી પ્રાપ્ત કરવી પડશે. વાક્યને સામાન્ય રીતે ત્રણ પ્રકારે સમજવામાં આવે છે : (૧) વિગ્રહ વાક્ય જેમ કે राज्ञः पुरुषः (રાજાનો પુરુષ.) સમાસ એ વિગ્રહ વાક્ય સ્વરૂપે કહેવાય છે. (૨) લૌકિકવાક્ય. દા.ત. "देवदत्तः ओदनं पचति" (દેવદત ભાતને રાંધે છે.) (૩) પારિભાષિક વાક્ય "उच्चैः पठति" (તે મોટેથી વાંચે છે.)

ઉપરોક્ત ત્રણ વિભાગમાં સ્પષ્ટતા અને ચોકસાઈ નથી. કારણ કે કૈયટ, વૈયાકરણીઓની વાક્યની વ્યાખ્યાને પારિભાષિક કહે છે. જ્યારે નાગેશ, વ્યાકરણ સંબંધી વાક્યની વ્યાખ્યાને લૌકિકવાક્ય કહે છે. વૈયાકરણીઓએ અને મીમાંસકોએ વાક્યની વ્યાખ્યા અંગે ઘણી ચર્ચા કરી છે. અવ્યય સાથેનું, કારક સાથેનું અને વિશેષણ (કારક) સાથેનું આખ્યાત એટલે વાક્ય એવું લક્ષણ કાત્યાયને આપ્યું છે. (आख्यातं साव्ययकारकविशेषणम् वाक्यम्) કાત્યાયનની આ વ્યાખ્યા પ્રમાણે તે મોટેથી ભણે છે, તે ભાત રાંધે છે, તે પોચા અને છૂટા ભાતને રાંધે છે વગેરે વાક્યના ઉદાહરણો છે.

મીમાંસકોની વ્યાખ્યા પ્રમાણે પરસ્પર આકાંક્ષાવાળા એક સળંગ અર્થવાળા શબ્દોનો સમૂહ વાક્ય થાય છે. આ પ્રમાણે જો વ્યવહારથી જ વાક્યસંજ્ઞાની પ્રાપ્તિ થઈ શકતી હોય તો અહીં વાક્યસંજ્ઞા માટેના સૂત્રની આવશ્યકતા યોગ્ય જણાતી નથી. આના અનુસંધાનમાં જ ગ્રન્થકાર ननु लोकत एव... પંક્તિઓ દ્વારા પૂર્વપક્ષ ઊભો કરે છે.

પૂર્વપક્ષ :- જો વ્યવહારથી જ નિરાકાંક્ષ એવા પદોના સમૂહમાં વાક્યપણું પ્રાપ્ત થઈ શકતું હોય તો આ સૂત્ર નિરર્થક થશે. વ્યવહારમાં વાક્યસંજ્ઞા પ્રસિદ્ધ છે. એના અનુસંધાનમાં આચાર્ય ભગવંતશ્રી "तथाहि" દ્વારા ભર્તૃહરિકૃત વાક્યપદીય ગ્રન્થના બીજા કાંડના ચોથા શ્લોકનો પાઠ

આપે છે, જેનો અર્થ આ પ્રમાણે છે. બે વાક્યો અલગ અલગ હોય પરંતુ વિશેષ જિજ્ઞાસા હોતે છતે એક વાક્યના અવયવો બીજા વાક્યના અવયવોની આકાંક્ષાવાળા થાય છે. આ પ્રમાણે વિભાગમાં સાકાંક્ષ અવયવવાળું જે હોય તે વાક્ય કહેવાય છે. હવે આ સાકાંક્ષ અવયવોવાળો પદસમૂહ પણ અન્ય વાક્યના પદોની આકાંક્ષાવાળો ન હોવો જોઈએ. દા.ત. देवदत्तः ग्रामं गच्छति અહીં દરેક પદોને બાકીના બે પદોની આકાંક્ષા રહે છે. देवदत्तः પદને ग्रामं તથા गच्छति પદની આકાંક્ષા રહે છે. આથી સાકાંક્ષ અવયવવાળા આ ત્રણ પદોનો સમૂહ તે વાક્ય કહેવાય છે. વળી, આ જ વાક્યને देवदत्तः कार्यं करोति સ્વરૂપ વાક્યના અવયવોની આકાંક્ષા નથી. માટે પર એવું "देवदत्तः कार्यं करोति"સ્વરૂપ વાક્યની આકાંક્ષા વિનાનું આ देवदत्तः ग्रामं गच्छति વાક્ય છે. માટે એને વાક્ય કહેવાય છે.

गुणवत् એટલે વિશેષણ પદથી યુક્ત જે હોય તથા ક્રિયાની પ્રધાનતા જેમાં હોય તે વાક્ય કહેવાય છે તથા જેનો એક જ અર્થ થતો હોય, પરંતુ બે અર્થો હોતા નથી એવા પદોનો સમૂહ વાક્ય કહેવાય છે. આમ, વાક્યની સંપૂર્ણ વ્યાખ્યા આ પ્રમાણે થશે. જે સાકાંક્ષ અવયવવાળું હોય તથા પર વાક્યના અવયવોની આકાંક્ષાવાળું ન હોય તેમજ ક્રિયાની પ્રધાનતાવાળું હોય તથા વિશેષણ પદોથી યુક્ત હોય (કારકોથી યુક્ત હોય) તેમજ એક જ અર્થ સ્વરૂપ હોય તે વાક્ય કહેવાય છે.

મીમાંસકની આ વ્યાખ્યા પ્રમાણે ओदनं पच तव भविष्यति આ બે વાક્યમાં જો એક વાક્યના અવયવોને બીજા વાક્યના અવયવોની આકાંક્ષા હોય તો સાકાંક્ષ અવયવવાળા ચારેય પદોનો સમૂહ વાક્ય કહેવાય છે.

વાક્યપદીયમાં क्रियाप्रधानम्ને બદલે कर्मप्रधानम् શબ્દ લખ્યો છે ત્યાં પણ कर्मनो અર્થ क्रिया કર્યો છે. મહાભાષ્યમાં કર્મનો એક પારિભાષિક અર્થ છે જે कर्तुः इप्सितम् कर्म છે. તથા કર્મવ્યતિહારના વિષયમાં મહાભાષ્યકારે કર્મ શબ્દનો અર્થ, અર્થક્રિયા કર્યો છે. આચાર્ય ભગવંત શ્રી હેમચન્દ્રાચાર્યએ કર્મવ્યતિહારને બદલે ક્રિયાવ્યતિહાર શબ્દ જ લખ્યો છે.

ઉત્તરપક્ષ :- લોક વ્યવહારમાં આકાંક્ષા હોતે છતે ક્રિયા ભેદમાં પણ એક વાક્યપણું સ્વીકારાય છે એવું જે ઉપરના શ્લોકમાં જણાયું એ સાચુ જ છે. પરંતુ અમે તો આકાંક્ષા સહિત એવા ભિન્ન ભિન્ન ક્રિયાપદવાળા વાક્યોમાં એક વાક્યપણું સ્વીકારતા નથી. જ્યાં જ્યાં ક્રિયાપદ ભિન્ન ભિન્ન હોય ત્યાં ત્યાં ભિન્ન ભિન્ન વાક્યો થાય છે અને એ પ્રયોજનથી વાક્યસંજ્ઞાનું આ સૂત્ર બનાવાયું છે. આના અનુસંધાનમાં જ આચાર્ય ભગવંતશ્રીએ બૃહદ્‌વૃત્તિટીકામાં लोकादेव वाक्यसिद्धौ... પંક્તિઓ લખી છે. જે મુજબ વ્યવહારથી જ વાક્યની સિદ્ધિ હોતે છતે આકાંક્ષા સહિતપણું હોય તો પણ આખ્યાતનો ભેદ હોય ત્યારે વાક્યનો ભેદ થાય છે એવું જણાવવા માટે વાક્યસંજ્ઞા સંબંધી

આ સૂત્ર છે. ત્યાદિ વિભક્તિ અલગ અલગ હોય ત્યારે પણ ભિન્ન ભિન્ન પદોને જો એકબીજાની આકાંક્ષા હોય તો ત્યાં વ્યવહાર વાક્યની ભિન્નતા માનતો નથી. આથી લૌકિક એવા વાક્યનો જો સ્વીકાર કરવામાં આવે તો એક કરતાં વધારે આખ્યાતવાળા પદોના સમૂહને પણ વાક્ય કહેવું પડશે. આ પ્રમાણે અતિવ્યાપ્તિ નામનો દોષ આવતો હોવાથી એવા લૌકિકવાક્યોની બાદબાકી કરવા માટે ઉપર પ્રમાણેનું સૂત્ર છે.

(શ૦ન્યા૦) ननु सूत्रे विशेषस्यानुपादानात् कथमेतल्लभ्यत इत्याह-**आख्यातमिति** । गुणे हि संख्या न विवक्ष्यते, अत्र त्वाख्यातस्य विधीयमानविषयतया प्राधान्यादेकत्वसंख्या विवक्ष्यत इति भावः ।

પૂર્વપક્ષ :- સૂત્રમાં એવી કોઈ વિશેષતાને ગ્રહણ કરવામાં આવી નથી તો પછી તમને કેવી રીતે ખબર પડે કે ભિન્ન ભિન્ન આખ્યાતના વિષયમાં ભિન્ન ભિન્ન વાક્યો થાય છે.

ઉત્તરપક્ષ :- સૂત્રમાં "आख्यातम्" એ પ્રમાણે એકવચનથી નિર્દેશ કરાયો છે તેનાથી જ જણાય છે કે आख्यात ભિન્ન ભિન્ન હોય ત્યારે વાક્યો પણ ભિન્ન થાય છે.

આખ્યાત એ ક્રિયા સ્વરૂપ પદાર્થ છે અને એકત્વ એ ગુણ સ્વરૂપ પદાર્થ છે. ગુણ અને ક્રિયા બંને દ્રવ્યોમાં રહે છે. પરંતુ ગુણ ક્રિયામાં ન રહી શકે, જે જેમાં રહે તે ગૌણ કહેવાય છે. એવો અર્થ જો કરવામાં આવે તો ગુણ શબ્દનો અપ્રધાન અર્થ થાય છે. ગુણ અને ક્રિયાને રાખનાર જે દ્રવ્ય છે એ પ્રધાન કહેવાય છે. આથી જ અપ્રધાન એવી ક્રિયામાં એકત્વ સંખ્યા સ્વરૂપ ગુણ રહી શકતો નથી. આ જિજ્ઞાસાના સંદર્ભમાં આચાર્ય ભગવંતશ્રી જણાવે છે કે, "सविशेषणम् आख्यातम् वाक्यम्" અહીં જે સંજ્ઞી અંશ છે, ત્યાં "सविशेषणम्" એ ઉદ્દેશ્ય સ્વરૂપ છે અને "आख्यातम्" એ વિધેય સ્વરૂપ છે અને જે વિધેય સ્વરૂપ હોય તે પ્રધાન હોય છે. આમ "आख्यात"માં વિધેય સંબંધી વિષયપણું હોવાથી "सविशेषणम्" પદની અપેક્ષાએ પ્રધાનતા થાય છે. આ પ્રમાણે "आख्यात"માં પ્રધાનપણું આવવાને કારણે જ એકત્વ સ્વરૂપ સંખ્યા છે તેની વિવક્ષા કરાય છે.

(શ૦ન્યા૦) व्यवच्छेदफलं दर्शयति-**तेनेति** । **'मम भविष्यति'** इत्यत्रापि **'ओदनं पच'** इत्यनुवर्तनीयम्, **'ओदनं पच'** इत्यत्र युष्मदर्थकर्तृकेण पचिना कर्मत्वेनापेक्ष्यमाण **ओदनः 'तव भविष्यति, मम भविष्यति'** इति युष्मद(स्मद)र्थस्वामिकोभवतिना कर्तृत्वेनापेक्ष्यते, इति सापेक्षत्वाल्लौकिकमिदमेकं वाक्यम्; अत्र तु शास्त्रे त्याद्यन्तभेदाद् भिद्यते, इति भिन्नवाक्यावयवात् **'पच'** इत्यतः पदाद् वाक्यान्तरावयवयोर्युष्मदस्मदोस्ते-मयादेशौ न भवत इति । **पच, तव भविष्यती**ति-अत्र ओदनस्य कर्मणो विशेषणस्याप्रयुज्यमानता, अत्रापि भिन्नवाक्यत्वात् 'ते-मे'

आदेशाऽभावः । '**ओदनम्, तव भविष्यति**' इत्यत्र तु यस्यैव '**ओदनम्**' इति विशेषणं कर्म, तस्यैव '**पच**' इति त्याद्यन्तस्याप्रयोग उदाहरणम्, अत्रापि भिन्नवाक्यत्वात् ते-मयादेशाऽभावः; एतदेवाह-**श्रूयमाण** इत्यादि।

અનુવાદ :- આચાર્ય ભગવંતશ્રીએ લૌકિકવાક્યથી જ આ વાક્યસંજ્ઞા અલગ પ્રકારે કરી તેનાથી જે ફળ મળે છે તે "तेन ओदनं पच..." પંક્તિઓ દ્વારા જણાવે છે. સૌપ્રથમ ओदनं पच સ્વરૂપ પ્રયોગમાં युष्मद्‌નો અર્થ એ કર્તા સ્વરૂપે છે અને આ કર્તાવડે "पचि" ક્રિયા દ્વારા કર્મ સ્વરૂપ ओदनની અપેક્ષા કરાય છે. જેનો સંબંધ तव भविष्यति વાક્યાર્થ સાથે પણ છે તે આ પ્રમાણે છે. युष्मद् અર્થનો પદાર્થ આ ओदनનો સ્વામી છે અને "भू" ધાતુ સંબંધી ક્રિયાના કર્તાવડે એ જ ओदन અપેક્ષિત કરાય છે. આથી ओदनं पच અને तव भविष्यति બંને વાક્યો એકબીજાની અપેક્ષાવાળા થાય છે. આમ, બંને વાક્યોમાં સાપેક્ષપણું હોવાથી વ્યવહારથી અથવા તો મીમાંસકોના મતે બંને ભેગા થઈને એક જ વાક્ય કહેવાશે. જ્યારે પૂજ્ય હેમચન્દ્રાચાર્યશ્રીએ અહીં આ શાસ્ત્રમાં બંને आख्यात (पच તથા भवति) ભિન્ન હોવાથી એ બંને ભિન્ન વાક્ય થાય છે, એવું કહ્યું છે. હવે ભિન્ન વાક્યના અવયવો થવાથી "ओदनं पच" એ પ્રમાણે "पच" સ્વરૂપ પદથી પર અન્ય વાક્યના અવયવ સ્વરૂપ "तव" પદ છે. માટે "तव"નો "ते" આદેશ થશે નહીં. જો બંને એક જ વાક્ય સ્વરૂપ થાય તો "तव"નો "ते" આદેશ થઈ જાત. આમ, લૌકિક વાક્યસંજ્ઞા પ્રમાણે "तव"નો "ते" આદેશ થઈ જાત. પરંતુ આચાર્ય ભગવંતની વ્યાખ્યા પ્રમાણે "तव"નો "ते" આદેશ થશે નહીં. આથી અનિષ્ટ પ્રયોગની પ્રાપ્તિ અટકી ગઈ.

તે જ પ્રમાણે पच, तव भविष्यति, मम भविष्यति વાક્યમાં पच સ્વરૂપ જે "आख्यात" છે તેમાં કર્મ સ્વરૂપ વિશેષણનો પ્રયોગ થયો નથી તથા અહીં પણ ઉપર કહેલી પદ્ધતિ પ્રમાણે ભિન્ન વાક્યપણું હોવાથી "ते" "मे" વગેરે આદેશો થતાં નથી.

ओदनं, तव भविष्यति પ્રયોગોમાં ओदनं સ્વરૂપ કર્મ છે. આથી વિશેષણનો પ્રયોગ થયો છે. પરંતુ त्यादि अन्त સ્વરૂપ જે पच છે તેનો વાક્યમાં પ્રયોગ થયો નથી. અહીં પણ આચાર્ય ભગવંતશ્રીની વ્યાખ્યા પ્રમાણે ભિન્ન વાક્યપણું થવાથી "ते" "मे" વગેરે આદેશો થતાં નથી. આ જ વસ્તુને श्रूयमाणे गम्यमाने... પંક્તિઓ દ્વારા આચાર્ય ભગવંતશ્રી બૃહદ્‌વૃત્તિટીકામાં જણાવે છે.

(श०न्या०) कुरु कुरु नः कटमित्यादाविति-"डुकृग् करणे" ततो हौ "कृग्-तनादेरुः" [३.४.८३.] इत्युकारे "उश्नोः" [४.३.२.] इति गुणे "अतः शित्युत्" [४.२.८९.] इत्यकारस्योकारे "असंयोगादोः" [४.२.८६.] इति हिलोपे "भृशाभीक्ष्ण्याविच्छेदा०" [७.४.७३.] इति

द्वित्वे **कुरु कुरु** इति । अत्र हिस्थाने द्विर्वचनमिति रूपभेदेऽप्यर्थाभेदादाख्याताभेदे सत्येक-वाक्यत्वाद् वस्-नसादय इति भावः ॥२६॥

અનુવાદ :- કરવું અર્થવાળો कृ ધાતુ પહેલા ગણનો છે આ कृ ધાતુથી "हि" પ્રત્યય થતાં कृग्-तनादेरुः (૩/૪/૮૩) સૂત્રથી उकार થાય છે. ત્યાર પછી उश्नोः (૪/૩/૨) સૂત્રથી ગુણ થતાં कर् + उ અવસ્થા પ્રાપ્ત થાય છે. આ અવસ્થામાં "अतः शित्युत्" (૪/૩/૮૯) સૂત્રથી कर् શબ્દના अकारનો उकार થાય છે. પછી "असंयोगादोः" (૪/૨/૮૬) સૂત્રથી "हि"નો લોપ થતાં "कुरु" સ્વરૂપ त्यादि અન્ત પ્રાપ્ત થાય છે. હવે "भृशाभीक्ष्ण्याविच्छेदा..." (૭/૪/૭૩) સૂત્રથી વિપ્સામાં દ્વિત્વ થતાં "कुरु" "कुरु" પ્રયોગ પ્રાપ્ત થાય છે. અહીં "हि" અન્તવાળા સ્થાનમાં જ દ્વિત્વ થયું છે. આથી દેખીતી રીતે आख्यातનો ભેદ જણાય છે. પરંતુ અર્થનો અભેદ હોવાથી आख्यात પણ એક જ જણાય છે. આથી आख्यातનું અભેદપણું થવાથી એકવાક્યપણું પ્રાપ્ત થાય છે અને એક વાક્યપણું પ્રાપ્ત થતાં वस्-नस् વગેરે આદેશો પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે कुरु कुरु नः कटम् વગેરે પ્રયોગોમાં "आख्यात"નો ભેદ જણાતો હોવા છતાં પણ જ્યાં જ્યાં અર્થથી "आख्यात"નો અભેદ હશે ત્યાં ત્યાં એકવાક્યપણું પ્રાપ્ત થશે. અને એમ થતાં वस्-नस् વગેરે આદેશો પ્રાપ્ત થશે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

सविशेषणेत्यादि-आख्यायते स्म क्रियाप्रधानत्त्वेन साध्यार्थाभिधायितया वा इत्या**ख्यातम्**, तच्च **त्याद्यन्तमि**ति । क्रियोपलक्षणं चैतत्, तेन 'देवदत्तेन शयितव्यम्' इत्याद्यपि वाक्यं भवति। **साक्षादि**त्यादि-यत् क्रियायाः साधनस्य वा तदतदात्मनोऽतद्रूपादव्यवधानेन व्यवच्छेदकं क्वचित् तत् साक्षाद् विशेषणम्, यत् तद्विशेषणस्य विशेषणं तत् पारम्पर्येण । '**धर्म**' इत्यादौ यत्र क्रियापदं कर्तरि तत्र कर्ता क्रियापदस्य समानाधिकरणं विशेषणमन्यानि व्यधिकरणानि, कर्मणि तु क्रियापदे कर्म समानाधिकरणम् । **साधु वो रक्षत्वि**त्यादौ साध्विति रक्षणादिक्रियायाः समानाधिकरणम्, रक्षत्वित्यादिक्रियापदस्य तु व्यधिकरणमिति । **शालीनां ते** इति-अत्रौदनस्य साक्षाद् विशेषणस्य विशेषणत्वाच्छालीनामिति पारम्पर्येण विशेषणम्। **शीलं ते स्वमि**ति-अत्रास्तीत्यादि क्रियापदं न प्रयुज्यते परं तस्याप्रयुज्यमानस्यापि स्वमिति समानाधिकरणम् । ननु शब्दप्रयोगोऽर्थप्रति-पत्त्युपायः, तस्य चाप्रयुज्यमानस्यपि विशेषण-विशेष्यभावेऽतिप्रसङ्गः, अप्रयुज्यमानत्वाविशेषात् सर्वं सर्वस्य विशेषणं विशेष्यं च स्यात् । किञ्च, यद्यप्रयुज्यमानमपि शब्दरूपं विशेष्यं विशेषणं

१. 'स्यात्' इ ।

वा गमयेत् तदाऽनर्थकः सर्वत्र तत्प्रयोग इत्याह-**अर्थात्** इत्यादि । **लोकादेवे**ति-लोको हि साकाङ्क्षत्वे सति क्रियाभेदेऽप्येकवाक्यत्वं प्रतिपद्यत इति साकाङ्क्षत्वेऽपि क्रियाभेदे वाक्य-भेदार्थं वचनमिति भावः । **कुरु कुरु न** इति-अत्र युगपद्वाक्यद्वयप्रयोग इति एकवाक्यत्वाभावान्न-सादेशस्य न प्राप्तिरिति पराभिप्रायः ॥२६॥

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

ઉપરની સંપૂર્ણ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસના અનુવાદમાં આવી ગયો છે. માત્ર છેલ્લી ત્રણ લાઈનનો અનુવાદ અમે જણાવીએ છીએ. कुरु कुरु नः कटम् પ્રયોગમાં એક સાથે બે વાક્યનો પ્રયોગ છે. આથી એક વાક્યપણાંનો અભાવ થવાથી "नस्" આદેશની પ્રાપ્તિ થતી નથી એવું બીજા લોકો માને છે.

॥ षड्विंशतितमम् सूत्रम् समाप्तम् ॥

❊ ❊ ❊

सूत्रम् - अधातुविभक्तिवाक्यमर्थवन्नाम । १ । १ । २७ ॥

-: तत्त्वप्रકાશિકા :-

अर्थोऽभिधेयः-स्वार्थः, द्रव्यम्, लिङ्गम्, संख्या, शक्तिरिति, द्योत्यश्च समुच्चयादिः । तद्वच्छब्दरूपं धातुविभक्त्यन्त-वाक्यवर्जितं नामसंज्ञं भवति । वृक्षः । प्लक्षः । शुक्लः । कृष्णः । डित्थः । डवित्थः । स्वः । प्रातः । धवश्च खदिरश्च ।

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

અર્થ એટલે અભિધેય. શબ્દવડે કહેવા યોગ્ય જે પદાર્થ છે તે અભિધેય છે. આ અભિધેય બે પ્રકારનો છે : (૧) બહિરંગ અર્થ (૨) અન્તરંગ અર્થ. અહીં જે બહિરંગ અર્થ છે એ સ્વાર્થ વગેરે ભેદથી પાંચ પ્રકારનો છે. (૩) સ્વાર્થ (૨) દ્રવ્ય (૩) લિંગ (૪) શક્તિ (૫) સંખ્યા તથા સમુચ્ચય વગેરે સ્વરૂપ દ્યોત્ય અર્થ પણ છે. ઉપરોક્ત પ્રકારોવાળો જે અર્થ છે એવા અર્થ-વાળું જે શબ્દ સ્વરૂપ છે તે નામસંજ્ઞાવાળું થાય છે. અહીં ધાતુ, વિભક્તિઅન્ત પદ અને વાક્ય આ ત્રણ અર્થવાળા હોવા છતાં પણ નામસંજ્ઞાવાળા થતાં નથી. આ ત્રણ સિવાયના જે જે શબ્દ સ્વરૂપો છે તે જો અર્થવાળા હોય તો આ સૂત્રથી નામસંજ્ઞાવાળા થાય છે. દા.ત. વૃક્ષ; પ્લક્ષ,

શુકલ, કૃષ્ણં, ડિત્થ, ડવિત્થ, સ્વર્, પ્રાતર્, ધવ અને ખદિર. આ બધા નામસંજ્ઞાવાળા થાય છે.

(त०प्र०) धातु-विभक्तिवर्जनं किम् ? अहन्, वृक्षान्, अयजन्; अत्र नामत्वाभावे "नाम्नो नोऽनह्नः" [२.१.९१.] इति नलोपो न भवति । विभक्त्यन्त-वर्जनाच्चाऽऽबादि-प्रत्ययान्तानां नामसंज्ञा भवत्येव । आप्-अजा, बहुराजा । ङी-गौरी, कुमारी, डायनि-गार्ग्यायणी, गौकक्ष्यायणी । ति-युवतिः । ऊङ्-ब्रह्मबन्धूः, करभोरू : । कृत्-कारकः, कर्ता, भिनत्तीति भिद्; एवं छित् । तद्धितः-औपगवः, आक्षिकः ।

અનુવાદ :- સૂત્રમાં ધાતુ અને વિભક્તિનો નિષેધ કરવાથી કયું ફળ મળે છે ? આ શંકાના ઉત્તરમાં જણાવે છે. અહીં માત્ર ધાતુ અથવા નામનો વિભક્તિ વગર પ્રયોગ થઈ શકે નહીં. આથી ધાતુ અને નામમાં વિભક્તિઅન્ત કરવા દ્વારા વિભક્તિ અંતવાળા તે તે શબ્દોની નામસંજ્ઞાનો આ સૂત્રથી અભાવ થાય છે. દા.ત. अहन् હ્યસ્તની ત્રી-પુ-એકવચનનું રૂપ છે તથા अयजन् એ હ્યસ્તની ત્રી-પુ-બહુવચનનું રૂપ છે તથા वृक्षान् એ દ્વિતીયા બહુવચનનું રૂપ છે. અહીં ધાતુ અને વિભક્તિ અંતનું વર્જન હોવાથી આ ત્રણેયની નામસંજ્ઞા થતી નથી. આથી "नाम्नो नोऽनह्नः" (૨/૧/૯૧) સૂત્રથી નામના "न्"નો લોપ થતો નથી. વળી વિભક્તિ અન્તવાળો શબ્દપ્રયોગ નામસંજ્ઞાને પ્રાપ્ત થતો નથી આથી વિભક્તિ અંતના વર્જનથી આચાર્ય ભગવંતશ્રીએ જણાવ્યું છે કે "आप्" વગેરે પ્રત્યયાન્તવાળા શબ્દોની નામસંજ્ઞા થાય જ છે. "अजा" અને "बहुराजा" એ "आप्" પ્રત્યયાન્ત નામો છે. गौरी, कुमारी એ "ङी" પ્રત્યયાન્ત નામો છે. "गार्ग्यायणी, गौकक्ष्यायणी" એ "डायन्" પ્રત્યયાન્ત નામો છે. ति પ્રત્યયાન્ત युवतिः નામ છે. ऊङ् પ્રત્યયાન્ત ब्रह्मबन्धूः અને करभोरूः નામો છે. कृत् પ્રત્યયાન્ત कारकः, कर्ता, भिद् તથા छिद् નામો છે. તથા औपगवः અને आक्षिकः એ તદ્ધિત પ્રત્યયાન્ત નામો છે.

(त०प्र०) वाक्यवर्जनं किम् ? साधुर्धर्मं ब्रूते । अर्थवत्समुदायस्य वाक्यस्य नामसंज्ञाप्रतिषेधात् समासादेर्भवत्येव-चित्रगुः, राजपुरुषः, ईषदपरिसमाप्तो गुडो बहुगुडो द्राक्षा । अर्थवदिति किम् ? वनम्, धनम्; नान्तस्यावधेर्मा भूत्, नामत्वे हि स्याद्युत्पत्तौ पदत्वान्नलोपः स्यात् ।

અનુવાદ :- સૂત્રમાં વાક્યનું વર્જન કરવા દ્વારા શું ફળ પ્રાપ્ત થાય છે ? "साधु धर्मं ब्रूते" આ પ્રયોગમાં વાક્યસંજ્ઞા પ્રાપ્ત થાય છે અને વાક્યસંજ્ઞા પ્રાપ્ત થવાથી આ પ્રયોગમાં નામસંજ્ઞાનો

અભાવ થાય છે. હવે અર્થવાન્ એવા સમુદાય સ્વરૂપ વાક્યમાં નામસંજ્ઞાનો પ્રતિષેધ થવાથી જ્યાં જ્યાં અર્થવાન્ એવો બીજો કોઈ સમુદાય હશે ત્યાં ત્યાં નામસંજ્ઞાની પ્રાપ્તિ થશે જ. આથી સમાસ વગેરેમાં નામસંજ્ઞાની પ્રાપ્તિ આવશે જ. દા.ત. चित्रगुः (અનેક રંગોવાળી ગાય) તથા राजपुरुषः (રાજાનો પુરુષ), बहुगुडो द्राक्षा (જાણે કે ગોળ જેવી મીઠાશવાળી દ્રાક્ષ.) આ ત્રણેય પ્રયોગ અર્થવાન્ એવા સમાસ સ્વરૂપ સમુદાય અથવા તો તદ્ધિતાન્ત સ્વરૂપ સમુદાયનાં છે અને આવા સમાસ વગેરે સંબંધી સમુદાયોમાં આ સૂત્રથી નામસંજ્ઞાની પ્રાપ્તિ થશે જ.

अर्थवत् પદ લખવા દ્વારા શું કહેવા માંગે છે ? આના અનુસંધાનમાં આચાર્ય ભગવંતશ્રી કહે છે : वनम्, धनम् વગેરે પ્રયોગોમાં न् સુધીનું નામ (वन् તથા धन्) अर्थवत् ન હોવાથી वन् અને धन्ની નામસંજ્ઞા થશે નહીં. જો न् અંત સુધીનાની નામસંજ્ઞા થઈ હોત તો સ્યાદિની ઉત્પત્તિ હોતે છતે પદપણું પ્રાપ્ત થાત અને પદપણું પ્રાપ્ત થવાથી પદને અન્તે રહેલા न्નો લોપ થાત. હવે આવી આપત્તિનો અવકાશ રહેશે નહીં.

(त०प्र०) यदाऽनुकार्यानुकरणयोः स्याद्वादाश्रयणेनाभेदविवक्षा तदाऽर्थवत्त्वाभावान्न भवति नामसंज्ञा; यथा-गवित्यमाहेति; यदा तु भेदविवक्षा तदाऽनुकार्येणार्थे-नार्थवत्त्वाद् भवत्येव-पचतिमाह, चः समुच्चये, "नेर्विशः" [३.३.२४.] "परावेर्जेः" [३.३.२८.] इत्यादि । नामप्रदेशाः-"नाम सिदय्व्यञ्जने" [१.१.२१.] इत्यादयः ॥२७॥

અનુવાદ :- હવે અનુકરણવાચક નામોમાં નામસંજ્ઞા થશે કે કેમ ? એ શંકાનાં અનુસંધાનમાં જણાવે છે કે, જ્યારે અનુકાર્ય અને અનુકરણની સ્યાદ્વાદનો આશ્રય કરવાવડે અભેદ વિવક્ષા કરવામાં આવે ત્યારે અર્થવાન્પણાંનો અભાવ થવાથી નામસંજ્ઞા થતી નથી. દા.ત. "गो इति अयम् आह ।" પરંતુ, જ્યારે અનુકાર્ય (અશક્તિથી પ્રયોગ કરાયેલો "गो" શબ્દ.) અને અનુકરણની (અશક્તિથી પ્રયોગ કરાયેલાં "गो" શબ્દની અન્ય વ્યક્તિ નકલ કરીને બતાવે તે) ભેદ વિવક્ષા કરવામાં આવે ત્યારે અનુકાર્યનાં અર્થવડે અનુકરણમાં અર્થવાન્પણું થવાથી નામસંજ્ઞા થાય જ છે. દા.ત. "पचतिम् आह ।, चः समुच्चये," "नेर्विशः" (૩/૩/૨૪), "परावेर्जेः" (૩/૩/૨૮) વગેરે અનુકરણ શબ્દમાં નામસંજ્ઞા થઈ છે. નામસંજ્ઞાનો ઉ.દા. સ્થળો "नाम सिदय्व्यञ्जने" (૧/૧/૨૧) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

अधात्वित्यादि-"डुधांग्‌क् (धारणे च)" दधाति क्रियार्थत्वमिति "कृ-सि-कम्यमि०"

[उणा० ७७३.] इति तुनि **धातुः** । उच्यते-विशिष्टोऽर्थोऽनेनेति करणे घ्यणि "क्तेऽनिटश्चजोः कगौ घिति" [४.१.१११.] इति ककारे **वाक्यम्**, द्वन्द्वगर्भो नञ्तत्पुरुषः । "अर्थणि उपयाचने" चुरादिणिचि अर्थ्यते इति "युवर्ण०" [५.३.२८.] इत्यलि अर्थः, सोऽस्यास्तीति मतौ वत्वे **अर्थवत्** ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

"ધારણ કરવું" અર્થવાળો "धा" ધાતુ ત્રીજા ગણનો છે. ક્રિયાસ્વરૂપ અર્થપણાંને જે ધારણ કરે છે એ અર્થમાં "कृ-सि-कम्यमि..." (उणादि० ७७३) સૂત્રથી "तुन्" પ્રત્યય થતાં "धातु" શબ્દ બને છે. વિશિષ્ટ અર્થ આનાવડે કહેવાય છે એ પ્રમાણે "કરણ" અર્થમાં "वच्" ધાતુને "घ्यण्" પ્રત્યય થાય છે. वच् + घ्यण् આ અવસ્થામાં ઉપાન્ત્ય "अ"ની વૃદ્ધિ થવાથી તથા "क्ते अनिटश्चजोः कगौ घिति" (૪/૧/૧૧૧) સૂત્રથી "च्"નો "ककार" થવાથી "वाक्यम्" શબ્દની પ્રાપ્તિ થાય છે. (અહીં "આચાર્ય ભગવંતે" "विभक्ति" શબ્દ અને "नाम" શબ્દની વ્યુત્પત્તિ શા માટે ન બતાવી ? એ જિજ્ઞાસાનાં સંબંધમાં જણાય છે કે "स्त्यादिर्विभक्तिः" (૧/૧/૧૯) સૂત્રમાં "विभक्ति" શબ્દની સિદ્ધિ બતાવી છે. તથા "नाम सिदय्व्यञ्जने" (૧/૧/૨૧) સૂત્રમાં "नाम" શબ્દની વ્યુત્પત્તિ બતાવી છે. આથી પુનરુક્તિ દોષને ટાળવા માટે અહીં એ બે શબ્દની સિદ્ધિ બતાવી નથી.) "धातुः च विभक्तिः च वाक्यम् च" એ પ્રમાણે સમાહારદ્વન્દ્વ સમાસ થવાથી "धातुविभक्तिवाक्यम्" થાય છે. હવે "न धातुविभक्तिवाक्यम् इति" "अधातुविभक्तिवाक्यम्" એ પ્રમાણે नञ् તત્પુરુષ સમાસ થાય છે. આથી જ, "આચાર્ય ભગવંતે" પંક્તિઓ લખી છે કે અહીં દ્વન્દ્વ જેનાં ગર્ભમાં છે એવો नञ् તત્પુરુષ સમાસ છે. "નિવેદન કરવા" સ્વરૂપ અર્થવાળો "अर्थ्" ધાતુ દશમા ગણનો છે. આથી "णिच्" પ્રત્યય (સ્વાર્થિક) લાગે છે. હવે ભાવમાં "युवर्ण०" (૫/૩/૨૮) સૂત્રથી अल् પ્રત્યય થતાં अर्थ શબ્દ પ્રાપ્ત થાય છે. હવે, अर्थ છે જેને એ પ્રમાણે સંબંધ અર્થમાં "मतु" પ્રત્યય લાગે છે અને "म्"નો "व्" થતાં "अर्थवत्" શબ્દ નિષ્પન્ન થાય છે. આ "अर्थवत्"નું વિશેષણ "अधातुविभक्तिवाक्यम्" બને છે.

(श०न्या०) अर्थशब्दोऽनेकार्थः, अस्ति प्रयोजनवचनः-केनार्थेन आगतोऽसि ? केन प्रयोजनेनेति गम्यते । अस्ति निवृत्तिवचनः-मशकार्थो धूम इति, मशकनिवृत्तिर्गम्यते । अस्ति धनवचनः-अर्थवानयम्, धनवानित्यर्थः । अस्त्यभिधेयवचनः-अयमस्य वचनस्यार्थ इति, इदमस्याभिधेयमिति गम्यते । अत्राभिधेयवचनस्यार्थशब्दस्य ग्रहणम्, तस्यैव व्यापकत्वात् तद्ग्रहणे तेषामपि ग्रहणात्, अन्येषां च विपर्ययात्, सति व्याप्त्यर्थे (व्याप्यर्थे) अन्यार्थग्रहणे प्रमाणाऽभावाद् इत्याह-**अर्थोऽभिधेय** इति । स चाभिधेयलक्षणोऽर्थो द्विविधः-अन्तरङ्गो बहिरङ्गश्च । अन्तरङ्गो

बुद्धिस्वरूपात्मकः, तद्विषयो बहिरङ्गोऽर्थः, स उभयोऽपीहाऽऽश्रीयते; विवक्षातश्च गुणप्रधानभावः ।

અનુવાદ :- "अर्थ" શબ્દ અનેક અર્થવાળો છે. પ્રયોજન અર્થવાળો "अर्थ" શબ્દ છે. "તું કયા પ્રયોજનથી આવ્યો છે ?" આ વાક્યમાં "अर्थ" શબ્દ પ્રયોજનવાળો છે. નિવૃત્તિવાચી પણ "अर्थ" શબ્દ છે. જેમ કે, "મચ્છરની નિવૃત્તિ માટે ધુમાડો." અહીં "अर्थ" શબ્દથી મચ્છરની નિવૃત્તિ જણાય છે. ધનવાચી પણ"अर्थ" શબ્દ છે. "अर्थवान् अयम् ।" આ વાક્યનો અર્થ છે : "આ વ્યક્તિ ધનવાન્ છે." (એ જ પ્રમાણે "अर्थ" શબ્દ "स्यात्" અર્થનો પણ વાચક છે. "स्यात्" એટલે "આવું થઈ શકે." "स्यात्" શબ્દ પછી "अर्थात्" લખીને "આવું થઈ શકે" એવું જે જણાવાય છે ત્યાં "अर्थात्"માં રહેલો "अर्थ" શબ્દ "स्यात्" અર્થવાળો છે.) "अर्थ" શબ્દ અભિધેયવાચી પણ છે. આ વચનનો આ પદાર્થ છે એ પ્રમાણેનો અર્થ "अयमस्य वचनस्यार्थ" સ્વરૂપ વાક્યનો થાય છે. અહીં, અભિધેય સ્વરૂપ અર્થવાળો "अर्थ" શબ્દ ગ્રહણ કરવાનો છે. આ અર્થનું જ વ્યાપકપણું છે. જ્યાં જ્યાં "अर्थ" શબ્દ છે ત્યાં ત્યાં અભિધેય સ્વરૂપ અર્થ છે અને અભિધેય સ્વરૂપ અર્થનો જ્યાં અભાવ છે ત્યાં "अर्थ" શબ્દનો અભાવ છે. આ પ્રમાણે અર્થ શબ્દ વ્યાપ્ય બને છે અને અભિધેય સ્વરૂપ અર્થ "વ્યાપક" બને છે. હવે, વ્યાપક એવા અભિધેય સ્વરૂપને અહીં ગ્રહણ કર્યું હોવાથી પ્રયોજન, નિવૃત્તિ વગેરે અર્થો પણ ગ્રહણ થઈ જશે. બીજા અર્થોને જો ગ્રહણ કર્યા હોત તો અભિધેય સ્વરૂપ અર્થનું ગ્રહણ થઈ શકત નહીં. જ્યાં જ્યાં વ્યાપ્તિથી અર્થ મળી જતો હોય ત્યાં ત્યાં અન્ય અર્થને ગ્રહણ કરવામાં પ્રમાણનો અભાવ છે. અહીં, કોઈ એવું સચોટ પ્રમાણ નથી કે જેથી વ્યાપ્તિ અર્થવાળા અભિધેય સ્વરૂપ અર્થને છોડીને અવ્યાપ્તિ સ્વરૂપ અર્થ ગ્રહણ કરી શકાય. માટે જ આચાર્ય ભગવંતે બૃહદ્વૃત્તિટીકામાં લખ્યું છે કે, "अर्थः अभिधेयः ।"

આ અભિધેય સ્વરૂપ અર્થ બે પ્રકારના છે : (૧) અંતરંગ અને (૨) બહિરંગ. અંતરંગ એવો અર્થ બુદ્ધિ સ્વરૂપ છે અને અંતરંગ એવા અર્થનો જે વિષય છે તે બહિરંગ અર્થ છે. આ બંને અર્થ અહીં ગ્રહણ કરાય છે. માત્ર વિવક્ષાથી ગૌણ અને પ્રધાનભાવ હોય છે. જે બુદ્ધિ સ્વરૂપાત્મક અર્થ છે તે અન્તરંગ અર્થ કહેવાય છે. અહીં અન્તરંગ હોવાનું કારણ બુદ્ધિ સ્વરૂપ અર્થને વિષયોની પરાધીનતા નથી. "अल्पापेक्षम् अन्तरङ्गम्" એ ન્યાયથી બુદ્ધિ સ્વરૂપ અર્થ ઘણી જ અલ્પ અપેક્ષાવાળો હોવાથી અન્તરંગ અર્થ કહેવાય છે. તથા "बह्वपेक्षम् बहिरङ्गम् વિષય સ્વરૂપ જે અર્થ છે એમાં વિષયોની પણ આવશ્યકતા રહે છે. આથી ઘણી અપેક્ષાઓ હોવાને કારણે વિષય સ્વરૂપ અર્થ એ બહિરંગ અર્થ કહેવાય છે. અહીં અર્થવાન્ની નામસંજ્ઞા કરવી છે. માટે અર્થ તરીકે બંને અર્થ અહીં આશ્રય કરાય છે. હા, ક્યારેક વિવક્ષાના કારણે બહિરંગ અર્થ મુખ્ય બને છે અથવા તો અન્તરંગ અર્થ મુખ્ય બને છે.

(શ૦ન્યા૦) ननु नित्यत्वादन्तरङ्ग एवार्थशब्दः प्रयुज्यते, नित्यो हि शब्दस्य संबन्धादारभ्य बुद्ध्यर्थः, यदसन्निहितेऽपि विषये बुद्धिः शब्देन जन्यते-गौर्जायते, गौर्मृत इति; तथा विपरीतेऽपि वस्तुन्यहेयत्वादुत्पद्यते, यथा-गौर्वाहीक इति । असाधारणत्वाच्च बुद्धिरेवार्थः, साधारणो हि विषयः सर्वपर्यायशब्दानाम्-इन्द्रः शक्रः पुरन्दर इति, न तथा बुद्ध्यर्थः साधारणः; इतश्च बुद्धिरेवार्थः, कुतः ? व्यापित्वाद्, नह्यभावो विनाशः शशविषाणमित्यादीनां शब्दानां विषयोऽर्थो विद्यते, बुद्ध्यर्थस्तु विद्यत एव सर्वेषाम्, एवं च सर्वा प्रक्रिया बुद्धिविषया उपपद्यत इति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- અર્થ બે પ્રકારના છે એવું આપ જણાવો છો. પરંતુ અહીં "अर्थ" શબ્દ તરીકે બુદ્ધિ સ્વરૂપ અર્થ જ પ્રયોગ કરવો જોઈએ. બુદ્ધિ સ્વરૂપ અર્થ નિત્ય હોવાથી તે જ અર્થ પ્રયોગ કરાય છે. શબ્દના સંબંધથી આરંભ કરીને બુદ્ધિ અર્થ વિદ્યમાન થયો હોવાથી બુદ્ધિ અર્થ નિત્ય છે. બુદ્ધિ અર્થને વિષયની આવશ્યકતા રહેતી નથી. માત્ર શબ્દ બોલવામાં આવે છે અને બુદ્ધિ સ્વરૂપ અર્થ આપોઆપ ઉત્પન્ન થઈ જાય છે. કોઈ કહે કે, "गौः जायते", "गौः मृतः" આ પ્રયોગોમાં પાઠશાળામાં બેઠા બેઠા પણ ગાય ઉત્પન્ન થાય છે અને ગાય મરી ગઈ એવા જ્ઞાન સ્વરૂપ બુદ્ધિ અર્થ આપોઆપ ઉત્પન્ન થઈ જાય છે. જ્યારે આ વાક્યનો બહિરંગ અર્થ તો જે સમયે ગાય ઉત્પન્ન થઈ રહી હોય તે સમયે જ વિદ્યમાન હોય છે અથવા તો ભૂતકાળમાં જે ક્ષેત્રમાં ગાય મરી ગઈ હતી ત્યારે જ વિષય સ્વરૂપ બહિરંગ અર્થ વિદ્યમાન હતો. આથી બહિરંગ અર્થ કરતાં બુદ્ધિ સ્વરૂપ અર્થ જ સ્વીકારવા યોગ્ય છે.

વિપરીત એવી વસ્તુમાં પણ બુદ્ધિ સ્વરૂપ અર્થ ઉત્પન્ન થાય જ છે. "गौर्वाहीकः" આ પ્રયોગમાં "वाहीक" શબ્દનો અર્થ અફઘાનિસ્તાનની એક જાતિ સ્વરૂપ થાય છે. અર્થાત્ કેટલાક પુરુષો મૂર્ખ જેવા હોય છે. તેમની બળદ સાથે સરખામણી કરવામાં આવે છે. વાહીક નામની પ્રજા જાણે કે બળદ છે. ખરેખર વાહીક તો પુરુષ છે છતાં પુરુષમાં પણ બળદ સ્વરૂપ પદાર્થનો બોધ કરવામાં આવે છે. અર્થાત્ જે બળદ નથી તેમાં બળદ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આથી વિપરીત એવી વસ્તુઓમાં પણ બુદ્ધિ સ્વરૂપ અર્થ ઉત્પન્ન થઈ શકે છે. વળી, પુરુષમાં પશુનો બોધ કરવામાં આવે છે એને હેય તરીકે પણ માનવામાં નથી આવતું. આવા પ્રયોગો નિર્દોષ જ મનાય છે. આપણે ઘણીવાર કહેતા હોઈએ છીએ કે દેવદત્ત ગધેડો છે. આ પ્રમાણે બહિરંગ અર્થમાં બોલી શકાતું નથી. કોઈ વ્યક્તિ વાહીક સ્વરૂપ પુરુષને જુએ, એ પુરુષને જોયા પછી તો પુરુષ સ્વરૂપ પદાર્થનો જ બોધ થાય છે. એ જ પ્રમાણે દેવદત્તને જોયા પછી દેવદત્ત સ્વરૂપ પુરુષ પદાર્થનો જ બોધ થાય છે, પરંતુ ગધેડા સ્વરૂપ પદાર્થનો બોધ થતો નથી. આથી બહિરંગ અર્થ વિપરીત વસ્તુમાં ઉત્પન્ન થઈ શકતો નથી. માટે બુદ્ધિ સ્વરૂપ અર્થ જ વિચારવા યોગ્ય છે.

બુદ્ધિ અર્થ અસાધારણ અર્થ છે. જે જે વિશેષ હોય તે અસાધારણ હોય છે. બુદ્ધિ સ્વરૂપ અર્થ એ વિશેષ અર્થ છે. કોઈક વ્યક્તિ મનુષ્ય બોલે તો મનુષ્ય એ સામાન્યથી કથન થયું તથા દેવદત્ત વગેરે બોલવામાં આવે તો એ વિશેષથી કથન થયું. એ જ પ્રમાણે અહીં વિષયનું ક્ષેત્ર સાધારણ છે. દા.ત. इन्द्र, शक्र, पुरन्दर વગેરે શબ્દો બોલવામાં આવે તો દરેક શબ્દનો બહિરંગ અર્થ ઇન્દ્ર સ્વરૂપ એક જ પદાર્થ છે. આથી બહિરંગ અર્થ સાધારણ છે. જ્યારે બુદ્ધિ અર્થ દરેક શબ્દ પ્રમાણે અલગ અલગ હોય છે. આથી બુદ્ધિ અર્થ અસાધારણ છે. માટે જે વસ્તુ અસાધારણ હોય તે જ માનવી જોઈએ. આથી બુદ્ધિ સ્વરૂપ અર્થ જ યોગ્ય છે.

બુદ્ધિ અર્થ અને બહિરંગ અર્થ બંનેમાં બુદ્ધિ અર્થ વધારે વ્યાપક છે. જ્યાં જ્યાં બુદ્ધિ અર્થ હોય છે ત્યાં ત્યાં બહિરંગ અર્થ હોય જ એવો નિયમ નહીં. વળી, જ્યાં જ્યાં બહિરંગ અર્થ હશે ત્યાં ત્યાં બુદ્ધિ અર્થ તો હશે. અભાવ, સસલાનું શીંગડુ, વિનાશ વગેરે શબ્દોમાં વિષય અર્થ વિદ્યમાન નથી પરંતુ બુદ્ધિ અર્થ તો છે જ. આ પ્રમાણે બુદ્ધિ અર્થ વ્યાપક હોવાથી બુદ્ધિ અર્થ જ માનવા યોગ્ય છે. આ પ્રમાણે બધી જ પ્રક્રિયા જો બુદ્ધિ સ્વરૂપ અર્થ માનવામાં આવે તો સંગત થાય છે. માટે બુદ્ધિ સ્વરૂપ અર્થ જ યોગ્ય છે.

(श०न्या०) सत्यमेतत्, बुद्धिरप्यर्थस्तदाश्रया च प्रक्रिया सिध्यति, किन्तु बुद्धिरेवार्थो न बहिरङ्ग इति बहिरङ्गार्थनिह्नवो नोपपद्यते, असति हि तस्मिन् कथं निरालम्बना बुद्धिरुदेति मिथ्यात्वप्रसङ्गात् ? किञ्च, तदभावे सत्यानृतव्यवस्थाऽपि न प्रकल्पते, लोके हि यस्य बहिरङ्गार्थोऽस्ति स सत्य इत्युच्यते, विपरीतस्त्वसत्य इति; अन्तरङ्गार्थनियमे तु बुद्धिस्वरूपाविशेषादयं विकल्पो नोपपद्यते इति । किञ्च, **बुद्धेः** सम्यक्त्व-मिथ्यात्वे बाह्यार्थसत्त्वासत्त्वापेक्षे, तत्र बहिरङ्गार्थनियमे बुद्ध्यभावात् तदाश्रयो लौकिको व्यवहारः शास्त्रीयश्च न सिध्यतीत्युभयार्थपरिग्रहः ।

અનુવાદ (ઉત્તરપક્ષ) :- તમારી વાત સાચી છે. બુદ્ધિ સ્વરૂપ અર્થ પણ છે અને બુદ્ધિ સ્વરૂપ અર્થને આશ્રયીને બધી પ્રક્રિયા સિદ્ધ થાય છે એ પણ સાચું છે. છતાં પણ બુદ્ધિ સ્વરૂપ જ અર્થ છે. પરંતુ બહિરંગ અર્થ નથી. એ પ્રમાણે બહિરંગ અર્થનો અપલાપ સંગત થતો નથી. જો બહિરંગ અર્થ જગતમાં વિદ્યમાન જ ન હોય તો નિરાલંબન બુદ્ધિ કેવી રીતે ઉત્પન્ન થાય ? કોઈ કહે કે, આ આંબાનું વૃક્ષ છે. હવે જો આંબાના વૃક્ષ સ્વરૂપ પદાર્થ ન હોય તો આંબાના વૃક્ષ સ્વરૂપ બુદ્ધિ અર્થ કેવી રીતે ઉત્પન્ન થશે. વિષયની ગેરહાજરીમાં જ બુદ્ધિ ઉત્પન્ન થઈ જાય તો મિથ્યાત્વનો પ્રસંગ આવશે.

વળી જો બુદ્ધિ રૂપ અર્થ જ માનવામાં આવશે અને બહિરંગ અર્થ માનવામાં નહીં આવે તો આ સાચુ છે અને આ સાચુ નથી એવી વ્યવસ્થા થઈ શકશે નહીં. કોઈ વ્યક્તિ પીત્તળને જોઈને

સોનું કહે તો આ ખોટું છે. એવું પીત્તળ સ્વરૂપ પદાર્થ તેમજ સોના સ્વરૂપ પદાર્થ હશે તો જ પરીક્ષા કરીને કહી શકાશે કે આ અસત્ય છે. લોકો જેનો બહિરંગ અર્થ વિદ્યમાન હોય છે તેને સત્ય કહે છે. તથા જેનો બહિરંગ અર્થ વિદ્યમાન નથી હોતો તેને અસત્ય કહે છે. વળી, માત્ર બુદ્ધિ સ્વરૂપ અન્તરંગ અર્થને જ માનવામાં આવશે તો બુદ્ધિ સ્વરૂપ અર્થમાં કોઈ ભિન્ન ભિન્ન વિશેષતા ન હોવાથી સત્ય અને અસત્યની પરીક્ષા થઈ શકશે નહીં. જેમ "ઘટ" નામનો પદાર્થ અને "પટ" નામનો પદાર્થ એ બંનેમાં વિશેષતા હોવાથી તે તે પદાર્થ સાચો છે અથવા તો ખોટો છે એવો નિર્ણય થઈ શકે છે. માટે બહિરંગ અર્થ પણ માનવો પડશે. વળી, બુદ્ધિમાં સમ્યક્ત્વ છે અથવા તો મિથ્યાત્વ છે એ પણ બાહ્ય અર્થની વિદ્યમાનતા અને અવિદ્યમાનતાની અપેક્ષાએ જ ઘટી શકશે. વળી, બહિરંગ અર્થમાં જ અર્થની વિદ્યમાનતા છે એવું માનવામાં આવશે તો બુદ્ધિ સ્વરૂપ અર્થનો અભાવ થશે. જગતનો સમસ્ત વ્યવહાર બુદ્ધિ સ્વરૂપ અર્થને માનીને જ થાય છે તથા શાસ્ત્ર સંબંધી વ્યવહાર પણ બુદ્ધિ અર્થને માનીને જ થાય છે. આ પ્રમાણે બંને અર્થ જરૂરી છે. કોઈ એક માનવામાં ન આવે તો ચાલી શકશે નહીં. માટે ઉભય અર્થનું ગ્રહણ કરવામાં આવ્યું છે.

(श०न्या०) स च बहिरङ्गोऽर्थः स्वार्थादिभेदेन पञ्चधा भिद्यते इत्याह-**स्वार्थ** इत्यादि । तत्र स्वार्थो विशेषणं स्वरूप-जाति-गुण-संबन्ध-क्रिया-द्रव्याणि । द्रव्यं विशेष्यं जाति-गुण-द्रव्याणि । यथा-(यदा)शब्दरूपेण विशिष्टा जातिरुच्यते तदा शब्दरूपं विशेषणं स्वार्थो भवति, जातिस्तु विशेष्यत्वाद् द्रव्यम् । यदा जात्या विशिष्टो गुणोऽभिधीयते 'पटस्य शुक्लो गुणः' इति तदा जातिर्विशेषणत्वात् स्वार्थः, गुणो विशेष्यत्वाद् द्रव्यम् । यदा तु गुणविशिष्टं पटादि द्रव्यमुच्यते 'शुक्लः पटः' इति तदा विशेषणभूतो गुणः स्वार्थः, विशेष्यभूतं तु पटादि द्रव्यमिति । यदा पुनर्द्रव्यमपि द्रव्यान्तरस्य विशेषणभूतं भवति 'यष्टीः प्रवेशय', 'कुन्तान् प्रवेशय' इति तदा यष्ट्यादि द्रव्यं विशेषणभावापन्नं स्वार्थः, द्रव्यान्तरं विशेष्यभावापन्नं पुरुषादि द्रव्यम् । क्वचित् संबन्धोऽपि स्वार्थः, यत्र तन्निमित्तकः प्रत्ययः, यथा 'दण्डी' 'विषाणी' इति । क्वचित् क्रियाऽपि भवति स्वार्थः, यत्र तन्निमित्तकः प्रत्ययः, यथा 'पाचकः' इति । चकारादिना द्योत्यस्यापि समुच्चयादेः समासादिनाऽभिधीयमानत्वादभिधेयत्वमस्तीत्याह-**द्योत्यश्चे**त्यादि, अभिधेय इति शेषः ।

અનુવાદ :- જે બહિરંગ અર્થ છે એ સ્વાર્થ, દ્રવ્ય, લિંગ, સંખ્યા અને શક્તિ એમ પાંચ પ્રકારનો છે. સ્વાર્થ સ્વરૂપ જે અર્થ છે તે સ્વરૂપ, જાતિ, ગુણ, સંબંધ, ક્રિયા અને દ્રવ્ય એમ છ પ્રકારે છે અને સ્વાર્થ એ વિશેષણ છે. દ્રવ્ય સ્વરૂપ અર્થ એ વિશેષ્ય સ્વરૂપ હોય છે. જે ત્રણ પ્રકારે

છે : જાતિ, ગુણ અને દ્રવ્ય. જ્યારે શબ્દ સ્વરૂપથી વિશિષ્ટ એવી જાતિ કહેવાય છે ત્યારે જે શબ્દનું ભિન્ન પ્રકારનું સ્વરૂપ છે તે વિશેષણ સ્વરૂપ સ્વાર્થ થાય છે અને તે સમયે જાતિ વિશેષ્ય હોવાથી જાતિ રૂપ સ્વાર્થ થાય છે. કોઈક વ્યક્તિ "गो" શબ્દ બોલે તો "गो" શબ્દ સ્વરૂપ જે છે તે "गो" શબ્દ સ્વરૂપ જ વિશેષણ સ્વરૂપ સ્વાર્થ છે અને "गो" શબ્દથી "गोत्व" જાતિ સ્વરૂપ પદાર્થ જે કહેવાય છે તે જ દ્રવ્ય છે. અહીં જાતિ એ વિશેષ્ય હોવાથી દ્રવ્ય સ્વરૂપે છે. કોઈક અલગ અલગ પ્રકારના શબ્દ બોલે તો અલગ અલગ પ્રકારના શબ્દો એ શબ્દ સ્વરૂપ વિશેષણ સ્વાર્થ થાય છે તથા એ બધા જ શબ્દોમાં રહેલી શબ્દત્વ જાતિ વિશેષ્ય થવાથી દ્રવ્ય સ્વરૂપ સ્વાર્થ છે. શબ્દનું વાચ્યાર્થ શબ્દત્વ જાતિ છે, જે દ્રવ્ય સ્વરૂપ અભિધેય થઈ જશે. માટે જાતિ એ દ્રવ્ય સ્વરૂપ સ્વાર્થ છે. ગ્રહણ કરાતો ધ્વનિ રૂપ પદાર્થ છે. માટે જાતિવાચક શબ્દોની અપેક્ષાએ જાતિ એ દ્રવ્ય સ્વરૂપ અર્થ થાય છે. જે પ્રમાણે ઉત્તમ પંડિત એવું કોઈક બોલે તો ઉત્તમ સ્વરૂપ વિશેષણ પંડિતને આધાર બનાવીને જ રહી શકે. આથી પંડિત વિશેષ્ય સ્વરૂપે થશે એ જ પ્રમાણે અલગ અલગ પ્રકારના શબ્દો પણ શબ્દત્વ જાતિને આશ્રયીને જ રહી શકશે. માટે જાતિ એ વિશેષ્ય સ્વરૂપે છે અને જે વાચ્યાર્થ હોય છે એ દ્રવ્ય સ્વરૂપે હોય છે. અહીં વાચ્યાર્થ તરીકે શબ્દત્વ જાતિ પ્રાપ્ત થતી હોવાથી શબ્દત્વ જાતિ વિશેષ્ય સ્વરૂપે છે. આથી તે દ્રવ્ય સ્વરૂપે આવશે. અર્થનો મૂળ અર્થ વિશેષણ થાય છે. આ વિશેષણ ચાહે સ્વરૂપમાં વિદ્યમાન હોય, જાતિમાં વિદ્યમાન હોય અથવા તો ગુણ, સંબંધ, ક્રિયા કે દ્રવ્યમાં વિદ્યમાન હોઈ શકે છે. આવો સ્વાર્થ એ અર્થ કહેવાશે.

જ્યારે ગુણથી વિશિષ્ટ એવું 'पटादि' દ્રવ્ય કહેવાય છે ત્યારે વિશેષણ તરીકે ગુણ હોય છે. આથી, ગુણ સ્વરૂપ સ્વાર્થ આવશે અને વિશેષ્ય તરીકે દ્રવ્ય હોવાથી દ્રવ્ય સ્વરૂપ અર્થ આવશે. દા.ત. "शुक्लः पटः ।" અહીં "शुक्लः" એ ગુણ સ્વરૂપ સ્વાર્થ છે અને "पटः" વિશેષ્ય હોવાથી દ્રવ્ય સ્વરૂપ અર્થ છે. (દ્રવ્ય સ્વરૂપવાળું એવું દ્રવ્ય છે. કારણ કે દ્રવ્યમાં ત્રણ પેટા પ્રકાર પાડ્યાં છે : જાતિ, ગુણ, દ્રવ્ય. આ પ્રમાણે ઉપરનાં તમામ વિશેષ્ય સ્વરૂપ દ્રવ્યમાં અર્થ સમજી લેવો.)

જ્યારે એક દ્રવ્ય પણ બીજા દ્રવ્યનાં વિશેષણભૂત થાય છે ત્યારે દ્રવ્ય વિશેષણભાવને પ્રાપ્ત કરતું હોવાથી દ્રવ્ય સ્વરૂપ સ્વાર્થ થશે અને બીજું દ્રવ્ય વિશેષ્યભાવને પ્રાપ્ત કરતું હોવાથી દ્રવ્ય સ્વરૂપ અર્થવાળું થશે. દા.ત. "यष्टीः प्रवेशय", "कुन्तान् प्रवेशय ।" લાકડીવાળાંઓને તું પ્રવેશ કરાવ. ભાલાવાળાઓને તું પ્રવેશ કરાવ. એ પ્રમાણે લાકડી અને ભાલા પુરુષોનાં વિશેષણ બને છે અને એ પ્રમાણે લાકડી અને ભાલાં જ વિશેષણભાવને પ્રાપ્ત કરે છે. માટે, દ્રવ્ય સ્વરૂપ સ્વાર્થ થશે. તથા પુરુષો વિશેષ્યભાવને પ્રાપ્ત કરતાં હોવાથી દ્રવ્ય સ્વરૂપ પુરુષો એ દ્રવ્ય સ્વરૂપ અર્થ છે. ક્યાંક સંબંધ પણ સ્વાર્થ તરીકે હોય છે. જે વાક્યમાં સંબંધ-નિમિત્તવાળો પ્રત્યય થાય છે.

ત્યાં સંબંધ સ્વાર્થ સ્વરૂપ થાય છે. અર્થાત્ સંબંધ વિશેષણ સ્વરૂપ થાય છે. દા.ત. "दण्डी" તથા "विषाणी" અહીં "दण्ड" તથા "विषाण" શબ્દને मतु અર્થમાં इन् પ્રત્યય થાય છે ત્યારે "दण्डिन्" અને "विषाणिन्" શબ્દ બને છે. અહીં, "मतु" પ્રત્યય ષષ્ઠી અથવા તો સપ્તમી અર્થમાં થતો હોવાથી જ્યારે સંબંધ અર્થમાં "मतु" પ્રત્યય થાય છે ત્યારે સંબંધ સ્વરૂપ વિશેષણ થાય છે. આથી "दण्ड"નાં સંબંધવાળો પુરુષ તથા શિંગડાંનાં સંબંધવાળો બળદ. આ પ્રમાણે સંબંધ એ વિશેષણ થાય છે અને પુરુષ તથા બળદ વિશેષ્ય થાય છે.

ક્યાંક ક્રિયા પણ સ્વાર્થ થાય છે. જે જે શબ્દોમાં ક્રિયા નિમિત્તવાળા પ્રત્યયો થાય છે ત્યાં ક્રિયા પણ સ્વાર્થ થાય છે. દા.ત. "पाचकः" જેનો અર્થ રસોઈ કરનાર થાય છે. અહીં રાંધવા સ્વરૂપ ક્રિયા એ વિશેષણ છે અને રાંધવા સ્વરૂપ ક્રિયાવાળો જે પુરુષ છે તે વિશેષ્ય છે. આથી ક્રિયા સ્વાર્થ થાય છે અને પુરુષ વિશેષ્ય હોવાને કારણે દ્રવ્ય સ્વરૂપ અભિધેય થાય છે.

તથા "चकार" વગેરેવડે દ્યોત્ય એવા સમુચ્ચય વગેરેનું પણ સમાસ વગેરેથી કથન થતું હોવાથી દ્યોત્ય પણ અભિધેય સ્વરૂપ થાય છે. દા.ત. "रामश्च लक्ष्मणश्च इति रामलक्ष्मणौ"

અહીં સમાસથી સમુચ્ચય સ્વરૂપ અર્થનું પણ કથન થાય છે. આથી દ્યોત્ય એવાં સમુચ્ચય વગેરે પણ અભિધેય સ્વરૂપ થાય છે.

(श०न्या०) "ओव्रस्चौत् छेदने" "सस्य शषौ" [१.३.६१.] इति शत्वे "ऋजि-रिषि०" [उणा० ५६७.] इति से कित्त्वात् "ग्रह-व्रश्च०" इति [४.१.८४.] इति य्वृति "संयोगस्यादौ०" [२.१.८८.] इति सलुकि "यज-सृज०" [२.१.८७.] इति चस्य षत्वे "षढोः०" [२.१.६२.] कत्वे (सस्य) षत्वे च **वृक्षः** । प्लुषेः "प्लुषेः प्लष् च" [उणा० ५६६.] इति से **प्लक्षः** । "कृषं विलेखने" अतः "घृ-वी-ह्वा०" [उणा० १८३.] इति किति णे **कृष्णः** । **डित्थ-डवित्थाव**व्युत्पन्नौ, वर्णानुपूर्वीज्ञानं च शिष्टप्रयोगात् । एषु नामत्वाद् "नाम्नः प्रथमैकद्विबहौ" [२.२.३१.] इति प्रथमा ।

અનુવાદ :- "કાપવું" અર્થવાળો "व्रस्च्" ધાતુ છઠ્ઠા ગણનો છે. અહીં, "सस्य शषौ" (૧/૩/૬૧) સૂત્રથી "स्"નો "श्" થવાથી "व्रश्च्" ધાતુ થશે. હવે, "ऋजि-रिषि..." (उणा० ૫૬૭) સૂત્રથી कित् એવો "स" પ્રત્યય થાય છે. પછી, "ग्रह-व्रश्च..." એ પ્રમાણે (૪/૧/૮૪) સૂત્રથી य्वृत् થતાં "वृश्च् + स" સ્વરૂપ થશે. હવે, "संयोगस्यादौ..." (૨/૧/૮૮) સૂત્રથી "स्"નો લુક્ થતાં "वृच् + स" રહેશે. હવે, "यज्-सृज्..." (૨/૧/૮૭) સૂત્રથી "च्"નો "ष्" થતાં તથા "षढोः..." (૨/૧/૬૨) સૂત્રથી "ष्"નો "क्" થતાં તેમજ પ્રત્યયનાં "स्"નો "ष्" થતાં "वृक्षः" શબ્દ બને છે.

"प्लुष्" ધાતુને "प्लुषेः प्लष च" (उणा० ૫૬૬) સૂત્રથી "स" પ્રત્યય થતાં તેમજ "प्लुष्"નો "प्लष्" આદેશ થતાં બાકીની સાધનિકા ઉપર મુજબ થતાં "प्लक्षः" શબ્દ બને છે.

"ખોતરવું" (ખેડવું) અર્થવાળો "कृष्" ધાતુ છઠ્ઠાગણનો છે. આ "कृष्" ધાતુને "धृ-वी-ह्वा..." (उणा० ૧૮૩) સૂત્રથી "कित्" એવો "ण" થતાં "कृष्णः" એ પ્રમાણે શબ્દ થાય છે.

"डित्थ" અને "डवित्थ" બંને અવ્યુત્પન્ન નામો છે. ઉણાદિ પ્રત્યયોથી સિદ્ધ થયેલાં નામો છે. જો વ્યુત્પન્ન નામો હોય તો તો વ્યુત્પત્તિ દ્વારા અર્થનો બોધ કરી શકાય છે. એ જ પ્રમાણે આ અવ્યુત્પન્ન નામોને અર્થવાન્ કેવી રીતે ગણવા ? આ બંને નામો "यदृच्छ" નામો છે, જે પ્રમાણે હમણાં કોઈક બાબાનું નામ મુન્નો, ટીન્કુ વગેરે પાડવામાં આવે એ જ પ્રમાણે પહેલાના જમાનામાં ગાયોના આવા નામ પાડવામાં આવતાં હતા અને તે તે પદાર્થના સંબંધમાં આ નામો હતા. તેથી આવા નામો પણ અર્થવાન્ કહેવાય છે. શિષ્ટપુરુષોના પ્રયોગોથી આવા પ્રયોગો માન્ય થયા છે.

वृक्ष વગેરે તમામ શબ્દોમાં નામ સંજ્ઞા થવાથી "नाम्नः प्रथमैक-द्वि-बहौ ।" (૨/૨/૩૧) સૂત્રથી પ્રથમા વિભક્તિ થઈ છે.

(श०न्या०) अहन्निति-"हनंक् हिंसागत्योः" ह्यस्तन्या दिवि "अड् धातो०" [४.४.२९.] इत्यटि "व्यञ्जनाद् देः सश्च दः" [४.३.७८.] इति देर्लुप्, अटो धात्ववयवत्वात् तद्ग्रहणेन ग्रहणाद् धातुरेव; अत्र विशेषविहितत्वाद् (अनवकाशत्वात् स्यादि बाधित्वेति भावः) ह्यस्तन्याद्युत्पत्तौ सत्यामडागमस्य धातुभक्तत्वात् प्रत्ययलोपलक्षणेन विभक्त्यन्तत्वान्नलोपजनिका नामसंज्ञा न भविष्यति । नैवम्-"नामन्त्र्ये" [२.१.९२.] इति ज्ञापकाद् नलोपे विधीयमाने प्रत्ययलोपलक्षणेन 'विभक्ति' इति (अ० विभक्ति० इति) निषेधो नोपतिष्ठते । न च नपुंसकार्थ इत्यपि शक्यं वक्तुम्, पृथग्योगवैयर्थ्यादिति धातुवर्जनम् । एवं तर्हि 'छिद्', 'भिद्' इत्यादीनां कथं नामसंज्ञा ? यतः-*न (नैते) क्विबन्ता धातुत्वं जहति* इति "अधातु०" इति प्रतिषेधेन भवितव्यम्, नैवम्-'अ० विभक्ति०' इति पर्युदासात् तत्सदृशप्रत्ययग्रहणात्, पर्युदासे च विधिप्रतिषेधयोर्विधेरेव बलीयस्त्वात् 'अधातु०' इति प्रतिषेधाप्रवृत्तौ नामत्वसिद्धिः । न चात्र न विद्यन्ते धातुविभक्तिवाक्यानि यत्रेति बहुव्रीहिः, अन्यपदार्थप्रधानत्वेन बहिरङ्गत्वात्, तत्पुरुषस्य तु स्वपदार्थप्रधानत्वेनान्तरङ्गत्वाद् 'बहुपटवः' इत्यत्र नामत्वाभावप्रसङ्गाच्च ।

અનુવાદ :- "હિંસા" અને "ગતિ" અર્થવાળો "हन्" ધાતુ બીજા ગણનો છે. હ્યસ્તની વિભક્તિનો "दिव्" પ્રત્યય થતાં "व्यञ्जनाद् देः ..." (૪/૩/૭૮) સૂત્રથી વ્યંજનાન્ત ધાતુથી પર "द्"નો લોપ થાય છે તથા "अड् धातोः ..." (૪/૪/૨૯) સૂત્રથી "अट्"નો આગમ થતાં

અને આગમ એ ધાતુનો અવયવ થવાથી "अट्" આગમવાળો "हन्" ધાતુ પણ ધાતુ જ થાય છે.

પૂર્વપક્ષ :- "अहन्" એ હ્યસ્તન ભૂતકાળ ત્રીજા પુરુષ એકવચનનું રૂપ છે. અહીં, ધાતુ હોવાથી અનવકાશપણાંથી સ્યાદિ વિભક્તિને છોડીને હ્યસ્તની વગેરે વિભક્તિઓ થાય છે અને "अट्"નો આગમ એ ધાતુનો અવયવ હોવાથી "अट्"નાં આગમ સહિત પણ "अहन्" ધાતુ જ થાય છે. આ "अहन्"માં ત્રીજો પુરુષ એક વચનનાં "द्"નો લોપ થયો છે. હવે, "प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणम् कार्यम् विज्ञायते ।" (પ્રત્યયનો લોપ થયે છતે પણ પ્રત્યયને માનીને કાર્ય થાય છે.) ન્યાયથી ત્રીજા પુરુષ એકવચનના "द्" પ્રત્યયને માનીને "अहन्" શબ્દમાં વિભક્તિ અંતપણું ગણાશે. હવે જો, "अहन्" શબ્દમાં વિભક્તિ અંતપણું ગણાય તો વિભક્તિ અંતનાં વર્જનથી જ નામસંજ્ઞા થશે નહીં અને નામસંજ્ઞા ન થવાથી "नाम्नो नो..." (૨/૧/૯૧) સૂત્રથી "अहन्" શબ્દમાં "न्"નાં લોપનો અભાવ થશે. માટે ધાતુનાં વર્જનથી નામસંજ્ઞાનો અભાવ થયો છે એવું કહી શકાશે નહીં.

ઉત્તરપક્ષ :- આ પ્રમાણે કહેવું નહીં. "हे राजन् + सि" અહીં, "दीर्घङी-आप्-..." (૧/૪/૪૫) સૂત્રથી "सि"નો લુક્ થશે. હવે, "सि"નાં લુકનો સ્થાનીવદ્ભાવ થવાથી "हे राजन्" પણ "प्रत्ययलोपेऽपि..." ન્યાયથી વિભક્તિ અંત મનાશે. અને "हे राजन्" જો વિભક્તિ અંત મનાય તો આ સૂત્રથી (૧/૧/૨૭) નામસંજ્ઞાનો અભાવ થશે. હવે જો, "हे राजन्"માં નામસંજ્ઞાનો અભાવ થાય તો "नाम्नो नो..." (૨/૧/૯૧) સૂત્રથી "हे राजन्"માં "न्"નાં લોપની પ્રાપ્તિ જ નથી આવતી. આમ, "हे राजन्"માં જો "न्"નાં લોપની પ્રાપ્તિ જ નથી આવતી તો પછી આમંત્રણ અર્થમાં "न्" નાં લોપનો નિષેધ કરવા માટે "नामन्त्र्ये" (૨/૧/૯૨) એ પ્રમાણે સૂત્ર જ શા માટે બનાવ્યું ? આમ છતાં પણ, (૨/૧/૯૨) સૂત્ર જે "આચાર્ય ભગવંતે" બનાવ્યું છે તેનાથી જ "આચાર્ય ભગવંત" જણાવે છે કે, આવા પ્રયોગોમાં "प्रत्ययलोपेऽपि..." ન્યાયની પ્રવૃત્તિ થતી નથી. આથી, જ્યાં જ્યાં વિભક્તિનો પ્રત્યય લાગીને લોપ થયો હશે ત્યાં ત્યાં વિભક્તિનું અંતપણું મનાશે નહીં. આમ થવાથી, "अहन्" શબ્દપ્રયોગમાં પણ હ્યસ્તન વિભક્તિ ત્રીજો પુરુષ એકવચનનો "दिव्" પ્રત્યયનો લોપ થતાં સ્થાનીવદ્ભાવથી વિભક્તિ અંત ન મનાતા નામસંજ્ઞા થશે અને નામસંજ્ઞા થવાથી પદને અંતે "न्"નાં લોપની પ્રાપ્તિ આવશે, જે કરવી નથી. માટે જ સૂત્રમાં ધાતુનું વર્જન કર્યું છે. અહીં, "अहन्" એ ધાતુ છે અને ધાતુનું વર્જન કર્યું હોવાથી નામસંજ્ઞા થશે નહીં. આથી "अहन्" નાં "न्"નો પદને અંતે લોપ પણ થશે નહીં. "नामन्त्र्ये" સ્વરૂપ નિષેધ સૂત્ર એ નપુંસક લિંગવાળા નામો માટે જ બનાવ્યું છે એવું પણ કહી શકાશે નહીં. જો એવું માનવામાં આવે તો "क्लीबे वा"(૨/૧/૯૩) સૂત્ર જે પૃથક્ બનાવવામાં

આવ્યું તે વ્યર્થ થશે. આ પ્રમાણે "धातु"નું વર્જન કરવાથી "अहन्" વગેરેની નામસંજ્ઞા થશે નહીં અને તેમ થવાથી પદને અંતે "न्"નો લોપ પણ થશે નહીં.

પૂર્વપક્ષ :- જો "धातु"નાં વર્જન દ્વારા ધાતુઓમાં નામસંજ્ઞાનો નિષેધ થશે તો ક્વિબન્તવાળા એવા "छिद्, भिद्" વગેરેમાં નામસંજ્ઞા કેવી રીતે થશે ? "क्विबन्ता धातुत्वं नोज्झन्ति, शब्दत्वं च प्रतिपद्यन्ते ।" (ક્વિબન્ત વાળાઓ ધાતુપણું છોડતા નથી અને શબ્દપણું પ્રાપ્ત કરે છે.) ન્યાયથી "छिद्" અને "भिद्" પણ ધાતુ ગણાશે અને ધાતુનો અહીં પ્રતિષેધ થયો છે. આથી, छिद, भिद् વગેરેની નામસંજ્ઞા કેવી રીતે થશે ? અને નામસંજ્ઞાનાં અભાવમાં સાતેય વિભક્તિનાં રૂપો જોવા મળશે નહીં.

ઉત્તરપક્ષ :- આ સૂત્રમાં "(अधातुविभक्तिवाक्यम् अर्थवन्नाम") નિષેધ ત્રણ વસ્તુનો બતાવ્યો છે : ધાતુ, વિભક્તિ તથા વાક્ય. હવે વિભક્તિનો નિષેધ એ પર્યુદાસનિષેધ છે. જ્યારે ધાતુનો નિષેધ એ પ્રસજ્યનિષેધ છે. પર્યુદાસનિષેધ સદૃશનું ગ્રહણ કરતો હોવાથી વિધિ સ્વરૂપ બને છે. વિભક્તિ એ પ્રત્યય હોવાથી વિભક્તિ સિવાયનાં પ્રત્યયાંત શબ્દો નામસંજ્ઞાવાળા થશે. આ પ્રમાણે પર્યુદાસનિષેધ (अविभक्ति) વિધિ સ્વરૂપ થયો. તથા "अधातु" એ પ્રમાણેનો પ્રતિષેધ એ પ્રસજ્ય પ્રતિષેધ છે. આ પ્રસજ્ય પ્રતિષેધ એ નિષેધ સ્વરૂપ છે. આ પ્રમાણે એક જ પ્રયોગમાં જો વિધિ અને પ્રતિષેધ ઉભયની પ્રાપ્તિ આવે તો વિધિ જ બળવાન્ બને છે. 'छिद्' અને 'भिद्'માં ક્વિપ્ પ્રત્યય અંતવાળું નામ માનવામાં આવે તો "अविभक्ति" સ્વરૂપ પર્યુદાસ-પ્રતિષેધથી ક્વિપ્ પ્રત્યયાંતવાળા શબ્દોમાં નામસંજ્ઞાની વિધિ થઈ શકશે. તથા "अधातु" એ પ્રમાણે પ્રસજ્ય પ્રતિષેધથી "छिद्" અને "भिद्"માં નામસંજ્ઞાની વિધિ થઈ શકશે નહીં. છતાં પણ વિધિ અને પ્રતિષેધ ઉભય હોય ત્યારે વિધિ જ બળવાન બને છે. (विधि-प्रतिषेधयोः विधेः एव बलीयस्त्वात् ।) ન્યાયથી "अधातु" એ પ્રમાણેનો પ્રતિષેધ અપ્રવૃત્તિવાળો થવાથી "छिद्" અને "भिद्"માં નામસંજ્ઞાથી સિદ્ધિ થઈ શકશે.

"अधातुविभक्तिवाक्यम्" અહીં, બે પ્રકારનાં સમાસની પ્રાપ્તિ આવે છે : (૧) "नञ्" બહુવ્રીહિ સમાસ તથા (૨) नञ् તત્પુરુષ સમાસ. અહીં, એક સિદ્ધાંત છે કે "समानार्थे केवलं विग्रहभेदाद्यत्र तत्पुरुषः प्राप्नोति बहुव्रीहिश्च, तत्र तत्पुरुष एव भवति ।" (भगवत् पतञ्जलि प्रणीतम् महाभाष्यम् ૨-૧-૨૪ સૂત્રના આધારે આ સિદ્ધાંત લખ્યો છે.) જ્યાં અર્થનું સમાનપણું હોતે છતે માત્ર વિગ્રહભેદથી તત્પુરુષ તથા બહુવ્રીહિ બંને પ્રાપ્ત થઈ રહ્યા હોય ત્યાં તત્પુરુષ સમાસનો અર્થ જ વિચારવો, બહુવ્રીહિ સમાસનો નહીં. બહુવ્રીહિ સમાસ એ સામાન્ય શાસ્ત્ર છે. જ્યારે તત્પુરુષ સમાસ એ વિશેષ શાસ્ત્ર છે. માટે, વિશેષ શાસ્ત્રનો જ સહારો લેવો જોઈએ. તત્પુરુષ સમાસમાં વ્યવધાન રહિત પ્રત્યક્ષથી બોધ થાય છે. તથા બહુવ્રીહિ સમાસમાં પ્રત્યક્ષથી બોધ થતો નથી,

પણ સંબંધ દ્વારા જ બોધ થાય છે. અહીં, ઉ.દા. તરીકે "अचौरः ग्रामः" સ્વરૂપ બહુવ્રીહિ સમાસ અને "अचौरः" સ્વરૂપ "नञ्" તત્પુરુષ સમાસ સમજી શકાશે.

અહીં, "આચાર્ય ભગવંત" લખે છે કે આ સૂત્રમાં બહુવ્રીહિ સમાસ સમજવો નહીં. કારણ કે બહુવ્રીહિ સમાસ એ અન્ય પદાર્થની પ્રધાનતાવાળો હોવાથી બહિરંગ છે. અને તત્પુરુષ સમાસ પોતાનાં પદાર્થની જ પ્રધાનતાવાળો હોવાથી અંતરંગ છે. આ પ્રમાણે અંતરંગ અને બહિરંગ ઉભયની પ્રાપ્તિ હોય ત્યારે અંતરંગ જ બળવાન બને છે. માટે અહીં બહુવ્રીહિ સમાસ લેવાની ના પાડી છે.

જો બહુવ્રીહિ સમાસ કરવામાં આવે તો અન્ય પદાર્થમાં જ નામસંજ્ઞાની પ્રાપ્તિ અથવા તો નિષેધ થઈ શકે છે. જ્યારે તત્પુરુષ સમાસ કરવામાં આવે તો સ્વપદાર્થમાં જ નામસંજ્ઞાની પ્રાપ્તિ અથવા તો નિષેધ થઈ શકે છે. અહીં, "अविभक्ति" એ પ્રમાણે જો બહુવ્રીહિ સમાસ સમજવામાં આવે તો વિભક્તિ સદૃશ અન્ય પ્રત્યય અંતવાળા શબ્દોમાં નામસંજ્ઞા થશે. પરંતુ તે શબ્દો અન્ય પદાર્થ સ્વરૂપ જ હોવા જોઈશે. જ્યારે તત્પુરુષ સમાસ સમજવામાં આવે તો વિભક્તિભિન્ન અન્ય પ્રત્યયાંતવાળા શબ્દોમાં નામસંજ્ઞા થશે. આથી, અહીં એવી આવશ્યકતા રહેશે નહીં, કે આવા શબ્દો અન્ય પદાર્થ સ્વરૂપ જ હોવા જોઈએ. "बहुपटवः" આ શબ્દોમાં જો બહુવ્રીહિ સમાસ દ્વારા સંજ્ઞાનો વિચાર કરવામાં આવશે તો આ શબ્દ અન્ય પદાર્થ સ્વરૂપ હશે તો જ નામસંજ્ઞા થશે. અને સ્વપદાર્થ સ્વરૂપ હશે તો નામસંજ્ઞા થશે નહીં. આવા તાત્પર્યને લક્ષમાં રાખીને જ "આચાર્ય ભગવંતે" લખ્યું છે કે જો બહુવ્રીહિ સમાસનું આલંબન લેવામાં આવશે તો "बहुपटवः" (બુદ્ધિશાળી જેવો જ)માં નામસંજ્ઞાના અભાવનો પ્રસંગ આવશે. કારણ કે આ શબ્દનો અર્થ સ્વપદાર્થ સ્વરૂપ હોવાથી જ નામસંજ્ઞાના અભાવનો પ્રસંગ આવે છે. તત્પુરુષ સમાસનું આલંબન લેવામાં આવે તો આવી આપત્તિનો અવકાશ રહેશે નહીં.

(श०न्या०) वृक्षशब्दात् शसि "शसोऽता सश्च नः पुंसि" [१.४.४९.] इति दीर्घत्वे नत्वे च **वृक्षान्** । "यजीं देवपूजा-संगतिकरण-दानेषु" इत्यस्माद् ह्यस्तन्या अनि शवि "अड् धातोः०" [४.४.२९.] इत्यडागमे **अयजन्** । राजेति नोदाहार्यम्, अन्तरङ्गत्वात् प्रत्ययोत्पत्तेः प्रागेव प्रवृत्ता नामसंज्ञा बहिरङ्गेण प्रतिषेधेन न शक्या निवर्त्तयितुमिति । येषां प्रत्ययवर्जनं सामान्येन तैरा[१]बादिप्रत्ययस्य नामत्वाभावात् स्याद्युत्पत्तौ यत्नान्तरं विधेयम्, इह तु विभक्ति-वर्जनाच्छेषप्रत्ययान्तस्य नामत्वं भवत्येव, विशेषनिषेधस्य शेषाभ्यनुज्ञाहेतुत्वादित्याह-**विभक्त्यन्तेत्यादि**।

१. तैराबादिभ्यो० ।

અનુવાદ :- "वृक्ष" શબ્દથી "शस्" પ્રત્યય થતાં "शसोऽता सश्च नः पुंसि" (૧/૪/૪૯) સૂત્રથી દીર્ઘપણું થવાથી અને "स्"નો "न्" થવાથી "वृक्षान्"પ્રયોગ સિદ્ધ થાય છે.

"દેવને પૂજવું, મળવું તથા દાન કરવું" અર્થમાં "यज्" ધાતુ પહેલા ગણનો છે. આ "यज्" ધાતુથી હ્યસ્તન વિભક્તિનો "अन्" પ્રત્યય થતાં "शव्" પ્રત્યય આવે છે. તથા "अड् धातोः..." (૪/૪/૨૯) સૂત્રથી "अट्"નો આગમ થતાં "अयजन्" રૂપ થાય છે. (તેઓએ દેવની પૂજા કરી. વગેરે અર્થ આવી શકશે.)

બૃહદ્‌વૃત્તિમાં "આચાર્ય ભગવંતે" "धातुविभक्तिवर्जनं किम् ?" એવું કહેવા દ્વારા "अहन्" અને "अयजन्" ધાતુ છે તથા "वृक्षान्" એ વિભક્તિ અંતવાળું પદ છે. હવે ધાતુ અને વિભક્તિનું વર્જન ન કર્યું હોત તો આ બધા અર્થવાન્ હોવાથી આ બધાની નામસંજ્ઞા થઈ જાત અને તેમ થાત તો વિભક્તિ અંતની પદસંજ્ઞા થવાથી નામનાં "न्"નો પદને અંતે લોપ થઈ જાત. હવે આ લોપ થશે નહીં. આનાં જ અનુસંધાનમાં શંકાકાર કહે છે કે, "राजन् + सि." અહીં પણ વિભક્તિ અંત સ્વરૂપ હોવાથી (૧/૪/૪૫) સૂત્રથી વ્યંજનાન્ત નામથી પર "सि"નો લોપ થતાં "राजन्" પદ જ રહેશે. આ "राजन्" પદ વિભક્તિ અંત સ્વરૂપ જ થાય છે ("सि"નાં લોપનો સ્થાનીવદ્‌ભાવ માનીને) અને આમ થાય તો "राजन्"માં નામસંજ્ઞાનો નિષેધ થવાથી "राजा" એ પ્રમાણે પ્રથમા એકવચનનાં રૂપની પ્રાપ્તિ થઈ શકશે નહીં.

આ શંકાનાં અનુસંધાનમાં જ "આચાર્ય ભગવંતે" શબ્દમહાર્ણવન્યાસમાં લખ્યું છે કે અહીં "राजा" એ પ્રમાણે નામસંજ્ઞાનાં નિષેધનું ઉદાહરણ આપવા યોગ્ય નથી. કારણ કે "राजन् + सि" આ અવસ્થામાં પ્રત્યય લાગ્યાં પહેલાં જ "राजन्" શબ્દમાં અર્થવાન્‌પણું સિદ્ધ થઈ જાય છે. આ પ્રમાણે પ્રત્યયની ઉત્પત્તિ પહેલાં જ પ્રકૃતિને આશ્રિત અર્થવાન્‌પણું હોવાથી અંતરંગપણાંથી જ નામસંજ્ઞા પ્રવૃત્ત થાય છે. આ પ્રમાણે અંતરંગપણાંથી પ્રવૃત્ત થયેલી એવી નામસંજ્ઞાનો બહિરંગ એવા પ્રતિષેધવડે દૂર કરવા માટે સમર્થ થવાતું નથી. અહીં વિભક્તિનાં પ્રત્યય આશ્રિત પ્રતિષેધ છે અને જે જે કાર્યો પ્રત્યય આશ્રિત હોય તે તે કાર્યો બહિરંગ કહેવાય છે. આ પ્રમાણે અંતરંગ અને બહિરંગ બંને કાર્યોની પ્રાપ્તિ થતી હોય ત્યારે અંતરંગ કાર્ય બળવાન બનતું હોવાથી બહિરંગ એવા વિભક્તિ પ્રત્યયનાં પ્રતિષેધવડે "राजन् + सि"માં નામસંજ્ઞાનો પ્રતિષેધ થઈ શકશે નહીં.

પાણિની વ્યાકરણમાં નામસંજ્ઞા સંબંધી "अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम्" (૧/૨/૪૫) સૂત્ર બનાવવામાં આવ્યું છે. ત્યાં પ્રત્યયાંત ન હોય તેની જ નામસંજ્ઞા થાય. આ પ્રમાણે સામાન્યથી તમામ પ્રત્યયોનું વર્જન કર્યું છે. "कृत्तद्धितसमासाश्च" (૧/૨/૪૬) એ પ્રમાણે બીજું સૂત્ર બનાવવા દ્વારા પ્રથમ સામાન્યથી જે બધા જ પ્રત્યયોનો નિષેધ હતો તેમાં કૃત્ પ્રત્યયો તથા તદ્ધિત પ્રત્યય

અંતવાળાની નામસંજ્ઞા કરી છે. આ મતનું ખંડન "येषां प्रत्ययवर्जनं....." વગેરે પંક્તિઓ દ્વારા "આચાર્ય ભગવંત" જણાવે છે.

જે લોકોએ (પાણિનીએ) પ્રત્યયનું સામાન્યથી વર્જન કર્યું છે તે લોકોને "आप्" વગેરે પ્રત્યયાંતવાળા શબ્દોમાં નામસંજ્ઞાનો અભાવ થવાથી સ્યાદિની ઉત્પત્તિ માટે અન્ય પ્રયત્ન કરવો પડશે. એ લોકોએ (પાણિનીએ) પ્રત્યયનું સામાન્યથી વર્જન કરીને "कृत्" અંતવાળા અને તદ્ધિત અંતવાળા શબ્દોમાં નામસંજ્ઞા કરવા માટે ભિન્ન સૂત્ર બનાવ્યું છે. પરંતુ "आप्" અંતવાળા, "ङी" અંતવાળા વગેરે શબ્દોમાં નામસંજ્ઞા કરવા માટે ભિન્ન સૂત્ર બનાવવા દ્વારા અથવા તો બીજી કોઈ પણ રીતે ભિન્ન પ્રયત્ન કર્યો નથી.

અહીં "આચાર્ય ભગવંતે" તો વિભક્તિનાં પ્રત્યયોનું વર્જન કરવાથી વિભક્તિ સિવાયનાં પ્રત્યય અંતવાળા શબ્દોમાં નામસંજ્ઞા થશે જ. જગતમાં એવો સિદ્ધાંત છે કે વિશેષનો નિષેધ હોય ત્યારે શેષનો સ્વીકાર થઈ જ જાય છે. કારણ કે વિશેષનો નિષેધ બાકીનાનાં સ્વીકારનું કારણ છે. આ વસ્તુને ધ્યાનમાં લઈને "આચાર્ય ભગવંતે" બૃહદ્‌વૃત્તિમાં પંક્તિઓ લખી છે કે વિભક્તિ અંતનું વર્જન થવાથી જ "आप्" વગેરે પ્રત્યય અંતવાળાની નામસંજ્ઞા થાય જ છે.

(श०न्या०) "जनैचि प्रादुर्भावे" न जायते इत्यजः "क्वचिद्" [५.१.१७१.] इति डे अजादित्वादापि च **अजा** । बहवो राजानो यस्यां सा **बहुराजा** "ताभ्यां०" [२.४.१५.] इति डाप्। "गुंङ् शब्दे" इत्यतः "खुर-क्षुर०" [उणा० ३९६.] इति रे वृद्धौ च **गौरादित्वाद्** ङ्यां **गौरी** । "कमूङ् कान्तौ" इत्यतः "कमेरत उच्च" [उणा० ४०९.] इत्यारे "वयस्यनन्त्ये" [२.४.२१.] इति ङ्यां **कुमारी** । "गृत् निगरणे" इत्यतः "गम्यमि०" [उणा० ९२.] इति गे गर्गः, तस्यापत्यं वृद्धं स्त्री गर्गादित्वाद् यञि "यञो डायन् च वा" [२.४.६७.] इति ङ्यां डायनि णत्वे **गार्ग्यायणी** । कषेः "मा-वा-वद्यमि०" [उणा० ५६४.] इति से कक्षः, अतो गौरिव[1] कक्षोऽस्येति गोकक्षः, तस्यापत्यं वृद्धं स्त्री पूर्ववत् यञि "षावटाद्वा" [२.४.६९.] इति ङ्यां डायनि **गौकक्ष्यायणी** । "युक् मिश्रणे" इत्यतः "लू-पू-यु०" [उणा० ९०१.] इति कित्यनि "धातोरिवर्णोवर्णस्य०" [२.१.५०.] इत्युवादेशे "यूनस्तिः" [२.४.७७.] इति तौ **युवतिः** । "बृहु शब्दे च" इत्यस्य "उदितः०" [४.४.९८.] इति नागमे "बृंहेर्नोच्च" [उणा० ९१३.] इति मनि ब्रह्मन्, "बन्धश् बन्धने" इत्यतः "भृ-मृ-तृत्सरि०" [उणा० ७१६.] इत्युप्रत्यये बन्धुः, ब्रह्मा बन्धुरस्या **ब्रह्मबन्धूः** "उतोऽप्राणिनः०" [२.४.७३.] इत्यूङ्। "कृत् विक्षेपे" इत्यतः "कृ-शृ-गृ-शलि०" [उणा० ३२९.] इत्यभे करभः, "अर्त्तेरूर्च" [उणा०

१. गोरिव ।

૭૩૬.] इत्युप्रत्यये ऊरादेशे च ऊरू:, करभवदूरू यस्याः "उपमान०" [२.४.७५.] इत्यूङ्प्रत्यये **कर-भोरू:** । कृगः ("णकतृचौ" ५.१.४८.] णके तृचि च **कारकः, कर्ता** । भिद्-छिदोः क्विपि **भिद्, (छिद्)** । उपगोरपत्यम् "ङसोऽपत्ये" [६.१.२८.] इत्यणि "अस्वयंभुवोऽव्" [७.४.७०.] इत्यवि **औपगवः** । "अशौटि व्याप्तौ" इत्यतोऽश्नुते व्याप्नोति तं तं विषयमिति "मा-वा-वद्यमि०" [उणा० ५६४.] इति से अक्षः, तेन दीव्यति "तेन जितजयद्-दीव्यत्०" [६.४.२.] इति इकणि **आक्षिकः** ।

અનુવાદ :- आप् વગેરે પ્રત્યયાંતવાળા "अजा" વગેરે શબ્દોની વ્યુત્પત્તિ બતાવે છે. "ઉત્પન્ન કરવું" અર્થવાળો "जन्" ધાતુ ચોથા ગણનો છે. "જે ઉત્પન્ન નથી થતો" તે "अज" કહેવાય છે. અહીં "जन्" ધાતુને "क्वचिद्" (૫/૧/૧૭૧) સૂત્રથી "ड" પ્રત્યય થતાં "अज" શબ્દ બને છે. ત્યારબાદ "अजादेः" (૨/૪/૧૬) સૂત્રથી "आप्" પ્રત્યય થતાં "अजा" શબ્દ થાય છે. "अजा"નો અર્થ બકરી થાય છે.

"ઘણા બધા રાજાઓ જેમાં છે" એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થતાં "बहुराजन्" સ્વરૂપ સામાસિક શબ્દ થાય છે. હવે, "ताभ्यां वा..." (૨/૪/૧૫) સૂત્રથી "डाप्" પ્રત્યય થતાં "बहुराजा" શબ્દની પ્રાપ્તિ થાય છે, જેનો અર્થ "બહુરાજાવાળી નગરી" થાય છે.

"શબ્દ કરવા" અર્થવાળો "गु" ધાતુ પહેલા ગણનો છે. "खुरक्षुर..." (उणादि० ૩૯૬) સૂત્રથી "र" પ્રત્યય અને વૃદ્ધિ થતાં "गौर" શબ્દ થાય છે. હવે, "गौरादिभ्यो..." (૨/૪/૧૯) સૂત્રથી "ङी" થતાં "गौरी" શબ્દ થાય છે, જેનો અર્થ "पार्वती" થાય છે.

"કાન્તિ" અર્થવાળો "कम्" ધાતુ પહેલા ગણનો છે. આ "कम्" ધાતુથી "कमेरत उच्च" (उणादि० ૪૦૯) સૂત્રથી "आर" પ્રત્યય થતાં अनो उ થઈને "वयस्यनन्त्ये" (૨/૪/૨૧)સૂત્રથી "ङी" પ્રત્યય થતાં "कुमारी" શબ્દની પ્રાપ્તિ થાય છે, જેનો અર્થ "બાળા" એ પ્રમાણે થાય છે.

"શબ્દ કરવું" અર્થવાળો "गॄ" ધાતુ નવમા ગણનો છે. આ "गॄ" ધાતુને "गम्यमि..." (उणादि० ૯૨) સૂત્રથી "ग" પ્રત્યય થતાં "गर्ग" શબ્દ થાય છે. હવે ગર્ગની વૃદ્ધ એવી અપત્ય સ્ત્રી એ અર્થમાં "गर्गादिर्यञ्" (૬/૧/૪૨) સૂત્રથી "यञ्" પ્રત્યય થતાં તથા "यञो डायन् च वा" (૨/૪/૬૭) સૂત્રથી "ङी" પ્રત્યય થાય છે. "गार्ग्य + ङी". આ અવસ્થામાં (૨/૪/૬૭) સૂત્રથી "डायन्" ઉમેરાતાં અને "न्"નો "ण्" થતાં "गार्ग्यायणी" શબ્દની પ્રાપ્તિ થાય છે. જેનો અર્થ "ગર્ગની વૃદ્ધ દીકરી" એ પ્રમાણે થાય છે.

"कष्" ધાતુને "मा वा-वद्यमि..." (उणादि० ૫૬૪) સૂત્રથી "स्" પ્રત્યય થતાં તથા *વ્યાકરણનાં અલગ અલગ નિયમો પ્રમાણે "ष्"નો "क्" થતાં તેમજ "स्"નો "ष्" થતાં "क्ष"*

શબ્દ પ્રાપ્ત થાય છે. તથા "ગાય જેવો બળદ છે" જેનો એ પ્રમાણે "गोकक्ष" બહુવ્રીહિ સમાસ થાય છે. તથા "गोकक्षस्य वृद्धा" એ અર્થમાં "गर्गादेर्यञ्" (૬/૧/૪૨) સૂત્રથી "यञ्" પ્રત્યય થતાં "गौकक्ष्य" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે, "षावटाद् वा" (૨/૪/૬૯) સૂત્રથી સ્ત્રીલિંગમાં "ङी" તથા "डायन्" પ્રત્યય થતાં "गौकक्ष्यायणी" શબ્દની પ્રાપ્તિ થાય છે, જેનો અર્થ ગાય જેવો બળદ છે જેને એવાં પુરુષની વૃદ્ધ દીકરી થાય છે.

"મિશ્રણ કરવા" અર્થવાળો "यु" ધાતુ બીજા ગણનો છે. આ "यु" ધાતુને "लू-पू-यु..." (उणादि० ૯૦૧) સૂત્રથી ક્તિ્ એવો "अन्" પ્રત્યય થતાં "धातोः इवर्ण-उवर्णस्य..." (૨/૧/૫૦) સૂત્રથી "उव्" આદેશ થતાં "युवन्" શબ્દ થાય છે. હવે, "यूनस्ति" (૨/૪/૭૭) સૂત્રથી "ति" પ્રત્યય થતાં "युवतिः" શબ્દ થાય છે, જેનો અર્થ "યુવાન કન્યા" એ પ્રમાણે થાય છે.

"શબ્દ કરવું" અર્થવાળો "बृह्" ધાતુ પહેલા ગણનો છે. હવે, "उदित..." (૪/૪/૯૮) સૂત્રથી "न्"નો આગમ થતાં તેમજ "बृंहेर्नोच्च" (उणादि० ૯૧૩) સૂત્રથી "मन्" પ્રત્યય થતાં "ब्रह्मन्" શબ્દ પ્રાપ્ત થાય છે. તથા "બાંધવું" અર્થવાળો "बन्ध्" ધાતુ નવમા ગણનો છે. આ "बन्ध्" ધાતુને "भृ-मृ-तृत्सरि..." (उणादि० ૭૧૬) સૂત્રથી "उ" પ્રત્યય થતાં "बन्धु" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે, "બ્રહ્મા છે ભાઈ.જેણીનો" એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થતાં અને સ્ત્રીલિંગમાં "उतोऽप्राणिनः"... (૨/૪/૭૩) સૂત્રથી "ऊङ्" પ્રત્યય થતાં "ब्रह्मबन्धू" સ્વરૂપ શબ્દ પ્રાપ્ત થાય છે. જેનો અર્થ "બ્રહ્મા છે ભાઈ જેણીનો" એ પ્રમાણે થાય છે.

"ફેંકવું" અર્થવાળો "कॄ" ધાતુ છટ્ઠા ગણનો છે. આ "कॄ" ધાતુથી "कॄ-शॄ-गॄ-शलि..." (उणादि० ૩૨૯) સૂત્રથી "अभ" પ્રત્યય થતાં "करभ" શબ્દ પ્રાપ્ત થાય છે. "ગતિ" અર્થવાળાં "ऋ" ધાતુને "अर्तेरूर्च" (उणादि० ૭૩૬) સૂત્રથી "उ" પ્રત્યય થતાં અને "ऊर्" આદેશ થતાં "ऊरुः" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે "करभवत् ऊरू यस्याः सा" એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ તથા "उपमान..." (૨/૪/૭૫)થી "ऊङ्" પ્રત્યય થતાં "करभोरूः" શબ્દ પ્રાપ્ત થાય છે, જેનો અર્થ "હાથીનાં બચ્ચાં જેવાં સાથળવાળી સ્ત્રી" થાય છે.

"कृ" ધાતુને "णकतृचौ" (૫/૧/૪૮) સૂત્રથી "णक" અને "तृच्" પ્રત્યય થતાં અનુક્રમે "कारक" અને "कर्ता" શબ્દોની પ્રાપ્તિ થાય છે. આ બંને શબ્દોનો અર્થ "કરનાર" એ પ્રમાણે થાય છે.

"छिद्" અને "भिद्" ધાતુને "કર્તા" અર્થમાં "क्विप्" પ્રત્યય થતાં અનુક્રમે "छिद्" અને "भिद्" શબ્દોની પ્રાપ્તિ થાય છે, જેનો અર્થ "છેદનાર" અને "ભેદનાર" એ પ્રમાણે થાય છે.

"उपगोः अपत्यम्" અહીં "ङसोऽपत्ये" (૬/૧/૨૮) સૂત્રથી અપત્ય અર્થમાં "अण्" પ્રત્યય થાય છે. "उपगु + अण्" આ અવસ્થામાં "अस्वयंभुवोऽव्" (૭/૪/૭૦) સૂત્રથી "उ"નો "अव्"

થતાં તથા "अण्" પ્રત્યય ઉમેરાતાં "औपगवः" શબ્દની પ્રાપ્તિ થાય છે, જેનો અર્થ "ગોવાળનો દીકરો" એ પ્રમાણે થાય છે.

"વ્યાપવા" અર્થવાળો "अश्" ધાતુ પાંચમાં ગણનો છે. "તે તે વિષયને વ્યાપે છે." એ અર્થમાં "मा-वा-वद्यमि..." (उणादि० ૫૬૪) સૂત્રથી "स" પ્રત્યય થતાં "अक्ष" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે, "अक्षेण दिव्यति" (પાસાવડે જુગાર રમે છે.) એ અર્થમાં "तेन जितजयद्-दीव्यत्..." (૬/૪/૨) સૂત્રથી "इकण्" પ્રત્યય થતાં "आक्षिकः" શબ્દની પ્રાપ્તિ થાય છે, જેનો અર્થ "પાસાવડે જુગાર રમનાર" એ પ્રમાણે થાય છે.

(श०न्या०) ननु वाक्यवर्जनं किमर्थम् ? न हि वाक्यं वाक्यार्थो वा कश्चिदस्ति, तथाहि-पदान्येव स्वं स्वमर्थं प्रतिपादयन्ति (वाक्यम्), पदार्था एव हि आकाङ्क्षा-योग्यता-सन्निधिवशात् परस्परसंसृष्टा वाक्यार्थः, न तु वाक्यं वाक्यार्थो वा कश्चिद(पृथग)स्ति, उच्यते-पदार्थाभिसंबन्धस्योपलब्धेरस्त्येव वाक्यार्थः, तथाहि-'साधुः' इत्यनियतविषयं (साधुरित्युक्तेऽनियतविषयं) कर्तृमात्रं निर्दिष्टं न कर्म क्रिया वा, तथा **'धर्मम्'** इत्युक्ते कर्म निर्दिष्टं न कर्ता क्रिया वा, 'ब्रूते' इत्युक्ते क्रिया निर्दिष्टा, न कर्तृकर्मणी । इहेदानीम् **'साधुर्धर्मं ब्रूते'** इत्युक्ते स सर्वं प्रति निर्दिष्टम् (सर्वं निर्दिष्टम्) साधुरेव नान्यः कर्ता, धर्ममेव नान्यत् कर्म, ब्रूते इति नान्या क्रिया । एतेषां पदानां (सामान्ये वर्तमानानां) यद्विशेषेऽवस्थानं स वाक्यार्थः । तस्मात् पदेभ्यो व्यतिरिक्तं वाक्यं विशिष्टस्यार्थस्य पदार्थसंसर्गरूपस्य वाचकमस्तीत्यभ्युपगन्तव्यम्, अन्यथाऽशाब्दो वाक्यार्थः स्यात् । अत एव वाक्यमेव मुख्यः शब्दो वैयाकरणानाम्, वाक्यार्थ एव च मुख्यः शब्दार्थः, सादृश्यात् त्वन्वयव्यतिरेकौ कल्पितौ लाघवार्थमाश्रित्य पदपदार्थावस्थापनं क्रियते; प्रतिवाक्यं व्युत्पत्त्यसंभवात् शब्दव्यवहारोच्छेदप्रसङ्गादिति वाक्यस्य सत्त्वादर्थवत्त्वान्नामत्वप्रसक्तौ वर्जनमित्याह-**वाक्यवर्जनमि**त्यादि ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- અહીં નામસંજ્ઞામાં વાક્યનું વર્જન શા માટે કર્યું છે ? કારણ કે વાક્ય અથવા તો વાક્યાર્થ કોઈ છે જ નહીં. પદોનો સમુદાય જ વાક્ય કહેવાય. અથવા તો પદાર્થોનો સમુદાય જ વાક્યાર્થ કહેવાય. આથી, પદ અને પદાર્થથી પૃથગ્ એવું વાક્ય અથવા તો વાક્યાર્થ કોઈ છે જ નહીં. પદો જ પોતપોતાનાં અર્થનું પ્રતિપાદન કરે છે અને એ પદાર્થો જ આકાંક્ષા, યોગ્યતા અને સન્નિધિનાં સહકારીકારણથી પરસ્પર સંબંધ પામેલા એવા વાક્યાર્થ સ્વરૂપ થાય છે. અહીં આકાંક્ષા, યોગ્યતા અને સન્નિધિનો અર્થ તર્કસંગ્રહ વગેરે ગ્રંથોમાં જોઈ લેવો. આ પ્રમાણે પદનો સમુદાય જ વાક્ય હોય છે. અને પરસ્પર સંબંધ પામેલા પદાર્થો જ જો વાક્યાર્થ હોય છે તો વાક્ય અથવા તો વાક્યાર્થ, પદ અથવા તો પદાર્થથી પૃથગ્ હોઈ શકે નહીં. આથી

વિભક્તિ અંતનાં વર્જનથી જ વાક્યનું પણ વર્જન થઈ જ જાય છે માટે વાક્યનાં વર્જનની કોઈ આવશ્યકતા નથી.

ઉત્તરપક્ષ :- પદાર્થનાં સંબંધની પ્રાપ્તિ થવી એ જ વાક્યાર્થ છે. પૃથક્ પૃથક્ પદો હોય છે ત્યારે એ પદોનો માત્ર પદાર્થ મળે છે. પરંતુ જ્યારે પદોનાં સમૂહ સ્વરૂપ વાક્ય હોય છે ત્યારે પદાર્થોનો આપસમાં સંબંધ થઈ અને નવો અર્થ જણાય છે. પહેલાં માત્ર પદાર્થ જ જણાતાં હતાં, જ્યારે હવે અન્ય અન્ય પદાર્થ સાથે સંબંધિત એવો પદાર્થ જણાય છે. આ પ્રમાણે પદોમાં માત્ર પદાર્થ મળે છે. જ્યારે વાક્યમાં સંબંધિત એવાં પદાર્થો મળે છે.

પદો જ્યારે ભિન્ન હતાં ત્યારે કેવો અર્થ થતો હતો તે હવે ગ્રંથકાર तथाहि साधुः... પંક્તિઓ દ્વારા જણાવે છે. साधुः બોલવા માત્રથી માત્ર કર્તાનો નિર્દેશ થાય છે. જેનો સંબંધ કોઈ સાથે નિશ્ચિત નથી એ અનિયત વિષયવાળા કહેવાય છે. કોઈક છાત્ર, साधुः साधू साधवः બોલે તો આ અનિયત વિષયવાળા કર્તા કહેવાય છે. અહીં કોઈ ચોક્કસ કર્મ સાથે અથવા તો કોઈ ચોક્કસ ક્રિયા સાથે સાધુ સ્વરૂપ કર્તાનું જોડાણ ન હોવાથી સાધુ સ્વરૂપ કર્તા અનિયત વિષયવાળો છે.

એ જ પ્રમાણે, धर्मम् સ્વરૂપ કર્મ સામાન્યથી કર્મ સ્વરૂપ અર્થને જણાવે છે. પરંતુ કોઈ ચોક્કસ કર્તા અને ચોક્કસ ક્રિયાનાં સંબંધવાળો એવો કર્મ સ્વરૂપ અર્થ જણાતો નથી. એ જ પ્રમાણે ब्रूते પદ માત્ર વર્તમાનકાલીન ત્રીજા પુરુષ એકવચન સંબંધી ક્રિયાને જણાવે છે. પરંતુ ચોક્કસ કર્તા અને ચોક્કસ કર્મનાં સંબંધ સહિતનો અર્થ આ ક્રિયા જણાવતી નથી. આમ કેવલ પદોમાં કોઈ જોડાણ ન હોવાથી અનિયત વિષયવાળા પદાર્થો જણાય છે. પરંતુ જ્યારે साधुः धर्मम् ब्रूते સ્વરૂપ વાક્ય હોય છે અને એવા વાક્યનો વાક્યાર્થ કરવાનો હોય છે ત્યારે બધાં પદો નિયત વિષયવાળા થાય છે. આથી પદાર્થો પણ નિયત વિષયવાળા થાય છે. હવે साधुः धर्मम् ब्रूते એવું કહેવામાં આવે ત્યારે કર્તા, કર્મ વગેરે બધું જણાઈ જાય છે. હવે साधुः જ ब्रूते ક્રિયાનો કર્તા છે. બીજો કોઈ નહીં તથા, धर्मम् જ ब्रूते ક્રિયાનું કર્મ છે અને આ કર્તા તથા કર્મ માટે ब्रूते એ પ્રમાણે જ ક્રિયા છે. પણ બીજી કોઈ ક્રિયા નથી. જે પ્રમાણે કન્યા કુંવારી હોય તો એની સાથે કોઈ પણ જોડાઈ શકે છે. આથી આવી કન્યા અનિયત વિષયવાળી કહેવાય છે. જ્યારે કન્યાના વિવાહ થઈ જાય છે ત્યારે એવી કન્યા ચોક્કસ પતિના સંબંધવાળી થાય છે. આ પ્રમાણે પદોનું વિશેષ સ્થિતિમાં અવસ્થિત રહેવું તે વાક્યાર્થ છે.

હવે વાક્ય શા માટે મુખ્ય છે ? તથા વાક્યાર્થ જ શા માટે મુખ્ય છે ? એ સંબંધમાં કંઈક વિચારીએ :

ઉપર આપણે જોયું કે પદોનું વિશેષ સ્થિતિમાં રહેવું તે વાક્ય છે. તથા પદોના અર્થોનું વિશેષ સ્થિતિમાં રહેવું તે વાક્યાર્થ છે. આમ વાક્યાર્થમાં પદાર્થોથી જુદો અર્થ પ્રાપ્ત થાય છે. અહીં

જિજ્ઞાસા થાય છે કે પદાર્થોના સંબંધથી વિશિષ્ટ એવો વાક્યાર્થ જણાય તો આ વિશિષ્ટ અર્થનો બોધ થવામાં કારણ કોણ ? આ વિશિષ્ટ અર્થ શું વાક્યથી જણાય અથવા તો પદાર્થોથી જણાય ? આના સંબંધમાં મીમાંસકો જણાવે છે કે વાક્યાર્થનો બોધ વાક્યથી થતો નથી; પરંતુ પદાર્થોનાં સંબંધથી થાય છે.આથી મીમાંસકોના મતે વાક્ય માનવાની જરૂર નથી. તેઓના મતે તો વાક્યાર્થના બોધમાં પદાર્થોનો સંબંધ જ આવશ્યક છે; પરંતુ વાક્ય માનવાની આવશ્યકતા નથી. હવે જો વાક્ય હોય જ નહીં તો આ સૂત્રમાં વાક્યના વર્જનની આવશ્યકતા જ નથી, છતાં પણ આચાર્ય ભગવંતશ્રીએ આ સૂત્રમાં વાક્યનું વર્જન કર્યું છે, આથી જ મનાશે કે આચાર્ય ભગવંતશ્રી મીમાંસકોના મતમાં સંમત નથી.

જો પદાર્થોથી જ વાક્યાર્થ જણાતો હોય તો મોટી આપત્તિ એ આવે કે વાક્યાર્થનો બોધ વાક્ય વગર જ થઈ જશે, એવું માનવું પડશે અને વાક્ય વગર જો વાક્યાર્થ જણાય તો અશાબ્દ વાક્યાર્થનો બોધ માનવાની આપત્તિ આવશે. શબ્દ એટલે પદ અને શબ્દથી જે જણાય તેને શાબ્દ કહેવાય. આ પ્રમાણે શબ્દથી પદ અને શાબ્દથી પદાર્થ સ્વરૂપ અર્થ થશે. અહીં વાક્યાર્થ જો શબ્દ વગર જણાશે તો અશાબ્દ વાક્યાર્થ માનવો પડશે. વળી પદાર્થથી વિશિષ્ટ અર્થ વાક્યાર્થમાં જણાય, માટે જ પદથી વિશિષ્ટ એવું વાક્ય પણ માનવું પડશે. આના માટે જ આચાર્ય ભગવંતશ્રીએ "तस्मात् पदेभ्यो..." પંક્તિઓ બૃહન્યાસમાં લખી છે. તેમના મતે પદોથી ભિન્ન પદાર્થના સંસર્ગરૂપ વિશિષ્ટ વાક્યાર્થના વાચક તરીકે વાક્યો સ્વીકારવા યોગ્ય છે. જો આમ માનવામાં નહીં આવે તો વાક્યાર્થ અશાબ્દ માનવાની આપત્તિ આવશે.

આથી વૈયાકરણીઓને વાક્ય જ મુખ્ય શબ્દ છે અને વાક્યાર્થ જ મુખ્ય શબ્દાર્થ છે. અહીં જો વાક્ય જ મુખ્ય શબ્દ છે તો જુદાં જુદાં પદોથી પદાર્થનો બોધ શા માટે કરવામાં આવે છે ? ખરેખર તો વાક્યથી જ વાક્યાર્થનો બોધ કરવો જોઈએ... આના અનુસંધાનમાં જ આચાર્ય ભગવંતશ્રીએ "सादृश्यात् त्वन्वय-व्यतिरेकौ..." પંક્તિઓ લખી છે, જેનો અર્થ આ પ્રમાણે છે :

સાદશ્યનાં કારણે જ પદ અને પદાર્થની રચના કરવામાં આવે છે. જેવું વાક્ય છે તેવું જ પદ છે. આ પ્રમાણે, સાદશ્યના કારણે અન્વય અને વ્યતિરેકની કલ્પના કરવામાં આવી અને લાઘવનાં પ્રયોજનથી પદ અને પદાર્થની વ્યવસ્થા કરવામાં આવે છે. અન્વય વ્યતિરેકથી શબ્દ હોય તો વાક્ય હોય છે અને શબ્દ નથી હોતો તો વાક્ય નથી હોતું. આથી શબ્દને જ વાક્ય માનીને તેનું જ વિશ્લેષણ કરવું જોઈએ. એમાં જ લાઘવ છે. એક શબ્દનો વાક્યમાં અસંખ્ય પ્રકારે પ્રયોગ થઈ શકે છે. વાક્યનો અર્થ કરવામાં આવશે તો બહુ જ ગૌરવ થશે. દરેક વાક્યમાં એક જ શબ્દ ભિન્ન ભિન્ન અર્થવાળો થશે. આથી ઘણાં બધાં વાક્યાર્થ માટે ઘણાં બધાં વાક્યોનો કોષ બનાવવો પડશે અને એમ થશે તો બહુ ગૌરવ થશે. આથી લાઘવથી શબ્દનો જ અર્થ સમજવામાં

આવે છે. એક શબ્દનાં અર્થ ઉપરથી અનેક વાક્યમાં તે શબ્દનો અર્થ અલગ અલગ સંબંધથી સમજી શકાશે. વળી વાક્યાર્થને સમજવા માટે જો પદ અને પદાર્થનું આલંબન ન લેવામાં આવે તો જે પ્રમાણે શબ્દોની વ્યુત્પત્તિ થઈ શકે છે તે પ્રમાણે દરેક વાક્યની વ્યુત્પત્તિ કરવી પડશે અને વાક્યની વ્યુત્પત્તિ કરીને જ વાક્યાર્થનો બોધ થઈ શકશે. પરંતુ દરેક વાક્યની વ્યુત્પત્તિનો સંભવ નથી. આથી વાક્યથી જ જો વાક્યની વ્યુત્પત્તિ કરીને વાક્યનો અર્થ સમજવામાં આવશે તો શબ્દ વ્યવહારનાં ઉચ્છેદનો પ્રસંગ આવશે.

આ પ્રમાણે વાક્યનું અર્થવાન્‌પણું વિદ્યમાન હોવાથી નામસંજ્ઞાનો પ્રસંગ આવશે. માટે જ સૂત્રમાં વાક્યનું વર્જન કરવામાં આવ્યું છે. સૂત્રમાં વાક્યનું વર્જન કર્યું હોવાથી હવે અર્થવાન્ એવા વાક્યની નામસંજ્ઞા થશે નહીં. માટે જ બૃહદ્‌વૃત્તિટીકામાં લખ્યું છે કે, वाक्यवर्जनम् किम् ? અર્થાત્ વાક્યના વર્જનથી શું કહેવા માંગો છો ? જવાબમાં લખે છે કે, साधुः धर्मम् ब्रूते આ વાક્ય અર્થવાન્ છે. છતાં પણ તેની નામસંજ્ઞા થતી નથી. જો નામસંજ્ઞા થાત તો વાક્યમાં પણ "स्यादि" વિભક્તિનો પ્રંસગ આવત.

(श०न्या०) नन्वर्थवतो नामसंज्ञायामनेकस्यापि पदस्य समुदितस्य नामसंज्ञा प्राप्नोति–दश दाडिमानि, षडपूपाः, कुण्डमजाजिनं पललपिण्डः (अधरोरुकमेतत् कुमार्याः) स्फैयकृतस्य पिता प्रतिशीनः, (इति) न च समुदायस्याऽऽनर्थक्यादप्रसङ्ग इति वक्तुमुचितम्, अवयवानामर्थवत्त्वाद-वयवधर्माणां समुदाये व्यपदेशात् । न च विभक्तिप्रतिषेधाद् दोषाभावः "प्रत्ययः प्रकृत्यादेः" [७.४.११५.] इति प्रतिपदमेव संज्ञाप्रतिषेधस्तस्यैव तदन्तत्वाद्, न समुदायस्य तस्मात् प्रत्यय-स्याविधानात् विभक्त्यन्तत्वाभावात्, न च "तदन्तं पदम्" [१.१.२०.] इत्यन्तग्रहणाद् अन्यत्र संज्ञाविधौ प्रत्ययग्रहणे तदन्तविधेरभावाद् "अविभक्ति०" इति प्रतिषेधो भवतीति वाच्यम्, यतः संज्ञाविधौ हि स प्रतिषेधः, न चायं संज्ञाविधिः किन्तु प्रतिषेधविधिरिति तदन्तस्यैव प्रतिषेध इति । लोकेऽप्यवयवधर्मेण समुदायव्यपदेशो भवति । यथा आढ्यमिदं नगरम्, गोमदिदं नगरम्, न च सर्वे तत्राढ्या भवन्ति गोमन्तो वा ।

અનુવાદ :- અહીં જુદાં જુદાં પદો જો અર્થવાન્ હોય તો પદોનાં સમુદાય પણ અર્થવાન્ હોઈ શકે છે. આવી માન્યતાનાં આધારે પૂર્વપક્ષ શંકા કરે છે.

પૂર્વપક્ષ :- જો અર્થવાન્‌ની નામસંજ્ઞા થાય છે એવું તમે નક્કી કરો છો તો પૃથક્ પૃથક્ પદોના સમુદાયની પણ નામસંજ્ઞા થશે. જેમ કે दश दाडिमानि (અર્થાત્ દશ દાડમ) षडपूपाः (છ પૂડલાં) कुण्डम्, अजाजिनम्, (કુંડ, બકરીનું ચામડું) पललपिण्डः (માંસનો પિંડ) अधरोरुकमेतत् कुमार्याः આ પ્રયોગ મહાભાષ્યમાંથી લેવામાં આવ્યો છે. (જેનો અર્થ છે કુમારીનો ઘાઘરો.) स्फैयकृतस्य

पिता प्रतिशीनः (સ્કૈયકૃતનો દિકરો તથા સ્કૈયકૃતના દિકરાના પિતા. પ્રતિશીનનો અર્થ શરદીવાળો.) અહીં જેમ પ્રત્યેક પદો અર્થવાન્ છે એ પ્રમાણે પદનો સમુદાય પણ અર્થવાન્ થવાથી નામસંજ્ઞાપણાને પ્રાપ્ત કરશે.

ઉત્તરપક્ષ :- दश दाडिमानि વગેરેમાં એક એક પદો અર્થવાન્ છે, પરંતુ સમુદાય અર્થવાન્ નથી. સમુદાયમાં રહેલા પદો જો એકબીજા સાથે અન્વિત થઈ અને અર્થનો બોધ કરાવે તો જ સમુદાય અર્થવાન્ છે. અહીં કોઈક વ્યક્તિ પોતાની જે ઇચ્છા થાય એ પ્રમાણે બોલ્યા કરે. ઘડીકમાં "दश" પદ બોલે છે. વળી, પાછો "दाडिमानि" પદ બોલે છે. આ પ્રમાણે અસંબંધિત પદોનો સમુદાય અનર્થક હોવાથી એવા અર્થવાન્ સમુદાયની નામસંજ્ઞા થશે નહીં.

પૂર્વપક્ષ :- સમુદાયમાં અનર્થકપણું છે માટે નામસંજ્ઞાનો પ્રસંગ સમુદાયમાં આવતો નથી એ પ્રમાણે કહેવું યોગ્ય નથી. જો અવયવ અર્થવાન્ હોય તો અવયવના ધર્મો સમુદાયમાં કહી શકાતા હોવાથી સમુદાય પણ અર્થવાન્ કહી શકાશે. આથી સમુદાયમાં પણ નામસંજ્ઞાની પ્રાપ્તિ આવે જ છે.

ઉત્તરપક્ષ :- અર્થવાન્ એવા શબ્દોની નામસંજ્ઞા કરવામાં આવી છે પરંતુ એમાં અર્થવાન્ એવા વિભક્તિ અન્ત શબ્દો, વાક્યો તથા ધાતુનું વર્જન કરવામાં આવ્યું છે. આથી આ ત્રણ સિવાયના જેટલા અર્થવાન્ હોય છે તે શબ્દોની જ નામસંજ્ઞા આ સૂત્રથી થાય છે. અહીં दश दाडिमानि વગેરે સ્વરૂપ સમુદાયમાં ભિન્ન ભિન્ન પદો વિભક્તિ અન્તવાળા હોવાથી વિભક્તિના નિષેધથી જ હવે અર્થવાન્ એવા આ સમુદાયની નામસંજ્ઞા થશે નહીં. માટે અમને કોઈ દોષ આવતો નથી.

પૂર્વપક્ષ :- વિભક્તિનું વર્જન કરવાથી વિભક્તિ અન્તવાળા પદો અર્થવાન્ હોય તો પણ નામસંજ્ઞા થશે નહીં, એવું કહેવું નહીં. प्रत्यय प्रकृत्यादेः (૭/૪/૧૧૫). પરિભાષાનું આ સૂત્ર જણાવે છે કે જેનાથી જે પ્રત્યય વિધાન કરાય તે પ્રત્યયની પ્રકૃતિ છે. દા.ત. कर्मणोः अण् (૫/૧/૭૨) સૂત્રમાં કર્મથી પર ધાતુથી अण् પ્રત્યય થાય છે. અહીં ધાતુથી अण् પ્રત્યયનું વિધાન કરાય છે, માટે ધાતુ એ अण् પ્રત્યયની પ્રકૃતિ થાય છે. આથી अण् પ્રત્યય માટે કર્મથી પર રહેલ ધાતુ જ પ્રકૃતિ સ્વરૂપ કહેવાશે. એ જ પ્રમાણે અહીં દરેક પદથી નામસંજ્ઞાનો પ્રતિષેધ થઈ શકશે કારણ કે વિભક્તિના પ્રત્યયો માટે ભિન્ન ભિન્ન નામો જ પ્રકૃતિ સ્વરૂપ બને છે. આથી જ વિભક્તિના પ્રતિષેધથી दश પદમાં નામસંજ્ઞા નહીં થાય તેમજ दाडिमानि પદમાં નામસંજ્ઞા નહીં થાય, પરંતુ दश दाडिमानि સ્વરૂપ સમુદાયમાં તો અર્થવાન્પણું હોવાથી નામસંજ્ઞા થશે જ. બે પદોના સમૂહથી વિભક્તિ નથી થતી. માટે વિભક્તિના પ્રત્યયો માટે બે પદોનો સમૂહ પ્રકૃતિ સ્વરૂપ બનશે નહીં. માટે પદોના સમૂહમાં વિભક્તિ અંતનો અભાવ હોવાથી વિભક્તિનાં

પ્રતિષેધથી અર્થવાન્ એવા પદોના સમૂહનો પ્રતિષેધ થઈ શકશે નહીં. અર્થવાન્ એવા સમુદાયની આ સૂત્રથી નામસંજ્ઞાની પ્રાપ્તિ આવે જ છે.

અહીં વિભક્તિનો પ્રતિષેધ હોવાથી વિભક્તિઅંતની નામસંજ્ઞા થશે નહીં. હવે વિભક્તિઅંત તો તે તે પદો છે, પરંતુ સમુદાયસ્વરૂપ જુદાં જુદાં પદોનો સમૂહ તો વિભક્તિઅંત છે જ નહીં, પરંતુ જુદાં જુદાં પદોનો સમૂહ અર્થવાન્ તો છે. દા. ત. "दश" પદ વિભક્તિઅંત છે, તથા "दाडिमानि" પદ પણ વિભક્તિઅંત છે, પરંતુ "दश दाडिमानि" સ્વરૂપ જે સમૂહ છે તે તો વિભક્તિઅંત છે જ નહીં. આથી સૂત્રમાં અવિભક્તિપદ લખવા દ્વારા આવો સમૂહ નામસંજ્ઞાથી દૂર રહી શકતો નથી અર્થાત્ અર્થવાન્ એવાં આવાં સમૂહની તો નામસંજ્ઞા થાય જ છે. માટે સમૂહવાચક ઉપરોક્ત પદોની નામસંજ્ઞા થવી જોઈએ.

ઉત્તરપક્ષ :- સંજ્ઞાવિધિમાં "तदन्तम् पदम्" (૧/૧/૨૦) સૂત્ર બનાવવામાં આવ્યું છે અને તે સૂત્ર દ્વારા એવો નિયમ બનાવવામાં આવ્યો છે કે પદસંજ્ઞા સિવાય અન્ય કોઈપણ સંજ્ઞાવિધિમાં "तदन्त"નો નિષેધ થશે. આથી અહીં વિભક્તિસ્વરૂપ પ્રત્યય જ્યાં હશે ત્યાં વિભક્તિઅંતની જ પદસંજ્ઞા થશે. તથા અવિભક્તિ લખવા દ્વારા વિભક્તિઅંતવાળાનો જ નિષેધ થશે. આથી અહીં જેમ અવિભક્તિથી વિભક્તિઅંત પદોનો નિષેધ થયો તેમ અવિભક્તિથી વિભક્તિઅંત પદોના સમૂહનો પણ નિષેધ થઈ જશે. કારણ કે સમુદાય પણ પૃથક્ પૃથક્ પદોની જેમ વિભક્તિઅંત જ છે. આથી જુદાં જુદાં પદોનાં સમૂહમાં અમને નામસંજ્ઞાની કોઈ આપત્તિ નથી.

પૂર્વપક્ષ :- તમારી વાત માત્ર સંજ્ઞાવિધિમાં જ લાગુ પડે છે. અહીં અવિભક્તિ એ સંજ્ઞાવિધિ નથી, પરંતુ પ્રતિષેધવિધિ છે. આથી પ્રતિષેધવિધિમાં તો અવિભક્તિથી વિભક્તિઅંતનાં સમુદાયનો નિષેધ થઈ શકશે નહિ. અહીં "प्रत्यय प्रकृत्यादेः" (૭/૪/૧૧૫) પરિભાષાનાં સૂત્રથી જુદી જુદી વિભક્તિઓ માટે "दशन्" અને "दाडिमन्" સ્વરૂપ પ્રકૃતિ છે. આથી વિભક્તિઅંત એવા "दश" અને "दाडिमानि" સ્વરૂપ પદમાં નામસંજ્ઞાનો નિષેધ થઈ શકશે. પરંતુ વિભક્તિના પ્રત્યયો માટે "दशन्" અને "दाडिमन्"ના સમૂહ સ્વરૂપ પ્રકૃતિઓ નથી. માટે, સમૂહસ્વરૂપ એ પદો તો અવિભક્તિઅંત જ છે. માટે સમૂહસ્વરૂપ તે પદોની નામસંજ્ઞા તો થશે જ. કારણ કે આવો સમુદાય અર્થવાન્ તો છે જ. વળી વિભક્તિના નિષેધથી આવા સમૂહોનો નિષેધ થઈ શકતો નથી.

ઉત્તરપક્ષ :- જો અવયવો અર્થવાન્ છે તો અર્થવાન્ એવાં અવયવોનો સમૂહ પણ અર્થવાન્ છે, એવું જે આપ માનો છો તે બરાબર નથી. અવયવ અર્થવાન્ હોવાથી અવયવોનો સમૂહ પણ અર્થવાન્ છે એવું માની શકાશે નહીં. અવયવોનો સમૂહ તો અનર્થક જ છે. તેથી આવા સમુદાયમાં નામસંજ્ઞાનો પ્રસંગ જ આવતો નથી.

પૂર્વપક્ષ :- સમુદાય અનર્થક છે માટે સમુદાયમાં નામસંજ્ઞાનો પ્રસંગ આવવાનો નથી. પરંતુ આ માન્યતા બરાબર નથી. તમે એ રીતે પણ સમુદાયમાં નામસંજ્ઞાનો નિષેધ થાય છે એવું કહી શકશો નહીં. લોકમાં અવયવના ધર્મોનો પણ સમુદાયમાં વ્યવહાર કરાતો જોવાય છે. લોકમાં એવું કહેવાય છે કે, આ નગર ધનવાન્ છે. આ નગર ગાયોવાળું છે. ખરેખર તો આવા સ્થળોમાં નગરમાં બધા જ ધનવાનો હોતા નથી તેમજ બધા જ લોકો ગાયોવાળા પણ હોતા નથી. કેટલાક લોકો જ ધનવાનો હોય છે અને કેટલાક લોકો જ ગાયોવાળા હોય છે. છતાં પણ એવા લોકોની અપેક્ષાએ સમુદાય સ્વરૂપ આખા નગરને પણ ધનવાન્ અથવા ગાયોવાળું કહેવામાં આવે છે. વળી, લોકમાં અવયવ જ અર્થવાન્ હોય છે અને સમુદાય તો અર્થવાન્ હોતો જ નથી. લોકો ધનવાન્ હોઈ શકે પરંતુ નગર ક્યારેય પણ ધનવાન્ હોઈ શકતું નથી. આથી અવયવનો અર્થ માનીને જ સમુદાય સ્વરૂપ નગરને પણ ધનવાન્ માનવામાં આવે છે. એ જ પ્રમાણે અહીં दश दाडिमानि વગેરે સમુદાયમાં પૃથગ્ પૃથગ્ પદો અર્થવાન્ છે અને અવયવના ધર્મથી જ જો સમુદાયમાં વ્યવહાર થાય તો दश दाडिमानि સ્વરૂપ સમુદાય પણ અર્થવાન્ કહેવાશે. આથી જ અર્થવાન્ એવા સમુદાયની નામસંજ્ઞા થાય જ છે.

(श०न्या०) नैवम्-लोके चावयवा एवार्थवन्तो न समुदायाः, अतश्चावयवा एवार्थवन्तो न समुदायाः-यस्य तद् द्रव्यं भवति स तेन कार्यं करोति; यस्य च ता गावो भवन्ति स तासां क्षीरं घृतमुपभुङ्क्ते अन्येन तद् द्रष्टुमप्यशक्यम् । का तर्हीयं वाचोयुक्तिः "आढ्यमिदं नगरम्, गोमदिदं नगरम् ?' । एषैषा वाचोयुक्तिः (एषा या वाचोयुक्तिः, सैषा एतत्प्रमाणा इत्यर्थः) लोकेऽवयवधर्मस्य समुदाये उपचारो मुख्याभावाद्, इह तु मुख्येऽर्थे संभवत्युपचरितकल्पनायां प्रमाणाभावः । अथवा नात्राप्यवयवधर्मेण समुदायव्यपदेशः, किं तर्हि ? दण्ड्यादिवद् यौगिको व्यपदेशः, आढ्याः सन्त्यस्मिन्निति अभ्रादित्वादकारे आढ्यमिदम्, गोमन्तोऽस्मिन् सन्तीति "गोपूर्वादत इकण्" [७.२.५६.] इति इकणि पृषोदरादित्वात् तल्लुकि च गोमदिदं प्रयोगः । गौत्रिकादिसिद्ध्यर्थं च 'अतः' इति तत्र योगविभाग आश्रयितव्यः, गवां समूहो गोत्रा, साऽस्मिन्नस्तीति गौत्रिकम् ।

અનુવાદ :- ઉત્તરપક્ષ :- લોક દષ્ટાંતથી પણ એવું જ જણાય છે કે, અવયવો અર્થવાન્ હોય છે. પરંતુ સમુદાય અર્થવાન્ હોતો નથી. જેનું જે ધન હોય છે તે ધનથી તે વ્યક્તિનું જ કાર્ય થાય છે. બીજી કોઈ વ્યક્તિનું કાર્ય થઈ શકતું નથી. આથી નગર એ ધન સંબંધી કાર્ય કરી શકતું નથી. વળી જેની પાસે ગાયો હોય છે તે જ દૂધ અને ઘી મેળવી શકે છે. પરંતુ બીજા કોઈ તો ગાય અને દૂધને દોહી શકતાં પણ નથી. હવે સમુદાય સ્વરૂપ જે નગર છે એને કાંઈ ગાયના

દૂધની અથવા ઘીની પ્રાપ્તિ થઈ શકતી નથી. આથી અવયવ જ અર્થવાન્ છે પરંતુ સમુદાય અર્થવાન્ નથી. આથી સમુદાયની નામસંજ્ઞા થશે જ નહીં.

પૂર્વપક્ષ :- તો પછી આ નગર ધનવાળું છે, આ નગર ગાયવાળું છે, આવું શા માટે બોલાય છે ?

ઉત્તરપક્ષ :- આ વ્યવહાર પાછળ આ પ્રમાણે વચનની યુક્તિ છે.

आढ्याः सन्ति अस्मिन् એ પ્રમાણે અધિકરણ અર્થમાં अभ्रादिभ्यः (૭/૨/૪૬) સૂત્રથી "अ" પ્રત્યય થતાં "आढ्य" શબ્દ પ્રાપ્ત થાય છે. અહીં "मतु" અર્થ દ્વારા અધિકરણ અર્થ ઉક્ત થઈ જવાથી નગર શબ્દને પ્રથમા વિભક્તિ કરી છે. આથી आढ्यं इदम् नगरम् પ્રયોગમાં આ નગર ધનવાનોવાળું છે, એ પ્રમાણે વ્યુત્પત્તિથી જ અર્થ જણાઈ જાય છે. આથી અવયવો ધનવાળા છે, પરંતુ અવયવોના સમૂહ સ્વરૂપ જે નગર છે એ ધનવાળું નથી. આમ શાસ્ત્રની યુક્તિથી પણ જણાય છે કે અવયવો અર્થવાળા છે, પરંતુ સમુદાય અર્થવાળો નથી.

એ જ પ્રમાણે ગાયોવાળા જેમાં છે એ અર્થમાં "गोपूर्वादत इकण्" (૭/૨/૫૬) સૂત્રથી "इकण्" પ્રત્યય થાય છે. જેનો "पृषोदरादयः" (૩/૨/૧૫૫) સૂત્રથી લોપ થાય છે. આમ "गोमत् इदम् नगरम्" પ્રયોગમાં પણ વ્યુત્પત્તિથી ગાયોવાળાઓ જેમાં છે એવું નગર એ પ્રમાણેનો અર્થ પ્રાપ્ત થઈ જ જાય છે. માટે અવયવોનો ધર્મ સમુદાયમાં આવી જાય છે એવું કહી શકાશે નહીં.

લોકમાં અવયવના ધર્મનું સમુદાયમાં આરોપણ કરવામાં આવે છે. ત્યાં પણ સમુદાયમાં મુખ્ય પદાર્થનો અભાવ હોવાથી ઉપચાર કરવામાં આવે છે. પરંતુ સમુદાયમાં જ અવયવોનો મુખ્ય અર્થ પ્રાપ્ત ન થતો હોય ત્યારે જ જો સમુદાયમાં મુખ્ય અર્થ સમુદાય સંબંધી મળી જતો હોય તો સમુદાયમાં અવયવના ધર્મોનો ઉપચાર કરવામાં આવતો નથી. અહીં આ વાક્યમાં મુખ્ય અર્થ જે "ધનવાળાઓ જેમાં છે" એવું આ નગર છે તે આપોઆપ જ પ્રાપ્ત થઈ જાય છે. આથી હવે નગરમાં અવયવ અર્થનો ઉપચાર કરવાની આવશ્યકતા નથી. માટે સમુદાય "अर्थवान्" ગણાશે નહીં. પરંતુ અવયવ જ "अर्थवान्" ગણાશે.

જો વ્યુત્પત્તિથી અર્થની પ્રાપ્તિ ન થઈ શકી હોત તો જ અવયવના ધર્મોનો સમુદાયમાં ઉપચાર કરવો પડત, પરંતુ અહીં તો "दण्डी" વગેરેની જેમ આ બંને પ્રયોગોનો અર્થ વ્યુત્પત્તિથી જ પ્રાપ્ત થઈ જાય છે. આથી જો વ્યુત્પત્તિથી અર્થ પ્રાપ્ત થઈ શકતો હોય તો અવયવનો અર્થ સમુદાયમાં આરોપિત કરવો પડતો નથી.

અહીં શંકા થઈ શકે કે તદ્ધિતનો પ્રત્યય લાગ્યા પછી ફરીથી તદ્ધિતનો પ્રત્યય લાગી શકે ખરો ? એના અનુસંધાનમાં "गोत्रिकम्" સ્વરૂપ નવું ઉદાહરણ બતાવે છે અને એ ઉદાહરણમાં પણ

વ્યુત્પત્તિથી અવયવનો જ અર્થ સિદ્ધ થાય છે, પરંતુ સમુદાયનો અર્થ અવયવ પ્રમાણે થતો નથી. "गो" શબ્દને સમૂહ અર્થમાં गो-रथ-वातात् त्रल्... (૬/૨/૨૪) સૂત્રથી त्रल् પ્રત્યય થાય છે. પ્રત્યયમાં "ल्" ઇત્‌સંજ્ઞા હોવાથી अ પ્રત્યય સ્ત્રીલિંગમાં થાય છે. આથી गो + त्र = गोत्र અને अकारान्त શબ્દ હોવાથી गोत्र શબ્દને आप् લાગતાં "गोत्रा" શબ્દ પ્રાપ્ત થાય છે. આ गोत्रा શબ્દનો ગાયોનો સમૂહ એવો અર્થ થાય છે. હવે "गोत्रा अस्मिन् अस्ति" એ પ્રમાણે અધિકરણ અર્થમાં इकण् પ્રત્યય થાય છે. આથી गोत्रा + इकण् આ અવસ્થામાં આદિ સ્વરની વૃદ્ધિ થાય છે તેમજ "अवर्णेवर्णस्य" (૭/૪/૬૮) સૂત્રથી "गोत्रा" શબ્દના "आ"નો લોપ થતાં "गोत्रिकम्" શબ્દ પ્રાપ્ત થાય છે. અહીં ઉપર "गोमत् इदम्" પ્રયોગ હતો ત્યાં પણ (૭/૨/૫૬) સૂત્રથી "इकण्" પ્રત્યય લગાડવો. હવે ખરેખર તો (૭/૨/૫૬) સૂત્ર "गो" શબ્દ જેની પૂર્વમાં છે એવા अकारान्त નામથી પર "मतु" અર્થમાં "इकण्" પ્રત્યયનું વિધાન કરે છે. આથી गो શબ્દને मतु પ્રત્યય લગાવો તો गो શબ્દ જેની પૂર્વમાં છે એવો अकारान्त શબ્દ બનતો નથી. "गो" શબ્દથી પર "त्रा" હોવાથી "आकारान्त" શબ્દ બને છે

હવે (૭/૨/૫૬) સૂત્રમાં તો "गो" શબ્દથી પર अकारान्त શબ્દ હોય તો "इकण्" પ્રત્યય થાય છે, તે પ્રમાણે જણાવ્યું છે. જ્યારે અહીં તો "गो" શબ્દથી પર आकारान्त એવો "त्रा" શબ્દ છે. આથી અહીં "इकण्" પ્રત્યય થઈ શકશે નહીં. આથી જ "गोत्रिकम्" પ્રયોગ સિદ્ધ થઈ શકતો નથી. આ આપત્તિને દૂર કરવા માટે ન્યાસમાં લખ્યું છે કે "अतः" પદનો ત્યાં યોગવિભાગ કરવો. અર્થાત્ હવે "गो" શબ્દથી પર अकारान्त શબ્દ જ જોઈએ, એવો નિયમ રહેશે નહીં, પરંતુ "गो" શબ્દથી પર કોઈપણ સ્વરાન્ત શબ્દ હશે તો પણ "इकण्" પ્રત્યય થઈ શકશે. અને એ પ્રમાણે "गोत्रिकम्" પ્રયોગની સિદ્ધિ થઈ શકશે. "ગાયનો સમૂહ જેમાં છે" એવો અર્થ "गोत्रिकम्" શબ્દનો થશે. આમ અહીં ખરેખર તો गोत्रिकम् (नगरम्) પ્રયોગમાં સમૂહવાચક શબ્દ નગરનું વિશેષણ બનત અને અવયવનો સમુદાયમાં આરોપ કરવો પડત, પરંતુ ત્યાં પણ ૭/૨/૫૬ સૂત્રમાં જે अतः પદ લખ્યું છે તે શરત તે સૂત્રમાં ન સમજતા પછીના સૂત્રની છે એમ માનવાથી હવે તે સૂત્ર પ્રમાણે गो શબ્દથી પર કોઈપણ સ્વર અંતવાળો શબ્દ આવે તો પણ इकण् પ્રત્યય થઈ શકશે. આથી त्रा શબ્દ પછી પણ इकण् પ્રત્યય થઈ શકતા गोत्रिकम् શબ્દ સિદ્ધ થઈ શક્યો છે. આમ गोत्रिकम् પ્રયોગમાં પણ વ્યુત્પત્તિથી જ અર્થ પ્રાપ્ત થઈ જાય છે જે આ પ્રમાણે છે. ગાયોના સમૂહવાળું નગર. આમ અહીં પણ અવયવના અર્થને સમુદાયમાં આરોપિત કરવો પડતો નથી માટે સમુદાય અર્થવાન્ ગણાશે નહિ. પરન્તુ અવયવ જ અર્થવાન્ ગણાશે.

(श०न्या०) 'अ० वाक्यम्' इत्यत्र पर्युदासग्रहणात् तस्य च तत्सदृशार्थग्राहित्वादन्यस्यार्थवत्पदसमुदायस्य संप्रत्ययात् समासादेः परिग्रह इत्याह-**अर्थवत्समुदायस्ये**त्यादि । चित्रा गावो

यस्येति "परतः स्त्री०" [३.२.४९.] इति पुंभावे "गोश्चान्ते ह्रस्वः०" [२.४.९६.] इति ह्रस्वत्वे च **चित्रगुः** । (**राजपुरुष** इति-) पृणाति पूरयति धर्माऽर्थ-कामैरात्मानमिति "विदिपृभ्यां कित्" [उणा० ५५८.] इति कित्युषे पुरुषः, पुरि शयनाद् वा डे पृषोदरादित्वात् पुरुषः, राज्ञः पुरुष इति विग्रहः । "गुंङ् शब्दे" अतः "कु-गु-हु-नी-कुणि-तुणि-पुणि०[उणा० १७०.] इति डे गुडः, "नाम्नः प्राग् बहुर्वा" [७.३.१२.] इति बहौ **बहुगुडः** ।

અનુવાદ :- "अ... वाक्यम्" એ પ્રમાણે સૂત્રમાં જે વાક્ય શબ્દનું વર્જન કર્યું છે. તો અહીં નિષેધ કયો સમજવો ? નિષેધ બે પ્રકારના હોય છે : (૧) પર્યુદાસનિષેધ તથા (૨) પ્રસજ્યનિષેધ. જ્યાં પર્યુદાસનિષેધ હોય ત્યાં જેનો નિષેધ કરવામાં આવતો હોય એના સદૃશ અર્થવાળાનું ગ્રહણ થતું હોય છે. હવે વાક્ય જો અર્થવાન્ હોય તો વાક્ય સિવાયના જે જે પદો અર્થવાન્ હશે તેઓની આપોઆપ નામસંજ્ઞા થઈ જશે અને આમ થશે તો અર્થવાન્ એવા સમાસાદિનું ગ્રહણ આપોઆપ થઈ જશે. માટે જ બૃહદ્વૃત્તિટીકામાં આચાર્યભગવંતશ્રીએ લખ્યું છે કે, અર્થવાન્ એવા સમુદાય સ્વરૂપ વાક્યની નામસંજ્ઞાનો પ્રતિષેધ થવાથી સમાસ વગેરેની નામસંજ્ઞા થશે જ.

અનેક પ્રકારની ગાયો જેને છે એવા વિગ્રહવાળો બહુવ્રીહિ સમાસ થતાં "चित्रगुः" શબ્દની પ્રાપ્તિ થાય છે. અહીં "गो" શબ્દ સ્ત્રીલિંગ હોવાથી પૂર્વપદ "चित्रा" સ્ત્રીલિંગ થયું હતું. એ "चित्रा" શબ્દનો "परतः स्त्री..." (૩/૨/૪૯) સૂત્રથી પુંવત્ ભાવ થાય છે. તથા "गो" શબ્દનું હ્રસ્વપણું "गोश्चान्ते ह्रस्वः" (૨/૪/૯૬) સૂત્રથી થતાં "चित्रगुः" શબ્દની પ્રાપ્તિ થાય છે.

હવે "राजपुरुषः" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : "ધર્મ, અર્થ અને કામવડે આત્માને જે પૂરે છે." એ અર્થમાં "पृ" ધાતુથી "विदिपृभ्याम् कित्" (उणादि० ૫૫૮) સૂત્રથી કિત્ એવો "उष" પ્રત્યય થતાં "पुरुषः" શબ્દ પ્રાપ્ત થાય છે. અથવા તો "દુર્ગમાં (કિલ્લામાં) જે સૂવે છે" એ અર્થમાં "ड" પ્રત્યય થતાં "पृषोदरादयः" (૩/૨/૧૫૫) સૂત્રથી "पुरुषः" શબ્દ પ્રાપ્ત થાય છે. પછી "राज्ञः पुरुषः" (રાજાનો પુરુષ) એ પ્રમાણે વિગ્રહ થાય છે.

"શબ્દ કરવો" અર્થવાળા "गु" ધાતુને "कु-गु-हु..." (उणादि० ૧૭૦) સૂત્રથી "ड" પ્રત્યય થતાં "गुडः" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે, "ईषद् अपरिसमाप्त" અર્થમાં "नाम्नः प्राग् बहुर्वा" (૭/૩/૧૨) સૂત્રથી "बहु" પ્રત્યય થતાં "बहुगुडः" શબ્દની પ્રાપ્તિ થાય છે, જેનો અર્થ થાય છે "ગોળ જેવી જ વસ્તુ." ઉપરોક્ત ત્રણે ય પ્રયોગમાં અર્થવાન્ એવા સમાસ વગેરેની આ સૂત્રથી નામસંજ્ઞા થઈ જ જાય છે. અર્થવાન્ એવા વાક્યની નામસંજ્ઞાનો આ સૂત્રથી નિષેધ થવાથી બાકીના અર્થવાન્ એવા સમુદાયની નામસંજ્ઞા પર્યુદાસ નિષેધને કારણે થઈ જાય છે.

(श०न्या०) नन्वधातुविभक्तीत्यत्र पर्युदासाश्रयणादर्थवत एव संज्ञा भविष्यति नार्थोऽर्थव-

दित्यनेन । उच्यते-**अर्थवद**िति संज्ञिनिर्देशार्थम्; पर्युदासाश्रयणे हि केन धर्मेण सादृश्यमा-श्रीयते इत्यप्रतिपत्तिः स्यात्, तथा अनर्थकानामपि धर्मान्तरेण सदृशत्वे नामसंज्ञाप्रसङ्ग इत्याह-**अर्थवदि**ति । ''वन संभक्तौ'', ''धन शब्दे'' इति, आभ्यां वर्षादित्वादलि '**वनम्, धनम्** ।' अत्रार्थवद्-ग्रहणमन्तरेण प्रत्ययबहिष्कृतस्य वर्णसमुदायस्य प्रतिवर्णं नामसंज्ञाप्रसङ्गः । न चात्र धातुप्रतिषेधो भवितुमर्हति, प्रतिवर्णं ह्यत्र विभक्त्युत्पत्तिः, न च प्रतिवर्णं धातुसंज्ञानिवेशः समुदायाश्रयत्वात् तस्याः । न चात्र संख्याकर्मादिषु स्यादीनां विधानात्, सत्यपि नामत्वे निरर्थकेभ्यो वर्णेभ्यः स्याद्युत्पत्त्यभावाद् दोषाभाव इति वाच्यम्, अव्ययवत् संज्ञाविधानात् ''नाम्नः प्रथमा'' [२.२.३१.] इति योगविभागाद् वा स्याद्युत्पत्तौ पदत्वान्नलोपादिकार्यं स्यादित्याह-**नामत्वे ही**ति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- "अधातुविभक्ति..." એ પ્રમાણે અહીં પર્યુદાસનિષેધનો આશ્રય કરવામાં આવે તો ધાતુ અને વિભક્તિ અંત શબ્દો અર્થવાળાં હોવાથી ધાતુ અને વિભક્તિ અંતથી ભિન્ન એવા અર્થવાનોની જ નામસંજ્ઞા થાત. આથી, સૂત્રમાં "अर्थवत्" પદનાં ગ્રહણનું કોઈ પ્રયોજન નથી.

ઉત્તરપક્ષ :- સૂત્રમાં જે "अर्थवत्" શબ્દ લખ્યો છે તે નામસંજ્ઞાવાળા સંજ્ઞીઓ કેવા લેવા એનો નિર્ણય કરવા માટે છે. જો તમે પર્યુદાસ "नञ्"નો આશ્રયં કરો છો તો "अर्थवत्"નાં અભાવમાં કયા ધર્મથી સાદશ્યનો આશ્રય કરાય છે એ પ્રમાણે બોધ નહીં થાત. તે સંજોગોમાં અન્ય ધર્મથી સમાનપણું પ્રાપ્ત થવાની પણ શક્યતા થાત. અને તેમ થાત તો અનર્થકોની પણ નામસંજ્ઞા થવાની આપત્તિ આવત. દા.ત. ધાતુ, વિભક્તિ અંત અને વાક્ય દરેક વર્ણોવાળા પણ છે. આથી વર્ણત્વ ધર્મથી સાદશ્ય લેવાત તો આ ત્રણ સિવાયનાં અનર્થક એવા જે શબ્દો વર્ણોવાળા છે તેમાં પણ નામસંજ્ઞા થવાની આપત્તિ આવત. આ આપત્તિ ન આવે તે માટે જ સૂત્રમાં "अर्थवत्" શબ્દ લખ્યો છે અને આનાં અનુસંધાનમાં જ "अर्थवत् इति किम् ?" એ પ્રમાણે બૃહદ્વૃત્તિમાં પંક્તિઓ લખી છે.

સ્વામીપણું પ્રાપ્ત કરવાવાળો "वन्" ધાતુ પહેલા ગણનો છે તથા "શબ્દ કરવું" અર્થવાળો "धन्" ધાતુ પહેલા ગણનો છે. આ બંને ધાતુઓથી "वर्षादयः क्लीबे" (૫/૩/૨૯) સૂત્રથી નપુંસકલિંગમાં "अल्" પ્રત્યય થતાં "वनम्" અને "धनम्" શબ્દની પ્રાપ્તિ થાય છે. જો સૂત્રમાં "अर्थवत्" શબ્દ લખવામાં ન આવ્યો હોત તો પ્રત્યયથી રહિત એવા વર્ણ સમુદાયના દરેક વર્ણમાં પણ નામસંજ્ઞાનો પ્રસંગ આવત. કયા ધર્મથી સાદશ્ય લેવુ એ નક્કી કરાયું નથી. આથી ધાતુ, વિભક્તિ અંત અને વાક્ય રહિત એવા વર્ણત્વ ધર્મવાળા જુદાં જુદાં વર્ણોમાં પણ નામસંજ્ઞાનો પ્રસંગ આવત. કદાચ તમે એમ કહેશો કે "व् + अ + न्" તો ધાતુ સ્વરૂપ છે. આથી ધાતુના

વર્જન દ્વારા નામસંજ્ઞાનો નિષેધ થઈ જ જાત. પરંતુ આવું પણ તમે કહી શકશો નહીં. કારણ કે ધાતુસંજ્ઞા સમુદાયમાં થાય છે, પરંતુ પ્રત્યેક વર્ણની થતી નથી. આથી પ્રત્યેક વર્ણમાં તો નામસંજ્ઞા થાત જ અને એમ થાત તો દરેક વર્ણમાં વિભક્તિની ઉત્પત્તિનો પ્રસંગ આવત.

પૂર્વપક્ષ :- સ્યાદિ વિભક્તિનું વિધાન સંખ્યા, કર્મકારક, કર્તાકારક વગેરેના વિષયમાં છે. આથી સંખ્યા કોઈપણ પદાર્થમાં કહી શકાશે. કર્મત્વ વગેરે શક્તિઓ પણ પદાર્થની અપેક્ષાએ જ વિચારી શકાશે. પૃથક્ પૃથક્ વર્ણમાં કોઈ અર્થ વિદ્યમાન ન હોય તો એમાં સંખ્યા વગેરે ધર્મો હોઈ શકતાં નથી. આથી નિરર્થક એવા વર્ણોથી સ્યાદિની ઉત્પત્તિ જ નથી થવાની. માટે "अर्थवत्" પદ ન લખ્યું હોત અને પૃથક્ વર્ણોમાં નામસંજ્ઞાનો આરોપ થાત તો પણ કોઈ દોષ આવત નહીં.

ઉત્તરપક્ષ :- આવું કહેવું જોઈએ નહીં. જે પ્રમાણે "चादयोऽसत्त्वे" (૧/૧/૩૧) સૂત્રમાં સ્વરોની અવ્યયસંજ્ઞા કરવામાં આવી છે. હવે આ અવ્યયો અસત્ છે. આથી અસત્ એવા અવ્યયોમાં પણ દ્યોત્ય શક્તિ માનીને નામસંજ્ઞાનું વિધાન થઈ શકે છે. આચાર્ય ભગવંતશ્રીએ આ સૂત્રની બૃહદ્વૃત્તિટીકામાં જ શરૂઆતમાં લખ્યું છે કે દ્યોત્ય એ પણ અર્થ સ્વરૂપ છે. આથી અવ્યયોમાં પણ નામસંજ્ઞાનું વિધાન દ્યોત્ય શક્તિ માનીને થઈ શકે છે એ જ પ્રમાણે અહીં પણ પૃથગ્ પૃથગ્ વર્ણોમાં નામસંજ્ઞાનું વિધાન અવ્યયની જેમ જ માની લેવામાં આવે તો સ્યાદિની ઉત્પત્તિ થઈ શકશે. આથી પૃથક્ પૃથક્ વર્ણોમાં પણ "न्"ના લોપ વગેરે કાર્યની પ્રાપ્તિ આવશે. દા.ત. "न् + सि" અહીં "सि" પ્રત્યયને માનીને "न्"ની પદસંજ્ઞા થવાથી પદને અન્તે રહેલા "न्"નો લોપ થવાની પ્રાપ્તિ આવશે.

હવે આચાર્ય ભગવંતે "योगविभागात्" બીજો હેતુ આપ્યો છે. તો એના અનુસંધાનમાં સૌપ્રથમ એક પૂર્વપક્ષ ઊભો કરીએ છીએ. સ્વરોને ભલે અવ્યય મનાય પરંતુ વ્યંજનોની અવ્યયસંજ્ઞા તો કોઈ સ્થાનમાં જણાતી નથી. વળી વ્યંજનોને અવ્યય માનવામાં આવે તો એનો દ્યોત્ય અર્થ પણ કયો એ પ્રમાણે અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય. આથી નામ બનવાની આપત્તિ આવતી નથી. આથી બીજો હેતુ આપવા દ્વારા એમાં (પૃથગ્ વર્ણોમાં) નામસંજ્ઞાની સિદ્ધિ કરે છે. કારક પ્રકરણમાં આચાર્ય ભગવંતશ્રીએ "कर्मणि" સૂત્ર બનાવીને દ્વિતીયા વિભક્તિનું વિધાન કર્યું છે. એ જ પ્રમાણે તૃતીયા વગેરે વિભક્તિઓનું વિધાન કર્તા વગેરે કારકોની અપેક્ષાએ કર્યું છે. હવે જે જે કારકો હોય તેમાં દ્વિતીયાથી સપ્તમી વિભક્તિ આપોઆપ સૂત્રો દ્વારા થઈ જ જાત. તેથી પ્રથમા વિભક્તિનું સૂત્ર ન બનાવત તો પણ ચાલત. પારિશેષ ન્યાયથી ઉક્ત થઈ ગયેલા અર્થોવાળા નામોમાં આપોઆપ પ્રથમા વિભક્તિ થઈ જ જાત. એને માટે "नाम्नः प्रथमा..." (૨/૨/૩૧) સૂત્રની આવશ્યકતા ન હતી છતાં પણ આચાર્ય ભગવંતશ્રીએ પૃથગ્ એવું (૨/૨/૩૧) સૂત્ર બનાવ્યું છે એનાથી જ એવું જણાય છે કે, આવા કોઈક સ્થાનોમાં પૃથક્ પૃથક્ વર્ણોની પણ નામસંજ્ઞા

થઈ હશે તો તેવા વર્ણોમાં (૨/૨/૩૧) સૂત્રથી પ્રથમા વિભક્તિ થઈ જશે. પરંતુ આવા વર્ણોમાં નામસંજ્ઞા કરવી નથી. માટે જ આચાર્ય ભગવંતશ્રીએ આ પ્રમાણે પણ જો પૃથક્ પૃથક્ વર્ણોમાં નામસંજ્ઞા થઈ જશે તો એવા સ્થાનોમાં નામસંજ્ઞા કરવી નથી એવું જણાવવા માંગે છે. અને એટલે જ બૃહદ્વૃત્તિમાં પંક્તિઓ લખી છે કે આ પ્રમાણે પૃથક્ વર્ણોમાં જો નામસંજ્ઞાની પ્રાપ્તિ આવત તો સ્યાદિની ઉત્પત્તિ થાત અને પદને અન્તે "न्"નો લોપ થાત. હવે "अर्थवत्" પદ લખવાથી આવી બધી આપત્તિઓનો અવકાશ રહેશે નહીં. પૃથક્ વર્ણોમાં કોઈ દ્યોત્ય શક્તિ પણ જણાતી નથી. માટે અર્થવાન્‌પણાંનો અભાવ થવાથી નામસંજ્ઞાનો અભાવ થાય છે.

(श०न्या०) ननु भवत्वेवम्, तथापि शक्तिवैकल्याद् 'गौः' इति प्रयोक्तव्ये 'गो' इति केनचित् प्रयुक्तम्, तत्समीपवर्ती च तदुक्तमपरेण पृष्टः सन्ननुकरोति, तदा तदनुकरणे नामसंज्ञा स्याद् वा नवा? इत्याशङ्कायामाह-**यदे**त्यादि । ननु शक्तिवैकल्यप्रयुक्तादपि गोशब्दात् खुर-ककुद-लाङ्गूल-सास्नादिमानर्थः प्रतीयत एव इत्यनुकार्यस्यापि कथमर्थवत्त्वाभावः ? येन तदभेदिनोऽनुकरणस्यापि तदभावान्नामत्वाभावः प्रतिपाद्यते ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- ભલે પૃથગ્ વર્ણોની નામસંજ્ઞા ન થાઓ, પરંતુ "गौः" એ પ્રમાણે શબ્દપ્રયોગ કરવા યોગ્ય હોતે છતે કોઈકે શક્તિની વિકલતાથી "गो" એ પ્રમાણે પ્રયોગ કર્યો. હવે "गो" એ પ્રમાણે શબ્દપ્રયોગને સાંભળનાર ત્રીજી વ્યક્તિ "गो" એ પ્રમાણે શબ્દપ્રયોગ કરનારની સમીપમાં રહેલી વ્યક્તિને પૂછે છે કે આ વ્યક્તિ શું બોલ્યો ? એ સમયે સમીપમાં રહેલી વ્યક્તિ પ્રશ્ન પૂછનારને જવાબ આપતી વખતે "गो" શબ્દનું અનુકરણ કરીને સંભળાવે છે. તે સમયે અનુકરણવાચક એવા આ "गो" શબ્દમાં નામસંજ્ઞા થાય અથવા તો ન થાય ? દા.ત. "अ" નામની વ્યક્તિ શક્તિની વિકલતાથી "गौः" શબ્દને બદલે "गो" એ પ્રમાણે શબ્દ બોલે છે. એ જ સમયે "ब" નામની વ્યક્તિ તેની સમીપમાં ઊભી છે. હવે દૂર રહેલી "क" નામની વ્યક્તિ બોલાયેલાં એવાં "अ" વ્યક્તિનાં "गौः" નામનાં શબ્દને સાંભળે છે, પરંતુ સમજાતું નથી. આથી "क" નામની વ્યક્તિ "अ"ની નજીકમાં રહેલ એવી "ब" નામની વ્યક્તિને પૂછે છે કે "अ" નામની વ્યક્તિ શું બોલી ? આ સમયે "ब" નામની વ્યક્તિ જે પ્રમાણે "अ" નામની વ્યક્તિ બોલી હતી તે પ્રમાણેનો શબ્દ જ "क" નામની વ્યક્તિને સંભળાવે છે. અર્થાત્ "ब" નામની વ્યક્તિ "गो" શબ્દ બોલીને જ "क" નામની વ્યક્તિને સંભળાવે છે.

હવે, "अ" નામની વ્યક્તિએ શક્તિની વિકલતાથી જે "गो" શબ્દનું ઉચ્ચારણ કર્યું તે "અનુકાર્ય" સ્વરૂપ કહેવાશે. તથા "ब" નામની વ્યક્તિ "अ" નામની વ્યક્તિવડે બોલાયેલા શબ્દોની જ નકલ કરીને "क" નામની વ્યક્તિને સંભળાવે છે એ "અનુકરણવાચક" શબ્દ કહેવાશે. ટૂંકમાં "अ" નામની વ્યક્તિવડે બોલાયેલ "गो" શબ્દ "અનુકાર્ય" સ્વરૂપ છે અને

"ब" નામની વ્યક્તિવડે બોલાયેલ "गो" શબ્દ "અનુકરણ" સ્વરૂપ છે. હવે,. આ "ब" નામની વ્યક્તિવડે બોલાયેલ અનુકરણવાચક "गो" શબ્દની નામસંજ્ઞા થાય કે કેમ ? એવી શંકાનાં સમાધાન માટે "આચાર્ય ભગવંતે" બૃહદ્દ્વૃત્તિમાં પંક્તિઓ લખી છે કે જ્યારે અનુકાર્ય અને અનુકરણવાચક શબ્દોમાં સ્યાદ્વાદનાં આશ્રયવડે અભેદ વિવક્ષા કરવામાં આવે ત્યારે અર્થવાન્‌પણાંનો અભાવ થવાથી નામસંજ્ઞા થતી નથી. દા.ત. "ब" નામની વ્યક્તિ "गो इति अयम् आहु" એ પ્રમાણે "क" નામની વ્યક્તિને કહી રહી છે, ત્યારે અનુકરણવાચક એવાં "गो" શબ્દને નામસંજ્ઞા થતી નથી.

ઉત્તરપક્ષ :- આ સંદર્ભમાં અમે કહીએ છીએ કે, શક્તિની વિકલતાથી બોલાયેલાં એવો "गो" શબ્દ ખરેખર અશુદ્ધ છે અને એ અશુદ્ધ શબ્દનું અનુકરણ પણ અશુદ્ધ જ છે. અહીં અનુકાર્ય અને અનુકરણ વચ્ચે અભેદની વિવક્ષા હોવાથી શક્તિની વિકલતાથી બોલાયેલો "गो" શબ્દ જે અનુકાર્ય સવરૂપ છે અને તે જો અશુદ્ધ હોય તો તેની સાથે જ અભેદપણે રહેલ હોય એવો અનુકરણવાચક "गो" શબ્દ પણ અશુદ્ધ જ છે. અનુકાર્યમાં જો અર્થવાન્‌પણાંનો અભાવ થાય (અનુકાર્ય સ્વરૂપ "गो" શબ્દ અશુદ્ધ હોવાથી) તો અનુકરણવાચક શબ્દમાં પણ અર્થવાન્‌પણાંનો અભાવ થશે. આ સંજોગોમાં અનુકરણવાચક નામોની નામસંજ્ઞા થશે નહીં.

પૂર્વપક્ષ :- જો અનુકાર્ય સ્વરૂપ "गो" શબ્દ અશુદ્ધ છે તો પછી એ અશુદ્ધ એવા "गो" શબ્દથી સાસ્ના, ખૂરાં, ખાંધ, પૂછડું વગેરેવાળો સાચો ગાય પદાર્થ કેવી રીતે જણાય છે ? તથા અશુદ્ધ એવા "गो" શબ્દથી પણ શુદ્ધ "गौः" શબ્દનો અર્થ જણાતો હોય તો અનુકાર્યમાં અર્થવાન્‌પણાંનો અભાવ કેવી રીતે થાય ? અને અનુકાર્ય સ્વરૂપ "गो" શબ્દમાં જો અર્થવાન્‌પણાંનો અભાવ ન થાય તો અનુકરણ સ્વરૂપ "गो" શબ્દમાં પણ અર્થવાન્‌પણાંનો અભાવ કેવી રીતે થાય ? જેથી અનુકરણવાચક શબ્દમાં તમે નામસંજ્ઞાનો અભાવ કહો છો.

(श०न्या०) सत्यम्-असाधुशब्दादर्थप्रतीतिः साधुशब्दद्वारेण, न साक्षात् । तथाहि-असाधुशब्दः श्रूयमाणः साधुशब्दस्य स्मारयन्नर्थप्रतीतिं जनयति, नह्यसाधुशब्दस्य विशिष्टेऽर्थे संकेतोऽस्ति, न चासंकेतितः शब्दोऽर्थं प्रतिपादयति, अतिप्रसङ्गाद् इति कथं तेनाभिन्नस्यानुकरणस्यार्थवत्त्वम् ? ।

ઉત્તરપક્ષ :- અસાધુ એવા અનુકાર્ય સ્વરૂપ "गो" શબ્દથી જે શુદ્ધ અર્થની પ્રતીતિ થાય છે. એ સાધુ શબ્દ દ્વારા જ થાય છે, પરંતુ સાક્ષાત્ અશુદ્ધ શબ્દથી અર્થની પ્રતીતિ થતી નથી, તેની પ્રક્રિયા આ પ્રમાણે છે. જ્યારે અસાધુ શબ્દ સંભળાય છે ત્યારે એ અસાધુ શબ્દ, સાધુ શબ્દનું સ્મરણ કરાવે છે અને એ સાધુ શબ્દ દ્વારા જે અર્થ જણાય છે એ અર્થને અશુદ્ધ શબ્દનો અર્થ

માની લેવામાં આવે છે. આ પ્રમાણે સાધુ શબ્દ દ્વારા જ અશુદ્ધ શબ્દના શુદ્ધ અર્થની પ્રતીતિ થાય છે. અસાધુ એવા "गो" શબ્દમાં કોઈ વિશિષ્ટ અર્થમાં સંકેત નથી તથા જે શબ્દને વિશે સંકેત ઉત્પન્ન થયો નથી એવો શબ્દ અર્થને પ્રાપ્ત કરાવી શકતો નથી. જે શબ્દો કોઈ ચોક્કસ અર્થમાં સંકેતવાળા થયા હોય તે જ શબ્દો વિશિષ્ટ અર્થને જણાવી શકે છે. અહીં અનુકાર્ય સ્વરૂપ "गो" શબ્દ સાચા "गौः" પદાર્થ માટે સંકેતિત થયો નથી માટે સાચા "गौः" પદાર્થને જણાવી શકતો નથી. સંકેત પ્રાપ્ત ન થયો હોય એવા શબ્દો પણ જો વિશિષ્ટ અર્થને જણાવવા માટે સમર્થ થશે તો અતિવ્યાપ્તિ નામનો દોષ આવશે અને આમ થશે તો ગમે તે શબ્દોના ગમે તે અર્થો જણાવા લાગશે. માટે જ અમે કહીએ છીએ કે અશુદ્ધ એવો અનુકાર્ય સ્વરૂપ શબ્દ જો અર્થવાન્ નથી તો અનુકાર્ય સાથે અભિન્ન એવો અનુકરણવાચક શબ્દ કેવી રીતે અર્થવાન્ હોઈ શકે ? માટે જ એવા અનુકરણવાચક શબ્દોમાં અર્થવાન્પણાંનો અભાવ થવાથી નામસંજ્ઞાની પ્રાપ્તિ આવતી નથી.

(श०न्या०) यदा तु भेदो विवक्ष्यते तदाऽनुकार्येणार्थेनार्थवत्त्वादनुकरणस्य नामत्वे **'पचतिमाह'** इत्यादिवद् भवत्येव स्याद्युत्पत्तिरित्यर्थः ।

અનુવાદ :- અમે સ્યાદ્વાદનો આશ્રય કર્યો હોવાથી ક્યારેક અનુકાર્ય અને અનુકરણવાચક શબ્દમાં અભેદ મનાય છે તથા ક્યારેક અનુકરણવાચક અને અનુકાર્યવાચક શબ્દમાં ભેદ પણ મનાય છે. આથી જ્યારે અનુકાર્ય અને અનુકરણ શબ્દ વચ્ચે ભેદ માનવામાં આવશે ત્યારે અનુકાર્યનો જે અર્થ થશે તે જ અનુકરણવાચક શબ્દનો થશે. આથી એવા અનુકરણવાચક શબ્દમાં અર્થવાન્પણું થવાથી નામસંજ્ઞાની પ્રાપ્તિ શક્ય થઈ શકશે. અહીં અનુકાર્યવાચક શબ્દમાં અર્થવાન્પણું કેવી રીતે માનવું ? એના સંબંધમાં મહાપુરુષોએ કહ્યું છે કે, ધ્વનિના ઉચ્ચારણ સ્વરૂપ અર્થ એવા શબ્દોમાં રહ્યો છે. ભલે એવા "गो" શબ્દનો સાસ્ના વગેરેવાળો અર્થ ન થાય, પરંતુ શબ્દાત્મક અર્થ એ "गो" શબ્દમાં છે જ. આથી અનુકરણવાચક શબ્દ બોલનારની બુદ્ધિમાં માત્ર આ વ્યક્તિ આવો શબ્દ બોલ્યો એવો શબ્દાત્મક અર્થ તો જણાય જ છે. આમ, અનુકરણવાચક શબ્દ બોલનારે ભેદ કરવા દ્વારા મૂળ અર્થને બદલે માત્ર ધ્વનિ સ્વરૂપ અર્થ કર્યો હોવાથી એવા અર્થથી તો અનુકરણવાચક શબ્દ અર્થવાન્ થાય જ છે. આને માટે બૃહદ્‌વૃત્તિમાં "पचतिमाह" ઉદાહરણ આવ્યું છે. કોઈક દ્વારા બોલાયેલા "पचति" શબ્દનું અનુકરણ કરીને બીજી વ્યક્તિ બોલતી હોય ત્યારે એ બીજી વ્યક્તિના મનમાં માત્ર "पचति" સ્વરૂપ ધ્વનિ અર્થ જ વિદ્યમાન છે. આથી ઉચ્ચારણ સ્વરૂપ અર્થ અનુકરણવાચક શબ્દનો થવાથી"पचति" શબ્દમાં નામસંજ્ઞાની પ્રાપ્તિ થાય છે અને નામસંજ્ઞાની પ્રાપ્તિ થવાથી સ્યાદિની ઉત્પત્તિ થાય છે. આથી જ "पचतिमाह" વગેરે પ્રયોગો જોવા મળે છે.

(શ૦ન્યા૦) नन्वर्थवत्ता नामसंज्ञानिमित्तत्वेनेहोपात्ता, सा च वाक्यस्यैव पदस्य वा केवलस्य लोके प्रयुज्यमानस्योपपद्यते, न तु प्रकृतिभागस्य; नहि केवलेन प्रकृतिभागेनार्थो गम्यते, तस्य प्रयोगाभावाद् वर्णवदव्यवहार्यत्वात्, किन्तु सप्रत्ययकेन, प्रत्ययश्चात्र स्यादिः, स नाम्न एव भवति, नामत्वं चार्थवत्त्वे, अर्थवत्त्वं च सति प्रत्यये इति पुनस्तदेवावर्त्तत इति चक्रकदोषपराहतत्वादिदमनुपपन्नम्। नैष दोषः–अन्यथासिद्धः केवलस्याप्रयोगः, ※न केवला प्रकृतिः प्रयोक्तव्या, न केवलः प्रत्ययः※ इति नियमाद्, नित्यसंबद्धावेतावर्थौप्रकृतिः प्रत्यय इति, अर्थवत्ता त्वन्वयव्यतिरेकाभ्यां प्रत्येकमस्त्येव ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- સૌ પ્રથમ ચક્કદોષ શું છે ? એના અનુસંધાનમાં કહે છે. ગોળ ગોળ ફરીને પાછું એ જ સ્થાનમાં આવવુ તે ચક્કદોષ છે. દા.ત. કોઈક ગામમાં સાધ્વીજી ભગવંત વિહાર કરીને જાય. આથી ઉપાશ્રયની ચાવી લેવા શેઠના ઘરે જાય એ સમયે શેઠ કહે, ચાવી તો મુનિમજી પાસે છે. મુનિમજી પાસે જાય ત્યારે મુનિમજી કહે, ચાવી તો ચોકીદાર પાસે છે. આથી સાધ્વીજી ભગવંત ચોકીદાર પાસે જાય છે ત્યારે ચોકીદાર કહે છે, ચાવી તો મેં ગઈકાલે રાતના જ શેઠાણીને આપી છે. આથી સાધ્વીજી ભગવંત ચાવી લેવા માટે ફરીથી એ જ શેઠના ઘરે જાય છે. આમ, એક જ કાર્ય પૂરું કરતાં જ્યાં કાર્ય પૂરું થવાનું હતું ત્યાં જ ભ્રમણ કરીને આવીને પૂરું થયું. આ જ ચક્કદોષ છે.

અહીં સૂત્રમાં નામસંજ્ઞાના નિમિત્ત તરીકે અર્થવાન્‌પણું ગ્રહણ કર્યું છે. હવે આ અર્થવાન્‌પણું ક્યાં તો વાક્યનું છે અથવા તો લોકમાં પ્રયોગ કરાતાં કેવલ પદોનું જ છે, પરંતુ પ્રકૃતિ અંશનું અર્થવાન્‌પણું નથી. માત્ર પ્રકૃતિના અંશથી અર્થ જણાતો નથી. આમ તો વાક્ય અને પદ બંને વાક્ય સ્વરૂપે હોઈ શકે છે. કારણ કે પદ પણ જ્યારે અધ્યાહાર વિશેષણ અથવા તો અધ્યાહાર આખ્યાતવાળું હોય તો પણ વાક્ય કહેવાય છે. છતાં પણ અહીં બેની તુલના કરી છે. માટે વાક્ય અને પદ વિરોધી બનશે. અન્ય પદોથી અસંબંધિત એવું જે હશે તે માત્ર પદ જ કહેવાશે. દા.ત. "रामः रामौ रामाः" જ્યારે અન્યપદોથી સંબંધિત એવું જે પદ હશે તે વાક્ય કહેવાશે. અહીં અર્થવાન્‌પણું ક્યાં તો વાક્યનું માન્યુ છે, ક્યાં તો કેવલ પદોનું માન્યુ છે. માત્ર પ્રકૃતિથી અર્થ જણાતો નથી કારણ કે જગતમાં માત્ર પ્રકૃતિના પ્રયોગનો અભાવ જોવા મળે છે, જે પ્રમાણે વર્ણના પ્રયોગનો અભાવ જોવા મળે છે એ જ પ્રમાણે પ્રકૃતિના પ્રયોગનો પણ અભાવ જોવા મળે છે. હા, પ્રત્યય સહિત એવી પ્રકૃતિનો પ્રયોગ મળે છે. અહીં પ્રત્યય તરીકે સ્યાદિ વિભક્તિ આવશે અને સ્યાદિ વિભક્તિ નામથી જ થશે. અને અર્થવાન્‌પણાંમાં નામપણું થાય છે. વળી પાછું અર્થવાન્‌પણું તો સ્યાદિના પ્રત્યય સહિત જ થાય. આથી ફરી ફરીને અર્થવાન્‌પણું તો પ્રત્યય

સહિત પ્રકૃતિમાં જ આવે. આ પ્રમાણે નામનું અર્થવાન્પણું ચક્રક નામના દોષથી પરાભવ પામતું હોવાથી અસંગત થાય છે. અર્થાત્ નામનું અર્થવાન્પણું અહીં સંગત થતું નથી.

ઉત્તરપક્ષ :- અમારે ચક્રકદોષ આવતો જ નથી. કારણ કે અમે માત્ર પ્રકૃતિની અર્થવત્તા માનતા જ નથી. કેવળ પ્રકૃતિની અર્થવત્તા ન માનવા માટે હેતુ આપે છે કે, "કેવળ પ્રકૃતિનો પ્રયોગ થતો નથી" અર્થાત્ કેવળ પ્રકૃતિનો પ્રયોગ ન થતો હોવાથી માત્ર પ્રકૃતિની અર્થવત્તા થતી નથી. અહીં કેવળ પ્રકૃતિના પ્રયોગના અભાવ સ્વરૂપ જે હેતુ છે તે અન્યથાસિદ્ધ છે. જગતમાં એવો કોઈ નિયમ નથી કે જે જે અર્થવાન્ હોય, તેનો તેનો પ્રયોગ થવો જ જોઈએ. કારણ કે માત્ર પ્રકૃતિનો પ્રયોગ પણ થઈ શકે છે, તેમજ માત્ર પ્રત્યયનો પ્રયોગ પણ થઈ શકે છે, છતાં પણ પ્રકૃતિ અને પ્રત્યયનો સ્વતંત્ર રીતે પ્રયોગ મળતો નથી. તેનું કારણ "न केवला प्रकृतिः..." ન્યાય છે. અર્થાત્ આ ન્યાય પ્રમાણે માત્ર પ્રકૃતિનો પ્રયોગ કરવા યોગ્ય નથી. તેમજ માત્ર પ્રત્યયનો પ્રયોગ પણ કરવા યોગ્ય નથી. આ બંનેના અર્થો નિત્યસંબંધવાળા છે. માટે પ્રકૃતિ અને પ્રત્યય નિત્યસંબંધવાળા હોય છે. આથી તેઓના પૃથક્ પ્રયોગો જોવામાં આવતા નથી. પરંતુ પ્રકૃતિ અને પ્રત્યયનું સ્વતંત્ર રીતે અર્થવાન્પણું તો અન્વય અને વ્યતિરેકથી નક્કી થઈ જ શકે છે. આ પ્રમાણે પ્રકૃતિ અને પ્રત્યય પ્રત્યેકનું સ્વતંત્ર રીતે અર્થવાન્પણું થવામાં કોઈ આપત્તિ નથી.

(श०न्या०) नन्वन्यद् भवान् पृष्टोऽन्यद् व्याचष्टे-आम्रान् पृष्टः कोविदारानाचष्टे, अर्थवत्ता नोपपद्यते इति भवानस्माभिश्चोदितः केवलस्याप्रयोगे हेतुमाह, एवं हि ब्रूमः-समुदाय एव लोकेऽर्थे प्रयुज्यते, न प्रकृतिभागः, तस्मात् तस्यार्थो न प्रसिध्यति । उच्यते-उक्तमा(म)त्राऽन्वयव्यतिरेकाभ्यामर्थवत्ता सिध्यति (अन्वयोऽनुगमः सति शब्देऽर्थावगमः, व्यतिरेकः शब्दाभावे तदर्थानवगमः) । कोऽसावन्वयो व्यतिरेको वा ? इह (वृक्षः) इत्युक्ते कश्चिच्छब्दः श्रूयते-वृक्षशब्दोऽकारान्तः सकारः प्रत्ययः, अर्थोऽपि कश्चिदुत्पद्यते (कश्चिद् गम्यते)-मूल-स्कन्ध-फल-पलाशवत्ता एकत्वं च । 'वृक्षौ' इत्युक्तेऽपि कश्चिच्छब्दो हीयते, कश्चिदुपजायते, कश्चिदन्वयी; सकारो हीयते, औकार उपजायते, वृक्षशब्दोऽकारान्तोऽन्वयी; अर्थोऽपि कश्चिद् हीयते, कश्चिदुपजायते, कश्चिदन्वयी;-एकत्वं हीयते, द्वित्वमुपजायते, मूलस्कन्धपलाशवत्ताऽन्वयिनी; तेन मन्यामहे यः शब्दो हीयते तस्यासावर्थो यो हीयते, यश्च शब्द उपजायते तस्यासावर्थो य उपजायते, यश्च शब्दोऽन्वयी तस्यासावर्थो योऽन्वयीति सिद्धाऽर्थवत्तेति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- અમે આપને અન્ય પૂછ્યું હતું અને આપ અમને અન્ય જણાવો છો. અમે પૂછ્યું હતું કે અર્થવાન્પણું પદ અથવા તો વાક્યનું થાય છે અને નામમાં તો અર્થવાન્પણું થતું નથી. આથી જે અર્થવાન્ હોય તે નામ થાય એવું સંગત થતું નથી. એની જગ્યાએ આપ

કહો છો કે કેવળ પ્રકૃતિનો પ્રયોગ કેમ નથી થતો તેનો હેતુ આપો છો. તમે જણાવો છો કે કેવળ પ્રકૃતિ પ્રયોગ કરવા યોગ્ય નથી અથવા તો કેવળ પ્રત્યય પ્રયોગ કરવા યોગ્ય નથી. આપે તો ખરેખર પ્રકૃતિ અને પ્રત્યયમાં અર્થવત્તા કેમ નથી એ જણાવવું જોઈતું હતું. આથી આપને અર્થાન્તર દોષ આવે છે. દા.ત. કોઈકને કેરીના વિષયમાં પૂછાયું હોય અને એ વ્યક્તિ કોવિદારના (વૃક્ષવિશેષ) વિષયમાં જવાબ આપે તો એ અર્થાન્તર દોષ સ્વરૂપ કહેવાશે. આપે અહીં પણ ઉપરના ઉદાહરણ જેવું જ કર્યું છે. અમે પૂછ્યું હતું પ્રકૃતિના અર્થવાન્‌પણાં બાબતમાં તમે તો માત્ર પ્રકૃતિ અને માત્ર પ્રત્યયનાં અપ્રયોગમાં કારણને કહો છો. અર્થાત્ માત્ર પ્રકૃતિ અને માત્ર પ્રત્યયનો પ્રયોગ થતો નથી. એમાં કારણ જણાવો છો કે બંને નિત્ય સંબંધવાળા છે. અમે આ પ્રમાણે જ કહીએ છીએ કે સમુદાય જ લોકમાં અર્થના વિષયમાં પ્રયોગ કરાય છે. પરંતુ માત્ર પ્રકૃતિ અંશ અર્થના વિષયમાં લોકમાં પ્રયોગ કરાતો નથી. તેથી પ્રકૃતિનો અર્થ પ્રસિદ્ધ થતો નથી.

ઉત્તરપક્ષ :- પ્રકૃતિનું અર્થવાન્‌પણું કેવી રીતે થાય છે ? તે અમે અહીં આપને જણાવીએ છીએ. અહીં કૌંસમાં રહેલો પાઠ વધારે સંગત થાય છે. અર્થાત્ અહીં અન્વય અને વ્યતિરેકથી કહેવાયેલું એવું અર્થવાન્‌પણું સિદ્ધ થાય છે. હવે કૌંસમાં જે પાઠ આવ્યો છે તે મહાભાષ્ય ઉપર કૈયટ વિરચિત પ્રદીપટીકાનો છે. અન્વય એટલે અનુગમ "तत्सत्त्वे तत्सत्त्वम्"ને શાસ્ત્રીયભાષામાં અન્વય કહેવામાં આવે છે. દા.ત. શબ્દ હોતે છતે અર્થનો બોધ થાય છે તથા "तदभावे तदभावः" અર્થાત્ શબ્દના અભાવમાં અર્થના બોધનો પણ અભાવ થાય છે. આ અન્વય અથવા વ્યતિરેક શું છે એ બાબતમાં હવે જણાવે છે. કોઈકે "वृक्षः" એ પ્રમાણે શબ્દ સાંભળ્યો ત્યાં वृक्ष શબ્દ अकारान्तવાળો છે તથા सकार એ પ્રત્યય છે. કોઈક અર્થ પણ આ બંનેનો જણાય છે. જેમ કે મૂળ, સ્કંધ, ફળ, પાંદડાવાળાપણું તથા એકપણું એ वृक्षः શબ્દનો અર્થ છે એ જ પ્રમાણે જ્યારે वृक्षौ એવો શબ્દ બોલવામાં આવે છે ત્યારે કોઈક શબ્દનો ત્યાગ કરાય છે અને કોઈક શબ્દ ઉત્પન્ન થાય છે. જ્યારે કોઈક શબ્દ અન્વયવાળો હોય છે. અહીં सकारનો ત્યાગ કરાય છે અને औकार ઉત્પન્ન કરાય છે તથા अकार અંતવાળો वृक्ष શબ્દ બંનેમાં વિદ્યમાન રહે છે. તે જ પ્રમાણે કોઈક અર્થ પણ ત્યાગ કરાય છે જેમ કે અહીં એકત્વનો ત્યાગ કરાય છે. તથા કોઈક અર્થ ઉત્પન્ન થાય છે. અહીં દ્વિત્વ સ્વરૂપ અર્થ ઉત્પન્ન થાય છે તેમજ મૂળ, સ્કંધ, ફળ તેમજ પાંદડાવાળાપણાં સ્વરૂપ અર્થ અન્વયવાળો રહે છે. તેનાથી અમે માનીએ છીએ કે જે શબ્દનો ત્યાગ કરાય છે એ ત્યાગ કરાતાં શબ્દનો ત્યાગ કરાતો અર્થ સમજવો જેમ કે स् પ્રત્યયનો ત્યાગ કરાય છે તેમજ એકત્વ અર્થનો પણ ત્યાગ કરાય છે. આથી स् પ્રત્યયનો અર્થ એકત્વ કરવો. તે જ પ્રમાણે દ્વિત્વ અર્થ ઉત્પન્ન કરાય છે અને औ સ્વરૂપ પ્રત્યય ઉત્પન્ન કરાય છે. આથી "औ" શબ્દનો દ્વિત્વ સ્વરૂપ અર્થ થાય છે. એ પ્રમાણે બોધ થાય છે. તથા वृक्षः અને

वृक्षौ આ બંને પ્રયોગોમાં અન્વયવાળો એવો वृक्ष શબ્દ જણાય છે તથા અન્વયવાળો એવો જ મૂળ, સ્કંધ, ફળ અને પાંદડાવાળાપણું એવો અર્થ પણ જણાય છે. આથી અન્વય અને વ્યતિરેકથી પ્રકૃતિનું તથા પ્રત્યયનું અર્થવાન્‌પણું સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે. આમ, અમે અન્વય વ્યતિરેકથી પ્રકૃતિમાં અર્થવાન્‌પણું સિદ્ધ કરીએ છીએ તથા અર્થવાન્ એવી આવી પ્રકૃતિની આ સૂત્રથી નામસંજ્ઞા થશે.

(श०न्या०) स्यादेतदेवम्, यद्येकः शब्द एकस्मिन्नर्थे नियतः स्यात् ततो युज्यत एव तद् वक्तुम् (तत एतद्युज्येत वक्तुम्), न चैतदस्ति । तथाहि-बहवो हि शब्दा एकार्था भवन्ति, यथा-इन्द्रः, शक्रः, (पुरुहूतः), पुरन्दरः; कन्दुः कोष्ठः, कुसूल इति । एकश्च शब्दो बह्वर्थः, यथा-अक्षाः, पादाः, माषा इति । तत्र सिध्यत्वर्थवत्ता, इदं तु न सिध्यति-अयं प्रकृत्यर्थोऽयं प्रत्ययार्थः । प्रकृतेरेव सर्वेऽर्थाः स्युः, यथा-दधि, मधु, अग्निचिद् इति, प्रत्ययस्तु क्वचिद् द्योतकः । प्रत्ययस्यैव सर्वेऽर्थाः स्युः, यथा-अस्याऽपत्यम् इरिति; प्रकृतिस्त्वर्थाभिधाने साहाय्यमात्रं कुर्यात् । तत्र प्रकृतेः सर्वाभिधानपक्षे सिध्यत्यस्या अर्थवत्ता, प्रत्ययस्य तु सर्वाभिधानपक्षे प्रकृतेरर्थवत्ता न सिध्यति इति तदवस्थो दोषः । उच्यते-एवं हि सामान्यशब्दा एते स्युः, न च सामान्यशब्दा अन्तरेण विशेषं प्रकरणं वा विशेषेष्ववतिष्ठन्ते (विशेषं विशेषबोधकपदान्तरसमभव्याहारम् । एवं च प्रकरणादिसापेक्षतयाऽर्थप्रत्यायकत्वं सामान्यशब्दत्वमिति भावः, एते तु नैवमित्याह) अत्र तु नियोगतो 'वृक्ष' (अस्य नाममात्रप्रयोगे तात्पर्यम्) इत्युक्ते प्रकरणादिना विनैव स्वभावतः कस्मिंश्चिदर्थे प्रतीतिरुपजायते, अतो मन्यामहे-नैते सामान्यशब्दा इति, (न चेत् सामान्यशब्दाः) प्रकृतिः प्रकृत्यर्थे वर्त्तते, प्रत्ययस्तु प्रत्ययार्थ इति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- અન્વય અને વ્યતિરેકથી આપે પ્રકૃતિ અને પ્રત્યય પ્રત્યેકનું અર્થવાન્‌પણું સિદ્ધ કર્યું છે. પરંતુ આ ત્યારે જ શક્ય બનશે જો એક શબ્દ એક જ અર્થમાં નિયત હોય. જેમ કે વૃક્ષ શબ્દ, મૂળ, સ્કંધ, પાંદડા વગેરે અર્થમાં નિયત છે. પરંતુ બધા જ શબ્દો અથવા પ્રત્યયો આવા હોતા નથી. ઘણાં બધા શબ્દો એવા પણ છે કે જેમાં બધા જ શબ્દોનો એક જ પદાર્થ હોય છે. દા.ત. इन्द्रः, शक्रः, पुरुहूतः, पुरन्दरः. હવે આ બધા શબ્દો જો એક જ પદાર્થમાં વિદ્યમાન હોય તો અન્વય વ્યતિરેકથી इन्द्र સ્વરૂપ પ્રકૃતિનો અર્થ इन्द्र સ્વરૂપ પદાર્થ જ થાય છે એવું કેવી રીતે નક્કી કરી શકાશે ? બીજું ઘણીવાર એવું પણ બને છે કે એક જ શબ્દ ઘણાં બધા અર્થવાળા હોય છે. દા.ત. अक्षाः આ શબ્દના ધરી, જુગારમાં રમવાનો પાસો, ત્રાજવાની દાંડી, બેડા વગેરે અર્થો થાય છે તથા पादाः શબ્દના પણ પગ, શ્લોકનો ચોથોભાગ (ચરણ), તથા થાંભલો એવા અર્થો થાય છે. એ જ પ્રમાણે "माषाः" શબ્દનાં પણ અનેક અર્થો થાય છે. જેમ

કે અડદ, સોનાને તોલવા માટેનું એક વિશેષ માપ તથા મૂર્ખ. અહીં પણ જો અન્વયથી અર્થની વિચારણાં નક્કી કરવા જઈશું તો પ્રકૃતિનો સદ્ભાવ રહેવા છતાં પણ તે તે અર્થોની ગેરહાજરી થઈ જાય છે. આ પ્રમાણે આવા શબ્દોમાં પ્રકૃતિ અને પ્રત્યયના અર્થનું વિભાગીકરણ થઈ શકતું નથી. ભલે સમુદાયનું ત્યાં અર્થવાન્પણું સિદ્ધ થાય, પરંતુ આવા સ્થાનોમાં આ પ્રકૃતિનો આ અર્થ છે અને આ પ્રત્યયનો આ અર્થ છે એવું સિદ્ધ થતું નથી.

કેટલાંક પદો એવા પણ હોય છે કે જેમાં પ્રકૃતિના જ બધા અર્થો જણાતાં હોય છે. દા.ત. दधि + सि તથા मधु + सि અહીં પ્રથમા એકવચનનો નપુંસકલિંગમાં લોપ થતાં માત્ર दधि અને मधु શબ્દ બાકી રહે છે. એ જ પ્રમાણે अग्निम् चिनोति इति क्विप् એ અર્થમાં क्विप् પ્રત્યયનો લોપ થતાં "अग्निचित्" શબ્દ પ્રાપ્ત થાય છે. અહીં ત્રણેય ઉદાહરણોમાં પ્રકૃતિ અને પ્રત્યય ઉભયનો અર્થ માત્ર પ્રકૃતિ જ જણાવે છે. પ્રત્યય તો માત્ર કોઈક સ્થાનોમાં અર્થનો ઘોતક બને છે.

તથા ક્યાંક ક્યાંક પ્રત્યયોના જ બધા અર્થ જણાય છે. જેમ કે "अस्य अपत्यम्" (વિષ્ણુનો દિકરો) અહીં अपत्य અર્થમાં "इ" પ્રત્યય થાય છે. આથી "अ" + "इ" આ અવસ્થામાં તદ્ધિતના પ્રત્યય પર છતાં अवर्णનો લોપ થવાથી इः પ્રાપ્ત થાય છે. અહીં પ્રત્યય જ બધા અર્થને જણાવે છે. પ્રકૃતિ તો માત્ર અર્થનું કથન કરવા માટે સહાયક જ થાય છે. આ પરિસ્થિતિમાં કદાચ પ્રકૃતિ બધા અર્થોને જણાવે તો પ્રકૃતિનું અર્થવાન્પણું તો સિદ્ધ થાય છે. દા.ત. "दधि" વગેરેમાં. પરંતુ જ્યારે પ્રત્યય જ બધા અર્થનું અભિધાન કરશે ત્યારે પ્રકૃતિનું અર્થવાન્પણું સિદ્ધ થતું નથી. આથી અહીં પણ પ્રકૃતિનો અર્થ સિદ્ધ ન થઈ શકતો હોવાથી આવી પ્રકૃતિઓમાં નામસંજ્ઞા કેવી રીતે થશે ? આ પ્રમાણે દોષ તો હજી ઊભો જ છે. કારણ કે તમે અન્વય વ્યતિરેકથી પ્રકૃતિનું અર્થવાન્પણું સિદ્ધ કર્યું છે.

ઉત્તરપક્ષ :- આપના કહેવા પ્રમાણે પ્રકૃતિ જો બધા અર્થોને જણાવી દે અથવા તો પ્રત્યય જ બધા અર્થોને જણાવી દે તો પ્રકૃતિ અથવા તો પ્રત્યય બધાં જ અર્થોનાં વાચક બની જશે. અને એ પ્રમાણે તો આ બધા શબ્દો સામાન્ય શબ્દો બની જશે. જે જે સામાન્ય શબ્દો હોય છે તે તે કોઈક વિશેષ અર્થને જણાવનાર શબ્દ સમીપમાં ન રહ્યો હોય અથવા તો પ્રકરણાદિની ઉપસ્થિતિ ન હોય તો માત્ર સામાન્યથી જ અર્થને જણાવનારા થશે અર્થાત્ તેઓ સામાન્યથી સર્વ અર્થના વાચક બનશે. આમ જે શબ્દો પ્રકરણાદિને સાપેક્ષ રહીને જ વિશેષ અર્થનો બોધ કરાવી શકશે તે બધા જ શબ્દો સામાન્ય શબ્દો કહેવાશે. દા. ત. "दधि खादति". અહીં "खादति" પદ જ "दधि"માં કર્મત્વથી યુક્ત એવા અર્થનો બોધ થાય છે, એવું જણાવે છે, પરંતુ આવું વિશેષ વિદ્યમાન ન હોય તો "दधि" પદના અર્થનો વિશેષ બોધ થતો નથી. એ જ પ્રમાણે "माषान्

खादति" પ્રયોગમાં ખાવાનું પ્રકરણ હોવાથી "माष"નો અડદ એ પ્રમાણે અર્થ થાય છે, પરંતુ તોલવાનું માપ અથવા તો મૂર્ખ એવો અર્થ થઈ શકશે નહિ. આમ, પ્રકરણાદિથી જ આવા બધા શબ્દોનો વિશેષ બોધ થઈ શકતો હોવાથી આ બધા શબ્દો સામાન્ય શબ્દો છે. આમ જ્યાં પ્રકરણાદિના સાપેક્ષપણાથી અર્થનો બોધ થતો હોય ત્યાં સામાન્યશબ્દપણું હોય છે. જ્યારે બધા શબ્દોમાં તો એવું જણાતું નથી જ. વૃક્ષ વગેરે શબ્દો જ્યારે લોકો સાંભળે છે ત્યારે પ્રકરણાદિ વિના જ તે તે શબ્દોના અર્થોનો બોધ લોકોને થઈ જતો હોય છે. આથી તે તે શબ્દો વિશેષ અર્થમાં વિદ્યમાન છે એવું કહી શકાય છે. આથી અમે માનીએ છીએ કે આ બધા સામાન્ય શબ્દો નથી. પ્રકૃતિ, પ્રકૃતિઅર્થમાં રહે છે તેમ જ પ્રત્યય, પ્રત્યયઅર્થમાં રહે છે. જો આ બધા શબ્દો સામાન્ય શબ્દો હોત તો પ્રકૃતિ, પ્રકૃતિઅર્થમાં ન રહી શકત અને પ્રત્યય પ્રત્યયઅર્થમાં ન રહી શકત. આમ અન્વય અને વ્યતિરેકથી પ્રકૃતિનું અર્થવાન્‌પણું સિદ્ધ થાય જ છે.

(श०न्या०) यदि तु सर्वानर्थान् प्रकृतिरेवाभिदध्याद् 'वृक्ष' इत्युक्ते सर्वेऽर्था प्रतीयेरन्, प्रत्ययो वा सर्वं नामार्थं प्रत्याययेद्, न चैवं प्रतीतिरस्ति, न चाप्रतीतिकमभ्युपगन्तुं शक्यते ।

અનુવાદ :- ઉત્તરપક્ષ :- જો બધા જ અર્થોને પ્રકૃતિ જણાવતી હોત તો वृक्षः એ પ્રમાણે બોલાયે છતે બધા જ અર્થોની પ્રતીતિ થવી જોઈએ. પરંતુ આવું થતું તો નથી.અથવા તો પ્રત્યય જ પ્રકૃતિ અને પ્રત્યય ઉભય અર્થને જણાવત તો માત્ર सि વગેરે પ્રત્યય સાંભળવાથી બધા અર્થોનો બોધ થઈ જવો જોઈતો હતો. પરંતુ આવો વ્યવહાર જણાતો નથી કે માત્ર પ્રત્યય સાંભળીને જ બધા અર્થો જણાઈ જતાં હોય. દા. ત. दधि શબ્દનો જ, દહીં પદાર્થ, કર્તૃત્વ-શક્તિ, કર્મત્વ-શક્તિ વગેરે બધા જ અર્થો એકમાત્ર दधि પદ સાંભળતાં પ્રાપ્ત થતાં નથી તે જ પ્રમાણે માત્ર इ પ્રત્યયને સાંભળતા જ વિષ્ણુનો દીકરો એ પ્રમાણે બંને અર્થનો બોધ થતો નથી. આથી જેના દ્વારા અર્થોની પ્રતીતિ જ ન થઈ શકતી હોય એને સ્વીકારી શકાતું નથી. ઉપરના તમામ ઉદાહરણોમાં પ્રકરણાદિની સહાયથી અર્થનો બોધ પ્રાપ્ત થાય છે. જ્યારે જે સામાન્ય શબ્દો નથી ત્યાં અન્વય વ્યતિરેકથી પ્રકૃતિનું અર્થવાન્‌પણું સિદ્ધ થાય છે. આ પ્રમાણે પ્રકૃતિમાં અર્થવાન્‌પણું સિદ્ધ થવાથી જ પ્રકૃતિમાં નામસંજ્ઞા થઈ શકે છે.

(श०न्या०) ननु चादीनां द्योतकत्वादभिधेयार्थाभावेऽपि द्योत्यार्थसद्भावात् सत्यर्थवत्त्वे सिध्यतु संज्ञा, येषां द्योत्योऽप्यर्थो नास्ति तेषां नामसंज्ञा न प्राप्नोति, ततश्च खञ्जति, निखञ्जति, लम्बते, प्रलम्बते, (इत्यादौ) नामत्वाभावाद् विभक्त्यभावे पदत्वाभावात् तत्कार्याभावः ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- કોઈપણ શબ્દોમાં અભિધેય સ્વરૂપ અર્થ હોય અને દ્યોત્ય સ્વરૂપ અર્થ હોય તો એવા શબ્દોમાં અર્થવાન્‌પણું ગણાય છે. અને અર્થવાન્‌પણું થવાથી એવા શબ્દોની

નામસંજ્ઞા થાય છે. 'च' વગેરે અવ્યયોમાં અભિધેય સ્વરૂપ અર્થનો અભાવ છે, છતાં પણ ઘોત્ય સ્વરૂપ અર્થનો સદ્ભાવ હોવાથી એવા શબ્દોમાં અર્થવાન્‌પણું સિદ્ધ થાય જ છે. માટે 'च' વગેરે અવ્યયોની પણ આ સૂત્રથી નામસંજ્ઞા થશે. પરંતુ જે શબ્દોમાં ઘોત્ય અર્થ પણ નથી અને અભિધેય સ્વરૂપ અર્થ પણ નથી એવા શબ્દોમાં અર્થવાન્‌પણાંનો જ અભાવ થવાથી નામસંજ્ઞા કેવી રીતે થશે ? દા. ત. 'खञ्जति' તથા 'निखञ्जति' તેમજ 'लम्बते' અને 'प्रलम्बते' આ ઉદાહરણોમાં 'नि' અને 'प्र' ઉપસર્ગ ધાતુના કોઈપણ નવા અર્થને પ્રકાશિત ન કરતાં હોવાથી એ બંને ઉપસર્ગો ઘોત્ય અર્થવાળા પણ નથી આથી જ અર્થવાન્‌પણાંના અભાવમાં એ બંનેની નામસંજ્ઞાનો અભાવ થાય છે. આ બંને ઉપસર્ગ માત્ર ધાતુના અર્થને જ જણાવતાં હોવાથી નિરર્થક છે. અહીં નામસંજ્ઞાનો અભાવ થવાથી વિભક્તિનો અભાવ થાય છે. અને વિભક્તિનો અભાવ થવાથી 'प्र' અને 'नि' ઉપસર્ગની પદસંજ્ઞા પણ થતી નથી. અહીં પદસંજ્ઞા ન થવાથી પદસંજ્ઞા નિમિત્તક કાર્યનો પણ અભાવ થાય છે. પદસંજ્ઞા થાય તો કયા કાર્યની પ્રાપ્તિ આવે ? એના અનુસંધાનમાં ભાષ્યકાર કહે છે કે પદને અંતે રહેલો સ્વર નિઘાત સ્વરૂપ થાય છે. સ્વરો ત્રણ પ્રકારના છે : ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત. નીચેથી ઉચ્ચારણ કરાતો સ્વર અનુદાત્ત સ્વરૂપ છે તથા ઊંચેથી ઉચ્ચારણ કરાતો સ્વર ઉદાત્ત સ્વરૂપ છે. શ્રવણને વિશે ઉદાત્ત સ્વર કર્ણકટુ હોય છે અને અનુદાત્ત સ્વર કર્ણપ્રિય હોય છે. હવે જો 'नि' અને 'प्र'ની જો પદસંજ્ઞા થાય તો જ પદને અંતે રહેલા સ્વરનું નિઘાત (અનુદાત્ત) સ્વરૂપ કાર્ય થાય છે. આથી 'नि' અને 'प्र' ઉપસર્ગની જો પદસંજ્ઞા થાય તો જ 'नि' અને 'प्र'ના સ્વરો કર્ણપ્રિય થઈ શકશે. પરંતુ અહીં અર્થવાન્‌પણાના અભાવથી નામસંજ્ઞા ન થવાથી વિભક્તિના પ્રત્યયો લાગતાં નથી. આથી પદસંજ્ઞાનો અભાવ થવાથી સ્વરનું નિઘાતસ્વરૂપ કાર્ય થશે નહીં.

(श०न्या०) न च वक्तव्यम्-न नामसंज्ञामात्रप्रतिबद्धा स्याद्युत्पत्तिः किन्त्वेकत्वादिनिबन्धनाऽपि, ततश्च सत्यपि नामत्वे एकत्वाद्यभावात् स्यादेरभावः, यतः "नाम्नः प्रथमा" [२.२.३१.] इति योगविभागेन एकत्वाभावेऽपि भविष्यति ।

અનુવાદ :- ઉત્તરપક્ષ :- નામસંજ્ઞા થવા માત્રથી स्यादिની ઉત્પત્તિ થાય છે એવું નથી, પરંતુ એકત્વ વગેરે અર્થને જણાવવા માટે પણ स्यादि વિભક્તિ થાય છે. આથી નામસંજ્ઞાની હાજરીમાં પણ જો એકત્વ વગેરે અર્થનો અભાવ હોય તો स्यादि વિભક્તિનો અભાવ થાય છે. આથી स्यादि વિભક્તિના અભાવમાં માત્ર શબ્દનું અર્થવાન્‌પણું કારણ નથી, પરંતુ એકત્વ વગેરેનો અભાવ હોવાથી પણ स्यादिનો અભાવ થાય છે. અવ્યયોને લિંગ અને સંખ્યાનો સંબંધ થતો નથી. આ સંજોગોમાં અવ્યયોમાં નામસંજ્ઞા ભલે ન હોય, પણ સંખ્યારૂપ કારણનો અભાવ હોવાથી જ "प्र" અને "नि" અવ્યયોમાં વિભક્તિની ઉત્પત્તિ થાત નહીં અને स्यादिવિભક્તિ ન થાત તો

પદસંજ્ઞા પણ થાત નહીં. માટે નામસંજ્ઞા અર્થવાન્‌પણાના અભાવમાં ન થાય તો કોઈ આપત્તિ નથી જ.

પૂર્વપક્ષ :- નામસંજ્ઞા હોતે છતે પણ એકત્વ વગેરેના અભાવમાં स्यादिનો અભાવ થાય છે, એ પ્રમાણે કહેવું નહીં. કારણ કે नाम्नः प्रथमा (૨/૨/૩૧) સૂત્રમાં આટલો વિભાગ કરવાથી જ નક્કી થાય છે કે માત્ર નામસંજ્ઞાથી પણ स्यादि વગેરે વિભક્તિઓ થશે જ, અને અહીં તો प्र અને नि ઉપસર્ગમાં અર્થવાન્‌પણું ન થવાથી નામસંજ્ઞાના અભાવમાં स्यादि વિભક્તિનો અભાવ થાય જ છે.

(शन्या०) तथेदमपि न वाच्यम्-आचार्यप्रवृत्तेरनर्थकानामप्येषां भवत्यर्थवत्कृतम्, यदयम्-अधिपर्योरनर्थकयोः "०गतार्थाधिपरि०" [३.१.१.] इति समाससंज्ञानिषेधार्थं गत्युपसर्गसंज्ञानिषेधं शास्ति इति ।

અનુવાદ :- ઉત્તરપક્ષ :- धातोः पूजार्थ-स्वति-गतार्थाधिपरि... [૩/૧/૧] સૂત્રથી અનર્થક એવા अधि અને परिની ઉપસર્ગસંજ્ઞાનો નિષેધ આચાર્ય ભગવંતે કર્યો છે. તેમજ પછીના સૂત્રથી ગતિસંજ્ઞાનો નિષેધ કર્યો છે. એ નિષેધ એ માટે જ કર્યો છે કે અનર્થક એવા अधि અને परि અર્થવાળા પહેલા હતા અને અર્થવાળા હોવાથી ઉપસર્ગ વગેરે સંજ્ઞાઓની પ્રાપ્તિ થતી હતી. अधि અને परिનું વર્જન કર્યું છે એ જ જણાવે છે કે તેઓનું અર્થવાન્‌પણું પહેલાં તો હતું જ. આમ, "अधि" અને "परि" ઉપસર્ગનું અર્થવાન્‌પણું તો હતું જ. આ અર્થવાન્ એવા તે બંનેની ઉપસર્ગસંજ્ઞાનો નિષેધ (૩/૧/૧) સૂત્રમાં કર્યો. નિષેધ કરવાથી બંને ઉપસર્ગો અનર્થક થયા, અનર્થક થયા માટે ઉપસર્ગસંજ્ઞા ન પડી અને ઉપસર્ગસંજ્ઞા ન થવાથી ગતિસંજ્ઞા પણ ન થઈ તથા ગતિસંજ્ઞા ન થવાથી ગતિ તત્પુરુષ સમાસ પણ થશે નહીં. આમ, અર્થવાન્ હોય તો જ તેઓને અનર્થક કરવા માટે કોઈ પુરૂષાર્થ કરવો પડે તે આચાર્ય ભગવંતશ્રીની (૩/૧/૧) સૂત્રની પ્રવૃત્તિથી જણાય છે.

પૂર્વપક્ષ :- આ પ્રમાણે કહેવા યોગ્ય નથી. આ પ્રમાણે શા માટે કહેવા યોગ્ય નથી ? એના અનુસંધાનમાં "यदयम् अधिपर्योरनर्थकयोः ..." પંક્તિઓ લખી છે. ખરેખર "अधि" અને "परि" પહેલાં અર્થવાળા હતા અને તેનો નિષેધ કરવા દ્વારા અનર્થક થયા એને માટે (૩/૧/૧) સૂત્ર છે જ નહિ. ખરેખર તો "अधि" અને "परि" બંને ઉપસર્ગો અનર્થક જ છે. હવે અનર્થક એવા આ બે ઉપસર્ગોની ગતિસંજ્ઞા થઈ જાય તથા ગતિસંજ્ઞા થાય તો "गतिक्वन्यतत्पुरुषः" (૩/૧/૪૨) સૂત્રથી ગતિ તત્પુરુષ સમાસ થાત, પરંતુ આ પ્રમાણે ગતિ તત્પુરુષ સમાસ કરવો નથી. હવે જો ગતિ તત્પુરુષ સમાસ ન કરવો હોય તો એ બંનેમાં ગતિસંજ્ઞાનો નિષેધ કરવો પડે તથા ગતિસંજ્ઞાનો નિષેધ કરવો હોય તો ઉપસર્ગસંજ્ઞાનો નિષેધ કરવો પડે. આમ અનર્થક એવા આ

બંનેમાં સમાસને અટકાવવા માટે જ (૩/૧/૧) સૂત્રમાં ઉપસર્ગસંજ્ઞાના નિષેધ માટે રજૂ કર્યા છે, પરંતુ અર્થવાન્પણાનું અનર્થકપણું સિદ્ધ કરવા માટે નહીં.

(શ૦ન્યા૦) नैष दोषः-अर्थवत्त्वाद् भवत्येव नामसंज्ञा । ननूक्तं द्योत्यार्थाभावादानर्थक्यम्, उक्तमिदम् केवलमयुक्तम्, तथाहि-यस्य शब्दस्य वाच्यं द्योत्यं वा वस्तु न संभवति तस्य वाक्यार्थेऽनुपयोगात् प्रयोगानुपपत्तिः स्यादिति, अस्त्यमीषां द्योत्योऽर्थः, केवलं यो द्योत्योऽर्थ-स्तस्य प्रकरणादिवशात् संप्रत्ययाद् निष्प्रयोजनतोच्यते । धातूपसर्गयोश्च साधारणार्थतया-ऽधिकद्योत्याऽर्थाभावादानर्थक्यमत्रोच्यते पूर्वाचार्यैः, न तु सर्वात्मनाऽर्थाभावात् । 'निखञ्जति, प्रलम्बते' इत्यत्र हि प्रकरणादिसामर्थ्यावगतविशेषां धातुनोक्तां क्रियां द्योतयतो नि-प्रशब्दौ, तद्धि क्रियालक्षणं वस्तु विशिष्टं (वस्त्वविशिष्टं) निप्रशब्दासंनिधानेऽप्यनाहितविशेषं भवति, यथा-शङ्खे न्यस्तं क्षीरं शौक्ल्येनाविशिष्टं (अभिन्नं) शङ्खात् । यदाह श्रीशेषभट्टारकः-"नेमावनर्थकौ, किं तर्हि ? अनर्थान्तरवाचिनावनर्थकौ धातुनोक्तां क्रियामाहतुस्तदविशिष्टं भवति, यथा शङ्खे पयः" इति ।

અનુવાદ :- ઉત્તરપક્ષ (આચાર્ય ભગવંતનો વાસ્તવિક ઉત્તરપક્ષ :) अधि અને परि અનર્થક હોવાથી તમે (પૂર્વપક્ષે) નામસંજ્ઞાનો નિષેધ કર્યો છે તે બરાબર નથી. કારણ કે अधि અને परिનું અર્થવાન્પણું થવાથી નામસંજ્ઞા થાય જ છે. આપે જે કહ્યું કે દ્યોત્ય અર્થનો અભાવ હોવાથી अधि અને परिનું અનર્થકપણું થાય છે, માત્ર આ પ્રમાણે કહ્યું છે તે અયોગ્ય છે. જે શબ્દનું વાચ્ય અથવા તો દ્યોત્ય (અભિધેય સ્વરૂપ અર્થ અથવા તો દ્યોત્ય સ્વરૂપ અર્થ) નથી હોતું તે શબ્દનો વાક્યના અર્થમાં ઉપયોગ હોતો નથી. અને વાક્યના અર્થમાં ઉપયોગ ન હોવાથી પ્રયોગની અપ્રાપ્તિ થાય છે. આ अधि અને परिનો દ્યોત્ય અર્થ છે. પરંતુ જે દ્યોત્ય અર્થ છે તેનો પ્રકરણ વગેરેના વશથી બોધ થતો હોવાથી તેનું નિષ્પ્રયોજનપણું કહેવાય છે. દા. ત. प्र અને निનો દ્યોત્ય અર્થ તો છે જ, પરંતુ ધાતુપાઠ વગેરે પ્રકરણના વશથી लम्ब् ધાતુ અને खञ्ज् ધાતુનો અર્થ જણાઈ જાય છે. હવે આ लम्ब् ધાતુ અને खञ्ज् ધાતુનો જે અર્થ ધાતુપાઠથી જણાય છે તે જ અર્થ प्र અને नि ઉપસર્ગ દ્વારા પ્રકાશિત થાય છે. હવે प्र અને नि દ્વારા પ્રકાશિત થતો અર્થ ધાતુપાઠવડે જ જણાઈ જતો હોવાથી प्र અને नि ઉપસર્ગના દ્યોત્ય અર્થનું કોઈ પ્રયોજન રહેતું નથી એટલામાત્રથી એવું તો ન જ કહેવાય કે प्र અને नि ઉપસર્ગ અનર્થક છે.

ધાતુનો જે અર્થ છે તે જ અર્થ ઉપસર્ગનો હોવાથી ધાતુ અને ઉપસર્ગનું સાધારણઅર્થપણું હોવાથી ઉપસર્ગનો અધિક એવો કોઈ દ્યોત્ય અર્થ નથી અને અધિક એવા દ્યોત્ય અર્થનો અભાવ હોવાથી જ પૂર્વાચાર્યોએ ઉપસર્ગનું અનર્થકપણું કહ્યું છે. પરંતુ દ્યોત્ય અર્થની વિદ્યમાનતા તો છે જ, આથી

ઉપસર્ગોમાં સંપૂર્ણપણાથી અર્થનો અભાવ નથી હોતો. निखञ्जति અને प्रलम्बते આ બે પ્રયોગોમાં ધાતુવડે કહેવાયેલી એવી પ્રકરણ વગેરેના સામર્થ્યથી પ્રાપ્ત થયેલ વિશેષવાળી એવી ક્રિયાને જ, नि અને प्र ઉપસર્ગ પ્રકાશિત કરે છે. જે કારણથી लम्बते અને खञ्जति ક્રિયાપદનો જે અર્થ છે તે नि અને प्र ઉપસર્ગના અસમીપપણામાં પણ નહીં પ્રાપ્ત કરેલા વિશેષવાળો થાય છે. અર્થાત્ नि અને प्र ઉપસર્ગ હોય તો પણ ધાતુનો અર્થ કોઈ વિશેષતાને પ્રાપ્ત કરતો નથી. દા. ત. શંખની ઉપર દૂધનો પ્રક્ષાલ કરવામાં આવે તો દૂધ દ્વારા શંખના શ્વેતપણામાં કોઈ વિશેષતા થતી નથી. શંખ પણ સફેદ છે અને દૂધ પણ સફેદ છે. આથી દૂધનું શુક્લપણું શંખના શુક્લપણામાં કોઈ વિશેષતાને કરતું નથી. આ પરિસ્થિતિમાં પણ દૂધનું શુક્લપણું શંખના શુક્લપણાથી ભિન્ન તો કહેવાય જ છે. આથી શ્રી શેષભટ્ટારક કહે છે કે नि અને प्र ઉપસર્ગ અનર્થક નથી. નવા અર્થને નહીં કહેવા સ્વરૂપ અનર્થક એવા આ બે ઉપસર્ગો (प्र અને नि) ધાતુવડે કહેવાયેલી ક્રિયાને જ કહે છે. તેથી બંને ઉપસર્ગો વિશિષ્ટ અર્થવાળા થતા નથી, છતાં પણ બે ઉપસર્ગોના અર્થ તો છે જ, દા. ત. શંખને વિશે દૂધ વિશિષ્ટ વર્ણવાળું થતું નથી, છતાં દૂધનો પોતાનો વર્ણ તો છે જ.

આથી જ અમે કહીએ છીએ કે અનર્થક એવા नि અને प्र ઉપસર્ગનો દ્યોત્ય અર્થ તો છે જ અને દ્યોત્ય અર્થ હોવાથી અર્થવાન્પણું થાય છે. તથા અર્થવાન્પણું થવાથી નામસંજ્ઞા થાય છે. અને નામસંજ્ઞા થવાથી વિભક્તિ વગેરે કાર્યોનો સદ્ભાવ થાય જ છે. માટે તમે (પૂર્વપક્ષે) આપેલા દોષોનો કોઈ અવકાશ રહેતો નથી.

(श०न्या०) यद्येवं धातुनोक्तत्वात् तदर्थस्योपसर्गप्रयोगो न प्राप्नोति, *उक्तार्थानामप्रयोगः* इति, न प्रकरणादिविशेषादवगतार्थानामपि स्फुटतरावगत्यर्थः प्रयोगो लोके दृश्यते, यथा 'अपूपौ द्वौ, ब्राह्मणौ द्वौ आनय' इति । 'अपूपौ' इत्यत एवावगते द्वित्वे द्विशब्दस्यापि प्रयोगो दृश्यते । न चानियमप्रसङ्गः, येषामेव हि गतार्थानां प्रयोगो दृश्यते त एव प्रयुज्यन्ते न तु 'वृक्षः, तरुः, पादपः' इति तथा प्रयोगादर्शनात् । तदयं वस्तुसंक्षेपः–यथा यावशब्दो वाक्यान्तरविषयोऽन्य एव, अन्यश्च यावकशब्दः, यथा वा 'ऋषभः' इति 'वृषभः' इति; तथा 'खञ्जति, निखञ्जति' इत्यादयोऽपि । तदत्र विषये धातोर्निप्रशब्दयोश्च साहायकमङ्गीकर्तव्यमिति नास्ति दोष इति; अत एव 'गतार्थौ' इत्युक्तं नानर्थकाविति । यदि चाऽनर्थकत्वं स्यात् तदा क्रियायोगे गत्युपसर्गसंज्ञाविधानादनर्थकयोश्च क्रियायोगाभावात् प्राप्तिरेव नास्तीति प्रतिषेधानर्थक्यप्रसङ्गः ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- આપે प्र અને नि ઉપસર્ગને દ્યોત્ય અર્થવાળા સિદ્ધ કર્યા છે. વળી प्र અને नि, ધાતુવડે જે અર્થ કહેવાયા છે એ જ અર્થને કહે છે. હવે જે અર્થ ધાતુવડે જ કહેવાઈ જાય છે તે જ અર્થને કહેવા માટે ઉપસર્ગનો પ્રયોગ આવશ્યક નથી. उक्तार्थानाम् अप्रयोगः (કહેવાઈ

ગયેલા અર્થનો પ્રયોગ થતો નથી) આ ન્યાયથી જો ધાતુવડે જ અર્થ કહેવાઈ ગયો હોય તો એ જ અર્થને ફરીથી કહેવા માટે प्र અને नि ઉપસર્ગનો પ્રયોગ આવશ્યક નથી.

ઉત્તરપક્ષ :- આ પ્રમાણે કહેવું નહીં. પ્રકરણ વગેરેના વિશેષથી પ્રગટ બોધને માટે એકવાર કહેવાયેલા અર્થનો પણ ફરીથી પ્રયોગ થાય છે. જેમ કે લોકમાં પણ કહેવાય છે કે अपूपौ द्वौ आनय (બે પૂડલાંને લાવો) તથા ब्राह्मणौ द्वौ आनय (બે બ્રાહ્મણોને લાવો.) અહીં अपूपौ અને ब्राह्मणौ શબ્દ દ્વારા જ દ્વિત્વ સંખ્યાનો બોધ થઈ જાય છે. આ પ્રમાણે દ્વિત્વ અર્થ કહેવાઈ ગયે છતે પણ ફરીથી द्वौ એ પ્રમાણે પ્રયોગ લોકમાં દેખાય છે. અહીં તમે (પૂર્વપક્ષ) એ પ્રમાણે નહીં માનતા કે અનિયમનો પ્રસંગ આવશે. બધે જ દ્વિવચનનો પ્રયોગ હોવા છતાં પણ જો દ્વિત્વ સંખ્યાને જણાવવા માટે द्वौ એ પ્રમાણે લખવામાં આવશે. તો કાં'તો બધે જ કહેવાયેલા અર્થને કહેવા માટે ફરીથી શબ્દપ્રયોગોની આવશ્યકતા રહેશે અથવા તો અમુક જગ્યાએ શબ્દપ્રયોગની આવશ્યકતા રહેશે એ પ્રમાણે ચોક્કસ નિયમના અભાવનો પ્રસંગ આવશે. એવું તમે માનશો નહીં. પ્રાપ્ત થયેલા અર્થવાળા એવા જેઓનો ફરીથી પ્રયોગ દેખાય છે તે તે વાક્યોમાં જ કહેવાયેલા અર્થોને પણ ફરીથી કહેવા માટે શબ્દપ્રયોગ કરવામાં આવશે. પરંતુ वृक्षः, तरुः, पादपः વગેરે પ્રયોગોમાં એકત્વસંખ્યાનો અર્થ सि પ્રત્યયવડે કહેવાઈ જ જાય છે. આથી એ જ એકત્વસંખ્યાને જણાવવા માટે ફરીથી एकः શબ્દનો પ્રયોગ કરવો પડતો નથી. આમાં કારણ તરીકે આચાર્ય ભગવંત જણાવે છે કે एकः तरुः વગેરે પ્રયોગો જગતમાં દેખાતા નથી. આથી શિષ્ટપુરુષોના જ પ્રયોગોને અનુસરવાથી અનિયમનો પ્રસંગ આવશે નહીં.

સંક્ષેપથી આ પદાર્થ આ પ્રમાણે છે - દા.ત. याव શબ્દ અન્ય વાક્યના વિષયવાળો બીજો જ છે તથા यावक શબ્દ પણ બીજો જ છે. એ જ પ્રમાણે वृषभः અને ऋषभः પણ અન્ય અન્ય વાક્યની અપેક્ષાએ અન્ય અન્ય શબ્દો જ છે. અહીં પણ खञ्जति અને निखञ्जति બંને શબ્દો ભિન્ન જ છે. અને આ વિષયમાં ધાતુની પૂર્વમાં नि અને प्र શબ્દને સહાયક તરીકે સ્વીકારવા યોગ્ય છે. એટલે કે ધાતુના અર્થને પ્રકાશિત કરનારા આ બંને ઉપસર્ગો છે, માટે કોઈ દોષ નથી. આ પ્રમાણે उक्तार्थानाम् अप्रयोगः ન્યાયથી કહેવાયેલા એવા દ્વિત્વ અર્થને કહેવા માટે ફરીથી જે द्वौનો પ્રયોગ થયો છે એ द्वौ અનર્થક નથી. પરંતુ પ્રાપ્ત થતા એવા અર્થવાળો જ છે. એ જ પ્રમાણે અહીં પણ खञ्जतिના અર્થને કહેવા માટે જ ફરીથી नि ઉપસર્ગનો પ્રયોગ થાય છે. આથી नि ઉપસર્ગ કહેવાયેલા અર્થને જ કહેતો હોવા છતાં અનર્થક નથી, પરંતુ પ્રાપ્ત થતા અર્થવાળો જ છે. જો प्र અને नि ઉપસર્ગનું અનર્થકપણું થતું હોત તો અનર્થક એવા प्र અને निની સાથે ક્રિયાના જોડાણનો જ અભાવ થતો હોવાથી ક્રિયાપદની સાથે प्र અને नि ઉપસર્ગની પ્રાપ્તિ જ નથી આવતી. હવે જો પ્રાપ્તિ જ ન આવતી હોય તો પ્રતિષેધ પણ નિરર્થક છે. આચાર્ય ભગવંતે ગતિ અને

ઉપસર્ગસંજ્ઞાનું વિધાન ક્રિયાયોગની સાથે જ કર્યું છે. આથી અર્થવાન્ એવા ઉપસર્ગમાં જ ગતિ અને ઉપસર્ગસંજ્ઞાનો નિષેધ કરવા માટે સૂત્ર બનાવવા દ્વારા પુરૂષાર્થ કર્યો છે.

(श०न्या०) किमयं पर्युदासः-यदन्यद्धातुविभक्तिवाक्याद्, आहोस्वित् प्रसज्योऽयं प्रतिषेधः-धातुविभक्तिवाक्यं नेति ? । तत्र पर्युदासे **'काण्डे, कुड्ये'** इत्यत्र विभक्त्या सहैकाऽऽदेशे कृते पूर्वस्य विभक्तिसदृशस्य नामसंज्ञाप्रसङ्ग इति प्रतिषेधो वाच्यः, प्रसज्यप्रतिषेधे तु न दोषः, अस्ति ह्यत्र विभक्तिरिति । उच्यते-पर्युदास एवायम्, विधिप्रधानत्वात्, प्रसज्यवृत्तेस्तु निषेधप्रधानत्वाद्, विधौ संभवति निषेधाङ्गीकारस्यायुक्तत्वाद्, वाक्यभेदगौरवादिप्रसङ्गाच्चेति । ननु चोक्तम्-'काण्डे' 'कुड्ये' इत्यादौ प्रकृति-विभक्त्योरेकादेशस्योभयस्थाननिष्पन्नत्वेन पूर्वस्य कार्ये विधातव्ये पूर्वकार्यं प्रत्यन्तत्त्वम्, परकार्यं प्रति तु परादित्वमिष्यते, उभयकार्ये[१] च युगपद्विधातव्ये नेष्यते अन्तादिव्यपदेश इति, सा चैषा लौकिकी विवक्षा कुलवधूरिव मर्यादां नातिक्रामति,

અનુવાદ :- પૂર્વપક્ષ :- अधातुविभक्तिवाक्यम् એ પ્રમાણે नञ् તત્પુરુષ સમાસ છે. આથી ધાતુ વગેરેનું વર્જન કરવામાં આવે છે. હવે અહીં પ્રશ્ન થાય કે આ પર્યુદાસનિષેધ છે કે પછી પ્રસજ્યનિષેધ છે ?

પર્યુદાસ નञ्માં જેનો નિષેધ કરવામાં આવે છે તે ઉદાસીન હોય છે. દા. ત. अब्राह्मणः आनीयताम् વાક્યમાં નિષેધ ब्राह्मण શબ્દ સાથે છે. આથી લાવવાની ક્રિયામાં બ્રાહ્મણ ઉદાસીન થાય છે. માત્ર બ્રાહ્મણભિન્ન છતાં પણ બ્રાહ્મણની સદશ હોય તેઓને લાવવાની વિધિ છે. જ્યારે પ્રસજ્યપ્રતિષેધમાં નિષેધની પ્રધાનતા છે. અહીં નિષેધનો અન્વયક્રિયા સાથે જ થાય છે. આથી પ્રયોગ થશે ब्राह्मणः न आनीयताम् - આ પ્રયોગમાં બ્રાહ્મણને લાવવાની ક્રિયાનો નિષેધ થશે. અહીં નિષેધની પ્રધાનતા છે.

હવે આ સૂત્રમાં જો નિષેધ પર્યુદાસ સ્વરૂપ સમજવામાં આવે તો ધાતુ, વિભક્તિ અને વાક્યથી જે અન્ય હોય તેમાં નામસંજ્ઞાની વિધિ થશે. તથા પ્રસજ્યનિષેધ સમજવામાં આવે તો ધાતુ, વિભક્તિ અને વાક્ય નામસંજ્ઞાવાળા થતાં નથી એવો અર્થ થશે.

હવે બંનેમાં જે દોષો આવે છે એ દોષોનો વિચાર કરતાં પહેલાં પાણિની વ્યાકરણનું એક સૂત્ર સમજવું આવશ્યક છે. अन्तादिवत् च [૬/૧/૮૫] આ સૂત્ર પ્રમાણે જ્યાં જ્યાં બે સ્થાનીઓ ભેગા થઈને એકાદેશ થાય છે. ત્યાં એ એકાદેશ ક્યાં તો પૂર્વ સંબંધી અંતને ભજનારો થશે અથવા તો પરસંબંધી આદિને ભજનારો થશે. દા. ત. काण्ड + ई (औनो ई થાય છે તે) અહીં પ્રકૃતિનો

१. 'कार्येषु' अ ।

अ અને પ્રત્યયનો ई બંને ભેગાં થઈને ए થશે. આ ए એકાદેશ સ્વરૂપ થશે. આ ए સ્વરૂપ એકાદેશ ક્યાં તો પ્રકૃતિના અંતની સમાન થાય છે. અથવા તો પરવર્તી એવા પ્રત્યય ઈના આદિવાળા સમાન થાય છે. આથી ક્યાં તો પ્રકૃતિ ए અંતવાળી ગણાશે અથવા તો પ્રત્યય ए આદિવાળો ગણાશે.

જો અહીં પર્યુદાસપ્રતિષેધ માનવામાં આવશે તો काण्डे અને कुड्ये માં વિભક્તિથી ભિન્નતા છે, છતાં પણ તે વિભક્તિસદૃશ છે. કારણ કે "उभयस्थाननिष्पन्न..." ન્યાયથી "ए" સ્વરૂપ આદેશ જ્યારે પ્રકૃતિને ભજનારો થાય છે ત્યારે "काण्डे" અને "कुड्ये" સ્વરૂપ પ્રકૃતિ કહેવાશે અને આ પ્રકૃતિ વિભક્તિઅંત કહેવાશે નહીં, છતાં પણ વિભક્તિઅંતથી ભિન્ન તો છે જ. આથી "तत्सदृश"થી "काण्डे" અને "कुड्ये" સ્વરૂપ પ્રકૃતિ લઈ શકાશે. માટે વિભક્તિઅંતથી ભિન્ન અને અર્થવાન્ એવા આ બંનેમાં નામસંજ્ઞાનો પ્રસંગ આવે છે. હવે काण्डे અને कुड्ये નામસંજ્ઞાવાળા થઈ જાય તો ફરીથી વિભક્તિના પ્રત્યય લાવીને પદસંજ્ઞા બનાવવાની આપત્તિ આવે. આથી આવા શબ્દોની નામસંજ્ઞા અટકાવવા માટે કોઈક પુરૂષાર્થ આવશ્યક છે.

જો અહીં પ્રસજ્યપ્રતિષેધ માનવામાં આવશે તો ઉપરોક્ત દોષ આવશે નહીં. કારણ કે પ્રસજ્યપ્રતિષેધમાં વિભક્તિનું વર્જન ઇષ્ટ છે અને એકાદેશ થવા દ્વારા ભલે ए પ્રકૃતિના અંતને ભજનારો થાય, છતાં પણ તે વિભક્તિ સ્વરૂપ તો છે જ. આથી काण्डे અને कुड्ये માં નામસંજ્ઞાની આપત્તિ આવશે નહીં. માટે પ્રસજ્યપ્રતિષેધ જ માનવો જોઈએ.

ઉત્તરપક્ષ :- જ્યારે બંને નિષેધોનો વ્યવહાર કરવાનો ઉપયોગ આવે ત્યારે પર્યુદાસનિષેધ જ માનવો જોઈએ. પર્યુદાસનિષેધ વિધિપ્રધાન છે. જ્યારે પ્રસજ્યનિષેધ, નિષેધની પ્રધાનતાવાળો છે. હવે જ્યાં વિધિ અને નિષેધ ઉભયની પ્રાપ્તિ થતી હોય ત્યાં નિષેધનો સ્વીકાર કરવો તે અયોગ્ય છે. અહીં તે તે શબ્દોમાં નામસંજ્ઞા કરવી છે આથી કંઈ અભાવમાં નામસંજ્ઞા થઈ શકે નહીં. માટે જ વિધિની પ્રધાનતાવાળો પર્યુદાસનિષેધ જ અહીં સ્વીકારવો જોઈએ. વિધિનો સંભવ હોય ત્યારે નિષેધનો સ્વીકાર થઈ શકે નહીં. કદાચ કોઈ કહે કે પર્યુદાસનિષેધમાં વિભક્તિ અંતની પણ નામસંજ્ઞાની પ્રાપ્તિનો દોષ આવે છે. માટે અમે તો નિર્દોષ એવો પ્રસજ્યપ્રતિષેધ જ સ્વીકારીશું, તો એના અનુસંધાનમાં અમે કહીએ છીએ કે અહીં જો પ્રસજ્યપ્રતિષેધ સ્વીકારશો તો વાક્યના ભેદનું ગૌરવ થવાનો દોષ આવે છે. વાક્યભેદનું ગૌરવ આ પ્રમાણે થાય છે પર્યુદાસપ્રતિષેધમાં સૂત્ર ઉપરથી જ અર્થનો બોધ થઈ જાય છે કે ધાતુ, વિભક્તિ અને વાક્યથી ભિન્નની નામસંજ્ઞા થાય છે. જ્યારે પ્રસજ્યપ્રતિષેધ માનવામાં આવે તો તમારે સૂત્રનો અર્થ સમજવા માટે નવું વાક્ય બોલવું પડશે. પર્યુદાસનિષેધમાં "नञ्"નો અન્વય પાસે રહેલા નામ સાથે થશે. આથી સૂત્ર ઉપરથી જ સીધો અર્થ પ્રાપ્ત થઈ શકશે. જ્યારે પ્રસજ્યનિષેધ માનવામાં

આવશે તો નિષેધનો અન્વય ક્રિયા સાથે થશે. આથી સૂત્રનો અર્થ સમજવા માટે અધ્યાહારથી ક્રિયા લાવીને "नञ्"નો અન્વય ક્રિયા સાથે કરીશું તો જ સૂત્રાર્થ સમજાશે. આથી નવા વાક્યદ્વારા અર્થબોધ થશે. આમ પ્રસજ્યપ્રતિષેધ માનવાથી વાક્યભેદ નામનો દોષ આવે છે. વળી, અહીં "नञ्" ક્રિયાપદને સાપેક્ષ હોવા છતાં પણ ધાતુ વગેરે સાથે સમાસ થાય છે. આથી "सापेक्षम् असमर्थम्" ન્યાયથી સમાસ થવો જોઈએ નહીં, છતાં પણ સમાસ થયો છે. માટે તે ન્યાયને અનિત્ય માનવો પડશે. આ પ્રમાણે વાક્યભેદ દ્વારા અર્થનો બોધ પ્રાપ્ત થવો એ મોટા દોષ સ્વરૂપ છે. માટે પ્રસજ્યપ્રતિષેધ માની શકાશે નહીં. વળી, આ ત્રણની નામસંજ્ઞા નથી થતી તો કોની નામસંજ્ઞા થાય છે ? આ પ્રશ્ન પણ બહુ મોટો ઉપસ્થિત થાય છે, માટે પ્રસજ્યપ્રતિષેધ સ્વીકારી શકાશે નહીં. અહીં પર્યુદાસનિષેધમાં વિભક્તિ-અંત એવા "काण्डे" અને "कुड्ये"માં નામસંજ્ઞાની આપત્તિ આવે છે તથા પ્રસજ્યનિષેધમાં વાક્યભેદનો દોષ આવે છે તેમજ વિધિનો સંભવ હોય ત્યાં નિષેધનો સ્વીકાર કરવો પડે છે. આમ ઉભયપક્ષે દોષની શક્યતાને ધ્યાનમાં લઈને કોઈક પૂર્વપક્ષની માન્યતા રજૂ કરીને આચાર્ય ભગવંતશ્રી ननु चोक्तम् ...પંક્તિઓ દ્વારા જવાબ આપે છે.

પૂર્વપક્ષ કહે છે કે બંને નિષેધને વારાફરતી માનવામાં દોષ આવે છે. આથી બંને નિષેધ એકસાથે અપનાવી લો જેથી પર્યુદાસપક્ષમાં વિધિનો સંભવ પણ થઈ શકશે અને પ્રસજ્યપક્ષમાં વિભક્તિ-અંતની નામસંજ્ઞા પણ નહીં થાય.

આચાર્યભગવંતશ્રી આના અનુસંધાનમાં જ કહે છે કે જો अन्तादिवत् આદેશ દ્વારા काण्डे અને कुड्येમાં अ + ई થઈને જે ए આદેશ થાય છે તે ઉભયસ્થાનથી નિષ્પન્ન થયો હોવાથી, જ્યારે પૂર્વમાં રહેલી પ્રકૃતિમાં નામસંજ્ઞાનું કાર્ય આવશે તો પૂર્વમાં રહેલી પ્રકૃતિના અંત જેવો ગણાશે. આથી પ્રકૃતિ ए અંતવાળી મનાશે. આથી અનિષ્ટ સ્થળમાં નામસંજ્ઞાની આપત્તિ આવશે. તથા આદેશ જો પર સ્વરૂપ મનાશે તો ए આદિવાળો પ્રત્યય થશે. આથી પ્રસજ્યનિષેધમાં काण्डे અને कुड्येમાં ए સ્વરૂપ વિભક્તિનો પ્રત્યય હોવાથી काण्डे અને कुड्येની નામસંજ્ઞા થશે નહીં. પરંતુ વાક્યભેદ વગેરે દોષો તો અહીં રહે જ છે. આ પ્રમાણે ઉભય પક્ષમાં દોષની શક્યતા હોવાથી જો તમે ઉભય કાર્ય એકસાથે માનવાનું કહેશો અને એમ કરવા દ્વારા ઉભય પક્ષમાં દોષનું નિવારણ કરશો તો આ રીતે થઈ શકશે નહીં.

એક સેવક હોય અને એના બે સ્વામી હોય. આ બંને સ્વામીઓનું કાર્ય એકસરખું અગત્યનું હોય ત્યારે આ સેવક એક જ સમયે બે સ્વામીઓનું કાર્ય કરી શકશે નહીં. હા એ સેવક ક્રમશઃ પોતાના સ્વામીનું કાર્ય કરી શકશે. એ પ્રમાણે અહીં પણ એક જ સૂત્રમાં બંને નિષેધો એકસાથે અપનાવી શકાશે નહીં. ક્યાંતો પર્યુદાસનિષેધ લેવો પડશે અથવા પ્રસજ્યનિષેધ લેવો પડશે.

આ પ્રમાણે ઉભયકાર્ય એકસાથે કરવામાં આવે તો ए સ્વરૂપ આદેશ પૂર્વના જેવો પણ છે અને પરના જેવો પણ છે, એ પ્રમાણે अन्तादि કથન ઇચ્છાતું નથી. આ લૌકિક વિવક્ષા છે જે પ્રમાણે કુલવધૂ એ પતિવ્રતા સ્ત્રી હોય છે. આથી કુલવધૂ પોતાના પતિ અને પરપુરુષ બંને સાથે એકસરખો ભાવ રાખી શકશે નહીં. કારણ કે તે મર્યાદાનું ઉલ્લંઘન કરી શકતી નથી. તે પતિવ્રતા સ્ત્રી હોવાને કારણે પતિના જ કાર્યને ભજનારી થાય છે. એ જ પ્રમાણે અહીં अन्तादिवत् આદેશ ઉભય એકસાથે થઈ શકશે નહીં. અહીં परादि પણ માની શકાશે. કારણ કે તેમ માનવા જતાં પ્રસજ્યપ્રતિષેધ સ્વીકારી શકાતો નથી. તથા પૂર્વસંબંધી કાર્ય કરવાનું આવે તો अन्तवत् આદેશ સ્વીકારી શકાય છે. આ વ્યાકરણ સંબંધી મર્યાદા છે, એનું ઉલ્લંઘન કરી શકાતું નથી. જે પ્રમાણે કુલવધૂ પોતાના પતિને છોડી શકતી નથી આ સમાજની એક મર્યાદા છે.

(शन्या०) पर्युदासे च विभक्तिसदृशस्य कार्यविधानान्नामत्वे सति "क्लीबे" [२.४.९७.] इति ह्रस्वप्रसङ्गः । न च नपुंसकत्वं द्रव्यस्यैव संभवति, द्रव्यवाचित्वं च नाम्न एव न विभक्त्यन्तस्य, तस्य शक्तिप्रधानत्वादिति वाच्यम्, द्वयोः शक्तिशक्तिमतोरभिधानादस्त्येव नपुंसकार्थवृत्तित्वं विभक्त्यन्तस्यापि,

અનુવાદ :- ઉત્તરપક્ષ :- સૌ પ્રથમ અમે નામસંજ્ઞાની આપત્તિનું નિરાકરણ કરીએ છીએ, જે ગ્રન્થમાં આપવામાં આવ્યું નથી. પરંતુ હ્રસ્વની આપત્તિનું નિરાકરણ આચાર્ય ભગવંતશ્રીએ જે પદ્ધતિથી કર્યું છે તેનાથી જ काण्डे અને कुड्येમાં નામસંજ્ઞાની આપત્તિનું નિરાકરણ થઈ જાય છે.

સૌ પ્રથમ પર્યુદાસનિષેધ વિધિની પ્રધાનતાવાળો હોવાથી સ્વીકારવો પડે છે અને પર્યુદાસનિષેધ સ્વીકારવાથી વિભક્તિ સદૃશમાં નામસંજ્ઞાનો પ્રસંગ આવે છે. હવે ઉભયસ્થાનથી નિષ્પન્ન થયેલો एकार આદેશ ક્યારેક પ્રકૃતિને ભજનારો થાય છે ત્યારે આદેશ પૂર્વના જેવો થવાથી काण्डे અને कुड्ये પ્રકૃતિ જેવા થશે. આથી काण्डे અને कुड्येમાં નામસંજ્ઞાની પ્રાપ્તિ આવે છે, જે ઇષ્ટ નથી. કારણ કે અહીં જો નામસંજ્ઞા થશે તો ફરીથી વિભક્તિના પ્રત્યયોની આપત્તિ આવશે, જે ઇષ્ટ નથી.

આચાર્યભગવંતશ્રી આ બાબતમાં માને છે કે काण्डे અને कुड्येમાં નામસંજ્ઞાની પ્રાપ્તિ આવશે તો પણ અમને કોઈ આપત્તિ નથી. કારણ કે વિભક્તિના પ્રત્યયો આવી શકશે જ નહીં. વિભક્તિના પ્રત્યયો સંખ્યાને જણાવે છે તથા કર્મત્વ વગેરે શક્તિઓને જણાવે છે. હવે काण्डे અને कुड्येમાં દ્વિત્વ સંખ્યા અને કર્મત્વ તથા કર્તૃત્વશક્તિનો બોધ તો થઈ જ જાય છે. આ પ્રમાણે વિભક્તિના પ્રત્યયનું કાર્ય ત્યાં વિદ્યમાન જ છે. આથી તે બે કાર્યો જણાવવા માટે ફરીથી

વિભક્તિના પ્રત્યયોની આવશ્યકતા જ નથી. માટે વિભક્તિના પ્રત્યયોની પુનર્ આપત્તિઓની કોઈ અવકાશ જ નથી.

પરંતુ अन्तवत् ભાવ માનવાથી વિભક્તિસદૃશ એવા काण्डे અને कुड्येમાં નામસંજ્ઞાની આપત્તિ આવવાથી બીજી આપત્તિ તો ઊભી જ રહે છે અર્થાત્ પર્યુદાસનિષેધ માનવાથી પૂર્વકાર્ય પ્રત્યે अन्तवत् ભાવ થવાથી काण्डे અને कुड्येમાં નામસંજ્ઞા થાય છે. આ બંને શબ્દમાં નપુંસકપણું છે. આથી નામસંજ્ઞા થવાથી क्लीबे [૨/૪/૯૭] સૂત્રથી હ્રસ્વ થવાની પ્રાપ્તિ આવે છે.

પૂર્વપક્ષ :- તમે (ઉત્તરપક્ષ=આચાર્ય ભગવંતશ્રી હેમચન્દ્રાચાર્ય) કદાચ એમ કહેશો કે નપુંસકપણું દ્રવ્યમાં જ સંભવે છે અને દ્રવ્યવાચીપણું નામથી જ થાય છે, પરંતુ વિભક્તિ-અંતમાં દ્રવ્યવાચીપણું આવતું નથી. કારણ કે વિભક્તિ-અંતમાં શક્તિની પ્રધાનતા હોય છે અથવા તો સંખ્યાની પ્રધાનતા હોય છે. શક્તિની પ્રધાનતા તરીકે છ કારકોમાંથી કોઈપણ એક કારક સ્વરૂપ શક્તિની પ્રધાનતા કહી શકાશે. તેમજ એકત્વ-દ્વિત્વ વગેરે સંખ્યાની પ્રધાનતા વિભક્તિ-અંતમાં આવશે. જ્યાં આ બેની પ્રધાનતા હોય ત્યાં લિંગનો સંબંધ થઈ શકતો નથી. આ કારણથી વિભક્તિ-અંતમાં નપુંસકપણું ન સંભવતું હોવાથી क्लीबे સૂત્રથી હ્રસ્વનો પ્રસંગ આવતો નથી એવું તમારે (ઉત્તરપક્ષે) કહેવું જોઈએ નહીં. અમે (પૂર્વપક્ષ) અહીં કહીએ છીએ કે શક્તિ અને શક્તિમાન બંનેનું કથન થતું હોવાથી શબ્દ એ શક્તિમાન સ્વરૂપ બનશે. શબ્દથી શક્તિ અને શક્તિમાન બંનેનો એકસાથે બોધ થાય છે. એકલી શક્તિનું પણ કથન થઈ શકતું નથી તેમજ એકલા શક્તિમાનનું પણ કથન થઈ શકતું નથી. આથી શક્તિની જેમ શક્તિમાન એવા શબ્દની પણ પ્રધાનતા રહેશે. માટે શક્તિમાન એવા काण्डे, कुड्येમાં (વિભક્તિ-અંતમાં) પણ નપુંસકઅર્થપણું માનવું પડશે. આથી काण्डे અને कुड्येમાં પણ હ્રસ્વની આપત્તિ આવશે જ.

(श०न्या०) नैवम्-अव्ययार्थवदलिङ्गत्वं विभक्त्यन्तस्य । तथाहि-विभक्त्यन्तं किञ्चित् साधनप्रधानं 'काण्डे, कुड्ये' इत्यादिवत्, किञ्चित् क्रियाप्रधानं 'रमते ब्राह्मणकुलम्' इत्यादिवत्। न चैतयोरसत्त्ववाचित्वाद् लिङ्गप्रतिपादने सामर्थ्यमस्ति विचित्रत्वाद् भावशक्तीनाम् ।

અનુવાદ :- ઉત્તરપક્ષ :- જે જે વિભક્તિ-અંત નામો છે તેમાં તેમાં અવ્યયની જેમ અલિંગપણું થશે. હવે વિભક્તિ-અંત નામોમાં અલિંગપણું થાય છે એનું કારણ तथाहि... પંક્તિ દ્વારા જણાવે છે. જે જે વિભક્તિ-અંત નામો છે તેમાં કોઈક સાધનની પ્રધાનતાવાળા છે અને કોઈક ક્રિયાની પ્રધાનતાવાળા છે. દા. ત. काण्डे, कुड्ये આ બંને વિભક્તિ-અંત નામોમાં અધિકરણશક્તિની પ્રધાનતા છે. આથી આ બંનેમાં લિંગપણું થઈ શકશે નહીં. કેટલાક વિભક્તિઅંત નામોમાં ક્રિયાની

પ્રધાનતા હોય છે. દા. ત. "रमते ब्राह्मणकुलं" અહીં रमते શબ્દ પણ વિભક્તિઅંત છે અને આ रमतेમાં ક્રિયાની પ્રધાનતા છે. આથી रमतेમાં પણ લિંગપણું પ્રાપ્ત થઈ શકશે નહીં.

एतयोःથી સાધન અને ક્રિયા આવશે. આ સાધન અને ક્રિયાનું અસત્ત્વવાચકપણું હોવાથી એ બંને લિંગને પ્રતિપાદન કરી શકતાં નથી. काण्ड અને कुड्य સત્ત્વ છે પરંતુ काण्ड અને कुड्यમાં જે અધિકરણતા છે તે અસત્ત્વ છે. કારક સ્વરૂપ અર્થમાં વિદ્યમાનપણું નથી તેમજ ક્રિયામાં પણ વિદ્યમાનપણું નથી. દા. ત. "देवदत्तः वृक्षम् छिनत्ति" તથા "वृक्षात् पतति". અહીં वृक्ष શબ્દ સત્ત્વવાચી છે. પરંતુ એમાં રહેલી કર્મત્વશક્તિ અથવા તો અપાદાનશક્તિ એ અસત્ત્વસ્વરૂપ છે. એ જ પ્રમાણે "गौः चलति ।" અહીં गो શબ્દમાં સત્ત્વપણું છે, પરંતુ चलति ક્રિયામાં સત્ત્વપણું નથી. चलति ક્રિયા ગાયથી પૃથક્ કરીને બતાવી શકાતી નથી માટે ક્રિયામાં પણ સત્ત્વપણું નથી, આ પ્રમાણે પદાર્થોની શક્તિઓ અનેક પ્રકારની છે. પછી એ કર્મત્વસ્વરૂપ પણ હોઈ શકે કે અપાદાન વગેરે સ્વરૂપ પણ હોઈ શકે છે. પરંતુ આ બધી શક્તિઓ અવિદ્યમાનપણાંવાળી હોવાથી એવી શક્તિની પ્રધાનતાવાળા શબ્દોમાં લિંગ પ્રતિપાદનનું સામર્થ્ય નથી. માટે વિભક્તિ-અંતમાં અલિંગપણું સિદ્ધ થાય છે. આથી काण्डे અને कुड्येમાં હવે क्लीबे સૂત્રથી હ્રસ્વ થવાની આપત્તિ આવશે નહીં.

(श०न्या०) किञ्च-'काण्डे तिष्ठतः' इत्यादौ संख्यायाः प्राधान्यान्नपुंसकत्वस्यायोग इत्यवयवधर्मेण समुदायकल्पनाऽत्र न ज्यायसीति क्लीबत्वाभावाद् ह्रस्वत्वाभावात् प्रतिषेधो न वक्तव्य एव, अत एव न "क्लीबे" यत् तस्येत्युच्यते, तत्र साक्षात् तस्यैव यदा नपुंसकत्वं तदा ह्रस्वः, यस्य त्ववयवद्वारकं तस्य मा भूदिति । अथवा 'क्लीबे' वर्तते यत् तस्यैवानुपजातव्यतिरेकस्येत्यर्थः, विभक्त्यन्तं चोपजात-व्यतिरेकमिति ह्रस्वत्वाभावः ।

અનુવાદ :- काण्डे तिष्ठतः (બે કાંડ ઊભા છે.) અહીં સંખ્યાની પ્રધાનતા હોવાથી નપુંસકપણું થતું નથી. કદાચ અવયવના ધર્મથી સમુદાયની કલ્પના કરવામાં આવે તો સમુદાય તો સત્ત્વવાચક છે. આથી નપુંસકલિંગનો આરોપ થઈ શકશે. દા. ત. નગરમાં ધનવાનો હોય તો નગરને પણ ધનવાળું કહેવામાં આવે છે. ખરેખર તો ધનવાનો નગરના અવયવ સ્વરૂપ છે, પરંતુ અવયવધર્મથી સમુદાયને પણ ધનવાળું કહેવામાં આવે છે. અહીં काण्डे અને कुड्ये પ્રયોગોમાં નામસંજ્ઞા તો વાસ્તવમાં काण्ड અને कुड्य શબ્દમાં જ થાય છે અર્થાત્ . काण्डे અને कुड्येનાં એક અવયવ काण्ड અને कुड्यમાં જ થઈ છે. આથી અવયવની નામસંજ્ઞા સમુદાય સ્વરૂપ . काण्डे અને कुड्येમાં આરોપ થઈ શકે છે. પરંતુ અહીં અવયવધર્મથી સમુદાયની કલ્પના યોગ્ય નથી. અહીં અવયવની પ્રધાનતા છે. આથી અવયવના ધર્મથી સમુદાયની પ્રધાનતા થઈ શકશે નહીં. માટે काण्डे શબ્દમાં નપુંસકપણાનો અભાવ હોવાથી હ્રસ્વત્વનો અભાવ આપોઆપ થઈ

જશે. માટે क्लीबे (૨/૪/૯૭) સૂત્રમાં વિભક્તિ-અંતમાં હ્રસ્વ થતું નથી એવો નિષેધ કરાયો નથી. પાણિનીજીએ "हृस्वो नपुंसके प्रातिपदिकस्य" (૧/૨/૪૭) સૂત્ર નપુંસક નામોને હ્રસ્વ કરવા માટે બનાવ્યું છે. ત્યાં વિભક્તિ-અંતમાં હ્રસ્વ કરવું નથી માટે प्रातिपदिकस्य શબ્દ લખવા દ્વારા માત્ર નામમાં જ હ્રસ્વપણું થાય છે, એવું જણાવ્યું છે. આથી વિભક્તિ-અંતવાળા નામોમાં નપુંસકપણાનો નિષેધ કરવા માટે प्रातिपदिकस्य શબ્દ લખ્યો છે, જે પૂજ્ય હેમચન્દ્રાચાર્યજીને જરૂરી લાગ્યો નથી. કારણ કે વિભક્તિ-અંતમાં તો નપુંસકપણું થતું જ નથી, જે ઉપરની ચર્ચાથી સ્પષ્ટ થયું છે. આથી જ અહીં क्लीबे સૂત્રમાં વિભક્તિ-અંત નામોનો નિષેધ કરવા માટે કોઈ પ્રયત્ન કર્યો નથી. અહીં આચાર્ય ભગવંતશ્રીની સૂક્ષ્મ બુદ્ધિથી તાત્પર્ય તરફ લઈ જવાની નિપુણતા સિદ્ધ થાય છે. જ્યારે સ્થૂલબુદ્ધિથી બોધ કરાવવા માટે પાણિનીજીએ प्रातिपदिकस्य શબ્દનો નિવેશ કર્યો છે. અહીં જુદી જુદી પાત્રતાને ધ્યાનમાં લઈને ભિન્ન ભિન્ન પ્રકારના સૂત્રો થયા છે.

આથી क्लीबे સૂત્રમાં જે મૂળ નામ છે તેનું હ્રસ્વ થાય છે એવું કહેવાયું નથી, તે સૂત્ર પ્રમાણે જો સાક્ષાત્ નામ હશે અને તેનું નપુંસકપણું હશે તો તેનું હ્રસ્વ થશે પરંતુ સંખ્યા વગેરે અવયવ દ્વારા જો તેમાં નપુંસકપણું આવશે તો તેઓનું હ્રસ્વ થશે નહીં.

અહીં तस्य શબ્દનો અર્થ કર્યો છે अनुपजातव्यतिरेकस्य. વ્યતિરેક એટલે આધિક્ય, અર્થાત્ જેમાં આધિક્ય ઉત્પન્ન થયું નથી એવા નામો જો નપુંસકમાં વર્તે તો એવા નામોમાં હ્રસ્વપણું થાય છે. જ્યારે વિભક્તિ-અંત નામો તો ઉત્પન્ન થયું છે આધિક્ય જેમાં એવા છે. આથી ઉત્પન્ન થયેલ આધિક્યવાળા (વિભક્તિ-અંત) નપુંસકનામોમાં હ્રસ્વ થતું નથી. આથી क्लीबे સૂત્રથી વિભક્તિ-અંત નામોમાં આપોઆપ જ હ્રસ્વપણાનો અભાવ થાય છે.

(श०न्या०) अत एव 'काष्ठा ध्यायकः' इत्यत्र हृस्वत्वाभावः, यतः काष्ठाशब्दोऽपरित्यक्त-स्वरूप एव क्रियां विशिनष्टि, क्रियाविशेषकत्वाच्च नपुंसकत्वाध्यारोपः, अमस्तु लुब् भवत्येव, तत्र विशेषानुपादानात् । वृत्तौ तु उपसर्जनपदानामर्थान्तरस्वीकारादनध्यारोपितमेव नपुंसकत्वमिति तत्र हृस्वः, 'सेनानिकुलम्' इति ।

અનુવાદ :- આમ તો 'काष्ठा' શબ્દનો સીમા અર્થ થાય છે, તથા 'काष्ठा' શબ્દ સ્ત્રીલિંગમાં વર્તમાન છે. પરંતુ અહીં 'काष्ठा' શબ્દ ક્રિયાવિશેષણ તરીકે છે, જેનો અર્થ 'અંતિમ સીમા સુધી અધ્યયન કરનાર' એવો થાય છે. આ શબ્દ ક્રિયાવિશેષણ હોવાથી એમાં નપુંસકપણાનો આરોપ કરાયો છે. આથી દ્વિતીયા એકવચનના 'अम्' પ્રત્યયની પ્રાપ્તિ આવશે. અહીં 'काष्ठा' શબ્દ જો 'ध्यायकः' સ્વરૂપ ક્રિયાને વિશેષિત કરે તો ક્રિયાવિશેષણ થવાથી તેણે પોતાના સ્ત્રીલિંગત્વનો ત્યાગ કરીને નપુંસકપણું પ્રાપ્ત કરવું જોઈએ. છતાં પણ તે શબ્દના સ્વભાવથી જ પોતાના સ્વરૂપનો

ત્યાગ કર્યા વગર જ (સ્રીલિંગનો ત્યાગ કર્યા વગર જ) ક્રિયાને વિશેષિત કરે છે અર્થાત્ પોતાના લિંગ તરીકે સ્રીલિંગને કાયમ રાખે છે, પરંતુ 'काष्ठा' શબ્દ ક્રિયાનું વિશેષણ બન્યું હોવાથી તેમાં નપુંસકત્વનો આરોપ થાય છે. આથી 'क्रियाविशेषणात्' (૨/૨/૪૧) સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થતી હોવાથી 'अम्' પ્રત્યયની પ્રાપ્તિ થાય છે, જેનો 'अनतो लुप्' (૧/૪/૫૯) સૂત્રથી લોપ થશે. (૧/૪/૫૯) સૂત્રમાં એવી કોઈ વિશેષતા બતાવી નથી કે અનારોપિત નપુંસક નામોનાં 'सि' અને 'अम्'નો અનકારાન્ત નામથી પર લોપ થાય કે આરોપિત નપુંસક નામોના 'सि' અને 'अम्'નો અનકારાન્ત નામથી પર લોપ થાય. આથી હવે (૧/૪/૫૯) સૂત્રથી 'काष्ठा'થી પર રહેલાં દ્વિતીયા એકવચનનાં 'अम्' પ્રત્યયનો લોપ થશે જ. બીજું આ શબ્દે પોતાના સ્વરૂપનો ત્યાગ કર્યો નથી. काष्ठा શબ્દને 'अम्' લાગશે અને 'काष्ठाम् अध्यायकः'નો 'नाम नाम्ना...' (૩/૧/૧૮) સૂત્રથી સમાસ થાય છે. અને 'एकार्थ्ये' (૩/૨/૮)થી 'अम्'નો 'लुक्' થાય છે. અહીં (૩/૨/૮) સૂત્રમાં એવી કોઈ વિશેષતા બતાવી નથી કે કેવા નામોની વિભક્તિનો લોપ થાય છે. માટે આરોપિત લિંગવાળા નામોથી પર રહેલી વિભક્તિનો પણ સમાસમાં લોપ થાય છે. અહીં 'काष्ठा' શબ્દમાં આરોપિત નપુંસકલિંગ છે. આમ તો 'काष्ठा' શબ્દ સ્ત્રીલિંગમાં વર્તી રહ્યો છે, પણ જે જે ક્રિયાવિશેષણ હોય તેમાં તેમાં કર્મત્વશક્તિ આવશે અને નપુંસકપણું આવશે. વળી 'काष्ठा' શબ્દમાં સાક્ષાત્ નપુંસકપણું નથી, પરંતુ ક્રિયાના વિશેષણ દ્વારા આવેલું એવું નપુંસકપણું છે. માટે 'क्लीबे' સૂત્રથી 'काष्ठा' શબ્દમાં હ્રસ્વપણું થયું નથી.

પરંતુ સમાસમાં મૂળપદો ગૌણ થઈ જાય છે અને ત્રીજો જ અર્થ પ્રાપ્ત થાય છે. દા. ત. 'पङ्क' એટલે કાદવ અને 'ज' એટલે ઉત્પન્ન થવાવાળો. હવે આ બંને પદોનો સમાસ થતાં કમળ સ્વરૂપ નવો અર્થ પ્રાપ્ત થાય છે. એ જ પ્રમાણે સેનાને લઈ જનારનું કુલ એ 'सेनानिकुलम्'નો અર્થ થશે. અહીં સમાસ થવાથી બંને પદો ગૌણ થઈ ગયા છે અને ગૌણ થયેલા પદોનો નવો ત્રીજો અર્થ સ્વીકારાય છે. આથી 'सेनानि' સ્વરૂપ સામાસિક શબ્દમાં નવા અર્થમાં 'कुल' શબ્દનું લિંગ પ્રાપ્ત થાય છે. આથી અહીં અનારોપિત એવું નપુંસકપણું છે જે શબ્દના નવા અર્થ દ્વારા પ્રાપ્ત થયું છે. આથી 'सेनानि' શબ્દમાં 'क्लीबे' સૂત્રથી આપોઆપ હ્રસ્વ થઈ જશે. જ્યારે 'काष्ठा' શબ્દમાં આરોપિત નપુંસકપણું હોવાથી જ 'क्लीबे' (૨/૪/૯૭) સૂત્રથી હ્રસ્વ થતું નથી.

(श०न्या०) ननु "क्लीबे" [२.४.९७.] इत्यत्र सूत्रे यत् तस्येति नोक्तम्, सत्यं नोक्तम्, केवलमाक्षिप्तम् 'क्लीबे' इति सप्तमीनिर्देशात्, क्लीबे वर्तते यच्छब्दरूपं तस्येति, अन्यथा तत्रापि "नपुंसकस्य शिः" [१.४.५५.] इत्येवं षष्ठ्या निर्देशं कुर्याद् इति सर्वमवदातमिति ॥२७॥

અનુવાદ :- પૂર્વપક્ષ :- નપુંસકલિંગ નામોમાં હ્રસ્વનું વિધાન કરનાર સૂત્રમાં પ્રાતિપદિકનું

(નામનું) હ્રસ્વ થાય એવું પાણિનીજી કહે છે. તો क्लीबे (૨/૪/૯૭) સૂત્રમાં નપુંસકમાં વર્તમાન જે નામ છે તે નામમાં હ્રસ્વપણું થાય (વિભક્તિ-અંત નામમાં હ્રસ્વપણું ન થાય) એ પ્રમાણે વિધાન કેમ નથી કરાયું ?

ઉત્તરપક્ષ :- તમારી વાત સાચી છે. નામમાં જ હ્રસ્વપણું થાય છે એવું કહેવામાં આવ્યું નથી. પણ આકર્ષણ કરવામાં આવ્યું છે. અર્થાત્ એ પદ આકાંક્ષાના વશથી આવી જ જાય છે. નપુંસકમાં વર્તમાન કોણ ? એ પ્રમાણે સપ્તમી વિભક્તિના કારણે સાહજિક જ આકાંક્ષા ઉત્થિત થાય છે. માટે આકાંક્ષાના વશથી નામપદ આપોઆપ જ આવી જશે. જો નામપદનું આકર્ષણ ન કરવું હોત તો સપ્તમી વિભક્તિને બદલે ષષ્ઠી વિભક્તિ કરાઈ હોત અને સૂત્ર क्लीबस्य બનાવ્યું હોત. ષષ્ઠી વિભક્તિ અર્થનો બોધ આકાંક્ષા વગર જ કરાવત. આથી વિભક્તિ અંત અથવા તો વિભક્તિ વગરનું કોઈપણ નામ હ્રસ્વ થઈ જાત. એવું નથી કરવું માટે જ સપ્તમી વિભક્તિ કરી છે. અહીં બધું જ દોષરહિત છે.

આ પ્રમાણે પર્યુદાસનિષેધ સ્વીકારવાથી વિભક્તિસદૃશ એવા काण्डे, कुड्येમાં નામસંજ્ઞા થશે તો પણ કોઈ આપત્તિ નથી. આ પ્રમાણે પર્યુદાસનિષેધ જ સ્વીકારવા યોગ્ય છે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

अधात्वित्यादि-उच्यते विशिष्टोऽर्थोऽनेनेति बाहुलकात् करणेऽपि घ्यणि वाक्यम्, कर्मणि तु प्रतीतमेव । अर्थो द्वेधा-अभिधेयो द्योत्यश्च । तत्राभिधेयः स्वार्थादिभेदात् पञ्चधा, द्योत्यश्च समुच्चयादिरिति । यद्वा चकारादिना द्योत्यस्यापि समुच्चयादेः समासादिनाऽभिधीयमानत्वादभिधेयत्वमस्तीत्याह-**द्योत्यश्चे**त्यादि-अभिधेय इति शेषः, न केवलं स्वार्थादिरभिधेयो द्योत्यश्च समुच्चयादिरभिधेय इति चार्थः ।

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

ઉપરોક્ત તમામ પંક્તિનો અનુવાદ બૃહન્યાસમાં આવી ગયેલ છે.

(न्या०स०) समुच्चयादिरिति-आदिपदाद् 'वा विकल्पादौ' 'एवोऽवधारणे' इत्यादि बोध्यम् । तथा द्योतकानां विशेषणं नास्ति, यथा 'घटश्च भव्यम्' इति । तथा चादीनां स्वार्थोऽपि द्योत्यतया न वाचकतयेत्येकोऽप्यभिधेयो नास्ति । स्वरादीनां तु लिङ्गसंख्ये न स्तः ।

અનુવાદ :- સમુચ્ચય પછી જે आदि શબ્દ લખેલ છે તે आदि પદથી વિકલ્પવાળો वा શબ્દ લેવો. તથા અવધારણ અર્થવાળો एव શબ્દ લેવો, વગેરે જાણવા યોગ્ય છે.

તથા દ્યોતક એવા શબ્દોનું વિશેષણ હોતું નથી. દા. ત. घटश्च भव्यम् (અને સુંદર એવો ઘટ)

અહીં च સ્વરૂપ દ્યોતકનાં વિશેષણ સ્વરૂપ ઘટ અથવા તો भव्य શબ્દ નથી. આ પ્રમાણે च સ્વરૂપ દ્યોતકોનું વિશેષણ ન હોવાથી च સ્વરૂપ દ્યોતકમાં વિશેષણપણું આવશે નહીં. તથા च વગેરે દ્યોતકોમાં સ્વાર્થ સ્વરૂપ અર્થ પણ દ્યોત્યપણાંથી છે, પરંતુ વાચકપણાંથી નથી. આથી દ્યોતક શબ્દોમાં એક પણ અભિધેયસ્વરૂપ અર્થ વિદ્યમાન નથી.

स्वर् વગેરે જે અવ્યયો છે એમાં લિંગ અને સંખ્યા નથી. स्वर् વગેરે અવ્યયોનો સ્વાર્થ અને દ્રવ્ય સ્વરૂપ અભિધેય અર્થ તો છે જ, તેમજ કારકશક્તિ સ્વરૂપ અભિધેય અર્થ પણ છે. પરંતુ લિંગ અને સંખ્યા સ્વરૂપ અભિધેય (અર્થ) નથી.

(न्या०स०) ननु 'अहन्' इत्यत्र विभक्त्यन्तद्वारेणैव नामत्वं न भविष्यति किं धातुवर्जनेन ? सत्यम्–तथापि 'हन्ति' इत्यत्र धातुवर्जनाभावे विभक्तेः प्राक्तनस्य 'हन्' इत्यस्य नामत्वे "नाम सिद०" [१.१.२१.] इति व्यञ्जनद्वारा पदत्वे च नलोपः स्यादिति धातुवर्जनमिति। अथ **'वृक्षान्'** इत्यत्र नकारविधानसामर्थ्यादेव नलुग् न भविष्यति किं विभक्तिवर्जनेनेति ? सत्यम्–'कांस्कान्' इत्यादौ "शसोऽता०" [१.४.४९.] इति नविधानं चरितार्थमित्यत्र नलोपः स्याद् इति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- अहन् હ્યસ્તન ભૂતકાળ ત્રીજા પુરુષ એકવચનનું રૂપ છે. વળી વર્તમાના વગેરે પ્રત્યયોની વિભક્તિસંજ્ઞા પડી હોવાથી अहन् વિભક્તિ-અંત પણ કહેવાશે. આથી વિભક્તિઅંતના વર્જનથી જ अहन् શબ્દમાં નામસંજ્ઞાનો નિષેધ થઈ જાત. માટે આ સૂત્રમાં ધાતુવર્જનની આવશ્યકતા નથી. અર્થાત્ જે જે ધાતુ હોય તેની નામસંજ્ઞા ન પડે એવું જણાવવાની આવશ્યકતા ન હતી.

ઉત્તરપક્ષ :- તમારી વાત સાચી છે. પરંતુ हन्ति વગેરે શબ્દોમાં જો ધાતુ વર્જન ન કર્યું હોત તો દોષ આવત. તે દોષ આ પ્રમાણે આવે છે - हन् ધાતુ + વર્તમાનાનો ति પ્રત્યય. આ અવસ્થામાં આ સૂત્રમાં ધાતુ વર્જનનો અભાવ હોતે છતે हन् શબ્દની અર્થવાન્પણાંથી નામસંજ્ઞા થાત. તથા ति વગેરે પ્રત્યય પર છતાં "नामसिदय्..." (૧/૧/૨૧) સૂત્રથી વ્યંજનના નિમિત્તથી हन्માં પદપણું પ્રાપ્ત થાત. આથી न् લોપનો પ્રસંગ આવત. તેમ થાત તો हति રૂપ પ્રાપ્ત થાત. હવે ધાતુનું વર્જન કરવાથી આ આપત્તિ આવશે નહીં.

પૂર્વપક્ષ :- નામસંજ્ઞાના સૂત્રમાં વિભક્તિ-અંતવાળા શબ્દોમાં નામસંજ્ઞાનો નિષેધ કરવા માટે વિભક્તિઅંતના વર્જનની આવશ્યકતા ન હતી. वृक्षान् પ્રયોગમાં शसोऽता... (૧/૪/૪૯) સૂત્રથી પુલિંગમાં स्નો न् થયો હોવાથી न् વિધાનનાં સામર્થ્યથી જ न्નો પદને અંતે લોપ થાત નહીં. કારણ કે જો न्નો લોપ થાત તો બધે જ દ્વિતીયા બહુવનચમાં अ અંતવાળા શબ્દો પછી न्નો લોપ થઈ જાત. એ સંજોગોમાં (૧/૪/૪૯) સૂત્રમાં જ स् નાં લોપનું વિધાન સાર્થક થાત. પરંતુ

स्‌નો લુક્ કરવાને બદલે स्‌નો न् કરવાનું વિધાન કર્યું છે એના સામર્થ્યથી જ જણાય છે કે वृक्षान् શબ્દમાં પદને અંતે न्‌નો લોપ થાત નહીં. આથી વિભક્તિવર્જનની આ સૂત્રમાં આવશ્યકતા ન હતી.

ઉત્તરપક્ષ :- (૧/૪/૪૯) સૂત્રમાં न्‌ના વિધાનનું અન્ય કાર્ય द्विः कानः कानि सः (૧/૩/૧૧) સૂત્રમાં પ્રાપ્ત થાય છે. આથી न् વિધાનનું સફળપણું જેમ न्‌નો स् કરવા માટે થાય છે. તે જ પ્રમાણે वृक्षान् વગેરે પ્રયોગોમાં न् વિધાનનું સફળપણું न्‌નો પદને અંતે લુક્ કરવા માટે પણ થાત. આ સ્થિતિમાં वृक्षान् વગેરે પ્રયોગોમાં નામસંજ્ઞાનો નિષેધ કરવા માટે આ સૂત્રમાં વિભક્તિનું વર્જન કર્યું છે.

(न्या०स०) ननु '**साधुर्धर्मं ब्रूते**' इत्यत्र विभक्त्यन्तत्वादेव नामत्वं न भविष्यति किं वाक्यवर्जनेन ? सत्यम्-"प्रत्ययः प्रकृत्यादेः" [७.४.११५.] इति परिभाषया ब्रूधातोरेव विभक्त्यन्तत्वं न तु समग्रवाक्यस्य, ततो वाक्यस्य नामत्वे साधुर्धर्मं ब्रूते इत्येवंरूपाद् वाक्याद् विभक्तावनिष्टरूपप्रसङ्ग इति। **समासादेर्भवत्येवे**ति-अन्यथा ह्यर्थवच्छब्दरूपस्य नामत्वे विधीयमानेऽर्थवत्समुदायरूपस्य वाक्यस्य प्रसङ्ग एव नास्ति किं वाक्यवर्जनेन ? ततश्चैतदेव वाक्यवर्जनं बोधयति-समासादेः समुदायस्य भवत्येवेति । ननु **अधातु-विभक्ती**त्यत्र पर्युदासाश्रयणादर्थवत एव नामत्वं भविष्यति नार्थोऽर्थवदित्यनेन, सत्यम्-अर्थवदिति संज्ञि-निर्देशार्थम् । पर्युदासाऽऽश्रयणे हि केन धर्मेण सादृश्यमाश्रीयत इत्यप्रतिपत्तिः स्यात्, ततश्चानर्थ-कानामपि धर्मान्तरेण सदृशत्वे नामसंज्ञाप्रसङ्ग इत्याह-**अर्थवदि**ति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- ઉપરોક્ત તમામ પંક્તિઓનો અનુવાદ બૃહન્યાસના ભાષાંતરમાં આવી ગયો છે.

(न्या०स०) अव्युत्पत्तिपक्षाऽऽश्रयणे 'वन' इत्यादेरखण्डस्यैवार्थवत्त्वं न तु तदवयवस्य 'वन्' इत्यादेर्नान्तस्येति; व्युत्पत्तिपक्षे तु धात्वर्थेनार्थवत्तायामपि धातुद्वारेणैव वर्जनसिद्धिरिति ।

અનુવાદ :- अकारान्त એવા वन શબ્દમાં અવ્યુત્પત્તિપક્ષનો આશ્રય કરવાવડે અર્થવાન્‌પણું પ્રાપ્ત થાય છે. એટલે કે અવ્યુત્પત્તિપક્ષનો આશ્રય હોતે છતે અખંડ એવા वन શબ્દમાં જ અર્થવાન્‌પણું પ્રાપ્ત થાય છે. પરંતુ वन શબ્દના અવયવ वन्‌માં અર્થવાન્‌પણું પ્રાપ્ત થતું નથી અને જો વ્યુત્પત્તિપક્ષનો આશ્રય કરશો તો वन् ધાતુ ઉપરથી वन શબ્દ બન્યો છે. આથી ધાતુના અર્થવાળા वन् શબ્દમાં અર્થવાન્‌પણું પ્રાપ્ત થાય તો પણ ધાતુના વર્જન દ્વારા જ વ્યંજનાંત એવા वन् શબ્દમાં નામસંજ્ઞાની પ્રાપ્તિ થતી નથી. તેથી न्‌ના લોપની આપત્તિ આવતી નથી.

(न्या०सं०) ननु "गौः" इति वक्तव्ये शक्तिवैकल्याद् 'गो' इति केनचिदुक्तम्, तत्समीपवर्ती च तदुक्तमपरेण पृष्टः सन्ननुकरोति, तदा तदनुकरणस्य नामसंज्ञा स्याद् वा नवेत्याह-**यदे**त्यादि । **अनुकार्येणे**ति-वर्णावलीरूपेणेत्यर्थः ॥२७॥

અનુવાદ :- ઉપરોક્ત તમામ પંક્તિઓનો અનુવાદ બૃહન્યાસમાં આવી ગયો છે.

॥ सप्तविंशतितमम् सूत्रम् समाप्तम् ॥

❋ ❋ ❋

सूत्रम् - शिर्घुट् । १ । १ । २८ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

जस्-शसादेशः शिर्घुट्संज्ञो भवति । पद्मानि तिष्ठन्ति । पद्मानि पश्य । घुट्प्रदेशाः-"घुटि" [१.४.६८.] इत्यादयः ॥२८॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

जस् અને शस्નાં આદેશ સ્વરૂપ જે शि છે તે घुट्संज्ञाવાળો થાય છે. 'કમળો ઊભા છે' 'કમળોને તું જો'. घुट्સંજ્ઞાનાં ઉદાહરણસ્થળો घुटि (૧/૪/૬૮) વગેરે સૂત્રો છે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

शिर्घुट् इति-'**शिः**' इत्ययं घुट्संज्ञो भवति, स च "नपुंसकस्य शिः" [१.४.५५.] एतद्विहित आदेशरूप एव गृह्यते ।

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

शि घुट्संज्ञाવાળો થાય છે. આ शि नपुंसकस्य शिः (१/४/५५) સૂત્રમાં વિધાન કરાયેલા આદેશ સ્વરૂપ જ ગ્રહણ કરવો. અર્થાત્ નપુંસક સંબંધી जस् અને शस्નો शि આદેશ થાય છે એ પ્રમાણે આદેશ સ્વરૂપ शिને જ અહીં घुट्संज्ञाવાળો જાણવો.

(श०न्या०) न च 'अपृशिते' इत्यत्र शेर्घुट्संज्ञायाम् "अपः" [१.४.८८.] इति दीर्घत्वप्रसङ्ग इति वाच्यम्, ❋अर्थवदनर्थकयोरर्थवतो ग्रहणम्❋ इत्यर्थवतः शिशब्दस्य ग्रहणम्, न चायमर्थवान्,

अतो विभक्त्यादेश एव शिर्विज्ञायते । *प्रत्ययाप्रत्यययोः प्रत्ययस्यैव वा ग्रहणम्* इत्याह-**जस्-शसा-देश** इति ।

અનુવાદ :- પૂર્વપક્ષ :- અહીં शि ઘુટ્સંજ્ઞાવાળો થાય છે એ પ્રમાણે કહેવામાં આવ્યું છે. પરંતુ કયો शि લેવો ? એ પ્રમાણેનો અર્થબોધ થતો નથી. આ સંજોગોમાં अपृशिते પ્રયોગમાં પણ शिની ઘુટ્સંજ્ઞા થઈ જાય છે. આ शित શબ્દની આદિમાં રહેલા शिની જો ઘુટ્સંજ્ઞા થાય તો શરૂઆતનાં अप् શબ્દમાં अपः (૧/૪/૮૮) સૂત્રથી દીર્ઘપણાનો પ્રસંગ આવશે.

ઉત્તરપક્ષ :- ઉપરોક્ત આપત્તિ આવશે નહીં. 'અર્થવાન્ અને અનર્થવાન્ ઉભય હોય ત્યારે અર્થવાન્નું જ ગ્રહણ કરવું જોઈએ' એવો ન્યાય હોવાથી અહીં અર્થવાન્ એવા शिનું ગ્રહણ થશે. હવે અર્થવાન્ એવો शि શબ્દ जस् અને शस्નાં આદેશ સ્વરૂપ જ થશે. પરંતુ अपृशिते શબ્દમાં રહેલો शि થશે નહીં. અહીં शित શબ્દના અવયવ સ્વરૂપ शि છે. આથી અવયવી સ્વરૂપ शित અર્થવાન્ થાય છે, પરંતુ અવયવ સ્વરૂપ शि અર્થવાન્ થઈ શકે નહીં. માટે शितનો शि અનર્થક છે.

આ ન્યાયમાં કેટલીક આપત્તિઓ છે જેથી "प्रत्ययाप्रत्यययोः प्रत्ययस्यैव ग्रहणम्" ન્યાયનો સહારો લેવો જોઈએ. "अर्थवत् ग्रहणे न अनर्थकस्य" ન્યાયની આપત્તિઓ આ પ્રમાણે છે.

"गोश्चान्ते ह्रस्वः..." (૨/૪/૯૬) સૂત્ર પ્રમાણે ગૌણ એવા गो શબ્દના અન્ત્ય સ્વરનું હ્રસ્વ થાય છે. હવે અહીં गो પદથી કયો અર્થ વિવક્ષિત છે ? જો પશુ સ્વરૂપ અર્થનો બોધ કરવામાં આવે તો चित्रगुः વગેરે પ્રયોગોમાં હ્રસ્વ થશે. પરંતુ સ્વર્ગ, રશ્મિ વગેરે અર્થવાળા गो શબ્દનું હ્રસ્વ થશે નહીં. કારણ કે અર્થવાન્નું ગ્રહણ હોય ત્યારે અનર્થવાન્નું ગ્રહણ થઈ શકતું નથી. આથી આ ન્યાયથી કોઈ એક જ અર્થવાળા गो શબ્દનું ગ્રહણ થઈ શકત. આથી જો દરેક અર્થવાળો ગ્રહણ કરવો હોય તો એવું તાત્પર્ય જણાવનાર કોઈક અન્ય પ્રયત્ન સૂત્રમાં કરવો પડત, જે ઘણો ગૌરવગ્રસ્ત થશે. ઘણા બધા શબ્દો અનેક અર્થમાં વૃત્તિ હોવાથી આ આપત્તિ આવત. આ દોષનું નિવારણ કરવા માટે "स्वम् रूपम् शब्दस्य" ન્યાયનો સહારો લેવો પડત. આથી જે પણ અર્થવાળા गो શબ્દનું સ્વરૂપ જણાતું હોય એ તમામમાં હ્રસ્વ થશે.

આ પ્રમાણે અહીં પણ "अर्थवत् अनर्थकयोरर्थवतो ग्रहणम्" ન્યાયનો આશ્રય લેવામાં આવે તો અર્થવાન્ એવો કયો शि લેવો ? એવી આપત્તિ રહેશે. એ પરિસ્થિતિમાં "स्वम् रूपम् शब्दस्य" ન્યાયનો સહારો લેવામાં આવે તો કોઈ પણ शि આવવાની શક્યતા ઊભી રહેશે. આ દોષને ધ્યાનમાં રાખીને "प्रत्ययाप्रत्यययोः प्रत्ययस्यैव ग्रहणम्" ન્યાયનો આશ્રય લેવામાં આવ્યો છે. આથી જે शि પ્રત્યયસ્વરૂપ હશે એ शिની જ આ સૂત્રથી ઘુટ્સંજ્ઞા થશે. તેથી अपृशित વગેરે

પ્રયોગમાં शित શબ્દનાં शिની ઘુટ્સંજ્ઞા માનવાની આપત્તિ આવશે નહીં. માટે જ આચાર્ય ભગવંતશ્રીએ બૃહદ્ટીકામાં લખ્યું છે કે जस् અને शस्ના આદેશ સ્વરૂપ शि ઘુટ્સંજ્ઞાવાળો થાય છે.

(श०न्या०) "पदिंच् गतौ" अतः पदेः "अर्तीरि-स्तु-सु-हु०" [उणा० ३३८.] इति मे ततो जसि शसि च कृते, अनुबन्धनाशोत्तरकालम् "नपुंसकस्य शिः" [१.४.५५.] इति शिः, शकारोऽत्र विशेषणार्थः, तेन घुट्संज्ञायाम् "स्वराच्छौ" [१.४.६५.] इति नागमे दीर्घत्वं भवति '**पद्मानि**' इति ।

અનુવાદ :- ગતિ અર્થવાળો 'पद्' ધાતુ ચોથા ગણનો છે. એ 'पद्' ધાતુથી 'अर्तीरि-स्तु ...' (उणादि० ૩૩૮) સૂત્રથી 'म' પ્રત્યય થતાં 'पद्म' શબ્દ બને છે. હવે 'पद्म' શબ્દને 'जस्' અને 'शस्' પ્રત્યય થતાં 'नपुंसकस्य शिः' (૧/૪/૫૫) સૂત્રથી 'जस् અને 'शस्'નો 'शि' થશે. આમ, તો 'अप्रयोगीत्' (૧/૧/૩૭) સૂત્રથી 'ज्' અને 'श्' ઈત્ સંજ્ઞા હોવાથી 'अस्'નો જ 'शि' આદેશ થવો જોઈએ. પરંતુ સીધો 'जस' અને शस्નો જ 'शि' કરવો છે. માટે જ અનુબંધનો નાશ પછીના સમયમાં છે એવા 'जस्' અને 'शस्'નો 'शि' આદેશ થાય છે. 'शि' આદેશમાં જે 'शकार' છે એ વિશેષ અર્થનો વાચક છે. જો એકલો 'इ' આદેશ કર્યો હોત તો હ્રસ્વ 'इ' સ્વરૂપ પ્રત્યય તો વ્યાકરણમાં ઘણા બધા છે. આથી, 'जस्' અને 'शस्' નાં આદેશ સ્વરૂપ જ આ 'इ' છે એવો બોધ થઈ શકત નહીં. હવે 'इ'માં 'श्' અનુબંધ ઉમેરવાથી 'जस्' અને 'शस्'નાં આદેશ સ્વરૂપ 'इ'ને બીજા બધા 'इ'થી પૃથગ્ કરી શકાશે. તેથી 'शि'ની ઘુટ્સંજ્ઞા આ સૂત્રથી થવાથી 'स्वराच्छौ' (૧/૪/૬૫)થી 'न्' આગમ હોતે છતે દીર્ઘપણું થાય છે અને 'पद्मानि' રૂપની સિદ્ધિ થાય છે.

(श०न्या०) अत्र अन्ये वैयाकरणाः "शिः सर्वनामस्थानम्," [पा. १.१.४२.] इति महतीं सर्वनाम(स्थान)संज्ञामारभन्ते । तथाहि-सर्वं नाम तिष्ठत्यस्मिन्निति सर्वनामस्थानम्, तेनान्यस्मिन् सर्वनाम न तिष्ठति, क्वचिदेकदेशो निवर्त्तते, ततश्च 'उपसेदुषः' इत्यत्र इडभावः सिद्धो भवति। नैतदस्ति, व्यञ्जनादिलक्षण इट् व्यञ्जनादित्वनिमित्ताभावे स्वयमेव निवर्त्तते, यथा छत्रनिमित्ता छाया छत्रापाये । अतः प्रयोजनविशेषाभावाल्लघ्व्येव घुट्संज्ञा कृतेति ॥२८॥

અનુવાદ :- આ વિષયમાં અન્ય વૈયાકરણીઓએ (પાણિની વગેરેઓએ) 'शिः सर्वनामस्थानम्' (૧/૧/૪૨) એ પ્રમાણે મોટી એવી સર્વનામસ્થાનસંજ્ઞાનો આરંભ કર્યો છે. આમ તો કોઈ પ્રયોજન ન હોય તો પાણિનીજીએ 'भ', 'घु' વગેરે લઘુસંજ્ઞાઓ જ કરી છે, છતાં પણ અહીં તેમણે મોટી સંજ્ઞા કરી છે અને મોટી સંજ્ઞાનું પ્રયોજન બતાવતાં તેઓ લખે છે કે જેનાં નિર્દેશમાં સર્વનામનું

આલંબન લેવામાં આવે છે તે સ્ત્રી, પુરુષ, નપુંસક વગેરે લિંગ કહેવાય છે. આથી 'સર્વનામ જેમાં સ્થિત છે' તે 'સર્વનામસ્થાન' કહેવાય છે. આથી, 'शि' સિવાયનાં અન્ય સ્યાદિ વિભક્તિના સ્વરથી શરૂ થતાં પ્રત્યયો સર્વનામસ્થાન સંજ્ઞાવાળા થશે નહીં. અહીં ખરેખર 'तेन अन्यस्मिन् सर्वनामस्थानम् न तिष्ठति' આવવું જોઈએ, છતાં અહીં 'सर्वनाम न तिष्ठति' લખ્યું છે. આ પ્રયોગ પણ સાચો જ છે. કારણ કે કોઈક સ્થાનમાં એકદેશની નિવૃત્તિ થવાથી પણ સંપૂર્ણ શબ્દનો જ બોધ થાય છે. આથી સર્વનામ શબ્દ ઉપરથી પણ સર્વનામસ્થાનનો જ બોધ થશે. જ્યાં સર્વનામસ્થાનસંજ્ઞા નથી રહેતી તેવાં પ્રત્યયોથી (પુલિંગ, સ્ત્રીલિંગમાં સિદ્ધહેમ પરિભાષા પ્રમાણે અઘુટ્ પ્રત્યયો તેમજ નપુંસકમાં પણ અઘુટ્ સ્વરાદિ પ્રત્યયો) 'उपसेदुषः' પ્રયોગમાં 'इट्'નો અભાવ સિદ્ધ થાય છે. પાણિનીજીએ સર્વનામસ્થાનસંજ્ઞાથી ભિન્નની "भ"संज्ञा કરી છે. 'उप+सद्+लिट्' (ભૂતસામાન્યમાં). હવે 'उप+सद्+वस्' (૩/૨/૧૦૭) સૂત્રથી 'लिट्'નો 'वस्' થાય છે. હવે, 'वस्वेकाजाद्घसाम्' (૭/૨/૬૭) સૂત્રથી 'इट्'ના આગમની પ્રાપ્તિ હતી, છતાં પણ 'वसोः संप्रसारणम्' (૬/૪/૧૩૧) સૂત્રથી 'वलादि' નિમિત્તનો અભાવ થયે છતે અત્યારે પણ 'इट्' થતો નથી. એ લોકો માને છે કે ભવિષ્યમાં જેના નિમિત્તનો અભાવ થવાનો છે એવા કાર્યને પ્રથમથી જ ન કરવાં એ વધારે સારું છે. જે પ્રમાણે 'पङ्कप्रक्षालन' ન્યાય પ્રમાણે પહેલાં કીચડમાં ખરાબ થઈને પછી સાફ કરવાને બદલે કાદવનો સ્પર્શ ન કરવો એ વધારે સારું છે. હવે 'उप+सद्+वस्' આ અવસ્થામાં 'अत एकहल्मध्येऽनादेशादेर्लिटि (૬/૪/૧૨૦) સૂત્રથી 'सद्'નાં 'अ'નો 'ए' થવાથી 'उप+सेद्+वस्+शस्' તથા 'वसोः संप्रसारणम्' (૬/૪/૧૩૧) સૂત્રથી 'वस्'નો 'उस्' થતાં 'उपसेदुषः' રૂપની સિદ્ધિ થશે.

આ પ્રમાણે 'उपसेदुषः' રૂપની સિદ્ધિ કરવા માટે પાણિનીજીએ સર્વનામસ્થાનસંજ્ઞા જેવી મોટી સંજ્ઞા કરવી પડી અને આ મોટી સંજ્ઞા કરીને પણ પાણિનીજીએ 'अकृतव्यूहाः पाणिनायाः' ન્યાયનો સહારો (જ્યાં બહિરંગ શાસ્ત્રો દ્વારા આગળ જતાં અંતરંગ શાસ્ત્રોના નિમિત્તના વિનાશની સંભાવના હોય ત્યાં અંતરંગ શાસ્ત્ર પ્રવૃત્તિવાળું થતું નથી.) તો લેવો જ પડ્યો છે. આમ, મોટી સંજ્ઞા કરવા દ્વારા ન્યાય વગર 'उपसेदुषः' રૂપની સિદ્ધિ પાણિનીજી કરી શક્યા નથી. જ્યારે પૂ. આચાર્યભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ ઘુટ્ એ પ્રમાણે લઘુસંજ્ઞા કરીને પણ 'उपसेदुषः' રૂપની સિદ્ધિ કરી છે. અને પૂજ્ય હેમચંદ્રાચાર્યને તો વ્યંજનાદિ સ્વરૂપ માનીને 'इट्'નો આગમ થયો હતો તે 'वस्' પ્રત્યયનો 'उष्' આદેશ થતાં વ્યંજનાદિ નિમિત્તનો અભાવ થવાથી સ્વયં જ નિવર્તન પામે છે. (निमित्ताभावे नैमित्तिकस्य अपि अभावः) જેમ છત્રને કારણે છાયાની પ્રાપ્તિ થઈ હોય એ છત્ર દૂર થતાં દૂર થાય છે તેમ અહીં પણ 'इट्'નાં અભાવ માટે સમજવું.

આથી જ આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રાચાર્યે પ્રયોજનવિશેષના અભાવને કારણે લઘુ એવી ઘુટ્સંજ્ઞા જ કરી છે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

(न्या०स०) [शिर्घुट् । १.१.२८.] एतत्सूत्रोपरि लघुन्यासो न दृश्यते ।

અનુવાદ :- આ સૂત્ર ઉપર લઘુન્યાસ દેખાતો નથી.

॥ अष्टाविंशतितमम् सूत्रम् समाप्तम् ॥

* * *

વિશેષ નોંધ

व्याकरणात् पदसिद्धिः
पदसिद्धेरर्थनिर्णयो भवति
अर्थात् तत्त्वज्ञानम्
तत्त्वज्ञानात् परं श्रेयः

MULTY GRAPHICS
(022) 23873222 • 23884222